॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રીમદ્ વિજયપ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ચન્દ્રશેખર-જિતરક્ષિતંગુરુભ્યો નમઃ ॥

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી પ્રણીત
શ્રીમદ્ હરિભદ્રસૂરિરચિતશિષ્યહિતાવૃત્તિયુક્ત

# શ્રી આવશ્યકનિર્યુક્તિ

(સટીક ગુર્જરાનુવાદ સહિત)

**ભાગ-૫**

(નિ. ૧૦૫૬ થી ૧૨૭૨)

ભાષાંતર કર્તા :
શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન સરળસ્વભાવી પૂ. પં. શ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબના
શિષ્યરત્ન
મુનિ આર્યરક્ષિતવિજય

સંશોધક
પ. પૂ. આ. ભ. શ્રી. વિ. રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.ના શિષ્યરત્ન
મુનિશ્રી ભવ્યસુંદરવિજયજી મ. સાહેબ

પ્રકાશક
શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા
અમદાવાદ - તપોવન

❖ દિવ્યકૃપા ❖

સિદ્ધાન્તમહોદધિ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ
વર્ધમાન તપોનિધિ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સાહેબ
શાસનપ્રભાવક પૂજ્યપાદ પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ

❖ શુભાશિષ ❖

સિદ્ધાન્તદિવાકર શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબ

સુકૃતાનુમોદના

પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિ. મ. સાહેબના ઉપકારોની સ્મૃત્યર્થે
પ. પૂ. આ. ભ. યશોરત્નસૂરીશ્વરજી મ. સાહેબની પ્રેરણાથી

**ઉમરા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનસંઘ**

ઉમરા-સુરત

આપશ્રીએ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભાષાંતરસહિત આ ગ્રંથના પાંચમા ભાગના પ્રકાશનનો સંપૂર્ણ લાભ લીધેલ છે. આપની આ શ્રુતભક્તિની અમે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

પ્રથમ પ્રકાશન : વિ. સં. ૨૦૬૮ તા. ૧૪-૧૧-૨૦૧૨
નકલ : ૭૦૦
મૂલ્ય : રૂ. ૨૨૫/-

**પ્રાપ્તિસ્થાન**

**શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
તપોવન સંસ્કારપીઠ, મુ. અમિયાપુર,
પો. સુઘડ, તા. જિ. ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૪૮

દીક્ષિત આર. શાહ
સીમંધર મેડિકલ સ્ટોર
૨, વ્રજપ્લાઝા કોમ્પ્લેક્ષ,
ઉત્સવ રેસ્ટોરન્ટની સામે, પાલડી-ભટ્ટા,
અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૬૨૦૬૧


ભાગ્યવંતભાઈ સંઘવી
C/o. વર્ધમાન સંસ્કાર ધામ,
૧-૨, વીતરાગટાવર, ૬૦ ફૂટ રોડ,
બાવન જિનાલયની સામે, ભાયંદર (વેસ્ટ) થાણા,
ફોન : ૦૨૨-૨૮૦૪૧૮૬૬, ૯૮૧૯૧૬૯૭૧૯

ટાઈપસેટિંગ : મૃગેન્દ્ર શાંતિલાલ શાહ. મો. : ૯૮૨૪૯ ૫૨૩૦૧

# ❂ સમર્પણ ❂

* જેમની મૌનરૂપ હિતશિક્ષાથી હું ઘણું-ઘણું પામ્યો છું.
* જેમની પરાર્થવૃત્તિએ મારા સ્વાર્થભાવને નબળા પાડવાનું કામ કર્યું છે.
* દરેક પ્રસંગમાં જેમના અદ્‌ભુત કોટિના સમભાવે મારા ઉગ્રસ્વભાવને સતત શાંત કરવાનું કામ કર્યું છે.
* જેમના સરળ અને નમ્ર સ્વભાવે મને બીજા સાથેના વાણી-વર્તન શીખવાડ્યા છે.
* સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ વર્તમાન શ્રુતજ્ઞાનને પામી શકે તે માટેના વિશિષ્ટ આચારસંપન્ન પંડિતો તૈયાર કરવા દ્વારા જેઓ જિનશાસનની અદ્‌ભુતકોટિની સેવા બજાવી રહ્યા છે.

એવા મારા પરમોપકારી ગુરુદેવશ્રી
પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી જિતરક્ષિત વિ. મ. સાહેબના
કરકમલોમાં સાદર
સમર્પણ.



॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

ज्ञानक्रियाभ्यां मोक्षः ज्ञानस्य फलं विरतिः

સમ્યગ્જ્ઞાન આપતી, ધાર્મિક અધ્યાપકોને તૈયાર કરતી અને ભાવિપેઢીને ઉજ્જવલ કરતી
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી
સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

# આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી
## સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા : શાસનપ્રભાવક પ. પૂ. પંન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબ
સંયોજક : પૂ. પંન્યાસશ્રી જિતરક્ષિતવિજયજી મ. સાહેબ
સૌજન્ય : સ્વ. માતુશ્રી સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ

### પાઠશાળાની વિશેષ વિશેષતાઓ

* ૩ થી ૫ વર્ષનો ઠોસ અભ્યાસ, વિશિષ્ટ અભ્યાસ સાથે વિશિષ્ટ સ્કોલરશીપ
* અભ્યાસુઓને વિશિષ્ટ સ્કોલરશીપ તથા ઈનામો
* મુમુક્ષુઓને સુંદર તાલીમ
* ન્યાય-વ્યાકરણનો અભ્યાસ કરનારને પ્રતિમાસ વિશિષ્ટ શિષ્યવૃત્તિ
* ધાર્મિક અભ્યાસ સાથે . કમ્પ્યૂટર, સંગીતનો અભ્યાસ
* પર્યુષણ પર્વમાં દેશવિદેશમાં આરાધના
* રહેવું, જમવું સંપૂર્ણ ફ્રી (નિઃશુલ્ક)

ભાર વિનાના ભણતર સાથે સમ્યગ્ જ્ઞાન સહિતનું ઘડતર એટલે

## તપોવન ગૃહદીપક વિદ્યાલય

* ધો. ૫ થી ૧૨ સુધીનું સ્કૂલનું ડીગ્રીલક્ષી ભાર વિનાનું ભણતર
* સંસ્કૃત-તત્ત્વજ્ઞાન આદિનો વિશિષ્ટ અભ્યાસ
* ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા
* શાળામાં ગયા વિના અનુભવી શિક્ષકો પાસે અભ્યાસ

આપશ્રીના પરિચિતોમાંથી આ બંને યોજનામાં બાળકોને મૂકીને આપ નિશ્ચિંત બનો.
આપનો બાળક ભવિષ્યમાં જિનશાસનનો સેવક તથા માતાપિતાનો ભક્ત બનશે.

સંપર્ક સ્થળ :

શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

તપોવન સંસ્કારપીઠ, અમિયાપુર, પોસ્ટ-સુઘડ, જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન (૦૭૯) ૨૯૨૮૯૭૩૮, ૩૨૫૧૨૬૮૮, મો.-૯૩૨૮૬૮૧૧૪૫
Web site - www.tapovanpathshala.com Email :-www.tapovanpathshala@gmail.com

# આવશ્યક :- આત્મશુદ્ધિનો આધાર...

લેખક :-આચાર્ય શ્રી અજિતશેખરસૂરિ મહારાજ..

શિક્ષકે ચીંટુને કહ્યું – અલ્યા ! તું મોં ધોયા વગર સ્કુલે આવ્યો ? કેટલો ગંદો-ગોબરો લાગે છે ? તારા મોં પર જોઇને હું કહી આપું કે તું આજે દહીંવડા ખાઇને આવ્યો છે.

તરત ચીંટુએ કહ્યું – ના ! દહીવડા તો મેં પરમ દિવસે ખાધેલા !

એટલે કે મેં પરમ દિવસથી મોં ધોયું નથી !

વાત આ છે કે બાહ્ય જગતમાં શરીરને સ્વચ્છ, સુંદર, સુગંધિત રાખવું જરૂરી મનાયું છે. એ રોજ માટે આવશ્યક છે. જો કે નિક્ષેપાની ભાષામાં વાત કરીએ, તો શરીર માટે આવશ્યક ગણાતા સ્નાનાદિ કાર્યો નોઆગમ તદ્‌વ્યતિરિક્ત દ્રવ્ય આવશ્યક છે. અને એ આત્મશુદ્ધિ રૂપ ભાવઆવશ્યકનું કારણ પણ નહીં હોવાથી અપ્રધાન દ્રવ્ય આવશ્યક છે.

માનવભવ, આર્યક્ષેત્ર, જૈનકુળ, દીર્ઘાયુષ્ય, નિરોગીકાયા, પાંચ ઇંદ્રિયોની પરિપૂર્ણતા વગેરેરૂપ સામગ્રી પામ્યા પછી આત્મશુદ્ધિ, પાપમુક્તિ, દોષત્યાગ અતિ આવશ્યક છે. પ્રસાદ ચેમ્બર્સ (ઓપેરાહાઉસ-મુંબઇ ) કે જયાં હીરાના વેપાર માટેની જ ઓફિસો છે; ત્યાં મોટી કિંમત ચૂકવી ઓફિસ મેળવ્યા બાદ હીરાનો જ વેપાર કરાય. ત્યાં સોનાનો કે ચાંદીનો વેપાર પણ યોગ્ય ગણાય નહીં, તો બીજા કપડાના વેપાર આદિની તો વાત જ ક્યાં ?

એમ વિશિષ્ટ પુણ્ય ચૂકવ્યા પછી ઉપરોક્ત સામગ્રી યુક્ત માનવભવ મળ્યા બાદ આત્મશુદ્ધિ વગેરે કાર્ય જ થવા જોઇએ. એ નહીં થાય, તો બાકીના ધર્મો પણ મૂલ્યવાન થાય નહીં.

ને આત્મશુદ્ધિ માટે પ્રતિદિન નહીં, પ્રતિક્ષણ આત્માને સ્વચ્છ, સ્વસ્થ, સશક્ત, સુંદર, સુવાસિત અને સુશોભિત રાખવા છ આવશ્યક આરાધવા અતિ આવશ્યક મનાયા છે. સાધુ અને શ્રાવકોએ અહોરાત્રમાં ઉભયટંક અવશ્ય કર્ત્તવ્યરૂપ હોવાથી જ એ આવશ્યક કહેવાય છે.

જેમ તેલમાલીશ કરેલો માણસ ખુલ્લામાં માત્ર ઊભો પણ રહે,તો ઘણી ધૂળ ચોંટી જવાથી એ ગંદો થઇ જાય છે, એમ રાગ-દ્વેષથી યુક્ત આત્મા બીજી કોઈ પ્રવૃત્તિ કરે નહીં, તો પણ કર્મમળથી મલિન થઇ જાય છે, એમાં પણ સંસારની વિવિધ પાપપ્રવૃત્તિઓ કરતો રહે પછી તો પૂછવું જ શું ? તેથી જ પ્રભુએ સતત આત્મશુદ્ધિ-સ્વચ્છતા માટે છ આવશ્યક બતાવ્યા છે. આ નિત્ય કર્તવ્યરૂપ આરાધના છે. આ આત્માને માંજે છે, અજવાળે છે, સ્વચ્છ કરે છે. આ જ મેક-અપરૂપ બની સુંદર, સુવાસિત પણ કરે છે ને આભૂષણરૂપ બની શણગારે પણ છે.

આવશ્યકો નિત્ય કર્તવ્ય છે. પર્વતિથિના ઉપવાસાદિ નૈમિત્તિક કર્તવ્યો છે તે-તે પર્વ આદિ નિમિત્તે આરાધ્ય છે. એ સિવાયના સ્વૈચ્છિક છે. નૈમિત્તિક અને સ્વૈચ્છિક આરાધનાઓ પણ નિત્ય કર્તવ્ય વિના શોભતી નથી. કપડા પહેર્યા વિના-નગ્ન અવસ્થામાં કેટલા દાગીના શોભે ?

# વિષયાનુક્રમણિકા


| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | * ચતુર્વિંશતિસ્તવાધ્યયન * | |
| * | સામાયિક અને ચતુર્વિંશતિસ્તવ વચ્ચે સંબંધ | ૧ |
| ૧૦૫૬, ભા. ૧૯૧-૧૯૪ | 'ચતુર્વિંશતિસ્તવ' ના નિક્ષેપા | ૩ |
| ભા. ૧૯૫ | શ્રાવકોને દ્રવ્યસ્તવ ઉપાદેય | ૮ |
| સૂ.૧ | 'लोगस्सुज्जोयगरे....' | ૧૦ |
| ૧૦૫૭ | 'લોક' શબ્દના નિક્ષેપા | ૧૨ |
| ભા.૧૯૬-૨૦૪ | દ્રવ્યલોક વિગેરેનું નિરૂપણ | ૧૩ |
| ૧૦૫૮ | લોકના પર્યાયવાચી શબ્દો | ૨૦ |
| ૧૦૫૯-૬૨ | 'ઉદ્યોત' શબ્દનું નિરૂપણ | ૨૧ |
| ૧૦૬૩-૬૪ | 'ધર્મ' શબ્દનું નિરૂપણ | ૨૪ |
| ૧૦૬૫-૬૯ | 'તીર્થ' શબ્દનું નિરૂપણ | ૨૫ |
| ૧૦૭૦-૭૫ | 'કર' શબ્દનું નિરૂપણ | ૨૭ |
| ૧૦૭૬-૭૯ | 'જિન' વિગેરે શબ્દનું નિરૂપણ | ૩૦ |
| સૂ.૨-૪ | उसभमजिअं च वंदे... વિગેરે સૂત્રો | ૩૮ |
| ૧૦૮૦-૯૧ ૯૧ | ઋષભ વિગેરે તીર્થંકરોના નામોનું કારણ | ૩૯ |
| સૂ.૫-૬ | एवं मए अभिथुआ ... વિગેરે સૂત્રો | ૫૧ |
| ૧૦૯૩ | સિદ્ધો ઉત્તમ શા માટે ? | ૫૪ |
| ૧૦૯૪-૧૧૦૧ | આરોગ્ય-બોધિલાભ વિગેરેની માંગણી નિયાણું નથી | ૫૫ |
| સૂ.૭ | चंदेसु निम्मलयरा... સૂત્ર | ૬૨ |
| | * વંદનઅધ્યયન * | |
| ૧૧૦૩-૦૪ | વંદનના એકાર્થિક નામો, વંદન કોને કરવા ? વિગેરે દ્વારો | ૬૫ |
| ૧૧૦૫ | કૃતિકર્મને વિશે શીતલાચાર્ય વિગેરેનું દૃષ્ટાન્ત | ૬૮ |
| ૧૧૦૬ | અવંદનીય કોણ ? | ૭૭ |
| ૧૧૦૭ | વંદનીય કોણ ? | ૭૮ |
| ૧૧૦૮ | પાર્શ્વસ્થ વિગેરે અવંદનીય | ૮૦ |
| * | પાર્શ્વસ્થાદિનું સ્વરૂપ | ૮૨ |
| ૧૧૦૯-૧૨ | પાર્શ્વસ્થાદિને વંદનમાં દોષો | ૮૭ |
| ૧૧૧૩-૨૩ | પાર્શ્વસ્થાદિના સંસર્ગમાત્રથી દોષો | ૯૧ |
| ૧૧૨૪ | વંદનમાં લિંગ=વેષ પ્રમાણ નથી | ૧૦૦ |
| ૧૧૨૫-૨૯ | સાધુવેષ જોઈને વંદન કરવા કે નહીં ? શું કરવું ? તેનું નિરૂપણ | ૧૦૧ |
| ૧૧૩૦ | કારણે પાર્શ્વસ્થાદિને વંદન નહીં કરનારની પ્રવચનમાં અભક્તિ | ૧૦૬ |
| ૧૧૩૧-૩૨ | પૂર્વપક્ષઃ-વેષને વંદન કર્તવ્ય છે | ૧૦૭ |
| ૧૧૩૩-૪૦ | ઉત્તરપક્ષઃ-માત્ર વેષ વંદનીય નથી | ૧૦૮ |
| ૧૧૪૧-૪૩ | જ્ઞાનનયઃ-જ્ઞાની વંદનીય છે | ૧૧૬ |
| ૧૧૪૪-૪૭ | ઉત્તરપક્ષઃ-જ્ઞાનમાત્રથી ફલની પ્રાપ્તિ નથી | ૧૧૮ |
| ૧૧૪૮-૫૩ | ગુણાધિકત્વ કે ગુણહીનત્વ કેવી રીતે જાણવું ? તેની ચર્ચા | ૧૨૦ |
| ૧૧૫૪-૫૭ | દર્શનનયઃ-સમ્યગ્દર્શની જ વંદનીય છે | ૧૨૪ |
| ૧૧૫૮-૬૬ | શિથિલાચારીઓના ખોટા આલંબનો અને આચાર્યદ્વારા તેઓનું ખંડન | ૧૨૯ |
| ૧૧૬૭-૭૦ | જ્ઞાનાદિ ત્રિકની આવશ્યકતા | ૧૩૪ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક | ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| ૧૧૭૧-૭૩ | બાહ્યક્રિયામાં આળસી પાસે શુદ્ધ ચારિત્ર નથી | ૧૩૭ | ૧૨૨૭-૩૦ | વંદનસંબંધી પ્રશ્નોત્તરી | ૧૮૮ |
| | | | ૧૨૩૧ | વંદનનું ફળ | ૧૮૯ |
| ૧૧૭૪ | નિષ્કારણ અપવાદનું સેવન સંસાર માટે થાય છે | ૧૩૯ | | ❋ પ્રતિક્રમણ-અધ્યયન ❋ | |
| | | | ❋ | પ્રતિક્રમણ શબ્દની વ્યાખ્યા | ૧૯૧ |
| ૧૧૭૫-૭૯ | શિથિલાચારીઓ નિત્યવાસને નિર્દોષ કહે છે તેની ચર્ચા | ૧૪૦ | ૧૨૩૨ | ત્રણે કાળનું પ્રતિક્રમણ | ૧૯૨ |
| | | | ૧૨૩૩ | પ્રતિક્રમણ કરનારનું સ્વરૂપ | ૧૯૩ |
| ૧૧૮૦-૯૧ | શિથિલાચારીઓનું ચૈત્યભક્તિ વિગેરેનું આલંબન | ૧૪૫ | ૧૨૩૪-૪૨ | પ્રતિક્રમણના પર્યાયવાચી શબ્દો અને તેના નિક્ષેપા | ૧૯૪ |
| ૧૧૯૨ | દર્શનાદિમાં પાર્શ્વસ્થ અવંદનીય | ૧૫૩ | ૧૨૪૩ | પ્રતિક્રમણ વિગેરેના દૃષ્ટાન્તો | ૨૦૧ |
| ૧૧૯૩ | પાર્શ્વસ્થાદિને વંદનમાં દોષો | ૧૫૪ | ૧૨૪૪ | સાધુએ રોજ શુદ્ધિ કરવી જોઇએ | ૨૨૩ |
| ૧૧૯૪-૯૫ | સુસાધુ વંદનીય અને તેના વંદનમાં ગુણો | ૧૫૪ | ૧૨૪૫-૪૬ | મધ્યમ તીર્થંકરોના સાધુઓને કારણ આવે ત્યારે પ્રતિક્રમણ | ૨૨૫ |
| ૧૧૯૬ | આચાર્યાદિ વંદનીય અને તેમની વ્યાખ્યા | ૧૫૬ | ૧૨૪૭ | કોના તીર્થમાં કયું સંયમ ? | ૨૨૬ |
| | | | ૧૨૪૮ | પ્રતિક્રમણના ભેદો | ૨૨૮ |
| ૧૧૯૭ | 'केन'દ્વાર-માતા-પિતાદિને વંદન ન કરવા | ૧૫૮ | ૧૨૪૯-૫૦ | યાવત્કથિક અને ઇત્વર-પ્રતિક્રમણના ભેદો | ૨૨૮ |
| ૧૧૯૮ | વંદન કરનાર સાધુ કેવો હોય ? | ૧૫૯ | ૧૨૫૧-૫૨ | પ્રતિક્રાન્તવ્યના પ્રકારો | ૨૩૧ |
| ૧૧૯૯-૧૨૦૦ | 'कदा' દ્વાર-વંદન ક્યારે કરવા ? | ૧૬૦ | ૧૨૫૩-૬૪ | પ્રતિક્રાન્તવ્ય ક્રોધાદિ ચારનું સ્વરૂપ | ૨૩૪ |
| ૧૨૦૧-૦૨ | 'कतिकृत्वा' વંદન કેટલી વાર કરવા ? | ૧૬૧ | ૧૨૬૫-૧૨૭૧ | ક્રોધાદિના નિગ્રહ માટે સંયમનો સ્વીકાર | ૨૩૯ |
| ૧૨૦૩-૦૫ | 'कत्यवनत' વિગેરે દ્વારો-કેટલા અવનત ? વાંદણાના પચ્ચીસ આવશ્યકો | ૧૬૪ | | ❋ પ્રતિક્રમણ સૂત્ર ❋ ('पगामासिज्जाए'...નું વિવેચન) | |
| | | | ❋ | ચત્તારિમંગલાદિ ત્રણ ગાથા | ૨૪૫ |
| ૧૨૦૬-૦૭ | પચ્ચીસ આવશ્યકોનું મહત્વ | ૧૬૭ | ❋ | 'इच्छामि पडिक्कमिउं' સૂત્રનો અર્થ | ૨૪૯ |
| ૧૨૦૮-૧૫ | વંદનમાં ટાળવાના બત્રીસ દોષો વિગેરે | ૧૬૮ | ૧૨૭૨ | પ્રતિક્રમણ ક્યારે કરવું ? | ૨૫૪ |
| ૧૨૧૬-૧૮ | વંદનથી અહંકારાદિનો નાશ | ૧૭૩ | ❋ | ઇરિયાવહિ સૂત્રનો અર્થ | ૨૫૫ |
| ❋ | વાંદણા સૂત્રનો અર્થ | ૧૭૬ | ❋ | 'पगामसिज्जाए...' નો અર્થ | ૨૫૮ |
| ૧૨૧૯-૧૨૨૪ | વંદનમાં છ સ્થાનો, ઇચ્છા વિગેરેના અર્થો | ૧૮૩ | | ❋ ધ્યાનશતક ❋ | |
| | | | ૨ | ધ્યાનનું લક્ષણ | ૨૮૬ |
| ૧૨૨૫-૨૬ | વંદનસંબંધી ગુરુની વિધિ | ૧૮૭ | ૩-૪ | ધ્યાનના કાળ અને સ્વામી | ૨૮૭ |

| ગાથા ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૫-૧૮ | ધ્યાન અને આર્તધ્યાનના ભેદો, તેના સ્વામી, ફળ, લેશ્યા અને ચિહ્નો | ૨૯૦ |
| ૧૯-૨૭ | રૌદ્રધ્યાનના ભેદો, તેના સ્વામી, તેનું ફળ, લેશ્યા અને ચિહ્નો | ૩૦૪ |
| ૨૮-૨૯ | ધર્મધ્યાનનું સ્વરૂપ જણાવતી દ્વારગાથા | ૩૧૨ |
| ૩૦-૩૪ | ધર્મધ્યાનની ભાવનાઓનું સ્વરૂપ | ૩૧૩ |
| ૩૫-૪૪ | ધર્મધ્યાન માટેના દેશ, કાળ, આસન, આલંબન, ક્રમ | ૩૧૮ |
| ૪૫-૪૬ | ધ્યાનનો વિષય, પ્રભુની આજ્ઞાનું સ્વરૂપ | ૩૨૭ |
| ૪૭-૪૯ | પ્રભુની આજ્ઞા ન સમજાય તેના કારણો. છતાં તહત્તિ કરવી | ૩૩૪ |
| ૫૦-૬૨ | ધર્મધ્યાનના અપાયવિચય વિગેરે બીજા વિષયો | ૩૩૭ |
| ૬૩-૬૪ | ધર્મ-શુક્લધ્યાનને કરનારા | ૩૫૬ |
| ૬૫-૬૮ | ધર્મધ્યાનીની અનુપ્રેક્ષા, લેશ્યા, ચિહ્નો, ફળ | ૩૫૮ |
| ૬૯ | શુક્લધ્યાન માટેનું આલંબન | ૩૬૧ |
| ૭૦-૭૫ | છદ્મસ્થવીતરાગ મનને પરમાણુમાં સ્થાપે પછી જિન બને | ૩૬૨ |
| ૭૬ | યોગનિરોધનું સ્વરૂપ | ૩૬૬ |
| ૭૭-૮૨ | શુક્લધ્યાનનો વિષય, તેના ભેદો | ૩૭૦ |
| ૮૩ | કયા યોગમાં શુક્લધ્યાનનો કયો ભેદ ? | ૩૭૩ |
| ૮૪-૮૬ | કેવલીને મન ન હોવા છતાં ધ્યાન કેવી રીતે ? | ૩૭૩ |
| ૮૭-૧૦૫ | શુક્લધ્યાનીની અનુપ્રેક્ષા, લેશ્યા, ચિહ્નો, ફળ, ઉપસંહાર | ૩૭૬ |
| ❈ | મલધારી હેમચન્દ્રસૂરિકૃત ટિપ્પણી પરિશિષ્ટ - ૧ | ૩૮૫ |


### ❖ નિર્યુક્તિગાથાઓનું વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૧ | ૧-૧૮૫ |
| ભાગ-૨ | ૧૮૬-૬૪૧ |
| ભાગ-૩ | ૬૪૨-૮૭૯ |
| ભાગ-૪ | ૮૮૦-૧૦૫૫ |
| ભાગ-૫ | ૧૦૫૬-૧૨૭૨ (ધ્યાનશતક) |

### ❖ આગામી ભાગોનું સંભવિત વર્ગીકરણ ❖

| | |
|---|---|
| ભાગ-૬ | ૧૨૭૩-૧૩૮૩ |
| ભાગ-૭ | ૧૩૮૪-૧૬૨૫ |

## દૃષ્ટાન્તોની અનુક્રમણિકા


| ક્રમ | દૃષ્ટાંત | પૃષ્ઠ ક્રમાંક | ક્રમ | દૃષ્ટાંત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|---|---|
| | ❖ કૃતિકર્મને વિશે ❖ | | ૧૩. | નિવૃત્તિ ઉપર પ્રથમ કન્યાનું દૃષ્ટાન્ત | ૨૦૮ |
| ૧. | શીતલાચાર્ય | ૬૮ | ૧૪. | નિવૃત્તિ ઉપર બીજું દૃષ્ટાન્ત | ૨૧૦ |
| ૨. | ક્ષુલ્લકમુનિ | ૭૦ | ૧૫. | નિંદા ઉપર ચિત્રકારપુત્રીનું દૃષ્ટાન્ત | ૨૧૨ |
| ૩. | કૃષ્ણવાસુદેવ | ૭૨ | ૧૬. | ગર્હા ઉપર પતિમારિકાનું દૃષ્ટાન્ત | ૨૨૧ |
| ૪. | સેવક | ૭૬ | ૧૭. | કષાયના પ્રતિક્રમણમાં નાગદત્તનું દૃષ્ટાન્ત | ૨૩૩ |
| ૫. | પાલક | ૭૭ | ૧૮. | મનદંડ ઉપર કોંકણગસાધુનું દૃષ્ટાન્ત | ૨૬૮ |
| ૬. | કુશીલસંસર્ગના ત્યાગમાં બ્રાહ્મણનું દૃષ્ટાન્ત | ૯૨ | ૧૯. | કાયદંડ ઉપર ચંડરૂદ્રાચાર્યનું દૃષ્ટાન્ત | ૨૬૯ |
| ૭. | સંગમ આચાર્યનું દૃષ્ટાન્ત | ૧૪૨ | ૨૦. | ત્રણગુપ્તિ ઉપર દૃષ્ટાન્તો | ૨૭૦ |
| ૮. | ઉદાયન ઋષિ | ૧૪૯ | ૨૧. | ત્રણ ગારવ ઉપર મંગુઆચાર્યનું દૃષ્ટાન્ત | ૨૭૫ |
| ૯. | પ્રતિક્રમણ ઉપર માર્ગનું દૃષ્ટાન્ત | ૨૦૨ | | | |
| ૧૦. | પ્રતિચરણા ઉપર પ્રાસાદનું દૃષ્ટાન્ત | ૨૦૩ | | | |
| ૧૧. | પરિહરણા ઉપર દૂધની કાવડનું દૃષ્ટાન્ત | ૨૦૫ | | | |
| ૧૨. | વારણા ઉપર વિષભોજન-તળાવનું દૃષ્ટાન્ત | ૨૦૭ | | | |

जे जत्थ जया जइया बहुस्सुया चरणकरणपब्भट्ठा ।
जं ते समायरंती आलंबण मंदसड्ढाणं ॥११९०॥

ચરણ-કરણથી ભ્રષ્ટ, બહુશ્રુત એવા જે સાધુઓ જે ગામ, નગર વિગેરેમાં સુષમ-દુષમ વિગેરે જે આરામાં દુષ્કાળ વિગેરે સમયે જે શિથિલાચાર આચરે છે તે મંદશ્રદ્ધાવાળા જીવો માટે આલંબન બને છે, (અર્થાત્ મંદશ્રદ્ધાવાળા જીવો આવા શિથિલાચારીઓનું આલંબન લઈને પોતાની શિથિલતાનું સમર્થન કરે છે.) ॥૧૧૯૦॥

जे जत्थ जया जइया बहुस्सुया चरणकरणसंपन्ना ।
जं ते समायरंती आलंबण तिव्वसड्ढाणं ॥११९१॥

ચરણ-કરણથી સંપન્ન, બહુશ્રુત એવા જે સાધુઓ ગામ, નગર વિગેરેમાં સુષમ-દુષમ વિગેરે જે આરામાં દુષ્કાળ વિગેરે સમયે જે ઉગ્રતપ વિગેરેનું આચરણ કરે છે તે તીવ્રશ્રદ્ધાવાળા જીવો માટે આલંબન બને છે, (અર્થાત્ સંયમના રાગી જીવો આવા લોકોનું આલંબન લઈ મુશ્કેલીના સમયે ઉગ્રતપશ્ચર્યા વિગેરે ધારણ કરે છે.) ॥૧૧૯૧॥

थोवाहारो थोवभणिओ य जो होइ थोवनिद्दो य ।
थोवोवहिउवगरणो तस्स हु देवावि पणमंति ॥१२६९॥

જે થોડો આહાર કરે છે, ઓછું બોલે છે, ઓછું ઊંઘે છે, ઉપધિરૂપ ઉપકરણ જેની પાસે ઓછા છે, તેને દેવો પણ નમે છે. ॥૧૨૬૯॥

# अथ चतुर्विंशतिस्तवाख्यं द्वितीयमध्ययनम्

साम्प्रतं सामायिकाध्ययनानन्तरं चतुर्विंशतिस्तवाध्ययनमारभ्यते, इह चाध्ययनोद्देशसूत्रारम्भेषु सर्वेष्वेव कारणाऽभिसम्बन्धौ वाच्याविति वृद्धवादः, यतश्चैवमतः कारणमुच्यते, तच्चेदम्— जात्यादिगुणसम्पत्समन्वितेभ्यो विनेयेभ्यो गुरुरावश्यकश्रुतस्कन्धं प्रयच्छति सूत्रतोऽर्थतश्च, स च अध्ययनसमुदायरूपो वर्तते, यत उक्तम्—'[1]*एत्तो एक्केक्कं पुण, अज्झयणं कित्तइस्सामि*', प्रथमाध्ययनं च सामायिकमुपदर्शितम्, इदानीं द्वितीयावयवत्वाद्[2] द्वितीयावयवत्वस्य चाधिकारोपन्यासेन सिद्धिः आचार्यवचनप्रामाण्याद्, उक्तं च—'[3]*सावज्जजोगविरई उक्कित्तणे*' त्यादि, अतो द्वितीयमुपदर्श्यते, यथा हि किल युगपदशक्योपलम्भपुरुषस्य दिदृक्षोः क्रमेणाङ्गावयवानि दर्श्यन्ते एवमत्रापि श्रुतस्कन्धपुरुषस्येति कारणम्, इदमेव चोद्देश[4]सूत्रेष्वपि योजनीयम्, इदमेव

## ❊ ચતુર્વિંશતિસ્તવ-અધ્યયન ❊

**અવતરણિકા :-** હવે સામાયિકાધ્યયન પછી ચતુર્વિંશતિસ્તવનામક અધ્યયનની શરૂઆત કરાય છે. અહીં અધ્યયન, ઉદ્દેશ અને સૂત્ર આ સર્વની શરૂઆતમાં કારણ અને સંબંધ (અર્થાત્ આ અધ્યયન પછી આ જ અધ્યયન શા માટે ? અથવા આ ઉદ્દેશા પછી આ જ ઉદ્દેશો શા માટે? અથવા આ સૂત્ર પછી આ જ સૂત્ર શા માટે ? તેનું કારણ અને તે બે અધ્યયન કે બે ઉદ્દેશા કે બે સૂત્રો વચ્ચેનો સંબંધ) કહેવો જોઈએ એ પ્રમાણે પૂર્વ મહાપુરુષોનું વચન છે. જે કારણથી આ પ્રમાણેનું વચન છે, તે કારણથી જ પ્રથમ કારણ કહેવાય છે.

તે આ પ્રમાણે છે - ગુરુ જાતિ વિગેરે ગુણસંપત્તિઓથી યુક્ત એવા શિષ્યોને સૂત્ર અને અર્થથી આવશ્યકશ્રુતસ્કંધ આપે છે, અને તે આવશ્યકશ્રુતસ્કંધ અધ્યયનોના સમુદાયરૂપ છે. કહ્યું છે- "હવે પછી એક એક અધ્યયનનું કીર્તન કરીશ" (નિર્યુક્તિકારના આ વચન ઉપરથી જણાય છે કે આ શ્રુતસ્કંધ અધ્યયનોના સમુદાયરૂપ છે.) તેમાં પ્રથમ સામાયિક અધ્યયન જણાવ્યું. હવે (ચતુર્વિંશતિસ્તવ એ) બીજો અવયવ હોવાથી (બીજા અધ્યયન તરીકે ચતુર્વિંશતિસ્તવ દેખાડાય છે. એ પ્રમાણે આગળ આવતાં 'द्वितीयमुपदर्श्यते' વાક્ય સાથે અન્વય કરવો.)

(**શંકા :-** ચતુર્વિંશતિસ્તવ જ બીજો અવયવ છે એવું કેવી રીતે જાણ્યું ?)

**સમાધાન :-** પૂર્વે 'સાવદ્યયોગવિરતિ, ઉત્કીર્તન.... વિગેરે અધિકાર=વિષયો બતાવ્યા હતા. ગ્રંથકારશ્રીના આ વચનપ્રામાણ્યથી એ વાત સિદ્ધ થાય છે કે સામાયિક પછી બીજો અવયવ ઉત્કીર્તન= ચતુર્વિંશતિસ્તવ છે. માટે હવે ચતુર્વિંશતિસ્તવ નામનું બીજું અધ્યયન દેખાડાય છે.

ભાવાર્થ એ છે કે - એક સાથે જ્ઞાન થવું અશક્ય છે જેનું એવા પુરુષના અંગ, અવયવો જોવાની ઈચ્છાવાળા પુરુષને જેમ (તે અંગ, અવયવો) ક્રમશઃ દેખાડાય છે, તેમ અહીં પણ શ્રુતસ્કંધરૂપ પુરુષના અધ્યયનો ક્રમશઃ દેખાડાય છે. આ પ્રમાણે કારણ કહ્યું. આ જ કારણ

१. अतोऽनन्तरमेकैकं पुनरध्ययनं कीर्तयिष्यामि । २. उपदर्श्यते इत्यनेन संबन्धः । ३. सावद्ययोगविरतिरुत्कीर्तनं । ४. अवान्तरावयवभूतेषु ।

सर्वाध्ययनेष्वपि कारणं द्रष्टव्यं, न पुनर्भेदेन वक्ष्याम इत्यलं विस्तरेण । सम्बन्ध उच्यते—अस्य चायमभिसम्बन्धः—इहानन्तराध्ययने सावद्ययोगविरतिलक्षणं सामायिकमुपदिष्टम्, इह तु तदुपदेष्टृणामर्हतामुत्कीर्तनं कर्तव्यमिति प्रतिपाद्यते, यद्वा सामायिकाध्ययने तदासेवनात्कर्मक्षय उक्तः, यत उक्तं निरुक्तिद्वारे – 'सम्मद्दिट्ठि अमोहो सोही सब्भाव दंसणं बोही । अविवज्जओ सुदिट्ठित्ति एवमाई निरुत्ताइं ॥१॥' ति, इहापि चतुर्विंशतिस्तवेऽर्हद्गुणोत्कीर्तनरूपाया भक्तेस्तत्त्वतोऽसावेव प्रतिपाद्यते, वक्ष्यति च – '*भत्तीए जिणवराणं खिज्जंती पुव्वसंचिया कम्म*'-त्तीत्यादि, एवमनेन सम्बन्धेनाऽऽयातस्य सतोऽस्य चतुर्विंशतिस्तवाध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि सप्रपञ्चं वक्तव्यानि, तत्र नामनिष्पन्ने निक्षेपे चतुर्विंशतिस्तवाध्ययनमिति । इह चतुर्विंशतिस्तवाध्ययनशब्दाः प्ररूप्याः, तथा चाह –

ઉદ્દેશા અને સૂત્રોમાં પણ જાણી લેવું. તથા આગળ સર્વ અધ્યયનોમાં પણ આ જ કારણ જાણી લેવું, હવે ભવિષ્યમાં ભેદથી=દરેક અધ્યયનોમાં જણાવીશું નહીં. વધુ વિસ્તારથી સર્યું.

હવે સંબંધ કહેવાય છે - આ અધ્યયનનો સંબંધ આ પ્રમાણે છે કે પૂર્વના અધ્યયનમાં સાવદ્યયોગવિરતિરૂપ સામાયિક દેખાડ્યું, અહીં તે સામાયિકનો ઉપદેશ આપનારા અરિહંતોનું ઉત્કીર્તન કરવા યોગ્ય હોવાથી હવે ઉત્કીર્તનરૂપ ચતુર્વિંશતિસ્તવનું પ્રતિપાદન કરાય છે. અથવા સામાયિકાધ્યયનમાં સામાયિકનું આચરણ કરવાથી કર્મક્ષય થાય છે એમ કહ્યું. (કેવી રીતે જાણ્યું કે સામાયિકના આસેવનથી કર્મક્ષય થાય છે ? તે કહે છે - ) કારણ કે સામાયિકના નિરુક્તિદ્વારમાં પૂર્વે કહ્યું છે - "સમ્યગ્દૃષ્ટિ, અમોહ, શોધિ, સદ્ભાવ, દર્શન, બોધિ, અવિપર્યય, સુદૃષ્ટિ વિગેરે સામાયિકના નિરુક્ત અર્થો છે." ॥૧॥ (અહીં શોધિ એટલે જ કર્મક્ષય. આમ, સામાયિકના આસેવનથી કર્મક્ષય કહ્યો. એ જ રીતે) અહીં ચતુર્વિંશતિસ્તવમાં પણ અરિહંતોના ગુણોત્કીર્તનરૂપ ભક્તિથી કર્મક્ષય જ પ્રતિપાદન કરાય છે. (અર્થાત્ આ ભક્તિથી પણ કર્મક્ષય જ પ્રાપ્ત થાય છે એમ કહેવાનું છે.) આગળ કહેશે - "જિનવરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મો નાશ પામે છે." (આશય એ છે કે બંને અધ્યયન કર્મક્ષય માટે જ છે, એ બંનેનો સંબંધ છે.) આ પ્રમાણેના આ સંબંધથી આવેલા આ ચતુર્વિંશતિસ્તવાધ્યયનના ચાર અનુયોગદ્વારો વિસ્તારથી કહેવા યોગ્ય છે.

(આ ચાર અનુયોગદ્વારો ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય છે. તેમાં નિક્ષેપ ત્રણ પ્રકારે છે → ઓઘનિષ્પન્નનિક્ષેપ, નામનિષ્પન્નનિક્ષેપ અને સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપ. ઓઘનિષ્પન્ન-નિક્ષેપમાં 'અધ્યયન' શબ્દના નિક્ષેપા આવે છે અને) નામનિષ્પન્નનિક્ષેપમાં 'ચતુર્વિંશતિસ્તવ' નામના શબ્દના નિક્ષેપા આવે છે. અહીં ચતુર્વિંશતિ, સ્તવ અને અધ્યયન આ ત્રણ શબ્દોની પ્રરૂપણા કરવાની છે. આ જ વાતને નિર્યુક્તિકાર જણાવે છે ⇨

૫. सम्यग्दृष्टिरमोहः शोधिः सद्भावो दर्शनं बोधिः । अविपर्ययः सुदृष्टिरिति एवमादीनि निरुक्तानि ॥१॥
६. कर्मक्षयः. ७. भक्तेर्जिनवराणां क्षीयन्ते पूर्वसंचितानि कर्माणि ।

चउवीसइत्थयस्स उ णिक्खेवो होइ णामणिप्फण्णो ।
चउवीसइस्स छक्को थयस्स उ चउव्विहो होइ ॥१०५६॥

व्याख्या–चतुर्विंशतिस्तवस्य तु निक्षेपो भवति नामनिष्पन्नः, क इत्यन्यस्याश्रुतत्वादयमेव यदुत चतुर्विंशतिस्तव इति, तुशब्दस्य विशेषणार्थत्वादिदमित्थमवसेयं, तत्रापि चतुर्विंशतेः षट्कः, स्तवस्य चतुर्विधो भवति, तुशब्दादध्ययनस्य चेति गाथासमासार्थः ॥१०५६॥

अवयवार्थं तु भाष्यकार एव वक्ष्यति, तत्राऽऽद्यावयवमधिकृत्य निक्षेपोपदर्शनायाह–

नामं ठवणा दविए खित्ते काले तहेव भावे अ ।
चउवीसइस्स एसो निक्खेवो छव्विहो होइ ॥१९१॥ (भा०)

व्याख्या–तत्र नामचतुर्विंशतिर्जीवादेश्चतुर्विंशतिरिति नाम चतुर्विंशतिशब्दो वा, स्थापनाचतुर्विंशतिः चतुर्विंशतीनां केषाञ्चित्स्थापनेति, द्रव्यचतुर्विंशतिः चतुर्विंशतिर्द्रव्याणि सचित्ताचित्तमिश्रभेदभिन्नानि, सचित्तानि द्विपदचतुष्प(दाप)दभेदभिन्नानि, अचित्तानि कार्षापणादीनि, मिश्राणि द्विपदादीन्येव कटकाद्यलङ्कृतानि, क्षेत्रचतुर्विंशतिर्विवक्षया चतुर्विंशतिः क्षेत्राणि

---

ગાથાર્થ :- ચતુર્વિંશતિસ્તવનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે. તેમાં ચતુર્વિંશતિના છ નિક્ષેપા અને સ્તવશબ્દના ચાર નિક્ષેપા છે.

ટીકાર્થ :- ચતુર્વિંશતિસ્તવનો નામનિષ્પન્નનિક્ષેપ થાય છે. ચતુર્વિંશતિસ્તવનો નામનિક્ષેપ કયો છે ? તે કહે છે કે બીજું કોઈ નામ સંભળાતું ન હોવાથી 'ચતુર્વિંશતિસ્તવ' એ જ તેનો નામનિક્ષેપ છે.

(શંકા :- એવું તમે કેવી રીતે જાણ્યું કે આ તેનો નામનિષ્પન્નનિક્ષેપ જ છે ?)

સમાધાન :- મૂળમાં રહેલ 'તુ' શબ્દ વિશેષ-અર્થને જણાવનારો હોવાથી અમે જે કહ્યું કે 'આ તેનો નામનિષ્પન્નનિક્ષેપો છે' એ એ પ્રમાણે જ જાણવા યોગ્ય છે.

તેમાં પણ 'ચતુર્વિંશતિ' શબ્દના છ નિક્ષેપા, 'સ્તવ' શબ્દના ચાર પ્રકારે નિક્ષેપા થાય છે. તુ શબ્દથી અધ્યયનના પણ ચાર પ્રકારના નિક્ષેપા જાણવા. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૦૫૬॥

અવતરણિકા :- વિસ્તારાર્થ ભાષ્યકાર જ આગળ કહેશે. તેમાં પ્રથમ 'ચતુર્વિંશતિ' શબ્દના વિસ્તારને આશ્રયીને નિક્ષેપા જણાવવા માટે ભાષ્યકાર કહે છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. 'ચતુર્વિંશતિ' શબ્દના આ છ પ્રકારના નિક્ષેપા છે.

ટીકાર્થ :- જીવાદિનું 'ચતુર્વિંશતિ' એ પ્રમાણેનું નામ અથવા 'ચતુર્વિંશતિ' એ પ્રમાણેની અક્ષરપંક્તિ એ નામચતુર્વિંશતિ નિક્ષેપ જાણવો. કોઈક ચોવીસ વસ્તુની સ્થાપના કરવી તે સ્થાપના-ચતુર્વિંશતિ. સચિત્ત, અચિત્ત કે મિશ્ર એવા ચોવીસ દ્રવ્યો એ દ્રવ્યચતુર્વિંશતિનિક્ષેપ જાણવો. તેમાં સચિત્ત તરીકે દ્વિપદ, ચતુષ્પદ (અને અપદ=વૃક્ષો) જાણવા. અચિત્ત તરીકે કાર્ષાપણ વિગેરે અને બાજુબંધ વિગેરેથી યુક્ત એવા દ્વિપદ વિગેરે જ મિશ્રદ્રવ્યો તરીકે જાણવા.

भरतादीनि क्षेत्रप्रदेशा वा चतुर्विंशतिप्रदेशावगाढं वा द्रव्यमिति, कालचतुर्विंशतिः चतुर्विंशतिसमयादय इति एतावत्कालस्थिति वा द्रव्यमिति, भावचतुर्विंशतिः चतुर्विंशतिभावसंयोगाश्चतुर्विंशतिगुणकृष्णं वा द्रव्यमिति, चतुर्विंशतेरेष निक्षेपः 'षड्विधो भवति' षट्प्रकारो भवति, इह च सचित्तद्विपदमनुष्यचतुर्विंशत्याऽधिकार इति गाथार्थः ॥१९१॥

उक्ता चतुर्विंशतिरिति, साम्प्रतं स्तवः प्रतिपाद्यते, तत्र–

नामं ठवणा दविए भावे अ थयस्स होइ निक्खेवो ।
दव्वथओ पुप्फाई संतगुणुक्कित्तणा भावे ॥१९२॥ ( भा० )

व्याख्या–तत्र 'नामे'ति नामस्तवः 'स्थापने'ति स्थापनास्तवः 'द्रव्य' इति द्रव्यविषयो द्रव्यस्तवः, 'भावे चे'ति भावविषयश्च भावस्तव इत्यर्थः, इत्थं स्तवस्य भवति 'निक्षेपो' न्यासः, तत्र क्षुण्णत्वान्नामस्थापने अनादृत्य द्रव्यस्तवभावस्तवस्वरूपमेवाह–'द्रव्यस्तवः पुष्पादि'रिति, आदिशब्दाद् गन्धधूपादिपरिग्रहः, कारणे कार्योपचाराच्चैवमाह, अन्यथा द्रव्यस्तवः पुष्पादिभिः समभ्यर्चनमिति, तथा 'सद्गुणोत्कीर्तना भाव' इति सन्तश्च ते गुणाश्च सद्गुणाः,

---

અમુક વિવક્ષાથી ભરતાદિ ચોવીસ ક્ષેત્રો અથવા ચોવીસ ક્ષેત્રપ્રદેશો અથવા ચોવીસ આકાશ પ્રદેશોમાં રહેલું દ્રવ્ય એ ક્ષેત્રચતુર્વિંશતિ જાણવા. કાળચતુર્વિંશતિ તરીકે ચોવીસ સમય, ચોવીસ આવલિકા વિગેરે અથવા એટલા કાળ રહેનારું દ્રવ્ય. ભાવચતુર્વિંશતિ તરીકે ચોવીસ ભાવસંયોગો (અર્થાત્ ઔદાયિક, ક્ષાયોપશમિક વિગેરે છ ભાવોના સંયોગિક ચોવીસ ભાંગાઓ) અથવા (કૃષ્ણવર્ણનો અવિભાજ્ય અંશ તે ૧ ગુણ કૃષ્ણ, બમણું કાળું તે ૨ ગુણ કૃષ્ણ એમ) ૨૪ ગુણ કૃષ્ણવાળું દ્રવ્ય ભાવચતુર્વિંશતિ તરીકે જાણવું. આ પ્રમાણે 'ચતુર્વિંશતિ' શબ્દના છ પ્રકારે નિક્ષેપ છે. અહીં સચિત્ત દ્વિપદ એવા ચોવીસ મનુષ્યોનો અધિકાર છે. (અર્થાત્ પ્રસ્તુત ચતુર્વિંશતિશબ્દથી ૨૪ મનુષ્યો લેવાના છે.) ॥૧૯૧॥

અવતરણિકા :- ચતુર્વિંશતિ કહી, હવે 'સ્તવ' શબ્દનું પ્રતિપાદન કરાય છે. તેમાં ⇨

**ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ પ્રમાણે સ્તવના ચાર નિક્ષેપ છે. પુષ્પ વિગેરે દ્રવ્યસ્તવ અને વિદ્યમાન ગુણોનું ઉત્કીર્તન એ ભાવસ્તવ છે.**

ટીકાર્થ :- તેમાં 'નામ' એટલ નામસ્તવ, 'સ્થાપના' એટલે સ્થાપનાસ્તવ, 'દ્રવ્ય' એટલે દ્રવ્યવિષયક સ્તવ, અને 'ભાવ' શબ્દથી ભાવવિષયક સ્તવ જાણવો. આ પ્રમાણે 'સ્તવ' શબ્દનો નિક્ષેપ થાય છે. તેમાં નામ-સ્થાપના સુગમ હોવાથી તેનો અનાદર કરી દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું સ્વરૂપ જ કહે છે – પુષ્પાદિ - આદિશબ્દથી વાસક્ષેપાદિ સુગંધી દ્રવ્યો, ધૂપ વિગેરે જાણવા. આ પુષ્પાદિ એ કારણમાં કાર્યના ઉપચારથી દ્રવ્યસ્તવ છે. (અહીં કારણમાં=પુષ્પાદિમાં કાર્યનો= દ્રવ્યસ્તવનો ઉપચાર કરેલો જાણવો.) વાસ્તવમાં પુષ્પાદિવડે જે પૂજા કરવી તે દ્રવ્યસ્તવ છે. (પૂજા એ દ્રવ્યસ્તવ છે. પુષ્પાદિ તેના કારણ હોવાથી ઉપચારથી દ્રવ્યસ્તવ છે.)

તથા વિદ્યમાન એવા ગુણો, અહીં આ વિશેષણદ્વારા અસદ્ભૂત ગુણોનાં ઉત્કીર્તનનો

अनेनासद्गुणोत्कीर्तनानिषेधमाह, करणे च मृषावाद इति, सद्गुणानामुत्कीर्तना उत्-प्राबल्येन परया भक्त्या कीर्तना-संशब्दना यथा-

"*प्रकाशितं यथैकेन, त्वया सम्यग् जगत्त्रयम् ।*
*समग्रैरपि नो नाथ !, परतीर्थाधिपैस्तथा ॥१॥*
*विद्योतयति वा लोकं, यथैकोऽपि निशाकरः ।*
*समुद्गतः समग्रोऽपि किं तथा तारकागणः ? ॥२॥*"

इत्यादिलक्षणो, 'भाव' इति द्वारपरामर्शो भावस्तव इति गाथार्थः ॥१९२॥

इह चालितप्रतिष्ठापितोऽर्थः सम्यग्ज्ञानायालमिति, चालनां च कदाचिद्विनेयः करोति कदाचित्स्वयमेव गुरुरिति, उक्तं च–'*कत्थइ पुच्छइ सीसो कहिं चऽपुट्ठा कहेंति आयरिया*' इत्यादि, यतश्चात्र वित्तपरित्यागादिना द्रव्यस्तव एव ज्यायान् भविष्यतीत्यल्पबुद्धीनामाशङ्कासम्भव इत्यतस्तद्व्युदासार्थं तदनुवादपुरस्सरमाह–

**दव्वथओ भावथओ दव्वथओ बहुगुणत्ति बुद्धि सिआ ।**
**अनिउणमइ वयणमिणं छज्जीवहिअं जिणा बिंति ॥१९३॥**

व्याख्या–द्रव्यस्तवो भावस्तव इत्यत्र द्रव्यस्तवो 'बहुगुणः' प्रभूततरगुण 'इति' एवं

---

નિષેધ કહ્યો. અવિદ્યમાન ગુણોનું ઉત્કીર્તન કરવામાં મૃષાવાદ થાય છે. વિદ્યમાન એવા ગુણોની ઉત્કીર્તના (એ ભાવસ્તવ જાણવો.) તેમાં પ્રબળતાથી પરમ ભક્તિવડે જે કીર્તન કરવું તે ઉત્કીર્તના કહેવાય છે જેમ કે - "હે પ્રભુ ! એકલા એવા આપે જે રીતે ત્રણ જગતનું સાચું=યથાવસ્થિત દર્શન કરાવ્યું છે, તે રીતે સમગ્ર એવા પણ પરતીર્થના પ્રણેતાઓવડે કરાવાયું નથી. ॥૧॥ જેમ એક એવો પણ ચંદ્ર જે રીતે લોકને પ્રકાશિત કરે છે તે રીતે ઊગેલો એવો પણ સમગ્ર તારાઓનો સમૂહ શું પ્રકાશિત કરે ? ॥૨॥ વિગેરે રૂપ સદ્ભૂત ગુણોની ઉત્કીર્તના એ ભાવસ્તવ જાણવો. ॥૧૯૨॥

અવતરણિકા :- અહીં પ્રશ્ન અને ઉત્તર પૂર્વક નિશ્ચિત કરાયેલો અર્થ સમ્યગ્જ્ઞાન માટે સમર્થ બંને છે. (અર્થાત્ સમ્યગ્જ્ઞાન કરાવનારો થાય છે.) તેમાં ક્યારેક શિષ્ય પ્રશ્ન કરે અથવા ક્યારેક ગુરુ સ્વયં પ્રશ્ન કરે છે. કહ્યું છે- "ક્યાંક શિષ્ય પૂછે છે, તો ક્યાંક નહીં પૂછાયેલા ગુરુ સ્વયં કહે છે ... વિગેરે." જે કારણથી અહીં અલ્પબુદ્ધિવાળાઓને આવા પ્રકારની આશંકા થવાનો સંભવ છે કે - "ધનના ત્યાગ વિગેરેવડે દ્રવ્યસ્તવ જ મહાન્ છે." આથી આવી શંકાને દૂર કરવા માટે શંકાને ફરી કહીને શંકાનું સમાધાન આપે છે ⇨

ગાથાર્થ :- દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, આ બેમાં દ્રવ્યસ્તવ બહુગુણકારી છે એવી બુદ્ધિ કદાચ થાય, પરંતુ અનિપુણમતિવાળાનું આ વચન જાણવું, કારણ કે જિનેશ્વરો ષડ્જીવના હિતને (મોક્ષનું પ્રધાન કારણ) કહે છે.

ટીકાર્થ :- દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, આ બેમાં દ્રવ્યસ્તવ બહુલાભ કરનારો છે (પણ

---

૮. क्वचित्पृच्छति शिष्यः कुत्रचिदपृष्टाः कथयन्त्याचार्याः.

बुद्धिः स्याद्, एवं चेत् मन्यसे इत्यर्थः, तथाहि–किलास्मिन् क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसायस्तीर्थस्य चोन्नतिकरणं दृष्ट्वा च तं क्रियमाणमन्येऽपि प्रतिबुध्यन्त इति स्वपरानुग्रहः, सर्वमिदं सप्रतिपक्षमिति चेतसि निधाय 'द्रव्यस्तवो बहुगुण' इत्यस्यासारताख्यापनायाऽऽह–'अनिपुणमति-वचनमिद'मिति, अनिपुणमतेर्वचनं अनिपुणमतिवचनम्, 'इद'मिति यद् द्रव्यस्तवो बहुगुण इति, किमित्यत आह–'षड्जीवहितं जिना ब्रुवते' षण्णां-पृथिवीकायादीनां हितं जिनाः-तीर्थकरा ब्रुवते, प्रधानं मोक्षसाधनमिति गम्यते ॥१९३॥

किं च षड्जीवहितमित्यत आह–

छज्जीवकायसंजमु दव्वथए सो विरुज्झई कसिणो ।
तो कसिणसंजमविऊ पुप्फाईअं न इच्छंति ॥१९४॥ ( भा० )

व्याख्या–'षड्जीवकायसंयम' इति षण्णां जीवनिकायानां पृथिव्यादिलक्षणानां संयमः-सङ्घट्टनादिपरित्यागः षड्जीवकायसंयमः, असौ हितं, यदि नामैवं ततः किमित्यत आह–'द्रव्यस्तवे'

ભાવસ્તવ નહીં.) એ પ્રમાણેની હે શિષ્ય ! જો તને બુદ્ધિ થતી હોય એટલે કે તું આ પ્રમાણે જો માને છે. (તો અનિપુણ બુદ્ધિવાળા તારું આ વચન છે એટલે કે તારી આ બુદ્ધિ=વિચાર યોગ્ય નથી. એમ આગળ સાથે અન્વય જોડવો.) શિષ્યને આવી બુદ્ધિ થવાનું કારણ જણાવે છે કે દ્રવ્યસ્તવ કરવામાં ઘણા પૈસાનો ત્યાગ થવાથી શુભ જ અધ્યવસાય અને તીર્થની ઉન્નતિ થાય છે. તથા આ રીતે ઠાઠમાઠથી કરાતા દ્રવ્યસ્તવને જોઈને બીજા જીવો પણ બોધ પામે છે. આમ સ્વ-પર બંને માટે ઉપકારી હોવાથી દ્રવ્યસ્તવ લાભદાયી છે. આ રીતના પૂર્વપક્ષના સર્વ વચનોને પ્રતિપક્ષસહિત (અર્થાત્ પૂર્વપક્ષે દ્રવ્યસ્તવ વધુ લાભદાયી છે એમાં જે જે શુભ અધ્યવસાય, તીર્થ ઉન્નતિ વિગેરે કારણો આપ્યા તે સર્વ કારણોના વિરોધી જવાબોને) મનમાં ધારણ કરીને 'દ્રવ્યસ્તવ વધુ લાભકારી છે' એવા વચનની અસારતાને જણાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે - 'દ્રવ્યસ્તવ વધુ લાભકારી છે' એવું આ વચન અનિપુણમતિવાળા જીવનું છે. (અર્થાત્ આવું વચન બોલનાર નિપુણમતિવાળો નથી.) શા માટે ? તે કહે છે.

જિનેશ્વરભગવંતો પૃથિવીકાયાદિ ષડ્જીવોનાં હિતને મોક્ષનું પ્રધાન કારણ કહે છે. (આશય એ છે કે - ષડ્જીવોનું હિત એ મોક્ષનું પ્રધાન કારણ છે, અને દ્રવ્યસ્તવમાં સંપૂર્ણ ષડ્જીવોનું હિત નથી. તેથી તે વધુ લાભદાયી છે એવું નથી.) ॥૧૯૩॥

અવતરણિકા :- ષડ્જીવોનું હિત એટલે શું ? (અર્થાત્ શું કરવામાં ષડ્જીવોનું હિત રહેલું છે ?) તે કહે છે ⇨

**ગાથાર્થ :- ષડ્જીવનિકાયનું સંયમ દ્રવ્યસ્તવમાં સંપૂર્ણ રીતે સચવાતું નથી. તેથી સંપૂર્ણસંયમને જાણનારા પુષ્પાદિને ઇચ્છતા નથી.**

ટીકાર્થ :- પૃથિવી વિગેરે ષડ્જીવનિકાયનો સંઘટ્ટનાદિના ત્યાગરૂપ સંયમ એ હિત છે (અર્થાત્ તે જીવોનો સંઘટ્ટો ન કરવો, પરિતાપ ન પમાડવો વિગેરે જે સંયમ છે તે જ ષડ્જીવોનું

पुष्पादिसमभ्यर्चनलक्षणे 'स' षड्जीवकायसंयमः, किं ?-'विरुध्यते' न सम्यक् संपद्यते, 'कृत्स्नः' सम्पूर्ण इति, पुष्पादिसंलुञ्चनसङ्घट्टनादिना कृत्स्नसंयमानुपपत्तेः, यतश्चैवं 'ततः' तस्मात् 'कृत्स्न-संयमविद्वांस' इति कृत्स्नसंयमप्रधाना विद्वांसस्तत्त्वतः साधव उच्यन्ते, कृत्स्नसंयमग्रहणम-कृत्स्नसंयमविदुषां श्रावकाणां व्यपोहार्थं, ते किम् ?, अत आह–'पुष्पादिकं' द्रव्यस्तवं 'नेच्छन्ति' न बहु मन्यन्ते, यच्चोक्तं-'द्रव्यस्तवे क्रियमाणे वित्तपरित्यागाच्छुभ एवाध्यवसाय' इत्यादि, तदपि यत्किञ्चिद्, व्यभिचारात्, कस्यचिदल्पसत्त्वस्याविवेकिनो वा शुभाध्यव-सायानुपपत्तेः, दृश्यते च कीर्त्याद्यर्थमपि सत्त्वानां द्रव्यस्तवे प्रवृत्तिरिति, शुभाध्यवसायभावेऽपि तस्यैव भावस्तवत्वादितरस्य च तत्कारणत्वेनाप्रधानत्वमेव, '*फलप्रधानास्समारम्भा*' इति न्यायात्, भावस्तव एव च सति तत्त्वतस्तीर्थस्योन्नतिकरणं, भावस्तव एव ★तस्य सम्यगमरादिभिरपि पूज्यत्वमेनं (त्त्वात्तमेव च) दृष्ट्वा क्रियमाणमन्येऽपि सुतरां प्रतिबुध्यन्ते शिष्टा

---

હિત છે.) ભલે આ સંયમ એ હિત હોય, પરંતુ તેનાથી તમારે કહેવું શું છે ? તે કહે છે - પુષ્પાદિવડે પૂજારૂપ દ્રવ્યસ્તવમાં તે ષડ્જીવનિકાયનું સંપૂર્ણ સંયમ પળાતું નથી, કારણ કે પુષ્પાદિને ચૂંટવા, તેમને સ્પર્શ કરવો વિગેરેને કારણે સંપૂર્ણ સંયમ ઘટી શકતું નથી. તેથી કૃત્સ્નસંયમને જાણનારા દ્રવ્યસ્તવને ઇચ્છનીય માનતા નથી (અર્થાત્ વધુ લાભદાયી માનતા નથી.) અહીં સંપૂર્ણ સંયમ એ છે પ્રધાન જેમને એવા વિદ્વાનો તરીકે તો ખરેખર સાધુઓ છે. તથા અસંપૂર્ણ સંયમને જાણનારા એવા શ્રાવકોની બાદબાકી કરવા 'સંપૂર્ણ સંયમને જાણનારા' શબ્દ ગ્રહણ કરેલ છે.

વળી, પૂર્વપક્ષે જે કહ્યું હતું - "દ્રવ્યસ્તવમાં ધનનો પરિત્યાગ થવાથી શુભ જ અધ્યવસાય થાય છે" વિગેરે, તે પણ અયુક્ત છે, કારણ કે કોઈક અલ્પસત્ત્વવાળા અથવા અવિવેકી જીવને શુભાધ્યવસાય નથી પણ જાગતો, કારણ કે કીર્તિ વિગેરે માટે પણ જીવોની દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ થતી દેખાય જ છે. તથા શુભાધ્યવસાય જ ભાવસ્તવ છે અને દ્રવ્યસ્તવ તો તે શુભાધ્યવસાયનું કારણ હોવાથી અપ્રધાન જ છે, પણ પ્રધાન નથી, કારણ કે કોઈ પણ આરંભ કરવામાં આવે ત્યારે તે આરંભમાં ફલ જ મુખ્ય બને છે, આરંભ મુખ્ય બનતો નથી. (તેમ અહીં દ્રવ્યસ્તવ એ શુભાધ્યવસાયરૂપ ભાવસ્તવ માટે કરવાનો છે એટલા માત્રથી તે દ્રવ્યસ્તવ મુખ્ય બનતો નથી પણ શુભાધ્યવસાયરૂપ ફલ જ મુખ્ય છે.)

વળી, ભાવસ્તવ હોય તો જ વાસ્તવિકપણે તીર્થની ઉન્નતિ થાય છે કારણ કે ભાવસ્તવવાળો એવો જ તે જીવ દેવાદિવડે સમ્યગ્ રીતે પૂજાય છે. (પરંતુ દ્રવ્યસ્તવ હોય અને ભાવસ્તવ ન હોય તો દેવાદિવડે તે જીવ પૂજાતો નથી. માટે ખરેખર તો તીર્થની ઉન્નતિનું કારણ પણ ભાવસ્તવ જ છે.) તથા ભાવસ્તવથી યુક્ત એવા કરાતા દ્રવ્યસ્તવને જોઈને બીજા શિષ્ટ જીવો પણ સુતરાં બોધ પામે છે. (આશય એ છે કે સામેવાળી વ્યક્તિ શુભાધ્યવસાયથી દ્રવ્યસ્તવ કરે છે કે યશ - કીર્તિ વિગેરે માટે દ્રવ્યસ્તવ કરે છે એ શિષ્ટ પુરુષો સહેલાઈથી જાણી શકે છે. તેથી

---

★ भावस्तववत एव ।

इति स्वपरानुग्रहोऽपीहैवेति गाथार्थः ॥१९४॥

आह—यद्येवं किमयं द्रव्यस्तव एकान्तत एव हेयो वर्तते ? आहोस्विदुपादेयोऽपि ?, उच्यते, साधूनां हेय एव, श्रावकाणामुपादेयोऽपि, तथा चाह भाष्यकारः—

**अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।**
**संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो ॥१९५॥ ( भा० )**

व्याख्या—अकृत्स्नं प्रवर्तयतीति संयममिति सामर्थ्याद्गम्यते अकृत्स्नप्रवर्तकास्तेषां, 'विरताविरतानाम्' इति श्रावकाणाम् 'एष खलु युक्तः' एष-द्रव्यस्तवः खलुशब्दस्यावधारणार्थत्वात् युक्त एव, किम्भूतोऽयमित्याह—'संसारप्रतनुकरणः' संसारक्षयकारक इत्यर्थः, द्रव्यस्तवः, आह—यः प्रकृत्यैवासुन्दरः स कथं श्रावकाणामपि युक्त इत्यत्र कूपदृष्टान्त इति, जहा[१] णवणयराइसन्निवेसे केइ पभूयजलाभावओ तण्हाइपरिगया तदपनोदार्थं कूपं खणंति, तेसिं च जइवि तण्हादिया वड्ढंति मट्टिकाकद्दमाईहि य मलिणिज्जन्ति तहावि तदुब्भवेणं चेव

જ્યારે ખરેખર સામેવાળી વ્યક્તિ શુભાધ્યવસાયથી દ્રવ્યસ્તવ કરે છે ત્યારે કરાતા આવા દ્રવ્યસ્તવને જોઈને તે શિષ્ટ પુરુષો=સજ્જન પુરુષો સુતરાં બોધ પામે છે.) આમ, સ્વ-પર અનુગ્રહ પણ ભાવસ્તવમાં જ રહેલો છે, દ્રવ્યસ્તવમાં નહીં. માટે દ્રવ્યસ્તવ એ બહુ લાભદાયી છે એવું વચન એ અનિપુણમતિનું વચન છે. ॥૧૯૪॥

અવતરણિકા :- શંકા:- જો ભાવસ્તવ જ મુખ્ય હોય અને દ્રવ્યસ્તવ અપ્રધાન હોય તો શું દ્રવ્યસ્તવ એકાન્તે હેય છે ? કે ઉપાદેય પણ છે ?

સમાધાન :- સાધુઓને તો આ દ્રવ્યસ્તવ એકાંતે હેય જ છે, શ્રાવકોને ઉપાદેય પણ છે. આ જ વાત ભાષ્યકાર કરે છે ⇨

**ગાથાર્થ :- અસંપૂર્ણસંયમમાં પ્રવર્તતા શ્રાવકોને સંસારનો ક્ષય કરનાર આ દ્રવ્યસ્તવ યુક્ત જ છે. અહીં આ વિષયમાં કૂપદૃષ્ટાન્ત જાણવું.**

ટીકાર્થ :- અસંપૂર્ણ એવા સંયમને જ પ્રવર્તાવે છે તે અકૃત્સ્નપ્રવર્તકો. અહીં 'સંયમ' શબ્દ ન હોવા છતાં સામર્થ્યથી જાણી લેવો. અકૃત્સ્નપ્રવર્તક એવા શ્રાવકોને આ દ્રવ્યસ્તવ યુક્ત જ છે (અયુક્ત નથી.) ખલુ શબ્દ અવધારણ અર્થમાં હોવાથી જકાર જાણી લેવો. કેવા પ્રકારનો છે આ દ્રવ્યસ્તવ ? તે કહે છે - સંસારનો ક્ષય કરનાર આ દ્રવ્યસ્તવ છે. (અહીં અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.)

શંકા :- જે દ્રવ્યસ્તવ સ્વભાવથી જ અસુંદર છે, તે શ્રાવકોને પણ કેવી રીતે યુક્ત હોય ?

સમાધાન :- આ વિષયમાં કૂપદૃષ્ટાન્ત જાણવું. જેમ નવા નગરાદિ સન્નિવેશમાં કેટલાક લોકો ઘણા જળનો અભાવ હોવાથી તૃષ્ણાદિને પામેલા તે તૃષ્ણાદિને દૂર કરવા માટે કૂવો ખોદે છે. તે કૂવો ખોદવામાં જો કે તેઓને તૃષ્ણાદિ વધે છે અને માટી, કાદવ વિગેરેવડે પોતે મેલા

१. यथा नवनगरादिसन्निवेशे केचित्प्रभूतजलाभावात् तृष्णादिपरिगतास्तदपनोदार्थं कूपं खनन्ति, तेषां च यद्यपि तृष्णादिका वर्धन्ते मृत्तिकाकर्दमादिभिश्च मलिनीयन्ते ( वस्त्रादीनि ) तथापि तदुद्भवेन चैव

[१०]पाणिएणं तेसिं ते तण्हाइया सो य मलो पुव्वओ य फिट्टइ, सेसकालं च ते तदण्णे य लोगा सुहभागिणो हवंति । एवं दव्वथए जइवि असंजमो तहावि तओ चेव सा परिणामसुद्धी हवइ जाए असंजमोवज्जियं अण्णं च णिरवसेसं खवेइत्ति । तम्हा विरयाविरएहिं एस दव्वत्थओ कायव्वो, सुभाणुबंधी पभूयतरणिज्जराफलो यत्ति काऊणमिति गाथार्थः ॥१९५॥

उक्तः स्तवः, अत्रान्तरे अध्ययनशब्दार्थो निरूपणीयः, स चानुयोगद्वारेषु न्यक्षेण निरूपित एवेति नेह प्रतन्यते । उक्तो नामनिष्पन्नो निक्षेपः, इदानीं सूत्रालापकनिष्पन्नस्य निक्षेपस्यावसरः, स च सूत्रे सति भवति, सूत्रं चानुगमे, स च द्विधा—सूत्रानुगमो निर्युक्त्य-नुगमश्च, तत्र निर्युक्त्य-नुगमस्त्रिविधः, तद्यथा—निक्षेपनिर्युक्त्यनुगम उपोद्घातनिर्युक्त्यनुगमः सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमश्चेति, तत्र निक्षेपनिर्युक्त्यनुगमोऽनुगतो वक्ष्यति च, उपोद्घातनिर्युक्त्य-नुगमस्त्वाभ्यां द्वारगाथाभ्यामवगन्तव्यः, तद्यथा-'उद्देसे निद्देसे' इत्यादि, 'किं कइविहं'मित्यादि ।

થાય છે, તો પણ તે કૂવો ખોદ્યા પછી તેમાંથી નીકળેલા પાણીથી પોતાની તૃષ્ણા વિગેરે અને લાગેલો તે મેલ તથા પૂર્વે લાગેલો મેલ સર્વ દૂર કરે છે અને શેષકાળમાં તે કેટલાક લોકો તથા તે સિવાય અન્ય લોકો પણ (પુષ્કળ પાણી મળવાને કારણે) સુખને ભજનારા થાય છે.

એ પ્રમાણે દ્રવ્યસ્તવમાં જો કે અસંયમ છે, તો પણ તે દ્રવ્યસ્તવથી પરિણામોની શુદ્ધિ થાય છે, અને તે શુદ્ધિથી અસંયમને કારણે ઉત્પન્ન થયેલા કર્મો અને તે સિવાયના અન્ય, એમ સર્વ કર્મો નાશ પામે છે. તેથી શ્રાવકોએ આ દ્રવ્યસ્તવ કરવો જોઈએ, કારણ કે તેનાથી શુભનો અનુબંધ અને પુષ્કળ નિર્જરારૂપ ફલ પ્રાપ્ત થાય છે. ॥૧૯૫॥

સ્તવ કહ્યો. હવે અધ્યયન શબ્દનો અર્થ નિરૂપણ કરવા યોગ્ય છે અને તે અર્થ અનુયોગદ્વારમાં વિસ્તારથી કહેવાઈ ગયો જ છે માટે તેનું અહીં નિરૂપણ કરાતું નથી. આ પ્રમાણે નામનિષ્પન્નનિક્ષેપ કહ્યો.

હવે સૂત્રાલાપકનિષ્પન્ન એવા નિક્ષેપનો અવસર છે, અને તે સૂત્ર હોય તો જ થઈ શકે છે. સૂત્ર અનુગમ હોય તો જ પ્રવર્તે છે. (માટે પ્રથમ અનુગમ જણાવે છે.) તે અનુગમ બે પ્રકારે છે → સૂત્રાનુગમ અને નિર્યુક્તિ-અનુગમ. તેમાં નિર્યુક્તિ-અનુગમ ત્રણ પ્રકારે છે → નિક્ષેપનિર્યુક્તિ અનુગમ, ઉપોદ્ઘાતનિર્યુક્તિ અનુગમ, અને સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અનુગમ. તેમાં નિક્ષેપનિર્યુક્તિ અનુગમ (અર્થાત્ તેના ઓઘ અને નામનિષ્પન્નનિક્ષેપ) કહેવાઈ ગયો અને (સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપ) આગળ કહેશે. ઉપોદ્ઘાતનિર્યુક્તિ અનુગમ 'उद्देसे निद्देसे' અને किं कइविहं.... (નિર્યુ.ગા.૧૪૦/૧૪૧) આ બે ગાથાઓવડે જાણવા યોગ્ય છે. સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ

१०. पानीयेन तेषां ते तृष्णादिकाः स च मलः पूर्वकश्च स्फिटति, शेषकालं च ते तदन्ये च लोकाः सुखभागिनो भवन्ति । एवं द्रव्यस्तवे यद्यपि असंयमस्तथापि तत एव सा परिणामशुद्धिर्भवति ययाऽसंयमो-पार्जितं अन्यच्च निरवशेषं क्षपयति । तस्माद्विरताविरतैरेष द्रव्यस्तवः कर्त्तव्यः, शुभपरिणामानुबन्धी प्रभूततरनिर्जराफलश्चेतिकृत्वा ।

सूत्रस्पर्शिकनिर्युक्त्यनुगमस्तु सूत्रे सति भवति, सूत्रं च सूत्रानुगम इति स चावसरप्राप्त एव, युगपच्च सूत्रादयो व्रजन्ति, तथा चोक्तम्-"[11]*सुत्तं सुत्ताणुगमो सुत्तालावयकओ य णिक्खेवो । सुत्तप्फासियणिज्जुत्ति णया य समगं तु वच्चंति ॥१॥*" विषयविभागः पुनरमीषामयं वेदितव्यः-"[12]*होइ कयत्थो वोत्तुं सपयच्छेयं सुयं सुयाणुगमो । सुत्तालावयणासो णामाइ-ण्णासविणिओगं ॥१॥ सुत्तप्फासियणिज्जुत्तिणिओगो सेसओ पयत्थाई । पायं सोच्चिय णेगमणयाइमयगोयरो भणिओ ॥२॥*" अत्राऽऽक्षेपपरिहारा न्यक्षेण सामायिकाध्ययने निरूपिता एव नेह वितन्यत इत्यलं विस्तरेण, तावद् यावत्सूत्रानुगमेऽस्खलितादिगुणोपेतं सूत्रमुच्चारणीयं, तच्चेदं सूत्रम्-

लोगस्सुज्जोयगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहन्ते कित्तइस्सं, चउवीसंपि केवली ॥१॥ (सूत्रम्)

व्याख्या अस्य-तल्लक्षणं चेदं-'संहिता चे' त्यादि पूर्ववत्, तत्रास्खलितपदोच्चारणं संहिता, यद्वा परः संनिकर्ष इति, सा चेयं-'लोगस्सुज्जोयगरे'इत्यादि पाठः । अधुना पदानि,

---

અનુગમ સૂત્ર હોય તો જ થાય છે અને સૂત્ર એ સૂત્રાનુગમ હોય તો જણાવાય છે. આમ સૂત્રાનુગમનો અવસર પ્રાપ્ત થઈ ગયો છે. તે સમયે સૂત્ર વિગેરેનું એક સાથે નિરૂપણ થાય છે. કહ્યું છે – "સૂત્ર, સૂત્રાનુગમ, સૂત્રાલાપકવડે કરાયેલો નિક્ષેપ (અર્થાત્ સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપ), સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ અને નયો આ બધા એક સાથે જાય છે=નિરૂપણ કરાય છે. ॥૧॥" આ પાંચેના વિષયોનો વિભાગ આ પ્રમાણે જાણવા યોગ્ય છે – "સૂત્રાનુગમ પદચ્છેદ સહિત સૂત્રને કહીને કૃતાર્થ થાય છે. (અર્થાત્ પદચ્છેદ સહિત સૂત્ર કહેવું એ સૂત્રાનુગમનું કાર્ય છે.) સૂત્રાલાપકનિક્ષેપ એ નામાદિનિક્ષેપના સમૂહને કહીને કૃતાર્થ થાય છે. ॥૧॥ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ એ શેષ પદાર્થાદિને કહીને કૃતાર્થ થાય છે. નૈગમનયાદિમતના પણ પ્રાયઃ પદાર્થાદિ જ વિષય તરીકે જાણવા. ॥૨॥" અહીં શંકા-સમાધાન સામાયિકાધ્યયનમાં વિસ્તારથી જણાવાયેલા હોવાથી ફરી જણાવાતા નથી. વધુ વિસ્તારથી સર્યું. (ઉપરોક્ત અમે જે કહ્યું તે સામાયિકાધ્યયનમાંથી) ત્યાં સુધી જાણી લેવું કે યાવત્ સૂત્રાનુગમમાં અસ્ખલિત વિગેરે ગુણોથી યુક્ત સૂત્ર ઉચ્ચારણ કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે ⇨

**સૂત્ર :- લોકનો પ્રકાશ કરનારા, ધર્મતીર્થને કરનારા, કેવલી એવા ચોવીસે અરિહંત જિનોનું હું કીર્તન કરીશ.**

ટીકાર્થ :- સૂત્રની વ્યાખ્યા આ પ્રમાણે છે, તેમાં પ્રથમ વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે જાણવું → "संहिता च....." ઇત્યાદિ ગાથા પૂર્વની જેમ જાણી લેવી. તેમાં અસ્ખલિત રીતે પદોનું ઉચ્ચારણ કરવું તે સંહિતા કહેવાય છે અથવા સંધિ વિના ઉચ્ચારણ કરવારૂપ સંનિકર્ષ તે

---

११. सूत्रं सूत्रानुगमः सूत्रालापककृतश्च निक्षेपः । सूत्रस्पर्शिकनिर्युक्तिः नयाश्च युगपदेव व्रजन्ति ॥१॥
१२. भवति कृतार्थ उक्त्वा सपदच्छेदं सूत्रं सूत्रानुगमः । सूत्रालापकन्यासो नामादिन्यासविनियोगम् ॥१॥ सूत्रस्पर्शिकनिर्युक्तिनियोगः शेषान् पदार्थादीन् । प्रायः स एव नैगमनयादिमतगोचरो भणितः ॥२॥

लोकस्य उद्योतकरान् धर्मतीर्थकरान् जिनान् अर्हतः कीर्तयिष्यामि चतुर्विंशतिमपि केवलिनः। अधुना पदार्थः–लोक्यत इति लोकः, लोक्यते-प्रमाणेन दृश्यत इति भावः, अयं चेह तावत्पञ्चास्तिकायात्मको गृह्यते, तस्य लोकस्य किं ?–उद्योतकरणशीला उद्योतकरास्तान्, केवलालोकेन तत्पूर्वकप्रवचनदीपेन वा सर्वलोकप्रकाशकरणशीलानित्यर्थः, तथा दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः, उक्तं च–''दुर्गतिप्रसृतान् जीवानि''त्यादि, तथा तीर्यतेऽनेनेति तीर्थं धर्म एव धर्मप्रधानं वा तीर्थं धर्मतीर्थं तत्करणशीलाः धर्मतीर्थकरास्तान्, तथा रागद्वेषकषायेन्द्रियपरिषहोपसर्गाष्टप्रकारकर्मजेतृत्वाज्जिनास्तान्, तथा अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तस्तानर्हतः, कीर्तयिष्यामीति स्वनामभिः स्तोष्य इत्यर्थः, चतुर्विंशतिरिति सङ्ख्या, अपिशब्दो भावतस्तदन्यसमुच्चयार्थः, केवलज्ञानमेषां विद्यत इति

---

સંહિતા (यो विसन्धिभावेनोच्चारणरूपः सन्निकर्षः स संहितेत्यर्थः इति टिप्पणे. જો કે આગળ બતાવાતા પદો પણ સંધિ વિના જ ઉચ્ચારણ કરવાના છે તેથી પ્રશ્ન થાય કે પદો અને સંહિતામાં તફાવત શું ? તેનું સમાધાન ટિપ્પણકાર જણાવે છે કે સંહિતા એ ઉચ્ચારણરૂપ છે એટલે કે ઉચ્ચારણરૂપ ક્રિયા છે, જ્યારે પદોનું તો ઉચ્ચારણ કરવાનું છે તેથી પદો એ ઉચ્ચારણરૂપ ક્રિયા નથી પણ તે ઉચ્ચારણરૂપ ક્રિયાનો વિષય છે.) તે સંહિતા આ પ્રમાણે → 'लोगस्सुज्जोयगरे...' વિગેરે અસ્ખલિત રીતે ઉચ્ચારણ કરવું.

હવે પદો જણાવે છે – લોકનો ઉદ્યોતકરનારા, ધર્મતીર્થને કરનારા, જિનોનું, અરિહંતોનું, કીર્તન કરીશ, ચોવીસે કેવલિભગવંતોનું (આ રીતે છૂટા છૂટા પદોનું ઉચ્ચારણ કરવું.)

હવે પદોના અર્થોને જણાવે છે - પ્રત્યક્ષાદિપ્રમાણવડે જે દેખાય તે લોક. અહીં પંચાસ્તિકાયાત્મક લોક ગ્રહણ કરવાનો છે. આવા તે લોકનો શું ? આવા તે લોકનો ઉદ્યોત કરવાના સ્વભાવવાળા જે હોય તે ઉદ્યોતકર. (અન્વય આ પ્રમાણે - આવા તે લોકનો પ્રકાશ કરનારા,) અર્થાત્ કેવલજ્ઞાનરૂપ પ્રકાશવડે અથવા કેવલજ્ઞાનપૂર્વકના પ્રવચનરૂપ દીપકવડે (અર્થાત્ કેવલજ્ઞાનમાં પ્રભુએ જે જોયું, તેને ગણધરભગવંતોએ પ્રવચનરૂપ=આગમરૂપ ગૂંથ્યું. તે આગમરૂપ દીપકવડે) સર્વલોકનો પ્રકાશ કરનારા, તથા દુર્ગતિમાં પડતા એવા આત્માને જે ધારણ કરે તે ધર્મ. કહ્યું છે - "દુર્ગતિમાં જતા જીવોને જે કારણથી ધારી રાખે છે=અટકાવી રાખે છે અને શુભસ્થાનમાં જોડે છે તે કારણથી તે ધર્મ કહેવાય છે" વિગેરે. તથા જેનાવડે (સંસારસમુદ્ર) તરાય તે તીર્થ, ધર્મ એ જ તીર્થ અથવા ધર્મપ્રધાન એવું જે તીર્થ તે ધર્મતીર્થ. આ ધર્મતીર્થને કરવાના સ્વભાવવાળા જે હોય તે ધર્મતીર્થને કરનારા તથા રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિય, પરિષહ, ઉપસર્ગ અને આઠ પ્રકારના કર્મોને જિતનારા હોવાથી (અરિહંતાદિ) જિન કહેવાય છે. તેમનું (હું કીર્તન કરીશ એમ અન્વય જોડવો.)

તથા અશોકવૃક્ષ વિગેરે આઠ મહાપ્રાતિહાર્યાદિરૂપ પૂજાને જે યોગ્ય છે તે અરિહંતોનું હું કીર્તન કરીશ એટલે કે પોત-પોતાના નામોવડે સ્તવના કરીશ. (કેટલા અરિહંતોનું ગ્રંથકાર કીર્તન કરશે ? તે કહે છે) ચોવીસ અરિહંતોનું, અહીં મૂળમાં 'ચોવીસ' શબ્દ એ સંખ્યાવાચક

केवलिनस्तान् केवलिन इति । उक्तः पदार्थः, पदविग्रहोऽपि यथावसरं यानि समासभाञ्जि पदानि तेषु दर्शित एव । साम्प्रतं चालनावसरः, तत्र तिष्ठतु तावत्सा, सूत्रस्पर्शिका निर्युक्तिरेवोच्यते, स्वस्थानत्वाद्, उक्तं च–"[१३]*अक्खलियसंहियाई वक्खाणचउक्कए दरिसियंमि । सुत्तप्फासियणिज्जुत्तिवित्थरत्थो इमो होइ ॥१॥*" चालनामपि चात्रैव वक्ष्यामः,

तत्र लोकस्योद्योतकरानिति यदुक्तं तत्र लोकनिरूपणायाऽऽह–

**णामं १ ठवणा २ दविए ३ खित्ते ४ काले ५ भवे अ ६ भावे अ ७ ।**
**पज्जवलोगे अ ८ तहा अट्ठविहो लोगणिक्खेवो ॥१०५७॥**

व्याख्या–नामलोकः स्थापनालोकः द्रव्यलोकः क्षेत्रलोकः काललोकः भवलोको भावलोकश्च पर्यायलोकश्च तथा, एवमष्टविधो लोकनिक्षेप इति गाथासमासार्थः ॥१०५७॥

**व्यासार्थं तु भाष्यकार एव वक्ष्यति, तत्र नामस्थापने अनादृत्य द्रव्यलोकमभिधित्सुराह–**

---

છે. તેના પછી રહેલ 'अपि' શબ્દ 'આ ચોવીસ સિવાયના અન્ય અરિહંતોનું પણ ભાવથી (અર્થાત્ આ ચોવીસ ભગવંતોનું તેમના પોતાના નામ લેવા પૂર્વક અને તે સિવાયના અરિહંતોનું નામ લીધા વિના ભાવથી) કીર્તન કરીશ' એવા અર્થનો સમુચ્ચય કરનારો જાણવો. કેવલજ્ઞાન વિદ્યમાન છે જેઓને તે કેવલીઓ, તેમનું હું કીર્તન કરીશ. (આ રીતે ટીકાકારે મૂળમાં આપેલા શબ્દોનો ક્રમશઃ અર્થ કહ્યો, તેમનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) એ પ્રમાણે પદોનો અર્થ કહ્યો. તે સાથે તે અવસરે જે સમાસવાળા પદો હતા, તેમાં પદવિગ્રહ પણ જણાવી દીધો જ છે. (આ રીતે વ્યાખ્યાના સંહિતાદિ છ પ્રકારમાંથી પ્રથમ ચાર પ્રકારો કહ્યાં.)

હવે ચાલના (પ્રશ્ન)નો અવસર છે. પરંતુ તે ચાલનાને બાજુ પર રાખો. પ્રથમ અહીં સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનું પોતાનું સ્થાન (અવસર) હોવાથી તે જ કહેવાય છે, કારણ કે કહ્યું છે - "અસ્ખલિત સંહિતાદિ વ્યાખ્યાનચતુષ્ક બતાવ્યા બાદ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો વિસ્તારાર્થ આ થાય છે. ॥૧॥" (અર્થાત્ આ શ્લોકમાં પણ સંહિતાદિ ચાર બતાવ્યા બાદ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનું વર્ણન હોવાથી હવે પ્રથમ સૂત્રસ્પર્શિકનિર્યુક્તિનો અવસર છે એમ આ શ્લોકદ્વારા સિદ્ધ થાય છે.) સૂત્રસ્પર્શિકનિર્યુક્તિમાં જ અમે આગળ ચાલનાને પણ કહી દેશું. ॥સૂત્ર-૧॥

અવતરણિકા :- તેમાં 'લોકનો પ્રકાશ કરનારા' એ પ્રમાણે જે કહ્યું, તે લોકનું નિરૂપણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ અને પર્યાયલોક એ પ્રમાણે લોકના આઠપ્રકારના નિક્ષેપા છે.

ટીકાર્થ :- નામલોક, સ્થાપનાલોક, દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક, ભાવલોક અને પર્યાયલોક આ પ્રમાણે લોકના આઠ પ્રકારે નિક્ષેપા છે. આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો. ॥૧૦૫૭॥

અવતરણિકા :- વિસ્તારાર્થ ભાષ્યકાર પોતે જ કહેશે. તેમાં નામ-સ્થાપના સુગમ હોવાથી

---

१३. अस्खलितसंहितादौ व्याख्यानचतुष्के दर्शिते । सूत्रस्पर्शिकनिर्युक्तिविस्तरार्थोऽयं भवति ॥१॥

जीवमजीवे रूवमरूवी सपएसमप्पएसे अ ।
जाणाहि दव्वलोगं णिच्चमणिच्चं च जं दव्वं ॥१९६॥ ( भा० )

व्याख्या—जीवाजीवावित्यत्रानुस्वारोऽलाक्षणिकः, तत्र सुखदुःखज्ञानोपयोगलक्षणो जीवः, विपरीतस्त्वजीवः, एतौ च द्विभेदौ—रूप्यरूपिभेदाद्, आह च-'रूप्यरूपिणावि'ति, तत्रानादिकर्मसन्तानपरिगता रूपिणः-संसारिणः, अरूपिणस्तु कर्मरहिताः सिद्धा इति, अजीवास्त्वरूपिणो धर्माधर्माकासास्तिकायाः रूपिणस्तु परमाण्वादय इति, एतौ च जीवाजीवावोघतः सप्रदेशाप्रदेशाववगन्तव्यौ, तथा चाह—'सप्रदेशाप्रदेशावि'ति, तत्र सामान्यविशेषरूपत्वात्परमाणुव्यतिरेकेण सप्रदेशाप्रदेशत्वं सकलास्तिकायानामेव भावनीयं, परमाणवस्त्वप्रदेशा एव, अन्ये तु व्याचक्षते—जीवः किल कालादेशेन नियमात् सप्रदेशः, लब्ध्यादेशेन तु सप्रदेशो वाऽप्रदेशो वेति, एवं धर्मास्तिकायादिष्वपि त्रिष्वस्तिकायेषु परापरनिमित्तं पक्षद्वयं वाच्यं, पुद्गलास्तिकायस्तु

---

તેને છોડીને દ્રવ્યલોકને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :-** રૂપી-અરૂપી, સપ્રદેશ-અપ્રદેશ, નિત્ય-અનિત્ય એવું જીવ-અજીવરૂપ જે દ્રવ્ય છે તે દ્રવ્યલોક તું જાણ.

**ટીકાર્થ :-** મૂળમાં 'जीवमजीवे' આ શબ્દમાં 'म' એ અલાક્ષણિક જાણવો (અર્થાત્ છંદનું સરખું ઉચ્ચારણ થઈ શકે તે માટે જ 'म' કાર મૂક્યો છે તે સિવાય તેનું કોઈ પ્રયોજન નથી.) તેમાં સુખનો, દુ:ખનો અને જ્ઞાનનો ઉપયોગ એ જીવનું લક્ષણ છે. (અર્થાત્ આવા ઉપયોગવાળો જે હોય તે જીવ કહેવાય.) આવા ઉપયોગ વિનાનો અજીવ જાણવો. આ બંને રૂપી-અરૂપીના ભેદથી બે પ્રકારના છે. આ જ વાત મૂળમાં કરી છે કે - 'રૂપી-અરૂપી'. તેમાં અનાદિકાળથી ચાલી આવતી કર્મની પરંપરાથી યુક્ત જે છે તે જીવ રૂપી છે અર્થાત્ સંસારી જીવો. તથા કર્મરહિત સિદ્ધો અરૂપી છે. અજીવને વિષે ધર્મ-અધર્મ-આકાશાસ્તિકાય એ અરૂપી છે અને પરમાણુ વિગેરે રૂપી છે. આ જીવ-અજીવ એ સામાન્યથી સપ્રદેશ-અપ્રદેશ જાણવા. આ જ વાત મૂળમાં કરે છે કે - 'સપ્રદેશ-અપ્રદેશ'. તેમાં સામાન્ય અને વિશેષ ઉભયરૂપ હોવાથી પરમાણુ સિવાયના સકલાસ્તિકાયોનું સપ્રદેશ-અપ્રદેશપણું વિચારવા યોગ્ય છે.

પરમાણુ અપ્રદેશ=પ્રદેશ વિનાના જ છે. કેટલાક આચાર્યો કહે છે કે - કાળ અનંતસમયાત્મક છે અર્થાત્ અનંતસમયાત્મક અનંતપ્રદેશો કાળના છે. અને જીવની કાળસાથે અભેદ વિવક્ષા કરીએ ત્યારે જીવ કાળના આદેશથી=કાળની અપેક્ષાએ નિયમથી સપ્રદેશ છે. જ્યારે લબ્ધિની અપેક્ષાએ સપ્રદેશ અથવા અપ્રદેશાત્મક છે. (તે આ પ્રમાણે → જીવમાં લબ્ધિ એટલે કે વીર્યલબ્ધિ વિગેરે અનેક પ્રકારની લબ્ધિઓ છે. આ લબ્ધિઓની અપેક્ષાએ જીવ સપ્રદેશ ઘટે છે. અને વિશેષલબ્ધિઓનો સામાન્યથી સંગ્રહ કરીએ ત્યારે 'एगे आया' ની જેમ આત્મા એકલબ્ધિરૂપ બની જવાથી અપ્રદેશ કહી શકાય છે.) આ પ્રમાણે ધર્માસ્તિકાયાદિ ત્રણ અસ્તિકાયોમાં પણ પરાપરનિમિત્તે=તે તે અપેક્ષાએ સપ્રદેશ અને અપ્રદેશપણું કહેવા યોગ્ય છે.

द्रव्याद्यपेक्षया चिन्त्यः, यथा–द्रव्यतः परमाणुरप्रदेशो द्व्यणुकादयः सप्रदेशाः, क्षेत्रत एकप्रदेशावगाढोऽप्रदेशो द्व्यादिप्रदेशावगाढाः सप्रदेशाः, एवं कालतोऽप्येकानेकसमयस्थितिर्भावतोऽप्येकानेकगुणकृष्णादिरिति कृतं विस्तरेण, प्रकृतमुच्यते–इदमेवम्भूतं जीवाजीवव्रातं जानीहि द्रव्यलोकं, द्रव्यमेव लोको द्रव्यलोक इतिकृत्वा, अस्यैव शेषधर्मोपदर्शनायाऽऽह–नित्यानित्यं च यद् द्रव्यं, चशब्दादभिलाप्यानभिलाप्यादिसमुच्चय इति गाथार्थः ॥१९६॥

साम्प्रतं जीवाजीवयोर्नित्यानित्यतामेवोपदर्शयन्नाह–

**गइ १ सिद्धा २ भविआया ३ अभविअ ४-१ पुग्गल १ अणागयद्धा य २ ।**
**तीअद्ध ३ तिन्नि काया ४-२ जीवा १ जीव २ ड्डिई चउहा ॥१९७॥ ( भा० )**

व्याख्या–अस्याः सामायिकवद् व्याख्या कार्येति, भङ्गकास्तु सादिसपर्यवसानाः साद्यपर्यवसानाः अनादिसपर्यवसाना अनाद्यपर्यवसानाः, एवमजीवेषु जीवाजीवयोरष्टौ भङ्गाः । द्वारम् ॥१९७॥

अधुना क्षेत्रलोकः प्रतिपाद्यते, तत्र–

---

પુદ્ગલાસ્તિકાયનું સપ્રદેશ-અપ્રદેશપણું દ્રવ્યાદિ અપેક્ષાએ વિચારવા યોગ્ય છે. તે આ પ્રમાણે → દ્રવ્યથી પરમાણુ અપ્રદેશી છે, દ્વ્યણુક વિગેરે સપ્રદેશી છે. ક્ષેત્રથી એક આકાશ પ્રદેશમાં રહેલા પુદ્ગલો અપ્રદેશી જાણવા, દ્વ્યાદિ પ્રદેશમાં રહેલા પુદ્ગલો સપ્રદેશી જાણવા. આ જ પ્રમાણે કાળથી એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો અપ્રદેશી અને બે વિગેરે સમયની સ્થિતિવાળા સપ્રદેશી. ભાવથી પણ એકગુણ કૃષ્ણવાળા પુદ્ગલો અપ્રદેશી અને દ્વિગુણકૃષ્ણાદિ સપ્રદેશી જાણવા. વધુ વિસ્તારથી સર્યું.

મૂળ વાત કહેવાય છે – આવા પ્રકારનો આ જીવ-અજીવનો સમૂહ એ દ્રવ્યલોક તું જાણ, કારણ કે દ્રવ્ય એ જ લોક તે દ્રવ્યલોક. આવા પ્રકારનો 'દ્રવ્યલોક' શબ્દનો અર્થ છે. આ જ જીવાજીવરૂપ દ્રવ્યલોકના શેષ ધર્મોને બતાવવા માટે કહે છે – 'નિત્યાનિત્ય એવું જે દ્રવ્ય' (આનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણી લેવો.) 'च' શબ્દથી અભિલાપ્ય-અનભિલાપ્ય વિગેરે ધર્મો પણ સમજી લેવા. ॥૧૯૬॥

અવતરણિકા :- હવે જીવ-અજીવની નિત્યાનિત્યતાને જ બતાવતા કહે છે ⇨

**ગાથાર્થ :- ગતિ, સિદ્ધ, ભવ્ય, અભવ્ય (તથા) પુદ્ગલ, અનાગતકાળ, અતીતકાળ અને ત્રણ કાય આ પ્રમાણે જીવ અને અજીવ દરેકની ચાર પ્રકારે સ્થિતિ છે.**

**ટીકાર્થ :-** આ ગાથાની વ્યાખ્યા સામાયિક અધ્યયનમાં કહેવાયેલ (ગા. ૬૬૨-ભાગ-૩) પ્રમાણે જાણવી. તેમાં સાદિ - સાંત, સાદિ-અનંત, અનાદિ-સાંત અને અનાદિ-અનંત એ પ્રમાણે જીવને વિષે ચાર પ્રકારની સ્થિતિ જાણવી. એ જ પ્રમાણે અજીવને વિષે પણ ચાર પ્રકાર મળી જીવ-અજીવના આઠ ભાંગા જાણવા. ॥૧૯૭॥

અવતરણિકા :- હવે ક્ષેત્રલોક પ્રતિપાદન કરાય છે. તેમાં ⇨

आगासस्स पएसा उड्ढं च अहे अ तिरियलोए अ ।
जाणाहि खित्तलोगं अणंतं जिणदेसिअं सम्मं ॥१९८॥ ( भा० )

व्याख्या–आकाशस्य प्रदेशाः-प्रकृष्टा देशाः प्रदेशास्तान् 'ऊर्ध्वं च' इत्यूर्ध्वलोके च 'अधश्च' इत्यधोलोके च तिर्यग्लोके च, किं ?-जानीहि क्षेत्रलोकं, क्षेत्रमेव लोकः क्षेत्रलोक इतिकृत्वा, लोक्यत इति च लोक इति, ऊर्ध्वादिलोकविभागस्तु सुज्ञेयः, 'अनन्त'मित्यलोकाकाशप्रदेशापेक्षया चानन्तम्, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, 'जिनदेशितम्' इति जिनकथितं 'सम्यक्' शोभनेन विधिनेति गाथार्थः ॥१९८॥

साम्प्रतं काललोकप्रतिपादनायाह–

समयावलिअमुहुत्ता दिवसमहोरत्तपक्खमासा य ।
संवच्छरजुगपलिआ सागरओसप्पिपरिअट्टा ॥१९९॥ ( भा० )

व्याख्या–इह परमनिकृष्टः कालः समयोऽभिधीयते असङ्ख्येयसमयमाना त्वावलिका द्विघटिको मुहूर्तः षोडश मुहूर्ता दिवसः द्वात्रिंशदहोरात्रं पञ्चदशाहोरात्राणि पक्षः द्वौ पक्षौ मासः द्वादश मासाः संवत्सरमिति पञ्चसंवत्सरं युगं पल्योपममुद्धारादिभेदं यथाऽनुयोगद्वारेषु तथाऽवसेयं,

---

ગાથાર્થ :- ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં રહેલા આકાશ પ્રદેશોને તું જિનકથિત, અનંત એવા ક્ષેત્રલોક તરીકે સમ્યગ્ રીતે જાણ.

ટીકાર્થ :- પ્રકૃષ્ટ=સૌથી નાનામાં નાનો જે દેશ તે પ્રદેશ. આકાશના આ પ્રદેશોને, (ક્યાં રહેલા?) મૂળમાં 'ઊર્ધ્વ' શબ્દ છે તેનાથી અહીં 'ઊર્ધ્વલોક' અર્થ લેવો, તેથી ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં (રહેલા આકાશના પ્રદેશોને) શું ? તે કહે છે- આ પ્રદેશોને ક્ષેત્રલોક તરીકે તું જાણ, કારણ કે ક્ષેત્ર પોતે જ લોક તે ક્ષેત્રલોક આ પ્રમાણેનો 'ક્ષેત્રલોક' શબ્દનો અર્થ છે. અને લોક એટલે જે દેખાય તે. ઊર્ધ્વાદિલોકનો વિભાગ સુખેથી જાણી શકાય છે. (તે આ પ્રમાણે → ૧૪ રાજલોકની મધ્યમાં આવેલા આઠ રૂચક પ્રદેશથી ઉપર-નીચે ૯૦૦-૯૦૦ યોજન એમ કુલ ૧૮૦૦ યોજન પ્રમાણ તિર્ચ્છાલોક છે. તે સિવાયનો ઊર્ધ્વ-અધોલોક સ્વયં જાણી લેવો.) અલોકાકાશના પ્રદેશોની અપેક્ષાએ આ ક્ષેત્રલોક અનંત છે. મૂળમાં 'अणंतं' ને બદલે 'अणंत' શબ્દ છે, જેમાં (પ્રાકૃત હોવાથી) અનુસ્વારનો લોપ થયેલ છે. સમ્યગ્ વિધિવડે જિનેશ્વરોએ કહેલ એવું ક્ષેત્રલોક. (અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૧૯૮॥

અવતરણિકા :- હવે કાળલોકનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- અહીં પરમનિકૃષ્ટ (સૌથી નાનામાં નાનો) કાળ સમય કહેવાય છે. અસંખ્યેય સમયપ્રમાણ આવલિકા, બે ઘડી=મુહૂર્ત્ત, સોળ મુહૂર્ત્ત=દિવસ, બત્રીસ મુહૂર્ત્ત=એક અહોરાત્ર, પંદર અહોરાત્ર=પક્ષ, બે પક્ષ=માસ, બાર માસ=વર્ષ, પાંચવર્ષ=યુગ, ઉદ્ધારાદિભેદોવાળા

सागरोपमं तद्वदेव, दशसागरोपमकोटाकोटिपरिमाणोत्सर्पिणी, एवमवसर्पिण्यपि द्रष्टव्या, 'परावर्तः' पुद्गलपरावर्तः, स चानन्तोत्सर्पिण्यवसर्पिणीप्रमाणो द्रव्यादिभेदः, तेऽनन्ता अतीतकालः अनन्त एवैष्यन्निति गाथार्थः ॥१९९॥

उक्तः काललोकः, लोकयोजना पूर्ववद् । अधुना भवलोकमभिधित्सुराह–

णेरइअदेवमणुआ तिरिक्खजोणीगया य जे सत्ता ।
तंमि भवे वट्टंता भवलोगं तं विआणाहि ॥२००॥ (भा०)

व्याख्या–नारकदेवमनुष्यास्तथा तिर्यग्योनिगताश्च ये 'सत्त्वाः' प्राणिनः 'तंमि' त्ति तस्मिन् भवे वर्तमाना यदनुभावमनुभवन्ति भवलोकं तं विजानीहि, लोकयोजना पूर्ववदिति गाथार्थः ॥२००॥

साम्प्रतं भावलोकमुपदर्शयति–

ओदइए १ ओवसमिए २ खइए अ ३ तहा खओवसमिए अ ४ ।
परिणामि ५ सन्निवाए अ ६ छव्विहो भावलोगो उ ॥२०१॥ (भा०)

व्याख्या–उदयेन निर्वृत्त औदयिकः, कर्मण इति गम्यते, तथोपशमेन निर्वृत्त औपशमिकः, क्षयेण निर्वृत्तः क्षायिकः, एवं शेषेष्वपि वाच्यं, ततश्च क्षायिकश्च तथा क्षायोपशमिकश्च

---

પલ્યોપમનું વર્ણન અનુયોગદ્વાર નામના આગમમાં જે રીતે કર્યું છે, તે રીતે અહીં જાણી લેવું. દશ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ ઉત્સર્પિણી અને એટલા પ્રમાણની અવસર્પિણી પણ જાણવી. પુદ્ગલપરાવર્તકાળ અનંત ઉત્સર્પિણી - અવસર્પિણી પ્રમાણ અને દ્રવ્યાદિ ચાર ભેદવાળો જાણવો. અનંત પુદ્ગલપરાવર્ત કાળપ્રમાણ અતીતકાળ અને અનંત પુદ્ગલપરાવર્ત કાળપ્રમાણ અનાગત= ભવિષ્યકાળ જાણવો. ॥૧૯૯॥ કાળલોક કહ્યો. લોકની યોજના પૂર્વની જેમ કરવી. (અર્થાત્ કાળરૂપ લોક તે કાળલોક અને જે દેખાય તે લોક આ પ્રમાણેનો અર્થ પૂર્વની જેમ જાણવો.)

અવતરણિકા :- હવે ભવલોકને કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- નારક, દેવ, મનુષ્ય અને તિર્યંચયોનિમાં રહેલા જીવો તે તે ભવમાં વર્તતા જે અનુભાવને (=તીવ્રતમ દુઃખાદિરૂપ ભવને) અનુભવી રહ્યાં છે તે અનુભાવને તું ભવલોક તરીકે જાણ, કારણ કે ભવ એ જ લોક તે ભવલોક એ પ્રમાણે શબ્દાર્થ છે. ॥૨૦૦॥

અવતરણિકા :- હવે ભાવલોકને દર્શાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઉદયથી જે થાય તે ઔદયિક, (અહીં ઉદય કોનો લેવાનો ? તે કહે છે કે) 'કર્મનો' એ પ્રમાણે શબ્દ બહારથી જાણી લેવો. તથા ઉપશમથી જે થાય તે ઔપશમિક, ક્ષયવડે જે થાય તે ક્ષાયિક, આ પ્રમાણે શેષ ક્ષાયોપશમિકાદિ ભાવોમાં પણ જાણી લેવું. આમ, ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક અને સાન્નિપાતિક આ પ્રમાણે છ

पारिणामिकश्च सान्निपातिकश्च, एवं षड्विधो भावलोकस्तु, तत्र सान्निपातिक ओघतोऽनेकभेदोऽवसेयः, अविरुद्धस्तु पञ्चदशभेद इति, उक्तं च—''*ओदइअखओवसमे परिणामेक्केक्को-(क्कु)गइचउक्केऽवि । खयजोगेणवि चउरो तदभावे उवसमेणंपि ॥१॥ उवसमसेढी एक्को केवलिणोऽवि य तहेव सिद्धस्स । अविरुद्धसन्निवाइयभेया एमेव पण्णरस ॥२॥*'' त्ति गाथार्थः ॥२०१॥

**तिव्वो रागो अ दोसो अ, उइन्ना जस्स जंतुणो ।**
**जाणाहि भावलोअं, अणंतजिणदेसिअं सम्मं ॥२०२॥ (भा०)**

---

પ્રકારનો ભાવલોક જાણવો. તેમાં સાન્નિપાતિક ભાવ સામાન્યથી અનેક પ્રકારનો જાણવો. અવિરુદ્ધ સાન્નિપાતિક પંદર પ્રકારે જાણવો. કહ્યું છે - (અહીં ગાથાનો સીધો ભાવાર્થ લખ્યો છે) "[H]નારકોનો નરકગતિ વગેરે ઔદયિકભાવ છે, ઇન્દ્રિયસંપન્નતાદિ ક્ષાયોપશમિકભાવ છે, અને જીવત્વાદિ એ પારિણામિકભાવ છે. આ પ્રમાણે ત્રણ ભાવોને આશ્રયીને નરકગતિમાં એક ભાંગો પ્રાપ્ત થયો. આ જ પ્રમાણે શેષ ત્રણ ગતિના એક-એક ભાંગા મળીને ચાર ગતિના ચાર ભાંગા થયા. હવે કહેવાયેલા આ ત્રણ ભાવોમાં ક્ષાયિકભાવનો ઉમેરો કરતા ચારભાવોનો એક ભાંગો થાય. ચાર ગતિમાં દરેકમાં ચારભાવોથી બનેલો એક-એક ભાંગો ગણતા ચાર ભાંગા થાય, કારણ કે ક્ષાયિકસમ્યક્ત્વ ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે. આમ બધા મળી આઠ ભાંગા થયા.

હવે ચારભાવોમાંથી ક્ષાયિકભાવને કાઢી ઔપશમિકભાવનો ઉમેરો કરતા ચાર ગતિને આશ્રયી અન્ય ચાર ભાંગા પ્રાપ્ત થાય, કારણ કે પ્રથમ વખત ઔપશમિકસમ્યક્ત્વને પ્રાપ્ત કરતા જીવો ચારે ગતિમાં પ્રાપ્ત થાય છે. આમ બધા મળી બાર ભાંગા થયા. હવે જે જીવ દર્શનસપ્તકનો ક્ષય કરીને ઉપશમશ્રેણી માંડે તેને પાંચે ભાવો હોવાથી પાંચભાવોનો એક ભાંગો પ્રાપ્ત થાય, કેવલીને પણ ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક એમ ભાવત્રિકનો એક જ ભાંગો, તથા સિદ્ધને પણ ક્ષાયિક અને પારિણામિક ભાવદ્વિકનો એક જ ભાંગો. બધા મળી પંદર ભાંગા થાય. (આ સિવાયના દ્વિકસંયોગના દશ ભાંગા, ત્રિકસંયોગના દશ ભાંગા, ચતુષ્કસંયોગના પાંચ ભાંગા અને પંચસંયોગનો એક ભાંગો એમ કુલ મળીને આ છવ્વીસ ભાંગા કો'ક જીવોને ક્યારેક જ દેખાતા હોવાથી વિરુદ્ધ ભાંગા કહેવાય છે, જ્યારે ઉપરોક્ત પંદર ભાંગા હંમેશા પ્રાપ્ત થતાં હોવાથી અવિરુદ્ધ ભાંગા કહેવાય છે.-इति टिप्पणे) ॥२०१॥

ગાથાર્થ :- જે જીવને રાગ અને દ્વેષનો તીવ્ર ઉદય છે તે જીવને તું અનંતજિનકથિત એવા ભાવલોક તરીકે સમ્યગ્ રીતે જાણ.

---

★ औदयिकः क्षायोपशमिकः पारिणामिक एकैको गतिचतुष्केऽपि । क्षययोगेनापि चत्वारः तदभावे उपशमेनापि ॥१॥ उपशमश्रेणावेकः केवलिनोऽपि च तथैव सिद्धस्य । अविरुद्धसान्निपातिकभेदा एवमेव पञ्चदश ॥२॥

व्याख्या–'तीव्र' उत्कटः रागश्च द्वेषश्च, तत्राभिष्वङ्गलक्षणो रागः अप्रीतिलक्षणो द्वेष इति, एतावुदीर्णौ 'यस्य जन्तोः' यस्य प्राणिन इत्यर्थः, तं प्राणिनं तेन भावेन लोक्यत्वाज्जानीहि भावलोकं 'अनन्तजिनदेशितम्' एकवाक्यतयाऽनन्तजिनकथितं 'सम्यग्' इति क्रियाविशेषणम्, अयं गाथार्थः ॥२०२॥ द्वारं ।

साम्प्रतं पर्यायलोक उच्यते, तत्रौघतः पर्याया धर्मा उच्यन्ते, इह तु किल नैगमनयदर्शनं मूढनयदर्शनं वाऽधिकृत्य चतुर्विधं पर्यायलोकमाह–

दव्वगुण १ खित्तपज्जव २ भवाणुभावे अ ३ भावपरिणामे ४ ।
जाण चउव्विहमेअं, पज्जवलोगं समासेणं ॥२०३॥ ( भा० )

---

ટીકાર્થ :- તીવ્ર એટલે ઉત્કટ, રાગ આસકિતરૂપ અને દ્વેષ અપ્રીતિરૂપ જાણવો. જે જીવને ઉત્કટ એવા રાગ-દ્વેષનો ઉદય છે તે જીવને ભાવલોક તરીકે તું જાણ, કારણ કે રાગ-દ્વેષરૂપ ભાવવડે તે જીવ જણાય છે. (આશય એ છે કે - ભાવોવડે જે જણાય તે ભાવલોક. આ રીતે અર્થ કરતા રાગ-દ્વેષરૂપ ભાવવડે જીવ જણાતો હોવાથી તે જીવ ભાવલોક કહેવાયેલ છે, એમ તું સમ્યગ્ રીતે જાણ. આવું કોનાવડે કહેવાયેલ છે ? તે કહે છે -) અનંત જિનેશ્વરોવડે એક વાક્યરૂપે (અર્થાત્ અમુક તીર્થંકરોએ જુદું કહ્યું અને અમુક તીર્થંકરોએ જુદું કહ્યું એવું નથી પરંતુ બધા જ તીર્થંકરોવડે એક મત થઈને) કહેવાયેલ છે. (અથવા બીજી રીતે અર્થ જાણવો કે પૂર્વે ભા. ૧૯૮ માં 'अणंतजिण-देसिअं' શબ્દને अणंत અને जिणदेसिअं એમ જુદો પાડ્યો હતો. અહીં એ રીતે જુદો પાડવો નથી. તેથી ટીકાકાર ખુલાસો કરે છે કે આ શબ્દ એકવાક્યરૂપે જાણવો એટલે કે આ એક જ શબ્દ જાણવો. અહીં પણ અર્થ એ જ કે અનંત જિનેશ્વરોવડે કહેવાયેલ.) 'સમ્યગ્' શબ્દ ક્રિયાવિશેષણ જાણવો. (ટીકાનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૨૦૨॥

અવતરણિકા :- હવે પર્યાયલોક કહેવાય છે. તેમાં પર્યાય એટલે સામાન્યથી ધર્મો જાણવા. અહીં નૈગમનયના મતને અથવા મૂઢનયના મતને આશ્રયીને ચાર પ્રકારના પર્યાયલોકને કહે છે. ([H]આશય એ છે કે - નૈગમ સિવાયના છ નયોમાં કો'ક માત્ર સામાન્યવાદી છે, તો કો'ક વિશેષવાદી છે. તેમાં જો સામાન્યવાદીમતને આશ્રયીને વિચારીએ તો તેમના મતે તમામ પર્યાયો સામાન્યરૂપ હોવાથી એક છે અને તેથી પર્યાયલોકનું ચતુર્વિધપણું ઘટે નહીં. વિશેષવાદીઓના મતે દરેક પર્યાયો જુદા જુદા હોવાથી પર્યાયલોક અનંત છે તેથી તેઓ પણ ચતુર્વિધપણાને ઇચ્છતાં નથી. જ્યારે નૈગમનય અનેક પ્રકારનો હોવાથી ચાર પ્રકારના પર્યાયલોકને પણ ઇચ્છે છે. તેથી 'નૈગમનયના મતને આશ્રયીને' લખ્યું છે. અથવા વર્તમાનમાં કાલિકશ્રુત (ઉપલક્ષણથી ઉત્કાલિકશ્રુત પણ) મૂઢનયવાળું હોવાથી સૂત્રો નયોવડે વિચારાતા નથી. અહીં મૂઢનય=જેમાંથી નયવિભાગ કાઢી નાંખવામાં આવ્યો હોય તે. માટે 'મૂઢનયદર્શનને આશ્રયીને' એટલે કે નયોનો વિભાગ કર્યા વિના વિવક્ષાવશથી જ કેટલાક ભેદોને આશ્રયીને પર્યાયલોકના ચાર પ્રકારો બતાવવામાં આવે છે.) ⇨

**ગાથાર્થ :- દ્રવ્યોના ગુણો, ક્ષેત્રના પર્યાયો, ભવના અનુભવો અને ભાવના પરિણામો, સંક્ષેપથી આ ચાર પ્રકારનો પર્યાયલોક તું જાણ.**

व्याख्या–द्रव्यस्य गुणाः-रूपादयः, तथा क्षेत्रस्य पर्यायाः-अगुरुलघवः भरतादिभेदा एव चान्ये, भवस्य च नारकादेरनुभावः-तीव्रतमदुःखादिः, यथोक्तम्-"[14]*अच्छिणिमिलीयमेत्तं णत्थि सुहं दुक्खमेव अणुबंधं । णरए णेरइआणं अहोणिसिं पच्चमाणाणं ॥१॥ असुभा उव्वियणिज्जा सद्दरसा रूवगंधफासा य । णरए णेरइआणं दुक्कयकम्मोवलित्ताणं ॥२॥*" इत्यादि, एवं शेषानुभावोऽपि वाच्यः, तथा भावस्य जीवाजीवसम्बन्धिनः परिणामस्तेन तेन अज्ञानाद् ज्ञानं नीलाल्लोहितमित्यादिप्रकारेण भवनमित्यर्थः, 'जानीहि' अवबुध्यस्व चतुर्विधमेनमोघतः पर्यायलोकं 'समासेन' संक्षेपेणेति गाथार्थः ॥२०३॥

तत्र यदुक्तं द्रव्यस्य गुणा इत्यादि तदुपदर्शनेन निगमयन्नाह–

**वन्नरसगंधसंठाणफासट्ठाणगइवन्नभेए अ ।**
**परिणामे अ बहुविहे पज्जवलोगं विआणाहि ॥२०४॥ ( भा० )**

व्याख्या–वर्णरसगन्धसंस्थानस्पर्शस्थानगतिवर्णभेदाश्च, चशब्दाद् रसादिभेदपरिग्रहः, अयमत्र भावार्थः-वर्णादयः सभेदा गृह्यन्ते, तत्र वर्णः कृष्णादिभेदात् पञ्चधा, रसोऽपि तिक्तादि-

---

ટીકાર્થ :- દ્રવ્યના રૂપાદિ ગુણો, ક્ષેત્રના અગુરુ લઘુ વિગેરે પર્યાયો, કેટલાકો ભરતક્ષેત્રાદિ ભેદો જ પર્યાય તરીકે કહે છે. નારકાદિ ભવોના તીવ્રતમ દુઃખાદિ અનુભાવો, કહ્યું છે - "નરકમાં રાત-દિવસ પકાવાતા એવા નારકોને આંખના પલકારા જેટલું પણ સુખ નથી, પરંતુ સતત દુઃખ જ છે. ॥૧॥ નરકમાં દુષ્કૃતવડે ઉત્પન્ન થયેલા કર્મોથી લેપાયેલા નારકોના શબ્દ, રસ, રૂપ, ગંધ અને સ્પર્શો અશુભ તથા ઉદ્વેગ પમાડનારા છે. ॥૨॥ વિગેરે." આ પ્રમાણે બીજા ભવોના પણ જે દુઃખો છે તે પણ અહીં કહેવા યોગ્ય છે. તથા જીવાજીવ સંબંધી ભાવનો પરિણામ એટલે કે તે તે પ્રકારવડે થવું અર્થાત્ અજ્ઞાનમાંથી જ્ઞાન થવું કે નીલમાંથી લાલ થવું વિગેરે જે પરિણામ. આમ સામાન્યથી ગુણો, પર્યાયો, અનુભાવો અને પરિણામરૂપ ચાર પ્રકારના પર્યાયલોકને તું સંક્ષેપથી જાણ. ॥૨૦૩॥

અવતરણિકા :- અહીં 'દ્રવ્યના ગુણો' વિગેરે જે કહ્યું તે બતાવવાવડે નિગમન કરતા કહે છે ☞

ગાથાર્થ :- **વર્ણ, રસ, ગંધ, સંસ્થાન, સ્પર્શ, સ્થાન, ગતિ, વર્ણના ભેદો અને બહુવિધ પરિણામોને તું પર્યાયલોક જાણ.**

ટીકાર્થ :- વર્ણ, રસ, ગંધ, સંસ્થાન, સ્પર્શ, સ્થાન, ગતિ, વર્ણભેદો, અહીં ચ શબ્દથી રસાદિના ભેદોનું પણ ગ્રહણ કરવું. ભાવાર્થ એ છે કે - અહીં વર્ણ વિગેરે પોત-પોતાના ભેદો સહિત ગ્રહણ કરવાના છે. (માટે જ સ્થાન, ગતિ પછી 'વર્ણભેદ' શબ્દ લખેલ છે, તેથી વર્ણભેદની જેમ રસભેદ, ગંધભેદ વગેરે લેવા.) તેમાં, કૃષ્ણાદિભેદથી વર્ણ પાંચ પ્રકારનો છે,

---

१४. अक्षिनिमीलनमात्रं नास्ति सुखं दुःखमेवानुबद्धम् । नरके नैरयिकाणामहर्निशं पच्यमानानाम् ॥१॥ अशुभा उद्वेजनीयाः शब्दरसा रूपगन्धस्पर्शाश्च । नरके नैरयिकाणां दुष्कृतकर्मोपलिप्तानाम् ॥२॥

भेदात्पञ्चधा, गन्धः सुरभिरित्यादिभेदात् द्विधा, संस्थानं परिमण्डलादिभेदात्पञ्चधैव, स्पर्शः कर्कशादिभेदादष्टधा, स्थानमवगाहनालक्षणं तदाश्रयभेदादनेकधा, गतिः स्पर्शवद्गतिरित्यादिभेदाद् द्विधा, चशब्द उक्तार्थ एव अथवा कृष्णादिवर्णादीनां स्वभेदापेक्षया एकगुणकृष्णाद्यनेकभेदोपसङ्ग्रहार्थ इति, अनेन किल द्रव्यगुणा इत्येतद्व्याख्यातं । परिणामांश्च बहुविधानित्यनेन तु चरमद्वारं, शेषं द्वारद्वयं स्वयमेव भावनीयं, तच्च भावितमेवेत्यक्षरगमनिका । भावार्थस्त्वयम्—परिणामांश्च बहुविधान् जीवाजीवभावगोचरान्, किं ?-पर्यायलोकं विजानीहि इति गाथार्थः, अक्षरयोजना पूर्ववदिति ॥२०४॥ द्वारं ॥

साम्प्रतं लोकपर्यायशब्दान्निरूपयन्नाह—

आलुक्कइ अ पलुक्कइ लुक्कइ संलुक्कई अ एगट्ठा ।
लोगो अट्ठविहो खलु तेणेसो वुच्चई लोगो ॥१०५८॥

व्याख्या—आलोक्यत इत्यालोकः, प्रलोक्यत इति प्रलोकः, लोक्यत इति लोकः, संलोक्यत इति च संलोकः, एते एकार्थिकाः शब्दाः, लोकः अष्टविधः खल्वित्यत्र आलोक्यत

---

તિક્તાદિ ભેદથી રસ પણ પાંચ પ્રકારે છે, સુરભિ વિગેરે ભેદથી ગંધ બે પ્રકારે, પરિમંડળાદિ ભેદથી સંસ્થાન પાંચ પ્રકારે, કર્કશાદિભેદથી સ્પર્શ આઠ પ્રકારે, અવગાહનારૂપ સ્થાન એ તેના આશ્રયના ભેદથી અનેક પ્રકારે છે. (જેમ કે, વાડકીમાં પાણી ભર્યું હોય, લોટામાં પાણી ભર્યું હોય, થાળામાં પાણી હોય, અહીં થાળી, લોટો, વાડકી એ આશ્રય છે, તેમાં પાણીનું રહેવું એ અવગાહના. આ અવગાહના આશ્રયના ભેદથી જુદી જુદી થાય છે.) સ્પર્શવાળી ગતિ (=સ્પૃશદ્ ગતિ) વિગેરે ભેદથી ગતિ બે પ્રકારે છે. 'च' શબ્દનો અર્થ શરૂઆતમાં જ કહેવાય ગયો છે. અથવા કૃષ્ણ વિગેરે વર્ણોનો સ્વભેદની અપેક્ષાએ એક ગુણ કૃષ્ણ વિગેરે અનેક ભેદોનો સંગ્રહ કરનાર 'च' શબ્દ જાણવો. આમ, વર્ણ, ગંધ.... પંકિતવડે 'દ્રવ્યના ગુણો' એવું જે કહ્યું હતું તેનું વ્યાખ્યાન કરાયું (કારણ કે વર્ણ વિગેરે દ્રવ્યના ગુણો છે.) તથા 'બહુવિધ પરિણામો' આનાવડે ચરમદ્વાર=પરિણામદ્વાર કહેવાયું. શેષ=ક્ષેત્રપર્યાય અને ભવાનુભાવરૂપ બે દ્વારો સ્વયં વિચારી લેવા. અને તે બંને દ્વારો (ગા. ૨૦૨ ની ટીકામાં) વિચારાઈ ગયા જ છે. આ પ્રમાણે અક્ષરોની વ્યાખ્યા થઈ.

ભાવાર્થ આ પ્રમાણે છે - જીવ અને અજીવોના ભાવવિષયક ઘણા પ્રકારના પરિણામોને પર્યાયલોક તરીકે તું જાણ. (ટીકાર્થનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) અક્ષરયોજના પૂર્વની જેમ (અર્થાત્ પર્યાય એ જ લોક તે પર્યાયલોક એ પ્રમાણેનો અર્થ પૂર્વની જેમ) જાણવો. ॥૨૦૪॥

અવતરણિકા :- હવે લોકના પર્યાયવાચી શબ્દોનું નિરૂપણ કરતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ-મર્યાદાવડે જે જણાય તે આલોક, પ્રકર્ષવડે જે જણાય તે પ્રલોક, જણાય તે લોક, અને સમ્યગ્ રીતે જણાય તે સંલોક. (આ રીતે વ્યુત્પત્તિઓ જુદી જુદી છે. પરંતુ) આ

इत्यादि योजनीयम्, अत एवाऽऽह–तेनैष उच्यते लोको येनाऽऽलोक्यत इत्यादि भावनीयं, गाथार्थः ॥१०५८॥

व्याख्यातो लोकः, इदानीमुद्योतः उच्यते, तत्राह–

दुविहो खलु उज्जोओ नायव्वो दव्वभावसंजुत्तो ।
अग्गी दव्वुज्जोओ चंदो सूरो मणी विज्जू ॥१०५९॥

व्याख्या–'द्विविधः' द्विप्रकारः खलूद्योतः, खलुशब्दो मूलभेदापेक्षया न तु व्यक्त्यपेक्षयेति विशेषणार्थः, उद्योत्यते–प्रकाश्यतेऽनेनेत्युद्योतः, 'ज्ञातव्यः' विज्ञेयो, द्रव्यभावसंयुक्त इति-द्रव्योद्योतो भावोद्योतश्चेत्यर्थः, तत्राग्निर्द्रव्योद्योतः घटाद्युद्योतनेऽपि तद्गतायाः सम्यक्प्रतिपत्तेर-[१५]भावात्सकलवस्तुधर्मानुद्योतनाच्च, न हि धर्मास्तिकायादयः सदसन्नित्यानित्याद्यनन्तधर्मात्मकस्य च वस्तुनः सर्व एव धर्मा अग्निना उद्योत्यन्त इत्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभया-दिति, ततश्च स्थितमिदम्-अग्निर्द्रव्योद्योतः, तथा चन्द्रः सूर्यो मणिर्विद्युदिति, तत्र मणिः–

---

શબ્દો બધા એક અર્થવાળા જાણવા. પૂર્વે ગા.૧૦૫૭ માં કહ્યું કે 'લોક આઠ પ્રકારનો છે.' તેમાં જે લોક શબ્દ છે. તેની સાથે आलोक्यते વિ. પદો જોડવા. આથી અર્થ થયો કે જે કારણથી આ આઠે પ્રકારનો લોક 'દેખાય' વિગેરે વ્યુત્પત્તિ અર્થવાળો છે તે કારણથી એ 'લોક' શબ્દથી વાચ્ય બને છે. (ટૂંકમાં - જે કારણથી લોક શબ્દનો 'દેખાય છે' વિગેરે અર્થ થાય છે અને આલોકાદિ પર્યાયવાચી શબ્દો છે તે કારણથી આઠ પ્રકારનો આ લોક લોક તરીકે કહેવાય છે.) ॥૧૦૫૮॥

અવતરણિકા :- લોકની વ્યાખ્યા કરી. હવે 'ઉદ્યોત' શબ્દની વ્યાખ્યા કહેવાય છે. તેમાં કહે છે ⇨

ગાથાર્થ :- દ્રવ્ય અને ભાવથી સંયુક્ત એમ બે પ્રકારે ઉદ્યોત જાણવો. તેમાં અગ્નિ, ચંદ્ર, સૂર્ય, મણિ, વીજળી એ દ્રવ્ય ઉદ્યોત છે.

ટીકાર્થ :- મૂલભેદની અપેક્ષાએ ઉદ્યોત બે પ્રકારે છે, નહિ કે વ્યક્તિ અપેક્ષાએ (અર્થાત્ મૂલ ભેદના જે પેટા ભેદો પડે તે વ્યક્તિ કહેવાય, તે પેટાભેદોની અપેક્ષાએ બે ભેદ નથી.) આ પ્રમાણેનો વિશેષ અર્થ જણાવનારો 'खलु' શબ્દ જાણવો. જેનાવડે પ્રકાશ કરાય તે ઉદ્યોત. દ્રવ્ય-ભાવથી સંયુક્ત એવો આ ઉદ્યોત બે પ્રકારે જાણવા યોગ્ય છે અર્થાત્ દ્રવ્યોદ્યોત અને ભાવોદ્યોત. તેમાં અગ્નિ એ દ્રવ્યોદ્યોત છે, કારણ કે અગ્નિદ્વારા ઘટનો બોધ થવા છતાં ઘટસંબંધી સમ્યગ્ બોધ થતો નથી અને વસ્તુના સકલધર્મોને પણ કંઈ અગ્નિ જણાવતો નથી. (તે કેવી રીતે જાણ્યું ? તે કહે છે-) ધર્માસ્તિકાયાદિ પદાર્થો અને સદસત્, નિત્યાનિત્યત્વ વિગેરે અનંત ધર્મોથી યુક્ત વસ્તુના બધા જ ધર્મો કંઈ અગ્નિ જણાવતો નથી. આ વિષયમાં બહુ વક્તવ્ય છે, તે ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી. માટે નક્કી એ થયું કે અગ્નિ એ દ્રવ્યોદ્યોત છે. એ

---

१५. न ह्यग्निः स्वं जानाति न वा नियमेन सम्यक्प्रतिपत्तिर्द्रष्टॄणां सर्वपर्यायाणामप्रकाशात् स्थूलद्रव्य-पर्यायप्रकाशनाद्वा ।

चन्द्रकान्तादिलक्षणः परिगृह्यत इति गाथार्थः ॥१०५९॥

नाणं भावुज्जोओ जह भणियं सव्वभावदंसीहिं ।
तस्स उवओगकरणे भावुज्जोअं विआणाहि ॥१०६०॥

व्याख्या–ज्ञायतेऽनेन यथावस्थितं वस्त्विति ज्ञानं तज्ज्ञानं भावोद्योतः, घटाद्युद्योतनेन तद्गतायाः सम्यक्प्रतिपत्तेर्विश्वप्रतिपत्तेश्च भावात्, तस्य तदात्मकत्वादेवेति भावना, एतावता चाविशेषेणैव ज्ञानं भावोद्योत इति प्राप्तम्, अत आह–यथा भणितं सर्वभावदर्शिभिस्तथा यज्ज्ञानं, सम्यग्ज्ञानमित्यर्थः, पाठान्तरं वा 'यद्भणितं सर्वभावदर्शिभिरि'ति, तदपि नाविशेषेणोद्योतः, किन्तु 'तस्य' ज्ञानस्योपयोगकरणे सति, किं ?, भावोद्योतं विजानीहि, नान्यदा, तदैव तस्य वस्तुतः ज्ञानत्वसिद्धेरिति गाथार्थः ॥१०६०॥

इत्थमुद्योतस्वरूपमभिधाय साम्प्रतं येनोद्योतेन लोकस्योद्योतकरा जिनास्तेनैव युक्तानुपदर्शयन्नाह–

જ પ્રમાણે ચંદ્ર, સૂર્ય, ચંદ્રકાંતાદિ મણિ, વીજળી એ બધા દ્રવ્યોદ્યોત છે. ॥૧૦૫૯॥

ગાથાર્થ :- સર્વ ભાવોને જોનારા એવા સર્વજ્ઞ ભગવંતોવડે જે રીતે કહેવાયેલું છે. (તેવા પ્રકારનું) જ્ઞાન ભાવોદ્યોત છે. તેના ઉપયોગકરણમાં તું ભાવોદ્યોત જાણ.

ટીકાર્થ :- જેનાવડે યથાવસ્થિત વસ્તુ જણાય તે જ્ઞાન, આ જ્ઞાન તે ભાવોદ્યોત છે, કારણ કે ઘટનો બોધ કરાવા સાથે ઘટસંબંધી સમ્યગ્ બોધ અને સંપૂર્ણ બોધ કરાવે છે, કારણ કે તે જ્ઞાન સંપૂર્ણ બોધાત્મક જ છે. જો કે આનાથી તો અવિશેષેણ=સામાન્યથી જ્ઞાન એ ભાવોદ્યોત છે એવું પ્રાપ્ત થાય છે. (અર્થાત્ મિથ્યા કે સમ્યગ્ એવો ભેદ પાડ્યા વિના સામાન્યથી જે જ્ઞાન હોય તે ભાવોદ્યોત એવો અર્થ પ્રાપ્ત થાય, પરંતુ મિથ્યાજ્ઞાન ભાવોદ્યોત તરીકે ઇષ્ટ નથી.) તેથી ખુલાસો કરે છે કે - સર્વ ભાવોને જોનારા એવા સર્વજ્ઞ ભગવંતોવડે જે રીતે કહેવાયેલું છે, તેવા પ્રકારના જ્ઞાનને એટલે કે સમ્યગ્ જ્ઞાનને (તું ભાવોદ્યોત જાણ એમ સંબંધ જોડવો.) અથવા પાઠાન્તર જણાવે છે કે- "સર્વ ભાવ જાણનારા સર્વજ્ઞોવડે જે જ્ઞાન જણાવાયું છે તે (ભાવોદ્યોત છે)" (પૂર્વે 'यथा भणितं' પાઠ છે, અને અહીં 'यद् भणितं' પાઠ છે. આટલો જ પાઠાન્તર છે.)

જો કે સામાન્યથી આ જ્ઞાન પણ ભાવોદ્યોત નથી. (અર્થાત્ ક્ષયોપશમરૂપ - લબ્ધિરૂપ જ્ઞાન એ ભાવોદ્યોત નથી.) પરંતુ તે સમ્યગ્જ્ઞાનના ઉપયોગમાં તું ભાવોદ્યોત જાણ, તે સિવાય નહીં. (અર્થાત્ સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે તો જ તે જ્ઞાન વસ્તુસમૂહનો યથાવસ્થિત બોધ કરાવે છે, તે સિવાય નહીં.) કારણ કે ત્યારે જ=ઉપયોગ કરવામાં આવે ત્યારે જ તે જ્ઞાન જ્ઞાન તરીકે કહેવાય છે. તેથી જ્ઞાનનો ઉપયોગ એ ભાવોદ્યોત છે. ॥૧૦૬૦॥

અવતરણિકા :- આ પ્રમાણે ઉદ્યોતનું સ્વરૂપ કહીને હવે (દ્રવ્ય અને ભાવ આ બેમાંથી) જે ઉદ્યોતવડે જગતનો ઉદ્યોતકરનારા જિનેશ્વરો છે, તે ઉદ્યોતવડે જ યુક્ત જિનેશ્વરોને દેખાડતા કહે છે ⇨

लोगस्सुज्जोअगरा दव्वुज्जोएण न हु जिणा हुंति ।
भावुज्जोअगरा पुण हुंति जिणवरा चउव्वीसं ॥१०६१॥

व्याख्या–लोकस्योद्योतकरा द्रव्योद्योतेन नैव जिना भवन्ति, तीर्थकरनामानुकर्मोदयतोऽतुलसत्त्वार्थकरणात् भावोद्योतकराः पुनर्भवन्ति जिनवराश्चतुर्विंशतिरिति, अत्र पुनः शब्दो विशेषणार्थः, आत्मानमेवाधिकृत्योद्योतकरास्तथा लोकप्रकाशकवचनप्रदीपापेक्षया च शेषभव्यविशेषानधिकृत्यैवेति, अत एवोक्तं 'भवन्ति' न तु भवन्त्येव, कांश्चन प्राणिनोऽधिकृत्योद्योतकरत्वस्यासम्भवादिति, चतुर्विंशतिग्रहणं चाधिकृतावसर्पिणीगततीर्थकरसङ्ख्याप्रतिपादनार्थमिति गाथार्थः ॥१०६१॥

उद्योताधिकार एव द्रव्योद्योतभावोद्योतयोर्विशेषप्रतिपादनायाऽऽह–

दव्वुज्जोउज्जोओ पगासई परिमियंमि खित्तंमि ।
भावुज्जोउज्जोओ लोगालोगं पगासेइ ॥१०६२॥

व्याख्या–द्रव्योद्योतोद्योतः-द्रव्योद्योतप्रकाश उक्तलक्षण एवेत्यर्थः, पुद्गलात्मकत्वात्तथाविधपरिणामयुक्तत्वाच्च प्रकाशयति प्रभासते वा परिमिते क्षेत्रे, अत्र यदा प्रकाशयति तदा

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જિનેશ્વરો દ્રવ્યોદ્યોતવડે લોકનો ઉદ્યોતકરનારા નથી જ, કારણ કે તીર્થંકરનામકર્મના ઉદયથી જીવોના અપરિમિત એવા સંશય વિગેરેરૂપ અર્થોને દૂર કરતા હોવાથી તે ચોવીસે જિનેશ્વર ભગવંતો ભાવોદ્યોતવડે લોકનો ઉદ્યોતકરનારા છે. મૂળમાં 'પુનઃ' શબ્દ વિશેષ અર્થને જણાવે છે કે 'ભાવોદ્યોતવડે=કેવલજ્ઞાનવડે ઉદ્યોતકરનારા' એવું જે કહ્યું તે પોતાની જાતને આશ્રયીને જ જાણવું. (અર્થાત્ કેવલજ્ઞાનવડે તો માત્ર પોતાને જ જગતનો બોધ થાય છે.) અને લોકનો પ્રકાશ કરનારા વચનરૂપ પ્રદીપની અપેક્ષાએ શેષ કેટલાક ભવ્ય જીવોને આશ્રયીને જ ઉદ્યોતકરનારા જાણવા. (અર્થાત્ બીજા જીવોને તો તેઓ પોતાના વચનરૂપ પ્રદીપવડે જ લોકનો ઉદ્યોતકરનારા છે. તે પણ કેટલાક ભવ્ય જીવોને જ, કારણ કે બધા ભવ્ય જીવો પણ પ્રતિબોધ પામતા નથી.) આથી જ મૂળમાં કહ્યું છે કે ઉદ્યોતકરનારા થાય છે, પણ થાય જ એવું નહીં, કારણ કે કેટલાક જીવો (કેટલાક ભવી+સર્વ અભવી) ને આશ્રયી તેઓ ઉદ્યોતકર બનતા નથી. મૂળમાં 'ચોવીસ' સંખ્યાનું ગ્રહણ એ આ ચાલી રહેલી અવસર્પિણીમાં થયેલા તીર્થંકરોની સંખ્યાને જણાવવા માટે છે. ॥૧૦૬૧॥

અવતરણિકા :- ઉદ્યોતના અધિકારમાં (પ્રકરણમાં) દ્રવ્યોદ્યોત અને ભાવોદ્યોત વચ્ચેનો તફાવત જણાવવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- હમણાં જ કહેવાયેલ સ્વરૂપવાળો દ્રવ્યોદ્યોત(=પ્રદીપ વિગેરે)નો પ્રકાશ એ પુદ્ગલાત્મક હોવાથી અને પરિમિતક્ષેત્રને પ્રકાશિત કરી શકે એવા જ પરિણામોથી યુક્ત હોવાથી

प्रकाश्यं वस्त्वध्याह्रियते, यदा तु प्रभासते तदा स एव दीप्यत इति गृह्यते, 'भावोद्योतोद्योतो लोकालोकं प्रकाशयति' प्रकटार्थम्, अयं गाथार्थः ॥१०६२॥

उक्त उद्योतः, साम्प्रतं करमवसरप्राप्तमपि धर्मतीर्थकरानित्यत्र वक्ष्यमाणत्वाद्विहायेह धर्मं प्रतिपादयन्नाह–

दुह दव्वभावधम्मो दव्वे दव्वस्स दव्वमेवऽहवा ।
तित्ताइसभावो वा गम्माइत्थी कुलिंगो वा ॥१०६३॥

व्याख्या–धर्मो द्विविधः-द्रव्यधर्मो भावधर्मश्च, 'दव्वे दव्वस्स दव्वमेवऽहव' त्ति द्रव्य इति द्वारपरामर्शः, द्रव्यस्येति, द्रव्यस्य धर्मो द्रव्यधर्मः, अनुपयुक्तस्य मूलगुणोत्तरगुणानुष्ठानमित्यर्थः, इहानुपयुक्तो द्रव्यमुच्यते, द्रव्यमेव वा धर्मो द्रव्यधर्मः धर्मास्तिकायः, 'तित्ताइसहावो व' त्ति तिक्तादिर्वा द्रव्यस्वभावो द्रव्यधर्म इति, 'गम्माइत्थी कुलिंगो व' त्ति गम्यादिधर्मः 'स्त्री'ति स्त्रीविषयः, केषाञ्चिन्मातुलदुहिता गम्या केषाञ्चिदगम्येत्यादि, तथा 'कुलिङ्गो वा' कुतीर्थिकधर्मो वा द्रव्यधर्म इति गाथार्थः ॥१०६३॥

---

પરિમિતક્ષેત્રમાં જ (રહેલા દ્રવ્યોને) પ્રકાશિત કરે છે અથવા (પોતે) પ્રકાશિત થાય છે. અહીં મૂળમાં આપેલ 'पगासई' શબ્દનો 'પ્રકાશિત કરે છે' એવો અર્થ કરો ત્યારે 'પ્રકાશ્ય વસ્તુ' આ શબ્દ બહારથી સમજી લેવો. (અર્થાત્ પ્રકાશ કરવા યોગ્ય વસ્તુને પ્રકાશિત કરે છે એમ અર્થ જાણવો.) અને 'પ્રકાશિત થાય છે' એવો અર્થ કરો તો તે પોતે જ પ્રકાશિત થાય છે એવો અર્થ ગ્રહણ કરવો. જ્યારે ભાવોદ્યોત(=કેવલજ્ઞાન)નો પ્રકાશ લોકાલોકને પ્રકાશિત કરે છે. ॥૧૦૬૨॥

અવતરણિકા :- ઉદ્યોત કહ્યો. હવે અવસરપ્રાપ્ત એવો પણ 'કર' શબ્દ 'ધર્મતીર્થકર' શબ્દનો જ્યારે અર્થ કરશે તે સમયે કહેવાનો હોવાથી અત્યારે 'કર' શબ્દને છોડી ધર્મનું પ્રતિપાદન કરતાં કહે છે ➪

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ધર્મ બે પ્રકારે છે - દ્રવ્યધર્મ અને ભાવધર્મ. તેમાં દ્રવ્યનો ધર્મ તે દ્રવ્યધર્મ અર્થાત્ અનુપયુક્ત એવા જીવનું મૂલગુણ અને ઉત્તરગુણનું અનુષ્ઠાન. મૂળમાં 'દ્રવ્ય' શબ્દ દ્રવ્યધર્મરૂપ દ્વારને જણાવનાર છે. (અનુપયુક્ત જીવનું અનુષ્ઠાન=ધર્મ તે દ્રવ્યધર્મ. એવું શા માટે? તે કહે છે કે) અહીં અનુપયુક્ત જીવ દ્રવ્ય તરીકે કહેવાય છે. (માટે તેનું અનુષ્ઠાન દ્રવ્યધર્મ કહેવાય છે.) અથવા દ્રવ્ય પોતે જ ધર્મ તે દ્રવ્યધર્મ. અહીં ધર્માસ્તિકાય એ દ્રવ્યધર્મ તરીકે જાણવો. અથવા કડવાશ વિગેરે દ્રવ્યનો જે સ્વભાવ તે દ્રવ્યધર્મ અથવા સ્ત્રીવિષયક ગમ્યાદિ જે ધર્મ તે દ્રવ્યધર્મ. કેટલાક સમાજમાં મામાની દીકરી સાથે લગ્ન થઈ શકે એવો રીવાજ છે, કેટલાક સમાજમાં ન થઈ શકે. (આવો રીવાજ એ દ્રવ્યધર્મ જાણવો.) અથવા કુતીર્થિકોનો જે ધર્મ તે દ્રવ્યધર્મ જાણવો. ॥૧૦૬૩॥

दुह होइ भावधम्मो सुअचरणे आ सुअंमि सज्झाओ ।
चरणंमि समणधम्मो खंतीमाई भवे दसहा ॥१०६४॥

व्याख्या–द्वेधा भवति भावधर्मः, 'सुअचरणे य' त्ति श्रुतविषयश्चरणविषयश्च, एतदुक्तं भवति–श्रुतधर्मश्चारित्रधर्मश्च, 'सुअंमि सज्झाओ' त्ति श्रुत इति द्वारपरामर्शः, स्वाध्यायो–वाचनादिः श्रुतधर्म इत्यर्थः, 'चरणंमि समणधम्मो खंतीमाई भवे दसह' त्ति तत्र चरण इति परामर्शः, श्रमणधर्मो दशविधः क्षान्त्यादिश्चरणधर्म इति गाथार्थः ॥१०६४॥

उक्तो धर्मः, साम्प्रतं तीर्थनिरूपणायाह–

नामं ठवणातित्थं दव्वत्तित्थं च भावतित्थं च ।
एक्केक्कंपि अ इत्तोऽणेगविहं होइ णायव्वं ॥१०६५॥

व्याख्या–निगदसिद्धा ॥१०६५॥

नवरं द्रव्यतीर्थं व्याचिख्यासुरिदमाह–

दाहोवसमं तण्हाइछेअणं मलपवाहणं चेव ।
तिहि अत्थेहि निउत्तं तम्हा तं दव्वओ तित्थं ॥१०६६॥

व्याख्या–इह द्रव्यतीर्थं मागधवरदामादि परिगृह्यते, बाह्यदाहादेरेव तत उपशमसद्भावात्, तथा चाह–'दाहोपशम'मिति तत्र दाहो–बाह्यसन्तापस्तस्योपशमो यस्मिन् तद्दाहोपशमनं,

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ભાવધર્મ બે પ્રકારે છે – શ્રુતવિષયક અને ચરણવિષયક, અર્થાત્ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. મૂળમાં 'सुअंमि' શબ્દ શ્રુતદ્વારને(=પ્રથમભેદને) જણાવનારો છે. વાચના, પૃચ્છના વિગેરે શ્રુતધર્મ જાણવો. 'चरणंमि' શબ્દ ચરણદ્વારને(=બીજાભેદને) જણાવનારો છે. ક્ષમા વિગેરે દશ પ્રકારનો શ્રમણધર્મ ચારિત્રધર્મ તરીકે જાણવો. ॥૧૦૬૪॥

અવતરણિકા :- ધર્મ કહ્યો. હવે તીર્થનું નિરૂપણ કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- નામતીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ (આમ, ચાર પ્રકારે તીર્થના નિક્ષેપા જાણવા.) દરેકે દરેક તીર્થ હવે પછી અનેક પ્રકારનું જાણવું.

ટીકાર્થ :- ગાથાર્થ સ્પષ્ટ જ છે. (इतो=નામ વિગેરે નિક્ષેપમાત્ર કહ્યા પછી આ દરેક તીર્થ અનેક પ્રકારનું છે.) ॥૧૦૬૫॥

અવતરણિકા :- દ્રવ્યતીર્થની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- દાહનો ઉપશમ, તૃષ્ણાદિનું છેદન અને મલને દૂર કરવું, આ ત્રણ અર્થોથી યુક્ત હોવાથી તે દ્રવ્યતીર્થ કહેવાય છે.

ટીકાર્થ :- અહીં દ્રવ્યતીર્થ તરીકે માગધ, વરદામ વિગેરે લેવાના છે, કારણ કે આ તીર્થોથી બાહ્યદાહ વિગેરેનો જ ઉપશમ થાય છે. તેમાં દાહ એટલે બાહ્યસંતાપ, તેનો ઉપશમ

'तण्हाइछेअणं'ति तृषः-पिपासायाश्छेदनं, जलसङ्घातेन तदपनयनात्, 'मलप्रवाहणं चैवे'त्यत्र मलः बाह्य एवाङ्गसमुत्थोऽभिगृह्यते तत्प्रवाहणं, जलेनैव तत्प्रवाहणात्, ततः प्रक्षालनादिति भावः, एवं त्रिभिरर्थैः करणभूतैस्त्रिषु वाऽर्थेषु 'नियुक्तं' निश्चयेन युक्तं नियुक्तं प्रथमव्युत्पत्तिपक्षे प्ररूपितं द्वितीये तु नियोजितं, यस्मादेवं बाह्यदाहादिविषयमेव तस्मात्तन्मागधादि द्रव्यतस्तीर्थं, मोक्षासाधकत्वादिति गाथार्थः ॥१०६६॥

भावतीर्थमधिकृत्याह–

**कोहंमि उ निग्गहिए दाहस्स पसमणं हवइ तत्थं ।**
**लोहंमि उ निग्गहिए तण्हाए छेअणं होइ ॥१०६७॥**

व्याख्या–इह भावतीर्थं क्रोधादिनिग्रहसमर्थं प्रवचनमेव गृह्यते, तथा चाह–क्रोध एव निगृहीते 'दाहस्य' द्वेषानलजातस्यान्तः प्रशमनं भवति, तथ्यं निरुपचरितं, नान्यथा, लोभ एव

---

છે જેને વિષે તે બાહ્યોપશમવાળું (અર્થાત્ જેમાં સ્નાન કરવાથી બાહ્યસંતાપ દૂર થાય), પાણીના સમૂહવડે તરસને દૂર કરનાર હોવાથી તરસનું છેદન કરનાર, તથા શરીરમાંથી ઉત્પન્ન થયેલ એવા મલને પાણીથી જ દૂર કરનાર હોવાથી મલનું પ્રક્ષાલન કરનાર, (અહીં प्रवाह्यते अनेनेति प्रवाहणं એ પ્રમાણે વ્યુત્પત્તિ હોવાથી પ્રવાહણ એટલે પ્રક્ષાલન કરનાર.) આ પ્રમાણે કરણભૂત એવા આ ત્રણ અર્થોવડે અથવા ત્રણ અર્થોને વિષે, નિશ્ચયથી યુક્ત તે નિયુક્ત. (અહીં નિયુક્ત શબ્દના બે અર્થ કરવાના છે ૧. નિરૂપિત ૨. નિયોજિત. કેવી રીતે ? તે કહે છે કે) જો પ્રથમ વ્યુત્પત્તિ અર્થ કરો એટલે કે 'કરણભૂત એવા અર્થોવડે' આ અર્થ ગ્રહણ કરો તો નિયુક્ત શબ્દનો નિરૂપિત અર્થ કરવો. એટલે અર્થ આ પ્રમાણે થશે કે કરણ ભૂત એવા આ ત્રણ અર્થોવડે નિરૂપિત એવું તીર્થ. અથવા જો બીજો વ્યુત્પત્તિ અર્થ એટલે કે 'ત્રણ અર્થોને વિષે' આ અર્થ ગ્રહણ કરો તો નિયુક્ત શબ્દનો નિયોજિત અર્થ કરવો, તેથી અર્થ આ પ્રમાણે કે - ત્રણ અર્થોને વિષે જોડાયેલું એવું તીર્થ, (ટૂંકમાં બંનેના અર્થ એ જ થશે કે દાહોપશમનાદિને કરનાર.)

આ પ્રમાણે માગધાદિ તીર્થ એ માત્ર બાહ્યદાહાદિવિષયક જ (એટલે કે બાહ્યદાહોપશમાદિને કરનાર) હોવાથી તે દ્રવ્યતીર્થ કહેવાય છે, કારણ કે આવા તીર્થો મોક્ષ સાધક બનતા નથી. ॥૧૦૬૬॥

અવતરણિકા :- ભાવતીર્થને આશ્રયીને કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- અહીં ક્રોધાદિનો નિગ્રહ કરવામાં સમર્થ એવું પ્રવચન (આગમ=દ્વાદશાંગી) જ ભાવતીર્થ તરીકે ગ્રહણ કરાય છે. (કારણ કે આગમદ્વારા ક્રોધાદિનો નિગ્રહ થાય છે અને એ નિગ્રહ થવાથી ભાવતીર્થથી સાધ્ય એવું ફલ પ્રાપ્ત થાય છે. આ જ વાતને મૂળકાર જણાવે છે–) ક્રોધનો નિગ્રહ થતાં દ્વેષરૂપ અગ્નિથી ઉત્પન્ન થયેલ દાહનું અંદરથી વાસ્તવિક પ્રશમન થાય છે. પરંતુ ક્રોધનો નિગ્રહ ન થાય તો વાસ્તવિક પ્રશમન થતું નથી. તથા લોભનો જ

निगृहीते सति, किं ?-'तण्हाए छेअणं होइ' त्ति तृषः-अभिष्वङ्गलक्षणायाः किं ?-'छेदनं भवति' व्यपगमो भवतीति गाथार्थः ॥१०६७॥

अट्ठविहं कम्मरयं बहुएहि भवेहिं संचिअं जम्हा ।
तवसंजमेण धुव्वइ तम्हा तं भावओ तित्थं ॥१०६८॥

व्याख्या–'अष्टविधम्' अष्टप्रकारं, किं ? 'कर्मरजः' कर्मैव जीवानुरञ्जनाद्रजः कर्मरज इति, बहुभिर्भवैः सञ्चितं यस्मात्तपःसंयमेन 'धाव्यते' शोध्यते, तस्मात्तत्-प्रवचनं भावतः तीर्थं, मोक्षसाधनत्वादिति गाथार्थः ॥१०६८॥

दंसणनाणचरित्तेसु निउत्तं जिणवरेहि सव्वेहिं ।
तिसु अत्थेसु निउत्तं तम्हा तं भावओ तित्थं ॥१०६९॥

व्याख्या–दर्शनज्ञानचारित्रेषु 'नियुक्तं' नियोजितं 'जिनवरैः' तीर्थकृद्भिः 'सर्वैः' ऋषभादिभिरिति, यस्माच्चेत्थम्भूतेषु त्रिष्वर्थेषु नियुक्तं तस्मात्तत्प्रवचनं भावतः तीर्थं, मोक्षसाधकत्वादिति गाथार्थः ॥१०६९॥

उक्तं तीर्थम्, अधुना कर उच्यते, तत्रेयं गाथा–

णामकरो १ ठवणकरो २ दव्वकरो ३ खित्त ४ काल ५ भावकरो ६ ।
एसो खलु करगस्स उ णिक्खेवो छव्विहो होइ ॥१०७०॥

---

નિગ્રહ થતાં શું થાય છે ? તે કહે છે કે - આસક્તિરૂપ તૃષ્ણાનું છેદન થાય છે. (આમ ભાવ-તીર્થથી સાધ્ય એવું દાહોપશમન, તૃષ્ણાછેદનરૂપ ફલ ક્રોધ, લોભનો નિગ્રહ કરવાથી જ થાય છે અને આ નિગ્રહ પ્રવચનદ્વારા જ થતો હોવાથી પ્રવચન જ ભાવતીર્થ કહેવાય છે.) ॥૧૦૬૭॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આઠ પ્રકારની કર્મરજ, અહીં કર્મ જ જીવને મલિન કરનાર હોવાથી રજ કહેવાય છે. બહુ ભવોથી એકઠી કરાયેલી આ કર્મરજ જે કારણથી તપ અને સંયમવડે દૂર કરાય છે, તે કારણથી તે પ્રવચન ભાવથી તીર્થ છે. કારણ કે જે મોક્ષનું કારણ હોય તે જ ભાવથી તીર્થ કહેવાય છે. (ભાવાર્થ : આ પ્રવચન તપ-સંયમદ્વારા કર્મરજને દૂર કરી મોક્ષ સાધી આપતું હોવાથી ભાવતીર્થ છે.) ॥૧૦૬૮॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઋષભાદિ સર્વ તીર્થંકરોએ (પ્રવચનને) દર્શન-જ્ઞાન અને ચારિત્રને વિષે જોડ્યું છે (અર્થાત્ દર્શનાદિ ત્રણ વિષયમાં આ પ્રવચનને ગૂંથ્યું છે.) જે કારણથી આવા પ્રકારના ત્રણ અર્થોને વિષે નિયુક્ત છે તે કારણથી તે પ્રવચન મોક્ષ-સાધક હોવાથી ભાવથી તીર્થ છે. ॥૧૦૬૯॥

અવતરણિકા :- તીર્થ કહ્યું. હવે 'કર' કહેવાય છે. તેમાં આ ગાથા છે ⇨

ગાથાર્થ :- નામકર, સ્થાપનાકર, દ્રવ્યકર, ક્ષેત્રકર, કાળકર, ભાવકર, આ પ્રમાણે કરનો છ પ્રકારે નિક્ષેપ થાય છે.

व्याख्या–निगदसिद्धा ॥१०७०॥ नवरं द्रव्यकरमभिधित्सुराह–

गोमहिसुट्टिपसूणं छगलीणंपि अ करा मुणेयव्वा ।
तत्तो अ तणपलाले भुंसकट्ठंगारपलले य ॥१०७१॥
सिउंबरेजंघाए बलिवद्दकए घए अ चम्मे अ ।
चुल्लगकरे अ भणिए अट्ठारसमाकरुप्पत्ती ॥१०७२॥

व्याख्या–गोकरस्तथाभूतमेव तद्द्वारेण वा रूपकाणामित्येवं सर्वत्र भावना कार्येति, नवरं शीताकरो-भोगः क्षेत्रपरिमाणोद्भव इति चान्ये, उत्पत्तिकरस्तु स्वकल्पनाशिल्पनिर्मितः शतरूपकादिः, शेषं प्रकटार्थमिति गाथाद्वयार्थः ॥१०७१-१०७२॥

उक्तो द्रव्यकर इति, क्षेत्रकराद्यभिधित्सुराह–

खित्तंमि जंमि खित्ते काले जो जंमि होइ कालंमि ।
दुविहो अ होइ भावे पसत्थु तह अप्पसत्थो अ ॥१०७३॥

व्याख्या–क्षेत्र इति द्वारपरामर्शः, एतदुक्तं भवति-क्षेत्रकरो यो यस्मिन् क्षेत्रे शुल्कादि ।

---

ટીકાર્થ :- ગાથાર્થ સ્પષ્ટ જ છે. ॥૧૦૭૦॥ પરંતુ દ્રવ્યકરને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- ગાય, પાડો, ઊંટ, પશુ અને બકરીઓના કરો જાણવા યોગ્ય છે. ત્યાર પછી ઘાસ, પલાલ (ઘાસવિશેષ), બુસ (ધાન્યના ફોતરા) કર, કાષ્ઠકર, અંગારકર, માંસકર, શીતાકર, ઉંબરકર, જંઘાકર, બળદકર, ઘીકર,ચર્મકર, ભોજનરૂપ કર, અને ઉત્પત્તિકર એ અઢારમો કર છે.

ટીકાર્થ :- ગાયકર અર્થાત્ ગાય એ પોતે જ કર અથવા ગાયદ્વારા રૂપકોનો (ચલણ વિશેષ) કર. (આશય એ છે કે - કર=ટેક્સ તરીકે ૧ પશુ રાજભંડારમાં આપવો. અથવા તેની કિંમત જેટલા રૂપિયા રાજભંડારમાં આપવા તે ગાયકર કહેવાય.) આ પ્રમાણે દરેક કર માટે જાણવું. તેમાં શીતાકર એટલે ભોગ અર્થાત્ ધાન્યની યાચના (એટલે કે ખેડૂત પાસેથી પોતાના ખેતરમાં પાકેલા ધાન્યમાંથી અમુક પ્રમાણ ધાન્યની કરરૂપે માગણી કરવી.) અહીં કેટલાક આચાર્યો "ક્ષેત્રના પરિમાણથી ઉત્પન્ન થયેલ કરને શીતાકર કહે છે" (અર્થાત્ ચોક્કસ નક્કી કરેલા ક્ષેત્રમાં=ખેતરમાં જે ધાન્ય ઉગે તે બધું રાજભંડારમાં આપવું તે શીતાકર.) ઉત્પત્તિકર એટલે પોતાની કલ્પનારૂપ શિલ્પવડે બનાવેલો એકસો રૂપિયા વિગેરે કર. (અર્થાત્ પોતે જ નક્કી કરે કે - "હું આટલો કર આપીશ.") શેષ અર્થો સ્પષ્ટ જ છે. ॥૧૦૭૧-૧૦૭૨॥

અવતરણિકા :- દ્રવ્યકર કહ્યો. ક્ષેત્રકરાદિને કહેવાની ઇચ્છાવાળા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- 'ક્ષેત્ર' શબ્દ દ્વારને જણાવનારો છે. જે ક્ષેત્રમાં જકાત વિગેરે રૂપે જે નક્કી કરેલ હોય તે ક્ષેત્રકર કહેવાય છે. જે કાળમાં અમુક કાળ પૂરતું (ટેક્સ રૂપે) કુટિકા=ઝુંપડી રહેવા

काल इति द्वारपरामर्श एव, कालकरो यो यस्मिन् भवति काले कुटिकादानादिः, द्विविधश्च भवति भावे, द्वैविध्यमेव दर्शयति–प्रशस्तस्तथाऽप्रशस्तश्चेति गाथार्थः ॥१०७३॥

तत्राप्रशस्तपरित्यागेन प्रशस्तसद्भावादप्रशस्तमेवादाभिधित्सुराह–

कलहकरो डमरकरो असमाहिकरो अनिव्वुइकरो अ ।
एसो उ अप्पसत्थो एवमाई मुणेयव्वो ॥१०७४॥

व्याख्या–आह–उक्तप्रयोजनसद्भावादुपन्यासोऽप्येवमेव किमिति न कृत इति, अत्रोच्यते, आसेवनयाऽयमेव प्रथमस्थाने कार्य इति ज्ञापनार्थं, तत्र कलहो-भण्डनं, ततश्चाप्रशस्तः कोपाद्यौदयिकभावतः, तत्करणशीलः कलहकर इति, एवं डमरादिष्वपि भावनीयं, नवरं वाचिकः कलहः, कायवाङ्मनोभिस्ताडनादिगहनं डमरं, समाधानं-समाधिः स्वास्थ्यं न समाधिरसमाधिः–अस्वास्थ्यनिबन्धना सा सा कायादिचेष्टेत्यर्थः, अनेनैव प्रकारेणानिर्वृतिरिति, एषोऽप्रशस्तः, तुशब्दस्यावधारणार्थत्वादेष एव जात्यपेक्षया न तु व्यक्त्यपेक्षयेति, अत

---

આપવી વિગેરે તે કાળકર કહેવાય. ભાવને વિષે બે પ્રકારનો કર છે - પ્રશસ્ત અને અપ્રશસ્ત. ॥૧૦૭૩॥

અવતરણિકા :- તેમાં અપ્રશસ્તના ત્યાગ દ્વારા પ્રશસ્તની પ્રાપ્તિ થતી હોવાથી પ્રથમ અપ્રશસ્ત ભાવકરને જ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- કલહકર, ડમરકર, અસમાધિકર અને અનિર્વૃત્તિકર વિગેરે આ અપ્રશસ્ત ભાવકર જાણવા યોગ્ય છે.

ટીકાર્થ :- શંકા :- (અવતરણિકામાં) કહેવાયેલ પ્રયોજનનો સદ્ભાવ હોવાથી (અર્થાત્ અપ્રશસ્તના ત્યાગથી જ પ્રશસ્તની પ્રાપ્તિ જો થતી હોય તો) ગા. ૧૦૭૩માં 'અપ્રશસ્ત અને પ્રશસ્ત' એ પ્રમાણે પ્રથમ અપ્રશસ્તનો ઉપન્યાસ શા માટે ન કર્યો ?

સમાધાન :- પ્રથમ પ્રશસ્તનું જ આસેવન કરવા યોગ્ય છે એવું જણાવવા માટે (અર્થાત્ જો કે અશુભ કર્મના વશથી કો'ક જીવ પાછળથી અપ્રશસ્ત ભાવને પણ સેવે છે, તો પણ મુમુક્ષુઓએ પ્રશસ્ત ભાવ જ સેવવા યોગ્ય છે - इति टिप्पणे એવું જણાવવા માટે) પૂર્વની ગાથામાં પ્રથમ પ્રશસ્તભાવ જણાવ્યો છે. હવે કલહ એટલે ઝઘડા કરવા, અને તે ક્રોધ વિગેરે ઔદયિકભાવથી થતો હોવાથી અપ્રશસ્ત છે. તે કલહને વારંવાર કરવાના સ્વભાવવાળો જે હોય તે કલહકર. આ જ પ્રમાણેની વ્યાખ્યા ડમરાદિમાં પણ જાણવી. તેમાં તફાવત એટલો કે કલહ એ વાચિક છે, જ્યારે મન-વચન-કાયાથી મારવું વિગેરેથી યુક્ત ડમર કહેવાય. સમાધાન=સમાધિ અર્થાત્ ચિત્તનું સ્વાસ્થ્ય. તેનો નિષેધ તે અસમાધિ અર્થાત્ અસ્વાસ્થ્યના કારણભૂત એવી તે તે કાયાદિની ચેષ્ટા. એ પ્રમાણે અનિર્વૃત્તિ પણ જાણવી. (અર્થાત્ નિર્વૃત્તિ=શાંતિ, તેનો નિષેધ તે અનિર્વૃત્તિ, અર્થાત્ અશાંતિ=દુઃખ, દુઃખને ઉત્પન્ન કરનાર કાયાદિની ચેષ્ટા તે અનિર્વૃત્તિ.) આ અપ્રશસ્ત ભાવકર છે. તુ શબ્દ જકાર અર્થવાળો હોવાથી (આ ચાર જે ઉદાહરણરૂપે બતાવ્યા

एवाह—एवमादिविज्ञातव्यः व्यक्त्यपेक्षयाऽप्रशस्तभावकर इति गाथार्थः ॥१०७४॥

साम्प्रतं प्रशस्तभावकरमभिधातुकाम आह—

अत्थकरो अ हिअकरो कित्तिकरो गुणकरो जसकरो अ ।
अभयकर निव्वुइकरो कुलगर तित्थंकरंतकरो ॥१०७५॥

व्याख्या—तत्रौघत एव विद्यादिरर्थः, उक्तं च—'विद्याऽपूर्वं धनार्जनं शुभमर्थ' इति, ततश्च प्रशस्तविचित्रकर्मक्षयोपशमादिभावतः, तत्करणशीलोऽर्थकरः, एवं हितादिष्वपि भावनीयं, नवरं हितं-परिणामपथ्यं कुशलानुबन्धि यत्किञ्चित्, कीर्तिः-दानपुण्यफला, गुणाः-ज्ञानादयः, यशः-पराक्रमकृतं गृह्यते, तदुत्थसाधुवाद इत्यर्थः, अभयादय प्रकटार्थाः, नवरमन्तः कर्मणः परिगृह्यते, तत्फलभूतस्य वा संसारस्येति गाथार्थः ॥१०७५॥

उक्तो भावकरः, अधुना जिनादिप्रतिपादनायाऽऽह—

जियकोहमाणमाया जियलोहा तेण ते जिणा हुंति ।
अरिणो हंता रयं हंता अरिहंता तेण वुच्चंति ॥१०७६॥

---

તે ) જ અપ્રશસ્તભાવકર જાણવો. જો કે અહીં 'જ'કાર એ જાતિની અપેક્ષાએ જાણવો. વ્યક્તિની અપેક્ષાએ નહીં. (આશય એ છે કે અહીં જે કલહકર વિગેરે ચાર ઉદાહરણો બતાવ્યા. તે દરેક જાતિરૂપે સમજવા. એટલે ચાર જાતિ=મુખ્ય ભેદ થશે. તે દરેક જાતિના જે પેટાભેદો પડે તે દરેક પેટાભેદો વ્યક્તિ કહેવાય. તેથી આ ચાર જ અપ્રશસ્ત છે એવું જે કહ્યું તે જાતિ=મુખ્ય ભેદને આશ્રયીને કહ્યું, પણ વ્યક્તિની=પેટાભેદની અપેક્ષાએ નહીં.) આથી જ=પૂર્વાર્ધમાં જાતિની અપેક્ષાએ કહ્યું હોવાથી જ મૂળના પશ્ચાર્ધમાં હવે જે કહે છે કે - 'एवमादि... એટલે કે આવા બધા પ્રકારના અપ્રશસ્ત ભાવકરો જાણવા' તે વ્યક્તિની અપેક્ષાએ કહેલું જાણવું. ॥૧૦૭૪॥

અવતરણિકા :- હવે પ્રશસ્તભાવકરને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- અર્થકર, હિતકર, કીર્તિકર, ગુણકર, યશકર, અભયકર, નિર્વૃત્તિકર, કુલકર, તીર્થંકર અને અંતકર.

ટીકાર્થ :- તેમાં સામાન્યથી જ વિદ્યાદિ અર્થ જાણવો. કહ્યું છે - 'વિદ્યા, અપૂર્વ એવી ધનની પ્રાપ્તિ એ શુભ અર્થ છે.' અને તેથી વિચિત્ર એવા કર્મોના પ્રશસ્ત ક્ષયોપશમાદિ ભાવોથી વિદ્યાદિ - અર્થને કરવાના સ્વભાવવાળો જે હોય તે અર્થકર. આ પ્રમાણે હિતાદિમાં પણ વિચારી લેવું. તેમાં પરિણામે જે પથ્ય હોય, કુશલાનુબંધ હોય એવું જે કંઈ પણ હોય તે હિત કહેવાય, દાન-પુણ્યનું ફલ કીર્તિ છે, જ્ઞાનાદિ ગુણો જાણવા, પરાક્રમથી જે પ્રાપ્ત થાય તે યશ અર્થાત્ પરાક્રમ કરવાથી ઉત્પન્ન થયેલ પ્રશંસા. અભય વિગેરે શબ્દોના અર્થો સ્પષ્ટ જ છે. માત્ર અહીં અંતશબ્દથી કર્મોનો અંત અથવા કર્મના ફલરૂપ સંસારનો અંત જાણવો. ॥૧૦૭૫॥

અવતરણિકા :- ભાવકર કહ્યો. (તેની સાથે लोगस्स उज्जोअगरे तित्थयरे પૂરું થયું.) હવે જિનાદિનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

व्याख्या–जितक्रोधमानमाया जितलोभा येन कारणेन तेन ते भगवन्तः, किं ?-जिना भवन्ति, 'अरिणो हंता रयं हंते' त्यादिगाथादलं यथा नमस्कारनिर्युक्तौ प्रतिपादितं तथैव द्रष्टव्यमिति गाथार्थः ॥१०७६॥

कीर्तयिष्यामीत्यादिव्याचिख्यासया साम्प्रतमिदमाह–

कित्तेमि कित्तणिज्जे सदेवमणुआसुरस्स लोगस्स ।
दंसणनाणचरित्ते तवविणओ दंसिओ जेहिं ॥१०७७॥

व्याख्या–कीर्तयिष्यामि नामभिर्गुणैश्च, किम्भूतान् ?-कीर्तनीयान्, स्तवार्हानित्यर्थः, कस्येत्यत्राह–सदेवमनुष्यासुरलोकस्य, त्रैलोक्यस्येति भावः, गुणानुपदर्शयति–'दर्शनज्ञानचारित्राणि' मोक्षहेतूनि(निति), तथा 'तपोविनयः' दर्शितो यैः, तत्र तप एव कर्मविनयाद् विनयः, इति गाथार्थः ॥१०७७॥

चउवीसंति य संखा उसभाईआ उ भण्णमाणा उ ।
अविसद्दग्गहणा पुण एरवयमहाविदेहेसुं ॥१०७८॥

व्याख्या–चतुर्विंशतिरिति सङ्ख्या, ऋषभादयस्ते वक्ष्यमाणा एव, अपिशब्दग्रहणात्पुनः ऐरवतमहाविदेहेषु ये तद्ग्रहोऽपि वेदितव्य इति गाथार्थः ॥१०७८॥

---

ટીકાર્થ :- જે કારણથી જીત્યા છે ક્રોધ, માન, માયા અને લોભ (જેમણે,) તે કારણથી તે ભગવંતો જિન કહેવાય છે. अरिणो हंता....=શત્રુઓને હણનારા છે, કર્મને હણનારા છે વિગેરે ગાથાનો પશ્ચાર્ધ જે રીતે નમસ્કારનિર્યુક્તિમાં પ્રતિપાદન કરાયો તે રીતે અહીં પણ જાણવા યોગ્ય છે. (આ 'अरिहंते'નો અર્થ છે.) ॥૧૦૭૬॥

અવતરણિકા :- હવે 'कीर्तयिष्यामि' વિગેરે પદોની વ્યાખ્યા કરવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ :- જેઓવડે દર્શન-જ્ઞાન-ચારિત્ર- અને તપરૂપ વિનય બતાવાયા છે એવા, તથા દેવ-મનુષ્ય-અસુરો સહિતના લોકને સ્તવના કરવા યોગ્ય એવા જિનોનું હું કીર્તન કરીશ.

ટીકાર્થ :- નામ અને ગુણોવડે (જિનેશ્વરોનું) કીર્તન કરીશ. કેવા પ્રકારના જિનેશ્વરોનું ? તે કહે છે – સ્તવનાને યોગ્ય, કોની સ્તવનાને યોગ્ય ? તે કહે છે – દેવ-મનુષ્ય-અસુરોથી યુક્ત એવા લોકની અર્થાત્ ત્રૈલોક્યની (સ્તવનાને યોગ્ય એવા જિનેશ્વરોનું હું કીર્તન કરીશ. એ પ્રમાણે અન્વય જોડવો.) હવે ગુણોને દેખાડે છે - મોક્ષના કારણ એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપરૂપ વિનય જેઓએ બતાવ્યા છે (એવા જિનેશ્વરોનું હું કીર્તન કરીશ.) અહીં તપ જ કર્મને નાશ કરતો હોવાથી વિનય તરીકે જાણવો. ॥૧૦૭૭॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- 'ચોવીસ' એ સંખ્યા છે. તે ચોવીસ ઋષભ વિગેરે જાણવા, જે આગળ જણાવવાના જ છે. તથા 'चउवीसंपि'માં જે 'अपि' શબ્દ છે તેનાથી ઐરવત, મહાવિદેહને વિષે જે તીર્થંકરો છે તે પણ અહીં જાણવાના છે. ॥૧૦૭૮॥

कसिणं केवलकप्पं लोगं जाणंति तह य पासंति ।
केवलचरित्तनाणी तम्हा ते केवली हुंति ॥१०७९॥

व्याख्या–'कृत्स्नं' सम्पूर्णं 'केवलकल्पं' केवलोपमम्, इह कल्पशब्द औपम्ये गृह्यते, उक्तं च–*"सामर्थ्ये वर्णनायां च, छेदने करणे तथा । औपम्ये चाधिवासे च, कल्पशब्दं विदुर्बुधा: ॥१॥"* 'लोकं' पञ्चास्तिकायात्मकं जानन्ति विशेषरूपतया, तथैव सम्पूर्णमेव, चशब्दस्यावधारणार्थत्वात् पश्यन्ति सामान्यरूपतया, इह च ज्ञानदर्शनयो: सम्पूर्णलोकविषयत्वे च बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति, नवरं-*"निर्विशेषं विशेषाणां, ग्रहो दर्शनमुच्यते । विशिष्टग्रहणं ज्ञानमेवं सर्वत्रगं द्वयम् ॥१॥"* इत्यनया दिशा स्वयमेवाभ्यूह्यमिति, यतश्चैवं केवलचारित्रिण: केवलज्ञानिनश्च तस्मात्ते केवलिनो भवन्ति, केवलमेषां विद्यत इति

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (આ પ્રમાણે लोगस्स उज्जोअगरे...થી લઈ चउवीसंपि સુધીના શબ્દોની વ્યાખ્યા કરી. હવે 'केवली' પદની વ્યાખ્યા કરે છે -) સંપૂર્ણ, કેવલ સમાન, અહીં 'કલ્પ' શબ્દ ઔપમ્ય અર્થમાં ગ્રહણ કરાયો છે. કહ્યું છે- "સામર્થ્ય, વર્ણન, છેદન, કરણ, ઔપમ્ય અને અધિવાસ - આટલા અર્થમાં પંડિતો કલ્પશબ્દને કહે છે. ॥૧॥" (તે આ (H) પ્રમાણે–'क्लृप्' ધાતુનો અર્થ જ સામર્થ્ય હોવાથી સામર્થ્ય અર્થમાં તો કલ્પશબ્દ વપરાય જ છે. વર્ણન અર્થમાં → देवदत्त: कल्पित:=દેવદત્તનું વર્ણન કરાયું એટલે કે પ્રશંસા કરાઈ. છેદન અર્થમાં → वस्त्रं कल्पितं=छेदितं અર્થાત્ વસ્ત્રના બે ટુકડા કર્યા. કરણ અર્થમાં → ब्राह्मणार्थं कल्पिता:=कृता: पूपा: અર્થાત્ આ પૂડલાઓ બ્રાહ્મણ માટે કરાયા છે. ઔપમ્ય અર્થમાં → समुद्रकल्पमिदं तडागं, અર્થાત્ સમુદ્ર જેવું આ તળાવ છે. અધિવાસ અર્થમાં → प्रतिमा कल्पिता=अधिवासिता=स्नानाय सज्जिता અર્થાત્ સ્નાન માટે પ્રતિમા તૈયાર કરાઈ છે. આ બધા અર્થોમાં કલ્પ શબ્દ વપરાય છે એમ પંડિતો કહે છે.) તેથી અર્થ આ પ્રમાણે જાણવો કે - કેવલ સમાન=સંપૂર્ણ પંચાસ્તિકાયાત્મક લોકને વિશેષરૂપે જાણે છે, અને તે જ રીતે=સંપૂર્ણ એવા જ, અહીં 'ચ' શબ્દ 'જ'કાર અર્થમાં હોવાથી 'જ'કાર મૂકેલ છે, તેથી સંપૂર્ણ એવા જ લોકને સામાન્યરૂપે જુએ છે. (અર્થાત્ સંપૂર્ણ એવા જ લોકને વિશેષરૂપે જાણે છે અને તેવા જ લોકને સામાન્યરૂપે જુએ છે.)

અહીં જ્ઞાન અને દર્શનનો વિષય સંપૂર્ણ લોક બને છે એમાં ઘણું બધું કહેવાનું હોવા છતાં ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી. પરંતુ, "વિશેષ પદાર્થોનો નિર્વિશેષ=સામાન્ય જે બોધ તે દર્શન કહેવાય છે અને વિશિષ્ટ બોધ જ્ઞાન કહેવાય છે. આ બંને દર્શન અને જ્ઞાન એ સર્વત્ર જનારું છે=સર્વ પદાર્થો તેમનાં વિષય બને છે ॥૧॥" આ દિશાસૂચનવડે જાતે જ વિચારવા યોગ્ય છે. આ પ્રમાણે જે કારણથી તેઓ સંપૂર્ણ ચારિત્રવાળા અને સંપૂર્ણ જ્ઞાનવાળા છે, તે કારણથી તેઓ–કેવલ (એવું જ્ઞાન અને ચારિત્ર) છે જેમને તે કેવલી–એવી વ્યુત્પત્તિના આધારે કેવલી કહેવાય છે.

શંકા :- અહીં કેવલીની વાત ચાલી રહી છે. અને તે કેવલજ્ઞાનપૂર્વક હોવાથી કેવલજ્ઞાનની

केवलिन इतिकृत्वा । आह–इहाकाण्ड एव केवलचारित्रिण इति किमर्थम् ?, उच्यते, केवलचारित्रप्राप्तिपूर्विकैव नियमतः केवलज्ञानावाप्तिरिति न्यायप्रदर्शनेन नेदमकाण्डमिति गाथार्थः ॥१०७९॥

व्याख्याता तावल्लोकस्येत्यादिरूपा प्रथमसूत्रगाथेति, अत्रैव चालनाप्रत्यवस्थाने विशेषतो निर्दिश्य(श्ये) ते-तत्र लोकस्योद्योतकरानित्याद्युक्तम्, अत्राऽऽह–अशोभनमिदं लोकस्येति, कुतः ?, लोकस्य चतुर्दशरज्ज्वात्मकत्वेन परिमितत्वात्, केवलोद्योतस्य चापरिमितत्वेनैव लोकालोकव्यापकत्वाद्, वक्ष्यति च-'[१६]*केवलियणाणलंभो लोगालोगं पगासेइ*' त्ति, ततश्चौघत एवोद्योतकरान् लोकालोकयोर्वेति वाच्यमिति, न अभिप्रायापरिज्ञानात्, इह लोकशब्देन पञ्चास्तिकाया एव गृह्यन्ते, ततश्चाकाशास्तिकायभेद एवालोक इति न पृथगुक्तः, न चैतदनार्षं, यत उक्तम्–'[१७]*पंचत्थिकायमइओ लोगो*' इत्यादि । अपरस्त्वाह–लोकस्योद्योतकरानित्येतावदेव साधु, धर्मतीर्थकरान् इति न वक्तव्यं, गतार्थत्वात्, तथाहि–ये लोकस्योद्योतकरास्ते धर्मतीर्थकरा

---

જ વાત કરવી જોઈએ, કેવલચારિત્રનો તો કોઈ અવસર જ નથી. તેથી અકાંડે=અકાળે અવસર વિના જ 'કેવલચારિત્રી' આવું વિશેષણ શા માટે મૂક્યું ?

**સમાધાન :-** કેવલચારિત્રની પ્રાપ્તિ થયા પછી જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે એ ન્યાયનું દર્શન કરાવવાનું હોવાથી અહીં તેનો પણ અવસર છે જ, પણ અનવસર નથી. ॥૧૦૭૯॥

આ પ્રમાણે लोगस्स... વિગેરે રૂપ પ્રથમ સૂત્ર ગાથાની વ્યાખ્યા કરી. હવે આ જ વિષયમાં પ્રશ્નોત્તરી વિશેષથી દેખાડાય છે ⇨

**શંકા :-** 'લોકનો ઉદ્યોતકરનારા' આવું જે કહ્યું તેમાં 'લોકનો' શબ્દ બરાબર લાગતો નથી. કેમ ? કારણ કે - લોક એ ચૌદરજ્જુ આત્મક હોવાથી પરિમિત છે, જ્યારે કેવલજ્ઞાન એ અપરિમિત હોવાથી લોકાલોકને વ્યાપક છે અને આગળ કહેશે પણ ખરી કે - કેવલજ્ઞાનનો લાભ લોકાલોકને પ્રકાશે છે. તેથી કાં તો સામાન્યથી એટલું જ કહેવું જોઈએ કે 'ઉદ્યોતકરનારા', કાં તો 'લોકાલોકનો ઉદ્યોતકરનારા' એમ કહેવું જોઈએ.

**સમાધાન :-** 'લોકનો' આ શબ્દ લખવા પાછળનો અભિપ્રાય તમને ખ્યાલમાં ન હોવાથી તમારી વાત યોગ્ય નથી. અહીં લોકશબ્દથી પંચાસ્તિકાયો જ ગ્રહણ કરવાના છે. અને અલોક એ આકાશસ્તિકાયનો ભેદ જ હોવાથી 'અલોક' શબ્દ જુદો ગ્રહણ કર્યો નથી. (તેથી 'લોકનો' એટલે 'લોકાલોકનો' સમજવું.) અહીં લોક તરીકે પંચાસ્તિકાયો ગ્રહણ કરવાના છે એ વાત આધાર વિનાની પણ નથી, કારણ કે કહ્યું છે - "લોક એ પંચાસ્તિકાયમય છે" વિગેરે.

**શંકા :-** 'લોકનો ઉદ્યોતકરનારા' આટલું વચન જ યોગ્ય છે, પણ 'ધર્મતીર્થને કરનારા' આ વિશેષણ કહેવાની જરૂર નથી, કારણ કે જે લોકનો ઉદ્યોતકરનારા હોય તે ધર્મતીર્થને કરનારા હોય જ. તેથી 'ધર્મતીર્થને કરનારા' શબ્દનો અર્થ 'લોકનો ઉદ્યોતકરનારા' વિશેષણથી જ જણાઈ જાય છે.

---

१६. कैवल्यज्ञानलाभो लोकालोकं प्रकाशयति । १७. पञ्चास्तिकायमयो लोकः ।

एवेति, अत्रोच्यते, इह लोकैकदेशेऽपि ग्रामैकदेशे ग्रामवल्लोकशब्दप्रवृत्तेर्मा भूत्तदुद्योतकरेष्ववधिविभङ्गज्ञानिष्वर्कचन्द्रादिषु वा सम्प्रत्ययः, तद्व्यवच्छेदार्थं धर्मतीर्थकरानित्याह । आह—यद्येवं धर्मतीर्थकरानित्येतावदेवास्तु लोकस्योद्योतकरानिति न वाच्यमिति, अत्रोच्यते, इह लोकेऽपि नद्यादिविषमस्थानेषु मुधिकया ( ये ) धर्मार्थमवतरणतीर्थकरणशीलास्तेऽपि धर्मतीर्थकरा एवोच्यन्ते, तन्मा भूदतिमुग्धबुद्धीनां तेषु सम्प्रत्ययः, तदपनोदाय लोकस्योद्योतकरानित्याहेति । अपरस्त्वाह—जिनानित्यतिरिच्यते, तथाहि—यथोक्तप्रकारा जिना एव भवन्तीति, अत्रोच्यते, मा भूत्कुनयमतानुसारिपरिकल्पितेषु यथोक्तप्रकारेषु सम्प्रत्यय इत्यतस्तद्व्यवच्छेदार्थमाह—जिनानिति, श्रूयते च कुनयदर्शने '*ज्ञानिनो धर्मतीर्थस्य, कर्तारः परमं पदम् । गत्वाऽऽगच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ॥१॥*' इत्यादि, तन्नूनं न ते रागादिजेतार इति, अन्यथा कुतो निकारतः

---

સમાધાન :- ગ્રામના એક દેશમાં ગ્રામ શબ્દની જેમ લોકના એક દેશમાં પણ લોક શબ્દ વપરાતો હોવાથી 'લોકનો ઉદ્યોતકરનારા' વિશેષણથી લોકના એક દેશનો ઉદ્યોતકરનારા એવા અવધિ-વિભંગજ્ઞાનીઓને કે સૂર્ય, ચન્દ્રને કોઈ ન સમજી બેસે, તે માટે તે અવધિ-વિભંગજ્ઞાનીઓની કે સૂર્ય, ચન્દ્રની બાદબાકી કરવા માટે 'ધર્મતીર્થકર' વિશેષણ મૂકેલ છે.

શંકા :- જો આ રીતે હોય તો 'ધર્મતીર્થને કરનારા' વિશેષણ જ રાખો; 'લોકનો ઉદ્યોતકરનારા' વિશેષણની જરૂર નથી.

સમાધાન :- લોકમાં પણ ધર્મ માટે નદી વિગેરેના વિષમ સ્થાનોને વિષે મુધિકયા=મફત પ્રવેશ કરવા તીર્થને=ઘાટને (=સહજ રીતે પ્રવેશ કરી શકે એવા પગથિયા વિગેરેને) કરવાના સ્વભાવવાળી વ્યકિતઓ પણ ધર્મતીર્થકર જ કહેવાય છે. તેથી મુગ્ધબુદ્ધિવાળા જીવોને માત્ર 'ધર્મતીર્થને કરનારા' વિશેષણથી આવા લોકોનો બોધ ન થાય તે માટે 'લોકનો...' વિશેષણ મૂક્યું છે.

શંકા :- 'જિનો' શબ્દ વધારાનો લાગે છે કારણ કે ઉપરોક્ત બે વિશેષણોવાળા જિન જ હોય છે. આમ ઉપરોક્ત બે વિશેષણોમાં જ 'જિન' શબ્દ સમાઈ જતો હોવાથી વધારાનો લાગે છે.

સમાધાન :- કુનયના મતને અનુસરનારાઓ પોતાના ધર્મપ્રણેતાઓને ઉપરોક્ત વિશેષણ લગાડે છે. તેથી આવા ધર્મપ્રણેતાઓનો વ્યવચ્છેદ કરવા 'જિન' શબ્દ મૂકેલ છે. કુનયના મતમાં સંભળાય છે - "ધર્મતીર્થને કરનારા એવા જ્ઞાનીઓ પરમપદને પામ્યા પછી પણ પોતાના તીર્થનો વિનાશ થતો જોઈને (તેને અટકાવવા) ફરી પાછા સંસારમાં આવે છે. ||૧|| " (ભાવાર્થ :- આ શ્લોકમાં 'ધર્મતીર્થને કરનારા' એમ વિશેષણ આપેલ છે, છતાં 'તીર્થનો વિનાશ થતો જોઈને પાછા આવે છે' આ વાક્ય તેમનામાં રાગ-દ્વેષની વિદ્યમાનતા સૂચવે છે. તેથી તેઓ જિન કહેવાય નહીં, કારણ કે જેણે રાગ-દ્વેષને જીતી લીધા છે તે જ જિન કહેવાય છે. આમ માત્ર બે વિશેષણો મૂકો તો કેટલાકો તે વિશેષણોથી કુનયમતને અનુસરનારાઓવડે કલ્પાયેલી આવા પ્રકારની વ્યક્તિઓ સમજી ન લે તે માટે 'જિન' વિશેષણ મૂકેલ છે.) આ શ્લોકદ્વારા નક્કી થાય છે કે તેઓ રાગાદિને જીતનારા નથી, જો રાગાદિને જીતનારા હોય તો રાગ-દ્વેષરૂપ સંસારનો

पुनरिह भवाङ्कुरप्रभवो ?, बीजाभावात्, तथा चान्यैरप्युक्तम्–"*अज्ञानपांसुपिहितं पुरातनं कर्मबीजमविनाशि । तृष्णाजलाभिषिक्तं मुञ्चति जन्माङ्कुरं जन्तोः ॥१॥*" तथा "*दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः । कर्मबीजे तथा दग्धे, न रोहति भवाङ्कुरः ॥१॥*" इति । आह–यद्येवं जिनानित्येतावदेवास्तु लोकस्योद्योतकरानित्याद्यतिरिच्यते इति, अत्रोच्यते, इह प्रवचने सामान्यतो विशिष्टश्रुतधरादयोऽपि जिना एवोच्यन्ते, तद्यथा–श्रुतजिना अवधिजिना मनःपर्यायज्ञानजिनाः छद्मस्थवीतरागाश्च, तन्मा भूत्तेषु सम्प्रत्यय इति तदपनोदार्थं लोकस्योद्योतकरानित्याद्यप्यदुष्टमेव । अपरस्त्वाह–अर्हत इति न वाच्यं, न ह्यनन्तरोदितस्वरूपा अर्हद्व्यतिरेकेणापरे भवन्तीति, अत्रोच्यते, अर्हतामेव विशेष्यत्वान्न दोष इति । आह–यद्येवं हन्त ! तर्ह्यर्हत एवेत्येतावदेवास्तु लोकस्योद्योतकरानित्यादि पुनरपार्थकं, न, तस्य विशेषण-साफल्यस्य च प्रतिपादितत्वात् । अपरस्त्वाह–केवलिन इति न वाच्यं, यथोक्तस्वरूपाणामर्हतां केवलित्वाव्यभिचारात्, सति च व्यभिचारसम्भवे विशेषणोपादानसाफल्यात्, तथा च–सम्भवे

---

બીજનો અભાવ હોવાથી વિનાશને જોઈ ફરી અહીં સંસારમાં આવવારૂપ અંકુરાની ઉત્પત્તિ જ કેવી રીતે થાય ? તથા બીજા લોકોવડે પણ કહેવાયું છે કે - "અજ્ઞાનરૂપ ધૂળથી ઢંકાયેલ, અવિનાશી, તૃષ્ણારૂપ જળથી સિંચાયેલ એવું પૂર્વનું કર્મબીજ જીવના જન્મરૂપ અંકુરને ઉત્પન્ન કરે છે. ॥૧॥" તથા - બીજ સારી રીતે બળી જવાથી જેમ અંકુરો ઉત્પન્ન થતો નથી, તેમ કર્મરૂપ બીજ નાશ પામતા જન્માંકુરો પણ ઉત્પન્ન થતો નથી. ॥૧॥

શંકા :- તો પછી 'જિન' શબ્દ જ મૂકવો જોઈએ પૂર્વના બે વિશેષણોની જરૂર નથી.

સમાધાન :- અહીં શાસનમાં સામાન્યથી વિશિષ્ટશ્રુતધરાદિ પણ જિન જ કહેવાય છે. તે આ પ્રમાણે → (વિશિષ્ટશ્રુતને ધારણ કરનારા) શ્રુતજિન, (અવધિજ્ઞાનવાળા) અવધિજિન, મનઃપર્યયજ્ઞાનજિન, અને છદ્મસ્થવીતરાગો. (આ બધા પણ 'જિન' શબ્દથી ઓળખાતા હોવાથી) શિષ્યવર્ગને આ લોકોનો બોધ ન થાય તે માટે પૂર્વોક્ત બે વિશેષણો મૂક્યા છે.

શંકા :- જો એ પ્રમાણે હોય તો 'અર્હત્' શબ્દ મૂકવો નહોતો, કારણ કે પૂર્વોક્ત વિશેષણવાળા અરિહંત સિવાયના અન્ય કોઈ સંભવી શકતા નથી.

સમાધાન :- અરિહંતો જ અહીં વિશેષ્ય હોવાથી કોઈ દોષ નથી.

શંકા :- જો તે પોતે જ વિશેષ્ય હોય તો એ જ શબ્દ રાખવો હતો, શેષ લોકનો ઉદ્યોત...વિગેરે વિશેષણો અર્થ વિનાના નકામા લાગે છે.

સમાધાન :- ના, તે વિશેષણો શા માટે છે ? એ અમે પૂર્વે જ કહી દીધું છે.

શંકા :- 'કેવલી' શબ્દ મૂકવો નહોતો કારણ કે યથોક્તસ્વરૂપવાળા અરિહંતો કેવલી હોવાના જ છે, કારણ કે જ્યાં યથોક્તસ્વરૂપવત્ અરિહંતત્વ છે ત્યાં કેવલિત્વ છે જ. (જ્યાં યથોક્તસ્વરૂપવત્ અરિહંતત્વ હોય અને કેવલિત્વ ન હોય તો તે વ્યભિચાર કહેવાય.) અહીં આવો વ્યભિચાર નથી. વ્યભિચાર હોય તો જ વિશેષણનું ગ્રહણ સફળ કહેવાય. (આશય એ છે કે વ્યભિચારનો સંભવ હોય તો તેને દૂર કરવા વિશેષણો ગ્રહણ કરવા પડે. પરંતુ જ્યાં

**व्यभिचारे च विशेषणमर्थवद्भवति, यथा नीलोत्पलमिति, व्यभिचाराभावे तु तदुपादीयमानमपि यथा कृष्णो भ्रमरः शुक्ला बलाका इत्यादि( वत् ) ऋते प्रयासात् कमर्थं पुष्णातीति ?, तस्मात्केवलिन इत्यतिरिच्यते, न, अभिप्रायापरिज्ञानाद्, इह केवलिन एव यथोक्तस्वरूपा अर्हन्तो नान्य इति नियमनार्थत्वेन स्वरूपज्ञानार्थमेवेदं विशेषणमित्यनवद्यं, न चैकान्ततो व्यभिचारसम्भव एव विशेषणोपादानसाफल्यम्, उभयपदव्यभिचारे एकपदव्यभिचारे स्वरूपज्ञापने च शिष्टोक्तिषु तत्प्रयोगदर्शनात्, तत्रोभयपदव्यभिचारे यथा नीलोत्पलमिति, तथैकपदव्यभिचारे**

વ્યભિચાર ન હોય ત્યાં વિશેષણ ગ્રહણ કરો તો તે સફળ બનતું નથી. આ જ વાતને વધુ સ્પષ્ટ કરતા આગળ કહે છે.) વ્યભિચારનો સંભવ હોય ત્યારે વિશેષણ અર્થયુક્ત થાય છે જેમ કે 'નીલોત્પલ'=લીલું એવું કમળ, (જો અહીં માત્ર કમળ શબ્દ જ હોય તો તે લાલ, સફેદ વિગેરે ઘણા રંગના હોવાથી કયું કમળ લેવું છે ? એવો ખ્યાલ આવે નહીં, અર્થાત્ જ્યાં કમળત્વ હોય ત્યાં બધે નીલત્વ હોય એવું ન હોવાથી વ્યભિચાર આવે, આ વ્યભિચારને દૂર કરવા 'નીલ' વિશેષણ મૂકવામાં આવે છે.) જો વ્યભિચાર ન હોય તો કૃષ્ણરંગનો ભ્રમર, સફેદ બગલો વિગેરેની જેમ (એટલે કે 'કાળો ભ્રમર', 'સફેદ બગલો' આવું બોલવું એ નકામું છે, કારણ કે જે ભ્રમર હોય તે બધા કૃષ્ણ જ હોવાના, જે બગલો હોય તે સફેદ જ હોવાનો માટે કોઈ વ્યભિચાર નથી. તેથી જેમ અહીં ગ્રહણ કરાતું એવું 'કૃષ્ણ, સફેદ' વિશેષણ એ વ્યર્થ છે. તેની જેમ) વ્યભિચારના અભાવમાં ગ્રહણ કરાતું વિશેષણ પણ નકામી મહેનત વિના કયા અર્થને પુષ્ટ કરે ? અર્થાત્ નકામી મહેનત સિવાય બીજો કોઈ ફાયદો થાય નહીં. (એ જ રીતે પ્રસ્તુતમાં યથોક્ત સ્વરૂપવાળા અરિહંતો કેવલી હોવાના જ છે) તેથી અહીં 'કેવલી' એવું વિશેષણ વ્યર્થ ભાસે છે.

**સમાધાન :-** ના, તમને અભિપ્રાયનું જ્ઞાન નથી. કેવલી જ યથોક્તસ્વરૂપવાળા અરિહંતો હોય છે એવો નિયમ એ છે પ્રયોજન જેનું એવું આ વિશેષણ હોવાથી સ્વરૂપદર્શક વિશેષણ જાણવું. માટે જ અહીં કોઈ દોષ નથી. (ટૂંકમાં કેવલી જ યથોક્તસ્વરૂપવાળા અરિહંતો હોય છે એવો નિયમ જણાવનાર આ વિશેષણ વાસ્તવિક રીતે સ્વરૂપ જ જણાવનાર છે, પણ વ્યવચ્છેદક નથી. આમ સ્વરૂપ જણાવનારું હોવાથી વ્યર્થ નથી.)

વળી, વ્યભિચારનો સંભવ હોય તો જ વિશેષણનું ઉપાદાન સફળ બને છે (એટલે કે ગ્રહણ કરેલ વિશેષણ સફળ બને છે.) એવો કોઈ એકાન્ત નથી, કારણ કે શિષ્ટ પુરુષોના વચનોમાં (ગ્રંથોમાં) જ્યાં ઉભયપદ વ્યભિચાર હોય, જ્યાં એકપદ વ્યભિચાર હોય, અને જ્યાં માત્ર સ્વરૂપ જણાવવું હોય ત્યાં સર્વત્ર વિશેષણ ગ્રહણ કરેલું દેખાય છે.(આ પંક્તિ દ્વારા ટીકાકાર જણાવવા માંગે છે કે શિષ્ટ પુરુષોનાં ગ્રંથોમાં સ્વરૂપ જણાવવા માટે પણ વિશેષણનું ગ્રહણ થાય છે તેથી વ્યભિચારના સંભવમાં જ વિશેષણ ગ્રહણ થાય એવો કોઈ નિયમ=એકાન્ત નથી.) ઉભયપદ વ્યભિચાર આ પ્રમાણે - (જેમાં પૂર્વપદ અને ઉત્તરપદ બંનેમાં વ્યભિચાર આવતો હોય તે ઉભયપદ વ્યભિચાર કહેવાય. જેમ કે) 'નીલોત્પલ' (અહીં જે નીલ=શ્યામ હોય તે બધા ઉત્પલ=કમળ જ હોય એવું નથી માટે ઉત્તરપદ વ્યભિચાર, અને જે ઉત્પલ હોય

यथा आपो द्रव्यं पृथिवी द्रव्यमिति, तथा स्वरूपज्ञापने यथा परमाणुरप्रदेश इत्यादि, यतश्चैवमतः केवलिन इति न दुष्टम् । आह–यद्येवं केवलिन इत्येतदेव सुन्दरं, शेषं तु लोकस्योद्योतकरानित्यादिकमनर्थकमिति, अत्रोच्यते, इह श्रुतकेवलिप्रभृतयोऽन्येऽपि विद्यन्त एव केवलिनः, तस्मान्मा भूत्तेषु सम्प्रत्यय इति तत्प्रतिक्षेपार्थं लोकस्योद्योतकरानित्याद्यपि वाच्यमिति । एवं द्व्यादिसंयोगापेक्षयाऽपि विचित्रनयमताभिज्ञेन स्वधिया विशेषणसाफल्यं वाच्यम्, इत्यलं विस्तरेण, गमनिकामात्रमेतदिति ।

तत्र यदुक्तं 'कीर्तयिष्यामीति' तत्कीर्तनं कुर्वन्नाह–

---

તે બધા નીલ જ હોય એવું પણ નથી માટે પૂર્વપદ વ્યભિચાર.)

તથા એકપદ વ્યભિચાર (=જેમાં પૂર્વ કે ઉત્તર બેમાંથી એક પદમાં વ્યભિચાર આવતો હોય તે.) → 'अब्द्रव्यं' જે પાણી હોય તે દ્રવ્ય જ હોય તે બરાબર, માટે અહીં ઉત્તરપદ વ્યભિચાર નથી, પરંતુ જે દ્રવ્ય હોય તે પાણીરૂપે જ હોય એવું બને નહીં. માટે અહીં પૂર્વપદરૂપ એકપદ વ્યભિચાર છે. એ જ રીતે 'पृथ्वी द्रव्यं' માં જે પૃથ્વી હોય તે દ્રવ્ય હોય જ, પણ જે દ્રવ્ય હોય તે પૃથ્વી જ હોય એવું નહીં, તથા સ્વરૂપજ્ઞાપનમાં → પરમાણુ એ અપ્રદેશ=પ્રદેશ વિનાનો છે. (અહીં કોઈ વ્યભિચાર આવતો નથી, પરંતુ માત્ર પરમાણુનું સ્વરૂપ જ જણાવ્યું છે.) આમ જે કારણથી વ્યભિચાર વિના પણ વિશેષણનું ગ્રહણ થતું દેખાય છે તે કારણથી 'કેવલી' વિશેષણ પણ દુષ્ટ નથી.

**શંકા :-** જો આ રીતે હોય એટલે કે કેવલીઓ જ યથોક્તસ્વરૂપવાળા હોય તો 'કેવલી' વિશેષણ જ રાખવું જોઈએ, 'લોકનો ઉદ્યોતકરનારા... વિગેરે નિરર્થક છે.

**સમાધાન :-** જિનશાસનમાં શ્રુતકેવલી વિગેરે બીજા પણ કેવલીઓ વિદ્યમાન છે જ. તેથી જો માત્ર 'કેવલી' વિશેષણ લઈએ તો શિષ્યવર્ગ શ્રુતકેવલીઓ વિગેરેને સમજી ન લે તે માટે શ્રુતકેવલીઓ વિગેરેની બાદબાકી કરવા માટે લોકનો ઉદ્યોત... વિગેરે વિશેષણો ગ્રહણ કરેલા છે. આ પ્રમાણે બે વિગેરે વિશેષણોના સંયોગની અપેક્ષાએ પણ જુદા જુદા નયમતોને જાણનાર શ્રોતાવર્ગવડે પોતાની બુદ્ધિથી વિશેષણોનું સાફલ્ય કહેવા યોગ્ય છે.

(અહીં આશય એ છે કે - પૂર્વે કેટલાક લોકો 'લોકનો ઉદ્યોતકરનારા' વિશેષણથી અવધિ-વિભંગજ્ઞાનીઓ ન સમજી લે તે માટે 'ધર્મતીર્થને કરનારા' વિશેષણ મૂક્યું છે એમ કહ્યું, એ જ રીતે 'ધર્મતીર્થને કરનારા' વિશેષણથી નદી વિગેરેમાં ધર્મ માટે તીર્થને કરનારા લોકોને સમજી ન લે તે માટે 'લોકનો ઉદ્યોતકરનારા' કહ્યું. આ રીતે એક-એક વિશેષણ શા માટે મૂક્યું ? તેની સફળતા કહી. આ જ રીતે હવે બે-બે વિશેષણોના સંયોગને લઈ ચર્ચા કરવી અર્થાત્ આ બે વિશેષણો જ કહો, બીજા વિશેષણો શા માટે મૂક્યા ? એ રીતે અન્ય વિશેષણોની સફળતા જુદા જુદા નયમતોને જાણનાર શ્રોતાવર્ગવડે સ્વયં વિચારવા યોગ્ય છે. આ જ રીતે ત્રિસંયોગાદિ પણ જાણવા.) વધુ વિસ્તારથી સર્યું, કારણ કે આ ટીકારચનાનો પ્રયાસ માત્ર વ્યાખ્યા માટે જ છે.

**અવતરણિકા :-** પૂર્વે જે કહ્યું હતું કે 'હું કીર્તન કરીશ' તે કીર્તન કરતા ગ્રંથકારશ્રી કહે છે ⇨

उसभमजिअं च वंदे संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुप्फदंतं सीअल सिज्जंस वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं धम्मं संतिं च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं पासं तह वद्धमाणं च ॥४॥ (सूत्राणि)

एतास्तिस्रोऽपि सूत्रगाथा इति, आसां व्याख्या–इहार्हतां नामानि अन्वर्थमधिकृत्य सामान्यलक्षणतो विशेषलक्षणतश्च वाच्यानि, तत्र सामान्यलक्षणमिदं–'वृष उद्वहने' समग्रसंयमभारोद्वहनाद् वृषभः, सर्व एव च भगवन्तो यथोक्तस्वरूपा इत्यतो विशेषहेतुप्रतिपादनायाऽऽह–

ऊरूसु उसभलंछण उसभं सुमिणंमि तेण उसभजिणो ।

[१८]पुव्वद्धं - जेण भगवओ दोसुवि ऊरूसु उसभा उप्पराहुत्ता जेणं च मरुदेवाए भगवईए चोद्दसण्हं महासुमिणाणं पढमो उसभो सुमिणे दिट्ठोत्ति, तेण तस्स उसभोत्ति णामं कयं, सेसतित्थगराणं मायरो पढमं गयं तओ वसहं एवं चोद्दस, उसभोत्ति वा वसहोत्ति वा एगट्ठं ॥

---

સૂત્રાર્થ :- સૂત્રાર્થ સ્પષ્ટ જ છે.

ટીકાર્થ :- આ ત્રણે ગાથાઓ સૂત્રગાથાઓ છે. તેમની વ્યાખ્યા આ પ્રમાણે છે - અહીં અરિહંતોના નામો અન્વર્થને આશ્રયીને સામાન્યલક્ષણથી અને વિશેષલક્ષણથી કહેવા યોગ્ય છે. તેમાં સામાન્યલક્ષણ આ પ્રમાણે છે- વૃષ્ ધાતુ 'ભાર વહન કરવો' અર્થમાં છે. તેથી સમગ્ર સંયમરૂપ ભારને વહન કરતા હોવાથી અરિહંત વૃષભ કહેવાય છે. બધા જ અરિહંતો યથોક્તસ્વરૂપવાળા=સંયમભારને વહન કરનારા હોવાથી વૃષભનામને ધારણ કરનારા છે. આથી (પ્રથમ અરિહંતનું જ ઋષભ નામ હોવામાં ) વિશેષ હેતુનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ ગાથાનો આગળનો અડધો ભાગ છે. જે કારણથી ભગવાનના બંને સાથળ ઉપર ઊર્ધ્વમુખી બળદોનું લાંછન હતું અને જે કારણથી મરુદેવી ભગવતીએ ચૌદ મહાસ્વપ્નોમાં પ્રથમ ઋષભનું સ્વપ્ન જોયું હતું, તે કારણથી પ્રભુનું ઋષભ નામ પાડવામાં આવ્યું. શેષ તીર્થંકરોની માતાઓ પ્રથમ હાથીનું સ્વપ્ન અને પછી ઋષભનું સ્વપ્ન એ પ્રમાણે ચૌદ સ્વપ્ન જુએ છે. અહીં ઋષભ અને વૃષભ એ એકાર્થિક શબ્દો જ છે.

---

१८. पूर्वार्धं - येन भगवतो द्वयोरप्यूरुणोर्वृषभावुपरीभूतौ येन च मरुदेवया भगवत्या चतुर्दशानां महास्वप्नानां प्रथमं वृषभो दृष्टः स्वप्न इति, तेन तस्य वृषभ इति नाम कृतं, शेषतीर्थकराणां मातरः प्रथमं गजं ततो वृषभं एवं चतुर्दश, ऋषभ इति वा वृषभ इति वैकार्थौ ।

[११] इयाणिं अजिओ–तस्य सामान्येनाभिधाननिबन्धनं परीषहोपसर्गादिभिर्न जितोऽजितः, सर्व एव भगवन्तो यथोक्तस्वरूपा इत्यतो विशेषनिबन्धनाभिधित्सयाऽऽह–

अक्खेसु जेण अजिआ जणणी अजिओ जिणो तम्हा ॥१०८०॥

व्याख्या–[२०] पच्छद्धं - भगवओ अम्मापियरो जूयं रमंति, पढमो राया जिणियाइओ जाहे भगवंतो आयाया ताहे ण राया, देवी जिणइ, तत्तो अक्खेसु कुमारप्राधान्यात् देवी अजिएति अजिओ से णामं कयंति गाथार्थः ॥१०८०॥

इदानीं सम्भवो–तस्यौघतोऽभिधाननिबन्धनं संभवन्ति–प्रकर्षेण भवन्ति चतुस्त्रिंशदतिशयगुणा अस्मिन्निति सम्भवः, सर्व एव भगवन्तो यथोक्तस्वरूपा इत्यतो विशेषबीजाभिधित्सयाऽऽह–

अभिसंभूआ सासत्ति संभवो तेण वुच्चई भयवं ।

[२१] गब्भगए जेण अब्भहिया सस्सणिप्फत्ती जाया तेण संभवो ॥ इयाणिं अभिणंदणो,

---

હવે અજિતનાથ ભગવાનના નામનું સામાન્યલક્ષણ બતાવે છે. પ્રભુના નામનું સામાન્યથી કારણ એ છે કે પ્રભુ પરિષહોપસર્ગો વિગેરેવડે નહીં જીતાયેલા હોવાથી અજિત કહેવાયા. જો કે સર્વ ભગવંતો પરિષહાદિથી જીતાયેલા ન હોવાથી અજિત જ છે તેથી વિશેષકારણને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ગાથાનો પાછળનો અડધો ભાગ → પ્રભુના માતા-પિતા હંમેશા દ્યૂત (સોગઠાબાજી જેવી રમતવિશેષ) રમે છે. પહેલા હંમેશા રાજા જીતતો હતો, પરંતુ જયારથી પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી રાજા જીતતો નથી પણ દેવી જીતે છે. આમ, કુમારના પ્રભાવથી અક્ષોને વિષે (સોગઠાઓને વિષે) દેવી અજેય હોવાથી કુમારનું નામ અજિત પાડવામાં આવ્યું. ॥૧૦૮૦॥

હવે સંભવનાથપ્રભુ → તેમના નામનું સામાન્યકારણ આ પ્રમાણે કે - જેમનામાં ચોત્રીસ અતિશયોરૂપ ગુણોનો સંભવ છે=ગુણો ઉત્કૃષ્ટપણે વિદ્યમાન છે. માટે તેઓ સંભવ કહેવાયા. સર્વ ભગવંતોમાં ચોત્રીસ અતિશયોરૂપ ગુણોનો સંભવ છે. તેથી વિશેષકારણને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે કારણથી ગર્ભમાં આવ્યા પછી ધાન્યની વધારે પ્રમાણમાં ઉત્પત્તિ થઈ, તે કારણથી તેઓ સંભવ કહેવાયા. હવે અભિનંદન → તેમના નામનો સામાન્યથી અન્વર્થ આ

---

१९. इदानीमजितः । २०. पश्चार्द्धं - भगवतो मातापितरौ द्यूतं रमेते, प्रथमं राजा जितवान्, यदा भगवन्त आयातास्तदा न राजा, देवी जयति, ततोऽक्षेषु कुमारप्राधान्यात् देवी अजितेति अजितस्तस्य नाम कृतमिति । २१. गर्भगते येनाभ्यधिका शस्यनिष्पत्तिर्जाता तेन संभवः । इदानीमभिनन्दनः ।

तस्य सामान्येनाभिधानान्वर्थः—अभिनन्द्यते देवेन्द्रादिभिरित्यभिनन्दनः, सर्व एव यथोक्तस्वरूपा इत्यतो विशेषहेतुप्रतिपादनायाऽऽह—

**अभिणंदई अभिक्खं सक्को अभिणंदणो तेण ॥१०८१॥**

व्याख्या—पच्छद्धं[२२] - गब्भप्पभिइ अभिक्खणं सक्को अभिणंदियाइओत्ति, तेण से अभिणंदणोत्ति णामं कयं, गाथार्थः ॥१०८१॥

इदानीं सुमतिः, तस्य सामान्येनाभिधाननिबन्धनं शोभना मतिरस्येति सुमतिः, सर्व एव च सुमतयो भगवन्त इत्यतो विशेषनिबन्धनाभिधानायाह—

**जणणी सव्वत्थ विणिच्छएसु सुमइत्ति तेण सुमइजिणो ।**

गाहद्धं[२३] - जणणी गब्भगए सव्वत्थ विणिच्छएसु अईव मइसंपण्णा जाया, दोण्हं सवत्तीणं मयपइयाणं ववहारो छिन्नो, ताओ भणिआओ-मम पुत्तो भविस्सइ से जोव्वणत्थो एयस्सऽसोगवरपायवस्स अहे ववहारं तुब्भ छिंदिहि, ताव एगाइयाओ भवह, इयरी भणइ-एवं भवतु, पुत्तमाया णेच्छइ, ववहारो छिज्जउत्ति भणइ, णाऊण तीए दिण्णो,

પ્રમાણે - જેઓ દેવેન્દ્રાદિઓવડે અભિનંદન કરાયા તે કારણથી તેઓ અભિનંદન કહેવાયા. બધા જ ભગવંતો યથોક્તસ્વરૂપવાળા હોવાથી વિશેષહેતુનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જયારથી પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી લઈને વારંવાર ઇન્દ્ર પ્રભુને અભિનંદે છે=સ્તવના કરે છે તેથી તેમનું નામ અભિનંદન પડ્યું. ॥૧૦૮૧॥

હવે સુમતિ → તેમનાં નામનું સામાન્યકારણ — શોભન છે મતિ જેમની તે સુમતિ. સર્વ ભગવંતો સુમતિવાળા હોવાથી વિશેષકારણને જણાવવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં માતા સર્વ કર્તવ્યોને વિષે મતિસંપન્ન થઈ. (તે આ પ્રમાણે કે પતિના મરણ પછી બે શોક્યાઓ વચ્ચે પુત્ર માટે ઝઘડો થયો.) મૃતપતિવાળી બે શોક્યઓનો તે ઝઘડો પ્રભુની માતાએ શાંત પાડ્યો. તે આ રીતે કે - પ્રભુની માતાએ તે બંનેને કહ્યું કે "મારો પુત્ર જન્મ લેશે અને તે જયારે યુવાન બનશે ત્યારે આ અશોકવૃક્ષની નીચે તમારા બે વચ્ચેના ઝઘડાનો નિર્ણય કરશે. ત્યાં સુધી તમે બંને એક થઈને રહો." અન્ય સ્ત્રીએ કહ્યું - "ભલે એમ થાઓ." જે પુત્રની માતા હતી તે આ વાતને માન્ય રાખતી નથી અને કહે છે કે - "અત્યારે જ નિર્ણય કરો." પ્રભુની માતાએ જાણ્યું કે આ જ સાચી માતા છે. એમ જાણીને પુત્ર તેને આપ્યો. આવા પ્રકારની ગર્ભના પ્રભાવે માતાને સુમતિ ઉત્પન્ન થઈ. તેથી

२२. पश्चार्धं - गर्भात्प्रभृतिरभीक्ष्णं शक्रोऽभिनन्दितवानिति, तेन तस्य अभिनन्दन इति नाम कृतं । २३. गाथार्धं - जननी गर्भगते सर्वत्र विनिश्चयेषु अतीव मतिसंपन्ना जाता, द्वयोर्मृतपत्योः सपत्न्योर्व्यवहारश्छिन्नः, ते भणिते-मम पुत्रो भविष्यति स यौवनस्थ एतस्याशोकवरपादपस्याधो व्यवहारं युवयोः छेत्स्यति तावदेकत्र भवतं, इतरा भणति-एवं भवतु, पुत्रमाता नेच्छति, व्यवहारश्छिद्यतामिति भणति, ज्ञात्वा तस्यै दत्तः,

[२४]एवमाईगब्भगुणेणंति सुमई ॥ इयाणिं पउमप्पहो–तस्य सामान्यतोऽभिधानकारणम् – इह निष्पङ्कतामङ्गीकृत्य पद्मस्येव प्रभा यस्यासौ पद्मप्रभः, सर्व एव जिना यथोक्तस्वरूप इत्यतो विशेषकारणमाह–

**पउमसयणंमि जणणीए डोहलो तेण पउमाभो ॥१०८२॥**

व्याख्या–[२५]पच्छद्धं - गब्भगए देवीए पउमसयणंमि डोहलो जाओ, तं च से देवयाए सज्जियं, पउमवण्णो य भगवं, तेण पउमप्पहोत्ति गाथार्थः ॥१०८२॥ इदानीं सुपासो, तस्यौघतो नामान्वर्थः–शोभनानि पार्श्वान्यस्येति सुपार्श्वः, सर्व एव च अर्हन्त एवम्भूता इत्यतो विशेषेण नामान्वर्थमभिधित्सुराह–

**गब्भगए जं जणणी जाय सुपासा तओ सुपासजिणो ।**

व्याख्या–[२६]गब्भगए जणणीए तित्थगराणुभावेण सोभणा पासा जायत्ति, ता सुपासोत्ति । एवं सर्वत्र सामान्याभिधानं विशेषाभिधानं चाधिकृत्यार्थाभिधानविस्तरो द्रष्टव्यः, इह पुनः

---

પ્રભુનું નામ સુમતિ રાખ્યું.

હવે પદ્મપ્રભ → તેમના નામનું સામાન્યકારણ → અહીં નિષ્પંકતાને આશ્રયીને પદ્મ જેવી પ્રભા છે જેમની તે પદ્મપ્રભ (અર્થાત્ પદ્મ જેમ કાદવ વિનાનું છે તેમ પ્રભુ પણ કર્મરૂપ કાદવ વિનાના હોવાથી નિષ્પંકતારૂપ પ્રભાને લઈ 'પદ્મ જેવી પ્રભા' કહ્યું છે.) બધા જ જિનેશ્વરો યથોક્તસ્વરૂપવાળા હોવાથી વિશેષકારણને જણાવે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ભગવાન ગર્ભમાં આવતા માતાને પદ્મની શય્યા ઉપર સૂવાની ઇચ્છા જાગી. જે દેવતાએ પૂર્ણ કરી અને પ્રભુ પદ્મ જેવા વર્ણવાળા હોવાથી પદ્મપ્રભ નામ પડ્યું. ॥૧૦૮૨॥

હવે, સુપાર્શ્વપ્રભુનાં નામનું સામાન્યકારણ જણાવે છે- બંને બાજુના પડખા જેમના શોભન છે તે સુપાર્શ્વ. બધા અરિહંતો આવા પ્રકારના જ હોવાથી વિશેષથી નામના અન્વર્થને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ગર્ભમાં ભગવાન આવતા માતાના બંને પડખા તીર્થંકરના પ્રભાવે સુંદર થયા તેથી સુપાર્શ્વ નામ પડ્યું. આ પ્રમાણે સર્વત્ર સામાન્યનામ અને વિશેષનામને આશ્રયીને અન્વર્થયુક્ત નામનો વિસ્તાર (અર્થાત્ નામના સામાન્ય અને વિશેષ અન્વર્થનો વિસ્તાર) જાણવા યોગ્ય છે. અહીં તે વિસ્તાર સુજ્ઞાન હોવાથી અને ગ્રંથવિસ્તારના ભયથી જણાવાતો નથી. (હવે પછી સંક્ષેપમાં જણાવશે વિસ્તાર જાતે પૂર્વની જેમ જાણી લેવો.)

---

२४. एवमादिगर्भगुणेनेति सुमतिः । इदानीं पद्मप्रभः । २५. पश्चार्धं - गर्भगते देव्याः पद्मशयने दोहदो जातः, तच्च तस्यै देवतया सज्जितं, पद्मवर्णश्च भगवान्, तेन पद्मप्रभ इति । इदानीं सुपार्श्वः । २६. गर्भगते जनन्यास्तीर्थकरानुभावेन शोभनौ पार्श्वौ जाताविति, ततः सुपार्श्व इति ।

सुज्ञानत्वात् ग्रन्थविस्तरभयाच्च नाभिधीयत इति कृतं विस्तरेण, [२७]इयाणिं चंदप्पहो–चन्द्रस्येव प्रभा–ज्योत्स्ना सौम्याऽस्येति चन्द्रप्रभः, [२८]तत्थ सव्वेऽवि तित्थगरा चंद इव सोमलेसा, विसेसो–

जणणीएँ चंदपियणंमि डोहलो तेण चंदाभो ॥१०८३॥

व्याख्या–[२९]पच्छद्धं - देवीए चंदपियणंमि डोहलो चंदसरिसवण्णो य भगवं तेण चंदप्पभोत्ति गाथार्थः ॥१०८३॥

[३०]इदानीं सुविहित्ति, तत्र शोभनो विधिरस्येति सुविधिः, इह च सर्वत्र कौशल्यं विधिरुच्यते, [३१]तत्थ सव्वेऽवि एरिसा, विसेसो पुण–

सव्वविहीसु अ कुसला गब्भगए तेण होइ सुविहिजिणो ।

व्याख्या–[३२]गाहद्धं - भगवंते गब्भगए सव्वविहीसु चेव विसेसओ कुसला जणणित्ति जेण तेण सुविहित्ति णामं कयं ॥ इयाणिं सीयलो, तत्र सकलसत्त्वसन्तापकरणविरहादाह्लादजनकत्वाच्च शीतल इति, [३३]तत्थ सव्वेऽवि अरिस्स मित्तस्स वा उवरिं सीयलघरसमाणा,

---

હવે ચન્દ્રપ્રભસ્વામીના નામનું સામાન્યકારણ → ચન્દ્ર જેવી સૌમ્યતા છે જેમને તે ચન્દ્રપ્રભ. સર્વ તીર્થંકરો ચન્દ્ર જેવી સૌમ્યલેશ્યાવાળા હોવાથી વિશેષકારણ જણાવે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (પ્રભુના ગર્ભમાં આવતાં) માતાને ચન્દ્રપાનની ઇચ્છાથી અને પ્રભુ ચંદ્રવર્ણવાળા હતા તેથી ચંદ્રપ્રભ નામ પડ્યું. ॥૧૦૮૩॥

હવે સુવિધિપ્રભુના નામનું સામાન્યકારણ જણાવે છે → સુંદર વિધિ છે જેમની તે સુવિધિ. અહીં સર્વત્ર=સર્વ કાર્યો કરવામાં કુશળતા એ વિધિ જાણવી. તેમાં સર્વ તીર્થંકરો આવા જ હોવાથી વિશેષકારણ જણાવે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ગર્ભગત પ્રભુના પ્રભાવે માતા સર્વવિધિઓમાં=સર્વકાર્યોમાં વિશેષથી કુશળ થઈ. તેથી પ્રભુનું સુવિધિ નામ પડ્યું.

હવે શીતલ → તેમાં સર્વ જીવોને સંતાપ નહીં કરતા હોવાથી અને આનંદ=શાંતિને ઉત્પન્ન કરનારા હોવાથી શીતલ કહેવાયા. સર્વ તીર્થંકરો શત્રુ કે મિત્ર ઉપર શીતલઘર સમાન હોય છે. (દેવો ચક્રવર્તી માટે શીતલગૃહ બનાવે છે જેમાં રહેનારને ઉનાળામાં ગરમી ન લાગે કે શિયાળામાં ઠંડી ન લાગે, આ શીતલગૃહ જેમ રહેનાર ગમે તે હોય તેની સાથે એક સરખી

---

२७. इदानीं चन्द्रप्रभः, २८. तत्र सर्वेऽपि तीर्थकराश्चन्द्र इव सौम्यलेश्याः, विशेषः- २९. पश्चार्धं - देव्याश्चन्द्रपाने दोहदः चन्द्रसदृशवर्णश्च भगवान् तेन चन्द्रप्रभः । ३०. इदानीं सुविधिरिति । ३१. तत्र सर्वेऽपि ईदृशाः, विशेषः पुनः । ३२. गाथार्धं - भगवति गर्भगते सर्वविधिष्वेव विशेषतः कुशला जननीति येन तेन सुविधिरिति नाम कृतं । इदानीं शीतलः । ३३. तत्र सर्वेऽपि अरीणां मित्राणां वोपरि शीतलगृहसमानाः,

[३४]विसेसो उण–

**पिउणो दाहोवसमो गब्भगए सीयलो तेणं ॥१०८४॥**

**व्याख्या–[३५]पच्छद्धं - पिउणो पित्तदाहो पुव्वुप्पण्णो ओसहेहिं ण पउणति, गब्भगए भगवंते देवीए परामुट्ठस्स पउणो, तेण सीयलोत्ति गाथार्थः ॥१०८४॥ [३६]इयाणिं सेज्जंसो, तत्र श्रेयान्–समस्तभुवनस्यैव हितकरः, प्राकृतशैल्या छान्दसत्वाच्च श्रेयांस इत्युच्यते, [३७]तत्थ सव्वेऽवि तेलोगस्स सेया, विसेसो उण–**

**महरिहसिज्जारुहणंमि डोहलो तेण होइ सिज्जंसो ।**

**व्याख्या–[३८]गाहद्धं - तस्स रन्नो परंपरागया सेज्जा देवतापरिग्गहिता अच्चिज्जइ, जो तं अल्लियइ तस्स देवया उवसग्गं करेति, गब्भत्थे य देवीए डोहलो उववित्ता अक्कंता य, आरसिउं देवया अवक्कंता, तित्थगरनिमित्तं देवया परिक्खिया, देवीए गब्भप्पहावेण एवं सेयं जायं, तेण से णामं कयं सेज्जंसोत्ति ॥**

---

રીતે વર્તે છે તેમ પ્રભુ પણ શત્રુ કે મિત્ર ઉપર રાગ-દ્વેષ વિનાના હોય છે.) વિશેષકારણ આ પ્રમાણે ⇨

ગાથાર્થ :- **(પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.**

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવ્યા પહેલા ઉત્પન્ન થયેલો પિતાનો પિત્તદાહ ઔષધોવડે શાંત થતો નહોતો. પરંતુ જ્યારે પ્રભુ ગર્ભમાં આવ્યા કે માતાના સ્પર્શમાત્રથી પિતાનો પિત્તદાહ શાંત થયો. તે કારણથી શીતલ નામ પડ્યું. ॥૧૦૮૪॥

હવે શ્રેયાંસ → તેમાં શ્રેયાન્ એટલે સમસ્ત ભુવનને જ હિતકર. અહીં પ્રાકૃતશૈલીથી અને છાન્દસ પ્રયોગ હોવાથી શ્રેયાન્ નો શ્રેયાંસ શબ્દ બન્યો છે. આમ ત્રણભુવનને હિતકર હોવાથી શ્રેયાંસ કહેવાય છે. સર્વ તીર્થંકરો પણ ત્રણ લોકને હિતકર છે, તેથી વિશેષ જણાવે છે ⇨

ગાથાર્થ :- **(પૂર્વાર્ધ) મહાપુરુષોને યોગ્ય એવી શય્યાને વિષે દોહલો થયો. તેથી શ્રેયાંસ કહેવાયા.**

ટીકાર્થ :- તે રાજાની પરંપરાએ આવેલી, દેવતાવડે પરિગૃહીત એવી એક શય્યા (પલંગ) પૂજાય છે. જે તે શય્યા ઉપર બેસવા જાય કે દેવતા તેને ઉપસર્ગ કરે છે. પ્રભુના ગર્ભમાં આવતા માતાને તે શય્યા ઉપર બેસવાની ઇચ્છા જાગી. માતા શય્યા ઉપર બેઠી અને સૂતી ત્યારે દેવતા રડીને જતી રહી. તીર્થંકરના પ્રભાવે તે દેવતા ઉપસર્ગ કરી શકી નહીં. આમ માતાના ગર્ભના પ્રભાવે દેવતાના ઉપસર્ગનો નાશરૂપ કલ્યાણ થયું. તેથી તેમનું નામ શ્રેયાંસ પડ્યું.

---

३४. विशेषः पुनः । ३५. पश्चार्धं – पितुः पित्तदाहः पूर्वोत्पन्न औषधैर्न प्रगुण्यते, गर्भगते भगवति देव्या परामृष्टः प्रगुणः, तेन शीतल इति । ३६. इदानीं श्रेयांसः । ३७. तत्र सर्वेऽपि त्रैलोक्यस्य श्रेयस्कराः, विशेषः पुनः । ३८. गाथार्धं – तस्य राज्ञः परम्परागता शय्या देवतापरिगृहीताऽर्च्यते, यस्तामाक्रामति तस्य देवतोपसर्गं करोति, गर्भस्थे च ( भगवति ) देव्या दोहद उपविष्टाऽऽक्रान्ता च, देवताऽऽरस्यापक्रान्ता, तीर्थकरनिमित्तं देवता परीक्षिता, देव्या गर्भप्रभावेणैवं श्रेयो जातं, तेन तस्य नाम कृतं श्रेयांस इति ।

[३९]इयाणिं वसुपुज्जो, तत्र वसूनां पूज्यो वसुपूज्यः, वसवो-देवाः, [४०]तत्थ सवेऽवि तित्थगरा इंदाईणं पुज्जा, विसेसो उण–

पूएइ वासवो जं अभिक्खणं तेण वसुपुज्जो ॥१०८५॥

व्याख्या–[४१]पच्छद्धं - वासवो देवराया, तस्स गब्भगयस्स अभिक्खणं अभिक्खणं जणणीए पूयं करेइ, तेण वासुपुज्जोत्ति, अहवा वसूणि-रयणाणि वासवो-वेसमणो सो गब्भगए अभिक्खणं अभिक्खणं तं रायकुलं रयणेहिं पूरेइत्ति वासुपुज्जो ॥ गाथार्थः ॥१०८५॥ [४२]इयाणिं विमलो, तत्र विगतमलो विमलः, विमलानि वा ज्ञानादीनि यस्य, [४३]सामण्णलक्खणं सव्वेसिंपि विमलाणि णाणदंसणाणि सरीरं च, विसेसलक्खणं–

विमलतणुबुद्धि जणणी गब्भगए तेण होइ विमलजिणो ।

व्याख्या–[४४]पुव्वद्धं - गब्भगए मातूए सरीरं बुद्धी य अतीव विमला जाया तेण विमलोत्ति ॥ इयाणिं अणंतो–तत्रानन्तकर्मांशजयादनन्तः, अनन्तानि वा ज्ञानादीन्यस्येति,

---

હવે વાસુપૂજ્ય → તેમાં જે દેવોને પૂજ્ય તે વાસુપૂજ્ય. વસુ એટલે દેવો. સર્વ તીર્થંકરો ઇન્દ્રાદિ દેવોને પૂજ્ય જ હોય છે. તેથી નામનું વિશેષકારણ કહે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- વાસવ એટલે દેવોનો રાજા ઇન્દ્ર. તે પ્રભુના ગર્ભમાં આવતાં માતાની વારંવાર પૂજા કરે છે તેથી પ્રભુનું વાસુપૂજ્ય નામ પડ્યું. અથવા વસુ એટલે રત્નો, વાસવ એટલે વૈશ્રમણદેવ (કુબેર). દેવ પ્રભુના ગર્ભમાં આવતાં વારંવાર તે રાજકુળને રત્નોવડે પૂરે છે માટે વાસુપૂજ્ય નામ પડ્યું. ॥૧૦૮૫॥

હવે વિમલ → નીકળી ગયો છે કર્મરૂપ મલ જેમનામાંથી તે વિમલ. અથવા વિમલ છે જ્ઞાનાદિ જેમના તે વિમલ. આ સામાન્યલક્ષણ છે, કારણ કે સર્વ તીર્થંકરોના જ્ઞાન, દર્શન અને શરીર વિમલ હોય છે. તેથી વિશેષલક્ષણ કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે કારણથી પ્રભુના ગર્ભમાં આવતાં માતાનું શરીર અને બુદ્ધિ અત્યંત નિર્મલ થયા તે કારણથી પ્રભુનું નામ વિમલ પાડવામાં આવ્યું.

હવે અનંત → તેમાં અનંત કર્માંશોનો જય કરેલો હોવાથી અનંત. અથવા અનંત છે

---

३९. इदानीं वासुपूज्यः । ४०. तत्र सर्वेऽपि तीर्थकरा इन्द्रादीनां पूज्याः, विशेषः पुनः– ४१. पश्चार्धं - वासवो देवराजः, तस्य गर्भगतस्याभीक्ष्णमभीक्ष्णं जनन्याः पूजां करोति तेन वासुपूज्य इति । अथवा वसूनि-रत्नानि वासवो-वैश्रमणः स गर्भगतेऽभीक्ष्णमभीक्ष्णं तत् राजकुलं रत्नैः पूरयतीति वासुपूज्यः । ४२. इदानीं विमलः । ४३. सामान्यलक्षणं सर्वेषामपि विमले ज्ञानदर्शने शरीरं च, विशेषलक्षणं । ४४. पूर्वार्धं - गर्भगते मातुः शरीरं बुद्धिश्चातीव विमला जाता तेन विमल इति । इदानीमनन्तः ।

[४५]तत्थ सव्वेहिंपि अणंता कम्मंसा जिया सव्वेसिं च अणंताणि णाणाईणि, विसेसो पुण–

**रयणविचित्तमणंतं दामं सुमिणे तओऽणंतो ॥१०८६॥**

व्याख्या–[४६]गाहापच्छद्धं - 'रयणविचित्तं' रयणखचियं 'अणंतं' अइमहप्पमाणं दामं सुमिणे जणणीए दिट्ठं, तओ अणंतोत्ति गाथार्थः ॥१०८६॥

[४७]इयाणिं धम्मो, तत्र दुर्गतौ प्रपतन्तं सत्त्वसङ्घातं धारयतीति धर्मः, [४८]तत्थ सव्वेवि एवंविहत्ति, विसेसो पुण–

**गब्भगए जं जणणी जाय सुधम्मत्ति तेण धम्मजिणो ।**

व्याख्या–[४९]गाहद्धं - गब्भगए भगवंते विसेसओ से जणणी दाणदयाइएहिं अहिगारेहिं जाया सुधम्मत्ति तेण धम्मजिणो भगवं । इयाणिं संती, तत्र शान्तियोगात्तदात्मकत्वात्तत्कर्तृत्वाद्वा शान्तिरिति, [५०]इदं सामण्णं, विसेसो पुण–

**जाओ असिवोवसमो गब्भगए तेणं संतिजिणो ॥१०८७॥**

व्याख्या–[५१]पच्छद्धं - महंतं असिवं आसि, भगवंते गब्भमागए उवसंतंति गाथार्थः ॥१०८७॥

---

જ્ઞાનાદિ જેમના તે અનંત. સર્વ જિનેશ્વરોએ અનંતા કર્માંશો જીતેલા છે અને સર્વના જ્ઞાનાદિ અનંત જ છે તેથી વિશેષકારણ કહે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- માતાએ સ્વપ્નમાં રત્નોથી જડેલી અંત વિનાની=અતિમોટા પ્રમાણવાળી માળા જોઈ, તેથી અનંત નામ પડ્યું. ॥૧૦૮૬॥

હવે ધર્મનાથ → દુર્ગતિમાં પડતા જીવસમૂહને જે ધારણ કરે તે ધર્મ. સર્વ તીર્થંકરો દુર્ગતિમાં પડતા જીવોને બચાવતા હોવાથી ધર્મસ્વરૂપ છે. તેથી વિશેષકારણ જણાવે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં તેમની માતા દાન, દયા વિગેરે ધર્મના વિષયોમાં વિશેષથી ધર્મનું આચરણ કરવા લાગ્યા તેથી પ્રભુનું નામ ધર્મજિન પડ્યું.

હવે શાંતિ → શાંતિની પ્રાપ્તિ થવાથી અથવા પોતે શાંતિ આત્મક હોવાથી અથવા શાંતિને કરનારા હોવાથી શાંતિ કહેવાયા. આ સામાન્યલક્ષણ છે. વિશેષ આ પ્રમાણે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (તે સમયે) મોટો અશિવ (દેવતાકૃત ઉપસર્ગ) હતો, જે પ્રભુના ગર્ભમાં આવતા શાંત થયો માટે શાંતિનાથ નામ પડ્યું. ॥૧૦૮૭॥

---

४५. तत्र सर्वैरपि अनन्ताः कर्मांशा जिताः सर्वेषां चानन्तानि ज्ञानादीनि, विशेषः पुनः– ४६. गाथापश्चार्धं - रत्नविचित्रं-रत्नखचितमनन्तम्-अतिमहत्प्रमाणं दाम स्वप्ने जनन्या दृष्टं ततोऽनन्त इति । ४७. इदानीं धर्मः । ४८. तत्र सर्वेऽपि एवंविधा इति, विशेषः पुनः– ४९. गाथार्धं - गर्भगते भगवति विशेषतस्तस्य जननी दानदयादिकेष्वधिकारेषु जाता सुधर्मेति तेन धर्मजिनो भगवान् । इदानीं शान्तिः । ५०. इदं सामान्यं विशेषः पुनः । ५१. पश्चार्धं - महदशिवमासीत्, भगवति गर्भमागत उपशान्तमिति ।

[५२]इदानीं कुंथु, तत्र कुः-पृथ्वी तस्यां स्थितवानिति कुस्थः, [५३]सामण्णं सव्वेवि एवंविहा, विसेसो पुण–

**थूहं रयणविचित्तं कुंथुं सुमिणंमि तेण कुंथुजिणो ।**

व्याख्या–[५४]गोहद्धं - मणहरे अब्भुण्णए महिप्पएसे थूहं रयणविचित्तं सुमिणे दट्टुं पडिबुद्धा तेण से कुंथुत्ति णामं कयं । इदानीं अरो, तत्र–'*सर्वोत्तमे महासत्त्वकुले य उपजायते । तस्याभिवृद्धये वृद्धैरसावर उदाहृतः ॥१॥*' [५५]तत्थ सव्वेऽवि सव्वुत्तमे कुले विद्धिकरा एव जायंति, विसेसो पुण–

**सुमिणे अरं महरिहं पासइ जणणी अरो तम्हा ॥१०८८॥**

व्याख्या–[५६]पच्छद्धं - गब्भगए सुमिणे सव्वरयणमओ अइसुंदरो अइप्पमाणो य जम्हा अरओ दिट्ठो तम्हा अरोत्ति से णामं कयंति गाथार्थः ॥१०८८॥

[५७]इदानीं मल्लित्ति, इह परिषहादिमल्लजयात्प्राकृतशैल्या छान्दसत्वाच्च मल्लिः, [५८]तत्थ सव्वेहिंपि

---

હવે કુંથુ → તેમાં કુ એટલે પૃથ્વી. તેને વિષે રહેલા હોવાથી કુસ્થ (વ્યાકરણના નિયમથી કુન્થુ શબ્દ બન્યો.) આ સામાન્યલક્ષણ છે. સર્વ તીર્થંકરો કુસ્થ જ છે માટે વિશેષ કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- માતા મનોહર, ઉન્નત એવા ભૂમિપ્રદેશ ઉપર (રહેલા) રત્નોથી યુક્ત સ્તૂપને સ્વપ્નમાં જોઈને જાગ્યા તે કારણથી પ્રભુનું નામ કુંથુ પડ્યું.

હવે અરનાથ → તેમાં "સર્વોત્તમ અને મહાસત્ત્વશાળી જીવોના કુલમાં તે કુલની અભિવૃદ્ધિ માટે (તીર્થંકર) જન્મ લે છે. તેથી વૃદ્ધો (તીર્થંકરને) 'અર' કહે છે. ॥૧॥ " (આશય એવો લાગે છે કે જેમ ગાડાના પૈડાનું મુખ્ય અંગ આર છે તેમ તે કુલની અભિવૃદ્ધિનું મુખ્ય કારણ પ્રભુ હોવાથી પ્રભુને 'અર' કહેવાય છે.) સર્વ તીર્થંકરો સર્વોત્તમ-કુલમાં વૃદ્ધિને કરનારા તરીકે જ જન્મ લે છે. તેથી વિશેષકારણ કહે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) માતા સ્વપ્નમાં મહામૂલ્યવાન્ એવા આરાને જુએ છે તે કારણથી અર નામ પડ્યું.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં માતાએ સ્વપ્નમાં સર્વરત્નમય અત્યંતસુંદર અને મોટા પ્રમાણવાળો આર (ગાડાના પૈડાનું લાકડું) જોયો. તેથી અર નામ પાડવામાં આવ્યું. (સંસ્કૃતમાં અર બોલાય, ગુજરાતીમાં આર બોલાય.) ॥૧૦૮૮॥

હવે મલ્લિ → પરિષહાદિ મલ્લોનો જય કરેલો હોવાથી પ્રભુ મલ્લિ કહેવાયા. અહીં

---

५२. इदानीं कुन्थुः, ५३. सामान्यं सर्वेऽप्येवंविधाः, विशेषः पुनः– ५४. गाथार्धं - मनोहरेऽभ्युन्नते महीप्रदेशे स्तूपं रत्नविचित्रं स्वप्ने दृष्ट्वा प्रतिबुद्धा तेन तस्य कुन्थुरिति नाम कृतं । इदानीमरः । ५५. तत्र सर्वेऽपि सर्वोत्तमे कुले वृद्धिकरा एव जायन्ते, विशेषः पुनः–५६. पश्चार्धं - गर्भगते मात्रा स्वप्ने सर्वरत्नमयोऽतिसुन्दरोऽतिप्रमाणश्च यस्मादरको दृष्टस्तस्मादर इति तस्य नाम कृतमिति । ५७. इदानीं मल्लिरिति । ५८. तत्र सर्वैरपि

[५९]परीसहमल्ला रागदोसा य णिहयत्ति सामण्णं, विसेसो—

वरसुरहिमल्लसयणंमि डोहलो तेण होइ मल्लिजिणो ।

व्याख्या—([६०]गाहद्धं) गब्भगए माऊए सव्वोउगवरसुरहिकुसुममल्लसयणिज्जो दोहलो जाओ, सो य देवयाए पडिसंमाणिओ दोहलो, तेण से मल्लित्ति णामं कयं । इदानीं मुणिसुव्वयोत्ति—तत्र मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः तथा शोभनानि व्रतान्यस्येति सुव्रतः मुनिश्चासौ सुव्रतश्चेति मुनिसुव्रतः, [६१]सव्वे सुमुणियसव्वभावा सुव्वया यत्ति सामण्णं, विसेसो—

जाया जणणी जं सुव्वयत्ति मुणिसुव्वओ तम्हा ॥१०८९॥

व्याख्या—([६२]पच्छद्धं) गब्भगए णं माया अईव सुव्वया जायत्ति तेण मुणिसुव्वओत्ति णामं, गाथार्थः ॥१०८९॥

[६३]इयाणीं णमित्ति तत्र प्राकृतशैल्या छान्दसत्वाल्लक्षणान्तरसम्भवाच्च परिषहोपसर्गादिनमना-

---

પ્રાકૃતશૈલીથી અને છાન્દસ પ્રયોગ હોવાથી મલ્લિ શબ્દ બન્યો છે. તેમાં સર્વ તીર્થંકરોએ પણ પરિષહરૂપ મલ્લ અને રાગ-દ્વેષ જીત્યા છે. તેથી આ સામાન્યલક્ષણ છે. વિશેષ હવે જણાવે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં માતાને સર્વ ઋતુઓમાં ઉત્કૃષ્ટ સુરભિગંધવાળા પુષ્પોમાંથી બનેલી માળાઓરૂપ શય્યામાં સુવાનો મનોરથ થયો, જે દેવતાએ પૂર્ણ કર્યો. તેથી તેમનું નામ મલ્લિ પડ્યું.

હવે મુનિસુવ્રત → જે જગતની ત્રણ કાલની અવસ્થાને માને તે મુનિ. તથા શોભન છે વ્રતો જેમને તે સુવ્રત. મુનિ એવા તે સુવ્રત તે મુનિસુવ્રત. સર્વ તીર્થંકરોએ સર્વ ભાવો (જગત્વર્તી સર્વ પદાર્થો) સારી રીતે જાણેલા છે અને બધા તીર્થંકરો સુવ્રત જ હોવાથી નામનું આ સામાન્ય કારણ છે. તેથી હવે વિશેષ જણાવે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં માતા અત્યંત સુવ્રતા થઈ. માટે પ્રભુનું મુનિસુવ્રત નામ પડ્યું. ॥૧૦૮૯॥

હવે નમિ → તેમાં પ્રાકૃતશૈલીથી, છાન્દસપ્રયોગ હોવાથી અને અન્યલક્ષણનો સંભવ હોવાથી 'નમ્' ધાતુનું નમિ રૂપ સિદ્ધ થયું છે. પરિષહોપસર્ગાદિને દૂર કરનારા હોવાથી નમિ નામ પડ્યું. (કોઈ અહીં પ્રશ્ન કરે છે કે - પાણિનિવ્યાકરણ પ્રમાણે 'નમિ' રૂપ સિદ્ધ થતું ન

---

५९. परीषहमल्ला रागदोषाश्च निहता इति सामान्यं, विशेषः । ६०. (गाथार्थं) गर्भगते मातुः सर्वर्तुकवरसुरभिकुसुममाल्यशयनीये दोहदो जातः, स च देवतया प्रतिसन्मानीतो दोहदः, तेन तस्य मल्लिरिति नाम कृतं । इदानीं मुनिसुव्रत इति । ६१. सर्वे सुमुणितसर्वभावाः सुव्रताश्चेति सामान्यं, विशेषः । ६२. (पश्चार्धं) गर्भगते माताऽतीव सुव्रता जातेति तेन मुनिसुव्रत इति नाम । ६३. इदानीं नमिरिति ।

**न्नमिरिति । तथा चाष्टौ व्याकरणान्यैन्द्रादीनि लोकेऽपि साम्प्रतमभिधानमात्रेण प्रतीतान्येव, अतः कतिपयशब्दविषयलक्षणाभिधानतुच्छे पाणिनिमत एव नाग्रहः कार्य इति, व्यासादिप्रयुक्त-शब्दानामपि तेनासिद्धेः, न च ते ततोऽपि शब्दशास्त्रानभिज्ञा इति, कृतं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः । [६४]तत्थ सव्वेहिंवि परीसहोवसग्गा णामिया कसाय( या य )त्ति सामण्णं, विसेसो–**

---

હોવાથી 'નમિ' શબ્દપ્રયોગ યોગ્ય નથી. આ પ્રશ્ન સામે ટીકાકાર સમાધાન આપતાં કહે છે કે) પાણિનિવ્યાકરણ સિવાય ઇન્દ્રાદિ આઠ વ્યાકરણોના પણ વર્તમાનમાં (જે સમયે ટીકાની રચના થઈ તે સમયે) નામો લોકમાં સંભળાય છે. તેથી કેટલાક શબ્દના કેટલાક અર્થો, અને કેટલાક જ લક્ષણોને જણાવનાર હોવાથી અલ્પપ્રમાણવાળા એવા પાણિનિમતમાં જ આગ્રહ કરવો યોગ્ય નથી. (આશય એ છે કે પાણિનિવ્યાકરણમાં કેટલાક શબ્દોનું જ કથન કરેલું છે, સર્વ શબ્દોનો સમાવેશ થયો નથી. વળી, તે શબ્દોના કેટલાક જ અર્થો અને કેટલાક જ લક્ષણો જણાવ્યા છે, પણ એના સિવાયના લક્ષણો જણાવ્યા નથી.

**પૂર્વપક્ષ :-** બીજા લક્ષણો છે, એવું તમે કેવી રીતે જાણ્યું ?

**સમાધાન :-** વર્તમાનમાં તે સિવાયના બીજા ઇન્દ્રાદિ આઠ વ્યાકરણોના નામો પણ સંભળાય છે. જે ભૂતકાળમાં વિદ્યમાન હતા અત્યારે નથી. સંભવિત છે કે તેમાં એવાં લક્ષણો પણ આપ્યાં હોય કે જે પાણિનિમાં ન હોય, તેથી પાણિનિ પ્રમાણે ભલે રૂપ સિદ્ધ થતું ન હોય છતાં એ રૂપ અન્ય વ્યાકરણોમાં આપેલા અન્ય લક્ષણોથી સિદ્ધ થવાનો સંભવ હોવાથી પાણિનિમાં જ આગ્રહ કરવો નહીં.

**પૂર્વપક્ષ :-** તમારું એક નમિ રૂપ સિદ્ધ થતું ન હોવા માત્રથી પાણિનિને તુચ્છ કહેવું શું યોગ્ય છે કે જેથી તેનો આગ્રહ રાખવાનો તમે નિષેધ કરો છો ?

**સમાધાન :-** અહીં તેનું સમાધાન આપતાં ટીકાકાર જણાવે છે કે) વ્યાસમુનિ વિગેરેવડે પ્રયોગ કરાયેલા શબ્દોની પણ પાણિનિવ્યાકરણવડે સિદ્ધિ થતી નથી, તેથી અમે તેમાં આગ્રહ રાખવાનો નિષેધ કરીએ છીએ.

(**પૂર્વપક્ષ :-** વ્યાસમુનિ વિગેરે કદાચ શબ્દશાસ્ત્રને જાણનારા ન હોવાથી અસિદ્ધ શબ્દપ્રયોગ થયો હોય એવું શું સંભવિત નથી ?)

**સમાધાન :-** પાણિનિવ્યાકરણ પ્રમાણે શબ્દોની સિદ્ધિ થતી ન હોવામાત્રથી વ્યાસમુનિ વિગેરે શબ્દશાસ્ત્રને જાણનારા નથી એવું પણ કહેવું ઉચિત નથી. (અર્થાત્ વ્યાસમુનિ વગેરે પણ શબ્દશાસ્ત્રને જાણનારા જ છે અને છતાં એવા પ્રયોગ કરેલા દેખાય છે માટે જણાય છે કે પાણિનિવ્યાકરણમાં અલ્પ લક્ષણાદિ આપેલા છે. તેથી તેમાં જ આગ્રહ રાખવો નહીં.) વધુ પ્રાસંગિક ચર્ચાથી સર્યું. પ્રસ્તુત વાત વિચારીએ - તેમાં સર્વ તીર્થંકરોએ પરિષહ-ઉપસર્ગો અને કષાયો દૂર કરેલા જ હોવાથી નામનું આ સામાન્ય કારણ છે. વિશેષકારણ જણાવે છે ⇨

---

**६४. तत्र सर्वैरपि परीषहोपसर्गा नामिताः कषायाश्च इति सामान्यं, विशेषः –**

पणया पच्चंतनिव्वा दंसियमित्ते जिणंमि तेण नमी ।

व्याख्या–([६५] गाहद्धं) उल्ललिएहिं पच्चंतपत्थिवेहिं णयरे रोहिज्जमाणे अण्णराईहिं देवीए कुच्छिए णमी उववण्णो, ताहे देवीए गब्भस्स पुण्णसत्तीचोइयाए अट्टालमारोढुं सद्धा समुप्पण्णा, आरूढा य दिट्ठा परपत्थिवेहिं, गब्भप्पभावेण य पणया सामंतपत्थिवा, तेण से णमित्ति णामं कयं । इदाणीं णेमी, तत्र धर्मचक्रस्य नेमिवन्नेमिः, [६६] सव्वेवि धम्मचक्कस्स णेमीभूयत्ति सामण्णं, विसेसो–

रिट्ठरयणं च नेमिं उप्पयमाणं तओ नेमी ॥१०९०॥

व्याख्या–([६७] पच्छद्धं) गब्भगए तस्स मायाए रिट्ठरयणामओ महइमहालओ णेमी उप्पयमाणो सुमिणे दिट्ठोत्ति, तेण से रिट्ठणेमित्ति णामं कयं, गाथार्थः ॥१०९०॥

[६८] इदाणीं पासोत्ति, तत्र पूर्वोक्तयुक्तिकलापादेव पश्यति सर्वभावानिति पार्श्वः, पश्यक

---

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- દુષ્ટ, પ્રત્યન્ત (સીમા પ્રદેશે રહેનારા) એવા અન્ય રાજાઓવડે નગર રુંધાયું. તે સમયે નમિપ્રભુ માતાના ગર્ભમાં હતા. ગર્ભની પુણ્યશક્તિથી પ્રેરાયેલ માતાને કિલ્લાની ઉપર ચઢવાની ઇચ્છા થઈ. અને માતા કિલ્લા ઉપર ચઢ્યા. અન્ય રાજાઓએ માતાને જોઈ. ગર્ભના પ્રભાવે (દર્શનમાત્રથી જ) સામંત રાજાઓ નમી પડ્યા. તેથી પ્રભુનું નામ નમિ પડ્યું.

હવે નેમિ → ધર્મરૂપ ચક્રના નેમિ જેવા નેમિ. (અર્થાત્ ગાડાના ચક્રનો ઘેરાવો=ચક્રની ધારાને નેમિ કહેવાય છે. એની જેમ પ્રભુ ધર્મરૂપ ચક્રના નેમિ છે.) સર્વ તીર્થંકરો ધર્મરૂપ ચક્રના નેમિરૂપ જ છે. તેથી વિશેષ જણાવે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં માતાએ સ્વપ્નમાં રિષ્ટરત્નોથી બનાવેલ ઉંચે ઉડતો, મોટા પ્રમાણવાળો નેમિ (ચક્રની ધાર) જોયો. તેથી પ્રભુનું નામ રિષ્ટનેમિ પડ્યું. (રિષ્ટ શબ્દ અમંગળવાચી હોવાથી. તેમાં 'अ' નો પ્રક્ષેપ કરીને 'અરિષ્ટ' શબ્દ થયો. તેથી પ્રભુ અરિષ્ટનેમિ કહેવાયા.) ॥૧૦૯૦॥

હવે પાર્શ્વ → તેમાં સર્વભાવોને જે જુએ છે તે પાર્શ્વ, અહીં પૂર્વે કહેવાયેલ યુક્તિના સમૂહથી જ=પ્રાકૃતશૈલી, છાન્દસપ્રયોગ અને લક્ષણાન્તરનો સંભવ હોવાથી 'પાર્શ્વ' શબ્દ બન્યો

---

६५. (गाथार्धं) दुर्ललितैः प्रत्यन्तपार्थिवैर्नगरे रुध्यमानेऽन्यराजभिः देव्याः कुक्षौ नमिरुत्पन्नः, तदा देव्या गर्भस्य पुण्यशक्तिचोदिताया अट्टालकमारोढुं श्रद्धा समुत्पन्ना, आरूढा च दृष्टा परपार्थिवैः, गर्भप्रभावेण च प्रणताः सामन्तपार्थिवाः, तेन तस्य नमिरिति नाम कृतं । इदानीं नेमिः । ६६. सर्वेऽपि धर्मचक्रस्य नेमीभूता इति सामान्यं, विशेषः । ६७. (पश्चार्धं) गर्भगते तस्य मात्रा रिष्टरत्नमयो महातिमहालयो नेमिरुत्पतन् स्वप्ने दृष्ट इति, तेन तस्य रिष्टनेमिरिति नाम कृतम् । ६८. इदानीं पार्श्व इति ।

इति चान्ये, [६९]तत्थ सव्वेऽवि सव्वभावाणं जाणगा पासगा यत्ति सामण्णं, विसेसो पुण–

**सप्पं सयणे जणणी तं पासइ तमसि तेण पासजिणो ।**

व्याख्या–( [७०]गाहद्धं ) गब्भगए भगवंते तेलोक्कबंधवे सत्तसिरं णागं सयणिज्जे णिविज्जणे माया से सुविणे दिट्ठत्ति, तहा अंधकारे सयणिज्जगयाए गब्भप्पभावेण य एंतं सप्पं पासिऊणं रण्णो सयणिज्जे णिग्गया बाहा चडाविया भणिओ य-एस सप्पो वच्चइ, रण्णा भणियं-कहं जाणसि ?, भणइ-पेच्छामि, दीवएण पलोइओ, दिट्ठो य सप्पो, रण्णा चिंता–गब्भस्स एसो अइसयप्पहावो जेण एरिसे तिमिरांधयारे पासइ, तेण पासोत्ति णामं कयं । इदाणीं वद्धमाणो, तत्रोत्पत्तेरारभ्य ज्ञानादिभिर्वर्द्धत इति वर्द्धमानः, [७१]तत्थ सव्वेवि णाणाइगुणेहिं वड्ढइत्ति, विसेसो पुण–

**वड्ढइ नायकुलंति अ तेण जिणो वद्धमाणुत्ति ॥१०९१॥**

व्याख्या–[७२]गब्भगएण भगवया णायकुलं विसेसेण धणेण वड्ढियाइयं तेण से णामं कयं वद्धमाणेत्ति, गाथार्थः ॥१०९१॥

---

છે. કેટલાક 'પશ્યક' શબ્દ કહે છે. તેમાં સર્વ તીર્થંકરો સર્વ ભાવોને જાણનારા અને જોનારા છે તેથી આ સામાન્યકારણ છે. માટે હવે વિશેષને કહે છે ➾

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ત્રણ લોકના બંધુ સમાન પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાએ નિર્જન શય્યાને વિષે રહેલા સપ્તફણાવાળા સાપને સ્વપ્નમાં જોયો. તથા શય્યાને વિષે રહેલી માતાએ અંધકારમાં ગર્ભના પ્રભાવે પોતાની તરફ આવતા સાપને જોઈને શય્યામાંથી બહાર નીકળેલા રાજાના હાથને પાછો ઉપર ચઢાવ્યો અને કહ્યું કે - "સાપ જાય છે." રાજાએ પૂછ્યું "કેવી રીતે તે જાણ્યું ?" દેવીએ કહ્યું - "મને દેખાય છે." રાજાએ દીપકનો પ્રકાશ કરીને સાપને જોયો. રાજાને વિચાર આવ્યો કે - "આ ગર્ભનો જ વિશિષ્ટપ્રભાવ છે કે જે આવા ગાઢ અંધકારમાં પણ જુએ છે." તેથી પ્રભુનું નામ પાર્શ્વ પડ્યું.

હવે વર્ધમાન → જન્મથી લઈને જે જ્ઞાનાદિવડે વધે તે વર્ધમાન. સર્વ તીર્થંકરો જ્ઞાનાદિ-ગુણોવડે વૃદ્ધિ પામે છે. તેથી વિશેષ જણાવે છે ➾

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રભુના ગર્ભમાં આવતાં ધનવડે જ્ઞાતકુલ વિશેષે કરીને વધવા લાગ્યું. તેથી

---

६९. तत्र सर्वेऽपि सर्वभावानां ज्ञायकाः पश्यकाश्चेति सामान्यं, विशेषः पुनः । ७०. ( गाथार्धं ) गर्भगते भगवति त्रैलोक्यबान्धवे सप्तशिरसं नागं शयनीये निर्विजने माता दृष्टवती तस्य स्वप्न इति, तथाऽन्धकारे शयनीयगतया गर्भप्रभावेण चागच्छन्तं सर्पं दृष्ट्वा राज्ञः शयनीयान्निर्गतो बाहुश्चटापितो भणितश्च-एष सर्पो व्रजति, राज्ञा भणितं-कथं जानासि ?, भणति-पश्यामि, दीपेन प्रलोकितः, दृष्टश्च सर्पः, राज्ञश्चिन्ता–गर्भस्य एषोऽतिशयप्रभावो येनेदृशे तिमिरान्धकारे पश्यति, तेन पार्श्व इति नाम कृतम् । इदानीं वर्धमानः । ७१. तत्र सर्वेऽपि ज्ञानादिगुणैर्वर्धन्त इति विशेषः पुनः– ७२. गर्भगतेन भगवता ज्ञातकुलं विशेषेण धनेन वर्धितं तेन तस्य नाम कृतं वर्धमान इति ।

एवमेतावता ग्रन्थेन तिस्रोऽपि मूलसूत्रगाथा व्याख्याता इति ॥ अधुना सूत्रगाथैव-

**एवं मए अभिथुआ विहुयरयमला पहीणजरमरणा ।**

**चउवीसंपि जिणवरा तित्थयरा मे पसीयंतु ॥५॥ (सू.)**

**अस्या व्याख्या–'एवम्' अनन्तरोक्तेन 'मए' इत्यात्मनिर्देशमाह, 'अभिष्टुता' इति आभिमुख्येन स्तुता अभिष्टुता इति, स्वनामभिः कीर्तिता इत्यर्थः, किंविशिष्टास्ते ?- 'विधूतरजोमलाः' तत्र रजश्च मलश्च रजोमलौ विधूतौ-प्रकम्पितौ अनेकार्थत्वाद्वा अपनीतौ रजोमलौ यैस्ते तथाविधाः, तत्र बध्यमानं कर्म रजो भण्यते पूर्वबद्धं तु मल इति, अथवा बद्धं रजः निकाचितं मलः, अथवेर्यापथं रजः साम्परायिकं मल इति, यत एवैवम्भूता अत एव प्रक्षीणजरामरणाः, कारणाभावादित्यर्थः, तत्र जरा–वयोहानिलक्षणा मरणं तु प्राणत्याग-लक्षणं, प्रक्षीणे जरामरणे येषां ते तथाविधाश्चतुर्विंशतिरपि, अपिशब्दात्तदन्येऽपि, 'जिनवराः' श्रुतादिजिनप्रधानाः, ते च सामान्यकेवलिनोऽपि भवन्ति अत आह–तीर्थकरा इति, एतत्समानं पूर्वेण, 'मे' मम, किं ?-'प्रसीदन्तु' प्रसादपरा भवन्तु, स्यात्–"*क्षीणक्लेशत्वान्न पूजकानां***

---

વર્ધમાન નામ પડ્યું. ॥૧૦૯૧॥ આ પ્રમાણે આટલા શ્લોકોવડે મૂળસૂત્રની ત્રણે ગાથાઓનું વ્યાખ્યાન કર્યું.

અવતરણિકા :- હવે સૂત્રગાથા જ જણાવે છે ⇨

**સૂત્રાર્થ :- આ પ્રમાણે મારાવડે સ્તવના કરાયેલા, રજ અને મલ વિનાના, નાશ પામ્યા છે જરા-મરણ જેમના, જિનોમાં ઉત્તમ એવા ચોવીસે તીર્થંકરો મારી ઉપર પ્રસન્ન થાઓ.**

ટીકાર્થ :- હમણાં જ કહેવાયેલા પ્રકારે, 'મારાવડે' આ શબ્દ પોતાને જ જણાવનારો છે. અભિમુખ્યતાએ સ્તવના કરાયેલા અર્થાત્ સ્વનામોવડે કીર્તન કરાયેલા, પાછા કેવા ? તો કે - 'વિધૂતરજમલ' અર્થાત્ દૂર કરાયેલા છે રજ અને મલ જેમનાવડે તેવા, અહીં બધ્યમાન કર્મો રજ તરીકે અને પૂર્વબદ્ધ કર્મો મલ તરીકે જાણવા. અથવા બદ્ધકર્મો રજ તરીકે અને નિકાચિત કર્મો મલ તરીકે જાણવા. અથવા ઈર્યાપથિક કર્મ (૧૧મા વિગેરે ગુણસ્થાનકે યોગપ્રત્યયિક જે કર્મ બંધાય તે) રજ તરીકે અને સામ્પરાયિક કર્મ (૧૦મા ગુણસ્થાનક સુધી કષાયપ્રત્યયિક જે બંધાય તે) મલ તરીકે જાણવા. જે કારણથી વિધૂતરજમલ છે તે કારણથી જ પ્રક્ષીણજરામરણ છે, અર્થાત્ કારણનો અભાવ થવાથી જરા-મરણ જેના નાશ પામ્યા છે તેવા, અહીં જરા એટલે ઉંમરહાનિ=વૃદ્ધાવસ્થા અને મરણ એટલે પ્રાણનો ત્યાગ થવો. નાશ પામ્યા છે જરા-મરણ જેમનાં તે પ્રક્ષીણજરા-મરણ (એ પ્રમાણે સમાસ જાણવો.), ચોવીસે પણ, અહીં 'પણ' શબ્દથી ચોવીસ સિવાયના અન્ય તીર્થંકરો પણ ગ્રહણ કરવા. જિનવર એટલે શ્રુતજિન, અવધિજિન વિગેરે જિનોમાં પ્રધાન. આવા તો સામાન્ય કેવલિઓ પણ હોઈ શકે છે. તેથી કહે છે કે - તીર્થંકરો, અહીં તીર્થંકરશબ્દની વ્યાખ્યા પૂર્વે જે કરી તેને સમાન જ છે. મારા પર શું ? પ્રસાદપર થાઓ (અર્થાત્ મારી ઉપર પ્રસન્ન થાઓ, અહીં ટીકાનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.)

શંકા :- "ક્લેશ ક્ષીણ થયેલ હોવાથી જ તીર્થંકરો પૂજકોને=ભક્તોને પ્રસાદ આપનારા

*प्रसाददास्ते हि । तच्च न यस्मात्तेन पूज्याः क्लेशक्षयादेव ॥१॥ यो वस्तुतः प्रसीदति रोषमवश्यं स याति निन्दायाम् । सर्वत्रासमचित्तश्च सर्वहितदः कथं स भवेत् ? ॥२॥ तीर्थकरास्त्विह यस्माद्रागद्वेषक्षयात्त्रिलोकविदः । स्वात्मपरतुल्यचित्ताश्चातः सद्भिः सदा पूज्याः ॥३॥ शीतार्दितेषु च यथा द्वेषं वह्निर्न याति रागं वा । नाऽऽह्वयति वा तथाऽपि च तमाश्रिताः स्वेष्टमश्नुवते ॥४॥ तद्वत्तीर्थकरान् ये त्रिभुवनभावप्रभावकान् भक्त्या । समुपाश्रिता जनास्ते भवशीतमपास्य यान्ति शिवम् ॥५॥"* एतदुक्तं भवति—यद्यपि ते रागादिरहितत्वान्न प्रसीदन्ति तथापि तानुद्दिश्याचिन्त्यचिन्तामणिकल्पानन्तःकरणशुद्ध्या अभिष्टवकर्तॄणां तत्पूर्विकैवाभिलषितफलावाप्तिर्भवतीति गाथार्थः ॥५॥ तथा-

**कित्तियवंदियमहिआ जेए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु ॥६॥ (सू०)**

इयमपि सूत्रगाथैव, अस्या व्याख्या—कीर्तिताः-स्वनामभिः प्रोक्ताः वन्दिताः-त्रिविधयोगेन सम्यक्स्तुताः मयेत्यात्मनिर्देशे, महिता इति वा पाठान्तरमिदं च, महिताः-पुष्पादिभिः पूजिताः,

---

નથી. (તેથી તેઓ પૂજ્ય પણ નથી.)

**સમાધાન :-** આ વાત ખોટી છે કારણ કે ક્લેશનો ક્ષય થવાથી જ તેઓ પૂજ્ય છે. ॥૧॥ જે (પ્રશંસા થતા) ખરેખર પ્રસન્ન થાય છે તે અવશ્ય નિંદા થતા દ્વેષ પામે છે. અને માટે સર્વત્ર અસમચિત્તવાળા તે સર્વનું હિત કરનારા કેવી રીતે થાય? (અર્થાત્ ન થાય.) ॥૨॥ જ્યારે ત્રિલોકને જાણનારા તીર્થંકરો તો જે કારણથી રાગ-દ્વેષનો ક્ષય થવાથી સ્વાત્મા અને પરને વિષે તુલ્ય ચિત્તવાળા છે, તે કારણથી સજ્જનોવડે સદા પૂજ્ય છે. ॥૩॥ જેમ ઠંડીથી પીડાયેલા લોકોને વિષે વહ્નિ દ્વેષને પામતો નથી કે રાગને પામતો નથી કે તેમને બોલાવતો નથી, તો પણ તે વહ્નિને શરણે ગયેલા લોકો પોતાની ઇચ્છિત વસ્તુને પામે છે. ॥૪॥ તેમ ત્રણભુવનના ભાવોને જાણનારા તીર્થંકરોની ભક્તિવડે ઉપાસના કરનારા લોકો સંસારરૂપ ઠંડીને દૂર કરીને કલ્યાણને=મોક્ષને પામે છે. ॥૫॥" કહેવાનો ભાવાર્થ એ છે કે - જો કે તે તીર્થંકરો રાગાદિથી રહિત હોવાથી પ્રસન્ન થતા નથી, તો પણ અચિન્ત્યચિંતામણિસમાન એવા તેમને ઉદ્દેશીને અંતઃકરણની શુદ્ધિદ્વારા સ્તવના કરનારાઓને શુદ્ધિપૂર્વક જ (અર્થાત્ શુદ્ધિ હોવાથી જ) ઇચ્છિત ફલની પ્રાપ્તિ થાય છે. તથા ⇨

**સૂત્રાર્થ :-** કીર્તન કરાયેલા, વંદાયેલા, પૂજાયેલા એવા જે આ લોકમાં ઉત્તમ સિદ્ધ ભગવંતો છે તેઓ આરોગ્ય માટે બોધિલાભ અને તે માટે ઉત્તમ એવી ભાવસમાધિને આપો.

**ટીકાર્થ :-** આ પણ સૂત્રગાથા જ છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે → કીર્તન કરાયેલા એટલે પોત-પોતાના નામોવડે ઉચ્ચાર કરાયેલા, વંદાયેલા એટલે ત્રિવિધયોગવડે સમ્યક્ સ્તવના કરાયેલા, 'મારાવડે' આ શબ્દ પોતાનો=સ્તુતિ કરનારનો નિર્દેશ કરે છે અથવા 'મહિતા' એ પ્રમાણેનો પાઠાન્તર જાણવો. (અર્થાત્ 'कित्तिय वंदिय मया' અથવા 'कित्तियवंदियमहिआ' આ રીતે બે પાઠો હોવા જોઈએ, તેથી પાઠાન્તર કહ્યો છે.) 'મહિતા' એટલે પુષ્પો વિગેરેવડે

क एत इत्यत आह-य एते 'लोकस्य' प्राणिलोकस्य मिथ्यात्वादिकर्ममलकलङ्काभावेनोत्तमाः- प्रधानाः, ऊर्ध्वं वा तमस इत्युत्तमसः, 'उत्प्राबल्योर्ध्वगमनोच्छेदनेष्वि'तिवचनात्, प्राकृतशैल्या पुनरुत्तमा उच्यन्ते, 'सिद्धा' इति सितं ध्मातमेषामिति सिद्धाः–कृतकृत्या इत्यर्थः, अरोगस्य भाव आरोग्यं–सिद्धत्वं तदर्थं बोधिलाभः–प्रेत्य जिनधर्मप्राप्तिर्बोधिलाभोऽभिधीयते तं, स चानिदानो मोक्षायैव प्रशस्यत इति, तदर्थमेव च तावत्किं ?, तत आह–समाधानं-समाधिः स च द्रव्यभावभेदाद् द्विविधः, तत्र द्रव्यसमाधिर्यदुपयोगस्वास्थ्यं भवति येषां वाऽविरोध इति, भावसमाधिस्तु ज्ञानादिसमाधानमेव, तदुपयोगादेव परमस्वास्थ्ययोगादिति, यतश्चायमित्थं द्विधाऽतो द्रव्यसमाधिव्यवच्छेदार्थमाह–वरं प्रधानं भावसमाधिमित्यर्थः, असावपि तारतम्यभेदादनेकधैव अत आह–उत्तमं-सर्वोत्कृष्टं ददतु-प्रयच्छन्तु, आह–किं तेषां प्रदानसामर्थ्यमस्ति ?, न,

---

પૂજાયેલા, આ રીતે કીર્તનાદિ કરાયેલા કોણ છે ? તે કહે છે કે - જેઓ જીવોના સમૂહરૂપ લોકમાં મિથ્યાત્વાદિ કર્મમલનો કલંક દૂર થવાથી ઉત્તમ=પ્રધાન છે, અથવા અજ્ઞાનરૂપ અંધકારથી જેઓ ઉપર છે તે ઉત્તમસ, અહીં 'उत् ઉપસર્ગ પ્રાબલ્ય, ઊર્ધ્વગમન અને ઉચ્છેદન અર્થમાં વપરાય છે' એવું વચન હોવાથી उत् નો અર્થ ઊર્ધ્વ કરવામાં આવ્યો છે. ઉત્તમસ શબ્દનું પ્રાકૃતશૈલીથી ઉત્તમ રૂપ થાય છે. સિદ્ધો એટલે सितं=બંધાયેલ કર્મ ध्मातं=નાશ પામ્યું છે જેમનું તે સિદ્ધો એટલે કે કૃતકૃત્યો. (સંપૂર્ણ અન્વય આ પ્રમાણે → કીર્તન કરાયેલા, વંદાયેલા, પૂજાયેલા એવા જેઓ લોકમાં ઉત્તમ છે અથવા જેઓ અંધકારથી ઉપર છે એવા તે સિદ્ધો). અરોગનો જે ભાવ તે આરોગ્ય એટલે કે સિદ્ધત્વ, તે માટે બોધિલાભ. બોધિલાભ એટલે પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ. આવા સિદ્ધત્વ માટેના બોધિલાભને આપો. અને કોઈપણ જાતના નિયાણા વિનાનો બોધિલાભ એ મોક્ષ માટે જ પ્રશંસા કરાયેલો છે (અર્થાત્ મોક્ષ માટે જ થાય છે.)

આવો બોધિલાભ ન મળે ત્યાં સુધી શું ? તેથી કહે છે કે - સમાધાન એટલે સમાધિ (અર્થાત્ ચિત્તનું સ્વાસ્થ્ય.) તે દ્રવ્ય-ભાવના ભેદથી બે પ્રકારે છે. તેમાં જેના ઉપયોગથી ચિત્તનું સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તે દ્રવ્યસમાધિ અથવા જે દ્રવ્યોનો અવિરોધ=સમાધાન હોય (જેમ કે દૂધ અને તેલ એ વિરોધી દ્રવ્ય છે જેને ખાવાથી અસ્વાસ્થ્ય થાય.) તથા જ્ઞાનાદિવડે જે ચિત્તનું સ્વાસ્થ્ય તે ભાવસમાધિ જાણવી, કારણ કે તે જ્ઞાનાદિના ઉપયોગથી જ પરમસ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. આમ જે કારણથી આ સમાધિ બે પ્રકારે છે તે કારણથી દ્રવ્યસમાધિની બાદબાકી કરવા માટે મૂળમાં 'વર' વિશેષણ મૂક્યું છે એટલે પ્રધાન એવી સમાધિ અર્થાત્ ભાવસમાધિ. જો કે આ ભાવસમાધિ પણ તારતમ્યના ભેદથી અનેક પ્રકારની છે માટે મૂળમાં 'ઉત્તમ' વિશેષણ છે. એટલે સર્વોત્કૃષ્ટ ભાવસમાધિને આપો. (સંપૂર્ણ અન્વય → કીર્તનાદિ કરાયેલા એવા સિદ્ધ ભગવંતો મોક્ષ માટેના બોધિલાભને આપો અને તે બોધિલાભ ન મળે ત્યાં સુધી સર્વોત્કૃષ્ટ ભાવસમાધિ=ચિત્તના સ્વાસ્થ્યને આપો.)

શંકા :- શું સિદ્ધભગવંતોનું આ બધું આપવાનું સામર્થ્ય છે ?

किमर्थमेवमभिधीयत इति ?, उच्यते, भक्त्या, वक्ष्यति च–'भासा असच्चमोसा' इत्यादि, नवरं तद्भक्त्या स्वयमेव तत्प्राप्तिरुपजायत इति कृतं विस्तरेणेति गाथार्थः ॥६॥

व्याख्यातं लेशत इदं सूत्रगाथाद्वयम्, अधुना सूत्रस्पर्शिकया प्रतन्यते, तत्राभिष्टवकीर्तनैकार्थिकानि प्रतिपादयन्नाह–

**थुइथुणणवंदणनमंसणाणि एगट्ठिआणि एयाणि ।**
**कित्तण पसंसणावि अ विणयपणामे अ एगट्ठा ॥१०९२॥**

व्याख्या–स्तुतिः स्तवनं वन्दनं नमस्करणम् एकार्थिकान्येतानि, तथा कीर्तनं प्रशंसैव विनयप्रणामौ च एकार्थिकानीति गाथार्थः ॥१०९२॥

साम्प्रतं यदुक्तम् 'उत्तमा' इति तद्व्याचिख्यासुरिदमाह–

**मिच्छत्तमोहणिज्जा नाणावरणा चरित्तमोहाओ ।**
**तिविहतमा उम्मुक्का तम्हा ते उत्तमा हुंति ॥१०९३॥**

व्याख्या–मिथ्यात्वमोहनीयात् तथा ज्ञानावरणात्तथा चारित्रमोहाद् इति, अत्र मिथ्यात्वमोहनीयग्रहणेन दर्शनसप्तकं गृह्यते, तत्रानन्तानुबन्धिनश्चत्वारः कषायास्तथा मिथ्यात्वादित्रयं च, ज्ञानावरणं मतिज्ञानाद्यावरणभेदात् पञ्चविधं, चारित्रमोहनीयं पुनरेकविंशतिभेदं, तच्चानन्ता–

---

સમાધાન :- ના, નથી.

શંકા :- તો શા માટે આ રીતે તમે પ્રાર્થના કરો છો ?

સમાધાન :- ભક્તિવડે આવી પ્રાર્થના કરીએ છીએ, આગળ (ગા. ૧૦૯૫માં) કહેશે કે આ રીતની પ્રાર્થના એ અસત્યામૃષાભાષા છે... વિગેરે. આમ સિદ્ધોનું જો કે દાનસામર્થ્ય નથી પરંતુ તેમના પ્રત્યેની ભક્તિથી સ્વયં જ બોધિલાભાદિની પ્રાપ્તિ થાય છે. વધુ વિસ્તારથી સર્યું. ॥સૂત્ર-૬॥

અવતરણિકા :- સંક્ષેપથી આ બંને સૂત્રગાથાઓ (સૂત્ર ૫-૬)નું વ્યાખ્યાન કર્યું. હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિવડે અર્થ વિસ્તારાય છે. તેમાં સ્તવના અને કીર્તન શબ્દના એકાર્થિક નામોનું પ્રતિપાદન કરતા કહે છે ➪

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- સ્તુતિ, સ્તવન, વંદન અને નમસ્કાર એ ('સ્તવના'શબ્દના) એકાર્થિક નામો છે. તથા કીર્તન, પ્રશંસા, વિનય અને પ્રમાણ એ ('કીર્તન'શબ્દના) એકાર્થિક નામો છે. ॥૧૦૯૨॥

અવતરણિકા :- હવે પૂર્વે જે 'ઉત્તમ' કહ્યું, તેની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા કહે છે ➪

**ગાથાર્થ :- મિથ્યાત્વમોહનીય, જ્ઞાનાવરણ અને ચારિત્રમોહનીય આ ત્રણ પ્રકારના અંધકારથી મૂકાયેલા હોવાથી તેઓ ઉત્તમ છે.**

ટીકાર્થ :- મિથ્યાત્વમોહનીયથી તથા જ્ઞાનાવરણથી તથા ચારિત્રમોહનીયથી, અહીં મિથ્યાત્વમોહનીયના ગ્રહણથી દર્શનસપ્તક એટલે કે અનંતાનુબંધી ચાર કષાયો, અને મિથ્યાત્વાદિત્રિક ગ્રહણ કરેલ છે. જ્ઞાનાવરણ એ મતિજ્ઞાનાદિના આવરણના ભેદથી પંચવિધ જાણવું. તથા

नुबन्धिरहिता द्वादश कषायास्तथा नव नोकषाया इति, अस्मादेव यतस्त्रिविधतमसः, किम् ?- उन्मुक्ताः-प्राबल्येन मुक्ताः, पृथग्भूता इत्यर्थः, तस्मात्ते भगवन्तः, किम् ?, उत्तमा भवन्ति, ऊर्ध्वं तमोवृत्तेरिति गाथार्थः ॥१०९३॥

साम्प्रतं यदुक्तं 'आरोग्यबोधिलाभ'मित्यादि, अत्र भावार्थमविपरीतमनवगच्छन्नाह—

**आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं च मे दिंतु ।**
**किं नु हु निआणमेअं ति ?, विभासा इत्थ कायव्वा ॥१०९४॥**

व्याख्या—आरोग्याय बोधिलाभः आरोग्यबोधिलाभस्तं, भावार्थः प्रागुक्त एव, तथा समाधिवरमुत्तमं च 'मे' मम ददत्विति यदुक्तम्, अत्र काक्वा पृच्छति-'किं नु हु णियाणमेअं' ति तत्र किमिति परप्रश्ने, नु इति वितर्के, हु तत्समर्थने, निदानमेतदिति ?,—यदुक्तमारोग्यादि ददतु, यदि निदानमलमनेन, सूत्रे प्रतिषिद्धत्वात्, न चेद् व्यर्थमेवोच्चारणमिति, गुरुराह— 'विभासा एत्थ कायव्व' त्ति विविधा भाषा विभाषा—विषयविभागव्यवस्थापनेन व्याख्येत्यर्थः, अत्र कर्तव्या, इयमिह भावना—नेदं निदानं, कर्मबन्धहेतुत्वाभावात्, तथाहि—मिथ्यादर्शनाविरति-

---

ચારિત્રમોહનીય એ અનંતાનુબંધી સિવાયના બાર કષાયો અને નવ નોકષાયો મળી એકવીસ પ્રકારનું જાણવું. જે કારણથી આ ત્રણ પ્રકારના અંધકારથી શું છે ? તે કહે છે – ઉન્મુક્ત છે અર્થાત્ પ્રબળતાથી (=અત્યંત) મુક્ત થયા છે, તે કારણથી તે સિદ્ધ ભગવંતો ઉત્તમ છે, કારણ કે તેઓ તમોવૃત્તિથી ઊર્ધ્વ ઊઠેલા છે. ॥૧૦૯૩॥

અવતરણિકા :- હવે જે કહ્યું હતું કે 'આરોગ્યબોધિલાભ'... વિગેરે, આ વિષયમાં સમ્યગ્ ભાવાર્થને નહીં જાણતો પૂર્વપક્ષ કહે છે ⇨

ગાથાર્થ :- "આરોગ્યબોધિલાભ અને ઉત્કૃષ્ટ એવી ભાવસમાધિ મને આપો" શું આ નિયાણું છે ? આ વિષયમાં વિષયવિભાગની વ્યવસ્થાવડે વ્યાખ્યા કરવા યોગ્ય છે.

ટીકાર્થ :- "આરોગ્ય માટેનો જે બોધિલાભ તે આરોગ્યબોધિલાભ. ભાવાર્થ પૂર્વે કહેવાઈ ગયો જ છે. તથા ઉત્તમ વરસમાધિ મને આપો" એવું જે પૂર્વે કહ્યું, એ વિષયમાં પૂર્વપક્ષ અર્થાપત્તિથી પ્રશ્ન પૂછે છે કે- "किं नु हु णियाणमेअं ?" અહીં 'किं' એ પૂર્વપક્ષનો પ્રશ્ન જણાવનાર છે. 'नु' એ વિતર્કમાં છે (અર્થાત્ પૂર્વપક્ષનો એક વિચાર જણાવનાર છે.) 'हु' એ પૂર્વપક્ષના વિચારનું સમર્થન કરનાર છે. (અર્થાત્ પૂર્વપક્ષ એમ જ માને છે કે આ નિયાણું જ હોવું જોઈએ.) 'આરોગ્યબોધિલાભાદિ આપો' એવું જે કહ્યું એ શું નિયાણું છે ? જો નિયાણું હોય તો એનાથી સર્યું, કારણ કે સૂત્રમાં નિયાણું કરવાનો નિષેધ છે. (માટે તમારું આ ઉચ્ચારણ એ વ્યર્થ લાગે છે.)

**સમાધાન** :- આ વ્યર્થ ઉચ્ચારણ નથી. અહીં વિભાષા કરવા યોગ્ય છે, અર્થાત્ વિષયના વિભાગોની વ્યવસ્થા કરવાવડે વ્યાખ્યા કરવા યોગ્ય છે. અહીં ભાવાર્થ એ છે કે આ રીતની પ્રાર્થના એ કર્મબંધનું કારણ ન હોવાથી નિયાણારૂપ નથી.

(શંકા :- તે કર્મબંધનું કારણ કેમ નથી ?)

प्रमादकषाययोगा बन्धहेतवः, न च मुक्तिप्रार्थनायाममीषामन्यतरस्यापि सम्भव इति, न च व्यर्थमेव तदुच्चारणमिति, ततोऽन्तःकरणशुद्धेरिति गाथार्थः ॥१०९४॥

आह–न नामेदमित्थं निदानं, तथापि तु दुष्टमेव, कथम् ?, इह स्तुत्या आरोग्यादिप्रदातारः स्युर्न वा ?, यद्याद्यः पक्षस्तेषां रागादिमत्त्वप्रसङ्गः, अथ चरमः तत आरोग्यादिप्रदानविकला इति जानानस्यापि प्रार्थनायां मृषावाददोषप्रसङ्गः इति, न, इत्थं प्रार्थनायां मृषावादायोगात्, तथा चाह–

भासा असच्चमोसा नवरं भत्तीइ भासिआ एसा ।
न हु खीणपिज्जदोसा दिंति समाहिं च बोहिं च ॥१०९५॥

व्याख्या–भाषा असत्यामृषेयं वर्तते, सा चामन्त्रण्यादिभेदादनेकविधा, तथा चोक्तम्– "[७३]आमंतणि आणवणी जायणि तह पुच्छणी य पन्नवणी । पच्चक्खाणी भासा भासा इच्छाणुलोमा य ॥१॥ अणभिग्गहिया भासा भासा य अभिग्गहंमि बोद्धव्वा । संसयकरणी भासा वोयड अव्वोयडा चेव ॥२॥" इत्यादि, तत्रेह याचन्याऽधिकार इति, यतो याञ्चायां

સમાધાન :- કારણ કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ બંધના કારણો છે. અને મુક્તિની પ્રાર્થનામાં આમાંના એકપણ કારણનો સંભવ નથી માટે કર્મબંધનું કારણ નથી.

શંકા :- જો આ રીતે તે નિયાણું નથી તો પછી આવું ઉચ્ચારણ એ તો વ્યર્થ જ ગણાય.

સમાધાન :- ના, આ પ્રાર્થનાથી અંતઃકરણની શુદ્ધિ થતી હોવાથી એ ઉચ્ચારણ વ્યર્થ બનતું નથી. ॥૧૦૯૪॥

અવતરણિકા :- શંકા :- (ચલો માની લઈએ કે ) આ પ્રમાણે આ નિયાણું નથી છતાં એ દુષ્ટ જ છે. કેમ ? કારણ કે આવી સ્તુતિવડે તેઓ આરોગ્યાદિને આપનારા થાય છે કે નથી થતા ? જો કહો કે થાય છે, તો તેઓ રાગાદિમાન્ છે એવું માનવાનો પ્રસંગ આવે. હવે જો કહો કે 'નથી આપતા' તો 'આરોગ્યાદિનું દાન કરતા નથી' એવું જાણવા છતાં આવી પ્રાર્થના કરવામાં મૃષાવાદરૂપ દોષનો પ્રસંગ આવે.

સમાધાન :- આવા પ્રકારની પ્રાર્થનામાં મૃષાવાદનો યોગ થતો ન હોવાથી તમારી શંકા યોગ્ય નથી. કહ્યું છે ⇨

**ગાથાર્થ :- આ પ્રાર્થના એ અસત્યામૃષા ભાષા છે, છતાં ભક્તિથી બોલાયેલી છે. રાગ-દ્વેષનો ક્ષય કરનારા સિદ્ધો કંઈ સમાધિ અને બોધિ આપતા નથી.**

ટીકાર્થ :- આ અસત્યામૃષા છે અને તે આમંત્રણી વિગેરે અનેક પ્રકારની છે. કહ્યું છે – "આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છની, પ્રજ્ઞાપની, પ્રત્યાખ્યાની, ઇચ્છાનુલોમા ॥૧॥ અનભિગૃહીતા, અભિગૃહીતા, સંશયકરણી, પ્રગટભાષા અને અપ્રગટભાષા ॥૨॥ વિગેરે.

७३. आमन्त्रणी आज्ञापनी याचनी तथा प्रच्छनी च प्रज्ञापनी । प्रत्याख्यानी भाषा भाषेच्छानुलोमा च ॥१॥ अनभिगृहीता भाषा भाषा चाभिग्रहे बोद्धव्या । संशयकरणी भाषा व्याकृताऽव्याकृतैव ॥२॥

वर्तते, यदुत–'आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु' त्ति । आह–रागादिरहितत्वादारोग्यादिप्रदानविकलास्ते, ततश्च किमनयेति ?, उच्यते, सत्यमेतत्, नवरं भक्त्या भाषितैषा, अन्यथा नैव 'क्षीणप्रेमद्वेषाः' क्षीणरागद्वेषा इत्यर्थः, 'ददति' प्रयच्छन्ति, किं न प्रयच्छन्ति ?, अत आह–समाधिं च बोधिं चेति गाथार्थः ॥१०९५॥

किं च–

जं तेहिं दायव्वं तं दिन्नं जिणवरेहिं सव्वेहिं ।
दंसणनाणचरित्तस्स एस तिविहस्स उवएसो ॥१०९६॥

व्याख्या–यत्तैर्दातव्यं तद्दत्तं जिनवरैः 'सर्वैः' ऋषभादिभिः पूर्वमेव, किं च दातव्यं ?– दर्शनज्ञानचारित्रस्य सम्बन्धिभूतः आरोग्यादिप्रसाधक एष त्रिविधस्योपदेशः, इह च दर्शनज्ञानचारित्रस्येत्युक्तं, मा भूदिदमेकमेव कस्यचित्सम्प्रत्यय★ इत्यतस्तद्व्युदासार्थं त्रिविधस्येत्याहेति गाथार्थः ॥१०९६॥

आह–यदि नाम दत्तं ततः किं साम्प्रतमभिलषितार्थप्रसाधनसामर्थ्यरहितास्ते ?, ततश्च

(ટીપ્પણી + દશવૈ. અ.-૭, નિ. ગા. ૨૭૬-૨૭૭) તેમાં અહીં યાચની એવી ભાષાવડે અધિકાર છે, કારણ કે 'આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ સમાધિવર આપો' એ પ્રાર્થના યાચની ભાષા છે.

શંકા :- રાગાદિરહિત હોવાથી તે ભગવંતો આરોગ્યાદિનું દાન આપનાર નથી. તો આવી યાચના શા માટે કરવી ?

સમાધાન :- તમારી વાત સાચી છે. પરંતુ આ ભાષા ભક્તિવડે બોલાયેલી જાણવી. બાકી ક્ષીણરાગ-દ્વેષ એવા ભગવંતો આપતા નથી. શું આપતા નથી ? તે કહે છે- સમાધિ અને બોધિ આપતા નથી. (કહેવાનો આશય એ છે કે પ્રભુ રાગ-દ્વેષ વિનાના હોવાથી સમાધિ અને બોધિ આપવાના નથી, છતાં જે પ્રાર્થના કરાય છે તે પાછળ ભક્તિ સિવાય બીજું કોઈ કારણ નથી.) ॥૧૦૯૫॥ વળી,

ગાથાર્થ :- જે એમને દેવાનું હતું, તે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રિકનો ઉપદેશ તો પૂર્વે સર્વ ઋષભાદિ જિનેશ્વરોએ આપી જ દીધો છે.

ટીકાર્થ :- જે તેમનાવડે દેવા યોગ્ય હતું તે તો સર્વ ઋષભાદિ જિનવરોએ પૂર્વે જ આપી દીધું છે. તે શું હતું ? તે કહે છે – આરોગ્યાદિને સાધી આપનાર એવો દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી ઉપદેશ જિનવરોએ આપી દીધો છે. અહીં 'दर्शन-ज्ञान-चारित्रस्य' એ પ્રમાણે એકવચન કર્યું હોવાથી આ ત્રણે એક જ છે એવો કોઈને ભ્રમ ન થાય તે માટે 'ત્રિવિધ' અર્થાત્ 'ત્રણેનો' વિશેષણ મૂક્યું છે. ॥૧૦૯૬॥

અવતરણિકા :- શંકા :- જો પ્રભુએ જે દેવા યોગ્ય છે તે ઉપદેશ આપી દીધો છે, તો હવે શું તેઓ ઇચ્છિત વસ્તુને સાધી આપનાર એવા સામર્થ્યથી રહિત છે ? અને જો રહિત હોય તો

★ मोक्षमार्गकारणमिति ज्ञानविषयः ।

तद्भक्तिः क्वोपयुज्यते इति ?, अत्रोच्यते–

भत्तीइ जिणवराणं खिज्जंती पुव्वसंचिआ कम्मा ।
आयरिअनमुक्कारेण विज्जा मंता य सिज्झंति ॥१०९७॥

व्याख्या–'भक्त्या' अन्तःकरणप्रणिधानलक्षणया 'जिनवराणां' तीर्थकराणां सम्बन्धिन्या हेतुभूतया, किं ?, 'क्षीयन्ते' क्षयं प्रतिपद्यन्ते 'पूर्वसञ्चितानि' अनेकभवोपात्तानि 'कर्माणि' ज्ञानावरणादीनि, इत्थंस्वभावत्वादेव तद्भक्तेरिति, अस्मिन्नेवार्थे दृष्टान्तमाह–तथाहि-आचार्य-नमस्कारेण विद्या मन्त्राश्च सिद्ध्यन्ति तद्भक्तिमतस्सत्त्वस्य, शुभपरिणामत्वात्तत्सिद्धिप्रतिबन्धक-कर्मक्षयादिति भावनीयं, गाथार्थः ॥१०९७॥

अतस्साध्वी तद्भक्तिः, वस्तुतोऽभिलषितार्थप्रसाधकत्वाद्, आरोग्यबोधिलाभादेरपि तन्निर्वर्त्यत्वात्, तथा चाऽऽह–

भत्तीइ जिणवराणं परमाए खीणपिज्जदोसाणं ।
आरुग्गबोहिलाभं समाहिमरणं च पावंति ॥१०९८॥

व्याख्या–भक्त्या जिनवराणां, किंविशिष्टया ?-'परमया' प्रधानया भावभक्त्येत्यर्थः, 'क्षीणप्रेमद्वेषाणां' जिनानां, किम् ?, आरोग्यबोधिलाभं समाधिमरणं च प्राप्नुवन्ति प्राणिन

---

તેમની ભક્તિ શું કામ લાગે ? (અર્થાત્ કયું ફલ આપનારી થાય ?) આ શંકાનું હવે સમાધાન આપે છે ⇨

ગાથાર્થ :- જિનવરોની ભક્તિ કરવાથી પૂર્વસંચિત કર્મો નાશ પામે છે. આચાર્યને નમસ્કાર કરવાથી વિદ્યા અને મંત્ર સિદ્ધ થાય છે.

ટીકાર્થ :- તીર્થંકરસંબંધી હેતુભૂત એવી અંતઃકરણના પ્રણિધાનરૂપ ભક્તિવડે, શું ? તે કહે છે – ક્ષય પામે છે. (કોણ ? તે કહે છે –) અનેક ભવોથી ભેગા કરાયેલા જ્ઞાનાવરણાદિ કર્મો ક્ષય પામે છે. કારણ કે કર્મનો નાશ કરવો એ પ્રભુભક્તિનો સ્વભાવ છે. આ અર્થમાં દૃષ્ટાન્ત જણાવે છે – આચાર્યને નમસ્કાર કરવાથી વિદ્યા અને મંત્ર સિદ્ધ થાય છે, કારણ કે આચાર્ય પ્રત્યેની ભક્તિવાળા જીવને શુભ પરિણામ હોવાથી વિદ્યા-મંત્રની સિદ્ધિના પ્રતિબંધક કર્મોનો ક્ષય થાય છે. ॥૧૦૯૭॥ આથી તીર્થંકરની ભક્તિ પણ પ્રશંસનીય છે, કારણ કે ઇચ્છિત અર્થને સાધી આપનાર છે અને આરોગ્ય, બોધિલાભાદિની પણ તેનાથી પ્રાપ્તિ થાય છે. (ટીકાર્થનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.)

અવતરણિકા :- આ જ વાતને કહે છે ⇨

ગાથાર્થ :- ક્ષીણ થયા છે રાગ-દ્વેષ જેમના એવા જિનવરોની ઉત્કૃષ્ટ ભક્તિથી જીવો આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણ પામે છે.

ટીકાર્થ :- જિનવરોની ભક્તિવડે, કેવી ભક્તિવડે ? – પ્રધાન ભક્તિવડે અર્થાત્ ભાવભક્તિ-વડે, (જિનવરો કેવા છે ? –) રાગ-દ્વેષ જેના નાશ પામ્યા છે એવા જિનોની, શું પ્રાપ્ત થાય છે ? આરોગ્ય, બોધિલાભ અને સમાધિમરણને જીવો પામે છે. (અન્વય ગાથાર્થ પ્રમાણે કરવો.)

इति, इयमत्र भावना–जिनभक्त्या कर्मक्षयस्ततः सकलकल्याणावाप्तिरिति, अत्र समाधिमरणं च प्राप्नुवन्तीत्येतदारोग्यबोधिलाभस्य हेतुत्वेन द्रष्टव्यं, समाधिमरणप्राप्तौ नियमत एव तत्प्राप्तिरिति गाथार्थः ॥१०९८॥

साम्प्रतं बोधिलाभप्राप्तावपि जिनभक्तिमात्रादेव पुनर्बोधिलाभो भविष्यत्येव, किमनेन वर्तमानकालदुष्करेणानुष्ठानेनेत्येवंवादिनमनुष्ठानप्रमादिनं सत्त्वमधिकृत्यौपदेशिकमिदं गाथाद्वयमाह–

लद्धिल्लिअं च बोहिं अकरिंतोऽणागयं च पत्थंतो ।
दच्छिसि जह तं विब्भल ! इमं च अन्नं च चुक्किहिसि ॥१०९९॥
लद्धिल्लिअं च बोहिं अकरिंतोऽणागयं च पत्थंतो ।
अन्नंदाइं बोहिं लब्भिसि कयरेण मुल्लेण ? ॥११००॥

व्याख्या–'लद्धेल्लियं च' त्ति लब्धां च-प्राप्तां च वर्तमानकाले, कां ?, 'बोधिं' जिनधर्मप्राप्तिम्, 'अकुर्वन्' इति कर्मपराधीनतया सदनुष्ठानेन सफलामकुर्वन् 'अनागतां च' आयत्यामन्यां च प्रार्थयन् किम् ?, द्रक्ष्यसि यथा त्वं हे 'विह्वल !' जडप्रकृते ! इमां चान्यां बोधिमधिकृत्य, किं ?, 'चुक्किहिसि' देशीवचनतः भ्रश्यसि, न भविष्यतीत्यर्थः ॥१०९९॥

---

ભાવાર્થ આ પ્રમાણે છે કે - જિનભક્તિવડે કર્મનો ક્ષય થાય છે અને તે કર્મક્ષયથી સકલકલ્યાણની પ્રાપ્તિ થાય છે. અહીં 'સમાધિમરણ પામે છે' એવું જે કહ્યું તેમાં આ સમાધિમરણ એ આરોગ્ય, બોધિલાભનું કારણ જાણવું, કારણ કે સમાધિમરણ પ્રાપ્ત થતાં નિયમથી બોધિલાભની પ્રાપ્તિ થાય જ છે. ॥૧૦૯૮॥

અવતરણિકા :- "વર્તમાનમાં બોધિલાભની પ્રાપ્તિ થઈ હોવા છતાં પણ જો જિનભક્તિમાત્રથી જ ફરી બોધિલાભ પ્રાપ્ત થવાનો જ છે તો, વર્તમાનકાળમાં દુષ્કર એવા (ચારિત્ર પાલનરૂપ) અનુષ્ઠાનને શા માટે કરવું ? (અર્થાત્ કરવાની કોઈ જરૂર નથી.)" આ રીતે બોલનારા, અનુષ્ઠાનમાં પ્રમાદી જીવને ઉદ્દેશીને ગ્રંથકારશ્રી ઔપદેશિક એવી બે ગાથાઓ જણાવે છે ⇨

**ગાથાર્થ :- પ્રાપ્ત બોધિને નહીં આચરતો અને ભવિષ્યમાં બોધિને ઇચ્છતો એવો હે જડબુદ્ધિવાળો ! તું જોજે, આ અને અન્ય બોધિને તું ચૂકી જઈશ.**

**ગાથાર્થ :- , પ્રાપ્ત બોધિને નહીં આચરતો અને ભવિષ્યમાં બોધિને ઇચ્છતો તું હવે અન્ય બોધિને કયા મૂલ્યથી પામીશ ?**

ટીકાર્થ :- વર્તમાનકાળમાં (=આ ભવમાં) પ્રાપ્ત થયેલ, શું પ્રાપ્ત થયેલ ? બોધિને એટલે કે જિનધર્મની પ્રાપ્તિને કર્મને પરાધીન થઈને સમ્યગાચરણ દ્વારા સફલ નહીં કરતાં, અને ભવિષ્યમાં (=પછીના ભવોમાં) જિનધર્મની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના કરતાં હે વિહ્વલ ! હે જડસ્વભાવવાળા ! તું જોજે કે આ અને અન્ય બોધિને આશ્રયી તું ચૂકી જઈશ. મૂળમાં 'ચુક્કિહિસિ' શબ્દ દેશીશબ્દ હોવાથી અર્થ આ પ્રમાણે જાણવો કે આ ભવમાં પ્રાપ્ત થયેલ જિનધર્મને આચરતો ન હોવાથી આ ભવની બોધિ નિષ્ફળ જશે અને પછીના ભવોમાં પણ બોધિ તને પ્રાપ્ત થશે નહીં. ॥૧૦૯૯॥

तथा लब्धां च बोधिमकुर्वन्ननागतां च प्रार्थयन्, अन्नंदाइंति निपातः असूयायाम्, अन्ये तु व्याचक्षते–अन्यामिदानीं बोधिं लप्स्यसि, किं ?, कतरेण मूल्येन ?, इयमत्र भावना– बोधिलाभे सति तपःसंयमानुष्ठानपरस्य प्रेत्य वासनावशात्तत्तत्प्रवृत्तिरेव बोधिलाभोऽभिधीयते, तदनुष्ठानरहितस्य पुनर्वासनाऽभावात्तत्कथं तत्प्रवृत्तिरिति बोधिलाभानुपपत्तिः, स्यादेतद्, एवं सत्याद्यस्य बोधिलाभस्यासम्भव एवोपन्यस्तः, वासनाऽभावात्, न, अनादिसंसारे राधावेधोपमानेनानाभोगत एव कथञ्चित्कर्मक्षयतस्तदवाप्तेरित्येतदावेदितमेवोपोद्घात इत्यलं विस्तरेणेति गाथाद्वयार्थः ॥११००॥

तस्मात्सति बोधिलाभे तपस्संयमानुष्ठानपरेण भवितव्यं, न यत्किञ्चिच्चैत्याद्यालम्बनं चेतस्याधाय प्रमादिना भवितव्यमिति, तपस्संयमोद्यमवतश्चैत्यादिषु कृत्याविराधकत्वात्, तथा चाऽऽह–

---

(તેનું કારણ હવે પછીની ગાથામાં જણાવે છે.)

પ્રાપ્ત બોધિને નહીં આચરતાં અને ભવિષ્યમાં બોધિની પ્રાર્થના કરતાં (હે જીવ !), 'अन्नंदाइं' શબ્દનો તિરસ્કાર અર્થમાં નિપાત જાણવો. કેટલાકો આ શબ્દનો આ પ્રમાણે અર્થ કહે છે કે – 'હવે અન્ય બોધિને' કયા મૂલ્યવડે પ્રાપ્ત કરીશ. અહીં ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે – **જિનધર્મની પ્રાપ્તિ થયા પછી તપપ્રધાન સંયમના અનુષ્ઠાનો કરવામાં ઉદ્યમી જીવ તે તે અનુષ્ઠાનોના સંસ્કારને કારણે પછીના ભવમાં ફરી તે તે અનુષ્ઠાનોમાં જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિ જ બોધિલાભ કહેવાય છે.** પરંતુ જે જીવ આ ભવમાં અનુષ્ઠાનો કરતો નથી. તેવા જીવને અનુષ્ઠાનોના સંસ્કાર પણ પડતા નથી અને તે સંસ્કારોના અભાવને કારણે પછીના ભવમાં તે તે અનુષ્ઠાનોમાં પ્રવૃત્તિ પણ ક્યાંથી થાય ? અર્થાત્ ન થાય. તેથી પછીના ભવમાં બોધિલાભની પ્રાપ્તિ પણ આવા જીવને થાય નહીં.

**શંકા :-** જો સંસ્કારના કારણે પછીના ભવમાં બોધિલાભ થતો હોય, તો જીવને અનાદિસંસારમાં સૌ પ્રથમ વાર જે જિનધર્મરૂપ બોધિનો લાભ થાય છે તેનો પણ અસંભવ જ થયો અર્થાત્ પ્રથમ વારનો બોધિલાભ પણ થવો જોઈએ નહીં કારણ કે પૂર્વભવોમાં આજ દિન સુધી ક્યારેય જિનધર્મની પ્રાપ્તિ થઈ ન હોવાથી સંસ્કાર તો પડ્યા જ નથી.

**સમાધાન :-** એનો અસંભવ નહીં થાય, કારણ કે અનાદિસંસારમાં રાધાવેધની જેમ અનાભોગથી જ કોઈક રીતે કર્મક્ષય થતાં બોધિલાભ થાય છે આ વાત પૂર્વે ઉપોદ્ઘાતમાં (ગા. ૮૪૪માં) જણાવી દીધી છે. તેથી વધુ વિસ્તારથી સર્યું. ॥૧૧૦૦॥

**અવતરણિકા :-** તેથી બોધિની પ્રાપ્તિ થયા પછી તપ-સંયમમાં ઉદ્યમી થવા જેવું છે, પરંતુ ચિત્તમાં જે તે ચૈત્ય વિગેરેનું આલંબન લઈને પ્રમાદી બનવા જેવું નથી, કારણ કે તપ-સંયમમાં ઉદ્યમી જીવ ચૈત્યાદિ સર્વના કૃત્યોનો અવિરાધક છે. (અહીં આશય એ છે કે ચૈત્ય વિગેરેના કાર્યો કરવામાં ઘણા ફાયદા છે એવું વિચારી તપ-સંયમમાં અપ્રમત્તતાની ઉપેક્ષા કરીને ચૈત્યાદિના કાર્યોમાં ઓત-પ્રોત થવાય નહીં, કારણ કે તપ-સંયમમાં ઉદ્યમ કરનાર જીવે ચૈત્યાદિસંબંધી કાર્યો

**चेइयकुलगणसंघे आयरिआणं च पवयण सुए अ ।**
**सव्वेसुवि तेण कयं तवसंजममुज्जमंतेणं ॥११०१॥**

व्याख्या—चैत्यकुलगणसङ्घेषु तथाऽऽचार्याणां च तथा प्रवचनश्रुतयोश्च, किं ?, सर्वेष्वपि तेन कृतं, कृत्यमिति गम्यते, केन ?, तपः संयमोद्यमवता साधुनेति, तत्र चैत्यानि-अर्हत्प्रतिमालक्षणानि, कुलं-विद्याधरादि, गणः-कुलसमुदायः सङ्घः-समस्त एव साध्वादिसङ्घातः, आचार्याः-प्रतीताः, चशब्दादुपाध्यायादिपरिग्रहः, भेदाभिधानं च प्राधान्यख्यापनार्थम्, एवमन्यत्रापि द्रष्टव्यं, प्रवचनं-द्वादशाङ्गमपि सूत्रार्थतदुभयरूपं, श्रुतं सूत्रमेव, चशब्दः स्वगतानेकभेदप्रदर्शनार्थः, एतेषु सर्वेष्वपि स्थानेषु तेन कृतं कृत्यं यस्तपःसंयमोद्यमवान् वर्तते, इयमत्र भावना—अयं हि नियमात् ज्ञानदर्शनसम्पन्नो भवति अयमेव च गुरुलाघवमालोच्य चैत्यादिकृत्येषु सम्यक् प्रवर्तते यथैहिकामुष्मिकगुणवृद्धिर्भवति, विपरीतस्तु कृत्येऽपि प्रवर्तमानोऽप्यविवेकादकृत्यमेव सम्पादयति, अत्र बहु वक्तव्यमिति गाथार्थः ॥११०१॥

एवं तावद्गतं सूत्रमूल 'एवं मए अभिथुए' त्यादि गाथाद्वयं, साम्प्रतं—

---

પણ કર્યા જ કહેવાય છે.) આ જ વાતને કહે છે ⇨

**ગાથાર્થ :-** જે તપ-સંયમમાં ઉદ્યમી છે તેનાવડે ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત આ સર્વને વિષે કરવા યોગ્ય કાર્યો કરાયેલા જાણવા.

**ટીકાર્થ :-** ચૈત્ય, કુલ, ગણ, સંઘ, આચાર્ય, પ્રવચન અને શ્રુત આ બધાને વિષે તેનાવડે કાર્ય કરાયેલું જાણવું, કે જે સાધુ તપ-સંયમમાં ઉદ્યમી હોય. તેમાં ચૈત્ય એટલે અર્હત્પ્રતિમા. કુલ એટલે વિદ્યાધરનામનું કુલ વિગેરે. ગણ એટલે પરિવાર સહિત એવા અનેક આચાર્યોનો સમુદાય. સંઘ એટલે સાધુ-સાધ્વી વિગેરે સર્વનો સમુદાય. આચાર્ય એ પ્રસિદ્ધ જ છે. च શબ્દથી ઉપાધ્યાયાદિ જાણવા. જો કે કુલ-ગણ વિગેરેમાં આચાર્ય વિગેરેનો સમાવેશ થઈ જતો હોવા છતાં તે આચાર્ય વિગેરેનું પ્રાધાન્ય દેખાડવા માટે જુદા ગ્રહણ કર્યા છે. આ જ પ્રમાણે અન્યત્ર પણ=જ્યાં કુલ, ગણ કહ્યા પછી આચાર્યને કહેવામાં આવે ત્યાં ત્યાં તે રીતે જાણવું.

પ્રવચન એટલે સૂત્ર-અર્થ અને તદુભયરૂપ દ્વાદશાંગી શ્રુત એટલે સૂત્ર જ. (અહીં પ્રવચનમાં જો કે સૂત્ર આવી જવા છતાં સૂત્રની પ્રધાનતા જણાવવા શ્રુત જુદું ગ્રહણ કર્યું છે, એમ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું.) च શબ્દ સ્વગત=ચૈત્યાદિસંબંધી અનેક પેટાભેદોને જણાવવા માટે છે. આ સર્વ સ્થાનોના જે કાર્યો છે તે બધા તેનાવડે સમાપ્ત કરાયેલા જાણવા કે જે તપ-સંયમમાં ઉદ્યમવાળો હોય.

ભાવાર્થ એ છે કે — તપ-સંયમમાં ઉદ્યમી જીવ નિયમથી જ્ઞાન-દર્શનથી યુક્ત છે. અને આવો જીવ જ ગુરુ-લાઘવને (નફા-નુકસાનને) વિચારીને ચૈત્યાદિ કાર્યોમાં સમ્યગ્ રીતે પ્રવર્તે છે, કે જેથી તેની આ ભવમાં અને પરભવમાં ગુણવૃદ્ધિ થાય. જ્યારે જે જીવ ગુરુ-લાઘવને વિચાર્યા વિના ચૈત્યાદિના કૃત્યોમાં પ્રવર્તે છે તે અવિવેકી હોવાથી વાસ્તવિક રીતે અકૃત્યને જ કરે છે. આ વિષયમાં ઘણું કહેવા જેવું છે (પરંતુ ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી.) ॥૧૧૦૧॥

**અવતરણિકા :-** આ પ્રમાણે મૂલસૂત્રની 'एवं मए अभिथुए' વિગેરે બે ગાથાઓની વ્યાખ્યા

चंदेसु निम्मलयरा आइच्चेसु अहिअं पयासयरा ।
सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

अस्य व्याख्या—इह प्राकृतशैल्या आर्षत्वाच्च पञ्चम्यर्थे सप्तमी द्रष्टव्येति, चन्द्रेभ्यो निर्मलतराः, पाठान्तरं वा 'चंदेहिं निम्मलयर'त्ति, तत्र सकलकर्ममलापगमाच्चन्द्रेभ्यो निर्मलतरा इति, तथा आदित्येभ्योऽधिकप्रभासकराः प्रकाशकरा वा, केवलोद्योतेन विश्वप्रकाशनादिति, वक्ष्यति च निर्युक्तिकारः—'चंदाइच्चगहाण'मित्यादि, तथा सागरवरादपि गम्भीरतराः, तत्र सागरवरः-स्वयम्भूरमणोऽभिधीयते परीषहोपसर्गाद्यक्षोभ्यत्वात् तस्मादपि गम्भीरतरा इति भावना, सितं ध्मातमेतेषामिति सिद्धाः, कर्मविगमात् कृतकृत्या इत्यर्थः, सिद्धिं-परमपदप्राप्तिं 'मम दिसंतु' मम प्रयच्छन्त्विति सूत्रगाथार्थः ॥७॥

साम्प्रतं सूत्रस्पर्शिकनिर्युक्त्यैनामेव गाथां लेशतो व्याख्यानयन्नाह—

चंदाइच्चगहाणं पहा पयासेइ परिमिअं खित्तं ।
केवलिअनाणलंभो लोगालोगं पगासेइ ॥११०२॥

व्याख्या—'चन्द्रादित्यग्रहाणा'मिति, अत्र ग्रहा अङ्गारकादयो गृह्यन्ते, 'प्रभा' ज्योत्स्ना

---

કરી. હવે ➪

સૂત્રાર્થ :- ચન્દ્રો કરતાં પણ નિર્મલતર, સૂર્યો કરતાં પણ અધિક પ્રકાશને કરનારા, સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિને આપો.

ટીકાર્થ :- અહીં પ્રાકૃતશૈલી હોવાને કારણે તથા આ આર્ષપ્રયોગ હોવાથી સૂત્રમાં 'चंदेसु' એ પ્રમાણે જે સપ્તમી વિભક્તિ કરી છે તે પંચમીના અર્થમાં જાણવી. તેથી 'ચન્દ્રો કરતાં પણ નિર્મલતર' એ પ્રમાણે અર્થ જાણવો. અથવા મૂલમાં જ 'चंदेसु' ની બદલે 'चंदेहिं' એ પ્રમાણે પાઠાન્તર જાણવો. તેથી 'સકલ એવા કર્મમલો દૂર થવાથી ચન્દ્રો કરતાં નિર્મલતર' એ પ્રમાણે અર્થ જાણવો. તથા કેવલજ્ઞાનરૂપ પ્રકાશવડે સંપૂર્ણ વિશ્વનો પ્રકાશ કરતા હોવાથી સૂર્યો કરતાં અધિક પ્રકાશ કરનારા, (શા માટે અધિક પ્રકાશ કરનારા છે ? આવી શંકાનું સમાધાન) નિર્યુક્તિકાર આગળની ગાથામાં કહેશે- 'चंदाइच्चगहाण...' વિગેરે તથા શ્રેષ્ઠ એવા સાગરથી પણ ગંભીરતર, અહીં સ્વયંભૂરમણસમુદ્ર શ્રેષ્ઠ સાગર તરીકે જાણવો. સિદ્ધ ભગવંતો પરિષહ અને ઉપસર્ગો વિગેરેથી અક્ષોભ્ય હોવાથી સાગરવરથી પણ ગંભીરતર છે.

તથા सितं=બંધાયેલું એવું કર્મ ध्मातं=બળી ગયું છે જેમનું તે સિદ્ધ અર્થાત્ કર્મો દૂર થવાથી કૃતકૃત્ય એવા તે સિદ્ધો પરમપદની પ્રાપ્તિ મને આપો. ॥૭॥

અવતરણિકા :- હવે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિ દ્વારા આ જ ગાથાને સંક્ષેપથી વ્યાખ્યાન કરતા કહે છે ➪

ગાથાર્થ :- ચન્દ્ર, સૂર્ય, અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. જ્યારે કેવલજ્ઞાનનો લાભ લોકાલોકને પ્રકાશિત કરે છે.

ટીકાર્થ :- અહીં ગ્રહશબ્દથી મંગલગ્રહ વિગેરે લેવા. આ બધાની પ્રભા=પ્રકાશ એ

'प्रकाशयति' उद्योतयति परिमितं क्षेत्रमित्यत्र तात्स्थ्यात्तद्व्यपदेशः, यथा मञ्चाः क्रोशन्तीति, क्षेत्रस्यामूर्तत्वेन मूर्तप्रभया प्रकाशनायोगादिति भावना, केवलज्ञानलाभस्तु लोकालोकं 'प्रकाशयति' सर्वधर्मैरुद्योतयतीति गाथार्थः ॥११०२॥ उक्तोऽनुगमः, नयाः सामायिकवद् द्रष्टव्याः ॥ इति चतुर्विंशतिस्तवटीका समाप्तेति ॥

*व्याख्यायाध्ययनमिदं प्राप्तं यत्कुशलमिह मया तेन ।*
*जन्मप्रवाहहतये कुर्वन्तु जिनस्तवं भव्याः ॥१॥*

## ॥ इति श्रीचतुर्विंशतिस्तवाध्ययनं सभाष्यनिर्युक्तिवृत्तिकं समाप्तम् ॥

## अथ तृतीयं वन्दनाध्ययनम्

साम्प्रतं चतुर्विंशतिस्तवानन्तरं वन्दनाध्ययनं, तस्य चायमभिसम्बन्धः, अनन्तराध्ययने सावद्ययोगविरतिलक्षणसामायिकोपदेष्टृणामर्हतामुत्कीर्तनं कृतम्, इह त्वर्हदुपदिष्टसामायिकगुणवत एव वन्दनलक्षणा प्रतिपत्तिः कार्येति प्रतिपाद्यते, यद्वा—चतुर्विंशतिस्तवेऽर्हद्गुणोत्कीर्तनरूपाया

---

પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. અહીં 'तात्स्थ्यात्तद्व्यपदेशः' (અર્થાત્ તેમાં રહેલું હોવાથી તે તેના વ્યપદેશને પામે છે.) ન્યાય છે. જેમ કે માચડાં અવાજ કરે છે. (અહીં જો કે માચડાં ઉપર રહેલા લોકો અવાજ કરતા હોવા છતાં માચડાં અવાજ કરે છે એમ બોલાય છે, તેમ સૂર્ય વિગેરે તે ક્ષેત્રમાં રહેલ દ્રવ્યોને પ્રકાશિત કરતા હોવા છતાં ક્ષેત્રને પ્રકાશિત કરે છે એમ આ ન્યાયથી બોલાય છે. આવું શા માટે બોલવું પડે છે ? તે કહે છે-) ક્ષેત્ર અમૂર્ત છે. તેથી અમૂર્ત એવા ક્ષેત્રનો મૂર્ત એવી પ્રભાવડે (પ્રભા એ પુદ્ગલાત્મક હોવાથી મૂર્ત છે.) પ્રકાશ થઈ શકતો નથી. જ્યારે કેવલજ્ઞાનનો લાભ એ તો લોકાલોકને સર્વ ધર્મોવડે પ્રકાશિત કરે છે. (આશય એ છે કે ચન્દ્ર, સૂર્ય વિગેરે દ્વારા જીવને પરિમિત ક્ષેત્રનું જ જ્ઞાન થઈ શકે છે જ્યારે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જીવને સર્વ દ્રવ્યોના સર્વ ધર્મોનું જ્ઞાન થતું હોવાથી, તેના દ્વારા ભગવંતો સર્વ ક્ષેત્રનો પ્રકાશ કરતા હોવાથી સૂર્યાદિ કરતાં અધિક પ્રકાશ કરનારા સિદ્ધો છે.) ॥૧૧૦૨॥ અનુગમ કહ્યો. નયો સામાયિક અધ્યયન પ્રમાણે જાણી લેવા. આ પ્રમાણે ચતુર્વિંશતિસ્તવની ટીકા પૂર્ણ થઈ.

આ અધ્યયનનું વ્યાખ્યાન કર્યા બાદ જે કુશલ (પુણ્ય) મારાવડે પ્રાપ્ત કરાયું છે, તે કુશલવડે ભવ્ય જીવો જન્મના પ્રવાહનો નાશ કરવા જિનસ્તવને કરો. ॥૧॥

### ❖ ત્રીજું વંદન અધ્યયન ❖

હવે ચતુર્વિંશતિસ્તવ પછી વંદન અધ્યયનનો અધિકાર છે. તેનો સંબંધ આ પ્રમાણે જાણવો → પૂર્વના ચતુર્વિંશતિ અધ્યયનમાં સાવદ્યયોગની વિરતિરૂપ સામાયિકના ઉપદેશક એવા અરિહંતોનું નામોત્કીર્તન કર્યું. હવે આ અધ્યયનમાં તે જ અરિહંતોવડે ઉપદેશાયેલ એવા સામાયિકરૂપ ગુણવાળી જ વ્યક્તિને વંદનરૂપ ભક્તિ કરવા યોગ્ય છે એ વાત જણાવાય છે.

અથવા ચતુર્વિંશતિસ્તવ નામના અધ્યયનમાં અરિહંતોના ગુણોત્કીર્તનરૂપ ભક્તિથી કર્મક્ષય

① સામાયિકગુણવાળાને વંદન
② સાધુભક્તિ થી કર્મક્ષય
③ આલોચનનું નિવેદન પૂર્વે વંદન



ગો.આ. ઓઘણો ચંદ્રમોહન

भक्तेः कर्मक्षय उक्तः, यथोक्तम्–'*भत्तीए जिणवराणं खिज्जंती पुव्वसंचिआ कम्म*' त्ति, वन्दनाध्ययनेऽपि कृतिकर्मरूपायाः साधुभक्तेस्तद्वतोऽसावेव प्रतिपाद्यते, वक्ष्यति च– "[७४]*विणओवयार माणस्स भंजणा पूयणा गुरुजणस्स । तित्थगराण य आणा सुयधम्माराहणाऽकिरिया ॥१॥*" अथवा सामायिके चारित्रमुपवर्णितं, चतुर्विंशतिस्तवे त्वर्हतां गुणस्तुतिः, सा च दर्शनज्ञानरूपा एवमिदं त्रितयमुक्तम्, अस्य च वितथासेवनायामैहिकामुष्मिकापायपरिजिहीर्षुणा गुरोर्निवेदनीयं, तच्च वन्दनपूर्वमित्यतस्तन्निरूप्यते, इत्थमनेनानेकप्रकारेण सम्बन्धेनाऽऽयातस्यास्याध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि सप्रपञ्चं वक्तव्यानि, तत्र नामनिष्पन्ने निक्षेपे वन्दनाध्ययनमिति (नाम), तत्र वन्दनं निरूप्यते–'वदि अभिवादनस्तुत्योः' इत्यस्य 'करणाधिकरणयोश्चे'(पा०३-३-११७)ति ल्युट्, 'युवोरनाकावि'(पा०७-१-१)त्यनादेशः, 'इदितो नुम् धातो'रिति (पा०७-१-५८) नुमागमः, ततश्च वन्द्यते–स्तूयतेऽनेन प्रशस्तमनो-

થાય છે એમ કહ્યું. તે આ પ્રમાણે – 'જિનવરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે...' (ગા. ૧૦૯૭). એ જ પ્રમાણે આ વંદન અધ્યયનમાં પણ વંદનરૂપ સાધુની ભક્તિથી તે વંદન કરનારને કર્મક્ષય જ કહેવાનો છે. જેમાં આગળ કહેશે – વિનયરૂપ ઉપચાર કરવાથી (અર્થાત્ વિનય કરવાથી) અહંકારનો નાશ થાય છે. અહંકારના નાશથી ગુરુજનની પૂજા, તીર્થંકરોની આજ્ઞાનું પાલન, શ્રુતધર્મની આરાધના અને સિદ્ધપણું (આટલા ફલ વંદનરૂપ વિનય કરવાથી પ્રાપ્ત થાય છે. ગા. ૧૨૧૫.)

અથવા સામાયિક અધ્યયનમાં ચારિત્રનું વર્ણન કર્યું. ચતુર્વિંશતિસ્તવ અધ્યયનમાં અરિહંતોના ગુણોની સ્તુતિ કરી. અને તે ગુણસ્તુતિ દર્શન-જ્ઞાનરૂપ છે. આમ આ બંને અધ્યયનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રનું વર્ણન કર્યું. હવે જ્યારે આ ત્રણનું ખોટું આચરણ થાય ત્યારે આ લોક અને પરલોકમાં આવતા દુઃખોને દૂર કરવાની ઇચ્છાવાળા જીવે તે ખોટા આચરણનું ગુરુને નિવેદન કરવાનું હોય છે. અને આ નિવેદન વંદનપૂર્વક કરવાનું હોવાથી હવે વંદન અધ્યયનનો આરંભ કરાય છે. આ રીતે આવા પ્રકારના જુદા જુદા સંબંધોથી આવેલા આ અધ્યયનના ચાર અનુયોગદ્વારો વિસ્તારપૂર્વક કહેવા યોગ્ય છે. તેમાં ક્રમશઃ વર્ણન કરતા કરતા નામનિષ્પન્ન નિક્ષેપ આવે, ત્યારે તે નિક્ષેપમાં 'વંદનાધ્યયન' નામ જાણવું. અહીં સૌ પ્રથમ વંદન નિરૂપણ કરાય છે ⇨

वद् ધાતુ અભિવાદન-સ્તુતિના અર્થમાં વપરાય છે. આ ધાતુને 'करण...'★ સૂત્રથી કરણ (ત્રીજી વિભક્તિ) અને અધિકરણ(સપ્તમી વિભક્તિ)ના અર્થમાં ल्युट् પ્રત્યય લાગે છે. (ल्युट्માં ल् અને ट् એ ઇત્ છે. તથા 'यु'નો) 'युवो...'=यु અને वोનો અનુક્રમે अन् અને अक् આદેશ થાય છે' એ સૂત્રથી अन् આદેશ થયો. વળી 'इदितो...'+ સૂત્રથી ધાતુને नुम् પ્રત્યય લાગશે (અહીં नुम् એટલે उम् એ અનુબંધ છે જેનો લોપ થતાં न् પ્રત્યય રહે.) તેથી वन्दन શબ્દ બને.

७४. विनयोपचारः मानस्य भञ्जना पूजना गुरुजनस्य । तीर्थकराणां चाज्ञा श्रुतधर्माराधनाऽक्रिया ॥१॥

★ 'करणाऽऽधारे' - सिद्धहेम० ५-३-१२९ । + 'उदितः स्वरान्नो०' - सिद्धहेम० ४-४-९८ ।

वाक्कायव्यापारजालेनेति वन्दनम्, अस्याधुना पर्यायशब्दान् प्रतिपादयन्निदं गाथाशकलमाह निर्युक्तिकारः–

**वंदणचिइकिइकम्मं पूयाकम्मं च विणयकम्मं च ।**

व्याख्या–वन्दनं निरूपितमेव, 'चिञ् चयने' अस्य 'स्त्रियां क्तिन्' (पा० ३-३-९४) कुशलकर्मणश्च चयनं चितिः, कारणे कार्योपचाराद्रजोहरणाद्युपधिसंहतिरित्यर्थः चीयते असाविति वा चितिः, भावार्थः पूर्ववत्, 'डुकृञ् करणे' अस्यापि क्तिन्प्रत्ययान्तस्य करणं कृतिः अवनामादिकरणमित्यर्थः, क्रियतेऽसाविति वा कृतिः-मोक्षायावनामादिचेष्टैव, वन्दनं च चितिश्च कृतिश्च वन्दनचितिकृतयः ता एव तासां वा कर्म वन्दनचितिकृतिकर्म, कर्मशब्दः प्रत्येकमभिसंबध्यते अनेकार्थश्चायं, क्वचित्कारकवाचकः 'कर्तुरीप्सिततमं कर्म' (पा० १-४-४९) ति वचनात्, क्वचित् ज्ञानावरणीयादिवाचकः, 'कृत्स्नकर्मक्षयान्मोक्ष' (तत्त्वा० अ०

---

જેનો વ્યુત્પત્તિઅર્થ → જે પ્રશસ્ત એવા મન, વચન, કાયાના વ્યાપારના સમૂહવડે સ્તવના કરાય તે વન્દન (અહીં તૃતીયા વિભક્તિમાં એટલે કરણ અર્થમાં અન પ્રત્યય લાગેલો છે. માટે પ્રશસ્ત મન, વચન કાયાના વ્યાપારનો સમૂહ વન્દન તરીકે આવશે.) હવે આ વન્દન શબ્દના જ પર્યાયવાચી શબ્દોનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી ગાથાના પૂર્વાર્ધને કહે છે ⇨

ગાથાર્થ :- (પૂર્વાર્ધ) **વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ.**

ટીકાર્થ :- વંદનશબ્દનો અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવો. 'चि' ધાતુ 'એકઠું કરવું' અર્થમાં વપરાય છે. આ ધાતુને સ્ત્રીલિંગમાં क्तिन् પ્રત્યય લાગતા चिति શબ્દ બને છે અર્થાત્ કુશલકર્મોને એકઠા કરવા તે ચિતિ. અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરતા ચિતિશબ્દથી રજોહરણ વિગેરે ઉપધિઓનો સમૂહ જાણવો. (આ રજોહરણાદિ ઉપધિઓના સમૂહવડે કુશલકર્મ બંધાતું હોવાથી રજોહરણાદિ કારણ છે અને કુશલકર્મોનો બંધ એ કાર્ય છે. આમ, વાસ્તવિક રીતે કુશલકર્મોનો બંધ એ ચિતિ છે, છતાં તેનો કારણમાં ઉપચાર કરી રજોહરણાદિના સમૂહને ચિતિ કહ્યો.) અથવા જે ભેગું કરાય=એકઠું કરાય તે ચિતિ. અહીં પણ કુશલકર્મો જ એકઠા થતાં હોવાથી ચિતિશબ્દથી કુશલકર્મો જ લેવાના છે. પણ પૂર્વની જેમ ઉપચાર કરતા ઉપધિનો સમૂહ ચિતિશબ્દથી લેવો.

कृ ધાતુ કરણ અર્થમાં છે. આ ધાતુને પણ क्तिन् પ્રત્યય લગાડતાં કૃતિશબ્દ બને છે અર્થાત્ અવનામ (કંઈક કાયાને નમાવવું) વિગેરે કરવું તે કૃતિ. અથવા જે કરાય તે કૃતિ અર્થાત્ મોક્ષ માટે અવનામાદિ ક્રિયા કરવી તે કૃતિ. વંદન, ચિતિ અને કૃતિ તે વંદનચિતિકૃતિ. તે જ કર્મ અથવા તેઓનું કર્મ=ક્રિયા તે વંદનચિતિકૃતિકર્મ. (આ પ્રમાણે સમાસ કરવો.) અહીં કર્મશબ્દ પ્રત્યેક સાથે જોડતા વંદનકર્મ, ચિતિકર્મ અને કૃતિકર્મ એ પ્રમાણે અર્થ કરવો. આ કર્મશબ્દ અનેક અર્થવાળો છે.

કો'ક સ્થાને કારક અર્થમાં કર્મશબ્દ વપરાય છે. જેમ કે, કર્તાને અત્યંત ઇચ્છિત એવું કારક તે કર્મ કહેવાય છે. કો'ક સ્થાને જ્ઞાનાવરણાદિનો વાચક કર્મશબ્દ છે. જેમ કે, સંપૂર્ણ

१० सू० ३) इति वचनात्, क्वचित् क्रियावाचकः, 'गन्धर्वा रञ्जिताः सर्वे, सङ्ग्रामे भीमकर्मणे'ति वचनात्, इह क्रियावचनः परिगृह्यते, ततश्चं वन्दनकर्म चितिकर्म कृतिकर्म इति, इह च पुनः क्रियाऽभिधानं विशिष्टावनामादिक्रियाप्रतिपादनार्थमदुष्टमेवेति, 'पूज पूजायाम्' अस्य 'गुरोश्च हल' (पा० ३-३-१०३) इत्यप्रत्ययान्तस्य पूजनं पूजा—प्रशस्तमनोवाक्कायचेष्टेत्यर्थः, पूजायाः कर्म पूजाकर्म पूजाक्रियेत्यर्थः, पूजैव वा कर्म पूजाकर्म, चशब्दः पूजाक्रियाया वन्दनादिक्रियासाम्यप्रदर्शनार्थः, 'णीञ् प्रापणे' इत्यस्य एरचि (पा० ३-३-५६) ति अच्प्रत्यये गुणे अयादेशे सति विपूर्वस्य विनयनं विनयः, कर्मापनयनमित्यर्थः, विनीयते वाऽनेनाष्टप्रकारं कर्मेति विनयस्तस्य कर्म विनयकर्म, चः पूर्ववदेव, अयं गाथार्द्धसंक्षेपार्थः ॥ आह—

**कायव्वं कस्स व केण वावि काहे व कइखुत्तो ? ॥११०३॥**

---

કર્મોનો (જ્ઞાનાવરણાદિનો) ક્ષય થવાથી મોક્ષ થાય છે. કો'ક સ્થાને કર્મશબ્દ ક્રિયાવાચક છે. જેમ કે, યુદ્ધમાં ભીમની ક્રિયાએ સર્વ ગન્ધર્વોને આકર્ષ્યા (અર્થાત્ ભીમની યુદ્ધકળાને જોઈ સૌ ગન્ધર્વો આશ્ચર્ય પામ્યા.) પ્રસ્તુતમાં કર્મશબ્દ ક્રિયાવાચી લેવાનો છે. તેથી વંદનક્રિયા, ચિતિક્રિયા અને કૃતિક્રિયા એ પ્રમાણે અર્થ જાણવો. (જો કે વંદન વિગેરે પણ એક પ્રકારની ક્રિયા જ છે, છતાં ક્રિયાવાચી એવા કર્મશબ્દદ્વારા) અહીં પુનઃ ક્રિયાનું જે અભિધાન કર્યું તે વિશિષ્ટ એવી અવનામાદિ ક્રિયાનું પ્રતિપાદન કરવા માટે હોવાથી અદુષ્ટ જાણવું. (અર્થાત્ વંદન વિગેરે શબ્દથી અવનામાદિ વિશિષ્ટક્રિયા લેવી છે એવું જણાવવા કર્મશબ્દ છે.)

'पूज्' ધાતુ 'પૂજા કરવી' અર્થમાં છે. 'गुरोश्च हलः'+='गुरोः' અને 'हलः' બંને પંચમી વિભક્તિ છે. 'हल्' એટલે વ્યંજન. તેથી ગુરુ અક્ષરવાળા અને હલ=વ્યંજનાન્ત ધાતુથી સ્ત્રીલિંગમાં 'अ' પ્રત્યય થાય છે. અહીં 'पूज्' ધાતુને 'अ' પ્રત્યય લાગતાં પૂજા શબ્દ બને છે, અર્થાત્ પ્રશસ્ત મન-વચન-કાયાનો જે વ્યાપાર તે પૂજા. આ પૂજાની જે ક્રિયા તે પૂજાક્રિયા અથવા પૂજારૂપ જે ક્રિયા તે પૂજાક્રિયા. મૂળનો 'च' શબ્દ પૂજાક્રિયાની વંદનાદિક્રિયાની સાથે સમાનતા જણાવનારો છે.

'णी' ધાતુ 'પ્રાપ્ત કરવું' અર્થમાં છે. 'एरच्'★='इ'વર્ણાન્ત ધાતુને ભાવ અને કર્તા સિવાયની વિભક્તિમાં 'अच्' પ્રત્યય લાગે છે. પાણિનીય આ સૂત્રથી અહીં 'णी' ધાતુને अच् પ્રત્યય લાગતાં ગુણ થશે. ગુણ થયા પછી 'ए' નો 'अय्' આદેશ થશે. એટલે नय् + अ(अच्)=नय થશે. આ ધાતુને वि ઉપસર્ગ લગાડતા વિનય શબ્દ બનશે. (वि ઉપસર્ગ લાગતાં णी ધાતુનો 'દૂર કરવું' અર્થ થશે. એટલે) કર્મોને દૂર કરવા તે વિનય. અથવા જેનાવડે આઠ પ્રકારના કર્મો દૂર થાય તે વિનય. તેની જે ક્રિયા તે વિનયકર્મ. 'च' શબ્દ પૂર્વની જેમ સમાનતા જણાવનારો જાણવો. આ પ્રમાણે આ ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

**ગાથાર્થ :-** (પશ્ચાર્ધ) આ વંદન કોને કરવા યોગ્ય છે ? અથવા કોનાવડે કરવા યોગ્ય છે ?

---

+ क्तेटो गुरो० - सिद्धहेम० ५-३-१०६ । ★ युवर्ण-वृ...... सिद्धहेम० ५-३-२८.

कइओणयं कइसिरं कइहिं च आवस्सएहि परिसुद्धं ।
कइदोसविप्पमुक्कं किइकम्मं कीस कीरइ वा ? ॥११०४॥

व्याख्या–इदं वन्दनं कर्तव्यं कस्य वा केन वाऽपि 'कदा वा' कस्मिन् वा काले 'कतिकृत्वो वा' कियत्यो वा वाराः ? । अवनतिः-अवनतं, कत्यनवतं तद्वन्दनं कर्तव्यं ?, कतिशिरः कति शिरांसि तत्र भवन्तीत्यर्थः, कतिभिरावश्यकैः–आवर्तादिभिः परिशुद्धं, कतिदोषविप्रमुक्तं, टोलगत्यादयो दोषाः, 'कृतिकर्म' वन्दनकर्म 'कीस कीरइ' त्ति किमिति वा क्रियत इति गाथाद्वयसंक्षेपार्थः ॥ अवयवार्थ उच्यते, तत्र वन्दनकर्म द्विधा–द्रव्यतो भावतश्च, द्रव्यतो मिथ्यादृष्टेरनुपयुक्तसम्यग्दृष्टेश्च, भावतः सम्यग्दृष्टेरुपयुक्तस्य, चितिकर्मापि द्विधैव–द्रव्यतो भावतश्च, द्रव्यतस्तापसादिलिङ्गग्रहणकर्मानुपयुक्तसम्यग्दृष्टे रजोहरणादिकर्म च, भावतः सम्यग्दृष्ट्युपयुक्तरजोहरणाद्युपधिक्रियेति, कृतिकर्मापि द्विधा–द्रव्यतः कृतिकर्म निह्नवादीनामवनामादि करणमनुपयुक्तसम्यग्दृष्टीनां च, भावतः सम्यग्दृष्ट्युपयुक्तानामिति, पूजाकर्मापि द्विधा–द्रव्यतो निह्नवादीनां मनोवाक्कायक्रिया अनुपयुक्तसम्यग्दृष्टीनां च, भावतः सम्यग्दृष्ट्युपयुक्तानामिति, विनयकर्मापि द्विधा–द्रव्यतो निह्नवादीनामनुपयुक्तसम्यग्दृष्टीनां च, भावत उपयुक्तसम्यग्दृष्टीनां

---

ક્યારે અને કેટલી વાર કરવા ?

ગાથાર્થ :- કેટલી વાર અવનત કરવા ? કેટલા મસ્તક ? અને કેટલા આવશ્યકોવડે આ વંદન પરિશુદ્ધ થાય ? કેટલા દોષથી રહિત અને શા માટે આ વંદનકર્મ કરવું ?

ટીકાર્થ :- આ વંદન કોને કરવા યોગ્ય છે ? કોનાવડે, ક્યારે, કેટલી વાર કરવા યોગ્ય છે ? કેટલા અવનતવાળું વંદન કરવા યોગ્ય છે ? તે વંદનમાં કેટલા મસ્તકો હોય ? આવર્તાદિ કેટલા આવશ્યકોથી શુદ્ધ હોવું જોઈએ ? ટોલગતિ વિગેરે કેટલા દોષોથી રહિત હોવું જોઈએ ?, અને આ વંદનકર્મ શા માટે કરવું જોઈએ ? આ પ્રમાણે બંને ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો.

વિસ્તારાર્થ હવે કહેવાય છે. તેમાં વંદનક્રિયા બે પ્રકારે થાય – (૧) દ્રવ્યથી અને (૨) ભાવથી. (ઉપયુક્ત કે અનુપયુક્ત એવા) મિથ્યાદૃષ્ટિની અને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિની વંદનક્રિયા દ્રવ્યથી જાણવી. તથા ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિની વંદનક્રિયા ભાવથી જાણવી. ચિતિકર્મ પણ દ્રવ્ય-ભાવથી બે પ્રકારે છે. તેમાં તાપસાદિની લિંગગ્રહણક્રિયા અને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિની રજોહરણાદિક્રિયા દ્રવ્યથી ચિતિકર્મ જાણવું. ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિ જીવની રજોહરણાદિઉપધિની ક્રિયા ભાવથી ચિતિકર્મ જાણવું.

કૃતિકર્મ પણ દ્રવ્ય-ભાવથી બે પ્રકારે છે. તેમાં નિહ્નવો અને અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિજીવોનું અવનામાદિકરણ એ દ્રવ્યથી કૃતિકર્મ જાણવું. ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિજીવોનું અવનામાદિકરણ એ ભાવથી કૃતિકર્મ જાણવું. પૂજાકર્મ પણ બે પ્રકારે – નિહ્નવો અને અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની મન-વચન-કાયાની ક્રિયા એ દ્રવ્યથી તથા ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિઓનું ભાવથી પૂજાકર્મ જાણવું. વિનયકર્મ પણ બે પ્રકારે – તેમાં નિહ્નવો અને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિઓનું દ્રવ્યથી તથા ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિઓની વિનયક્રિયા એ ભાવથી વિનયકર્મ જાણવું. ॥૧૧૦૩ –

विनयक्रियेति ॥११०३-११०४॥

साम्प्रतं वन्दनादिषु द्रव्यभावभेदप्रचिकटयिषया दृष्टान्तान् प्रतिपादयन्नाह—

सीयले खुड्डुए कण्हे, सेवए पालए तहा ।
पंचेते दिट्ठंता किइकम्मे होंति णायव्वा ॥११०५॥

व्याख्या—सीतलः क्षुल्लकः कृष्णः सेवकः पालकस्तथा पञ्चैते दृष्टान्ताः कृतिकर्मणि भवन्ति ज्ञातव्या इति । कः पुनः शीतलः ?, तत्र कथानकम्-[७५]एगस्स रण्णो पुत्तो सीयलो णाम, सो य णिव्विण्णकामभोगो पव्वतिओ, तस्स य भगिणी अण्णस्स रण्णो दिण्णा, तीसे चत्तारि पुत्ता, सा तेसिं कहंतरेसु कहं कहेइ, जहा तुज्झ मातुलओ पुव्वपव्वइओ, एवं कालो वच्चइ । तेऽवि अन्नया तहारूवाणं थेराणं अंतिए पव्वइया चत्तारि, बहुस्सुया जाया, आयरियं पुच्छिउं माउलगं वंदगा जंति । एगंमि णयरे सुओ, तत्थ गया, वियालो जाउत्तिकाउं बाहिरियाए ठिया, सावगो य णयरं पवेसिउकामो सो भणिओ सीयलायरियाणं

---

૧૧૦૪॥

અવતરણિકા :- હવે વંદનાદિના દ્રવ્ય-ભાવભેદને પ્રગટ કરવાની ઇચ્છાથી દૃષ્ટાન્તોનું પ્રતિપાદન કરતાં ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ મુજબ જાણવો.

ટીકાર્થ :- શીતલ, ક્ષુલ્લક, કૃષ્ણ, સેવક અને પાલક આ પાંચ દૃષ્ટાન્તો કૃતિકર્મમાં જાણવા. અહીં તે શીતલ કોણ છે ? તે કથાનકથી કહે છે →

**❖ શીતલાચાર્યનું દૃષ્ટાન્ત ❖**

એક રાજાને શીતલ નામનો પુત્ર હતો. કામ-ભોગો પ્રત્યે નિર્વેદને=વૈરાગ્યને પામતા તે પુત્રે દીક્ષા લીધી. તેની બહેન અન્ય રાજાને આપેલી હતી. બહેનને ચાર પુત્રો હતા. તે ચારે પુત્રોને બહેન (માતા) કથા કહેતા વચ્ચે (શીતલની) કથા કહે છે કે - તમારા મામાએ દીક્ષા લીધી છે. આ પ્રમાણે કાલ પસાર થાય છે. તે ચારે પુત્રો પણ તેવા પ્રકારના વિશિષ્ટ આચાર્ય પાસે પ્રવ્રજિત થયા. બહુશ્રુત થયા. એકવાર પોતાના આચાર્યની રજા લઈને તે ચારે મામાને વંદન કરવા નીકળ્યા.

અમુક ગામમાં રોકાયેલા છે એવું તેઓએ સાંભળ્યું. તેઓ ત્યાં ગયા. પરંતુ તે ગામમાં આવતા સાંજ પડી ગઈ હોવાને કારણે ગામની બહાર જ રોકાયા. નગરમાં જવાની ઇચ્છાવાળા એક શ્રાવકને કહ્યું કે - "અંદર શીતલાચાર્ય છે તેમને કહેવું કે - જે તમારા ભાણિયા છે તે આવેલા છે

---

७५. एकस्य राज्ञः पुत्रः शीतलो नाम, स च निर्विण्णकामभोगः प्रव्रजितः, तस्य च भगिनी अन्यस्मै राज्ञे दत्ता, तस्याश्चत्वारः पुत्राः, सा तेभ्यः कथान्तरेषु ( कथावसरेषु ) कथां कथयति-यथा युष्माकं मातुलः पूर्वं प्रव्रजितः, एवं कालो व्रजति । तेऽपि अन्यदा तथारूपाणां स्थविराणामन्तिके प्रव्रजिताश्चत्वारः, बहुश्रुता जाताः, आचार्यं पृष्ट्वा मातुलं वन्दितुं यान्ति । एकस्मिन्नगरे श्रुतः, तत्र गताः, विकालो जात इतिकृत्वा बाहिरिकायां स्थिताः, श्रावकश्च नगरं प्रवेष्टुकामः स भणितः-शीतलाचार्येभ्यः

[७६]कहेहि–जे तुज्झं भाइणिज्जा ते आगया वियालोत्ति न पविट्ठा, तेणं कहियं, तुट्ठो, इमेसिंपि रत्तिं सुहेण अज्झवसाणेण चउण्हवि केवलणाणं समुप्पण्णं । पभाए आयरिया दिसाउ पलोइंति, एताहे मुहुत्तेणं एहिंति, पोरिसिसुत्तं मण्णे करेंता अच्छंति, उग्घाडाए अत्थपोरिसित्ति, अइचिराविए य ते देवकुलियं गया, ते वीयरागा न आढायंति, डंडओऽण्णेण ठविओ, पडिक्कंतो, आलोइए भणइ-कओ वंदामि ? भणंति-जओ भे पडिहायइ, सो चिंतेइ-अहो दुट्ठसेहा निल्लज्जत्ति, तहवि रोसेण वंदइ, चउसुवि वंदिएसु, केवली किर पुव्वपउत्तं उवयारं न भंजइ जाव न पडिभिज्जइ, एस जीयकप्पो, तेसु नत्थि पुव्वपवत्तो उवयारोत्ति, भणंति-

---

પરંતુ રાત પડી હોવાથી અંદર પ્રવેશ્યા નથી." શ્રાવકે વાત કરી. શીતલાચાર્ય ખુશ થયા.

આ બાજુ ચારે પુત્રોને શુભ અધ્યવસાય પ્રાપ્ત થવાથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભાત થતાં આચાર્ય તે તરફની દિશાઓનું અવલોકન કરે છે કે હમણાં આવશે, એક મૂહૂર્ત પછી આવશે, અથવા તેઓ (II)સૂત્રપૌરુષીને કરીને આવશે, એવું હું માનું છું એમ વિચારીને ઉપાશ્રયમાં જ આચાર્ય રહ્યા. ઉદ્દ્ઘાટ પૌરુષી (પોણો પ્રહર) થતાં વિચાર્યું કે અર્થપૌરુષી કરીને આવશે. પરંતુ જ્યારે લાંબા કાળ પછી પણ તેઓ આવ્યા નહીં. એટલે આચાર્ય પોતે બહાર ઉદ્યાનમાં રહેલ દેવમંદિરમાં ગયા. આ બાજુ વીતરાગ બનેલા ભાણિયાઓ આચાર્યનો આદર કરતા નથી. આચાર્યએ પોતાનો દાંડો અમુક સ્થાને મૂક્યો. ઈરિયાવહી કરી. તે કર્યા બાદ ભાણિયાઓને પૂછ્યું – "ક્યાંથી (=કોને સૌ પ્રથમ) વંદન કરું ?" તેઓએ કહ્યું- "જ્યાંથી તમને યોગ્ય લાગે ત્યાંથી."

આચાર્યે વિચાર્યું – "અહો ! આ દુષ્ટ શિષ્યો નિર્લજ્જ છે." છતાં રોષે ભરાઈને આચાર્ય બધાને વંદન કરે છે. જ્યારે ચારેને વંદન કર્યા (ત્યારે 'તેઓએ કહ્યું' એ પ્રમાણે આગળ 'भणंति' પદ સાથે અન્વય જોડવો.)

શંકા :- પણ તે ચારે નાના હતા, તો તેમણે વંદન કરવાને બદલે વંદન કરતાં આચાર્યને નિષેધ કેમ ન કર્યો ? કારણ કે સામેવાળાને 'કેવલી' છે તે ખબર ન પડે ત્યાં સુધી કેવલી પૂર્વવત્ વ્યવહારનો ભંગ કરે નહીં, એવો જીતકલ્પ છે.

**સમાધાન** :- બરાબર છે. પણ તે બે વચ્ચે પૂર્વે કોઈ વ્યવહાર થયો જ નહોતો તેથી આચાર્યને નિષેધ કર્યો નહીં. તથા તેઓએ કહ્યું – "દ્રવ્યવંદનવડે તમે વંદન કર્યું, ભાવવંદન

---

૭૬. कथयेः-ये युष्माकं भागिनेयास्ते आगता विकाल इति न प्रविष्टाः, तेन कथितं, तुष्टः, एषामपि रात्रौ शुभेनाध्यवसायेन चतुर्णामपि केवलज्ञानं समुत्पन्नं । प्रभाते आचार्या दिशः प्रलोकयन्ति, अधुना मुहूर्तेनैष्यन्ति, सूत्रपौरुषीं कुर्वन्तः ( इति ) मन्ये तिष्ठन्ति, उद्घाटायामर्थपौरुषीमिति, अतिचिरायिते च ते देवकुलिकां गताः, ते वीतरागा नाद्रियन्ते, दण्डकोऽनेन स्थापितः, प्रतिक्रान्तः, आलोचिते भणति-कुतो वन्दे ?, भणन्ति-यतो भवतां प्रतिभासते, स चिन्तयति-अहो दुष्टशैक्षा निर्लज्जा इति, तथापि रोषेण वन्दते, चतुर्ष्वपि वन्दितेषु, केवली किल पूर्वप्रयुक्तं उपचारं न भनक्ति यावन्न प्रतिभिद्यते ( ज्ञायते ), एष जीतकल्पः, तेषु नास्ति पूर्वप्रवृत्त उपचार इति, भणन्ति-

[७७]दव्ववंदणएणं वंदिया भाववंदणएणं वंदाहि, तं च किर वंदंतं कसायकंडएहिं छट्ठाणपडियं पेच्छंति, सो भणइ-एयंपि नज्जइ ?, भणंति-बाढं, किं अइसओ अत्थि ?, आमं, किं छाउमत्थिओ केवलिओ ?, केवली भणंति-केवलिओ, सो किर तहेव उद्धुसियरोमकूवो अहो मए मंदभग्गेण केवली आसातियत्ति संवेगमागओ, तेहिं चेव कंडगठाणेहिं नियत्तोत्ति जाव अपुव्वकरणं अणुपविट्ठो, केवलणाणं समुप्पण्णं चउत्थं वंदंतस्स समत्तीए । सा चेव काइया चिट्ठा एगंमि बंधाय एगंमि मोक्खाय । पुव्वं दव्ववंदणं आसि पच्छा भाववंदणं जायं १॥

इदानीं क्षुल्लकः, तत्रापि कथानकम्–[७८]एगो खुड्डगो आयरिएण कालं करमाणेण लक्खणजुत्तो आयरिओ ठविओ, ते सव्वे पव्वइया तस्स खुड्डगस्स आणाणिद्देसे वट्टंति,

---

વડે વંદન કરો." (આવું કહેવા પાછળનું કારણ એ હતું કે ) વંદન કરતાં આચાર્યને કષાયના કંડકસ્થાનોવડે ષટ્સ્થાનપતિત જુએ છે (અર્થાત્ તે સમયે આચાર્યને પૂર્વ-પૂર્વના સમય કરતા પછી પછીના સમયે કષાયભાવમાં અનંતભાગ-અસંખ્યભાગ વિગેરે વૃદ્ધિ થતી કેવલીઓએ જોઈ. માટે ઉપરોક્ત વચન બોલ્યા.)

આચાર્યે પૂછ્યું - "હું દ્રવ્યથી વંદન કરું છું એ શું તમે જાણી ગયા ?" તેઓએ કહ્યું - "હા." આચાર્યે પૂછ્યું - "શું કોઈ અતિશય થયો છે ?" "હા." "છાદ્મસ્થિક અતિશય કે કેવલિક અતિશય ?" કેવલીઓએ કહ્યું - "કેવલિક અતિશય પ્રાપ્ત થયો છે." તે સમયે ઉત્પન્ન થયેલ રોમાંચવાળા આચાર્ય (પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે ) "અહો ! મંદભાગ્યવાળા એવા મેં કેવલીઓની આશાતના કરી." સંવેગ પામ્યા અને તે જ કષાયના કંડકસ્થાનોથી તેઓ પાછા ફર્યા. ધીરે ધીરે પાછા ફરતાં તેઓ અપૂર્વકરણને (=આઠમા ગુણસ્થાનકને) પામ્યા. ચોથા ભાણિયાને વંદનની સમાપ્તિ થતાં સુધીમાં આચાર્યને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે તે જ વંદન કરવારૂપ કાયિકચેષ્ટા એકને વિષે કર્મબંધ માટે થાય છે, જ્યારે અન્યને મોક્ષ માટે થાય છે. (અથવા એક સમયે બંધ માટે, તો અન્ય સમયે મોક્ષ માટે થાય છે.) અહીં પૂર્વે દ્રવ્યવંદન હતું, પછી ભાવવંદન થયું. (૧).

### ❖ ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાન્ત ❖

હવે ક્ષુલ્લકસાધુનું દૃષ્ટાન્ત કહે છે – કાળ પામતાં એવા એક આચાર્યે એક ક્ષુલ્લકસાધુને આચાર્યપદે સ્થાપ્યો. સર્વ મુનિ ભગવંતો તે નવા આચાર્યની આજ્ઞા પ્રમાણે ચાલે છે. આ

---

७७. द्रव्यवन्दनकेन वन्दिता भाववन्दनकेन वन्दस्व, तं च किल वन्दमानं कषायकण्डकैः षट्स्थानपतितं पश्यन्ति, स भणति-एतदपि ज्ञायते ?, भणन्ति-बाढं, किमतिशयोऽस्ति ?, ओम्, किं छाद्मस्थिकः कैवलिकः ?, केवलिनो भणन्ति-कैवलिकः, स किल तथैवोद्धूषितरोमकूपः अहो मया मन्दभाग्येन केवलिन आशातिता इति संवेगमागतः, तैरेव कण्डकस्थानैर्निर्वृत्त इति यावदपूर्व-करणमनुप्रविष्टः, केवलज्ञानं समुत्पन्नं, चतुर्थं वन्दमानस्य समाप्त्या । सैव कायिकी चेष्टा एकस्मिन् बन्धायैकस्मिन् मोक्षाय । पूर्वं द्रव्यवन्दनमासीत् पश्चाद्भाववन्दनं जातं ॥ ७८. एकः क्षुल्लक आचार्येण कालं कुर्वता लक्षणयुक्त आचार्यः स्थापितः, ते सर्वे प्रव्रजितास्तस्य क्षुल्लकस्याज्ञानिर्देशे वर्त्तन्ते,

[७९]तेसिं च कडादीणं थेराण मूले पढइ । अण्णया मोहणिज्जेण वाहिज्जंतो भिक्खाए गएसु साहुसु बितिज्जएण सण्णापाणयं आणावेत्ता मत्तयं गहाय उवहयपरिणामो वच्चइ एगदिसाए, परिस्संतो एक्कहिं वणसंडे वीसमइ, तस्स य पुप्फियफलियस्स मज्झे समीज्झुक्खरस्स पेढं बद्धं, लोगो तत्थ पूयं करेइ, तिलगबउलाईणं न किंचिवि, सो चिंतेइ–एयस्स पेढस्स गुणेण एई से पूजा किज्जइ चिईनिमित्तं, सो भणइ-एए किं ण अच्चेह ?, ते भणंति-पुव्विल्लएहिं कएल्लयं एयं, तं च जणो वंदइ, तस्सवि चिंता जाया, पेच्छह, जारिसं समिज्झुक्खरं तारिसो मि अहं, अन्नेवि तत्थ बहुसुया रायपुत्ता इब्भपुत्ता पव्वइया अत्थि, ते ण ठविया, अहं

આચાર્ય પણ કૃતાદિ=ગીતાર્થ વિગેરે સ્થવિરો પાસે ભણે છે. એક વખત મોહનીયકર્મથી વહન કરાતા (=મોહનીયકર્મથી પ્રેરાયેલા) આચાર્ય, જયારે બીજા બધા સાધુઓ ગોચરી ગયા હતા ત્યારે સ્થંડિલભૂમિ તરફ જવા માટે બીજા મુનિ પાસે પાણી મંગાવીને પાત્ર લઈને ચારિત્રના પરિણામથી પતિત થયેલા એક દિશા તરફ ચાલવા લાગે છે.

આગળ જતા થાકેલાં તે આચાર્ય એક વનખંડમાં વિશ્રામ કરે છે. પુષ્પિત અને ફલિત એવા તે વનખંડના મધ્યમાં એક ખીજડાના વૃક્ષને પીઠિકા બાંધેલી હતી (અર્થાત્ વૃક્ષની ચારેબાજુ થડ પાસે ઓટલા જેવી પીઠ બનાવી હતી.) લોકો તે ખીજડાના વૃક્ષની પૂજા કરતા હતા. પણ તિલક, બકુલ વિગેરે વૃક્ષોની કોઈ પૂજા કરતું નહીં. આચાર્યે વિચાર્યું કે - " આ જે ચિતિરૂપ પીઠ છે તેના પ્રભાવે આ વૃક્ષની આટલી પૂજા થાય છે. (चिईनिमित्तं શબ્દનો અર્થ આ પ્રમાણે જાણવો કે પૂર્વે રજોહરણાદિ ઉપકરણોનાં સમૂહને ઉપચારથી ચિતિ કહ્યું. તેના કારણે જે વંદન થાય તે ચિતિવંદન. આ વંદન રજોહરણાદિ ઉપકરણોને કારણે થતું હોવાથી ચિતિનિમિત્તક કહેવાય છે. એ જ રીતે લોકો ખીજડાની જે પૂજા કરે છે તેમાં પીઠ એ કારણ છે કારણ કે પૂર્વજો એ પીઠ બાંધી પૂજા કરતા હતા એટલે લોકો પણ પૂજા કરે છે. આમ ખીજડાની પૂજા એ ચિતિ-નિમિત્તક=પીઠનિમિત્તક કહેવાય છે.)

આચાર્યે લોકોને પૂછ્યું - "તમે આ તિલક, બકુલ વિગેરે વૃક્ષોની કેમ પૂજા કરતા નથી?" લોકોએ કહ્યું - " અમારા પૂર્વજોએ આ પીઠિકા બાંધી છે. તેના કારણે લોકો તેની પૂજા કરે છે." આ સાંભળી આચાર્ય વિચારવા લાગ્યા કે – " જુઓ, જેવા પ્રકારનું આ ખીજડાનું વૃક્ષ છે તેવો હું (નિર્ગુણ) છું. તે ગચ્છમાં બીજા પણ બહુશ્રુતો, રાજપુત્રો, શ્રેષ્ઠિપુત્રો પ્રવ્રજિત થયા છે છતાં તેઓને ન સ્થાપ્યા અને મને સ્થાપ્યો. તથા તેઓ મારી પૂજા પણ કરે

७९. तेषां च कृतादीनां स्थविराणां मूले पठति। अन्यदा मोहनीयेन बाध्यमानो भिक्षायै गतेषु साधुषु द्वितीयेन संज्ञापानीयमानाय्य मात्रकं गृहीत्वोपहतपरिणामो व्रजति एकदिशा, परिश्रान्त एकस्मिन् वनखण्डे विश्राम्यति, तस्य च पुष्पितफलितस्य मध्ये शमीशाखायाः पीठं बद्धं, लोकस्तत्र पूजां करोति, तिलकबकुलादीनां न किञ्चिदपि, स चिन्तयति-एतस्य पीठस्य गुणेनेयती अस्य पूजा क्रियते चितिनिमित्तं, स भणति-एतान् किं नार्चयत ?, ते भणन्ति-पुरातनैः कृतमेतत्, तं च जनो वन्दते, तस्यापि चिन्ता जाता, पश्यत, यादृशी शमीशाखा तादृशोऽस्मि अहं, अन्येऽपि तत्र बहुश्रुता राजपुत्रा इभ्यपुत्राः प्रव्रजिताः सन्ति, ते न स्थापिताः, अहं

[८०] ठविओ, ममं पूएइ, कओ मज्झ समणत्तणं ?, रयहरणणिमित्तं चितीगुणेण वंदंति, पडिनियत्तो । इयरेवि भिक्खाओ आगया मग्गंति, न लहंति सुतिं वा पवित्तिं वा, सो आगओ आलोएइ–जहाऽहं सण्णाभूमिं गओ, सूलो य उद्धाइओ, तत्थ पडिओ अच्छओ, इयाणिं उवसंते आगओमि, ते तुट्ठा, पच्छा कडाईणं आलोएति, पायच्छित्तं च पडिवज्जइ । तस्स पुव्विं दव्वचिई पच्छा भावचिई जाया २॥

इदानीं कृष्णसूत्रकथानकं–[८१] बारवईए वासुदेवो वीरओ कोलिओ, सो वासुदेवभत्तो, सो य किर वासुदेवो वासारत्ते बहवे जीवा वहिज्जंतित्ति ण णीति, सो वीरओ वारं अलभंतो पुप्फछज्जियाए अच्चणं काऊण वच्चइ दिणे दिणे, न य जेमेइ, परूढमंसू जाओ, वत्ते

---

છે. મારી પાસે ક્યાં શ્રમણપણું છે ? છતાં રજોહરણરૂપ મારા ચિતિગુણને કારણે તેઓ વંદન કરે છે." (આવા વિચારોથી સમ્યગ્બોધ પ્રાપ્ત થતાં) તેઓ પાછા ફર્યા. આ બાજુ ભિક્ષાથી પાછા આવેલા સાધુઓ પણ આચાર્યને શોધે છે, પરંતુ કોઈ સમાચાર મળતા નથી. એવામાં તે આચાર્ય પાછા આવ્યા અને કહ્યું - " હું સંજ્ઞાભૂમિમાં (=જંગલમાં) ગયો હતો. ત્યાં મને પેટમાં શૂલ ઉત્પન્ન થયું જેથી હું પડ્યો અને થોડી વાર સુધી ત્યાં રહ્યો. જયારે તે શૂલ શાંત થયું એટલે હું આવી ગયો (આ રીતે પોતાને મોડું થવાનું કારણ આચાર્યે સાધુઓને કહ્યું.) સાધુઓ ખુશ થયા (અર્થાત્ ચિંતામુક્ત થયા.)

પાછળથી ગીતાર્થો પાસે આલોચના કરે છે અને પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. આચાર્યની પાસે પૂર્વે=પરિણામ પડ્યા ત્યારે જે રજોહરણાદિ ઉપકરણો હતા તે દ્રવ્યચિતિ કહેવાય અને પાછળથી= પરિણામ પ્રાપ્ત થયા પછીના ઉપકરણો ભાવચિતિ થયા. (૨).

### ❖ કૃષ્ણનું દૃષ્ટાન્ત ❖

દ્વારિકાનગરીમાં કૃષ્ણવાસુદેવ અને વીરકનામે વણકર હતો. તે વીરક વાસુદેવનો ભક્ત હતો. વર્ષાકાળ દરમિયાન ઘણા જીવોની હિંસા થવાના ભયથી કૃષ્ણવાસુદેવ ક્યાંય બહાર જતા નથી. (વાસુદેવના દર્શન વિના વીરકને ન જમવાનો નિયમ હોવાથી) દર્શન માટેનો અવસર પ્રાપ્ત ન થતાં તે વીરક રોજે રોજ પુષ્પોથી ભરેલા ભાજન સાથે (રાજમહેલ પાસે આવીને બહારથી જ માનસિક સ્મરણ કરવા દ્વારા) પૂજા કરીને પાછો જતો રહે છે. દર્શન ન થવાના કારણે તે જમતો નથી. દાઢી-મૂછ ઘણા વધી ગયા.

---

८०. स्थापितः, मां पूजयति, कुतो मम श्रामण्यं ?, रजोहरणमात्रचितिगुणेन वन्दन्ते, प्रतिनिवृत्तः । इतरेऽपि भिक्षात आगता मार्गयन्ति, न लभन्ते श्रुतिं वा प्रवृत्तिं वा, स आगत आलोचयति– यथाऽहं संज्ञाभूमिं गतः, शूलश्चोत्पन्नः, तत्र पतितः स्थितः, इदानीमुपशान्ते आगतोऽस्मि, ते तुष्टाः, पश्चात् कृतादिभ्य आलोचयति प्रायश्चित्तं च प्रतिपद्यते । तस्य पूर्वं द्रव्यचितिः पश्चाद्भावचितिर्जाता ॥ ८१. द्वारिकायां वासुदेवो वीरकः कोलिकः, स वासुदेवभक्तः, स च किल वासुदेवो वर्षारात्रे बहवो जीवा वध्यन्त इति न निर्गच्छति, स वीरको वेलामलभमानः पुष्पछज्जिकया (द्वारशाखायाः) अर्चनं कृत्वा व्रजति दिने दिने, न च जेमति, प्ररूढश्मश्रुर्जातः, वृत्ते

[८२]वरिसारत्ते नीति राया, सव्वेवि रायाणो उवट्ठिया, वीरओ पाएसु पडिओ, राया पुच्छइ–वीरओ दुब्बलोत्ति, बारवालेहिं कहियं जहावत्तं, रण्णो अणुकंपा जाया, अवारियपवेसो कओ वीरगस्स । वासुदेवो य किर सव्वाउ धूयाउ जाहे विवाहकाले पायवंदियाओ एंति ताहे पुच्छइ–किं पुत्ती ! दासी होहिसि उदाहु सामिणित्ति, ताओ भणंति-सामिणीओ होहामुत्ति, राया भणइ-तो खायं पव्वयह भट्टारगस्स पायमूले, पच्छा महया णिक्खमणसक्कारेण सक्कारियाओ पव्वयंति, एवं वच्चइ कालो । अण्णया एगाए देवीए धूया, सा चिंतेइ-सव्वाओ पव्वाविज्जंती, तीए धूया सिक्खाविया–भणाहि दासी होमित्ति, ताहे सव्वालंकियविभूसिया उवणीया पुच्छिया भणइ–दासी होमित्ति, वासुदेवो चिंतेइ–मम धूयाओ संसारं आहिंडंति तह य अण्णेहिं अवमाणिज्जंति तो न लट्ठयं, एत्थं को उवाओ ?, जेण

---

વર્ષાકાળ પૂર્ણ થતાં કૃષ્ણવાસુદેવ રાજમહેલમાંથી બહાર નીકળે છે. બધા રાજાઓ ઉપસ્થિત થયા. વીરક વાસુદેવના પગમાં પડ્યો. રાજાએ પૂછ્યું - "વીરક ! તું આટલો બધો દુર્બળ કેમ ?" દ્વારપાલકોએ યથાવસ્થિત બધી વાત કરી. રાજાને વીરક ઉપર દયા આવી. જેથી રાજાની આજ્ઞાથી રાજમહેલમાં વીરકને કોઈપણ જાતની રોકટોક વગર પ્રવેશવાની રજા આપી. વાસુદેવની સર્વ પુત્રીઓ વિવાહકાલે કૃષ્ણને પગે લાગવા આવે ત્યારે કૃષ્ણ સર્વને પૂછે છે કે "હે પુત્રીઓ ! બોલો તમે દાસી બનવું પસંદ કરશો કે રાણી બનવું ?" પુત્રીઓએ કહ્યું – "અમે રાણી થઈશું." ત્યારે રાજા કહે છે – "તો બહુસારી વાત છે, જાઓ ભગવાન પાસે જઈ દીક્ષા ગ્રહણ કરો." પછીથી મોટા દીક્ષા માટેના મહોત્સવપૂર્વક પુત્રીઓને દીક્ષા આપે છે. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થાય છે.

કૃષ્ણવાસુદેવની એક અન્ય રાણીની પુત્રી હતી. તે રાણીએ વિચાર્યું કે "વાસુદેવ બધી દીકરીઓને દીક્ષાના માર્ગે મોકલે છે." રાણીએ પોતાની દીકરીને શીખવાડ્યું કે – "તારે દાસી થવું છે એમ કહેવું." સર્વાલંકારોથી વિભૂષિત એવી કન્યાને વિવાહકાલે વાસુદેવ પાસે ઉપસ્થિત કરી. પૂર્વની જેમ પૂછતાં કન્યાએ કહ્યું – "દાસી થવું છે." વાસુદેવ વિચાર્યું – "મારી દીકરીઓ સંસારમાં ભમે અને બીજાઓ તેમનું અપમાન કરે એ સારું નહીં, તેથી કોઈક ઉપાય ખરો ?

---

८२. वर्षारात्रे निर्गच्छति राजा, सर्वेऽपि राजान उपस्थिताः, वीरकः पादयोः पतितः, राजा पृच्छति-वीरक ! दुर्बल इति, द्वारपालैः कथितं यथावृत्तं, राज्ञोऽनुकम्पा जाता, अवारितप्रवेशः कृतो वीरकस्य । वासुदेवश्च किल सर्वा दुहितृर्यदा विवाहकाले पादवन्दका आयान्ति तदा पृच्छति-किं पुत्रि ! दासी भविष्यसि उताहो स्वामिनीति, ता भणन्ति-स्वामिन्यो भविष्याम इति, राजा भणति-तदा ख्यातं ( प्रसिद्धं ) प्रव्रजत भट्टारकस्य पादमूले, पश्चान्महता निष्क्रमणसत्कारेण सत्कृताः प्रव्रजन्ति, एवं व्रजति कालः । अन्यदैकया देव्या दुहिता, सा चिन्तयति-सर्वाः प्रव्राज्यन्ते, तया दुहिता शिक्षिता-भणेर्दासी भवामीति, तदा सर्वालङ्कार-विभूषितोपनीता पृष्टा भणति-दासी भवामीति, वासुदेवश्चिन्तयति-मम दुहितरः संसारं आहिण्डन्ते तथा चान्यैः अवमन्यन्ते तदा न लष्टं, अत्र क उपायो ?, येन

[८३] अण्णावि एवं न करेहित्ति चिंतेइ, लद्धो उवाओ, वीरगं पुच्छइ—अत्थि ते किंचि कयपुव्वयं ? भणइ—णत्थि, राया भणइ—चिंतेहि, तओ सुचिरं चिंतेत्ता भणइ—अत्थि, बयरीए उवरिं सरडो सो पाहाणेण आहणेत्ता पाडिओ मओ य, सगडवट्टाए पाणियं वहंतं वामपाएण धारियं उव्वेलाए गयं, पज्जणघडियाए मच्छियाओ पविट्ठाओ हत्थेण ओहाडिया ★व सुमुंगुमंतीउ होउत्ति। बीए दिवसे अत्थाणीए सोलसण्हं रायसहस्साणं मज्झे भणइ-सुणह भो ! एयस्स वीरगस्स कुलुप्पत्ती सुया कम्माणि य, काणि कम्माणि ?, वासुदेवो भणइ-'जेण रत्तसिरो नागो, वसंतो बयरीवणे । पाडिओ पुढविसत्थेण वेमई नाम खत्तिओ ॥१॥ जेण चक्कुक्खया गंगा, वहंती कलुसोदयं । धारिया वामपाएणं वेमई नाम खत्तिओ ॥२॥ जेण घोसवई सेणा, वसंती कलसीपुरे । धारिया वामहत्थेण, वेमई नाम खत्तिओ ॥३॥ एयस्स धूयं

જેથી બીજી દીકરીઓ પણ આ રીતે જવાબ આપે નહીં." આ રીતે વિચારતાં વિચારતાં વાસુદેવને એક ઉપાય પ્રાપ્ત થયો. વીરકને પૂછ્યું – "તે પૂર્વે કાંઈ પરાક્રમ કર્યું છે ?" તેણે કહ્યું – "ના." રાજાએ કહ્યું – "બરાબર વિચારીને જવાબ આપ." ઘણીવાર વિચાર કર્યાં પછી તેણે કહ્યું – "હા, બદરીના વૃક્ષ ઉપર એક કાચિંડો હતો તેને પથ્થર મારી નીચે પાડ્યો અને તે મરી ગયો. ગાડાના માર્ગમાં વહેતાં પાણીને ડાબા પગથી અટકાવતાં પાણી બીજી બાજું વળી ગયું. પ્રવાહી પીવાના સાધનમાં માખીઓ પડી જેને હાથથી બહાર કાઢી કે જે ગુણગુણ કરતી ઊડી ગઈ."

બીજા દિવસે વાસુદેવ રાજસભામાં સોળ હજાર રાજાઓ વચ્ચે કહે છે કે – "હે રાજાઓ ! તમે આ વીરકની કુલોત્પત્તિ સાંભળી, હવે એના પરાક્રમ સાંભળો." "કયા પરાક્રમો ?" વાસુદેવે કહ્યું - "જેણે બદરીવનમાં રહેનારા એવા રક્તશિરાવાળા, નાગને (કાંચિડાને) પૃથ્વીશસ્ત્રવડે (પથ્થરવડે) મારી નાંખ્યો. તે આ બુદ્ધિમાન ક્ષત્રિય છે ॥૧॥ જેણે કલુષિત પાણીને વહાવતી, ચક્રથી ખોદાયેલી ગંગાને ડાબા પગવડે અટકાવી. તે આ બુદ્ધિમાન ક્ષત્રિય છે ॥૨॥ જેણે ઘોષ=અવાજ કરતી, કળશીપુરમાં રહેનારી સેનાને (માખીઓને) ડાબા હાથે ભગાડી મૂકી. તે આ બુદ્ધિમાન ક્ષત્રિય છે. ॥૩॥ એવા આને હું મારી પુત્રી પરણાવીશ." કૃષ્ણે વીરકને કહ્યું –

८३. अन्या अपि एवं न कुर्युरिति चिन्तयति, लब्ध उपायः, वीरकं पृच्छति-अस्ति तव किञ्चित्कृतपूर्वं ?, भणति-नास्ति, राजा भणति-चिन्तय, ततः सुचिरं चिन्तयित्वा भणति-अस्ति, बदर्या उपरि सरटः स पाषाणेनाहत्य पातितो मृतश्च, शकटवर्त्या पानीयं वहन् वामपादेन धृतं उद्वेलया गतं, पायनघटिकायां मक्षिकाः प्रविष्टा हस्तेनोड्डायिता गुमगुमायमाना भवन्त्विति। द्वितीये दिवसे आस्थान्यां षोडशानां राजसहस्राणां मध्ये भणति-शृणुत भो एतस्य वीरकस्य कुलोत्पत्तिः श्रुता कर्माणि च, कानि कर्माणि ?, वासुदेवो भणति-येन रक्तशिरा नागो वसन् बदरीवने । पातितः पृथ्वीशस्त्रेण वै मतिर्नाम (स उत्कृष्टः) क्षत्रियः ॥१॥ येन चक्रोत्क्षता गङ्गा वहन्ती कलुषोदकम् । वामपादेन धृता वै मतिर्नाम क्षत्रियः ॥२॥ येन घोषवती सेना वसन्ती कलशीपुरे । धृता वामहस्तेन वै मतिर्नाम क्षत्रियः ॥३॥ एतस्मै दुहितरं ★ ओ गुमुगुमंतीओ ।

[८४]देमित्ति, सो भणिओ–धूयं ते देमित्ति, नेच्छइ, भिउडीकया, दिण्णा नीया य घरं, सयणिज्जे अच्छइ, इमो से सव्वं करेइ, अण्णया राया पुच्छइ–किह ते वयणं करेइ ?, वीरओ भणइ–अहं सामिणीए दासोत्ति, राया भणइ–सव्वं जइ ण करावेसि तो ते णिप्फेडओ, तेण रण्णो आकूय णाऊणं घरगएणं भणिया–जहा पज्जणं करेहित्ति, सा रुट्ठा–कोलिया ! अप्पयं ण याणसि ?, तेण उट्ठेऊण रज्जुएण आहया, कूवंती रन्नो मूलं गया, पायवडिया भणइ–जहा तेणाहं कोलिएण आहया, राया भणइ–तेणं चेवसि मए भणिया–सामिणी होहत्ति, तो दासीत्तणं मग्गसि, अहं एत्ताहे न ★सासामि, सा भणइ–सामिणी होमि, राया भणइ–वीरओ जइ स मण्णिहिति, मोइया य पव्वइया । अरिट्ठणेमिसामी समोसरिओ, राया

"મારી પુત્રી હું તને પરણાવીશ." વીરક વાતને સ્વીકારતો નથી. વાસુદેવે પોતાની ભંવાઓ ફેરવી. (અર્થાત્ કડકાઈ ભરી નજરે જોયું એટલે વીરકે વાત સ્વીકારી.)

વીરક સાથે પોતાની પુત્રીના વિવાહ કર્યા. વીરક કન્યાને પોતાના ઘરે લઈ ગયો. (વાસુદેવની પુત્રી હોવાથી) પત્નીને શય્યા ઉપર બેસાડે છે અને તેના બધા કાર્યો વીરક કરે છે. એકવાર રાજાએ વીરકને પૂછ્યું – "કેમ, તારી બધી વાત માને છે ને ?" વીરકે કહ્યું - "હું તે સ્વામિનીનો દાસ છું." રાજાએ કહ્યું – "જો તું બધું કામ તેની પાસે નહીં કરાવે તો તારો છૂટકારો નથી એમ સમજજે." વીરકે રાજાના અભિપ્રાયને જાણીને ઘરે જઈને પત્નીને કહ્યું – "પાયન (પ્રવાહી ખાદ્યપદાર્થ) બનાવ." પત્ની ગુસ્સે ભરાણી અને કહ્યું – "હે વણકર ! તું જાતે બનાવવું જાણતો નથી ?" વીરકે ઉઠીને ચાબુકવડે પત્નીને મારી. તે રડતી રડતી રાજા પાસે ગઈ. પગમાં પડેલી તેણીએ કહ્યું – "તે વણકરે મને માર્યું." રાજાએ કહ્યું – "તે કારણથી જ મેં કહ્યું હતું કે સ્વામિની થા; પરંતુ તે દાસીપણું માંગ્યું, હવે હું કંઈ કહી શકું નહીં." તેણીએ કહ્યું – "હું સ્વામિની થવા માંગુ છું."

રાજાએ કહ્યું – "જો તને છોડવા વીરક માની જાય તો." વીરકે રજા આપી. તેણીએ દીક્ષા લીધી. અરિષ્ઠનેમિ ભગવાન પધાર્યા. રાજા વંદન માટે નીકળ્યો. રાજા સર્વ સાધુઓને

८४. ददामि इति, स भणितः-दुहितरं ते ददामीति, नेच्छति, भृकुटी कृता, दत्ता नीता च गृहं, शयनीये तिष्ठति, अयं तस्याः सर्वं करोति, अन्यदा राजा पृच्छति-कथं ते वचनं करोति ?, वीरको भणति-अहं स्वामिन्या दास इति, राजा भणति-सर्वं यदि न कारयसि तदा तव नास्ति निस्फेटः, तेन राज्ञ आकूतं ज्ञात्वा गृहगतेन भणिता-यथा पायनं कुर्विति, सा रुष्टा–कोलिक ! आत्मानं न जानीषे ?, तेनोत्थाय रज्ज्वाऽऽहता, कूजन्ती राज्ञो मूलं गता, पादपतिता भणति-यथा तेनाहं कोलिकेनाहता, राजा भणति-तेन चैव मया भणिता-स्वामिनी भवेति, तदा त्वं दासत्वं मार्गयसि, अहमधुना न वसामि ( त्वां शास्मि ), सा भणति-स्वामिनी भवामि, राजा भणति-वीरको यदि स मंस्यति, मोचिता प्रव्रजिता च । अरिष्ठनेमिस्वामी समवसृतः, राजा ★ वसामि.

णिग्गओ,[८५] सव्वे साहू बारसावत्तेण वंदइ, रायाणो परिस्संता ठिया, वीरओ वासुदेवाणुवत्तीए वंदइ, कण्हो आबद्धसेओ जाओ, भट्टारओ पुच्छिओ–तिहिं सट्ठेहिं सएहिं संगामाणं न एवं परिस्संतोमि भगवं !, भगवया भणियं–कण्हा ! खाइगं ते सम्मत्तमुप्पाडियं तित्थगरनामगोत्तं च । जया किर पाए विद्धो तदा णिंदणगरहणाए सत्तमाए पुढवीए बद्धेल्लयं आउयं उव्वेढंतेण तच्चपुढविमाणियं, जइ आउयं धरंतो पढमपुढविमाणेंतो, अण्णे भणंति–इहेव वंदंतेणंति । भावकिइकम्मं वासुदेवस्स, दव्वकिइकम्मं वीरयस्स ३॥

इदानीं सेवकः, तत्र कथानकम्–एगस्स[८६] रण्णो दो सेवया, तेसिं अल्लीणा गामा, तेसिं सीमानिमित्तेण भंडणं जायं, रायकुलं पहाविया, साहू दिट्ठो, एगो भणइ–भावेण 'साधुं दृष्ट्वा ध्रुवा सिद्धिः' पयाहिणीकाउं वंदित्ता गओ, बितिओ तस्स किर उग्घडयं करेइ, सोऽवि

---

દ્વાદશાવર્તવંદનવડે વંદન કરે છે. અન્ય રાજાઓને થાક લાગવાથી તેઓ અટક્યા. વીરક વાસુદેવ પ્રમાણે સર્વને વંદન કરે છે. કૃષ્ણ પરસેવાથી રેબઝેબ થયો. તેણે ભગવાનને પૂછ્યું – "ભગવન્ ! ત્રણસો સાઈઠ યુદ્ધો લડવા છતાં આ રીતે થાક લાગ્યો નથી." ભગવાને કહ્યું – "કૃષ્ણ ! (આ વંદનના પ્રભાવે) તેં ક્ષાયિકસમ્યક્ત્વ અને તીર્થંકરનામગોત્ર કર્મ બાંધ્યું છે." હવે જ્યારે મરણકાળે તે વિંધાયો ત્યારે સાતમી નારકીનું જે આયુષ્ય બાંધ્યુ હતું, તે નિંદા અને ગર્હાવડે આયુષ્યની ઉદ્વેલના કરતા ત્રીજી નારકીનું કર્યું. જો તે સમયે આયુષ્ય વધારે હોત તો ત્રીજીનું પણ ઉદ્વેલના કરતા કરતા પ્રથમનારકીનું થઈ જાત.

કેટલાક આચાર્યો એમ કહે છે કે – આ વંદન કરતી વેળાએ જ નારકીનું આયુષ્ય ઘટાડ્યું. અહીં વાસુદેવનું ભાવકૃતિકર્મ અને વીરકનું દ્રવ્યકૃતિકર્મ જાણવું. (૩).

### ❖ સેવકનું દૃષ્ટાન્ત ❖

એક રાજાને બે સેવકો હતા. તે બંનેના ગામો પાસે પાસે હતા. એકવાર સીમાનિમિત્તે બંને વચ્ચે ઝઘડો થયો. બંને સમાધાન માટે રાજકુલ તરફ નીકળ્યા. રસ્તામાં સાધુને જોયા. એકે કહ્યું – "સાધુના દર્શનથી નક્કી સિદ્ધિ પ્રાપ્ત થાય છે." એમ કહીને તેણે સાધુને પ્રદક્ષિણા આપી અને ભાવથી વંદન કરી તે આગળ વધ્યો. આ જોઈને બીજો પણ તેના જેવું જ અનુકરણ કરે

---

८५. निर्गतः, सर्वान् साधून् द्वादशावर्त्तेन वन्दते, राजानः परिश्रान्ताः स्थिताः, वीरको वासुदेवानुवृत्त्या वन्दते, कृष्ण आबद्धस्वेदो जातः, भट्टारकः पृष्टः-त्रिभिः षष्ठ्यधिकैः शतैः संग्रामैः नैवं परिश्रान्तोऽस्मि भगवन् !, भगवता भणितं-कृष्ण ! क्षायिकं त्वया सम्यक्त्वमुत्पादितं तीर्थकरनामगोत्रं च । यदा किल पादे विद्धस्तदा निन्दनगर्हाभ्यां सप्तम्यां पृथ्व्यां बद्धमायुरुद्वेष्टयता तृतीयपृथ्वीमानीतं, यद्यायुरधारयिष्यः प्रथमपृथ्वीमानेष्यः, अन्ये भणन्ति-इहैव वन्दमानेनेति । भावकृतिकर्म वासुदेवस्य, द्रव्यकृतिकर्म वीरकस्य ॥

८६. एकस्य राज्ञो द्वौ सेवकौ, तयोरासन्नौ ग्रामौ, तयोः सीमानिमित्तं भण्डनं जातं, राजकुलं प्रधावितौ, साधुर्दृष्टः, एको भणति-भावेन प्रदक्षिणीकृत्य वन्दित्वा गतः, द्वितीयस्तस्य किलानुवर्त्तनं करोति, सोऽपि

[८७]वंदइ, तहेव भणइ, ववहारो आबद्धो, जिओ, तस्स दव्वपूया, इयरस्स भावपूया ४॥ इदानीं पालकः, तत्र कथानकम्–[८८]बारवईए वासुदेवो राया, पालयसंबादओ से पुत्ता, णेमी समोसढो, वासुदेवो भणइ–जो कल्लं सामिं वंदइ तस्स अहं जं मग्गइ तं देमि, संबेण सयणिज्जाओ उट्ठेत्ता वंदिओ, पालएण रज्जलोभेण सिग्घेण आसरयणेण गंतूण वंदिओ, सो किर अभवसिद्धिओ वंदइ हियएण अक्कोसइ, वासुदेवो निग्गओ पुच्छइ–केण तुज्झे अज्ज पढमं वंदिया ?, सामी भणइ-दव्वओ पालएणं भावओ संबेणं, संबस्स तं दिण्णं ५॥ एवं तावद्वन्दनं पर्यायशब्दद्वारेण निरूपितम् ॥११०५॥

अधुना यदुक्तं 'कर्तव्यं कस्य वे'ति स निरूप्यते, तत्र येषां न कर्तव्यं तानभिधित्सुराह–

असंजयं न वंदिज्जा, मायरं पियरं गुरुं ।
सेणावइं पसत्थारं, रायाणं देवयाणि य ॥११०६॥

---

છે, અર્થાત્ તે પણ વંદન કરે છે અને તે જ પ્રમાણે બોલે છે. રાજકુલમાં વ્યવહાર (=કેસ) ચાલુ થયો. બીજો જીતાયો (અર્થાત્ હારી ગયો.) તેની દ્રવ્યપૂજા હતી અને પ્રથમ સેવકની ભાવપૂજા હતી. (૪).

❖ પાલકનું દૃષ્ટાન્ત ❖

દ્વારિકાનગરમાં વાસુદેવ રાજા હતો. તેને પાલક, શાંબ વિગેરે પુત્રો હતા. એકવાર નેમિનાથપ્રભુ ત્યાં પધાર્યા. વાસુદેવે પુત્રોને કહ્યું – "આવતી કાલે જે સ્વામીને પ્રથમ વંદન કરશે તેને હું તે જે માંગશે તે આપીશ." શાંબે શય્યામાંથી ઊઠીને ત્યાં રહીને જ ભાવથી વંદન કર્યા. પાલકે રાજ્યના લોભે શીઘ્રગતિવાળા એવા અશ્વરત્ન ઉપર સવાર થઈને ત્યાં જઈને વંદન કર્યા. અભવ્ય એવો તે પાલક વંદન કરે છે પરંતુ હૃદયથી આક્રોશ કરે છે.

વાસુદેવ જઈને પ્રભુને પૂછે છે – "પૂજ્ય ! આજે તમને પ્રથમ કોને વંદન કર્યા ?" સ્વામી કહે છે – "પાલકે દ્રવ્યથી અને શાંબે ભાવથી વંદન કર્યા છે." વાસુદેવે રાજ્ય શાંબકુમારને આપ્યું. (૫). આ પ્રમાણે પર્યાયવાચી શબ્દોવડે વંદનનું નિરૂપણ કર્યું.

અવતરણિકા :- હવે પૂર્વે જે (ગા.૧૧૦૩માં) કહ્યું હતું કે "વંદન કોને કરવું ?" તે વંદનીય વ્યક્તિનું નિરૂપણ કરાય છે. તેમાં પ્રથમ જેઓને વંદન કરવાનું નથી તે અવંદનીય વ્યક્તિઓને જણાવે છે ⇨

ગાથાર્થ :- અંસયત એવા માતા, પિતા, ગુરુ, સેનાપતિ, ધર્મપાઠક, રાજા અને દેવોને (સાધુ) વંદન કરે નહિ.

---

८७. वन्दते, तथैव भणति, व्यवहार आबद्धः, जितः, तस्य द्रव्यपूजा इतरस्य भावपूजा । ८८. द्वारिकायां वासुदेवो राजा, पालकशाम्बादयस्तस्य पुत्राः, नेमिः समवसृतः, वासुदेवो भणति-यः कल्ये स्वामिनं प्रथमं वन्दते तस्मायहं यन्मार्गयति तद्ददामि, शाम्बेन शयनीयादुत्थाय वन्दितः, पालकेन राज्यलोभेन शीघ्रेणाश्वरत्नेन गत्वा वन्दितः, स किल अभव्यसिद्धिको वन्दते हृदयेनाक्रोशति, वासुदेवो निर्गतः पृच्छति-केन यूयमद्य प्रथमं वन्दिताः ?, स्वामी भणति-द्रव्यतः पालकेन भावतः शाम्बेन, शाम्बाय तद्दत्तं ।

व्याख्या–न संयता असंयताः, अविरता इत्यर्थः, तान्न वन्देत, कं ?–'मातरं' जननीं तथा 'पितरं' जनकम्, असंयतमिति वर्तते, प्राकृतशैल्या चाऽसंयतशब्दो लिङ्गत्रयेऽपि यथायोगमभिसंबध्यते, तथा 'गुरुं' पितामहादिलक्षणम्, असंयतत्वं सर्वत्र योजनीयं, तथा हस्त्यश्वरथपदातिलक्षणा सेना तस्याः पतिः सेनापतिः–गणराजेत्यर्थः, तं सेनापतिं, 'प्रशस्तारं' प्रकर्षेण शास्ता प्रशास्ता तं–धर्मपाठकादिलक्षणं, तथा बद्धमुकुटो राजाऽभिधीयते तं राजानं, दैवतानि च न वन्देत, देवदेवीसङ्ग्रहार्थं दैवतग्रहणं, चशब्दाल्लेखाचार्यादिग्रहो वेदितव्य इति गाथार्थः ॥११०६॥

इदानीं यस्य वन्दनं कर्तव्यं स उच्यते–

समणं वंदिज्ज मेहावी, संजयं सुसमाहियं ।
पंचसमिय तिगुत्तं, अस्संजमदुगुंछगं ॥११०७॥

व्याख्या–श्रमणः-प्राग्निरूपितशब्दार्थः तं श्रमणं 'वन्देत' नमस्कुर्यात्, कः ?–'मेधावी' न्यायावस्थितः, स खलु श्रमणः नामस्थापनादिभेदभिन्नोऽपि भवति, अत आह–'संयतं' सम्–एकीभावेन यतः संयतः, क्रियायां प्रयत्नवानित्यर्थः, असावपि च व्यवहारनयाभिप्रायतो

---

ટીકાર્થ :- જેઓ સંયત નથી તે અસંયત એટલે કે અવિરત તેવા અવિરતોને સાધુ વંદન કરે નહીં. તે અવિરત કોણ છે ? તે કહે છે – માતા, પિતા એ અસંયત છે એ પ્રમાણે 'અસંયત' શબ્દ બધે જાણવો. (શંકા :- માતાશબ્દ સ્ત્રીલિંગ અને પિતાશબ્દ પુંલ્લિગ છે. તો બંને સાથે 'અસંયત' શબ્દ કેવી રીતે જોડાય ? **સમાધાન** :-) અહીં પ્રાકૃતશૈલી હોવાથી અસંયતશબ્દ ત્રણે લિંગમાં યથાયોગ્ય જોડાય છે. તથા બીજા કોણ અસંયતો છે ? તે જણાવે છે – દાદા વિગેરે ગુરુ, અસંયતપણું દાદા વિગેરે બધામાં સમજી લેવું. તથા હાથી-ઘોડા-રથ-સૈનિકરૂપ સેનાનો જે પતિ તે સેનાપતિ અર્થાત્ ગણરાજા તેને, તથા પ્રકર્ષથી=સારી રીતે ધર્મશાસ્ત્રને ભણાવનારા એવા ધર્મપાઠકાદિને તથા બદ્ધમુકુટવાળાને રાજા કહેવાય છે તે રાજાને અને દેવતાઓને સાધુ વંદન કરે નહીં. અહીં 'દેવતા' શબ્દથી દેવ-દેવી સર્વનો સંગ્રહ કરવો. 'ચ'શબ્દથી લેખાચાર્ય વિગેરે જાણવા. ॥૧૧૦૬॥

અવતરણિકા :- હવે જેને વંદન કરવા યોગ્ય છે તે વંદનીયવ્યક્તિને જણાવે છે ⇨

**ગાથાર્થ :- મેધાવી સંયત, સુસમાહિત, પાંચસમિતિઓથી સમિત, ત્રિગુપ્તિથી ગુપ્ત અને અસંયમની જુગુપ્સા કરનાર એવા શ્રમણને વંદન કરે.**

ટીકાર્થ :- જેના શબ્દનો અર્થ પૂર્વે કહેવાઈ ગયેલ છે એવા શ્રમણને નમસ્કાર કરે. કોણ કરે ? – ન્યાયમાં અવસ્થિત=નીતિમાન એવો મેધાવી નમસ્કાર કરે. તે શ્રમણ નામ, સ્થાપના વિગેરે ભેદોથી જુદા જુદા પ્રકારનો પણ છે. (અર્થાત્ મેધાવી શ્રમણને વંદન કરે પણ કયા શ્રમણને ? નામશ્રમણને, સ્થાપનાશ્રમણને વિગેરેમાં કોને વંદન કરે ? આવી કોઈને શંકા થાય) તેથી કહે છે –

સંયત=એકાગ્રતાપૂર્વક જે યતનાવાળો હોય તે સંયત એટલે કે ક્રિયાઓમાં પ્રયત્નવાન.

लब्ध्यादिनिमित्तमसम्पूर्णदर्शनादिरपि संभाव्यते, अत आह–'सुसमाहितं' दर्शनादिषु सुष्ठु-सम्यगाहितः सुसमाहितस्तं, सुसमाहितत्वमेव दर्श्यते–पञ्चभिरीर्यासमित्यादिभिः समितिभिः समितः पञ्चसमितस्तं, तिसृभिर्मनोगुप्त्यादिभिर्गुप्तिभिर्गुप्तस्तं त्रिगुप्तं, प्राणातिपातादिलक्षणोऽसंयमः असंयमं गर्हति–जुगुप्सतीत्यसंयमजुगुप्सकस्तम्, अनेन दृढधर्मता तस्यावेदिता भवतीति गाथार्थः ॥११०७॥

आह–किमिति यस्य कर्तव्यं वन्दनं स एवादौ नोक्तः ?, येन येषां न कर्तव्यं मात्रादीनां तेऽप्युक्ता इति, उच्यते, सर्वपार्षदं हीदं शास्त्रं, त्रिविधाश्च विनेया भवन्ति–केचिदुद्घटितज्ञाः केचिन्मध्यमबुद्धयः केचित्प्रपञ्चितज्ञा इति, तत्र मा भूत्प्रपञ्चितज्ञानां मतिः–उक्तलक्षणस्य श्रमणस्य कर्तव्यं मात्रादीनां तु न विधिर्न प्रतिषेध इत्यतस्तेऽप्युक्ता इति, यद्येवं किमिति

---

(એવો શ્રમણ વંદનીય છે એમ અન્વય જોડવો.) સંયત પણ વ્યવહારનયના અભિપ્રાયથી લબ્ધિ વિગેરે નિમિત્તે ક્રિયામાં પ્રયત્નવાળો હોવાથી અસંપૂર્ણ એવા દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો પણ સંભવે છે. (અર્થાત્ લબ્ધિ વિગેરેને નિમિત્તે અપ્રમત્તદશાએ ક્રિયાઓમાં રત એવાને વ્યવહારનય સંયત તરીકે ઓળખે છે. પરંતુ આવા સંયત પાસે દર્શન-જ્ઞાન-ચારિત્ર બહુધા અંશે ન હોવાથી તે વંદનીય બનતો નથી. તેથી આવા સંયતોની બાદબાકી કરવા) માટે આગળ નવું વિશેષણ જણાવે છે –

સુસમાહિત એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જેણે પોતાનો આત્મા અત્યંત સારી રીતે સ્થાપિત કર્યો છે તે સુસમાહિત. (આવો શ્રમણ વંદનીય છે.) તે સુસમાહિતપણું જ (કેવી રીતે પ્રાપ્ત થાય છે ? તે) જણાવે છે – ઈર્યાસમિતિ વિગેરે પાંચ સમિતિઓથી સમિત, મનોગુપ્તિ વિગેરે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, પ્રાણાતિપાત વિગેરેરૂપ અસંયમની જે જુગુપ્સા કરે તે અસંયમજુગુપ્સક, આ બધા વિશેષણોથી તે સાધુની દૃઢધર્મતા જણાવેલી છે. (આવા વિશેષણોથી યુક્ત શ્રમણ વંદનીય છે.) એ પ્રમાણે ગાથાર્થ કહ્યો. ॥૧૧૦૭॥

શંકા :- જેને વંદન કરવા યોગ્ય છે તે વંદનીયને જ સૌ પ્રથમ શા માટે ન કહ્યા ? જેથી જે માતા વિગેરેને વંદન કર્તવ્ય નથી તે માતા વિગેરે પણ કહેવા પડ્યા ? (આશય એ છે કે જેઓ વંદનીય છે તે જ પ્રથમ બતાવ્યા હોત તો અવંદનીય લોકો જણાઈ જ જવાના હતા. વંદનીય - અવંદનીય બંને શા માટે જણાવ્યા ?)

સમાધાન :- આ શાસ્ત્ર પર્ષદામાં બેઠેલા સર્વ લોકો માટે છે અને શિષ્યરૂપ પર્ષદા ત્રણ પ્રકારની છે → કેટલાક વિકસિત બુદ્ધિવાળા (=સંક્ષેપમાં કહેવા છતાં બધું જાણી લે એવા) હોય, કેટલાક મધ્યમબુદ્ધિવાળા હોય અને કેટલાક વિસ્તારજ્ઞ (=વિસ્તારથી સમજાવો તો સમજે એવા) હોય છે. તેમાં વિસ્તારજ્ઞ શિષ્યોને એવો વિચાર ન આવે કે કહેવાયેલ વિશેષણોવાળા શ્રમણને વંદન કરવા, જ્યારે માતા વિગેરે માટે વંદનનું વિધાન પણ નથી કે પ્રતિષેધ પણ નથી (તો તેઓને કરવા કે ન કરવા ? એવી શંકા ઊભી ન થાય) તે માટે ગ્રંથકારશ્રીએ માતા-પિતા વિગેરેને પણ અવંદનીય તરીકે જણાવી દીધા (જેથી કોઈ શંકા રહે નહીં.)

શંકા :- જો આ જ પ્રમાણે હોય એટલે કે શિષ્યોને સ્પષ્ટ બોધ પ્રાપ્ત થાય તે માટે

येषां न कर्तव्यं त एवादावुक्ता इति ?, अत्रोच्यते, हिताप्रवृत्तेरहितप्रवृत्तिर्गुरु संसारकारणमिति प्रदर्शनार्थमित्यलं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः—श्रमणं वन्देत मेधावी संयतमित्युक्तं, तत्रेत्थम्भूतमेव वन्देत, न तु पार्श्वस्थादीन्, तथा चाह—

पंचण्हं किइकम्मं मालामरुएण होइ दिट्ठंतो ।
वेरुलियनाणदंसणणीयावासे य जे दोसा ॥११०८॥

व्याख्या—'पञ्चानां' पार्श्वस्थावसन्नकुशीलसंसक्तयथाच्छन्दानां 'कृतिकर्म' वन्दनकर्म न कर्तव्यमिति वाक्यशेषः, अयं च वाक्यशेषः 'श्रमणं वन्देत मेधावी संयत'मित्यादि ग्रन्थादवगम्यते, पार्श्वस्थादीनां यथोक्तश्रमणगुणविकलत्वात्, तथा संयतानामपि ये पार्श्वस्थादिभिः सार्द्धं संसर्गं कुर्वन्ति तेषामपि कृतिकर्म न कर्तव्यं, आह—कुतोऽयमर्थोऽवगम्यते ?, उच्यते, मालामरुकाभ्यां भवति दृष्टान्त इति वचनात्, वक्ष्यते च-'[८९]असुइट्ठाणे पडिया' इत्यादि, तथा '[९०]पक्कणकुले' इत्यादि, 'वेरुलिय' त्ति संसर्गजदोषनिराकरणाय वैडूर्यदृष्टान्तो भविष्यति, वक्ष्यते

વંદનીય-અવંદનીય જણાવ્યા હોય તો (અમને વધુ એક શંકા છે કે) અવંદનીયને પ્રથમ શા માટે કહ્યાં ?

સમાધાન :- હિતમાં અપ્રવૃત્તિ કરતાં અહિતમાં પ્રવૃત્તિ એ સંસારનું ગુરુ=મુખ્ય કારણ છે એવું જણાવવા માટે પ્રથમ અવંદનીય જણાવ્યા છે.

અવતરણિકા :- પ્રાસંગિક ચર્ચાને અટકાવીને હવે આપણે મૂળ વાત કરીએ કે મેધાવી સાધુ સંયત એવા શ્રમણને વંદન કરે એવું જે કહ્યું તેમાં આવા સંયતાદિ વિશેષણોથી યુક્ત શ્રમણને જ વંદન કરે પણ પાર્શ્વસ્થાદિને કરે નહીં. એ જ વાતને જણાવે છે ⇨

ગાથાર્થ :- પાંચને વંદન કરવામાં માળા અને બ્રાહ્મણનું દૃષ્ટાન્ત છે — વૈડૂર્યમણિ — જ્ઞાનનય — દર્શનનય — નિત્યવાસમાં જે દોષો (તે કહેવા.)

ટીકાર્થ :- પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ આ પાંચને વંદન કરવા યોગ્ય નથી એ પ્રમાણે શેષવાક્ય જોડી દેવું. પૂર્વે "મેધાવી સંયતશ્રમણને વંદન કરે" એવું જે કહ્યું તેનાથી આ પાંચને વંદન કરે નહીં એ પ્રમાણેનો વાક્યશેષ જણાઈ જાય છે. જેમ પાર્શ્વસ્થ વિગેરે કહેવાયેલા શ્રમણગુણોથી રહિત હોવાથી અવંદનીય છે તેમ સંયતોમાં પણ જેઓ પાર્શ્વસ્થાદિની સાથે સંસર્ગને=પરિચયાદિને કરે છે તેઓ પણ અવંદનીય જાણવા.

શંકા :- 'પરિચયાદિ કરનારા સંયતો પણ અવંદનીય જાણવા' એ કેવી રીતે જણાય છે ?

સમાધાન :- મૂળમાં "માળા અને બ્રાહ્મણનું દૃષ્ટાન્ત છે" આવું જે કહ્યું તેનાથી તેવા સંયતો પણ અવંદનીય જણાય છે અને આગળ કહેશે- "અશુચિસ્થાને પડેલી ..." (ગા.૧૧૧૨) વિગેરે. તથા "ગર્હિતકુલમાં વસતો...." (ગા.૧૧૧૩) વિગેરે. વળી પરિચયથી ઉત્પન્ન થનારા દોષોનો નિષેધ કરવા વૈડૂર્યમણિનું દૃષ્ટાન્ત આવશે. તે માટે આગળ શંકા કહેશે- "લાંબા કાળ

८९. अशुचिस्थाने पतिता । ९०. श्वपाककुले ।

च-'[११]सुचिरंपि अच्छमाणो वेरुलिओ' इत्यादि, तत्प्रत्यवस्थानं च '[१२]अंबस्स य निंबस्स ये'त्यादिना सप्रपञ्चं वक्ष्यते, 'णाण' त्ति दर्शन-चारित्रासेवनसामर्थ्यविकला ज्ञाननयप्रधाना एवमाहुः—ज्ञानिन एव कृतिकर्म कर्तव्यं, वक्ष्यते च-'[१३]*कामं चरणं भावो तं पुण णाणसहिओ समाणेइ । ण य नाणं तु न भावो तेण र णाणी पणिवयामो ॥१॥'* इत्यादि, 'दंसण'त्ति ज्ञानचरणधर्मविकलाः स्वल्पसत्त्वा एवमाहुः—दर्शनिन एव कृतिकर्म कर्तव्यं, वक्ष्यते च-'[१४]जह णाणेणं ण विणा चरणं णादंसणिस्स इय नाणं । न य दंसणं न भावो तेण र दिट्ठिं पणिवयामो ॥१॥' इत्यादि, तथाऽन्ये सम्पूर्णचरणधर्मानुपालनासमर्था नित्यवासादि प्रशंसन्ति सङ्गमस्थविरोदाहरणेन, अपरे चैत्याद्यालम्बनं कुर्वन्ति, वक्ष्यते च–[१५]जाहेऽविय परितंता गामागरनगरपट्टणमडंता । तो केइ नीयवासी संगमथेरं ववइसंति ॥१॥ इत्यादि, तदत्र नित्यवासे च ये दोषाः चशब्दात् केवलज्ञानदर्शनपक्षे चार्यिकालाभविकृतिपरिभोगपक्षे च ते वक्तव्या इति वाक्यशेषः, एष

સુધી રહેવા છતાં..." વિગેરે. (ગા.૧૧૧૪). અને તે શંકાનું નિવારણ "આંબો અને લીમડો..." વિગેરે (ગા.૧૧૧૭) દ્વારા વિસ્તારથી કહેશે.

'णाण'त्ति દર્શન અને ચારિત્રનું આસેવન કરવામાં સામર્થ્યથી રહિત અને જ્ઞાનને જ પ્રધાન માનનારા આ પ્રમાણે કહે છે કે – "જ્ઞાની પુરુષો જ વંદનીય છે," કારણ કે આગળ જણાવશે કે – "ચારિત્ર એ ભાવલિંગ છે એ વાત માન્ય છે પરંતુ ચારિત્ર પણ જ્ઞાનસહિત હોય તો જ નિષ્ઠાને પામે છે (=યથોક્ત ફલને આપનારું બને છે.) વળી જ્ઞાન એ ભાવલિંગ નથી એવું તો નથી જ. તેથી જ્ઞાનીને જ વંદન કરીએ છીએ." ('र' એ નિપાત છે. ગા. ૧૧૪૧) વિગેરે.

'दंसण'त्ति જ્ઞાન અને ચારિત્રધર્મથી રહિત અલ્પસત્ત્વવાળા જીવો આ પ્રમાણે કહે છે – દર્શની જ વંદનીય છે, કારણ કે આગળ કહેશે – "જેમ જ્ઞાન વિના ચારિત્ર નથી તેમ અદર્શનીને જ્ઞાન નથી (અર્થાત્ દર્શન વિના જ્ઞાન નથી.) વળી દર્શન=સમ્યગ્દર્શન એ ભાવલિંગ નથી એવું તો નથી જ. તેથી દર્શની જ વંદનીય છે. ('र' નિપાતમાં જાણવો. ગા. ૧૧૫૪) વિગેરે.

તથા કેટલાક લોકો કે જેઓ સંપૂર્ણ ચારિત્રધર્મનું અનુપાલન કરવામાં અસમર્થ છે તેઓ સંગમસ્થવિરનું દૃષ્ટાન્ત લઈને નિત્યવાસાદિની પ્રશંસા કરે છે. કેટલાકો ચૈત્ય વિગેરેનું આલંબન લઈને નિત્યવાસાદિની પ્રશંસા કરે છે. આગળ કહેશે – "જ્યારે ગ્રામ-આકર-નગર-પટ્ટણાદિમાં ફરતા-ફરતા કેટલાકો થાકી ગયા ત્યારે તેઓ નિત્યવાસી બન્યા, અને પોતાનો નિત્યવાસ પુષ્ટ કરવા સંગમસ્થવિરનું દૃષ્ટાન્ત આપે છે. (ગા. ૧૧૭૨)

આ રીતે નિત્યવાસમાં જે દોષો થાય છે. 'च' શબ્દથી એકલા જ્ઞાનવાદમાં, એકલા

११. सुचिरमपि तिष्ठत् वैडूर्यं । १२. आम्रस्य च निम्बस्य च । १३. कामं चरणं भावस्तत् पुनर्ज्ञानसहितः संपूरयति । न च ज्ञानं नैव भावस्तस्मात् ज्ञानिनः प्रणिपतामि ॥१॥ १४. यथा ज्ञानेन न विना चरणं नादर्शनिन इति ज्ञानम् । न च दर्शनं न भावस्तस्मात् दृष्टिमतः प्रणिपतामि ॥१॥ १५. यदापि च परितान्ता ग्रामाकरनगरपत्तनमटन्तः । ततः केचित् नित्यवासिनः संगमस्थविरं व्यपदिशन्ति ॥१॥

तावद्गाथासंक्षेपार्थः ॥११०८॥

साम्प्रतं यदुक्तं 'पञ्चानां कृतिकर्म न कर्तव्यम्' अथ क एते पञ्च ?, तान् स्वरूपतो निदर्शयन्नाह–

पासत्थो ओसन्नो होइ कुसीलो तहेव संसत्तो ।
अहछंदोऽविय एए अवंदणिज्जा जिणमयंमि ॥१॥ (प्र०)

व्याख्या–किलेयमन्यकर्तृकी गाथा सोपयोगा चेति व्याख्यायते । तत्र पार्श्वस्थः दर्शनादीनां पार्श्वे तिष्ठतीति पार्श्वस्थः, अथवा मिथ्यात्वादयो बन्धहेतवः पाशाः पाशेषु तिष्ठतीति पाशस्थः,–'सो पासत्थो[९६] दुविहो सव्वे देसे य होइ णायव्वो । सव्वंमि णाणदंसणचरणाणं जो उ पासंमि ॥१॥ देसंमि य पासत्थो सिज्जायरऽभिहड रायपिंडं वा । णितियं च अग्गपिंडं भुंजति णिक्कारणेणं[★] च ॥२॥ कुलणिस्साए विहरइ ठवणकुलाणि य अकारणे विसइ ।

દર્શનવાદમાં, સાધ્વી પાસે ગોચરી મંગાવીને વાપરવામાં અને નિષ્કારણ વિગઈના પરિભોગમાં જે દોષો થાય છે તે કહેવા યોગ્ય છે. એ પ્રમાણે વાક્યશેષ જાણવો. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ કહ્યો. ॥૧૧૦૮॥

અવતરણિકા :- હવે પૂર્વે જે કહ્યું કે "પાંચને વંદન કરવા નહીં" તે પાંચ કોણ છે ? તેઓનું સ્વરૂપ બતાવતાં કહે છે ➪

ગાથાર્થ :- (પ્રક્ષિપ્તગાથા) પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ આ પાંચે જિનમતમાં અવંદનીય છે.

ટીકાર્થ :- આ ગાથાના કર્તા અન્ય છે અને તે ગાથા સોપયોગી હોવાથી એની વ્યાખ્યા કરાય છે – તેમાં દર્શન-જ્ઞાન અને ચારિત્રની નજીકમાં=જુદો રહેતો હોવાથી તે પાર્શ્વસ્થ કહેવાય છે. અથવા મિથ્યાત્વ વિગેરે બંધના કારણો એ પાશ=બંધન છે. તે પાશોમાં જે રહે (=પોતાના શિથિલાચારોને કારણે જે મિથ્યાત્વ વિગેરે પાશોથી બંધાય છે) તે પાશસ્થ જાણવા. (૧) તે પાર્શ્વસ્થ દેશથી અને સર્વથી એમ બે પ્રકારે છે. તેમાં સર્વપાર્શ્વસ્થ તે છે કે જે જ્ઞાન-દર્શન-ચારિત્રથી જુદો[(H)] (=દર્શનાચારાદિથી રહિત) હોય છે.

(૨) દેશપાર્શ્વસ્થ આ પ્રમાણે જાણવો → શય્યાતરપિંડ, અભ્યાહૃતપિંડ અથવા રાજપિંડ, નિત્યપિંડ અથવા અગ્રપિંડને જે નિષ્કારણ વાપરે. (અહીં → જેના ઘરે રાત્રિએ સૂઈને સવારનું પ્રતિક્રમણ કર્યું કે આખી રાત્રિ જાગરણ કરીને સવારનું પ્રતિક્રમણ કર્યું હોય તે શય્યાતર અથવા જેના ઘરે રાત્રિએ સૂતા અને સવારનું પ્રતિક્રમણ બીજાને ત્યાં કર્યું. તો બંને શય્યાતર. તેનાં અશનાદિ ચાર, પાદપૂંછણ, વસ્ત્ર, પાત્ર, કંબલ, સોઈ, છરી, કર્ણશોધિકા અને નખ ઓછા કરવાનું

९६. स पार्श्वस्थो द्विविधः-सर्वस्मिन् देशे च भवति ज्ञातव्यः । सर्वस्मिन् ज्ञानदर्शनचरणानां यस्तु पार्श्वे ॥१॥ देशे च पार्श्वस्थः शय्यातराभ्याहृते राजपिण्डं वा । नित्यं चाग्रपिण्डं भुनक्ति निष्कारणेन च ॥२॥ कुलनिश्रया विहरति स्थापनाकुलानि चाकारणे विशति । ★ '०णे चेव' प्र० ।

[17]संखडिपलोयणाए गच्छइ तह संथवं कुणति ॥३॥' अवसन्नः–सामाचार्यासेवने अवसन्नवदवसन्नः, [18]'ओसन्नोऽवि य दुविहो सव्वे देसे य तत्थ सव्वंमि । उउबद्धपीढफलगो ठवियगभोई य णायव्वो ॥१॥' देशावसन्नस्तु-[19]'आवस्सगसज्झाए पडिलेहणझाणभिक्खऽभत्तट्ठे । आगमणे णिग्गमणे ठाणे य णिसीयणतुयट्टे ॥१॥ आवस्सयाइयाइं ण करे करेइ अहवावि हीणमधियाइं ।

---

સાધન, આ બાર પ્રકારનો પિંડ તે શય્યાતરપિંડ. સ્વ કે પર ગામથી સાધુનિમિત્તે જે લવાય–તે અભ્યાહૃતપિંડ. મારે ત્યાં રોજ વહોરવા આવવું એ પ્રમાણે આમંત્રણ મળ્યા બાદ રોજ ત્યાંથી અશનાદિ ગ્રહણ કરે તે નિત્યપિંડ. તથા તરત જ ઉતારેલી, સંપૂર્ણ ભરેલી તપેલીમાંથી ઉપરના ભાગમાંથી લેવું તે અગ્રપિંડ.) (૩) કુલની નિશ્રાએ વિચરે (અર્થાત્ શ્રાવકાદિકુલોમાં જ્યાં સ્નિગ્ધાહારાદિ પ્રાપ્ત થતો હોય તેવા કુલોમાં જ વિચરે.) નિષ્કારણ સ્થાપનાકુલોમાં (=આચાર્ય, ગ્લાનાદિ માટે સ્થાપેલા કુલોમાં) પ્રવેશ કરે. સંખડી=વિવાહ વિગેરેને કુતૂહલાદિથી જોવા જાય. તથા તમે તો મારા પિતા જેવા છો વિગેરે રૂપે પરિચય કરે, અથવા ગોચરી વહોરતા પહેલાં કે પછી દાતાની ગુણસ્તુતિરૂપ સંસ્તવના કરે.

અવસન્ન :- સામાચારીઓનું પાલન કરવામાં પીડિતવ્યક્તિની જેમ પીડા=દુઃખ પામેલો. તે પણ દેશ અને સર્વથી બે પ્રકારે છે. તેમાં **સર્વથી અવસન્ન →** (ચોમાસામાં એક અખંડ લાકડાંથી બનેલ સંથારો જ્યારે પ્રાપ્ત ન થાય ત્યારે ઘણા બધા લાકડાંઓ બાંધીને સંથારો તૈયાર કરાય છે. આ સંથારો દર પંદર દિવસે ખોલીને પડિલેહણ કરવાનો હોય છે.) જે સાધુ આ પ્રમાણે દર પંદર દિવસે પડિલેહણ કરતો નથી તે અવબદ્ધપીઠફલક કહેવાય છે. અથવા વારંવાર સુવા વિગેરે માટે જે સાધુ રોજ આખો દિવસ સંથારો પાથરેલો જ રાખે તે અવબદ્ધપીઠફલક જાણવો. તથા જે સાધુ સ્થાપનાદોષનું નિષ્કારણ ભોજન કરે તે સર્વાવસન્ન જાણવો.

(૧) દેશાવસન્ન=પ્રતિક્રમણાદિ આવશ્યક, સ્વાધ્યાય, પડિલેહણ, ધ્યાન, ગોચરી, ભોજન-માંડલી, ઉપાશ્રયમાં પ્રવેશ, ઉપાશ્રયમાંથી બહાર જવું, કાયોત્સર્ગ, બેસવું, સુવું (વિગેરે દરેક વિષયમાં દેશાવસન્ન જાણવો. તે આ પ્રમાણે →) (૨) આવશ્યકાદિને કરે નહીં અથવા હીનાધિક કરે, (અર્થાત્ પ્રતિક્રમણાદિ આવશ્યકો કરે નહિ અથવા હિનાધિક દોષથી દુષ્ટ કરે, સ્વાધ્યાય ન કરે અથવા અસજ્ઝાયાદિ નિષિદ્ધ સમયે કરે, એ જ રીતે 'किं मे कडं किच्चमकिच्चसेसं....' વિગેરેરૂપ ધ્યાન ન ધરે અથવા અશુભધ્યાન ધરે. ગોચરી લેવા જાય નહીં, જાય તો દોષોમાં ઉપયોગ રાખે નહીં. માંડલીમાં ગોચરી વાપરે નહીં અથવા ક્યારેક આવે ક્યારેક ન આવે, આવસ્સહિ-નિસીહિસામાચારી સાચવે નહીં, ઈરિયાવહિનો કાયોત્સર્ગ કરે નહીં અથવા જેમ-તેમ કરે. બેસવા-સુવામાં સંડાસાનું પ્રમાર્જનાદિ કરે નહીં અથવા ગમે-તેમ કરે.)

---

૧૭. संखडीप्रलोकनया गच्छति तथा संस्तवं करोति ॥३॥ ૧૮. अवसन्नोऽपि च द्विविधः सर्वस्मिन् देशे च तत्र सर्वस्मिन् । अवबद्धपीठफलकः स्थापितभोजी च ज्ञातव्यः ॥१॥ ૧૯. आवश्यकस्वाध्याययोः प्रतिलेखनायां ध्याने भिक्षायामभक्तार्थे । आगमने निर्गमने स्थाने च निषीदने त्वग्वर्त्तने ॥१॥ आवश्यकादीनि न करोति अथवाऽपि करोति हीनाधिकानि ।

गुरुवयणवलाइ[१] तथा भणिओ एसो य ओसन्नो ॥२॥ गोणो जहा वलंतो भंजइ समिलं तु सोऽवि एमेव । गुरुवयणं अकरेंतो वलाइ कुणई वा उस्सोढुं ॥३॥' 'भवति कुशीलः' कुत्सितं शीलमस्येति कुशीलः–तिविहो[२] होइ कुसीलो णाणे तह दंसणे चरित्ते य । एसो अवंदणिज्जो पन्नतो वीयरागेहिं ॥१॥ णाणे णाणायारं जो उ विराहेइ कालमाईयं । दंसणे दंसणायारं चरणकुसीलो इमो होइ ॥२॥ कोउय भूईकम्मे पसिणापसिणे णिमित्तमाजीवे । कक्ककुरुए य लक्खण उवजीवइ विज्जमंताई ॥३॥ सोभग्गाइणिमित्तं परेसि ण्हवणाइ कोउयं भणियं । जरियाइ भूइदाणं भूईकम्मं विणिद्दिट्ठं ॥४॥ सुविणयविज्जाकहियं आइंखणिघंटियाइकहियं वा । जं सासइ अन्नेसिं पसिणापसिणं हवइ एयं ॥५॥ तीयाइभावकहणं

ગુરુના પ્રેરણાત્મક વચનોને સમ્યગ્ રીતે સ્વીકારે નહીં, ઊલટું ગમે-તેમ સામે બોલે. આવો સાધુ દેશથી અવસન્ન જાણવો. (૩) જેમ ગળિયો બળદ સ્વામીવડે પ્રેરાયેલો સામો થઈને ગાડાનું લાકડું તોડી નાંખે છે તેમ તે દેશાવસન્ન પણ ગુરુના વચનોનું પાલન નહીં કરતો સામો થાય છે (वलति=सन्मुखीभवति અર્થાત્ ગુરુના વચનોને સ્વીકારતો નથી.) અથવા "ગુરુની પાસે હું એકલો જ હોઉં એવું લાગે છે કે જેથી વારંવાર મને જ આદેશ આપ્યા કરે છે" એ પ્રમાણે અનિષ્ટ વચનોને કહીને ગુરુના વચનોનું પાલન કરે છે.

કુશીલ :- ખરાબ છે સ્વભાવ જેનો તે કુશીલ. (૧) તે ત્રણ પ્રકારે છે → જ્ઞાન-દર્શન અને ચારિત્રમાં કુશીલ. વીતરાગોવડે અવંદનીય કહ્યો છે. (૨) કાલ-વિનય વિગેરે જ્ઞાનાચારોની જે વિરાધના કરે તે જ્ઞાનવિષયક કુશીલ. દર્શનાચારોની વિરાધના કરનાર દર્શનવિષયક કુશીલ. ચારિત્રકુશીલ આ પ્રમાણે જાણવો → (૩) કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, આજીવ, કલ્કકુરુકા, લક્ષણો, વિદ્યા અને મંત્રો વિગેરેને આધારે જીવે (=ગોચરી વિ. મેળવે.) તે ચારિત્રકુશીલ જાણવો. (૪) (હવે કૌતુકાદિનું સ્વરૂપ જણાવે છે-) સૌભાગ્ય,(II) બાળકાદિ માટે સ્ત્રી વિગેરેને ચાર રસ્તે જે સ્નાનાદિ કરાવે તે કૌતુક જાણવું. તાવ વિગેરે દૂર થાય તે માટે ભસ્મને અભિમંત્રિત કરીને આપે તે ભૂતિકર્મ કહેવાય છે.

(૫-૬) સ્વપ્નમાં વિદ્યાદેવતાવડે જે કહેલું હોય તેને અથવા (II) આંખ્યાયિકાવડે=દેવતાવિશેષવડે ઘંટડીદ્વારા કાનપાસે જે કહેલું હોય તેને જે બીજાઓને કહેવું તે પ્રશ્નાપ્રશ્ન જાણવું. ભૂતકાલ

१. गुरुवचनं वलति तथा भणित एषश्चावसन्नः ॥२॥ गौर्यथा वलन् भनक्ति समिलां तु सोऽप्येवमेव । गुरुवचनमकुर्वन् वलति करोति वा उत्सह्य ( =अनिष्टमुक्त्वा ) ॥३॥ २. त्रिविधो भवति कुशीलो ज्ञाने तथा दर्शने चारित्रे च । एषोऽवन्दनीयः प्रज्ञप्तो वीतरागैः ॥१॥ ज्ञाने ज्ञानाचारं वस्तु विराधयति कालादिकम् । दर्शने दर्शनाचारं चरणकुशीलोऽयं भवति ॥२॥ कौतुकं भूतिकर्म प्रश्नाप्रश्नं निमित्तमाजीवम् । कल्ककुरुकञ्च लक्षणं उपजीवति विद्यामन्त्रादीन् ॥३॥ सौभाग्यादिनिमित्तं परेषां स्नपनादि कौतुकं भणितम् । ज्वरितादये भूतिदानं भूतिकर्म विनिर्दिष्टम् ॥४॥ स्वप्नविद्याकथितमाइङ्खिनीघण्टिकादिकथितं वा । यत् शास्ति अन्येभ्यः प्रश्नाप्रश्नं भवत्येतत् ॥५॥ अतीतादिभावकथनं

[3]होइ णिमित्तं इमं तु आजीवं । जाइकुलसिप्पकम्मे तवगणसुत्ताइ सत्तविहं ॥६॥ कक्ककुरुगा य माया णियडीए जं भणंति तं भणियं । थीलक्खणाइ लक्खण विज्जामंताइया पयडा ॥७॥' '<u>तथैव संसक्त</u>' इति यथा पार्श्वस्थादयोऽवन्द्यास्तथाऽयमपि संसक्तवत् संसक्तः, तं पार्श्वस्थादिकं तपस्विनं वाऽऽसाद्य सन्निहितदोषगुण इत्यर्थः, आह च–'[4]संसत्तो य इदाणीं सो पुण-गोभत्तलंदए चेव । उच्चिट्ठमणुच्चिट्ठं जं किंची छुब्भई सव्वं ॥१॥ एमेव य मूलुत्तरदोसा य गुणा य जत्तिया केइ । ते तम्मिवि सन्निहिया संसत्तो भण्णई तम्हा ॥२॥ रायविदूसगमाई अहवावि णडो जहा उ बहुरूवो । अहवाविमेलगो जो हलिद्दरागाइ–बहुवण्णो-॥३॥

વિગેરે સંબંધી ભાવોનું કથન તે નિમિત્ત જાણવું. આજીવ આ પ્રમાણે જાણવું → જાતિ, કુલ, શિલ્પ, કર્મ, તપ, ગણ અને સૂત્રાદિ (આદિશબ્દ આ સાતનાં જ પેટાભેદો જણાવે છે.) આ પ્રમાણે સાતપ્રકારનું આજીવ છે. ((H)આશય એ છે કે "તમે અને હું એક જ જાતિના છે" એ પ્રમાણે આહારાદિમાં આસક્ત સાધુના જે વચનો તે જાતિ-આજીવ કહેવાય છે. એ જ રીતે તમારું અને મારું કુલ એક છે, શિલ્પ એક છે વિગેરે આહારાદિ માટે પ્રગટ કરવું તે ક્રમશઃ કુલાજીવ, શિલ્પાજીવ કહેવાય છે. આ જ પ્રમાણે બીજા ભેદો પણ જાણવા.)

(૭) કલ્કકુરુકા એટલે માયા, એટલે કે કપટવડે બીજાને ઠગવા માટે જે વચનો બોલવા તે. લક્ષણ તરીકે સ્ત્રીલક્ષણ, પુરુષલક્ષણ વિગેરે જાણવા. ((H)વિદ્યા સાધનાસાધ્ય હોય જ્યારે મંત્ર સાધનારહિત જાણવો. આ વાત પ્રસિદ્ધ હોવાથી કહે છે કે -) વિદ્યા, મંત્ર વિગેરે (આદિશબ્દથી ચૂર્ણ, યોગ વિગેરે) પ્રસિદ્ધ જ છે.

**સંસક્ત** :- જેમ પાર્શ્વસ્થ વિગેરે અવંદ્ય છે તે પ્રમાણે સંસક્ત પણ અવંદ્ય જાણવો. આ સંસક્ત જેવો સંસક્ત છે અર્થાત્ પાર્શ્વસ્થાદિકને પામીને દોષવાળો થાય અથવા તપસ્વિને=સંયમીને પામીને ગુણવાળો થાય છે. કહ્યું છે – (૧-૨) હવે સંસક્ત કહેવાય છે - ((H)ચેવ શબ્દ યથા શબ્દના અર્થવાળો જાણવો.) ગાયના ભોજન માટેના વાસણમાં શુદ્ધ કે અશુદ્ધ (=ચોખ્ખું કે એંઠવાડ) ગમે તે હોય બધું નંખાય છે તેમ મૂલ-ઉત્તરગુણસંબંધી જે કોઈ દોષો અને ગુણો હોય તે બધા તે સંસક્તમાં રહેલા છે માટે તેને સંસક્ત કહેવાય છે.

(૩-૪) અથવા રાજાને પ્રસન્ન રાખનારો વિદૂષક કે નટ જેમ ઘણા રૂપોને ધારણ કરનાર છે અથવા જેમ ઘેટો ('(H)મેલગો' શબ્દમાં 'મ' અલાક્ષણિક હોવાથી एलगो શબ્દ જાણવો.) હળદરના

३. भवति निमित्तमिदं त्वाजीवनम् । जातिकुलशिल्पकर्माणि तपोगणसूत्राणि सप्तविधम् ॥६॥ कल्ककुरुका च माया निकृत्या यद्भणन्ति तद्भणितम् । स्त्रीलक्षणादि लक्षणं विद्यामन्त्रादिकाः प्रकटाः ॥७॥ ४. संसक्तश्चेदानीं स पुनर्गोभक्तलन्दके चैव । उच्छिष्टमनुच्छिष्टं यत्किञ्चित् क्षिप्यते सर्वम् ॥१॥ एवमेव च मूलोत्तरदोषाश्च गुणाश्च यावन्तः केचित् । ते तस्मिन् सन्निहिताः संसक्तो भण्यते तस्मात् ॥२॥ राजविदूषकादयोऽथवापि नटो यथा तु बहुरूपः । अथवाऽप्येलको यो हरिद्ररागादिः बहुवर्णः ॥३॥

एमेव जारिसेणं सुद्धमसुद्धेण वाऽवि संमिलइ । तारिसओ च्चिय होति संसत्तो भण्णई तम्हा ॥४॥ सो दुविगप्पो भणिओ जिणेहि जियरागदोसमोहेहिं । एगो उ संकिलिट्ठो असंकिलिट्ठो तहा अण्णो ॥५॥ पंचासवप्पवत्तो जो खलु तिहि गारवेहि पडिबद्धो । इत्थिगिहिसंकिलिट्ठो संसत्तो संकिलिट्ठो उ ॥६॥ पासत्थाईएसुं संविग्गेसुं च जत्थ मिलती उ । तहिं तारिसओ भवइ पियधम्मो अहव इयरो उ ॥७॥ एषोऽसंक्लिष्टः, 'यथाछन्दोऽपि च' यथा-छन्दः—यथेच्छयैवागमनिरपेक्षं प्रवर्तते यः स यथाच्छन्दोऽभिधीयते, उक्तं च— 'उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पन्नवेमाणो । एसो उ अहाछंदो इच्छा छंदोत्ति एगट्ठा ॥१॥ उस्सुत्तमणुवदिट्ठं सच्छंदविगप्पियं अणणुवाइ । परतत्तिपवत्ते तिंतिणे य इणमो अहाछंदो ॥२॥ सच्छंदमइविगप्पिय

રંગ વિગેરેવડે ઘણા રંગોવાળો થાય છે તેમ શુદ્ધ કે અશુદ્ધ જેવા પ્રકારની વ્યક્તિ સાથે ભેગો થાય તે તેવા પ્રકારનો થઈ જતો હોવાથી સંસક્ત કહેવાય છે.

(૫-૬) રાગ, દ્વેષ અને મોહને જીતનારા એવા જિનેશ્વરોએ તે સંસક્ત બે પ્રકારનો કહ્યો છે એક સંક્લિષ્ટ અને બીજો અસંક્લિષ્ટ. તેમાં જે પાંચે આશ્રવોમાં પ્રવૃત્ત હોય, ત્રણ ગારવથી યુક્ત હોય, સ્ત્રીને સેવનારો સ્ત્રીસંક્લિષ્ટ હોય, દ્વિપદ-ચતુષ્પદ-ધન-ધાન્ય વિગેરેની ચિંતા કરનારો ગૃહસ્થ-સંક્લિષ્ટ હોય. આવા પ્રકારનો જે હોય તે સંક્લિષ્ટ સંસક્ત કહેવાય છે.

(૭) જે વળી પાર્શ્વસ્થાદિની સાથે ભેગો થાય ત્યારે ઈતર=ધર્મમાં શિથીલ થાય છે અને સંવિગ્ન=સંયમી એવા સાધુઓની સાથે ભેગો થાય ત્યારે પ્રિયધર્મી બને છે. આવો જે હોય તે અસંક્લિષ્ટ સંસક્ત જાણવો.

યથાછન્દ :- આગમથી નિરપેક્ષ પોતાની ઇચ્છા પ્રમાણે જે વર્તે છે તે યથાછન્દ કહેવાય છે. કહ્યું છે – (૧) [ભ]ઉત્સૂત્રને આચરતો અને ઉત્સૂત્રની જ પ્રરૂપણા કરતો હોય તે યથાછન્દ જાણવો. અહીં ઇચ્છા અને છન્દ એ બે શબ્દો સમાનાર્થી જાણવા (અર્થાત્ છન્દ એટલે ઇચ્છા. યથેચ્છા=ઇચ્છા પ્રમાણે આચરણ અને પ્રરૂપણા કરનાર યથાછન્દ.)

(૨) (ઉત્સૂત્ર કોને કહેવાય ? તે કહે છે –) [ગ]જે તીર્થંકરાદિવડે કથિત ન હોય, પોતાની ઇચ્છાપ્રમાણે કલ્પેલું હોય, માટે જ આગમને અનુપાતી=અનુસરનારું ન હોય તે ઉત્સૂત્ર જાણવું. (હવે યથાછન્દનું સ્વરૂપ જણાવે છે –) જે બીજાની ચિંતા કરવામાં પ્રવૃત્ત હોય અને તિંતિણક હોય એટલે કે થોડોક એવો નાનો અપરાધ પણ કોઈએ કર્યો હોય તો વારંવાર એને બોલ્યા કરતો હોય એવો આ યથાછન્દ જાણવો.

५. एवमेव यादृशेन शुद्धेनाशुद्धेन वाऽपि संवसति । तादृश एव भवति संसक्तो भण्यते तस्मात् ॥४॥ स द्विविकल्पो भणितो जिनैर्जितरागद्वेषमोहैः । एकस्तु संक्लिष्टोऽसंक्लिष्टस्तथाऽन्यः ॥५॥ पञ्चाश्रवप्रवृत्तो यः खलु त्रिभिर्गौरवैः प्रतिबद्धः । स्त्रीगृहिभिः संक्लिष्टः संसक्तः संक्लिष्टः स तु ॥६॥ पार्श्वस्थादिकेषु संविग्नेषु च यत्र मिलति तु । तत्र तादृशो भवति प्रियधर्मा अथवा इतरस्तु ॥७॥ ६. उत्सूत्रमाचरन् उत्सूत्रमेव प्रज्ञापयन् । एष तु यथाच्छन्द इच्छा छन्द इति एकार्थौ ॥१॥ उत्सूत्रमनुपदिष्टं स्वच्छन्दविकल्पितमननुपाति । परतप्तिप्रवृत्तस्तिंतिणश्चाऽयं यथाच्छन्दः ॥२॥ स्वच्छन्दमत्या विकल्प्य

किंची[૭] सुहसायविगइपडिबद्धो । तिहिगारवेहिं मज्जइ तं जाणाही अहाछंदं ॥३॥' एते पार्श्वस्थादयोऽवन्दनीयाः, क्व ?—जिनमते, न तु लोक इति गाथार्थः ॥१॥

अथ पार्श्वस्थादीन् वन्दमानस्य को दोष इति ?, उच्यते—

**पासत्थाई वंदमाणस्स नेव कित्ती न निज्जरा होइ ।**
**कायकिलेसं एमेव कुणई तह कम्मबंधं च ॥११०९॥**

व्याख्या—'पार्श्वस्थादीन्' उक्तलक्षणान् 'वन्दमानस्य' नमस्कुर्वतो नैव कीर्तिर्न निर्जरा भवति, तत्र कीर्तनं कीर्तिः—अहो अयं पुण्यभागित्येवंलक्षणा सा न भवति, अपि त्वकीर्तिर्भवति—नूनमयमप्येवंस्वरूपो येनैषां वन्दनं करोति, तथा निर्जरणं निर्जरा—कर्मक्षयलक्षणा सा न भवति, तीर्थकराज्ञाविराधनाद्वारेण निर्गुणत्वात्तेषामिति, चीयत इति कायः—देहस्तस्य क्लेशः—अवनामादिलक्षणः कायक्लेशस्तं कायक्लेशम् 'एवमेव' मुधैव 'करोति' निर्वर्तयति,

(૩) આગમથી નિરપેક્ષ એવી સ્વચ્છન્દબુદ્ધિથી કંઈક સ્વાધ્યાયાદિનું આલંબન વિકલ્પીને=વિચારીને સુખનો સ્વાદ માનનાર (અર્થાત્ સુખના સાધનોને સેવનારો) તથા આવું કો'ક આલંબન લઈને વિગઈમાં રાગી અને ત્રણ ગારવોમાં જે આનંદ માને છે તેવા સાધુને યથાછન્દ જાણવો. આ પાર્શ્વસ્થાદિઓ અવંદનીય જાણવા. ક્યાં ? – જિનમતમાં અવંદનીય જાણવા પરંતુ લોકમાં નહીં. (અર્થાત્ લોક તો તેઓને પણ ત્યાગી માનીને વંદન કરે, પરંતુ જિનમતને સ્વીકારનાર આ પાંચેને વંદન કરે નહીં.)

અવતરણિકા :- શંકા :- આ પાર્શ્વસ્થાદિને વંદન કરનારને કયો દોષ લાગે ? તે જણાવે છે ⇨

**ગાથાર્થ :- પાર્શ્વસ્થાદિને વંદન કરનારને નથી કીર્તિ પ્રાપ્ત થતી કે નથી નિર્જરા પ્રાપ્ત થતી. ઊલટું તે જીવ કાયાક્લેશ અને કર્મબંધને કરે છે.**

ટીકાર્થ :- કહેવાયેલા સ્વરૂપવાળા એવા પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરનારને નથી કીર્તિ પ્રાપ્ત થતી કે નથી નિર્જરા પ્રાપ્ત થતી. અહીં કીર્તન કરવું તે કીર્તિ છે એટલે કે 'અહો ! આ પુણ્યશાળી છે' એવા પ્રકારની જે કીર્તિ છે તે પ્રાપ્ત થતી નથી, પરંતુ અકીર્તિ થાય છે કે નક્કી આ પણ આ લોકો જેવો જ છે જેથી આ લોકોને વંદન કરે છે.

તથા કર્મક્ષયસ્વરૂપ નિર્જરા પણ પ્રાપ્ત થતી નથી, કારણ કે આ પાર્શ્વસ્થાદિઓ તીર્થંકરની આજ્ઞાની વિરાધના=ભંગ કરવાદ્વારા એક પણ ગુણ પ્રાપ્ત કરી શકતા નથી. (તેથી આવા નિર્ગુણ પાર્શ્વસ્થાદિને વંદન કરવા છતાં નિર્જરા પ્રાપ્ત થતી નથી ઊલટું આવાઓને વંદન કરવાથી શું થાય ? તે કહે છે –)

જે એકઠું કરાય=પુષ્ટ કરાય તે કાયા એટલે કે દેહ, તેનો નમવા વિગેરેરૂપ જે ક્લેશ તે કાયક્લેશ. તે કાયક્લેશને જ નકામું કરે છે (અર્થાત્ આવાઓને વંદન કરનાર જીવ નકામા

૭. किञ्चित्सुखस्वादविकृतिप्रतिबद्धः । त्रिभिर्गौरवैर्माद्यति तं जानाहि यथाच्छन्दम् ॥३॥

तथा क्रियत इति कर्म ज्ञानावरणीयादिलक्षणं तस्य बन्धो–विशिष्टरचनयाऽऽत्मनि स्थापनं तेन वा आत्मनो बन्धः–स्वस्वरूपतिरस्करणलक्षणः कर्मबन्धस्तं कर्मबन्धं करोतीति वर्तते, चशब्दादाज्ञाभङ्गादींश्च दोषानवाप्नुते, कथं ?–भगवत्प्रतिकुष्टवन्दने आज्ञाभङ्गः, तं दृष्ट्वाऽन्येऽपि वन्दन्तीत्यनवस्था, तान् वन्दमानान् दृष्ट्वाऽन्येषां मिथ्यात्वं, कायक्लेशतो देवतोभ्यो वाऽऽत्मविराधना, तद्वन्दनेन तत्कृतासंयमानुमोदनात्संयमविराधनेति गाथार्थः ॥११०९॥

एवं तावत्पार्श्वस्थादीन् वन्दमानस्य दोषा उक्ताः, साम्प्रतं पार्श्वस्थानामेव गुणाधिकवन्दनप्रतिषेधमकुर्वतामपायान् प्रदर्शयन्नाह–

**जे बंभचेरभट्ठा पाए उट्ठिंति बंभयारीणं ।**
**ते होंति कुंटमंटा बोही य सुदुल्लहा तेसिं ॥१११०॥**

નમવા વિગેરેરૂપ કાયાના ક્લેશને કરે છે.) તથા જે કરાય તે કર્મ એટલે કે જ્ઞાનાવરણાદિ, તેનો બંધ=વિશિષ્ટ રચનાવડે આત્મામાં કર્મપુદ્ગલોનું સ્થાપન અથવા કર્મવડે આત્માના પોતાના સ્વરૂપનું ઢંકાવવારૂપ બંધ તે કર્મબંધ (આ પ્રમાણે 'કર્મબંધ' શબ્દનો સમાસ જાણવો.) તે કર્મબંધને 'કરે છે' એ પ્રમાણે ક્રિયાપદ અહીં પણ સમજી લેવું.

મૂળમાં રહેલ 'ચ' શબ્દથી આજ્ઞાભંગાદિ (આદિ શબ્દથી અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના) દોષોને તે જીવ પામે છે. કેવી રીતે ? તે કહે છે – ભગવાને જેમને વંદન કરવાની ના પાડી છે એવા પાર્શ્વસ્થાદિને વંદન કરવાથી આજ્ઞાભંગ. પાર્શ્વસ્થાદિને વંદન કરતા સાધુને જોઈને અન્ય વ્યક્તિઓ પણ પાર્શ્વસ્થાદિને વંદન કરે માટે અનવસ્થા. વંદન કરતા એવા સાધુઓને જોઈને બીજાઓને મિથ્યાત્વની પ્રાપ્તિ. (તે આ રીતે કે શિથિલાચારી એવા પાર્શ્વસ્થાદિને વંદન કરતા સાધુઓને જોઈને બીજાઓને તે પાર્શ્વસ્થાદિમાં મહત્વની બુદ્ધિ અથવા તેમના શિથિલાચારમાં તત્ત્વની બુદ્ધિ ઉત્પન્ન થાય જે મિથ્યા છે.) તથા કાયાને ક્લેશ પડતો હોવાથી અથવા દેવતા વિગેરેથી (ઉપદ્રવ થવાને કારણે) આત્મવિરાધના થાય. તથા પાર્શ્વસ્થાદિને વંદન કરવાથી તેમને આચરેલા અસંયમની અનુમોદના થવાથી સંયમવિરાધના થાય છે. (માટે આવા પાર્શ્વસ્થાદિને વંદન કરવા નહીં.) એ પ્રમાણે ગાથાનો અર્થ કહ્યો. ॥૧૧૦૯॥

**અવતરણિકા :-** આ પ્રમાણે પાર્શ્વસ્થાદિને વંદન કરતા જીવને લાગતા દોષો જણાવ્યા. હવે ગુણોમાં અધિક એવા સાધુઓના વંદનનો પ્રતિષેધ (=ગુણોમાં અધિક એવા સાધુઓ પાર્શ્વસ્થાદિને વંદન કરતા હોય ત્યારે પાર્શ્વસ્થાદિઓએ વંદન કરવાની તેઓને ના પાડવી જોઈએ પરંતુ તે સમયે જો તેઓ નિષેધ ન કરે તો નિષેધ) નહીં કરતા એવા પાર્શ્વસ્થાદિઓને જે અપાયોની=દુઃખોની પ્રાપ્તિ થાય છે. તે અપાયોને બતાડતા ગ્રંથકારશ્રી જણાવે છે ⇨

**ગાથાર્થ :- બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થયેલા એવા જે પાર્શ્વસ્થાદિઓ બ્રહ્મચારી એવા સાધુઓને પગે પડાવે છે, તેઓ (પછીના ભવોમાં) હાથ-પગે વાંકા થાય છે અને તેઓની બોધિ સુદુર્લભ થાય છે.**

व्याख्या–ये-पार्श्वस्थादयो भ्रष्टब्रह्मचर्या अपगतब्रह्मचर्या इत्यर्थः, ब्रह्मचर्यशब्दो मैथुनविरतिवाचकः, तथौघतः संयमवाचकश्च, 'पाए उड्डिंति बंभयारीणं' पादावभिमानतो व्यवस्थापयन्ति ब्रह्मचारिणां वन्दमानानामिति, तद्वन्दननिषेधं न कुर्वन्तीत्यर्थः, ते तदुपात्तकर्मजं नारकत्वादिलक्षणं विपाकमासाद्य यदा कथञ्चित्कृच्छ्रेण मानुषत्वमासादयन्ति तदाऽपि भवन्ति कोंटमण्टाः 'बोधिश्च' जिनशासनावबोधलक्षणा सकलदुःखविरेकभूता सुदुर्लभा तेषां, सकृत्प्राप्तौ सत्यामप्यनन्तसंसारित्वादिति गाथार्थः ॥११११०॥

तथा–

**सुट्ठुतरं नासंती अप्पाणं जे चरित्तपब्भट्ठा ।**
**गुरुजण वंदाविंती सुसमण जहुत्तकारिं च ॥१११११॥ दारं ॥**

व्याख्या–'सुट्ठुतरं'ति सुतरां नाशयन्त्यात्मानं सन्मार्गात्, के ?–ये चारित्रात्–प्राग्निरूपित-शब्दार्थात् प्रकर्षेण भ्रष्टाः–अपेताः सन्तः 'गुरुजनं' गुणस्थसुसाधुवर्गं 'वन्दयन्ति' कृतिकर्म कारयन्ति, किम्भूतं गुरुजनं ?–शोभनाः श्रमणा यस्मिन् स सुश्रमणस्तं, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, तथा यथोक्तं क्रियाकलापं कर्तुं शीलमस्येति यथोक्तकारी तं यथोक्तकारिणं चेति

---

ટીકાર્થ :- જે પાર્શ્વસ્થાદિઓ બ્રહ્મચર્ય વિનાના છે. અહીં બ્રહ્મચર્યશબ્દથી મૈથુનવિરતિ અને સામાન્યથી સંયમ જાણવું. તેથી સંયમ અને મૈથુનવિરતિથી ભ્રષ્ટ થયેલા એવા જે પાર્શ્વસ્થાદિઓ વંદન કરતા એવા બ્રહ્મચારીઓને અભિમાનથી પોતાના પગમાં સ્થાપિત કરે છે એટલે કે બ્રહ્મચારીઓને વંદન કરવાનો નિષેધ કરતા નથી. તે પાર્શ્વસ્થાદિઓ અનિષેધથી ઉત્પન્ન થયેલા કર્મોથી પ્રાપ્ત થયેલ નારકત્વાદિરૂપ ફલને પામીને ઘણું કષ્ટ સહ્યા પછી કોઈક રીતે જયારે મનુષ્યપણાને પામે છે, ત્યારે પણ તે મનુષ્યભવમાં તેઓ કોંટ=હાથથી વાંકા અને મંટા=પગથી વાંકા (અર્થાત્ હાથ-પગથી વાંકા શરીરવાળા)થાય છે. અને સર્વ દુઃખોને નાશ કરનાર જિનશાસનની સાચી સમજરૂપ બોધિ તેઓને અત્યંત દુર્લભ થાય છે કારણ કે અત્યારે પાર્શ્વસ્થાદિ ભવમાં બોધિ પ્રાપ્ત થવા છતાં તેઓ અનંતસંસારી હોવાથી ફરી બોધિ ઘણા કાળ સુધી નહીં મળે. ॥૧૧૧૦॥ તથા ⇨

**ગાથાર્થ :- તે લોકો પોતાના આત્માનો બહુ જ સારી રીતે નાશ કરે છે જે લોકો પોતે ચારિત્રથી ભ્રષ્ટ થવા છતાં સારા સાધુઓવાળા અને આજ્ઞાનુસારે જીવન જીવનારા એવા સુસાધુ-સમુદાય પાસે વંદન કરાવે છે=એમના વંદનને ગ્રહણ કરે છે.**

ટીકાર્થ :- સુતરાં પોતાની જાતને સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે. કોણ કરે છે ? – જેઓ પૂર્વે જણાવેલ શબ્દાર્થવાળા ચારિત્રથી ભ્રષ્ટ થયેલા છતાં ગુણોમાં રહેલા એવા સુસાધુસમુદાયને વંદન કરાવે છે=પોતે એમના વંદન ગ્રહણ કરે છે. કેવા પ્રકારનો સાધુસમુદાય છે ? – જેમાં સમ્યગ્ આચારવાળા શ્રમણો છે એવા તે સુશ્રમણસમુદાયને (વંદન કરાવે છે.) મૂળમાં 'સુસમણ' શબ્દમાં અનુસ્વારનો લોપ થયેલ જાણવો. તથા આજ્ઞાનુસારે ક્રિયાસમૂહને કરવાનો સ્વભાવ છે જેમનો એવા યથોક્તકારી સમુદાયને (વંદન કરાવે છે=એવા સમુદાય પાસેથી જે પાર્શ્વસ્થાદિ વંદન

गाथार्थः ॥१११११॥

एवं वन्दकवन्द्यदोषसम्भवात्पार्श्वस्थादयो न वन्दनीयाः, तथा गुणवन्तोऽपि ये तैः सार्द्धं संसर्गं कुर्वन्ति तेऽपि न वन्दनीयाः, किमित्यत आह–

असुइट्ठाणे पडिया चंपगमाला न कीरई सीसे ।
पासत्थाईठाणेसु वट्टमाणा तह अपुज्जा ॥१११२॥

व्याख्या–यथा 'अशुचिस्थाने' विट्प्रधाने स्थाने पतिता चम्पकमाला स्वरूपतः शोभनाऽपि सत्यशुचिस्थानसंसर्गान्न क्रियते शिरसि, पार्श्वस्थादिस्थानेषु वर्तमानाः साधवस्तथा 'अपूज्याः' अवन्दनीयाः, पार्श्वस्थादीनां स्थानानि–वसतिनिर्गमभूम्यादीनि परिगृह्यन्ते, अन्ये तु शय्यातर-पिण्डाद्युपभोगलक्षणानि व्याचक्षते यत्संसर्गात्पार्श्वस्थादयो भवन्ति, न चैतानि सुष्ठु घटन्ते, तेषामपि तद्भावापत्तेः, चम्पकमालोदाहरणोपनयस्य च सम्यगघटमानत्वादिति । अत्र कथानकं–

---

ગ્રહણ કરે છે તેઓ પોતાના આત્માનો સન્માર્ગથી નાશ કરે છે એમ અન્વય જોડવો.) ॥૧૧૧૧॥

અવતરણિકા :- આ પ્રમાણે વંદન કરનાર અને વંદન લેનાર બંનેને દોષોનો સંભવ હોવાથી પાર્શ્વસ્થાદિ વંદનીય નથી. તથા ગુણવાન એવા પણ જે સાધુઓ પાર્શ્વસ્થાદિઓ સાથે મીલનરૂપ સંસર્ગને કરે છે તે સાધુઓ પણ વંદનીય નથી.

શંકા :- મીલનાદિ કરનારા સાધુઓ શા માટે વંદનીય નથી ? તેનું સમાધાન આપે છે ⇨

**ગાથાર્થ :- અશુચિસ્થાને પડેલી ચંપકમાળા જેમ ગળે પહેરાતી નથી, તેમ પાર્શ્વસ્થાદિસ્થાનોમાં રહેતા સાધુઓ પણ અપૂજ્ય છે.**

ટીકાર્થ :- જેમ વિષ્ટાપ્રધાન એવા સ્થાનમાં પડેલી ચંપાના ફૂલોની માળા સ્વરૂપથી=દેખાવમાં સુંદર હોવા છતાં અશુચિસ્થાનના સંસર્ગથી ગળે પહેરાતી નથી, એ જ રીતે પાર્શ્વસ્થાદિઓના સ્થાનમાં રહેનારા=એમની સાથે રહેનારા સાધુઓ અવંદનીય જાણવા. અહીં પાર્શ્વસ્થાદિઓના સ્થાન તરીકે તેમના ઉપાશ્રય, સ્થંડિલ-ભૂમિ વિગેરે સ્થાન લેવા. (અર્થાત્ પાર્શ્વસ્થાદિઓના ઉપાશ્રયમાં તેમની સાથે રહેનાર, પાર્શ્વસ્થાદિની જ્યાં સ્થંડિલભૂમિ હોય ત્યાં જનાર એવા સુસાધુઓ પણ અવંદનીય જાણવા.)

કેટલાક આચાર્યો પાર્શ્વસ્થાદિના સ્થાન તરીકે શય્યાતરપિંડ વિગેરેના ઉપભોગરૂપ સ્થાનો ગ્રહણ કરવાનું કહે છે કે જેના સંસર્ગથી તેઓ પાર્શ્વસ્થ વિગેરે બને છે (એટલે કે પાર્શ્વસ્થાદિપણું જેનાથી પ્રાપ્ત થાય એવા શિથિલાચારો અહીં પાર્શ્વસ્થાદિના સ્થાન તરીકે લેવા એવું કેટલાક આચાર્યો કહે છે.) પરંતુ તેઓની આ વાત સારી રીતે ઘટતી નથી કારણ કે શિથિલાચારોને સેવનારા તો પાર્શ્વસ્થ જ કહેવાય. તેથી પાર્શ્વસ્થોને તો પૂર્વે અવંદનીય કહી જ દીધા છે, પછી તેઓને અપૂજ્ય કહેવાની જરૂર નથી. વળી ચંપકમાલાના ઉદાહરણનો ઉપનય પણ સમ્યગ્ રીતે ઘટશે નહીં, (કારણ કે જો અશુચિસ્થાનો તરીકે શિથિલાચારો લેવાના હોય તો 'અશુચિસ્થાને રહેલા' નો અર્થ 'અશુચિસ્થાનને સેવનારા' થાય. તો જેમ ઉદાહરણમાં 'અશુચિસ્થાનમાં પડેલી ચંપકમાલા' એમ બોલાય છે તેમ અહીં 'અશુચિસ્થાનમાં વર્તતા' એટલે 'અશુચિસ્થાનમાં રહેલાં'

एँगो चंपकप्पिओ कुमारो चंपगमालाए सिरे कयाए आसगओ वच्चइ, आसेण उद्धूयस्स सा चंपगमाला अमेज्झे पडिया, गिण्हामित्ति अमिज्झं दट्ठूण मुक्का, सो य चंपएहिं विणा धिर्तिं न लभइ, तहावि ठाणदोसेण मुक्का । एवं चंपगमालत्थाणीया साहू अमिज्झत्थाणिया पासत्थादयो, जो विसुद्धो तेहिं समं मिलइ संवसइ वा सोऽवि परिहरणिज्जो ॥११२॥

अधिकृतार्थप्रसाधनायैव दृष्टान्तान्तरमाह–

पक्कणकुले वसंतो सउणीपारोऽवि गरहिओ होइ ।
इय गरहिया सुविहिया मज्झि वसंता कुसीलाणं ॥१११३॥

व्याख्या–पक्कणकुलं–गर्हितकुलं तस्मिन् पक्कणकुले वसन् सन्, पारङ्गतवानिति पारगः, शकुन्याः पारगः, असावपि 'गर्हितो भवति' निन्द्यो भवति, शकुनीशब्देन चतुर्दश विद्यास्थानानि परिगृह्यन्ते, "*अङ्गानि चतुरो वेदा, मीमांसा न्यायविस्तरः । पुराणं धर्मशास्त्रं*

એવો અર્થ થશે નહીં, પણ 'અશુચિસ્થાનને સેવનારા' અર્થ કરવો પડે. જ્યારે ખરેખર તો 'અશુચિસ્થાનમાં રહેલા' એવો અર્થ અભિપ્રેત છે. તેથી અશુચિસ્થાનો તરીકે ઉપાશ્રયાદિ લેવા જ ઉચિત છે.)

અહીં કથાનક આ પ્રમાણે → ચંપકપુષ્પો જેને બહુ ગમે છે એવો એક કુમાર ચંપકપુષ્પોની માળાને ગળામાં પહેરીને ઘોડે સવારી કરે છે. ઘોડાવડે ઉછાળેલા એવા તે કુમારના ગળામાંથી માળા નીકળીને ઉકરડામાં પડી. 'પાછી લઈ આવું' એવું વિચારીને જ્યાં પાછી લેવા જાય છે એવામાં ઉકરડાને જોઈને તે માળા લીધી નહીં. જો કે તે માળા વિના તે કુમારને ચેન પડતું નથી છતાં સ્થાનના દોષથી તે માળા છોડી દીધી. આ જ પ્રમાણે ચંપકમાળાના સ્થાને સાધુઓ જાણવા, ઉકરડાના સ્થાને પાર્શ્વસ્થાદિ જાણવા. જે વિશુદ્ધ સાધુ તેઓ સાથે પરિચય કરે છે અથવા સાથે રહે છે તે સાધુ પણ પરિહરણીય (અર્થાત્ અવંદનીય) જાણવો. ॥૧૧૧૨॥

અવતરણિકા :- આ પ્રસ્તુત અર્થને જ સિદ્ધ કરવા માટે અન્ય દૃષ્ટાન્તને કહે છે ⇨

**ગાથાર્થ :- ગર્હિતકુલમાં વસતો, ચૌદવિદ્યાના પારને પામેલો એવો પણ બ્રાહ્મણ ગર્હિત થાય છે. એ જ પ્રમાણે કુશીલોની વચ્ચે વસતા એવા સુવિહિત સાધુઓ પણ ગર્હિત થાય છે.**

ટીકાર્થ :- પક્કણકુલ એટલે ગર્હિતકુલ. તેવા ગર્હિતકુલમાં રહેતો (બ્રાહ્મણ), જે પારને પામેલો હોય તે પારગ કહેવાય. શકુનીનો પારગ તે શકુનીપારગ. અહીં શકુનીશબ્દથી ચૌદવિદ્યાસ્થાનો ગ્રહણ કરવાના છે. તેથી ચૌદ વિદ્યાસ્થાનોના પારને પામેલો એવો પણ બ્રાહ્મણ ગર્હિત=નિંદ્ય થાય છે એટલે કે લોકો તેવાની નિંદા કરનારા થાય છે.

તે ચૌદ વિદ્યાસ્થાનો આ પ્રમાણે છે → "છ અંગો, ચાર વેદ, મીમાંસા, ન્યાયવિસ્તાર,

૮. एकश्चम्पकप्रियः कुमारः चम्पकमालायां शिरसि कृतायामश्वगतो व्रजति, अश्वेनोद्धूते सा चम्पकमालाऽमेध्ये पतिता, गृह्णामीति अमेध्यं दृष्ट्वा मुक्ता, स च चम्पकैर्विना धृतिं न लभते, तथापि स्थानदोषेण मुक्ता । एवं चम्पकमालास्थानीयाः साधवः अमेध्यस्थानीयाः पार्श्वस्थादयः, यो विशुद्धस्तैः समं मिलति संवसति वा सोऽपि परिहरणीयः ।

*च, स्थानान्याहुश्चतुर्दश ॥१॥*" तत्राङ्गानि षट्, तद्यथा-'*शिक्षा कल्पो व्याकरणं, छन्दो ज्योतिर्निरुक्तय:*' इति, 'इय' एवं गर्हिताः 'सुविहिताः' साधवो मध्ये वसन्तः 'कुशीलानां' पार्श्वस्थादीनाम् ॥१११३॥ अत्र कथानकम्—एगस्स धिज्जाइयस्स पंच पुत्ता सउणीपारगा, तत्थेगो मरुगो एगाए दासीए संपलग्गो, सा मज्जं पिबइ, इमो न पिबइ, तीए भण्णइ—जइ तुमं पिबसि तो णे सोभणा रती होज्जा, इयरहा विसरिसो संजोगोत्ति, एवं सो बहुसो भणंतीए पाइत्तो, सो पढमं पच्छण्णं पिबइ, पच्छा पायडंपि पिबिउमाढत्तो, पच्छा अइपसंगेण मज्जमंसासीवि जाओ पक्कणेहिं सह लोट्टेउमाढत्तो, तेहिं चेव सह पिबइ खाइ संवसइ य, पच्छा सो पितुणा सयणेण य सव्वबज्झो अप्पवेसो कओ, अण्णया सो पडिभग्गो, बितिओ से भाया सिणेहेण तं कुडिं पविसिऊण पुच्छइ देइ य से किंचि, सो पितुणा उवलंभिऊण

પુરાણ અને ધર્મશાસ્ત્ર આ પ્રમાણે ચૌદ સ્થાનો કહ્યા છે. ॥૧॥" છ અંગો આ પ્રમાણે → શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, જ્યોતિષ્ અને નિરુક્તિ. (આમ, ચૌદ વિદ્યાસ્થાનોના પારને પામેલો એવો પણ બ્રાહ્મણ ગર્હિતકુલમાં રહે તો નિંદ્ય બને છે.) તે જ પ્રમાણે પાર્શ્વસ્થાદિ કુશીલોની વચ્ચે રહેનાર સાધુઓ નિંદ્ય બને છે. ॥૧૧૧૩॥

અહીં કથાનક આ પ્રમાણે જાણવું → એક બ્રાહ્મણના પાંચ પુત્રો શકુનીપારગ હતા. તે પાંચ પુત્રોમાંથી એક બ્રાહ્મણપુત્રનો એક દાસી સાથે સંબંધ થયો. તે દાસી દારૂ પીએ છે, આ પીતો નથી. તેથી દાસીએ કહ્યું - "જો તું દારૂ પીએ તો મને ઘણો આનંદ થાય અન્યથા આપણો સંયોગ સુસંયોગ (સરખે સરખાનો સંયોગ) ગણાશે નહીં. આ પ્રમાણે વારંવાર કહેતી તેણીએ તેને દારૂ પીવડાવ્યો. પ્રથમ વાર તે છૂપી રીતે દારૂ પીએ છે. પાછળથી લોકોની સામે પણ તે દારૂ પીવા લાગ્યો. ધીરેધીરે વારંવાર દારૂ પીવાના પ્રસંગને કારણે માંસ ખાનારો પણ તે થયો. નિંદ્ય એવી વ્યક્તિઓ સાથે ભમવા લાગ્યો. તેઓની સાથે જ દારૂ પીએ, માંસ ખાય, અને એઓની સાથે જ રહેવા લાગે છે.

થોડા સમય પછી પિતા અને સ્વજનોએ તેને ઘરાદિથી બહાર કાઢ્યો અને કાયમ માટે તેનો ઘરાદિમાં પ્રવેશ બંધ કરાવી દીધો. એકવાર તે પડી ભાંગ્યો, અર્થાત્ પૈસા વિગેરે બધેથી ખલાસ થઈ ગયો. તેનો બીજો ભાઈ સ્નેહવશથી તેની કુટિરમાં પ્રવેશીને તેના હાલ-ચાલ પૂછે છે અને થોડું ઘણું ખાવા-પીવા વિગેરે માટે આપે છે. આ બીજા ભાઈને પણ પિતા ઠપકો

१. एकस्य धिग्जातीयस्य पञ्च पुत्राः शकुनीपारगाः, तत्रैको ब्राह्मण एकस्यां दास्यां संप्रलग्नः, सा मद्यं पिबति, अयं न पिबति, तया भण्यते-यदि त्वं पिबसि ततः शोभना रतिर्भवेत्, इतरथा विसदृशः संयोग इति, एवं स बहुशो भणन्त्या तया पायितः, स प्रथमं प्रच्छन्नं पिबति, पश्चात्प्रकटमपि पातुमारब्धः, पश्चात् अतिप्रसङ्गेन मद्यमांसाश्यपि जातः, श्वपाकैः सह भ्रमितुमारब्धः, तैः सहैव खादति पिबति संवसति च, पश्चात् स पित्रा स्वजनेन च सर्वबाह्यः अप्रवेशः कृतः, अन्यदा स प्रतिभग्नः, द्वितीयस्तस्य भ्राता स्नेहेन तां कुटीं प्रविश्य पृच्छति ददाति च तस्मै किञ्चित्, स उपालभ्य पित्रा

[१०]णिच्छूढो, तइओ बाहिरपाडए ठिओ पुच्छइ विसज्जेइ से किंचि, सोवि णिच्छूढो, चउत्थो परंपरएण दवावेइ, सोवि णिच्छूढो, पंचमो गंधंपि ण इच्छइ, तेण मरुगेण करणं चडिऊण सव्वस्स घरस्स सो सामीकओ, इयरे चत्तारिवि बाहिरा कया लोगगरहिया जाया। एस दिट्ठंतो, उवणओ से इमो–जारिसा पक्कणा तारिसा पासत्थाई जारिसो धिज्जाइओ तारिसो आयरिओ जारिसा पुत्ता तारिसा साहू जहा ते णिच्छूढा एवं णिच्छुब्भंति कुसीलसंसग्गिं करिंता गरहिया य पवयणे भवंति, जो पुण परिहरइ सो पुज्जो साइयं अपज्जवसियं च णेव्वाणं पावइ, एवं संसग्गी विणासिया कुसीलेहिं । उक्तं च–

*"जो जारिसेण मित्तिं करेइ अचिरेण (सो) तारिसो होइ ।*
*कुसुमेहिं सह वसंता तिलावि तग्गंधिया होंति ॥१॥"*

मरुएत्ति दिट्ठंतो गओ, व्याख्यातं द्वारगाथाशकलम् ॥

---

આપીને ઘરથી કાઢી મૂકે છે.

ત્રીજો ભાઈ તેની કુટિરમાં પ્રવેશ કર્યા વિના બહાર આંગણમાં ઊભો રહેલો છતો દારૂડિયા ભાઈના હાલ-ચાલ પૂછે છે અને થોડું ઘણું આપે છે. પિતા ત્રીજા ભાઈને પણ ઘરથી કાઢી મૂકે છે. ચોથો ભાઈ પરંપરાએ (બીજા પાસે) થોડું - ઘણું અપાવે છે. ખબર પડતા પિતા તેને પણ કાઢી મૂકે છે. જયારે પાંચમો ભાઈ ગંધને પણ ઇચ્છતો નથી. તેથી બ્રાહ્મણ પિતાએ ન્યાયાલયમાં (કોર્ટમાં) જઈને આખા ઘરનો આ પાંચમા પુત્રને સ્વામી બનાવ્યો. બીજા ચારે ભાઈઓને બહાર કાઢી મૂક્યા અને તે ભાઈઓ લોકમાં નિંદાને પામ્યા. આ દૃષ્ટાન્ત થયું.

તેનો ઉપનય આ પ્રમાણે જાણવો – જેવા પ્રકારના ચંડાળો છે તેવા પ્રકારના પાર્શ્વસ્થાદિ જાણવા. જેવા પ્રકારનો બ્રાહ્મણ તેવા પ્રકારના આચાર્ય. પુત્રોના સ્થાને સાધુઓ જાણવા. જે રીતે ચાર ભાઈઓને બહાર કાઢ્યા, એ પ્રમાણે કુશીલો સાથે સંબંધ કરનારા સાધુઓને આચાર્ય ગચ્છ બહાર કરે છે અને તેઓ પ્રવચનમાં=જિનશાસનમાં નિંદાપાત્ર બને છે. જે વળી પાંચમા ભાઈની જેમ કુશીલોનો ત્યાગ કરે છે તે પૂજ્ય છે અને સાદિ-અનંત એવા નિર્વાણ સુખને પામે છે. આ પ્રમાણે કુશીલો સાથેનો સંબંધ વિનાશ કરનારો છે. કહ્યું છે – "જે જેવા સાથે મૈત્રી કરે છે તે ટૂંક સમયમાં તેના જેવો થાય છે. પુષ્પોની સાથે રહેલા તલ પણ પુષ્પ સમાન ગંધવાળા થાય

---

१०. निष्काशितः, तृतीयो बाह्यपाटके स्थितः पृच्छति विसृजति च तस्मै किञ्चित्, सोऽपि निष्काशितः, चतुर्थः परम्परकेण दापयति, सोऽपि निष्काशितः, पञ्चमो गन्धमपि नेच्छति, तेन मरुकेण न्यायालये गत्वा सर्वस्य गृहस्य स स्वामीकृतः, इतरे चत्वारोऽपि बाह्याः कृता लोकगर्हिता जाताः एष दृष्टान्तः, उपनयोऽस्यायं- यादृशाश्चाण्डालास्तादृशाः पार्श्वस्थादयो यादृग् धिग्जातीयस्तादृगाचार्यः यादृशः पुत्रास्तादृशः साधवः यथा ते निष्काशिता एवं निष्काश्यन्ते कुशीलसंसर्गं कुर्वन्तः गर्हिताश्च प्रवचने भवन्ति, यः पुनः परिहरति स पूज्यः साद्यपर्यवसानं च निर्वाणं प्राप्नोति, एवं संसर्गी विनाशिका कुशीलैः । यो यादृशेन मैत्रीं करोति अचिरेण (सः) तादृशो भवति । कुसुमैः सह वसन्तः तिला अपि तद्गन्धिका भवन्ति ॥१॥ मरुक इति दृष्टान्तो गतः ।

अधुना वैडूर्यपदव्याख्या, अस्य चायमभिसम्बन्धः—पार्श्वस्थादिसंसर्गदोषादवन्दनीयाः साधवोऽप्युक्ताः, अत्राह चोदकः—कः पार्श्वस्थादिसंसर्गमात्राद्गुणवतो दोषः,? तथा चाह—

सुचिरंपि अच्छमाणो वेरुलिओ कायमणीयउम्मीसो ।
नोवेइ कायभावं पाहण्णगुणेण नियएणं ॥१११४॥

व्याख्या—'सुचिरमपि' प्रभूतमपि कालं तिष्ठन् वैडूर्यः-मणिवेशेषः, काचाश्च ते मणयश्च काचमणयः कुत्सिताः काचमणयः काचमणिकास्तैरुत्-प्राबल्येन मिश्रः काचमणिकोन्मिश्रः 'नोपैति' न याति 'काचभावं' काचधर्मं 'प्राधान्यगुणेन' वैमल्यगुणेन 'निजेन' आत्मीयेन, एवं सुसाधुरपि पार्श्वस्थादिभिः सार्द्धं संवसन्नपि शीलगुणेनात्मीयेन न पार्श्वस्थादिभावमुपैति, अयं भावार्थ इति गाथार्थः ॥१११४॥

अत्राहाऽऽचार्यः—यत्किञ्चिदेतत्, न हि दृष्टान्तमात्रादेवाभिलषितार्थसिद्धिः संजायते, यतः—

भावुगअभावुगाणि य लोए दुविहाणि होंति दव्वाणि ।
वेरुलिओ तत्थ मणी अभावुगो अन्नदव्वेहिं ॥१११५॥

व्याख्या—भाव्यन्ते-प्रतियोगिना स्वगुणैरात्मभावमापाद्यन्त इति भाव्यानि—कवेल्लुकादीनि,

---

છે. ॥૧॥" આ પ્રમાણે બ્રાહ્મણનું દૃષ્ટાન્ત પૂર્ણ થયું. આ સાથે દ્વારગાથા (૧૧૦૮)ના પૂર્વાર્ધનું વ્યાખ્યાન કર્યું. ॥૧૧૧૩॥

અવતરણિકા :- હવે વૈડૂર્યપદની વ્યાખ્યા કરે છે અને તેનો સંબંધ આ પ્રમાણે છે – પાર્શ્વસ્થાદિ સાથેના સંબંધરૂપ દોષને કારણે સાધુઓ પણ અવંદનીય કહ્યા. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે – પાર્શ્વસ્થાદિ સાથે સંબંધ કરવા માત્રથી ગુણવાન એવા સાધુને કયો દોષ લાગે છે ? (અર્થાત્ કોઈ દોષ લાગતો નથી.) કારણ કે કહ્યું છે ➩

ગાથાર્થ :- કાચમણિ સાથે લાંબો કાળ રહેવા છતાં પણ વૈડૂર્યમણિ પોતાના પ્રાધાન્યગુણવડે કાચભાવને પામતો નથી.

ટીકાર્થ :- ખરાબ એવા કાચમણિકની સાથે લાંબો કાળ રહેવા છતાં પણ તે વૈડૂર્યનામનો મણિવિશેષ પોતે નિર્મળ હોવાથી કાચધર્મને પામતો નથી (એટલે કે પોતે અત્યંત નિર્મળ હોવાથી કાચમણિ બની જતો નથી.) એ જ પ્રમાણે સુસાધુ પણ પાર્શ્વસ્થાદિઓ સાથે રહેવા છતાં પણ પોતાના શીલગુણના કારણે પાર્શ્વસ્થાદિપણાને પામતો નથી. (અને માટે જ પાર્શ્વસ્થાદિ સાથે રહેવા છતાં સુસાધુને કોઈ દોષ લાગતો નથી.) એમ ભાવાર્થ જાણવો. ॥૧૧૧૪॥

અવતરણિકા :- અહીં આચાર્ય શિષ્યના પ્રશ્નનું સમાધાન આપતા કહે છે કે તારી વાત નકામી છે, કારણ, દૃષ્ટાન્તમાત્રથી ઇચ્છિત અર્થની સિદ્ધિ થઈ જતી નથી, કારણ કે ➩

ગાથાર્થ :- લોકમાં ભાવુક અને અભાવુક એમ બે પ્રકારના દ્રવ્યો હોય છે. તેમાં વૈડૂર્યમણિ એ અન્યદ્રવ્યોથી અભાવુક દ્રવ્ય છે.

ટીકાર્થ :- જે ભાવિત થાય એટલે કે પ્રતિયોગી દ્રવ્ય પોતાનામાં રહેલા ગુણોવડે સામે

प्राकृतशैल्या भावुकान्युच्यन्ते, अथवा प्रतियोगिनि सति तद्गुणापेक्षया तथा भवनशीलानि भावुकानि, लषपतपदस्थाभूवृषेत्यादावुकञ्★ (पा.३-२-१५४) तस्य ताच्छीलिकत्वादिति, तद्विपरीतानि अभाव्यानि च–नलादीनि लोके 'द्विविधानि' द्विप्रकाराणि भवन्ति 'द्रव्याणि' वस्तूनि, वैडूर्यस्तत्र मणिरभाव्यः 'अन्यद्रव्यैः' काचादिभिरिति गाथार्थः ॥१११५॥

स्यान्मतिः–जीवोऽप्येवम्भूत एव भविष्यति न पार्श्वस्थादिसंसर्गेण तद्भावं यास्यतीत्येतच्चासत्, यतः–

जीवो अणाइनिहणो तब्भावणभाविओ य संसारे ।
खिप्पं सो भाविज्जइ मेलणदोसाणुभावेणं ॥१११६॥

व्याख्या–'जीवः' प्राग्निरूपितशब्दार्थः, स हि अनादिनिधनः अनाद्यपर्यन्त इत्यर्थः, 'तद्भावनाभावितश्च' पार्श्वस्थाद्याचरितप्रमादादिभावनाभावितश्च 'संसारे' तिर्यग्नरनारकामरभवानुभूतिलक्षणे, ततश्च तद्भावनाभावितत्वात् 'क्षिप्रं' शीघ्रं स 'भाव्यते' प्रमादादि-

---

રહેલ જે દ્રવ્યને પોતાના જેવું બનાવે છે તે દ્રવ્ય ભાવ્ય=ભાવિત દ્રવ્ય કહેવાય છે. જેમ કે, કવેલ્લુક (કોઈ ભાવિતદ્રવ્યવિશેષ) વિગેરે, તેને પ્રાકૃતશૈલીથી ભાવુક કહેવાય છે. અથવા પ્રતિયોગી એવા દ્રવ્યની હાજરીમાં ગુણની અપેક્ષાએ જે દ્રવ્ય પ્રતિયોગી જેવું બનવાના સ્વભાવવાળું હોય તે ભાવુક દ્રવ્ય કહેવાય છે. આવો અર્થ કરવાનું કારણ એ છે કે - भष्, पत्, पद्, स्था, भू અને वृष् વિગેરે ધાતુઓને જે उकञ् પ્રત્યય લાગે છે, તે સ્વભાવ અર્થમાં લાગતો હોવાથી ભાવુકશબ્દનો અર્થ સ્વભાવાર્થમાં કરેલ છે, (અર્થાત્ ભાવિત થવાના સ્વભાવવાળું જે હોય તે ભાવુક.)

ભાવ્યથી જે વિપરીત હોય તે અભાવ્ય. જેમ કે, નલ (=વૃક્ષવિશેષ) વિગેરે. આ પ્રમાણે ભાવ્ય અને અભાવ્ય એમ લોકમાં બે પ્રકારના દ્રવ્યો છે. તેમાં વૈડૂર્યમણિ એ અભાવ્યદ્રવ્ય છે, જે કાચમણિ વિગેરે અન્યદ્રવ્યોવડે ભાવિત થતું નથી. ॥૧૧૧૫॥

અવતરણિકા :- કદાચ કોઈને એવી મતિ=બુદ્ધિ=શંકા થાય કે "જીવ પણ અભાવિતદ્રવ્ય જ હશે, જે પાર્શ્વસ્થાદિની સાથે સંબંધમાં આવવા છતાં પાર્શ્વસ્થાદિપણાને પામશે નહીં." જે કોઈની આવી બુદ્ધિ છે તે અસત્=ખોટી છે, કારણ કે ⇨

**ગાથાર્થ :- સંસારમાં જીવ અનાદિ - અનંત છે અને તદ્ભાવનાથી ભાવિત છે. તેથી તે જીવ મીલનરૂપ દોષના પ્રભાવે શીઘ્ર ભાવિત થાય છે.**

ટીકાર્થ :- જેના શબ્દનો અર્થ પૂર્વે નિરૂપણ કરાયેલો છે એવો તે જીવ તિર્યંચ, નર, મનુષ્ય અને દેવભવની અનુભૂતિરૂપ સંસારમાં અનાદિ-અનંત છે. (અહીં આ વિશેષણનો આશય એ છે કે જીવ સંસારમાં આદિ વિનાના અનંતકાળથી ભટકતો રહ્યો છે.) અને તે કાળ દરમિયાન તે જીવ પાર્શ્વસ્થાદિઓવડે આચરેલી એવી પ્રમાદાદિભાવનાઓથી સતત ભાવિત થયો છે. વારંવાર

---

★ '०त्यादावु ङ्कि: यो' - प्र०

भावनयाऽऽत्मीक्रियते 'मीलनदोषानुभावेन' संसर्गदोषानुभावेनेति गाथार्थः ॥१११६॥

अथ भवतो दृष्टान्तमात्रेण परितोषः ततो मद्विवक्षितार्थप्रतिपादकोऽपि दृष्टान्तोऽस्त्येव, शृणु–

अंबस्स य निंबस्स य दुण्हंपि समागयाइं मूलाइं ।
संसग्गीइ विणट्ठो अंबो निंबत्तणं पत्तो ॥१११७॥

व्याख्या–चिरपतिततिक्तनिम्बोदकवासितायां भूमौ आम्रवृक्षः समुत्पन्नः, पुनस्तत्राऽऽम्रस्य च निम्बस्य च द्वयोरपि 'समागते' एकीभूते मूले, ततश्च 'संसर्ग्या' सङ्गत्या विनष्ट आम्रो निम्बत्वं प्राप्तः–तिक्तफलः संवृत्त इति गाथार्थः ॥१११७॥

तदेवं संसर्गिदोषदर्शनात्त्याज्या पार्श्वस्थादिसंसर्गिरिति । पुनरप्याह चोदकः–नन्वेतदपि सप्रतिपक्षं, तथाहि–

सुचिरंपि अच्छमाणो नलथंभो उच्छुवाडमज्झंमि ।
कीस न जायइ महुरो ? जइ संसग्गी पमाणं ते ॥१११८॥

व्याख्या–'सुचिरमपि' प्रभूतमपि कालं तिष्ठन् 'नलस्तम्बः' वृक्षविशेषः इक्षुवाटमध्ये इक्षुसंसर्ग्या किमिति न जायते मधुरः ?, यदि संसर्गी प्रमाणं तवेति गाथार्थः ॥१११८॥

---

આવી ભાવનાઓથી ભાવિત હોવાથી પાર્શ્વસ્થાદિઓ સાથેના મીલનરૂપ દોષના પ્રભાવે પ્રમાદાદિની ભાવનાઓદ્વારા તે જીવ શીઘ્ર ભાવિત કરાય છે=પોતાને વશ કરાય છે એટલે કે તે જીવ પાર્શ્વસ્થાદિપણાને પામે છે. ॥૧૧૧૬॥

અવતરણિકા :- (શિષ્ય : આ વિષયમાં કોઈ દષ્ટાન્ત ખરું ?) આચાર્ય : જો તમને દષ્ટાન્તમાત્રથી જ સંતોષ થતો હોય તો મારી પાસે મારા વિવક્ષિત અર્થને જણાવનાર દષ્ટાન્ત પણ છે જ. સાંભળ ⇨

ગાથાર્થ :- આંબો અને લીંબડો બંનેના મૂળ ભેગા થયા. બંનેના મીલનથી નષ્ટ થયેલો આંબો લીંબડાપણાને પામ્યો.

ટીકાર્થ :- લાંબાકાળથી પડેલા કડવા લીંબડાના રસથી ભાવિત થયેલી ભૂમિ ઉપર આંબાનું વૃક્ષ ઉત્પન્ન થયું. વળી ત્યાં આંબો અને લીંબડો બંનેના મૂળિયા ભેગા થયા, અને ભેગા થવારૂપ સંસર્ગથી નષ્ટ થયેલો આંબો લીંબડાપણાને પામ્યો અર્થાત્ કડવાફળવાળો થયો. (આમ દષ્ટાન્તથી પણ સંસર્ગરૂપ દોષનું નુકસાન કહ્યું.) ॥૧૧૧૭॥

અવતરણિકા :- આ પ્રમાણે મીલનરૂપ સંસર્ગમાં દોષનું દર્શન થતું હોવાથી પાર્શ્વસ્થાદિઓની સાથે સંસર્ગનો=મીલનનો ત્યાગ કરવા યોગ્ય છે. અહીં શિષ્ય ફરી પ્રશ્ન કરે છે કે - તમારું કથન પણ સપ્રતિપક્ષ છે (અર્થાત્ તમારા કથનમાં ઊંધું કેમ ન થઈ શકે ?) તે આ પ્રમાણે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જો તમારે સંસર્ગ જ પ્રમાણ હોય તો, શેરડીની વાડ વચ્ચે લાંબા કાળથી રહેલ એવું નલસ્તંબનામનું વૃક્ષ વિશેષ શેરડીના સંસર્ગથી મધુર (=મધુરફળવાળું) કેમ થતું નથી ?

आहाचार्यः-ननु विहितोत्तरमेतत् 'भावुग अभावुगाणि य' इत्यादिग्रन्थेन, अत्रापि च केवली अभाव्यः पार्श्वस्थादिभिः, सरागास्तु भाव्या इति ।

आह–तैः सहाऽऽलापमात्रतायां संसर्ग्यां क इव दोष इति ?, उच्यते–

**ऊणगसयभागेणं बिंबाइं परिणमंति तब्भावं ।**
**लवणागराइसु जहा वज्जेह कुसीलसंसग्गिं ॥१११९॥**

**व्याख्या–ऊनश्चासौ शतभागश्चोनशतभागः शतभागोऽपि न पूर्यत इत्यर्थः, तेन तावताऽंशेन प्रतियोगिना सह सम्बद्धानीति प्रक्रमाद्गम्यते 'बिम्बानि' रूपाणि 'परिणमन्ति तद्भावं' आसादयन्ति तद्भावं लवणीभवन्तीत्यर्थः, लवणागरादिषु यथा, आदिशब्दाद्भाण्डखादिका-**

(આશય એ છે કે જો સંસર્ગના પ્રભાવથી આંબો લીંમડાપણાને પામતો હોય તો શેરડીના સંસર્ગથી નલસ્તંબ મધુર કેમ બનતો નથી ? બનવો જોઈએ, પરંતુ બનતો નથી. માટે સંસર્ગ મુખ્ય નથી.) ॥૧૧૧૮॥

આચાર્ય કહે છે – આ પ્રશ્નનો જવાબ પૂર્વે કહેવાઈ ગયો છે કે ભાવુક અને અભાવુક ... (આશય એ છે કે પૂર્વે કહી જ ગયા કે બે પ્રકારના દ્રવ્યો હોય છે – ભાવુક અને અભાવુક. તેમાં આંબો એ ભાવુક હોવાથી લીંબડા સાથેના સંસર્ગથી લીંબડાપણાને પામે છે. જયારે નલસ્તંબ એ અભાવુક હોવાથી શેરડી સાથે સંસર્ગ થવા છતાં મધુર બનતો નથી. આમ અભાવુકદ્રવ્યોમાં સંસર્ગની અસર ન થવા છતાં સંસર્ગ ભાવુકદ્રવ્યો માટે તો દોષવાન છે જ. અને પૂર્વે કહ્યું જ કે જીવ અનાદિકાળથી વિપરીતભાવનાઓથી ભાવિત હોવાથી સંસર્ગમાત્રથી પણ શીઘ્ર ભાવિત થાય છે માટે સંસર્ગ જીવ માટે દોષવાન છે.) જો કે (બંને વૃક્ષ હોવા છતાં જેમ આંબો ભાવુક, નલ અભાવુક છે) તેમ જીવમાં કેવલી પાર્શ્વસ્થાદિવડે અભાવ્ય અને સરાગી જીવો ભાવ્ય જાણવા.

અવતરણિકા :- શંકા :- પાર્શ્વસ્થાદિ સાથે એકવારની વાતચીતરૂપ સંસર્ગ કરવામાં કોની જેમ દોષ લાગે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :- ન્યૂન એવા સોમાભાગવડે મીઠાની ખાણમાં રહેલી પ્રતિમાઓ જેમ તદ્ભાવને= મીઠારૂપે પરિણામ પામે છે, (તેમ પાર્શ્વસ્થાદિ સાથેના સંસર્ગમાત્રથી સુવિહિતસાધુઓ પાર્શ્વસ્થાદિ-ભાવને પામે છે.) તેથી કુશીલો સાથેના સંસર્ગનો ત્યાગ કરો.**

ટીકાર્થ :- ન્યૂન એવો સોમો ભાગ તે ન્યૂનશતભાગ. (અહીં પ્રતિમાના એકસો ભાગ કલ્પવા. તે પ્રતિમાનો કંઈક ન્યૂન એવો સોમો ભાગ મીઠાના અગરમાં અંદર ખૂપે એ રીતે પ્રતિમાને મીઠાના ઢગલા ઉપર રાખવી. માટે જ કહ્યું છે કે જે પ્રતિમાનો) સોમો ભાગ પણ મીઠાવડે સંપૂર્ણ પૂરાતો નથી. આમ અતિ અલ્પ અંશવડે પ્રતિયોગી એવા લવણ સાથે 'સંબંધ પામેલી' શબ્દ અહીં જાણી લેવો – એવી પ્રતિમાઓ તદ્ભાવને પામે છે એટલે કે ધીરે ધીરે આખી પ્રતિમા ખારી થઈ જાય છે. (ક્યાં રહેલી પ્રતિમા ?) મીઠાના અગરમાં રહેલી. (અન્વય

रसादिग्रहः, तत्र किल लोहमपि तद्भावमासादयति, तथा पार्श्वस्थाद्यालापमात्रसंसर्ग्याऽपि सुविहितास्तमेव भावं यान्ति, अतः 'वज्जेह कुसीलसंसग्गिं, त्यजत कुशीलसंसर्गिमिति गाथार्थः ॥१११९॥

पुनरपि संसर्गिदोषप्रतिपादनायैवाऽऽह–

जह नाम महुरसलिलं सायरसलिलं कमेण संपत्तं ।
पावेइ लोणभावं मेलणदोसाणुभावेणं ॥११२०॥

व्याख्या–'यथे' त्युदाहरणोपन्यासार्थः 'नामे'ति निपातः 'मधुरसलिलं' नदीपयः तल्लवणसमुद्रं 'क्रमेण' परिपाट्या सम्प्राप्तं सत् 'पावेइ लोणभावं' प्राप्नोति–आसादयति लवणभावं–क्षारभावं मधुरमपि सन्, मीलनदोषानुभावेनेति गाथार्थः ॥११२०॥

एवं खु सीलवंतो असीलवंतेहिं मीलिओ संतो ।
पावइ गुणपरिहाणिं मेलणदोसाणुभावेणं ॥११२१॥

व्याख्या–खुशब्दोऽवधारणे, एवमेव शीलमस्यास्तीति शीलवान् स खलु 'अशीलवद्भिः' पार्श्वस्थादिभिः सार्द्धं मीलितः सन् 'प्राप्नोति' आसादयति गुणा–मूलोत्तरगुणलक्षणास्तेषां परिहाणिः–अपचयः गुणपरिहाणिः तां, तथैहिकांश्चापायांस्तत्कृतदोषसमुत्थानिति, मीलनदोषा-

---

મૂળગાથાર્થ પ્રમાણે જાણવો.) આદિશબ્દથી (H)ભાંડખાદિકારસ (=એક વિશેષપ્રકારનું પાણી) વિગેરે. આ રસમાં નાંખેલ લોખંડ પણ તદ્‌ભાવરૂપે=પાણીરૂપે બની જાય છે.

(જેમ થોડાક અંશવડે પણ સંબંધિત પ્રતિમા ખારી થઈ જાય છે) તેમ પાર્શ્વસ્થાદિઓની સાથે એકવાર પણ વાતચીતરૂપ સંબંધવડે સુવિહિતસાધુઓ તે જ પાર્શ્વસ્થાદિપણાને પામે છે. માટે (હે સાધુઓ ! તમે) કુશીલો સાથેના સંબંધને ત્યાગો. ॥૧૧૧૯॥

અવતરણિકા :- ફરી સંસર્ગના દોષનું પ્રતિપાદન કરવા માટે જ કહે છે ⇨

ગાથાર્થ :- જેમ મધુર એવું નદીનું પાણી ક્રમશઃ લવણસમુદ્રને ભેગું થયેલું મીલનરૂપ દોષના પ્રભાવે ખારું થાય છે.

ટીકાર્થ :- 'यथा' શબ્દ ઉદાહરણને જણાવનાર છે. 'नाम' શબ્દનો નિપાત જાણવો. જેમ મધુર એવું નદીનું પાણી ક્રમે કરીને લવણસમુદ્રને=ખારાસમુદ્રને પ્રાપ્ત થયેલું છતું લવણભાવને=ખારાપણાને મધુર હોવા છતાં મીલનદોષના પ્રભાવે પામે છે. (અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥૧૧૨૦॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- 'खु' શબ્દ અવધારણ=જકાર અર્થમાં જાણવો. એ જ પ્રમાણે શીલ જેની પાસે વિદ્યમાન છે એવો શીલવાન સાધુ શીલ વિનાના એવા પાર્શ્વસ્થાદિઓ સાથે ભેગો થતાં મીલનરૂપ દોષના પ્રભાવે મૂલ અને ઉત્તરગુણરૂપ ગુણોની હાનિને તથા પાર્શ્વસ્થાદિકૃત દોષથી ઉત્પન્ન થયેલા આલોક સંબંધી એવા અપાયોને પામે છે. (અર્થાત્ આવા કુશીલો સાથેના સંબંધથી

नुभावेनेति गाथार्थः ॥११२१॥

यतश्चैवमतः–

**खणमवि न खमं काउं अणाययणसेवणं सुविहियाणं ।**
**हंदि समुद्दमइगयं उदयं लवणत्तणमुवेइ ॥११२२॥**

व्याख्या–लोचननिमेषमात्रः कालः क्षणोऽभिधीयते, तं क्षणमपि, आस्तां तावन्मुहूर्तोऽन्यो वा कालविशेषः, 'न क्षमं' न योग्यं, किं ?–'काउं अणाययणसेवणं'ति कर्तुं–निष्पादयितुम् अनायतनं–पार्श्वस्थाद्यायतनं तस्य सेवनं–भजनम् अनायतनसेवनं, केषां ?–'सुविहितानां' साधूनां, किमित्यत आह–'हन्दि' इत्युपदर्शने, समुद्रमतिगतं–लवणजलधिं प्राप्तम् 'उदकं' मधुरमपि सत् 'लवणत्वमुपैति' क्षारभावं याति, एवं सुविहितोऽपि पार्श्वस्थादिदोषसमुद्रं प्राप्तस्तद्भावमाप्नोति, अतः परलोकार्थिना तत्संसर्गिस्त्याज्येति, ततश्च व्यवस्थितमिदं–येऽपि पार्श्वस्थादिभिः सार्द्धं संसर्गिं कुर्वन्ति तेऽपि न वन्दनीयाः, सुविहिता एव वन्दनीया इति ॥११२२॥

अत्राऽऽह–

**सुविहिय दुव्विहियं वा नाहं जाणामि हं खु छउमत्थो ।**
**लिंगं तु पूययामी तिगरणसुद्धेण भावेणं ॥११२३॥**

---

પોતાના બ્રહ્મચર્ય વિગેરે ગુણોનો નાશ થાય છે અને આ લોકમાં પોતાનો અપયશ વિગેરે નુકસાનોની પણ પ્રાપ્તિ થાય છે.) ॥૧૧૨૧॥

અવતરણિકા :- આમ જે કારણથી પાર્શ્વસ્થાદિ સાથે રહેવા વિગેરેમાં દોષો છે તે કારણથી ⇨

**ગાથાર્થ :- સુવિહિત સાધુઓને ક્ષણવાર માટે પણ અનાયતનનું સેવન કરવું કલ્પતું નથી. (કારણ કે) સમુદ્રમાં ગયેલું પાણી ખારાશને પામે છે.**

ટીકાર્થ :- આંખના એક પલકારા જેટલા કાલને ક્ષણ કહેવાય છે. એક મુહૂર્ત કે અન્ય બીજો કાલવિશેષ તો જવા દો ક્ષણમાત્ર પણ યોગ્ય નથી. શું યોગ્ય નથી ? – પાર્શ્વસ્થાદિના સ્થાનનું (=તેમની વસતિમાં જવું, એમની સાથે વાતચીત કરવી વિગેરેનું) સેવન કરવું ક્ષણમાત્ર પણ યોગ્ય નથી. કોને યોગ્ય નથી ? – સુવિહિત સાધુઓ માટે આવું કરવું યોગ્ય નથી. શા માટે ? તે કહે છે – ખારા પાણીવાળા સમુદ્રમાં ગયેલું મધુર એવું પણ પાણી ખારાશને પામે છે. એમ સુવિહિતો પણ પાર્શ્વસ્થાદિ જે દોષોનું સેવન કરે છે, તે દોષરૂપ સમુદ્રને પામતા પાર્શ્વસ્થાદિપણાને પામે છે. આથી પરલોકના અર્થીઓએ તેમની સાથેના સંસર્ગનો ત્યાગ કરવો જોઈએ. અને તેથી આ વાત નક્કી થઈ કે જે સાધુઓ પણ પાર્શ્વસ્થાદિ સાથે સંસર્ગને કરે છે તેઓ પણ વંદનીય નથી, માત્ર સુવિહિતો જ=પ્રભુની આજ્ઞાનુસારે જીવનારા જ વંદનીય છે. ॥૧૧૨૨॥

અવતરણિકા :- અહીં શિષ્ય કહે છે કે ⇨

**ગાથાર્થ :- હું છદ્મસ્થ છું અને માટે સામેવાળો સુવિહિત છે કે દુર્વિહિત છે તે હું જાણતો**

व्याख्या–शोभनं विहितम्-अनुष्ठानं यस्यासौ सुविहितस्तम्, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, दुर्विहितस्तु पार्श्वस्थादिस्तं दुर्विहितं वा 'नाहं जानामि' नाहं वेद्मि, यतः अन्तःकरण-शुद्ध्यशुद्धिकृतं सुविहितदुर्विहितत्वं, परभावस्तु तत्त्वतः सर्वज्ञविषयः, 'अहं खु छउमत्थो'त्ति अहं पुनश्छद्मस्थः, अतो 'लिङ्गमेव' रजोहरणगोच्छप्रतिग्रहधरणलक्षणं 'पूजयामि' वन्दे इत्यर्थः, 'त्रिकरणशुद्धेन भावेन' वाक्कायशुद्धेन मनसेति गाथार्थः ॥११२३॥

अत्राचार्य आह–

जइ ते लिंग पमाणं वंदाही निण्हवे तुमे सव्वे ।
एए अवंदमाणस्स लिंगमवि अप्पमाणं ते ॥११२४॥

व्याख्या–'यदी'त्ययमभ्युपगमप्रदर्शनार्थः 'ते' तव लिङ्गं–द्रव्यलिङ्गम्, अनुस्वारोऽत्र लुप्तो वेदितव्यः, प्रमाणं–कारणं वन्दनकरणे, इत्थं तर्हि 'वन्दस्व' नमस्व 'निह्नवान्' जमालिप्रभृतीन् त्वं 'सर्वान्' निरवशेषान्, द्रव्यलिङ्गयुक्तत्वात् तेषामिति, अथैतान् मिथ्यादृष्टित्वान्न वन्दसे तत् ननु 'एतान्' द्रव्यलिङ्गयुक्तानपि 'अवन्दमानस्य' अप्रणमतः लिङ्गमप्यप्रमाणं तव वन्दनप्रवृत्ताविति

---

નથી. તેથી ત્રિકરણથી શુદ્ધ એવા ભાવવડે હું લિંગની પૂજા કરું છું.

ટીકાર્થ :- સુંદર છે અનુષ્ઠાન જેનું તે સુવિહિત. તેને, અહીં મૂળમાં 'सुविहिय' શબ્દમાં અનુસ્વારનો લોપ જાણવો. અથવા દુર્વિહિત એટલે પાર્શ્વસ્થાદિ, તેને હું જાણતો નથી. (અર્થાત્ સામેવાળો સુવિહિત છે કે દુર્વિહિત છે તે હું જાણતો નથી.) કારણ કે સુવિહિતપણું અને દુર્વિહિતપણું એ ક્રમશઃ અંતઃકરણની શુદ્ધિ અને અશુદ્ધિકૃત છે. વળી સામેવાળાનો માનસિકભાવ એ તો ખરેખર સર્વજ્ઞોનો વિષય છે. જયારે હું તો છદ્મસ્થ છું. આથી રજોહરણ, ગુચ્છા, પાત્રાને ધરવારૂપ લિંગને જ હું વચન-કાયાથી શુદ્ધ એવા મનવડે વંદું છું. ॥૧૧૨૩॥

અવતરણિકા :- અહીં આચાર્ય જવાબ આપે છે કે ⇨

ગાથાર્થ :- જો તને લિંગ જ પ્રમાણ હોય તો સર્વનિહ્નવોને તું વંદન કર. તેઓને વંદન નહીં કરતા એવા તારા મતે લિંગ પણ અપ્રમાણ છે.

ટીકાર્થ :- 'यदि' શબ્દ અભ્યુપગમન્યાય જણાવનાર છે. (અર્થાત્ 'તમારી વાત અમને માન્ય નથી. છતાં એકવાર તમારી વાત માની લઈએ તો' એ પ્રમાણેનો અભ્યુપગમ=સ્વીકાર જણાવનાર છે.) જો તારા=શિષ્યના મતે દ્રવ્યલિંગ=બાહ્યવેષ વંદન માટે પ્રમાણ તરીકે છે. (અર્થાત્ જેની પાસે બાહ્યવેષ હોય તેને વંદન કરવા, જેની પાસે વેષ ન હોય તેને વંદન કરવા નહીં. આમ વંદન માટે તારા મતે જો વેષ જ મુખ્ય હોય) અહીં મૂળમાં 'लिङ्ग' શબ્દના અનુસારનો લોપ જાણવો. તો જમાલિ વિગેરે સર્વનિહ્નવોને તું વંદન કર, કારણ કે તેઓ પણ બાહ્યવેષવાળા તો છે જ.

અને જો તું તેઓને મિથ્યાદૃષ્ટિ હોવાથી વંદન કરતો નથી. તો બાહ્યવેષથી યુક્ત એવા પણ નિહ્નવોને વંદન ન કરતા તારા મતે લિંગ પણ વંદનની પ્રવૃત્તિમાં પ્રમાણભૂત રહેતું

गाथार्थः ॥११२४॥

इत्थं लिङ्गमात्रस्य वन्दनप्रवृत्तावप्रमाणतायां प्रतिपादितायां सत्यामनभिनिविष्ट एव सामाचारिजिज्ञासयाऽऽह चोदकः—

जइ लिंगमप्पमाणं न नज्जई निच्छएण को भावो ? ।
दट्ठूण समणलिंगं किं कायव्वं तु समणेणं ? ॥११२५॥

व्याख्या—यदि 'लिङ्गं' द्रव्यलिङ्गम् 'अप्रमाणम्' अकारणं वन्दनप्रवृत्तौ, इत्थं तर्हि 'न ज्ञायते' नावगम्यते 'निश्चयेन' परमार्थेन छद्मस्थेन जन्तुना कस्य को भावः ?, यतोऽसंयता अपि लब्ध्यादिनिमित्तं संयतवच्चेष्टन्ते, संयता अपि च कारणतोऽसंयतवदिति, तदेवं व्यवस्थिते 'दृष्ट्वा' अवलोक्य 'श्रमणलिङ्गं' साधुलिङ्गं किं पुनः कर्तव्यं 'श्रमणेन' साधुना ?, पुनःशब्दार्थस्तुशब्दो व्यवहितश्लोक्तो गाथानुलोम्यादिति गाथार्थः ॥११२५॥

एवं चोदकेन पृष्टः सन्नाहाचार्यः—

अप्पुव्वं दट्ठूणं अब्भुट्ठाणं तु होइ कायव्वं ।
साहुम्मि दिट्ठपुव्वे जहारिहं जस्स जं जोग्गं ॥११२६॥

व्याख्या—'अपूर्वम्' अदृष्टपूर्वं, साधुमिति गम्यते, 'दृष्ट्वा' अवलोक्य, आभिमुख्येनोत्थान-

---

નથી ॥૧૧૨૪॥

અવતરણિકા :- આ રીતે વંદન માટે માત્ર લિંગ પ્રમાણભૂત નથી એવું શિષ્યને સમજાવ્યા બાદ કોઈપણ જાતના આગ્રહ વિનાનો શિષ્ય સામાચારીને જાણવાની ઇચ્છાથી આગળ પ્રશ્ન પૂછે છે ⇨

ગાથાર્થ :- જો બાહ્યવેષ પ્રમાણભૂત નથી તો સામેવાળાનો નિશ્ચયથી કયો ભાવ છે ? તે જણાતું નથી. તેથી સાધુવેષને જોઈને બીજા સાધુએ શું કરવું ?

ટીકાર્થ :- જો દ્રવ્યલિંગ એ વંદનની પ્રવૃત્તિમાં અપ્રમાણ છે, તો છદ્મસ્થજીવવડે જણાતું નથી કે પરમાર્થથી કોનો કયો ભાવ છે ? કારણ કે અસંયત જીવો પણ લબ્ધિ વિગેરે માટે સુસંયત જેવો દેખાવ કરે છે, અને સંયતો પણ કારણ આવતા અસંયતની જેમ અતિચારોને સેવે છે. તેથી સાધુવેષને જોયા પછી અન્ય સાધુએ શું કરવું ? (વંદન કરવા કે ન કરવા ?) મૂળમાં 'तु' શબ્દ 'पुनः' શબ્દના અર્થમાં છે અને તે ગાથાની રચના વ્યવસ્થિત થાય માટે અન્ય સાથે મૂકેલો છે (અર્થાત્ મૂળમાં 'किं' શબ્દ પછી મૂકવાને બદલે 'कायव्वं' શબ્દ પછી જે 'तु' મૂકેલો છે તે ગાથાની રચના સરળતાથી થઈ શકે તે માટે છે.) ॥૧૧૨૫॥

અવતરણિકા :- આ પ્રમાણે શિષ્યવડે પૂછાયેલા આચાર્ય જવાબ આપે છે ⇨

ગાથાર્થ :- નવા સાધુને જોઈને અભ્યુત્થાન કરવા યોગ્ય છે. જેને પૂર્વ જોયેલા હોય એવા સાધુઓમાં જેને જે યોગ્ય હોય એ પ્રમાણે કરવું.

ટીકાર્થ :- પૂર્વે જોયેલા ન હોય એવા સાધુને પ્રથમ વખત મળવાનું થાય ત્યારે આભિ-

**मभ्युत्थानम्–आसनत्यागलक्षणं, तुशब्दाद्दण्डकादिग्रहणं च भवति कर्त्तव्यं, किमिति ?, कदाचिदसौ कश्चिदाचार्यादिर्विद्याद्यतिशयसम्पन्नः तत्प्रदानायैवाऽऽगतो भवेत्, प्रशिष्यसकाशमाचार्यकालकवत्, स खल्वविनीतं सम्भाव्य न तत्प्रयच्छतीति, तथा दृष्टपूर्वास्तु द्विप्रकारा– उद्यतविहारिणः शीतलविहारिणश्च, तत्रोद्यतविहारिणि साधौ 'दृष्टपूर्वे' उपलब्धपूर्वे 'यथार्हं' यथायोग्यमभ्युत्थानवन्दनादि 'यस्य' बहुश्रुतादेर्यद् योग्यं तत्कर्तव्यं भवति, यः पुनः शीतलविहारी न तस्याभ्युत्थानवन्दनाद्युत्सर्गतः किञ्चित्कर्तव्यमिति गाथार्थः ॥११२६॥**

મુખ્યથી ઉત્થાન એટલે આસનનો ત્યાગ કરવો. (એટલે કે અપરિચિત કોઈ સાધુ આવે ત્યારે આસન છોડીને ઊભા થવું, સામે લેવા જવું વિગેરે વિનય સાચવવો.) આદિશબ્દથી દંડાદિ એમની પાસેથી લેવા. આવું શા માટે કરવું ? તે કહે છે કે – ક્યારેક આવનાર સાધુ કોઈ વિશિષ્ટ વિદ્યાદિ અતિશયોથી સંપન્ન આચાર્યાદિ હોય કે જેઓ તે વિદ્યાદિને દેવા માટે જ આવ્યા હોય. જેમ કે, પોતાના પ્રશિષ્ય પાસે આચાર્ય કાલકસૂરિજી ગયા.

(તે આ પ્રમાણે – કર્મના દોષથી આચાર્યના શિષ્યો અવિનયી બન્યા. એટલે કાલકાચાર્ય પોતાના શય્યાતરને બોલાવી કહે છે કે "કર્મબંધથી બચવા હું અન્ય સ્થાને જઉં છું. તારે આ શિષ્યોને પ્રિય અને કર્કશ વચનથી સમજાવીને કહેવું કે – તમારા ગુરુ વિશાલાનગરીમાં પ્રશિષ્ય પાસે ગયા છે." એમ કહીને ગુરુ ત્યાંથી નીકળી ગયા. બીજા દિવસના પ્રભાતે ગુરુ ન દેખાવાથી બધા શય્યાતરને પૂછે છે. શય્યાતર પાસેથી સમાચાર લઈને બધા શિષ્યો વિશાલાનગરી તરફ જાય છે.

આ બાજુ ગુપ્ત સ્વરૂપે આ. કાલકસૂરિ સાધુઓના ઉપાશ્રયમાં પ્રવેશ કરે છે. તે સમયે ત્યાં આ. સાગરસૂરિનામે તેમના પ્રશિષ્ય આગમનો ઉપદેશ આપી રહ્યા હતા. સાધુ આવવા છતાં કોઈએ અભ્યુત્થાનાદિ વિનય કર્યો નહીં. એટલે ઈરિયાવહી કરીને કાલકસૂરિ એક ખૂણામાં જાપ કરતા બેસી રહ્યા. દેશના પછી થોડા સમય બાદ ખૂણામાં બેઠેલા વૃદ્ધ સાધુ પાસે પ્રશિષ્ય આ. સાગરસૂરિ આવ્યા. તેમને મળીને પોતાના સ્થાને પાછા ગયા.

થોડા દિવસ પછી આ. કાલકસૂરિને ગોતતા તેમના શિષ્યો ત્યાં આવ્યા. એટલે આ. સાગરસૂરિને ખ્યાલ આવ્યો કે આવેલ વૃદ્ધ સાધુ બીજા કોઈ નહીં પણ પોતાના દાદાગુરુ આ. કાલકસૂરિ છે. દાદાગુરુ પાસે પોતે કરેલ અવિનયની ક્ષમા યાચે છે. ત્યારે આ. કાલકસૂરિ નકામો ગર્વ કરવાનો ત્યાગ કરવાનું કહીને ત્યાંથી વિદાય થયા.) આવા સમયે જો અભ્યુત્થાનાદિ ન કરવામાં આવે તો આવનાર સાધુ આ સાધુને અવિનીત જાણીને પોતાની પાસે રહેલ વિદ્યાદિ કોઈ અતિશયો આપે નહીં. (તેથી અપરિચિત સાધુ આવે તો અવશ્ય અભ્યુત્થાનાદિ વિનય કરવો.)

તથા પૂર્વે મળેલા હોય એવા સાધુઓ બે પ્રકારના હોય → ઉદ્યતવિહારી=સંયમી અને શીતલવિહારી=શિથિલાચારી. તેમાં જો ઉદ્યતવિહારી એવો સાધુ વિહાર કરીને આવે તો અભ્યુત્થાન, વંદન વગેરે જેમને જે ઉચિત હોય તે સર્વ કરવા યોગ્ય છે. જે વળી શિથીલાચારી

साम्प्रतं कारणतः शीतलविहारिगतविधिप्रतिपादनाय सम्बन्धगाथामाह–

मुक्कधुरासंपागडसेवीचरणकरणपब्भट्ठे ।
लिंगावसेसमित्ते जं कीरइ तं पुणो वोच्छं ॥११२७॥

व्याख्या–धूः-संयमधूः परिगृह्यते, मुक्ता–परित्यक्ता धूर्येनेति समासः, सम्प्रकटं–प्रवचनोपघातनिरपेक्षमेव मूलोत्तरगुणजालं सेवितुं शीलमस्येति सम्प्रकटसेवी, मुक्तधूश्चासौ सम्प्रकटसेवी चेति विग्रहः, तथा चर्यत इति चरणं–व्रतादिलक्षणं क्रियत इति करणं–पिण्डविशुद्ध्यादिलक्षणं चरणकरणाभ्यां प्रकर्षेण भ्रष्टः–अपेतश्चरणकरणप्रभ्रष्टः, मुक्तधूः सम्प्रकटसेवी चासौ चरणकरणप्रभ्रष्टश्चेति समासस्तस्मिन्, प्राकृतशैल्या अकारेकारयोर्दीर्घत्वम्, इत्थम्भूते 'लिङ्गावशेषमात्रे' केवलद्रव्यलिङ्गयुक्ते यत्क्रियते किमपि तत्पुनर्वक्ष्ये, पुनःशब्दो विशेषणार्थः, किं विशेषयति ?–कारणापेक्षं–कारणमाश्रित्य यत्क्रियते तद्वक्ष्ये–अभिधास्ये, कारणाभावपक्षे तु प्रतिषेधः कृत एव, विशेषणसाफल्यं तु मुक्तधूरपि कदाचित्सम्प्रकटसेवी न भवत्यपि

---

હોય તેમના માટે અભ્યુત્થાન, વંદન વિગેરે કંઈપણ ઉત્સર્ગમાર્ગે કરવું નહીં. ॥૧૧૨૬॥

**અવતરણિકા :-** હવે કારણ હોય તો શિથિલાચારી સાધુસંબંધી વિધિને જણાવવા માટે પ્રથમ સંબંધગાથાને જણાવે છે ⇨

**ગાથાર્થ :- સંયમધૂરાને મૂકનાર, જાહેરમાં અતિચારોનું સેવન કરનાર, ચરણ-કરણસિત્તરીથી ભ્રષ્ટ થયેલ અને માટે જ માત્ર વેષધારી સાધુસંબંધી જે કરાય છે તેને હું કહીશ.**

**ટીકાર્થ :-** 'ધૂરા' શબ્દથી સંયમધૂરા ગ્રહણ કરવી. મૂકાયેલી છે સંયમધૂરા જેનાવડે તે મુક્કધૂર (અર્થાત્ સંયમવ્યાપારોને છોડનાર) એ પ્રમાણે સમાસ જાણવો. સંપ્રકટ એટલે કે શાસનહીલનાની ચિંતા વિના જ મૂલોત્તરગુણના સમૂહને (=મૂલોત્તરગુણસંબંધી અતિચારોને) આચરવાનો સ્વભાવ જેનો છે તે સંપ્રકટસેવી. મુક્કધૂર એવો આ સંપ્રકટસેવી એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.

તથા જે આચરાય તે ચરણ અર્થાત્ વ્રતાદિ. જે કરાય તે કરણ અર્થાત્ પિંડવિશુદ્ધિ વિગેરે. આ ચરણ-કરણસિત્તરીવડે જે પ્રકર્ષથી રહિત છે તે ચરણકરણપ્રભ્રષ્ટ. મુક્કધૂર, સંપ્રકટસેવી એવો આ ચરણ-કરણપ્રભ્રષ્ટ એ પ્રમાણે સમાસ જાણવો. મૂળગાથામાં આ સમાસમાં अकार (धूरा) અને इकार (सेवी) બંને જે દીર્ઘ છે તે પ્રાકૃતશૈલીને કારણે છે.

આવા પ્રકારના માત્ર વેષધારી સાધુને વિશે જે કંઈપણ કર્તવ્ય છે તે હું આગળ કહીશ. 'पुनः' શબ્દ વિશેષ અર્થને જણાવનાર છે. તે વિશેષ અર્થ શું છે ? તે કહે છે કે કારણને આશ્રયીને જે કર્તવ્ય છે તે હું કહીશ. (આશય એ છે કે મૂળગાથામાં જે કહ્યું કે "આવા વેષધારી સાધુસંબંધી જે કંઈપણ કર્તવ્ય છે તે હું આગળ કહીશ" તે કારણ આવે ત્યારે સમજવું, કારણ કે) કારણ ન હોય તો આવા સાધુને વંદનાદિનો પ્રતિષેધ પૂર્વે કરી જ દીધો છે.

વિશેષણો જે કહ્યા છે તેનું પ્રયોજન એ છે કે મુક્તધૂર એવો પણ સાધુ સંપ્રકટસેવી ન

अतस्तद्ग्रहणं, संप्रकटसेवी चरणकरणप्रभ्रष्ट एवेति स्वरूपकथनमिति गाथार्थः ॥११२७॥

किं तत्क्रियत इत्यत आह–

वायाए नमोक्कारो हत्थुस्सेहो य सीसनमणं च ।
संपुच्छणाऽच्छणं छोभवंदणं वंदणं वावि ॥११२८॥

व्याख्या–'वायाए'त्ति निर्गमभूम्यादौ दृष्टस्य वाचाऽभिलापः क्रियते-हे देवदत्त ! कीदृशस्त्वमित्यादिलक्षणः, गुरुतरपुरुषकार्यापेक्षं वा तस्यैव 'नमोक्कारो'त्ति नमस्कारः क्रियते-हे देवदत्त ! नमस्ते, एवं सर्वत्रोत्तरविशेषकरणे पुरुषकार्यभेदः प्राक्तनोपचारानुवृत्तिश्च द्रष्टव्या, 'हत्थुस्सेहो य'त्ति अभिलापनमस्कारगर्भः हस्तोच्छ्रयश्च क्रियते, 'सीसनमणं च' शिरसा-उत्तमाङ्गेन नमनं शिरोनमनं च क्रियते, तथा 'सम्प्रच्छनं' कुशलं भवत इत्यादि, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, 'अच्छणं' ति ★तत्सन्निधावासनं कञ्चित्कालमिति, एष तावद्बहिर्दृष्टस्य विधिः,

પણ હોય તેથી અહીં જે સાધુ લેવાનો છે તે મુક્તપૂર હોવા સાથે સંપ્રકટસેવી પણ છે. તથા સંપ્રકટસેવી જે હોય તે ચરણ-કરણથી પ્રભ્રષ્ટ જ હોય. તેથી 'ચરણ-કરણપ્રભ્રષ્ટ' વિશેષણ સ્વરૂપ જણાવવા માટે છે (પણ વ્યવચ્છેદક નથી.) ॥૧૧૨૭॥

અવતરણિકા :- વેષધારી સાધુને વિશે શું કર્તવ્ય છે ? તે કહે છે ⇨

ગાથાર્થ :- વાચાથી નમસ્કાર, હાથ જોડવા, મસ્તક નમાવવું, શાતા પૂછવી, સાથે રહેવું, થોભવંદન કરવા અથવા વંદન કરવું.

ટીકાર્થ :- સ્થંડિલભૂમિ વિગેરેને વિશે પાર્શ્વસ્થાદિ દેખાય તો તેની સાથે વાતચીત કરે કે "હે દેવદત્ત ! કેમ છે તું ?" વિગેરે. અથવા ગુરુતરપુરુષ કે ગુરુતરકાર્યની અપેક્ષાએ એટલે કે જો તે સાધુ કંઈક વિશિષ્ટ વ્યક્તિ હોય તો અથવા સામેવાળા પાસે વિશિષ્ટકાર્ય હોય તો તેને જ નમસ્કાર કરે કે - "હે દેવદત્ત ! નમસ્તે." આ પ્રમાણે સર્વત્ર વિશેષક્રિયા કરવામાં પુરુષ–કાર્યનો ભેદ અને પૂર્વના ઉપચારનું અનુસરણ કરવા યોગ્ય છે (અર્થાત્ પુરુષ કે કાર્યનો ભેદ હોય એટલે કે સામેવાળો જો વિશિષ્ટ-વિશિષ્ટતર-વિશિષ્ટતમ પુરુષ હોય તો વાચાથી નમસ્કાર વિગેરે બધા ઉપચાર=વિનય કરે. એટલે કે સામાન્ય સાધુ હોય તો "કેમ છે તું ?" એટલામાં જ પતાવવું, વિશિષ્ટ સાધુ હોય તો "કેમ છે તું અથવા તમે ?" એટલું તો બોલવું સાથે નમસ્કાર પણ કરવો. વિશિષ્ટતર હોય તો "કેમ છે તું ?" એની સાથે નમસ્કાર અને સાથે હાથ જોડવારૂપ વિનય પણ કરે. આમ જેમ જેમ વ્યક્તિ બદલાય તેમ તેમ પૂર્વના ઉપચાર સાથે નવો વિનય જોડતા જવું. આ જ વિધિ વિશિષ્ટતરાદિ કાર્યમાં પણ જાણવી.)

વિશિષ્ટતર વ્યક્તિ હોય તો અભિલાપ+નમસ્કાર સાથે હાથ ઊંચા કરીને અંજલિ કરાય છે. વધુ વિશિષ્ટ વ્યક્તિ હોય તો મસ્તક નમાવવું. એ જ રીતે વધુ વિશિષ્ટ વ્યક્તિ હોય તો અભિલાપ વિગેરે સાથે 'તમારી શાતા સારી છે ?' વિગેરે પૃચ્છા કરવી. મૂળગાથામાં 'संपुच्छण' શબ્દમાં અનુસ્વારનો લોપ જાણવો. વધુ વિશિષ્ટ હોય તો પૃચ્છા કરીને થોડીવાર એમની પાસે

★ 'तद्बहुमानतस्तत्स०' प्रत्य० ।

कारणविशेषतः पुनस्तत्प्रतिश्रयमपि गम्यते, तत्राप्येष एव विधिः, नवरं 'छोभवंदणं'ति आरभटया छोभवन्दनं क्रियते, 'वन्दणं वाऽवि' परिशुद्धं वा वन्दनमिति गाथार्थः ॥११२८॥

एतच्च वाङ्नमस्कारादि नाविशेषेण क्रियते, किं तर्हि ?–

परियायपरिसपुरिसे खित्तं कालं च आगमं नच्चा ।
कारणजाए जाए जहारिहं जस्स जं जुग्गं ॥११२९॥

व्याख्या–पर्यायश्च परिषच्च पुरुषश्च पर्यायपरिषत्पुरुषास्तान्, तथा क्षेत्रं कालं च आगमं 'णच्च'त्ति ज्ञात्वा–विज्ञाय 'कारणजाते' प्रयोजनप्रकारे 'जाते' उत्पन्ने सति 'यथार्हं' यथानुकूलं 'यस्य' पर्यायादिसमन्वितस्य यद् 'योग्यं' समनुरूपं वाङ्नमस्कारादि तत्तस्य, क्रियत इति वाक्यशेषः, अयं गाथासमासार्थः ॥११२९॥

साम्प्रतमवयवार्थं प्रतिपादयन्नाह भाष्यकारः–

परियाय बंभचेरं परिस विणीया सि पुरिस णच्चा वा ।
कुलकज्जादायत्ता आघवउ गुणागमसुयं वा ॥२०५॥ (भा.)

व्याख्या–'पर्यायः' ब्रह्मचर्यमुच्यते, तत्प्रभूतं कालमनुपालितं येन, परिषद्विनीता–तत्प्रतिबद्धा साधुसंहतिः शोभना 'से' अस्य, 'पुरिस णच्चा व'त्ति पुरुषं ज्ञात्वा वा, अनुस्वारलोपोऽत्र

---

ઊભા રહેવું. આ પ્રમાણે તેમના ઉપાશ્રયની બહાર મળેલ પાર્શ્વસ્થાદિસંબંધી વિધિ કહી.

કારણવિશેષ હોય તો વળી તેમના ઉપાશ્રયમાં પણ જાય. ત્યાં પણ આ જ પ્રમાણે વિધિ જાણવી. વધારામાં પુરુષવિશેષ હોય તો ખોટી રીતે (विपरीतं यत्करणं तदारभटाशब्देनोच्यते इति ओघ नि. भा. १६२) છોભવંદન (=અવિધિયુક્ત વંદન) કરે. અથવા જો વધુ વિશિષ્ટ વ્યક્તિ હોય તો પરિશુદ્ધ (=વિધિયુક્ત) વંદન કરે. ॥૧૧૨૮॥

અવતરણિકા :- આ અભિલાપ, નમસ્કારાદિ સામાન્યથી બધાને કરવા નહીં. તો કેવી રીતે કરવા ?

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પર્યાય, પર્ષદા, પુરુષ, ક્ષેત્ર, કાલ અને આગમને જાણીને જુદા-જુદા પ્રયોજન ઉત્પન્ન થાય ત્યારે પર્યાયાદિથી યુક્ત તે પાર્શ્વસ્થાદિમાં જેને જે યોગ્ય હોય તેને તે અભિલાપ, નમસ્કારાદિ 'કરાય છે' એ પ્રમાણે વાક્યશેષ જાણવો. આ ગાથાનો સંક્ષિપ્ત અર્થ છે. ॥૧૧૨૯॥

અવતરણિકા :- હવે વિસ્તારથી અર્થનું પ્રતિપાદન કરતાં ભાષ્યકાર કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પર્યાયશબ્દથી બ્રહ્મચર્ય જાણવું. જેણે તે બ્રહ્મચર્ય ઘણો સમય પાલન કર્યું હોય (તે પર્યાયવાળો જાણવો.) પર્ષદા એટલે કે તેના સંબંધી સાધુઓનો સમુદાય (=તેના શિષ્યો વિગેરે) રૂપ પર્ષદા વિનીત=સુંદર હોય, અથવા પુરુષને જાણીને, અહીં મૂળગાથામાં 'पुरिस'

द्रष्टव्यः, कथं ज्ञात्वा ?—कुलकार्यादीन्यनेनायत्तानि, आदिशब्दाद्गणसङ्घकार्यपरिग्रहः, 'आघवउ'त्ति आख्यातः—तस्मिन् क्षेत्रे प्रसिद्धस्तद्बलेन तत्रास्यत इति क्षेत्रद्वारार्थः, 'गुणाऽऽगमसुयं व'त्ति गुणा—अवमप्रतिजागरणादय इति कालद्वारावयवार्थः, आगमः—सूत्रार्थोभयरूपः, श्रुतं—सूत्रमेव, गुणाश्चाऽऽगमश्च श्रुतं चेत्येकवद्भावस्तद्वाऽस्य विद्यत इत्येवं ज्ञात्वेति गाथार्थः ॥२०५॥

एताइं अकुव्वंतो जहारिहं अरिहदेसिए मग्गे ।
न भवइ पवयणभत्ती अभत्तिमंतादओ दोसा ॥११३०॥

व्याख्या—'एतानि' वाङ्नमस्कारादीनि कषायोत्कटतयाऽकुर्वतः, अनुस्वारोऽत्रालाक्षणिकः,

---

શબ્દમાં અનુસ્વારનો લોપ જાણવો. તે પુરુષને કેવી રીતે જાણીને (અભિલાપ વિગેરે કરવા ?—) કુલના કાર્યો વિગેરે આને આધીન છે. આદિ શબ્દથી ગણ, સંઘના કાર્ય લેવા. (કુલ,ગણ, સંઘના વિશિષ્ટ કાર્યો કરવામાં આ સમર્થ છે. એવું જાણીને અભિલાપાદિ કરવા. ટૂંકમાં આશય એ છે કે સામેવાળો પુરુષ કોણ છે ? એ જાણીને અભિલાપ, નમસ્કાર વિગેરેમાં જે તે પુરુષ માટે ઉચિત હોય તે બધું કરે.)

(જ્યાં સાધુઓ રહેલા હોય) તે ક્ષેત્રમાં તે પાર્શ્વસ્થાદિ અત્યંત પ્રસિદ્ધ હોય. તેના પ્રભાવે સાધુઓને રહેવા વિગેરેની વ્યવસ્થા થઈ જતી હોય. આ ક્ષેત્રદ્વારનો અર્થ કહ્યો. 'ગુણો' એટલે કે દુકાળ વિગેરેમાં આ પાર્શ્વસ્થાદિના પ્રભાવે પ્રતિજાગરણ=નિર્વાહ અર્થાત્ ભિક્ષાની પ્રાપ્તિ વિગેરે ગુણો થતાં હોય. આ કાલદ્વારનો વિસ્તાર અર્થ કહ્યો. અથવા આગમ=સૂત્ર, અર્થ અને ઉભય. શ્રુત=સૂત્ર જ. અહીં ગુણ, આગમ અને શ્રુત શબ્દનો સમાહાર દ્વન્દ્વસમાસ કરવો. આ ત્રણ જેની પાસે વિદ્યમાન છે. તેવો આ પાર્શ્વસ્થાદિ છે એવું જાણીને તેને અભિલાપ વિગેરે યથાયોગ્ય કરે.

(ભાવાર્થ : કોઈક કારણ આવી પડે અને પાર્શ્વસ્થાદિ સાથે વાતચીત વિગેરે કરવા પડે ત્યારે કોની સાથે કેટલો વ્યવહાર કરવો ? તે ઉપરોક્ત ગાથામાં જણાવ્યું છે. સામેવાળો પાર્શ્વસ્થ દીર્ઘપર્યાયવાળો=લાંબા કાળ સુધી બ્રહ્મચર્ય પાલન કર્યું હોય, અથવા તેના શિષ્યો સારા હોય, અથવા તે પાર્શ્વસ્થ કુલ, ગણ, સંઘના કાર્યો કરવામાં સમર્થ હોય તેથી યથાયોગ્ય વ્યવહાર કરી તેની પાસેથી તે કામ કઢાવી લે. અથવા જે ક્ષેત્રમાં તમે વિહાર કરીને પહોંચ્યા ત્યાં તે પાર્શ્વસ્થનું ચાલે એવું હોય અથવા જ્યાં તમે રહ્યા હોય ત્યાં દુકાળ પડ્યો હોય અને આ પાર્શ્વસ્થાદિના પ્રભાવે રહેવા વસતિ કે આહારાદિ મળી શકતા હોય ત્યારે યથાયોગ્ય વંદન-નમસ્કાર કરવા દ્વારા પોતાના કાર્યો પૂર્ણ કરે. આ જ રીતે આગમાદિમાં પણ સમજી લેવું.) ॥૨૦૫॥

**ગાથાર્થ :-** યથાયોગ્ય અભિલાપ, નમસ્કારાદિને નહીં કરનારની અરિહંતદેશિત માર્ગમાં પ્રવચનભક્તિ થતી નથી. તેથી અભક્તિ વગેરે દોષો લાગે છે.

**ટીકાર્થ :-** (પૂર્વે કહેલા વિશિષ્ટ કારણો જ્યારે ઉત્પન્ન થયા હોય ત્યારે પોતાના અહંકારાદિ) કષાયોની અધિકતાને કારણે પાર્શ્વસ્થાદિમાં જેને જે યોગ્ય હોય (તેને તે વિનય કરવા દ્વારા

'यथार्हं' यथायोगमर्हद्दर्शिते मार्गे न भवति प्रवचनभक्तिः, ततः किमित्यत आह–'अभत्तिमंतादओ दोसा' प्राकृतशैल्याऽभक्त्यादयो दोषाः, आदिशब्दात् स्वार्थभ्रंशबन्धनादय इति गाथार्थः ॥११३०॥

एवमुद्यतेतरविहारिगते विधौ प्रतिपादिते सत्याह चोदकः–किं नोऽनेन पर्यायाद्यन्वेषणेन ?, सर्वथा भावशुद्ध्या कर्मापनयनाय जिनप्रणीतलिङ्गनमनमेव युक्तं, तद्गतगुणविचारस्य निष्फलत्वात्, न हि तद्गतगुणप्रभवा नमस्कर्तुर्निर्जरा, अपि त्वात्मीयाध्यात्मशुद्धिप्रभवा, तथाहि–

**तित्थयरगुणा पडिमासु नत्थि निस्संसयं वियाणंतो ।**
**तित्थयरेत्ति नमंतो सो पावइ निज्जरं विउलं ॥११३१॥**

व्याख्या–तीर्थकरस्य गुणा–ज्ञानादयस्तीर्थकरगुणाः ते 'प्रतिमासु' बिम्बलक्षणासु 'णत्थि' न सन्ति 'निःसंशयं' संशयरहितं 'विजानन्' अवबुध्यमानः तथाऽपि तीर्थकरोऽयमित्येवं भावशुद्ध्या 'नमन्' प्रणमन् 'स' प्रणामकर्ता 'प्राप्नोति' आसादयति 'निर्जरां' कर्मक्षयलक्षणां

---

પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને બદલે અંહકારાદિને કારણે) આ અભિલાપ, નમસ્કારાદિને નહીં કરતા સાધુની અરિહંતદેશિત માર્ગમાં પ્રવચનભક્તિ થતી નથી. (અર્થાત્ આ વિનયને નહીં કરનાર સાધુ પ્રવચન ઉપર ભક્તિવાળો નથી.) 'एताइं' શબ્દમાં અનુસ્વાર અલાક્ષણિક જાણવો. આવું ન કરે તો શું થાય ? તે કહે છે – તેવા સાધુને અભક્તિ વિગેરે દોષો લાગે છે. મૂળમાં 'अभत्तिमंतादओ' પ્રાકૃતશૈલીને કારણે છે. બાકી 'અભક્તિ વિગેરે' અર્થ સમજવો. આદિશબ્દથી પોતાના પ્રયોજનનો નાશ, બંધન વિગેરે દોષો થાય.

(આશય એ છે કે વિનય ન કરનાર સાધુનું પોતાનું કામ સીદાય, ક્યારેક એવું બને કે પાર્શ્વસ્થાદિના ક્ષેત્રમાં વિહાર કરીને જતાં જો ત્યાં યથાયોગ્ય વિનય ન કરો તો તેને ગુસ્સો આવતા સાધુને બાંધે વિગેરે દોષો લાગે. માટે યથાયોગ્ય વિનય કરવો જોઈએ પણ અહંકારાદિ કરવા નહીં.) ॥૧૧૩૦॥

**અવતરણિકા :-** આ પ્રમાણે ઉદ્યત અને ઇતર=શીતલવિહારી સાધુસંબંધી વિધિ જણાવ્યા બાદ અહીં શિષ્ય કહે છે કે - " અરે ! આ પર્યાય વિગેરે જોવાની શું જરૂરી છે ? સર્વથા=કોઈપણ જાતના ભેદભાવ વિના ભાવોની શુદ્ધિથી કર્મક્ષય માટે જિનપ્રણીતલિંગને નમવું એ જ ઉચિત છે, કારણ કે સામેવાળામાં રહેલ ગુણોનો વિચાર એ તો નિષ્ફળ છે, કારણ કે નમસ્કાર કરનારને નિર્જરા સામેવાળામાં રહેલા ગુણોથી ઉત્પન્ન થતી નથી, પરંતુ પોતાની આધ્યાત્મિક-શુદ્ધિથી જ નિર્જરા ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે ⇨

**ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.**

**ટીકાર્થ :-** તીર્થંકરના જે જ્ઞાનાદિ ગુણો તે તીર્થંકરગુણો (એ પ્રમાણે સમાસ જાણવો.) તે જ્ઞાનાદિ તીર્થંકરગુણો બિંબસ્વરૂપ પ્રતિમામાં નથી એવું સાધુ સંશયરહિતપણે જાણે છે, તો પણ 'આ તીર્થંકર છે' પ્રમાણેની ભાવશુદ્ધિથી પ્રતિમાને નમસ્કાર કરનારને કર્મક્ષયરૂપ વિપુલ નિર્જરા

'विपुलां' विस्तीर्णामिति गाथार्थः ॥११३१॥ एष दृष्टान्तः, अयमर्थोपनयः–

लिंगं जिणपण्णत्तं एवं नमंतस्स निज्जरा विउला ।
जइवि गुणविप्पहीणं वंदइ अज्झप्पसोहीए ॥११३२॥

व्याख्या–लिङ्ग्यतेऽनेन साधुरिति लिङ्गं–रजोहरणादिधरणलक्षणं जिनैः-अर्हद्भिः प्रज्ञप्तं–प्रणीतम् 'एवं' यथा प्रतिमा इति 'नमस्कुर्वतः' प्रणमतो निर्जरा विपुला, यद्यपि गुणैः–मूलोत्तरगुणैर्विविधम्–अनेकधा प्रकर्षेण हीनं–रहितं गुणविप्रहीणं, 'वन्दते' नमस्करोति 'अध्यात्मशुद्ध्या' चेतःशुद्ध्येति गाथार्थः ॥११३२॥

इत्थं चोदकेनोक्ते दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमुपदर्शयन्नाचार्य आह–

संता तित्थयरगुणा तित्थयरे तेसिमं तु अज्झप्पं ।
न य सावज्जा किरिया इयरेसु धुवा समणुमन्ना ॥११३३॥

व्याख्या–'सन्तः' विद्यमानाः शोभना वा तीर्थकरस्य गुणास्तीर्थकरगुणा–ज्ञानादयः, क्व ?–'तीर्थकरे' अर्हति भगवति इयं च प्रतिमा तस्य भगवतः 'तेसिमं तु अज्झप्पं' तेषां–नमस्कुर्वतामिदमध्यात्मम्–इदं चेतः, तथा न च तासु 'सावद्या' सपापा 'क्रिया' चेष्टा प्रतिमासु,

---

પ્રાપ્ત થાય છે. ॥૧૧૩૧॥ આ દૃષ્ટાન્ત કહ્યું. તેનો ઉપનય આ પ્રમાણે કે ⇨

ગાથાર્થ :- એ જ પ્રમાણે ગુણથી રહિત હોવા છતાં પણ અધ્યાત્મવિશુદ્ધિથી જિનપ્રજ્ઞપ્ત એવા લિંગને નમસ્કાર કરનારને વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :- જેનાવડે સાધુ જણાય તે લિંગ અર્થાત્ રજોહરણાદિનું ધરવું. જિનોવડે= અરિહંતોવડે પ્રણીત એવા લિંગને પ્રતિમાની જેમ નમસ્કાર કરનારને વિપુલ પ્રમાણમાં નિર્જરા થાય છે. જો કે મૂલોત્તરગુણોવડે અનેક પ્રકારે પ્રકર્ષથી હીન=રહિત એવો પાર્શ્વસ્થ છે. છતાં પણ વંદક તેને અધ્યાત્મશુદ્ધિથી નમસ્કાર કરે છે. માટે વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે. (ટૂંકમાં પાર્શ્વસ્થ ભલે ગુણોથી રહિત છે તો પણ જિનપ્રણીત એવા લિંગને ધારણ કરનારો હોવાથી લિંગને નમસ્કાર કરવામાં નમસ્કર્તાને અધ્યાત્મશુદ્ધિ હોવાથી વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે એવો શિષ્યનો કહેવાનો ભાવાર્થ છે.) ॥૧૧૩૨ ॥

અવતરણિકા :- આ પ્રમાણે શિષ્યના કહેવામાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક આ બંને વચ્ચે વિષમતાને દેખાડતા આચાર્ય કહે છે ⇨

ગાથાર્થ :- તીર્થંકરોમાં તીર્થંકરના ગુણો વિદ્યમાન છે. આ પ્રતિમા એ તીર્થંકરોની છે એવો વિચાર નમસ્કર્તાનો હોય છે. વળી પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી જ્યારે પાર્શ્વસ્થાદિમાં નક્કી છે. (તેથી નમસ્કર્તાને) અનુમતિનો દોષ લાગે છે.

ટીકાર્થ :- તીર્થંકરના ગુણો તે તીર્થંકરગુણો એટલે કે જ્ઞાનાદિ. આ જ્ઞાનાદિ તીર્થંકરગુણો તીર્થંકરમાં વિદ્યમાન છે, અથવા આ જ્ઞાનાદિ તીર્થંકરગુણો તીર્થંકરમાં સુંદર છે. અને આ પ્રતિમા તે તીર્થંકરની છે એ પ્રમાણે નમસ્કર્તાને વિચાર આવે છે. તથા તે પ્રતિમાઓમાં પાપાત્મક

'इतरेषु' पार्श्वस्थादिषु 'धुवा' अवश्यंभाविनी सावद्या क्रिया, प्रणमतः तत्र किमित्यत आह– 'समणुमण्णा' समनुज्ञा सावद्यक्रियायुक्तपार्श्वस्थादिप्रणमनात् सावद्यक्रियानुमतिरिति हृदयम्, अथवा सन्तस्तीर्थकरगुणाः तीर्थकरे तान् वयं प्रणमामः तेषामिदमध्यात्मम्–इदं चेतः, ततोऽर्हद्गुणाध्यारोपेण चेष्टप्रतिमाप्रणमनान्नमस्कर्तुः न च सावद्या क्रिया-परिस्पन्दनलक्षणा, इतरेषु–पार्श्वस्थादिषु पूज्यमानेष्वशुभक्रियोपेतत्वात्तेषां नमस्कर्तुर्धुवा समनुज्ञेति गाथार्थः ॥११३३॥

पुनरप्याह चोदकः–

**जह सावज्जा किरिया नत्थि य पडिमासु एवमियराऽवि ।**
**तयभावे नत्थि फलं अह होइ अहेउगं होइ ॥११३४॥**

व्याख्या–यथा सावद्याक्रिया–सपापा क्रिया 'नास्त्येव' न विद्यत एव प्रतिमासु, एवमितराऽपि–निरवद्याऽपि नास्त्येव, ततश्च 'तदभावे' निरवद्यक्रियाऽभावे नास्ति 'फलं' पुण्यलक्षणम्, अथ भवति 'अहेतुकं भवति' निष्कारणं भवति, प्रणम्यवस्तुगतक्रियाहेतुकत्वात्फलस्येत्यभिप्रायः, अहेतुकत्वे चाकस्मिककर्मसम्भवान्मोक्षाद्यभाव इति गाथार्थः ॥११३४॥

---

કોઈ ચેષ્ટા નથી, જ્યારે પાર્શ્વસ્થાદિમાં સાવદ્યક્રિયાઓ અવશ્ય છે. (પાર્શ્વસ્થાદિમાં ભલેને સાવદ્યક્રિયાઓ હોય) તેમાં નમસ્કાર કરનારને શું દોષ છે ? તે કહે છે – 'સમનુજ્ઞા' એટલે કે સાવદ્યક્રિયાથી યુક્ત એવા પાર્શ્વસ્થાદિને નમસ્કાર કરવાથી તેમની સાવદ્યક્રિયાની અનુમતિનો દોષ લાગે છે.

અથવા તીર્થંકરમાં વિદ્યમાન એવા જે જ્ઞાનાદિ તીર્થંકરગુણો છે તે ગુણોને અમે નમીએ છીએ. એ પ્રમાણે નમસ્કર્તાઓનું ચિત્ત છે. તેથી અર્હદ્ગુણોનો અધ્યારોપ કરવા દ્વારા ઇષ્ટ દેવતાની પ્રતિમાને નમસ્કાર થતો હોવાથી નમસ્કર્તાની હલનચલનરૂપ ક્રિયા સાવદ્ય બનતી નથી, જ્યારે પાર્શ્વસ્થાદિની પૂજા કરવામાં તેઓ અશુભક્રિયાથી યુક્ત હોવાથી નમસ્કર્તાને નક્કી અનુમોદના લાગે છે. (ટૂંકમાં તીર્થંકરોમાં જ્ઞાનાદિ ગુણો હતા અને આ તેમની પ્રતિમા છે એવા વિચારથી નમસ્કાર કરતા હોવાથી અને પ્રતિમાઓમાં કોઈ સાવદ્યક્રિયા ન હોવાથી નિર્જરા થાય છે. જ્યારે પાર્શ્વસ્થાદિમાં અશુભક્રિયા હોવાથી નમસ્કર્તાને અનુમતિનો દોષ લાગે છે.) ॥૧૧૩૩॥

**અવતરણિકા** :- શિષ્ય જ ફરી જણાવે છે ⇨

**ગાથાર્થ** :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ** :- જેમ પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી, તેમ નિરવદ્ય એવી પણ ક્રિયા નથી જ. અને તેથી નિરવદ્યક્રિયાનો અભાવ હોવાથી પુણ્યરૂપ ફલ પ્રાપ્ત થશે નહીં. જો પ્રાપ્ત થતું હોય તો નિષ્કારણ=કારણ વિના જ પ્રાપ્ત થાય છે એમ માનવું પડે કારણ કે ફલ એ તો પ્રણમ્ય એવી વસ્તુમાં રહેલ ક્રિયાના કારણે પ્રાપ્ત થાય છે. (પ્રતિમામાં સાવદ્ય કે નિરવદ્ય એક પણ ક્રિયા નથી. તેથી કારણ હાજર ન હોવા છતાં જો પુણ્યરૂપ ફલ પ્રાપ્ત થતું હોય તો નિષ્કારણ માનવું પડે.) એવો શિષ્યનો અભિપ્રાય છે. અને જો ફલ નિષ્કારણ મળતું હોય તો કર્મબંધ પણ આકસ્મિક થવાથી (એટલે કે જેમ પુણ્ય કારણ વિના બંધાય છે તો પાપકર્મ પણ કારણ વિના

इत्थं चोदकेनोक्ते सत्याहाचार्यः—

**कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धीए ।**
**तीइ पुण मणविसुद्धीइ कारणं होंति पडिमाउ ॥११३५॥**

व्याख्या—'कामम्' अनुमतमिदं, यदुत 'उभयाभावः' सावद्येतरक्रियाऽभावः प्रतिमासु, तथाऽपि 'फलं' पुण्यलक्षणम् 'अस्ति' विद्यते, मनसो विशुद्धिर्मनोविशुद्धिस्तस्या मनोविशुद्धेः सकाशात्, तथाहि—स्वगता मनोविशुद्धिरेव नमस्कर्तुः पुण्यकारणं, न नमस्करणीयवस्तुगता क्रिया, आत्मान्तरे फलाभावात्, यद्येवं किं प्रतिमाभिरिति ?, उच्यते, तस्याः पुनर्मनोविशुद्धेः 'कारणं' निमित्तं भवन्ति प्रतिमाः, तद्द्वारेण तस्याः सम्भूतिदर्शनादिति गाथार्थः ॥११३५॥

आह—एवं लिङ्गमपि प्रतिमावन्मनोविशुद्धिकारणं भवत्येवेति, उच्यते—

**जइवि य पडिमाउ जहा मुणिगुणसंकप्पकारणं लिंगं ।**
**उभयमवि अत्थि लिंगे न य पडिमासूभयं अत्थि ॥११३६॥**

व्याख्या—यद्यपि च प्रतिमा यथा मुनीनां गुणा मुनिगुणा—व्रतादयस्तेषु सङ्कल्पः—अध्यवसायः मुनिगुणसङ्कल्पस्तस्य कारणं—निमित्तं मुनिगुणसङ्कल्पकारणं 'लिङ्गं' द्रव्यलिङ्गं, तथाऽपि प्रतिमाभिः सह वैधर्म्यमेव, यत उभयमप्यस्ति लिङ्गे—सावद्यकर्म निरवद्यकर्म च, तत्र निरवद्यकर्मयुक्त एव यो मुनिगुणसङ्कल्पः स सम्यक्सङ्कल्पः, स एव च पुण्यफलः, यः पुनः

---

બંધાતું રહેવાથી સિદ્ધોને પણ કર્મબંધ થવાથી) મોક્ષાદિનો અભાવ થશે. ॥૧૧૩૪॥

**અવતરણિકા :-** આ પ્રમાણે શિષ્યના કથન બાદ હવે આચાર્ય જણાવે છે ➯

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** આ વાત માન્ય છે કે પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય બંને ક્રિયાઓ નથી. તો પણ પુણ્યરૂપ ફલ મનની વિશુદ્ધિ હોવાથી વિદ્યમાન છે. તે આ પ્રમાણે – પોતાની મનની વિશુદ્ધિ જ નમસ્કર્તાને પુણ્યનું કારણ છે, પણ નમસ્કરણીય એવી વસ્તુમાં રહેલ ક્રિયા કારણ નથી, કારણ કે એક આત્મામાં રહેલ ક્રિયાથી અન્ય આત્માને ફલ પ્રાપ્ત થતું નથી.

**શંકા :-** જો આત્માન્તરને ફલ પ્રાપ્ત થતું ન હોય તો પ્રતિમાનું શું પ્રયોજન છે ?

**સમાધાન :-** પ્રતિમા તે મનશુદ્ધિનું કારણ બને છે, કારણ કે પ્રતિમાદ્વારા નમસ્કર્તાને મનની શુદ્ધિ થતી દેખાય છે. ॥૧૧૩૫॥

**અવતરણિકા :- શંકા :-** એ પ્રમાણે તો પ્રતિમાની જેમ લિંગ પણ મનશુદ્ધિનું કારણ થાય જ છે. આ શંકાનું સમાધાન આપે છે ➯

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** જો કે પ્રતિમાની જેમ દ્રવ્યલિંગ પણ મુનિઓના વ્રતાદિ ગુણોને વિશે અધ્યવસાયનું કારણ છે. (અર્થાત્ દ્રવ્યલિંગને જોઈને સામેવાળાને મુનિઓના ગુણોનું સ્મરણ થાય છે.) છતાં પણ દ્રવ્યલિંગનું પ્રતિમાની સાથે વૈધર્મ્ય=વિષમતા છે, કારણ કે લિંગમાં સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ ઉભય છે. તેથી તેમાં નિરવદ્યકર્મથી યુક્ત સાધુને જોઈને જે મુનિગુણોનું સ્મરણ થાય છે તે

सावद्यकर्मयुक्तेऽपि मुनिगुणसङ्कल्पः स विपर्याससङ्कल्पः, क्लेशफलश्चासौ, विपर्यासरूपत्वादेव, न च प्रतिमासूभयमस्ति, चेष्टारहितत्वात्, ततश्च तासु जिनगुणविषयस्य क्लेशफलस्य विपर्याससङ्कल्पस्याभावः, सावद्यकर्मरहितत्वात् प्रतिमानाम्, आह–इत्थं तर्हि निरवद्यकर्मरहितत्वात् सम्यक्सङ्कल्पस्यापि पुण्यफलस्याभाव एव प्राप्त इति, उच्यते, तस्य तीर्थकरगुणाध्यारोपेण प्रवृत्तेर्नाभाव इति गाथार्थः ॥११३६॥

तथा चाऽऽह–

नियमा जिणेसु उ गुणा पडिमाओ दिस्स जे मणे कुणइ ।
अगुणे उ वियाणंतो कं नमउ मणे गुणं काउं ? ॥११३७॥

व्याख्या–'नियमादि'ति नियमेनावश्यंतया 'जिनेष्वेव' तीर्थकरेष्वेव, तुशब्दस्यावधारणार्थत्वात्, 'गुणाः' ज्ञानादयः, न प्रतिमासु, प्रतिमा दृष्ट्वा तास्वध्यारोपद्वारेण यान् 'मनसि करोति' चेतसि स्थापयति पुनर्नमस्करोति, अत एवासौ तासु शुभः पुण्यफलो जिनगुणसङ्कल्पः, सावद्यकर्मरहितत्वात्, न चायं तासु निरवद्यकर्माभावमात्राद्विपर्याससङ्कल्पः, सावद्यकर्मोपेतवस्तु-

સમ્યક્સંકલ્પ છે અને તેનાથી જ પુણ્યફલ પ્રાપ્ત થાય છે. જે વળી સાવદ્યકર્મથી યુક્ત સાધુને જોઈને પણ મુનિગુણોનું સ્મરણ થાય છે તે મિથ્યાસંકલ્પ હોવાથી ક્લેશરૂપ ફલને આપનારો થાય છે, કારણ કે તે સંકલ્પ વિપરીત છે. (આમ, લિંગમાં બંને પ્રકારના કર્મો હોવાથી બંને પ્રકારના ફલનો સંભવ છે.) જ્યારે પ્રતિમામાં સાવદ્ય-નિરવદ્ય ઉભય નથી, કારણ કે પ્રતિમામાં બંને પ્રકારની ચેષ્ટા નથી. અને તેથી પ્રતિમાને જોઈને જિનગુણ વિષયક, ક્લેશફલને આપનાર વિપરીત સંકલ્પ સંભવતો નથી, કારણ કે પ્રતિમામાં સાવદ્યકર્મ નથી. (તેથી પ્રતિમા મનશુદ્ધિનું કારણ બની શકે છે પણ લિંગ મનશુદ્ધિનું કારણ બને જ એવું નથી.)

**શંકા** :- આ રીતે તો પ્રતિમામાં નિરવદ્યકર્મ પણ ન હોવાથી પુણ્ય ફલને આપનાર સમ્યક્સંકલ્પનો પણ અભાવ જ પ્રાપ્ત થયો.

**સમાધાન** :- તીર્થંકરના ગુણો અધ્યારોપ કરવા દ્વારા સંકલ્પની પ્રવૃત્તિ થતી હોવાથી સમ્યક્સંકલ્પનો અભાવ થતો નથી. ॥૧૧૩૬॥

**અવતરણિકા** :- આ જ વાતને કહે છે ⇨

**ગાથાર્થ** :- **તીર્થંકરોમાં નિયમથી ગુણો છે. પ્રતિમાને જોઈને નમસ્કર્તા તે ગુણોનું મનમાં સ્મરણ કરે છે. પાર્શ્વસ્થાદિ ગુણવિનાના છે એવું જાણતો નમસ્કર્તા કયા ગુણનું સ્મરણ કરીને પાર્શ્વસ્થાદિને નમે ?**

**ટીકાર્થ** :- 'तु' શબ્દ જકાર અર્થમાં હોવાથી પ્રતિમામાં નહીં પણ તીર્થંકરોમાં જ જ્ઞાનાદિ ગુણો નિયમથી છે, કે જે ગુણોનો પ્રતિમાને જોઈને તે પ્રતિમામાં અધ્યારોપ કરાય છે. અને તે અધ્યારોપ કરવા દ્વારા તે ગુણોને નમસ્કર્તા પોતાના મનમાં સ્થાપે છે=સ્મરણમાં લાવે છે અને નમસ્કાર કરે છે. તેથી તે પ્રતિમામાં પુણ્યફલને આપનારો શુભ જિનગુણસંકલ્પ ઉત્પન્ન થાય છે, કારણ કે તે પ્રતિમા સાવદ્યકર્મથી રહિત છે. વળી આ સંકલ્પ તે પ્રતિમાઓમાં નિરવદ્યકર્મનો

विषयत्वात्तस्य, ततश्चोभयविकल एवाऽऽकारमात्रतुल्ये कतिपयगुणान्विते चाध्यारोपोऽपि युक्तियुक्तः, 'अगुणे उ' इत्यादि अगुणानेव, तुशब्दस्यावधारणार्थत्वात् अविद्यमानगुणानेव 'विजानन्' अवबुध्यमानः पार्श्वस्थादीन् 'कं नमउ मणे गुणं काउं' कं मनसि गुणं कृत्वा नमस्करोतु तानिति ?, स्यादेतत्—अन्यसाधुसम्बन्धिनं तेष्वध्यारोपद्वारेण मनसि कृत्वा नमस्करोतु, न, तेषां सावद्यकर्मयुक्ततयाऽध्यारोपविषयलक्षणविकलत्वात्, अविषये चाध्यारोपं कृत्वा नमस्कुर्वतो दोषदर्शनाद् ॥११३७॥

आह च—

जह वेलंबगलिंगं जाणंतस्स नमओ हवइ दोसो ।
निद्धंधसमिय नाऊण वंदमाणे धुवो दोसो ॥११३८॥

---

અભાવ હોવા માત્રથી મિથ્યાસંકલ્પરૂપ બની જતો નથી, કારણ કે મિથ્યાસંકલ્પ સાવદ્યકર્મથી યુક્ત વસ્તુસંબંધી=વસ્તુને વિશે થાય છે.

તેથી (૧) સાવદ્ય-નિરવદ્ય ઉભયકર્મથી રહિત એવી, (૨) આકારમાત્રથી તુલ્ય, અને (૩) કેટલાક ગુણોથી યુક્ત વસ્તુમાં જ કરેલો ગુણોનો આરોપ પણ યુક્તિસંગત છે. (પ્રસ્તુતમાં વિચારીએ (૧) પ્રતિમા ઉભયકર્મથી રહિત છે, જ્યારે પાર્શ્વસ્થ સાવદ્યકર્મથી યુક્ત છે. (૨) પ્રતિમા આકારમાત્રથી તુલ્ય છે, પાર્શ્વસ્થાદિ પણ સુસાધુ જેવા આકાર=લિંગવાળા તો છે. (૩) તીર્થંકરની પ્રતિમા ઈતર દેવોની પ્રતિમાની જેમ શસ્ત્રયુક્ત નથી, સ્ત્રીયુક્ત નથી. તેથી કેટલાક ગુણો તે પ્રતિમામાં છે. જ્યારે પાર્શ્વસ્થાદિમાં કેટલાક ગુણોની પણ ખામી છે. માટે પ્રતિમામાં તીર્થંકરગુણોનો અધ્યારોપ યુક્તિસંગત છે, જ્યારે પાર્શ્વસ્થાદિમાં ગૌતમસ્વામી વિગેરે મુનિઓના ગુણોનો અધ્યારોપ યુક્તિસંગત નથી. તેથી પ્રતિમામાં શુભસંકલ્પ થાય અને મનની શુદ્ધિનું કારણ બને, જ્યારે પાર્શ્વસ્થાદિમાં શુભસંકલ્પ ઉત્પન્ન થાય નહીં અને મનની શુદ્ધિનું કારણ પણ બને નહીં.)

'તુ' શબ્દ જકાર અર્થવાળો હોવાથી પાર્શ્વસ્થાદિ ગુણોવિનાના જ છે એવું જાણતો નમસ્કર્તા તેમના કયા ગુણને મનમાં લાવીને તેમને નમસ્કાર કરે ? (અર્થાત્ એક પણ ગુણ ન હોવાથી નમસ્કાર થઈ શકે એમ જ નથી.)

**શંકા :-** પાર્શ્વસ્થાદિઓમાં અન્ય ગૌતમાદિ મુનિઓ સંબંધી ગુણોનો આરોપ કરીને તે ગૌતમસ્વામી વિગેરેના ગુણોને મનમાં લાવી પાર્શ્વસ્થાદિઓને નમસ્કાર કરે તો શું વાંધો છે ?

**સમાધાન :-** આ સંભવિત નથી કારણ કે તે પાર્શ્વસ્થાદિઓ સાવદ્યકર્મથી યુક્ત હોવાથી અધ્યારોપના વિષયના લક્ષણથી રહિત છે. (અર્થાત્ તેઓમાં અધ્યારોપ થઈ શકતો નથી.) અને જો વિષય ન બનતો હોય છતાં અધ્યારોપ કરીને નમસ્કાર કરે તો દોષ દેખાય છે. (=દોષ લાગે છે.) ॥૧૧૩૭॥

**અવતરણિકા :-** આ જ વાતને જણાવે છે ⇨

**ગાથાર્થ :-** જેમ વિડંબકલિંગને જાણતા હોવા છતાં નમતાને દોષ થાય છે. એ જ પ્રમાણે

व्याख्या–यथा 'विडम्बकलिङ्गं' भाण्डादिकृतं 'जानतः' अवबुध्यमानस्य 'नमतः' नमस्कुर्वतः सतोऽस्य भवति 'दोषः' प्रवचनहीलनादिलक्षणः, 'निद्धन्धसं' प्रवचनोपघातनिरपेक्षं पार्श्वस्थादिकम् 'इय' एवं 'ज्ञात्वा' अवगम्य 'वन्दमाणे धुवो दोसो' वन्दति-नमस्कुर्वति सति नमस्कर्तरि ध्रुवः-अवश्यंभावी दोषः–आज्ञाविराधनादिलक्षणः, पाठान्तरं वा–'निद्धंधसंपि णाऊणं वंदमाणस्स दोसा उ' इदं प्रकटार्थमेवेति गाथार्थः ॥११३८॥

एवं न लिङ्गमात्रमकारणतोऽवगतसावद्यक्रियं नमस्क्रियत इति स्थापितं, भावलिङ्गमपि द्रव्यलिङ्गरहितमित्थमेवावगन्तव्यं, भावलिङ्गगर्भं तु द्रव्यलिङ्गं नमस्क्रियते, तस्यैवाभिलषितार्थ-क्रियाप्रसाधकत्वात्, रूपकदृष्टान्तश्चात्र, आह च–

रूप्पं टंकं विसमाहयक्खरं नवि रूवओ छेओ ।
दुण्हंपि समाओगे रूवो छेयत्तणमुवेइ ॥११३९॥

व्याख्या–अत्र तावच्चतुर्भङ्गः–रूपम् अशुद्धं टङ्कं विषमाहताक्षरमित्येकः, रूपमशुद्धं टङ्कं समाहताक्षरमिति द्वितीयः, रूपं शुद्धं टङ्कं विषमाहताक्षरमिति तृतीयः, रूपं शुद्धं टङ्कं समाहताक्षरमिति चतुर्थः, अत्र च रूपकल्पं भावलिङ्गं टङ्ककल्पं द्रव्यलिङ्गम्, इह च

---

શાસનહીલનાથી નિરપેક્ષને જાણવા છતાં વંદન કરવામાં નક્કી દોષ થાય છે.

ટીકાર્થ :- (નાટક કરનારે નાટક માટે વેષ ધારણ કર્યો હોય તે વિડંબકલિંગ કહેવાય છે.) આ નટાદિવડે કરાયેલ વિડંબકલિંગને જાણવા છતાં (અર્થાત્ સામેવાળો માત્ર વેષધારી છે એવું જાણવા છતાં) તેને નમસ્કાર કરનારને પ્રવચનહીલનાદિરૂપ દોષો થાય છે. એ જ પ્રમાણે પ્રવચનહીલનાથી નિરપેક્ષ એવા પાર્શ્વસ્થાદિને જાણીને (અર્થાત્ આ પાર્શ્વસ્થાદિ પ્રવચનહીલનાની ચિંતા વિનાનો છે એવું જાણીને) પણ એવાને વંદન કરવામાં આજ્ઞાવિરાધનાદિરૂપ દોષો નક્કી લાગે છે. પાઠાન્તર → શાસનહીલનાથી નિરપેક્ષને જાણવા છતાં વંદન કરનારને દોષો થાય છે. (પૂર્વે 'वंदमाणे' સપ્તમી કરી. પાઠાન્તરમાં 'वंदमाणस्स' ષષ્ઠી કરી.) ॥૧૧૩૮॥

અવતરણિકા :- આ પ્રમાણે જેની સાવદ્યક્રિયા જણાયેલી છે એવા માત્ર વેષધારી સાધુને નિષ્કારણ વંદન કરાય નહીં. એ વાત સ્થિર થઈ. ભાવલિંગ પણ જો દ્રવ્યલિંગથી રહિત હોય તો વંદનીય બનતું નથી. પરંતુ ભાવલિંગથી યુક્ત દ્રવ્યલિંગ જ વંદનીય છે, કારણ કે આવું જ દ્રવ્યલિંગ ઇચ્છિતાર્થક્રિયાને=ઈષ્ટ પ્રયોજનને સાધી આપનાર છે. આ વિષયમાં રૂપિયાનું દૃષ્ટાન્ત છે તે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ વિષયમાં ચાર ભાંગા છે → (૧) રૂપ=ધાતુ અર્થાત્ સિક્કાની ધાતુ ખોટી છે, ટંક=છાપ, સિક્કા ઉપર છાપ જે પાડી છે તે ખોટી છે. આ એક ભાંગો થયો. (૨) ધાતુ ખોટી છે, છાપ સાચી છે. (૩) ધાતુ સાચી, છાપ ખોટી. (૪) ધાતુ સાચી, છાપ પણ સાચી. (ધાતુ કે છાપ બેમાંથી એક પણ ખોટું હોય તો તે સિક્કો ખોટો ગણાય છે. બંને સાચા હોય તો સિક્કો સાચો.)

प्रथमभङ्गतुल्याश्चरकादयः, अशुद्धोभयलिङ्गत्वात्, द्वितीयभङ्गतुल्याः पार्श्वस्थादयः, अशुद्धभावलिङ्गत्वात्, तृतीयभङ्गतुल्याः प्रत्येकबुद्धा अन्तर्मुहूर्त्तमात्रं कालमगृहीतद्रव्यलिङ्गाः, चतुर्थभङ्गतुल्याः साधवः शीलयुक्ताः गच्छगता निर्गताश्च जिनकल्पिकादयः, यथा रूपको भङ्गत्रयान्तर्गतः 'अच्छेक' इत्यविकल इति तदर्थक्रियार्थिना नोपादीयते, चतुर्थभङ्गनिरूपित एवोपादीयते, एवं भङ्गत्रयनिर्दशिताः पुरुषा अपि परलोकार्थिनो यतो न नमस्करणीयाः, चरमभङ्गकनिर्दशिता एव नमस्करणीया इति भावना, अक्षराणि त्वेवं नीयन्ते—रूपं शुद्धाशुद्धभेदं, टङ्कं विषमाहताक्षरं-विपर्यस्तनिविष्टाक्षरं, नैव रूपकः छेकः असांव्य-वहारिक इत्यर्थः, द्वयोरपि शुद्धरूपसमाहताक्षरटङ्कयोः समायोगे सति रूपकश्छेकत्वमुपैतीति गाथार्थः ॥११३९॥

रूपकदृष्टान्ते दार्ष्टान्तिकयोजनां निदर्शयन्नाह—

**रुप्पं पत्तेयबुहा टंकं जे लिंगधारिणो समणा ।**
**दव्वस्स य भावस्स य छेओ समणो समाओगो ॥११४०॥ दारं ॥**

व्याख्या—रूपं प्रत्येकबुद्धा इत्यनेन तृतीयभङ्गाक्षेपः, टङ्कं ये लिङ्गधारिणः श्रमणा

---

એ જ પ્રમાણે અહીં ધાતુસ્વરૂપ ભાવલિંગ અને છાપસમાન દ્રવ્યલિંગ છે. અહીં પ્રથમભાંગાને તુલ્ય ચરકાદિ જાણવા, કારણ કે તેઓનું ઉભયલિંગ ખોટું છે. પાર્શ્વસ્થાદિ ભાવલિંગ અશુદ્ધ હોવાથી બીજા ભાંગા સમાન જાણવા. પ્રત્યેકબુદ્ધો અંતર્મુહૂર્ત કાળ સુધી દ્રવ્યલિંગ વિનાના હોવાથી ત્રીજા ભાંગા સમાન જાણવા. (પ્રત્યેકબુદ્ધપણું ભાવથી પ્રાપ્ત થયા બાદ વધારેમાં વધારે અંતર્મુહૂર્તમાં દ્રવ્યલિંગ દેવાદિદ્વારા પ્રાપ્ત થઈ જતું હોવાથી આવું વિશેષણ આપેલ છે.) ગચ્છમાં રહેલા શીલવાન સાધુઓ અને ગચ્છમાંથી નીકળી ગયેલા એવા જિનકલ્પિકાદિ ચોથા ભાંગા સમાન જાણવા.

જેમ પ્રથમ ત્રણ ભાંગામાં રહેલ સિક્કો ખોટો હોવાથી સિક્કાના પ્રયોજનના અર્થી જીવવડે ગ્રહણ કરાતો નથી, પરંતુ ચોથા ભાંગામાં બતાવેલ સિક્કો જ જીવવડે ગ્રહણ કરાય છે. એ જ પ્રમાણે પ્રથમ ત્રણ ભાંગામાં બતાવેલા પુરુષો પણ પરલોકના અર્થી જીવવડે નમસ્કરણીય નથી, પરંતુ ચોથા ભાંગામાં બતાવેલા સાધુઓ અને જિનકલ્પિકો જ નમસ્કરણીય છે.

મૂળગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે જાણવો → શુદ્ધ અને અશુદ્ધ ધાતુ, તથા છાપ એ વિષમાહતાક્ષર અર્થાત્ ખોટા છાપેલા અક્ષર, આવો સિક્કો વ્યવહારોપયોગી બનતો નથી. પરંતુ શુદ્ધ ધાતુ અને સાચા છાપેલા અક્ષર આ બંનેનું મીલન થાય ત્યારે સિક્કો વ્યવહારોપયોગી બને છે. ॥૧૧૩૯॥

અવતરણિકા :- સિક્કાના દૃષ્ટાન્તમાં દાર્ષ્ટાન્તિકની યોજનાને બતાવતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (અહીં ધાતુ તરીકે ભાવલિંગ અને છાપ તરીકે દ્રવ્યલિંગ જાણવું. પ્રત્યેકબુદ્ધ કે જેમની પાસે ભાવલિંગ છે=શુદ્ધધાતુ છે. પરંતુ હજુ સુધી દ્રવ્યલિંગ ગ્રહણ કરવાનું બાકી છે જે અંતર્મુહૂર્તમાં થશે. માટે દ્રવ્યલિંગ=છાપ નથી. તેથી કહે છે કે – ) પ્રત્યેકબુદ્ધો (શુદ્ધધાતુવાળા

इत्यनेन तु द्वितीयस्य, अनेनैवाशुद्धशुद्धोभयात्मकस्यापि प्रथमचरमभङ्गद्वयस्येति, तत्र द्रव्यस्य च भावस्य च छेकः श्रमणः समायोगे—समाहताक्षरटङ्कशुद्धरूपकल्पद्रव्यभावलिङ्गसंयोगे शोभनः साधुरिति गाथार्थः ॥११४०॥

व्याख्यातं सप्रपञ्चं वैडूर्यद्वारं, ज्ञानद्वारमधुना, इह कश्चिज्ज्ञानमेव प्रधानमपवर्गबीजमिच्छति, यतः किल एवमागमः—'[११]*जं अण्णाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडीहिं । तं णाणी तिहि गुत्तो खवेइ उसासमित्तेणं ॥१॥*' तथा-'*सुई जहा ससुत्ता ण णासई कयवरंमि पडियावि । जीवो तहा ससुत्तो ण णस्सइ गओऽवि संसारे ॥२॥*' तथा-'*णाणं गिण्हइ णाणं गुणेइ णाणेण कुणइ किच्चाइं । भवसंसारसमुद्दं णाणी णाणे ठिओ तरइ ॥३॥*' तस्माज्ज्ञानमेव प्रधानमपवर्गप्राप्तिकारणम्, अतो ज्ञानिन एव कृतिकर्म कार्यम्, आह—अनन्तरगाथायामेव द्रव्यभावसमायोगे श्रमण उक्तः तस्य च कृतिकर्म कार्यमित्युक्तं, चरणं च भावो वर्तत-

---

છે.) આના દ્વારા ત્રીજો ભાંગો જાણવો. છાપ તરીકે લિંગધારી એવા શ્રમણો – આવું કહેવા દ્વારા બીજો ભાંગો જાણવો. મૂળમાં રહેલા 'શુદ્ધ રૂપ અને અશુદ્ધ ટંક શબ્દથી શુદ્ધ-અશુદ્ધ ઉભયાત્મક પહેલા અને છેલ્લા ભાંગા પણ ગ્રહણ કરી લેવા. (અર્થાત્ પ્રથમ વખત શુદ્ધ રૂપ=ધાતુ લઈને પ્રત્યેકબુદ્ધનું ઉદાહરણ મૂળમાં જ આપ્યું. તથા શુદ્ધ છાપ લઈને લિંગધારી શ્રમણોનું ઉદાહરણ આપ્યું. હવે ધાતુ અને છાપ બંને અશુદ્ધ લઈ ચરકાદિનું દૃષ્ટાન્ત અને બંને શુદ્ધ લઈ સાચા સાધુનું દૃષ્ટાન્ત જાતે જાણી લેવું.)

અહીં દ્રવ્ય અને ભાવના સમાયોગમાં છેક શ્રમણ જાણવો અર્થાત્ સાચી છાપ અને શુદ્ધધાતુરૂપ દ્રવ્ય-ભાવલિંગનો સંયોગ થતાં સાચો શ્રમણ જાણવો. ॥૧૧૪૦॥

**અવતરણિકા :-** આ પ્રમાણે વિસ્તારથી વૈડૂર્યદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે જ્ઞાનદ્વાર જણાવે છે. અહીં કોઈક (જ્ઞાનનય) જ્ઞાનને જ મોક્ષનું પ્રધાન કારણ કહે છે, કારણ કે આગમમાં પણ આ જ પ્રમાણે=જ્ઞાનની જ મહત્તા જણાવી છે → "અજ્ઞાની જીવ ઘણા કરોડો વર્ષો પછી જે કર્મ ખપાવે છે તેટલા કર્મને ત્રિગુપ્ત જ્ઞાની એક ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે. ॥૧॥" તથા – "જેમ કચરાના ઢગલામાં પડેલી એવી પણ સોય જો દોરા સાથે હોય તો ખોવાતી નથી, તેમ જીવ પણ સંસારમાં રહેવા છતાં જ્ઞાનથી યુક્ત હોય તો લેપાતો નથી. ॥૨॥"

તથા – "જ્ઞાનને ગ્રહણ કરે છે, જ્ઞાનને ગુણે છે (=પરાવર્તન કરે છે), જ્ઞાનવડે જ સર્વ કાર્યોને કરે છે. માટે જ જ્ઞાનમાં સ્થિત એવો જ્ઞાની ભવસંસારરૂપ સમુદ્રને તરે છે. ॥૩॥" માટે જ્ઞાન જ મોક્ષપ્રાપ્તિનું પ્રધાન કારણ છે. તેથી જ્ઞાનીને જ વંદન કરવા યોગ્ય છે.

**શંકા :-** પૂર્વની ગાથામાં જ કહ્યું કે "દ્રવ્ય-ભાવના સંયોગમાં શ્રમણપણું પ્રાપ્ત થાય છે અને એવો શ્રમણ જ વંદનીય છે." અને ભાવ તરીકે ખરેખર તો ચારિત્ર છે. (તો તમે

---

११. यदज्ञानी कर्म क्षपयति बहुकाभिर्वर्षकोटीभिः । तज्ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण ॥१॥ सूचिर्यथा ससूत्रा न नश्यति कचवरे पतिताऽपि । जीवस्तथा ससूत्रो न नश्यति गतोऽपि संसारे ॥२॥ ज्ञानं गृह्णाति ज्ञानं गुणयति ज्ञानेन करोति कृत्यानि । भवसंसारसमुद्रं ज्ञानी ज्ञाने स्थितस्तरति ॥३॥

इत्युक्ते सत्याह–

कामं चरणं भावो तं पुण नाणसहिओ समाणेई ।
न य नाणं तु न भावो तेण र णाणिं पणिवयामो ॥११४१॥

व्याख्या–'कामम्' अनुमतमिदं, यदुत 'चरणं' चारित्रं 'भावः' भावशब्दो भावलिङ्गोपलक्षणार्थः, तत्पुनः 'ज्ञानसहितः' ज्ञानयुक्तः 'समापयति' निष्ठां नयति, यत इदमित्थमासेवनीयमिति ज्ञानादेवावगम्यते, तस्मात्तदेव प्रधानं, न च ज्ञानं तु न भावः, भाव एव, भावलिङ्गान्तर्गतमिति भावना, तेन कारणेन र इति निपातः पूरणार्थः, ज्ञानमस्यास्तीति ज्ञानी तं ज्ञानिनं 'प्रणमामः' पूजयाम इति गाथार्थः ॥११४१॥

यतश्च बाह्यकरणसहितस्याप्यज्ञानिनश्चरणाभाव एवोक्तः–

तम्हा ण बज्झकरणं मज्झ पमाणं न यावि चारित्तं ।
नाणं मज्झ पमाणं नाणे अ ठिअं जओ तित्थं ॥११४२॥

व्याख्या–तस्मान्न 'बाह्यकरणं' पिण्डविशुद्ध्यादिकं मम प्रमाणं, न चापि 'चारित्रं' व्रतलक्षणं, तज्ज्ञानाभावे तस्याप्यभावात्, अतो ज्ञानं मम प्रमाणं, सति तस्मिन् चरणस्यापि भावात्, ज्ञाने च स्थितं यतस्तीर्थं, तस्यागमरूपत्वादिति गाथार्थः ॥११४२॥

---

જ્ઞાનવાનને જ કેમ વંદનીય માનો છો ?) એનું સમાધાન જ્ઞાનનય આપે છે ⇨

ગાથાર્થ :- માન્ય છે કે ચારિત્ર એ ભાવ છે; પણ જ્ઞાનસહિત એવો જીવ જ ચારિત્રનું પાલન કરી શકે છે. વળી જ્ઞાન એ ભાવ નથી એવું નથી. તેથી અમે જ્ઞાનીને વંદન કરીએ છીએ.

ટીકાર્થ :- તમારી વાત માન્ય છે કે ચારિત્ર એ ભાવ છે. અહીં ભાવશબ્દ ભાવલિંગ જણાવનાર છે. (અર્થાત્ માન્ય છે કે ચારિત્ર એ ભાવલિંગ છે. પણ) જ્ઞાનસહિતનો જીવ જ તે ચારિત્રને નિષ્ઠા સુધી પહોંચાડે છે અર્થાત્ જ્ઞાનયુક્ત હોય તો જ તે જીવનું ચારિત્ર સંપૂર્ણતાને પામે છે, કારણ કે આ આચાર આ રીતે પાલનીય છે એવું જ્ઞાનથી જ જણાય છે. તેથી જ્ઞાન જ પ્રધાન છે. વળી જ્ઞાન એ ભાવલિંગ નથી એવું નથી પરંતુ ભાવ જ છે એટલે કે ભાવલિંગમાં તેનો સમાવેશ થાય છે. તેથી જેની પાસે જ્ઞાન છે એવા તે જ્ઞાનીને જ અમે પૂજીએ છીએ. 'ર' શબ્દ શ્લોકપૂર્તિ માટે જાણવો. ॥૧૧૪૧ ॥

અવતરણિકા :- તથા જે કારણથી બાહ્યક્રિયાઓથી યુક્ત હોવા છતાં પણ જ્ઞાન વિનાના જીવને ચારિત્રનો અભાવ જ કહ્યો છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- તે કારણથી પિંડવિશુદ્ધિ વિગેરે બાહ્યક્રિયાઓ અને વ્રતરૂપ ચારિત્ર મને (=જ્ઞાનનયને) પ્રમાણભૂત નથી, કારણ કે તેનું જ્ઞાન ન હોય તો ચારિત્ર પણ ન હોય તથા જ્ઞાન હોય તો ચારિત્ર હોય. માટે જ્ઞાન જ મને પ્રમાણભૂત છે. અને વળી જે કારણથી જ્ઞાન આગમરૂપ હોવાથી જ્ઞાનમાં તીર્થ રહેલું છે (તે કારણથી જ્ઞાન જ પ્રધાન છે.) ॥૧૧૪૨ ॥

किं चान्यद्–दर्शनं भाव इष्यते, 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग' इति ( तत्त्वार्थे अ० १ सू० १ ) वचनात्, तच्च दर्शनं द्विधा–अधिगमजं नैसर्गिकं च, इदमपि च ज्ञानायत्तोदयमेव वर्तते, तथा चाह–

**नाऊण य सब्भावं अहिगमसंमंपि होइ जीवस्स ।**
**जाईसरणनिसग्गुग्गयावि न निरागमा दिट्ठी ॥११४३॥**

व्याख्या–'ज्ञात्वा च' अवगम्य 'सद्भावं' सतां भावः सद्भावस्तं, सन्तो जीवादयः, किम् ?-अधिगमात्–जीवादिपदार्थपरिच्छेदलक्षणात् सम्यक्त्वं-श्रद्धानलक्षणमधिगमसम्यक्त्वम्, इदमधिगमसम्यक्त्वमपि, अपिशब्दाच्चारित्रमपि, 'भवति जीवस्य' जायते आत्मन इत्यर्थः, नैसर्गिकमाश्रित्याह–जातिस्मरणात् सकाशात् निसर्गेण-स्वभावेनोद्गता-सम्भूता जातिस्मरणनिसर्गोद्गता, असावपि न 'निरागमा' आगमरहिता 'दृष्टिः' दर्शनं दृष्टिरिति, यतः स्वयम्भूरमणमत्स्यादीनामपि जिनप्रतिमाद्याकारमत्स्यदर्शनाज्जातिमनुस्मृत्य भूतार्थालोचनपरिणाममेव नैसर्गिकसम्यक्त्वमुपजायते, भूतार्थालोचनं च ज्ञानं तस्मादिदमपि ज्ञानायत्तोदयमितिकृत्वा ज्ञानस्य प्राधान्यात् ज्ञानिन एव कृतिकर्म कार्यमिति स्थितम्, अयं गाथार्थः ॥११४३॥

---

તથા ભાવ તરીકે દર્શન ઇષ્ટ છે કારણ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-અને ચારિત્ર એ મોક્ષમાર્ગરૂપે કહેલા છે. તે દર્શન બે પ્રકારે છે → અધિગમજ (=જ્ઞાનથી ઉત્પન્ન થનારું) અને નૈસર્ગિક (=સ્વભાવથી ઉત્પન્ન થનારું.) આ બંને પ્રકારના દર્શન પણ જ્ઞાનને આધીન જ છે. ('જ્ઞાનને આધીન છે ઉદય જેનો' એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.) કહ્યું છે ⇨

**ગાથાર્થ :- જીવને અધિગમસમ્યક્ત્વ સદ્ભાવને જાણ્યા પછી જ પ્રાપ્ત થાય છે. જાતિસ્મરણવડે સ્વભાવથી ઉત્પન્ન થનાર દૃષ્ટિ=નૈસર્ગિકદર્શન પણ આગમરહિત નથી.**

ટીકાર્થ :- જીવાદિ પદાર્થો સત્ તરીકે જાણવા. આ સત્ પદાર્થોનો જે ભાવ=વિદ્યમાનતા તે સદ્ભાવ. તેને જાણીને, શું ? તે કહે છે – જીવાદિપદાર્થોના બોધસ્વરૂપ અધિગમથી જે શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ થાય તે અધિગમસમ્યક્ત્વ કહેવાય. આ અધિગમસમ્યક્ત્વ પણ, અહીં 'अपि' શબ્દથી ચારિત્ર પણ જીવને ઉત્પન્ન થાય છે. (અન્વય આ પ્રમાણે કે – ચારિત્ર તો ખરું જ પરંતુ આ અધિગમસમ્યક્ત્વ પણ જીવને સત્પદાર્થોના સ્વરૂપને જાણ્યા પછી જ પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે હવે નૈસર્ગિકસમ્યક્ત્વ પણ જ્ઞાન વિના પ્રાપ્ત થતું નથી એ વાત જણાવવા કહે છે –) નૈસર્ગિકને આશ્રયીને કહે છે – જાતિસ્મરણ થવાથી સ્વભાવથી જે દર્શન ઉત્પન્ન થાય તે જાતિસ્મરણનિસર્ગોદ્ગત કહેવાય છે. આ દૃષ્ટિ પણ આગમરહિત નથી, કારણ કે સ્વયંભૂરમણસમુદ્રના માછલાઓને પણ જિનપ્રતિમા વિગેરેના આકારવાળી માછલીને જોઈને પૂર્વજાતિઓનું=પૂર્વભવોનું અનુસ્મરણ થાય છે. અને તે અનુસ્મરણ થવાથી પૂર્વભવોમાં અનુભવેલા પદાર્થોની વિચારણાના પરિણામે નૈસર્ગિકસમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

આ ભૂતાર્થાલોચન એ જ્ઞાન જ છે. તેથી આ નૈસર્ગિકસમ્યક્ત્વ પણ જ્ઞાનને આધીન હોવાથી જ્ઞાનની જ પ્રધાનતા થવાથી જ્ઞાની પુરુષ જ વંદનીય છે. એ વાત સિદ્ધ થઈ. ॥૧૧૪૩॥

इत्थं ज्ञानवादिनोक्ते सत्याहाचार्यः–

नाणं सविसयनिययं न नाणमित्तेण कज्जनिप्फत्ती ।
मग्गण्णू दिट्ठंतो होइ सचिट्ठो अचिट्ठो य ॥११४४॥

व्याख्या–'ज्ञानं' प्रक्रान्तं, स्वविषये नियतं स्वविषयनियतं, स्वविषयः पुनरस्य प्रकाशनमेव, यतश्चैवमतः न ज्ञानमात्रेण कार्यनिष्पत्तिः, मात्रशब्दः क्रियाप्रतिषेधवाचकः, अत्रार्थे मार्गज्ञो दृष्टान्तो भवति, 'सचेष्टः' सव्यापारः 'अचेष्टश्च' अविद्यमानचेष्टश्च, एतदुक्तं भवति–यथा कश्चित्पाटलिपुत्रादिमार्गज्ञो जिगमिषुश्चेष्टदेशप्राप्तिलक्षणं कार्यं गमनचेष्टोद्यत एव साधयति, न चेष्टाविकलो भूयसाऽपि कालेन, तत्प्रभावादेव, एवं ज्ञानी शिवमार्गमविपरीतमवगच्छन्नपि संयमक्रियोद्यत एव तत्प्राप्तिलक्षणं कार्यं साधयति नानुद्यतो, ज्ञानप्रभावादेव, तस्मादलं संयमरहितेन ज्ञानेनेति गाथाहृदयार्थः ॥११४४॥

प्रस्तुतार्थप्रतिपादकमेव दृष्टान्तान्तरमभिधित्सुराह–

आउज्जनट्टकुसलावि नट्टिया तं जणं न तोसेइ ।

---

અવતરણિકા :- આ રીતે જ્ઞાનવાદીઓના કહ્યા બાદ હવે આચાર્ય કહે છે ⇨

ગાથાર્થ :- જ્ઞાન પોતાના વિષયને નિયત છે. તેથી જ્ઞાનમાત્રથી કાર્યની નિષ્પત્તિ થઈ જતી નથી. અહીં ચેષ્ટાવાન અને ચેષ્ટાવિનાનો એવો માર્ગજ્ઞ પુરુષ દૃષ્ટાન્ત છે.

ટીકાર્થ :- પ્રકાન્ત=જેની વાત ચાલી રહી છે એવું જ્ઞાન એ સ્વવિષયમાં નિયત છે. જ્ઞાનનો સ્વવિષય 'જણાવવું' છે. (અર્થાત્ જ્ઞાન માત્ર જણાવવાનું જ કામ કરે છે જ્યારે ફલની પ્રાપ્તિનું કામ તો સાથે કરાતી ક્રિયાનું=પુરુષાર્થનું જ છે.) જે કારણથી આવું છે તે કારણથી એકલા જ્ઞાનથી કાર્ય પૂર્ણ થતું નથી. માત્રશબ્દ ક્રિયાનો પ્રતિષેધ જણાવનાર છે. (અર્થાત્ ક્રિયા વિનાના જ્ઞાનથી કાર્ય થતું નથી.)

આ વિષયમાં વ્યાપારવાળો અને વ્યાપારવિનાનો એવો માર્ગજ્ઞ પુરુષ ઉદાહરણ છે. આશય એ છે કે – જેમ કોઈક પાટલિપુત્રાદિના માર્ગને જાણનારો, અને તે નગરાદિમાં જવાની ઇચ્છાવાળો પુરુષ જો ગમનરૂપ ચેષ્ટા કરે તો ઇચ્છિતદેશની પ્રાપ્તિરૂપ કાર્યને સાધી શકે છે, પણ ગમનરૂપ ચેષ્ટા ન કરે તો ઘણા બધા કાલ પછી પણ માત્ર જ્ઞાનના પ્રભાવે ઈષ્ટદેશની પ્રાપ્તિરૂપ કાર્યને સાધી શકતો નથી.

એ જ પ્રમાણે જ્ઞાની યથાવસ્થિત રીતે મોક્ષમાર્ગને જાણતો હોવા છતાં પણ જો સંયમક્રિયામાં ઉદ્યમ કરે તો જ મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યને સાધે છે પરંતુ જો ઉદ્યમ ન કરે તો માત્ર જ્ઞાનના પ્રભાવે સાધી શક્તો નથી, (અર્થાત્ માત્ર જ્ઞાન જ છે ક્રિયા નથી માટે સાધી શકતો નથી.) તેથી સંયમરહિત એવું એકલું જ્ઞાન નકામું છે એ પ્રમાણે ગાથાનો તાત્પર્યાર્થ જાણવો. ॥૧૧૪૪॥

અવતરણિકા :- પ્રસ્તુત અર્થનું પ્રતિપાદન કરનાર એવા અન્ય દૃષ્ટાન્તને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી જણાવે છે ⇨

ગાથાર્થ :- વાજિંત્રો સાથેના નૃત્યમાં કુશલ એવી પણ નર્તિકા કાયાદિના વ્યપારને ન કરે

जोगं अजुंजमाणी निंदं खिंसं च सा लहइ ॥११४५॥

व्याख्या–आतोद्यानि-मृदङ्गादीनि नृत्तं-करचरणनयनादिपरिस्पन्दविशेषलक्षणम् आतोद्यैः करणभूतैर्नृत्तम् आतोद्यनृत्तं तस्मिन् कुशला-निपुणा आतोद्यनृत्तकुशला, असावपि नर्तकी, अपिशब्दात् रङ्गजनपरिवृताऽपि 'तं जनं' रङ्गजनं 'न तोषयति' न हर्षं नयतीत्यर्थः, किम्भूता सती ?-'योगमयुञ्जन्ती' कायादिव्यापारमकुर्वती, ततश्चापरितुष्टाद् रङ्गजनान्न किञ्चिद् द्रव्यजातं लभत इति गम्यते, अपि तु निन्दां खिंसां च सा लभते रङ्गजनादिति, तत्समक्षमेव या हीलना सा निन्दा, परोक्षे तु सा खिंसेति गाथार्थः ॥११४५॥

इत्थं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनां प्रदर्शयन्नाह–

इय लिंगनाणसहिओ काइयजोगं न जुंजई जो उ ।
न लहइ स मुक्खसुक्खं लहइ य निंदं सपक्खाओ ॥११४६॥

व्याख्या–'इय' एवं लिङ्गज्ञानाभ्यां सहितो-युक्तो लिङ्गज्ञानसहितः 'काययोगं' कायव्यापारं 'न युङ्क्ते' न प्रवर्तयति, यस्तु 'न लभते' न प्राप्नोति 'स' इत्थम्भूतः किं ?-'मोक्षसौख्यं' सिद्धिसुखमित्यर्थः, लभते तु निन्दां स्वपक्षात्, चशब्दात्खिंसां च, इह च नर्तकीतुल्यः साधुः, आतोद्यतुल्यं द्रव्यलिङ्गं, नृत्तज्ञानतुल्यं ज्ञानं, योगव्यापारतुल्यं चरणं, रङ्गपरितोषतुल्यः सङ्घपरितोषः, दानलाभतुल्यः सिद्धिसुखलाभः, शेषं सुगमं, यत एवमतो ज्ञानचरणसहितस्यैव

---

તો લોકોને ખુશ કરતી નથી અને નિંદા, ખિંસાને પામે છે.

ટીકાર્થ :- મૃદંગ વિગેરે વાજિંત્રો જાણવા. હાથ, પગ, નયન વિગેરે અવયવોનું વિશેષ પ્રકારે હલનચલન તે નૃત્ય જાણવું. વાજિંત્રોવડે જે નૃત્ય તે આતોદ્યનૃત્ય. તેમાં જે કુશલ=નિપુણ તે આતોદ્યનૃત્યકુશલ. (એ પ્રમાણે સમાસ જાણવો.) કુશલ એવી પણ નર્તકી, 'अपि' શબ્દથી નૃત્યને જોનારા લોકોથી યુક્ત એવી પણ નર્તકી તે જોનારા લોકોને હર્ષ ઉત્પન્ન કરતી નથી. કેવી તે નર્તકી છે ? – કાયાદિવ્યાપારને નહીં કરતી. (અર્થાત્ નૃત્યમાં તે કુશલ હોય, છતાં જો નૃત્ય ન કરે તો લોકોને આનંદ આપનારી થતી નથી.)

તેથી આનંદને ન પામેલા લોકોથી એક પણ પૈસો તે પામી શકતી નથી. ઊલટું લોકો પાસેથી નિંદા અને ખિંસાને પામે છે. અહીં વ્યક્તિની સામે જે હીલના કરવી તે નિંદા અને પીઠ પાછળ જે હીલના તે ખિંસા જાણવી. ॥૧૧૪૫॥

અવતરણિકા :- આ પ્રમાણે દૃષ્ટાન્તને કહીને દાર્ષ્ટાન્તિકયોજના દેખાડે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- એ જ પ્રમાણે લિંગ અને જ્ઞાનથી યુક્ત જે જીવ કાયવ્યાપારને=પુરુષાર્થને કરતો નથી. તે જીવ, શું ? – મોક્ષસુખને પામતો નથી. ઊલટું પોતાના પક્ષ તરફથી નિંદાને અને 'च' શબ્દથી ખિંસાને પામે છે. અહીં નર્તકીતુલ્ય સાધુ, વાજિંત્રતુલ્ય દ્રવ્યલિંગ, નૃત્યના જ્ઞાનસમાન જ્ઞાન, યોગવ્યાપારતુલ્ય ચારિત્ર, લોકોને સંતોષ સમાન સંઘપરિતોષ, પૈસાના લાભ સમાન સિદ્ધિસુખ જાણવું. શેષ સુગમ છે. આ રીતે એકલા જ્ઞાનથી કાર્ય સિદ્ધ થતું ન હોવાથી જ્ઞાન

कृतिकर्म कार्यमिति गाथाभावार्थः ॥११४६॥

चरणरहितं ज्ञानमकिञ्चित्करमित्यस्यार्थस्य साधका बहवो दृष्टान्ताः सन्तीति प्रदर्शनाय पुनरपि दृष्टान्तमाह–

जाणंतोऽवि य तरिउं काइयजोगं न जुंजइ नईए ।
सो वुज्झइ सोएणं एवं नाणी चरणहीणो ॥११४७॥

व्याख्या–जानन्नपि च तरीतुं यः 'काययोगं' कायव्यापारं न युङ्क्ते नद्यां स पुमान् 'उह्यते' ह्रियते 'श्रोतसा' पयःप्रवाहेण, एवं ज्ञानी चरणहीनः संसारनद्यां प्रमादश्रोतसोह्यत इत्युपनयः, तस्माच्चरणविकलस्य ज्ञानस्याकिञ्चित्करत्वादुभययुक्तस्यैव कृतिकर्म कार्यमिति गाथाभिप्रायार्थः ॥११४७॥

एवमसहायज्ञानपक्षे निराकृते ज्ञानचरणोभयपक्षे च समर्थिते सत्यपरस्त्वाह–

गुणाहिए वंदणयं छउमत्थो गुणागुणे अयाणंतो ।
वंदिज्जा गुणहीणं गुणाहियं वावि वंदावे ॥११४८॥

व्याख्या–इहोत्सर्गतः गुणाधिके साधौ वन्दनं कर्तव्यमिति वाक्यशेषः, अयं चार्थः श्रमणं वन्देतेत्यादिग्रन्थात्सिद्धः, गुणहीने तु प्रतिषेधः पञ्चानां कृतिकर्मेत्यादिग्रन्थाद्, इदं च गुणाधिकत्वं गुणहीनत्वं च तत्त्वतो दुर्विज्ञेयम्, अतश्छद्मस्थस्तत्त्वतो गुणागुणान् आत्मान्तरवर्तिनः

---

ક્રિયાથી યુક્ત એવા સાધુને જ વંદન કરવા યોગ્ય છે. ॥૧૧૪૬॥

અવતરણિકા :- 'ચારિત્રરહિત જ્ઞાન નકામું છે' આ અર્થ જણાવનાર ઘણા બધા દૃષ્ટાન્તો છે. તે જણાવવા ફરીથી અન્ય દૃષ્ટાન્તને કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- તરવાનું જ્ઞાન હોવા છતાં પણ જે જીવ નદીમાં પડ્યા પછી હાથ-પગ ચલાવવારૂપ કાયવ્યાપાર ન કરે તે નદીના પ્રવાહમાં તણાઈ જાય છે. એ જ પ્રમાણે ચારિત્રરહિત જ્ઞાની સંસારરૂપ નદીમાં પ્રમાદરૂપ પ્રવાહમાં તણાઈ જાય છે. એ પ્રમાણે ઉપનય જાણવો. તેથી ચારિત્રરહિત જ્ઞાન નકામું હોવાથી જ્ઞાન-ક્રિયા ઉભયથી યુક્ત સાધુ જ વંદનીય છે. એ પ્રમાણે ગાથાનો અભિપ્રાયાર્થ જાણવો. ॥૧૧૪૭॥

અવતરણિકા :- આ પ્રમાણે એકલા જ્ઞાન પક્ષનો નિષેધ અને જ્ઞાન-ચરણ ઉભયપક્ષનું સમર્થન કર્યા બાદ શિષ્ય (પોતાનો અભિપ્રાય) જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- અહીં ઉત્સર્ગથી ગુણાધિક એવા સાધુને વંદન 'કર્તવ્ય છે' એ પ્રમાણે મૂળમાં રહેલા 'गुणाहिए वंदणयं' વાક્યની પૂર્ણાહૂતિ કરવી. આ અર્થ 'श्रमणं वन्देत...' વિગેરે જે સૂત્રો કહ્યાં તે ઉપરથી નક્કી થાય છે. અને ગુણથી હીનને વંદન કર્તવ્ય નથી એ વાત 'पञ्चानां कृतिकर्म...' વિગેરે જે સૂત્રો કહ્યાં તે ઉપરથી નક્કી થાય છે.

આ ગુણાધિકપણું અને ગુણહીનપણું એ ખરેખર તો દુઃખેથી જણાય તેવું છે. આથી અન્ય

'अजानन्' अनवगच्छन् किं कुर्यात् ?, वन्देत वा गुणहीनं कञ्चित्, गुणाधिकं चापि वन्दापयेत्, उभयथाऽपि च दोषः, एकत्रागुणानुज्ञाप्रत्ययः अन्यत्र तु विनयत्यागप्रत्ययः, तस्मात्तूष्णीभाव एव श्रेयान्, अलं वन्दनेनेति गाथाभिप्रायः ॥११४८॥

इत्थं चोदकेनोक्ते सति व्यवहारनयमतमधिकृत्य गुणाधिकत्वपरिज्ञानकारणानि प्रतिपादयन्नाचार्य आह–

**आलएणं विहारेणं ठाणाचंकमणेण य ।**
**सक्को सुविहिओ नाउं भासावेणइएण य ॥११४९॥**

व्याख्या–आलयः-वसतिः सुप्रमार्जितादिलक्षणाऽथवा स्त्रीपशुपण्डकविवर्जितेति, तेनाऽऽलयेन, नागुणवत एवंविधः खल्वालयो भवति, विहारः–मासकल्पादिस्तेन विहारेण, स्थानम्–ऊर्ध्वस्थानं, चङ्क्रमणं–गमनं, स्थानं च चङ्क्रमणं चेत्येकवद्भावस्तेन च, अविरुद्धदेशकायोत्सर्गकरणेन च युगमात्रावनिप्रलोकनपुरस्सराद्रुतगमनेन चेत्यर्थः, शक्यः सुविहितो ज्ञातुं, 'भाषावैनयिकेन च' विनय एव वैनयिकं, समालोच्य भाषणेन आचार्या–

---

આત્મામાં રહેલા ગુણ કે અગુણને નહીં જાણતો છદ્મસ્થ શું કરવાનો ? – એ જ કે પોતાનાથી ગુણહીનને વંદન કરશે અને ગુણાધિક પાસેથી વંદન ગ્રહણ કરશે, (કારણ કે ગુણહીનપણું કે ગુણાધિકપણું છદ્મસ્થ તો જાણી શકવાનો નથી.) તેથી બંને રીતે એને દોષ લાગશે. તે આ રીતે કે ગુણહીનને વંદન કરવાથી તેના અગુણો=દોષોની અનુજ્ઞાનિમિત્તક દોષ અને ગુણાધિક પાસેથી વંદન લેવામાં વિનયત્યાગનિમિત્તક દોષ. આમ બંને રીતે દોષ લાગતો હોવાથી આ વિષયમાં મૌન રહેવું એ જ શ્રેષ્ઠ છે, અર્થાત્ વંદન કરવાથી સર્યું. ॥૧૧૪૮॥

અવતરણિકા :- આ પ્રમાણે શિષ્યના કથન પછી વ્યવહારનયના મતને આશ્રયીને ગુણાધિકત્વ જાણવાના કારણોનું પ્રતિપાદન કરતાં આચાર્ય કહે છે ➪

**ગાથાર્થ :- આલય, વિહાર, સ્થાન, ગમન, ભાષા અને વિનય ઉપરથી આ સુવિહિત છે એવું જાણવું શક્ય છે.**

ટીકાર્થ :- આલય એટલે ઉપાશ્રય અર્થાત્ સારી રીતે પ્રર્માજન કરેલો ઉપાશ્રય અથવા સ્ત્રી, પશુ, નપુંસકરહિત ઉપાશ્રય. આવા ઉપાશ્રયને જોઇને (આ સાધુ સુવિહિત છે એવું જાણવું શક્ય છે. આ પ્રમાણેનો અન્વય વિહાર, સ્થાન વિગેરે બધા શબ્દો સાથે જોડવો.) કારણ કે નિર્ગુણ એવાનો આવા પ્રકારનો ઉપાશ્રય હોતો નથી. માસકલ્પાદિ વિહારવડે (તે વિચરે છે કે નહીં તે ઉપરથી સુવિહિતપણું જણાય છે.) કાયોત્સર્ગરૂપ સ્થાન અર્થાત્ અવિરુદ્ધ સ્થાનમાં (આવવા-જવાનો માર્ગ વિગેરે વિરુદ્ધ સ્થાન કહેવાય એ સિવાયના સ્થાનમાં) ઊભા રહીને કાયોત્સર્ગ કરવો, ગમન અર્થાત્ સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ ઉપર દૃષ્ટિ રાખીને ધીમે ધીમે (अद्रुतं) ચાલવું. આવા સ્થાન અને ગમન ઉપરથી આ સુવિહિત સાધુ છે એવું જાણવું શક્ય છે. અહીં મૂળમાં સ્થાન અને ગમન શબ્દમાં સમાહાર દ્વન્દ્વસમાસ હોવાથી એક વચન છે એમ જાણવું.

दिविनयकरणेन चेति भावना, नैतान्येवम्भूतानि प्रायशोऽसुविहितानां भवन्तीति गाथार्थः ॥११४९॥

इत्थमभिहिते सत्याह चोदकः—

आलएणं विहारेणं ठाणेचंकमणेण य ।
न सक्को सुविहिओ नाउं भासावेणइएण य ॥११५०॥

व्याख्या—आलयेन विहारेण स्थानचङ्क्रमणेन च न शक्यः सुविहितो ज्ञातुं भाषा-वैनयिकेन च, उदायिनृपमारकमथुराकोट्टइल्लादिभिर्व्यभिचारात्, तथा च प्रतीतमिदम्—असंयता अपि हीनसत्त्वा लब्ध्यादिनिमित्तं संयतवच्चेष्टन्ते, संयता अपि च कारणतोऽसंयतवदिति गाथार्थः ॥११५०॥ किं च—

भरहो पसन्नचंदो सब्भिंतरबाहिरं उदाहरणं ।
दोसुप्पत्तिगुणकरं न तेसि बज्झं भवे करणं ॥११५१॥

व्याख्या—भरतः प्रसन्नचन्द्रः साभ्यन्तरबाह्यमुदाहरणम्, आभ्यन्तरं भरतः, यतस्तस्य बाह्यकरणरहितस्यापि विभूषितस्यैवाऽऽदर्शकगृहप्रविष्टस्य विशिष्टभावनापरस्य केवलज्ञानमुत्पन्नं, बाह्यं प्रसन्नचन्द्रः, यतस्तस्योत्कृष्टबाह्यकरणवतोऽप्यन्तःकरणविकलस्याधः सप्तमनरकप्रायोग्य-

---

એ જ રીતે વિચારીને બોલવાથી અને આચાર્યાદિનો વિનય કરવાથી સુવિહિતપણું જણાય છે. પ્રાયઃ કરીને આ આલયાદિ ચિહ્નો અસુવિહિત સાધુઓને હોતા નથી. ॥૧૧૪૯॥

અવતરણિકા :- આ રીતનો આચાર્યનો જવાબ સાંભળીને શિષ્ય જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આલય, વિહાર, સ્થાન, ચંક્રમણ, ભાષા અને વિનયવડે સુવિહિત જાણવો શક્ય નથી, કારણ કે - ઉદાયીરાજાને મારનાર વિનયસાધુ, મથુરાકોટ્ટઈલ્લાદિ (મથુરામાં પૂર્વના કાલમાં 'કોટ્ટઈલ્લા'= કૂટ લોકો ભિક્ષા માટે સાધુવેષ ધારણ કરીને ભિક્ષા લેવા નીકળતા હતા. તે લોકો કોટ્ટઈલ્લા શબ્દથી લેવા.) સાથે વ્યભિચાર આવે છે. (અર્થાત્ ઉદાયીરાજાને મારનાર વિનયરત્નસાધુ પાસે આલયાદિ બધું હોવા છતાં તે સુવિહિત નહોતો, અભવ્ય હતો.)

તથા આ વાત પ્રસિદ્ધ જ છે કે હીનસત્વવાળા અસંયતો પણ લબ્ધિ વિગેરે નિમિત્તે સંયતની જેમ આચરણ કરે છે અને સંયતો પણ કારણે અસંયતની જેમ આચરણ કરે છે. (માટે આલયાદિથી સુવિહિતપણું જણાતું નથી.) ॥૧૧૫૦॥ વળી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ભરતરાજા અને પ્રસન્નચંદ્ર એ અભ્યંતર-બાહ્ય ઉદાહરણ જાણવા. તેમાં ભરત એ અભ્યંતર ઉદાહરણ છે, કારણ કે બાહ્યક્રિયાઓથી રહિત એવા પણ, વિભૂષિત, આરિસા-ભવનમાં પ્રવેશેલા અને વિશિષ્ટભાવનામાં લીન થયેલા ભરતરાજાને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રસન્નચંદ્ર બાહ્ય ઉદાહરણ છે, કારણ કે ઉત્કૃષ્ટ એવા બાહ્યકરણથી યુક્ત હોવા છતાં અંતઃકરણથી

कर्मबन्धो बभूव, तदेवं दोषोत्पत्तिगुणकरं न तयोर्भरतप्रसन्नचन्द्रयोः 'बज्झं भवे करणं'ति छान्दसत्वादभूत्करणं, दोषोत्पत्तिकारकं भरतस्य नाभूदशोभनं बाह्यं करणं, गुणकारकं प्रसन्नचन्द्रस्य नाभूच्छोभनमपीति, तस्मादान्तरमेव करणं प्रधानं, न च तदालयादिनाऽवगन्तुं शक्यते, गुणाधिके च वन्दनमुक्तमिति तूष्णीभाव एव ज्यायान् इति स्थितम्, इत्ययं गाथाभिप्रायः ॥११५१॥

इत्थं तीर्थाङ्गभूतव्यवहारनयनिरपेक्षं चोदकमवगम्यान्येषां पारलौकिकापायदर्शनायाहाचार्यः—

**पत्तेयबुद्धकरणे चरणं नासंति जिणवरिंदाणं ।**
**आहच्चभावकहणे पंचहि ठाणेहि पासत्था ॥११५२॥**

व्याख्या—प्रत्येकबुद्धाः-पूर्वभवाभ्यस्तोभयकरणा भरतादयस्तेषां करणं तस्मिन्नान्तर एव फलसाधके सति मन्दमतयश्चरणं नाशयन्ति जिनवरेन्द्राणां सम्बन्धिभूतमात्मनोऽन्येषां च, पाठान्तरं वा 'बोधिं नासिंति जिणवरिंदाणं' कथं ?-'आहच्चभावकहणे'त्ति कादाचित्कभावकथने—बाह्यकरणरहितैरेव भरतादिभिः केवलमुत्पादितमित्यादिलक्षणे, कथं नाशयन्ति ?-

---

રહિત એવા તેને સાતમી નરકને પ્રાયોગ્ય કર્મબંધ થયો.

આમ, બાહ્યકરણ ભરત અને પ્રસન્નચંદ્રને (ક્રમશઃ) દોષોત્પત્તિ, ગુણકારક બન્યું નથી. મૂળમાં भवे=भवेत् પ્રયોગ છાન્દસ=આર્ષપ્રયોગ હોવાથી થયો છે પણ અર્થ 'अभूत्' પ્રમાણે જાણવો, અર્થાત્ અશોભન (વિભૂષા વિ.અશોભન) એવું બાહ્યકરણ ભરતરાજાને દોષની (=કેવલજ્ઞાનને અટકાવવારૂપ દોષની) ઉત્પત્તિને કરનારું બન્યું નહોતું. એ જ રીતે શોભન એવું પણ બાહ્યકરણ પ્રસન્નચંદ્રને ગુણ કરનારું બન્યું નહોતું. તેથી બાહ્ય નહીં પણ આંતરિકકરણ એ જ પ્રધાન છે અને તે આલયાદિવડે જાણવું શક્ય નથી. તેથી તમે ગુણાધિકને વંદન કરવાનું કહો છો (જે શક્ય ન હોવાથી) મૌન એ જ શ્રેષ્ઠ છે એ વાત સ્થિર થઈ. ॥૧૧૫૧॥

અવતરણિકા :- આ પ્રમાણે તીર્થના કારણભૂત વ્યવહારનયથી નિરપેક્ષ એવા શિષ્યને જાણીને (અર્થાત્ વ્યવહારનયની ઉપેક્ષા શિષ્ય કરી રહ્યો છે એવું જાણીને) બીજાઓને (=વ્યવહારનયનું ખંડન કરનારાઓને અને આવાઓને અનુસરનારાઓને) પરલોકમાં થતાં નુકસાનને દેખાડવા માટે આચાર્ય કહે છે ⇨

**ગાથાર્થ :- ભરતાદિ પ્રત્યેકબુદ્ધોનું આંતરિકકરણ ફલસાધક બનતા, આવા કાદાચિત્કભાવોનું કથન કરવા દ્વારા પાર્શ્વસ્થો પાંચ સ્થાનોવડે જિનવરેન્દ્રો સંબંધી ચારિત્રનો નાશ કરે છે.**

ટીકાર્થ :- પૂર્વભવમાં અભ્યસ્ત કરેલા છે ઉભય=બાહ્ય અને અભ્યંતરકરણો જેમણે એવા ભરત વિગેરે પ્રત્યેકબુદ્ધોનું આંતરિકકરણ જ ફલસાધક થવાથી, મંદબુદ્ધિવાળા એવા પાર્શ્વસ્થો પોતાના અને બીજાના જિનવરેન્દ્રો સંબંધીભૂત (=તેમનાવડે પ્રરૂપાયેલા) ચારિત્રનો નાશ કરે છે. પાઠાન્તરમાં ચારિત્રની બદલે 'બોધિ' શબ્દ જાણવો. શું કહીને નાશ કરે છે? - બાહ્યકરણથી રહિત એવા પણ ભરતાદિને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું વિગેરે કોઈકવાર જ બનતા પ્રસંગોને કહેવા

पञ्चभिः 'स्थानैः' प्राणातिपातादिभिः पारम्पर्येण करणभूतैः 'पार्श्वस्था' उक्तलक्षणा इति गाथार्थः ॥११५२॥ यतश्च–

उम्मग्गदेसणाए चरणं नासिंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु न हु लब्भा तारिसा दट्टुं ॥११५३॥ दारं ॥

व्याख्या–उन्मार्गदेशनया अनयाऽनन्तराभिहितं चरणं नाशयन्ति जिनवरेन्द्राणां सम्बन्धिभूतमात्मनोऽन्येषां च, अतः 'व्यापन्नदर्शनाः खलु' विनष्टसम्यग्दर्शना निश्चयतः, खल्वित्यपिशब्दार्थो निपातः, तस्य च व्यवहितः सम्बन्धस्तमुपरिष्टात् प्रदर्शयिष्यामः, 'न हु लब्भा तारिसा दट्टुं' ति नैव कल्पन्ते तादृशा द्रष्टुमपीति, किं पुनर्ज्ञानादिना प्रतिलाभयितुमिति गाथार्थः ॥११५३॥

सप्रसङ्गं गतं ज्ञानद्वारम्, दर्शनद्वारमधुना, तत्र दर्शननयमतावलम्बी कृतिकर्माधिकार एवावगतज्ञाननयमत इदमाह–

जह नाणेणं न विणा चरणं नादंसणिस्स इय नाणं ।
न य दंसणं न भावो तेन र दिट्ठिं पणिवयामो ॥११५४॥

व्याख्या–यथा ज्ञानेन विना न चरणं, किन्तु सहैव, नादर्शनिन एवं ज्ञानं, किन्तु दर्शनिन

---

દ્વારા ચારિત્રનો નાશ કરે છે. કેવી રીતે નાશ કરે છે ? – પરંપરાએ (=સાક્ષાત્ નહીં પણ બીજા પાસે પાપાચરણ કરાવવા દ્વારા) પ્રાણાતિપાતાદિ પાંચ સ્થાનોવડે નાશ કરે છે. (અર્થાત્ બીજા પાસે પ્રાણાતિપાતાદિનું આચરણ કરાવવા દ્વારા પોતાના પણ ચારિત્રનો અને શિષ્ય-પ્રશિષ્યાદિને ઉન્માર્ગની દેશના આપવા દ્વારા તેમના પણ ચારિત્રનો નાશ કરે છે.) ॥૧૧૫૨॥ અને જે કારણથી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઉન્માર્ગની દેશના આપવા દ્વારા તે પાર્શ્વસ્થો પોતાના અને બીજાના હમણાં જ કહેવાયેલા જિનવરેન્દ્ર સંબંધીભૂત એવા ચારિત્રનો નાશ કરે છે. તે કારણથી નિશ્ચયથી સમ્યગ્દર્શનવિનાના તેઓ, – खलु શબ્દ 'अपि' શબ્દના અર્થવાળો છે અને તેનો નિપાત છે=પાદપૂર્તિમાટે છે. તેનો સંબંધ અન્ય સ્થાને કરવાનો છે જે આગળ અમે બતાવીશું. – એવા તેઓ જોવા માટે પણ (अपि શબ્દના અર્થવાળો खलु શબ્દ અહીં જોડવાનો છે.) કલ્પતા નથી અર્થાત્ તેઓનું મુખદર્શન પણ કરવું યોગ્ય નથી. તો જ્ઞાનાદિનું દાન તો સુતરામ્ ન કલ્પે. ॥૧૧૫૩॥

અવતરણિકા :- પ્રસંગસહિત જ્ઞાનદ્વાર પૂર્ણ થયું. હવે દર્શનદ્વાર જણાવવાનો અવસર છે. વંદનાધિકારમાં જ જાણેલો છે જ્ઞાનનયનો મત જેમનાવડે એવા દર્શનનયના મતનું આલંબન લેનારા લોકો આ પ્રમાણે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જેમ જ્ઞાન વિના ચારિત્ર નથી, પરંતુ જ્ઞાનની સાથે જ ચારિત્ર હોય છે. એ

एव, 'सम्यग्दृष्टेर्ज्ञानं मिथ्यादृष्टेर्विपर्यास' इति वचनात्, तथा न च दर्शनं न भावः, किन्तु भाव एव, भावलिङ्गान्तर्गतमित्यर्थः, तेन कारणेन ज्ञानस्य तद्भावभावित्वाद्दर्शनस्य ज्ञानोपकारकत्वाद् रेति प्राग्वत् 'दिट्ठि'न्ति प्राकृतशैल्या दर्शनमस्यास्तीति दर्शनी तं दर्शनिनं, 'प्रणमामः' पूजयाम इति गाथार्थः ॥११५४॥

स्यादेतत्—सम्यक्त्वज्ञानयोर्युगपद्भावादुपकार्योपकारकभावानुपपत्तिरिति, एतच्चासद्, यतः—

जुगवंपि समुप्पन्नं सम्मत्तं अहिगमं विसोहेइ ।
जह कायगमंजणाई जलदिट्ठीओ विसोहंति ॥११५५॥

व्याख्या—'युगपदपि' तुल्यकालमपि 'समुत्पन्नं' सञ्जातं सम्यक्त्वं ज्ञानेन सह 'अधिगमं विशोधयति' अधिगम्यन्ते परिच्छिद्यन्ते पदार्था येन सोऽधिगमः—ज्ञानमेवोच्यते, तमधिगमं विशोधयति—ज्ञानं विमलीकरोतीत्यर्थः, अत्रार्थे दृष्टान्तमाह—यथा काचकाञ्जने जलदृष्टी विशोधयत इति, कचको वृक्षस्तस्येदं काचकं फलम्, अञ्जनं—सौवीरादि, काचकं चाञ्जनं च काचकाञ्जने, अनुस्वारोऽत्रालाक्षणिकः, जलम्—उदकं, दृष्टिः—स्वविषये लोचनप्रसारणलक्षणा, जलं च दृष्टिश्च जलदृष्टी ते विशोधयत इति गाथार्थः ॥११५५॥

---

જ પ્રમાણે દર્શન વિના જ્ઞાન નથી, પરંતુ દર્શનીને જ જ્ઞાન હોય છે, કારણ કે 'સમ્યગ્દષ્ટિનું જ્ઞાન જ્ઞાનરૂપ છે, મિથ્યાદષ્ટિનું જ્ઞાન જ્ઞાનરૂપ નથી' એવું વચન છે. તથા દર્શન એ ભાવ નથી એવું નથી, પણ ભાવ જ છે અર્થાત્ ભાવલિંગમાં એનો સમાવેશ થાય છે. તેથી દર્શન હોય તો જ જ્ઞાન થતું હોવાથી દર્શન એ જ્ઞાનનું ઉપકારક છે. તેથી=દર્શનની મુખ્યતા હોવાથી દર્શનવાળા એવા દર્શનીને અમે વંદન કરીએ છીએ. 'र' પૂર્વની જેમ નિપાત=પૂર્તિ માટે છે. ॥૧૧૫૪॥

**અવતરણિકા :-** **શંકા :-** સમ્યક્ત્વ અને જ્ઞાન બંને એક સાથે પ્રાપ્ત થતાં હોવાથી સમ્યક્ત્વ એ ઉપકારક અને જ્ઞાન એ ઉપકાર્ય છે એવું કેવી રીતે કહેવાય ?

**સમાધાન :-** આ વાત યોગ્ય નથી, કારણ કે ⇨

**ગાથાર્થ :-** **સાથે ઉત્પન્ન થવા છતાં પણ સમ્યક્ત્વ જ્ઞાનને નિર્મલ કરે છે. જેમ કાચક અને અંજન (ક્રમશઃ) પાણી અને દૃષ્ટિને નિર્મલ કરે છે.**

**ટીકાર્થ :-** જ્ઞાન સાથે તુલ્યકાલમાં ઉત્પન્ન થતું સમ્યક્ત્વ અધિગમ=જ્ઞાનને નિર્મલ કરે છે. જેનાવડે જીવાદિ પદાર્થો જણાય તે અધિગમ અર્થાત્ જ્ઞાન. આ વિષયમાં દૃષ્ટાન્ત કહે છે કે જેમ કાચક અને અંજન (ક્રમશઃ) પાણી અને દૃષ્ટિને નિર્મલ કરે છે. કચકનામનું વૃક્ષ છે, તેનું ફલ (ફટકડી) કાચકશબ્દથી ઓળખાય છે. સૌવીરાદિ અંજન જાણવા. કાચક અને અંજન તે કાચકાંજન (એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.) 'कायगमंजणाई' અહીં જે અનુસ્વાર છે તે અલાક્ષણિક (=ઉચ્ચાર કરવામાં સરળતા રહે તે સિવાય બીજા કોઈ પ્રયોજન વિનાનો) છે. જલ=પાણી, દૃષ્ટિ એટલે પોતાના વિષયને (=જોવા લાયક વસ્તુને) જોવું. જલ અને દૃષ્ટિ તે જલદૃષ્ટિ (એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.) આ જલદૃષ્ટિને નિર્મલ કરે છે. (અર્થાત્ ફટકડી જલને, અંજન દૃષ્ટિને નિર્મલ કરે છે.) ॥૧૧૫૫॥

साम्प्रतमुपन्यस्तदृष्टान्तस्य दार्ष्टान्तिकेनांशतः भावनिकां प्रतिपादयन्नाह–

**जह जह सुज्झइ सलिलं तह तह रूवाइं पासई दिट्ठी ।**
**इय जह जह तत्तरुई तह तह तत्तागमो होइ ॥११५६॥**

व्याख्या–यथा यथा शुद्ध्यति सलिलं काचकफलसंयोगात् तथा तथा 'रूपाणि' तद्गतानि पश्यति द्रष्टा, 'इय' एवं यथा यथा 'तत्त्वरुचिः' सम्यक्त्वलक्षणा, संजायत इति क्रिया, तथा तथा 'तत्त्वागमः' तत्त्वपरिच्छेदो भवतीति, एवमुपकारकं सम्यक्त्वं ज्ञानस्येति गाथार्थः ॥११५६॥

स्यादेतत्–निश्चयतः कार्यकारणभाव एवोपकार्योपकारकभावः, स चासम्भवी युगपद्भाविनोरिति, अत्रोच्यते–

**कारणकज्जविभागो दीवपगासाण जुगवजम्मेवि ।**
**जुगवुप्पन्नंपि तहा हेऊ नाणस्स सम्मत्तं ॥११५७॥**

व्याख्या–यथेह कारणकार्यविभागो दीपप्रकाशयोः 'युगपज्जन्मन्यपि' युगपदुत्पादेऽपीत्यर्थः, युगपदुत्पन्नमपि तथा 'हेतुः' कारणं ज्ञानस्य सम्यक्त्वं, यस्मादेवं तस्मात्सकलगुणमूलत्वाद्दर्शनस्य दर्शनिन एव कृतिकर्म कार्यम्, आत्मनाऽपि तत्रैव यत्नः कार्यः सकलगुणमूलत्वादेवेति,

---

**અવતરણિકા :-** હવે જણાવેલ દૃષ્ટાન્તની દાર્ષ્ટાન્તિક સાથે આંશિક ઘટમાનતાને જણાવતા કહે છે ⇨

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** દૃષ્ટા કાચકફલના સંયોગથી જેમ જેમ પાણીને શુદ્ધ કરે છે, તેમ તેમ પાણીમાં પડેલા પ્રતિબિંબોને (સ્પષ્ટપણે) જુએ છે. (આંશિક દૃષ્ટાન્ત એટલા માટે કે દર્શન-જ્ઞાનની જેમ કાચકફળ અને જલ સાથે ઉત્પન્ન થયેલા નથી.) જેમ જેમ સમ્યક્ત્વરૂપ તત્ત્વરુચિ 'ઉત્પન્ન થાય છે' એ ક્રિયાપદ જોડી દેવું. તેમ તેમ તત્ત્વનો બોધ થાય છે. આમ સમ્યક્ત્વ એ જ્ઞાનનું ઉપકારક છે. ॥૧૧૫૬॥

**અવતરણિકા :- શંકા :-** નિશ્ચયથી કાર્ય-કારણભાવમાં જ ઉપકાર્ય-ઉપકારકભાવ ઘટે છે. અહીં એક-સાથે ઉત્પન્ન થતાં જ્ઞાન-દર્શન વચ્ચે તે કાર્ય-કારણભાવ ઘટી શક્તો નથી. (કારણ કે એક સાથે ઉત્પન્ન થાય છે.)

**સમાધાન :-** આનો જવાબ આગળની ગાથામાં જણાવે છે ⇨

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** જેમ દીપક અને તેના પ્રકાશનો સાથે ઉત્પન્ન થવા છતાં કારણ-કાર્યનો વિભાગ (=દીપક એ કારણ છે અને પ્રકાશ એ કાર્ય છે એવો વિભાગ) ઘટે છે, તેમ સાથે ઉત્પન્ન થવા છતાં પણ સમ્યક્ત્વ જ્ઞાનનું કારણ છે. જે કારણથી સમ્યક્ત્વ એ જ્ઞાન કારણ છે તે કારણથી દર્શન એ સકલ ગુણોનું મૂલ છે. અને મૂલ હોવાથી દર્શની જ વંદનીય છે. અને પોતે પણ દર્શનમાં (દર્શનની વધુ નિર્મલતા માટે) જ યત્ન કરવો જોઈએ, કારણ કે દર્શન એ સકલગુણોનું

उक्तं च–

*"द्वारं मूलं प्रतिष्ठानमाधारो भाजनं निधिः ।*
*धर्महेतोर्द्विषट्कस्य, सम्यग्दर्शनमिष्यते ॥१॥"*

अयं गाथाभिप्रायः ॥११५७॥

इत्थं नोदकेनोक्ते सत्याहाचार्यः–

**नाणस्स जइवि हेऊ सविसयनिययं तहावि सम्मत्तं ।**
**तम्हा फलसपत्ती न जुज्जए नाणपक्खे व ॥१॥ (प्र०)**
**जह तिक्खरुईवि नरो गंतुं देसंतरं नयविहूणो ।**
**पावेइ न तं देसं नयजुत्तो चेव पाउणइ ॥२॥ (प्र०)**
**इय नाणचरणहीणो सम्मद्दिट्ठीवि मुक्खदेसं तु ।**
**पाउणइ नेय नाणाइसंजुओ चेव पाउणइ ॥३॥ (प्र०)**

व्याख्या–इदमन्यकर्तृकं गाथात्रयं सोपयोगमितिकृत्वा व्याख्यायते, ज्ञानस्य यद्यपि 'हेतुः' कारणं सम्यक्त्वमिति योगः, अपिशब्दोऽभ्युपगमवादसंसूचकः, अभ्युपगम्यापि ब्रूमः, तत्त्वतस्तु कारणमेव न भवति, उभयोरपि विशिष्टक्षयोपशमकार्यत्वात्, स्वविषयनियतमितिकृत्वा, स्वविषयश्चास्य तत्त्वेषु रुचिरेव, तथाऽपि 'तस्मात्' सम्यक्त्वात् 'फलसंपत्ती ण जुज्जए' फलसम्प्राप्तिर्न युज्यते, मोक्षसुखप्राप्तिर्न घटत इत्यर्थः, स्वविषयनियतत्वादेव, असहायत्वादित्यर्थः,

---

મૂલ છે. કહ્યું છે – ધર્મના કારણભૂત એવા બે ષટ્કનું=કાયષટ્ક અને વ્રતષટ્કનું દ્વાર, મૂલ, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિ=ભંડાર તરીકે સમ્યગ્દર્શન ઇચ્છાય છે. (અર્થાત્ સમ્યગ્દર્શન બે ષટ્કના દ્વારાદિરૂપ છે.) ॥૧॥ ॥૧૧૫૭॥

અવતરણિકા :- આ પ્રમાણે શિષ્યવડે કહેવાતે છતે આચાર્ય કહે છે ⇨

ગાથાર્થ :- (પ્રક્ષિપ્તગાથાઓ) **જો કે સમ્યક્ત્વ એ જ્ઞાનનો હેતુ છે તો પણ તે સ્વવિષયને મર્યાદિત છે (=તત્ત્વરુચિ સિવાય અન્ય ફલને આપનારું નથી.) તેથી એકલા જ્ઞાનની જેમ સમ્યક્ત્વથી ફલની પ્રાપ્તિ થઈ શકતી નથી. શેષ બે ગાથાઓનો ગાથાર્થ ટીકાર્થ પ્રમાણે જાણવો.**

ટીકાર્થ :- આ ત્રણે ગાથાના કર્તા અન્ય હોવા છતાં ઉપયોગી હોવાથી તેનું વ્યાખ્યાન કરાય છે → જો કે જ્ઞાનનું કારણ સમ્યક્ત્વ છે. 'जइवि' માંનો 'अपि' શબ્દ અભ્યુપગમન્યાયનો સૂચક છે. (અર્થાત્ જ્ઞાનનું કારણ સમ્યક્ત્વ છે એવું અમે માનતા નથી છતાં) એવું માની લઈને જ્ઞાનનું કારણ સમ્યક્ત્વ છે એવું અમે કહીએ છીએ, બાકી વાસ્તવિક રીતે સમ્યક્ત્વ એ જ્ઞાનનું કારણ જ નથી, કારણ કે જ્ઞાન - દર્શન બંને વિશિષ્ટક્ષયોપશમના કાર્યો છે. (અર્થાત્ સમ્યક્ત્વમાંથી જ્ઞાન પ્રગટ થતું નથી, પરંતુ વિશિષ્ટ ક્ષયોપશમમાંથી જ્ઞાન પ્રગટ થાય છે.) છતાં માની લઈએ કે સમ્યક્ત્વમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તો પણ સમ્યક્ત્વ એ સ્વવિષયને નિયત છે, અહીં સમ્યક્ત્વનો પોતાનો વિષય (=પોતાની જવાબદારી) તત્ત્વોમાં રૂચિ ઉત્પન્ન કરાવવી એટલો જ છે. માટે તે સમ્યક્ત્વથી ફલની પ્રાપ્તિ એટલે કે મોક્ષસુખની પ્રાપ્તિ થઈ જતી નથી, કારણ કે

ज्ञानपक्ष इव, अनेन तत्प्रतिपादितसकलदृष्टान्तसङ्ग्रहमाह—यथा ज्ञानपक्षे मार्गज्ञादिभिर्दृष्टान्तैरसहायस्य ज्ञानस्यैहिकामुष्मिकफलासाधकत्वमुक्तम्, एवमत्रापि दर्शनाभिलापेन द्रष्टव्यं, दिङ्मात्रं तु प्रदर्श्यते—यथा 'तीक्ष्णरुचिरपि नरः' तीव्रश्रद्धोऽपि पुरुषः, क्व ?-गन्तुं देशान्तरं देशान्तरगमन इत्यर्थः, 'नयविहीनो' ज्ञानगमनक्रियालक्षणनयशून्य इत्यर्थः, प्राप्नोति न तं देशं गन्तुमिष्टं तद्विषयश्रद्धायुक्तोऽपि, नययुक्त एव प्राप्नोति, 'इय' एवं ज्ञानचरणरहितः सम्यग्दृष्टिरपि तत्त्वश्रद्धानयुक्तोऽपि मोक्षदेशं तु प्राप्नोति नैव, सम्यक्त्वप्रभावादेव, किन्तु ज्ञानादिसंयुक्त एव प्राप्नोति, तस्मात्त्रितयं प्रधानम्, अतस्त्रितययुक्तस्यैव कृतिकर्म कार्यं, त्रितयं चाऽऽत्मनाऽऽसेवनीयं, '*सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः*' (तत्त्वा. अ. १, सू. १) इति वचनादयं गाथात्रितयार्थः ॥१-२-३॥

एवमपि तत्त्वे समाख्याते ये खल्वधर्मभूयिष्ठा यानि चासदालम्बनानि प्रतिपादयन्ति तदेतदभिधित्सुराह—

---

સમ્યક્ત્વ પોતાના વિષયને નિયત છે (=માત્ર તત્ત્વોને વિશે તે રૂચિ ઉત્પન્ન કરાવી આપે છે. ત્યાર પછીનું કામ તો જ્ઞાન જ કરવાનું છે. આમ જ્ઞાનની અને ક્રિયાની) સહાય વિનાનું હોવાથી સમ્યક્ત્વ મોક્ષસુખપ્રાપ્તિ કરાવી આપતું નથી. જેમ કે જ્ઞાનપક્ષને વિશે. અહીં 'જ્ઞાનપક્ષની જેમ' એવું કહેવાથી જ્ઞાનપક્ષમાં પ્રતિપાદન કરેલા સર્વ દૃષ્ટાન્તોનો સંગ્રહ કરેલો જાણવો, અર્થાત્ જ્ઞાનપક્ષમાં જેમ માર્ગજ્ઞ વિગેરે દૃષ્ટાન્તોવડે અસહાય (ક્રિયારહિત) એવા જ્ઞાનનું ઐહિક – આમુષ્મિક ફલ પ્રત્યે અસાધકપણું કહ્યું.

એ જ રીતે દર્શનપક્ષમાં પણ સમજવું. માત્ર અહીં જ્ઞાનશબ્દને બદલે સર્વત્ર દર્શનશબ્દ જાણવો. છતાં દિશામાત્ર જણાવાય છે. – જેમ તીવ્રરૂચિવાળો એવો પણ પુરુષ, ક્યાં જવાની રૂચિવાળો ? દેશાન્તરમાં જવાની તીવ્રરૂચિવાળો પુરુષ જો જ્ઞાન અને ગમનક્રિયારૂપ નય વિનાનો હોય તો જવા માટે ઇષ્ટ એવા દેશને તદ્વિષયક શ્રદ્ધાયુક્ત હોવા છતાં પણ પામી શક્તો નથી, પરંતુ જ્ઞાન અને ક્રિયારૂપ નયથી યુક્ત થાય તો જ પામી શકે છે.

એ જ પ્રમાણે જ્ઞાન અને ચારિત્રરહિત સમ્યગ્દષ્ટિ પણ તત્ત્વો ઉપરની શ્રદ્ધા હોવા છતાં માત્ર સમ્યક્ત્વના પ્રભાવે મોક્ષરૂપ દેશને પામી શકતો નથી પરંતુ જો તે જ્ઞાનાદિથી યુક્ત થાય તો જ મોક્ષદેશને પામી શકે છે. માટે દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ ત્રિતય જ પ્રધાન છે. માટે જ આ ત્રિતયથી યુક્ત વ્યક્તિ જ વંદનીય છે. અને ત્રિકનું આચરણ કરવું જોઈએ, કારણ કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે ભેગા મોક્ષમાર્ગરૂપ બને છે એવું આગમવચન છે. આ પ્રમાણે ત્રણે ગાથાઓનો અર્થ જાણવો. ॥પ્ર.-૧-૨-૩॥

અવતરણિકા :- આ પ્રમાણે તત્ત્વનું નિરૂપણ કર્યા બાદ પણ જેઓ અધર્મીપ્રાયઃ છે તેઓને અને તેઓ જે અસદાલંબનોનું પ્રતિપાદન કરે છે તે અસદાલંબનોને કહેવાની ઇચ્છાવાળા આચાર્ય કહે છે ⇨

धम्मनियत्तमईया परलोगपरम्मुहा विसयगिद्धा ।
चरणकरणे असत्ता सेणियरायं ववइसंति ॥११५८॥

व्याख्या—धर्मः-चारित्रधर्मः परिगृह्यते तस्मान्निवृत्ता मतिर्येषां ते धर्मनिवृत्तमतयः, परः-प्रधानो लोकः परलोको—मोक्षस्तत्पराङ्मुखाः 'विषयगृद्धाः' शब्दादिविषयानुरक्ताः, ते एवम्भूताश्चरणकरणे 'अशक्ताः' असमर्थाः सन्तः श्रेणिकरा★जानं व्यपदिशन्त्यालम्बनमिति गाथार्थः ॥११५८॥ कथं ?—

ण सेणिओ आसि तथा बहुस्सुओ, न यावि पन्नत्तिधरो न वायगो ।
सो आगमिस्साइ जिणो भविस्सइ, समिक्ख पन्नाइ वरं खु दंसणं ॥११५९॥

व्याख्या—न 'श्रेणिकः' नरपतिरासीत् 'तदा' तस्मिन् काले 'बहुश्रुतः' बह्वागमः महाकल्पादिश्रुतधर इत्यर्थः, 'न चापि प्रज्ञप्तिधरः' न चापि भगवतीवेत्ता 'न वाचकः' न पूर्वधरः, तथापि सोऽसहायदर्शनप्रभावादेव 'आगमिस्साए' त्ति आयत्यामागामिनि काले 'जिनो भविष्यति' तीर्थकरो भविष्यति, यतश्चैवमतः 'समीक्ष्य' दृष्ट्वा 'प्रज्ञया' बुद्ध्या दर्शनविपाकं तीर्थकराख्यफलप्रसाधकं 'वरं खु दंसण'न्ति खुशब्दस्यावधारणार्थत्वात् वरं दर्शनमेवाङ्गीकृतमिति वाक्यशेषः, अयं वृत्तार्थः ॥११५९॥

किं च—शक्य एवोपाये प्रेक्षावतः प्रवृत्तिर्युज्यते, न पुनरशक्ये शिरःशूलशमनाय तक्षकफणालङ्कारग्रहणकल्पे चारित्रे, चारित्रं च तत्त्वतः मोक्षोपायत्वे सत्यप्यशक्यासेवनं,

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ધર્મશબ્દથી અહીં ચારિત્રધર્મ જાણવો. તેમાંથી જેઓની મતિ નીકળી ગઈ છે તે ધર્મનિવૃત્તમતિવાળા, પરલોકથી=મોક્ષથી પરાઙ્મુખ, શબ્દાદિ વિષયોમાં આસક્ત, અને ચરણ-કરણમાં અસમર્થ થયેલા લોકો શ્રેણિકરાજાનું આલંબન કહે છે. ॥૧૧૫૮॥ કેવી રીતે આલંબન તરીકે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- શ્રેણિકરાજા પોતાના સમયમાં મહાકલ્પાદિશ્રુતને ધારણ કરનારો બહુશ્રુત નહોતો, એ જ પ્રમાણે તે ભગવતીસૂત્રને જાણતો નહોતો કે તે પૂર્વધર પણ નહોતો. છતાં તે શ્રેણિક જ્ઞાન-ચારિત્રના સહાય વિનાના એકલા ક્ષાયિકસમ્યક્ત્વના પ્રભાવથી જ ભવિષ્યકાલમાં તીર્થંકર થશે. તેથી તીર્થંકરરૂપ ફલને આપનાર એવા દર્શનના ફલને જોઈને બુદ્ધિવડે (અમે) દર્શનને જ શ્રેષ્ઠ તરીકે સ્વીકારીએ છીએ. (આ પ્રમાણે જ્ઞાન-ચારિત્રના પાલનમાં શિથિલ બનેલા લોકો શ્રેણિકરાજાનું દૃષ્ટાન્ત આપીને દર્શનને જ મુખ્ય બનાવે છે.) ॥૧૧૫૯॥

વળી શક્ય એવા ઉપાયમાં જ બુદ્ધિમાનની પ્રવૃત્તિ દેખાય છે, પરંતુ માથાના શૂલને દૂર કરવા તક્ષકજાતિના નાગના માથાનો મણિ ગ્રહણ કરવારૂપ અશક્યોપાયરૂપ ચારિત્રમાં પ્રવૃત્તિ

---

★ 'राजं' प्र० ।

सूक्ष्मापराधैरपि अनुपयुक्तगमनागमनादिभिर्विराध्यमानत्वादायासरूपत्वाच्च, नियमेन च छद्मस्थस्य तद्भ्रंश उपजायते सर्वस्यैवातः–

भट्ठेण चरित्ताओ सुट्ठुयरं दंसणं गहेयव्वं ।
सिज्झंति चरणरहिया दंसणरहिया न सिज्झंति ॥११६०॥

व्याख्या–'भ्रष्टेन' च्युतेन, कुतः ?-चारित्रात्, सुतरां 'दर्शनं' पुनर्बोधिलाभानुबन्धि ग्रहीतव्यं, शक्यमोक्षोपायत्वात्, तथा च–सिद्ध्यन्ति चरणरहिताः प्राणिनः-दीक्षाप्रवृत्त्यनन्तर-मृतान्तकृत्केवलिनः, दर्शनरहितास्तु न सिद्ध्यन्ति, अतो दर्शनमेव प्रधानं सिद्धिकारणं, तद्भावभावित्वादित्ययं गाथार्थः ॥११६०॥

इत्थं चोदकाभिप्राय उक्तः, साम्प्रतमसहायदर्शनपक्षे दोषा उच्यन्ते, यदुक्तं–'न श्रेणिक आसीत्तदा बहुश्रुत' इत्यादि, तन्न, तत एवासौ नरकमगमत्, असहायदर्शनयुक्तत्वात्, अन्येऽप्येवंविधा दशारसिंहादयो नरकमेव गता इति, आह च–

दसारसीहस्स य सेणियस्सा, पेढालपुत्तस्स य सच्चइस्स ।
अणुत्तरा दंसणसंपया तया, विणा चरित्तेणऽहरं गइं गया ॥११६१॥

---

દેખાતી નથી. કારણ કે ચારિત્ર એ મોક્ષનો ઉપાય હોવા છતાં વાસ્તવિકરૂપે તેનું પાલન અશક્ય છે, કારણ કે ઉપયોગ વિના ગમન-આગમન કરવું વિગેરે સુક્ષ્માપરાધોવડે પણ તે ચારિત્ર વિરાધિત થાય છે અને ઘણી મહેનતવાળું છે. અને આવું હોવાથી નિયમથી સર્વ છદ્મસ્થોને તે ચારિત્રનો ભંગ થાય છે. માટે ⇨

**ગાથાર્થ :- ચારિત્રથી ભ્રષ્ટ થયેલાએ સુતરાં દર્શન ગ્રહણ કરવું જોઈએ, કારણ કે ચારિત્રરહિત જીવ સિદ્ધ થાય છે પરંતુ દર્શનરહિત જીવ સિદ્ધ થતો નથી.**

ટીકાર્થ :- ભ્રષ્ટ થયેલાએ, ક્યાંથી ભ્રષ્ટ થયેલા ? - ચારિત્રથી ભ્રષ્ટ થયેલાએ ફરીથી બોધિલાભને આપનારું દર્શન સુતરાં ગ્રહણ કરવું જોઈએ, કારણ કે તે શક્ય એવા મોક્ષોપાયરૂપ છે. આ વાત યોગ્ય પણ છે કારણ કે દીક્ષા લીધા પછી તરત જ મૃત્યુ પામનારા એવા અંતકૃત્ કેવલીઓ ચારિત્રની કોઈપણ ક્રિયા કર્યા વિના જ સિદ્ધિગતિને પામે છે, જ્યારે દર્શનરહિત જીવો સિદ્ધિગતિને પામી શકતા નથી. તેથી દર્શન જ સિદ્ધિનું પ્રધાન કારણ છે, કારણ કે તેની હાજરીમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ॥૧૧૬૦॥

આ પ્રમાણે શિષ્યનો અભિપ્રાય કહ્યો. હવે જ્ઞાન-ચારિત્રની સહાય વિનાના એકલા દર્શનપક્ષમાં દોષો કહેવાય છે. તેમાં પૂર્વે શિષ્યે જે કહ્યું કે – શ્રેણિક બહુશ્રુત નહોતો વિગેરે. તે યુક્ત નથી. કારણ કે જ્ઞાન-ચારિત્ર વિનાનું એકલું સમ્યક્ત્વ હોવાથી જ તે નરકમાં ગયો. (અર્થાત્ જ્ઞાન-ચારિત્ર ન હતા માટે જ નરકમાં ગયો.) બીજા પણ માત્ર સમ્યક્ત્વવાળા કૃષ્ણ વિગેરે નરકમાં જ ગયા છે. કહ્યું છે ⇨

**ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.**

व्याख्या–'दशारसिंहस्य' अरिष्टनेमिपितृव्यपुत्रस्य 'श्रेणिकस्य च' प्रसेनजित्पुत्रस्य पेढालपुत्रस्य च सत्यकिनः 'अनुत्तरा' प्रधाना क्षायिकीति यदुक्तं भवति, का ?-दर्शनसम्पत् 'तदा' तस्मिन् काले, तथाऽपि विना चारित्रेण 'अधरां गतिं गता' नरकगतिं प्राप्ता इति वृत्तार्थः ॥११६१॥

किं च–

सव्वाओवि गईओ अविरहिया नाणदंसणधरेहिं ।
ता मा कासि पमायं नाणेण चरित्तरहिएणं ॥११६२॥

व्याख्या–'सर्वा अपि' नारकतिर्यग्नरामरगतयः 'अविरहिताः' अविमुक्ताः, कैः ?–ज्ञानदर्शनधरैस्सत्त्वैः, यतः-सर्वास्वेव सम्यक्त्वश्रुतसामायिकद्वयमस्त्येव, न च नरगतिव्यतिरेकेणान्यासु मुक्तिः, चारित्राभावात्, तस्माच्चारित्रमेव प्रधानं मुक्तिकारणं, तद्भावभावित्वादिति, यस्मादेवं 'तं मा कासि पमायं'ति तत्-तस्मान्मा कार्षीः प्रमादं, ज्ञानेन चारित्ररहितेन, तस्येष्टफलासाधकत्वात्, ज्ञानग्रहणं च दर्शनोपलक्षणार्थमिति गाथार्थः ॥११६२॥

इतश्च चारित्रमेव प्रधानं, नियमेन चारित्रयुक्त एव सम्यक्त्वसद्भावाद्, आह च–

---

ટીકાર્થ :- અરિષ્ટનેમિના પિતરાઈ ભાઈ કૃષ્ણ, પ્રસેનજિત્‌ના પુત્ર શ્રેણિક અને પેઢાલપુત્ર સત્યકી, આ ત્રણે પાસે અનુત્તર=ક્ષાયિક એવી દર્શનસંપત્તિ તે કાલમાં હતી. છતાં પણ ચારિત્ર વિના તેઓ નરકગતિને પામ્યા. ॥૧૧૬૧॥ વળી ⇨

**ગાથાર્થ :- જ્ઞાન-દર્શનધરોવડે બધી ગતિઓ અવિરહિત છે. તેથી ચારિત્રરહિત એવા જ્ઞાનવડે પ્રમાદ કરતો નહીં.**

ટીકાર્થ :- નારક, તિર્યંચ, નર, દેવ આમ બધી ગતિઓ અવિરહિત છે. કોનાવડે ? જ્ઞાન-દર્શન ધરનારા જીવોવડે (અર્થાત્ જ્ઞાન-દર્શનવાળા જીવો બધી ગતિમાં છે.) કારણ કે બધી ગતિમાં સમ્યક્ત્વ અને શ્રુતસામાયિક તો છે જ. છતાં મનુષ્યગતિ સિવાય અન્ય કોઈ ગતિમાં મોક્ષ પ્રાપ્ત થતો નથી, કારણ કે અન્ય ગતિઓમાં ચારિત્ર નથી. (આમ, સમ્યક્ત્વ હોવા છતાં ચારિત્ર ન હોવાથી મુક્તિ પ્રાપ્ત થતી નથી.) માટે ચારિત્ર જ મુક્તિનું પ્રધાન કારણ છે, કારણ કે ચારિત્રની હાજરીમાં જ મુક્તિની પ્રાપ્તિ છે.

જે કારણથી આ પ્રમાણે છે તે કારણથી ચારિત્રથી રહિત એકલા જ્ઞાનમાત્રથી, અહીં જ્ઞાનના ગ્રહણથી દર્શનનું ગ્રહણ પણ જાણી લેવું. તેથી ચારિત્રથી રહિત દર્શનમાત્રથી (=જ્ઞાન કે દર્શન હોવા માત્રથી) પ્રમાદ કરીશ નહીં, કારણ કે તે જ્ઞાન કે દર્શન ઈષ્ટફલના સાધક નથી. ॥૧૧૬૨॥

**અવતરણિકા :-** અને આ કારણથી પણ ચારિત્ર જ પ્રધાન છે. (તે કયું કારણ છે ? તે કહે છે –) નિયમથી ચારિત્રધર જીવને જ સમ્યક્ત્વ હોય. કહ્યું છે ⇨

सम्मत्तं अचरित्तस्स हुज्ज भयणाइ नियमसो नत्थि ।
जो पुण चरित्तजुत्तो तस्स उ नियमेण सम्मत्तं ॥११६३॥

व्याख्या—'सम्यक्त्वं' प्राग्वर्णितस्वरूपम् 'अचारित्रस्य' चारित्ररहितस्य प्राणिनो भवेत् 'भजनया' विकल्पनया—कदाचिद्भवति कदाचिन्न भवति, 'नियमशो नास्ति' नियमेन न विद्यते, प्रभूतानां चारित्ररहितानां मिथ्यादृष्टित्वात्, यः पुनश्चारित्रयुक्तः सत्त्वस्तस्यैव, तुशब्दस्यावधारणार्थत्वात्, 'नियमेन' अवश्यंतया सम्यक्त्वम्, अतः सम्यक्त्वस्यापि नियमतश्चारित्रयुक्त एव भावात्प्राधान्यमिति गाथार्थः ॥११६३॥ किं च—

जिणवयणबाहिरा भावणाहिं उव्वट्टणं अयाणंता ।
नेरइयतिरियएगिंदिएहि जह सिज्झई जीवो ॥११६४॥

व्याख्या—'जिनवचनबाह्या' यथावस्थितागमपरिज्ञानरहिताः प्रत्येकं ज्ञानदर्शननयावलम्बिनः 'भावणाहिं' ति उक्तेन न्यायेन ज्ञानदर्शनभावनाभ्यां सकाशात्, मोक्षमिच्छन्तीति वाक्यशेषः, 'उद्वर्तनामजानानाः' नारकतिर्यगेकेन्द्रियेभ्यो यथा सिद्ध्यति जीवस्तथोद्वर्तनामजानाना इति योगः, इयमत्र भावना—ज्ञानदर्शनभावेऽपि न नारकादिभ्योऽनन्तरं मनुष्यभावमप्राप्य सिद्ध्यति

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પૂર્વે વર્ણન કરાયેલ સ્વરૂપવાળું સમ્યક્ત્વ ચારિત્રરહિત જીવને વિકલ્પનાવડે હોઈ શકે અર્થાત્ ક્યારેક હોય, ક્યારેક ન હોય. પરંતુ નિયમથી હોય જ એવું નથી, કારણ કે ચારિત્રરહિત ઘણા જીવો મિથ્યાત્વી હોય છે. જે વળી ચારિત્રથી યુક્ત જીવ છે. 'તુ' શબ્દ જકાર અર્થવાળો હોવાથી તેને જ=ચારિત્રધર જીવને જ અવશ્ય સમ્યક્ત્વ હોય છે. આથી સમ્યક્ત્વ પણ નિયમથી ચારિત્રયુક્ત જીવમાં જ હોવાથી ચારિત્રનું પ્રાધાન્ય છે. ॥૧૧૬૩॥ વળી ⇨

ગાથાર્થ :- નારક, તિર્યંચ અને એકેન્દ્રિયમાંથી નીકળીને જે રીતે જીવ સિદ્ધ થાય છે તે રીતની ઉદ્‌વર્તનાને નહીં જાણતા, જિનવચનથી બાહ્ય એવા જ્ઞાનનય અને દર્શનનય (ક્રમશઃ) એકલા જ્ઞાન અને એકલા દર્શનરૂપ ભાવનાથી (મોક્ષ ઇચ્છે છે.)

ટીકાર્થ :- જિનવચનથી બાહ્ય એટલે કે યથાવસ્થિતાગમના બોધથી રહિત એવા દરેક એટલે કે જ્ઞાનનયનું આલંબન લેનારા અને દર્શનનયનું આલંબન લેનારા, કહેવાયેલ પદ્ધતિવડે (અર્થાત્ જ્ઞાન જ મુક્તિનું પ્રધાન કારણ છે અથવા દર્શન જ મુક્તિનું પ્રધાન કારણ છે. એ રીતે) માત્ર જ્ઞાન અને દર્શનની ભાવનાવડે મોક્ષને ઇચ્છે છે. એ પ્રમાણે વાક્યની પૂર્ણાહૂતિ કરવી. ઉદ્‌વર્તનાને નહીં જાણતા એટલે કે નારક, તિર્યંચ, એકેન્દ્રિયભવમાંથી જે રીતે જીવ સિદ્ધ થાય છે તે રીતને નહીં જાણતા - એ પ્રમાણે અન્વય જોડવો.

આશય એ છે કે - નારક-તિર્યંચભવમાં જ્ઞાન-દર્શન હોવા છતાં પણ જ્યાં સુધી મનુષ્યભવ પામે નહીં (=મનુષ્યભવમાં આવીને ચારિત્ર પામે નહીં) ત્યાં સુધી કોઈ જીવ સિદ્ધ થતો નથી,

कश्चित्, चरणाभावात्, तेनानयोः केवलयोरहेतुत्वं मोक्षं प्रति, तेभ्य एवैकेन्द्रियेभ्यश्च ज्ञानादिरहितेभ्योऽप्युद्वृत्ता मनुष्यत्वमपि प्राप्य चारित्रपरिणामयुक्त एव सिद्ध्यति, नायुक्तोऽकर्मभूमिकादिः, अत इयमुद्वर्तना कारणवैकल्यं सूचयतीति गाथार्थः ॥११६४॥

पुनरपि चारित्रपक्षमेव समर्थयन्नाह–

**सुट्ठुवि सम्मद्दिट्ठी न सिज्झई चरणकरणपरिहीणो ।**
**जं चेव सिद्धिमूलं मूढो तं चेव नासेइ ॥११६५॥**

व्याख्या–'सुष्ठ्वपि' अतिशयेनापि सम्यग्दृष्टिर्न सिद्ध्यति, किम्भूतः ?–चरणकरणपरिहीणः तद्वादमेव च समर्थयन्, किमिति ?–'यदेव सिद्धिमूलं' यदेव मोक्षकारणं सम्यक्त्वं मूढस्तदेव नाशयति केवलतद्वादसमर्थनेन, 'एक्कंपि असद्दहंतो मिच्छत्तं' ति वचनात्, अथवा सुष्ठ्वपि

---

કારણ કે નારક-તિર્યંચ ભવમાં જ્ઞાન - દર્શન હોવા છતાં ચારિત્રનો અભાવ છે. માટે એકલા એવા આ જ્ઞાન-દર્શન મોક્ષ પ્રત્યે કારણ બનતા નથી. તે જ નારક-તિર્યંચમાંથી અને જ્ઞાનાદિથી રહિત એવા એકેન્દ્રિયમાંથી નીકળેલા જીવો મનુષ્યત્વને પામીને ચારિત્રપરિણામથી યુક્ત બને તો જ સિદ્ધ થાય છે. (અર્થાત્ મનુષ્યત્વને પામ્યા પછી પણ જો ચારિત્રપરિણામ ન આવે તો સિદ્ધ થતાં નથી. જેમ કે) ચારિત્રપરિણામને પામ્યા વિનાના અકર્મભૂમિ વિગેરેમાં રહેલા મનુષ્યો સિદ્ધ થતાં નથી.

(ભાવાર્થ :- જો એકલું જ્ઞાન કે એકલું દર્શન મોક્ષ પ્રત્યે કારણ હોય તો નારક - તિર્યંચમાંથી જ સીધા મોક્ષમાં જવાત, પણ આવું થતું નથી. ત્યાંથી નીકળી મનુષ્યમાં આવવું પડે કારણ કે ત્યાં જ ચારિત્ર છે. તેથી મનુષ્યભવમાં આવીને ચારિત્રપરિણામ પામે તો જ જીવ સિદ્ધ થાય છે. આવા પ્રકારની ઉદ્વર્તનાવિધિને તેઓ જાણતા નથી.) આથી આ ઉદ્વર્તના એ કારણની વિકલતાને (=સામગ્રીની અસંપૂર્ણતાને) સૂચવે છે. (એટલે કે નારકાદિના જીવોને પોતાના ભવમાંથી નીકળીને મનુષ્યભવમાં આવવું પડે, ત્યાં ચારિત્રપરિણામ પામવો પડે, આને ઉદ્વર્તના કહેવાય. આવા પ્રકારની ઉદ્વર્તના જ જણાવે છે કે તે નારકાદિભવમાં મોક્ષ પ્રત્યેની સામગ્રી સંપૂર્ણ નથી. માટે ત્યાંથી સીધા મોક્ષમાં જવાતું નથી.) ॥૧૧૬૪॥

અવતરણિકા :- ફરી પણ ચારિત્રપક્ષનું જ સમર્થન કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- સારો એવો પણ સમ્યગ્દૃષ્ટિ ચરણ-કરણથી રહિત હોય તો સિદ્ધ થતો નથી, કારણ કે તે મૂઢ જે વળી સિદ્ધનું મૂળ છે તેનો જ નાશ કરે છે.

ટીકાર્થ :- સમ્યગ્દર્શનરૂપ અતિશય હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ જો ચરણ-કરણસિત્તરીથી રહિત હોય અને માત્ર સમ્યગ્દર્શનનું જ સમર્થન કરતો રહેતો હોય તો તે મોક્ષને પામતો નથી. શા માટે પામતો નથી ? કારણ કે તે મુગ્ધ જીવ મોક્ષના કારણભૂત એવું જે સમ્યક્ત્વ છે, માત્ર તેનું જ સમર્થન કરવાવડે તે સમ્યક્ત્વનો જ નાશ કરે છે, કારણ કે એક વચનની પણ અશ્રદ્ધા કરતો જીવ મિથ્યાત્વી છે એવું વચન છે. (અર્થાત્ જ્ઞાન-ચારિત્રવિનાના એકલા સમ્યક્ત્વનું સમર્થન કરતો જીવ જ્ઞાન-ચારિત્રની અશ્રદ્ધાને કારણે પોતાના જ સમ્યક્ત્વનો નાશ કરે છે.)

सम्यग्दृष्टिः क्षायिकसम्यग्दृष्टिरपीत्यर्थः, न सिद्ध्यति चरणकरणपरिहीणः, श्रेणिकादिवत्, किमिति ?–यदेव सिद्धिमूलं चरणकरणं मूढस्तदेव नाशयत्यनासेवनयेति गाथार्थः ॥११६५॥

किं च–अयं केवलदर्शनपक्षो न भवत्येवागमविदः सुसाधोः, कस्य तर्हि भवति ?, अत आह–

दंसणपक्खो सावय चरित्तभट्ठे य मंदधम्मे य ।
दंसणचरित्तपक्खो समणे परलोगकंखिम्मि ॥११६६॥

व्याख्या–दर्शनपक्षः 'श्रावके' अप्रत्याख्यानकषायोदयवति भवति 'चारित्रभ्रष्टे च' कस्मिंश्चिदव्यवस्थितपुराणे 'मन्दधर्मे च' पार्श्वस्थादौ, दर्शनचारित्रपक्षः श्रमणे भवति, किम्भूते ?–परलोककाङ्क्षिणि, सुसाधावित्यर्थः, प्राकृतशैल्या चेह सप्तमी षष्ठ्यर्थ एव द्रष्टव्या, दर्शनग्रहणाच्च ज्ञानमपि गृहीतमेव द्रष्टव्यम्, अतो दर्शनादिपक्षस्त्रिरूपो वेदितव्य इति गाथार्थः ॥११६६॥

अपरस्त्वाह–यद्येवं बह्वीभिरुपपत्तिभिश्चारित्रं प्रधानमुपवर्ण्यते भवता ततस्तदेवास्तु, अलं ज्ञानदर्शनाभ्यामिति, न, तस्यैव तद्व्यतिरेकेणासम्भवाद्, आह च–

पारंपरप्पसिद्धी दंसणनाणेहिं होइ चरणस्स ।
पारंपरप्पसिद्धी जह होइ तहऽन्नपाणाणं ॥११६७॥

---

અથવા સુષ્ઠુ એવો પણ સમ્યક્ત્વી એટલે કે ક્ષાયિકસમ્યક્ત્વી પણ શ્રેણિકાદિની જેમ ચરણ-કરણથી રહિત હોવાથી સિદ્ધિને પામતો નથી. શા માટે ? કારણ કે તે મુગ્ધજીવ જે ચરણ-કરણસિત્તરી સિદ્ધિના મૂલરૂપ છે, તેને જ સેવતો ન હોવાથી તે ચરણ-કરણનો નાશ કરે છે. (માટે સિદ્ધિ ક્યાંથી પ્રાપ્ત થાય ?) ॥૧૧૬૫॥

અવતરણિકા :- આ એકલા દર્શનનો પક્ષ આગમજ્ઞ એવા સુસાધુને હોતો નથી. તો કોને હોય છે ? તે કહે છે ➩

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- અપ્રત્યાખ્યાનકષાયના ઉદયવાળા એવા શ્રાવકમાં=અવિરતસમ્યગ્દૃષ્ટિમાં, ચારિત્રમાં અવ્યવસ્થિત=ભ્રષ્ટ એવા પુરાણમાં, (દીક્ષા છોડી દેનારને પુરાણ કહેવાય છે.) અને પાર્શ્વસ્થાદિ મંદધર્મીમાં દર્શનપક્ષ છે. તથા શ્રમણમાં, કેવા પ્રકારના શ્રમણમાં ? – પરલોકકાંક્ષી એવા સુસાધુમાં દર્શન અને ચારિત્રનો પક્ષ છે. પ્રાકૃત હોવાથી મૂળમાં ષષ્ઠીઅર્થમાં સપ્તમીવિભક્તિ (समणे) જાણવી. અને દર્શનના ગ્રહણથી જ્ઞાન પણ ગ્રહણ કરેલું જાણવું. માટે શ્રમણનો દર્શનાદિ ત્રણ પ્રકારનો પક્ષ જાણવો. ॥૧૧૬૬॥

અવતરણિકા :- શંકા :- જો આ પ્રમાણે ઘણી બધી યુક્તિઓ દ્વારા તમે ચારિત્ર પ્રધાન તરીકે જણાવો છો, તો ચારિત્રનો જ પક્ષ રાખવો જોઈએ, જ્ઞાન-દર્શનની શી જરૂર છે ?

સમાધાન :- આ વાત યોગ્ય નથી, કારણ કે જ્ઞાન-દર્શન વિના ચારિત્ર સંભવતું જ નથી. કહ્યું છે ➩

ગાથાર્થ :- જેમ લોકમાં અન્ન-પાનની પરંપરાએ પ્રસિદ્ધિ થાય છે, તેમ દર્શન-જ્ઞાનવડે

व्याख्या—पारम्पर्येण प्रसिद्धिः पारम्पर्यप्रसिद्धिः-स्वरूपसत्ता, एतदुक्तं भवति-दर्शनाज्ज्ञानं, ज्ञानाच्चारित्रम्, एवं पारम्पर्येण चरणस्वरूपसत्ता, सा दर्शनज्ञानाभ्यां सकाशाद्भवति चरणस्य, अतस्तद्भावभावित्वाच्चरणस्य त्रितयमप्यस्तु, लौकिकं न्यायमाह—पारम्पर्यप्रसिद्धिर्यथा भवति तथाऽन्नपानयोर्लोकेऽपि प्रतीतैवेति क्रिया, तथा चान्नार्थी स्थालीन्धनाद्यपि गृह्णाति पानार्थी च द्राक्षाद्यपि, अतस्त्रितयमपि प्रधानमिति गाथार्थः ॥११६७॥

आह—यद्येवमतस्तुल्यबलत्वे सति ज्ञानादीनां किमित्यस्थानपक्षपातमाश्रित्य चारित्रं प्रशस्यते भवतेति ?, अत्रोच्यते—

जम्हा दंसणनाणा संपुण्णफलं न दिंति पत्तेयं ।
चारित्तजुया दिंति उ विसिस्सए तेण चारित्तं ॥११६८॥

व्याख्या—यस्माद्दर्शनज्ञाने 'सम्पूर्णफलं' मोक्षलक्षणं 'न ददतः' न प्रयच्छतः प्रत्येकं, चारित्रयुक्ते दत्ते एव, विशेष्यते तेन चारित्रं, तस्मिन्सति फलभावादिति गाथार्थः ॥११६८॥

आह—विशिष्यतां चारित्रं, किन्तु—

---

ચારિત્રની પરંપરાએ પ્રસિદ્ધિ થાય છે.

ટીકાર્થ :- પરંપરાએ પ્રસિદ્ધિ તે પારંપર્યપ્રસિદ્ધિ અર્થાત્ પરંપરાએ સ્વરૂપની સત્તા. આશય એ છે કે - દર્શનથી જ્ઞાન, જ્ઞાનથી ચારિત્ર. આ પ્રમાણે પરંપરાએ ચારિત્રની સ્વરૂપસત્તા પ્રાપ્ત થાય છે. (અર્થાત્ આત્મામાં ચારિત્રના પરિણામોની વિદ્યમાનતા થાય છે.) ચારિત્રની આ સ્વરૂપસત્તા દર્શન-જ્ઞાનવડે થાય છે. માટે દર્શન-જ્ઞાનની હાજરીમાં ચારિત્ર પ્રાપ્ત થતું હોવાથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિતય આવશ્યક છે.

આ વિષયમાં લૌકિકન્યાય કહે છે – જે રીતે અન્ન-પાનની પરંપરાએ પ્રસિદ્ધિ થાય છે, તે રીતે લોકમાં પણ પ્રસિદ્ધ છે. જેમ કે, અન્નનો અર્થી વાસણ, ઇંધણ વિગેરે ગ્રહણ કરે છે અને પાણીનો અર્થી દ્રાક્ષ વિગેરેને પણ ગ્રહણ કરે છે. (ટૂંકમાં જેમ ઇચ્છા અન્નની છે તો થાળી ગ્રહણ થાય તેમ ચારિત્રાર્થી દર્શન-જ્ઞાનનો પણ અર્થી હોય માટે) દર્શનાદિ ત્રણે પ્રધાન છે. ॥૧૧૬૭॥

અવતરણિકા :- શંકા :- જો આ રીતે દર્શનાદિ ત્રણે-ત્રણ તુલ્યબળવાળા હોય તો માત્ર ચારિત્રરૂપ અસ્થાનમાં પક્ષપાત કરીને તમે ચારિત્રની શા માટે પ્રશંસા કરો છો ? અહીં સમાધાન અપાય છે કે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- કારણ કે એકલા દર્શન કે જ્ઞાન મોક્ષરૂપ સંપૂર્ણફલને આપી શકતા નથી, પરંતુ ચારિત્રથી યુક્ત થાય તો આપે જ છે. તેથી અમે ચારિત્રની વિશેષ પ્રશંસા કરીએ છીએ, કારણ કે ચારિત્ર સાથે હોય તો ફલ પ્રાપ્ત થાય છે. ॥૧૧૬૮॥

અવતરણિકા :- શંકા :- ભલે ચારિત્રની વિશેષરૂપે પ્રશંસા કરો પરંતુ ⇨

उज्जममाणस्स गुणा जह हुंति ससत्तिओ तवसुएसुं ।
एमेव जहासत्ती संजममाणे कहं न गुणा ? ॥११६९॥

व्याख्या–'उज्जममाणस्स'त्ति उद्यच्छतः-उद्यमं कुर्वतः साधोः, क्व ?-तपःश्रुतयोरिति योगः, 'गुणाः' तपोज्ञानावाप्तिनिर्जरादयो यथा भवन्ति 'स्वशक्तितः' स्वशक्त्योद्यच्छतः, एवमेव 'यथाशक्ति' शक्त्यनुरूपमित्यर्थः, 'संजममाणे कहं न गुण'त्ति संयच्छमाने-संयमं पृथिव्यादिसंरक्षणादिलक्षणं कुर्वति सति साधौ कथं न गुणाः ?, गुणा एवेत्यर्थः, अथवा कथं न गुणा येनाविकलसंयमानुष्ठानरहितो विराधकः प्रतिपाद्यत इति ? ॥११६९॥ अत्रोच्यते–

अणिगूहंतो विरियं न विराहेइ चरणं तवसुएसुं ।
जइ संजमेऽवि विरियं न निगूहिज्जा न हाविज्जा ॥११७०॥

व्याख्या–'अनिगूहन् वीर्यं' प्रकटयन् सामर्थ्यं यथाशक्त्या, क्व ?–तपःश्रुतयोरिति योगः, किं ? 'न विराधयति चरणं' न खण्डयति चारित्रं यदि 'संयमेऽपि' पृथिव्यादि-

---

ગાથાર્થ :- તપ અને શ્રુતમાં સ્વશક્તિથી ઉદ્યમ કરનારાને જેમ ગુણો થાય છે, તેમ યથાશક્તિ સંયમ પાલન કરનારાને ગુણો કેમ ન થાય ?

ટીકાર્થ :- (અહીં આશય એ છે કે - તમે ચારિત્રની પ્રશંસા ભલે કરો. પરંતુ યથાશક્તિ=સૂક્ષ્મ રીતે નહીં, પણ જેટલાંશે શક્ય બને તેટલાંશે સંયમજીવનનું પાલન કરીએ તો પણ ગુણો થવા જોઈએ. આવા આશયથી શિષ્ય પ્રશ્ન પૂછે છે કે -) ઉદ્યમ કરતાં સાધુને, ક્યાં ઉદ્યમ કરતાં ? તપ અને શ્રુતમાં ઉદ્યમ કરતાં સાધુને તપ અને જ્ઞાનની પ્રાપ્તિ, નિર્જરા વિગેરે ગુણો જેમ થાય છે. (કેવી રીતે ઉદ્યમ કરતાં ? –) સ્વશક્તિથી ઉદ્યમ કરતાં. (અન્વય ગાથાર્થ પ્રમાણે.)

તેમ, શક્તિ અનુસારે પૃથ્વી વિગેરે જીવોના સંરક્ષણાદિરૂપ સંયમને કરતાં સાધુને ગુણો કેમ ન થાય ? અર્થાત્ ગુણો પ્રાપ્ત થાય જ. અથવા આ રીતે સંયમને પાળતાં સાધુને શા માટે ગુણો પ્રાપ્ત થતાં નથી ? કે જેથી તમે સંપૂર્ણ સંયમાનુષ્ઠાનોથી રહિત સાધુને વિરાધક કહો છો ? (અહીં પ્રથમ વિકલ્પમાં શિષ્ય યથાશક્તિ સંયમ પાલનારને ગુણો જ થાય છે એવું માને છે. 'અથવા' કરીને જે બીજો વિકલ્પ છે. તેમાં યથાશક્તિ સંયમ પાલનારને ગુણો કેમ પ્રાપ્ત થતાં નથી ? એ પ્રશ્ન પૂછ્યો છે. આશય એ કે બધો જ તપ કરવો જરૂરી નથી શક્તિ પ્રમાણે કરવાનો, તો ગુણ થાય તો પછી ચારિત્રમાં પૂર્ણચારિત્રનો આગ્રહ કેમ ?) ॥૧૧૬૯॥ આચાર્ય હવે એનો જવાબ આપે છે ⇨

ગાથાર્થ :- તપ-શ્રુતમાં વીર્યને ફોરવતો સાધુ ચારિત્રની વિરાધના કરતો નથી જો, સંયમમાં પણ વીર્યને ગોપવે નહીં, સંયમને ખંડિત કરે નહીં.

ટીકાર્થ :- યથાશક્તિ સામર્થ્યને પ્રકટ કરતો સાધુ, શેમાં સામર્થ્ય પ્રકટ કરતો ? તપ-શ્રુતમાં એ પ્રમાણે અન્વય જોડવો. માટે તપ-શ્રુતમાં સામર્થ્યને પ્રકટ કરતો સાધુ શું નથી કરતો ? – ચારિત્રને ખંડિત કરતો નથી. જો તે પૃથ્વી વિગેરે જીવોના સંરક્ષણાદિરૂપ સંયમમાં

संरक्षणादिलक्षणे 'वीर्यं' सामर्थ्यमुपयोगादिरूपतया 'न निगूहयेत्' न प्रच्छादयेन्मातृस्थानेन 'न हाविज्ज'त्ति ततो न हापयेत् संयमं न खण्डेत्, स्यादेव संयमगुणा इति गाथार्थः ॥११७०॥

संजमजोएसु सया जे पुण संतविरियावि सीयंति ।
कह ते विसुद्धचरणा बाहिरकरणालसा हुंति ? ॥११७१॥

व्याख्या–'संयमयोगेषु' पृथिव्यादिसंरक्षणादिव्यापारेषु 'सदा' सर्वकालं ये पुनः प्राणिनः 'संतविरियावि सीयंति'त्ति विद्यमानसामर्थ्या अपि नोत्सहन्ते, कथं ते विशुद्धचरणा भवन्तीति योगः ?, नैवेत्यर्थः, बाह्यकरणालसाः सन्तः-प्रत्युपेक्षणादिबाह्यचेष्टारहिता इति गाथार्थः ॥११७१॥

आह–ये पुनरालम्बनमाश्रित्य बाह्यकरणालसा भवन्ति तेषु का वार्तेति ?, उच्यते–

आलंबणेण केणइ जे मन्ने संयमं पमायंति ।
न हु तं होइ पमाणं भूयत्थगवेसणं कुज्जा ॥११७२॥

व्याख्या–आलम्ब्यत इत्यालम्बनं-प्रपततां साधारणस्थानं तेनालम्बनेन 'केनचित्' अव्यवच्छित्त्यादिना ये प्राणिनः 'मन्य' इति एवमहं मन्ये 'संयमम्' उक्तलक्षणं 'प्रमादयन्ति'

---

પણ સામર્થ્યને ઉપયોગાદિરૂપે માયાથી છુપાવે નહીં. (અર્થાત્ કોઈપણ જાતની માયા કર્યા વિના જે યોગમાં જેટલા સામર્થ્યની જરૂર પડે તેટલા સામર્થ્યનો ઉપયોગ કરે જ.) તેથી=જો આ રીતે વીર્ય ફોરવે તો તે ચારિત્રને ખંડિત કરતો નથી પણ ઊલટું સંયમના ગુણો તેને પ્રાપ્ત થાય છે. (ભાવાર્થ : [H]તપ-શ્રુતમાં પણ શક્તિ છુપાવવાની નથી. એ જ રીતે સંયમમાં પણ જો સાધુ શક્તિ છુપાવે નહીં તો તે વિરાધક બનતો નથી.) ॥૧૧૭૦॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પૃથ્વાદિ જીવોના સંરક્ષણાદિવ્યાપારોમાં સર્વકાલ જે જીવો સામર્થ્ય હોવા છતાં પણ ઉત્સાહિત થતાં નથી. તે પ્રત્યુપેક્ષણાદિ બાહ્યક્રિયાઓથી રહિત જીવો કેવી રીતે વિશુદ્ધ-ચારિત્રવાળા થાય ? અર્થાત્ ન જ થાય. (આશય એ છે કે - પૂર્વે ગા. ૧૧૬૯માં શિષ્યે પ્રશ્ન પૂછ્યો હતો કે – યથાશક્તિ=સૂક્ષ્મ કાળજી રાખ્યા વિના સંયમ પાલનારને કેમ ગુણો થતાં નથી ? તેનો અહીં જવાબ આપ્યો કે – આવા જીવો પૃથ્વ્યાદિજીવોના સંરક્ષણાદિનું સામર્થ્ય હોવા છતાં પોતાનું સામર્થ્ય ફોરવતાં નથી. માટે તેઓ વિશુદ્ધ-ચારિત્રવાળા=વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ કરતા નથી.) ॥૧૧૭૧॥

અવતરણિકા :- શંકા :- જેઓ આલંબનનો આશ્રય લઈને બાહ્યક્રિયાઓમાં આળસ કરે છે. તેઓ વિશુદ્ધચારિત્રવાળા કહેવાય કે નહીં ? તેનું સમાધાન આગળ આપે છે ⇨

**ગાથાર્થ :- હું એવું માનું છું કે જે કેટલાકો આલંબનના આધારે સંયમમાં પ્રમાદ કરે છે, તેઓનું તે આલંબન પ્રમાણભૂત નથી. આ વિષયમાં વાસ્તવિકતાની ગવેષણા કરવી જોઈએ.**

ટીકાર્થ :- પડતા એવા જીવ માટે જે સાધારણસ્થાન (=આલંબન તરીકે બધા માટે એક-સરખું જે સ્થાન) હોય તે આલંબન કહેવાય છે. આવા અવ્યવચ્છિત્તિ વિગેરે આલંબનોવડે જે

परित्यजन्ति, 'न हु तं होइ पमाणं' नैव तदालम्बनमात्रं भवति प्रमाणम्-आदेयं, किन्तु 'भूतार्थगवेषणं कुर्यात्' तत्त्वार्थान्वेषणं कुर्यात्-किमिदं पुष्टमालम्बनम् ? आहोस्विन्नेति, यद्यपुष्टमविशुद्धचरणा एव ते, अथ पुष्टं विशुद्धचरणा इति गाथार्थः ॥११७२॥

अपरस्त्वाह–आलम्बनात्को विशेष उपजायते ? येन विशुद्धचरणा भवन्तीति, अत्र दृष्टान्तमाह–

सालंबणो पडंतो अप्पाणं दुग्गमेऽवि धारेइ ।
इय सालंबणसेवा धारेइ जइं असढभावं ॥११७३॥

व्याख्या–इहालम्बनं द्विविधं भवति-द्रव्यालम्बनं भावालम्बनं च, द्रव्यालम्बनं गर्तादौ प्रपतता यदालम्ब्यते द्रव्यं, तदपि द्विविधम्-पुष्टमपुष्टं च, तत्रापुष्टं दुर्बलं कुशवच्चकादि, पुष्टं तु बलवत्कठिनवल्ल्यादि, भावालम्बनमपि पुष्टापुष्टभेदेन द्विधैव, तत्रापुष्टं ज्ञानाद्यनुपकारकं, तद्विपरीतं तु पुष्टमिति, तच्चेदं–

---

પ્રાણીઓ=જીવો કહેવાયેલા એવા સ્વરૂપવાળા સંયમને છોડી દે છે. તે આલંબનમાત્ર આદેય બનતું નથી એવું હું માનું છું. (આશય એ છે કે - સંયમજીવનમાં વધુ પડતા કડક નિયમો રાખીએ તો કોઈ દીક્ષા લેવા તૈયાર થશે નહીં, અને તેથી જતે દિવસે દીક્ષા ન થવાથી સાધુઓની સંખ્યા ઓછી થતાં ધીરે ધીરે તીર્થની વ્યવચ્છિત્તિ=નાશ થઈ જશે. આ રીતે નાશ ન થાય તે માટે દીક્ષાજીવનમાં=સંયમમાં થોડી છૂટછાટ ચાલે કોઈ વાંધો નથી. આ રીતે તીર્થાદિની અવ્યવછિત્તિ વિગેરે આલંબનો લઈને જેઓ સંયમમાં છૂટછાટ લે છે તેઓનું આ આલંબનમાત્ર પ્રમાણભૂત બનતું નથી.)

પરંતુ અહીં તત્ત્વાર્થ=વાસ્તવિકતાની ગવેષણા કરવી જોઈએ કે તેઓનું આ આલંબન પુષ્ટ=વાસ્તવિક છે કે નથી ? જો અપુષ્ટ હોય તો તેઓ અવિશુદ્ધચારિત્રવાળા જ છે એવું જાણવું અને જો પુષ્ટ છે તો વિશુદ્ધચારિત્રવાળા છે એમ જાણવું. ॥૧૧૭૨॥

અવતરણિકા :- બીજો શિષ્ય પૂછે છે કે – આલંબનથી એવું તો શું થાય છે કે જેથી જો આલંબન શુદ્ધ હોય તો તેઓ વિશુદ્ધચારિત્રવાળા બને છે ? આ વિષયમાં આચાર્ય દૃષ્ટાન્ત આપે છે ⇨

ગાથાર્થ :- ખાડા વિગેરે દુર્ગમસ્થાનોમાં પણ (દોરડા વિ.) આલંબન સાથે પડતો જીવ પોતાને જેમ ધારી રાખે છે. તેમ આલંબન સાથેનું સાવદ્યાચરણ અશઠભાવવાળા યતિને ધારી રાખે છે.

ટીકાર્થ :- અહીં આલંબન બે પ્રકારનું જાણવું → દ્રવ્યાલંબન અને ભાવાલંબન. ખાડા વિગેરેમાં પડતો જીવ જે દોરડું વિગેરે દ્રવ્યનો આધાર લે છે તે દ્રવ્યાલંબન છે. તે પણ પુષ્ટ=સબળું અને અપુષ્ટ=નબળું એમ બે પ્રકારે છે. તેમાં ઘાસમાંથી બનાવેલા નબળા દોરડા વિગેરે અપુષ્ટાલંબન, અને બલવાન, કઠિન એવી લતા વિગેરે પુષ્ટાલંબન જાણવા. ભાવાલંબન પણ પુષ્ટાપુષ્ટ ભેદથી બે પ્રકારે છે. તેમાં જ્ઞાનાદિને ઉપકાર નહીં કરનાર એ અપુષ્ટાલંબન અને

*"[१२]काहं अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु य उज्जमिस्सं ।*
*गणं व णीईइ व हु सारविस्सं, सालंबसेवी समुवेइ मुक्खं ॥१॥"*

तदेवं व्यवस्थिते सति सहालम्बनेन वर्तत इति सालम्बनः, असौ पतन्नपि आत्मानं 'दुर्गमेऽपि' गर्तादौ धारयति, पुष्टालम्बनप्रभावादिति, 'इय' एवं सेवनं सेवा प्रतिसेवनेत्यर्थः, सालम्बना चासौ सेवा च सालम्बनसेवा सा संसारगर्ते प्रपतन्तं धारयति यतिमशठभावं-मातृस्थानरहितमित्येष गुण इति गाथार्थः ॥११७३॥

साम्प्रतं सिसाधयिषितार्थव्यतिरेकं दर्शयन्नाह—

**आलंबणहीणो पुण निवडइ खलिओ अहे दुरुत्तारे ।**
**इय निक्कारणसेवी पडइ भवोहे अगाहंमि ॥११७४॥**

**व्याख्या—आलम्बनहीनः पुनर्निपतति स्खलितः, क्व ?-'अहे दुरुत्तारे'त्ति गर्तायां दुरुत्तारायाम्, 'इय' एवं 'निष्कारणसेवी' साधुः पुष्टालम्बनरहित इत्यर्थः, 'पतति भवौघे अगाधे' पतति भवगर्तायामगाधायाम्, अगाधत्वं पुनरस्या दुःखेनोत्तारणसम्भवादिति गाथार्थः ॥११७४॥**

---

ઉપકાર કરનાર પુષ્ટાલંબન જાણવું.

તે આ પ્રમાણે છે - "હું (વિગઈ વિગેરેને વાપરીશ તો ધર્મની) અવ્યવછિત્તિને કરીશ અથવા ભણી શકીશ અને તપોપધાનમાં=તપના ભેદોમાં ઉદ્યમ કરીશ અથવા ગચ્છની નીતિપૂર્વક સંભાળ કરીશ. આવા પ્રકારના આલંબનને લઈને જો તે સાધુ વિગઈ વિગેરેનું સેવન કરે તો પણ મોક્ષ પામે છે. ॥૧॥" આ રીતે આલંબનોનું સ્વરૂપ બતાવ્યા પછી જે આલંબન સાથે વર્તતો=યુક્ત હોય તે સાલંબન=પુષ્ટાલંબનવાળો જીવ ખાડા વિગેરેમાં પડતા એવા પોતાને પુષ્ટ=મજબૂત આલંબનના પ્રભાવે ધારી રાખે છે=ખાડામાં પડવા દેતો નથી.

એ પ્રમાણે → આચરવું તે સેવા અર્થાત્ અહીં પ્રતિસેવના=વિપરીત આચરણ. આલંબન સાથેનું પાપનું આચરણ સંસારરૂપ ખાડામાં પડતા માયાથી રહિત એવા સાધુને ધારી રાખે છે=સંસારમાં પડવા દેતું નથી. (આમ પુષ્ટાલંબન હોય અને કંઈક સાવદ્ય સેવે, તો પણ પાપકર્મ તેને બંધાતું નથી. એ રૂપ) ગુણ થાય છે. ॥૧૧૭૩॥

**અવતરણિકા :-** હવે સિદ્ધ કરવા માટે ઇચ્છાયેલ અર્થના વ્યતિરેકને (અર્થાત્ વિપરીત અર્થને) દર્શાવતા જણાવે છે ⇨

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** જે વળી આલંબન વિનાનો છે, તે સ્ખલના પામતા પડે છે. ક્યાં પડે છે ? દુઃખેથી નીકળી શકાય એવા ખાડામાં પડે છે. એ જ પ્રમાણે પુષ્ટાલંબન વિનાનો સાધુ અગાધ એવા ભવરૂપ ખાડામાં પડે છે. આ ભવરૂપ ખાડામાંથી દુઃખેથી બહાર નીકળી શકાતું હોવાથી

---

१२. करिष्याम्यव्युच्छित्तिमथवाऽध्येष्ये तपउपधानयोरुद्यंस्यामि । गणं वा नीत्यैव सारयिष्यामि सालम्बसेवी समुपैति मोक्षम् ॥१॥

गतं सप्रसङ्गं दर्शनद्वारम्, इदानीं 'नियावासे'त्ति अस्यावसरः, अस्य च सम्बन्धो व्याख्यात एव गाथाक्षरगमनिकायां, स एव लेशतः स्मार्यते—इह यथा चरणविकला असहायज्ञानदर्शनपक्षमालम्बन्ति एवं नित्यवासाद्यपि, आह च—

जे जत्थ जया भग्गा ओगासं ते परं अविंदंता ।
गंतुं तत्थऽचयंता इमं पहाणंति घोसंति ॥११७५॥

व्याख्या—'ये' साधवः शीतलविहारिणः 'यत्र' अनित्यवासादौ 'यदा' यस्मिन् काले 'भग्ना' निर्विण्णाः 'अवकाशं' स्थानं ते 'परम्' अन्यत् 'अविंदंत'त्ति अलभमाना गन्तुं 'तत्र' शोभने स्थाने अशक्नुवन्तः किं कुर्वन्ति ?—'इमं पहाणंति घोसन्ति'त्ति यदस्माभिरङ्गीकृतं साम्प्रतं कालमाश्रित्येदमेव प्रधानमित्येवं घोषयन्ति, दिट्ठंतो[१३] इत्थ सत्थेणं—

जहा कोइ सत्थो पविरलोदगरुक्खच्छायमद्धाणं पवण्णो, तत्थ केइ पुरिसा परिस्संता पविरलासु छायासु जेहिं तेहिं वा पाणिएहिं पडिबद्धा अच्छंति, अण्णे य सद्दाविंति—एह

---

તે ભવરૂપ ખાડાનું અગાધપણું છે. ॥૧૧૭૪॥

અવતરણિકા :- પ્રસંગસહિત દર્શનદ્વાર પૂર્ણ થયું. હવે 'નિત્યવાસ' એ પ્રમાણે (ગા.૧૧૦૮માં આપેલ) પદનો અવસર છે. જો કે આનો સંબંધ તે ગાથાની (૧૧૦૮ની) વ્યાખ્યામાં જ કહી દીધો છે. છતાં તે જ સંબંધ સંક્ષેપથી અહીં યાદ કરાવાય છે- જેમ ચારિત્રથી રહિત પાર્શ્વસ્થાદિ એકલા જ્ઞાન, એકલા દર્શનના પક્ષનું આલંબન લે છે એ પ્રમાણે નિત્યવાસી વિગેરેનું પણ આલંબન લે છે. (કેવી રીતે ?) તે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે શિથિલાચારી સાધુઓ જે અનિત્યવાસ વિગેરે યોગોમાં જે કાલે શિથિલ થયા. આ સિવાય અન્ય ક્યાંય સ્થાન પ્રાપ્ત ન કરનારા અને ફરી પાછા અનિત્યવાસાદિ સુંદરસ્થાનોને પ્રાપ્ત કરવામાં અશક્તિમાન તેઓ શું કરે છે ? — ત્યારે તેઓ અત્યારના કાલ માટે આ જ=નિત્યવાસ વિગેરે જ પ્રધાન=યોગ્ય છે એ પ્રમાણે ઘોષણા કરે છે. આ વિષયમાં સાર્થનું દૃષ્ટાન્ત જાણવું ⇨

કોઈ સાર્થ જ્યાં પીવા પાણી અને આરામ કરવા વૃક્ષની છાયા ઘણા અલ્પ પ્રમાણમાં હતી, તેવા માર્ગ પરથી પસાર થાય છે. તેમાં ચાલતા - ચાલતા કેટલાક લોકો થાકને કારણે છૂટી-છવાઈ વૃક્ષની છાયામાં અને જે-તે પાણીના સ્થાનમાં પ્રતિબદ્ધ થયેલા રહે છે. (અર્થાત્ થાક અને તરસને કારણે કેટલાકો જ્યાં બેસવા છાયા મળી ત્યાં જ ઠંડી છાયામાં આરામ કરવા બેસી ગયા. અને જ્યાં પાણી મળ્યું ત્યાં જ પાણી પીને આરામ કરવા બેસી ગયા. આ લોકોને હવે ઊઠીને ચાલવું ગમતું નહોતું. તેથી તેઓ) જે લોકો આરામ કર્યા વિના નિરંતર ચાલતા

---

१३. दृष्टान्तोऽत्र सार्थेन—यथा कोऽपि सार्थः प्रविरलोदकवृक्षच्छायमध्वानं प्रपन्नः, तत्र केचित्पुरुषाः परिश्रान्ताः प्रविरलासु छायासु यैस्तैर्वा पानीयैः प्रतिबद्धास्तिष्ठन्ति, अन्यांश्च शब्दयन्ति-आयात

[१४] इमं चेव पहाणंति, तंमि सत्थे केइ तेसिं पडिसुणंति, केइ ण सुणंति, जे सुणिंति ते छुहातण्हा-इयाणं दुक्खाणं आभागी जाया, जे न सुणंति ते खिप्पमेव अपडिबद्धा अद्धाण सीसं गंतुं उदयस्स सीयलस्स छायाणं च आभागी जाया । जहा ते पुरिसा विसीयंति तहा पासत्थाई, जहा ते णिच्छिण्णा तहा सुसाहू । अयं गाथार्थः ॥११७५॥

साम्प्रतं यदुक्तमिदं प्रधानमिति घोषयन्ति तद्दर्शयति–

**नीयावासविहारं चेइयभत्तिं च अज्जियालाभं ।**
**विगईसु य पडिबंधं निद्दोसं चोइया बिंति ॥११७६॥**

व्याख्या–नित्यवासेन विहारं, नित्यवासकल्पमित्यर्थः, चैत्येषु भक्तिश्चैत्यभक्तिस्तां च, चशब्दात्कुलकार्यादिपरिग्रहः, आर्यिकाभ्यो लाभस्तं, क्षीराद्या विगतयोऽभिधीयन्ते तासु विगतिषु च 'प्रतिबन्धम्' आसङ्गं निर्दोषं चोदिताः अन्येनोद्यतविहारिणा 'ब्रुवते' भणन्तीति

---

હતા તેઓને બોલાવે છે કે - અરે ! અહીં આવો, આ જ પ્રધાન છે. (અર્થાત્ ચાલવાનું છોડી અહીં આરામ કરો.)

તે સાર્થમાં કેટલાકો તેમની વાત સાંભળે છે, કેટલાકો સાંભળતા નથી. જે લોકો સાંભળે છે. (અને ત્યાં જ આરામ કરવા બેસે છે. પાણી વિગેરે અલ્પ હોવાને કારણે પૂરું થઈ જાય છે અને સાર્થ આગળ નીકળી ગયો છે. એટલે) તેઓ ક્ષુધા, તૃષ્ણા વિગેરે દુઃખોના ભાગી બન્યા. જેઓએ તેમની વાત સાંભળ્યા વિના સાર્થ સાથે આગળને આગળ પ્રયાણ કર્યું, તેઓ તે પાણી - છાયાદિમાં રાગી બન્યા વિના શીઘ્ર માર્ગના અંતે જઈને=સ્થાને પહોંચીને ઠંડા પાણી અને છાયાના ભાગી બન્યા. જેઓ વચ્ચે જ રહી જવાને કારણે દુઃખી થાય છે તેના જેવા પાર્શ્વસ્થાદિ જાણવા અને જેઓ તે માર્ગને ઓળંગી ગયા તેના જેવા સુસાધુઓ જાણવા. ॥૧૧૭૫॥

**અવતરણિકા :-** હવે પૂર્વે જે કહ્યું કે "આ જ પ્રધાન છે એવું તેઓ ઉદ્ઘોષણા કરે છે." (તે પ્રધાન શું છે ?) તે જણાવે છે ⇨

**ગાથાર્થ :-** ટીકાર્થ પ્રમાણે જાણવો.

**ટીકાર્થ :-** નિત્યવાસવડે વિચરવું અર્થાત્ એક જ સ્થાને રહેવું, ચૈત્યોને વિશે ભક્તિ, (અર્થાત્ ચૈત્ય=દેરાસરાદિ સંબંધી કાર્યોમાં ધ્યાન આપવું.) 'च' શબ્દથી કુલના કાર્યો વિગેરે જાણવા. સાધ્વીજીઓની લાવેલી ગોચરી વિગેરે વાપરવા. દૂધ વિગેરે વિગઈ જાણવી. અન્ય સંયમી સાધુવડે પ્રેરણા કરાતા શીતલવિહારી એવા આ પાર્શ્વસ્થાદિ સાધુઓ વિગઈઓમાં આસક્તિને નિર્દોષ કહે છે. (આશય એ છે કે સંયમી સાધુઓ જ્યારે સંયમજીવનના પાલન માટે પ્રેરણા કરે ત્યારે આ પાર્શ્વસ્થાદિ સાધુઓ તે તે આલંબનોને નજરમાં રાખી નિત્યવાસ, ચૈત્યભક્તિ,

---

१४. इदम् चैव प्रधानमिति, तस्मिन् सार्थे केचित्तेषां प्रतिशृण्वन्ति, केचिन्न श्रृण्वन्ति, ये श्रृण्वन्ति ते क्षुधातृष्णा-दिकानां दुःखानामाभागिनो जाताः, ये न श्रृण्वन्ति ते क्षिप्रमेवाप्रतिबद्धा अध्वनः शीर्षं गत्वोदकस्य शीतलस्य छायानां चाभागिनो जाताः । यथा ते पुरुषा विषीदन्ति तथा पार्श्वस्थादयः, यथा ते निस्तीर्णास्तथा सुसाधवः ।

गाथार्थः ॥११७६॥

तत्र नित्यावासविहारे सदोषं चोदिताः सन्तस्तदा कथं वा निर्दोषं ब्रुवत इत्याह–

**जाहेवि य परितंता गामागरनगरपट्टणमडंता ।**
**तो केइ नीयवासी संगमथेरं ववइसंति ॥११७७॥**

व्याख्या–यदाऽपि च 'परितान्ताः' सर्वथा श्रान्ता इत्यर्थः, किं कुर्वन्तः सन्तः ?-ग्रामाकरनगरपत्तनान्यटन्तस्सन्तः, ग्रामादीनां स्वरूपं प्रसिद्धमेव, अतः 'केचन' नष्टनाशका नित्यवासिनः, न तु सर्व एव, किं ?-सङ्गमस्थविरमाचार्यं व्यपदिशन्त्यालम्बनत्वेन इति गाथार्थः ॥११७७॥ कथं ?–

**संगमथेरायरिओ सुट्ठु तवस्सी तहेव गीयत्थो ।**
**पेहित्ता गुणदोसं नीयावासे पवत्तो उ ॥११७८॥**

व्याख्या–निगदसिद्धा, कः पुनः सङ्गमस्थविर इत्यत्र कथानकं-[१५]कोल्लइरे[★] णयरे संगमथेरा, दुब्भिक्खे तेण साहुणो विसज्जिया, ते तं णयरं णव भागे काऊण

---

સાધ્વીલાભ, અને નિષ્કારણ વિગઈઓનું સેવન, આ બધાંને નિર્દોષ કહે છે=કાળના પ્રભાવે આવું કરવામાં કોઈ દોષ નથી એમ કહે છે.) ॥૧૧૭૬॥

અવતરણિકા :- તેમાં (સંયમી સાધુઓવડે) નિત્યવાસરૂપે વિચરવું એ દોષયુક્ત છે એ રીતે પ્રેરણા કરાયેલા પાર્શ્વસ્થાદિ કેવી રીતે નિત્યવાસને નિર્દોષ કહે છે ? તે જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જ્યારે પણ સર્વ પ્રકારે થાકી ગયા. શું કરતા થાકી ગયા ? – ગામ, આકર, નગર, પત્તનોમાં વિચરતા - વિચરતા થાકી ગયા. ગામાદિનું સ્વરૂપ (અનુયોગદ્વારાદિ સૂત્રોમાં) પ્રસિદ્ધ જ છે. ગામાદિમાં વિચરતા થાકી ગયેલા હોવાથી નિત્યવાસી બનેલા એવા બધા નહીં પણ કેટલાક નષ્ટનાશકો (=સ્વયં સંયમથી નષ્ટ થયેલા અને ઉન્માર્ગની દેશનાવડે અન્યના નાશક નષ્ટનાશક કહેવાય છે.) શું કરે છે ? – સંગમસ્થવિરનામના આચાર્યને આલંબન તરીકે કહે છે. (આશય એ છે કે - પાર્શ્વસ્થાદિઓ ગામાદિમાં વિચરતા - વિચરતા થાક્યા અને એક સ્થાને નિત્યવાસ કર્યો. સંયમી સાધુઓએ પ્રેરણા કરી કે સાધુઓને એક સ્થાને રહેવું કલ્પે નહીં. આ રીતે પ્રેરણા કરાયેલા તે પાર્શ્વસ્થાદિઓ પોતાના નિત્યવાસની પુષ્ટિમાટે સંગમસ્થવિરનામના આચાર્યનું દૃષ્ટાન્ત આપે છે.) ॥૧૧૭૭॥ કેવી રીતે ? તે આગળ જણાવે છે ⇨

ગાથાર્થ :- બહુ જ સારા તપસ્વી તેમ જ ગીતાર્થ એવા સંગમસ્થવિરનામના આચાર્ય ગુણ-દોષને જોઈને નિત્યવાસમાં પ્રવૃત્ત થયા=નિત્યવાસ સ્વીકાર્યો.

ટીકાર્થ :- ગાથાર્થ સ્પષ્ટ જ છે. સંગમસ્થવિર કોણ હતા ? તે માટે અહીં કથાનક જણાવે છે.

**❖ સંગમસ્થવિર આચાર્ય – નિત્યવાસ ❖**

કોલ્લેરનામના નગરમાં સંગમસ્થવિર આચાર્ય બિરાજમાન હતા. તે નગરમાં દુષ્કાળ

---

१५. कोल्लेरे नगरे संगमस्थविराः, दुर्भिक्षे तैः साधवो विसृष्टाः, ते तन्नगरं नव भागान् कृत्वा ★ कोइल्ल० ।

[१६] जंघाबलपरिहीणा विहरंति, णयरदेवया किर तेसिं उवसंता, तेसिं सीसो दत्तो णाम आहिंडओ चिरेण कालेणोदंतवाहगो आगओ, सो तेसिं पडिस्सए ण पविसइ णिययावासित्ति काउं, भिक्खवेलाए उग्गाहियं हिंडंताणं संकिलिस्सइ–कुण्ठोऽयं सड्ढकुलाणि ण दाएइत्ति, एगत्थ सेट्ठिकुले रोवणियाए गहियओ दारओ, छम्मासा रोवंतगस्स, आयरिएहिं चप्पुडिया कया–मा रोव, वाणमंतरीए मुक्को, तेहिं तुट्ठेहिं पडिलाहिया जधिच्छिएण, सो विसज्जिओ, एताणि ताणि कुलाणित्ति आयरिया सुइरं हिंडिऊण अंतं पंतं गहाय आगया, समुद्दिट्ठा,

પડતા તેમણે પોતાના શિષ્યોને અન્ય સ્થાને મોકલી દીધા. પોતે જંઘાબળથી પરિહીન થવાથી (=પગના ઘુંટણાદિ નબળા પડવાને કારણે વિહાર કરી શક્તા ન હોવાથી) તે જ નગરને નવ ભાગમાં વહેંચીને ત્યાં જ વિચરે છે (અર્થાત્ નિત્યવાસી બને છે.) વિશુદ્ધ-આચારોને લીધે નગરનો અધિષ્ઠાયકદેવ તેમના તરફ આકર્ષાયો.

તેમનો દત્તનામનો આહિંડક (=જુદા જુદા સ્થાને વિચરતો) શિષ્ય લાંબા કાળ પછી તેમની ખબર લેવા ત્યાં આવ્યો. તે દત્તશિષ્ય પોતાના ગુરુ નિત્યવાસી છે એવું જાણીને ગુરુના ઉપાશ્રયમાં પ્રવેશ કરતો નથી. (અર્થાત્ સાથે રહેતો નથી, પરંતુ જુદા ઉપાશ્રયમાં રહે છે, કારણ કે આ શિષ્યને ખબર નથી કે પોતાના ગુરુને જંઘાબળ ક્ષીણ થવાને કારણે એક જ સ્થાનમાં રહેવું પડ્યું છે. તે શિષ્ય તો એમ જ માને છે કે મારા ગુરુ શિથિલ થવાને કારણે નિત્યવાસમાં રહે છે. માટે તે જુદા ઉપાશ્રયમાં રહ્યો.)

ભિક્ષાના સમયે પાત્રા લઈને ફરતાં વ્યવસ્થિત ભિક્ષા (ન મળવાથી) શિષ્ય સંક્લેશ કરે છે કે - આ આળસી ગુરુ શ્રાવકકુલો બતાવતા નથી. (ગુરુને શિષ્યના ઉદ્વેગની ખબર પડી એટલે દત્તશિષ્યને લઈ ગુરુ શ્રાવકોના ઘરોમાં ગયાં.) ત્યાં એક શ્રેષ્ઠિના ઘરે તેના બાળકમાં રોદની (રુદન કરાવનારી) વ્યંતરીએ પ્રવેશ કર્યો હતો. છ મહિનાથી તે બાળક સતત રડ્યા કરતો હતો. (આ શ્રેષ્ઠિના ઘરે દત્તશિષ્ય સાથે આચાર્ય ગોચરી માટે આવ્યા. તે બાળકને સતત રડતા જોઈને) આચાર્યે ચપટી વગાડીને કહ્યું – "હે બાળક ! તું રડ નહીં." (આચાર્યનો પ્રભાવ સહન ન થવાથી) વાણવ્યંતરી તે બાળકને છોડીને જતી રહી. જેથી ઘરના સભ્યો ખુશ થયેલા ઇચ્છિત દ્રવ્યોને વહોરાવે છે. પછી શિષ્યને સ્વસ્થાને મોકલ્યો.

આ બધા તે (=સ્થાપનાદિ) કુલો છે માટે આચાર્ય (અન્ય ઘરોમાં) લાંબો કાળ ફરીને અંત-પ્રાંત (=નીરસ) ગોચરી લઈને સ્વસ્થાને આવ્યા. ત્યાં ગોચરી વાપરી. સાંજે પ્રતિક્રમણના

१६. परिक्षीणजङ्घाबला विहरन्ति, नगरदेवता किल तेषामुपशान्ता, तेषां शिष्यो दत्तो नामाहिण्डकश्चिरेण कालेनोदन्तवाहक आगतः, स तेषां प्रतिश्रये न प्राविक्षत् नित्यवासीतिकृत्वा, भिक्षावेलायामौपग्रहिकं हिण्डमानयोः संक्लिश्यति, वृद्धोऽयं श्राद्धकुलानि न दर्शयतीति, एकत्र श्रेष्ठिकुले रोदिन्या गृहीतो दारकः, षण्मासीं रुदति, आचार्यैश्चप्पुटिका कृता मा रोदीः, व्यन्तर्या मुक्तः, तैस्तुष्टैः प्रतिलाभिता यादृच्छिकेन, स विसृष्टः, एतानि तानि कुलानीति आचार्याः सुचिरं हिण्डयित्वा अन्तप्रान्तं गृहीत्वाऽऽगताः, समुद्दिष्टाः,

[१७]आवस्सयआलोयणाए आयरिया भणंति-आलोएहि, सो भणइ-तुब्भेहिं समं हिंडिओत्ति, ते भणंति-धाइपिंडो ते भुत्तोत्ति, भणइ-अइसुहुमाणित्ति बइट्ठो, देवयाए अड्डरत्ते वासं अंधयारं च विउव्वियं एस हीलेइत्ति, आयरिएहिं भणिओ—अतीहि, सो भणइ—अंधयारोत्ति, आयरिएहिं अंगुली पदाइया, सा पज्जलिया, आउट्टो आलोएइ, आयरियावि णव भागे परिकहंति, एवमयं पुट्ठालंबणो ण होइ सव्वेसिं मंदधम्माणमालंबणन्ति ॥११७८॥ आह च—

ओमे सीसपवासं अप्पडिबंधं अजंगमत्तं च ।
न गणंति एगखित्ते गणंति वासं निययवासी ॥११७९॥

---

સમયે આચાર્યે શિષ્યને કહ્યું - "દિવસે લાગેલ અતિચારની આલોચના કર." દત્તે કહ્યું - "હું તો તમારી સાથે જ ફરતો હતો." (એમાં અતિચાર ક્યાં કોઈ લાગ્યા છે ? અર્થાત્ અતિચાર લાગ્યા નથી.)

આચાર્યે કહ્યું – "તેં આજે ધાત્રીદોષથી દૂષિત (ચપાટી વગાડવા દ્વારા બાળકને વ્યંતરી મુક્ત કર્યો અને માતા-પિતાએ તેથી ખુશ થઈને ગોચરી વહોરાવી માટે ધાત્રીદોષથી દૂષિત) ગોચરી વાપરી છે." ત્યારે તેણે કહ્યું – "મારા અતિ સૂક્ષ્મ દોષો (આ ગુરુ જુએ) છે. (જ્યારે નિત્યવાસાદિ પોતાના મોટા દોષો જોતા નથી)" એમ કહી પ્રતિક્રમણ બાદ તે બેસી ગયો. આ સાધુ ગુરુની હીલના કરે છે (તેથી એને ઠેકાણે લાવું એવા વિચારથી) દેવ અર્ધરાત્રિએ વરસાદ અને ઘોર અંધકાર વિકુર્વે છે. (તેથી શિષ્ય ભય પામે છે.)

આચાર્યે કહ્યું – "મારી પાસે આવી જા." તેણે કહ્યું – "અંધકાર હોવાથી મને કશું દેખાતું નથી." ત્યારે આચાર્યે (પોતાના સંયમ પ્રભાવથી થૂંકદ્વારા પ્રકાશિત થતી) આંગળી બતાવી. તે પ્રકાશવાળી હતી. (એના પ્રકાશને જોઈ શિષ્યે વિચાર્યું કે ગુરુ તો અગ્નિકાયનો પણ ઉપયોગ કરે છે. આ પ્રમાણે દરેક બાબતમાં તે ગુરુના અવગુણો જોતો હતો. ત્યારે શાસન દેવે તેને "ગૌતમ જેવા ગુરુનો તું પરાભવ કરે છે, હે પાપી ! શું તારે દુર્ગતિમાં જવું છે ? વિગેરે કર્કશ ઠપકો આપ્યો. તેથી સત્ય હકીકત જાણતા તે) પોતાની ભૂલોથી પાછો ફર્યો, અને આલોચના કરી. આચાર્ય પણ નગરના નવ ભાગો કર્યાની વાત કરે છે. આ પ્રમાણે આ પુષ્ટાલંબનવાળા સંગમાચાર્ય સર્વ મંદધર્મીઓને આલંબનરૂપ બનતા નથી. ॥૧૧૭૮॥ (મંદધર્મીઓને તેઓ આલંબનરૂપ કેમ બનતા નથી ?) તે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

१७. आवश्यकालोचनायामाचार्या भणन्ति-आलोचय, स भणति-युष्माभिः समं हिण्डित इति, ते भणन्ति-धात्रीपिण्डस्त्वया भुक्त इति, भणति-अतिसूक्ष्मतराण्येतानीति उपविष्टः, देवतयाऽर्धरात्रे वर्षा अन्धकारश्च विकुर्वितौ एष हीलतीति, आचार्यैर्भणितः-आगच्छ, स भणति-अन्धकार इति, आचार्यैरङ्गुली प्रदर्शिता, सा प्रज्वलिता, आवृत्त आलोचयति, आचार्या अपि नव भागान् परिकथयन्ति, एवमयं पुष्टालम्बनो न भवति सर्वेषां मन्दधर्माणामालम्बनमिति ।

व्याख्या–'ओमे' दुर्भिक्षे 'शिष्यप्रवासं' शिष्यगमनं, तथा तस्यैव 'अप्रतिबन्धम्' अनभिष्वङ्गम् 'अजङ्गमत्वं' वृद्धत्वं च, चशब्दात्तत्रैव क्षेत्रे विभागभजनं च, इदमालम्बनजालं 'न गणयन्ति' न प्रेक्षन्ते, नालोचयन्तीत्यर्थः, किन्तु एकक्षेत्रे गणयन्ति वासं 'नित्यवासिनः' मन्दधिय इति गाथार्थः ॥११७९॥

नित्यावासविहारद्वारं गतं, चैत्यभक्तिद्वारमधुना–

**चेइयकुलगणसंघे अन्नं वा किंचि काउ निस्साणं ।**
**अहवावि अज्जवयरं तो सेवंती अकरणिज्जं ॥११८०॥**

व्याख्या–चैत्यकुलगणसङ्घान्, अन्यद्वा 'किञ्चिद्' अपुष्टमव्यवच्छित्त्यादि 'कृत्वा निश्रां' कृत्वाऽऽलम्बनमित्यर्थः, कथं ?-नास्ति कश्चिदिह चैत्यादिप्रतिजागरकः अतोऽस्माभिरसंयमोऽङ्गीकृतः, मा भूच्चैत्यादिव्यवच्छेद इति, अथवाऽप्यार्यवैरं कृत्वा निश्रां ततः सेवन्ते 'अकृत्यम्' असंयमं मन्दधर्माण इति गाथार्थः ॥११८०॥

---

ટીકાર્થ :- (મંદધર્મીઓનું સંગમાચાર્યનું આલંબન પુષ્ટાલંબન નથી કારણ કે તેઓ હવે જે બતાવે છે તે જોતા તો છે જ નહીં. →) સંગમાચાર્યે દુર્ભિક્ષમાં શિષ્યોને અન્ય સ્થાને મોકલ્યા, તથા (વસતિ-આહારાદિમાં) તેમનું નિઃસંગમપણું અને વૃદ્ધત્વ, 'ચ' શબ્દથી તે જ નગરમાં નવ વિભાગો કરવા, મંદધર્મીઓ આ બધા આલંબનસમૂહને (=આચાર્યે પાળેલી જે જયણાઓ છે તેને) જોતા નથી=વિચારતા નથી. માત્ર એક ક્ષેત્રમાં આચાર્ય રહ્યા તે જ તેઓ=મંદધર્મીઓ જુએ છે.

(ટૂંકમાં સંગમાચાર્ય એક જ સ્થાનમાં રહ્યા તેમાં એમને કોઈ દોષ નહોતો માટે અમે=મંદધર્મીઓ પણ એક જ સ્થાનમાં રહેવારૂપ નિત્યવાસ સ્વીકારીએ છીએ. આ પ્રમાણે પાર્શ્વસ્થો સંગમાચાર્યનું આલંબન લઈને નિત્યવાસને નિર્દોષ કહે છે. પરંતુ પાર્શ્વસ્થો સંગમાચાર્ય જંઘાબળની ક્ષીણતા વિગેરેને કારણે નિત્યવાસી બન્યા એ જોતા નથી. માટે તેમનું આ આલંબન પુષ્ટાલંબન બનતું નથી.) ॥૧૧૭૯॥

અવતરણિકા :- નિત્યવાસવિહારનામનું દ્વાર પૂર્ણ થયું. હવે ચૈત્યભક્તિદ્વારને કહે છે ⇨

**ગાથાર્થ :- ચૈત્ય, કુલ, ગણ, સંઘ અથવા અન્ય બીજું કંઈક આલંબન લઈને અથવા વજસ્વામીનું આલંબન લઈને અકરણીયને સેવે છે.**

ટીકાર્થ :- ચૈત્ય, કુલ, ગણ, સંઘનું આલંબન લઈને અથવા બીજું કંઈક અવ્યવચ્છિત્તિ વિગેરે અપુષ્ટાલંબન લઈને, - જેમ કે "અહીં ચૈત્યાદિનું રક્ષણ કરનાર કોઈ નથી. તેથી ચૈત્યાદિનો વિનાશ ન થાય તે માટે અમે ચૈત્યાદિસંબંધી બધી જવાબદારી માથે લીધી છે." આવા પ્રકારની અવ્યવચ્છિત્તિ વિગેરેનું આલંબન લઈને, અથવા આર્ય=પૂજ્ય એવા વૈરસ્વામી (=વજસ્વામી)નું આલંબન લઈને મંદધર્મી એવા પાર્શ્વસ્થો અસંયમને સેવે છે. (એ જ પ્રમાણે કુલ, ગણ, સંઘની વૈયાવચ્ચ જેમ વિષ્ણુકુમારે કરી તેમ કરવા યોગ્ય છે વિગેરે આલંબનો લઈ અસંયમને સેવે છે. इति चूर्णौ). ॥૧૧૮૦॥

चेइयपूया किं वयरसामिणा मुणियपुव्वसारेणं ।
न कया पुरियाइ ? तओ मुक्खंगं सावि साहूणं ॥११८१॥

व्याख्या—अक्षरार्थः सुगमः, भावार्थः कथानकादवसेयः, तच्चाधः कथितमेव ॥११८१॥ तत्र वैरस्वामिनमालम्बनं कुर्वाणा इदं नेक्षन्ते मन्दधियः, किमित्याह—

ओहावणं परेसिं सतित्थउब्भावणं च वच्छल्लं ।
न गणंति गणेमाणा पुव्वुच्चियपुप्फमहिमं च ॥११८२॥

व्याख्या—'अपभ्राजनां' लाञ्छनां 'परेषां' शाक्यादीनां स्वतीर्थोद्भावनां च दिव्यपूजाकरणेन तथा 'वात्सल्यं' श्रावकाणां, एतन्न गणयन्त्यालम्बनानि गणयन्तः सन्तः, तथा पूर्वावचितपुष्पमहिमानं च न गणयन्तीति—पूर्वावचितैः-प्राग्गृहीतैः पुष्पैः-कुसुमैर्महिमा-यात्रा तामिति गाथार्थः ॥११८२॥

चैत्यभक्तिद्वारं गतम्, अधुनाऽऽर्यिकालाभद्वारं, तत्रेयं गाथा—

अज्जियलाभे गिद्धा सएण लाभेण जे असंतुट्ठा ।
भिक्खायरियाभग्गा अन्नियपुत्तं ववइसंति ॥११८३॥

---

ગાથાર્થ :- પૂર્વોનું રહસ્ય જેમણે જાણેલું છે એવા વજ્રસ્વામીએ શું પુરિકાનગરીમાં ચૈત્યપૂજા નહોતી કરી ? (અર્થાત્ કરી જ હતી.) માટે તે ચૈત્યપૂજા પણ સાધુઓ માટે મોક્ષનું કારણ છે.

ટીકાર્થ :- અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ કથાનકથી જાણવો, અને તે કથાનક પૂર્વે (ભાગ-૩ માં) કહી જ ગયા છે. ॥૧૧૮૧॥ તેમાં વજ્રસ્વામીનું આલંબન લેનારા મંદબુદ્ધિ એવા પાર્શ્વસ્થો આ તો જોતા નથી. શું જોતા નથી ? તે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આલંબનરૂપે ગણતા એવા પાર્શ્વસ્થો આ રીતે ચૈત્યપૂજા કરવાથી બૌદ્ધલોકોની અપભ્રાજનાને અને પોતાના તીર્થની પ્રભાવનાને, તથા શ્રાવકોના વાત્સલ્યને જોતા નથી. (અર્થાત્ અન્યધર્મોની અપભ્રાજનાદિ જે ફલો પ્રાપ્ત થયા એ તો આ લોકો જોતા નથી. માત્ર વજ્રસ્વામીએ ચૈત્યપૂજા કરી એટલું જ જુએ છે. પરંતુ શા માટે કરી ? વિગેરે જોતા નથી. તથા બીજું શું જોતા નથી ? તે કહે છે કે) પૂર્વે ગ્રહણ કરેલા એવા પુષ્પોવડે જે મહિમા થયો. તેને આ લોકો જોતા નથી. પૂર્વે-અવચિત એટલે પહેલેથી જ ચૂંટેલા (અર્થાત્ માળીએ પોતાના કાર્ય માટે પહેલેથી જ ચૂંટીને રાખેલા અને અગ્નિઘરના ધૂમાડાથી અચિત્ત થયેલા इति चूर्णौ दीपिकायां च) એવા પુષ્પોવડે આ મહિમા=યાત્રા કરાઈ એ બધું આ લોકો જોતા નથી. ॥૧૧૮૨॥

અવતરણિકા :- ચૈત્યભક્તિદ્વાર પૂર્ણ થયું. હવે આર્યિકલાભ દ્વાર છે, તેમાં આ પ્રમાણેની ગાથા જાણવી ⇨

ગાથાર્થ :- પોતાના લાભવડે જેઓ અસંતુષ્ટ છે (અને માટે જ) સાધ્વીલાભમાં આસક્ત, ભિક્ષાચર્યાથી થાકી ગયેલા એવા મંદધર્મીઓ અર્ણિકાપુત્રનામના આચાર્યનું દૃષ્ટાન્ત આપે છે.

व्याख्या—आर्यिकाभ्यो लाभ आर्यिकालाभस्तस्मिन् 'गृद्धाः' आसक्ताः 'स्वकीयेन' आत्मीयेन लाभेन येऽसन्तुष्टा मन्दधर्माणः भिक्षाचर्यया भग्ना भिक्षाचर्याभग्नाः, भिक्षाटनेन निर्विण्णा इत्यर्थः, ते हि सुसाधुना चोदिताः सन्तोऽभक्ष्योऽयं तपस्विनामिति 'अन्निकापुत्रम्' आचार्यं व्यपदिशन्त्यालम्बनत्वेनेति गाथार्थः ॥११८३॥ कथम् ?—

**अन्नियपुत्तायरिओ भत्तं पाणं च पुप्फचूलाए ।**
**उवणीयं भुंजंतो तेणेव भवेण अंतगडो ॥११८४॥**

व्याख्या—अक्षरार्थो निगदसिद्धः ॥११८४॥ भावार्थः कथानकादवसेयः, तच्च योगसङ्ग्रहेषु वक्ष्यते । ते च मन्दमतय इदमालम्बनं कुर्वन्तः सन्तः इदमपरं नेक्षन्ते, किम् ?, अत आह—

**गयसीसगणं ओमे भिक्खायरियाअपच्चलं थेरं ।**
**न गणंति सहावि सढा अज्जियलाहं गवेसंता ॥११८५॥**

व्याख्या—गतः शिष्यगणोऽस्येति समासस्तम् 'ओमे' दुर्भिक्षे भिक्षाचर्यायाम् अपच्चलः—असमर्थः भिक्षाचर्याऽपच्चलस्तं 'स्थविरं' वृद्धम् एवंगुणयुक्तं 'न गणयन्ति' नालोचयन्ति 'सहावि' समर्थाः, अपिशब्दात्सहायादिगुणयुक्ता अपि, शठा—मायाविनः आर्यिकालाभं

---

ટીકાર્થ :- સાધ્વીજીઓ પાસેથી જે લાભ (=ગોચરીની પ્રાપ્તિ) તે આર્યિકાલાભ. તેને વિશે આસક્ત થયેલા, પોતાને પ્રાપ્ત થતી ગોચરીથી અસંતુષ્ટ, ભિક્ષાચર્યાથી ભાંગી ગયેલા એટલે કે થાકી ગયેલા એવા મંદધર્મીઓને સુસાધુઓ પ્રેરણા કરે કે - "તપસ્વીઓને=સાધુઓને આવા પ્રકારનો ગોચરીપિંડ કલ્પે નહીં." ત્યારે તેઓ અર્ણિકાપુત્રનામના આચાર્યને દૃષ્ટાન્ત તરીકે કહે છે. ॥૧૧૮૩॥ કેવી રીતે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :- પુષ્પચૂલા સાધ્વીવડે લવાયેલા ભાત-પાણીને વાપરતા એવા અર્ણિકાપુત્રાચાર્ય તે જ ભવે અંતકૃત્ કેવલી થઈને મોક્ષમાં ગયા છે.**

ટીકાર્થ :- અક્ષરાર્થ સુગમ છે. ભાવાર્થ કથાનકથી જાણવો કે જે આગળ (ભાગ-૬માં) યોગસંગ્રહમાં જણાવશે. ॥૧૧૮૪॥ (આશય – તે મંદધર્મીઓ કહે છે કે - જો આર્યિકાલાભમાં દોષ હોત તો અર્ણિકાપુત્રનો મોક્ષ થાત નહીં. પરંતુ થયો માટે આમાં કોઈ દોષ નથી.) આ રીતે અર્ણિકાપુત્રનું આલંબન લેનારા તે મંદધર્મીઓ બીજું કશું જોતા નથી. તે બીજું શું છે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :- દુર્ભિક્ષમાં શિષ્યગણને મોકલી દેનારા, ભિક્ષાચર્યામાં અસમર્થ, વૃદ્ધ આચાર્યને માયાવી, સમર્થ હોવા છતાં પણ આર્યિકાલાભને ઈચ્છતા એવા પાર્શ્વસ્થો જોતા નથી.**

ટીકાર્થ :- દુર્ભિક્ષ હોવાના કારણે મોકલી દીધો છે શિષ્યગણ જેમનાવડે એવા, તથા પોતે ભિક્ષા લેવા જવામાં અસમર્થ, વૃદ્ધ. આવા બધા એટલે કે અસમર્થત્વ, વૃદ્ધત્વ વિગેરે ગુણોવાળા આચાર્યને સમર્થ પાર્શ્વસ્થો જોતા નથી. 'अपि' શબ્દથી પાર્શ્વસ્થાદિ તો અન્ય સાધુઓની સહાયાદિ

'गवेसंति'त्ति अन्विषन्त इति गाथार्थः ॥११८५॥

गतमार्यिकालाभद्वारं, विगतिद्वारमधुना, तत्रेयं गाथा–

**भत्तं वा पाणं वा भुत्तूणं लावलवियमविसुद्धं ।**
**तो अवज्जपडिच्छन्ना उदायणरिसिं ववइसंति ॥११८६॥**

व्याख्या–'भक्तं वा' ओदनादि 'पानं वा' द्राक्षापानादि 'भुक्त्वा' उपभुज्य 'लावलविय'न्ति लौल्योपेतम् 'अविशुद्धं' विगतिसम्पर्कदोषात्, तथा च-निष्कारणे प्रतिषिद्ध एव विगतिपरिभोगः, उक्तं च–

*"विगई[१८] विगईभीओ विगइगयं जो उ भुंजए साहू ।*
*विगई विगइसहावा विगई विगइं बला णेइ ॥१॥"* त्ति,

ततः केनचित्साधुना चोदिताः सन्तः 'अवद्यप्रतिच्छन्नाः' पापप्रच्छादिताः 'उदायणरिसिं' उदायनऋर्षिं व्यपदिशन्त्यालम्बनत्वेनेति गाथार्थः ॥११८६॥

---

ગુણોથી યુક્ત પણ છે. (અર્થાત્ આચાર્ય સહાય વિનાના હતા, ગોચરચર્યામાં અસમર્થ હતા, વૃદ્ધ હતા, જ્યારે પાર્શ્વસ્થો સહાયવાળા છે, સમર્થ છે, યુવાન છે, છતાં આચાર્યના કારણોને જોયા વિના માત્ર) માયાવી એવા તેઓ આર્યિકાલાભને ઇચ્છે છે. ॥૧૧૮૫॥

અવતરણિકા :- આર્યિકાલાભદ્વાર પૂર્ણ થયું. હવે વિગઈ દ્વાર જણાવે છે. તેમાં આ ગાથા જાણવી ⇨

**ગાથાર્થ :- લોલુપતાથી યુક્ત, અશુદ્ધ એવા ભક્ત-પાનને વાપરીને પોતાના પાપોનું આચ્છાદન કરનારા પાર્શ્વસ્થો ઉદાયનઋષિને દૃષ્ટાન્ત તરીકે કહે છે.**

ટીકાર્થ :- ભાત વિગેરે ભોજનને અથવા દ્રાક્ષનું પાણી વિગેરે પાણીને વાપરીને (તે ભોજન-પાણી કેવા છે ?-) લોલુપતાથી યુક્ત, અને વિગઈથી યુક્ત હોવાથી અશુદ્ધ. -(અહીં અશુદ્ધ એટલા માટે છે કે ) નિષ્કારણ વિગઈ વાપરવાનો નિષેધ છે કહ્યું છે - "વિગતિથી[H]= દુર્ગતિથી ડરેલો એવો જે સાધુ દૂધાદિ વિગઈને કે વિગઈગતને=દૂધાદિમાંથી બનાવેલી નીવિયાતી વસ્તુને (નિષ્કારણ) વાપરે છે, (તે સાધુ દુર્ગતિમાં જાય છે એમ વાક્યશેષ જોડવો, કારણ કે) વિગઈ બળાત્કારે નહીં ઇચ્છતા એવા પણ જીવને વિગતિમાં=નરકાદિદુર્ગતિમાં લઈ જાય છે. (તે પણ એટલા માટે કે) વિગઈ એ વિકૃતિના=વિકાર ઉત્પન્ન કરવાના સ્વભાવવાળી છે. ॥૧॥"

તેથી=વિગઈ એ દુગર્તિમાં લઈ જનાર હોવાથી કોઈ સાધુએ વિગઈભક્ષણ ન કરવાની પ્રેરણા કરતા પોતાના પાપોને છુપાવનારા એવા તે પાર્શ્વસ્થાદિ સાધુઓ ઉદાયનઋષિને આલંબન તરીકે કહે છે. ॥૧૧૮૬॥

---

१८. विकृतिं विगतिभीतो विकृतिगतं यस्तु भुङ्क्ते साधुः । विकृतिर्विकृतिस्वभावा विकृतिर्विगतिं बलान्नयति ॥१॥

अत्र कथानकं–वीतभए[११] णयरे उदायणो राया जाव पव्वइओ, तस्स भिक्खाहारस्स वाही जाओ, सो विज्जेहिं भणिओ–दधिणा भुंजाहि, सो किर भट्टारओ वइयाए अच्छिओ, अण्णया वीयभयं गओ, तत्थ तस्स भगिणिज्जो केसी राया, तेणं चेव रज्जे ठाविओ, केसीकुमारोऽमच्चेहिं भणिओ-एस परीसहपराजिओ रज्जं मग्गइ, सो भणइ-देमि, ते भणंति–ण एस रायधम्मोत्ति वुग्गाहेइ, चिरेण पडिस्सुयं, किं कज्जउ ?, विसं तस्स दिज्जउ, एगाए पसुपालीए घरे पयुत्तं-दधिणा सह देहित्ति, सा★ पदिण्णा, देवयाए अवहियं, भणिओ य–महरिसि ! तुज्झ विसं दिण्णं, परिहराहि दहिं, सो परिहरिओ, रोगो वंधिउमारद्धो, पुणो पगहिओ, पुणो पउत्तं विसं, पुणो देवयाए अवहरियं, तइयं वारं देवयाए वुच्चइ, पुणोवि

---

### ❖ ઉદાયન ઋષિ ❖

વીતભયનગરમાં ઉદાયનરાજા હતો વિગેરેથી લઈ તેણે દીક્ષા લીધા સુધીનું સર્વ વર્ણન જાણી લેવું. દીક્ષા લીધા બાદ ભિક્ષામાં મળતા જે-તે આહારથી તેમને રોગ ઉત્પન્ન થયો. વૈદ્યોએ તેમને કહ્યું – "દહીં સાથે તમારે આહાર કરવો." તે પૂજ્ય ગોકુળમાં રોકાયા. ત્યાંથી એક દિવસ વીતભયનગરમાં ગયા. ત્યાં તેમનો ભાણિયો કેશી રાજા હતો. ઉદાયને (ઋષિ બન્યા પૂર્વે) જ પોતાના રાજ્ય ઉપર કેશીને સ્થાપિત કર્યો હતો.

મંત્રીઓએ કેશીકુમારને કહ્યું – "આ ઉદાયનઋષિ પરિષહથી થાકેલા અહીં આવીને તમારી પાસેથી રાજ્ય પાછું માંગશે." કુમારે કહ્યું – "હું આપી દઈશ." મંત્રીઓ કુમારને સમજાવે છે કે – "રાજ્ય આ રીતે પાછું આપવું એ રાજધર્મ નથી." એમ કહી રાજ્ય પાછું ન આપે એ માટે જુદી જુદી રીતે સમજાવે છે. ઘણું સમજાવ્યા બાદ કુમાર તે વાતનો સ્વીકાર કરે છે અને કહે છે કે – "હવે શું કરવું ?" મંત્રીઓએ સલાહ આપી કે – "તેમને વિષ આપી દેવાય."

એક ગોવાળણના ઘરે જણાવી દીધું કે – "મુનિ ગોચરી વહોરવા આવે ત્યારે વિષમિશ્રિત દહીં વહોરાવવું." ગોવાળણે વિષમિશ્રિત દહીં વહોરાવ્યું. પરંતુ તપથી આકર્ષાયેલ દેવે દહીંમાંથી વિષ દૂર કર્યું અને કહ્યું – "હે મહર્ષિ ! તમને વિષ દેવામાં આવ્યું છે તેથી આ દહીંનો ત્યાગ કરો. તેમણે દહીં વાપરવાનું બંધ કર્યુ, જેથી રોગ વધવા લાગ્યો. ફરી દહીં ગ્રહણ કરવા ગોકુળમાં આવ્યા. ફરી દહીંમાં વિષ મિશ્રિત કર્યું. દેવે ફરી વિષ દૂર કર્યું.

---

११. वीतभये नगरे उदायनो राजा यावत्प्रव्रजितः, तस्य भिक्षाहारस्य व्याधिर्जातः, स वैद्यैर्भणितः-दध्ना भुङ्क्ष्व स किल भट्टारको व्रजिकायां स्थितः, अन्यदा वीतभयं गतः, तत्र तस्य भागिनेयः केशी राजा, तेनैव राज्ये स्थापितः, केशिकुमारोऽमात्यैर्भणितः-एष परीषहपराजितः राज्यं मार्गयति, स भणति-ददामि, ते भणन्ति-नैष राजधर्म इति व्युद्ग्राहयति, चिरेण प्रतिश्रुतं, किं क्रियतां ?, विषं तस्मै ददातु, एकस्याः पशुपाल्या गृहे प्रयुक्तं-दध्ना सह देहीति, सा प्रदत्तवती, देवतयाऽपहृतं, भणितश्च-महर्षे ! तुभ्यं विषं दत्तं, परिहर दधि, स परिहृतवान्, रोगो वर्धितुमारब्धः, पुनः प्रगृहीतं, पुनः प्रयुक्तं विषं, पुनर्देवतयाऽपहृतं, तृतीयवारं देवतयोच्यते, पुनरपि ★ सो पडिदिण्णा । + वाड्ढिउ ।

[२०]दिण्णं, तंपि अवहियं, सा तस्स पच्छओ पहिंडिया, अण्णया पमत्ताए देवयाए दिन्नं, कालगओ, तस्स य सेज्जातरो कुंभगारो, तंमि कालगए देवयाए पंसुवरिसं पाडियं, सो अवहिओ अणवराहित्तिकाउं सिणवल्लीए कुंभकारखेवो णाम पट्टणं तस्स णामेण जायं जत्थ सो अवहरिउं ठविओ, वीतभयं च सव्वं पंसुणा पेल्लियं, अज्जवि पंसुओ अच्छंति, एस कारणिगोत्तिकट्टु न होइ सव्वेसिमालंबणंति ॥ आह च–

सीयललुक्खाऽणुचियं वएसु विगईगएण जावितं ।
हट्ठावि भणंति सढा किमासि उदायणो न मुणी ? ॥११८७॥

व्याख्या–शीतलं च तत् रूक्षं च शीतलरूक्षम्, अन्नमिति गम्यते, तस्यानुचितः-अननुरूपः, नरेन्द्रप्रव्रजितत्वाद्रोगाभिभूतत्वाच्च शीतलरूक्षानुचितस्तं, 'व्रजेषु' गोकुलेषु 'विगतिगतेन' विगतिजातेन यापयन्तं सन्तं 'हट्ठावि'त्ति समर्था अपि भणन्ति शठाः–किमासीदुदायनो न मुनिः ?, मुनिरेव विगतिपरिभोगे सत्यपि, तस्मान्निर्दोष एवायमिति ॥११८७॥

---

ત્રીજી વાર દેવે સૂચન કર્યું. ફરી ગ્રહણ કરવા ગયા જેમાં ફરી વિષ આપ્યું. તેને દેવે દૂર કર્યું. હવે તે દેવ ઋષિની પાછળ જ ધ્યાન રાખવા ફરે છે. પરંતુ એકવાર દેવ પ્રમાદમાં પડ્યો અને અહીં ઋષિને વિષમિશ્રિત દહીં વહોરાવ્યું. વાપરતા ઋષિ કાળ પામ્યા. ઋષિનો શય્યાતર એક કુંભકાર હતો. તે ઋષિ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે દેવે (ગુસ્સામાં આવીને) નગરમાં ધૂળનો વરસાદ કર્યો. આ શય્યાતરનો કોઈ અપરાધ નથી એમ વિચારીને તેને ત્યાંથી ઉંચકીને સેનાપલ્લી નામના નગરમાં મૂક્યો. જ્યાં તેને અપહરણ કરીને મૂક્યો તે નગરનું નામ કુંભકારક્ષેપ પડી ગયું અને વીતભયનગર આખું ધૂળથી ભરાઈ ગયું. આજે પણ તે નગરના સ્થાને ધૂળના ઢગલા છે. ઉદાયનઋષિએ કારણથી દહીંનું ભક્ષણ કર્યું હોવાથી પાર્શ્વસ્થાદિ સર્વને આલંબનરૂપ બનતા નથી. કહ્યું છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઠંડા અને રૂક્ષ એવા અન્ન માટે તે ઉદાયનઋષિ અનુરૂપ નહોતા કારણ કે તેઓ રાજા થઈને દીક્ષા લીધી હતી (માટે એમની કાયા સુકુમાલ હતી) અને પોતે રોગી હતા. તેથી આવા અન્ન માટે અયોગ્ય હોવાથી ગોકુળોમાં વિગઈથી મિશ્રિત એવા ભોજનવડે પોતાનો નિર્વાહ કરતા હતા. (એ આ મંદધર્મીઓ જોતા નથી. અને) તે માયાવીઓ કહે છે કે - શું ઉદાયન એ મુનિ નહોતા ? વિગઈનો પરિભોગ કરવા છતાં પણ મુનિ જ હતા. તેથી વિગઈનો પરિભોગ=ભક્ષણ એ નિર્દોષ જ છે. ॥૧૧૮૭॥

---

२०. दत्तं, तदपि अपहृतं, सा तस्य पृष्ठतः प्रहिण्डिता, अन्यदा प्रमत्तायां देवतायां दत्तं, कालगतः, तस्य च शय्यातरः कुम्भकारः, तस्मिन् कालगते देवतया पांशुवर्षा पतिता, सोऽपहृतोऽनपराधीतिकृत्वा सेनापल्यां कुम्भकारक्षेपो नाम पत्तनं तस्य नाम्ना जातं यत्र सोऽपहृत्य स्थापितः, वीतभयं च सर्वं पांसुना प्रेरितं, अद्यापि पांशवस्तिष्ठन्ति, एष कारणिक इतिकृत्वा न भवति सर्वेषामालम्बनमिति ।

एवं नित्यवासादिषु मन्दधर्माः सङ्गमस्थविरादीन्यालम्बनान्याश्रित्य सीदन्ति, अन्ये पुनः सूत्रादीन्येवाधिकृत्य, तथा चाह–

सुत्तत्थबालवुड्ढे य असहुदव्वाइआवईओ या ।
निस्साणपयं काउं संथरमाणावि सीयंति ॥११८८॥

व्याख्या–सूत्रं च अर्थश्च बालश्च वृद्धश्च सूत्रार्थबालवृद्धास्तान्, तथाऽसहश्च द्रव्याद्यापदश्च असहद्रव्याद्यापदस्ताँश्च, निश्राणाम्-आलम्बनानां पदं कृत्वा 'संस्तरन्तोऽपि' संयमानुपरोधेन वर्तमाना अपि सन्तः सीदन्ति, एतदुक्तं भवति-सूत्रं निश्रापदं कृत्वा यथाऽहं पठामि तावत्किं ममान्येन ?, एवमर्थं निश्रापदं कृत्वा शृणोमि तावत्, एवं बालत्वं वृद्धत्वं असहम्-असमर्थत्वमित्यर्थः, एवं द्रव्यापदं-दुर्लभमिदं द्रव्यं, तथा क्षेत्रापदं-क्षुल्लकमिदं क्षेत्रं, तथा कालापदं-दुर्भिक्षं वर्तते, तथा भावापदं-ग्लानोऽहमित्यादि निश्रापदं कृत्वा संस्तरन्तोऽपि सीदन्त्यल्पसत्त्वा इति गाथार्थः ॥११८८॥ एवम्–

---

અવતરણિકા :- આ પ્રમાણે મંદધર્મીઓ સંગમસ્થવિર વિગેરેઓનું આલંબન લઈને (નિષ્કારણ) નિત્યવાસાદિનું સેવન કરે છે. કેટલાક લોકો વળી સૂત્ર વિગેરેનું બહાનું કાઢીને નિત્યવાસાદિ સેવે છે. એ વાત જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો. (માત્ર મૂળમાં 'या' છે તે 'च' અર્થમાં છે. પ્રાકૃત હોવાથી દીર્ઘ જાણવું.)

ટીકાર્થ :- સૂત્ર, અર્થ, બાલ, વૃદ્ધ, અસમર્થત્વ, અને દ્રવ્યાદિ આપત્તિઓને આલંબનરૂપે કરીને સંયમની હાનિ વિના નિર્વાહ થઈ શકતો હોવા છતા નિત્યવાસાદિ પ્રમાદને સેવે છે. ભાવાર્થ આ પ્રમાણે → મારે સૂત્ર ભણવા છે તેથી મારે અન્યથી (=તપાદિથી) સર્યું (એમ વિચારી વિગઈ વિગેરેનો પરિભોગ કરે. અથવા અન્યથી=વિહારાદિથી અર્થાત્ જો હું વિહારાદિ કરતો રહીશ તો મારે સૂત્ર ભણાશે નહીં તેથી વિહારથી સર્યું. એ પ્રમાણે વિચારી નિત્યવાસ સેવે. માસકલ્પથી વધારે રહેવું એ પણ નિત્યવાસ કહેવાય. આ પ્રમાણે યથાયોગ્ય આગળ પણ સમજી લેવું.)

એ જ પ્રમાણે અર્થને મારે સાંભળવા છે એમ અર્થનું આલંબન લે, એ જ રીતે હું બાલ છું, વૃદ્ધ છું, અસમર્થ છું વિગેરે આલંબન લે. એ જ પ્રમાણે દ્રવ્યાપત્તિ એટલે આ દ્રવ્ય દુર્લભ છે. (વારંવાર મળતું નથી એમ વિચારી નિષ્કારણ સેવે.) ક્ષેત્રથી આપત્તિ=આ ક્ષેત્ર ઘણું નાનું છે. (એમ વિચારી માસકલ્પ પહેલાં જ વિહાર કરીને જતા રહે, અથવા આ ક્ષેત્ર ગરીબ છે. માટે વિગઈ મળે ત્યારે વાપરી લેવી વિગેરે.) તથા કાલથી આપત્તિ=ભિક્ષાની પ્રાપ્તિ સુલભ ન હોય એવો કાલ વર્તતો હોય. તથા ભાવથી આપત્તિ=હું ગ્લાન છું વિગેરે. આવા પ્રકારની દ્રવ્યાદિથી આપત્તિઓનું આલંબન લઈને સંયમની હાનિ વિના નિર્વાહ શક્ય હોવા છતાં પણ (એટલે કે નિષ્કારણ) અલ્પસત્ત્વ જીવો નિત્યવાસાદિ પ્રમાદનું સેવન કરે છે. ॥૧૧૮૮॥ આ પ્રમાણે તો (અર્થાત્ જો જે-તે આલંબન લઈને પ્રમાદો સેવવાના હોય તો) ⇨

आलंबणाण लोगो भरिओ जीवस्स अजउकामस्स ।
जं जं पिच्छइ लोए तं तं आलंबणं कुणइ ॥११८९॥

व्याख्या–'आलम्बनानां' प्रागिनरूपितशब्दार्थानां 'लोकः' मनुष्यलोकः 'भृतः' पूर्णो जीवस्य 'अजउकामस्स'त्ति अयतितुकामस्य, तथा च–अयतितुकामो यद् यत्पश्यति लोके नित्यवासादि तत् तदालम्बनं करोतीति गाथार्थः ॥११८९॥

किं च–द्विधा भवन्ति प्राणिनः–मन्दश्रद्धास्तीव्रश्रद्धाश्च, तत्रान्यन्मन्दश्रद्धानामालम्बनम् अन्यच्च तीव्रश्रद्धानामिति, आह च–

जे जत्थ जया जइया बहुस्सुया चरणकरणपब्भट्ठा ।
जं ते समायरंती आलंबण मंदसड्ढाणं ॥११९०॥

व्याख्या–'ये' केचन साधवः 'यत्र' ग्रामनगरादौ 'यदा' यस्मिन् काले सुषमदुष्षमादौ 'जइय'त्ति यदा च दुर्भिक्षादौ बहुश्रुताश्चरणकरणप्रभ्रष्टाः सन्तो यत्ते समाचरन्ति पार्श्वस्थादिरूपं तदालम्बनं मन्दश्रद्धानां भवतीति वाक्यशेषः, तथाहि–आचार्यो मथुरायां मङ्गुः सुभिक्षेऽप्याहारादिप्रतिबन्धापरित्यागात् पार्श्वस्थतामभजत्, तदेवमपि नूनं जिनैर्धर्मो दृष्ट एवेति गाथाभिप्रायः ॥११९०॥

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પૂર્વે નિરૂપિત કરાયો છે અર્થ જેનો એવા આલંબનોથી મનુષ્યલોક સંપૂર્ણ ભરેલો છે. (કોની માટે ? તે કહે છે.) જેને પુરૂષાર્થ કરવાની ઇચ્છા નથી એવા જીવ માટે, કારણ કે પુરૂષાર્થની ઇચ્છા વિનાનો જીવ આ લોકમાં જે જે નિત્યવાસાદિ જુએ છે, તેને તેને આલંબનરૂપે કરે છે. (અર્થાત્ જો પ્રમાદ જ કરવો હોય તો ઢગલાબંધ આલંબનો મળી શકે એમ છે. તેથી જે-તે આલંબનો લઈને પ્રમાદ આચરવા યોગ્ય નથી.) ॥૧૧૮૯॥

અવતરણિકા :- વળી જીવો બે પ્રકારે છે → મંદશ્રદ્ધાવાળા (=શિથિલાચારી) અને તીવ્રશ્રદ્ધાવાળા (=સંયમીઓ.) તેમાં મંદશ્રદ્ધાવાળા જીવોનું આલંબન જુદું હોય છે અને તીવ્રશ્રદ્ધાવાળા જીવોનું આલંબન જુદું હોય છે. કહ્યું છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે ગામ, નગરાદિમાં સુષમ-દુષમાદિ જે કાલમાં જ્યારે દુર્ભિક્ષાદિ હોય ત્યારે ચરણ-કરણથી ભ્રષ્ટ થઈને બહુશ્રુત એવા જે કોઈ સાધુ જે પાર્શ્વસ્થાદિરૂપ અસંયમને આચરે છે. (એટલે કે પાર્શ્વસ્થાદિપણાને પામે છે.) મંદશ્રદ્ધાવાળા જીવોને તે પાર્શ્વસ્થાદિપણું આલંબનરૂપે થાય છે. (એટલે કે મંદશ્રદ્ધાવાળા જીવો પણ પાર્શ્વસ્થાદિરૂપે થાય છે.) જેમ કે, મથુરાનગરીમાં આચાર્ય મંગુ સુભિક્ષ હોવા છતાં પણ આહારાદિની આસક્તિને ત્યાગ ન કરવાથી પાર્શ્વસ્થતાને પામ્યા. તેથી આ પ્રમાણેનો પણ ધર્મ જિનોએ જોયેલા છે. (એવું માની મંદશ્રદ્ધાવાળા જીવો પાર્શ્વસ્થતાદિને આચરે છે.) ॥૧૧૯૦॥

जे जत्थ जया जइया बहुस्सुया चरणकरणसंपन्ना ।
जं ते समायरंती आलंबण तिव्वसड्ढाणं ॥११९१॥

व्याख्या—'ये' केचन 'यत्र' ग्रामनगरादौ 'यदा' सुषमदुष्षमादौ 'जइय'त्ति यदा च दुर्भिक्षादौ बहुश्रुताश्चरणकरणसम्पन्नाः, यत्ते समाचरन्ति भिक्षुप्रतिमादि तदालम्बनं तीव्रश्रद्धानां भवतीति गाथार्थः ॥११९१॥

अवसितमानुषङ्गिकं, तस्मात् स्थितमिदं—पञ्चानां कृतिकर्म न कर्तव्यं, तथा च निगमयन्नाह—

दंसणनाणचरित्ते तवविणए निच्चकालपासत्था ।
एए अवंदणिज्जा जे जसघाई पवयणस्स ॥११९२॥

व्याख्या—'दंसणनाणचरित्ते'त्ति प्राकृतशैल्या छान्दसत्वाच्च दर्शनज्ञानचारित्राणां तथा तपोविनययोः 'निच्चकालपासत्थ'त्ति सर्वकालं पार्श्वे तिष्ठन्तीति सर्वकालपार्श्वस्थाः, नित्यकाल-ग्रहणमित्वरप्रमादव्यवच्छेदार्थं, तथा च—*इत्वरप्रमादान्निश्चयतो ज्ञानाद्यपगमेऽपि व्यवहारतस्तु साधव एवेति*, 'एते' प्रस्तुता अवन्दनीयाः, ये किंभूताः ?—'यशोघातिनः' यशोऽभिनाशकाः,

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે ગામ, નગરાદિમાં સુષમ-દુષમાદિ જે કાલમાં જ્યારે દુર્ભિક્ષાદિ હોય ત્યારે ચરણ-કરણથી યુક્ત બહુશ્રુત એવા જે કોઈ સાધુઓ જે ભિક્ષુપ્રતિમાદિ આચરે છે. તીવ્રશ્રદ્ધાવાળા જીવો માટે તે આલંબનરૂપ થાય છે. ॥૧૧૯૧॥

અવતરણિકા :- આનુષંગિક પૂર્ણ થયું. તેથી આ વાત સ્થિર થઈ કે પાર્શ્વસ્થાદિ પાંચોને વંદન કરવા યોગ્ય નથી. આ જ વાતનું નિગમન કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- જેઓ દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ તથા વિનયની હંમેશા પાસે રહેલા છે(=દર્શનાચારાદિનું પાલન કરનારા નથી), અને વળી પ્રવચનના યશનો ઘાત કરનારા છે, તેઓ અવંદનીય છે.

ટીકાર્થ :- 'दंसणनाणचरित्ते तवविणए' મૂળમાં જે આ પ્રમાણે પ્રયોગ કર્યો છે તે પ્રાકૃતશૈલી હોવાથી અને છાન્દસ પ્રયોગ (આનો અર્થ ભાગ-૧ અથવા ભાગ-૨ના 'સંસ્કૃત ટીકા વાચવાની પદ્ધતિ' નામના અનુક્રમણિકા પછીના લેખમાંથી જાણી લેવો.) હોવાથી કરેલ છે. બાકી આ શબ્દોને ષષ્ઠી વિભક્તિ જાણીને અર્થ કરવો. તેથી દર્શન, જ્ઞાન, ચારિત્ર, તથા તપ અને વિનયની હંમેશા પાસે રહેલા છે. મૂળમાં નિત્યકાલનું ગ્રહણ અલ્પકાલ માટેના પ્રમાદની બાકબાકી કરવા માટે છે. તેથી અલ્પકાલના પ્રમાદ કરનારાના જ્ઞાનાદિનો નિશ્ચયથી નાશ થવા છતાં પણ વ્યવહારથી તેઓ સાધુ જાણવા.

જ્ઞાનાદિની હંમેશા પાસે રહેલા (=જ્ઞાનાદિ આચારોનું પાલન નહીં કરનારા) આ લોકો અવંદનીય છે. જે કેવા પ્રકારના છે ? — યશનો નાશ કરનારા છે. કોના યશનો ? પ્રવચનના

कस्य ?—प्रवचनस्य, कथं यशोघातिनः ?, श्रमणगुणोपात्तं यद् यशस्तत्तद्गुणवितथासेवनतो घातयन्तीति गाथार्थः ॥११९२॥

पार्श्वस्थादिवन्दने चापायान्निगमयन्नाह—

किइकम्मं च पसंसा सुहसीलजणम्मि कम्मबंधाय ।
जे जे पमायठाणा ते ते उववूहिया हुंति ॥११९३॥

व्याख्या—'कृतिकर्म' वन्दनं 'प्रशंसा च' बहुश्रुतो विनीतो वाऽयमित्यादिलक्षणा 'सुखशीलजने' पार्श्वस्थजने कर्मबन्धाय, कथं ?—यतस्ते पूज्या एव वयमिति निरपेक्षतरा भवन्ति, एवं यानि यानि प्रमादस्थानानि येषु विषीदन्ति पार्श्वस्थादयस्तानि तानि 'उपबृंहितानि भवन्ति' समर्थितानि भवन्ति-अनुमतानि भवन्ति, तत्प्रत्ययश्च बन्ध इति गाथार्थः ॥११९३॥

यस्मादेतेऽपायास्तस्मात् पार्श्वस्थादयो न वन्दनीयाः, साधव एव वन्दनीया इति निगमयन्नाह—

दंसणनाणचरित्ते तवविणए निच्चकालमुज्जुत्ता ।
एए उ वंदणिज्जा जे जसकारी पवयणस्स ॥११९४॥

व्याख्या—दर्शनज्ञानचारित्रेषु तथा तपोविनययोः 'नित्यकालं' सर्वकालम् 'उद्युक्ता'

---

યશનો. કેવી રીતે યશનો નાશ કરનારા છે ? — શ્રમણગુણોના પાલનથી જે યશ પ્રાપ્ત થાય છે, તે યશનો શ્રમણગુણોથી વિપરીત એવા પ્રમાદાદિનું સેવન કરવા દ્વારા ઘાત કરનારા છે. (તેથી અવંદનીય છે.) ॥૧૧૯૨॥

અવતરણિકા :- પાર્શ્વસ્થાદિને વંદન કરવામાં થતાં નુકસાનોને અંતમાં જણાવતાં કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- કૃતિકર્મ એટલે કે વંદન અને "આ બહુશ્રુત છે અથવા આ વિનીત છે" ઇત્યાદિ બોલવું તે પ્રશંસા. પાર્શ્વસ્થોને કરેલ વંદન અને પ્રશંસા કર્મબંધ માટે થાય છે. શા માટે કર્મબંધ માટે થાય છે ? — કારણ કે સુવિહિત સાધુઓ જો આ લોકોને વંદનાદિ કરે તો 'અમે પૂજ્ય=મહાન છીએ' એવું વિચારી તેઓ શાસનહીલનાદિથી નિરપેક્ષ બની વધુ દઢ રીતે અસંયમને આચરનારા થાય છે. અને આ પ્રમાણે પાર્શ્વસ્થાદિ જે જે પ્રમાદસ્થાનોને સેવે છે, તે બધા પ્રમાદસ્થાનોની અનુમોદના કરાયેલી થાય છે. તેથી તન્નિમિત્તક કર્મબંધ થાય છે. ॥૧૧૯૩॥

અવતરણિકા :- જે કારણથી આવા પ્રકારના દોષો થાય છે, તે કારણથી પાર્શ્વસ્થાદિઓ વંદનીય નથી. પરંતુ સાધુઓ જ વંદનીય છે એ વાત અંતમાં જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ તથા વિનયને વિશે જે સાધુઓ હંમેશા ઉદ્યમવાળા

उद्यता, एत एव वन्दनीयाः, ये विशुद्धमार्गप्रभावनया यशःकारिणः प्रवचनस्येति गाथार्थः ॥११९४॥

अधुना सुसाधुवन्दने गुणमुपदर्शयन्नाह—

किइकम्मं च पसंसा संविग्गजणंमि निज्जरट्ठाए ।
जे जे विरईठाणा ते ते उववूहिया हुंति ॥११९५॥

व्याख्या—'कृतिकर्म' वन्दनं 'प्रशंसा च' बहुश्रुतो विनीतः पुण्यभागित्यादिलक्षणा संविग्नजने 'निर्जरार्थाय' कर्मक्षयाय कथं ?-यानि (यानि) विरतिस्थानानि येषु वर्तन्ते संविग्नास्तानि तानि 'उपबृंहितानि भवन्ति' अनुमतानि भवन्ति, तदनुमत्या च निर्जरा, संविग्नाः पुनर्द्विधा-द्रव्यतो भावतश्च, द्रव्यसंविग्ना मृगाः ★पत्रेऽपि चलति सदोत्रस्तचेतसः, भावसंविग्नास्तु साधवस्तैरिहाधिकार इति गाथार्थः ॥११९५॥

गतं सप्रसङ्गं नित्यवासद्वारमिति व्याख्याता सप्रपञ्चं पञ्चानां कृतिकर्म इत्यादिद्वारगाथा, निगमयतोक्तमोघतो दर्शनाद्युपयुक्ता एव वन्दनीया इति, अधुना तानेवाऽऽचार्यादिभेदतोऽभिधित्सुराह—

---

છે અને જેઓ વિશુદ્ધમાર્ગની પ્રભાવના કરવા દ્વારા પ્રવચનના યશને કરનારા છે. તેઓ જ વંદનીય છે. ॥૧૧૯૪॥

અવતરણિકા :- હવે સુસાધુઓને વંદન કરવામાં થતાં ગુણોને બતાવતા કહે છે ⇨

**ગાથાર્થ :- સંવિગ્ન સાધુઓના કરેલા વંદન-પ્રશંસા નિર્જરા માટે થાય છે. જે જે વિરતિસ્થાનો છે તે તે સર્વ અનુમત થાય છે.**

ટીકાર્થ :- સંવિગ્નજનોને કરેલા વંદન અને 'આ બહુશ્રુત છે, વિનીત છે, પુણ્યશાળી છે' વિગેરેરૂપ પ્રશંસા કર્મક્ષયમાટે થાય છે. કઈ રીતે ? જે જે વિરતિસ્થાનોમાં સંવિગ્ન સાધુઓ વર્તી રહ્યા છે (એટલે કે આચરણ કરે છે) તે તે સર્વ વિરતિસ્થાનોની (આ વંદન - પ્રશંસા દ્વારા) અનુમોદના કરાયેલી થાય છે. અને તેમની અનુમોદનાથી નિર્જરા પ્રાપ્ત થાય છે. સંવિગ્ન બે પ્રકારે → દ્રવ્યથી અને ભાવથી. તેમાં પાંદડાના પણ હલન-ચલનથી સદા ત્રાસ પામેલા ચિત્તવાળા એવા અર્થાત્ સદા ભયભીત એ દ્રવ્યસંવિગ્ન જાણવા. સાધુઓ ભાવસંવિગ્ન જાણવા. અહીં ભાવસાધુઓનો અધિકાર છે. (અર્થાત્ એમનું અહીં પ્રકરણ ચાલે છે.) ॥૧૧૯૫॥

અવતરણિકા :- આ રીતે પ્રસંગસહિત નિત્યવાસદ્વાર (ગા. ૧૧૦૮માં આપેલ) પૂર્ણ થયું. તે સાથે 'पञ्चानां कृतिकर्म.... વિગેરે દ્વારગાથા (ગા.૧૧૦૮)ની વિસ્તારથી વ્યાખ્યા પૂર્ણ થઈ. છેલ્લો નિષ્કર્ષ જણાવતા આચાર્યે કહ્યું કે "સામાન્યથી દર્શનાદિમાં ઉપયુક્ત સાધુઓ જ વંદનીય છે." માટે હવે તે વંદનીય સાધુઓને જ આચાર્યાદિના ભેદથી કહેવાની ઇચ્છાવાળા આચાર્ય જણાવે છે ⇨

---

★ 'पत्रे विचलति' - प्र० ।

आयरिय उवज्झाए पव्वत्ति थेरे तहेव रायणिए ।
एएसिं किइकम्मं कायव्वं निज्जरट्ठाए ॥११९६॥

व्याख्या–आचार्य उपाध्यायः प्रवर्तकः स्थविरस्तथैव रत्नाधिकः, एतेषां कृतिकर्म कर्तव्यं निर्जरार्थं, तत्र चाऽऽचार्यः सूत्रार्थोभयवेत्ता लक्षणादियुक्तश्च, उक्तं च–

*"[२१]सुत्तत्थविऊ लक्खणजुत्तो गच्छस्स मेढिभूओ य ।*
*गणतत्तिविप्पमुक्को अत्थं भासेइ आयरिओ ॥१॥"*

न तु सूत्रं, यत उक्तम्–

*"[२२]एक्कग्गया य झाणे वुड्ढी तित्थयरअणुकिती गरुआ ।*
*आणाहिज्जमिइ गुरू कयरिणमुक्खो न वाएइ ॥१॥"*

अस्य हि सर्वैरेवोपाध्यायादिभिः कृतिकर्म कार्यं पर्यायहीनस्यापि, उपाध्यायः प्राग्निरूपितशब्दार्थः, स चेत्थम्भूतः–

*"[२३]सम्मत्तणाणसंजमजुत्तो सुत्तत्थतदुभयविहिन्नू ।*
*आयरियठाणजुग्गो सुत्तं वाए उवज्झाओ ॥१॥"*

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર તથા રત્નાધિક. આ લોકોને નિર્જરા માટે વંદન કરવા યોગ્ય છે. તેમાં આચાર્ય સૂત્ર-અર્થ-ઉભયને જાણનારા અને લક્ષણાદિયુક્ત હોય છે. કહ્યું છે – "સૂત્ર-અર્થને જાણનારા, લક્ષણથી યુક્ત, ગચ્છના મુખ્યાધારભૂત, ગણની ચિંતાથી રહિત એવા આચાર્ય અર્થને કહે છે. ॥૧॥" પણ સૂત્રને કહેતા નથી, કારણ કે કહ્યું છે – "[H]અર્થના ધ્યાનમાં એકાગ્રતા થાય, એકાગ્રતા પૂર્વકનું ધ્યાન થવાથી અર્થની વૃદ્ધિ થાય, તીર્થંકરો પણ અર્થને જ કહેતા હોવાથી તેમનું અનુકરણ થાય, સૂત્ર તો બીજા પણ આપનારા હોવાથી માત્ર અર્થને આપતા આચાર્યની ગરિમા થાય, જિનાજ્ઞાનું પાલન થવાથી આજ્ઞાસ્થૈર્ય થાય, (જ્યાં સુધી ગુરુ શિષ્યોને સૂત્ર ન ભણાવે ત્યાં સુધી ઋણી કહેવાય છે. તેથી આચાર્ય જ્યારે મુનિ વિગેરે અવસ્થામાં હતા ત્યારે ઘણાને સૂત્ર ભણાવી દીધા હોવાથી હવે તેઓ કૃતઋણમુક્ત કહેવાય છે. તેથી) કૃતઋણમુક્ત (અને ઉપરોક્ત ગુણો થવાથી) ગુરુ સૂત્રને ભણાવતા નથી. ॥૧॥" પર્યાયથી હીન એવા પણ આ આચાર્યને ઉપાધ્યાયાદિ બધાએ વંદન કરવા યોગ્ય છે.

ઉપાધ્યાય કે જેમના શબ્દનો અર્થ પૂર્વે જણાવેલો હતો તે ઉપાધ્યાય આવા પ્રકારના જાણવા → "સમસ્ત જ્ઞાન અને સંયમથી યુક્ત, સૂત્ર-અર્થ-તદુભય અને તેના દાનની વિધિને જાણનારા, આચાર્ય પદને લાયક એવા ઉપાધ્યાય સૂત્ર ભણાવે છે. ॥૧॥" શા માટે ? તે કહે

---

२१. सूत्रार्थविद् लक्षणयुक्तो गच्छस्य मेढीभूतश्च । गणतप्तिविप्रमुक्तोऽर्थं वाचयत्याचार्यः ॥१॥ २२. एकाग्रता च ध्याने वृद्धिस्तीर्थकरानुकृतिर्गुर्वी । आज्ञास्थैर्यमिति गुरवः कृतऋणमोक्षा न वाचयन्ति ॥१॥ २३. सम्यक्त्वज्ञानसंयमयुक्तः सूत्रार्थतदुभयविधिज्ञः । आचार्यस्थानयोग्यः सूत्रं वाचयति उपाध्यायः ॥१॥

किं निमित्तं ?–

"[२४]सुत्तत्थेसु थिरत्तं रिणमुक्खो आयतीयऽपडिबंधो ।
पाडिच्छामोहजओ सुत्तं वाए उवज्झाओ ॥१॥"

तस्यापि तैर्विनेयैः पर्यायहीनस्यापि कृतिकर्म कार्यं, यथोचितं प्रशस्तयोगेषु साधून् प्रवर्तयतीति प्रवर्तकः, उक्तं च–

"[२५]तवसंजमजोगेसुं जो जोगो तत्थ तं पवत्तेइ ।
असहुं च नियत्तेई गणतत्तिल्लो पवत्ती उ ॥१॥"

अस्यापि कृतिकर्म कार्यं हीनपर्यायस्यापि, सीदतः★ साधूनैहिकामुष्मिकापायदर्शनतो मोक्षमार्ग एव स्थिरीकरोतीति स्थविरः, उक्तं च–

"[२६]थिरकरणा पुण थेरो पवत्तिवावारिएसु अत्थेसुं ।
जो जत्थ सीयइ जई संतबलो तं थिरं कुणइ ॥१॥"

अस्याप्यूनपर्यायस्यापि कृतिकर्म कार्यं, गणावच्छेदकोऽप्यत्रानुपात्तोऽपि मूलग्रन्थेऽव*-

---

છે - [(11)]સૂત્રાર્થને વિશે સ્થિરપણું, ઋણમુક્તિ, ભવિષ્યમાં સૂત્રનો અપ્રતિબંધ=અવિનાશ થાય, (તથા જે સાધુ અન્ય ગચ્છાદિમાંથી આવીને સૂત્રની ઉપસંપદા સ્વીકારે છે તે પ્રતીચ્છકો કહેવાય છે. તેમને સૂત્રનું દાન કરવાથી) પ્રતીચ્છકો ઉપર ઉપકાર થાય છે અને સૂત્રવાચના આપવામાં પોતે વ્યસ્ત હોવાથી ચિત્તની ચંચળતારૂપ મોહનો જય થાય છે. (આવા બધા ફાયદા થતાં હોવાથી) ઉપાધ્યાય સૂત્ર ભણાવે છે. ॥૧॥" પર્યાયથી હીન હોય તો પણ આવા ઉપાધ્યાયને સર્વ સાધુઓએ વંદન કરવું જોઈએ.

પોતાને ઉચિત એવા પ્રશસ્તયોગોમાં સાધુઓને જે જોડે તે પ્રવર્તક કહેવાય છે. કહ્યું છે – "તપ-સંયમયોગોમાં જે સાધુને જે યોગ યોગ્ય હોય, તે સાધુને તે યોગમાં પ્રવર્તાવે છે અને અસમર્થને તે-તે યોગથી અટકાવે છે. આ રીતે જે ગણની ચિંતા કરનારો છે તે પ્રવર્તક જાણવો. ॥૧॥" પર્યાયથી હીન હોય તો પણ આવા પ્રવર્તકને વંદન કરવું જોઈએ.

સીદાતા સાધુઓને ઐહિક-આમુષ્મિક નુકસાનો દેખાડી મોક્ષમાર્ગમાં જે સ્થિર કરે તે સ્થવિર જાણવા. કહ્યું છે – "પ્રવર્તકવડે વ્યાપારિત એવા સાધુઓને યોગોમાં સ્થિર કરતા હોવાથી સ્થવિર કહેવાય છે. (કેવી રીતે ? –) જે સાધુ જે યોગમાં શક્તિ હોવા છતાં સીદાતો હોય, તેને તે યોગમાં સ્થિર કરે છે. ॥૧॥" પર્યાયથી હીન હોવા છતાં સ્થવિરને પણ વંદન કરવું જોઈએ.

મૂળમાં ગણાવચ્છેદક જણાવ્યો ન હોવા છતાં આચાર્યાદિ સાથે જ આ પણ હોવાથી તેને

---

२४. सूत्रार्थयोः स्थिरत्वं ऋणमोक्ष आयत्यां चाप्रतिबन्धः । प्रातीच्छकमोहजयः ( प्रतीच्छनात्मोहजयः ) सूत्रं वाचयति उपाध्यायः ॥१॥ २५. तपःसंयमयोगेषु यो योग्यस्तत्र तं प्रवर्त्तयति । असहिष्णुं च निवर्त्तयति गणचिन्तकः प्रवर्त्ति(र्त्तक)स्तु ॥१॥ २६. स्थिरकरणात्पुनः स्थविरः प्रवर्त्तकव्यापारिते-ष्वर्थेषु । यो यत्र सीदति यतिस्सद्बलस्तं स्थिरं करोति ॥१॥ ★ सीदमानान् । * मूलग्रन्थेनावगन्तव्यः ।

गन्तव्यः, साहचर्यादिति, स चेत्थम्भूतः–

"[२७]उद्धावणापहावणखित्तोवधिमग्गणासु अविसाई ।
सुत्तत्थतदुभयविऊ गणवच्छो एरिसो होइ ॥१॥"

अस्याप्यूनपर्यायस्यापि कृतिकर्म कर्तव्यं, रत्नाधिकः–पर्यायज्येष्ठः, एतेषामुक्तक्रमेणैव कृतिकर्म कर्तव्यं निर्जरार्थम्, अन्ये तु भणन्ति-प्रथममालोचयद्भिः सर्वैराचार्यस्य कृतिकर्म कार्यं, पश्चाद् यथारत्नाधिकतया, आचार्येणापि मध्यमे कृतिकर्मणि ज्येष्ठस्य कृतिकर्म कार्यमिति गाथार्थः ॥११९६॥

प्रथमद्वारगाथायां गतं 'कस्ये'त्ति द्वारम्, अधुना 'केने'ति द्वारं, केन कृतिकर्म कर्तव्यं ? केन वा न कर्तव्यं ?, कः पुनरस्य कारणोचितः अनुचितो वेत्यर्थः, तत्र मातापित्रादिरनुचितो गणः, तथा चाह ग्रन्थकारः–

**मायरं पियरं वावि जिट्ठगं वावि भायरं ।
किइकम्मं न कारिज्जा सव्वे राइणिए तहा ॥११९७॥**

व्याख्या–मातरं पितरं वाऽपि ज्येष्ठकं वाऽपि भ्रातरम्, अपिशब्दान्मातामहपितामहादि-

પણ અહીં જાણી લેવો. તે ગણાવચ્છેદકનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું → [(11)]ક્ષેત્રપ્રત્યુપેક્ષણા કે ઉપધિ વિગેરેની ગવેષણાદિ ગચ્છસંબંધી કાર્યો ઊભા થાય ત્યારે તરત જ તે કાર્ય કરવા દોડે તે ઉદ્ધાવના અને પોતાના ઉપર ઉપકાર કર્યો એવી બુદ્ધિથી તે તે કાર્ય કરવામાં પ્રવૃત્તિ કરે તે પ્રધાવના, આ ઉદ્ધાવના-પ્રધાવનામાં જે વિષાદ પામતો ન હોય (इति दीपिकायां) અને સૂત્ર-અર્થ-તદુભયને જે જાણનારો હોય તે ગણાવચ્છેદક હોય છે. ॥૧॥" પર્યાયથી હીન હોય તો પણ આવા ગણાવચ્છેદકને વંદન કરવા જોઈએ.

રત્નાધિક એટલે જે પર્યાયથી મોટો હોય. આમ આચાર્યાદિ સર્વને કહેવાયેલા ક્રમથી જ કૃતિકર્મ=વંદન નિર્જરા માટે કરવા જોઈએ. કેટલાકો કહે છે કે - સૌ પ્રથમ આલોચના કરતા સર્વ સાધુઓવડે આચાર્યને વંદન કરવું, પછી રત્નાધિકના ક્રમ પ્રમાણે કરવું. મધ્યમ વંદન આવે ત્યારે (=પગામસિજ્જા૦ પછીના વંદન વચલા વંદન કહેવાય, તેમાં અબ્ભુટ્ઠિઓ પછીના વાંદણા આવે ત્યારે) આચાર્ય પણ પોતાનાથી મોટાને વંદન કરે. ॥૧૧૯૬॥

અવતરણિકા :- પ્રથમદ્વારગાથામાં (ગા. ૧૧૦૩માં) આપેલ 'कस्य' દ્વાર પૂર્ણ થયું. હવે 'केन' દ્વાર જણાવે છે, અર્થાત્ કોણે વંદન કરવું જોઈએ ? અથવા કોણે વંદન કરવું નહીં. એટલે કે પોતાને કોની પાસે વંદન કરાવવા ઉચિત છે કે અનુચિત છે ? તેમાં માતા-પિતા વિગેરે ગણ એ અનુચિત જાણવો. આ જ વાતને ગ્રંથકાર કહે છે ⇨

**ગાથાર્થ :- માતા, પિતા, મોટો ભાઈ, અથવા સર્વ રત્નાધિકો પાસે વંદન કરાવે નહીં.**

ટીકાર્થ :- માતા, અથવા પિતા, મોટો ભાઈ, 'अपि' શબ્દથી દાદી-દાદા વિગેરે જાણવા.

२७. उद्घावनप्रधावनाक्षेत्रोपधिमार्गणास्वविषादी । सूत्रार्थतदुभयविद् गणावच्छेदक ईदृशो भवति ॥१॥

परिग्रहः, 'कृतिकर्म' अभ्युत्थितवन्दनमित्यर्थः, न कारयेत् सर्वान् रत्नाधिकाँस्तथा, पर्यायज्येष्ठानित्यर्थः, किमिति ?, मात्रादीन् वन्दनं कारयतः लोकगर्होपजायते, तेषां च कदाचिद्विपरिणामो भवति, आलोचनप्रत्याख्यानसूत्रार्थेषु तु कारयेत्, सागारिकाध्यक्षे तु यतनया कारयेद्, एष प्रव्रज्याप्रतिपन्नानां विधिः, गृहस्थाँस्तु कारयेदिति गाथार्थः ॥११९७॥

साम्प्रतं कृतिकर्मकरणोचितं प्रतिपादयन्नाह–

**पंचमहव्वयजुत्तो अणलस माणपरिवज्जियमईओ ।**
**संविग्गनिज्जरट्ठी किइकम्मकरो हवइ साहू ॥११९८॥**

**व्याख्या**–पञ्च महाव्रतानि-प्राणातिपातादिनिवृत्तिलक्षणानि तैर्युक्तः 'अणलस'त्ति आलस्यरहितः 'मानपरिवर्जितमतिः' जात्यादिमानपराङ्मुखमतिः 'संविग्नः' प्राग्व्याख्यात एव 'निर्जरार्थी' कर्मक्षयार्थी, एवम्भूतः कृतिकर्मकारको भवति साधुः, एवम्भूतेन साधुना कृतिकर्म कर्त्तव्यमिति गाथार्थः ॥११९८॥

गतं केनेति द्वारं, साम्प्रतं 'कदे'त्यायातं, कदा कृतिकर्म कर्तव्यं कदा वा न कर्तव्यं ?, तत्र–

દીક્ષિત એવા આ બધા પાસે [H]અભ્યુત્થિતવંદન=વિનય માટે કરાતું દૈનિક વંદન સાધુ કરાવે નહીં. એ જ પ્રમાણે પોતાનાથી રત્નાધિક જે હોય તેમની પાસે પણ વંદન કરાવે નહીં=વંદન લે નહીં. શા માટે ? – માતા-પિતા વિગેરે પાસેથી વંદન લેનારની લોકમાં નિંદા થાય છે. અને ક્યારેક માતા-પિતા વિગેરેને વિપરીત પરિણામ પણ થવાની સંભવના છે. પરંતુ આલોચના સાંભળવાની હોય, પ્રત્યાખ્યાન (અનશન વિ.) કરાવવાનું હોય કે સૂત્ર - અર્થ આપવાના હોય આવા વિશિષ્ટ કાર્યોમાં (શ્રાવકાદિ વર્ગ ન હોય તો) વંદન કરાવે=ગ્રહણ કરે. જો આજુબાજુ શ્રાવકાદિ હોય તો યતનાપૂર્વક (એટલે કે ગૃહસ્થ ન જુએ એ રીતે અથવા પડદા પાછળ અથવા ઊભા ઊભા જ હાથ જોડીને) વંદન કરાવે. આ વિધિ જે માતા-પિતા વિગેરે દીક્ષિત થયા હોય તેમની માટે જાણવી. માતા-પિતા જો ગૃહસ્થાવસ્થામાં હોય તો તેમના વંદન ગ્રહણ કરે. ॥૧૧૯૭॥

અવતરણિકા :- હવે વંદન કરવામાં ઉચિત (=વંદન કરનાર)નું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રતોથી યુક્ત, આળસથી રહિત, જાતિ વિગેરેના અહંકારથી પરાઙ્મુખ મતિવાળો, જેનો અર્થ પૂર્વે કહી દીધો છે તેવો સંવિગ્ન, કર્મક્ષયનો અર્થી એવો સાધુ વંદન કરનારો થાય છે. એટલે કે આવા સાધુએ વંદન કરવું જોઈએ. ॥૧૧૯૮॥

અવતરણિકા :- 'केन' દ્વાર પૂર્ણ થયું. હવે 'कदा' એ દ્વાર આવ્યું છે, અર્થાત્ ક્યારે વંદન કરવું અથવા ક્યારે ન કરવું ? તે કહે છે ⇨

वक्खित्तपराहुत्ते अ पमत्ते मा कया हु वंदिज्जा ।
आहारं च करिंतो नीहारं वा जइ करेइ ॥११९९॥

व्याख्या—व्याक्षिप्तं धर्मकथादिना 'पराहुत्ते य' पराङ्मुखं, चशब्दादुद्ध्र( त्थि )तादिपरिग्रहः, प्रमत्तं क्रोधादिप्रमादेन मा कदाचिद्वन्देत, आहारं वा कुर्वन्तं नीहारं वा यदि करोति, इह च—धर्मान्तरायानवधारणप्रकोपाहारान्तरायपुरीषानिर्गमनादयो दोषाः प्रपञ्चेन वक्तव्या इति गाथार्थः ॥११९९॥

कदा, तर्हि वन्देतेत्यत आह—

पसंते आसणत्थे य, उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजए ॥१२००॥

व्याख्या—'प्रशान्तं' व्याख्यानादिव्याक्षेपरहितम् 'आसनस्थं' निषद्यागतम् 'उपशान्तं' क्रोधादिप्रमादरहितम् 'उपस्थितं' छन्देनेत्याद्यभिधानेन प्रत्युद्यतम्, एवम्भूतं सन्तमनुज्ञाप्य मेधावी ततः कृतिकर्म प्रयुञ्जीत, वन्दनकं कुर्यादित्यर्थः, अनुज्ञापनायां च आदेशद्वयं, यानि

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (જેમને વંદન કરવાના છે તે જો ) ધર્મદેશના આપવા વિગેરે કાર્યોમાં વ્યસ્ત હોય, પરાઙ્મુખ હોય, 'च' શબ્દથી ઊભા હોય વિગેરે જાણવું, ક્રોધાદિ પ્રમાદને કારણે પ્રમત્ત હોય (=ક્રોધાદિ કષાયથી યુક્ત હોય) તો ક્યારેય વંદન કરવા નહીં. (એ પ્રમાણે અન્વય જોડવો.) અથવા ગોચરી વાપરતા હોય કે સ્થંડિલભૂમિ જવા નીકળતા હોય (તો આવી કોઈપણ પરિસ્થિતિમાં વંદન કરવા નહીં. કારણ કે) અહીં ધર્માન્તરાય, અનવધારણ, પ્રકોપ, આહારમાં અન્તરાય, મળનું અટકવું વિગેરે દોષો વિસ્તારથી કહેવા યોગ્ય છે. (તે આ પ્રમાણે → ધર્મકથાદિમાં વ્યસ્ત હોય અને આપણે વંદન કરીએ તો એમનું ધ્યાન આપણા તરફ જવાથી ધારા તૂટે, તેઓ અટકે વિગેરેને કારણે વક્તા-શ્રોતા ઉભયને ધર્મમાં અંતરાય થાય. પરાઙ્મુખ હોય અને આપણે વંદન કરીએ તો એમનું ધ્યાન આપણાં તરફ જાય નહીં.

ક્રોધમાં હોય અને વંદન કરવા જઈએ તો કદાચ આપણી ઉપર ક્રોધ થાય એવી સંભાવના રહે. આહારાન્તરાય સ્પષ્ટ જ છે. તથા સ્થંડિલભૂમિ તરફ નીકળવાની ઇચ્છાવાળા હોય અને આપણે વંદન કરીએ તો કદાચ રોકી રાખવાની શક્યતાને કારણે માંદગી વિગેરે દોષો થાય.) ॥૧૧૯૯॥

અવતરણિકા :- તો ક્યારે વંદન કરાય ? તે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- વ્યાખ્યાનાદિવ્યાક્ષેપથી રહિત હોય, આસનસ્થ હોય, ક્રોધાદિપ્રમાદથી રહિત હોય, ઉપસ્થિત હોય (એટલે કે સન્મુખ હોય અને માટે ) 'તારી ઇચ્છા હોય તો તું કરી શકે છે' વિગેરે કથન કરી શકે એવી પરિસ્થિતિમાં હોય, (આવા પ્રકારના ગુરુ અથવા રત્નાધિકાદિને) એમની રજા માંગીને બુદ્ધિશાળી સાધુ વંદન કરે. રજા માંગવામાં બે આદેશો માંગવાના છે,

ध्रुववन्दनानि तेषु प्रतिक्रमणादौ नानुज्ञापयति, यानि पुनरौत्पत्तिकानि तेष्वनुज्ञापयतीति गाथार्थः ॥१२००॥

गतं कदेति द्वारं, कतिकृत्वोद्वारमधुना, कतिकृत्वः कृतिकर्म कार्यं ?, कियत्यो वारा इत्यर्थः, तत्र प्रत्यहं नियतान्यनियतानि च वन्दनानि भवन्त्यत उभयस्थाननिदर्शनायाऽऽह निर्युक्तिकारः–

पडिक्कमणे सज्झाए काउस्सग्गावराहपाहुणए ।
आलोयणसंवरणे उत्तमट्ठे य वंदणयं ॥१२०१॥

व्याख्या–प्रतीपं क्रमणं प्रतिक्रमणम्, अपराधस्थानेभ्यो गुणस्थानेषु वर्तनमित्यर्थः, तस्मिन् सामान्यतो वन्दनं भवति, तथा 'स्वाध्याये' वाचनादिलक्षणे, 'कायोत्सर्गे' यो हि विगतिपरिभोगायाऽऽचाम्लविसर्जनार्थं क्रियते, 'अपराधे' गुरुविनयलङ्घनरूपे, यतस्तं वन्दित्वा क्षामयति, पाक्षिकवन्दनान्यपराधे पतन्ति, 'प्राघूर्णके' ज्येष्ठे समागते सति वन्दनं भवति, इतरस्मिन्नपि प्रतीच्छितव्यम्, अत्र चायं विधिः–"संभोइय[२८] अण्णसंभोइया य दुविहा हवंति

(અર્થાત્ 'इच्छामि खमासमणो... થી निसीहियाए' સૂત્રદ્વારા વંદન અનુજ્ઞાનો પ્રથમ આદેશ અને 'अणुजाणह मे...' સૂત્રદ્વારા મિતાવગ્રહમાં પ્રવેશ માટેની અનુજ્ઞાનો બીજો આદેશ માંગવાનો છે.) પણ આગળ (ગા. ૧૨૦૧માં) જણાવાતા જે ધ્રુવવંદનો છે કે જે પ્રતિક્રમણાદિમાં કર્તવ્ય છે તેમાં અનુજ્ઞા માંગવાની જરૂર નથી. જે વળી ઔત્પત્તિક=પ્રસંગોપાત વંદન છે તેમાં અનુજ્ઞા સાધુ માંગે. ॥૧૨૦૦॥

અવતરણિકા :- 'कदा' દ્વાર પૂર્ણ થયું. 'कतिकृत्वः' દ્વાર હવે જણાવે છે, અર્થાત્ કેટલી વાર વંદન કરવા ? – તેમાં રોજેરોજ કર્તવ્ય એવા નિયત=ધ્રુવ અને (ક્યારેક કર્તવ્ય એવા) અધ્રુવ વંદનો છે. તેથી બંને પ્રકારના વંદનસ્થાનોને બતાવવા માટે નિર્યુક્તિકાર કહે છે ⇨

**ગાથાર્થ :-** પ્રતિક્રમણમાં, સ્વાધ્યાય સમયે, કાયોત્સર્ગમાં, અતિચાર સેવાય ત્યારે, મહેમાન આવે ત્યારે, આલોચના સમયે, પ્રત્યાખ્યાન સમયે, અને અનશન સમયે વંદન કર્તવ્ય છે.

**ટીકાર્થ :-** (૧) અપરાધસ્થાનોથી ગુણસ્થાનોમાં જે પાછું ફરવું તે પ્રતિક્રમણ. તેને વિશે સામાન્યથી વંદન થાય છે. (અહીં સામાન્યથી ક્યારે વંદન કરવાના હોય ? તે જણાવવા સામાન્યશબ્દ લખ્યો છે.) (૨) તથા વાચનાદિરૂપ સ્વાધ્યાયના સમયે, (૩) વિગઈ વાપરવા માટે (જોગમાંથી બહાર નીકળતા) આયંબિલનો ત્યાગ કરવા જે કાયોત્સર્ગ કરાય છે તે કાયોત્સર્ગ સમયે, (૪) ગુરુનો અવિનયરૂપ અતિચાર સેવાયો હોય ત્યારે શિષ્ય તેમને વંદન કરીને ક્ષમા માંગે છે માટે અતિચાર સમયે. પાક્ષિકવંદનો (=પક્ખિપ્રતિક્રમણના સમ્બુદ્ધા વગેરે ખામણા) નો સમાવેશ અહીં જ જાણી લેવો.

(૫) પ્રાઘૂર્ણક=મહેમાન જો મોટા હોય તો વંદન કરવાના હોય છે. જો નાના હોય તો વંદન ગ્રહણ કરવાના હોય છે. આ સંબંધી વિધિ → "સાંભોગિક (=એક સરખી સામાચારીવાળા)

૨૮. सांभोगिका अन्यसांभोगिकाश्च द्विविधा भवन्ति

[२९]*पाहुणया । संभोइए आयरियं आपुच्छित्ता उ वंदेइ ॥१॥ इयरे पुण आयरियं वंदित्ता संदिसाविउं तह य । पच्छा वंदेइ जई गयमोहा अहव वंदावे ॥१॥''* तथाऽऽलोचनायां विहारापराधभेदभिन्नायां, 'संवरणं' भुक्तेः प्रत्याख्यानम्, अथवा कृतनमस्कारसहितादिप्रत्याख्यानस्यापि पुनरजीर्णादिकारणतोऽभक्तार्थं गृह्णतः संवरणं तस्मिन् वन्दनं भवति, 'उत्तमार्थे वा' अनशनसंलेखनायां वन्दनमित्येतेषु प्रतिक्रमणादिषु स्थानेषु वन्दनं भवतीति गाथार्थः ॥१२०१॥

इत्थं सामान्येन नियतानियतस्थानानि वन्दनानि प्रदर्शितानि, साम्प्रतं नियतवन्दनस्थानसङ्ख्याप्रदर्शनायाऽऽह–

**चत्तारि पडिक्कमणे किइकम्मा तिन्नि हुंति सज्झाए ।**
**पुव्वण्हे अवरण्हे किइकम्मा चउदस हवंति ॥१२०२॥**

व्याख्या–चत्वारि प्रतिक्रमणे कृतिकर्माणि, त्रीणि भवन्ति स्वाध्याये पूर्वाह्णे–प्रत्युषसि, कथं ?, [३०]गुरुं पुव्वसंझाए वंदित्ता आलोएंतित्ति एयं एक्कं, अब्भुट्ठियावसाणे जं पुणो वंदंति

અને અસાંભોગિક એમ બે પ્રકારના પ્રાઘૂર્ણક છે. તેમાં સાંભોગિકપ્રાઘૂર્ણક આવે તો શિષ્યો આચાર્યને પૂછીને પ્રાઘૂર્ણકને વંદન કરે. ॥૧॥ અસાંભોગિક આવે તો પ્રથમ આચાર્યને વંદન કરીને એમની રજા મેળવીને પછી મોહ વિનાના શિષ્યો પ્રાઘૂર્ણકને વંદન કરે. અથવા જો પ્રાઘૂર્ણક નાનો હોય તો વંદન ગ્રહણ કરે. ॥૨॥''

તથા (૬) આલોચના સમયે એટલે કે વિહારની (ગમે ત્યારે વિહાર કરીને આવે ત્યારે વિહાર દરમિયાન જે કંઈપણ થયું હોય તેની) અને અપરાધોની આલોચના સમયે, (૭) વાપર્યા પછી તિવિહાર, ચોવિહાર, પાણાહારાદિ ભોજનનું પચ્ચક્ખાણ અથવા નવકારશી વિગેરે પચ્ચક્ખાણ કર્યા બાદ પણ અજીર્ણ વિગેરેના કારણે ઉપવાસનું પચ્ચક્ખાણ ગ્રહણ કરનારને સંવરણ સંભવે છે. તે સમયે વંદન કરે, અથવા (૮) અનશન કરે કે સંખેલના કરે ત્યારે વંદન કરે. આ પ્રમાણે આ પ્રતિક્રમણાદિસ્થાનોમાં ધ્રુવ વંદન થાય છે. ॥૧૨૦૧॥

અવતરણિકા :- આ પ્રમાણે સામાન્યથી નિયત અને અનિયત વંદનસ્થાનો બતાવ્યા. હવે નિયતવંદન સ્થાનોની સંખ્યા જણાવવા માટે કહે છે ⇨

**ગાથાર્થ :- પ્રતિક્રમણમાં ચાર અને સ્વાધ્યાય સમયે ત્રણ એમ કુલ મળીને સાત વંદન પૂર્વાહ્ન સમયે અને સાત વંદન અપરાહ્ન સમયે, એમ ચૌદ વંદન થાય છે.**

ટીકાર્થ :- પ્રતિક્રમણમાં ચાર અને સ્વાધ્યાયને વિશે ત્રણ એ પ્રમાણે સવારે સાત વંદન હોય છે. પ્રતિક્રમણમાં ચાર અને સ્વાધ્યાયમાં ત્રણ કેવી રીતે ? તે કહે છે – (૧) પૂર્વ સંધ્યાએ=વહેલી સવારે ગુરુને વંદન કરીને આલોચના કરે તે એક. (વર્તમાનમાં સવારના

२९. प्राघूर्णकाः । सांभोगिकान् आचार्यं आपृच्छ्य तु वन्दते ॥१॥ इतरान् पुनराचार्यं वन्दित्वा संदिश्य तथा च । पश्चात् वन्दन्ते यतयो गतमोहा अथवा वन्दयेयुः ॥२॥ ३०. गुरुं पूर्वसन्ध्यायां वन्दित्वाऽऽलोचयन्तीति एतदेकं, अभ्युत्थितावसाने यत्पुनर्वन्दन्ते

[३१]गुरुं एयं बिइयं, एत्थ य विही–पच्छा जहण्णेण तिण्णि मज्झिमं पंच वा सत्त वा उक्कोसं सव्वेवि वंदियव्वा, जइ वाउला वक्खेवो वा तो एक्केण ऊणगा जाव तिण्णि अवस्सं वंदियव्वा, एवं देवसिए, पक्खिए पंच अवस्सं, चाउम्मासिए संवच्छरिए य सत्त अवस्संति, ते वंदिऊण जं पुणो आयरियस्स अल्लिविज्जइ तं तइयं, पच्चक्खाणे चउत्थं, सज्झाए पुण वंदित्ता पट्ठवेइ पढमं, पट्ठविए पवेदयंतस्स बितियं, पच्छा उद्दिट्ठं समुद्दिट्ठं पढइ, उद्देससमुद्देसवंदणाणमिहेवऽंतब्भावो, तओ जाहे चउभागावसेसा पोरिसी ताहे पाए पडिलेहेइ,

---

પ્રતિક્રમણમાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! રાઈઅં આલોઉં ?' નો આદેશ માંગવા પહેલાં જે બે વાંદણા આવે તે એક વંદન કહેવાય.)

(૨) 'પગામસિજ્જાએ' સૂત્રમાં अब्भुट्ठिओमि आराहणाए... વિગેરે બોલ્યાં પછી જે બે વાંદણા આપવા દ્વારા ગુરુને વંદન કરે તે બીજું. અહીં વિધિ આ પ્રમાણે છે – આ રીતે ગુરુને વંદન કરીને પછીથી જઘન્યથી ત્રણ સાધુઓને વંદન કરે (=ત્રણ અબ્ભુટ્ઠિઓ ખામે.) મધ્યમથી પાંચ અથવા સાત અને ઉત્કૃષ્ટથી બધાને વંદન કરે. જો બીજા સાધુઓ કોઈ કાર્યાદિમાં વ્યાકુલ=વ્યસ્ત હોય અથવા પોતે વ્યસ્ત હોય તો એક-એક ઓછા કરતા-કરતા છેલ્લે ત્રણ સાધુઓને તો અવશ્ય વંદન કરે. આ પ્રમાણે દૈવસિક પ્રતિક્રમણમાં જાણવું. પક્ખિમાં પાંચ સાધુઓને અવશ્ય વંદન કરવા. ચોમાસી અને સંવત્સરિપ્રતિક્રમણમાં સાતને અવશ્ય વંદન કરે.

(૩) આ પ્રમાણે અન્ય સાધુઓને વંદન કરીને (=અબ્ભુટ્ઠિઓ પછી) ફરી ગુરુને જે વાંદણા અપાય છે. (अल्लिविज्जइ=अर्प्यते इति दीपिकायां) તે ત્રીજું વંદન જાણવું. (૪) પચ્ચક્ખાણ પૂર્વે જે વાંદણા અપાય છે તે ચોથું વંદન.

સ્વાધ્યાયમાં ત્રણ વંદન → (૧) વંદન કરીને સ્વાધ્યાય પઠાવે તે પ્રથમ વંદન. (અર્થાત્ કાલગ્રહણમાં સજ્ઝાય પઠાવવાની જે વિધિ છે તેમાં 'સજ્ઝાય સંદિસાહું' પહેલાં જે બે વાંદણા આવે તે પ્રથમ વંદન.) (૨) પઠાવ્યા બાદ પ્રવેદન કરતા બીજું વંદન. (અર્થાત્ સજ્ઝાય પઠવવાની વિધિમાં જ 'સજ્ઝાય પવેઉં' પહેલાં અપાતા વાંદણા તે બીજું વંદન.) પછી જે સૂત્રનો ઉદ્દેશ-સમુદ્દેશ કર્યો હોય તે ભણે. ઉદ્દેશ-સમુદ્દેશના વંદનોનો=વાંદણાઓનો અહીં જ સમાવેશ કરેલો જાણવો. ત્યાર પછી સવારે એક પ્રહરનો ચોથો ભાગ બાકી રહે ત્યારે પાત્રાઓનું

---

३१. गुरुमेतद्वितीयं, अत्र च विधिः-पश्चाज्जघन्येन त्रयो मध्यमेन पञ्च वा सप्त वा उत्कृष्टेन सर्वेऽपि वन्दितव्याः, यदि व्याकुला व्याक्षेपो वा तदैकेनोना यावत् त्रयोऽवश्यं वन्दितव्याः, एवं दैवसिके, पाक्षिके पञ्चावश्यं, चातुर्मासिके सांवत्सरिके च सप्तावश्यमिति, तान् वन्दित्वा यत्पुनराचार्याय दीयते तत्तृतीयं, प्रत्याख्याने चतुर्थं, स्वाध्याये पुनर्वन्दित्वा प्रस्थापयति प्रथमं, प्रस्थापिते प्रवेदयतो द्वितीयं, पश्चादुद्दिष्टं समुद्दिष्टं पठति, उद्देशसमुद्देशवन्दनानामिहैवान्तर्भावः, ततो यदा चतुर्भागावशेषा पौरुषी तदा पात्राणि प्रतिलेखयति,

[३२] जइ ण पढिउकामो तो वंदइ, अह पढिउकामो तो अवंदित्ता पाए पडिलेहेइ, पडिलेहित्ता पच्छा पढइ, कालवेलाए वंदिउं पडिक्कमइ, एयं तइयं । एवं पूर्वाह्ने सप्त, अपराह्णेऽपि सप्तैव भवन्ति, अनुज्ञावन्दनानां स्वाध्यायवन्दनेष्वेवान्तर्भावात्, प्रातिक्रमणिकानि तु चत्वारि प्रसिद्धानि, एवमेतानि ध्रुवाणि प्रत्यहं कृतिकर्माणि चतुर्दश भवन्त्यभक्तार्थिकस्य, इतरस्य तु प्रत्याख्यानवन्दनेनाधिकानि भवन्तीति गाथार्थः ॥१२०२॥

गतं कतिकृत्वोद्वारं, व्याख्याता वन्दनमित्यादिप्रथमा द्वारगाथा, साम्प्रतं द्वितीया व्याख्यायते, तत्र कत्यवनतमित्याद्यं द्वारं, तदर्थप्रतिपादनायाऽऽह–

दोओणयं अहाजायं, किइकम्मं बारसावयं ।

★अस्य व्याख्या–अवनतिः-अवनतम्, उत्तमाङ्गप्रधानं प्रणमनमित्यर्थः, द्वे अवनते यस्मिँस्तद् द्व्यवनतम्, एकं यदा प्रथममेव 'इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहियाए 'त्ति

---

પડિલેહણ કરે (=પાત્રાપોરિસી ભણાવે.) જો તે ભણવાની ઇચ્છાવાળો ન હોય (એટલે કે ભણવાનું આગળ ચાલુ રાખવું ન હોય અને વૈયાવચ્ચાદિ કાર્યોમાં જોડાવવાનું હોય) તો વંદન કરે. પરંતુ જો ભણવાની ઇચ્છાવાળો હોય તો વંદન કર્યા વિના પાત્રા પડિલેહણ કરે અને પછી પડિલેહણ કરીને ફરી ભણે. કાલવેલાએ (એટલે કે સવારે બીજા પ્રહરમાં સ્વાધ્યાય કર્યા પછી પુરિમઢની ૨૪ મિનિટ પહેલાંથી જે કાળવેળા શરૂ થાય તેની સહેજ પહેલાં) વંદન કરીને ઉપયોગ કરવા ઈરિયાવહી પડિક્કમે. આ ત્રીજું વંદન જાણવું.

આ પ્રમાણે દિવસના પૂર્વાર્ધમાં સાત વંદન જાણવા. પશ્ચાર્ધમાં પણ સાત જ વંદન થાય છે, કારણ કે અનુજ્ઞાના વંદન સ્વાધ્યાયના વંદનમાં સમાય જાય છે. સાંજના પ્રતિક્રમણસંબંધી ચાર વંદન પ્રસિદ્ધ જ છે. (સવારની પ્રતિક્રમણની જેમ જ જાણવા.) આ પ્રમાણે ઉપવાસ કરનારાને રોજે રોજ કરવાના ચૌદ વંદનો થાય છે. જ્યારે ભોજન કરનારને આ ચૌદ સિવાય પચ્ચક્ખાણનું વંદન અધિક જાણવું. (અર્થાત્ બપોરના સમયે પડિલેહણના આદેશમાં જે વાંદણા આપ્યા પછી પચ્ચક્ખાણ કરવાનું હોય તે વાંદણારૂપ એક વંદન આને વધી જશે. ઉપવાસીને આ વંદન હોતું નથી.) ॥૧૨૦૨॥

**અવતરણિકા :-** 'कतिकृत्वः' દ્વાર પૂર્ણ થયું. આ પ્રમાણે 'वन्दनं... વિગેરે પ્રથમ દ્વારગાથા (૧૧૦૩) પૂર્ણ થઈ. હવે બીજી દ્વારગાથાનું વ્યાખ્યાન કરાય છે. તેમાં 'कति-अवनतं' અર્થાત્ કેટલા નમસ્કાર કરવા ? એ પહેલું દ્વાર છે. તેનો અર્થ પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ :-** (પૂર્વાર્ધ) બે અવનત, યથાજાત, દ્વાદશાવર્તરૂપ વંદન.

**ટીકાર્થ :-** મસ્તક જેમાં પ્રધાન છે એવો જે નમસ્કાર તે અવનત કહેવાય છે. બે અવનત જેમાં હોય તે દ્વ્યવનત વંદન જાણવું. તેમાં પહેલું અવનત પ્રથમ વાંદણામાં 'इच्छामि खमासमणो !

---

३२. यदि न पठितुकामस्तदा वन्दते, अथ पठितुकामस्तदाऽवन्दित्वा पात्राणि प्रतिलिखति, प्रतिलिख्य पश्चात्पठति, कालवेलायां वन्दित्वा प्रतिक्रामति, एतत्तृतीयं । ★ गाथाशकलमाह ।

अभिधाय छन्दोऽनुज्ञापनायावनमति, द्वितीयं पुनर्यदा कृतावर्तो निष्क्रान्तः 'इच्छामी'त्यादि-सूत्रमभिधाय छन्दोऽनुज्ञापनायैवावनमति, यथाजातं श्रमणत्वमाश्रित्य योनिनिष्क्रमणं च, तत्र रजोहरणमुखवस्त्रिकाचोलपट्टमात्रया श्रमणो जातः, रचितकरपुटस्तु योन्या निर्गतः, एवम्भूत एव वन्दते, तदव्यतिरेकाच्च यथाजातं भण्यते कृतिकर्म-वन्दनं, 'बारसावयं'ति द्वादशावर्ताः-सूत्राभिधानगर्भाः कायव्यापारविशेषा यस्मिन्निति समासस्तद् द्वादशावर्तम्, इह च प्रथमप्रविष्टस्य षडावर्ता भवन्ति, 'अहोकायं कायसंफासं खमणिज्जो भे किलामो, अप्पकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो ?, जत्ता भे जवणिज्जं च भे' एतत्सूत्रगर्भा गुरुचरणन्यस्तहस्तशिरः-स्थापनारूपाः, निष्क्रम्य पुनः प्रविष्टस्याप्येत एव षडिति, एतच्चापान्तरालद्वारद्वयमाद्यद्वारोपलक्षितमवगन्तव्यं, गतं कत्यवनतद्वारं ।

साम्प्रतं 'कतिशिर' इत्येतद्द्वारं व्याचिख्यासुरिदमपरं गाथाशकलमाह—

**चउसिरं तिगुत्तं च दुपवेसं एगनिक्खमणं ॥१२०३॥**

---

वंदिउं जावणिज्जाए निसीहियाए' આટલું કહીને ગુરુની ઇચ્છાની અનુજ્ઞા મેળવવા માટે જે મસ્તક નમાવે છે તે જાણવું. બીજું અવનત જયારે આવર્ત કર્યા પછી બહાર નીકળીને ફરીથી બીજી વારના વાંદણા આપવા માટે ઉપરની જેમ इच्छामि... વિગેરે સૂત્રને કહીને ઇચ્છાની અનુજ્ઞા મેળવવા માટે જ મસ્તક નમાવે છે તે જાણવું.

યથાજાત અવસ્થા દીક્ષા અને જન્મને આશ્રયીને છે. તેમાં દીક્ષા લેતી વખતે રજોહરણ, મુહપત્તિ અને ચોલપટ્ટો આટલું જ (વર્તમાન સામાચારીમાં એક કપડો પણ પહેરે છે, પણ તે વાંદણા વખતે પહેરવાનો નથી.) પહેરીને સાધુ બન્યો. અને જન્મ વખતે અંજલિ જોડેલી મુદ્રામાં યોનિમાંથી નીકળ્યો. આવા પ્રકારનો થયેલો છતો જ વંદન કરે (અર્થાત્ વાંદણા આપતી વખતે ઓઘો, મુહપત્તિ અને ચોલપટ્ટો તથા ઉભડક પગે બેસીને વાંદણા આપે.) આ વંદન તે મુદ્રામાં જ હોવાથી યથાજાત (=જે સમયે જન્મ્યો અને જે સમયે દીક્ષા લીધી તે સમયે જેવી મુદ્રા વિગેરે હતું તે રીતે અહીં વાંદણા આપતી વખતે પણ હોવાથી યથાજાત) કહેવાય છે.

સૂત્રોચ્ચારણ સહિત બાર-આવર્તરૂપ કાયાના વ્યાપારવિશેષો જે વંદનમાં છે તે દ્વાદશાવર્ત-વંદન છે. એ પ્રમાણે સમાસ જાણવો. અહીં પ્રથમ વાર અવગ્રહમાં પ્રવેશેલાને છ આવર્તો થાય છે. 'अहोकायं कायसंफासं..... जवणिज्जं च भे' આ સૂત્રથી ગર્ભિત=યુક્ત (અર્થાત્ આ સૂત્રના ઉચ્ચારણ સાથે) ગુરુના ચરણોમાં સ્થાપેલા હાથમાં મસ્તકની જે સ્થાપના તે રૂપ છ આવર્તો થાય છે. તથા અવગ્રહમાંથી બહાર નીકળીને ફરી પ્રવેશેલાને આ જ છ આવર્તો જાણવા. (આ પ્રમાણે ૧૨ આવર્તો જાણવા.) યથાજાત અને દ્વાદશાવર્તરૂપ બંને વચ્ચેના દ્વારો 'कत्यवनत' રૂપ પ્રથમદ્વારદ્વારા સૂચિત થયેલા જાણવા. 'कत्यवनत' દ્વાર પૂર્ણ થયું. ॥૧૨૦૩-પૂર્વાર્ધ ॥

અવતરણિકા :- હવે 'कतिशिर' રૂપ દ્વારની વ્યાખ્યા કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી આ બીજું ગાથાનું અડધિયું જણાવે છે ⇨

ગાથાર્થ :- (પશ્ચાર્ધ) ચાર શીર્ષ, ત્રિગુપ્ત, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ.

व्याख्या—चत्वारि शिरांसि यस्मिँस्तच्चतुःशिरः, प्रथमप्रविष्टस्य क्षामणाकाले शिष्याचार्यशिरोद्वयं, पुनरपि निष्क्रम्य प्रविष्टस्य द्वयमेवेति भावना, द्वारं । तिस्रो गुप्तयो यस्मिँस्तत्त्रिगुप्तं, मनसा सम्यक्प्रणिहितः वाचाऽस्खलिताक्षराण्युच्चारयन् कायेनावर्तानविराधयन् वन्दनं करोति यतः, चशब्दोऽवधारणार्थः, द्वौ प्रवेशौ यस्मिँस्तद्द्विप्रवेशं, प्रथमोऽनुज्ञाप्य प्रविशतः, द्वितीयः पुनर्निर्गतस्य प्रविशत इति, एकनिष्क्रमणमावश्यक्या निर्गच्छतः, एतच्चापान्तरालद्वारत्रयं कतिशिरोद्वारेणैवोपलक्षितमवगन्तव्यमिति गाथार्थः ॥१२०३॥

साम्प्रतं कतिभिर्वाऽऽवश्यकैः परिशुद्धमिति द्वारार्थोऽभिधीयते, तथा चाऽऽह—

अवणामा दुन्नऽहाजायं, आवत्ता बारसेव उ ।
सीसा चत्तारि गुत्तीओ, तिन्नि दो य पवेसणा ॥१२०४॥
एगनिक्खमणं चेव, पणवीसं वियाहिया ।
आवस्सगेहिं परिसुद्धं, किइकम्मं जेहि कीरई ॥१२०५॥

व्याख्या—गाथाद्वयं निगदसिद्धमेव ॥१२०४-१२०५॥ एभिर्गाथाद्वयोक्तैः पञ्चविंशतिभि-

टीકાર્થ :- ચાર શીર્ષ છે જેમાં એવું દ્વાદશાવર્તવંદન. (તે આ પ્રમાણે —) પ્રથમ વાર અવગ્રહમાં પ્રવેશેલા શિષ્યનું ખામણાકાલે શીર્ષ અને આચાર્યનું શીર્ષ એમ બે શીર્ષ. એ જ રીતે બહાર નીકળીને બીજી વારના વાંદણામાં પુનઃ પ્રવેશેલા શિષ્યનું અને આચાર્યનું એમ બે શીર્ષ. આમ ચાર મસ્તક જાણવા. ત્રણ ગુપ્તિઓ છે જે વંદનમાં તે ત્રિગુપ્તવંદન, કારણ કે મનથી સમ્યગ્ રીતે એકાગ્ર બનેલો, વચનવડે અસ્ખલિત-અક્ષરોને ઉચ્ચારતો, અને કાયાવડે આવર્તોને અવિરાધતો શિષ્ય વંદન કરે છે. (માટે તે વંદન ત્રિગુપ્ત કહેવાય છે.) 'च' શબ્દ અવધારણાર્થે જાણવો.

બે પ્રવેશ છે જેમાં તે વંદન બે પ્રવેશવાળું જાણવું. તેમાં અનુજ્ઞા મેળવીને અવગ્રહમાં પ્રવેશ કરે ત્યારે પ્રથમ પ્રવેશ જાણવો, અને બહાર નીકળીને ફરી પ્રવેશ કરે ત્યારે બીજો પ્રવેશ જાણવો. 'આવસ્સહિ' કહીને બહાર નીકળતા શિષ્યનું એક નિષ્ક્રમણ જાણવું. ત્રિગુપ્ત, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણરૂપ ત્રણ દ્વારો 'चउसिरं' શબ્દથી જાણી લેવા. (આશય એ છે કે ગા.૧૧૦૪ માં દ્વાર તરીકે 'चउसिरं' જે કહ્યું છે. તેનાથી આ ત્રણ દ્વારો પણ ગા. ૧૧૦૪ માં ન જણાવ્યા છતાં જાણી લેવાના છે.) ॥૧૨૦૩॥

અવતરણિકા :- હવે 'કેટલા આવશ્યકોવડે તે વંદન પરિશુદ્ધ હોય' એ જે દ્વાર છે, તેનો અર્થ કહેવાય છે. કહ્યું છે ⇨

ગાથાર્થ :- બે અવનત, યથાજાત, બાર આવર્તો, ચાર શીર્ષ, ત્રણ ગુપ્તિ અને બે પ્રવેશ,

ગાથાર્થ :- એક નિષ્ક્રમણ આ પ્રમાણે પચ્ચીસ આવશ્યકો કહેવાયેલા છે કે જે આવશ્યકોવડે પરિશુદ્ધ વંદન કરાય છે.

ટીકાર્થ :- બંને ગાથાઓ સ્પષ્ટ જ છે. ॥૧૨૦૪-૦૫॥ આ ગાથામાં કહેવાયેલા આવશ્યકોવડે

+ निर्गत्य ।

रावश्यकैः परिशुद्धं कृतिकर्म कर्तव्यम्, अन्यथा द्रव्यकृतिकर्म भवति आह च–

किइकम्मंपि करिंतो न होइ किइकम्मनिज्जराभागी ।
पणवीसामन्नयरं साहू ठाणं विराहिंतो ॥१२०६॥

व्याख्या–'कृतिकर्मापि कुर्वन्' वन्दनमपि कुर्वन् न भवति कृतिकर्मनिर्जराभागी 'पञ्चविंशतीनाम्' आवश्यकानामन्यतरत् साधुः स्थानं विराधयन्, विद्यादृष्टान्तोऽत्र, यथा हि विद्या विकलानुष्ठाना फलदा न भवति, एवं कृतिकर्मापि निर्जराफलं न भवति, विकलत्वादेवेति गाथार्थः ॥१२०६॥

अधुनाऽविराधकगुणोपदर्शनायाऽऽह–

पणवीसा (आवस्सग)परिसुद्धं किइकम्मं जो पउंजइ गुरूणं ।
सो पावइ निव्वाणं अचिरेण विमाणवासं वा ॥१२०७॥

व्याख्या–पञ्चविंशतिः आवश्यकानि-अवनतादीनि प्रतिपादितान्येव तच्छुद्धं–तदविकलं कृतिकर्म यः कश्चित् 'प्रयुङ्क्ते' करोतीत्यर्थः, कस्मै ?–'गुरवे' आचार्याय, अन्यस्मै वा गुणयुक्ताय, स प्राप्नोति 'निर्वाणं' मोक्षम् 'अचिरेण' स्वल्पकालेन 'विमानवासं वा' सुरलोकं वेति गाथार्थः ॥१२०७॥ द्वारं ॥

'कतिदोषविप्रमुक्त'मिति यदुक्तं तत्र द्वात्रिंशद्दोषविप्रमुक्तं कर्तव्यं, तद्दोषदर्शनायाह–

---

પરિશુદ્ધ વંદન કરવા યોગ્ય છે, અન્યથા તે વંદન દ્રવ્યવંદન થાય છે. કહ્યું છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- વંદનને પણ કરતો હોવા છતાં સાધુ તે વંદનથી પ્રાપ્ત થતી નિર્જરાને મેળવનારો બનતો નથી જો તે પચ્ચીસ આવશ્યકોમાંના એક પણ આવશ્યકની વિરાધના કરતો હોય (=સેવતો ન હોય.) આ વિષયમાં વિદ્યાનું દૃષ્ટાન્ત છે. જેમ વિદ્યા સંપૂર્ણ વિધિયુક્ત ન હોય તો ફલને આપનારી બનતી નથી, એ જ પ્રમાણે વંદન પણ અસંપૂર્ણ હોવાથી નિર્જરારૂપ ફલને આપનારું બનતું નથી. ॥૧૨૦૬॥

અવતરણિકા :- હવે વંદનના અવિરાધક એવા સાધુને જે ગુણો પ્રાપ્ત થાય છે, તે જણાવવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- અવનતાદિ પચ્ચીસ આવશ્યકો કે જે પ્રતિપાદન કરી જ દીધા છે તેનાથી શુદ્ધ=પરિપૂર્ણ એવું વંદન જે સાધુ કરે છે. કોને કરે છે ? – ગુરુને=આચાર્યને અથવા ગુણયુક્ત અન્ય સાધુને કરે છે, તે સાધુ ઘણા જ અલ્પ કાળમાં નિર્વાણ અથવા દેવલોકને પામે છે. ॥૧૨૦૭॥

અવતરણિકા :- પૂર્વે દ્વારગાથામાં (૧૧૦૪ માં) પૂછ્યું હતું કે કેટલા દોષોથી રહિત વંદન કરવું ? – તેમાં બત્રીસ દોષોથી રહિત એવું વંદન કર્તવ્ય છે. તે બત્રીસ દોષોને જણાવવા માટે કહે છે ⇨

**अणाढियं च थद्धं च, पव्विद्धं परिपिंडियं ।**
**टोलगइ अंकुसं चेव, तहा कच्छभरिंगियं ॥१२०८॥**

व्याख्या–'अनादृतम्' अनादरं सम्भ्रमरहितं वन्दते १, 'स्तब्धं' जात्यादिमदस्तब्धो वन्दते २, 'प्रविद्धं' वन्दनकं ददेव नश्यति ३, 'परिपिण्डितं' प्रभूतानेकवन्दनेन वन्दते आवर्तान् व्यञ्जनाभिलापान् वाऽव्यवच्छिन्नान् कुर्वन् ४, 'टोलगति' तिड्डवदुत्प्लुत्य २ विसंस्थुलं वन्दते ५, 'अङ्कुशं' रजोहरणमङ्कुशवत्करद्वयेन गृहीत्वा वन्दते ६, 'कच्छभरिंगियं' कच्छपवत् रिङ्गितं कच्छपवत् रिङ्गन् वन्दत इति गाथार्थः ७ ॥१२०८॥

**मच्छुव्वत्तं मणसा पउट्ठं तह य वेइयावद्धं ।**
**भयसा चेव भयंतं, मित्ती गारवकारणा ॥१२०९॥**

व्याख्या–'मत्स्योद्वृत्तम्' एकं वन्दित्वा मत्स्यवद् द्रुतं द्वितीयं साधुं द्वितीयपार्श्वेन रेचकावर्तेन परावर्तते ८, 'मनसा प्रदुष्टं' वन्द्यो हीनः केनचिद्गुणेन, तमेव च मनसि कृत्वा

---

ગાથાર્થ :- અનાદર, સ્તબ્ધ, પ્રવિદ્ધ, પરિપિંડિત, ટોલગતિ, અંકુશ તથા કાચબાની જેમ આગળ-પાછળ હલન-ચલન કરવું.

ટીકાર્થ :- (૧) સંભ્રમ[H] એટલે આદર, તેનાથી રહિત વંદન કરે તે અનાદર. (અનાદરથી કરાતું વંદન પણ અનાદર જ કહેવાય. એ પ્રમાણે આગળ પણ સમજી લેવું.) (૨) જાતિ વિગેરેના અહંકાર પૂર્વક સાધુ વંદન કરે તે સ્તબ્ધદોષથી દૂષિત વંદન જાણવું. (૩) વંદનને કરતા-કરતા પૂર્ણ થયા પહેલાં જ ભાગી જાય, તે પ્રવિદ્ધ કહેવાય. (૪) (પરિપિંડિત=એક સ્થાને ભેગા થયેલા) ઘણા બધા આચાર્ય વિગેરેને એક વંદનદ્વારા વંદન કરે. અથવા આવર્તોને કે સૂત્રોચ્ચારરૂપ વ્યંજનાભિલાપોને સતત કરતો વંદન કરે. (અર્થાત્ એક-બે-ત્રણ- એ રીતે આવર્તોના ભેદ પડવા જોઈએ. એની બદલે એટલું ઝડપથી કરે કે જેમાં આવર્તોના ભેદ જ પડે નહીં. અથવા સંપદા વિગેરે જાળવવાપૂર્વક સૂત્રોચ્ચારણ કરવું જોઈએ એની બદલે એટલું ઝડપથી સૂત્ર બોલે કે ક્યાંય વચ્ચે વિરામસ્થાનાદિ આવે નહીં. આ રીતે કરતો વંદન કરે.) તે પરિપિંડિતવંદન.

(૫) (અવગ્રહમાં પ્રવેશતા-નીકળતા) તીડ(જંતુવિશેષ)ની જેમ કૂદકા મારતા-મારતા (પ્રવેશ-નિર્ગમ) કરે તે ટોલગતિ. (૬) બે હાથે અંકુશની જેમ રજોહરણને પકડીને વંદન કરે તે અંકુશ. (૭) કાચબાની જેમ સૂત્ર ઉચ્ચારણસમયે આગળ-પાછળ હલન-ચલન કરે તે કચ્છપરિંગિત. ॥૧૨૦૮॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (૮) એકને વંદન કરીને બાજુમાં ઊભા રહેલા વંદનીય અન્ય સાધુને વંદન કરવા બેઠા-બેઠા જ માછલીની જેમ ઝડપથી પોતાના પડખાને ફેરવે તે મત્સ્યોદ્વૃત. (અહીં માછલીની જેમ ઝડપથી પોતાના અંગને ફેરવવું તે રેચકાવર્ત કહેવાય છે.) (૯) વંદનીય સાધુ પોતાનાથી કોઈ ગુણમાં હીન હોય, અને તે ગુણને મનમાં કરીને દ્વેષપૂર્વક વંદન કરે તે મનપ્રદુષ્ટ કહેવાય.

सासूयो वन्दते ९, तथा च वेदिकाबद्धं जानुनोरुपरि हस्तौ निवेश्याधो वा पार्श्वयोर्वा उत्सङ्गे वा एकं वा जानुं करद्वयान्तः कृत्वा वन्दते १०, 'भयसा चेव'त्ति भयेन वन्दते, मा भूद्गच्छादिभ्यो निर्द्धाटयिष्यति ११, 'भयंतं'ति भजमानं वन्दते 'भजत्ययं मामतो भक्तं भजस्वेति तदार्यवृत्तं' इति १२, 'मेत्ति'त्ति मैत्रीनिमित्तं प्रीतिमिच्छन् वन्दते १३, 'गारवि'त्ति गौरवनिमित्तं वन्दते, विदन्तु मां यथा सामाचारीकुशलोऽयं १४, 'कारणं'त्ति ज्ञानादिव्यतिरिक्तं कारणमाश्रित्य वन्दते, वस्त्रादि मे दास्यतीति १५, अयं गाथार्थः ॥१२०९॥

तेणियं पडिणियं चेव, रुट्ठं तज्जियमेव य ।
सढं च हीलियं चेव, तहा विपलिउंचियं ॥१२१०॥

व्याख्या–'स्तैन्य'मिति परेभ्यः खल्वात्मानं गूहयन् स्तेनक इव वन्दते, मा मे लाघवं भविष्यति १६, 'प्रत्यनीकम्' आहारादिकाले वन्दते १७, 'रुष्टं' क्रोधाध्मातं वन्दते क्रोधाध्मातो वा १८, 'तर्जितं' न कुप्यसि नापि प्रसीदसि काष्ठशिव इवेत्यादि तर्जयन्–निर्भर्त्सयन् वन्दते,

(૧૦) (અહો કાયં વિગેરે સૂત્રોચ્ચાર સમયે ઉભડક પગે બેસે તે સમયે) પોતાના બંને હાથોને ઘૂંટણ ઉપર રાખે, અથવા પગની વચ્ચેથી હાથને પસાર કરી ઘૂંટણની નીચે હાથ રાખે, અથવા બે હાથ વચ્ચે બે પગને રાખીને અથવા ખોળામાં હાથ રાખીને અથવા બે હાથ વચ્ચે કોઈપણ એક બાજુના ઘૂંટણને રાખીને વંદન કરે તે વેદિકાબદ્ધ કહેવાય. (૧૧) જો વંદન નહીં કરું તો ગચ્છ વિગેરેમાંથી બહાર કાઢશે એવા ભયથી વંદન કરે તે 'ભયથી' કહેવાય. (૧૨) આ આચાર્ય (સેવા કરવાના સમયે) મને ભજે છે=સેવા કરે છે. તેથી=ભજનારા હોવાથી ભક્ત એવાને મારે ભજવું=સેવા કરવી એ પ્રમાણે શિષ્ટપુરુષનો આચાર છે. એમ વિચારી પોતાને ભજનારા=સેવા કરનારા આચાર્યને વંદન કરે તે ભજમાનવંદન કહેવાય.

(૧૩) આચાર્ય સાથે મૈત્રી કરવા માટે પ્રીતિ મેળવવાની ઇચ્છાથી વંદન કરે તે મૈત્રીવંદન. (૧૪) આચાર્ય પણ જાણે કે 'હું સામાચારીમાં કુશલ છું' એવા પ્રકારનું ગૌરવ મેળવવા વંદન કરે તે ગૌરવવંદન. (૧૫) જ્ઞાનાદિની પ્રાપ્તિ સિવાયના કારણોને આશ્રયી વંદન કરે એટલે કે વંદનાદિ કરીશ તો વસ્ત્ર વિગેરે મને આપશે. એમ વિચારી વંદન કરે તે કારણવંદન. ॥૧૨૦૯॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (૧૬) પોતાની લઘુતા ન થાય (એટલે કે આટલો બધો વિદ્વાન હોવા છતાં બીજાને વંદન કરે છે. આવા પ્રકારની લોકો તરફથી લઘુતા ન થાય) તે માટે સાધુ-શ્રાવક વિગેરેથી પોતાની જાતને છુપાવતો ચોરની જેમ વંદન કરે તે સ્તૈન્ય. (૧૭) આહારાદિના સમયે વંદન કરે તે પ્રત્યનીકવંદન. (૧૮) ક્રોધથી યુક્ત એવા આચાર્યને વંદન કરે અથવા પોતે ક્રોધથી યુક્ત થયેલો વંદન કરે તે રુષ્ટ. (૧૯) લાકડાંના બનેલા દેવતાવિશેષની જેમ વંદન કરો તો ખુશ થતાં નથી કે વંદન ન કરો તો ક્રોધ કરતા નથી એવા પ્રકારના તિરસ્કાર કરતા વંદન કરે

★ 'निर्द्धाटनमिति'-मुद्रिते ।

अङ्गुल्यादिभिर्वा तर्जयन् १९, 'शठं' शाठ्येन विश्रम्भार्थं वन्दते, ग्लानादिव्यपदेशं वा कृत्वा न सम्यग् वन्दते २०, 'हीलितं' हे गणिन् ! वाचक ! किं भवता वन्दितेनेत्यादि हीलयित्वा वन्दते २१, तथा 'विपलिकुञ्चितम्' अर्द्धवन्दित एव देशादिकथाः करोति २२, इति गाथार्थः ॥१२१०॥

दिट्ठमदिट्ठं च तहा, सिंगं च करमोअणं ।
आलिट्ठमणालिट्ठं, ऊणं उत्तरचूलियं ॥१२११॥

व्याख्या—'दृष्टादृष्टं' तमसि व्यवहितो वा न वन्दते २३, 'शृङ्गम्' उत्तमाङ्गैकदेशेन वन्दते २४, 'करमोचनं' करं मन्यमानो वन्दते न निर्जरार्थं, 'तहा मोयणं नाम न अन्नहा मुक्खो, एएण पुण दिन्नेण मुच्चेमिति वंदणगं देइ २५-२६, 'आश्लिष्टनाश्लिष्ट'मित्यत्र चतुर्भङ्गकः- रजोहरणं कराभ्यामाश्लिष्यति शिरश्च १ रजोहरणं न शिरः २ शिरो न रजोहरणं ३ न रजोहरणं नापि शिरः ४, अत्र प्रथमभङ्गः शोभनः शेषेषु प्रकृतवन्दनावतारः २७, 'ऊनं'

---

અથવા આંગળી વિગેરેવડે તિરસ્કાર કરતા વંદન કરે તે તર્જિત.

(૨૦) કપટથી વિશ્રંભ=વિશ્વાસ, તેની માટે વંદન કરે. (અર્થાત્ આચાર્યને વંદન કરીશ તો આચાર્ય પણ મારી ઉપર વિશ્વાસ કરશે એવા અભિપ્રાયથી વિશ્વાસ મેળવવા માટે કપટથી વંદન કરે.) તે શઠવંદન અથવા હું ગ્લાન છું વિગેરે કહેવા દ્વારા સમ્યગ્ રીતે વંદન ન કરે તે શઠવંદન. (૨૧) હે ગણિ ! હે વાચક ! તમને વંદન કરવાથી શું ફલ મળવાનું ? એમ હીલના કરીને વંદન કરે તે હીલિતવંદન. (૨૨) તથા અડધું વંદન થાય કે દેશાદિ કથા કરે (અર્થાત્ વંદન કરતા-કરતા વચ્ચે વંદન અટકાવીને દેશકથા વિગેરે કથાઓ કરવા બેસી જાય) તે વિપલિકુંચિતવંદન જાણવું. ॥૧૨૧૦॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (૨૩) અંધકારવાળા પ્રદેશમાં અથવા ઘણા બધા વંદન કરતા હોય ત્યારે બધાની વચ્ચો-વચ્ચ પાછળ છુપાયેલો વંદન ન કરે, (પરંતુ દેખાય એવું હોય તો કરે) તે દૃષ્ટાદૃષ્ટ વંદન જાણવું. (૨૪) મસ્તકના એક દેશવડે વંદન કરે (અર્થાત્ अहो कायं... વિગેરે બોલતી વખતે હાથોવડે કપાળનો મધ્યભાગ સ્પર્શવાને બદલે કપાળના આજુ-બાજુના લમણાના ભાગને સ્પર્શીને વંદન કરે.)

(૨૫-૨૬) નિર્જરા માટે નહીં પરંતુ આ મારો કર (Tax) છે એમ માની વંદન કરે, તે કરવંદન. તથા મોચન એટલે → (દીક્ષા લીધી એટલે લૌકિકકરથી=Taxથી છૂટી ગયા પરંતુ) જ્યાં સુધી વંદન નહીં અપાય=કરાય ત્યાં સુધી (લોકોત્તરકરથી) છુટાશે નહીં તેથી જો આમને વંદન કરીશ તો હું (લોકોત્તરકરથી પણ) મૂકાઈશ એમ વિચારીને વંદન કરે તે મોચનવંદન.

(૨૭) આશ્લિષ્ટ અને અનાશ્લિષ્ટ – અહીં ચતુર્ભંગી જાણવી – (A) બંને હાથોવડે (अहो कायं... બોલતી વખતે) રજોહરણ અને મસ્તક બંનેને સ્પર્શે, (B) રજોહરણ સ્પર્શે, મસ્તકને નહીં, (C) મસ્તકને સ્પર્શે, રજોહરણને નહીં, (D) બંનેને ન સ્પર્શે. આ ચાર

व्यञ्जनाभिलापावश्यकैरसम्पूर्णं वन्दते २८, 'उत्तरचूडं' वन्दनं कृत्वा पश्चान्महता शब्देन मस्तकेन वन्द इति भणतीति गाथार्थः २९ ॥१२११॥

मूयं च ढड्डरं चेव, चुड्डलिं च अपच्छिमं ।
बत्तीसदोसपरिसुद्धं, किइकम्मं पउंजई ॥१२१२॥

व्याख्या—'मूकम्' आलापकाननुच्चारयन् वन्दते ३०, 'ढड्डरं' महता शब्देनोच्चारयन् वन्दते ३१, 'चुड्डली' ति उल्कामिव पर्यन्ते गृहीत्वा रजोहरणं भ्रमयन् वन्दते ३२, 'अपश्चिमम्' इदं चरममित्यर्थः, एते द्वात्रिंशद्दोषाः, एभिः परिशुद्धं कृतिकर्म कार्यं, तथा चाह—द्वात्रिंशद्दोषपरिशुद्धं 'कृतिकर्म' वन्दनं 'प्रयुञ्जीत' कुर्यादिति गाथार्थः ॥१२१२॥

यदि पुनरन्यतमदोषदुष्टमपि करोति ततो न तत्फलमासादयतीति, आह च—

किइकम्मंपि करिंतो न होइ किइकम्मनिज्जराभागी ।
बत्तीसामन्नयरं साहू ठाणं विराहिंतो ॥१२१३॥

व्याख्या—कृतिकर्मापि कुर्वन्न भवति कृतिकर्मनिर्जराभागी, द्वात्रिंशद्दोषाणामन्यतरत्साधुः स्थानं विराधयन्निति गाथार्थः ॥१२१३॥

---

ભાંગાઓમાં પ્રથમ ભાંગો શુદ્ધ જાણવો. શેષ ત્રણ ભાંગાઓ આ દોષમાં જાણવા. તેથી આ દોષથી દૂષિત વંદન શેષ ત્રણમાં જાણવું.

(૨૮) અક્ષરો, વાક્યો કે પચ્ચીસ આવશ્યકોવડે અસંપૂર્ણ વંદન કરે તે ન્યૂન. (૨૯) વંદન કરીને પાછળથી મોટા અવાજે 'મત્થએણ વંદામિ' બોલે તે ઉત્તરચૂલા વંદન કહેવાય છે. ॥૧૨૧૧॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (૩૦) આલાપકોને પ્રગટરૂપે ઉચ્ચાર્યા વિના વંદન કરે તે મૂક. (૩૧) મોટા-મોટા અવાજે વંદન કરે તે ઢઢ્ઢરવંદન. (૩૨) ઉંબાડિયાની જેમ છેડેથી રજોહરણને પકડીને ભમાવતા-ભમાવતા વંદન કરે તે ચુડ્ડલીવંદન. (બળતા અંગારાને એક લાંબી દોરી બાંધેલી હોય. તેનું જેવું સ્વરૂપ થાય તેવા પ્રકારનું ઉંબાડિયું હોય છે. તે દોરીને એક છેડેથી પકડીને બીજે છેડે બાંધેલા અંગારાને ગોળ-ગોળ ભમાવવાની જેમ રજોહરણને છેડેથી પકડીને ભમાવતો વંદન કરે.) આ દોષ અપશ્ચિમ=છેલ્લો જાણવો. આ બત્રીસ દોષો કહ્યા. આ દોષોથી રહિત વંદન કરવું જોઈએ. એ જ વાત મૂળશ્લોકમાં જણાવી છે કે બત્રીસદોષોથી શુદ્ધ વંદન કરે. ॥૧૨૧૨॥

અવતરણિકા :- જો આમાના કોઈપણ એકાદ દોષથી દુષ્ટ એવું પણ વંદન કરે તો તેના ફલને સાધુ પ્રાપ્ત કરતો નથી. એ વાત કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- બત્રીસદોષોમાંથી એક પણ સ્થાનની વિરાધના કરતો સાધુ વંદન કરવા છતાં પણ વંદનની નિર્જરાને પ્રાપ્ત કરનારો બનતો નથી. ॥૧૨૧૩॥

दोषविप्रमुक्तकृतिकर्मकरणे गुणमुपदर्शयन्नाह-

बत्तीसदोसपरिसुद्धं किइकम्मं जो पउंजइ गुरूणं ।
सो पावइ निव्वाणं अचिरेण विमाणवासं वा ॥१२१४॥

व्याख्या–द्वात्रिंशद्दोषपरिशुद्धं कृतिकर्म यः 'प्रयुङ्क्ते' करोति गुरवे स प्राप्नोति निर्वाणम् अचिरेण विमानवासं वेति गाथार्थः ॥१२१४॥

आह–दोषपरिशुद्धाद्वन्दनात्को गुणः ? येन तत एव निर्वाणप्राप्तिः प्रतिपाद्यत इति, उच्यते–

आवस्सएसु जह जह कुणइ पयत्तं अहीणमइरित्तं ।
तिविहकरणोवउत्तो तह तह से निज्जरा होइ ॥१२१५॥

व्याख्या–'आवश्यकेषु' अवनतादिषु दोषत्यागलक्षणेषु च यथा २ करोति प्रयत्नम् 'अहीनातिरिक्तं' न हीनं नाप्यधिकं, किम्भूतः सन् ?-त्रिविधकरणोपयुक्तः, मनोवाक्कायैरुपयुक्त इत्यर्थः, तथा २ 'से' तस्य वन्दनकर्तुर्निर्जरा भवति-कर्मक्षयो भवति, तस्माच्च निर्वाणप्राप्तिरिति, अतो दोषपरिशुद्धादेव फलावाप्तिरिति गाथार्थः ॥१२१५॥

गतं सप्रसङ्गं दोषविप्रमुक्तद्वारम्, अधुना किमिति क्रियत इति द्वारं, तत्र वन्दनकरणकारणानि प्रतिपादयन्नाह–

---

અવતરણિકા :- દોષથી રહિત વંદન કરવામાં પ્રાપ્ત થતાં ગુણોને જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે સાધુ ગુરુને બત્રીસદોષોથી રહિત એવું વંદન કરે છે, તે સાધુ અલ્પકાલે નિર્વાણ અથવા દેવલોકને પામે છે. ॥૧૨૧૪॥

અવતરણિકા :- શંકા :- દોષથી પરિશુદ્ધ એવા વંદનથી વળી એવો મોટો કયો ગુણ પ્રાપ્ત થાય છે ? કે જેથી તે વંદનથી જ મોક્ષની પ્રાપ્તિ કહો છો. આ શંકાનું સમાધાન કહે છે ⇨

ગાથાર્થ :- આવશ્યકોને વિશે ત્રિકરણથી યુક્ત સાધુ જેમ જેમ અહીનાધિક પ્રયત્ન કરે છે તેમ તેમ તેને નિર્જરા થાય છે.

ટીકાર્થ :- અવનત વિગેરે દોષોના ત્યાગરૂપ આવશ્યકોમાં સાધુ જેમ જેમ હીન પણ નહીં કે અધિક પણ નહીં એવા પ્રયત્નને કરે છે. કેવા પ્રકારનો સાધુ ? – મન-વચન અને કાયાથી ઉપયુક્ત એવો સાધુ પ્રયત્નને કરે છે. તેમ તેમ તે સાધુને કર્મક્ષય થાય છે. અને તે કર્મક્ષયથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. આથી દોષથી પરિશુદ્ધ એવા જ વંદનથી ફલની પ્રાપ્તિ થાય છે. (માટે એમાં વધુ યત્ન કરવો જોઈએ.) ॥૧૨૧૫॥

અવતરણિકા :- આ પ્રમાણે પ્રસંગસહિત 'દોષથી વિપ્રમુક્ત' દ્વાર પૂર્ણ થયું. હવે વંદન શા માટે કરવું જોઈએ ? એ દ્વાર છે. તેમાં વંદન કરવાના કારણોનું પ્રતિપાદન કરતાં કહે છે ⇨

विणओवयार माणस्स भंजणा पूयणा गुरुजणस्स ।
तित्थयराण य आणा सुअधम्माराहणाऽकिरिया ॥१२१६॥

व्याख्या–विनय एवोपचारो विनयोपचारः कृतो भवति, स एव किमर्थ इत्याह- 'मानस्य' अहङ्कारस्य 'भञ्जना' विनाशः, तदर्थः, मानेन च भग्नेन पूजना गुरुजनस्य कृता भवति, तीर्थकराणां चाऽऽज्ञाऽनुपालिता भवति, यतो भगवद्भिर्विनयमूल एवोपदिष्टो धर्मः, स च वन्दनादिलक्षण एव विनय इति, तथा श्रुतधर्माराधना कृता भवति, यतो वन्दनपूर्वं श्रुतग्रहणं, 'अकिरिय' त्ति पारम्पर्येणाक्रिया भवति, यतोऽक्रियः सिद्धः, असावपि पारम्पर्येण वन्दनलक्षणाद् विनयादेव भवति, उक्तं च परमर्षिभिः–[33]*तहारूवं णं भंते ! समणं वा माहणं वा वंदमाणस्स पज्जुवासमाणस्स किंफला वंदणपज्जुवासणा ?, गोयमा ! सवणफला, सवणे णाणफले, णाणे विण्णाणफले, विण्णाणे पच्चक्खाणफले, पच्चक्खाणे संजमफले, संजमे अणण्हयफले, अणण्हए तवफले, तवे वोदाणफले, वोदाणे अकिरियाफले,*

ગાથાર્થ :- વિનયોપચાર, અહંભાવનો નાશ, ગુરુજનની પૂજા, તીર્થંકરોની આજ્ઞા, શ્રુતધર્મની આરાધના અને પરંપરાએ અક્રિયા=સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ટીકાર્થ :- વિનયરૂપ ઉપચાર (ઉપચાર=આરાધનાનો પ્રકાર) તે વિનયોપચાર એટલે કે વિનયરૂપ સેવા કરાયેલી થાય છે. તે વિનય જ શા માટે કરવાનો ? તે કહે છે – અહંકારનો વિનાશ થાય માટે વિનય કરવાનો છે. અહંકાર તૂટવાથી ગુરુજનોની પૂજા કરાયેલી થાય છે અને તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય છે, કારણ કે સર્વ તીર્થંકરોએ વિનયમૂલક ધર્મ (=જેનું મૂલ વિનય છે એવો ધર્મ ) જ બતાવ્યો છે. અને વંદનાદિ એ જ વિનય છે (માટે વંદન કરવાથી તીર્થંકરોએ બતાવેલ વિનયરૂપ ધર્મનું પાલન થતું હોવાથી તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય છે.)

તથા વંદનપૂર્વક જ શ્રુતનું ગ્રહણ થતું હોવાથી વંદન કરવાથી શ્રુતધર્મની આરાધના થાય છે. વંદન કરવાથી પરંપરાએ અક્રિયા થાય છે કારણ કે ક્રિયારહિત સિદ્ધ છે. અને તે જીવ પણ પરંપરાએ વંદનરૂપ વિનયથી જ સિદ્ધ થાય છે. કહ્યું છે → હે ભંતે ! તેવા પ્રકારના શ્રમણ માહનને વંદન કરનારને, પર્યુપાસના કરનારને તે વંદન-પર્યુપાસના કેવા ફલવાળા થાય છે ?

હે ગૌતમ ! શ્રવણફલવાળા થાય છે. (અર્થાત્ આ રીતે વંદન-પર્યુપાસના કરનાર વિનયી છે એવું જાણીને આચાર્ય તેને ધર્મનું શ્રવણ કરાવે છે.) શ્રવણથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, જ્ઞાનથી વિશેષજ્ઞાનની પ્રાપ્તિ, વિશેષજ્ઞાનથી પચ્ચક્ખાણની પ્રાપ્તિ, પચ્ચક્ખાણથી સંયમની પ્રાપ્તિ, સંયમથી અનાશ્રવની પ્રાપ્તિ, અનાશ્રવથી તપની પ્રાપ્તિ, તપથી પૂર્વકૃતકર્મોનો નાશ (अनाश्रवो=नवकर्मानादानं,

३३. तथारूपं श्रमणं वा माहनं वा वन्दमानस्य पर्युपासीनस्य किंफला वन्दनपर्युपासना ?, गौतम ! श्रवणफला, श्रवणं ज्ञानफलं, ज्ञानं विज्ञानफलं, विज्ञानं प्रत्याख्यानफलं, प्रत्याख्यानं संयमफलं, संयमोऽनाश्रवफलः । अनाश्रवस्तपःफलः, तपो व्यवदानफलं, व्यवदानं अक्रियाफलं,

*अ[34]किरिया सिद्धिगइगमणफला ।* तथा वाचमुख्येनाप्युक्तम्–'*विनयफलं शुश्रूषा गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् । ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चाश्रवनिरोधः ॥१॥ संवरफलं तपोबलमथ तपसो निर्जरा फलं दृष्टम् । तस्मात्क्रियानिवृत्तिः क्रियानिवृत्तेरयोगित्वम्, ॥२॥ योगनिरोधाद्भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः । तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः ॥३॥*' इति गाथार्थः ॥१२१६॥

किं च–

**विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।**
**विणयाउ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? ॥१२१७॥**

व्याख्या–शास्यन्तेऽनेन जीवा इति शासनं–द्वादशाङ्गं तस्मिन् विनयो मूलं, यत उक्तम्–'[35]*मूलाउ खंधप्पभवो दुमस्स, खंधाउ पच्छा विरुहंति साला( हा ) । साहप्पसाहा विरुहंति पत्ता, ततो से पुप्फं च फलं रसो य ॥१॥ एवं धम्मस्स विणओ मूलं परमो से मोक्खो । जेण कित्ती सुयं सिग्घं निस्सेसमधिगच्छइ ॥२॥* ' अतो विनीतः संयतो भवेत्, विनयाद्विप्रमुक्तस्य

---

व्यवदानं=पूर्वक्षपणम् - प्र.सारो.-१००), વ્યવદાનથી અક્રિયા=ક્રિયાની નિવૃત્તિ, અક્રિયાથી સિદ્ધિગતિમાં ગમન.

આ જ વાત વાચકમુખ્યવડે=ઉમાસ્વાતિજીવડે પણ કહેવાઈ છે – વિનયનું ફલ શુશ્રૂષા, ગુરુની શુશ્રૂષાનું ફલ શ્રુતજ્ઞાન, જ્ઞાનનું ફલ વિરતિ, વિરતિનું ફલ આશ્રવોનો નિરોધ ॥૧॥, આશ્રવના નિરોધનું=સંવરનું ફલ તપ, તપથી નિર્જરારૂપ ફલ જોવાયેલું છે, તેનાથી સર્વ વ્યાપારોનો ત્યાગ, વ્યાપારત્યાગથી અયોગીપણું ॥૨॥ યોગનિરોધથી ભવની પરંપરાનો ક્ષય, ભવની પરંપરાના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તે કારણથી સર્વ કલ્યાણોનું ભાજન=મૂલ વિનય છે. ॥૩॥ ॥૧૨૧૬॥

વળી ⇨

**ગાથાર્થ :- શાસનમાં વિનય એ (ધર્મનું) મૂલ છે. તેથી જે વિનીત છે તે સંયત થઈ શકે. જે વિનયથી રહિત છે તેને ધર્મ ક્યાંથી ? અને તપ ક્યાંથી ?**

**ટીકાર્થ :-** જેનાવડે જીવો નિયમમાં=કાબૂમાં રખાય તે શાસન અર્થાત્ દ્વાદશાંગી. તે દ્વાદશાંગીમાં વિનય એ (ધર્મનું) મૂલ છે, કારણ કે કહ્યું છે – "વૃક્ષના મૂલમાંથી સ્કંધની ઉત્પત્તિ થાય છે... સ્કંધમાંથી પછી નીકળે છે શાખા. શાખામાંથી પ્રશાખા અને પ્રશાખામાંથી પછી પાંદડાંઓ ઉગે છે. ત્યાર પછી તે વૃક્ષમાં પુષ્પો, પછી ફલ અને પછી તેમાં રસ ઉત્પન્ન થાય છે. ॥૧॥ એ જ પ્રમાણે ધર્મનું મૂલ વિનય છે. અને તે ધર્મનો પરમ=રસ મોક્ષ છે. આ વિનયથી સાધુ કીર્તિ, શ્રુત અને પ્રશંસનીય એવી સઘળી વસ્તુ શીઘ્ર પ્રાપ્ત કરે છે. ॥૨॥ (દશવૈ.

---

३४. अक्रिया सिद्धिगतिगमनफला । ३५. मूलात् स्कन्धप्रभवो द्रुमस्य स्कन्धात् पश्चात् विरोहन्ति शाखाः । शाखायाः प्रशाखा विरोहन्ति ( ततः ) पत्राणि, ततस्तस्य पुष्पं च फलं रसश्च ॥१॥ एवं धर्मस्य विनयो मूलं परमस्तस्य मोक्षः । येन कीर्त्तिं श्रुतं शीघ्रं निःश्रेयसं चाधिगच्छति ॥२॥

कुतो धर्मः कुतस्तप इति गाथार्थः ॥१२१७॥

अतो विनयोपचारार्थं कृतिकर्म क्रियते इति स्थितम् । आह–विनय इति कः शब्दार्थ इति, उच्यते–

जम्हा विणयइ कम्मं अट्ठविहं चाउरंतमुक्खाए ।
तम्हा उ वयंति विऊ विणउत्ति विलीनसंसारा ॥१२१८॥

व्याख्या–यस्माद्विनयति कर्म–नाशयति कर्माष्टविधं, किमर्थं ?–चतुरन्तमोक्षाय, संसारविनाशायेत्यर्थः तस्मादेव वदन्ति विद्वांसः 'विनय इति' विनयनाद्विनयः 'विलीनसंसाराः' क्षीणसंसारा अथवा विनीतसंसाराः, नष्टसंसारा इत्यर्थः, यथा विनीता गौर्नष्टक्षीराऽभिधीयते इति गाथार्थः ॥१२१८॥ किमिति क्रियते इति द्वारं गतं, व्याख्याता द्वितीया कत्यवनतमित्यादिद्वारगाथा । अत्रान्तरेऽध्ययनशब्दार्थो निरूपणीयः, स चान्यत्र न्यक्षेण निरूपितत्वान्नेहाधिकृतः, गतो नामनिष्पन्नो निक्षेपः ।

साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्य निक्षेपस्यावसरः, स च सूत्रे सति भवति, सूत्रं च

---

અ. ૯, ઉ. ૨, ગા. ૧-૨) આથી=શાસનમાં ધર્મનું મૂલ વિનય છે માટે જ જે વિનયવાળો છે તે જ સાધુ બની શકે છે. વિનયથી રહિતને વળી ધર્મ ક્યાંથી ? કે તપ ક્યાંથી ? (અર્થાત્ વિનય વિનાની વ્યક્તિ પાસે નથી ધર્મ કે નથી તપ.) ॥૧૨૧૭॥

અવતરણિકા :- આથી વિનયરૂપ સેવા માટે વંદન કર્તવ્ય છે એ વાત સ્થિર થઈ.

શંકા :- વિનયશબ્દનો અર્થ શું ? તેનું સમાધાન આપે છે ⇨

ગાથાર્થ :- જે કારણથી સંસારનો નાશ કરવા માટે આઠપ્રકારના કર્મનો નાશ કરે છે. તે કારણથી સંસાર જેમનો નાશ થયો છે તેવા વિદ્વાનો (વિનય તરીકે અભિપ્રેત વંદનાદિને) વિનય કહે છે.

ટીકાર્થ :- જે કારણથી આઠ પ્રકારના કર્મોનો નાશ કરે છે. શા માટે નાશ કરે છે ? – સંસારનો નાશ કરવા કર્મોનો નાશ કરે છે. તે કારણથી જ નાશ પામેલો છે સંસાર જેમનો એવા વિદ્વાનો વિનય કહે છે. (અર્થાત્ મુક્તિ માટે કરાતા વંદનાદિ આચારો આઠ પ્રકારના કર્મોનો નાશ કરતા હોવાથી વિદ્વાનો વંદનાદિ આચારોને વિનય કહે છે.) જેમ દૂધ નહીં આપતી ગાય વિનીતા કહેવાય છે. ॥૧૨૧૮॥

શા માટે વંદન કરાય છે ? એ દ્વાર પૂર્ણ થયું. આ સાથે બીજી દ્વારગાથા વ્યાખ્યાન કરાઈ. અહીં આગળ વધીએ તે પહેલાં અધ્યયનશબ્દનો અર્થ બતાવવા યોગ્ય છે. (કારણ કે 'વંદન-અધ્યયન' એ પ્રમાણે નામ છે. તેથી વંદનસંબંધી નિક્ષેપાદિ બતાવ્યા. હવે અધ્યયન શબ્દના બતાવવાના આવ્યા છે.) પરંતુ તે અન્યત્ર (=સામાયિકાધ્યયનની શરૂઆતમાં) વિસ્તારથી બતાવેલ હોવાથી અહીં તે પ્રસ્તુત નથી. આ પ્રમાણે નામનિષ્પન્ન નિક્ષેપો પૂર્ણ થયો.

અવતરણિકા :- હવે સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપનો અવસર છે. અને તે સૂત્ર હોય ત્યારે

सूत्रानुगम इत्यादि प्रपञ्चतो वक्तव्यं यावत्तच्चेदं सूत्रं–

'इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहियाए अणुजाणह मे मिउग्गहं निसीहि, अहोकायं कायसंफासं, खमणिज्जो भे किलामो, अप्पकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो ?, जत्ता भे ? जवणिज्जं च भे ? खामेमि खमासमणो ! देवसियं वइक्कमं, आवस्सियाए पडिक्कमामि खमासमणाणं देवसिआए आसायणाए तित्तीस-ण्णयराए जंकिंचिमिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए कोहाए माणाए मायाए लोभाए सव्वकालियाए सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए आसायणाए जो मे अइयारो कओ तस्स खमासमणो ! पडिक्कमामि निन्दामि गरिहामि अप्पाणं वोसिरामि ॥ ( सूत्रम् )

अस्य व्याख्या–तल्लक्षणं चेदं–'संहिता च पदं चैव, पदार्थः पदविग्रहः। चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥१॥' तत्रास्खलितपदोच्चारणं संहिता, सा च– इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए' इत्येवंसूत्रोच्चारणरूपा, तानि चामूनि सर्वसूत्राणि–'इच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए निसीहियाए अणुजाणह मे मिउग्गहं निसीहि, अहोकायं कायसंफासं, खमणिज्जो भे किलामो अप्पकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो ?, जत्ता भे ? जवणिज्जं च भे ? खामेमि खमासमणो ! देवसियं वइक्कमं, आवस्सियाए पडिक्कमामि खमासमणाणं देवसियाए आसायणाए तित्तीसण्णयराए जंकिंचिमिच्छाए मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए कोहाए माणाए मायाए लोभाए सव्वकालियाए सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए आसायणाए जो मे अइयारो कओ तस्स खमासमणो ! पडिक्कमामि निन्दामि गरिहामि अप्पाणं वोसिरामि ।

अधुना पदविभागः–इच्छामि क्षमाश्रमण ! वन्दितुं यापनीयया नैषेधिक्या अनुजानीत

---

જ સંભવે છે. તથા સૂત્ર સૂત્રાનુગમ હોય તો સંભવે છે. વિગેરેથી લઈ વિસ્તાર સહિત ત્યાં સુધીનું વર્ણન સમજવું કે છેલ્લે હવે પછીનું સૂત્ર આવીને ઊભું રહે ⇨

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- હવે સૂત્રની વ્યાખ્યા કરવાની છે. તે વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે જાણવું → "સંહિતા, પદ, પદાર્થ, પદવિગ્રહ, પ્રશ્ન અને ઉત્તર આ પ્રમાણે તંત્રની=સૂત્રની વ્યાખ્યા છ પ્રકારે થાય છે. ॥૧॥" તેમાં અસ્ખલિત રીતે પદોનું ઉચ્ચારણ કરવું તે સંહિતા કહેવાય છે. અને તે આ પ્રમાણે છે – इच्छामि खमासमणो.... વિગેરેરૂપ સંહિતા જાણવી. તે સંપૂર્ણ સૂત્ર આ પ્રમાણે છે - इच्छामि खमासमणो ! (વિગેરેથી લઈ ટીકા પ્રમાણેનું આખું સૂત્ર અહીં સમજી લેવું.)

હવે પદ વિભાગ (=સૂત્રમાં કુલ કેટલા પદો છે ? તે) જણાવે છે – इच्छामि क्षमाश्रमण ! (વિગેરે ટીકા પ્રમાણે પદો જાણવા.)

मम मितावग्रहं नैषेधिकी अधःकायं कायसंस्पर्शं क्षमणीयो भवता क्लमः अल्पक्लान्तानां बहुशुभेन भवतां दिवसो व्यतिक्रान्तः ?, यात्रा भवतां ? यापनीयं च भवतां ?, क्षमयामि क्षमाश्रमण ! दैवसिकं व्यतिक्रमं आवश्यिक्या प्रतिक्रमामि क्षमाश्रमणानां दैवसिक्या आशातनया त्रयस्त्रिंशदन्यतरया यत्किञ्चिन्मिथ्यया मनोदुष्कृतया वाग्दुष्कृतया कायदुष्कृतया क्रोधया मानया मायया लोभया सर्वकालिक्या सर्वमिथ्योपचारया सर्वधर्मातिक्रमणया आशातनया यो मयाऽतिचारः कृतस्तस्य क्षमाश्रमण ! प्रतिक्रामामि निन्दामि गर्हामि आत्मानं व्युत्सृजामि, एतावन्ति सर्वसूत्रपदानि ।

साम्प्रतं पदार्थः पदविग्रहश्च यथासम्भवं प्रतिपाद्यते-तत्र 'इषु इच्छायाम्' इत्यस्योत्तमपुरुषैकवचनान्तस्य इच्छामीति भवति, 'क्षमूष् सहने' इत्यस्याङन्तस्य क्षमा, 'श्रमु तपसि खेदे च' अस्य कर्तरि ल्युट् श्राम्यत्यसाविति श्रमणः क्षमाप्रधानः श्रमणः क्षमाश्रमणः तस्याऽऽमन्त्रणं, वन्देस्तुमन्प्रत्ययान्तस्य वन्दितुं, 'या प्रापणे' अस्य ण्यन्तस्य कर्तर्यनीयः, यापयतीति यापनीया तया, 'षिधु गत्याम्' अस्य निपूर्वस्य घञि निषेधनं निषेधः निषेधेन निर्वृत्ता

---

હવે પદોનો અર્થ અને પદવિગ્રહ (સમાસવાળા પદોને છૂટા પાડવા તે પદવિગ્રહ) બંનેનું પ્રતિપાદન કરે છે. તેમાં પદવિગ્રહનો જ્યાં સંભવ હશે તે જણાવશે. (અર્થાત્ જ્યાં સમાસવાળા પદો આવશે ત્યાં પદવિગ્રહ જણાવશે.) તેમાં સૌ પ્રથમ इच्छामि પદનો અર્થ જણાવે છે – इष् ધાતુ ઇચ્છાના અર્થમાં છે. આ ધાતુનું પ્રથમ પુરુષ એક વચનમાં 'इच्छामि' રૂપ થાય છે. (અર્થાત્ હું ઇચ્છું છું.) 'क्षमूष् सहने' (અહીં પાણિનિવ્યાકરણમાં ऊ અને ष् એ અનુંબધ છે.) क्षम् ધાતુ સહન કરવું અર્થમાં વપરાય છે. 'अङ्' પ્રત્યયવાળા આ ધાતુનું (અન્ય નિયમથી) क्षमा રૂપ થાય છે. (અર્થાત્ બીજાના અપરાધોને સહન કરવા તે ક્ષમા.) श्रम् ધાતુ (उ એ અનુબંધ છે) તપ અને ખેદમાં જાણવો. આ ધાતુ કર્તાના અર્થમાં ल्युट् પ્રત્યય લાગતા જે તપશ્ચર્યા કરે તે (અથવા સંસારવિષયમાં જે ખેદ=થાક પામે છે તે) શ્રમણ કહેવાય. ક્ષમારૂપ ગુણ જેમાં પ્રધાન છે તે ક્ષમાશ્રમણ. ક્ષમાશ્રમણ એવા ગુરુને આમંત્રણ કરવા સૂત્રમાં 'હે ક્ષમાશ્રમણ !' શબ્દ વાપર્યો છે.

तुमन् પ્રત્યયવાળા 'वन्द्' ધાતુનું वन्दितुं રૂપ થાય છે. (તેથી સંપૂર્ણ અર્થ આ પ્રમાણે ⇨ હે ક્ષમાશ્રમણ ! આપને હું વંદન કરવાને માટે ઇચ્છું છું.) ણ્યન્ત એવા 'या' ધાતુને કર્તાના અર્થમાં अनीय પ્રત્યય લાગીને - यापयतीति यापनीया શબ્દ બન્યો છે. તેનાવડે (यापयति એટલે इष्टं साध्यं सिद्धिं नयतीति यापनीया कार्यक्षमा रोगा चेत्यर्थ इति दीपिकायां અર્થાત્ જે ઇષ્ટ સાધ્યને સિદ્ધિ તરફ લઈ જાય તે યાપનીય એટલે કે કાર્ય કરવામાં સમર્થ અને નિરોગી. આ શબ્દ આગળ બતાવાતા 'निसिहीयाए' શબ્દનું વિશેષણ જાણવું. अत्र 'नैषेधिक्या' इति विशेष्यम्, 'यापनीयया' इति विशेषणम् - इति धर्मसं. ६२. અર્થાત્ કાર્ય કરવામાં સમર્થ અને નિરોગી એવી કાયાવડે વંદન કરવાને ઇચ્છું છું.) 'षिध्' ધાતુ ગતિ-અર્થમાં છે. 'नि' ઉપસર્ગ પૂર્વકના આ ધાતુને ઘञ् પ્રત્યય લગતા निषेधनं निषेधः અર્થાત્ નિષેધ કરવો. નિષેધવડે જે થયેલી હોય તે

नैषेधिकी, प्राकृतशैल्या छान्दसत्वाद्वा नैषेधिकेत्युच्यते, एवं शेषपदार्थोऽपि प्रकृतिप्रत्यय-व्युत्पत्त्या वक्तव्यः, विनेयासम्मोहार्थं तु न ब्रूमः ।

अयं च प्रकृतसूत्रार्थः—अवग्रहाद्बहिःस्थितो विनेयोऽर्द्धावनतकायः करद्वयगृहीतरजोहरणो वन्दनायोद्यत एवमाह—'इच्छामि' अभिलषामि हे क्षमाश्रमण ! 'वन्दितुं' नमस्कर्तुं, भवन्तमिति गम्यते, यापनीयया—यथाशक्तियुक्तया नैषेधिक्या—प्राणातिपातादिनिवृत्तया तन्वा—शरीरेणेत्यर्थः, अत्रान्तरे गुरुर्व्याक्षेपादियुक्तः 'त्रिविधेने'ति भणति, ततः शिष्यः संक्षेपवन्दनं करोति, व्याक्षेपादिविकलस्तु 'छन्दसे'ति भणति, ततो विनेयस्तत्रस्थ एवमाह-'अनुजानीत' अनुज्ञां प्रयच्छत, 'मम' इत्यात्मनिर्देशे, कं ?—मितश्चासाववग्रहश्चेति मितावग्रहस्तं, चतुर्दिशमिहाचार्यस्यात्मप्रमाणं क्षेत्रमवग्रहस्तमनुज्ञां विहाय प्रवेष्टुं न कल्पते, ततो गुरुर्भणति—अनुजानामि, ततः शिष्यो नैषेधिक्या प्रविश्य गुरुपादान्तिकं निधाय तत्र रजोहरणं तल्ललाटं च कराभ्यां संस्पृश-

---

નૈષેધિકી. પ્રાકૃતશૈલીથી અથવા છાન્દસપ્રયોગ હોવાથી નૈષેધિકા (=નિસીહિયા) કહેવાય છે. આ પ્રમાણે પ્રકૃતિ=ધાતુઓ, તેના પ્રત્યયો અને વ્યુત્પત્તિવડે શેષ પદાર્થો પણ કહેવા યોગ્ય છે. (અર્થાત્ अणुजाणह વિગેરે પદોમાં કયો ધાતુ ? કયો પ્રત્યય ? વિગેરે સ્વયં વિચારી લેવું.) જો કે અહીં શિષ્યને સંમોહ થાય નહીં તે માટે અમે જણાવતા નથી.

પ્રસ્તુત સૂત્રનો અર્થ આ પ્રમાણે જાણવો → અવગ્રહથી બહાર રહેલો, અર્ધ નમાવેલી કાયાવાળો, બંને હાથોથી ગ્રહણ કરેલું છે રજોહરણ જેનાવડે તેવો, અને વંદન કરવા માટે ઉદ્યત થયેલો શિષ્ય આ પ્રમાણે બોલે છે – હું ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ ! આપને વંદન કરવાને માટે. 'भवन्तं' શબ્દ સૂત્રમાં ન હોવા છતાં જાણી લેવો. (કેવી રીતે વંદન કરવા માટે ?) યથાશક્તિથી યુક્ત (એટલે કે કાર્ય કરવામાં સમર્થ અને નિરોગી, તથા) પ્રાણાતિપાતાદિથી પાછા ફરેલા એવા શરીરવડે વંદન કરવાને ઇચ્છું છું.

આ સમયે જો ગુરુ વ્યાક્ષેપાદિથી યુક્ત હોય (=કોઈ કાર્યાદિમાં વ્યસ્ત હોય) તો તેઓ 'त्रिविधेन' શબ્દ બોલે છે. (અર્થાત્ હું કાર્યમાં વ્યસ્ત છું માટે તું મન-વચન-કાયારૂપ ત્રિવિધવડે સંક્ષેપમાં વંદન કરે.) ત્યારે શિષ્ય સંક્ષેપવંદન (=मत्थएण वंदामि) કરે છે. પરંતુ જો વ્યાક્ષેપાદિથી રહિત હોય તો ગુરુ 'छन्दसा' શબ્દ બોલે છે. (અર્થાત્ તું વંદન કરવાને ઇચ્છતો હોય તો મને વાંધો નથી.)

ત્યારે ત્યાં જ ઊભેલો શિષ્ય આ પ્રમાણે કહે છે – મને અનુજ્ઞા આપો. શેની અનુજ્ઞા ? – મિત એવો જે અવગ્રહ તે મિતાવગ્રહ, તે મિતાવગ્રહની (=તેમાં પ્રવેશ કરવાની) મને અનુજ્ઞા આપો. આચાર્યની ચારે દિશામાં આત્મપ્રમાણ (=લગભગ સાડાત્રણ હાથ પ્રમાણ) ક્ષેત્ર એ અવગ્રહ કહેવાય છે. આ અવગ્રહમાં આચાર્યની અનુજ્ઞા મેળવ્યા વિના શિષ્યને પ્રવેશ કરવો કલ્પતો નથી. (તેથી અનુજ્ઞા માંગીને પ્રવેશ કરવા યોગ્ય છે.)

ત્યાર પછી ગુરુ કહે – "હું અનુજ્ઞા આપું છું." ત્યાર પછી શિષ્ય નિસીહિવડે (=સર્વ અશુભ વ્યાપારોનો ત્યાગ કરવાવડે) અવગ્રહમાં પ્રવેશ કરીને ગુરુના ચરણોની પાસે ભૂમિ ઉપર

त्रिदं भणति–अधस्तात्कायः अधःकायः–पादलक्षणस्तमधःकायं प्रति कायेन–निजदेहेन संस्पर्शः कायसंस्पर्शस्तं करोमि, एतच्चानुजानीत, तथा क्षमणीयः–सह्यो भवताम् अधुना 'क्लमो' देहग्लानिरूपः, तथा अल्पं–स्तोकं क्लान्तं–क्लमो येषां तेऽल्पक्लान्तास्तेषामल्पक्लान्तानां, बहु च तच्छुभं च बहुशुभं तेन बहुशुभेन, प्रभूतसुखेनेत्यर्थः, भवतां दिवसो व्यतिक्रान्तो ?, युष्माकमहर्गतमित्यर्थः, अत्रान्तरे गुरुर्भणति–तथेति, यथा भवान् ब्रवीति, पुनराह विनेयः– 'यात्रा' तपोनियमादिलक्षणा क्षायिकमिश्रौपशमिकभावलक्षणा वा उत्सर्पति भवताम् ?, अत्रान्तरे गुरुर्भणति–युष्माकमपि वर्तते ?, मम तावदुत्सर्पति भवतोऽप्युत्सर्पतीत्यर्थः, पुनरप्याह विनेयः–यापनीयं चेन्द्रियनोइन्द्रियोपशमादिना प्रकारेण भवतां ?, शरीरमिति गम्यते, अत्रान्तरे गुरुराह–एवमामं, यापनीयमित्यर्थः, पुनराह विनेयः–'क्षमयामि' मर्षयामि क्षमाश्रमणेति पूर्ववत् दिवसेन निर्वृत्तो दैवसिकस्तं व्यतिक्रमम्–अपराधं, दैवसिकग्रहणं रात्रिकाद्युपलक्षणार्थम्, अत्रान्तरे गुरुर्भणति–अहमपि क्षमयामि दैवसिकं व्यतिक्रमं प्रमादोद्भवमित्यर्थः, ततो विनेयः

---

રજોહરણને મૂકીને તેને=રજોહરણને અને પોતાના કપાળને બંને હાથોવડે સ્પર્શ કરતો શિષ્ય अहो कायं.... વિગેરે કહે છે, એટલે કે હું મારા બંને હાથોવડે આપના ચરણોને સ્પર્શ કરું છું તેની મને અનુજ્ઞા આપો. નીચેની જે કાયા તે અધઃકાયા અર્થાત્ ચરણો. તે ચરણોને પોતાના હાથરૂપ દેહવડે જે સ્પર્શ તે કાયસ્પર્શ. તે કાયસ્પર્શને કરે છે.

તથા આપને થતો દેહને ગ્લાનિરૂપ ક્લમ સહન કરવા યોગ્ય છે. (અર્થાત્ अहो कायं... વિગેરે દ્વારા આપના ચરણોને મેં સ્પર્શ કર્યો છે તેનાથી આપના દેહને જે કંઈ પીડા થઈ છે તેની પણ આપશ્રી મને ક્ષમા આપશો.) તથા થોડીક પીડા છે જેમને તે અલ્પપીડાવાળા આપનો દિવસ ઘણા સુખથી પસાર થયો છે ને ? ત્યારે ગુરુ કહે - જે રીતે તું કહે છે તે રીતે જ ઘણા સુખથી મારો દિવસ પસાર થયો છે.

ફરી શિષ્ય કહે છે – તપ, નિયમ વિગેરેરૂપ અથવા ક્ષાયિક, મિશ્ર=ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવરૂપ યાત્રા આપની સારી રીતે પસાર થાય છે ને ? (અર્થાત્ તપ-નિયમાદિ બાહ્યયાત્રા અથવા ક્ષાયિકભાવના સમ્યક્ત્વાદિ, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ અને ઔપશમિક-ભાવના ચારિત્રરૂપ આંતરિક યાત્રા આપની સારી રીતે ચાલે છે ને ?) ત્યારે ગુરુ કહે – મારી યાત્રા સારી ચાલે છે, તારી યાત્રા સારી ચાલે છે ને ? શિષ્ય ફરી પૂછે છે – ઇન્દ્રિય અને મનના ઉપશમ વિગેરે પ્રકારોવડે આપનું શરીર યાપનીય=નિરાબાધ છે ને ? (અર્થાત્ આપની ઇન્દ્રિયો હણાઈ નથી ને ? અને તે આપને વશ છે ને ? તથા મનને પણ ક્રોધાદિ કષાયો બાધિત કરતા નથી ને ?) ગુરુ કહે – હા, મારું શરીર નિરાબાધ છે.

શિષ્ય ફરી કહે છે – 'મને ક્ષમા આપો હે ક્ષમાશ્રમણ !' અહીં ક્ષમાશ્રમણશબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. દિવસવડે થયેલું દૈવસિક, તે દૈવસિક અપરાધની. (અન્વય → હે ક્ષમાશ્રમણ ! દિવસસંબંધી જે કંઈ અપરાધ થયા હોય તેની મને ક્ષમા આપો.) દિવસસંબંધી અપરાધોના ગ્રહણથી રાત્રિકાદિ અપરાધો પણ જાણી લેવા.

नैषेधिकी, प्राकृतशैल्या छान्दसत्वाद्वा नैषेधिकेत्युच्यते, एवं शेषपदार्थोऽपि प्रकृतिप्रत्यय-व्युत्पत्त्या वक्तव्यः, विनेयासम्मोहार्थं तु न ब्रूमः ।

अयं च प्रकृतसूत्रार्थः–अवग्रहाद्बहिःस्थितो विनेयोऽर्द्धावनतकायः करद्वयगृहीतरजोहरणो वन्दनायोद्यत एवमाह–'इच्छामि' अभिलषामि हे क्षमाश्रमण ! 'वन्दितुं' नमस्कर्तुं, भवन्तमिति गम्यते, यापनीयया–यथाशक्तियुक्तया नैषेधिक्या–प्राणातिपातादिनिवृत्तया तन्वा–शरीरेणेत्यर्थः, अत्रान्तरे गुरुर्व्याक्षेपादियुक्तः 'त्रिविधेने'ति भणति, ततः शिष्यः संक्षेपवन्दनं करोति, व्याक्षेपादिविकलस्तु 'छन्दसे'ति भणति, ततो विनेयस्तत्रस्थ एवमाह-'अनुजानीत' अनुज्ञां प्रयच्छत, 'मम' इत्यात्मनिर्देशे, कं ?–मितश्चासाववग्रहश्चेति मितावग्रहस्तं, चतुर्दिशमिहाचार्यस्या-त्मप्रमाणं क्षेत्रमवग्रहस्तमनुज्ञां विहाय प्रवेष्टुं न कल्पते, ततो गुरुर्भणति–अनुजानामि, ततः शिष्यो नैषेधिक्या प्रविश्य गुरुपादान्तिकं निधाय तत्र रजोहरणं तल्ललाटं च कराभ्यां संस्पृश-

---

નૈષેધિકી. પ્રાકૃતશૈલીથી અથવા છાન્દસપ્રયોગ હોવાથી નૈષેધિકા (=નિસીહિયા) કહેવાય છે. આ પ્રમાણે પ્રકૃતિ=ધાતુઓ, તેના પ્રત્યયો અને વ્યુત્પત્તિવડે શેષ પદાર્થો પણ કહેવા યોગ્ય છે. (અર્થાત્ अणुजाणह વિગેરે પદોમાં કયો ધાતુ ? કયો પ્રત્યય ? વિગેરે સ્વયં વિચારી લેવું.) જો કે અહીં શિષ્યને સંમોહ થાય નહીં તે માટે અમે જણાવતા નથી.

પ્રસ્તુત સૂત્રનો અર્થ આ પ્રમાણે જાણવો → અવગ્રહથી બહાર રહેલો, અર્ધ નમાવેલી કાયાવાળો, બંને હાથોથી ગ્રહણ કરેલું છે રજોહરણ જેનાવડે તેવો, અને વંદન કરવા માટે ઉદ્યત થયેલો શિષ્ય આ પ્રમાણે બોલે છે – હું ઇચ્છું છું હે ક્ષમાશ્રમણ ! આપને વંદન કરવાને માટે. 'भवन्तं' શબ્દ સૂત્રમાં ન હોવા છતાં જાણી લેવો. (કેવી રીતે વંદન કરવા માટે ?) યથાશક્તિથી યુક્ત (એટલે કે કાર્ય કરવામાં સમર્થ અને નિરોગી, તથા) પ્રાણાતિપાતાદિથી પાછા ફરેલા એવા શરીરવડે વંદન કરવાને ઇચ્છું છું.

આ સમયે જો ગુરુ વ્યાક્ષેપાદિથી યુક્ત હોય (=કોઈ કાર્યાદિમાં વ્યસ્ત હોય) તો તેઓ 'त्रिविधेन' શબ્દ બોલે છે. (અર્થાત્ હું કાર્યમાં વ્યસ્ત છું માટે તું મન-વચન-કાયારૂપ ત્રિવિધવડે સંક્ષેપમાં વંદન કરે.) ત્યારે શિષ્ય સંક્ષેપવંદન (=मत्थएण वंदामि) કરે છે. પરંતુ જો વ્યાક્ષેપાદિથી રહિત હોય તો ગુરુ 'छन्दसा' શબ્દ બોલે છે. (અર્થાત્ તું વંદન કરવાને ઇચ્છતો હોય તો મને વાંધો નથી.)

ત્યારે ત્યાં જ ઊભેલો શિષ્ય આ પ્રમાણે કહે છે – મને અનુજ્ઞા આપો. શેની અનુજ્ઞા ? – મિત એવો જે અવગ્રહ તે મિતાવગ્રહ, તે મિતાવગ્રહની (=તેમાં પ્રવેશ કરવાની) મને અનુજ્ઞા આપો. આચાર્યની ચારે દિશામાં આત્મપ્રમાણ (=લગભગ સાડાત્રણ હાથ પ્રમાણ) ક્ષેત્ર એ અવગ્રહ કહેવાય છે. આ અવગ્રહમાં આચાર્યની અનુજ્ઞા મેળવ્યા વિના શિષ્યને પ્રવેશ કરવો કલ્પતો નથી. (તેથી અનુજ્ઞા માંગીને પ્રવેશ કરવા યોગ્ય છે.)

ત્યાર પછી ગુરુ કહે – "હું અનુજ્ઞા આપું છું." ત્યાર પછી શિષ્ય નિસીહિવડે (=સર્વ અશુભ વ્યાપારોનો ત્યાગ કરવાવડે) અવગ્રહમાં પ્રવેશ કરીને ગુરુના ચરણોની પાસે ભૂમિ ઉપર

त्रिदं भणति–अधस्तात्कायः अधःकायः–पादलक्षणस्तमधःकायं प्रति कायेन–निजदेहेन संस्पर्शः कायसंस्पर्शस्तं करोमि, एतच्चानुजानीत, तथा क्षमणीयः–सह्यो भवताम् अधुना 'क्लमो' देहग्लानिरूपः, तथा अल्पं–स्तोकं क्लान्तं–क्लमो येषां तेऽल्पक्लान्तास्तेषामल्पक्लान्तानां, बहु च तच्छुभं च बहुशुभं तेन बहुशुभेन, प्रभूतसुखेनेत्यर्थः, भवतां दिवसो व्यतिक्रान्तो ?, युष्माकमहर्गतमित्यर्थः, अत्रान्तरे गुरुर्भणति–तथेति, यथा भवान् ब्रवीति, पुनराह विनेयः– 'यात्रा' तपोनियमादिलक्षणा क्षायिकमिश्रौपशमिकभावलक्षणा वा उत्सर्पति भवताम् ?, अत्रान्तरे गुरुर्भणति–युष्माकमपि वर्तते ?, मम तावदुत्सर्पति भवतोऽप्युत्सर्पतीत्यर्थः, पुनरप्याह विनेयः–यापनीयं चेन्द्रियनोइन्द्रियोपशमादिना प्रकारेण भवतां ?, शरीरमिति गम्यते, अत्रान्तरे गुरुराह–एवमामं, यापनीयमित्यर्थः, पुनराह विनेयः–'क्षमयामि' मर्षयामि क्षमाश्रमणेति पूर्ववत् दिवसेन निर्वृत्तो दैवसिकस्तं व्यतिक्रमम्–अपराधं, दैवसिकग्रहणं रात्रिकाद्युपलक्षणार्थम्, अत्रान्तरे गुरुर्भणति–अहमपि क्षमयामि दैवसिकं व्यतिक्रमं प्रमादोद्भवमित्यर्थः, ततो विनेयः

---

રજોહરણને મૂકીને તેને=રજોહરણને અને પોતાના કપાળને બંને હાથોવડે સ્પર્શ કરતો શિષ્ય अहो कायं.... વિગેરે કહે છે, એટલે કે હું મારા બંને હાથોવડે આપના ચરણોને સ્પર્શ કરું છું તેની મને અનુજ્ઞા આપો. નીચેની જે કાયા તે અધઃકાયા અર્થાત્ ચરણો. તે ચરણોને પોતાના હાથરૂપ દેહવડે જે સ્પર્શ તે કાયસ્પર્શ. તે કાયસ્પર્શને કરે છે.

તથા આપને થતો દેહને ગ્લાનિરૂપ ક્લમ સહન કરવા યોગ્ય છે. (અર્થાત્ अहो कायं... વિગેરે દ્વારા આપના ચરણોને મેં સ્પર્શ કર્યો છે તેનાથી આપના દેહને જે કંઈ પીડા થઈ છે તેની પણ આપશ્રી મને ક્ષમા આપશો.) તથા થોડીક પીડા છે જેમને તે અલ્પપીડાવાળા આપનો દિવસ ઘણા સુખથી પસાર થયો છે ને ? ત્યારે ગુરુ કહે - જે રીતે તું કહે છે તે રીતે જ ઘણા સુખથી મારો દિવસ પસાર થયો છે.

ફરી શિષ્ય કહે છે – તપ, નિયમ વિગેરેરૂપ અથવા ક્ષાયિક, મિશ્ર=ક્ષાયોપશમિક અને ઔપશમિકભાવરૂપ યાત્રા આપની સારી રીતે પસાર થાય છે ને ? (અર્થાત્ તપ-નિયમાદિ બાહ્યયાત્રા અથવા ક્ષાયિકભાવના સમ્યક્ત્વાદિ, ક્ષાયોપશમિકભાવના જ્ઞાનાદિ અને ઔપશમિકભાવના ચારિત્રરૂપ આંતરિક યાત્રા આપની સારી રીતે ચાલે છે ને ?) ત્યારે ગુરુ કહે – મારી યાત્રા સારી ચાલે છે, તારી યાત્રા સારી ચાલે છે ને ? શિષ્ય ફરી પૂછે છે – ઇન્દ્રિય અને મનના ઉપશમ વિગેરે પ્રકારોવડે આપનું શરીર યાપનીય=નિરાબાધ છે ને ? (અર્થાત્ આપની ઇન્દ્રિયો હણાઈ નથી ને ? અને તે આપને વશ છે ને ? તથા મનને પણ ક્રોધાદિ કષાયો બાધિત કરતા નથી ને ?) ગુરુ કહે – હા, મારું શરીર નિરાબાધ છે.

શિષ્ય ફરી કહે છે – 'મને ક્ષમા આપો હે ક્ષમાશ્રમણ !' અહીં ક્ષમાશ્રમણશબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. દિવસવડે થયેલું દૈવસિક, તે દૈવસિક અપરાધની. (અન્વય → હે ક્ષમાશ્રમણ ! દિવસસંબંધી જે કંઈ અપરાધ થયા હોય તેની મને ક્ષમા આપો.) દિવસસંબંધી અપરાધોના ગ્રહણથી રાત્રિકાદિ અપરાધો પણ જાણી લેવા.

कालिकी तया, सर्व एव मिथ्योपचाराः—मातृस्थानगर्भाः क्रियाविशेषा यस्यामिति समासस्तया, सर्वधर्माः—अष्टौ प्रवचनमातरः तेषामतिक्रमणं—लङ्घनं यस्यां सा सर्वधर्मातिक्रमणा तया, एवम्भूतयाऽऽशातनयेति, निगमयति—यो मयाऽतिचारः—अपराधः 'कृतो' निर्वर्तितः 'तस्य' अतिचारस्य हे क्षमाश्रमण ! युष्मत्साक्षिकं प्रतिक्रामामि—अपुनःकरणतया निवर्तयामीत्यर्थः, तथा दुष्टकर्मकारिणं निन्दाम्यात्मानं प्रशान्तेन भवोद्विग्नेन चेतसा, तथा गर्हाम्यात्मानं युष्मत्साक्षिकं व्युत्सृजाम्यात्मानं दुष्टकर्मकारिणं तदनुमतित्यागेन, सामायिकानुसारेण च निन्दादिपदार्थो न्यक्षेण वक्तव्यः, एवं क्षामयित्वा पुनस्तत्रस्थ एवार्द्धावनतकाय एव भणति—'इच्छामि खमासमणो' इत्यादि सर्वं द्रष्टव्यमित्येवं, नवरमयं विशेषः—'खामेमि खमासमणो' इत्यादि सर्वं सूत्रमावश्यिक्या विरहितं तत् पादपतित एव भणति, शिष्यासम्मोहार्थं सूत्रस्पर्शिकगाथाः स्वस्थाने खल्वनादृत्य लेशतस्तदर्थकथनयैव पदार्थो निर्दशितः ।

---

વિચારણાથી ભવિષ્યકાલ સંબંધી આશાતના ઘટે જ છે. આ ભવમાં આ પ્રમાણે તથા પરભવમાં નિયાણુ વિગેરે કરવા દ્વારા આશાતના ઘટે છે.)

અતીત વિગેરે સર્વકાલવડે થયેલી હોય તે સાર્વકાલિકી એવી આશાતનાના કારણે (અર્થાત્ ત્રણે કાલસંબંધી આશાતનાના કારણે), તથા માયાગર્ભિત સર્વ ક્રિયાઓ જેમાં છે તે સર્વ-મિથ્યોપચારિકી આશાતનાના કારણે, આઠ પ્રવચન માતાઓ રૂપ સર્વધર્મોનું ઉલ્લંઘન છે જેમાં તે સર્વધર્માતિક્રમણાશાતનાના કારણે, આવા બધા પ્રકારની આશાતનાવડે મારાદ્વારા જે અપરાધ કરાયો છે, તે અપરાધોથી હે ક્ષમાશ્રમણ ! તમારી સાક્ષીએ ફરી નહીં કરવારૂપ અકરણનિયમથી પાછો ફરું છું.

તથા દુષ્ટકર્મને કરનારા એવા મારા આત્માની પ્રશાંત અને સંસારથી ખિન્ન એવા ચિત્તવડે નિંદા કરું છું, આપની સાક્ષીએ તે આત્માની ગર્હા કરું છું, તથા અનુમતિનો ત્યાગ કરવા દ્વારા દુષ્ટકર્મને કરનારા એવા આત્માનો ત્યાગ કરું છું. કરેમિ ભંતે ! ... વિગેરેરૂપ સામાયિકસૂત્રમાં જણાવેલા નિંદા-ગર્હા વિગેરે પદોનો અર્થ વિસ્તારથી અહીં પણ જાણી લેવો. આ પ્રમાણે ક્ષમા યાચીને ત્યાં જ રહેલો અર્ધ નમેલી કાયાવાળો જ શિષ્ય ફરી (આ જ વાંદણાસૂત્ર બીજી વાર) કહે છે – इच्छामि खमासमणो... વિગેરે સંપૂર્ણ સૂત્ર પૂર્વની જેમ જાણી લેવું.

અહીં માત્ર ફરક એટલો સમજવો કે - શિષ્ય 'जत्ता भे जवणिज्जं च भे.' પછીનું 'खामेमि खमासमणो !...' વિગેરે આખું સૂત્ર આવસ્સહિ વિના એટલે કે 'आवस्सियाए' કહીને અવગ્રહથી બહાર નીકળ્યા વિના ગુરુના ચરણોમાં રહેલો જ બોલે છે. શિષ્યને સંમોહ ન થાય તે માટે સૂત્રસ્પર્શિક ગાથાઓ પોતાના સ્થાને બતાવ્યા વિના પ્રથમ તે ગાથામાં કહેલા અર્થોનું કથન કરવા દ્વારા સૂત્રના પદોનો અર્થ સંક્ષેપથી જણાવી દીધો. (અર્થાત્ મૂળ સૂત્ર જણાવ્યા પછી સૂત્રસ્પર્શિક ગાથાઓ જણાવવાની હતી અને પછી તે ગાથામાં જણાવેલા સૂત્રપદોના અર્થો કહેવાના હતા. પરંતુ આવા ક્રમને બદલે પ્રથમ સૂત્રપદોના અર્થો જે સંક્ષેપથી જણાવ્યાં તે શિષ્યને સંમોહ ન થાય તે માટે જણાવ્યા છે.)

साम्प्रतं सूत्रस्पर्शिकगाथया निदर्शयन्नाह–

इच्छा य अणुन्नवणा अव्वाबाहं च जत्त जवणा य ।
अवराहखामणावि य छट्ठाणा हुंति वंदणए ॥१२१९॥

व्याख्या–इच्छा च अनुज्ञापना अव्याबाधं च यात्रा यापना च अपराधक्षामणाऽपि च षट् स्थानानि भवन्ति वन्दनके ॥१२१९॥

तत्रेच्छा षड्विधा, यथोक्तम्–

णामं ठवणादविए खित्ते काले तहेव भावे य ।
एसो खलु इच्छाए णिक्खेवो छव्विहो होइ ॥१२२०॥

व्याख्या–नामस्थापने गतार्थे, द्रव्येच्छा सचित्तादिद्रव्याभिलाषः, अनुपयुक्तस्य वेच्छामीत्यादि भणतः, क्षेत्रेच्छा मगधादिक्षेत्राभिलाषः, कालेच्छा रजन्यादिकालाभिलाषः-*रयणिमहिसारिया उ चोरा परदारिया य इच्छंति । तालायरा सुभिक्खं बहुधण्णा केइ दुब्भिक्खं ॥१॥'* भावेच्छा

---

અવતરણિકા :- હવે સૂત્રસ્પર્શિક ગાથાવડે પદોના અર્થો જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઇચ્છા, અનુજ્ઞાપના, અવ્યાબાધ, યાત્રા, યાપના અને અપરાધોની ક્ષમા આ છ સ્થાનો વાંદણામાં જાણવા. (ભાવાર્થ : (૧) इच्छामि खमासमणो...થી લઈ निसीहियाए સુધી પોતાની ઇચ્છાનું નિવેદન એ પ્રથમ સ્થાન છે.

(૨) अणुजाणह मे मिउग्गहं થી લઈ निसीहि સુધી અનુજ્ઞા માંગવી એ અનુજ્ઞારૂપ બીજું સ્થાન.

(૩) अहो कायं ... वइक्कंतो ? દ્વારા અવ્યાબાધની પૃચ્છારૂપ ત્રીજું સ્થાન.

(૪) जत्ता भे ? દ્વારા યાત્રાપૃચ્છારૂપ ચોથું સ્થાન. (૫) जवणिज्जं च भे ? દ્વારા યાપનારૂપ પાંચમું સ્થાન. (૬) खामेमि...થી સંપૂર્ણ સૂત્રદ્વારા અપરાધોની ક્ષમાયાચનારૂપ છઠ્ઠું સ્થાન.) ॥૧૨૧૯॥

અવતરણિકા :- તેમાં ઇચ્છા છ પ્રકારની છે. કહ્યું છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ આ પ્રમાણે ઇચ્છાના છ પ્રકારે નિક્ષેપા છે.

ટીકાર્થ :- નામેચ્છા અને સ્થાપના-ઇચ્છા સ્પષ્ટ જ છે. દ્રવ્યેચ્છા એટલે સચિત્ત વિગેરે દ્રવ્યોની ઇચ્છા. અથવા ઉપયોગ વિના इच्छामि વિગેરે બોલતા શિષ્યની દ્રવ્યેચ્છા જાણવી. (અર્થાત્ સૂત્રાર્થમાં ઉપયોગ વિના માત્ર इच्छामि વિગેરે સૂત્રોચ્ચાર કરવા દ્વારા જે વંદનની ઇચ્છા તે દ્રવ્યેચ્છા જાણવી.) મગધાદિ ક્ષેત્રની ઇચ્છા તે ક્ષેત્રેચ્છા. રાત્રિ વિગેરે કાલની ઇચ્છા તે કાલેચ્છા. જેમ કે – "અભિસારિકા સ્ત્રીઓ (એટલે કે નાયકને મળવાં સંકેત સ્થાને જનારી સ્ત્રીઓ), ચોરો અને પારદારિકો રાત્રિનો સમય ઇચ્છે છે. તાલાચરો (તાલુ તોડીને અંદરનો માલ-સામાન

---

૩૮. रजनीमभिसारिकास्तु चौराः पारदारिकाश्चेच्छन्ति । तालाचराः सुभिक्षं बहुधान्याः केचिद्दुर्भिक्षम् ॥१॥

प्रशस्तेतरभेदा, प्रशस्ता ज्ञानाद्यभिलाषः, अप्रशस्ता क्रोधाद्यभिलाष★ इति, अत्र तु विनेयभावेच्छया-ऽधिकारः, क्षमादीनां तु पदानां गाथायामनुपन्यस्तानां यथासम्भवं निक्षेपादि वक्तव्यं, क्षुण्णत्वाद्ग्रन्थविस्तरभयाच्च नेहोक्तमिति ।.

उक्ता इच्छा, इदानीमनुज्ञा, सा च षड्विधा—

नामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो उ अणुण्णाए णिक्खेवो छव्विहो होइ ॥१२२१॥

व्याख्या—नामस्थापने गतार्थे, द्रव्यानुज्ञा लौकिकी लोकोत्तरा कुप्रावचनिकी च, लौकिकी सचित्तादिद्रव्यभेदात्त्रिविधा, अश्वभूषितयुवतिवैडूर्याद्यनुज्ञेत्यर्थः, लोकोत्तराऽपि त्रिविधा—केवलशिष्यसोपकरणशिष्यवस्त्राद्यनुज्ञा, एवं कुप्रावचनिकी वक्तव्या, क्षेत्रानुज्ञा या यस्य यावतः क्षेत्रस्य यत्र वा क्षेत्रे व्याख्यायते क्रियते वा, एवं कालानुज्ञाऽपि वक्तव्या, भावानुज्ञा आचाराद्यनुज्ञा, भावानुज्ञयाऽधिकारः, अत्रान्तरे गाथायामनुपात्तस्याप्यक्षुण्णत्वादवग्रहस्य निक्षेपः—

ચોરનારા) સુભિક્ષકાલ ઇચ્છે છે. (જેથી લોકોના ભંડારો ભરેલા હોવાથી સુખેથી ચોરી કરી શકે.) ધાન્યના ભંડારો જેમની પાસે ભરેલા છે એવા કેટલાક ધાન્યના વેપારીઓ દુર્ભિક્ષ કાલ ઇચ્છે. (જેથી દુર્ભિક્ષ થવાથી પોતાના ત્યાં ભરેલ ભંડારોની કિંમત સારી આવે.) ॥૧॥''

ભાવેચ્છા પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારની છે. તેમાં જ્ઞાનાદિની ઇચ્છા તે પ્રશસ્ત અને ક્રોધાદિની ઇચ્છા તે અપ્રશસ્ત ભાવેચ્છા જાણવી. અહીં શિષ્યની ભાવેચ્છાનું પ્રયોજન છે. ગાથામાં જણાવેલા ક્ષમાદિપદોના યથાસંભવ નિક્ષેપાદિ કહેવા યોગ્ય છે. પરંતુ તે અન્ય ગ્રંથોમાં જણાવેલા હોવાથી અને અહીં ગ્રંથ વિસ્તારનો ભય હોવાથી જણાવાતા નથી. ॥૧૨૨૦॥

અવતરણિકા :- ઇચ્છા કહેવાઈ ગઈ. હવે અનુજ્ઞા જણાવે છે અને તે છ પ્રકારે છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ પ્રમાણે અનુજ્ઞામાં છ પ્રકારના નિક્ષેપા થાય છે.

ટીકાર્થ :- નામ, સ્થાપના સ્પષ્ટ જ છે. દ્રવ્યાનુજ્ઞા લૌકિકી, લોકોત્તર અને કુપ્રાવચનિકી એમ ત્રણ પ્રકારે છે. તેમાં સચિત્ત વિગેરે દ્રવ્યના ભેદથી લૌકિકી ત્રણ પ્રકારની છે. એટલે કે અશ્વની અનુજ્ઞા તે સચિત્તાનુજ્ઞા. અલંકૃતસ્ત્રીની અનુજ્ઞા તે મિશ્રાનુજ્ઞા. વૈડૂર્યાદિ મણિની અનુજ્ઞા તે અચિત્તાનુજ્ઞા. લોકોત્તરાનુજ્ઞા પણ ત્રણ પ્રકારે છે → એકલા શિષ્યની અનુજ્ઞા તે સચિત્તાનુજ્ઞા. ઉપકરણ સહિત એવા શિષ્યની અનુજ્ઞા તે મિશ્ર અને વસ્ત્રાદિની અનુજ્ઞા તે અચિત્તાનુજ્ઞા.

એ જ પ્રમાણે કુપ્રાવચનિકી અનુજ્ઞા પણ સચિત્તાદિ ત્રણ પ્રકારે જાણી લેવી. ક્ષેત્રાનુજ્ઞા → જેટલા ક્ષેત્રની અનુજ્ઞા તે ક્ષેત્રાનુજ્ઞા અથવા જે ક્ષેત્રમાં અનુજ્ઞાનું વર્ણન કરાય છે કે અનુજ્ઞા અપાય છે તે ક્ષેત્ર ક્ષેત્રાનુજ્ઞા. આ પ્રમાણે કાલાનુજ્ઞા પણ કહેવી. આચારાદિ ગ્રંથોની અનુજ્ઞા તે ભાવાનુજ્ઞા. અહીં ભાવાનુજ્ઞા પ્રસ્તુત છે. ચૂર્ણિકારના મતે ક્ષેત્રાનુજ્ઞા પ્રસ્તુત છે.) અહીં

★ 'स्त्राद्यभिलाष' - प्रत्यन्तरे मुद्रिते च.

**णामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।**
**एसो उ उग्गहस्सा णिक्खेवो छव्विहो होइ ॥१२२२॥**

व्याख्या—सचित्तादिद्रव्यावग्रहणं द्रव्यावग्रहः, क्षेत्रावग्रहो यो यत्क्षेत्रमवगृह्णाति, तत्र च समन्ततः सक्रोशं योजनं, कालावग्रहो यो यं कालमवगृह्णाति, वर्षासु चतुरो मासान् ऋतुबद्धे मासं, भावावग्रहः प्रशस्तेतरभेदः, प्रशस्तो ज्ञानाद्यवग्रहः, इतरस्तु क्रोधाद्यवग्रह इति, अथवाऽवग्रहः पञ्चधा—'*देविंदरायगिहवइ*[39] *सागरिसाधम्मिउग्गहो तह य । पंचविहो पण्णत्तो अवग्गहो वीयरागेहिं ॥१॥*' अत्र भावावग्रहेण साधर्मिकावग्रहेण वाधिकारः—'*आयप्पमाणमित्तो*[40] *चउद्दिसिं होइ उग्गहो गुरुणो । अणणुण्णातस्स सया ण कप्पए तत्थ पइसरिउं ॥१॥*' ततश्च तमनुज्ञाप्य प्रविशति ॥१२२२॥

आह च निर्युक्तिकारः—

**बाहिरखित्तंमि ठिओ अणुन्नवित्ता मिउग्गहं फासे ।**
**उग्गहखेत्तं पविसे जाव सिरेणं फुसइ पाए ॥१२२३॥**

---

ગાથામાં ગ્રહણ નહીં કરેલા એવા અવગ્રહ શબ્દના નિક્ષેપા જણાવે છે, કારણ કે તેનું પ્રતિપાદન કરેલું નથી ➪

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ પ્રમાણે છ પ્રકારે અવગ્રહના નિક્ષેપા છે.

ટીકાર્થ :- સચિત્તાદિ દ્રવ્યોનું પ્રમાણસર ગ્રહણ કરવું તે દ્રવ્યાવગ્રહ. ક્ષેત્રાવગ્રહ એટલે જે જેટલું ક્ષેત્ર ગ્રહણ કરે છે. (તેનો તેટલા ક્ષેત્ર પૂરતો ક્ષેત્રાવગ્રહ કહેવાય.) ચારે-બાજુ સવા યોજન ક્ષેત્રાવગ્રહ જાણવો. જે જેટલો કાલ ગ્રહણ કરે જેમ કે ચોમાસામાં ચાર મહિના અને શેષકાળમાં મહિનો (અર્થાત્ ચોમાસામાં ચાર મહિના કે શેષકાળમાં મહિના પૂરતી રહેવા અનુજ્ઞા ગ્રહણ કરાય તે કાલાવગ્રહ.) ભાવાવગ્રહ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભેદથી બે પ્રકારે છે. જ્ઞાનાદિનું ગ્રહણ તે પ્રશસ્ત ભાવાવગ્રહ. અને ક્રોધાદિનું ગ્રહણ કરવું તે અપ્રશસ્ત ભાવાવગ્રહ.

અથવા અવગ્રહ પાંચ પ્રકારે છે → "દેવેન્દ્રનો, રાજાનો, ગામના મુખીનો, ઘરના માલિકનો અને સાધુનો, એ પ્રમાણે વીતરાગોવડે પાંચ પ્રકારે અવગ્રહ કહ્યો છે. ॥૧॥" અહીં ભાવાવગ્રહ અથવા સાધર્મિકાવગ્રહનું પ્રયોજન છે, કારણ કે "ગુરુની ચારે દિશામાં આત્મપ્રમાણક્ષેત્ર એ ગુરુનો અવગ્રહ છે. અનુજ્ઞા નહીં અપાયેલ શિષ્યને તેમાં પ્રવેશ કરવો કલ્પતો નથી. ॥૧॥" તેથી તે અવગ્રહની અનુજ્ઞા મેળવીને શિષ્ય પ્રવેશે છે. ॥૧૨૨૨॥

અવતરણિકા :- આ જ વાતને નિર્યુક્તિકાર કહે છે ➪

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

३९. देवेन्द्रराजगृहपतिसागारिकसाधर्मिकावग्रहस्तथैव । पञ्चविधः प्रज्ञप्तोऽवग्रहो वीतरागैः ॥१॥ ४०. आत्मप्रमाणमात्रश्चतुर्दिशं भवत्यवग्रहो गुरोः । अननुज्ञातस्य सदा न कल्पते तत्र प्रवेष्टुम् ॥२॥

व्याख्या–बहिःक्षेत्रे स्थितः अनुज्ञाप्य मितावग्रहं स्पृशेत् रजोहरणेन, पुनश्चावग्रहक्षेत्रं प्रविशेत्, कियद्दूरं यावदित्याह–यावच्छिरसा स्पृशेत् पादाविति गाथार्थः ॥१२२३॥

अव्याबाधं द्रव्यतो भावतश्च, द्रव्यतः खड्गाद्याघातव्याबाधाकारणविकलस्य भावतः सम्यग्दृष्टेश्चारित्रवतः, अत्रापि कायादिनिक्षेपादि यथासम्भवं स्वबुद्ध्या वक्तव्यं, यात्रा द्रव्यतो भावतश्च, द्रव्यतस्तापसादीनां स्वक्रियोत्सर्पणं भावतः साधूनामिति, यापना द्विविधा-द्रव्यतो भावतश्च, द्रव्यत औषधादिना कायस्य, भावतस्त्विन्द्रियनोइन्द्रियोपशमेन शरीरस्य, क्षामणा द्रव्यतो भावतश्च, द्रव्यतः कलुषाशयस्यैहिकापायभीरोः भावतः संवेगापन्नस्य सम्यग्दृष्टेरिति, आह च–

अव्वाबाहं दुविहं दव्वे भावे य जत्त जवणा य ।
अवराहखामणावि य सवित्थरत्थं विभासिज्जा ॥१२२४॥

एवं शेषपदेष्वपि निक्षेपादि वक्तव्यम्, इत्थं सूत्रे प्रायशो वन्दमानस्य विधिरुक्तः निर्युक्तिकृताऽपि स एव व्याख्यातः ॥१२२४॥

ટીકાર્થ :- ગુરુના અવગ્રહથી બહારના ક્ષેત્રમાં રહેલો શિષ્ય મિતાવગ્રહમાં પ્રવેશ કરવાની અનુજ્ઞા માંગીને રજોહરણવડે તે મિતાવગ્રહનું પ્રમાર્જન કરે અને પછી તે મિતાવગ્રહમાં પ્રવેશ કરે. પ્રવેશ કરીને કેટલું દૂર ઊભો રહે ? - જ્યાં ઊભેલો તે પોતાના મસ્તકવડે ગુરુના ચરણોને સ્પર્શી શકે. ॥૧૨૨૩॥

(હવે અવ્યાબાધશબ્દની વ્યાખ્યા કરે છે.) દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે અવ્યાબાધ છે. તેમાં તલવારાદિના પ્રહારરૂપ વ્યાબાધાના કારણો જેને નથી તેવાને દ્રવ્યથી અવ્યાબાધા જાણવી. અને ચારિત્રવાન સમ્યગ્દષ્ટિ જીવને ભાવથી અવ્યાબાધા જાણવી. અહીં પણ કાયાદિશબ્દોના નિક્ષેપા વિગેરે સ્વબુદ્ધિથી યથાસંભવ કહી દેવા. યાત્રા દ્રવ્યથી અને ભાવથી બે પ્રકારે છે. તેમાં તાપસોનું પોતાની ક્રિયાઓનું પાલન તે દ્રવ્યથી યાત્રા અને સાધુઓનું ક્રિયાપાલન એ ભાવથી સંયમયાત્રા.

દ્રવ્યથી અને ભાવથી યાપના બે પ્રકારે છે. ઔષધાદિવડે શરીરને નિરોગી રાખવું તે દ્રવ્યયાપના અને ઇન્દ્રિય-મનના ઉપશમવડે શરીરને સ્વસ્થ રાખવું તે ભાવથી યાપના જાણવી. ક્ષામણા પણ દ્રવ્ય-ભાવથી બે પ્રકારે. તેમાં મલિનાશયવાળા, આ લોકના નુકસાનથી ડરેલાની જે અપરાધક્ષમાયાચના તે દ્રવ્યથી, તથા સંવેગભાવને પામેલા એવા સમ્યક્ત્વીની ક્ષમાયાચના ભાવથી જાણવી. કહ્યું છે ⇨

**ગાથાર્થ :- દ્રવ્યથી અને ભાવથી અવ્યાબાધ બે પ્રકારે છે. એ જ પ્રમાણે યાત્રા, યાપના અને અપરાધક્ષામણા પણ વિસ્તારથી કહેવા.**

ટીકાર્થ :- આ પ્રમાણે શેષ પદોમાં પણ નિક્ષેપાદિ કહેવા યોગ્ય છે. આ રીતે સૂત્રમાં પ્રાયઃ કરીને વંદન કરનાર શિષ્યની વિધિ જણાવી. (પચ્ચીસ આવશ્યકોમાં ચાર શીર્ષનમનમાં ગુરુના બે શીર્ષનમન આવેલા હોવાથી પ્રાયઃ શબ્દ જણાવેલ છે.) તથા નિર્યુક્તિકારે પણ તે જ વિધિ

अधुना वन्द्यगतविधिप्रतिपादनायाह निर्युक्तिकारः–

छंदेणऽणुजाणामि तहत्ति तुज्झंपि वट्टई एवं ।
अहमवि खामेमि तुमे वयणाइं वंदणरिहस्स ॥१२२५॥

व्याख्या–छन्दसा अनुजानामि तथेति युष्माकमपि वर्तते एवमहमपि क्षमयामि त्वां, वचनानि 'वन्दनार्हस्य' वन्दनयोग्यस्य, विषयविभागस्तु पदार्थनिरूपणायां निर्दशित एवेति गाथार्थः ॥१२२५॥

तेणवि पडिच्छियव्वं गारवरहिएण सुद्धहियएण ।
किइकम्मकारगस्सा संवेगं संजणंतेणं ॥१२२६॥

व्याख्या–'तेन' वन्दनार्हेण एवं प्रत्येष्टव्यम्, अपिशब्दस्यैवंकारार्थत्वादृद्ध्यादिगारवरहितेन, 'शुद्धहृदयेन' कषायविप्रमुक्तेन, 'कृतिकर्मकारकस्य' वन्दनकर्तुः संवेगं जनयता, संवेगः–शरीरादिपृथग्भावो मोक्षौत्सुक्यं वेति गाथार्थः ॥१२२६॥

इत्थं सूत्रस्पर्शनिर्युक्त्या व्याख्यातं सूत्रम्, उक्तः पदार्थः पदविग्रहश्चेति, साम्प्रतं चालना,

---

જણાવી છે. ॥૧૨૨૪॥

અવતરણિકા :- હવે વંદનીય એવા ગુરુ સંબંધી વિધિનું પ્રતિપાદન કરવા માટે નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (શિષ્યના પ્રશ્નો સામે ગુરુ જે જવાબ આપે તે જણાવે છે.) 'છન્દેન'= અભિપ્રાયવડે, હું અનુજ્ઞા આપું છું, તહત્તિ, તમારી=શિષ્યોની પણ યાત્રા આ પ્રમાણે=સુખરૂપે વર્તે છે ?, હું પણ તને ખમાવું છું, આ પ્રમાણે વંદનીયગુરુના વચનો જાણવા. આ વચનો કયા કયા સ્થાને બોલે તે વિભાગ પદાર્થના નિરૂપણમાં જણાવી દીધો જ છે. ॥૧૨૨૫॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- મૂળમાં 'अपि' શબ્દનો 'एवं' અર્થ કરવો. તેથી વંદનીય ગુરુએ આ પ્રમાણે (=ગા. ૧૨૨૫માં કહ્યા પ્રમાણે) શિષ્યનું વંદન સ્વીકારવું જોઈએ. (અર્થાત્ શિષ્ય જ્યારે વંદન કરવા આવે ત્યારે જો કોઈ વ્યસ્તતા ન હોય ત્યારે ગુરુએ પણ ઉપર પ્રમાણેના જવાબો આપીને શિષ્યના વંદનને સ્વીકારવું જોઈએ. તે કઈ રીતે ? તે કહે છે –) ઋદ્ધિ વિગેરે ગારવથી રહિત, કષાયથી રહિત, વંદન કરનાર શિષ્યને સંવેગ ઉત્પન્ન કરતાં ગુરુએ (અર્થાત્ ગુરુએ પણ ઋદ્ધિ વિગેરે ગારવ અને કષાયથી રહિત બનીને શિષ્યને સંવેગભાવ ઉત્પન્ન કરવા દ્વારા શિષ્યનું વંદન સ્વીકારવું જોઈએ.) સંવેગ એટલે શરીરાદિથી આત્માનું ભેદજ્ઞાન અથવા મોક્ષની ઉત્કંઠા. ॥૧૨૨૬॥

અવતરણિકા :- આ પ્રમાણે સૂત્રસ્પર્શિકનિર્યુક્તિવડે સૂત્ર વ્યાખ્યાન કરાયું અને સાથે પદાર્થ તથા (તે-તે સ્થાને) પદવિગ્રહરૂપ બે દ્વારો પૂરા કર્યાં. હવે ચાલના=પ્રશ્નનો અવસર છે.

तथा चाह–

आवत्ताइसु जुगवं इह भणिओ कायवायवावारो ।
दुण्हेगया व किरिया जओ निसिद्धा अउ अजुत्तो ॥१२२७॥

व्याख्या–इहाऽऽवर्तादिषु, आदिशब्दादावश्यिक्यादिपरिग्रहः, 'युगपद्' एकदा 'भणितः' उक्तः कायवाग्व्यापारः, तथा च सत्येकदा क्रियाद्वयप्रसङ्गः, द्वयोरेकदा च क्रिया यतो निषिद्धाऽन्यत्र उपयोगद्वयाभावाद्, अतोऽयुक्तः स व्यापार इति, ततश्च सूत्रं पठित्वा कायव्यापारः कार्य इति, उच्यते–

भिन्नविसयं निसिद्धं किरियादुगमेगया ण एगंमि ।
जोगतिगस्स वि भंगिय सुत्ते किरिया जओ भणिया ॥१२२८॥

व्याख्या–इह विलक्षणवस्तुविषयं क्रियाद्वयं निषिद्धम् एकदा यथोत्प्रेक्षते सूत्रार्थं नयादिगोचरमटति च, तत्रोत्प्रेक्षायां यदोपयुक्तो न तदाऽटने यदा चाटने न तदोत्प्रेक्षायामिति, कालस्य सूक्ष्मत्वाद्, अविलक्षणविषया तु योगत्रयक्रियाऽप्यविरुद्धा, यथोक्तम्–'[41] *भंगियसुयं*

તે જ કહે છે ⇨

ગાથાર્થ :- આવર્તાદિમાં કાયા અને વાણી બંને વ્યાપાર એક સાથે કહ્યો, તે અયુક્ત છે કારણ કે એક સાથે બંનેની=કાયા-વાણીની ક્રિયાનો નિષેધ (આગમમાં) કરેલ છે.

ટીકાર્થ :- અહીં આવર્તાદિમાં, આદિશબ્દથી આવશ્યકી વિ. જાણવા. આ આવર્તાદિમાં કાયા અને વાણીનો વ્યાપાર (હાથવડે રજોહરણ અને કપાળ સ્પર્શવા તે કાયવ્યાપાર અને અહો કાયં... વિગેરે સૂત્ર બોલવું તે વાણીવ્યાપાર) એક સાથે તમે કહ્યો. આ રીતે તો એક સમયે બે ક્રિયા માનવાનો પ્રસંગ આવે. જે યોગ્ય નથી કારણ કે એક સાથે બે ઉપયોગનો અભાવ હોવાથી અન્ય ગ્રંથોમાં કાયા અને વાણી બંનેની ક્રિયાનો એક સમયે નિષેધ કરેલ છે. તેથી બંનેનો એક સાથે વ્યાપાર યુક્તિયુક્ત નથી. અને માટે પ્રથમ સૂત્ર બોલીને પછીથી કાયવ્યાપાર કરવો જોઈએ. ॥૧૨૨૭॥ (આ રીતે 'બંનેનો વ્યાપાર એક સાથે કેમ કહ્યો ?' એ પ્રમાણેનો પ્રશ્ન ચાલના કહેવાય છે.) હવે તેનું સમાધાન કહેવાય છે ⇨

ગાથાર્થ :- જુદા જુદા વિષયવાળી બે ક્રિયાઓનો એક સમયે નિષેધ કરેલ છે, પરંતુ એક વિષયવાળી બે ક્રિયાનો નિષેધ નથી, કારણ કે ભાંગાવાળા સૂત્રોમાં ત્રણે યોગની ક્રિયા કહેલી છે.

ટીકાર્થ :- અહીં જુદી જુદી વસ્તુવિષયક બે ક્રિયા એક સમયે નિષેધાયેલી છે. જેમ કે નયાદિવિષયક સૂત્રાર્થનું ચિંતન કરે અને ફરે. તેમાં જ્યારે ચિંતનમાં ઉપયોગ હોય ત્યારે ચાલવામાં ઉપયોગ ન હોય અને જ્યારે ચાલવામાં ઉપયોગ હોય ત્યારે ચિંતનમાં ઉપયોગ હોય નહીં, કારણ કે કાલ સૂક્ષ્મ છે. (આમ ચિંતન અને ગમન બંને ક્રિયાના વિષયો જુદા હોવાથી એક સમયે આવા પ્રકારની બે ક્રિયા કરવાનો શાસ્ત્રમાં નિષેધ છે.) એક જ વસ્તુવિષયક એવી મન-વચન-કાયારૂપ યોગત્રયની ક્રિયા એક સમયે હોવામાં કોઈ વિરોધ નથી, કારણ કે કહ્યું છે –

४१. भङ्गिकश्रुतं

[૪૨]*गुणंतो वट्टइ तिविहेऽवि जोगंमी*'त्यादि, गतं प्रत्यवस्थानं ।

[૪૩]सीसो पढमपवेसे वंदिउमावस्सिआए पडिक्कमिउं ।
बितियपवेसंमि पुणो वंदइ किं ? चालणा अहवा ॥१२२९॥
जह दूओ रायाणं णमिउं कज्जं निवेइउं पच्छा ।
वीसज्जिओवि वंदिय गच्छइ एमेव साहूवि ॥१२३०॥

व्याख्या–इदं प्रत्यवस्थानं ॥१२२९-१२३०॥ उक्तमानुषङ्गिकं, साम्प्रतं कृतिकर्मविधिसंसेवनाफलं समाप्तावुपदर्शयन्नाह–

एयं किइकम्मविहिं जुंजंता चरणकरणमुवउत्ता ।
साहू खवंति कम्मं अणेगभवसंचियमणंतं ॥१२३१॥

व्याख्या–'एवम्' अनन्तरदर्शितं 'कृतिकर्मविधिं' वन्दनविधिं युञ्जानाश्चरणकरणोपयुक्ताः

---

ભાંગાવાળા સૂત્રને ભણતો શિષ્ય ત્રણે યોગમાં વર્તે છે. (અર્થાત્ ભાંગાઓનું જેમાં નિરૂપણ હોય તેવા સૂત્ર-અર્થનું પરાવર્તન કરતો-શિષ્ય મનથી તે ભાંગાઓ ગણે, વાણીથી પરાવર્તન કરે અને કાયાથી હાથની આંગળીઓના વેઢાદ્વારા ગણતો જાય. આમ તે ત્રણે યોગની ક્રિયા એક સાથે કરતો હોય છે, કારણ કે તે ત્રણે ક્રિયા ભાંગાસંબંધી જ એટલે કે એક વસ્તુવિષયક જ હોય છે.) આ પ્રમાણે પ્રત્યવસ્થાન=જવાબ પૂર્ણ થયો. ॥૧૨૨૮॥ (હવે બીજા પ્રકારે ચાલના-પ્રત્યવસ્થાન બતાવે છે ⇨)

ગાથાર્થ :- અથવા શિષ્ય પોતે પ્રથમવારમાં પ્રવેશમાં વંદન કરીને આવસ્સહી કહેવા દ્વારા અવગ્રહથી બહાર નીકળીને બીજી વારના પ્રવેશમાં શા માટે વંદન કરે છે ? (અર્થાત્ એક વાર તો વંદન કરી લીધા પછી બીજી વાર વંદન શા માટે કરવાની જરૂર છે ?) આ ચાલના છે.

ગાથાર્થ :- જેમ દૂત રાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન કરે છે. અને પછી જવાની રજા અપાયેલો પણ તે દૂત જતા પહેલાં (બહુમાનાદિના કારણે) વંદન કરીને જાય છે. એ જ પ્રમાણે સાધુ પણ બીજી વાર વંદન કરે છે.

ટીકાર્થ :- આ (ગા.૧૨૩૦ માં આપેલ) પ્રત્યવસ્થાન થયું. આ સાથે આનુષંગિક વાતો કહી. ॥૧૨૨૯-૧૨૩૦॥ હવે વંદનવિધિને સેવવાથી પ્રાપ્ત થતાં ફલને આ અધ્યયનની સમાપ્તિ સમયે જણાવતાં કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઉપર કહ્યા પ્રમાણે વંદનવિધિને કરતા ચરણ-કરણમાં ઉપયુક્ત સાધુઓ ઘણા

---

૪૨. गुणयन् वर्त्तते त्रिविधेऽपि योगे । ४३. शिष्यः प्रथमप्रवेशे वन्दितुमावश्यिक्या प्रतिक्रम्य । द्वितीयप्रवेशे पुनर्वन्दते किं चालनाऽथवा ॥१॥ यथा दूतो राजानं नत्वा कार्यं निवेद्य पश्चात् । विसृष्टोऽपि वन्दित्वा गच्छति एवमेव साधवोऽपि ॥२॥

साधवः क्षपयन्ति कर्म 'अनेकभवसञ्चितं' प्रभूतभवोपात्तमित्यर्थः, कियद् ?-अनन्तमिति गाथार्थः ॥१२३१॥

उक्तोऽनुगमः, नयाः सामायिकनिर्युक्ताविव द्रष्टव्याः ॥ इत्याचार्यश्रीहरिभद्रकृतौ शिष्यहितायामावश्यकटीकायां वन्दनाध्ययनं समाप्तमिति ।

*"कृत्वा वन्दनविवृतिं प्राप्तं यत्कुशलमिह मया तेन ।*
*साधुजनवन्दनमलं सत्त्वा मोक्षाय सेवन्तु ॥१॥"*

## अथ प्रतिक्रमणाख्यं चतुर्थमध्ययनम्

व्याख्यातं वन्दनाध्ययनम्, अधुना प्रतिक्रमणाध्ययनमारभ्यते, अस्य चायमभिसम्बन्धः— अनन्तराध्ययनेऽर्हदुपदिष्टसामायिकगुणवत एव वन्दनलक्षणा प्रतिपत्तिः कार्येति प्रतिपादितम्, इह पुनस्तदकरणतादिनैव स्खलितस्यैव निन्दा प्रतिपाद्यते, यद्वा वन्दनाध्ययने कृतिकर्मरूपायाः साधुभक्तेस्तत्त्वतः कर्मक्षय उक्तः, यथोक्तम्-'*विणओवयार माणस्स भंजणा पूयणा गुरुजणस्स । तित्थयराण य आणा सुअधम्माऽऽराहणाऽकिरिया ॥१॥*' प्रतिक्रमणाध्ययने तु मिथ्यात्वादिप्रतिक्रमणद्वारेण कर्मनिदाननिषेधः प्रतिपाद्यते, वक्ष्यति च—"[४४]*मिच्छत्तपडिक्कमणं तहेव अस्संजमे पडिक्कमणं । कसायाण पडिक्कमणं जोगाण य अप्पसत्थाणं ॥१॥*" अथवा सामायिके

ભવોમાં ભેગા કરાયેલા કર્મોને ખપાવે છે. કેટલા કર્મોને ? અનંત એવા કર્મોને ખપાવે છે. ॥૧૨૩૧॥

અનુગમ કહેવાયો. નયો સામાયિકનિર્યુક્તિમાં કહ્યા પ્રમાણે જાણવા. આ પ્રમાણે આચાર્યશ્રી હરિભદ્રકૃત શિષ્યહિતાનામની આવશ્યકસૂત્રની ટીકામાં વંદનાધ્યયન પૂર્ણ થયું. "વંદનાધ્યયનના વિવેચનને કરીને મારાવડે જે કુશલ પ્રાપ્ત કરાયું છે. તેનાથી જીવો મોક્ષમાટે સાધુજનવંદનને ખૂબ સારી રીતે સેવે. (અર્થાત્ મોક્ષ માટે સાધુસમૂહને વિધિપૂર્વક વંદન કરવામાં ઉદ્યમી બને.)

**॥ વંદનાધ્યયન સમાપ્ત થયું. ॥**

**❖ પ્રતિક્રમણાધ્યયન ❖**

વંદનાધ્યયન વ્યાખ્યાન કરાયું. હવે પ્રતિક્રમણાધ્યયન આરંભાય છે. તેનો સંબંધ આ પ્રમાણે → વંદનાધ્યયનમાં અરિહંતોએ બતાવેલ એવા સામાયિકગુણવાળાને જ વંદનરૂપ ભક્તિ કરવા યોગ્ય છે એ વાત જણાવી. હવે આ અધ્યયનમાં આવા ગુણવાળા જીવને વંદન ન કરવા વિગેરે દ્વારા સ્ખલનાને=અપરાધને પામેલા જીવની નિંદાનું પ્રતિપાદન કરાય છે. અથવા વંદનાધ્યયનમાં વંદનરૂપ સાધુભક્તિથી કર્મક્ષય કહ્યો. તે આ પ્રમાણે – વિનયોપચાર, માનનો નાશ, ગુરુજનની પૂજા, તીર્થંકરની આજ્ઞા, શ્રુતધર્મની આરાધના અને અક્રિયા (૧૨૧૬) (અહીં કર્મક્ષયદ્વારા પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી વંદનરૂપ ભક્તિથી કર્મક્ષય કહ્યો.)

જ્યારે પ્રતિક્રમણાધ્યયનમાં મિથ્યાત્વાદિના પ્રતિક્રમણદ્વારા કર્મના કારણોનો નિષેધ પ્રતિપાદન કરાય છે. એ વાત આગળ કહેશે કે "મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અસંયમનું પ્રતિક્રમણ, કષાયો

४४. मिथ्यात्वप्रतिक्रमणं तथैवासंयमेऽपि प्रतिक्रमणम् । कषायाणां प्रतिक्रमणं योगानां चाप्रशस्तानाम् ॥१॥

चारित्रमुपवर्णितं, चतुर्विंशतिस्तवे त्वर्हतां गुणस्तुतिः, सा च दर्शनज्ञानरूपा, एवमिदं त्रितयमुक्तम्, अस्य च वितथासेवनमैहिकामुष्मिकापायपरिजिहीर्षुणा गुरोर्निवेदनीयं, तच्च वन्दनपूर्वमित्यतोऽनन्तराध्ययने तन्निरूपितम्, इह तु निवेद्य भूयः शुभेष्वेव स्थानेषु प्रतीपं क्रमणमासेवनीयमित्येतत् प्रतिपाद्यते, इत्थमनेनानेकरूपेण सम्बन्धेनाऽऽयातस्यास्य प्रतिक्रमणाध्ययनस्य चत्वार्यनुयोगद्वाराणि सप्रपञ्चं वक्तव्यानि, तत्र च नामनिष्पन्ने निक्षेपे प्रतिक्रमणाध्ययनमिति, तत्र प्रतिक्रमणं निरूप्यते—'प्रति' इत्ययमुपसर्गः प्रतीपाद्यर्थे वर्तते, 'क्रमु पादविक्षेपे' अस्य ल्युडन्तस्य प्रतीपं प्रतिकूलं वा क्रमणं प्रतिक्रमणमिति भवति, एतदुक्तं भवति—शुभयोगेभ्योऽशुभयोगान्तरं क्रान्तस्य शुभेष्वेव प्रतीपं प्रतिकूलं वा क्रमणं प्रतिक्रमणमिति, उक्तं च—

*"स्वस्थानाद् यत्परस्थानं, प्रमादस्य वशाद्गतः ।*
*तत्रैव क्रमणं भूयः, प्रतिक्रमणमुच्यते ॥१॥*
*क्षायोपशमिकाद्भावादौदयिकस्य वशं गतः ।*
*तत्रापि च स एवार्थः, प्रतिकूलगमात्स्मृतः ॥२॥"*

---

અને અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. (૧૨૫૧)" અથવા સામાયિકાધ્યયનમાં ચારિત્રનું વર્ણન કર્યું. ચતુર્વિંશતિસ્તવમાં અર્હતોની ગુણસ્તુતિ કરી, અને તે ગુણસ્તુતિ દર્શન-જ્ઞાનરૂપ છે. આ પ્રમાણે દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ ત્રણની વાત કરી. આ ત્રિકસંબંધી જે કંઈ વિપરીત સેવન થયું છે તે ઐહિક અને આમુષ્મિક અપાયને છોડી દેવાની ઇચ્છાવાળા (એટલે કે તે અપાયોને નહીં પામવાની ઇચ્છાવાળા) સાધુએ ગુરુને કહેવું જોઈએ. અને ગુરુને આ વિપરીત સેવનનું કથન વંદનપૂર્વક કરવાનું હોવાથી હમણાં કહી ગયા તે અધ્યયનમાં વંદનનું નિરૂપણ કર્યું.

આ અધ્યયનમાં પોતાના વિપરીત સેવનનું કથન ગુરુને કરીને ફરી શુભસ્થાનોમાં પાછા ફરવા યોગ્ય છે એ વાતનું પ્રતિપાદન કરાય છે. આ રીતે અનેક પ્રકારના સંબંધોવડે આવેલા આ પ્રતિક્રમણાધ્યયનના ચાર અનુયોગદ્વારો સવિસ્તાર કહેવા યોગ્ય છે. તેમાં નામનિષ્પન્નનિક્ષેપમાં 'પ્રતિક્રમણાધ્યયન' એ પ્રમાણેનું નામ જાણવું. તેમાં પ્રથમ પ્રતિક્રમણનું નિરૂપણ કરાય છે. 'પ્રતિ' ઉપસર્ગ ઊલટું વિગેરે અર્થમાં વર્તે છે. લ્યુડન્ત એવા क्रम् ધાતુનું क्रमण થાય છે. પ્રતીપ=ઊલટું અથવા પ્રતિકૂળ એવું જે ક્રમણ તે પ્રતિક્રમણ, અર્થાત્ શુભયોગોમાંથી અશુભ એવા બીજા યોગોમાં ગયેલાનું શુભ એવા યોગોમાં જ જે પાછા ફરવું તે પ્રતિક્રમણ કહેવાય છે.

કહ્યું છે – "પ્રમાદના વશથી સ્વસ્થાનથી=શુભયોગમાંથી જે પરસ્થાનમાં=અશુભયોગમાં ગયેલો છે. (તે જીવનું) તે જ સ્વસ્થાનમાં ફરી પાછું આવવું તે પ્રતિક્રમણ કહેવાય છે. ॥૧॥ ક્ષાયોપશમિકભાવમાંથી ઔદયિકભાવના વશને જે પામેલો છે. (તેનું જે ક્ષાયોપશમિકભાવમાં ફરીથી ગમન થાય છે) તે ગમનમાં પણ તે જ અર્થ (=પ્રતિક્રમણશબ્દનો અર્થ) સ્મરણ કરાયેલો છે, કારણ કે તે ગમનમાં પણ પ્રતિકૂળગમન થાય છે (અર્થાત્ ફરીથી ક્ષાયોપશમિકભાવમાં જે

प्रति प्रति क्रमणं वा प्रतिक्रमणं, शुभयोगेषु प्रति प्रति वर्तनमित्यर्थः, उक्तं च–

*"प्रति प्रति वर्तनं वा शुभेषु योगेषु मोक्षफलदेषु ।*
*निःशल्यस्य यतेर्यत्तद्वा ज्ञेयं प्रतिक्रमणम् ॥१॥"*

इह च यथा करणात् कर्मकर्त्रोः सिद्धिः, तद्व्यतिरेकेण करणत्वानुपपत्तेः, एवं प्रतिक्रमणादपि प्रतिक्रामकप्रतिक्रान्तव्यसिद्धिरित्यतस्त्रितयमप्यभिधित्सुराह निर्युक्तिकारः–

**पडिक्कमणं पडिकमओ पडिकमियव्वं च आणुपुव्वीए ।**
**तीए पच्चुप्पन्ने अणागए चेव कालंमि ॥१२३२॥**

व्याख्या–'प्रतिक्रमणं' निरूपितशब्दार्थं, तत्र प्रतिक्रामतीति प्रतिक्रामकः कर्ता, प्रतिक्रान्तव्यं च कर्म–अशुभयोगलक्षणम्, 'आनुपूर्व्या' परिपाट्या, 'अतीते' अतिक्रान्ते 'प्रत्युत्पन्ने' वर्तमाने 'अनागते चैव' एष्ये चैव काले, प्रतिक्रमणादि योज्यमिति वाक्यशेषः । आह–प्रतिक्रमणमतीतविषयं, यत उक्तम्–'अतीतं पडिक्कमामि[45] पडुप्पन्नं संवरेमि अणागयं पच्चक्खामि'त्ति

ગમન થાય છે. તેમાં પણ આ ગમન પ્રતિકૂળગમનરૂપ હોવાથી તેને પણ પ્રતિક્રમણ કહેવાય છે.) ॥૨॥"

અથવા વારંવાર વર્તવું અર્થાત્ શુભયોગોમાં જે વારંવાર વર્તવું તે પ્રતિક્રમણ કહેવાય છે. (અર્થાત્ પૂર્વે જે વ્યાખ્યા કરી કે અશુભમાંથી શુભમાં આવવું તે પ્રતિક્રમણ. એ જ રીતે શુભમાં ને શુભમાં જ જે વારંવાર રહેવું તે પણ પ્રતિક્રમણ કહેવાય છે.) કહ્યું છે – અથવા મોક્ષદાયક એવા શુભ યોગોમાં શલ્ય વિનાના (=પ્રશંસા, યશ, કીર્તિ વિગેરે શલ્ય વિનાના) યતિનું જે વારંવાર રહેવું તે પ્રતિક્રમણ જાણવું. ॥૧॥"

જેમ કરણથી કર્મ અને કર્તાની સિદ્ધિ થાય છે, કારણ કે કર્મ-કર્તા વિના કરણપણું જ ઘટતું નથી. એ જ પ્રમાણે પ્રતિક્રમણથી પણ પ્રતિક્રમણ કરનાર અને પ્રતિક્રમણ કરવા યોગ્ય વસ્તુની સિદ્ધિ થાય છે. આથી પ્રતિક્રમણ-પ્રતિક્રામક અને પ્રતિક્રાન્તવ્ય આ ત્રણેને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે ⇨

**ગાથાર્થ :- ક્રમશઃ પ્રતિક્રમણ, પ્રતિક્રામક અને પ્રતિક્રાન્તવ્ય એમ ત્રણ વસ્તુ જાણવી. અને તે અતીત-વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાલમાં જાણવી.**

**ટીકાર્થ :-** શબ્દાર્થ જેનો જણાવેલ છે તે પ્રતિક્રમણ એક, જે પ્રતિક્રમણ કરે છે તે પ્રતિક્રામક એટલે કે કર્તા બીજો, અને અશુભયોગરૂપ કર્મ તે ત્રીજું પ્રતિક્રાન્તવ્ય એમ ક્રમશ (ત્રણ વસ્તુઓ જાણવી.) ભૂત, વર્તમાન અને ભવિષ્ય આ ત્રણે કાલમાં પ્રતિક્રમણાદિ ત્રણે જોડવા. (અર્થાત્ ભૂતકાળવિષયક પ્રતિક્રમણાદિ, વર્તમાનવિષયક પ્રતિક્રમણાદિ અને ભવિષ્યકાલવિષયક પ્રતિ-ક્રમણાદિ.)

શંકા :- પ્રતિક્રમણ એ તો ભૂતકાલનું જ હોય કારણ કે કહ્યું છે – "ભૂતકાલસંબંધી

૪૫. अतीतं प्रतिक्रमामि प्रत्युत्पन्नं संवृणोमि अनागतं प्रत्याख्यामि.

तत्कथमिह कालत्रये योज्यते इति ?, उच्यते, प्रतिक्रमणशब्दो ह्यत्राशुभयोगनिवृत्तिमात्रार्थः सामान्यशब्दः परिगृह्यते, तथा च सत्यतीतविषयं प्रतिक्रमणं निन्दाद्वारेणाशुभयोगनिवृत्तिरेवेति, प्रत्युत्पन्नविषयमपि संवरणद्वारेणाशुभयोगनिवृत्तिरेव, अनागतविषयमपि प्रत्याख्यानद्वारेणाशुभयोगनिवृत्तिरेवेति न दोष इति गाथाक्षरार्थः ॥१२३२॥

साम्प्रतं प्रतिक्रामकस्वरूपप्रतिपादयन्नाह–

**जीवो उ पडिक्कमओ असुहाणं पावकम्मजोगाणं ।**
**झाणपसत्था जोगा जे ते ण पडिक्कमे साहू ॥१२३३॥**

व्याख्या–'जीवः' प्राग्निरूपितशब्दार्थः, तत्र प्रतिक्रामतीति प्रतिक्रामकः, तुशब्दो विशेषणार्थः, न सर्व एव जीवः प्रतिक्रामकः, किं तर्हि ?–सम्यग्दृष्टिरुपयुक्तः, केषां प्रतिक्रामकः ?–'अशुभानां पापकर्मयोगानाम्' असुंदराणां पापकर्मव्यापाराणामित्यर्थः, आह–पापकर्मयोगा अशुभा एव भवन्तीति विशेषणानर्थक्यं, न, स्वरूपान्वाख्यानपरत्वादस्य, प्रशस्तौ

---

અપરાધોનું પ્રતિક્રમણ કરું છું, વર્તમાનસંબંધી અપરાધોને રોકું છું અને ભવિષ્યસંબંધી અપરાધોનું પચ્ચક્ખાણ કરું છું." (આમ અહીં અતીતનું પ્રતિક્રમણ કહ્યું છે.) તો તમે શા માટે ત્રણ કાલસંબંધી અપરાધોનું પ્રતિક્રમણ કહો છો ?

સમાધાન :- અહીં પ્રતિક્રમણશબ્દ તરીકે અશુભયોગોમાંથી નિવૃત્તિમાત્ર અર્થવાળો સામાન્યશબ્દ ગ્રહણ કરવાનો છે. (અર્થાત્ પ્રતિક્રમણશબ્દનો "અશુભયોગોમાંથી નિવૃત્તિ" આટલો જ અર્થ સમજવો. પરંતુ અશુભયોગોનું સેવન થઈ ગયું અને તેમાંથી પાછા ફરવું એ અર્થ અહીં સમજવો નહીં.) તેથી નિંદાદ્વારા અશુભયોગોથી નિવૃત્તિ એ જ અતીતવિષયક પ્રતિક્રમણ જાણવું. એ જ પ્રમાણે સંવરદ્વારા અશુભયોગોથી નિવૃત્તિ એ જ વર્તમાનવિષયક પ્રતિક્રમણ જાણવું. અને ભવિષ્યસંબંધી પ્રતિક્રમણ પણ પ્રત્યાખ્યાનદ્વારા અશુભયોગોથી નિવૃત્તિરૂપ જ છે. આમ ત્રણે કાલ સાથે જોડવા છતાં કોઈ દોષ નથી. ॥૧૨૩૨॥

અવતરણિકા :- હવે પ્રતિક્રમણના કર્તાનું સ્વરૂપ જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- જીવ પ્રતિક્રામક તરીકે જાણવો, કે જે અશુભ પાપકર્મના વ્યાપારોનું પ્રતિક્રમણ કરે છે. પરંતુ જે ધ્યાન અને પ્રશસ્ત એવા વચન-કાયાના યોગો છે તેનું સાધુ પ્રતિક્રમણ કરતો નથી.

ટીકાર્થ :- શબ્દાર્થ જેનો જણાવેલ છે તેવો જીવ પ્રતિક્રામક જાણવો. જે પ્રતિક્રમણ કરે તે પ્રતિક્રામક. 'तु' શબ્દ વિશેષ અર્થને જણાવનાર છે. તે વિશેષ અર્થ એ છે કે બધા જ જીવ પ્રતિક્રામક નથી. તો કોણ છે ? – ઉપયુક્ત એવો સમ્યગ્દૃષ્ટિ જીવ જ પ્રતિક્રામક જાણવો. તે કોનો પ્રતિક્રામક છે ? – અશુભ એવા પાપકર્મના વ્યાપારોનો પ્રતિક્રામક છે.

શંકા :- પાપકર્મના વ્યાપારો અશુભ જ હોય છે. તેથી 'અશુભ' એ પ્રમાણેનું વિશેષણ નિરર્થક છે.

સમાધાન :- ના નિરર્થક નથી, કારણ કે તે વિશેષણ પાપકર્મોનું સ્વરૂપ જણાવે છે.

च तौ योगौ च प्रशस्तयोगौ, ध्यानं च प्रशस्तयोगौ च ध्यानप्रशस्तयोगा ये तानधिकृत्य 'न प्रतिक्रमेत' न प्रतीपं वर्तेत साधुः, अपि तु तान् सेवेत, मनोयोगप्राधान्यख्यापनार्थं पृथग् ध्यानग्रहणं, प्रशस्तयोगोपादानाच्च ध्यानमपि धर्मशुक्लभेदं प्रशस्तमवगन्तव्यम्, आह– 'यथोद्देशं निर्देश' इति न्यायमुल्लङ्घ्य किमिति प्रतिक्रमणमनभिधाय प्रतिक्रामक उक्तः ?, तथाऽऽद्यगाथागतमानुपूर्वीग्रहणं चातिरिच्यत इति, उच्यते, प्रतिक्रामकस्याल्पवक्तव्यत्वात् कर्त्रधीनत्वाच्च क्रियाया इत्यदोषः, इत्थमेवोपन्यासः कस्मान्न कृत इति चेत् प्रतिक्रमणाध्ययननामनिष्पन्ननिक्षेपप्रधानत्वात्तस्येत्यलं विस्तरेणेति गाथार्थः ॥१२३३॥

उक्तः प्रतिक्रामकः, साम्प्रतं प्रतिक्रमणस्यावसरः, तच्छब्दार्थपर्यायैर्व्याचिख्यासुरिदमाह–

पडिकमणं पडियरणा परिहरणा वारणा नियत्ती य ।
निंदा गरिहा सोही पडिकमणं अट्ठहा होइ ॥१२३४॥

व्याख्या–'प्रतिक्रमणं' तत्त्वतो निरूपितमेव, अधुना भेदतो निरूप्यते ॥१२३४॥ तत्पुनर्नामादिभेदतः षोढा भवति, तथा चाऽऽह–

---

(અર્થાત્ તે સ્વરૂપદર્શક વિશેષણ છે.) પ્રશસ્ત એવા વચન-કાયાના યોગો તે પ્રશસ્તયોગો. ધ્યાન અને પ્રશસ્તયોગો જે છે તેને આશ્રયીને સાધુ પ્રતિકૂળ વર્તતા નથી, પરંતુ તે ધ્યાનાદિને સેવે છે. મનોયોગનું પ્રાધાન્ય જણાવવા ધ્યાન જુદું ગ્રહણ કર્યું છે. અને પ્રશસ્તયોગો ગ્રહણ કરેલા હોવાથી ધ્યાન પણ ધર્મ-શુક્લભેદોવાળું પ્રશસ્ત જ જાણવું.

શંકા :- 'यथोद्देशं निर्देशः' ન્યાયથી પ્રતિક્રમણાદિ જે ક્રમથી બતાવ્યા છે તે ક્રમથી જ તેનું વર્ણન કરવાને બદલે પ્રતિક્રમણને છોડીને પ્રતિક્રામક સૌ પ્રથમ શા માટે કહ્યો ? (અને જો ક્રમશઃ નિરૂપણ ન કરવાનું હોય તો) ગા. ૧૨૩૨માં રહેલ આનુપૂર્વીશબ્દ વધારાનો ગણવો પડે.

સમાધાન :- પ્રતિક્રામકની વક્તવ્યતા અલ્પ છે અને ક્રિયા કર્તાને આધીન હોવાથી પ્રથમ પ્રતિક્રામક કહ્યો તેથી એમાં કોઈ દોષ નથી.

શંકા :- જો અલ્પ વક્તવ્યતા હતી તો પહેલાં એ પ્રમાણે જ ક્રમ કેમ ન કહ્યો ?

સમાધાન :- પ્રતિક્રમણાધ્યયનના નામનિષ્પન્નનિક્ષેપમાં પ્રતિક્રમણ પ્રધાન હોવાથી પ્રથમ પ્રતિક્રામક જણાવવાને બદલે પ્રતિક્રમણ જણાવ્યું છે. વધુ વિસ્તારથી સર્યું. ॥૧૨૩૩॥

અવતરણિકા :- પ્રતિક્રામક કહ્યો. હવે પ્રતિક્રમણનો અવસર છે. પ્રતિક્રમણશબ્દના જુદા જુદા અર્થપર્યાર્યોવડે (=જુદા જુદા અર્થો દ્વારા )પ્રતિક્રમણને કહેવાની ઇચ્છાવાળા નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ :- પ્રતિક્રમણ, પ્રતિચરણા, પરિહરણા, વારણ, નિવૃત્તિ, નિંદા, ગર્હા, અને શુદ્ધિ એ પ્રમાણે પ્રતિક્રમણ આઠ પ્રકારે છે.

ટીકાર્થ :- સ્વરૂપથી પ્રતિક્રમણ નિરૂપણ કરી દીધું છે. હવે ભેદથી જણાવાય છે. તે વળી નામાદિભેદથી છ પ્રકારે છે. ॥૧૨૩૪॥ તે જ કહે છે ⇨

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो पडिकमणस्सा णिक्खेवो छव्विहो होइ ॥१२३५॥

व्याख्या—तत्र नामस्थापने गतार्थे, द्रव्यप्रतिक्रमणमनुपयुक्तसम्यग्दृष्टेर्लब्ध्यादिनिमित्तं वा उपयुक्तस्य वा निह्नवस्य पुस्तकादिन्यस्तं वा, क्षेत्रप्रतिक्रमणं यस्मिन् क्षेत्रे व्यावर्ण्यते क्रियते वा यतो वा प्रतिक्रम्यते खिलादेरिति, कालप्रतिक्रमणं द्वेधा-ध्रुवं अध्रुवं च, तत्र ध्रुवं भरतैरावतेषु प्रथम-चरमतीर्थकरतीर्थेष्वपराधो भवतु वा मा वा ध्रुवमुभयकालं प्रतिक्रम्यते, विमध्यमतीर्थकरतीर्थेषु त्वध्रुवं-कारणजाते प्रतिक्रमणमिति, भावप्रतिक्रमणं द्विधा-प्रशस्तमप्रशस्तं च, प्रशस्तं मिथ्यात्वादेः, अप्रशस्तं सम्यक्त्वादेरिति, अथवौघत एवोपयुक्तस्य सम्यग्दृष्टेरिति, प्रशस्तेनात्राधिकारः ॥१२३५॥

प्रतिचरणा व्याख्यायते—'चर गतिभक्षणयोः' इत्यस्य प्रतिपूर्वस्य ल्युडन्तस्य प्रतिचरणेति भवति, प्रति प्रति तेषु तेष्वर्थेषु चरणं-गमनं तेन तेनाऽऽसेवनाप्रकारेणेति प्रतिचरणा, सा च षड्विधा, तथा चाह—

---

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ પ્રમાણે પ્રતિક્રમણના છ પ્રકારે નિક્ષેપા થાય છે.

ટીકાર્થ :- તેમાં નામ-સ્થાપના સ્પષ્ટ જ છે. અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિ જીવનું અથવા લબ્ધિ વિગેરે માટે ઉપયુક્ત એવાનું અથવા નિહ્નવનું જે પ્રતિક્રમણ તે દ્રવ્યપ્રતિક્રમણ અથવા પુસ્તકાદિમાં રહેલ (પ્રતિક્રમણના સૂત્રો એ ભાવપ્રતિક્રમણનું કારણ બનતા હોવાથી) દ્રવ્યપ્રતિક્રમણ જાણવા. જે ક્ષેત્રમાં પ્રતિક્રમણ વર્ણવાતું હોય કે કરાતું હોય તે ક્ષેત્રપ્રતિક્રમણ જાણવું. અથવા નિશાની માટે જ્યાં ખીલો ખોડેલો હોય, ત્યાં સુધી જઈને પાછું અવાય તે ક્ષેત્રપ્રતિક્રમણ.

કાલપ્રતિક્રમણ ધ્રુવ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. તેમાં ભરત-ઐરાવતક્ષેત્રમાં પ્રથમ-ચરમતીર્થંકરના તીર્થમાં અપરાધ થાય કે ન થાય, જે ઉભયકાલ પ્રતિક્રમણ કરાય છે, તે ધ્રુવ કાલપ્રતિક્રમણ જાણવું. વચલા તીર્થંકરના તીર્થોમાં કારણ આવે ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોવાથી અધ્રુવ કાલપ્રતિક્રમણ છે. ભાવપ્રતિક્રમણ પ્રશસ્ત-અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં મિથ્યાત્વાદિનું જે પ્રતિક્રમણ તે પ્રશસ્ત અને સમ્યક્ત્વાદિનું પ્રતિક્રમણ તે અપ્રશસ્તપ્રતિક્રમણ જાણવું. અથવા સામાન્યથી ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિજીવનું ભાવપ્રતિક્રમણ જાણવું. અહીં પ્રશસ્તવડે અધિકાર છે. ॥૧૨૩૫॥

અવતરણિકા :- હવે પ્રતિચરણા વ્યાખ્યાન કરાય છે — ચર્ ધાતુ ગતિ-ભક્ષણ અર્થમાં વપરાય છે. પ્રતિ ઉપસર્ગ પૂર્વક, લ્યુડન્ત એવા ચર્ ધાતુનું પ્રતિચરણા રૂપ થાય છે. વારંવાર તે-તે અર્થોમાં તે તે આસેવનના પ્રકારોવડે જે વર્તવું, (અર્થાત્ જે અર્થને જે રીતે સેવવાનું આગમમાં કહ્યું છે તે અર્થને તે રીતે વારંવાર સેવવું,) તે પ્રતિચરણા કહેવાય છે અને તે છ પ્રકારે છે. તે જ કહે છે ➪

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो पडियरणाए णिक्खेवो छव्विहो होइ ॥१२३६॥

व्याख्या–तत्र नामस्थापने गतार्थे, द्रव्यप्रतिचरणा अनुपयुक्तस्य सम्यग्दृष्टेस्तेषु तेष्वर्थेष्वाचरणीयेषु चरणं-गमनं तेन तेन प्रकारेण लब्ध्यादिनिमित्तं वा उपयुक्तस्य वा निह्नवस्य सचित्तादिद्रव्यस्य वेति, क्षेत्रप्रतिचरणा यत्र प्रतिचरणा व्याख्यायते क्रियते वा क्षेत्रस्य वा प्रतिचरणा, यथा शालिगोपिकाद्याः शालिक्षेत्रादीनि प्रतिचरन्ति, कालप्रतिचरणा यस्मिन् काले प्रतिचरणा व्याख्यायते क्रियते वा कालस्य वा प्रतिचरणा, यथा साधवः प्रादोषिकं वा प्राभातिकं वा कालं प्रतिचरन्ति, भावप्रतिचरणा द्वेधा–प्रशस्ताऽप्रशस्ता च, अप्रशस्ता मिथ्यात्वाज्ञानाविरतिप्रतिचरणा, प्रशस्ता सम्यग्दर्शनज्ञानचारित्रप्रतिचरणा, अथवौघत एवोपयुक्तस्य सम्यग्दृष्टेः, तयेहाधिकारः, प्रतिक्रमणपर्यायता चास्या यतः शुभयोगेषु प्रतीपं क्रमणं–प्रवर्तनं प्रतिक्रमणमुक्तं, प्रतिचरणाऽप्येवम्भूतैव वस्तुत इति गाथार्थः ॥१२३६॥

इदानीं परिहरणा, 'हृञ् हरणे' अस्य परिपूर्वस्यैव ल्युडन्तस्यैव परिहरणं परिहरणा, सर्वप्रकारैर्वर्जनेत्यर्थः, सा च अष्टविधा, तथा चाह–

---

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ આ પ્રમાણે પ્રતિચરણાના છ પ્રકારે નિક્ષેપા થાય છે.

ટીકાર્થ :- નામ-સ્થાપના સ્પષ્ટ જ છે. દ્રવ્યપ્રતિચરણા – અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિનું, અથવા લબ્ધિ વિગેરે મેળવવા ઉપયુક્તનું અથવા નિહ્નવનું તે-તે આચરણીય એવા અર્થોમાં તે-તે પ્રકારે વારંવાર જે આચરણ અથવા સચિત્તાદિદ્રવ્યનું જે પ્રતિચરણ તે દ્રવ્યપ્રતિચરણા જાણવી. જે ક્ષેત્રમાં પ્રતિચરણાનું વ્યાખ્યાન કરાય અથવા ક્ષેત્રની પ્રતિચરણા કરાય તે ક્ષેત્રપ્રતિચરણા. જેમ કે શાલિગોપિકા (જંતુવિશેષ) શાલિક્ષેત્રાદિને ચરે છે.

જે કાલમાં પ્રતિચરણાનું વ્યાખ્યાન કરાય છે કે કાલની પ્રતિચરણા કરાય છે તે કાલપ્રતિચરણા. જેમ કે સાધુઓ સાંજે પ્રાદોષિકકાલનું કે સવારે પ્રાભાતિકકાલનું પ્રતિચરણ=પ્રતિક્રમણ કરે છે. ભાવપ્રતિચરણા પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિનું જે વારંવાર સેવન તે અપ્રશસ્ત ભાવપ્રતિચરણા અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રતિચરણા તે પ્રશસ્ત ભાવપ્રતિચરણા. અથવા સામાન્યથી જ ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિ જીવની પ્રતિચરણા ભાવપ્રતિચરણા જાણવી. એનો જ અહીં અધિકાર છે. આ પ્રતિચરણા એ પ્રતિક્રમણનો એક પર્યાય જ જાણવો, કારણ કે શુભયોગોમાં જે પાછું ફરવું તે પ્રતિક્રમણ છે અને એ જ રીતે વસ્તુતઃ પ્રતિચરણા પણ એવા પ્રકારની જ છે. ॥૧૨૩૬॥

અવતરણિકા :- હવે પરિહરણા કહે છે. હરણ કરવાના અર્થમાં 'હૃ' ધાતુ વપરાય છે. પરિ ઉપસર્ગ પૂર્વકના લ્યુડન્ત 'હૃ' ધાતુથી પરિહરણા શબ્દ બન્યો છે. છોડવું તે પરિહરણા અર્થાત્ સર્વપ્રકારોવડે છોડવું. તે પરિહરણા આઠ પ્રકારની છે. તે જ કહે છે ➡

णामं ठवणा दविए परिरय परिहार वज्जणाए य ।
अणुगह भावे य तहा अट्ठविहा होइ परिहरणा ॥१२३७॥

व्याख्या–नामस्थापने गतार्थे, द्रव्यपरिहरणा हेयं विषयमधिकृत्य अनुपयुक्तस्य सम्यग्दृष्टेर्लब्ध्यादिनिमित्तं वा उपयुक्तस्य वा निह्नवस्य कण्टकादिपरिहरणा वेति, परिरयपरिहरणा गिरिसरित्परिहरणा, परिहारपरिहरणा लौकिकलोकोत्तरभेदभिन्ना, लौकिकी मात्रादिपरिहरणा, लोकोत्तरा पार्श्वस्थादिपरिहरणा, वर्जनापरिहरणाऽपि लौकिकलोकोत्तरभेदैव, लौकिका इत्वरा यावत्कथिका च, इत्वरा प्रसूतसूतकादिपरिहरणा, यावत्कथिका डोम्बादिपरिहरणा, लोकोत्तरा पुनरित्वरा शय्यातरपिण्डादिपरिहरणा, यावत्कथिका तु राजपिण्डादिपरिहरणा, अनुग्रहपरिहरणा अक्खोडभंगपरिहरणा, भावपरिहरणा प्रशस्ता अप्रशस्ता च, अप्रशस्ता ज्ञानादिपरिहरणा, प्रशस्ता क्रोधादिपरिहरणा, अथवौघत एवोपयुक्तस्य सम्यग्दृष्टेः, तयेहाधिकारः, प्रतिक्रमणपर्यायता

---

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, પરિરય, પરિહાર, વર્જના, અનુગ્રહ અને ભાવ આ પ્રમાણે પરિહરણા આઠ પ્રકારની છે.

ટીકાર્થ :- નામ-સ્થાપના સ્પષ્ટ જ છે. દ્રવ્યપરિહરણા – હેય એવા વિષયને આશ્રયીને અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિની અથવા લબ્ધિ વિગેરે માટે ઉપયુક્ત એવાની અથવા નિહ્નવની જે પરિહરણા તે દ્રવ્યપરિહરણા. અથવા કાંટા વિગેરેની જે પરિહરણા તે દ્રવ્યપરિહરણા.

પરિરયપરિહરણા – પર્વત કે નદીને ઓળંગ્યા વિના ફરીને જવાવડે જે પર્વત-નદીની પરિહરણા તે પરિરયપરિહરણા. પરિહારપરિહરણા લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારે છે. તેમાં (અગમ્ય હોવાથી) માતા વિગેરેનો જે ત્યાગ તે લૌકિક અને પાર્શ્વસ્થાદિનો જે ત્યાગ તે લોકોત્તરપરિહરણા.

વર્જનાપરિહરણા પણ લૌકિક અને લોકોત્તર ભેદથી બે પ્રકારે છે. લૌકિક તે ઈત્વર અને યાવત્કથિક એમ બે પ્રકારે. તેમાં ઉત્પન્ન થયેલા બાળકાદિમાટે (સૂતકરૂપે) દસ દિવસનું જે વર્જન (નિ. સૂ. ગા. ૬૨૯૩, ૨૦મો ઉદ્દેશો.) તે ઈત્વર લૌકિકપરિહરણા અને ડોમ્બ=નીચ જાતિ વિગેરેની જે પરિહરણા તે યાવત્કથિક જાણવી. શય્યાતરપિંડ વિગેરેનો જે ત્યાગ તે લોકોત્તર ઈત્વરપરિહરણા અને રાજપિંડ વિગેરેનો ત્યાગ તે યાવત્કથિકપરિહરણા.

અનુગ્રહપરિહરણા – ખોડ=ખેડાયેલું, અખ્ખોડ એટલે જે હળાદિવડે ખેડાયેલું ન હોય અને લોકો જ્યાં આવીને રહેતા ન હોય એવું સ્થાન અખ્ખોડ કહેવાય છે. આવા સ્થાનમાં જે લોકો સૌ પ્રથમ વખત આવીને આવા સ્થાનને ભાંગે છે=હળાદિવડે ખેડે છે અને ત્યાં વસવાટ કરે છે. તે લોકો ઉપર અનુગ્રહ કરવાવડે રાજા તેઓને તે જમીનસંબંધી કરથી મુક્ત કરે છે. આ રીતે રાજાના અનુગ્રહથી તેઓને જે કરથી મુક્ત કરવામાં આવે તે અનુગ્રહપરિહરણા કહેવાય છે.

ભાવપરિહરણા પ્રશસ્ત અને અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં જ્ઞાનાદિનો જે ત્યાગ તે અપ્રશસ્ત અને ક્રોધાદિનો ત્યાગ તે પ્રશસ્ત ભાવપરિહરણા જાણવી. અથવા સામાન્યથી (એટલે

चास्याः प्रतिक्रमणमप्यशुभयोगपरिहारेणैवेति ॥१२३७॥

वारणेदानीं, 'वृञ् वरणे' इत्यस्य ण्यन्तस्य ल्युडि वारणा भवति, वारणं वारणा निषेध इत्यर्थः, सा च नामादिभेदतः षोढा भवति, तथा चाह–

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो उ वारणाए णिक्खेवो छव्विहो होइ ॥१२३८॥

व्याख्या–तत्र नामस्थापने गतार्थे, द्रव्यवारणा तापसादीनां हलकृष्टादिपरिभोगवारणा, अनुपयुक्तस्य सम्यग्दृष्टेर्वा देशनायां उपयुक्तस्य वा निह्नवस्यापथ्यस्य वा रोगिण इतीयं चोदनारूपा, क्षेत्रवारणा तु यत्र क्षेत्रे व्यावर्ण्यते क्रियते वा क्षेत्रस्य वाऽनार्यस्येति, कालवारणा यस्मिन् व्यावर्ण्यते क्रियते वा कालस्य वा विकालादेर्वर्षासु वा विहारस्येति, भाववारणेदानीं, सा च द्विविधा-प्रशस्ताऽप्रशस्ता, च, प्रशस्ता प्रमादवारणा, अप्रशस्ता संयमादिवारणा, अथवौघत एवोपयुक्तस्य सम्यग्दृष्टेरिति, तयेहाधिकारः, प्रतिक्रमणपर्यायता चास्याः स्फुटा ॥१२३८॥

---

કે પ્રશસ્ત-અપ્રશસ્ત એવા કોઈ ભેદ પાડ્યા વિના) જ ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની જે પરિહરણા તે ભાવપરિહરણા જાણવી. આનો જ અહીં અધિકાર છે. પરિહરણા એ પણ પ્રતિક્રમણનો એક પર્યાય જ છે, કારણ કે પ્રતિક્રમણ પણ અશુભયોગોના પરિહારવડે જ થાય છે. ॥૧૨૩૭॥

અવતરણિકા :- હવે વારણા કહે છે. ણ્યન્ત એવા 'વૃ' ધાતુને લ્યુડપ્રત્યય લાગતાં વારણા રૂપ થાય છે. વારણ કરવું તે વારણા એટલે કે નિષેધ. તે વારણા નામાદિ ભેદથી છ પ્રકારે છે. તે જ કહે છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ આ પ્રમાણે વારણાનો છ પ્રકારે નિક્ષેપ થાય છે.

ટીકાર્થ :- તેમાં નામ-સ્થાપના સ્પષ્ટ જ છે. તાપસાદિઓ હલથી ખેડાયેલી ખેતીમાં થતાં અન્નાદિના પરિભોગનો જે નિષેધ કરે તે દ્રવ્યવારણા. અથવા અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્યભક્ષણની જે ના પાડે તે દ્રવ્યવારણા. અથવા દેશનામાં ઉપયુક્ત એવા નિહ્નવનો જે નિષેધ તે દ્રવ્યવારણા અથવા રોગીને અપથ્યના ત્યાગની વૈદ્ય જે પ્રેરણા કરે તે પ્રેરણાત્મક દ્રવ્યવારણા જાણવી.

જે ક્ષેત્રમાં વારણાનું વર્ણન કરાય છે અથવા (બીજાને તે ક્ષેત્રમાં ન આવવા માટે જે) નિષેધ કરાય છે અથવા અનાર્ય ક્ષેત્રનો નિષેધ તે ક્ષેત્રવારણા. જે કાલમાં વારણાનું વર્ણન કરાય કે કાલનો નિષેધ અથવા (સ્વાધ્યાયાદિ માટે) જે વિકાલાદિકાલનો નિષેધ અથવા વર્ષાકાલમાં વિહારનો નિષેધ તે કાલવારણા. હવે ભાવવારણા કહેવાય છે. તે પ્રશસ્ત-અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં પ્રમાદનો નિષેધ તે પ્રશસ્ત અને સંયમાદિનો નિષેધ તે અપ્રશસ્તવારણા. અથવા સામાન્યથી ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિનો જે નિષેધ તે ભાવવારણા. આનો અહીં અધિકાર છે. વારણાની પ્રતિક્રમણપર્યાયતા સ્પષ્ટ છે, (કારણ કે પ્રતિક્રમણ પણ અશુભયોગોના નિષેધરૂપ જ છે.) ॥૧૨૩૮॥

निवृत्तिरधुना, 'वृत वर्तने' इत्यस्य निपूर्वस्य क्तिनि निवर्तनं निवृत्तिः, सा च षोढा, यत आह–

नामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो य नियत्तीए णिक्खेवो छव्विहो होइ ॥१२३९॥

व्याख्या–नामस्थापने गतार्थे, द्रव्यनिवृत्तिस्तापसादीनां हलकृष्टादिनिवृत्तिरित्याद्यखिलो भावार्थः स्वबुद्ध्या वक्तव्यः, यावत् प्रशस्तभावनिवृत्त्येहाधिकारः ॥१२३९॥

निन्देदानीं, तत्र 'णिदि कुत्सायाम्' अस्य 'गुरोश्च हलः' (पा. ३-३-१०३) इत्यकारः टाप्, निन्दनं निन्दा, आत्माऽध्यक्षमात्मकुत्सेत्यर्थः, सा च नामादिभेदतः षोढा भवति, तथा चाह–

णामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो खलु निंदाए णिक्खेवो छव्विहो होइ ॥१२४०॥

व्याख्या–तत्र नामस्थापने गतार्थे, द्रव्यनिन्दा तापसादीनाम् अनुपयुक्तस्य सम्यग्दृष्टेर्वोपयुक्तस्य वा निह्नवस्याशोभनद्रव्यस्य वेति, क्षेत्रनिन्दा यत्र व्याख्यायते क्रियते वा संसक्तस्य वेति, कालनिन्दा यस्मिन्निन्दा व्याख्यायते क्रियते वा दुर्भिक्षादेर्वा कालस्य, भावनिन्दा प्रशस्ते-

---

અવતરણિકા :- હવે નિવૃત્તિ કહેવાય છે. 'વર્તવું' અર્થવાળા 'वृत्' ધાતુને 'नि' ઉપસર્ગ અને क्तिनि પ્રત્યય લાગતા નિવૃત્તિ રૂપ થાય છે. પાછા ફરવું તે નિવૃત્તિ અને તે છ પ્રકારે છે. કારણ કે કહ્યું છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ આ પ્રમાણે નિવૃત્તિના છ પ્રકારે નિક્ષેપા છે.

ટીકાર્થ :- નામ-સ્થાપના સ્પષ્ટ અર્થવાળા છે. હલથી ખેડાયેલી ખેતીમાં થતાં અન્નાદિના પરિભોગથી તાપસાદિઓની જે નિવૃત્તિ તે દ્રવ્યનિવૃત્તિ. એ જ પ્રમાણે ક્ષેત્રનિવૃત્તિ વિગેરેથી લઈ સંપૂર્ણ ભાવાર્થ સ્વબુદ્ધિથી જાણી લેવો. છેલ્લે પ્રશસ્તભાવનિવૃત્તિનો અહીં અધિકાર જાણવો. ॥૧૨૩૯॥

અવતરણિકા :- હવે નિંદા → નિદ્ ધાતુ કુત્સિત અર્થમાં વપરાય છે. આ ધાતુને 'गुरोश्च हलः' નિયમથી 'अ' પ્રત્યય લાગતા નિન્દ શબ્દ બન્યો. (અહીં અન્ય નિયમથી ન્ નો આગમ જાણવો.) પછી સ્ત્રીલિંગમાં આ (टाप्) પ્રત્યય લાગીને નિંદા શબ્દ બન્યો. નિંદા એટલે આત્મ સાક્ષીએ આત્માને ધિક્કારવો. તે નિંદા નામાદિભેદથી છ પ્રકારે છે. તે જ કહે છે ⇨

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ પ્રમાણે નિંદાના છ પ્રકારના નિક્ષેપા છે.

ટીકાર્થ :- તેમાં નામ-સ્થાપના સ્પષ્ટાર્થ છે. તાપસાદિની કે અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની કે લબ્ધિ વિગેરે માટે ઉપયુક્ત એવાની અથવા નિહ્નવની અથવા અશોભન એવા દ્રવ્યની જે નિંદા તે દ્રવ્યનિંદા જાણવી. જે ક્ષેત્રમાં નિંદાનું નિરૂપણ કરાય છે તે અથવા સંસક્ત એવા ક્ષેત્રની જે નિંદા તે ક્ષેત્રનિંદા જાણવી. જે કાલમાં નિંદાનું વ્યાખ્યાન કરાય છે તે અથવા દુર્ભિક્ષાદિ

तरभेदा, अप्रशस्ता संयमाद्याचरणविषया, प्रशस्ता पुनरसंयमाद्याचरणविषयेति, '[४६]हा ! दुट्ठुकयं हा ! दुट्ठु कारियं दुट्ठु अणुमयं हत्ति । अंतो अंतो डज्झइ झुसिरुव्व दुमो वणदवेणं ॥१॥' अथवौघत एवोपयुक्तसम्यग्दृष्टेरिति, तयेहाधिकारः, प्रतिक्रमणपर्यायता स्फुटेति गाथार्थः ॥१२४०॥

गर्हेदानीं, तत्र 'गर्ह कुत्साया'मस्य 'गुरोश्च हल' इत्यकारः टाप्, गर्हणं गर्हा—परसाक्षिकी कुत्सैवेति भावार्थः, सा च नामादिभेदतः षोढैवेति, तथा चाह—

नामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो खलु गरिहाए निक्खेवो छव्विहो होइ ॥१२४१॥

व्याख्या—नामस्थापने गतार्थे, द्रव्यगर्हा तापसादीनामेव स्वगुर्वालोचनादिना अनुपयुक्तस्य सम्यग्दृष्टेर्वोपयुक्तस्य वा निह्नवस्येत्यादिभावार्थो वक्तव्यः, यावत्प्रशस्तयेहाधिकारः ॥१२४१॥

इदानीं शुद्धिः 'शुध शौचे' अस्य स्त्रियां क्तिन्, शोधनं शुद्धिः, विमलीकरणमित्यर्थः, सा च नामादिभेदतः षोढैव, तथा चाह—

---

કાલની જે નિંદા તે કાલનિંદા. પ્રશસ્ત અને અપ્રશસ્તભેદવાળી ભાવનિંદા જાણવી. તેમાં સંયમાદિના આચરણસંબંધી જે નિંદા તે અપ્રશસ્ત અને અસંયમાદિના આચરણસંબંધી "હા ! ખોટું કર્યું; હા ! ખોટું કરાવ્યું; હા ! ખોટું અનુમોદ્યું એ પ્રમાણે મનમાં ને મનમાં દાવાનલથી બળતા પોલાણવાળા વૃક્ષની જેમ જે બળે છે. ॥૧॥" તેની આવા પ્રકારની જે નિંદા તે પ્રશસ્તનિંદા જાણવી. અથવા સામાન્યથી ઉપયુક્ત સમ્યગ્દૃષ્ટિની જે નિંદા તે ભાવનિંદા જાણવી. તેનાવડે અહીં અધિકાર છે. નિંદાની પ્રતિક્રમણપર્યાયતા સ્પષ્ટ જ છે. ॥૧૨૪૦॥

હવે ગર્હા કહેવાય છે. તેમાં 'गर्ह' ધાતુ કુત્સિત અર્થમાં વપરાય છે. આ ધાતુને 'गुरोश्च हलः' નિયમથી 'अ' પ્રત્યય લાગી ગર્હ શબ્દ બન્યો. પછી સ્ત્રીલિંગમાં आ(टाप्)પ્રત્યય લાગીને ગર્હા શબ્દ બન્યો. ગર્હા એટલે પરસાક્ષીએ આત્માને ધિક્કારવો. અને તે ગર્હા નામાદિભેદથી છ પ્રકારે છે. તે જ કહે છે ⇨

**ગાથાર્થ :-** નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ આ પ્રમાણે ગર્હાના છ પ્રકારના નિક્ષેપા થાય છે.

**ટીકાર્થ :-** નામ-સ્થાપના સ્પષ્ટ અર્થવાળા છે. તાપસાદિની જ પોતાના ગુરુ પાસે આલોચનાદિવડે જે ગર્હા અથવા અનુપયુક્ત સમ્યગ્દૃષ્ટિની કે લબ્ધિ વિગેરે માટે ઉપયુક્ત એવાની અથવા નિહ્નવની જે ગર્હા તે દ્રવ્યગર્હા જાણવી. ક્ષેત્રગર્હા વિગેરેનો ભાવાર્થ પૂર્વની જેમ ત્યાં સુધી જાણવો કે છેલ્લે પ્રશસ્તગર્હાવડે અધિકાર છે. ॥૧૨૪૧॥

**અંવતરણિકા :-** હવે શુદ્ધિ કહેવાય છે – 'શુદ્ધિ કરવી' અર્થમાં વપરાતા શુધ્ ધાતુને સ્ત્રીલિંગમાં क्तिन् પ્રત્યય લાગતાં શુદ્ધિ રૂપ થાય છે. નિર્મલ કરવું તે શુદ્ધિ. તે નામાદિભેદથી છ પ્રકારે છે. તે જ કહે છે ⇨

---

४६. हा दुष्ठु कृतं हा दुष्ठु कारितं दुष्ठ्वनुमतं हेति । अन्तरन्तर्दह्यते शुषिर इव द्रुमो वनदवेन ॥१॥

नामं ठवणा दविए खित्ते काले तहेव भावे य ।
एसो खलु सुद्धीए निक्खेवो छव्विहो होइ ॥१२४२॥

व्याख्या—तत्र नामस्थापने गतार्थे, द्रव्यशुद्धिस्तापसादीनां स्वगुर्वालोचनादिना अनुपयुक्तस्य सम्यग्दृष्टेरुपयुक्तस्य वा निह्नवस्य वस्त्रसुवर्णादेर्वा जलक्षारादिभिरिति, क्षेत्रशुद्धिर्यत्र व्यावर्ण्यते क्रियते वा क्षेत्रस्य वा कुलिकादिनाऽस्थ्यादिशल्योद्धरणमिति, कालशुद्धिर्यत्र व्यावर्ण्यते क्रियते वा शङ्क्वादिभिर्वा कालस्य शुद्धिः क्रियत इति, भावशुद्धिर्द्विधा—प्रशस्ताऽप्रशस्ता च, प्रशस्ता ज्ञानादेरप्रशस्ता चाशुद्धस्य सतः क्रोधादेर्वैमल्याधानं स्पष्टतापादनमित्यर्थः, अथवौघत एवोपयुक्तस्य सम्यग्दृष्टेः प्रशस्ता, तयेहाधिकारः, प्रतिक्रमणपर्यायता चास्याः स्फुटा, एवं प्रतिक्रमणमष्टधा भवतीति गाथार्थः ॥१२४२॥

साम्प्रतं विनेयानुग्रहाय प्रतिक्रमणादिपदानां यथाक्रमं दृष्टान्तान् प्रतिपादयन्नाह—

अद्धाणे[१] पासाए[२] दुद्धकाय[३] विसभोयणतलाए[४] ।
दो कन्नाओ[५][६] पइमारियाँ[७] य वत्थे य अगए[८] य ॥१२४३॥

व्याख्या—अध्वानः प्रासादः दुग्धकायः विषभोजनं तडागं द्वे कन्ये पतिमारिका च वस्त्रं

---

ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ આ પ્રમાણે શુદ્ધિના છ પ્રકારે નિક્ષેપા છે.

ટીકાર્થ :- તેમાં નામ, સ્થાપના સ્પષ્ટાર્થ છે. તાપસાદિની પોતાના ગુરુ પાસે આલોચનાદિ કરવાવડે જે શુદ્ધિ તે દ્રવ્યશુદ્ધિ. અથવા અનુપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની કે લબ્ધિ વિગેરે માટે ઉપયુક્ત એવાની અથવા નિહ્નવની અથવા વસ્ત્રની જળથી, સુવર્ણાદિની ક્ષારથી જે શુદ્ધિ તે દ્રવ્યશુદ્ધિ. જ્યાં શુદ્ધિનું વર્ણન કરાય છે અથવા જે ક્ષેત્રમાંથી કોદાળી વિગેરેવડે હાડકાં વિગેરે શલ્યોનું ઉદ્ધરણ કરવામાં આવે છે તે ક્ષેત્રશુદ્ધિ.

જે કાલમાં શુદ્ધિનું વર્ણન કરાતું હોય અથવા શંકુ (=લાકડાંમાંથી બનાવેલ વસ્તુવિશેષ કે જેનાવડે છાયા મપાય અને કાલ નક્કી થાય.) વિગેરેવડે કાલની જાણકારી મેળવીને (અશુદ્ધકાલનો ત્યાગ કરવો) તે કાલશુદ્ધિ. ભાવશુદ્ધિ પ્રશસ્ત-અપ્રશસ્ત એમ બે પ્રકારે છે. તેમાં જ્ઞાનાદિની શુદ્ધિ (=ભ્રમાદિ જ્ઞાનાદિને દૂર કરી સમ્યગ્જ્ઞાનાદિ મેળવવું) તે પ્રશસ્ત જાણવી. અને અશુદ્ધ એવા ક્રોધાદિને નિર્મલ કરવા એટલે કે સ્પષ્ટપણે ક્રોધાદિ કરવા તે અપ્રશસ્તભાવશુદ્ધિ જાણવી. અથવા સામાન્યથી ઉપયુક્ત એવા સમ્યગ્દૃષ્ટિની જે શુદ્ધિ તે પ્રશસ્તભાવશુદ્ધિ જાણવી. તેનાવડે અહીં અધિકાર છે. શુદ્ધિની પ્રતિક્રમણપર્યાયતા સ્પષ્ટ જ છે. આ પ્રમાણે પ્રતિક્રમણ આઠ પ્રકારે થાય છે. ॥૧૨૪૨॥

અવતરણિકા :- હવે શિષ્યો ઉપર ઉપકાર કરવા માટે પ્રતિક્રમણાદિ પદોના ક્રમશઃ દૃષ્ટાન્તોનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- માર્ગ, પ્રસાદ, દૂધના ઘડા માટેની કાવડ, વિષનું ભોજન-તળાવ, બે કન્યા,

चागदश्च, तत्थ[४७] पडिक्कमणे अद्धाणदिट्ठंतो–जहा एगो राया णयरबाहिं पासायं काउकामो सोभणे दिणे सुत्ताणि पाडियाणि, रक्खगा णिउत्ता भणिया य-जइ कोइ इत्थ पविसिज्ज सो मारेयव्वो, जइ पुण ताणि चेव पयाणि अक्कमंतो पडिओसरइ सो मोयव्वो, तओ तेसिं रक्खगाण वक्खित्तचित्ताणं कालहया दो गामिल्लया पुरिसा पविट्ठा, ते णाइदूरं गया रक्खगेहिं दिट्ठा, उक्करिसियखग्गेहि य संलत्ता-हा दासा ! कहिं एत्थ पविट्ठा ?, तत्थेगो काकधट्ठो भणइ-को एत्थ दोसोत्ति इओ तओ पहाविओ, सो तेहिं तत्थेव मारिओ, बितिओ भीओ तेसु चेव पएसु ठिओ भणइ-सामि ! अयाणंतो अहं पविट्ठो, मा मं मारेह, जं भणह तं करेमित्ति, तेहिं भण्णइ-जइ अण्णओ अणक्कमंतो तेहिं चेव पएहिं पडिओसरसि

પતિમારિકા, વસ્ત્ર અને ઔષધ. તેમાં પ્રથમ પ્રતિક્રમણને વિશે માર્ગનું દૃષ્ટાન્ત કહે છે.

### ❖ પ્રતિક્રમણ ઉપર માર્ગનું દૃષ્ટાન્ત ❖

નગરની બહાર મહેલ ઊભો કરવાની ઇચ્છાવાળા એક રાજાએ શુભ દિવસે (તે મહેલની જગ્યાની આજુ બાજુ) સીમા=બોર્ડર કરાવી. તે જગ્યાની રક્ષા માટે રાજાએ ત્યાં રક્ષકોને નિયુક્ત કર્યા અને કહ્યું – "આ સીમામાં જો કોઈ પ્રવેશ કરે તો તેને મારી નાખવો. પરંતુ જો તે પુરુષ તે જ માર્ગે પાછો ફરે તો તેને છોડી દેવો." એકવાર અન્ય કાર્યમાં રક્ષકો વ્યસ્ત હોવાથી કાલથી હણાયેલા (=સમય જેને સાથ આપતો નથી તેવા) ગામડિયા બે પુરુષો તે સીમામાં પ્રવેશ્યા.

થોડાક આગળ વધ્યા એટલામાં રક્ષકોએ તેઓને જોયા. મ્યાનમાંથી ખેંચેલી તલવાર સાથે તેઓ ત્યાં ગયા અને પકડીને કહ્યું - "હે દાસો ! તમે બે કેવી રીતે અંદર આવ્યા ?" બે પુરુષોમાંથી અત્યંત અવિનયી એવા એકે કહ્યું - "અંદર આવવામાં શું વાંધો છે ?" એમ કહી આમ-તેમ ભાગવા લાગ્યો. તેથી રક્ષકોએ તેને પકડીને ત્યાં જ મારી નાંખ્યો. આ જોઈને બીજો પુરુષ ડરી ગયો. જ્યાં હતો તે જ જગ્યાએ ઊભો રહેલો તે પુરુષ રક્ષકોને કહે છે - "સ્વામી ! મને ખબર નહોતી, ભૂલથી અંદર પ્રવેશ કર્યો છે. તેથી મને મારતા નહીં. તમે જે કહેશો તે કરવા હું તૈયાર છું."

રક્ષકોએ કહ્યું – "જે પગલે આવ્યો છે તે પગલાઓ સિવાય અન્ય ક્યાંય પગ મૂક્યા

४७. तत्र प्रतिक्रमणेऽध्वानदृष्टान्तः, यथा एको राजा नगराद्बहिः प्रासादं कर्त्तुकामः शोभने दिने सूत्राणि पातितवान्, रक्षका नियुक्ता भणिताश्च-यदि कश्चित् अत्र प्रविशेत् स मारयितव्यः, यदि पुनस्तानेव पादान् आक्राम्यन् प्रत्यवसर्पति स मोक्तव्यः, ततस्तेषां रक्षकाणां व्याक्षिप्तचित्तानां कालहतौ द्वौ ग्रामेयकौ पुरुषौ प्रविष्टौ, तौ नातिदूरं गतौ रक्षकैर्दृष्टौ, आकृष्टखड्गैश्च संलप्तौ-हा दासौ ! क्वात्र प्रविष्टौ ?, तत्रैकः काकधृष्टो भणति-कोऽत्र दोष इति इतस्ततः प्रधावितः, स तैस्तत्रैव मारितः, द्वितीयो भीतस्तयोरेव पदोः स्थितो भणति-स्वामिन् ! अजानानोऽहं प्रविष्टः मा मां मीमरः, यद्भणथ तत्करोमीति, तैर्भण्यते-यद्यन्यतोऽनाक्राम्यन् तैरेव पद्भिः प्रत्यवसर्पसि

[४८]तओ मुच्चसि, सो भीओ परेण जत्तेण तेहिं चेव पएहिं पडिनियत्तो, सो मुक्को, इहलोइयाणं भोगाणं आभागीजाओ, इयरो चुक्को, एतं दव्वपडिक्कमणं, भावे दिट्ठंतस्स उवणओ–रायत्थाणीएहिं तित्थयरेहिं पासायत्थाणीओ संजमो रक्खियव्वोत्ति आणत्तं, सो य गामिल्लगत्थाणीएण एगेण साहुणा अइक्कमिओ, सो रागद्दोसरक्खगऽब्भाहओ सुचिरं कालं संसारे जाइयव्वमरियव्वाणि पाविहिति, जो पुण किहवि पमाएण अस्संजमं गओ तओ पडिनियत्तो अपुणक्करणाए पडिक्कमए सो णिव्वाणभागी भवइ, पडिक्कमणे अद्धाणदिट्ठंतो गतो १। इयाणिं पडिचरणाए पासाएण दिट्ठंतो भण्णइ-एगम्मि णयरे धणसमिद्धो वाणियओ, तस्स अहुणट्ठिओ पासाओ रयणभरिओ, सो तं भज्जाए उवणिक्खिविउं दिसाजत्ताए गओ, सा अप्पए लग्गिया, मंडणपसाहणादिव्वावडा न तस्स पासायस्स अवलोयणं करेइ, तओ

વિના જો તું તે જ પગલે બહાર નીકળે તો અમે તને છોડી મૂકશું." તે ડરેલો ભગીરથ પ્રયત્નવડે તે જ પગલે-પગલે પાછો બહાર નીકળી ગયો. તેથી રક્ષકોએ તેને છોડી દીધો. તેથી તે પુરુષ આલોકના ભોગોને ભોગવનાર થયો. જ્યારે પહેલો પુરુષ ભોગોથી ચૂકી ગયો. બીજો પુરુષ કે જે તે જ પગલે પાછો ફર્યો તે તેનું દ્રવ્યપ્રતિક્રમણ જાણવું.

ભાવમાં આ દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો ➪ રાજાના સ્થાને રહેલ એવા તીર્થંકરોએ પ્રાસાદસમાન એવા સંયમનું રક્ષણ કરવાની આજ્ઞા આપી. તે સંયમનો ગામડિયાસમાન એવા એક સાધુએ અતિક્રમ કર્યો. તેથી રાગ-દ્વેષરૂપ રક્ષકોએ તે સાધુને પકડ્યો જેથી તે સાધુ લાંબાકાળ સુધી જન્મ-મરણને પામે છે. જે સાધુ કોઈક પ્રમાદના કારણે અસંયમને પામ્યો પરંતુ તેનાથી પાછો ફરેલો અપુનઃકરણવડે તે અસંયમનું પ્રતિક્રમણ કરે છે તે સાધુ નિર્વાણનો ભાગી થાય છે. આ પ્રમાણે પ્રતિક્રમણવિશે અધ્વાન=માર્ગનું દૃષ્ટાન્ત પૂર્ણ થયું. ॥૧॥

### ❖ પ્રતિચરણા ઉપર પ્રાસાદનું દૃષ્ટાન્ત ❖

એક નગરમાં ધનથી સમૃદ્ધ વાણિયો હતો. હમણાં જ તૈયાર કરાવેલા મહેલમાં તેણે રત્નો ભર્યાં. એક વાર રત્નોથી ભરેલા પોતાના મહેલને પોતાની પત્નીને સાચવવા આપીને તે કામ-ધંધા માટે અન્ય સ્થાને ગયો. આ બાજુ પત્ની પોતાના શરીરની સંભાળ રાખવામાં લીન થઈ. પોતાના શરીરને સુશોભિત કરવા વિગેરે કાર્યમાં એટલી બધી વ્યસ્ત રહેવા લાગી કે જેથી

४८. ततो मुच्यसे, स भीतः परेण यत्नेन तैरेव पद्भिः प्रतिनिवृत्तः, स मुक्तः, ऐहलौकिकानां भोगानामाभागीजातः, इतरो भ्रष्टः, एतद् द्रव्यप्रतिक्रमणं, भावे दृष्टान्तस्योपनयः-राजस्थानीयैस्तीर्थकरैः प्रासादस्थानीयः संयमो रक्षयितव्य इत्याज्ञप्तं, स च ग्रामेयकस्थानीयेनैकेन साधुनाऽतिक्रान्तः, स रागद्वेषरक्षकाभ्याहतः सुचिरं कालं संसारे जन्ममरणानि प्राप्स्यति, यः पुनः कथमपि प्रमादेनासंयमं गतस्ततः प्रतिनिवृत्तोऽपुनःकरणतया प्रतिक्राम्यति स निर्वाणभागी भवति, प्रतिक्रमणेऽध्वानदृष्टान्तः गतः १। इदानीं प्रतिचरणायां प्रासादेन दृष्टान्तो भण्यते-एकस्मिन् नगरे धनसमृद्धो वणिग्, तस्याधुनोत्थितः प्रासादो रत्नभृतः, स तं भार्यायामुपनिक्षिप्य दिग्यात्रायै गतः, सा शरीरे लग्ना, मण्डनप्रसाधनादिव्यापृता न तस्य प्रासादस्यावलोकनं करोति, ततः

[४९] तस्स एगं खंडं पडियं, सा चिंतेइ-किं एत्तिल्लयं करेहिइत्ति, अण्णया पिप्पलपोतगो जाओ, किं एत्तिओ करेहित्ति णावणीओ तीए, तेण वड्ढंतेण सो पासाओ भग्गो, वाणियगो आगओ, पिच्छइ विणट्ठं पासायं, तेण सा णिच्छूढा, अण्णो पासाओ कारिओ, अण्णा भज्जा आणीया, भणिया य-जति एस पासाओ विणस्सइ तो ते अहं णत्थि, एवं भणिऊण दिसाजत्ताए गओ, साऽवि से महिला तं पासायं सव्वादरेण तिसज्झं अवलोएति, जं किंचि तत्थ कट्ठकम्मे लेप्पकम्मे चित्तकम्मे पासाए वा उत्तुडियाइ पासइ तं संठवावेति किंचि दाऊण, तओ सो पासाओ तारिसो चेव अच्छइ, वाणियगेण आगएण दिट्ठो, तुट्ठेण सव्वस्स घरस्स सामिणी कया, विउलभोगसमण्णागया जाया, इयरा असणवसणरहिया अच्चंतदुक्खभागिणी

મહેલનું ધ્યાન રાખી શકતી નથી. એવામાં એકવાર મહેલમાંથી એક નાનો ટુકડો તૂટીને નીચે પડ્યો. પત્ની વિચારે છે - એક નાનો ટુકડો જ પડ્યો છે ને એમાં શું થવાનું ? (કંઈ નહીં થાય એમ વિચારી પત્નીએ ઉપેક્ષા કરી.)

એકવાર મહેલના એક ખૂણે નાનો પીપળો ઉગ્યો. પત્ની વચારે છે- "આટલો નાનો પીપળો શું કરશે ?" એમ વિચારી તે પીપળાને દૂર કર્યો નહીં. જતે દિવસે વધતા તે પિંપળાએ આખો મહેલ ભાંગી નાંખ્યો. વાણિયો કામ-ધંધાથી પાછો ફર્યો. ભાંગેલા મહેલને જુએ છે. વાણિયો પત્નીને કાઢી મૂકે છે.

બીજો મહેલ તૈયાર કરાવે છે અને બીજી પત્ની લાવે છે. કામ-ધંધામાટે જતી વખતે પોતાની આ બીજી પત્નીને કહ્યું - "જો આ મહેલ (તને સોંપીને જઉં છું. અને જો તે) નાશ પામશે તો હું તારો નથી (અર્થાત્ હું તને છોડીશ નહીં.) આ પ્રમાણે કહીને તે કામ-ધંધામાટે અન્ય સ્થાને ગયો. વાણિયાની તે મહિલા પણ સર્વાદરવડે ત્રિસંધ્યા તે મહેલનું રક્ષણ કરે છે. તે મહેલની લાકડાંથી બનાવેલી વસ્તુમાં કે પૂતળામાં કે ચિત્રકર્મમાં કે મહેલમાં જે કંઈ પણ તિરાડ વિગેરે જુએ છે તેને તરત જ કંઈક મૂલ્ય આપીને બીજા પાસે વ્યવસ્થિત કરાવી દે છે.

તેથી તે મહેલ તેવા પ્રકારનો જ રહે છે. દિશાયાત્રાથી પાછા ફરેલા વાણિયાએ પાછા આવીને મહેલ તપાસ્યો. સુવ્યવસ્થિત જોઈને ખુશ થયેલા વાણિયાએ આ પત્નીને આખા ઘરની સ્વામિની બનાવી. જેથી તે પત્ની વિપુલ ભોગોને પ્રાપ્ત કરનારી થઈ. જ્યારે પૂર્વની પત્ની ખાવા - પહેરવાનું ન મળવાથી અત્યંત દુ:ખને ભજનારી થઈ. બીજી પત્નીની મહેલ તરફની

४९. तस्यैको भागः पतितः, सा चिन्तयति-किमेतावत् करिष्यति ?, अन्यदा पिप्पलपोतको जातः, किमेतावान् करिष्यतीति नापनीतः तया, तेन वर्धमानेन स प्रासादो भग्नः, वणिक् आगतः, प्रेक्षते विनष्टं प्रासादं, तेन सा निष्काशिता, अन्यः प्रासादः कारितः, अन्या भार्याऽऽनीता, भणिता च-यद्येष प्रासादो विनङ्क्ष्यति तदा तेऽहं नास्ति, एवं भणित्वा दिग्यात्रायै गतः, साऽपि तस्य महिला तं प्रासादं सर्वादरेण त्रिसन्ध्यमवलोकयति, यत्किञ्चित्तत्र काष्ठकर्मणि लेप्यकर्मणि चित्रकर्मणि प्रासादे वा राज्यादि पश्यति तत् संस्थापयति किञ्चिद्दत्त्वा, ततः स प्रासादः तादृश एव तिष्ठति, वणिजाऽऽगतेन दृष्टः, तुष्टेन सर्वस्य गृहस्य स्वामिनी कृता, विपुलभोगसमन्वागता जाता, इतराऽशनवसनरहिताऽत्यन्तदुःखभागिनी

[५०]जाया, एसा दव्वपडिचरणा, भावे दिट्ठंतस्स उवणओ-वाणियगत्थाणीएणाऽऽयरिएण पासायत्थाणीओ संजमो पडिचरियव्वोत्ति आणत्तो, एगेण साहुणा सातासुक्खबहुलेण ण पडिचरिओ, सो वाणिगिणीव संसारे दुक्खभायणं जाओ, जेण पडिचरिओ अक्खओ संजमपासाओ धरिओ सो णेव्वाणसुहभागी जाओ २। इयाणिं परिहरणाए दुद्धकाएण दिट्ठंतो भण्णइ-दुद्धकाओ नाम दुद्धघडगस्स कावोडी, एगो कुलपुत्तो, तस्स दुवे भगिणीओ अण्णगामेसु वसंति, तस्स धूया जाया, भगिणीण पुत्ता तेसु वयपत्तेसु ताओ दोवि भगिणीओ तस्स समगं चेव वरियाओ आगयाओ, सो भणइ-दुण्ह अत्थीण कयरं पियं करेमि ?, वच्चेह पुत्ते पेसह, जो खेयण्णो तस्स दाहामित्ति, गयाओ, पेसिया, तेण तेसिं दोण्हवि घडगा

---

વારંવારની જે કાળજી તે દ્રવ્યપ્રતિચરણા જાણવી.

ભાવમાં દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો → વાણિયાસમાન એવા આચાર્યે મહેલસમાન સંયમની રક્ષા કરવાની આજ્ઞા આપી. શાતા-સુખની પ્રચુરતાવાળા (એટલે કે શિથિલાચારી) સાધુએ સંયમરૂપ મહેલની રક્ષા કરી નહીં. વાણિયાની પ્રથમ પત્નીની જેમ તે સાધુ સંસારમાં દુઃખનો ભાજન=આધાર થયો. જે સાધુએ સંયમની રક્ષા કરીને સંયમરૂપ મહેલને અક્ષત રાખ્યો, તે સાધુ મોક્ષસુખનો ભાગી થયો. ॥૨॥

### ❖ પરિહરણા ઉપર દૂધ માટેની કાવડનું દૃષ્ટાન્ત ❖

હવે પરિહરણા વિશે દુગ્ધકાયવડે દૃષ્ટાન્ત કહેવાય છે. દુગ્ધકાય એટલે દૂધના ઘડામાટેની કાવડ. (કાવડ એટલે જેમાં શ્રવણ પોતાના આંધળા માતા-પિતાને ઊંચકીને લઈ જાય છે તેની જેમ જેમાં બે બાજુ ઘડા લટકાવાય તેવું મોટું લાકડું.) એક કુલપુત્ર હતો. તેની બે બહેનો અન્ય ગામમાં રહેતી હતી. આ કુલપુત્રને એક દીકરી થઈ. બંને બહેનોના દીકરા જ્યારે મોટા થયા ત્યારે બંને બહેનો પોત-પોતાના પુત્રવિવાહ માટે ભાઈની દીકરીની માંગણી કરવા ભાઈ પાસે આવી.

ભાઈ કહે છે – "તમે બંને જણા માંગણી કરતો હો ત્યારે મારે કોની ઇચ્છા પૂર્ણ કરવી ? તેથી તમે જાઓ અને તમારા દીકરાઓને મોકલો, તેમાં જે ક્ષેત્રજ્ઞ=નિપુણ (खेयण्णे=क्षेत्रज्ञः इति आचाराङ्गसूत्र.૩૨) હશે તેને મારી દીકરી આપીશ." બંને બહેનો ગઈ અને દીકરાઓને મોકલ્યા.

---

५०. जाता, एषा द्रव्यपरिचरणा। भावे दृष्टान्तस्योपनयः-वणिक्स्थानीयेनाचार्येण प्रासादस्थानीयः संयमः प्रतिचरितव्य इत्याज्ञप्तः, एकेन साधुना सातासौख्यबहुलेन न प्रतिचरितः, स वणिग्जायेव संसारे दुःखभाजनं जातः, येन प्रतिचरितोऽक्षतः संयमप्रासादो धृतः स निर्वाणसुखभागी जातः २। इदानीं परिहरणायां दुग्धकायेन दृष्टान्तो भण्यते-दुग्धकायो नाम दुग्धघटकस्य कापोती, एकः कुलपुत्रः, तस्य द्वे भगिन्यौ अन्यग्रामयोर्वसतः, तस्य दुहिता जाता, भगिन्योः पुत्रौ, तयोः वयः प्राप्तयोः ते द्वे अपि भगिन्यौ तेन सममेव वरिके आगते, स भणति-द्वयोरर्थिनोः कतरं प्रियं करोमि ?, व्रजतं पुत्रौ प्रेषयतं, यः खेदज्ञस्तस्मै दास्यामीति, गते, प्रेषितौ, तेन ताभ्यां द्वाभ्यामपि घटौ

[५१]समप्पिया, वच्चह गोउलाओ दुद्धं आणेह, ते कावोडीओ गहाय गआ, ते दुद्धघडए भरिऊण कावोडीओ गहाय पडिनियत्ता, तत्थ दोण्णि पंथा–एगो परिहारेण सो य समो, बितिओ उज्जुएण, सो पुण विसमखाणुकंटगबहुलो, तेसिं एगो उज्जुएण पट्ठिओ, तस्स अक्खुडियस्स एगो घडो भिण्णो, तेण पडंतेण बिइओवि भिण्णो, सो विरिक्कओ गओ माउलगसगासं, बिइओ समेण पंथेण सणियं २ आगओ अक्खुयाए दुद्धकावोडीए, एयस्स तुट्ठो, इयरो भणिओ–न मए भणियं को चिरेण लहुं वा एहित्ति, मए भणियं–दुद्धं आणेहत्ति, जेण आणीयं तस्स दिण्णा, इयरो धाडिओ, एसा दव्वपरिहरणा, भावे दिट्ठंतस्स उवणओ– कुलपुत्तत्थाणीएहिं तित्थगरेहिं आणत्तं दुद्धत्थाणीयं चारित्तं अविराहंतेहिं कण्णगत्थाणीया सिद्धी पावियव्वत्ति, गोउलत्थाणीओ मणूसभवो, तओ चरित्तस्स मग्गो उज्जुओ जिणकप्पियाण,

મામાએ બંનેને ઘડા આપ્યા અને કહ્યું - "જાઓ અને ગોકુળમાંથી દૂધ લઈને આવો." બંને જણા કાવડ લઈને ગયા. દૂધના ઘડા ભરીને કાવડમાં મૂકી બંને જણા પાછા ફરે છે.

પાછા આવતી વખતે બે રસ્તા છે- એક ફરીને આવે પરંતુ રસ્તો સારો. બીજો સીધો આવે પરંતુ વિષમસ્થાનો, ઠુંઠા, કાંટા વિગેરેથી ભરપૂર. બંને જણામાંથી એક સીધા રસ્તે નીકળ્યો. પરંતુ (વિષમસ્થાનાદિના કારણે) ઠોકર લાગવાથી એક ઘડો ફૂટી ગયો. એક બાજુનો ઘડો પડવાથી બીજી બાજુનો ઘડો પણ નીચે પડતા ફૂટી ગયો. ખાલી હાથે તે મામા પાસે પાછો આવ્યો.

બીજો ફરીને આવનારા રસ્તે ધીરે ધીરે દૂધના ઘડા સાથેની કાવડ લઈને આવ્યો. આની ઉપર મામો ખુશ થયો. જયારે બીજાને કહ્યું – "મેં એવું નહોતું કહ્યું કે કોણ લાંબાકાળે કે જલદી આવશે ? મેં તો એટલું જ કહ્યું હતું કે દૂધ લઈને આવજો." જે દૂધ લઈને આવ્યો હતો તેને પોતાની દીકરી આપી. બીજાને રવાના કર્યો. જેણે સીધો રસ્તો છોડી દીધો તેની તે દ્રવ્યપરિહરણા જાણવી.

ભાવમાં દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો → કુલપુત્રસ્થાનીય એવા તીર્થંકરોએ આજ્ઞા કરી કે દૂધસમાન એવા ચારિત્રને વિરાધ્યા વિના કન્યાસ્થાનીય એવી સિદ્ધિને સાધુઓએ મેળવવી. ગોકુળસ્થાનીય મનુષ્યભવ જાણવો. જિનકલ્પીઓના ચારિત્રનો જે માર્ગ છે તે સીધો

५१. समर्पितौ, व्रजतं गोकुलाद्दुग्धमानयतं, तौ कापोत्यौ गृहीत्वा गतौ, तौ दुग्धघटौ भृत्वा कापोत्यौ गृहीत्वा प्रतिनिवृत्तौ, तत्र द्वौ पन्थानौ-एकः परिहारेण (भ्रमणेन), स च समः, द्वितीय ऋजुकेन, स पुनर्विषमस्थाणुकण्टकबहुलः, तयोरेक ऋजुना प्रस्थितः, तस्यास्फालितस्य एको घटो भिन्नः, तेन पतता द्वितीयोऽपि भिन्नः, स विरिक्तो गतो मातुलसकाशं, द्वितीयः समेन पथा शनैः २ आगतोऽक्षतया दुग्धकापोत्या, एतस्मै तुष्टः, इतरो भणितः-न मया भणितं कश्चिरेण लघु वाऽऽयातीति, मया भणितं-दुग्धमानयतमिति, येनानीतं तस्मै दत्ता, इतरो धाटितः, एषा द्रव्यपरिहरणा, भावे दृष्टान्तस्योपनयः-कुलपुत्रस्थानीयैः तीर्थकरैराज्ञप्तं दुग्धस्थानीयं चारित्रमविराधयद्भिः कन्यकास्थानीया सिद्धिः प्राप्तव्येति, .गोकुलस्थानीयो मनुष्यभवः, ततश्चरित्रस्य मार्ग ऋजुको जिनकल्पिकानां,

[५२]ते भगवंतो संघयणधिइसंपण्णा दव्वखित्तकालभावावइविसमंपि उस्सग्गेणं वच्चंति, वंको थेरकप्पियाण सउस्सग्गाववादो समो मग्गो, जो अजोग्गो जिणकप्पस्स तं मग्गं पडिवज्जइ सो दुद्धघडट्ठाणियं चारित्तं विराहिऊण कण्णगत्थाणीयाए सिद्धीए अणाभागी भवइ, जो पुण गीयत्थो दव्वखित्तकालभावावईसु जयणाए जयइ सो संजमं अविराधित्ता अचिरेण सिद्धिं पावेइ ३ । इयाणिं वारणाए विसभोयणतलाएण दिट्ठंतो–जहा एगो राया परचक्कागमं अदूरागयं च जाणेत्ता गामेसु दुद्धदधिभक्खभोज्जाइसु विसं पक्खिववावेइ, जाणि य मिट्ठ-पाणियाणि वावितलागाईणि तेसु य जे य रुक्खा पुप्फफलोवगा ताणिवि विसेण संजोएऊण अव्वक्कंतो, इयरो राया आगओ, सो तं विसभावियं जाणिऊण घोसावेइ खंधावारे–जो

છે. તે જિનકલ્પિક ભગવંતો સંઘયણ-ધૃતિથી સંપન્ન હોવાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવાપત્તિથી વિષમ એવા પણ આ માર્ગ ઉપર ઉત્સર્ગથી ચાલે છે. (અર્થાત્ આ માર્ગ સીધો હોવા છતાં ઘણી આપત્તિઓથી ભરેલો છે.)

જયારે સ્થવિરકલ્પિકોનો વાંકો=ફરીને જનારો હોવા છતાં ઉત્સર્ગાપવાદથી યુક્ત હોવાથી સમાન માર્ગ છે. જે સાધુ જિનકલ્પમાટે અયોગ્ય હોવા છતાં જિનકલ્પિકયોગ્ય સીધો માર્ગ સ્વીકારે છે, તે દૂધના ઘડાસ્થાનીય એવા ચારિત્રની વિરાધના કરીને કન્યાસ્થાનીય સિદ્ધિનો અનાભાગી થાય છે. જે ગીતાર્થ વળી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની આપત્તિઓને વિશે જયણાથી યત્ન કરે છે તે સંયમની વિરાધના કર્યા વિના જલદીથી સિદ્ધિને પામે છે. ॥૩॥

### ❖ વારણા ઉપર વિષભોજન-તળાવનું દૃષ્ટાન્ત ❖

હવે વારણાને વિશે વિષભોજન-તળાવનું દૃષ્ટાન્ત કહેવાય છે → એક રાજાએ શત્રુસૈન્ય ઘણું નજીક આવી ગયું છે એવું જાણીને ગામમાં દૂધ, દહીં, ભક્ષ્ય ભોજય વિગેરે જે કોઈ વસ્તુઓ હતી તેમાં વિષ નંખાવ્યું. અને જે મીઠા પાણીના વાવડી, તળાવ વિગેરે હતા, તેમાં તથા જે વૃક્ષો પુષ્પ અને ફલયુક્ત હતા તે વૃક્ષોને પણ વિષથી સંયુક્ત કરી પોતાના સ્થાને પાછો ફરે છે.

આ બાજુ શત્રુરાજા સૈન્ય સાથે આવ્યો. તે રાજાં પાણી વિગેરે બધું વિષથી ભાવિત જાણીને સ્કંધાવારમાં ઘોષણા કરાવે છે કે – "જે આ ભક્ષ્ય ભોજનોને, તળાવાદિમાં રહેલા મીઠા

५२. ते भगवन्तः संहननधृतिसंपन्ना द्रव्यक्षेत्रकालभावापद्विषममपि उत्सर्गेण व्रजन्ति, वक्रः स्थविरकल्पिकानां सोत्सर्गापवादः समो मार्गः, योऽयोग्यो जिनकल्पस्य तं मार्गं प्रतिपद्यते स दुग्धघटस्थानीयं चारित्रं विराध्य कन्यकास्थानीयायाः सिद्धेरनाभागी भवति, यः पुनर्गीतार्थो द्रव्यक्षेत्रकालभावापत्सु यतनया यतते स संयमं अविराध्याचिरेण सिद्धिं प्राप्नोति ३ । इदानीं वारणायां विषभोजनतटाकेन दृष्टान्तः-यथैको राजा परचक्रागममदूरागतं च ज्ञात्वा ग्रामेषु दुग्धदधिभक्ष्यभोज्यादिषु विषं प्रक्षेपयति, यानि च मिष्टपानीयानि वापीतटाकादीनि तेषु च ये च वृक्षाः पुष्पफलोपगास्तान्यपि विषेण संयोज्यापक्रान्तः, इतरो राजाऽऽगतः, स तं विषभावितं ज्ञात्वा घोषयति स्कन्धावारे-य

[५३]एयाणि भक्खभोज्जाणि तलागाईसु य मिट्ठाणि पाणियाणि एएसु य रुक्खेसु पुप्फफलाणि मिट्ठाणि उवभुंजइ सो मरइ, जाणि एयाणि खारकडुयाणि दुणापाणियाणि उवभुंजेह, जे तं घोसणं सुणित्ता विरया ते जीविया, इयरे मता, एसा दव्ववारणा भाववारणा( ए ) दिट्ठंतस्स उवणओ–एवमेव रायत्थाणीएहिं तित्थगरेहिं विसन्नपाणसरिसा विसयत्ति काऊण वारिया, तेसु जे पसत्ता ते बहूणि जम्मणमरणाणि पाविहिंति, इयरे संसाराओ उत्तरंति ४ । इयाणिं णियत्तीए दोण्हं कण्णयाणं पढमाए कोलियकण्णाए दिट्ठंतो कीरइ-एगम्मि णयरे कोलिओ, तस्स सालाए धुत्ता वुणंति, तत्थेगो धुत्तो महुरेण सरेण गायइ, तस्स कोलियस्स धूया तेण समं संपलग्गा, तेणं भण्णइ–नस्सामो जाव ण णज्जामुत्ति, सा भणइ–मम वयंसिया रायकण्णगा, तीए समं संगारो जहा दोहिवि एक्कभज्जाहि होयव्वंति, तोऽहं तीए विणा

પ્રાણીને તથા વૃક્ષો ઉપર રહેલા સ્વાદિષ્ટ પુષ્પફલોને ખાશે તે મરી જશે. પરંતુ જે આ કડવા અને ખારા ભોજનો તથા દુર્ગંધી પાણી છે તેને તમે વાપરજો." જેઓ તે ઘોષણાને સાંભળીને વિરક્ત થયા તે બચી ગયા. જે આસક્ત થયા તે મર્યા. રાજાની ઘોષણા તે દ્રવ્યવારણા જાણવી.

ભાવમાં દૃષ્ટાન્તનો ઉપનય આ પ્રમાણે જાણવો – એ જ પ્રમાણે રાજાસ્થાનીય એવા તીર્થંકરોએ વિષયુક્ત અન્ન-પાણ જેવા વિષયો હોવાથી નિષેધેલા છે. આ વિષયોમાં જે પ્રસક્ત થાય છે તે ઘણા જન્મ-મરણોને પામશે. જેઓ આસક્ત નહીં થાય તેઓ સંસારથી પાર ઉતરશે. ॥૪॥

### ❖ નિવૃત્તિ ઉપર પ્રથમકન્યાનું દૃષ્ટાન્ત ❖

હવે નિવૃત્તિને વિશે બે કન્યાઓમાંથી પ્રથમ વણકરની કન્યાવડે દૃષ્ટાન્ત કરાય છે – એક નગરમાં વણકર રહે છે. તેની શાળામાં ધૂર્તો વસ્ત્ર તૈયાર કરે છે. તેમાં એક ધૂર્ત મધુર સ્વરવડે ગાય છે. તે વણકરની કન્યા આ ધૂર્ત ઉપર આસક્ત થાય છે. ધૂર્તે કહ્યું – "આપણે ખબર પડે તે પહેલાં ભાગી જઈએ." કન્યાએ કહ્યું – "મારી બહેનપણી રાજકન્યા છે. તેની સાથે મેં સંકેત કર્યો છે કે આપણે બંને એકની જ પત્ની બનીશું. તેથી હું તેના વિના આવીશ નહીં." ધૂર્તે

५३. एतानि भक्ष्यभोज्यानि तडाकादिषु च मिष्टानि पानीयानि एतेषु च वृक्षेषु पुष्पफलानि मिष्टानि उपभुङ्क्ते स म्रियते, यान्येतानि क्षारकटुकानि दुर्गन्धिपानीयानि ( तानि ) उपभुङ्क्ष्व, ये तां घोषणां श्रुत्वा विरतास्ते जीविताः, इतरे मृताः, एषा द्रव्यवारणा, भाववारणा( यां ), दृष्टान्तस्योपनयः-एवमेव राजस्थानीयैस्तीर्थकरैर्विषान्नपानसदृशा विषया इतिकृत्वा वारिताः, तेषु ये प्रसक्तास्ते बहूनि जन्ममरणानि प्राप्स्यन्ति, इतरे संसारात् उत्तरन्ति ४ । इदानीं निवृत्तौ द्वयोः कन्ययोः प्रथमया कोलिककन्यया दृष्टान्तः क्रियते-एकस्मिन्नगरे कोलिकः, तस्य शालायां धूर्ता वयन्ति, तत्रैको धूर्तो मधुरेण स्वरेण गायति, तस्य कोलिकस्य दुहिता तेन समं संप्रलग्ना, तेन भण्यते-नश्यावो यावन्न ज्ञायावहे इति, सा भणति-मम वयस्या राजकन्या, तया समं संकेतो यथा द्वाभ्यामप्येकभार्याभ्यां भवितव्यमिति, तदहं तया विना

[54]ण वच्चामि, सो भणइ–सावि आणिज्जउ, तीए कहियं, पडिस्सुयं चऽणाए, पहाविया महल्लए पच्चूसे, तत्थ केणवि उग्गीयं–'जइ फुल्ला कणियारया चूयय ! अहिमासमयंमि घुट्ठंमि । तुह न खमं फुल्लेउं जइ पच्चंता करिंति डमराइं ॥१॥' रूपकम्, अस्य व्याख्या–यदि पुष्पिताः के ?–कुत्सिताः कर्णिकाराः–वृक्षविशेषाः कर्णिकारकाः चूत एव चूतकः, संज्ञायां कन्, तस्यामन्त्रणं हे चूतक ! अधिकमासे 'घोषिते' शब्दिते सति तव 'न क्षमं' न समर्थं न युक्तं पुष्पितुं, यदि 'प्रत्यन्तका' नीचकाः 'कुत्सायामेव कन्' कुर्वन्ति 'डमरकानि' अशोभनानि, ततः किं त्वयाऽपि कर्तव्यानि ?, नैष सतां न्याय इति भावार्थः ॥१॥ [55]एवं च सोउं रायकण्णा चिंतेइ–एस चूओ वसंतेण उवालद्धो, जइ कणियारो रुक्खाण अंतिमो पुप्फिओ ततो तव किं पुप्फिएण उत्तिमस्स ?, ण तुमे अहियमासघोसणा सुया ?, अहो ! सुट्ठु भणियं–जइ कोलिगिणी एवं करेइ तो किं मएवि कायव्वं ?, रयणकरंडओ वीसरिउत्ति एएण छलेण पडिनियत्ता, तद्दिवसं च सामंतरायपुत्तो दाइयविप्परद्धो तं रायाणं सरणमुवगओ,

કહ્યું – "તેને પણ બોલાવી લે." કન્યાએ રાજકન્યાને વાત કરી. અને રાજકન્યાએ ભાગી જવાનું સ્વીકાર્યું. વહેલી સવારે ત્રણે ભાગ્યા.

રસ્તામાં કોઈએ ગીત ગાયું કે – "जइ फुल्ला.... આની વ્યાખ્યા → અધિકમાસની ઘોષણા થતાં (અર્થાત્ બે ચૈત્રમાસ આવે ત્યારે પ્રથમ ચૈત્રમાસમાં) જો કર્ણિકારનામના હલકી જાતિના વૃક્ષવિશેષો પુષ્પિત થતાં હોય એટલા માત્રથી હે આંબા ! તારે પુષ્પિત થવાની જરૂર નથી. (કારણ કે ઉત્તમવૃક્ષો યોગ્ય સમયે જ પુષ્પિત થાય છે.) એ જ રીતે જો નીચ લોકો અશોભન કાર્ય કરે તો તારે પણ શું તે અશુભકાર્યો કરવાના ? (નહીં જ કરવાના કારણ કે) ઉત્તમોનો આ ન્યાય નથી.

આ પ્રમાણેની વાતો સાંભળીને રાજકન્યા વિચારે છે કે "વસન્તઋતુ આ આંબાને ઠપકો આપે છે કે - જો વૃક્ષોમાં સૌથી હીન એવો કર્ણિકાર પુષ્પિત થતો હોય તેટલા માત્રથી ઉત્તમ એવા તારે પુષ્પિત થવાની શી જરૂર છે ? શું આ અધિકમાસની ઘોષણા તે સાંભળી નહીં ? (અર્થાત્ આ તો અધિકમાસ છે તે શું તને ખબર નથી ? કે જેથી અત્યારે તું પુષ્પિત થાય છે.) અહો ! કેવી સત્ય વાત છે કે જો વણકરની દીકરી ભાગવા જેવું અકાર્ય કરે એટલા માત્રથી શું મારે પણ આ રીતે ભાગી જવું જોઈએ ? (અર્થાત્ ન ભાગવું જોઈએ.)"

"અરે ! હું તો રત્નનો કરંડિયો ભૂલી ગઈ છું તેથી હમણાં લઈને આવું" એવા બહાનાથી તે રાજકન્યા પાછી ફરી. તે જ દિવસે સામન્તરાજાનો દીકરો પોતાના રાજ્યમાં પિતાની

५४. न व्रजामि, स भणति-साऽप्यानीयतां, तया कथितं, प्रतिश्रुतं चानया, प्रधाविता महति प्रत्यूषे, तत्र केनाप्युद्गीतं । ५५. एवं च श्रुत्वा राजकन्या चिन्तयति-एष चूतो वसन्तेनोपालब्धः, यदि कर्णिकारो वृक्षाणामन्त्यः पुष्पितस्ततस्तव किं पुष्पितेनोत्तमस्य ? न त्वयाऽधिकमासघोषणा श्रुता ?, अहो सुष्ठु भणितं-यदि कोलिकी एवं करोति तदा किं मयाऽपि कर्त्तव्यं ?, रत्नकरण्डको विस्मृत इत्येतेन छलेन प्रतिनिवृत्ता, तद्दिवसे च सामन्तराजपुत्रो दायादधाटितस्तं राजानं शरणमुपगतः,

[५६]रण्णा य से सा दिण्णा, इट्ठा जाया, तेण ससुरसमग्गेण दाइए णिज्जिऊण रज्जं लद्धं, सा से महादेवी जाया, एसा दव्वणियत्ती, भावणियत्तीए दिट्ठंतस्स उवणओ–कण्णगत्थाणीया साहू धुत्तत्थाणीएसु विसएसु आसज्जमाणा गीतत्थाणीएण आयरिएण जे समणुसिट्ठा णियत्ता ते सुगइं गया, इयरे दुग्गइं गया । बितियं उदाहरणं दव्वभावणियत्तणे–एगंमि गच्छे एगो तरुणो गहणधारणासमत्थोत्तिकाउं तं आयरिया वट्टाविंति, अण्णया सो असुहकम्मोदएण पडिगच्छामित्ति पहाविओ, णिगच्छंतो य गीतं सुणेइ, तेण मंगलनिमित्तं उवओगो दिन्नो, तत्थ य तरुणा सूरजुवाणा इमं साहिणियं गायंति–

*"तरियव्वा य पइण्णा★ मरियव्वं वा समरे समत्थएणं ।*
*असरिसजणउल्लावा न हु सहियव्वा कुलपसूयएणं ॥१॥"*

अस्याक्षरगमनिका–'तरितव्या वा' निर्वोढव्या वा प्रतिज्ञा मर्तव्यं वा समरे समर्थेन,

સંપત્તિઓના ભાગીદાર એવા જે ભાઈઓ હતા તેનાથી હેરાન થયેલો તે રાજાના શરણે આવેલો હતો. (કે જેથી તે રાજાની મદદથી પોતાનું રાજ્ય પાછું મેળવી શકે.) રાજાએ પોતાની કન્યા આ સામન્તરાજાના દીકરા સાથે પરણાવી. તે પ્રિય બની. સામન્તરાજાના પુત્રએ આ રાજાના=સસરાના બલથી ભાઈઓને હરાવીને રાજ્ય પ્રાપ્ત કર્યું અને બધી રાણીઓમાં આ રાજાની કન્યાને મહાદેવી બનાવી. રાજકન્યાનું પાછું ફરવું તે દ્રવ્યનિવૃત્તિ હતી.

ભાવનિવૃત્તિમાં દૃષ્ટાન્તનો ઉપનય જાણવો → કન્યાસ્થાનીય એવા સાધુઓ કે જેઓ ધૂર્તસ્થાનીય વિષયોમાં આસક્ત થયેલા અને ગીતસ્થાનીય (અર્થાત્ "जइ फुल्ला..." વિગેરે ગીત ગાનાર ગાયક સમાન) એવા આચાર્યવડે જેઓ સમજાવાયેલા વિષયોથી નિવૃત્ત થયા તેઓ સદ્ગતિને પામ્યા. પરંતુ જેઓ નિવૃત્ત ન થયા તેઓ દુર્ગતિમાં ગયા.

### ❖ દ્રવ્ય-ભાવથી નિવર્તનમાં બીજું દૃષ્ટાન્ત ❖

એક ગચ્છમાં એક તરુણ સાધુ ગ્રહણ-ધારણામાં સમર્થ હોવાથી આચાર્ય તેની કાળજી કરે છે. એકવાર અશુભકર્મના ઉદયે 'હું દીક્ષા છોડીને જતો રહું' એવા વિચારથી તે ગચ્છમાંથી નીકળ્યો. જતા તે રસ્તામાં ગીત સાંભળે છે. (સંગીત મંગલનું કારણ હોવાથી) મંગલનિમિત્તે તે ગીતમાં તે ઉપયોગ મૂકે છે. તેમાં ત્યાં શૂરવીર એવા યુવાનો આ પ્રમાણેનું ગીત ગાતા હતા- "तरियव्वा य...." આનો અક્ષરાર્થ → સમર્થ વ્યક્તિએ કાં તો પ્રતિજ્ઞા પૂર્ણ કરવી, કાં તો

५६. राज्ञा च तस्मै सा दत्ता, इष्टा जाता, तेन श्वशुरसमग्रेण दायादान् निर्जित्य राज्यं लब्धं, सा तस्य महादेवी जाता, एषा द्रव्यनिवृत्तिः । भावनिवृत्तौ दृष्टान्तस्योपनयः-कन्यास्थानीयाः साधवः धूर्त्तस्थानीयेषु विषयेषु आसजमाना गीतस्थानीयेनाचार्येण ये समनुशिष्टा निवृत्तास्ते सुगतिं गताः, इतरे दुर्गतिं गताः । द्वितीयमुदाहरणं द्रव्यभावनिवर्त्तने-एकस्मिन् गच्छे एकस्तरुणो ग्रहणधारणासमर्थ इतिकृत्वा तमाचार्या वर्त्तयन्ति, अन्यदा सोऽशुभकर्मोदयेन प्रतिगच्छामीति प्रधावितः, निर्गच्छंश्च गीतं शृणोति, तेन मङ्गलनिमित्तमुपयोगो दत्तः, तत्र च तरुणाः शूरयुवान इमां गीतिकां गायन्ति- ★ ०ण्णिया - प्रत्य०

असदृशजनोल्लापा नैव सोढव्याः कुले प्रसूतेन, तथा केनचिन्महात्मनैतत्संवाद्युक्तं-

*"लज्जां गुणौघजननीं जननीमिवाऽऽर्यामत्यन्तशुद्धहृदयामनुवर्तमानाः ।*
*तेजस्विनः सुखमसूनपि संत्यजन्ति, सत्यस्थितिव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥१॥"*

गीँतियाए भावत्थो जहा-केइ लद्धजसा सामिसंमाणिया सुभडा रणे पहारओ विरया भज्जमाणा एगेण सपक्खजसावलंबिणा अप्फालिया-ण सोहिस्सह पडिप्पहरा गच्छमाणत्ति, तं सोउं पडिनियत्ता, ते य पट्ठिया पडिया पराणीए, भग्गं च तेहिं पराणीयं, सम्माणिया य पहुणा, पच्छा सुभडवायं सोभंति वहमाणा, एतं गीयत्थं सोउं तस्स साहुणो चिंता जाया-एमेव संगामत्थाणीया पव्वज्जा, जइ तओ पराभज्जामि तो असरिसजणेण हीलिस्सामि-एस समणगो पच्चोगलिओत्ति, पडिनियत्तो आलोइयपडिक्कंतेण आयरियाण इच्छा पडिपूरिया

---

યુદ્ધમાં મરી જવું, પરંતુ ઉત્તમકુલમાં જન્મેલ વ્યક્તિએ હીનલોકોના વચનો સહન કરવા નહીં. ॥૧॥

તથા કોઈ મહાત્માએ પણ આ અર્થને જ જણાવતા એવા વાક્યો બીજી પદ્ધતિથી કહ્યા છે – ગુણોના સમૂહને ઉત્પન્ન કરનારી, માતા જેવી પૂજ્ય અને અત્યંત શુદ્ધ હૃદય છે જેનું, એવી લજ્જાને અનુસરનારા એવા તેજસ્વિઓ સુખપૂર્વક પોતાના પ્રાણોને પણ છોડે છે પરંતુ સત્યમાં સ્થિતિના વ્યસનીઓ (અર્થાત્ સત્યનો જ પક્ષ લેનારા) ક્યારેય પ્રતિજ્ઞાને છોડતા નથી. ॥૧॥ આ શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે – કેટલાક યશને પ્રાપ્ત કરેલા, સ્વામીથી સંમાનિત થયેલા એવા સુભટો રણમેદાનમાં પ્રહાર કરવાથી થાકેલા અને માટે રણ છોડીને પાછા જતાં હતા ત્યારે પોતાના પક્ષના જ યશનું આલંબન લેનારા સુભટે આ સુભટોને જગાડ્યા કે – "પ્રતિપ્રહારને પામતા તમે શોભશો નહીં (અર્થાત્ શત્રુઓના પ્રહારથી પાછા જતા તમે તમારા નગરમાં શોભાને પામશો નહીં.)"

આ સાંભળીને તે બધા સુભટો પાછા યુદ્ધ મેદાન તરફ વળ્યા. શત્રુસૈન્ય ઉપર તૂટી પડ્યા. તેઓએ શત્રુસૈન્યને ભાંગી નાખ્યું. રાજાએ તેઓનું સન્માન કર્યું. પાછળથી સુભટવાદને (યશને) વહન કરતા તે સુભટો શોભે છે. આ પ્રમાણેના ગીતના અર્થને સાંભળીને તે સાધુને વિચાર આવ્યો કે – "આ જ પ્રમાણે સંગ્રામસ્થાનીય પ્રવ્રજ્યા છે, જો તેને હું છોડીને સંસારમાં જઈશ તો હીનલોકો મારી હીલના=તિરસ્કાર કરશે કે – "જુઓ આ શ્રમણ કે જે પાછો આવ્યો." આમ વિચારી તે સાધુ પાછો ફર્યો અને આલોચના તથા પ્રતિક્રમણ કરીને આચાર્યની

---

૫૭. गीतिकाया भावार्थो यथा-केचिल्लब्धयशसः स्वामिसन्मानिताः सुभटा रणे प्रहारतो विरता नश्यन्त एकेन स्वपक्षयशोऽवलम्बिना स्खलिताः-न शोभिष्यथ प्रतिप्रहारं गच्छन्त इति, तच्छ्रुत्वा प्रतिनिवृत्ताः, ते च प्रस्थिताः पतिताः परानीके, भग्नं च तैः परानीकं, सन्मानिताश्च प्रभुणा, पश्चात् । शोभन्ते सुभटवादं वहमानाः, एनं गीतिकार्थं श्रुत्वा तस्य साधोश्चिन्ता जाता-एवमेव संग्रामस्थानीया प्रव्रज्या, यदि ततः पराभज्ये तदाऽसदृशजनेन हील्ये-एष श्रमणकः प्रत्यवगलित इति, प्रतिनिवृत्त आलोचितप्रतिक्रान्तेनाचार्याणामिच्छा प्रतिपूरिता ५ ।

५ । इयाणिं[५८] णिंदाए दोण्हं कणगाणं बिइया कण्णगा चित्तकरदारिया उदाहरणं कीरइ- एगंमि णयरे राया अण्णेसिं राइणं चित्तसभा अत्थि मम णत्थित्ति जाणिऊण महइमहालियं चित्तसभं कारेऊण चित्तकरसेणीए समप्पेइ, ते चित्तेन्ति, तत्थेगस्स चित्तगरस्स धूया भत्तं आणेइ, राया य रायमग्गेण आसेण वेगप्पमुक्केण एइ, सा भीया पलाया किहमवि फिडिया गया, पियावि से ताहे सरीरचिंताए गओ, तीए तत्थ कोट्टिमे वण्णएहिं मोरपिच्छं लिहियं, रायावि तत्थेव एगाणिओ चंकमणियाओ करेति, सावि अण्णचित्तेण अच्छइ, राइणो तत्थ दिट्ठी गया, गिण्हामित्ति हत्थो पसारिओ, णहा दुक्खाविया, तीए हसियं, भणियं चऽणाए– तिहि पाएहिं आसंदओ ण ठाइ जाव चउत्थं पायं मग्गंतीए तुमंसि लद्धो, राया पुच्छइ–

---

ઇચ્છા પૂર્ણ કરી. ॥૫॥

### ❖ નિંદા ઉપર બીજીકન્યાનું દૃષ્ટાન્ત ❖

હવે નિંદાને વિશે બે કન્યામાંથી બીજી કન્યા તરીકે ચિત્રકારની પુત્રીનું ઉદાહરણ કરાય છે. બીજા રાજાઓ પાસે ચિત્રસભા છે જ્યારે મારી પાસે નથી એવું જાણીને એક નગરનો રાજા મોટામાં મોટી ચિત્રસભાને કરાવીને ચિત્રકારોના સમૂહને (ચિત્ર બનાવવા) સોંપે છે. ચિત્રકારો ચિત્રસભાને ચિત્રે છે. તેમાં એક ચિત્રકારની દીકરી ભોજન લઈને આવે છે. ત્યારે રાજા રાજમાર્ગે વેગવાળા ઘોડા સાથે પસાર થાય છે. તે ડરેલી બાજુમાં ખસીને કોઈપણ રીતે પોતાની જાતને બચાવે છે. (ઘોડાની અડફેટમાં આવતાં-આવતાં માંડ બચીને પોતાના પિતા પાસે ભોજન લઈને ઉપસ્થિત થાય છે.) તે વેળાએ તેના પિતા શરીરચિંતા માટે બહાર ગયા હોય છે.

તેથી સમયને પસાર કરતી તેણીએ ત્યાં દિવાલ ઉપર પીંછીવડે મોરના પીંછાનું ચિત્ર દોર્યું. રાજા પણ ત્યાં આવીને એકલો ચિત્રસભામાં આંટા મારે છે. તે પણ બીજા કાર્યમાં ચિત્ત રાખીને બેઠી હોય છે. એવામાં રાજાની દૃષ્ટિ તે મોરપીંછના ચિત્ર ઉપર પડી. (સાક્ષાત્ મોરપીંછ છે એવું સમજીને) રાજાએ હું આ લઉં એવા વિચારથી હાથ લંબાવ્યો. પરંતુ તેના નખો દિવાલ સાથે અથડાવવાથી દુઃખવા લાગ્યા. આ જોઈને તે ચિત્રકારની દીકરી હસવા લાગી. તેણીએ કહ્યું – "ત્રણ પગોવડે પલંગ ('मुक्खासणं' इति चूर्णौ) ઊભો રહી શકે નહીં. (અર્થાત્ ત્રણ મૂર્ખાઓ તો મને મળ્યા.) ચોથા પગને શોધતી મને તું મળ્યો."

---

५८. इदानीं निन्दायां द्वयोः कन्ययोर्द्वितीया कन्यका चित्रकरदारिको-दाहरणं क्रियते-एकस्मिन् नगरे राजा अन्येषां राज्ञां चित्रसभाऽस्ति मम नास्तीति ज्ञात्वा महातिमहालयां चित्रसभां कारयित्वा चित्रकरश्रेण्यै समर्पयति, ते चित्रयन्ति, तत्रैकस्य चित्रकरस्य दुहिता भक्तमानयति, राजा च राजमार्गेणाश्वेन धावता याति, सा भीता पलायिता कथमपि छुटिता गता, पिताऽपि तस्यास्तदा शरीरचिन्तायै गतः, तया तत्र कुट्टिमे वर्णकैर्मयूरपिच्छं लिखितं, राजाऽपि तत्रैवैकाकी चङ्क्रमणिकाः करोति, साप्यन्यचित्तेन तिष्ठति, राज्ञस्तत्र दृष्टिर्गता, गृह्णामीति हस्तः प्रसारितः, नखा दुःखिताः, तया हसितं, भणितं, चानया-त्रिभिः पादैरासन्दको न तिष्ठति यावच्चतुर्थं पादं मार्गयन्त्या त्वमसि लब्धः, राजा पृच्छति-, + गयागयाइं प्र०।

[५९] किहत्ति ?, सा भणइ-अहं च पिउणो भत्तं आणेमि, एगो य पुरिसो रायमग्गे आसेण वेगप्पमुक्केण एइ, ण से विण्णाणं किहवि कंचि मारिज्जामित्ति, तत्थाहं सएहिं पुण्णेहिं जीविया, एस एगो पाओ, बिइओ पाओ राया, तेण चित्तकराणं चित्तसभा विरिक्का, तत्थ इक्किक्के कुडुंबे बहुआ चित्तकरा मम पिया इक्कओ, तस्सवि तत्तिओ चेव भागो दिन्नो, तइओ पाओ मम पिया, तेण राउलियं चित्तसभं चित्तंतेण पुव्वविढत्तं णिड्डवियं, संपइ जो वा सो वा आहारो सो य सीयलो केरिसो होइ ?, तो आणीए सरीरचिंताए जाइ, राया भणइ-अहं किह चउत्थो पाओ ?, सा भणइ-सव्वोवि ताव चिंतेइ-कुतो इत्थ आगमो मोराणं ?, जइवि ताव आणितिल्लयं होज्ज तोवि ताव दिट्ठीए णिरिक्खिज्जइ, सो भणइ-सच्चयं मुक्खो, राया गओ, पिउणा जिमिए सा घरं गता, रण्णा वरगा पेसिया,

રાજાએ પૂછ્યું – "કેવી રીતે ?" તેણે કહ્યું - "હું પિતા માટે ભોજન લઈને આવતી હતી, ત્યારે એક પુરુષ રાજામાર્ગે વેગવાળા ઘોડા સાથે નીકળ્યો. પરંતુ તેને એટલું પણ જ્ઞાન નથી કે કોઈક રીતે કોઈને હું મારી નાંખીશ. આ તો હું મારા પુણ્યથી બચી ગઈ." આ પુરુષ પહેલો પાયો (મૂર્ખો) જાણવો. બીજો પાયો રાજા જાણવો. રાજાએ ચિત્રકારોને ચિત્રસભા સોંપી. પરંતુ તે દરેક કુટુંબમાં ઘણા ચિત્રકારો છે, જ્યારે મારા ઘરમાં એકલા પિતા જ ચિત્રકાર છે છતાં રાજાએ બીજાની જેમ મારા પિતાને પણ ચિત્રસભાનો તેટલો જ ભાગ ચિત્રકાર્ય માટે આપ્યો છે (ખરેખર તો ઓછો આપવો જોઈતો હતો. માટે રાજાની આ મૂર્ખાઈ છે.)

ત્રીજો પાયો (મૂર્ખો) મારા પિતા છે. તેમણે રાજકુલની ચિત્રસભાને ચિતરવામાં પૂર્વે ભેગું કરેલું બધું ધન ખર્ચી નાંખ્યું. હવે જેવો તેવો આહાર બનાવીને લાવી છું. અને તે પણ ઠંડો થયા પછી કેવો થાય ? હું લઈને આવી ત્યારે શરીરચિંતા માટે તેઓ ગયા. (એના બદલે પહેલા આહાર વાપરી લીધો હોત તો સારું થાત. માટે મારા પિતા પણ મૂર્ખા છે.)

રાજા પૂછે છે – "હું ચોથો પાયો (મૂર્ખો) કેવી રીતે ?" ચિત્રકારપુત્રીએ કહ્યું – "કોઈપણ વ્યક્તિ પહેલાં વિચારે કે અહીં વળી મોરનો પ્રવેશ ક્યાંથી થાય ? છતાં કોઈક રીતે મોર આવી જાય તો પણ મોરના પીંછાને લેતા પહેલાં દૃષ્ટિથી જોવું જોઈએ (આમ જોયા વિના જ લેવા ગયા માટે તમે મૂર્ખા છો.)" રાજાએ કહ્યું – "સાચી વાત હું મૂર્ખો જ છું." રાજા ત્યાંથી

५९. कथमिति ?, सा भणति-अहं च पित्रे भक्तमानयामि (यन्त्यभूत् तदा) एकश्च पुरुषो राजमार्गेऽश्वेन धावताऽऽयाति (यान्नभूत्), न तस्य विज्ञानं कथमपि कञ्चित् मारयिष्यामीति, तत्राहं स्वकैः पुण्यैर्जीविता, एष एकः पादः, द्वितीयः पादो राजा, तेन चित्रकरेभ्य-श्चित्रसभा विरिक्ता, तत्रैकैकस्मिन् कुटुम्बे बहुकाश्चित्रकरा मम पितैकाकी, तस्मायपि तावानेव भागो दत्तः, तृतीयः पादो मम पिता, तेन राजकुलीनां चित्रसभां चित्रयता पूर्वार्जितं निष्ठितं, सम्प्रति यो वा स वाऽऽहारः स च शीतलः कीदृशो भवति ?, त(य)दाऽऽनीते शरीरचिन्तायै याति, राजा भणति-अहं कथं चतुर्थः पादः, सा भणति-सर्वोऽपि तावच्चिन्तयति-कुतोऽत्रागमो मयूराणां ?, यद्यपि तावदानीतो भवेत् तदापि तावद्दृष्ट्या निरीक्ष्यते, स भणति-सत्यं मूर्खः, राजा गतः, पितरि जिमिते सा गृहं गता, राज्ञा वरकाः प्रेषिताः,

[६०]तीए पियामाया भणिया–देह ममंति, भण्णइ य अम्हे दरिद्दाणि किह रण्णो सपरिवारस्स पूयं काहामो ? दव्वस्स से रण्णा घरं भरियं, दासी यऽणाए सिक्खाविया–ममं रायाणं संवाहिंती अक्खाणयं पुच्छिज्जासि, जाहे राया सोउकामो ( ताहे दासी भणति– ) जा सामिणि राया पवट्टइ किंचि ताव अक्खाणयं कहेहि, भणइ–कहेमि, एगस्स धूया, अलंघणिज्जा य जुगवं तिन्नि वरगा आगया, दक्खिण्णेणं मातिभातिपितीहि तिण्हवि दिण्णा, जणत्ताओ★ आगयाओ, सा य रत्तिं अहिणा खइया मया, एगो तीए समं दड्ढो, एगो अणसणं बइट्ठो+,

નીકળી ગયો. પિતાના જમ્યા પછી દીકરી ઘરે ગઈ. રાજાએ (વિવાહ માટે દીકરીની માંગણી કરવા) વરકો મોકલ્યા. દીકરીએ માતા-પિતાને કહ્યું – "મને રાજાને આપો."

અને વરકોને કહ્યું – "અમે ગરીબ લોકો સપરિવાર રાજાની પૂજા કેવી રીતે કરીશું ?" રાજાએ તેઓના ઘરમાં પુષ્કળ ધન ભરાવ્યું. (રાજા સાથે દીકરીના લગ્ન કરાવ્યા. રાજમહેલમાં આવ્યા પછી બન્યું એવું કે ઘણી બધી રાણીઓ હોવાથી વારાફરતી રાજા બધી રાણીઓ સાથે રાત્રિવાસ કરતો. તેથી ચિત્રકારપુત્રીએ રાજા રોજ રાત્રિએ પોતાની પાસે જ આવે એવી એક યુક્તિ શોધી કાઢી. તે યુક્તિ પ્રમાણે) ચિત્રકારપુત્રીએ દાસીને શીખવાડી રાખ્યું કે – "જ્યારે હું રાજાના પગાદિ દબાવતી હોઉં ત્યારે હે દાસી ! તારે મને એક વાર્તા પૂછવી."

(યુક્તિ પ્રમાણે રાત્રિના સમયે રાજાના પગ દબાવતી વેળાએ) જ્યારે રાજા સુવાની ઇચ્છાવાળો થયો ત્યારે દાસીએ પુત્રીને કહ્યું કે – "હે સ્વામિનિ ! રાજાજી જ્યાં સુધી જાગે છે ત્યાં સુધી કોઈક વાર્તા કહોને." પુત્રીએ કહ્યું – "કહું છું – એકને દીકરી હતી અને તે અલંઘનીય (=કોઈ એને હરાવી શકે નહીં એવી ચતુર) હતી. બન્યું એવું કે એક સાથે ત્રણ જણાની તેના લગ્ન માટેની માંગણી આવી. દાક્ષિણ્ય ભાવને કારણે માતા-ભાઈ અને પિતાએ ત્રણેની સાથે તેણીનાં લગ્ન નક્કી કરી દીધા.

ત્રણે કુટુંબના જાનૈયાઓ આવી ગયા. ત્યાં પણ બન્યું એવું કે રાત્રિના સમયે સાપે તેણીને ડંખ માર્યો અને તે મરી ગઈ. ત્રણ પુરુષોમાંથી એક તેની સાથે જ બળ્યો. (અર્થાત્ પુત્રીના મરવાને કારણે બીજા દિવસે તેણીને ચિતા ઉપર મૂકી. તે સમયે વિરહ સહન ન થવાથી એક પુરુષ તેની સાથે જ બળી ગયો.) બીજાએ વિરહ સહન ન થવાથી અનશન સ્વીકાર્યું. જ્યારે

६०. तया मातापितरौ भणितौ-दत्तं मह्यमिति, भणितवन्तौ-वयं दरिद्राः कथं राज्ञः सपरिवारस्य पूजां कुर्मः ?, द्रव्येण तस्य राज्ञा गृहं भृतं, दासी चानया शिक्षिता-मां राजानं संबाहयन्त्याख्यानकं पृच्छेः, यदा राजा स्वपितुकामः ( तदा दासी भणति ) यावत्स्वामिनि ! राजा प्रवर्त्तते किञ्चित्तावदाख्यानकं कथय, भणति-कथयामि, एकस्य दुहिता, अलङ्घनीयाश्च युगपत्त्रयो वरका आगताः, दाक्षिण्येन मातृभ्रातृपितृभिस्त्रिभ्योऽपि दत्ता, जनता आगताः, सा च रात्रावहिना दष्टा मृता, एकस्तया समं दग्धः, एकोऽनशनमुपविष्टः,

★ जण्णत्ताओ प्र०, + पइट्ठो प्र०, ( ) कोष्ठकमध्यवर्ती पाठः चूर्णावधिकः ।

[६१]एगेण देवो आराहिओ, तेण संजीवणो मंतो दिण्णो, उज्जीवाविया, ते तिण्णिवि उवट्ठिया, कस्स दायव्वा ?, किं सक्का एक्का दोण्हं तिण्हं वा दाउं ? तो अक्खाहत्ति, भणइ– निद्दाइया सुवामि, कल्लं कहेहामि, तस्स अक्खाणयस्स कोउहल्लेणं बितियदिवसे तीसे चेव वारो आणत्तो, ताहे सा पुणो पुच्छइ, भणइ–जेण उज्जियाविया सो पिया, जेण समं उज्जीवाविया सो भाया, जो अणसणं बइट्ठो तस्स दायव्वत्ति, सा भणइ–अण्णं कहेहि, सा भणइ–एगस्स राइणो सुवण्णकारा भूमिघरे मणिरयणकउज्जोया अणिग्गच्छंता अंतेउरस्स

---

ત્રીજાએ દેવની આરાધના કરીને દેવને પ્રસન્ન કર્યો. પ્રસન્ન થયેલા દેવે તેને સંજીવનમંત્ર આપ્યો. તે મંત્રના પ્રભાવથી પુત્રી અને તેની સાથે બળેલા તે પુરુષને પુનઃ જીવિત કરવામાં આવ્યા.

ત્રણે ફરી પાછા લગ્ન માટે ઉપસ્થિત થયા. આ ત્રણમાંથી કોને આપવી ? (એ રીતનો પ્રશ્ન ચિત્રકારપુત્રી દાસી અને રાજાને પૂછે છે. અને કહે છે –) શું એક એવી પુત્રી બે અથવા ત્રણ પુરુષને આપવી શક્ય છે ? (અર્થાત્ નથી, તો કોને આપવી ?) દાસી અને રાજા ઘણું વિચારે છે પરંતુ જવાબ આપી શકવામાં સમર્થ ન થવાથી દાસી કહે છે –) "તો તમે જ કહોને કોને આપવી ?" ત્યારે ચિત્રકારપુત્રી કહે છે – "અત્યારે હું નિદ્રાથી દુઃખી થઈ છું (અર્થાત્ મને ઘણી ઊંઘ આવે છે. તેથી) હું સુઈ જાઉં છું. આવતીકાલે જવાબ આપીશ." તે વાર્તાના કુતુહલથી બીજા દિવસે પણ ચિત્રકારપુત્રીનો જ વારો નક્કી કર્યો. (અર્થાત્ બીજા દિવસે પણ રાજાએ આ જ રાણી સાથે રાત્રિવાસ કર્યો.)

(બીજા દિવસે રાત્રિએ રાજા ચિત્રકારપુત્રી પાસે ગયો.) ત્યારે દાસી ફરીથી પૂછે છે. એટલે તે કહે છે કે – "ત્રણ પુરુષમાંથી દેવની આરાધનાથી પ્રાપ્ત મંત્રદ્વારા જેણે તેને જીવતી કરી (એટલે કે નવો જન્મ આપ્યો) તે તેનો પિતા કહેવાય. જે પુરુષ સાથે બળી મર્યો હતો. તેની સાથે જ પુત્રીને જીવતી કરી હોવાથી (=બંને સાથે જ નવો જન્મ પામ્યા હોવાથી) તે પુરુષ તેનો ભાઈ કહેવાય. તેથી જે અનશનમાં બેઠો હતો તેને આ પુત્રી દેવા યોગ્ય છે."

(રાજાને જવાબ મળી ગયો. પરંતુ ત્રીજા દિવસે પણ રાજા પોતાની પાસે જ રાત્રિએ આવે એવી યુક્તિ કરી હોવાથી) દાસીએ કહ્યું – "હે સ્વામિનિ ! બીજી વાર્તા કહોને." ચિત્રકારપુત્રીએ બીજી વાર્તા કરવાનું ચાલુ કર્યું – આ રાજાને ત્યાં સોનીઓ ભોયરામાંથી બહાર નીકળ્યા વિના (દિવસ-રાત ત્યાં જ રહીને) મણિ-રત્નોના પ્રકાશમાં અંતઃપુર માટે આભરણો ઘડે

---

६१. एकेन देव आराद्धः, तेन संजीवनो मन्त्रो दत्तः, उज्जीविता, ते त्रयोऽपि उपस्थिताः, कस्मै दातव्या ?, किं शक्या एका द्वाभ्यां त्रिभ्यो वा दातुं, तदाख्याहि, भणति-निद्रार्ता स्वपीमि, कल्ये कथयिष्यामि, तस्याख्यानिकस्य कौतूहलेन द्वितीयदिवसे तस्यायेव वारो दत्तः, तदा सा पुनः पृच्छति, भणति-येनोज्जीविता स पिता, येन सममुज्जीविता स भ्राता, योऽनशनं प्रविष्टस्तस्मै दातव्येति, सा भणति-अन्यद् कथय, सा भणति-एकस्य राज्ञः सुवर्णकारा भूमिगृहे मणिरत्नकृतोद्योता अनिर्गच्छन्तोऽन्तःपुरात्

[६२] आभरणगाणि घडाविज्जंति, एगो भणइ–का उण वेला वट्टइ ?, एगो भणइ–रत्ती वट्टइ, सो कहं जाणइ ?, जो ण चंदं ण सूरं पिच्छइ, तो अक्खाहि, सा भणइ–णिद्दाइया, बितियदिणे कहेइ–सो रत्तिअंधत्तणेण जाणइ, अण्णं अक्खाहित्ति, भणइ–एगो राया तस्स दुवे चोरा उवट्ठिया, तेण मंजूसाए पक्खिवविऊण समुद्दे छूढा, ते किच्चिरस्सवि उच्छल्लिया, एगेण दिट्ठा मंजूसा, गहिया, विहाडिया, मणुस्से पेच्छइ, ताहे पुच्छिया–कइत्थो दिवसो छूढाणं ?, एगो भणइ–चउत्थो दिवसो, सो कहं जाणइ ?, तहेव बीयदिणे कहेइ–तस्स चाउत्थजरो तेण जाणेइ, अण्णं कहेइ–दो सवत्तिणीओ, एक्काए रयणाणि अत्थि, सा इयरीए

છે. તેમાં એક સોની પૂછે છે કે – "અત્યારે કઈ વેળા ચાલતી હશે ?" બીજાએ કહ્યું – "અત્યારે રાત્રિનો સમય ચાલી રહ્યો છે." (ચિત્રકારપુત્રીએ દાસીને પૂછ્યું) "જે ચંદ્ર કે સૂર્યને જોતો નથી છતાં તે સોની કેવી રીતે જાણે છે ? કે રાત્રિ ચાલી રહી છે." દાસીએ કહ્યું - "તમે જ કહોને." તેણીએ કહ્યું – "હું નિદ્રાને આધીન થઈ છું. (અર્થાત્ મને ઊંઘ આવે છે.)

બીજા દિવસે (એ જ રીતે રાજા આવે છે. દાસી પૂછે છે એટલે) ચિત્રકારપુત્રી કહે છે – તે સોની રાત્રિના સમયે આંધળો બની જતો હોવાથી (જ્યારે બીજા સોનીએ પૂછ્યુ હતું કે અત્યારે કંઈ વેળા ચાલે છે ? તે સમયે આ સોની આંધળો થયેલો હોવાથી સૂર્ય-ચંદ્રને જોયા વિના પણ રાત્રિનો સમય ચાલે છે એવું) જાણે છે. દાસીએ કહ્યું – "બીજી વાર્તા કહો." તેથી ચિત્રકારપુત્રી ત્રીજી વાર્તા કહે છે → એક રાજા હતો. તેની પાસે બે ચોર ઉપસ્થિત કરવામાં આવ્યા. રાજાએ બંને ચોરોને (સજારૂપે) મોટા પટારામાં નાખીને પટારાને સમુદ્રમાં નંખાવ્યો.

ઘણા કાળ પછી પણ તેઓ ઉપર જ તરતા હતા. (અર્થાત્ તે પટારો તરતો-તરતો આગળ વધ્યો પણ પાણીમાં ડૂબ્યો નહીં.) કિનારે ઊભા રહેલા એક પુરુષે તે પટારો જોયો. ગમે તેમ કરીને તેણે તે પટારો કિનારે લાવ્યો અને ઉઘાડ્યો. તેમાં આ બંને ચોરોને જુએ છે. ત્યારે તે પુરુષે બંનેને પૂછ્યું કે – "આ પટારામાં નાંખ્યાને કેટલા દિવસ થયા ?" બેમાંથી એકે કહ્યું – "આજે ચોથો દિવસ છે." (પુત્રીએ દાસીને પૂછ્યું –) "તેણે ચોથો દિવસ કેવી રીતે જાણ્યો ?" પૂર્વની જેમ જ પછીના દિવસે જવાબ આપે છે કે – "તે ચોરને દર ચોથા દિવસે તાવ આવતો હતો. તેથી તે જાણે છે. (અર્થાત્ જે દિવસે તે ચોરને પટારામાં નાંખ્યો હતો તેના આગલા દિવસે જ તાવ આવીને ગયો હતો. તેથી અને જે દિવસે પટારામાંથી બહાર કાઢ્યો તે દિવસે તાવ આવ્યો હતો. એટલે ચોથો દિવસ છે એવું જાણ્યું.)"

६२. आभरणकानि कुर्वन्ति, एको भणति-का पुनर्वेला वर्तते ? एको भणति-रात्रिर्वर्त्तते, स कथं जानाति ? न यश्चन्द्रं न सूर्यं प्रेक्षते, तदाख्याहि, सा भणति-निद्रार्ता, द्वितीयदिवसे कथयति-स रात्र्यन्धत्वेन जानाति, अन्यदाख्याहीति, भणति-एको राजा तस्मै द्वौ चौरावुपस्थापितौ, तेन मञ्जूषायां प्रक्षिप्य समुद्रे क्षिप्तौ, तौ कियच्चिरेणाप्युच्छलितौ, एकेन दृष्टा मञ्जूषा, गृहीता, उद्घाटिता, मनुष्यौ प्रेक्षते, तदा पृष्टौ-कतिथो दिवसः क्षिप्तयोः ?, एको भणति-चतुर्थो दिवसः, स कथं जानाति ?, तथैव द्वितीयदिने कथयति-तस्य चातुर्थज्वरस्तेन जानाति, अन्यत् कथयति-द्वे सपत्न्यौ, एकस्या रत्नानि सन्ति, सा इतरस्यै

[६३]ण विस्संभइ मा हरेज्जा, तओऽणाए जत्थ णिक्खमंती पविसंती य पिच्छइ तत्थ घडए छोढूण ठवियाणि, ओलित्तो घडओ, इयरीए विरहं णाउं हरिउं रयणाणि तहेव य घडओ ओलित्तो, इयरीए णायं हरियाणित्ति, तो कहं जाणइ-उलित्तए हरिताणित्ति ?, बिइए दिवसे भणइ–सो कायमओ घडओ, तत्थ ताणि पडिभासंति हरिएसु णत्थि, अण्णं कहेहि, भणइ–एगस्स रण्णो चत्तारि पुरिसरयणाणि तं०–'नेमित्ती रहकारो सहस्सजोही तहेव विज्जो य। दिण्णा चउण्ह कण्णा परिणीया नवरमेक्केण ॥१॥' कथं ?, तस्स रण्णो अइसुंदरा धूया, सा केणवि विज्जाहरेण हडा, ण णज्जइ कुओऽवि पिक्खिया, रण्णा भणियं–जो कण्णगं आणेइ तस्सेव सा, तओ णेमित्तिएण कहियं–अमुगं दिसं णीया, रहकारेण आगासगमणो

(એ જ રીતે દાસીવડે અન્ય કથાનકને પૂછાતા) તે અન્ય કથાનક કહે છે → બે સપત્નીઓ (શોક્યાઓ) હતી. એકની પાસે રત્નો હતા. ક્યાંક ચોરી કરી ન લે તે માટે તે બીજી ઉપર વિશ્વાસ રાખતી નહોતી. તેથી તેણીએ એક ઉપાય કર્યો કે જ્યાં જતા-આવતા રત્નોને જોઈ શકાય એવા સ્થાને રહેલા એક ઘડામાં તેણીએ રત્નો મૂક્યા અને ઘડાને ઉપરથી લેપીને બંધ કરી દીધો. બીજી પત્નીએ એકાંત જાણીને તે ઘડામાંથી રત્નો ચોરીને તે ઘડાને ઉપરથી જેમ હતો તે જ રીતે લેપીને બંધ કરી દીધો.

પરંતુ આને ખબર પડી ગઈ કે રત્નો ચોરાયા છે. ચિત્રકારપુત્રી દાસીને પૂછે છે કે – "તેને ઘડો ઉપરથી બંધ હોવા છતાં રત્નો ચોરાયા છે એવું કેવી રીતે જાણ્યું ?" બીજા દિવસે જવાબ આપે છે કે તે ઘડો કાચમય હતો. (અર્થાત્ કાચનો બનેલો હતો.) તેથી અંદર રત્નો હોય તો જણાઈ આવે પરંતુ ચોરાયા એટલે દેખાતા નહોતા.

"બીજી વાર્તા કહોને" એ પ્રમાણે દાસીવડે કહેવાતા તે અન્ય વાર્તાને કહે છે – એક રાજા પાસે ચાર પુરુષરત્નો હતા. તે આ પ્રમાણે - નૈમિત્તિક, રથકાર, સહસ્રયોધી અને વૈદ્ય. રાજાએ પોતાની કન્યા ચારેને આપી (અર્થાત્ ચારેની પત્ની બનાવવાનું રાજાએ નક્કી કર્યું.) પરંતુ એકની સાથે જ તે પરણી. ॥૧॥" આવું શા માટે થયું ? તેનું કારણ એ કે તે રાજા પાસે અત્યંતસુંદર કન્યા હતી. તેને કોઈ વિદ્યાધર ઉપાડી ગયો. ચારે બાજુ તપાસ કરવા છતાં તે કન્યા મળતી નથી.

રાજાએ કહ્યું–"જે કન્યાને લાવશે તેની સાથે કન્યાના વિવાહ થશે. ત્યારે નૈમિત્તિકે કહ્યું–

६३. न विश्रम्भति मा हार्षीत्, ततोऽनया यत्र निष्क्रामन्ती प्रविशन्ती च प्रेक्षते तत्र घटे क्षिप्त्वा स्थापितानि, अवलिप्तो घटकः, इतरयाऽपि रहो ज्ञात्वा हृत्वा रत्नानि तथैव च घटकोऽवलिप्तः, इतरया ज्ञातं हृतानीति, तत् कथं जानाति-अवलिप्ते हृतानीति ?, द्वितीयदिवसे कथयति-स काचमयो घटकः, तत्र तानि प्रतिभासन्ते हृतेषु न सन्ति, अन्यत् कथय-एकस्य राज्ञश्चत्वारि पुरुषरत्नानि । तद्यथा-नैमित्तिको रथकारः सहस्रयोधी तथैव वैद्यश्च । दत्ता चतुर्भ्यः कन्या परिणीता नवरमेकेन ॥१॥ कथं ?, तस्य राज्ञोऽतिसुन्दरा दुहिता, सा केनापि विद्याधरेण हृता, न ज्ञायते कुतोऽपीक्षिता, राज्ञा भणितं-यः कन्यकामानयति तस्यैव सा, ततो नैमित्तिकेन कथितं-अमूं दिशं नीता, रथकारेण आकाशगमनो

[६४] रहो कओ, तओ चत्तारिवि तं विलग्गिऊण पहाविया, अम्मिओ विज्जाहरो, सहस्सजोहिणा सो मारिओ, तेणवि मारिज्जंतेण दारियाए सीसं छिन्नं, विज्जेण संजीवणोसहीहिं उज्जिया-विया, आणीया घरं, राइणा चउण्हवि दिण्णा, दारिया भणइ–किह अहं चउण्हवि होमि ?, तो अहं अग्गिं पविसामि, जो मए समं पविसइ तस्साहं, एवं होउत्ति, तीए समं को अग्गिं पविसइ ?, कस्स दा+यव्वा ?, बितियदिणे भणइ–णिमित्तिणा णिमित्तेण णायं जहा एसा ण मरइत्ति तेण अब्भुवगयं, इयरेहिं णिच्छियं, दारियाए चियट्ठाणस्स हेट्ठा सुरंगा खाणिया, तत्थ ताणि ★चियगाएणुववण्णाणि कट्ठाणि दिण्णाणि, अग्गी रइओ जाहे ताहे ताणि सुरंगाए णिस्सरियाणि, तस्स दिण्णा, अण्णं कहेहि, सा भणइ–एक्काए अविरइयाए पगयं जंतिआए कडगा मग्गिया, ताहे रूवएहिं बंधएण दिन्ना, इयरीए धूयाए आविद्धा,

"વિદ્યાધર તેને અમુક દિશા તરફ લઈ ગયો છે." રથકારે આકાશમાં ઉડી શકે એવો રથ તૈયાર કર્યો. ચારે જણા રથમાં બેસીને તે દિશા તરફ ચાલ્યા. વિદ્યાધર સામે આવ્યો. સહસ્રયોધીએ તેને મારી નાંખ્યો. મરતા-મરતા વિદ્યાધરે પણ તે કન્યાનું મસ્તક છેદી નાંખ્યું.

વૈદ્યએ સંજીવની ઔષધીવડે કન્યાને પુનઃ જીવિત કરી. કન્યાને ઘરે લાવવામાં આવી. રાજાએ ચારેને કન્યાદાન કર્યું. કન્યાએ કહ્યું – "હું ચારેની પત્ની કેવી રીતે બનું ? તેથી એક ઉપાય છે કે હું અગ્નિમાં પ્રવેશ કરું. જે મારી સાથે અગ્નિમાં પ્રવેશ કરશે, તેની હું પત્ની બનીશ." "ભલે એમ થાઓ" રાજાએ વાત સ્વીકારી. ચિત્રકારપુત્રીએ દાસીને પૂછતા કહ્યું – "બોલ, તેની સાથે અગ્નિમાં કોણ પ્રવેશ કરે છે ? કોની એ પત્ની બનશે ?"

બીજા દિવસે તે જવાબ આપે છે કે - નૈમિત્તિકે નિમિત્તવડે જાણી લીધું કે આ મરવાની નથી. તેથી નૈમિત્તિકે અગ્નિમાં પ્રવેશ કરવાનું સ્વીકાર્યું, જ્યારે બીજાઓએ ઇચ્છયું નહીં. કન્યાએ ચિતાના સ્થાન નીચે સુરંગ ખોદાવી. ચિતાના સ્થાને ચિતાને અનુરૂપ વર્ણવાળા લાકડાં ગોઠવી દીધા. જ્યારે અગ્નિ દેવામાં આવ્યો ત્યારે બંને જણા સુરંગવડે નીકળી ગયા. (આમ નૈમિત્તિક અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયો એટલે) રાજાએ આ કન્યા તેને આપી.

"બીજી વાર્તા કહોને" એ પ્રમાણે કહેતા તે કહે છે – વિવાહમહોત્સવમાં જતી એવી એક સ્ત્રીએ કો'કની પાસે સોનાના કડા માંગ્યા. ત્યારે સામેવાળાએ કડાની કિંમત પ્રમાણેના રૂપિયા

६४. रथः कृतः, ततश्चत्वारोऽपि तं विलग्य प्रधाविताः, अभ्यागतो विद्याधरः, सहस्रयोधिना स मारितः, तेनापि मार्यमाणेन दारिकायाः शीर्षं छिन्नं, वैद्येन संजीवन्योषध्योज्जीविता, आनीता गृहं, राज्ञा चतुर्भ्योऽपि दत्ता, दारिका भणति-कथमहं चतुर्भ्योऽपि भवामि ?, तदहमग्निं प्रविशामि, यो मया समं प्रविशति तस्याहं, एवं भवत्विति, तया समं कोऽग्निं प्रविशति ?, कस्मै दातव्या ?, द्वितीयदिने भणति-नैमित्तिकेन निमित्तेन ज्ञातं यथैषा न मरिष्यतीति तेनाभ्युपगतं, इतरैर्नेष्टं, दारिकया चितास्थानस्याधस्तात् सुरङ्गा खानिता, तत्र तानि चितिकानुरूपवर्णानि काष्ठानि दत्तानि, अग्नी रचितो यदा तदा तौ सुरङ्गया निसृतौ, तस्मै दत्ता, अन्यत्कथय, सा भणति-एकयाऽविरतिकया प्रकरणं यान्त्या कटकौ मार्गितौ, तदा रूप्यकैर्बन्धेन दत्तौ (लब्धौ), इतरस्या दुहित्राऽऽविद्धौ, + 'सा कण्णा दायव्वा' - प्र०. । ★ 'चियगाएणुवण्णाणि' - प्र०.

[६५]वत्ते पगए ण चेव अल्लिवेइ, एवं कइवयाणि वरिसाणि गयाणि, कडइत्तएहिं मग्गिया, सा भणइ–देमित्ति, जाव दारिया महंती भूया ण सक्केति अवणेउं, ताहे ताए कडइत्तिया भणिया–अण्णेवि रूवए देमि, मुयह, ते णिच्छंति, तो किं सक्का हत्था छिंदिउं ?, ताहे भणियं–अण्णे एरिसए चेव कडए घडावेउं देमो, तेऽवि णिच्छन्ति, तेच्चेव दायव्वा, कहं संणवेतीतव्वा ?, जहा य दारियाए हत्था ण छिंदिज्जंति, कहं तेसिमुत्तरं दायव्वं ?, आह–ते भणियव्वा–अम्हवि जइ ते चेव रूवए देह तो अम्हेवि ते चेव कडए देमो, एरिसाणि अक्खाणगाणि कहेंतीए दिवसे २ राया छम्मासे आणीओ, सवत्तिणीओ से छिद्दाणि मग्गंति, सा य चित्तकरदारिया ओवरणं पविसिऊण एक्काणिया चिराणए मणियए चीराणि य

ગીરવે (बंधएण=ગીરવે) રાખીને સ્ત્રીને કડા આપ્યા. આ સ્ત્રીએ કડા પોતાની દીકરીના હાથમાં પહેરાવ્યા. મહોત્સવ પૂરો થયા પછી તે કડા તે સ્ત્રીએ (ભૂલી ગઈ વિગેરે કોઈક કારણસર) પાછા આપ્યા નહીં. આ પ્રમાણે કેટલાક વર્ષો પસાર થઈ ગયા.

કડાના સ્વામીઓએ તે કડા પાછા માંગ્યા. સ્ત્રીએ કહ્યું – "હું આપું છું" એમ કહીને દીકરીના હાથમાંથી કડા નીકાળવાનો પ્રયત્ન કરે છે પરંતુ દીકરી મોટી થઈ ગઈ હોવાથી તે કડાને હાથમાંથી નીકાળવા સ્ત્રી સમર્થ બનતી નથી. ત્યારે સ્ત્રીએ કડાના સ્વામીઓને કહ્યું – "હું તમને બીજા એના પૈસા આપી દઉં, આ કડાને તમે છોડી દો." સ્વામીઓ ઇચ્છતા નથી. તેથી સ્ત્રીએ કહ્યું – "તો શું હાથ કાપીને તમને કડા આપું ? (અર્થાત્ એ શક્ય નથી.) તેથી તમને બીજા આવા જ કડા ઘડાવીને આપું."

એ માટે પણ તેઓ તૈયાર થતાં નથી અને કહે છે – "અમને તે જ કડા આપ." ચિત્રકારપુત્રીએ દાસીને પૂછ્યું – "બોલ, કેવી રીતે એ લોકોને સમજાવવા ? કે જેથી દીકરીના હાથ કાપવા ન પડે. કેવી રીતે તેઓને ઉત્તર આપવો ?" (દાસીએ કહ્યું – "તમે જ કહોને.") તેણીએ કહ્યું – "સ્વામીઓને કહેવું કે જો અમને પણ તમે તે જ રૂપિયા (એટલે કે પૂર્વે જે અમે રૂપિયાના સિક્કા આપ્યા હતા તે જ) આપો તો અમે પણ તે જ કડા તમને દઈએ."

આવા પ્રકારના કથાનકોને રોજે રોજ કહેતી એવી ચિત્રકારપુત્રીવડે છ મહિના સુધી રાજા પોતાના સ્થાને લવાયો. બાકીની રાણીઓ તેના છિદ્રો શોધે છે. ચિત્રકારપુત્રી એકલી ઓરડામાં

६५. वृत्ते प्रकरणे नैव ददाति, एवं कतिपयानि वर्षाणि गतानि, कटकस्वामिभिर्मार्गितौ, सा भणति-ददामीति, यावद्दारिका महतीभूता, न शक्येते निष्काशयितुं, तदा तया कटकस्वामिनौ भणितौ-अन्यानपि रूप्यकान् ददामि मुञ्चतं, तौ नेच्छतः, तत् किं शक्यौ हस्तौ छेत्तुं ? तदा (तया) भणितं-अन्यौ ईदृशौ चैव कटकौ कारयित्वा ददामि, तावपि नेच्छतः, तावेव दातव्यौ, कथं संज्ञापयितव्या ?, यथा च दारिकाया हस्तौ न छिद्येते, कथं ताभ्यामुत्तरं दातव्यं, आह-तौ भणितव्यौ-अस्माकमपि यदि तानेव रूप्यकान् दत्तं तदा वयमपि तावेव कटकौ दद्मः, ईदृशान्याख्यानकानि कथयन्त्या दिवसे दिवसे राजा षण्मासान् आनीतः, सपत्न्यस्तस्याश्छिद्राणि मार्गयन्ति, सा च चित्रकरदारिका अपवरके प्रविश्यैकाकिनी चिरन्तनानि मणीन् चीवराणि च ★ 'संठवेयव्वा' - मुद्रिते ।

[६६] पुरओ काउं अप्पाणं णिंदइ–तुमं चित्तयरधूया सिया, एयाणि ते पितिसंतियाणि वत्थाणि आभरणाणि य, इमा सिरी रायसिरी, अण्णाओ उदिओदियकुलवंसप्पसूयाओ रायधूयाओ मोत्तुं राया तुमं अणुवत्तइ ता गव्वं मा काहिसि, एवं दिवसे २ दारं ढक्केउं करेइ, सवत्तीहिं से कहवि णायं, ताओ रायाणं पायपडियाओ विण्णविंति–मारिज्जिहिसि एयाए कम्मणकारियाए, एसा उव्वरए पविसिउं कम्मणं करेति, रण्णा जोइयं सुयं च, तुट्ठेण से महादेविपट्टो बद्धो, एसा दव्वणिंदा, भावणिंदाए साहुणा अप्पा णिंदियव्वो–जीव ! तुमे संसारं हिंडंतेणं निरयतिरियगईसु कहमवि माणुसत्ते सम्मत्तणाणचरित्ताणि लद्धाणि, जेसिं पसाएण सव्वलोयमाणणिज्जो पूयणिज्जो य, ता मा गव्वं काहिसि–जहा अहं बहुस्सुओ उत्तिमचरित्तो वत्ति ६।

પ્રવેશીને જૂના મણિ (આભૂષણો) અને વસ્ત્રોને આગળ ધરીને પોતાને નિંદે છે કે – "તું ચિત્રકારની દીકરી હતી. આ તારા પિતાએ આપેલા વસ્ત્ર અને આભૂષણો છે. જ્યારે તેં જે પહેરેલા છે તે આ રાજલક્ષ્મી છે.

સમૃદ્ધ એવા કુલ, વંશમાં ઉત્પન્ન થયેલી બીજી અન્ય રાજપુત્રીઓને છોડીને રાજા તને અનુવર્તે છે (એટલે કે તારી પાસે આવે છે, તારી ઇચ્છા પૂર્ણ કરે છે વિગેરે રૂપે તને અનુસરે છે.) તેથી તું અભિમાન કરતી નહીં." આ પ્રમાણે તે ચિત્રકાર પુત્રી રોજે રોજ બારણાં બંધ કરીને પોતાને નિંદે છે. (બંધ બારણે આ સ્ત્રી એકલી કંઈક કરે છે.) એવું અન્ય શોક્યા રાણીઓએ જાણ્યું. (એટલે ઈર્ષ્યાને કારણે) તે રાણીઓ રાજાના પગે પડેલી રાજાને વિનંતી કરે છે કે "કામણ-ટુમણ કરનારી આ તમને મારી નાંખશે, કારણ કે આ ઓરડામાં જઈને કામણ-ટુમણ કરે છે."

રાજાએ તપાસ કરાવી અને સત્ય હકીકત સાંભળી. ખુશ થયેલા રાજાએ ચિત્રકારપુત્રીને મહાદેવી તરીકેનો પટ્ટો બાંધ્યો. ચિત્રકારપુત્રીની આ દ્રવ્યનિંદા જાણવી. ભાવનિંદામાં સાધુએ પોતાનો આત્મા નિંદવા યોગ્ય છે કે – હે જીવ ! સંસારમાં ભટકતા-ભટકતા તું નરક-તિર્યંચગતિમાંથી નીકળીને કોઈક રીતે મનુષ્યપણાને પામ્યો. અને તે ભવમાં તે સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર પ્રાપ્ત કર્યા કે જેના પ્રભાવે તું સર્વલોકમાં માનનીય અને પૂજનીય થયો છે. તેથી તું હવે ગર્વ કરતો નહીં કે હું બહુશ્રુત છું કે ઉત્તમચારિત્રવાળો છું. ॥૬॥

६६. पुरतः कृत्वाऽऽत्मानं निन्दति-त्वं चित्रकरदुहिताऽऽसीः, एतानि ते पितृसत्कानि । वस्त्राण्याभरणानि च, इयं श्री राज्यश्रीः, अन्या उदितोदितकुलवंशप्रसूता राजसुता मुक्त्वा राजा त्वामनुवर्त्तते तद् गर्वं मा कृथाः, एवं दिवसे २ द्वारं स्थगयित्वा करोति, सपत्नीभिस्तस्याः तत् कथमपि ज्ञातं, ता राज्ञे पादपतिता विज्ञपयन्ति-मार्यसे एतया कार्मणकारिण्या, एषाऽपवरके प्रविश्य कार्मणं करोति, राज्ञा दृष्टं श्रुतं च, तुष्टेन तस्या महादेवीपट्टो बद्धः, एषा द्रव्यनिन्दा, भावनिन्दायां साधुनाऽऽत्मा निन्दितव्यः-जीव ! त्वया संसारं हिण्डमानेन नरकतिर्यग्गतिषु कथमपि मनुष्यत्वे सम्यक्त्वज्ञानचारित्राणि लब्धानि, येषां प्रसादेन सर्वलोकानां माननीयः पूजनीयश्च, तन्मा गर्वं कृथाः, यथाऽहं बहुश्रुत उत्तमचारित्रो वेति ।

[६७]दव्वगरिहाए पइमारियाए दिट्ठंतो–एगो मरुओ अज्झावओ, तस्स तरुणी महिला, सा बलिवइसदेवं करिंती भणइ–अहं काकाणं बिहेमित्ति, तओ उवज्झायनिउत्ता चट्टा दिवसे २ धणुगेहिं गहिएहिं रक्खंति बलिवइसदेवं करेंतिं, तत्थेगो चट्टो चिंतेइ–ण एस मुद्धा जा कागाण बिहेइ, +असई एसा, सो तं पडिचरइ, सा य णम्मताए परकूले पिंडा▲रो, तेण समं संपलग्गिया, अण्णया तं घडएणं णम्मयं तरंती पिंडारसगासं वच्चइ, चोरा य उत्तरंति, तेसिमेगो सुंसुमारेण गहिओ, सो रडइ, ताए भण्णइ–अच्छि ढोक्केहित्ति, ढोक्किए मुक्को, तीए भणिओ–किह कुतित्थेण उत्तिण्णा ?, सो खंडिओ तं मुणिंतो चेव णियत्तो, सा य बितियदिवसे बलिं करेइ, तस्स य चट्टस्स रक्खणवारओ, तेण भण्णइ–'*दिया कागाण*

### ❖ ગર્હાને વિશે પતિમારિકાનું દૃષ્ટાન્ત ❖

એક (વૃદ્ધ) બ્રાહ્મણ અધ્યાપક હતો. તેની સ્ત્રી યુવાન હતી. એકવાર બલિ (અમુક દેવને ઉદ્દેશીને અપાતી ધાન્યાદિથી બનેલી બલિ) આપતા તે સ્ત્રી કહે છે – "હું કાગડાઓથી ડરું છું." (તેથી જ્યારે બલિ આપવાની હોય ત્યારે કાગડાઓથી રક્ષણ થાય તે માટે અધ્યાપકે પોતાના વિદ્યાર્થીઓને નિયુક્ત કર્યા. રોજ એક બાળકે આવીને બલિ આપતી વેળાએ કાગડાઓથી રક્ષણ કરવું એ પ્રમાણે નક્કી થયું.) તેથી અધ્યાપકવડે નિયુક્ત કરાયેલા વિદ્યાર્થીઓ રોજે રોજ હાથમાં ધનુષ લઈને બલિને કરતી એવી સ્ત્રીનું રક્ષણ કરે છે.

(એક દિવસ એક બાળકનો વારો આવ્યો.) તે બાળક વિચારે છે – "આ સ્ત્રી એવી ભોળી નથી લાગતી કે જે કાગડાઓથી ડરે. નક્કી આ અસતી છે." તે વિદ્યાર્થી તેનું ધ્યાન રાખવાનું ચાલું કરે છે. નર્મદાના સામા કિનારે એક ગોવાળ હતો. તેની ઉપર આ સ્ત્રી આસક્ત હતી. એકવાર આ સ્ત્રી ઘડાઓવડે નર્મદાને તરતી ગોવાળ પાસે જાય છે. એવામાં કેટલાક ચોરો નદીમાં પ્રવેશ કરે છે. તેમાંના એક ચોરને સુંસુમાર (જળચર પ્રાણીવિશેષ) પકડે છે. તેથી તે ચોર રડવા લાગે છે. (સ્ત્રી અવાજ સંભળાતા તે તરફ તરતી-તરતી જઈને) ચોરને કહે છે કે – "તું સુંસુમારની આંખો બંધ કરી દે."

ચોરે તેની આંખો બંધ કરતા છોડી દીધો. સ્ત્રીએ તેને ઠપકો આપ્યો – "શા માટે ખોટા સ્થાનેથી નદીમાં ઉતરે છે ?" સ્ત્રીની પાછળ આવેલ તે વિદ્યાર્થી આ બધું જાણીને પાછો જતો રહે છે. બીજા દિવસે બલિ આપે છે. તે દિવસે આ વિદ્યાર્થીનો વારો હતો. તેણે કહ્યું – "દિવસે

६७. द्रव्यगर्हायां पतिमारिकाया दृष्टान्तः-एको ब्राह्मणोऽध्यापकः, तस्य तरुणा महेला, सा वैश्वदेवबलिं कुर्वती भणति-अहं काकेभ्यो बिभेमीति, तत उपाध्यायनियुक्ताश्छात्रा दिवसे २ धनुर्भिः गृहीतैः रक्षन्ति वैश्वदेवबलिं कुर्वतीं, तत्रैकश्छात्रश्चिन्तयति-नैषा मुग्धा या काकेभ्यो बिभ्यति, असत्येषा, स तां प्रतिचरति, सा च नर्मदायाः परकूले पिण्डारस्तेन समं संप्रलग्ना, अन्यदा तां घटकेन नर्मदां तरन्ती पिण्डारसकाशं व्रजति, चौराश्चोत्तरन्ति, तेषामेकः शिशुमारेण गृहीतः, स रटति, तया भण्यते-अक्षिणी छादयेति, छादिते मुक्तः, तया भणितः-कथं कुतीर्थेनोत्तीर्णाः ?, स छात्रस्तं जानान एव निवृत्तः, सा च द्वितीयदिवसे बलिं करोति, तस्य च छात्रस्य रक्षणवारकः, तेन भण्यते-दिवा काकेभ्यो + अतिकिरिया - प्र० । ▲ पंडारो – प्र०

*बीहेसि, रत्तिं तरसि णम्मयं । कुतित्थाणि य जाणासि, अच्छिढोक्कणियाणि य ॥१॥'* तीए भण्णइ–किं करेमि ?, तुम्हारिसा मे णिच्छंति, सा तं उवयरइ, भणइ–ममं इच्छसुत्ति, सो भणइ–कहं उवज्झायस्स पुरओ ठाइस्संति ?, तीए चिंतियं–मारेमि एयं अज्झावयं तो मे एस भत्ता भविस्सइत्ति मारिओ, पेडियाए छुभेऊण अडवीए उज्झिउमारद्धा, वाणमंतरीए थंभिया, अडवीए भमित्तुमारद्धा, छुहं ण सक्केइ अहियासिउं, तं च से कुणिमं गलति उवरिं, लोगेण हीलिज्जइ-पइमारिया हिंडइत्ति, तीसे पुणरावत्ती जाया, ताहे सा भणइ–देह अम्मो ! पइमारियाए भिक्खंति, एवं बहुकालो गओ, अण्णया साहुणीणं पाएसु पडंतीए पडिया पेडिया, पव्वइया, एवं गरहियव्वं जं दुच्चरियं ७ । इयाणिं सोहीए वत्थागया दोण्णि

કાગડાઓથી ડરે છે, રાત્રિએ નર્મદાને તરે છે. નદીના કુતીર્થો અને આંખો બંધ કરવી (વિગેરે ઉપાયોને) તું જાણે છે. ॥૧॥" આ સાંભળીને સ્ત્રીએ કહ્યું – "હું શું કરું ? તમારા જેવા (યુવાનીયાઓ) મને ઇચ્છતા નથી." તે સ્ત્રી આ વિદ્યાર્થીની ભક્તિ કરવા લાગે છે અને કહે છે – "તું મને ઇચ્છ."

વિદ્યાર્થીએ કહ્યું – "અધ્યાપકની હાજરીમાં આ કેવી રીતે શક્ય છે ?" સ્ત્રીએ વિચાર્યું – "આ અધ્યાપકને મારી નાખું જેથી આ મારો પતિ બનશે." એમ વિચારી અધ્યાપકને મારી નાંખ્યો. (એના ટુકડા કરીને) એક પેટી ભરીને જંગલમાં નાંખવા માટે તે ગઈ. એ સમયે એક વાણવ્યંતરીએ તે પેટી સ્ત્રી સાથે જ ચોંટાડી દીધી (અને તેને પાગલ કરી દીધી.) તેને કારણે તે સ્ત્રી પેટી સાથે જ જંગલમાં ભમવા લાગી. તેનાથી હવે ભૂખ સહન થતી નથી.

પેટીમાંથી લોહી બહાર ગળવાનું ચાલું થાય છે. આ જોઈને લોકો સ્ત્રીને ધિક્કારે છે કે "આ પોતાના પતિને મારનારી ભમ્યા કરે છે." એટલે તેને પાછી સમજ પ્રાપ્ત થાય છે. ત્યારે તે કહે છે – "હે માતા ! આ પતિને મારનારીને ભિક્ષા આપો." આ રીતે ઘણો કાલ પસાર થાય છે. એકવાર સાધ્વીજીઓના પગમાં પડતા તે સ્ત્રીથી તે પેટી છૂટી પડે છે. તે સ્ત્રી દીક્ષા લે છે. (જે રીતે આ સ્ત્રીએ સાધ્વીજીઓ પાસે પોતાના પાપની ગર્હા કરી) એ જ પ્રમાણે જે દુશ્ચરિત છે તેની (બીજાઓએ પણ) ગર્હા કરવી જોઈએ. ॥૭॥

**❖ શુદ્ધિ ઉપર વસ્ત્ર અને ઔષધનું દૃષ્ટાન્ત ❖**

હવે શુદ્ધિ ઉપર વસ્ત્ર અને ઔષધનું દૃષ્ટાન્ત જણાવે છે. તેમાં પ્રથમ વસ્ત્રનું દૃષ્ટાન્ત કહે

६८. बिभेषि रात्रौ तरसि नर्मदाम् । कुतीर्थानि च जानासि, अक्षिच्छादनानि च ॥१॥ तया भण्यते-किं करोमि ?, त्वादृशा मां नेच्छन्ति, सा तमुपचरति, भणति-मामिच्छेति, स भणति-कथमुपाध्यायस्य पुरतः स्थास्यामीति ?, तया चिन्तितं-मारयाम्येनमध्यापकं तदा ममैष भर्त्ता भविष्यतीति मारितः, पेटिका ( मञ्जूषा ) यां क्षिप्त्वाऽटव्यामुज्झितुमारब्धा, व्यन्तर्या स्तम्भिता, अटव्यां भ्रमितुमारब्धा, क्षुधं न शक्नोत्यध्यासितुं, तत्तस्य रुधिरं गिलत्युपरि, लोकेन हील्यते-पतिमारिका हिण्डते इति, तस्याः पुनरावृत्तिर्जाता, तदा सा भणति-दत्ताम्बाः ! पतिमारिकायै । भिक्षामिति, एवं बहुः कालो गतः, अन्यदा साध्वीनां पादयोः पतन्त्याः पतिता पेटिका, प्रव्रजिता, गर्हयितव्यं एवं यद्दुश्चरितं । इदानीं शुद्धौ वस्त्रागदौ द्वौ

दिट्ठंता[६१], तत्थ वत्थदिट्ठंतो–रायगिहे सेणिओ राया, तेण खोमजुगलं णिल्लेवगस्स* समप्पियं, कोमुदियवारो य वट्टइ, तेण दोण्हं भज्जाणं अणुचरंतेण दिण्णं, सेणिओ अभओ य कोमुदीए पच्छण्णं हिंडंति, दिट्ठं, तंबोलेण सित्तं, आगयाओ, रयगेण अंबाडियाओ, तेण खारेण सोहियाणि, गोसे आणावियाणि, सब्भावं पुच्छिएण कहियं रयएण, एस दव्वविसोही, एवं साहुणावि अहीणकालमायरियस्स आलोएयव्वं, तेण विसोही कायव्वत्ति, अगओ जहा णमोक्कारे, एवं साहुणाऽवि णिंदाऽगएण अतिचारविसं ओसारेयव्वं, एसा विसुद्धी ॥१२४३॥

उक्तान्येकार्थिकानि, साम्प्रतं प्रत्यहं यथा श्रमणेनेयं कर्तव्या, तथा मालाकारदृष्टान्तं चेतसि निधाय प्रतिपादयन्नाह–

आलोवणमालुंचन वियडीकरणं च भावसोही य ।
आलोइयंमि आराहणा अणालोइए भयणा ॥१२४४॥

व्याख्या–अवलोचनम् आलुञ्चनं विकटीकरणं च भावशुद्धिश्च, यथेह कश्चिन्निपुणो

છે – રાજગૃહમાં શ્રેણિકરાજા હતો. તેણે બે સુતરાઉ વસ્ત્રો ધોબીને આપ્યા. એ સમયે ત્યાં કૌમુદીઉત્સવ ચાલી રહ્યો હોય છે. તે વસ્ત્રો ધોબીએ પોતાની બે પત્નીઓને આપ્યા. શ્રેણિક અને અભય ગુપ્તવેશે કૌમુદીમાં ફરે છે. તેઓએ પોતાના વસ્ત્રો આ સ્ત્રીઓ પાસે જોયા. તેથી (સંકેત માટે) શ્રેણિકે તે વસ્ત્ર ઉપર પાનની પિચકારી મારી.

બંને સ્ત્રીઓ ઘરે આવી. પાનની પિચકારી જોઈને ધોબીએ બંનેને ઠપકો આપ્યો. ક્ષારવડે બંને વસ્ત્રો શુદ્ધ કર્યા અને બીજા દિવસે સવારે ધોબી વસ્ત્રો લઈને રાજા પાસે આવ્યો. હકીકત પૂછાતા ધોબીએ સાચી વાત કહી. અહીં ક્ષારવડે જે વસ્ત્રો શુદ્ધ કર્યા તે દ્રવ્યશુદ્ધિ જાણવી. આ જ પ્રમાણે સાધુએ પણ તરત જ આચાર્ય પાસે આલોચના કરવી જોઈએ અને તેના દ્વારા શુદ્ધિ કરવી જોઈએ. ઔષધનું દૃષ્ટાન્ત પૂર્વે નમસ્કારનિર્યુક્તિમાં (ગા.૯૪૪માં) કહ્યા પ્રમાણે જાણવું. આ પ્રમાણે સાધુએ પણ નિંદારૂપ ઔષધવડે અતિચારરૂપવિષને દૂર કરવું જોઈએ. આ વિશુદ્ધિ કહી.

અવતરણિકા :- પ્રતિક્રમણશબ્દના એકાર્થિક નામો કહ્યા. હવે સાધુએ રોજે રોજ જે રીતે આ શુદ્ધિ કર્તવ્ય છે તે રીતે માળીના દૃષ્ટાન્તને મનમાં રાખીને પ્રતિપાદન કરતા કહે છે ➪

ગાથાર્થ :- અવલોચન, આલુંચન, પ્રગટીકરણ અને ભાવશુદ્ધિ. આલોચના કરવામાં આરાધના છે. અનાલોચનામાં વિકલ્પ જાણવો.

ટીકાર્થ :- અવલોચન, આલુંચન, પ્રગટીકરણ અને ભાવશુદ્ધિ. (આ બધું કેવી રીતે

६१. दृष्टान्तौ, तत्र वस्त्रदृष्टान्तः-राजगृहे श्रेणिको राजा, तेन क्षौमयुगलं रजकाय समर्पितं, कौमुदीमहश्च वर्त्तते, तेन द्वयोर्भार्ययोरनुचरता दत्तं, श्रेणिकोऽभयश्च कौमुद्यां प्रच्छन्नं हिण्डेते, दृष्टं, ताम्बूलेन सिक्तं, आगते, रजकेण निर्भर्त्सिते, तेन क्षारेण शोधिते, प्रत्यूषे आनायिते, सद्भावः पृष्टेन कथितः रजकेन, एषा द्रव्यविशुद्धिः, एवं साधुनाऽप्यहीनकालमाचार्यायालोचयितव्यं तेन विशुद्धिः कर्त्तव्येति, अगदो यथा नमस्कारे, एवं साधुनाऽपि निन्दाऽगदेनातिचारविषमपसारयितव्यम् । एषा विशुद्धिः ॥ ✻ रयगस्स-प्र० ।

मालाकारः स्वस्यारामस्य सदा द्विसन्ध्यमवलोकनं करोति, किं कुसुमानि सन्ति ? उत नेति, दृष्ट्वा तेषामालुञ्चनं करोति, ग्रहणमित्यर्थः, ततो विकटीकरणं, विकसितमुकुलितार्द्धमुकुलितानां भेदेन विभजनमित्यर्थः, चशब्दात्पश्चाद्ग्रन्थनं करोति, ततो ग्राहका गृह्णन्ति, ततोऽस्याभिलषितार्थलाभो भवति, शुद्धिश्च चित्तप्रसादलक्षणा, अस्या एव विवक्षितत्वाद्, अन्यस्तु विपरीतकारी मालाकारस्तस्य न भवति, एवं साधुरपि कृतोपधिप्रत्युपेक्षणादिव्यापारः उच्चारादिभूमीः प्रत्युपेक्ष्य व्यापाररहितः कायोत्सर्गस्थोऽनुप्रेक्षते सूत्रं, गुरौ तु स्थिते दैवसिकावश्यकस्य मुखवस्त्रिकाप्रत्युपेक्षणादेः कायोत्सर्गान्तस्यावलोकनं करोति, पश्चादालुञ्चनं स्पष्टबुद्ध्याऽपराधग्रहणं, ततो विकटीकरणं गुरुलघूनामपराधानां विभजनं, चशब्दादालोचनाप्रतिसेवनाऽनुलोमेन ग्रन्थनं,

થાય ? તે દૃષ્ટાન્તવડે જણાવે છે.) જેમ કોઈક નિપુણ માળી પોતાના બગીચામાં સવાર-સાંજ બે સમય નજર રાખ્યા કરે છે કે પુષ્પો છે કે નહીં ? (તે અવલોકન જાણવું.) જોયા પછી તે પષ્પોને ગ્રહણ કરે છે. (તે આલુંચન જાણવું.) ત્યાર પછી વિકટીકરણ એટલે કે ખીલેલા, નહીં ખીલેલા અને અર્ધ ખીલેલા પુષ્પોનો વિભાગ કરે છે. 'च' શબ્દથી ગુંથન કરે છે. ત્યાર પછી ગ્રાહકો તે પુષ્પોની માળાને ગ્રહણ કરે છે. જેથી માળીને ઇચ્છિત એવા અર્થનો=પૈસા વિગેરેનો લાભ થાય છે અને ચિત્તની પ્રસન્નતારૂપ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. અહીં ચિત્તપ્રસન્નતા જ શુદ્ધિરૂપે વિવક્ષા કરાયેલી હોવાથી શુદ્ધિ તરીકે ચિત્તપ્રસન્નતા કહી છે.

પરંતુ જે ઉપરોક્તવિધિથી વિપરીતકારી એવો માળી હોય તેને ઇષ્ટ અર્થની પ્રાપ્તિ કે શુદ્ધિ પ્રાપ્ત થતી નથી. એ પ્રમાણે સાધુ પણ ઉપધિની પ્રત્યુપેક્ષણા વિગેરે વ્યાપારને કરી લીધા બાદ (સાંજે) વડીનીતિ વિગેરે માટેની ભૂમિને જોયા બાદ વ્યાપારથી રહિત થયેલો છતો (જ્યાં સુધી ગુરુ ન આવે ત્યાં સુધી) કાયોત્સર્ગમાં રહેલો સૂત્રની અનુપ્રેક્ષા કરે. દૈવસિક પ્રતિક્રમણ માટે જ્યારે ગુરુ હાજર થાય ત્યારે મુહપત્તિના પડિલેહણ વિગેરેનું કાયોત્સર્ગની અંદર અવલોકન કરે. (અર્થાત્ કાઉસ્સગ્ગમાં પડિલેહણ વિગેરે સંબંધી અતિચારો વિચારે.) પછી આલુંચન એટલે કે સ્પષ્ટબુદ્ધિથી અપરાધોનું ગ્રહણ (અર્થાત્ સ્પષ્ટ રીતે અપરાધોની ધારણા કરી લે. ટૂંકમાં અવલોકન કરે એટલે દિવસસંબંધી ક્યાં ક્યાં કયા કયા અતિચારો સેવાયા છે ? તે જાણી લે. પછી સ્પષ્ટ રીતે એની ધારણા કરી લે. તે આલુંચન કહેવાય છે.)

ત્યાર બાદ વિકટીકરણ એટલે કે નાના-મોટા અપરાધોનું વિભાગીકરણ કરે. 'च' શબ્દથી આલોચના અથવા પ્રતિસેવનાના ક્રમથી (એટલે કે જેમાં સૌથી ઓછું પ્રાયશ્ચિત્ત આવતું હોય તે અપરાધની આલોચના પ્રથમ કરે, ત્યાર બાદ જેમાં તેના કરતા વધારે પ્રાયશ્ચિત્ત આવતું હોય તે અપરાધની આલોચના બીજા ક્રમે કરે, ત્યારબાદ જેમાં વધારે પ્રાયશ્ચિત્ત આવતું હોય તે અપરાધની આલોચના ત્રીજા ક્રમે કરે. આ રીતે પ્રાયશ્ચિત્તના અનુસારે ક્રમશઃ અપરાધોની ગોઠવણી કરવી તે આલોચનાક્રમ. અથવા દિવસમાં સૌ પ્રથમ જે અતિચાર સેવ્યો હોય તેની પહેલા આલોચના કરે. ત્યાર પછી જે સેવાયો હોય તે બીજા ક્રમે, તેના પછી જે સેવાયો તે ત્રીજા ક્રમે. આ રીતે પ્રતિસેવનાના ક્રમે અપરાધોને ગોઠવવા તે પ્રતિસેવનાક્રમ કહેવાય. આમ,

ततो यथाक्रमं गुरोर्निवेदनं करोति, एवं कुर्वतो भावशुद्धिरुपजायते, औदयिकभावात् क्षायोपशमिकप्राप्तिरित्यर्थः, इत्थमुक्तेन प्रकारेण 'आलोचिते' गुरोरपराधजाले निवेदिते 'आराधना' मोक्षमार्गाखण्डना भवति, 'अनालोचिते' अनिवेदिते 'भजना' विकल्पना कदाचिद्भवति कदाचिन्न भवति, तत्रेत्थं भवति–

"[७०]*आलोयणापरिणओ सम्मं संपट्ठिओ गुरुसगासं ।*
*जइ अंतरावि कालं करिज्ज आराहओ तहवि ॥१॥"*

एवं तु न भवति–

"[७१]*इड्डीए गारवेणं बहुस्सुयमएण वावि दुच्चरियं ।*
*जो ण कहेइ गुरूणं न हु सो आराहओ भणिओ ॥१॥"*

त्ति गाथार्थः ॥१२४४॥

इत्थं चालोचनादिप्रकारेणोभयकालं नियमत एव प्रथमचरमतीर्थकरतीर्थे सातिचारेण निरतिचारेण वा साधुना शुद्धिः कर्तव्या, मध्यमतीर्थकरतीर्थेषु पुनर्नैवं, किन्त्वतिचारवत एव शुद्धिः क्रियत इति, आह च–

**सपडिक्कमणो धम्मो पुरिमस्स य पच्छिमस्स य जिणस्स ।**
**मज्झिमयाण जिणाणं कारणजाए पडिक्कमणं ॥१२४५॥**

---

આલોચના અથવા પ્રતિસેવનાના ક્રમથી) તે અપરાધોનું ગુંથન=ગોઠવણ કરે.

ત્યાર પછી ક્રમશઃ ગુરુને નિવેદન કરે. આ પ્રમાણે કરતા સાધુને ભાવશુદ્ધિ ઉત્પન્ન થાય છે, અર્થાત્ ઔદયિકભાવથી ક્ષાયોપશમિકભાવની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે કહેવાયેલા પ્રકારવડે ગુરુને અપરાધોનો સમૂહ કહેવાથી મોક્ષમાર્ગની અખંડનારૂપ આરાધના થાય છે. પરંતુ જો અપરાધોને કહેવામાં ન આવે તો ભજના=વિકલ્પ જાણવો, અર્થાત્ ક્યારેક આરાધના થાય, ક્યારેક ન થાય. એટલે કે જો પોતે આલોચના કરવાના ભાવ સાથે ગુરુ પાસે આલોચના કરવા જતો હોય અને વચ્ચે જ કાલ કરે તો પણ તે જીવ આરાધક કહેવાય છે. પરંતુ જો ઋદ્ધિગારવથી કે બહુશ્રુતતાના અહંકારથી જે સાધુ પોતાના અપરાધો ગુરુને કહેતો નથી. તે સાધુ આરાધક કહેવાતો નથી. ॥૧॥" ॥૧૨૪૪॥

આ પ્રમાણે આલોચનાદિપ્રકારવડે સવાર-સાંજ નિયમથી જ પહેલા-છેલ્લા તીર્થંકરના તીર્થમાં સાતિચાર કે નિરતિચાર એવા સાધુએ શુદ્ધિ કરવા યોગ્ય છે, જ્યારે મધ્યમતીર્થંકરના તીર્થમાં નિયમથી ઉભયકાલ શુદ્ધિ કરવી જ પડે એવું નથી. પરંતુ જ્યારે અતિચાર સેવાયો હોય ત્યારે જ તે અતિચારવાળા સાધુએ જ શુદ્ધિ કરવાની હોય છે. કહ્યું છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

---

૭૦. आलोचनापरिणतः सम्यक् संप्रस्थितो गुरुसकाशम् । यद्यन्तराऽपि कालं कुर्यादाराधकस्तथापि ॥१॥
७१. ऋद्ध्या गौरवेण बहुश्रुतमदेन वाऽपि दुश्चरितम् । यो न कथयति गुरुभ्यो नैव स आराधको भणितः ॥१॥

व्याख्या—सप्रतिक्रमणो धर्मः पुरिमस्य च पश्चिमस्य च जिनस्य, तत्तीर्थसाधुना ईर्यापथागतेनोच्चारादिविवेके उभयकालं चापराधो भवतु मा वा नियमतः प्रतिक्रान्तव्यं, शठत्वात्प्रमादबहुलत्वाच्च, एतेष्वेव स्थानेषु 'मध्यमानां जिनानाम्' अजितादीनां पार्श्वपर्यन्तानां 'कारणजाते' अपराध एवोत्पन्ने सति प्रतिक्रमणं भवति, अशठत्वात्प्रमादरहितत्वाच्चेति गाथार्थः ॥१२४५॥

तथा चाह ग्रन्थकारः—

जो जाहे आवन्नो साहू अन्नयरयंमि ठाणंमि ।
सो ताहे पडिक्कमई मज्झिमयाणं जिणवराणं ॥१२४६॥

व्याख्या—'यः' साधुरिति योगः 'यदा' यस्मिन् काले पूर्वाह्णादौ 'आपन्नः' प्राप्तः 'अन्यतरस्मिन् स्थाने' प्राणातिपातादौ स तदैव तस्य स्थानस्य, एकाक्येव गुरुप्रत्यक्षं वा प्रतिक्रामति मध्यमानां जिनवराणामिति गाथार्थः ॥१२४६॥

आह—किमयमेवं भेदः प्रतिक्रमणकृतः ? आहोश्विदन्योऽप्यस्ति ?, अस्तीत्याह, यतः—

बावीसं तित्थयरा सामाइयसंजमं उवइसंति ।
छओवट्ठावणयं पुण वयन्ति उसभो य वीरो य ॥१२४७॥

---

ટીકાર્થ :- પહેલા અને છેલ્લા જિનનો ધર્મ પ્રતિક્રમણસહિતનો છે, કારણ કે તેમના તીર્થના સાધુએ વડીનીતિ વિગેરેનો ત્યાગ કર્યા પછી ઈર્યાપથથી આવીને (એટલે કે ઉપાશ્રયે પાછા આવીને) અપરાધ થયો હોય કે ન થયો હોય ઉભયકાલ નિયમથી પ્રતિક્રમણ કરવા યોગ્ય છે, કારણ કે તે કાળની જીવો માંયાવી અને પ્રમાદબહુલ છે. જ્યારે વડીનીતિ વિગેરેનો ત્યાગ કરવો વિગેરે સ્થાનોમાં અજિતનાથથી લઈને પાર્શ્વનાથ સુધીના તીર્થના સાધુઓથી જો કોઈ અપરાધ સેવાયો હોય તો જ તેઓને પ્રતિક્રમણ કરવાનું હોય છે, કારણ કે તેઓ નિર્માયાવી અને પ્રમાદરહિત છે. ॥૧૨૪૫॥

અવતરણિકા :- આ જ વાત ગ્રંથકારશ્રી જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે સાધુ જે પૂર્વાહ્ન વિગેરે કાલમાં પ્રાણાતિપાતાદિમાંના કોઈ સ્થાનને પામ્યો. (અર્થાત્ જે સાધુને જે ક્ષણે પ્રાણાતિપાતાદિ કોઈ અતિચાર લાગ્યો.) ત્યારે જ તે સાધુ તે સ્થાનનું એકલો જ અથવા ગુરુ સમક્ષ પ્રતિક્રમણ કરે છે. (કોના તીર્થમાં આવું સમજવું ?) મધ્યમજિનેશ્વરોના તીર્થમાં (આવું સમજવું.) ॥૧૨૪૬॥

અવતરણિકા :- શંકા : પ્રતિક્રમણવડે કરાયેલો ભેદ જ જાણવો ? (અર્થાત્ પહેલા-છેલ્લા અને મધ્યમજિનોના તીર્થમાં માત્ર પ્રતિક્રમણમાં જ ભેદ છે ?) કે કોઈ બીજા પ્રકારનો ભેદ પણ છે ? સમાધાન : બીજી બાબતમાં પણ ભેદ છે, કારણ કે ⇨

ગાથાર્થ :- વચલા બાવીસ તીર્થંકરો સામાયિકસંયમને કહે છે. જ્યારે ઋષભ અને વીર છેદોપસ્થાપનીયસંયમને કહે છે.

व्याख्या–'द्वाविंशतिस्तीर्थकरा' मध्यमाः सामायिकं संयममुपदिशन्ति, यदैव सामायिकमुच्चार्यते तदैव व्रतेषु स्थाप्यते, छेदोपस्थापनिकं वदतः ऋषभश्च वीरश्च, एतदुक्तं भवति–प्रथमतीर्थङ्करचरमतीर्थकरतीर्थेषु हि प्रव्रजितमात्रः सामायिकसंयतो भवति तावद् यावच्छस्त्रपरिज्ञाऽवगमः, एवं हि पूर्वमासीत्, अधुना तु षडजीवनिकायावगमं यावत् तया पुनः सूत्रतोऽर्थतश्चावगतया सम्यगपराधस्थानानि परिहरन् व्रतेषु स्थाप्यत इत्थेवं निरतिचारः, सातिचारः पुनर्मूलस्थानं प्राप्त उपस्थाप्यत इति गाथार्थः ॥१२४७॥ अयं च विशेषः-"[72]*आचेलुक्कोद्देसिय सिज्जातररायपिंडकिइकम्मे । वयजिट्ठपडिक्कमणे मासं पज्जोसवणकप्पे ॥१॥*" एतद्गाथानुसारतोऽवसेयः, इयं च सामायिके व्याख्यातैवेति गतं प्रासङ्गिकम् ।

अधुना यदुक्तं 'सप्रतिक्रमणो धर्म' इत्यादि, तत्प्रतिक्रमणं दैवसिकादिभेदेन निरूपयन्नाह–

---

ટીકાર્થ :- મધ્યમ બાવીસ તીર્થકરો સામાયિકરૂપ સંયમનો ઉપદેશ આપે છે, અર્થાત્ જ્યારે સામાયિક ઉચ્ચરાવે છે ત્યારે જ વ્રતોમાં સ્થાપિત કરે છે જ્યારે ઋષભ અને વીર છેદોપસ્થાપનિકરૂપ સંયમને કહે છે, અર્થાત્ પહેલા-છેલ્લા તીર્થકરોના તીર્થમાં દીક્ષા થયા બાદ જ્યાં સુધી આચારાંગસૂત્રના પ્રથમ અધ્યયનનો શસ્ત્રપરિજ્ઞાનામનો પ્રથમ ઉદ્દેશો ભણી ન લે ત્યાં સુધી તે સાધુ સામાયિકસંયમવાળો કહેવાય છે. આ પૂર્વની વ્યવસ્થા હતી. અત્યારે દશવૈકાલિકના ષડ્જીવનિકાયનામના ચોથા અધ્યયન સુધી ભણે, ત્યાં સુધી તે સાધુ સામાયિકસંયત કહેવાય છે. સૂત્ર અને અર્થથી ભણાવેલ ષડ્જીવનિકાયવડે સમ્યગ્ રીતે અપરાધ સ્થાનોને છોડતો વ્રતોમાં સ્થાપિત કરાય છે (એટલે કે વડીદીક્ષા થાય છે.) આ પ્રમાણે નિરતિચાર સંયમવાળો કહેવાય છે. (અર્થાત્ આ જે વડીદીક્ષા થાય છે તે છેદોપસ્થાપનીયસંયમ કહેવાય છે. તેના સાતિચાર અને નિરતિચાર બે પ્રકાર પડે છે. તેમાં આ નિરતિચાર છેદોપસ્થાપનીયસંયમ કહ્યું.) સાતિચાર તે કહેવાય છે કે જેમાં મૂલસ્થાનને પ્રાપ્ત સાધુ વ્રતોમાં સ્થપાય છે. (અર્થાત્ મૂલપ્રાયશ્ચિત્ત જેમાં આવતું હોય તેવો અપરાધ જેણે સેવ્યો હોય અને તેને કારણે તે સાધુને મૂલપ્રાયશ્ચિત્ત=ફરીથી દીક્ષા આપવાનું આવ્યું હોય એવા સાધુને જે ફરીથી વ્રતો ઉચ્ચરાવાય છે તે સાતિચાર છેદોપસ્થાપનીયસંયમ કહેવાય છે.) ॥૧૨૪૭॥

આ સિવાય બંને તીર્થોમાં આટલો ભેદ – "આચેલક્ય, ઔદ્દેશિક, શય્યાતર અને રાજપિંડ, કૃતિકર્મ, વ્રત, જયેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ અને પર્યુષણાકલ્પ ॥૧॥" આ ગાથાના અનુસારે જાણવો. આ ગાથા સામાયિકાધ્યયન(ભાગ-૧ ગા.-૧૧૪-૧૧૫)માં કહેવાઈ ગઈ છે. પ્રાસંગિક ચર્ચા પૂર્ણ થઈ.

અવતરણિકા :- હવે પ્રતિક્રમણસહિતનો ધર્મ... વિગેરે પૂર્વે (ગા.૧૨૪૫માં) જે કહ્યું તે પ્રતિક્રમણને દૈવસિકાદિભેદોથી નિરૂપણ કરતા કહે છે ➪

---

૭૨. आचेलक्यमौद्देशिकं शय्यातरराजपिण्डकृतिकर्माणि । व्रतानि ज्येष्ठः प्रतिक्रमणं मासः पर्युषणाकल्पः ॥१॥

**पडिकमणं देसिय राइयं च इत्तरियमावकहियं च ।**
**पक्खियचाउम्मासिय संवच्छर उत्तिमट्ठे य ॥१२४८॥**

व्याख्या–'प्रतिक्रमणं' प्रागिनरूपितशब्दार्थं, 'दैवसिकं' दिवसनिर्वृत्तं 'रात्रिकं' रजनिनिर्वृत्तम्, इत्वरं तु-अल्पकालिकं दैवसिकाद्येव 'यावत्कथिकं' यावज्जीविकं व्रतादिलक्षणं 'पाक्षिकं' पक्षातिचारनिर्वृत्तम्, आह–दैवसिकेनैव शोधिते सत्यात्मनि पाक्षिकादि किमर्थम् ?, उच्यते, गृहदृष्टान्तोऽत्र-'*[73]जह गेहं पइदियहंपि सोहियं तहवि पक्खसंधीए । सोहिज्जइ सविसेसं एवं इहयंपि णायव्वं ॥१॥*' एवं चातुर्मासिकं सांवत्सरिकम्, एतानि हि प्रतीतान्येव, 'उत्तमार्थे च' भक्तप्रत्याख्याने प्रतिक्रमणं भवति, निवृत्तिरूपत्वात्तस्येति गाथासमुदायार्थः ॥१२४८॥

साम्प्रतं यावत्कथिकं प्रतिक्रमणमुपदर्शयन्नाह–

**पंच य महव्वयाइं राईछट्ठाइ चाउजामो य ।**
**भत्तपरिण्णा य तहा दुण्हंपि य आवकहियाइं ॥१२४९॥**

व्याख्या–पञ्च महाव्रतानि-प्राणातिपातादिनिवृत्तिलक्षणानि 'राईछट्ठाइं' ति उपलक्षणत्वाद्

---

ગાથાર્થ :- દૈવસિક, રાત્રિક, ઈત્વરિક, યાવત્કથિક, પાક્ષિક, ચાઉમાસિક, સાંવત્સરિક અને અનશનસમયે, આટલા પ્રતિક્રમણના ભેદ છે.

ટીકાર્થ :- પૂર્વે નિરૂપિતશબ્દાર્થવાળું પ્રતિક્રમણ (હવે જણાવાતા ભેદોવાળું જાણવું.) દિવસે થાય તે દૈવસિક, રાત્રિએ થનારું રાત્રિક, દૈવસિકાદિ જ ઈત્વર એટલે કે અલ્પકાલિક જાણવું, વ્રતાદિ યાવત્કથિક જાણવું, પખવાડિયાના અતિચારોની શુદ્ધિ માટે થનારું પાક્ષિક જાણવું.

શંકા : દૈવસિક વિગેરે પ્રતિક્રમણોથી જ આત્મા શુદ્ધ થઈ જાય છે તો પાક્ષિક વિગેરે શા માટે કરવાની જરૂર છે ?

સમાધાન : અહીં ઘરનું દૃષ્ટાન્ત જાણવું. જેમ રોજે રોજ ઘર શુદ્ધ કરવા છતાં પક્ષની સંધિના દિવસે (=પૂનમ/અમાસ અથવા એકમે) વિશેષથી ઘર શુદ્ધ કરાય છે, એ જ પ્રમાણે અહીં પણ જાણવું. ॥૧॥ એ જ પ્રમાણે (=આ જ યુક્તિથી) ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ જાણવું. આ બંનેની વ્યાખ્યા પ્રતીત જ છે. તથા અનશન સમયે પ્રતિક્રમણ થાય છે. (અર્થાત્ અનશન સ્વીકારવું એ પણ એક પ્રતિક્રમણ જ છે.) કારણ કે તે અનશન પણ નિવૃત્તિરૂપ છે. ॥૧૨૪૮॥

અવતરણિકા :- હવે યાવત્કથિક પ્રતિક્રમણને દેખાડતા કહે છે ⇨

ગાથાર્થ :- પંચ મહાવ્રતો, છઠ્ઠું રાત્રિભોજન તથા ચારયમ અને ભક્તપરિજ્ઞા આટલું પહેલા-છેલ્લા બંને તીર્થંકરોના તીર્થમાં (તથા મધ્યમતીર્થોમાં) યાવત્કથિક જાણવું.

ટીકાર્થ :- પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રતો અને ઉપલક્ષણથી છઠ્ઠું રાત્રિભોજનનિવૃત્તિવ્રત પહેલા-છેલ્લા તીર્થંકરોના તીર્થમાં (યાવજ્જીવ હોય છે એમ અન્વય જોડવો.) એ જ

---

૭૩. यथा गृहं प्रतिदिवसमपि शोधितं तथापि पक्षसन्धौ । शोध्यते सविशेषमेवमिहापि ज्ञातव्यम् ॥१॥

रात्रिभोजननिवृत्तिषष्ठानि पुरिमपश्चिमतीर्थकरयोस्तीर्थ इति, 'चातुर्यामश्च'निवृत्तिधर्म एव भक्तपरिज्ञा च तथा, चशब्दादिङ्गिनिमरणादिपरिग्रहः, 'द्वयोरपि' पुरिमपश्चिमयोः, चशब्दाद् मध्यमानां च यावत्कथिकान्येतानीति गाथार्थः ॥१२४९॥

इत्थं यावत्कथिकमनेकभेदभिन्नं प्रतिपादितम्, इत्वरमपि दैवसिकादिभेदं प्रतिपादितमेव, पुनरपीत्वरप्रतिपादनायैवाह–

उच्चारे पासवणे खेले सिंघाणए पडिक्कमणं ।
आभोगमणाभोगे सहस्सकारे पडिक्कमणं ॥१२५०॥

व्याख्या–'उच्चारे' पुरीषे 'प्रस्रवणे' मूत्रे 'खेले' श्लेष्मणि 'सिङ्घानके' नासिकोद्भवे श्लेष्मणि व्युत्सृष्टे सति सामान्येन प्रतिक्रमणं भवति, अयं पुनर्विशेषः-'[७४] *उच्चारं पासवणं भूमीए वोसिरित्तु उवउत्तो । वोसरिऊण य तत्तो इरियावहिअं पडिक्कमइ ॥१॥ वोसिरइ मत्तगे जइ तो न पडिक्कमइ मत्तगं जो उ । साहू परिट्ठवेई णियमेण पडिक्कमे सो उ ॥२॥ खेलं सिंघाणं वाऽपडिलेहिय अप्पमज्जिउं तह य । वोसिरिय पडिक्कमई तं पिय मिच्छुक्कडं देइ ॥३॥*' प्रत्युपेक्षितादिविधिविवेके तु न ददाति, तथाऽऽभोगेऽनाभोगे सहसात्कारे सति

રીતે મધ્યમ તીર્થંકરોના તીર્થમાં નિવૃત્તિધર્મરૂપ ચાર યામો=મહાવ્રતો (યાવત્કથિક હોય છે.) એ જ રીતે ભક્તપરિજ્ઞાનામનું અનશન અને 'च' શબ્દથી ઈંગિનિમરણ વિગેરે જાણવા. આ બધું પહેલા-છેલ્લા તીર્થંકરોના તીર્થમાં અને 'च' શબ્દથી મધ્યમતીર્થોમાં યાવત્કથિક હોય છે. ॥૧૨૪૯॥

અવતરણિકા :- આ પ્રમાણે યાવત્કથિકપ્રતિક્રમણ અનેકભેદોવાળું પ્રતિપાદન કરાયું. ઈત્વર એવું પ્રતિક્રમણ પણ દૈવસિક વિગેરે ભેદોવાળું પ્રતિપાદન કરી જ દીધું છે. છતાં બીજી રીતે પણ ઈત્વરનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ :- વડીનીતિ, લઘુનીતિ, મુખમાંથી નીકળતા ગળફા, નાકમાંથી નીકળતો શ્લેષ્મ ત્યાગ કર્યા બાદ પ્રતિક્રમણ થાય છે.આભોગ, અનાભોગ અને સહસાત્કારે જે અતિચાર સેવાયો તેનું પ્રતિક્રમણ થાય છે.**

ટીકાર્થ :- વડીનીતિ, લઘુનીતિ, મોંમાંથી નીકળતા ગળફા, નાકમાંથી નીકળતો શ્લેષ્મ આ બધું પરઠવ્યા બાદ સામાન્યથી પ્રતિક્રમણ કરવાનું હોય છે. વિશેષથી આ પ્રમાણે જાણવું – ભૂમિને વિશે માત્રુ-સ્થંડિલ પરઠવવામાટે ઉપયુક્ત સાધુ પરઠવ્યા બાદ ઈરિયાવહી પ્રતિક્રમે છે. ॥૧॥ જો માત્રકમાં વોસિરાવે તો ઈરિયાવહી પ્રતિક્રમવાની જરૂર નથી. પરંતુ જે માત્રકને પરઠવે છે તે સાધુ નિયમથી પ્રતિક્રમે છે. ॥૨॥ ખેલ અથવા સિંઘાણને અપ્રતિલેખિત અને અપ્રમાર્જિત ભૂમિ ઉપર વોસિરાવે તો ત્યાં પણ પ્રતિક્રમણ કરે એટલે કે મિચ્છા મિ દુક્કડં આપે. ॥૩॥ પરંતુ

७४. उच्चारं प्रश्रवणं भूमौ व्युत्सृष्टुमुपयुक्तः । व्युत्सृज्य च तत ईर्यापथिकीं प्रतिक्रामति ॥१॥ व्युत्सृजति मात्रके यदि तदा न प्रतिक्राम्यति मात्रकं यस्तु । साधुः परिष्ठापयति नियमेन प्रतिक्राम्यति स एव ॥२॥ श्लेष्माणं सिङ्घानं वाऽप्रतिलिख्याप्रमार्ज्य तथा च । व्युत्सृज्य प्रतिक्राम्यति तत्रापि च मिथ्यादुष्कृतं ददाति ॥३॥

योऽतिचारस्तस्य प्रतिक्रमणम्–'[७५]*आभोगे जाणंतेण जोऽइयारो कओ पुणो तस्स । जायम्मिवि अणुतावे पडिकमणेऽजाणया इयरो ॥१॥*' अनाभोगः, सहसात्कारे इत्थंलक्षणे–'[७६]पुव्वि अपासिऊणं छूढे पायंमि जं पुणो पासे । ण य तरइ णियत्तेउं पायं सहसाकरणमेयं ॥१॥' अस्मिंश्च सति प्रतिक्रमणम्, अयं गाथाक्षरार्थः ॥१२५०॥

इदं पुनः प्राकरणिकं–'[७७]*पडिलेहेउं पमज्जिय भत्तं पाणं च वोसिरेऊणं । वसहीकयवरमेव उ णियमेण पडिक्कमे साहू ॥१॥ हत्थसया आगंतुं गंतुं च मुहुत्तगं जहिं चिट्ठे । पंथे वा*

---

જો બરાબર ભૂમિ વિગેરેનું પ્રતિલેખનાદિવિધિ-પૂર્વક પરઠવે તો પ્રતિક્રમવાની જરૂર નથી એટલે કે મિચ્છા મિ દુક્કડં આપવાની જરૂર નથી. (इति दीपिकायाम्)

તથા આભોગ, અનાભોગ અને સહસાત્કારથી જે અતિચાર સેવાયો તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે. અહીં (આભોગ), અનાભોગ અને સહસાત્કારનું લક્ષણ આ પ્રમાણે જાણવું – જાણતાં જે અતિચાર સેવાય તે આભોગ, તે અતિચાર સેવાયા બદલ પશ્ચાત્તાપ થાય તો પણ પ્રતિક્રમણ (મિચ્છા મિ દુક્કડં વિગેરેરૂપ) કરવાનું હોય છે. અજાણતાં જે અતિચાર સેવાય તે ઈતર=અનાભોગ જાણવો. (તેમાં પણ પ્રતિક્રમણ કરવાનું હોય છે.) ॥૧॥ 'इयरो' શબ્દથી અનાભોગ જાણવો.

હવે પછી બતાવાતા લક્ષણવાળા સહસાત્કારમાં પ્રતિક્રમણ કરવાનું હોય છે. તે લક્ષણ આ પ્રમાણે → ચાલતી વખતે હવે પછી જ્યાં પગ મૂકવાનો છે ત્યાં બરાબર જોયા પછી એક પણ જીવ દેખાય નહીં ત્યારે તે સ્થાને પગ મૂકવા જતાં અચાનક ત્યાં કોઈ જીવ દેખાય, પરંતુ પગ પાછો ખેંચવો શક્ય ન બને એ અવસ્થા સહસાત્કાર સમજવો. (એ જ રીતે સાધુએ મુહપત્તિ વિના ન જ બોલાય આવું જાણ્યા પછી પણ સાધુ મુહપત્તિ વિના બોલે તો તે આભોગથી=જાણી જોઈને અતિચાર સેવ્યો એમ કહેવાય. કોઈ નવદીક્ષિત સાધુ કે જેણે ખબર જ નથી કે 'મુહપત્તિ વિના બોલાય નહીં' અને તે બોલે તો તે અનાભોગથી બોલ્યો કહેવાય. જે સાધુને ખબર છે અને મુહપત્તિ વિના ન બોલાય તેની સંપૂર્ણ કાળજીવાળો છે. છતાં મુહપત્તિ વિના કોઈક શબ્દ, વાક્ય બોલાઈ ગયું તે સહસાત્કાર જાણવો. અનાભોગમાં ઉપયોગ ન હોય. સહસાત્કારમાં ઉપયોગ હોય.) આ સહસાત્કાર થાય ત્યારે પ્રતિક્રમણ કર્તવ્ય થાય છે. ॥૧૨૫૦॥

આ પ્રકરણસંબંધી વિશેષ વાતો આ પ્રમાણે જાણવી - (જ્યાં પરઠવવાનું હોય તે ભૂમિનું) પ્રતિલેખન અને પ્રમાર્જન કરીને ભોજન-પાણી અને વસતિના કચરાને ત્યાં પરઠવીને નિયમથી સાધુ (ઈરિયાવહિયા વિગેરેરૂપ) પ્રતિક્રમણ કરે. ॥૧॥ એકસો ડગલા દૂરથી આવીને, મુહૂર્ત જેટલો કાળ રોકાવવાનું હોય કે એકસો ડગલા દૂર ગયા પછી મુહૂર્ત જેટલો કાળ રોકાવવાનું

---

७५. आभोगे जानता योऽतिचारः कृतः पुनस्तस्य । जातेऽपि चानुतापे प्रतिक्रमणमजानतेतरः ॥१॥ ७६. पूर्वमदृष्ट्वा क्षिप्ते पादे यत् पुनः पश्येत् । न च शक्नोति निवर्त्तितुं पादं सहसाकरणमेतत् ॥१॥ ७७. प्रतिलिख्य प्रमृज्य भक्तं पानं च व्युत्सृज्य । वसतिकचवरमेव तु नियमेन प्रतिक्राम्येत् साधुः ॥१॥ हस्तशतादागत्य गत्वा च मुहूर्त्तकं यत्र तिष्ठेत् । पथि वा

[७८]वच्चंतो णदिसंतरणे पडिक्कमइ ॥२॥' गतं प्रतिक्रमणद्वारम्,

अधुना प्रतिक्रान्तव्यमुच्यते, तत्पुनरोघतः पञ्चधा भवतीति, आह च निर्युक्तिकारः-

मिच्छत्तपडिक्कमणं तहेव अस्संजमे पडिक्कमणं ।
कसायाण पडिक्कमणं जोगाण य अप्पसत्थाणं ॥१२५१॥
संसारपडिक्कमणं चउव्विहं होइ आणुपुव्वीए ।
भावपडिक्कमणं पुण तिविहं तिविहेण नेयव्वं ॥१२५२॥

व्याख्या—मिथ्यात्वमोहनीयकर्मपुद्गलसाचिव्यविशेषादात्मपरिणामो मिथ्यात्वं तस्य प्रतिक्रमणं तत्प्रतिक्रान्तव्यं वर्तते,यदाभोगानाभोगसहसात्कारैर्मिथ्यात्वं गतस्तत्प्रतिक्रान्तव्यमित्यर्थः, तथैव 'असंयमे' असंयमविषये प्रतिक्रमणम्, असंयमः-प्राणातिपातादिलक्षणः प्रतिक्रान्तव्यो वर्तते, 'कषायाणां' प्राग्निरूपितशब्दार्थानां क्रोधादीनां प्रतिक्रमणं, कषायाः प्रतिक्रान्तव्याः, 'योगानां च' मनोवाक्कायलक्षणानाम् 'अप्रशस्तानाम्' अशोभनानां प्रतिक्रमणं, ते च प्रतिक्रान्तव्या इति गाथार्थः ॥१२५१॥ संसरणं संसारः—तिर्यग्नरनारकामरभवानुभूतिलक्षणस्तस्य प्रतिक्रमणं 'चतुर्विधं' चतुष्प्रकारं भवति 'आनुपूर्व्या' परिपाट्या, एतदुक्तं भवति-नारकायुषो ये हेतवो महारम्भादयस्तेष्वाभोगानाभोगसहसात्कारैर्यद्वर्तितमन्यथा वा प्ररूपितं तस्य प्रतिक्रान्तव्यम्,

હોય ત્યારે સાધુ પ્રતિક્રમણ કરે. અથવા વિહારમાં જતા વચ્ચે નદી ઉતર્યા બાદ સાધુ પ્રતિક્રમણ કરે છે. ॥૨॥ પ્રતિક્રમણદ્વાર પૂર્ણ થયું.

અવતરણિકા :- હવે પ્રતિક્રાન્તવ્ય કહેવાય છે. તે સામાન્યથી પાંચ પ્રકારે છે. આ જ વાત નિર્યુક્તિકાર કહે છે ⇨

ગાથાર્થ :- મિથ્યાત્વનું, અસંયમનું, કષાયોનું, અપ્રશસ્ત એવા યોગોનું અને સંસારનું પ્રતિક્રમણ કરવાનું છે. સંસારનું પ્રતિક્રમણ ક્રમશઃ ચાર પ્રકારનું છે. ભાવપ્રતિક્રમણ ત્રિવિધં ત્રિવિધેન જાણવા યોગ્ય છે.

ટીકાર્થ :- મિથ્યાત્વમોહનીયકર્મપુદ્ગલના સહાયવિશેષથી ઉત્પન્ન થતો આત્મપરિણામ તે મિથ્યાત્વ છે. તેનું પ્રતિક્રમણ કરવાનું હોય છે માટે તે મિથ્યાત્વ એ પ્રતિક્રાન્તવ્ય તરીકે છે, અર્થાત્ જીવ આભોગ-અનાભોગ અને સહસાત્કારે જે મિથ્યાત્વને પામ્યો છે તે પ્રતિક્રાન્તવ્ય જાણવું. એ જ પ્રમાણે અસંયમરૂપ વિષયમાં પ્રતિક્રમણ છે, અર્થાત્ પ્રાણાતિપાતાદિરૂપ અસંયમ તે પ્રતિક્રાન્તવ્ય છે. પૂર્વે જેનો શબ્દાર્થ જણાવી દીધો છે એવા કષાયોનું એટલે કે ક્રોધાદિનું પ્રતિક્રમણ જાણવું, અર્થાત્ કષાયો પ્રતિક્રાન્તવ્ય તરીકે છે. અશોભન એવા મન, વચન અને કાયારૂપ યોગોનું પ્રતિક્રમણ હોય છે, અર્થાત્ તે યોગો એ પ્રતિક્રાન્તવ્ય જાણવા. ॥૧૨૫૧॥

તિર્યંચ, નર, નારક અને દેવોના ભવની અનુભૂતિરૂપ સંસારનું પ્રતિક્રમણ ક્રમશઃ ચાર પ્રકારે થાય છે, અર્થાત્ નરકાયુષ્યના કારણભૂત એવા જે મહારંભ વિગેરે છે, તેઓને વિશે આભોગ, અનાભોગ કે સહસાત્કારથી જે વર્તેલું હોય એટલે કે મહારંભાદિનું આચરણ કર્યું હોય

७८. व्रजन् नदीसंतरणे प्रतिक्राम्यति ॥२॥

एवं तिर्यग्नरामरेष्वपि विभाषा, नवरं शुभनरामरायुर्हेतुभ्यो मायाद्यनासेवनादिलक्षणेभ्यो निराशंसेनैवापवर्गाभिलाषिणाऽपि न प्रतिक्रान्तव्यं, 'भावपडिक्कमणं पुण तिविहं तिविहेण णेयव्वं' तदेतदनन्तरोदितं भावप्रतिक्रमणं पुनस्त्रिविधं त्रिविधेनैव नेतव्यं, पुनःशब्दस्यैवकारार्थत्वात्, एतदुक्तं भवति–'*मिच्छत्ताइ न गच्छइ ण य गच्छावेइ णाणुजाणई । जं मणवइकाएहिं तं भणियं भावपडिकमणं ॥१॥*' 'मनसा न गच्छति' न चिन्तयति यथा शोभनः शाक्यादिधर्मः, वाचा नाभिधत्ते, कायेन न तैः सह निष्प्रयोजनं संसर्गं करोति, तथा "न य गच्छावेइ' मनसा न चिन्तयति–कथमेष तच्चनिकादिः स्यात् ?, वाचा न प्रवर्तयति यथा तच्चनिकादिर्भव, कायेन न तच्चनिकादीनामर्पयति, 'णाणुजाणइ' कश्चित्तच्चनिकादिर्भवति न तं मनसाऽनुमोदयति तूष्णीं वाऽऽस्ते, वाचा न सुष्ठवारब्धं कृतं वेति भणति, कायेन न नखच्छोटिकादि प्रयच्छति, एवमसंयमादिष्वपि विभाषा कार्येति गाथार्थः ॥१२५२॥

---

અથવા વિપરીત રીતે તેની પ્રરૂપણા કરી હોય તેનું પ્રતિક્રમણ કરવા યોગ્ય છે. આ જ પ્રમાણે તિર્યંચ, નર, દેવોમાં પણ વર્ણન કરવું.

(શંકા : જો ચારે ગતિના આયુબંધના કારણોનું પ્રતિક્રમણ કરવાનું હોય તો માયા વગેરે ન કરવા=અમાયા વિગેરે એ મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્યના બંધનું કારણ છે. તેથી તમારા કહેવા પ્રમાણે માયા વિગેરેના અનાસેવનનું=અમાયા વિગેરેનું પણ પ્રતિક્રમણ કરવાની આપત્તિ આવશે. આવી શંકાનું સમાધાન આપે છે કે –)

"પછીના ભવમાં મને ચક્રવર્તીના ભોગો કે ઇન્દ્રઋદ્ધિ પ્રાપ્ત થાઓ" આવી કોઈ પણ પ્રકારની આશંસા વિના સેવાતા માયાદિના અનાસેવનાદિરૂપ શુભ નર-દેવાયુબંધના કારણોનું મોક્ષના અભિલાષી જીવે પણ પ્રતિક્રમણ કરવાની જરૂર નથી.

હમણાં જ (ગા. ૧૨૪૪ વિગેરેમાં) જેનું વર્ણન કર્યું તે ભાવપ્રતિક્રમણ ત્રિવિધં ત્રિવિધેન જ જાણવું. પુનઃશબ્દ 'જ' કાર અર્થમાં છે. આશય એ છે કે – "મન-વચન-કાયાથી મિથ્યાત્વાદિ પામે નહીં, પમાડે નહીં કે અનુમોદે નહીં તે ભાવપ્રતિક્રમણ કહેવાય છે. ॥૧॥" જેમ કે, બૌદ્ધ વિગેરેનો ધર્મ સુંદર છે એવું મનથી વિચારે નહીં, વચનથી બોલે નહીં, કાયાથી તેઓની સાથે કારણ વિના ભેગા થવું વિગેરે સંસર્ગ કરે નહીં. (આ રીતે પોતે મિથ્યાત્વને પામે નહીં.) તથા મિથ્યાત્વ પમાડે નહીં એટલે → આ જીવને બૌદ્ધ વિગેરે ધર્મ કેવી રીતે પમાડું ? આવું મનથી વિચારે નહીં, તું બૌદ્ધ વિગેરે બની જા આવું બોલવાદ્વારા વચનથી જીવને તે તે ધર્મમાં પ્રવર્તાવે નહીં, અને કાયાથી બૌદ્ધાદિઓને તે જીવ સોંપે નહીં.

અનુમોદે નહીં એટલે → કોઈ જીવ બૌદ્ધ વિગેરે ધર્મ સ્વીકારતો હોય ત્યારે તેની મનથી અનુમોદના કરે નહીં અથવા મૌન ન રહે (પરંતુ સમ્યગ્ નિષેધાત્મક પ્રેરણા કરે.) વચનથી "સારાં ધર્મની શરૂઆત કરી અથવા બહુ સરસ કર્યું" આવું બોલે નહીં. તથા કાયાથી ચપટી વગાડવી વિગેરે કરે નહીં. આ જ પ્રમાણે અસંયમાદિમાં પણ વર્ણન કરવું. ॥૧૨૫૨॥

इत्थं [७९] मिथ्यात्वादिगोचरं भावप्रतिक्रमणमुक्तम्, इह च भवमूलं कषायाः, तथा चोक्तम्–

*"कोहो य माणो य अणिग्गहीया, माया य लोहो य पवड्डमाणा ।*
*चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥१॥"*

अतः कषायप्रतिक्रमण एवोदाहरणमुच्यते–केई दो संजया संगारं काऊण देवलोयं गया, इओ य एगंमि णयरे एगस्स सिट्ठिस्स भारिया पुत्तणिमित्तं णागदेवयाए उववासेण ठिया, ताए भणियं-होहिति ते पुत्तो देवलोयचुओत्ति, तेसिमेगो चइत्ता तीए पुत्तो जाओ, नागदत्तोत्ति से णामं कयं, बावत्तरिकलाविसारओ जाओ, गंधव्वं च से अइप्पियं, तेण गंधव्वणागदत्तो भण्णइ, तओ सो मित्तजणपरिवारिओ सोक्खमणुभवइ, देवो य णं बहुसो बहुसो बोहेइ, सो ण संबुज्झइ, ताहे सो देवो अव्वत्तलिंगेणं ण णज्जइ जहेस पव्वइयगो, जेण से रजोहरणाइ उवगरणं णत्थि, सप्पे चत्तारि करंडयहत्थो गहेऊण तस्स उज्जाणियागयस्स

આ પ્રમાણે મિથ્યાત્વાદિવિષયક ભાવપ્રતિક્રમણ કહ્યું. એમાં કષાયો એ સંસારનું મૂલ છે, કારણ કે કહ્યું છે – અનિગૃહીત એવા ક્રોધ અને માન તથા વધતા એવા માયા અને લોભ, આ ચારે સંપૂર્ણ કષાયો જન્માન્તરોના મૂળીયાઓને સિંચે છે. ॥ દશવૈ. અ. ૮, ગા. ૪૦॥ આથી કષાયના પ્રતિક્રમણને વિશે જ ઉદાહરણ કહેવાય છે.

**❖ કષાય ઉપર નાગદત્તની કથા ❖**

બે સાધુઓ (દેવલોકમાંથી જે પહેલો ચ્યવે તેને બીજાએ પ્રતિબોધ કરવો. એવા પ્રકારનો) સંકેત કરીને દેવલોકમાં ગયા. બીજી બાજુ એક નગરમાં એક શ્રેષ્ઠિની પત્ની પુત્રનિમિત્તે નાગદેવતાની આરાધના માટે ઉપવાસ કરે છે. પ્રસન્ન થયેલા નાગદેવતા તેને કહે છે કે "દેવલોકમાંથી ચ્યવીને કોઈ તારા પુત્ર તરીકે થશે." પેલા બે સાધુઓ કે જેઓ દેવ થયા હતા. તેમાંથી એક ચ્યવીને તે શ્રેષ્ઠિપત્નીનો પુત્ર થયો. તેનું નામ નાગદત્ત રાખવામાં આવ્યું.

તે પુરુષોની બહોંત્તેરકળામાં નિપુણ થયો, અને તેને ગાંધર્વ (ગાંધર્વકળાવડે સાપોને રમાડવા) અતિપ્રિય હતું. તેથી લોકો તેને ગાંધર્વનાગદત્ત કહે છે. તે મિત્રજનથી પરિવરેલો સુખનો અનુભવ કરે છે. (અર્થાત્ મિત્ર વિગેરેની સાથે સુખપૂર્વક દિવસો પસાર કરે છે.) તેનો મિત્રદેવ વારંવાર તેને પ્રતિબોધે છે, પરંતુ નાગદત્ત પ્રતિબોધ પામતો નથી. ત્યારે તે દેવ અવ્યક્તલિંગવડે (=રજોહરણાદિ છુપાવેલા છે જેમાં તેવા સાધુવેષમાં) ત્યાં આવે છે, પરંતુ આ વેષધારી પાસે રજોહરણાદિ ઉપકરણો ન હોવાથી આ સાધુ છે એવું જણાતું નથી.

७९. क्रोधश्च मानश्च अनिगृहीतौ माया च लोभश्च परिवर्धमानौ । चत्वार एते कृत्स्नाः कषायाः सिञ्चन्ति मूलानि पुनर्भवस्य ॥१॥ ८०. कौचित् द्वौ संयतौ संकेतं कृत्वा देवलोकं गतौ, इतश्चैकस्मिन्नगरे एकस्य श्रेष्ठिनो भार्या पुत्रनिमित्तं नागदेवतायै उपवासेन स्थिता, तया भणितं-भविष्यति ते पुत्रो देवलोकच्युत इति, तयोरेकश्च्युत्वा तस्याः पुत्रो जातः, नागदत्त इति तस्य नाम कृतं, द्वासप्ततिकलाविशारदो जातः, गान्धर्वं चास्यातिप्रियं, तेन गन्धर्वनागदत्तो भण्यते, ततः स मित्रजनपरिवारितः सौख्यमनुभवति, देवश्चैनं बहुशः बहुशः बोधयति, स न सम्बुध्यते, तदा स देवोऽव्यक्तलिङ्गेन न ज्ञायते यथैष प्रव्रजितकः, येन रजोहरणा-द्युपकरणं तस्य नास्ति, सर्पांश्चतुरः करण्डकहस्तो गृहीत्वा तस्योद्यानिकागतस्य

[८१]यं अदूरसामंतेण वीईवयइ, मित्तेहिं से कहियं-एस सप्पखेल्लावगोत्ति, गओ तस्स मूलं, पुच्छइ-किमेत्थं ?, देवो भणइ–सप्पा, गंधव्वणागदत्तो भणइ–रमामो, तुमं ममच्चएहि अहं तुहच्चएहिं, देवो तस्सच्चएहिं रमति, खइओवि ण मरइ, गंधव्वणागदत्तो अमरिसिओ भणइ-अहंपि रमामि तव संतिएहिं सप्पेहिं, देवो भणइ–मरसि जइ खज्जसि, जाहे णिब्बंधेण लग्गो ताहे मंडलं आलिहित्ता देवेण चउद्दिसिंपि करंडगा ठविता, पच्छा से सव्वं सयणमित्तपरियणं मेलिऊण तस्स समक्खं इमं भणियाइओ–

गंधव्वनागदत्तो इच्छइ सप्पेहि खिल्लिउं इहयं ।
तं जइ कहिंवि खज्जइ इत्थ हु दोसो न कायव्वो ॥१२५३॥

व्याख्या–'गन्धर्वनागदत्त' इति नामा 'इच्छति' अभिलषति सर्पैः सार्द्धं क्रीडितुम्, अत्र स खल्वयं यदि 'कथञ्चित्' केनचित्प्रकारेण 'खाद्यते' भक्ष्यते 'इत्थ हु' अस्मिन् वृत्तान्ते न दोषः कर्तव्यो मम भवद्भिरिति गाथार्थः ॥१२५३॥

यथा चतसृष्वपि दिक्षु स्थापितानां सर्पाणां माहात्म्यमसावकथयत् तथा प्रतिपादयन्नाह–

---

એક કરંડિયામાં ચાર સાપોને નાખી કરંડિયાને હાથમાં લઈને ઉજાણી માટે આવેલો એવો તે નાગદત્તની બાજુમાંથી પસાર થાય છે. મિત્રો નાગદત્તને કહે છે – "જો, આ સાપોને રમાડનારો આવ્યો લાગે છે." નાગદત્ત તેની પાસે ગયો અને પૂછ્યું – "આ કરંડિયામાં શું છે?" દેવે કહ્યું – "સાપો છે." ગાંધર્વ્વનાગદત્તે કહ્યું – "ચલો, આપણે આ સાપોથી રમીએ. તારે અમારા સાપો સાથે રમવું અને હું તારા સાપોની સાથે રમીશ."

દેવ તે લોકોના સાપોની સાથે રમે છે. ડંખ મારવા છતાં તે દેવ મરતો નથી. તેથી ઈર્ષ્યાથી ગાંધર્વ્વનાગદત્ત કહે છે કે – "હું પણ તારા સાપોની સાથે રમું." દેવે કહ્યું – "મારા સાપો જો ડંખ મારશે તો તું મરી જઈશ." નાગદત્ત જ્યારે ઘણો આગ્રહ કરવા લાગ્યો ત્યારે પેલા દેવે માંડળું બનાવીને ચારે દિશામાં કરંડિયા મૂક્યા. પછી નાગદત્તના સર્વ સ્વજનો, મિત્રો, પરિજનોને ભેગા કરીને તેઓની સામે આ પ્રમાણે કહેવા લાગ્યો ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ગંધર્વ્વનાગદત્તનામનો આ પુરુષ સાપો સાથે રમવા ઇચ્છે છે. અહીં જો કોઈક રીતે તે ડંખાય એટલે કે જો સાપ તેને ડંખ મારે તો આ વિષયમાં તમારે મને દોષ આપવો નહીં. ॥૧૨૫૩॥

અવતરણિકા :- ચારે દિશામાં સ્થાપેલા સાપોનું માહાત્મ્ય તે દેવે જે રીતે કહ્યું તે રીતે

---

८१. अदूरसामीप्येन व्यतिव्रजति, मित्रैस्तस्य कथितं-एष सर्पक्रीडक इति, गतस्तस्य मूलं, पृच्छति–किमत्र ?, देवो भणति-सर्पाः, गन्धर्वनागदत्तो भणति-रमावहे, त्वं मामकीनैरहं तावकीनैः, देवस्तत्सत्कैः रमते, खादितोऽपि न म्रियते, गन्धर्वनागदत्तोऽमर्षितो भणति-अहमपि तव सत्कैः सर्पैः रमे, देवो भणति–मरिष्यसि यदि भक्षिष्यसे, यदा निर्बन्धेन लग्नस्तदा मण्डलमालिख्य देवेन चतसृष्वपि दिक्षु करण्डकाः स्थापिताः, पश्चात्तस्य सर्वं स्वजनमित्रपरिजनं मेलयित्वा तस्य समक्षं इदं भणितवान्-

तरुणदिवायरनयणो विज्जुलयाचंचलग्गजीहालो ।
घोरमहाविसदाढो उक्का इव पज्जलियरोसो ॥१२५४॥

व्याख्या–तरुणदिवाकरवद्–अभिनवोदितादित्यवन्नयने–लोचने यस्य स तरुणदिवाकरनयनः, रक्ताक्ष इत्यर्थः, विद्युल्लतेव चञ्चलाऽग्रजिह्वा यस्य स विद्युल्लताचञ्चलाग्रजिह्वाकः, घोरा–रौद्रा महाविषाः–प्रधानविषयुक्ता दंष्ट्रा–आस्यो यस्य स घोरमहाविषदंष्ट्रः, उल्केव–चुडुलीव प्रज्वलितो रोषो यस्य स तथोच्यत इति गाथार्थः ॥१२५४॥

डक्को जेण मणूसो कयमकयं न याणई सुबहुयंपि ।
अद्दिस्समाणमच्चुं कह घिच्छसि तं महानागं ? ॥१२५५॥

व्याख्या–'डक्को' दष्टः 'येन' सर्पेण मनुष्यः स कृतं किञ्चिदकृतं वा न जानाति सुबह्वपि, 'अदृश्यमानमृत्युम्' अदृश्यमानोऽयं करण्डकस्थो मृत्युर्वर्तते, मृत्युहेतुत्वान्मृत्युः, यतश्चैवमतः कथं ग्रहीष्यसि त्वं 'महानागं' प्रधानसर्पम् ?, इति गाथार्थः, अयं च क्रोधसर्पः, पुरुषे संयोजना स्वबुद्ध्या कार्या, क्रोधसमन्वितस्तरुणदिवाकरनयन एव भवतीत्यादि ॥१२५५॥

मेरुगिरितुंगसरिसो अट्ठफणो जमलजुगलजीहालो ।
दाहिणपासंमि ठिओ माणेण वियट्टई नागो ॥१२५६॥

---

પ્રતિપાદન કરતાં કહે છે ➩

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- નવા ઉગેલા સૂર્યની જેમ લાલચોળ આંખો છે જેની તેવો અર્થાત્ લાલ આંખોવાળો આ સાપ છે. વીજળીની લતા જેવી ચંચળ છે અગ્રજીભ જેની તેવો, ભયંકર અને પ્રધાનવિષથી યુક્ત છે દાઢાઓ જેની તેવો, ખરતા તારા જેવો ભડભડતો રોષ છે જેનો તેવો આ (ક્રોધ નામનો) સર્પ છે. ॥૧૨૫૪॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ તે સાપ છે કે જેનાવડે ડંખાયેલો મનુષ્ય ઘણા એવા પણ કૃત-અકૃતને જાણતો નથી. (અર્થાત્ ડંખ મારતાની સાથે તે મનુષ્ય બધી જ જાતનું ભાન ભૂલી જાય છે.) વળી કરંડિયામાં રહેલો અને માટે જ નહીં દેખાતો આ સાપ મૃત્યુનું કારણ હોવાથી સાક્ષાત્ મૃત્યુસમાન છે. જે કારણથી આ સાપના આવા બધા લક્ષણો છે. તે કારણથી હે નાગદત્ત ! તું આ મહાનાગને કેવી રીતે રમવા માટે પકડી શકીશ ? (આ જે સાપનું વર્ણન કર્યું તે) ક્રોધનામનો સર્પ છે. આ બધા વિશેષણો પુરુષમાં સ્વબુદ્ધિથી ઘટાડી દેવા. જેમ કે, ક્રોધથી યુક્ત જે પુરુષ હોય તેની આંખો નવા ઉગેલાં સૂર્ય જેવી લાલચોળ જ હોય છે. વિગેરે (બીજા વિશેષણો પણ વિચારી લેવા.) ॥૧૨૫૫॥

અવતરણિકા :- હવે માન નામના સર્પનું વર્ણન કરે છે ➩

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

व्याख्या–मेरुगिरेस्तुङ्गानि–उच्छ्रितानि तैः सदृशः मेरुगिरितुङ्गसदृशः, उच्छ्रित★ इत्यर्थः, अष्टौ फणा यस्य सोऽष्टफणः जातिकुलरूपबललाभबुद्धिवाल्लभ्यकश्रुतानि द्रष्टव्यानि, तत्त्वतो यमो–मृत्युर्मृत्युर्हेतुत्वात् 'ला आदाने' यमं लान्तीति–आददतीति यमला, यमला युग्मजिह्वा यस्य स यमलयुग्मजिह्वः, करण्डकन्यासमधिकृत्याऽऽह–दक्षिणपार्श्वेस्थितः, दक्षिणदिग्न्यासस्तु दाक्षिण्यवत उपरोधतो मानप्रवृत्तेः, अत एवाह–'मानेन' हेतुभूतेन व्यावर्तते 'नागः' सर्प इति गाथार्थः ॥१२५६॥

डक्को जेण मणूसो थद्धो न गणेइ देवरायमवि ।
तं मेरुपव्वयनिभं कह घिच्छसि तं महानागं ? ॥१२५७॥

व्याख्या–'डक्को' दष्टः 'येन' सर्पेण मनुष्यः स्तब्धः सन्न गणयति 'देवराजानमपि' इन्द्रमपि, 'तम्' इत्थम्भूतं मेरुपर्वतनिभं कथं गृहीष्यसि त्वं 'महानागं' प्रधानसर्पमिति गाथार्थः, अयं च मानसर्पः ॥१२५७॥

सललियविल्लहलगई सत्थिअलंछणफणंकिअपडागा ।
मायामइआ नागी नियडिकवडवंचणाकुसला ॥१२५८॥

व्याख्या–सललिता–मृद्वी वेल्लहला-स्फीता गतिर्यस्याः सा सललितवेल्लहलगतिः, स्वस्तिकलाञ्छनेनाङ्किता फणापताका यस्याः सा स्वस्तिकलाञ्छनाङ्कितफणापताकेति

---

ટીકાર્થ :- મેરુપર્વતના શિખરો જેવો અત્યંત ઉંચો, આઠ ફણા છે જેને તેવો, (પુરુષમાં આઠ ફણા તરીકે) જાતિ, કુલ, રૂપ, બલ, લાભ, બુદ્ધિ, લોકપ્રિયતા, અને શ્રુત જાણવા.(જાતિ વિગેરેનો વધુ વિસ્તાર પ્રશમરતિ ગા.૮૦-૯૦માં જોવો.) વાસ્તવિક રીતે યમ એટલે મૃત્યુ જાણવું. યમને=મૃત્યુને જે લાવી આપે તે યમલ; (આ સાપની જીભ) મૃત્યુનું કારણ હોવાથી (યમલરૂપ છે.) અને યમલરૂપ એવી બે જીભો છે જેની તેવો (આ સાપ છે.) કરંડિયામાં રાખેલા એવા આ સાપને આશ્રીયને કહે છે – જમણી બાજુએ રહેલો, અહીં જમણીદિશામાં રાખવાનું કારણ એ છે કે જમણાં પડખે રહેલાને સહજ રીતે માન ચડે છે. (મોટા હોય તે જમણી બાજુ રહેવાનું પસંદ કરે છે એવી જુની માન્યતા છે.) દક્ષિણદિશામાં રહેલો હોવાથી જ મૂળમાં કહ્યું છે કે – આ સાપ અહંકારી છે. ॥૧૨૫૬॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ તે સાપ છે કે જેનાવડે ડંખાયેલો મનુષ્ય અભિમાનથી અક્કડ થયેલો ઇન્દ્રને પણ ગણકારતો નથી. મેરુપર્વત જેવા આ મહાનાગને તું કેવી રીતે પકડી શકીશ ? ॥૧૨૫૭॥ આ માનસર્પની વાત કરી. (હવે માયા નામની નાગણની વાત કરે છે ⇨)

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- લીલા પૂર્વકની સરળ શીઘ્ર ગતિ છે જેની તેવી, સ્વસ્તિક લાંછનથી યુક્ત છે ફણારૂપ ધજા જેની તેવી, અહીં મૂળમાં 'સ્વસ્તિકલાંછનાંકિત ફણાપતાકા' આ રીતનો શબ્દ

---

★ 'उद्धत' प्र०

वक्तव्ये गाथाभङ्गभयादन्यथा पाठः, मायात्मिका नागी 'निकृतिकपटवञ्चनाकुशला' निकृतिः- आन्तरो विकारः कपटं-वेषपरावर्तादिर्बाह्यः आभ्यां या वञ्चना तस्यां कुशला-निपुणेति गाथार्थः ॥१२५८॥

तं च सि वालग्गाही अणोसहिबलो अ अपरिहत्थो य ।
सा य चिरसंचियविसा गहणंमि वणे वसइ नागी ॥१२५९॥

व्याख्या–इयमेवम्भूता नागी रौद्रा, त्वं च 'व्यालग्राही' सर्पग्रहणशीलः 'अनौषधिबलश्च' औषधिबलरहितः 'अपरिहत्थश्च' अदक्षश्च, सा च चिरसञ्चितविषा 'गहने' सङ्कुले 'वने' कार्यजाले वसति नागीति गाथार्थः ॥१२५९॥

होही ते विणिवाओ तीसे दाढंतरं उवगयस्स ।
अप्पोसहिमंतबलो न हु अप्पाणं चिगिच्छिहिसि ॥१२६०॥

व्याख्या–भविष्यति ते विनिपातः तस्या दंष्ट्रान्तरम् 'उपगतस्य' प्राप्तस्य, अल्पं-स्तोकं औषधिमन्त्रबलं यस्य तव स त्वं अल्पौषधिमन्त्रबलः, यतश्चैवमतो नैवाऽऽत्मानं चिकित्सिष्यसीति गाथार्थः, इयं च मायानागी ॥१२६०॥

उत्थरमाणो सव्वं महालओ पुन्नमेहनिग्घोसो ।
उत्तरपासंमि ठिओ लोहेण वियट्टई नागो ॥१२६१॥

व्याख्या–'उत्थरमाणो'त्ति अभिभवन् 'सर्वं' वस्तु, महानालयोऽस्येति महालयः,

હોવાને બદલે ગાથાનો ભંગ ન થાય તે માટે 'સ્વસ્તિકલાંછનફણાંકિત પતાકા' શબ્દ છે. ઉપરોક્ત વિશેષણવાળી આ માયાત્મક નાગણ છે. (વળી તે કેવી છે ? તે કહે છે –) નિકૃતિ એટલે કે આંતરિક દુષ્ટભાવ અને કપટ એટલે વેષનું પરાવર્તન વિગેરે બાહ્યભાવો. આ બેવડે ઠગવામાં કુશલ એવી આ નાગણ છે. ॥૧૨૫૮॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આવા પ્રકારની આ નાગણ અત્યંત રૌદ્ર છે. તું સર્પને પકડવાના સ્વભાવવાળો, ઔષધિરૂપ બલથી રહિત અને અદક્ષ છે. જ્યારે લાંબા કાળથી વિષ ભેગું કરી રાખ્યું છે જેને તેવી તે નાગણ ગાઢ એવા વનમાં (પુરુષપક્ષમાં) કાર્યના સમૂહમાં વસે છે, (અર્થાત્ આ નાગણ ગાઢ એવા જંગલમાં રહે છે. જ્યારે માયારૂપી નાગણ પુરુષના દરેક કાર્યમાં વસે છે.) ॥૧૨૫૯॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- તે નાગણના ડંખને પામેલા તારું મૃત્યુ થશે, કારણ કે અલ્પ છે ઔષધિ અને મંત્રનું બળ જેની પાસે એવો તું તારા આત્માની ચિકિત્સા કરી શકીશ નહીં. ॥૧૨૬૦॥ આ માયા નામની નાગણ કહી. (હવે લોભ જણાવે છે ⇨)

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- બધી જ વસ્તુને પરાજિત કરતો, મોટું છે નિવાસસ્થાન જેનું તે મહાલય અર્થાત્

सर्वत्रानिवारितत्वात्, पुर्णः पुष्करावर्त्तस्येव निर्घोषो यस्य स तथोच्यते, करण्डकन्यासमधिकृत्याह- उत्तरपार्श्वे स्थितः, उत्तरदिग्न्यासस्तु सर्वोत्तरो लोभ इति ख्यापनार्थम्, अत एवाह–लोभेन हेतुभूतेन 'वियड्ड' त्ति व्यावर्तते रुष्यति वा 'नागः' सर्प इति गाथार्थः ॥१२६१॥

डक्को जेण मणुसो होइ महासागरुव्व दुप्पूरो ।
तं सव्वविससमुदयं कह घिच्छसि तं महानागं ? ॥१२६२॥

व्याख्या–दष्टो येन मनुष्यो भवति 'महासागर इव' स्वयम्भूरमण इव दुष्पूरः 'तम्' इत्थम्भूतं 'सर्वविषसमुदयं' सर्वव्यसनैकराजमार्गं कथं ग्रहीष्यसि त्वं 'महानागं' प्रधानसर्पमिति गाथार्थः, अयं तु लोभसर्पः ॥१२६२॥

एए ते पावाही चत्तारिवि कोहमाणमयलोभा ।
जेहि सया संतत्तं जरियमिव जयं कलकलेइ ॥१२६३॥

व्याख्या–एते ते 'पापाहयः' पापसर्पाश्चत्वारोऽपि क्रोधमानमायालोभा यैः सदा सन्तप्तं सत् ज्वरितमिव 'जगद्' भुवनं 'कलकलायति' भवजलधौ क्वथयतीति गाथार्थः ॥१२६३॥

एएहिं जो खज्जइ चउहिवि आसीविसेहि पावेहिं ।
अवसस्स नरयपडणं णत्थि सि आलंबणं किंचि ॥१२६४॥

व्याख्या–एभिर्य एव खाद्यते चतुर्भिरपि 'आशीविषैः' भुजङ्गैः 'पापैः' अशोभनैः

---

ચારે બાજુ જનારો આ સાપ છે કારણ કે ગમે તે સ્થાને જતા એને કોઈ અટકાવી શકે એમ નથી. તથા પુષ્કરાવર્ત્તના મેઘ જેવો પૂર્ણ અવાજ છે જેનો તેવો આ સાપ છે. હવે કરંડિયો જ્યાં મૂકેલો છે તેને આશ્રયીને કહે છે – ઉત્તરદિશામાં રહેલો, લોભ એ સર્વ કષાયોમાં ઉત્તર=પ્રધાન છે એવું જણાવવા માટે ઉત્તરદિશામાં તે સાપને મૂક્યો છે. તથા ઉત્તરદિશામાં રાખેલો હોવાથી જ મૂળમાં કહ્યું છે કે તે નાગ લોભવડે વર્તી રહ્યો છે એટલે કે તે લોભી છે અથવા લોભવડે તે રોષ પામે છે. (અર્થાત્ લોભી હોવાથી જ ગુસ્સો કરે છે.) ॥૧૨૬૧॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (આ તે સાપ છે કે) જેનાવડે ડંખાયેલ મનુષ્ય સ્વયંભૂરમણસમુદ્રની જેમ દુઃખેથી પૂરી શકાય છે. (અર્થાત્ જેની ઇચ્છાઓનો કોઈ અંત જ નથી.) સર્વ દુઃખો લાવી આપવા માટેના એક રાજમાર્ગ સમાન આવા પ્રકારના મહાનાગને તું કેવી રીતે ગ્રહણ કરીશ ? ॥૧૨૬૨॥ આ લોભસર્પ છે.

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ક્રોધ, માન, માયા અને લોભનામના આ ચાર તે પાપી સાપો છે કે જેમનાવડે સદા માટે હેરાન થયેલું ત્રણ ભુવન માંદા પુરુષની જેમ (એટલે કે જેમ તાવથી પીડાતો પુરુષ તાવથી સતત ધગધગતો હોય તેમ) સંસારમાં પીડાઈ રહ્યું છે=ધગધગી રહ્યું છે. ॥૧૨૬૩॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ ચાર અશોભન એવા સાપોવડે જે જીવ ડંખાય છે, તે પરાધીન થનારા

तस्य अवशस्य सतः नरकपतनं भवति, 'नास्ति' न विद्यते 'से' तस्यालम्बनं किञ्चिद् येन न पततीति गाथार्थः ॥१२६४॥

एवमभिधायैते मुक्ताः । सो[८२] खइओ पडिओ मओ य, पच्छा देवो भणइ-किह जायं ?, ण ठाइ वारिज्जंतो, पुव्वभणिया य ते मित्ता अगदे छुभंति ओसहाणि य, ण किंचि गुणं करेंति, पच्छा तस्स सयणो पाएहिं पडिओ–जिआवेहत्ति, देवो भणइ–एवं चेव अहंपि खइयो, जइ एरिसं चरियं अणुचरइ तो जीवइ, जइ णाणुपालेइ तो उज्जीविओऽवि पुणो मरइ, तं च चरियं गाहाहिं कहेइ–

एएहिं अहं खइओ चउहिवि आसीविसेहि पावेहिं ।
विसनिग्घायणहेउं चरामि विविहं तवोकम्मं ॥१२६५॥

व्याख्या–एभिरहं 'खइओ' त्ति भक्षितश्चतुर्भिरपि 'आशीविषैः' भुजङ्गैः घोरै-रौद्रैः 'विषनिर्घातनहेतुः' विषनिर्घातननिमित्तं 'चरामि' आसेवयामि 'विविधं' विचित्रं चतुर्थ-षष्ठाष्टमादिभेदं 'तपःक्रियामिति गाथार्थः ॥१२६५॥

---

જીવનું નરકમાં પતન થાય છે. તેવા જીવ માટે આ જગતમાં કોઈ એવો આધાર નથી કે જેનું આલંબન લઈને તે જીવ નરકમાં જતા અટકી જાય. ॥૧૨૬૪॥ આ પ્રમાણે ચારે સાપોનું વર્ણન કરીને તે દેવે નાગદત્તની સામે તે સાપોને મૂક્યા.

તે દેવદત્ત સાપોવડે ડંખાયો. તે પડ્યો અને મૃત્યુ પામ્યો. પાછળથી દેવે કહ્યું – "કેમ શું થયું ? ના પાડવા છતાં તું અટક્યો નહીં." (પૂર્વે નાગદત્તે પોતાના મિત્રોને કહી રાખ્યું હતું કે મને કંઈ થાય તો તમે ધ્યાન રાખજો. આ રીતે) પૂર્વે કહેવાયેલા તે મિત્રો અનેક અગદો (=ઔષધવિશેષ) અને ઔષધોનો પ્રયોગ કરે છે. પરંતુ કોઈ ફાયદો થતો નથી. પાછળથી તેના સ્વજનો દેવના પગે પડીને વિનંતી કરે છે કે – "તમે તેને જીવાડો."

દેવ કહે છે – હું પણ (આ સાપોવડે) ડંખાયો છું. તેથી જો આ આવા પ્રકારના (=આગળ કહેવાતા) ચારિત્રને સ્વીકારે તો તે જીવે. જો તે ન સ્વીકારે એટલે કે તે ચારિત્રનું પાલન ન કરે તો જીવિત થવા છતાં ફરીથી મરી જશે. તે ચારિત્ર ગાથાઓવડે દેવ કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ ચાર ભયંકર સાપોવડે (એટલે કે ક્રોધાદિ ચાર કષાયોવડે) હું પણ ડંખાયેલો છું. અને ડંખાયેલો હું તે વિષના નાશ માટે ઉપવાસ, છઠ, અઠ્ઠમ વિગેરે ભેદોવાળી વિચિત્ર તપઃક્રિયાને આચારું છું. ॥૧૨૬૫॥

---

८२. स खादितः पतितो मृतश्च, पश्चाद्देवो भणति-कथं जातं ?, न तिष्ठसि वार्यमाणः, पूर्वभणितानि च तानि मित्राणि अगदान् क्षिपन्ति औषधानि च, न कश्चिद्गुणं कुर्वन्ति, पश्चात्तस्य स्वजनः पादयोः पतितः-जीवयथेति, देवो भणति-एवमेवाहमपि खादितः, यदीदृशां चर्यामनुचरति तदा जीवति, यदि नानुपालयति तदोज्जीवितोऽपि पुनर्म्रियते, तां च चर्यां गाथाभिः कथयति ।

सेवामि सेलकाणणसुसाणसुन्नघररुक्खमूलाइं ।
पावाहीणं तेसिं खणमवि न उवेमि वीसंभं ॥१२६६॥

व्याख्या–'सेवामि' भजामि शैलकाननश्मशानशून्यगृहवृक्षमूलानि शैला:-पर्वता: काननानि-दूरवर्तिवनानि शैलाश्च काननानि चेत्यादि द्वन्द्व: क्रियते, 'पापाहीनां' पापसर्पाणां तेषां क्षणमपि 'नोपैमि' न यामि 'विश्रम्भं' विश्वासमिति गाथार्थ:॥१२६६॥

अच्चाहारो न सहे अइनिद्धेण विसया उइज्जंति ।
जायामायाहारो तंपि पकामं न इच्छामि ॥१२६७॥

व्याख्या–'अत्याहार:' प्रभूताहार: 'न सहे' त्ति प्राकृतशैल्या न सहते-न क्षमते, मम स्निग्धमल्पं च भोजनं भविष्यत्येतदपि नास्ति, यत:-'अतिस्निग्धेन' हवि:प्रचुरेण 'विषया:' शब्दादय: 'उदीर्यन्ते' उद्रेकावस्थां नीयन्ते, ततश्च यात्रामात्राहारो यावता संयमयात्रोत्सर्पति तावन्तं भक्षयामि, तमपि प्रकामं पुन: पुनर्नेच्छामीति गाथार्थ: ॥१२६७॥

उस्सन्नकयाहारो अहवा विगईविवज्जियाहारो ।
जं किंचि कयाहारो अवउज्झियथोवमाहारो ॥१२६८॥

व्याख्या–'उस्सन्नं' प्रायशोऽकृताहार:, तिष्ठामीति क्रिया, अथवा विगतिभिर्वर्जित आहारो

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- (તે સાપોના વિષનો નાશ કરવા માટે) હું પર્વતો, જંગલો, શ્મશાન, શૂન્યગૃહો, અને વૃક્ષના મૂળને=વૃક્ષની નીચેના સ્થાનને સેવું છું. (અર્થાત્ આવા સ્થાનોમાં જઈને હું મારી સાધના દ્વારા વિષનાશનો પ્રયત્ન કરું છું.) શૈલ એટલે પર્વતો, કાનન એટલે દૂર રહેલા જંગલો, શૈલ અને કાનન વિગેરે શબ્દોનો દ્વન્દ્વસમાસ કરવો. પાપરૂપ તે સર્પોનો હું ક્ષણવાર માટે પણ વિશ્વાસ કરતો નથી. ॥૧૨૬૬॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- न सहते નું પ્રાકૃતશૈલી હોવાથી મૂળમાં न सहे જણાવ્યું છે. વધુ આહાર હું કરતો નથી. એનો મતલબ એ પણ નથી કે હું ભોજન અલ્પ પણ સ્નિગ્ધ ભોજન કરતો હોઈશ. (અર્થાત્ હું સ્નિગ્ધ ભોજન પણ કરતો નથી.) કારણ કે ઘીથી પ્રચુર એવા ભોજનવડે શબ્દાદિવિષયો જીવને ઉદ્રેકાવસ્થાને પમાડે છે. (અર્થાત્ આવા ભોજન કરવાથી જીવને મોહનો ઉદય થાય છે.) અને તેથી જેટલા ભોજનવડે સંયમયાત્રાનું વહન થાય તેટલી માત્રામાં હું ભોજન કરું છું. (સમાસવિગ્રહ → સંયમયાત્રા જેટલો આહાર છે જેનો તે यात्रामात्राहारो ) આવા આહારને પણ હું પ્રકામ એટલે કે વારંવાર કરતો નથી. ॥૧૨૬૭॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઉસ્સન્ન એટલે કે પ્રાય: કરીને અકૃતાહાર હું રહું છું એ પ્રમાણે ક્રિયાપદ જોડી દેવું. (અર્થાત્ ઘણું કરીને હું આહાર કરતો જ નથી.) અથવા વિગઈથી રહિત છે આહાર જેનો

यस्य मम सोऽहं विगतिविवर्जिताहारः, यत्किञ्चिच्छोभनमशोभनं वौदनादि कृतमाहारो येन मया सोऽहं तथाविधः, 'अवउज्जियथोवमाहारो' त्ति उज्झितउज्झितधर्मा स्तोकः-स्वल्पः आहारो यस्य मम सोऽहमुज्झितस्तोकाहार इति गाथार्थः ॥१२६८॥

एवं क्रियायुक्तस्य क्रियान्तरयोगाच्च गुणानुपदर्शयति–

थोवाहारो थोवभणिओ य जो होइ थोवनिद्दो य ।
थोवोवहिउवगरणो तस्स हु देवावि पणमंति ॥१२६९॥

व्याख्या–स्तोकाहारः स्तोकभणितश्च यो भवति स्तोकनिद्रश्च स्तोकोपध्युपकरणं, उपधि-रेवोपकरणं तस्य चेत्थम्भूतस्य देवा अपि प्रणमन्तीति गाथार्थः ॥१२६९॥

[८३]एवं जइ अणुपालेइ तओ उट्ठेइ, भणंति-वरं एवंपि जीवंतो, पच्छा सो पुव्वाभिमुहो ठिओ किरियं पउंजिउंकामो देवो भणइ–

सिद्धे नमंसिऊणं संसारत्था य जे महाविज्जा ।
वोच्छामि दंडकिरियं सव्वविसनिवारणिं विज्जं ॥१२७०॥

એવો હું છું. (અર્થાત્ જો આહાર કરું ત્યારે પણ વિગઈથી રહિત એવો જ હું આહાર કરું છું.) જે કંઈ પણ સારો કે ખરાબ ભાત વિગેરે કરાયેલો છે આહાર જેનાવડે એવો હું છું. (અર્થાત્ સરસ કે નીરસ જે કંઈ મને પ્રાપ્ત થાય તેનો આહાર કરી લઉં છું.) તથા ઉજ્ઝિતધર્મવાળો એવો અલ્પ આહાર છે જેનો એવો હું છું. (અર્થાત્ લોકોના ઘરમાં બધાનું જમ્યા પછી વધેલો નાંખી દેવા લાયક જે આહાર હોય તે ઉજ્ઝિતધર્મવાળો કહેવાય. આવો આહાર એ પણ અલ્પ માત્રામાં હું વાપરું છું.) ॥૧૨૬૮॥

અવતરણિકા :- આ પ્રમાણેની ક્રિયાથી યુક્ત જીવના (આ બધી ક્રિયાથી પ્રાપ્ત થતાં) અને (આગળ દેખાડાતી 'ઓછું બોલવું' વિગેરે) અન્ય ક્રિયાઓના યોગથી પ્રાપ્ત થતાં ગુણોને દેખાડે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- જે સાધુ અલ્પઆહારવાળો, અલ્પાંશે બોલનારો (બહુ બોલ-બોલ નહીં કરનારો), અલ્પનિદ્રાવાળો અને અલ્પ ઉપધિરૂપ ઉપકરણવાળો છે. તે સાધુને દેવો પણ નમસ્કાર કરે છે. અહીં ઉપધિ જ ઉપકરણ તરીકે જાણવી. ॥૧૨૬૯॥

દેવ સ્વજનોને કહે છે "જો આ નાગદત્ત જીવ્યા બાદ આવા પ્રકારનું ચારિત્ર પાળશે તો જીવી શકશે." ત્યારે સ્વજનો કહે છે – "જો આ રીતે પણ જીવતો રહે તો ઘણું સારું." ત્યારે પૂર્વાભિમુખ ઊભો રહેલો ક્રિયાને (=જીવતો કરવા માટેની ક્રિયાને) કરવાની ઇચ્છાવાળો દેવ કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

૮૩. एवं यद्यनुपालयति तदोत्तिष्ठति, भणन्ति-वरमेवमपि जीवन्, पश्चात् स पूर्वाभिमुखः स्थितः क्रियां प्रयोक्तुकामो देवो भणति ।

व्याख्या–'सिद्धान्' मुक्तान् नमस्कृत्य संसारस्थाश्च ये 'महावैद्याः' केवलिचतुर्दशपूर्ववित्प्रभृतयस्ताँश्च नमस्कृत्य वक्ष्ये दण्डक्रियां सर्वविषनिवारिणीं विद्यामिति गाथार्थः ॥१२७०॥

सा चेयं–

**सव्वं पाणइवायं पच्चक्खाई मि अलियवयणं च ।**
**सव्वमदत्तादाणं अब्बंभ परिग्गहं स्वाहा ॥१२७१॥**

व्याख्या–'सर्वं' सम्पूर्णं प्राणातिपातं 'प्रत्याख्याति' प्रत्याचष्टे एष महात्मेति, अनृतवचनं च, सर्वं चादत्तादानम्, अब्रह्म परिग्रहं च प्रत्याचष्टे स्वाहेति गाथार्थः ॥१२७१॥

[८४]एवं भणिए उट्ठिओ, अम्मापिईहिं से कहियं, न सद्दहइ, पच्छा पहाविओ पडिओ, पुणोवि देवेण तहेव उट्ठविओ, पुणोवि पहाविओ, पडिओ, तइयाए वेलाए देवो णिच्छइ, पसादिओ, उट्ठविओ, पडिस्सुयं, अम्मपियरं पुच्छित्ता तेण समं पहाविओ, एगंमि वणसंडे पुव्वभवे कहेइ, संबुद्धो पत्तेयबुद्धो जाओ, देवोऽवि पडिगओ, एवं सो ते कसाए सरीरकरंडए छोढूण कओऽवि संचरिउं ण देइ, एवं सो ओदइयस्स भावस्स अकरणयाए

ટીકાર્થ :- મુક્ત જીવોને અને સંસારમાં રહેલા જે કેવલિ, ચૌદપૂર્વીઓ વિગેરે મહાવૈદ્યો છે તેઓને નમસ્કાર કરીને સર્વવિષને હરનારી દંડક્રિયારૂપ વિદ્યાને હું કહીશ. ॥૧૨૭૦॥

અવતરણિકા :- તે વિદ્યા આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- આ મહાત્મા (=નાગદત્ત) સર્વ પ્રાણાતિપાતનું, સર્વ ખોટાવચનનું (=મૃષાવાદનું), સર્વ અદત્તાદાનનું, અબ્રહ્મનું અને પરિગ્રહનું પચ્ચક્ખાણ કરે છે સ્વાહા. ॥૧૨૭૧॥

આ પ્રમાણે દેવવડે કહેવાતા તે નાગદત્ત જીવતો થયો. માતા-પિતાએ તેને દેવે કહેલી વાત કરી. પરંતુ તે ચારિત્ર સ્વીકારવા માટે શ્રદ્ધા કરતો નથી અને દોડે છે એવામાં ત્યાં જ પડે છે. (=મૃત્યુ પામે છે.) દેવ પૂર્વની જેમ જ તેને ફરી જીવિત કરે છે. ફરી તે ભાગે છે, પડે છે. ત્રીજી વાર દેવ તેને જીવાડવા ઇચ્છતો નથી. તેથી ગમે-તેમ કરીને દેવને પ્રસન્ન કરતા પ્રસન્ન થયેલો દેવ ફરી તેને જીવાડે છે.

આ વખતે તે ચારિત્ર લેવા માટે તૈયાર થાય છે. માતા-પિતાને પૂછીને નાગદત્ત દેવસાથે જાય છે. એક વનખંડમાં દેવ તેને તેના પૂર્વભવની વાત કરે છે. જેથી નાગદત્ત પ્રતિબોધ પામે છે અને તે પ્રત્યેકબુદ્ધ બન્યો. દેવ પણ દેવલોકમાં પાછો ફર્યો. ત્યાર પછી તે નાગદત્ત તે કષાયોને પોતાના શરીરરૂપ કરંડિયામાં નાંખીને કોઈપણ રીતે બહાર નીકળવા દેતો નથી. આ

८४. एवं भणिते उत्थितो मातापितृभ्यां तस्मै कथितं, न श्रद्दधाति, पश्चात् प्रधावितः पतितः, पुनरपि देवेन तथैव उत्थापितः, पुनरपि प्रधावितः, पतितः, तृतीयायां वेलायां देवो नेच्छति, प्रसादितः, उत्थापितः, प्रतिश्रुतं, मातापितरावापृच्छ्य तेन समं प्रधावितः, एकस्मिन् वनखण्डे पूर्वभवान् कथयति, संबुद्धः प्रत्येकबुद्धो जातः, देवोऽपि प्रतिगतः, एवं स तान् कषायान् शरीरकरण्डके क्षिप्त्वा कुतोऽपि संचरितुं न ददाति, एवं स औदयिकस्य भावस्याकरणतया

[८५]अब्भुट्ठिओ पडिक्कंतो होइ, दीहेण सामन्नपरियाएण सिद्धो, एवं भावपडिक्कमणं । आह–किंणिमित्तं पुणो २ पडिक्कमिज्जइ ?, जहा मज्झिमयाणं तहा कीस ण कज्जे पडिक्कमिज्जइ ?, आयरिओ आह-एत्थ विज्जेण दिट्ठंतो–एगस्स रण्णो पुत्तो अईव पिओ, तेण चिंतियं–मा से रोगो भविस्सइ, किरियं करावेमि, तेण विज्जा सद्दाविया, मम पुत्तस्स तिगिच्छं करेह जेण णिरुओ होइ, ते भणंति–करेमो, राया भणइ-केरिसा तुज्झ जोगा ?, एगो भणइ-जइ रोगो अत्थि तो उवसामेति, अह नत्थि तं चेव जीरंता मारंति, बिइओ भणइ-जइ रोगो अत्थि तो उवसामिंति, अह णत्थि ण गुणं ण दोसं करिंति, तइओ भणइ–जइ रोगो अत्थि तो उवसामिंति, अह णत्थि वण्णरूवजोव्वणलावण्णताए परिणमंति, बिइओ

પ્રમાણે ઔદયિકભાવને ફરી નહીં સેવવારૂપે ઊભો થયેલો પ્રતિક્રાન્ત થાય છે. (અર્થાત્ વિષય-કષાયને સેવવારૂપ ઔદયિકભાવને ફરી નહીં હું સેવું એટલે કે વિષય-કષાયને હું સેવીશ નહીં એ રીતે જે ઊભો થયો છે તેણે જ ભાવથી પ્રતિક્રમણ કર્યું કહેવાય છે.) લાંબા કાળ સુધી શ્રમણપણાને પાળીને તે નાગદત્ત સિદ્ધ થાય છે. આ પ્રમાણે ભાવપ્રતિક્રમણ જાણવું.

શંકા : શા માટે વારંવાર પ્રતિક્રમણ કરવાનું ? મધ્યમ તીર્થંકરોના તીર્થની જેમ જ્યારે અપરાધ થાય ત્યારે જ કેમ પ્રતિક્રમણ કરાતું નથી ?

સમાધાન : આ વિષયમાં વૈદ્યનું દૃષ્ટાન્ત જાણવું. એક રાજાને પોતાનો પુત્ર અતીવપ્રિય હતો. રાજાએ વિચાર્યું કે "ભવિષ્યમાં તેને રોગો ન થાય તે માટે વ્યવસ્થિત ચિકિત્સા કરાવું." રાજાએ વૈદ્ય બોલાવ્યા અને કહ્યું – "મારા પુત્રની ચિકિત્સા કરો જેથી તે નિરોગી થાય." વૈદ્યોએ કહ્યું – "અમે એની ચિકિત્સા કરીશું." રાજાએ પૂછ્યું – "તમારા ઔષધો કેવા પ્રકારના છે ?"

એક વૈદ્યે કહ્યું - "જો રોગ હોય તો તે નાશ પામે છે, અને જો રોગ ન હોય તો ખાધેલા તે ઔષધો જેમ જેમ પચતા જાય તેમ તેમ વ્યક્તિને મારતા જાય છે." બીજા વૈદ્યે કહ્યું – "જો રોગ હોય તો ઔષધો તે રોગને નાશ કરે છે. જો રોગ નથી તો તે ઔષધો કોઈ ગુણ કે દોષ કરતા નથી." ત્રીજા વૈદ્યે કહ્યું - "જો રોગ હોય તો ઔષધો તેને નાશ કરે છે. જો રોગ ન હોય તો ખાધેલા તે ઔષધો વર્ણ, રૂપ, યૌવન, લાવણ્યરૂપે પરિણમે છે." (અર્થાત્ તે ઔષધોથી શરીરનો વર્ણ, રૂપ વિગેરે વૃદ્ધિ પામે છે. આ પ્રથમ ફાયદો કહ્યો.)

૮૫. अभ्युत्थितः प्रतिक्रान्तो भवति, दीर्घेण श्रामण्यपर्यायेण सिद्धः, एवं भावप्रतिक्रमणं । किंनिमित्तं पुनः पुनः प्रतिक्रम्यते ?, यथा मध्यमकानां तथा कथं न कार्ये प्रतिक्रम्यते ?, आचार्य आह-अत्र वैद्येन दृष्टान्तः-एकस्य राज्ञः पुत्रोऽतीव प्रियः, तेन चिन्तितं-माऽस्य रोगो भूत्, क्रियां कारयामि, तेन वैद्याः शब्दिताः-मम पुत्रस्य चिकित्सां कुरुत येन नीरोगो भवति, ते भणन्ति-कुर्मः, राजा भणति-कीदृशा युष्माकं योगाः ? एको भणति-यदि रोगोऽस्ति तदोपशमयन्ति, अथ नास्ति त एव जीर्यन्तो मारयन्ति, द्वितीयो भणति-यदि रोगोऽस्ति तदोपशामयन्ति अथ नास्ति न गुणं न दोषं कुर्वन्ति, तृतीयो भणति-यदि रोगोऽस्ति तदोपशमयन्ति, अथ नास्ति वर्णरूपयौवनलावण्यतया परिणमन्ति, द्वितीयो

[८६]विधी अणागयपरित्ताणे भावियव्वो, तइएण रण्णा कारिया किरिया, एवमिमंपि पडिक्कमणं जइ दोसा अत्थि तो विसोहिज्जंति, जइ णत्थि तो सोही चरित्तस्स सुद्धतरिया भवइ ।

उक्तं सप्रसङ्गं प्रतिक्रमणम्, अत्रान्तरेऽध्ययनशब्दार्थो निरूपणीयः, स चान्यत्र न्यक्षेण प्ररूपितत्वान्नेहाधिक्रियते, गतो नामनिष्पन्नो निक्षेपः, साम्प्रतं सूत्रालापकनिष्पन्नस्य निक्षेपस्यावसरः, स च सूत्रे सति भवति, सूत्रं च सूत्रानुगम इत्यादि प्रपञ्चो वक्तव्यः, यावत्तच्चेदं सूत्रम्— करेमि भन्ते ! सामायिकमित्यादि जाव वोसिरामि ।

अस्य व्याख्या—तल्लक्षणं चेदं-'संहिता च पदं चैवे'त्यादि, अधिकृतसूत्रस्य व्याख्या-लक्षणयोजना च सामायिकवद् द्रष्टव्या, आह—इदं स्वस्थान एव सामायिकाध्ययने उक्तं सूत्रं, पुनः किमभिधीयते ?, पुनरुक्तदोषप्रसङ्गात्, उच्यते, प्रतिषिद्धासेवितादि समभावस्थेनैव प्रतिक्रान्तव्यमिति ज्ञापनार्थम्, अथवा '*यद्वद्विषघातार्थं मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति । तद्वद्*

બીજો ફાયદો એ કે આ ઔષધો ભવિષ્યમાં રોગો ન થાય તે માટે અત્યારથી રક્ષણ કરવા માટે લેવામાં વાંધો નથી. રાજાએ ત્રીજા વૈદ્યના ઔષધોવડે ચિકિત્સા કરાવી. આ જ પ્રમાણે (ત્રીજા વૈદ્યના ઔષધ જેવું) આ પ્રતિક્રમણ જાણવું કે જે પ્રતિક્રમણ જો દોષો હોય તો નાશ કરે છે, અને જો દોષો ન હોય તો ચારિત્રની શુદ્ધિને શુદ્ધતર કરે છે. પ્રાસંગિક વાતો સહિત પ્રતિક્રમણ કહેવાયું. આ સમયે અધ્યયનનો શબ્દાર્થ કહેવા યોગ્ય છે. અને તે શબ્દાર્થ આ ગ્રંથમાં તેમજ અન્ય ગ્રંથોમાં વિસ્તારથી કહેવાયેલો હોવાથી અહીં એનો અધિકાર નથી. (અર્થાત્ તેની અહીં વાત કરવી આવશ્યક નથી.) નામનિષ્પન્નનિક્ષેપ પૂર્ણ થયો.

હવે સૂત્રાલાપકનિષ્પન્નનિક્ષેપાનો અવસર છે. અને તે નિક્ષેપો સૂત્રની હાજરીમાં જ સંભવે છે. અને સૂત્ર સૂત્રાનુગમની હાજરીમાં સંભવે છે...વિગેરે વિસ્તાર પૂર્વની જેમ ત્યાં સુધી કહી દેવો કે છેલ્લે આ સૂત્ર આવીને ઊભું રહે → करेमि भन्ते ! થી લઈ वोसिरामि સુધીનું સંપૂર્ણ કરેમિ ભંતે ! સૂત્ર અહીં જાણી લેવું.

સૂત્રની વ્યાખ્યા → વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે – "संहिता च..." વિગેરે પૂર્વની જેમ જાણવું. આ પ્રસ્તુત કરેમિ ભંતે ! સૂત્રની વ્યાખ્યાના લક્ષણનો વિસ્તાર સામાયિકાધ્યયનની જેમ જાણવો.

**શંકા :** આ સૂત્ર તો તેના પોતાના સ્વસ્થાને એટલે કે સામાયિકાધ્યયનમાં કહી જ દીધું છે, તો ફરી શા માટે કહેવાય છે ? ફરી-ફરી એક વાત કરવામાં પુનરુક્તદોષ આવે.

**સમાધાન :** પ્રતિષિદ્ધનું આસેવન વિગેરેરૂપ જે અતિચારો સેવાયા છે તેનું પ્રતિક્રમણ સમભાવમાં રહેલા એવા જ સાધુવડે (સમભાવમાં રહીને જ) કરવા યોગ્ય છે. આમ અહીં સમભાવની પ્રધાનતા જણાવવા માટે આ સૂત્ર ફરી કહેવાય છે. અથવા "વિષનો ઘાત કરવા માટે મંત્રપદોને વારંવાર ઉચ્ચારવામાં જેમ કોઈ દોષ નથી, તેમ રાગરૂપ વિષને હનનારું અર્થપદ

८६. विधिरनागतपरित्राणे भावयितव्यः, तृतीयेन राज्ञा कारिता क्रिया, एवमिदमपि प्रतिक्रमणं यदि दोषाः सन्ति तदा विशोधयन्ति यदि न सन्ति तदा शुद्धिश्चारित्रस्य शुद्धतरा भवति ।

*रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥१॥'* रागविषघ्नं चेदं ।

**यतश्च मङ्गलपूर्वं प्रतिक्रान्तव्यम् अतः सूत्रकार एव तदभिधित्सुराह–**

**चत्तारि मंगलं अरिहंता मंगलं सिद्धा मंगलं**
**साहू मंगलं केवलिपण्णत्तो धम्मो मंगलं। (सू०)**

**'मङ्गलं' प्राग्निरूपितशब्दार्थं, तत्र चत्वारः पदार्था मङ्गलमिति, क एते चत्वारः ?, तानुपदर्शयन्नाह–'अरिहंता मंगल'मित्यादि, अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तस्तेऽर्हन्तो मङ्गलं, सितं ध्मातं येषां ते सिद्धाः, ते च सिद्धा मङ्गलं, निर्वाणसाधकान् योगान् साधयन्तीति साधवः, ते च मङ्गलं, साधुग्रहणादाचार्योपाध्याया गृहीता एव द्रष्टव्याः, यतो न हि ते न साधवः, धारयतीति धर्मः, केवलमेषां विद्यत इति केवलिनः, केवलिभिः–सर्वज्ञैः प्रज्ञप्तः–प्ररूपितः केवलिप्रज्ञप्तः, कोऽसौ ?–धर्मः-श्रुतधर्मश्चारित्रधर्मश्च मङ्गलम्, अनेन कपिलादिप्रज्ञप्तधर्मव्यवच्छेदमाह । अर्हदादीनां च मङ्गलता तेभ्य एव हितमङ्गलात् सुखप्राप्तेः, अत एव च लोकोत्तमत्वमेषामिति, आह च–**

---

(અર્થથી ભરપૂર એવું પદ) પુનરુક્તવાળું હોય તો પણ કોઈ દોષ નથી. ॥૧॥" અને આ સૂત્ર રાગરૂપવિષને હણનારું છે, (માટે અહીં સૂત્ર ફરી જણાવ્યું છે.)

**અવતરણિકા :-** અને હવે જે કારણથી મંગલપૂર્વક પ્રતિક્રમણ કરવું જોઈએ, તે કારણથી સૂત્રકાર પોતે જ મંગલને કહેવાની ઇચ્છાવાળા કહે છે ⇨

**સૂત્રાર્થ :- ચાર મંગલ છે → અરિહંતો મંગલરૂપ છે, સિદ્ધો મંગલરૂપ છે, સાધુઓ મંગલરૂપ છે અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ મંગલરૂપ છે.**

**ટીકાર્થ :-** મંગલશબ્દનો અર્થ પૂર્વે કહેવાઈ ગયેલ છે. તેમાં ચાર પદાર્થો મંગલરૂપ છે. તે ચાર પદાર્થો કયા છે ? તે જણાવતા કહે છે – અરિહંતો મંગલરૂપ છે... વિગેરે. અશોકવૃક્ષ વિગેરે આઠ મહાપ્રાતિહાર્ય વિગેરેરૂપ પૂજાને જે યોગ્ય છે તે અરિહંતો કહેવાય છે. તેઓ મંગલરૂપ છે. सितं=બંધાયેલા કર્મો ध्मातं=નાશ પામ્યા છે જેના તે સિદ્ધો અને તે સિદ્ધો મંગલરૂપ છે. નિર્વાણસાધક એવા યોગોને જે સાધે છે તે સાધુઓ, તેઓ મંગલરૂપ છે. અહીં સાધુના ગ્રહણથી આચાર્ય અને ઉપાધ્યાયો ગ્રહણ કરેલા જ જાણવા, કારણ કે તેઓ સાધુ નથી એવું નથી.

જે દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખે તે ધર્મ. કેવલજ્ઞાન છે જેમને તે કેવલીઓ. તે કેવલીઓવડે પ્રરૂપણા કરાયેલ (ધર્મ) કેવલિપ્રજ્ઞપ્ત કહેવાય છે. આ કેવલિપ્રજ્ઞપ્ત કોણ છે ? તે કહે છે કે શ્રુત અને ચારિત્રરૂપ ધર્મ કેવલિપ્રજ્ઞપ્ત છે, અને આ ધર્મ તે મંગલરૂપ છે. 'કેવલિપ્રજ્ઞપ્ત' વિશેષણદ્વારા કપિલાદિપ્રજ્ઞપ્ત ધર્મોનો વ્યવચ્છેદ કર્યો. અરિહંતોથી જ (=અરિહંતોની ભક્તિથી જ) હિતકરમંગલ થાય છે. અને તેનાથી સુખની પ્રાપ્તિ થતી હોવાથી અરિહંત વિગેરે મંગલરૂપ છે. અને માટે જ તેઓ લોકમાં ઉત્તમ છે. કહ્યું છે –

**चत्तारि लोगुत्तमा अरिहंता लोगुत्तमा सिद्धा लोगुत्तमा**

**साहू लोगुत्तमा केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो । ( सू० )**

अथवा कुतः पुनरर्हदादीनां मङ्गलता ?, लोकोत्तमत्वात्, तथा चाऽऽह–'चत्तारि लोगुत्तमा' चत्वारः खल्वनन्तरोक्ता वक्ष्यमाणा वा लोकस्य–भावलोकादेरुत्तमाः–प्रधाना लोकोत्तमाः, क एते चत्वारः ?, तानुपदर्शयन्नाह–'अरिहंता लोगुत्तमा, इत्यादि, अर्हन्तः– प्राग्निरूपितशब्दार्थाः, लोकस्य–भावलोकस्य उत्तमाः–प्रधानाः, तथा चोक्तम्–[८७]*अरिहंता ताव तहिं उत्तमा हुन्ती उ भावलोयस्स । कम्हा ?, जं सव्वासिं कम्मपयडीपसत्थाणं ॥१॥ अणुभावं तु पडुच्चा वेअणियाऊण णामगोयस्स । भावस्सोदइयस्सा णियमा ते उत्तमा होंति ॥२॥ एवं चेव य भूओ उत्तरपगईविसेसणविसिट्ठं । भण्णइ हु उत्तमत्तं समासओ से णिसामेह ॥३॥*

---

સૂત્રાર્થ :- ચાર પદાર્થો લોકમાં ઉત્તમ છે → અરિહંતો લોકમાં ઉત્તમ છે, સિદ્ધો લોકમાં ઉત્તમ છે, સાધુઓ લોકમાં ઉત્તમ છે, અને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ લોકમાં ઉત્તમ છે.

અથવા અરિહંત વિગેરે મંગલરૂપ શા માટે છે ? તે કહે છે કે તેઓ લોકમાં ઉત્તમ હોવાથી મંગલરૂપ છે. તેથી કહ્યું છે – चत्तारि लोगुत्तमा.... વિગેરે. હમણાં કહેવાયેલા અથવા આગળ કહેવાતા ચાર પદાર્થો લોકમાં એટલે કે ભાવલોકમાં (=ઔદયિકાદિભાવમાં) ઉત્તમ એટલે કે પ્રધાન છે. તે ચાર પદાર્થો કયા છે ? – તે ચાર પદાર્થોને જણાવતા કહે છે – અરિહંતો લોકમાં ઉત્તમ છે... વિગેરે. પૂર્વે જેના શબ્દનો અર્થ જણાવેલ છે તેવા અરિહંતો ભાવલોકમાં ઉત્તમ છે.

કહ્યું છે – "(૧-૨) [H]અરિહંત, સિદ્ધ વિગેરેમાં અરિહંતો ભાવલોકમાં ઉત્તમ છે. શા માટે ? કારણ કે, ઔદયિકભાવરૂપ ભાવલોકમાં તેઓ ઉત્તમ છે અર્થાત્ તેઓનો ઔદયિકભાવ હંમેશા ઉત્તમ હોય છે. (એ પ્રમાણે બીજી ગાથાનાં અંતમાં આપેલ વાક્ય સાથે સંબંધ જોડવો. કોને આશ્રયીને ઔદયિકભાવ તેઓનો ઉત્તમ હોય છે ? તે કહે છે કે -) બધી જ કર્મપ્રકૃતિઓમાં પ્રશસ્ત એવા વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મના વિપાકરૂપ ઔદયિકભાવને આશ્રયીને નિયમથી તેઓ ઉત્તમ છે."

(આશય એ છે કે - [H]સર્વ કર્મપ્રકૃતીમાં વેદનીયાદિ ચારે અઘાતિકર્મ હોવાથી ઘાતિકર્મની અપેક્ષાએ સ્વરૂપથી જ પ્રશસ્ત છે. આ બધા પ્રશસ્તકર્મોનો ઉદય તીર્થંકરોને સર્વલોક કરતાં વિશિષ્ટ પ્રકારનો=પ્રધાનપણે હોય છે. તેથી આ ચાર કર્મોના રસને આશ્રયીને અરિહંતોનો ઔદયિકભાવ ઉત્તમ હોવાથી તેઓ ભાવલોકાદિમાં ઉત્તમ છે.)

(૩) આ જ પ્રમાણે ફરીથી ઉત્તરપ્રકૃતિઓના વિશેષણથી વિશિષ્ટ એવું ઉત્તમપણું સંક્ષેપથી

---

८७. अर्हन्तस्तावत्तत्रोत्तमा भवन्त्येव भावलोकस्य । कस्मात् ? यत्सर्वासां कर्मप्रकृतीनां प्रशस्तानाम् ॥१॥ अनुभावं तु प्रतीत्य वेदनीयायुषोर्नामगोत्रयोः भाव औदयिके नियमात् ते उत्तमा भवन्ति ॥२॥ एवमेव च भूय उत्तरप्रकृतिविशेषणविशिष्टम् । भण्यते उत्तमत्वं समासतस्तस्य निशामयत ॥३॥

*"साय मणुयाउ दोण्णी णामस्सिगतीसिमा पसत्था य । मणुगइ पणिंदिजाई ओरालियतेयकम्मं च ॥४॥ ओरालियंगुवंगा समचउरंसं तहेव संठाणं । वइरोसभसंघयणं वण्णरसगंधफासा य ॥५॥ अगुरुलहुं उवघायं परघाऊसासविहगइ पसत्था । तसबायरपज्जत्तग पत्तेयथिराथिराइं च ॥६॥ सुभमुज्जोयं सुभगं सुसरं आदेज्ज तह य जसकित्ती । तत्तो णिम्मिणतित्थगर णामइगतीसमेयाइं ॥७॥ तत्तो उच्चागोयं चोत्तीसेहिं सह उदयभावेहिं । ते उत्तमा पहाणा अणण्णतुल्ला भवंतीह ॥८॥ उवसमिए पुण भावो अरहंताणं ण विज्जई सो हु । खाइगभावस्स पुणो आवरणाणं दुवेण्हंपि ॥९॥ तह मोहअंतराई णिस्सेसखयं पडुच्च एएसिं । भावखए लोगस्स उ भवंति ते उत्तमा णियमा ॥१०॥ हवइ पुण सन्निवाए उदयभावे हु जे भणियपुव्वं ।*

કહેવાય છે તે તમે સાંભળો. (૪) શાતા અને મનુષ્યાયુ આ બે અને નામની પ્રશસ્ત એકત્રીસ કર્મપ્રકૃતિઓ આ પ્રમાણે → મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક, તૈજસ અને કાર્મણશરીર, (૫) ઔદારિકાંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન, વજ્રઋષભનારાચસંઘયણ અને વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, (૬) અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, શુભ વિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર અને અસ્થિર, (૭) શુભ, ઉદ્યોત, સુભગ, સુસ્વર, આદેય તથા યશકીર્તિ, ત્યાર પછી નિર્માણ અને તીર્થંકરત્વ આ પ્રમાણે નામકર્મની આ એકત્રીસ પ્રકૃતિઓ. (૮) ત્યાર પછી ઉચ્ચગોત્ર આ ચોત્રીસપ્રકારના ઔદયિકભાવોદ્વારા તે અરિહંતો ઉત્તમ=પ્રધાન=અનન્યતુલ્ય હોય છે. (અર્થાત્ આ ચોત્રીસ પ્રકૃતિઓનો ઉદય બીજા બધા કરતા અરિહંતોનો ઉત્તમ=ઉત્કૃષ્ટ હોય છે. આમ ઔદયિકભાવને આશ્રયીને ઉત્તમત્તા જણાવી.)

(૯-૧૦) ઔપશમિકભાવ અરિહંતોને હોતો નથી. (ii) જ્ઞાનાવરણ અને દર્શનાવરણ તથા મોહનીય અને અંતરાય આ ચારે પ્રકૃતિઓના સંપૂર્ણ ક્ષયને આશ્રયીને પરમાર્થથી ક્ષય થાય ત્યારે (એટલે કે પોતાના તીર્થનો નાશ જાણીને મોક્ષમાંથી પાછા જ્ઞાનીનો આવે છે. આવા પ્રકારનો બૌદ્ધ વિગેરેદ્વારા કલ્પિત એવો ક્ષય નહીં પરંતુ વાસ્તવિક ક્ષય થાય ત્યારે પ્રગટ થતાં) ક્ષાયિકભાવમાં અરિહંતો નિયમા ઉત્તમ છે. (અર્થાત્ અરિહંતોનો ક્ષાયિકભાવ નિયમથી ઉત્કૃષ્ટ હોય છે.)

(૧૧-૧૨) સાન્નિપાતિકભાવ આ પ્રમાણે થાય છે – ઔદયિકભાવમાં જે પૂર્વે કહ્યું તે,

૮૮. सातमनुजायुषी द्वे नामस्यैकत्रिंशतिमाः प्रशस्ताश्च । मनुजगतिः पञ्चेन्द्रियजातिरौदारिकं तैजसं कार्मणं च ॥४॥ औदारिकाङ्गोपाङ्गानि समचतुरस्रं तथैव संस्थानम् वज्रर्षभसंहननं वर्णरसगन्धस्पर्शाश्च ॥५॥ अगुरुलघु उपघातं पराघातोच्छ्वासौ विहायोगतिः प्रशस्ता । त्रसबादरपर्याप्तकाः प्रत्येकस्थिरास्थिराणि च ॥६॥ शुभमुद्योतं सुभगं सुस्वरं चादेयं तथा च भवति यशःकीर्त्तिः । ततो निर्माणं तीर्थकरत्वं नामैकत्रिंशतेताः ॥७॥ तत उच्चैर्गोत्रं चतुस्त्रिंशता सहौदयिकभावैः । ते उत्तमाः प्रधाना अनन्यतुल्या भवन्तीह ॥८॥ औपशमिकः पुनर्भावोऽर्हतां न विद्यते सः । क्षायिकभावस्य पुनरावरणयोर्द्वयोरपि ॥९॥ तथा मोहान्तरायौ निःशेषक्षयं प्रतीत्यैतेषाम् । भावे क्षायिके लोकस्य तु भवन्ति ते उत्तमा नियमात् ॥१०॥ भवति पुनः सान्निपातिक औदयिकभावे ये भणितपूर्वाः । ★ 'सुभसुभगसुस्सरं वा' - प्र० ।

[८९] *अरहंताणं ताणं जे भणिया खाइगा भावा ॥११॥ तेहिं सया जोगेणं णिप्फज्जइ सण्णिवाइओ भावो । तस्सवि य भावलोगस्स उत्तमा हुंति णियमेणं ॥१२॥*' सिद्धाः—प्राग्निरूपितशब्दार्था एव, तेऽपि च क्षेत्रलोकस्य क्षायिकभावलोकस्य वोत्तमाः—प्रधानाः लोकोत्तमाः, तथा चोक्तम्—'*लोउत्तमत्ति सिद्धा ते उत्तमा होंति खित्तलोगस्स । तेलोक्कमत्थयत्था जं भणियं होइ ते णियमा ॥१॥*' [९०] *णिस्सेसकम्मपगडीण वावि जो होइ खाइगो भावो । तस्सवि हु उत्तमा ते सव्वपयडिवज्जिया जम्हा ॥२॥*' साधवः—प्राग्निरूपितशब्दार्था एव, ते च दर्शनज्ञानचारित्रभावलोकस्य उत्तमाः—प्रधाना लोकोत्तमाः, तथा चोक्तम्—'[९१] *लोगुत्तमत्ति साहू पडुच्च ते भावलोगमेयं तु । दंसणनाणचरित्ताणि तिण्णि जिणइंदभणियाणि ॥१॥*' केवलिप्रज्ञप्तो धर्मः—प्राग्निरूपितशब्दार्थः, स च क्षायोपशमिकौपशमिकक्षायिकभावलोकस्योत्तमः—प्रधानः लोकोत्तमः, तथा चोक्तम्—'[९२] *धम्मो सुत चरणे या दुहावि लोगुत्तमोत्ति णायव्वो । खओवसमिओवसमियं खइयं च पडुच्च लोगं तु ॥१॥*' यत एव लोकोत्तमा अत एव

---

તથા અરિહંતોના જે ક્ષાયિકભાવો પૂર્વે કહ્યા તે બધા ભાવોનો પરસ્પર સંયોગ થવાથી સાન્નિપાતિકભાવ થાય છે. આ સાન્નિપાતિકભાવરૂપ ભાવલોકમાં અરિહંતો નિયમથી ઉત્તમ છે. (આ પ્રમાણે ઔદયિક વિગેરે ભાવલોકમાં અરિહંતો નિયમથી ઉત્તમ હોવાથી તેઓ લોકમાં ઉત્તમ છે.)

(૧) પૂર્વે નિરૂપણ કરાયેલ છે શબ્દાર્થ જેનો એવા સિદ્ધો ક્ષેત્રલોકમાં (ક્ષેત્રલોકના અગ્રભાગમાં રહેલા હોવાથી) અથવા ક્ષાયિકભાવમાં પ્રધાન છે. કહ્યું છે કે - "સિદ્ધો લોકમાં ઉત્તમ છે એટલે કે સિદ્ધો નિયમથી ત્રણ લોકના મસ્તકે રહેલા હોવાથી ક્ષેત્રલોકમાં તેઓ ઉત્તમ છે. (૨) અથવા સર્વકર્મપ્રકૃતિઓનો જે ક્ષાયિકભાવ છે તેમાં તેઓ ઉત્તમ છે કારણ કે તેઓ સર્વપ્રકૃતિથી રહિત છે.

પૂર્વે નિરૂપિતશબ્દાર્થવાળા એવા જ સાધુઓ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભાવલોકમાં ઉત્તમ છે. કહ્યું છે – "સાધુઓ જિનેન્દ્રોવડે કહેવાયેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર આ ત્રણરૂપ ભાવલોકને આશ્રયીને લોકમાં=ભાવલોકમાં ઉત્તમ છે. ॥૧॥"

પૂર્વે નિરૂપિતશબ્દાર્થવાળો એવો કેવલિપ્રજ્ઞપ્ત ધર્મ ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકભાવલોકને આશ્રયીને ઉત્તમ છે. કહ્યું છે – ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકભાવલોકને આશ્રયીને શ્રુત અને ચારિત્રરૂપ બંને પ્રકારનો ધર્મ લોકમાં ઉત્તમ જાણવો.

---

८९. अर्हतां तेषां ये भणिताः क्षायिका भावाः ॥११॥ तैः सदा योगेन निष्पद्यते सान्निपातिको भावः । तस्यापि च भावलोकस्योत्तमा भवन्ति नियमेन ॥१२॥ लोकोत्तमा इति सिद्धास्ते उत्तमा भवन्ति क्षेत्रलोकस्य । त्रैलोक्यमस्तकस्था यद्भणितं भवति ते नियमात् ॥१॥ ९०. निश्शेषकर्मप्रकृतीनां वापि यो भवति क्षायिको भावः । तस्याप्युत्तमास्ते सर्वप्रकृतिविवर्जिता यस्मात् ॥२॥ ९१. लोकोत्तमा इति साधवः प्रतीत्य ते भावलोकमेनं तु । दर्शनज्ञानचारित्राणि त्रीणि जिनेन्द्रभणितानि ॥१॥ ९२. धर्मः श्रुतं चरणं च द्विधापि लोकोत्तम इति ज्ञातव्यः । क्षायोपशमिकौपशमिकौ क्षायिकं च प्रतीत्यैव लोकं तु ॥१॥

शरण्याः, तथा चाऽऽह-'चत्तारि सरणं पवज्जामि' अथवा कथं पुनर्लोकोत्तमत्वम् ?, आश्रयणीयत्वात्, आश्रयणीयत्वमुपदर्शयन्नाह–

चत्तारि सरणं पवज्जामि अरिहन्ते सरणं पवज्जामि सिद्धे सरणं पवज्जामि साहू सरणं पवज्जामि केवलिपण्णत्तं धम्मं सरणं पवज्जामि' ॥ (सू०)

चत्वारः संसारभयपरित्राणाय 'शरणं प्रपद्ये' आश्रयं+ गच्छामि, भेदेन तानुपदर्शयन्नाह– 'अरिहंते' त्यादि, अर्हतः 'शरणं प्रपद्ये' सांसारिकदुःखत्राणायार्हत आश्रयं गच्छामि, भक्तिं करोमीत्यर्थः, एवं सिद्धान् शरणं प्रपद्ये, साधून् शरणं प्रपद्ये, केवलिप्रज्ञप्तं धर्मं शरणं प्रपद्ये । इत्थं कृतमङ्गलोपचारः प्रकृतं प्रतिक्रमणसूत्रमाह–

'इच्छामि पडिक्कमिउं जो मे देवसिओ अइआरो कओ, काइओ वाइओ माणसिओ, उस्सुत्तो उम्मग्गो अकप्पो अकरणिज्जो दुज्झाओ दुव्विचिंतिओ अणायारो अणिच्छियव्वो असमणपाउग्गो नाणे दंसणे चरित्ते सुए सामाइए तिण्हं गुत्तीणं चउण्हं कसायाणं पंचण्हं महव्वयाणं छण्हं जीवणिकायाणं सत्तण्हं पिंडेसणाणं अट्ठण्हं पवयणमाऊणं नवण्हं बंभचेरगुत्तीणं दसविहे समणधम्मे समणाणं जोगाणं जं खंडिअं जं विराहियं तस्स मिच्छा मि दुक्कडं ॥' (सू०)

इच्छामि प्रतिक्रमितुं यो मया दैवसिकोऽतिचारः कृत इत्येवं पदानि वक्तव्यानि, अधुना

---

જે કારણથી તેઓ લોકમાં ઉત્તમ છે તે કારણથી જ તેઓ શરણ્ય છે. આ જ વાત આગળ કહે છે – चत्तारि शरणं पवज्जामि... અથવા શંકા : તેઓનું લોકોત્તમત્વ કેમ છે ? **સમાધાન :** તેઓ આશ્રય કરવા યોગ્ય હોવાથી લોકોત્તમ છે. આ આશ્રયણીયપણાને દેખાડતા કહે છે ⇨

ગાથાર્થ :- હું ચાર પદાર્થોનું શરણ સ્વીકારું છું → અરિહંતોને શરણરૂપે સ્વીકારું છું, સિદ્ધોને શરણરૂપે સ્વીકારું છું, સાધુને શરણરૂપે સ્વીકારું છું અને કેવલિપ્રજ્ઞપ્ત એવા ધર્મને શરણરૂપે સ્વીકારું છું.

ટીકાર્થ :- સંસારભયથી રક્ષણ માટે ચાર પદાર્થોના શરણને સ્વીકારું છું એટલે કે એમના શરણોમાં જઉં છું. આ ચાર પદાર્થોને ભેદથી જણાવતાં કહે છે – અરિહંત.... વિગેરે. સાંસારિક દુઃખોથી બચવા માટે અરિહંતોના આશ્રયને પામું છું અર્થાત્ અરિહંતોની ભક્તિ કરું છું. આ જ પ્રમાણે સિદ્ધોના શરણને, સાધુઓના શરણને તથા કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનાં શરણને હું સ્વીકારું છું.

અવતરણિકા :- આ પ્રમાણે કરાયેલી છે મંગલની વિધિ જેમનાવડે એવા ગ્રંથકારશ્રી પ્રસ્તુત એવા પ્રતિક્રમણસૂત્રને કહે છે ⇨

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- મારાવડે જે દિવસસંબંધી અતિચારો થયા છે તેને પ્રતિક્રમવા માટે ઇચ્છું છું...

---

+ 'शरणाय' - प्र० ।

पदार्थः-इच्छामि–अभिलषामि प्रतिक्रमितुं–निवर्त्तितुं, कस्य य इत्यतिचारमाह–मयेत्यात्मनिर्देशः, दिवसेन निर्वृत्तो दिवसपरिमाणो वा दैवसिकः, अतिचरणमतिचारः, अतिक्रम इत्यर्थः, कृतो–निर्वर्तितः, तस्येति योगः, अनेन क्रियाकालमाह, 'मिच्छा मि दुक्कडं' अनेन तु निष्ठाकालमिति भावना, स पुनरतिचारः उपाधिभेदेनानेकधा भवति, अत एवाह–कायेन-शरीरेण निर्वृत्तः कायिकः कायकृत इत्यर्थः, वाचा निर्वृत्तो वाचिकः–वाक्कृत इत्यर्थः, मनसा निर्वृत्तो मानसः, स एव 'मानसिउ'त्ति मनःकृत इत्यर्थः, ऊर्ध्वं सूत्रादुत्सूत्रः सूत्रानुक्त इत्यर्थः, मार्गः क्षायोपशमिको भावः, ऊर्ध्वं मार्गादुन्मार्गः, क्षायोपशमिकभावत्यागेनौदयिकभावसङ्क्रम इत्यर्थः, कल्पनीयः न्यायः कल्पो विधिः आचारः कल्प्यः-चरणकरणव्यापारः न कल्प्यः–अकल्प्यः, अतद्रूप इत्यर्थः, करणीयः सामान्येन कर्तव्यः न करणीयः–अकरणीयः, हेतुहेतुमद्भावश्चात्र, यत एवोत्सूत्रः अत एवोन्मार्ग इत्यादि, उक्तस्तावत्कायिको वाचिकश्च, अधुना मानसमाह–

---

એ પ્રમાણે અન્ય પદો કહેવા યોગ્ય છે. હવે પદાર્થો કહેવાય છે – હું પ્રતિક્રમણ કરવા માટે ઇચ્છું છું. કોનું પ્રતિક્રમણ કરવા માટે ? (તે કહે છે કે જે અતિચારો...વિગેરે તેમાં) 'यः' શબ્દ અતિચાર જણાવનારો છે. 'मया' શબ્દ પોતાનો નિર્દેશ કરનાર છે. દિવસવડે જે બનેલું હોય તે દૈવસિક અથવા દિવસરૂપ પરિમાણ છે જેનું તે દૈવસિક. આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે અતિચાર. ભાવાર્થ → દિવસદરમિયાન મારાવડે જે અતિચાર કરાયો=સેવાયો છે તેનું પ્રતિક્રમણ કરવા માટે ઇચ્છું છું.

આ વાક્યવડે ક્રિયાકાલ જણાવ્યો. (અર્થાત્ અતિચારોનું પ્રતિક્રમણ કરવાનો કાલ ચાલી રહ્યો છે એ જણાવ્યું.) 'मिच्छा मि दुक्कडं' વાક્યવડે પૂર્ણ થવાનો કાલ જણાવ્યો છે. તે વળી અતિચાર ઉપાધિભેદથી અનેક પ્રકારના થાય છે. માટે કહે છે – કાયાવડે થયેલ હોય તે કાયિક એટલે કે શરીરવડે કરાયેલો અતિચાર, એ જ રીતે વચનવડે થયેલ હોય તે વાચિક એટલે કે વચનવડે કરાયેલો અતિચાર, મનવડે થયેલો હોય તે માનસ, અને તે જ માનસિક અર્થાત્ મનવડે કરાયેલો અતિચાર.

સૂત્રને ઓળંગનાર જે હોય તે ઉત્સૂત્ર એટલે કે સૂત્રમાં નહીં કહેવાયેલ. (અર્થાત્ સૂત્રમાં નહીં કહેવાયલ એવા અનાચારનું સેવન કરવાદ્વારા જે અતિચાર સેવાયો તે.) માર્ગ એટલે (ક્રોધાદિનો) ક્ષાયોપશમિકભાવ. માર્ગને ઓળંગનાર તે ઉન્માર્ગ એટલે કે ક્ષાયોપશમિકભાવને છોડીને ઔદયિકભાવમાં સંક્રમ (=ક્રોધાદિના ઉદયથી જે અતિચાર સેવાયો તે ઉન્માર્ગ અતિચાર.) કલ્પનીય, ન્યાય, કલ્પ, વિધિ, આચાર આ બધા સમાનાર્થી શબ્દો છે. (આ બધાનો અર્થ આ પ્રમાણે છે →) કલ્પ્ય એટલે કે ચરણસિત્તરી-કરણસિત્તરીનો વ્યાપાર, ન કલ્પ્ય તે અકલ્પ્ય અર્થાત્ ચરણ-કરણ સિવાયના વ્યાપારનું આસેવન (અને આ દ્વારા સેવાયેલો અતિચાર અકલ્પનીય કહેવાય.) કરણીય એટલે સામાન્યથી જે કર્તવ્ય હોય. ન કરણીય તે અકરણીય (એવો અતિચાર.)

અહીં કારણ-કાર્યભાવ જાણવો, અર્થાત્ જે કારણથી ઉત્સૂત્ર છે તે કારણથી તે અતિચાર ઉન્માર્ગ છે. જે કારણથી ઉન્માર્ગ છે, તે કારણથી અકલ્પ્ય છે વિગેરેરૂપ કારણ-કાર્યભાવ

दुष्टो ध्यातो दुर्ध्यातः—आर्तरौद्रलक्षण एकाग्रचित्ततया, दुष्टो विचिन्तितो दुर्विचिन्तितः—अशुभ एव चलचित्ततया, यत एवेत्थम्भूतः अत एवासौ न श्रमणप्रायोग्यः अश्रमणप्रायोग्यः तपस्व्यनुचित इत्यर्थः, यत एवाश्रमणप्रायोग्योऽत एवानाचारः, आचरणीयः आचारः, न आचारः अनाचारः—साधूनामनाचरणीयः, यत एव साधूनामनाचरणीयः अत एवानेष्टव्यः—मनागपि मनसाऽपि न प्रार्थनीय इति, किंविषयोऽयमतिचार इत्याह—'णाणे दंसणे चरित्ते' ज्ञानदर्शनचारित्रविषयः, अधुना भेदेन व्याचष्टे—'सुए'त्ति श्रुतविषयः, श्रुतग्रहणं मत्यादिज्ञानोपलक्षणं, तत्र विपरीतप्ररूपणाऽकालस्वाध्यायादिरतिचारः, 'सामाइए'त्ति सामायिकविषयः, सामायिकग्रहणात् सम्यक्त्वसामायिकचारित्रसामायिकग्रहणं, तत्र सम्यक्त्वसामायिकातिचारः शङ्कादिः, चारित्रसामायिकातिचारं तु भेदेनाह—'तिण्हं गुत्तीण'मित्यादि, तिसृणां गुप्तीनां, तत्र

---

જાણવો. આ પ્રમાણે કાયિક અને વાચિક અતિચાર કહેવાયો. (અર્થાત્ કાયાથી ઉત્સૂત્ર કોઈ પ્રવૃત્તિ કરી હોય અથવા વચનથી ઉત્સૂત્ર બોલાયું હોય એ જ રીતે કાયાથી ઉન્માર્ગનું સેવન અથવા વચનથી ઉન્માર્ગની પ્રરૂપણા વિગેરે યથાયોગ્ય સમજવું.)

હવે માનસ એવા અતિચારને કહે છે – એકાગ્રચિત્તવડે આર્તધ્યાન-રૌદ્રધ્યાનરૂપ જે અતિચાર તે દુર્ધ્યાત અતિચાર. ચંચલચિત્તવડે અશુભ એવું જે ચિંતન તે રૂપ જે અતિચાર તે દુર્વિચિંતિત. જે કારણથી આ અતિચાર દુર્ધ્યાત અને દુર્વિચિંતિતરૂપ છે તે કારણથી જ આ અતિચાર શ્રમણમાટે યોગ્ય નથી. શ્રમણપ્રાયોગ્ય જે ન હોય તે અશ્રમણપ્રાયોગ્ય એ પ્રમાણે સમાસ જાણવો. અર્થાત્ આ અતિચાર તપસ્વી માટે યોગ્ય નથી. જે કારણથી અશ્રમણપ્રાયોગ્ય છે તે કારણથી તે અતિચાર અનાચારરૂપ છે. જે આચરવા યોગ્ય હોય તે આચાર, અને જે આચારરૂપ નથી તે અનાચાર અર્થાત્ સાધુઓને અનાચરણીય એવો અતિચાર.

જે કારણથી સાધુઓને અનાચરણીય છે તે કારણથી અનિચ્છિતવ્ય છે એટલે કે અલ્પાંશે પણ મનથી પ્રાર્થનીય નથી. કોનાસંબંધી આ અતિચાર છે ? તે કહે છે – જ્ઞાન-દર્શન અને ચારિત્રવિષયક એવો આ અતિચાર છે. (ભાવાર્થ : જ્ઞાન, દર્શન અને ચારિત્રસંબંધી અતિચારો અશ્રમણપ્રાયોગ્ય, અનાચારરૂપ, અનિચ્છિતવ્ય છે.) આ જ જ્ઞાનાદિવિષયક એવા અતિચારને ભેદથી જણાવે છે – શ્રુતવિષયક એવો આ અતિચાર. અહીં શ્રુતના ગ્રહણથી મત્યાદિજ્ઞાન પણ જાણી લેવા. (તે શ્રુતવિષયક અતિચાર કેવા પ્રકારનો છે ? તે કહે છે –) શ્રુતસંબંધી વિપરીત-પ્રરૂપણા, અકાલે સ્વાધ્યાય વિગેરેરૂપ અતિચાર શ્રુતવિષયક જાણવો.

સામાયિકવિષયક અતિચાર (આ પ્રમાણે જાણવો →) અહીં સામાયિકશબ્દથી સમ્યક્ત્વ-સામાયિક અને ચારિત્રસામાયિક જાણવું. તેમાં શંકા વિગેરે સમ્યક્ત્વસામાયિકનો અતિચાર જાણવો. ચારિત્રસામાયિકના અતિચારોને ભેદથી જણાવે છે – ત્રણ ગુપ્તિઓનું (સમ્યક્પ્રતિસેવન, શ્રદ્ધા વિગેરે જે શ્રામણયોગો છે તેમાં જે ખંડના-વિરાધના થઈ તેનું મિચ્છા મિ દુક્કડં. આ પ્રમાણે સૂત્રના અંતમાં બતાવેલ પદો સાથે અન્વય જોડવો. આ જ રીતે બધે સમજી લેવું.) અહીં

प्रविचाराप्रविचाररूपा गुप्तयः, चतुर्णां कषायाणां—क्रोधमानमायालोभानां, पञ्चानां महाव्रतानां—प्राणातिपातादिनिवृत्तिलक्षणानां, षण्णां जीवनिकायानां पृथिवीकायिकादीनां, सप्तानां पिण्डैषणानां—असंसृष्टादीनां, ताश्चेमाः—'*संसट्ठमसंसट्ठा उद्धड तह होइ अप्पलेवा य । उग्गहिआ पग्गहिआ उज्झिय तह होइ सत्तमिआ ॥१॥*'

व्याख्या—तत्रासंसृष्टा हस्तमात्राभ्यां चिन्त्या, '[१३]असंसट्ठे हत्थे असंसट्ठे मत्ते, अखरडियमिति वुत्तं भवइ' एवं गृह्णतः प्रथमा भवति, गाथायां सुखमुखोच्चारणार्थमन्यथा पाठः, संसृष्टा ताभ्यामेव चिन्त्या, '[१४]संसट्ठे हत्थे संसट्ठे मत्ते, खरडिइत्ति वुत्तं होइ, एवं गृह्णतो द्वितीया, उद्धृता नाम स्थालादौ स्वयोगेन [★]भोजनजातमुद्धृतं, ततः '[१५]असंसट्ठे हत्थे संसट्ठे मत्ते असंसट्ठे वा मत्ते संसट्ठे हत्थे' एवं गृह्णतस्तृतीया, अल्पलेपा नाम अल्पशब्दोऽभाववाचकः निर्लेपं—पृथुकादि गृह्णतश्चतुर्थी, अवगृहीता नाम भोजनकाले शरावादिषूपहितमेव भोजनजातं ततो

ગુપ્તિઓ પ્રવિચાર અને અપ્રવિચારરૂપ જાણવી. (આનો અર્થ પૂર્વે કહેવાઈ ગયેલો છે.)

ક્રોધ-માન-માયા અને લોભરૂપ ચાર કષાયો, પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રતો, પૃથ્વીકાયાદિ ષડ્જીવનિકાય, અંસસૃષ્ટાદિ સાત પિંડૈષણા. તે સાત પિંડૈષણા આ પ્રમાણે જાણવી. "સંસૃષ્ટ, અસંસૃષ્ટ, ઉદ્ધૃત, અલ્પલેપ, અવગૃહીત, પ્રગૃહીત અને સાતમી ઉજ્ઝિતધર્મા. ॥૧॥" આ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે જાણવી → (૧) તેમાં હાથ અને પાત્રવડે **અસંસૃષ્ટ પિંડૈષણા** વિચારવી. એટલે કે અસંસૃષ્ટ હાથ અને અસંસૃષ્ટ પાત્ર, અહીં અસંસૃષ્ટ એટલે નહીં ખરડાયેલ, તેથી આવાં અસંસૃષ્ટ એવા હાથ-પાત્રવડે ભોજનને ગ્રહણ કરતા સાધુની અસંસૃષ્ટનામની પ્રથમ પિંડૈષણા જાણવી.

ગાથામાં સુખપૂર્વક મુખથી ગાથાનું ઉચ્ચારણ થઈ શકે તે માટે પ્રથમ સંસૃષ્ટ શબ્દ જણાવ્યો છે બાકી પ્રથમ અસંસૃષ્ટશબ્દ જાણવો. (૨) ખરડાયેલા હાથ અને ખરડાયેલા પાત્રવડે જ સંસૃષ્ટ પિંડૈષણા વિચારવી. આ રીતે ગ્રહણ કરનારની બીજી **સંસૃષ્ટપિંડૈષણા** જાણવી. (૩) ગૃહસ્થે પોતાની માટે મોટા વાસણમાંથી થાળ, કમંડળ વિગેરે (જુદા જુદા વાસણોમાં) જે ભોજનસમૂહ કાઢ્યું હોય તેમાંથી અસંસૃષ્ટ હાથ અને સંસૃષ્ટ પાત્રવડે કે અસંસૃષ્ટ પાત્ર અને સંસૃષ્ટ હાથવડે (અહીં સંસૃષ્ટ, અસંસૃષ્ટ, સાવશેષ અને નિરવશેષ દ્રવ્યો આ ચાર શબ્દોને આશ્રયીને આઠ ભાંગા થાય છે. તેમાં છેલ્લો ભાંગો સંસૃષ્ટ હાથ, સંસૃષ્ટ પાત્ર અને સાવશેષ દ્રવ્ય છે. આ આઠમા ભાંગા પ્રમાણે) વહોરનાર સાધુને ત્રીજી ઉદ્ધૃતનામની પિંડૈષણા જાણવી.

(૪) અલ્પલેપ → અહીં અલ્પશબ્દ અભાવવાચક જાણવો. તેથી લેપ જેમાં બીલકુલ નથી તેવા નિર્લેપ પોંક (જુવારાદિને ખાંડણીમાં ખાંડી, ભૂંજવીને તૈયાર કરેલ ખાદ્યપદાર્થ) વિગેરેને ગ્રહણ કરતા સાધુઓને અલ્પલેપનામની ચોથી પિંડૈષણા જાણવી. (૫) જમવાના સમયે ગૃહસ્થે પોતાની માટે વાટકી વિગેરેમાં જે ભોજન કાઢ્યું છે તેમાંથી ગ્રહણ કરનારને પાંચમી અવગૃહીત

१३. असंसृष्टो हस्तोऽसंसृष्टं मात्रं अखरण्टितं इत्युक्तं भवति । १४. संसृष्टो हस्तो संसृष्टं मात्रं खरण्टितं इत्युक्तं भवति । १५. असंसृष्टो हस्तो संसृष्टं मात्रं असंसृष्टं वा मात्रं संसृष्टो हस्तो । ★ ०नेन प्र० ।

गृह्णतः पञ्चमी, प्रगृहीता नाम भोजनवेलायां दातुमभ्युद्यतेन करादिना प्रगृहीतं यद्भोजनजातं भोक्त्रा वा स्वहस्तादिना तद्गृह्णत इति भावना षष्ठी, उज्झितधर्मा नाम यत्परित्यागार्हं भोजनजातमन्ये च द्विपदादयो नावकाङ्क्षन्ति तदर्द्धत्यक्तं वा गृह्णत इति हृदयं सप्तमी, एष खलु समासार्थः, व्यासार्थस्तु ग्रन्थान्तरादवसेयः, सप्तानां पानैषणानां केचित् पठन्ति, ता अपि चैवम्भूता एव, नवरं चतुर्थ्यां नानात्वं, तत्राप्यायामसौवीरादि निर्लेपं विज्ञेयमिति, अष्टानां प्रवचनमातॄणां, ताश्चाष्टौ प्रवचनमातरः–तिस्रो गुप्तयः तथा पञ्च समितयः, तत्र प्रवीचाराप्रवीचाररूपा गुप्तयः, समितयः प्रवीचाररूपा एव, तथा चोक्तम्-"*समिओ*[१६] *णियमा गुत्तो गुत्तो समियत्तणंमि भइयव्वो । कुसलवइमुदीरिंतो जं वयगुत्तोऽवि समिओऽवि ॥१॥*" नवानां ब्रह्मचर्यगुप्तीनां–वसतिकथादीनाम्, आसां स्वरूपमुपरिष्टाद्वक्ष्यामः, दशविधे–दशप्रकारे श्रमणधर्मे–साधुधर्मे क्षान्त्यादिके, अस्यापि स्वरूपमुपरिष्टाद्वक्ष्यामः, अस्मिन् गुप्त्यादिषु च ये श्रामणा योगाः-श्रमणानामेते श्रामणास्तेषां श्रामणानां योगानां–व्यापाराणां सम्यक्प्रतिसेवनश्रद्धान-

---

પિંડૈષણા જાણવી. (ઉદ્ધૃતમાં જમવાની થાલીમાં કાઢ્યું ન હોય પણ મોટા તપેલામાંથી કમંડળાદિમાં કાઢેલું જાણવું.)

(૬) જમવાના સમયે પીરસવા માટે ઉદ્યત વ્યક્તિએ પીરસવા માટે હાથાદિમાં ગ્રહણ કરેલું એવું જે ભોજન હોય તેને અથવા જમનાર વ્યક્તિએ મોંમાં નાખવા માટે જે પોતાના હાથાદિવડે ગ્રહેલ કરેલું હોય તેને ગ્રહણ કરનાર સાધુની છઠ્ઠી પ્રગૃહીતનામની પિંડૈષણા જાણવી. (૭) ઉજ્ઝિતધર્મા એટલે કે જે ભોજન ત્યાજ્ય છે અને જેને દાસ-નોકરાદિ પણ ઇચ્છતા નથી, તેવા ભોજનને અથવા આવું ભોજન અડધું ફેંકી દીધું હોય અને એ જ વખતે તેને ગ્રહણ કરનાર સાધુને સાતમી ઉજ્ઝિતધર્મા પિંડૈષણા જાણવી. આ સંક્ષેપાર્થ કહ્યો. વિસ્તારાર્થ અન્ય ગ્રંથમાંથી જાણી લેવો.

કેટલાક આચાર્યો સાત પાનૈષણા પણ કહે છે. તે પણ આવા પ્રકારની જ જાણવી. માત્ર ચોથીમાં જુદાપણું એ કે તેમાં પણ નિર્લેપ દ્રવ્ય તરીકે ઓસામણ, કાંજી વિગેરે જાણવા. આઠ પ્રવચનમાતા તરીકે ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ જાણવી. તેમાં ગુપ્તિઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભયરૂપ છે જ્યારે સમિતિઓ પ્રવૃત્તિરૂપ જ છે. કહ્યું જ છે → "જે સમિત છે તે નિયમથી ગુપ્ત છે, પરંતુ જે ગુપ્ત છે તે સમિત હોય અથવા ન પણ હોય, કારણ કે કુશલ વચનને બોલતો જે કારણથી વચનગુપ્ત પણ છે અને સમિત પણ છે. ॥૧॥" (આ ગાથાનો ભાવાર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. માટે અહીં લખાતો નથી.)

વસતિ, કથા વિગેરે નવ બ્રહ્મચર્યગુપ્તિઓનું સ્વરૂપ આગળ બતાવીશું. ક્ષાંતિ વિગેરે દશ પ્રકારના સાધુધર્મ જાણવા. આનું સ્વરૂપ પણ આગળ બતાવીશું. આ સાધુધર્મમાં અને ગુપ્તિ વિગેરે જે કહ્યા તેમાં (જેની ખંડના કે વિરાધના થઈ વિગેરે અન્વય આગળ સાથે જોડવો.) શ્રમણસંબંધી જે હોય તે શ્રામણ. શ્રામણ એવા યોગો તે શ્રામણયોગો એ પ્રમાણે સમાસ

---

१६. समितो नियमाद्गुप्तो गुप्तः समितत्वे भक्तव्यः । कुशलवाचमुदीरयन् यद्वचोगुप्तोऽपि समितोऽपि ॥१॥

प्ररूपणालक्षणानां यत् खण्डितं—देशतो भग्नं यद्विराधितं—सुतरां भग्नं, न पुनरेकान्ततोऽभावमापादितं, तस्य खण्डनविराधनद्वाराऽऽयातस्य चारित्रातिचारस्यैतद्गोचरस्य ज्ञानादिगोचरस्य च दैवसिकातिचारस्य, एतावता क्रियाकालमाह, तस्यैव 'मिच्छामि दुक्कडं' इत्यनेन तु निष्ठाकालमाह, मिथ्येति—प्रतिक्रामामीति दुष्कृतमेतदकर्तव्यमिदमेवेत्यर्थः, अत्रेयं सूत्रस्पर्शिकगाथा—

**पडिसिद्धाणं करणे किच्चाणमकरणे य पडिक्कमणं ।**
**असद्दहणे य तहा विवरीयपरूवणाए य ॥१२७२॥**

व्याख्या—'प्रतिषिद्धानां' निवारितानामकालस्वाध्यायादीनामतिचाराणां 'करणे' निष्पादने आसेवन इत्यर्थः, किं ?—प्रतिक्रमणमिति योगः, प्रतीपं क्रमणं प्रतिक्रमणमिति व्युत्पत्तेः, 'कृत्यानाम्' आसेवनीयानां कालस्वाध्यायादीनां योगानाम् 'अकरणे' अनिष्पादनेऽनासेवने प्रतिक्रमणम्, अश्रद्धाने च तथा केवलिप्ररूपितानां पदार्थानां प्रतिक्रमणमिति वर्तते, 'विपरीतप्ररूपणायां च' अन्यथा पदार्थकथनायां च प्रतिक्रमणमिति गाथार्थः ॥१२७२॥

---

જાણવો. (સંપૂર્ણ અર્થ આ પ્રમાણે →) तिण्हं गुत्तीणं.... વિગેરેથી ગુપ્તિ વિગેરે જે કહ્યા તેઓનું સમ્યક્પ્રતિસેવન, શ્રદ્ધા પ્રરૂપણારૂપ જે શ્રામણયોગો છે તેમાંથી જે ખંડિત થયું એટલે કે દેશથી ખંડન કર્યું એટલે કે થોડું ભાંગ્યું. જે વિરાધિત કર્યું એટલે કે ઘણું ભાંગ્યું. (અર્થાત્ બહુતરદેશનું ખંડન કર્યું इति चूर्णौ) પરંતુ એકાન્તે અભાવ કર્યો એવો અર્થ કરવો નહીં.

(આ રીતે મારાવડે જે અતિચાર સેવાયો છે) તેનું એટલે કે ખંડના અને વિરાધના કરવાદ્વારા પ્રાપ્ત થયેલા ચારિત્રાતિચારોનું, આમ આ ચારિત્રાતિચારવિષયક અને જ્ઞાનાદિવિષયક એવા દૈવસિકાતિચારનું મિચ્છામિ દુક્કડં. जं खंडिअं जं विराहियं સુધીના વાક્યવડે ક્રિયાકાલ કહ્યો. मिच्छा मि दुक्कडं દ્વારા પૂર્ણતાનો કાલ જણાવ્યો. તેમાં મિથ્યા એટલે હું પ્રતિક્રમણ કરું છું. તથા આ દુષ્કૃત છે એટલે કે આ અકર્તવ્ય જ છે. (અહીં સ્પષ્ટાર્થ આ પ્રમાણે કે - જે આ દુષ્કૃત છે એટલે કે જે આ અકર્તવ્ય છે તેનું હું પ્રતિક્રમણ કરું છું એટલે કે તેનાથી હું પાછો ફરું છું.)

અવતરણિકા :- પ્રતિક્રમણવિષયમાં સૂત્રસ્પર્શિકગાથા આ પ્રમાણે જાણવી ⇨

**ગાથાર્થ :- પ્રતિષિદ્ધોના કરણમાં, કૃત્યોના અકરણમાં પ્રતિક્રમણ કરવાનું હોય છે, તેમ જ અશ્રદ્ધામાં અને વિપરીતપ્રરૂપણામાં પ્રતિક્રમણ કરવાનું હોય છે.**

ટીકાર્થ :- તીર્થંકરોવડે નિવારણ કરાયેલા અકાલે સ્વાધ્યાયાદિરૂપ અતિચારોના આસેવનમાં, શું કરવાનું હોય ? પ્રતિક્રમણ કરવાનું હોય છે એ પ્રમાણે અન્વય કરવો, કારણ કે તેના આસેવનથી પાછું ફરવું એવી પ્રતિક્રમણશબ્દની વ્યુત્પત્તિ હોવાથી (તે તે અતિચારોથી પાછા ફરવા પ્રતિક્રમણ કર્તવ્ય બને છે.) યોગ્યકાલે સ્વાધ્યાય કરવો વિગેરે જે યોગો છે તે યોગોને ન આચરો ત્યારે પ્રતિક્રમણ કર્તવ્ય બને છે.

તથા કેવલિપ્રરૂપિત પદાર્થોની સમ્યક્ શ્રદ્ધા ન કરો ત્યારે પ્રતિક્રમણ કર્તવ્ય બને છે. અને પદાર્થોની ખોટી પ્રરૂપણા કરી હોય ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોય છે. ॥૧૨૭૨॥ આ ગાથાવડે

अनया च गाथया यथायोगं सर्वसूत्राण्यनुगन्तव्यानि, तद्यथा–सामायिकसूत्रे प्रतिषिद्धौ राग-द्वेषौ तयोः करणे, कृत्यस्तु तन्निग्रहस्तस्याकरणे, सामायिकं मोक्षकारणमित्यश्रद्धाने, असमभावलक्षणं सामायिकमिति विपरीतप्ररूपणायां च प्रतिक्रमणमिति, एवं मङ्गलादि-सूत्रेष्वप्यायोज्यं, चत्वारो मङ्गलमित्यत्र प्रतिषिद्धोऽमङ्गलाध्यवसायस्तत्करण इत्यादिना प्रकारेण, एवमोघातिचारस्य समासेन प्रतिक्रमणमुक्तं, साम्प्रतमस्यैव विभागेनोच्यते, तत्रापि गमनागमना-तिचारमधिकृत्याऽऽह–

**इच्छामि पडिक्कमिउं इरियावहियाए विराहणाए गमणागमणे पाणक्कमणे बीयक्कमणे हरियक्कमणे ओसाउत्तिंगपणगदगमट्टिमक्कडासंताणासंकमणे जे मे जीवा विराहिया एगिंदिया बेइंदिया तेइंदिया चउरिंदिया पंचिंदिआ अभिहआ वत्तिआ लेसिआ संघाइआ संघट्टिआ परिआविआ किलामिआ उद्दविआ ठाणाओ ठाणं संकामिआ जीविआओ ववरोविआ तस्स मिच्छा मि दुक्कडं ॥ (सू०)**

---

બધા સૂત્રો અનુસરવા યોગ્ય છે. જેમ કે - (સામાયિકસૂત્રમાં આ ચારે વસ્તુ આ પ્રમાણે ઘટાડવી કે) સામાયિકસૂત્રમાં (૧) રાગ-દ્વેષનો પ્રતિષેધ કર્યો છે. તે પ્રતિષિદ્ધનું આચરણ કરવામાં, (૨) રાગ-દ્વેષનો નિગ્રહ કરવો એ કૃત્ય=કર્તવ્ય છે. તે ન કરવામાં, (૩) સામાયિક એ મોક્ષનું કરણ છે એવી શ્રદ્ધા ન કરવામાં, (૪) સામાયિક એ સમભાવરૂપ નથી આવા પ્રકારની ખોટી પ્રરૂપણા કરવામાં આવે ત્યારે પ્રતિક્રમણ કરવાનું હોય છે.

આ પ્રમાણે ચત્તારિ મંગલં... વિગેરે સૂત્રોમાં પણ જોડી દેવું. તેમાં चत्तारि मंगलं સૂત્રમાં અરિહંતાદિમાં અમંગલનો અધ્યવસાય પ્રતિષિદ્ધ છે તેને કરવામાં પ્રતિક્રમણ કરવું વિગેરે પ્રકારે સર્વ સમજી લેવું. આ પ્રમાણે સામાન્યાતિચારોનું સંક્ષેપથી પ્રતિક્રમણ કહ્યું. હવે આ જ અતિચારોનું વિભાગથી પ્રતિક્રમણ કહેવાય છે. તેમાં પણ ગમનાગમનસંબંધી અતિચારોને આશ્રયીને કહે છે ⇨

સૂત્રાર્થ :- હું પ્રતિક્રમણ કરવા માટે ઇચ્છું છું. (કોનું ? –) માર્ગમાં થયેલી વિરાધનામાં (જે અતિચાર સેવાયો તેનું. તે અતિચાર કેવી રીતે સેવાયો ? તે કહે છે –) ગમનાગમન કરવામાં, પગવડે ત્રસજીવોને પીડા થવાથી, બીજ ઉપર પગ પડવાથી, વનસ્પતિ ઉપર પગ પડવાથી, ઝાકળ, કીડીઓના નગરા, નિગોદ, કાચું પાણી, સચિત્ત માટી, કરોળિયાના જાળા, આ બધા ઉપર પગ પડવાથી, (વધારે શું કહીએ ? આવા પ્રકારના) સર્વ કોઈ જીવો મારાવડે વિરાધાયા હોય, (પછી તે) એકેન્દ્રિય હોય કે બેઇન્દ્રિય હોય કે તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય કે પંચેન્દ્રિય હોય (જે કોઈ હોય) તેઓને પગ માર્યો હોય, ભેગા કર્યા હોય, અથવા ધૂળવડે ઢાંકયા હોય, ભૂમિ ઉપર ઘસડી નાંખ્યા હોય, પરસ્પર ભેગા કર્યા હોય, કંઈક તેઓને સ્પર્શ કર્યો હોય, પીડા આપી હોય, ગ્લાનિ પહોંચાડી હોય, ત્રાસ આપ્યો હોય, એક સ્થાનેથી બીજા સ્થાને લઈ ગયા હોય, મારી નાંખ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડં.

अस्य व्याख्या—इच्छामि-अभिलषामि प्रतिक्रमितुं-निवर्तितुम्, ईर्यापथिकायां विराधनायां योऽतिचार इति गम्यते, तस्येति योगः, अनेन क्रियाकालमाह, 'मिच्छा मि दुक्कडं' इत्यनेन तु निष्ठाकालमिति, तत्रेरणमीर्या गमनमित्यर्थः, तत्प्रधानः पन्था ईर्यापथः तत्र भवैर्यापथिकी तस्यां, ★कस्यामित्यत आह—विराध्यन्ते-दुःखं स्थाप्यन्ते प्राणिनोऽनयेति विराधना—क्रिया तस्यां विराधनायां सत्यां, योऽतिचार इति वाक्यशेषः, तस्येति योगः, विषयमुपदर्शयन्नाह—गमनं चागमनं चेत्येकवद्भावस्तस्मिन्, तत्र गमनं स्वाध्यायादिनिमित्तं वसतेरिति, आगमनं प्रयोजनपरिसमाप्तौ पुनर्वसतिमेवेति, तत्रापि यः कथं जातोऽतिचार इत्यत आह—'पाणक्कमणे' प्राणिनो—द्वीन्द्रियादयस्त्रसा गृह्यन्ते, तेषामाक्रमणं-पादेन पीडनं प्राण्याक्रमणं, तस्मिन्निति, तथा बीजाक्रमणे, अनेन बीजानां जीवत्वमाह, हरिताक्रमणे, अनेन तु सकलवनस्पतेरेव, तथा—ऽवश्यायोत्तिङ्गपनकदगमृत्तिकामर्कटसन्तानसङ्क्रमणे सति, तत्रावश्यायः—जलविशेषः, इह चावश्यायग्रहणमतिशयतः शेषजलसम्भोगपरिवारणार्थमिति, एवमन्यत्रापि भावनीयं, उत्तिङ्गा-

ટીકાર્થ :- ઈર્યાપથિક એવી વિરાધના વિશે જે અતિચાર લાગ્યો છે. તેનાથી પાછા ફરવા માટે હું ઇચ્છું છું. આ વાક્યવડે ક્રિયાકાલ જણાવાયો. અને मिच्छा मि दुक्कडं વાક્યવડે પૂર્ણકાલ કહ્યો. તેમાં ઈર્યા એટલે ગમન, અને ગમનપ્રધાન એવો જે માર્ગ તે ઈર્યામાર્ગ એટલે કે ગમન માટેનો માર્ગ. તેમાં જે (વિરાધના) થાય તે ઈર્યાપથિકી, તેને વિશે, ઈર્યાપથિકી એવી કોને વિશે ? તે કહે છે – જેનાવડે જીવો દુઃખમાં સ્થાપિત કરાય=દુઃખી કરાય તે વિરાધના એટલે વિરાધનારૂપ ક્રિયા, તે વિરાધનાને વિશે (સંપૂર્ણ અર્થ → ઈર્યાપથિકી એવી વિરાધનાને વિશે એટલે કે માર્ગમાં થયેલી વિરાધનાને કારણે) જે અતિચાર સેવાયો છે તેનું પ્રતિક્રમણ કરવા માટે ઇચ્છું છું એ પ્રમાણે વાક્યશેષ જાણવો.

તે વિરાધનાના વિષયને (=તે વિરાધના કેવી રીતે થઈ ? તે) જણાવતાં કહે છે – ગમન અને આગમનશબ્દો વચ્ચે સમાહારદ્વન્દ્વસમાસ જાણવો. તેમાં સ્વાધ્યાયાદિ માટે વસતિમાંથી (સ્વાધ્યાયભૂમિ વિગેરે તરફ) જવું તે ગમન. તથા પ્રયોજન પૂર્ણ થતાં ફરી વસતિમાં આવવું તે આગમન. આ ગમન-આગમન કરવામાં (જે વિરાધના થઈ તેનું મિચ્છા મિ દુક્કડં એ પ્રમાણે અન્વય જોડવો.) તે ગમન-આગમન કરવામાં પણ કેવી રીતે અતિચાર લાગ્યો ? તે કહે છે –

**'पाणक्कमणे'** અહીં બેઇન્દ્રિય વિગેરે ત્રસ જીવો પ્રાણીશબ્દથી લેવા. તે પ્રાણીઓને પગવડે પીડન થવામાં (અર્થાત્ એમની ઉપર પગ આવવાથી), તથા બીજોનું પીડન થવામાં, આનાવડે બીજમાં જીવત્વ કહ્યું. વનસ્પતિનું પીડન થવામાં, આનાવડે સર્વવનસ્પતિઓમાં જીવત્વ કહ્યું. તથા ઝાકળ, અહીં વિશેષથી ઝાકળનું ગ્રહણ કર્યું છે તે બીજા બધા જ સચિત્ત પાણીઓના ભોગનો નિષેધ કરવા માટે જાણવું. (અર્થાત્ જો ઝાકળની પણ વિરાધના નથી કરવાની તો નદી વિ.ના પાણીની તો નહીં જ કરવાની.) એ જ પ્રમાણે ઉત્તિંગ વિગેરેમાં પણ જાણી લેવું.

★ 'किंविशिष्टाया॰' - प्र॰ ।

गर्दभाकृतयो जीवाः कीटिकानगराणि वा पनकः–फुल्लि दगमृत्तिका–चिक्खल्लम्, अथवा दकग्रहणादप्कायः, मृत्तिकाग्रहणात् पृथ्वीकायः, मर्कटसन्तानः कोलिकजालमुच्यते, ततश्चा-वश्यायश्चोत्तिङ्गश्चेत्यादि द्वन्द्वः, अवश्यायोत्तिङ्गपनकदगमृत्तिकामर्कटसन्तानास्तेषां सङ्क्रमणं–आक्रमणं तस्मिन्, किं बहुना ?, कियन्तो भेदेनाऽऽख्यास्यन्ते ?, सर्वे ये मया जीवा विराधिता–दुःखेन स्थापिताः, एकेन्द्रियाः–पृथिव्यादयः, द्वीन्द्रियाः–कृम्यादयः, त्रीन्द्रियाः–पिपीलिकादयः, चतुरिन्द्रिया–भ्रमरादयः, पञ्चेन्द्रिया–मूषिकादयः, अभिहता–+अभिमुख्येन हताः, चरणेन घट्टिताः, उत्क्षिप्य क्षिप्ता वा, वर्तिताः–पुञ्जीकृताः, धूल्या वा स्थगिता इति, श्लेषिताः– पिष्टाः, भूम्यादिषु वा लगिताः सङ्घातिता–अन्योऽन्यं गात्रैरेकत्र लगिताः, सङ्घट्टिता–मनाक् स्पृष्टाः, परितापिताः–समन्ततः पीडिताः, क्लामिताः–समुद्घातं नीताः ग्लानिमापादिता इत्यर्थः, अवद्राविता-उत्त्रासिताः स्थानात् स्थानान्तरं सङ्क्रामिताः–स्वस्थानात् परं स्थानं नीताः, जीविताद् व्यपरोपिताः, व्यापादिता इत्यर्थः, एवं यो जातोऽतिचारस्तस्य, एतावता क्रिया-कालमाह, तस्यैव 'मिच्छा मि दुक्कडं' इत्यनेन निष्ठाकालमाह, मिथ्या दुष्कृतं

ઉત્તિંગ એટલે ગર્દભ જેવી આકૃતિવાળા જીવવિશેષો અથવા કીડીઓના નગરા. પનક એટલે સેવાળ, દગમૃત્તિકા એટલે કાદવ અથવા દગશબ્દથી અપ્કાયનું અને મૃત્તિકા=માટીના ગ્રહણથી પૃથ્વીકાયનું ગ્રહણ કરવું. મર્કટસન્તાન એટલે કરોળિયાની જાળ. ઝાકળ વિગેરે શબ્દો વચ્ચે દ્વન્દ્વસમાસ જાણવો.

ઝાકળ, નગરા, નિગોદ, પાણી, પૃથ્વીકાય, કરોળિયાની જાળ – આ બધાનું પગવડે પીડન થવામાં, વધારે શું કહીએ ? કેટલા જીવો જુદા જુદા બતાવીએ ? (તેથી સર્વનો સંગ્રહ કરીને કહે છે –) મારાવડે જે સર્વ કોઈ જીવો દુઃખી કરાયા, પૃથ્વી વિગેરે એકેન્દ્રિયજીવો, કૃમિ વિગેરે બેઇન્દ્રિયજીવો, કીડી વિગેરે તેઇન્દ્રિયજીવો, ભ્રમર વિગેરે ચઉરેન્દ્રિયજીવો, અને ઉંદર વિગેરે પંચેન્દ્રિયજીવો **'अभिहता'** એટલે પગથી હણાયા હોય અથવા ઉંચકીને ફેંકાયા હોય, **'वर्तिता'** એટલે એક બાજુ બધાને ભેગા કરાયા હોય અથવા ધૂળવડે ઢંકાયા હોય, **'श्लेषिता'** એટલે પીસી નંખાયા હોય અથવા ભૂમિ વિગેરે ઉપર લગાડાયા.

**'संघातिता'** એટલે એકબીજા સાથે જીવોને શરીરોવડે ભેગા કરાયા, (અર્થાત્ એક-બીજા ઉપર ચઢાવ્યા.) **'संघट्टिता'** એટલે કંઈક સ્પર્શાયા, **'परितापिता'** એટલે ચારે બાજુથી હેરાન કરાયા, **'क्लामिता'** એટલે ગ્લાનિને પમાડાયા, **'अवद्राविता'** એટલે ત્રાસ પમાડાયા, **'ठाणाओ ठाणं संकामिआ'** એટલે પોતાના સ્થાનથી અન્ય સ્થાને લઈ જવાયા. **'जीविआओ ववरोविआ'** એટલે મારી નંખાયા.

આવા પ્રકારની વિરાધનાથી જે અતિચાર લાગ્યો છે તેનું, સૂત્રના આટલા વાક્યવડે ક્રિયાકાલ કહ્યો. તે અતિચારનું જ मिच्छा मि दुक्कडं આનાવડે નિષ્ઠાકાલ કહ્યો. મિથ્યા અને દુષ્કૃત શબ્દના અર્થો પૂર્વની જેમ જાણવા. આ પ્રમાણે પગથી હણવાદ્વારા જે અતિચાર લાગ્યો

+ अभिमुखागता ।

तस्येत्युभययोजना सर्वत्र कार्या । इत्थं गमनातिचारप्रतिक्रमणमुक्तम् ।

अधुना त्वग्वर्तनस्थानातिचारप्रतिक्रमणं प्रतिपादयन्नाह–

**इच्छामि पडिक्कमिउं पगामसिज्जाए निगामसिज्जाए संथाराउव्वट्टणाए परिवट्टणाए आउंटणपसारणाए छप्पइसंघट्टणाए कूइए कक्कराइए छिइए जंभाइए आमोसे ससरक्खामोसे आउलमाउलाए सोअणवत्तिआए इत्थीविप्परिआसिआए दिट्ठीविप्परिआसिआए मणविप्परिआसिआए पाणभोयणविप्परिआसिआए जो मे देवसिओ अइआरो कओ तस्स मिच्छा मि दुक्कडं ॥ (सू०)**

अस्य व्याख्या–इच्छामि प्रतिक्रमितुं पूर्ववत्, कस्येत्याह–प्रकामशय्यया हेतुभूतया यो मया दैवसिकोऽतिचारः कृतः, तस्येति योगः, अनेन क्रियाकालमाह, 'मिच्छामि दुक्कडं' इत्यनेन तु निष्ठाकालमेवेति भावना, एवं सर्वत्र योजना कार्येति, 'शीङ् स्वप्ने' अस्य यप्रत्ययान्तस्य 'कृत्यल्युटो बहुल'(पा०३-३-११३)मिति वचनात् शयनं शय्या प्रकामं–चातुर्यामं शयनं प्रकामशय्या शेरतेऽस्यामिति वा शय्या–संस्तारकादिलक्षणा प्रकामा–उत्कटा शय्या प्रकामशय्या–संस्तारोत्तरपट्टकातिरिक्ता प्रावरणमधिकृत्य कल्पत्रयातिरिक्ता वा तया हेतुभूतया, स्वाध्यायाद्यकरणतश्चेहातिचारः, प्रतिदिवसं प्रकामशय्यैव निकामशय्योच्यते तया

---

તેનું આનાવડે ક્રિયાકાલ અને તેનું મિચ્છા મિ દુક્કડં આનાવડે નિષ્ઠાકાલ જાણવો. ધૂળવડે ઢાંકવાથી જે અતિચાર લાગ્યો તેનું આનાવડે ક્રિયાકાલ અને તેનું મિચ્છામિ દુક્કડં આનાવડે નિષ્ઠાકાલ જાણવો. આ પ્રમાણે 'तस्य' પદદ્વારા ક્રિયાકાલ અને 'मिच्छा मि दुक्कडं' પદદ્વારા નિષ્ઠાકાલ એમ ઉભયની યોજના લેસિયા.... વિગેરે સર્વ પદો સાથે કરવી. આ પ્રમાણે ગમનસંબંધી અતિચારોનું પ્રતિક્રમણ કહ્યું.

અવતરણિકા :- હવે સૂવારૂપ સ્થાનના અતિચારના પ્રતિક્રમણનું પ્રતિપાદન કરતા કહે છે ➪

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- પ્રતિક્રમણ કરવા માટે ઇચ્છું છું. કોનું ? તે કહે છે – પ્રકામશય્યાના કારણે મારાથી જે દૈવસિક અતિચાર સેવાયો છે તેનું – આનાવડે ક્રિયાકાલ કહ્યો. 'મિચ્છા મિ દુક્કડં' પદોવડે નિષ્ઠાકાલ જ કહ્યો. આ પ્રમાણે ક્રિયાકાલ અને નિષ્ઠાકાલનું જોડાણ સર્વત્ર કરવું. 'य' પ્રત્યયાન્ત એવા 'शी' ધાતુને अन(अनट्) પ્રત્યય લાગીને શયન શબ્દ બન્યો. સૂવું તે શય્યા, પ્રકામ એટલે ચારે પ્રહર, તેથી ચાર પ્રહર સૂવું તે પ્રકામશય્યા. અથવા જેમાં જીવ સૂવે તે શય્યા અર્થાત્ સંથારો વિગેરે. પ્રકામ એટલે ઉત્કટ. તેથી ઉત્કટ એવી જે શય્યા તે પ્રકામશય્યા, અર્થાત્ સંથારો અને ઉત્તરપટ્ટાથી વધારે વસ્તુ વાપરવી અથવા પહેરવાના કપડાને આશ્રયીને બે કપડા, એક કાંબળરૂપ ત્રણ કલ્પોથી વધારે કપડાં રાખવા તે પ્રકામશય્યા. (અતિચાર લાગવામાં) કારણભૂત એવી આ પ્રકામશય્યાના કારણે (જે અતિચાર સેવાયો તેનું મિચ્છા મિ દુક્કડં એ પ્રમાણે અન્વય જોડવો.) અહીં પ્રકામશય્યાને કારણે સ્વાધ્યાયાદિનું અકરણ થવાથી અતિચાર લાગે છે.

हेतुभूतया, अत्राप्यतिचारः पूर्ववत्, उद्वर्तनं तत्प्रथमतया वामपार्श्वेन सुप्तस्य दक्षिणपार्श्वेन वर्तनमुद्वर्तनमुद्वर्तनमेवोद्वर्तना तया, परिवर्तनं पुनर्वामपार्श्वेनैव वर्तनं तदेव परिवर्तना तया, अत्राप्यप्रमृज्य कुर्वतोऽतिचारः, आकुञ्चनं–गात्रसङ्कोचलक्षणं तदेवाकुञ्चना तया, प्रसारणम्–अङ्गानां विक्षेपः तदेव प्रसारणा तया, अत्र च कुक्कुट्टिदृष्टान्तप्रतिपादितं विधिमकुर्वतोऽतिचारः, तथा चोक्तम्-'[१७]*कुक्कुडि पाय पसारे जह आगासे पुणोवि आउंटे । एवं पसारिऊणं आगासि पुणोवि आउंटे ॥१॥ अइकुंडिय सिय ताहे जहियं पायस्स पण्हिया ठाइ । तहियं पमज्जिऊणं आगासेणं तु णेऊणं ॥२॥ पायं ठावित्तु तहिं आगासे चेव पुणोवि आउंटे । एवं विहिमकरेंते अइयारो तत्थ से होइ ॥३॥*' षट्पदिकानां–यूकानां सङ्घट्टनम्–अविधिना स्पर्शनं षट्पदिकासङ्घट्टनं तदेव षट्पदिकासङ्घट्टना तया, तथा 'कूइए'त्ति कूजिते सति योऽतिचारः, कूजितं–कासितं तस्मिन् अविधिना मुखवस्त्रिकां करं वा मुखेऽनाधाय कृत इत्यर्थः, विषमा घर्मवतीत्यादि-शय्यादोषोच्चारणं कर्करायितमुच्यते तस्मिन् सति योऽतिचारः, इह चाऽऽर्तध्यानजोऽतिचारः,

---

રોજે રોજ પ્રકામશય્યા કરવી તે જ નિકામશય્યા કહેવાય છે. નિકામશય્યાના કારણે (જે અતિચાર...). અહીં પણ અતિચાર પૂર્વની જેમ જાણવો. સંથારામાં પ્રથમ ડાબા પડખે સૂતેલાનું જમણા પડખે ફરવું તે ઉદ્વર્તન. આ ઉદ્વર્તન એ જ ઉદ્વર્તના. તેના કારણે (જે અતિચાર...). જમણા પડખે સૂતેલાનું ફરી ડાબા પડખે ફરવું તે પરિવર્તન અને તે જ પરિવર્તના. તેના કારણે, અહીં આ ઉદ્વર્તના-પરિવર્તનામાં પ્રમાર્જના કર્યા વિના ઉદ્વર્તનાદિ કરે તેને અતિચાર જાણવો.

શરીરને સંકોચવું તે આકુંચન અને તે જ આકુંચના. તેના કારણે, અંગોને વિસ્તારવા તે પ્રસારણ અને તે જ પ્રસારણા. અહીં કૂકડીના દષ્ટાન્તથી પ્રતિપાદિત એવી વિધિને નહીં કરનાર સાધુને અતિચાર જાણવો. તે દષ્ટાન્ત આ પ્રમાણે જાણવું → જેમ કૂકડી પોતાના પગોને આકાશમાં પ્રસારે છે, ફરી સંકોચે છે. એ જ પ્રમાણે સાધુ પણ પોતાના પગો આકાશમાં પ્રસારીને ફરી સંકોચે છે. (આ પ્રમાણે આકાશમાં પગ પ્રસારીને રહેલા એવા સાધુને) જ્યારે અતિપીડા થવાનું ચાલું થાય ત્યારે પગ સંકોચતી વેળાએ જ્યાં પગની એડીઓ સ્થાપવાની છે તે ભૂમિનું પ્રમાર્જન કરીને આકાશમાંથી લઈને પગ સ્થાપે. આમ, આકાશમાં પગ પ્રસારે અને ફરી સંકોચે. આ પ્રમાણેની વિધિને નહીં કરતા તે સાધુને અતિચાર લાગે છે. ॥૩॥

ષટ્પદિકા એટલે જૂ, તેનું અવિધિએ સ્પર્શન કરવું તે ષટ્પદિકાસંઘટ્ટન. તે જ ષટ્પદિકા-સંઘટ્ટના. તેના કારણે, તથા કૂજિત એટલે ઉધરસ, ઉધરસ ખાતી વખતે મુહપત્તિને અથવા હાથને મોં ઉપર રાખ્યા વિના ઉધરસ ખાવાથી જે અતિચાર લાગ્યો તેનું, તથા ઉપાશ્રય વિચિત્ર છે, અહીં બાફ ઘણો છે વિગેરે ઉપાશ્રયના દોષોનું ઉચ્ચારણ કરવું તે કર્કરાયિત કહેવાય છે. તેનાથી જે અતિચાર લાગ્યો, અહીં આર્તધ્યાનથી ઉત્પન્ન થયેલો અતિચાર જાણવો. અવિધિથી

---

१७. कुक्कुटी पादौ प्रसारयेत् यथाऽऽकाशे पुनरप्याकुञ्चयेत् । एवं प्रसार्याकाशे पुनरप्याकुञ्चयेत् ॥१॥ अतिबाधितं स्यात्तदा यत्र पादस्य पार्ष्णिका तिष्ठति । तत्र प्रमार्ज्याकाशे तु नीत्वा ॥२॥ पादं स्थापयित्वा तत्राकाश एव पुनरप्याकुञ्चयेत् । एवं विधिमकुर्वत्यतिचारस्तत्र तस्य भवति ॥३॥

क्षुतेऽविधिना, जृम्भितेऽविधिनैव, आमर्षणम् आमर्षः—अप्रमृज्य करेण स्पर्शनमित्यर्थः तस्मिन्, सरजस्कामर्षे सति, सह पृथिव्यादिरजसा यद्वस्तु स्पृष्टं तत्संस्पर्शे सतीत्यर्थः, एवं जाग्रतोऽतिचारसम्भवमधिकृत्योक्तम्,★ अधुना सुप्तस्योच्यते—'आउलमाउलाए'त्ति आकुलाकुलया—स्त्र्यादिपरिभोगविवाहयुद्धादिदर्शननानाप्रकारया स्वप्नप्रत्ययया—स्वप्ननिमित्तया, विराधनयेति गम्यते, सा पुनर्मूलोत्तरगुणातिचारविषया भवत्यतो भेदेन तां दर्शयन्नाह—'इत्थीविप्परियासियाए'त्ति स्त्रिया विपर्यासः स्त्रीविपर्यासः—अब्रह्मासेवनं तस्मिन् भवा स्त्रीवैपर्यासिकी तया, स्त्रीदर्शनानुरागतस्तदवलोकनं दृष्टिविपर्यासः तस्मिन् भवा दृष्टिवैपर्यासिकी तया, एवं मनसाऽध्युपपातो मनोविपर्यासः तस्मिन् भवा मनोवैपर्यासिकी तया, एवं पानभोजनवैपर्यासिक्या, रात्रौ पानभोजनपरिभोग एव तद्विपर्यासः, अनया हेतुभूतया य इत्यतिचारमाह, मयेत्यात्मनिर्देशः, दिवसेन निर्वृत्तो दिवसपरिमाणो वा दैवसिकः, अतिचरणमतिचारः—अतिक्रम इत्यर्थः, कृतः—निर्वर्तितः 'तस्स मिच्छा मि दुक्कडं' पूर्ववत्, आह—दिवा शयनस्य निषिद्धत्वादसम्भव

---

છીંક ખાવાથી, અવિધિથી બગાસું ખાવાથી, (અહીં છીંક કે બગાસુ ખાતી વખતે નાસિકા, મોં આગળ મુહપત્તિ અથવા હાથ રાખવો તે વિધિ છે. તે ન રાખો તો અવિધિ.)

(જે વસ્તુને સ્પર્શ કરવો છે તે વસ્તુને તથા સ્વશરીરને) પ્રમાર્જ્યા વિના હાથથી સ્પર્શ કરવો તે આમર્ષ, તેને વિશે (જે અતિચાર,) પૃથ્વીકાયાદિની રજકણોથી જે વસ્તુ સ્પર્શાયેલી છે=યુક્ત છે તેને સ્પર્શ કરવાથી, આ પ્રમાણે જાગ્રતાવસ્થામાં સંભવતા અતિચારોને આશ્રયીને કહ્યું.

હવે સૂતેલાને જે અતિચારો સંભવે છે તે અતિચારોને કહે છે – સ્ત્રી વિગેરેનો પરિભોગ, વિવાહ, યુદ્ધાદિનું દર્શન વિગેરે જુદા જુદા પ્રકારની સ્વપ્નનિમિત્તે થયેલી આકુલાકુલતારૂપ વિરાધનાને કારણે (જે અતિચાર,) તે વિરાધના મૂલ-ઉત્તરગુણના અતિચારવિષયક છે. માટે ભેદથી તે વિરાધનાને દેખાડતા કહે છે – સ્ત્રી સાથે વિપર્યાસ તે સ્ત્રીવિપર્યાસ અર્થાત્ સ્વપ્નમાં સ્ત્રી સાથે અબ્રહ્મનું સેવન, તેમાં થયેલી જે હોય તે સ્ત્રીવિપર્યાસિકી, તેવી વિરાધનાને કારણે (જે અતિચાર થયો તેનું મિચ્છા મિ દુક્કડં એમ અન્વય જોડવો.)

સ્ત્રીદર્શનના અનુરાગથી સ્વપ્નમાં સ્ત્રી તરફ જોવું તે દૃષ્ટિવિપર્યાસ. તેમાં થનારી જે હોય તે દૃષ્ટિવિપર્યાસિકી – તેના કારણે, આ પ્રમાણે સ્વપ્નમાં મનથી અશુભ વિચાર કરવો તે મનવિપર્યાસ. તેમાં થનારી જે હોય તે મનવિપર્યાસિકી - તેના કારણે, એ જ પ્રમાણે સ્વપ્નમાં રાત્રિએ પાન-ભોજન કર્યું તે પાન-ભોજનવિપર્યાસ. તેમાં થનારી જે હોય તે પાન-ભોજનવિપર્યાસિકી. કારણભૂત એવી વિરાધનાને કારણે. 'જે' શબ્દ અતિચાર જણાવનારો છે. 'મયા' શબ્દ સ્વનો નિર્દેશ કરે છે. દિવસવડે થયેલો અથવા દિવસ એ છે પરિમાણ જેનું તે દૈવસિક. આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે અતિચાર.

(સંપૂર્ણ અર્થ → સ્ત્રીવિપર્યાસિકી વિગેરે વિરાધનાને કારણે મારાદ્વારા જે દૈવસિક અતિચાર સેવાયો છે ) તેનું 'મિચ્છા મિ દુક્કડં' આ શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો.

---

★ ०संस्पर्शन० - प्र० मुद्रिते च ।

एवास्यातिचारस्य, न, अपवादविषयत्वादस्य, तथाहि–अपवादतः सुप्यत एव दिवा अध्वानखेदादौ, इदमेव वचनं ज्ञापकम् ॥

एवं त्वग्वर्तनास्थानातिचारप्रतिक्रमणमभिधायेदानीं गोचरातिचारप्रतिक्रमणप्रतिपादनायाऽऽह–

**पडिक्कमामि गोयरचरियाए भिक्खायरियाए उग्घाडकवाडउग्घाडणाए साणावच्छादारासंघट्टणाए मंडीपाहुडिआए बलिपाहुडिआए ठवणापाहुडिआए संकिए सहसागारिए अणेसणाए पाणभोयणाए बीयभोयणाए हरियभोयणाए पच्छेकम्मियाए पुरेकम्मियाए अदिट्ठहडाए दगसंसट्ठहडाए रयसंसट्ठहराए पारिसाडणियाए पारिठावणिआए ओहासणभिक्खाए जं उग्गमेणं उप्पायणेसणाए अपरिसुद्धं परिगहियं परिभुत्तं वा जं न परिट्ठविअं तस्स मिच्छा मि दुक्कडं ॥ (सू०)**

अस्य व्याख्या–प्रतिक्रामामि-निवर्तयामि, कस्य ?–गोचरचर्यायां–भिक्षाचर्यायां, योऽतिचार इति गम्यते, तस्येति योगः, गोश्चरणं गोचरः चरणं-चर्या गोचर इव चर्या गोचरचर्या तस्यां गोचरचर्यायां, कस्यां ?–भिक्षार्थं चर्या भिक्षाचर्या तस्यां, तथाहि–लाभालाभनिरपेक्षः खल्वदीनचित्तो मुनिरुत्तमाधममध्यमेषु कुलेष्विष्टानिष्टेषु वस्तुषु रागद्वेषावगच्छन् भिक्षामटतीति, कथं

---

શંકા : દિવસે સૂવાનો નિષેધ હોવાથી સ્વપ્નનિમિત્તક એવી સ્ત્રીવિપર્યાસિકી વિગેરેવડે થતા અતિચારનો અસંભવ જ છે. (અર્થાત્ દિવસે સૂવાનું જ નથી તો સ્વપ્નવિગેરેની વાત જ ક્યાં રહી.)

સમાધાન : દિવસે સૂવાનું એકાન્તે નિષેધ નથી. પરંતુ અપવાદે અનુજ્ઞા પણ છે. તે આ પ્રમાણે કે લાંબા વિહાર કર્યા હોય અને તેમાં વધુ પડતો શ્રમ, થાક લાગ્યો હોય તો અપવાદથી દિવસે સૂવાની પણ અનુજ્ઞા છે. (એનું કોઈ પ્રમાણ ખરું ?) પ્રસ્તુત સ્ત્રીવિપર્યાસિકી.... વિગેરે સૂત્ર જ એનું જ્ઞાપક=પ્રમાણ છે.

અવતરણિકા :- આ પ્રમાણે સૂવારૂપ સ્થાનના અતિચારોનું પ્રતિક્રમણ કહીને હવે ગોચરીસંબંધી અતિચારોના પ્રતિક્રમણનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- હું પ્રતિક્રમણ કરું છું. કોનું ? – ભિક્ષાચર્યામાં જે અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. ગાયનું ચરવું તે ગોચર. ચરવું તે ચર્યા. ગાયના ચરવા જેવી ચર્યા તે ગોચરચર્યા, તેને વિશે, કઈ ગોચરચર્યામાં ? – ભિક્ષા માટે જે ચર્યા તે ભિક્ષાચર્યા, તેને વિશે. (સંપૂર્ણ અર્થ → ગાય જેમ ચરે તેમ ભિક્ષા માટે ચરવું તે ગોચરચર્યારૂપ ભિક્ષાચર્યા, તેને વિશે જે અતિચાર... આનો અર્થ વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે –) તે આ પ્રમાણે → લાભ કે અલાભથી નિરપેક્ષ અર્થાત્ ભિક્ષાની પ્રાપ્તિ થાય તો ય ઠીક કે ન થાય તોય ઠીક, એવો અદીનચિત્તવાળો મુનિ ઉત્તમ, અધમ અને મધ્યમકુલોમાં ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુઓમાં રાગ-દ્વેષને પામ્યા વિના ભિક્ષા માટે જે ફરે છે (તે ગોચરચર્યારૂપ ભિક્ષાચર્યા કહેવાય છે.)

पुनस्तस्यामतिचार इत्याह–'उग्घाडकवाडउग्घाडणाए' उद्धाटम्–अदत्तार्गलमीषत्स्थगितं वा किं तत् ?–कपाटं तस्योद्धाटनं-सुतरां प्रेरणम् उद्धाटकपाटोद्धाटनम् इदमेवोद्धाटकपाटोद्धाटना तया हेतुभूतया, इह चाप्रमार्जनादिभ्योऽतिचारः, तथा श्वानवत्सदारकसङ्घट्टनयेति प्रकटार्थं, मण्डीप्राभृतिकया बलिप्राभृतिकया स्थापनाप्राभृतिकया, आसां स्वरूपं–

*"[९८]मंडीपाहुडिया साहुंमि आगए अग्गकूरमंडीए।*
*अण्णंमि भायणंमि व काउं तो देइ साहुस्स ॥१॥*
*तत्थ पवत्तणदोसो ण कप्पए तारिसा सुविहियाणं ।*
*बलिपाहुडिया भण्णइ चउद्दिसिं काउ अच्चणियं ॥२॥*
*अग्गिमि व छोढूणं सित्थे तो देइ साहुणो भिक्खं ।*
*सावि ण कप्पइ ठवणा जा भिक्खायरियाण ठविया उ ॥३॥"*

આવા પ્રકારની ભિક્ષાચર્યામાં અતિચાર કેવી રીતે સંભવે છે ? તે કહે છે – **'उग्घाडकवाड-उग्घाडणाए'** સાંકળ માર્યા વિનાનું એવું અથવા કંઈક બંધ કરેલું એવું, એવું શું ? – એવું કપાટ તેને સંપૂર્ણ ઉઘાડવું. (અર્થાત્ સાંકળ માર્યા વિના બંધ રાખેલા ઘરના દરવાજાને સંપૂર્ણ ખોલવો તે ઉદ્ઘાટકપાટોદ્ઘાટન કહેવાય) તેના કારણે (જે અતિચાર....). અહીં પ્રમાર્જના વિગેરે ન કરવાથી અતિચાર લાગેલો સમજવો.

**'साणावच्छादारासंघट्टणाए'** તથા કૂતરો, વાછરડું, કે નાના બાળકનો (ગોચરી વહોરતી વેળાએ) સંઘટ્ટો કર્યો, તેના કારણે. મંડીપ્રાભૃતિકાના કારણે, બલિપ્રાભૃતિકાના કારણે, સ્થાપના-પ્રાભૃતિકાના કારણે. મંડીપ્રાભૃતિકા વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. → પ્રથમ મંડીપ્રાભૃતિકા જણાવે છે – ભાતને[H] રાંધ્યા પછી ઉપરના જે ભાત હોય તે મંડીશબ્દથી ઓળખાય છે. તેથી સાધુ જ્યારે વહોરવા આવે ત્યારે ગૃહસ્થ ઉપરના ભાતરૂપ મંડીમાંથી થોડું આપે તે અથવા ઉપરના ભાતને અન્ય ભાજનમાં નાંખીને શેષ નીચેનાં જે ભાત હોય તેમાંથી થોડું આપે તે મંડીપ્રાભૃતિકા કહેવાય છે. (પ્રાભૃતિકા=ભિક્ષા) ॥૧॥ તેમાં પ્રવર્તનદોષ (સાધુ નિમિત્તે હવે લોકોને પણ પીરસવાનું પ્રવર્તન=શરૂ થાય તે પ્રવર્તનદોષ. આ દોષ) લાગતો હોવાથી સુવિહિતોને મંડીપ્રાભૃતિકા કલ્પતી નથી. હવે બલિપ્રાભૃતિકા કહેવાય છે – (સાધુ આવ્યા પછી) ચારે દિશામાં પૂજાનિમિત્તે બલિને આપીને ॥૨॥ અથવા અમુક દાણાઓને અગ્નિમાં નાંખીને પછી સાધુને ભિક્ષા આપે તે બલિપ્રાભૃતિકા જાણવી. તે પણ સાધુઓને કલ્પતી નથી. ભિક્ષાચરો માટે જે સ્થાપેલી હોય તે સ્થાપનાપ્રાભૃતિકા જાણવી. તે પણ સાધુઓને કલ્પતી નથી. ॥૩॥

९८. मण्डिप्राभृतिका साधावागते अग्रकूरमण्डेः । अन्यस्मिन् भाजने वा कृत्वा ततो ददाति साधवे ॥१॥ तत्र प्रवर्त्तनदोषो न कल्पते तादृशी सुविहितानाम् । बलिप्राभृतिका भण्यते चतुर्दिशं कृत्वाऽर्चनिकाम् ॥२॥ अग्नौ वा क्षिप्त्वा सिक्थान् ततो ददाति साधवे भिक्षाम् । साऽपि न कल्पते स्थापना या भिक्षाचरेभ्यः स्थापिता ॥३॥

आधाकर्मादीनाम्–उद्गमादिदोषाणामन्यतमेन शङ्किते गृहीते सति योऽतिचारः, सहसाकारे वा सत्यकल्पनीये गृहीत इति, अत्र च तमपरित्यजतोऽविधिना वा परित्यजतो योऽतिचारः, अनेन प्रकारेणानेषणया हेतुभूतया, तथा 'पाणभोयणाए'त्ति प्राणिनो–रसजादयः भोजने–दध्योदनादौ सङ्घट्ट्यन्ते–विराध्यन्ते व्यापाद्यन्ते वा यस्यां प्राभृतिकायां सा प्राणिभोजना तया, तेषां च सङ्घट्टनादि दातृग्राहकप्रभवं विज्ञेयम्, अत एवातिचारः, एवं 'बीयभोयणाए' बीजानि भोजने यस्यां सा बीजभोजना तया, एवं हरितभोजनया, 'पच्छाकम्मियाए पुरेकम्मियाए' पश्चात् कर्म यस्यां पश्चाज्जलोज्झनकर्म भवति पुरःकर्म यस्यामादाविति, 'अदिट्ठहडाए'त्ति अदृष्टाहृतया–अदृष्टोत्क्षेपमानीतयेत्यर्थः, तत्र च सत्त्वसङ्घट्टनादिनाऽतिचारसम्भवो, दगसंसृष्टाहृतया-

---

**'संकिए'** આધાકર્મી વિગેરે ઉદ્ગમાદિદોષોમાંથી કોઈ દોષની શંકા સાથે ભિક્ષા ગ્રહણ કરતા જે અતિચાર થયો હોય, અથવા **'सहसागारे'** ઉપયોગ હોવા છતાં અચાનક અકલ્પનીય વસ્તુનું ગ્રહણ થતાં જે અતિચાર લાગ્યો હોય, અહીં આવી શંકિત કે સહસાકારે વસ્તુનું ગ્રહણ થયા પછી તે વસ્તુને જો ન પરઠવે અથવા અવિધિથી પરઠવે તો અતિચાર જાણવો (અન્યથા નહીં.) આવા પ્રકારની કારણભૂત અનેષણાના કારણે.

**'पाणभोयणाए'** તથા જે ભિક્ષામાં દહીં-ભાત વિગેરે ભોજન ગ્રહણ કરતી વખતે તે ભોજનમાં ઉત્પન્ન થયેલા રસજ વિગેરે જીવોની અથવા આજુ બાજુ રહેલા જીવોની (દાયક કે ગ્રાહક) વિરાધના કરે અથવા તે જીવોને મારી નાંખે તે ભિક્ષા પ્રાણિભોજના ભિક્ષા કહેવાય. (દા.ત. કીડીઓ ચઢેલી હોય તેવા છૂંદા વિગેરેને વહોરાવતી વખતે દાયક ધ્યાન ન રાખે અથવા વહોરતા સાધુ ધ્યાન ન રાખે અને માટે કીડી વિગેરેનો સંઘટ્ટો, પરિતાપ વિગેરે રૂપે વિરાધના થાય કે કદાચ કીડીઓ મરી જાય એવી આ ભિક્ષા પ્રાણિભોજના કહેવાય, એ જ રીતે ક્યારેક વાસી રોટલી અથવા દહીં વિગેરે કે જેમાં રસજ એવા બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થયા હોય અને એવી વસ્તુ વહોરી લે તો આ પ્રાણિભોજના નામની ભિક્ષા ગ્રહણ કરી કહેવાય.) અહીં તે જીવોના સંઘટ્ટનાદિ દાતૃ અને ગ્રાહક ઉભયથી ઉત્પન્ન થયેલા જાણવા (અર્થાત્ ભિક્ષા દેનાર દાતા ક્યારેક તે સંઘટ્ટનાદિ કરતા વહોરાવે અને આપણે વહોરી લઈએ અથવા ગ્રહણ કરનાર સાધુથી સંઘટ્ટનાદિ થાય.) માટે જ આમાં અતિચાર લાગે છે.

**'बीयभोयणाए'** આ જ પ્રમાણે જે ભિક્ષામાં ગ્રહણ કરાયેલ ભોજનમાં બીજ હોય તે બીજભોજના, તેના કારણે **'हरियभोयणाए'** આ જ પ્રમાણે હરિતભોજનવડે (અર્થાત્ ભોજનમાં વનસ્પતિ આવે તેવી ભિક્ષા ગ્રહણ કરવાથી), **'पच्छेकम्मियाए'** જે ભિક્ષા વહોર્યા પછી ગૃહસ્થ પાણીથી હાથ ધોવા વિગેરે રૂપ ક્રિયા કરે તે પશ્ચાત્કર્મિક ભિક્ષા, **'पुरेकम्मियाए'** જેમાં વહોરાવ્યા પહેલાં પાણીની વિરાધના થાય તે પૂર્વકર્મિકભિક્ષા, **'अदिट्ठहडाए'** જે ભિક્ષામાં વહોરાવવા યોગ્ય દ્રવ્ય ગૃહસ્થે ક્યાંથી લીધું ? કેવી રીતે લીધું ? વિગેરે દેખાય નહીં તે અદૃષ્ટાહૃતભિક્ષા, અહીં જીવોનો સંઘટ્ટો વિગેરે થવાથી અતિચાર સંભવે છે.

उदकसम्बद्धानीतया हस्तमात्रगतोदकसंसृष्टया वा भावना, एवं रजःसंसृष्टाहृतया, नवरं रजः पृथिवीरजोऽभिगृह्यते, 'पारिसाडणियाए'त्ति परिशाटः—उज्झनलक्षणः प्रतीत एव तस्मिन् भवा पारिशाटनिका तया, 'पारिट्ठावणियाए'त्ति परिस्थापनं—प्रदानभाजनगतद्रव्यान्तरोज्झनलक्षणं तेन निर्वृत्ता पारिस्थापनिका तया, एतदुक्तं भवति-'[११]*पारिट्ठावणिया खलु जेण भाणेण देइ भिक्खं तु । तंमि पडिओयणाई जातं सहसा परिट्ठवियं ॥१॥*' 'ओहासणभिक्खाए'त्ति विशिष्टद्रव्ययाचनं समयपरिभाषया 'ओहासणंति भण्णइ' तत्प्रधाना या भिक्षा तया, कियदत्र भणिष्यामो ?, भेदानामेवंप्रकाराणां बहुत्वात्, ते च सर्वेऽपि यस्मादुद्गमोत्पादनैषणास्ववतरन्त्यत आह—'जं उग्गमेण'मित्यादि, यत्किञ्चिदशनाद्युद्गमेन आधाकर्मादिलक्षणेन उत्पादनया—धात्र्यादिलक्षणया एषणया-शङ्कितादिलक्षणया अपरिशुद्धम्—अयुक्तियुक्तं प्रतिगृहीतं वा परिभुक्तं वा

---

**'दगसंसट्ठहडाए'** પાણીના સંપર્કમાં હોય અને એ રીતે લવાયેલી (અર્થાત્ કાચા પાણીવાળા વાસણ સાથે સંબદ્ધ હોય અને ત્યાંથી વહોરેલી) અથવા હાથમાં રહેલા પાણીથી સંઘટિત એવી (અર્થાત્ પાણીથી ભીના હાથવાળા દાયક પાસેથી વહોરેલી) ભિક્ષાના કારણે, **'रयसंसट्ठहडाए'** એ જ પ્રમાણે રજથી યુક્ત એવી ભિક્ષાના કારણે, અહીં રજ તરીકે પૃથ્વીકાયના રજકણો ગ્રહણ કરવા. **'पारिसाडणियाए'** પરિશાટ એટલે નીચે પડવું. તેને વિશે જે થાય તે પારિશાટનિકાભિક્ષા-તેના કારણે, (અર્થાત્ વહોરતી વખતે નીચે ઢોળાતું હોય છતાં વહોરવું તે પારિશાટનિકાભિક્ષા-તેના કારણે.)

**'पारिट्ठावणियाए'** પરિસ્થાપન=જેનાથી ભોજન આપવાનું છે તે પ્રદાનભાજનમાં રહેલ અન્ય દ્રવ્યનો (=જે વહોરાવવાનું છે તેના સિવાયના દ્રવ્યનો) જે ત્યાગ તે પરિસ્થાપન. તેનાવડે જે થયેલી હોય તે પારિસ્થાપનિકા. તેના કારણે, અહીં આશય એ છે કે જે ભાજનવડે (=વાટકી વિગેરેવડે) ગૃહસ્થ સાધુને ભિક્ષા આપે છે તે ભાજનમાં વહોરાવવા સિવાયનું જે ભાત વિગેરે દ્રવ્ય છે તેને પહેલાં પરઠવી દે (અર્થાત્ તે દ્રવ્યની જરૂર ન હોય તો ફેંકી દે અથવા અન્ય મોટા કોઈ વાસણમાં નાંખીને આ વાટકી વિગેરે વાસણ ખાલી કરીને તેનાવડે ભિક્ષા વહોરાવે તે) પારિસ્થાપનિકાભિક્ષા કહેવાય. ॥૧॥

**'ओहासणभिक्खाए'** વિશિષ્ટદ્રવ્યની માંગણી કરવી તેને શાસ્ત્રપરિભાષામાં ઓહાસણ કહેવાય છે. તત્પ્રધાન એવી જે ભિક્ષા તે ઓહાસણભિક્ષા-તેના કારણે, વધારે કેટલા ભેદો કહીએ ? કારણ કે આવા પ્રકારના ભેદો ઘણા છે. આ બધા જ ભેદોનો ઉદ્ગમ-ઉત્પાદન અને એષણામાં સમાવેશ થઈ જાય છે તેથી મૂળમાં (બધાનો સંગ્રહ થઈ જાય માટે ) કહ્યું છે - जं उग्गमेणं વિગેરે, અર્થાત્ જે કોઈ પણ અશનાદિ આધાકર્મી વિગેરે ઉદ્ગમ દોષોવડે, ધાત્રી વિગેરે ઉત્પાદન દોષોવડે કે શંકિત વિગેરેરૂપ એષણાના દોષોવડે અપરિશુદ્ધ એવું ગ્રહણ કરાયું, અથવા પારિઠાવણી કરવાને બદલે વાપરી લીધું.

---

११. पारिस्थापनिका खलु येन भाजनेन ददाति भिक्षां तु । तस्मिन् पतितौदनादि जातं सहसा परिस्थापितम् ॥१॥

यत्र परिष्ठापितं, कथञ्चित् प्रतिगृहीतमपि यन्नोज्झितं परिभुक्तमपि च भावतोऽपुनःकरणादिना प्रकारेण यन्नोज्झितम्, एवमनेन प्रकारेण यो जातोऽतिचारस्तस्य मिथ्या दुष्कृतमिति पूर्ववत् ॥

एवं गोचरातिचारप्रतिक्रमणमभिधायाधुना स्वाध्यायाद्यतिचारप्रतिक्रमणप्रतिपादनायाऽऽह–

**पडिक्कमामि चाउक्कालं सज्झायस्स अकरणयाए उभओकालं भंडोवगरणस्स अप्पडिलेहणयाए दुप्पडिलेहणयाए अप्पमज्जणाए दुप्पमज्जणाए अइक्कमे वइक्कमे अइयारे अणायारे जो मे देवसिओ अइआरो कओ तस्स मिच्छा मि दुक्कडं ॥ (सू०)**

अस्य व्याख्या–प्रतिक्रामामि पूर्ववत्, कस्य ?–चतुष्कालं–दिवसरजनीप्रथमचरमप्रहरेष्वित्यर्थः, स्वाध्यायस्य–सूत्रपौरुषीलक्षणस्य, अकरणतया–अनासेवनया हेतुभूतयेत्यर्थः, यो मया दैवसिकोऽतिचारः कृतः, तस्येति योगः, तथोभयकालं–प्रथमपश्चिमपौरुषीलक्षणं भाण्डोपकरणस्य–पात्रवस्त्रादेः 'अप्रत्युपेक्षणया दुष्प्रत्युपेक्षणया' तत्राप्रत्युपेक्षणा-मूलत एव चक्षुषाऽनिरीक्षणा दुष्प्रत्युपेक्षणा–दुर्निरीक्षणा तया, 'अप्रमार्जनया दुष्प्रमार्जनया' तत्राप्रमार्जना मूलत एव रजोहरणादिनाऽस्पर्शना दुष्प्रमार्जना त्वविधिना प्रमार्जनेति, तथा अतिक्रमे व्यतिक्रमे

---

આશય એ છે કે – કોઈક રીતે કદાચ આવું અપરિશુદ્ધ અશનાદિ ગ્રહણ કરાયું તો તેને પરઠવી દેવું જોઈએ. સમજો કે ગ્રહણ કરેલું એવું પણ પરઠવ્યું નહીં, ભૂલમાં વાપરી લીધું. તો વાપરી લીધા પછી પણ ખબર પડતાં ભાવથી 'આવું અશનાદિ બીજીવાર નહીં જ વાપરું' એવા પ્રકારના અપુનઃકરણાદિથી પ્રકારોવડે જે અશનાદિનો ત્યાગ કર્યો નથી. આ પ્રમાણે ઉગ્ઘાડકવાડ उग्घाडणाए..... વિગેરેથી લઈ અહીં સુધીના જેટલા પ્રકારની જુદી જુદી ભિક્ષાઓ બતાવી તેના કારણે જે અતિચાર ઉત્પન્ન થયો, તેનું 'મિચ્છા મિ દુક્કડં' આ શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો.

અવતરણિકા :- આ પ્રમાણે ગોચરીસંબંધી અતિચારોના પ્રતિક્રમણને કહીને હવે સ્વાધ્યાયાદિના અતિચારોના પ્રતિક્રમણનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.**

ટીકાર્થ :- प्रतिक्रामामि શબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો. (અર્થાત્ હું પ્રતિક્રમણ કરું છું.) કોનું ? – દિવસ અને રાતના પહેલા-છેલ્લા પ્રહરરૂપ ચતુષ્કાલમાં સૂત્રપૌરુષીરૂપ સ્વાધ્યાયના અકરણથી અર્થાત્ હેતુભૂત એવા અનાસેવનથી (આશય એ છે કે અહીં જે અતિચાર લાગે છે તેમાં કારણ સ્વાધ્યાયનું અનાસેવન છે. તેથી હેતુભૂત=કારણભૂત એવા અનાસેવનથી) જે દૈવસિક અતિચાર મારાવડે સેવાયો છે. 'તેનું' એ પ્રમાણે શબ્દ જોડી દેવો.

તથા પહેલી અને છેલ્લી પૌરુષીરૂપ ઉભયકાલમાં પાત્ર, વસ્ત્ર વિગેરે ભાંડોપકરણની અપ્રત્યુપેક્ષણાના કારણે કે દુષ્પ્રત્યુપેક્ષણાના કારણે (જે અતિચાર....) અહીં સર્વથા ચક્ષુવડે જોવું નહીં તે અપ્રત્યુપેક્ષણા. અધકચરું ચક્ષુવડે જોવું તે દુષ્પ્રત્યુપેક્ષણા જાણવી. તથા અપ્રમાર્જના કે દુષ્પ્રમાર્જનાના કારણે, તેમાં સર્વથી જ રજોહરણાદિવડે પ્રમાર્જવું નહીં તે અપ્રમાર્જના. અને અવિધિવડે જે પ્રમાર્જના તે દુષ્પ્રમાર્જના.

अतिचारे अनाचारे यो मया दैवसिकोऽतिचारः कृतस्तस्य मिथ्यादुष्कृतमित्येतत्प्राग्वत्, नवरमतिक्रमादीनां स्वरूपमुच्यते–

"*आधाकम्मनिमंतण पडिसुणमाणे अइक्कमो होइ ।*
*पयभेयाइ वइक्कम गहिए तइएयरो गिलिए ॥१॥*"

अस्य व्याख्या–आधाकर्मनिमन्त्रणे गृहीष्ये एवं प्रतिशृण्वति सति साधावतिक्रमः- साधुक्रियोल्लङ्घनरूपो भवति, यत एवम्भूतं वचः श्रोतुमपि न कल्पते, किं पुनः प्रतिपत्तुं ?, ततःप्रभृति भाजनोद्ग्रहणादौ तावदतिक्रमो यावदुपयोगकरणं, ततः कृते उपयोगे गच्छतः पदभेदादिर्व्यतिक्रमस्तावद् यावदुत्क्षिप्तं भोजनं दात्रेति, ततो गृहीते सति तस्मिँस्तृतीयः, अतिचार इत्यर्थः, तावद् यावद्वसतिं गत्वेर्यापथप्रतिक्रमणाद्युत्तरकालं लम्बनोत्क्षेपः, तत उत्तरकालमनाचारः, तथा चाह–'इतरो गिलिए'त्ति प्रक्षिप्ते सति कवले अनाचार इति गाथार्थः ॥

इदं चाधाकर्मोदाहरणेन सुखप्रतिपत्त्यर्थमतिक्रमादीनां स्वरूपमुक्तम्, अन्यत्राप्यनेनैवानुसारेण विज्ञेयमिति । अयं चातिचारः संक्षेपत एकविधः, संक्षेपविस्तरतस्तु द्विविधः, त्रिविधो

---

તથા અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચારના કારણે મારાવડે જે દૈવસિકઅતિચાર સેવાયો 'તેનું મિથ્યાદુષ્કૃત' એ પ્રમાણે પૂર્વની જેમ અર્થ જાણી લેવો. પરંતુ અતિક્રમાદિનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. → કોઈ ગૃહસ્થ આધાકર્મી ગોચરી વહોરવા માટેનું આમંત્રણ આપે અને સાધુ 'હું ગ્રહણ કરવા આવીશ' એ પ્રમાણે આમંત્રણ સ્વીકારે તો તેને અતિક્રમ એટલે કે 'આધાકર્મી વહોરવું નહીં' એ પ્રમાણેનો સાધુના આચારનું ઉલ્લંઘનરૂપ અતિક્રમ કરેલો ગણાય છે, કારણ કે આવા પ્રકારનું આમંત્રણાત્મક વચન સાંભળવું પણ સાધુને કલ્પતુ નથી, તો સ્વીકારવું ક્યાંથી કલ્પે ? (અર્થાત્ ન જ કલ્પે.) અહીં આવું આમંત્રણ સ્વીકાર્યા પછી પાત્રાદિ ગ્રહણ કરી ઉપયોગ કરે (અર્થાત્ કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગોચરી કોની લાવવાની ? કેટલી લાવવાની ? વિગેરે ચિંતવે) ત્યાં સુધી અતિક્રમ જાણવો.

ઉપયોગ કર્યા બાદ ગોચરી લેવા માટે પગ ઉપાડવાથી લઈને ઘરે પહોંચે, ત્યાં ગૃહસ્થ વહોરાવવા માટે ભોજન ઉપાડે ત્યાં સુધી વ્યતિક્રમ જાણવો. તે આધાકર્મી સાધુ ગ્રહણ કરે ત્યારથી લઈને વસતિમાં આવે, ઈરિયાવહિય પ્રતિક્રમે, વાપરવા બેસે, વાપરવા માટે કોળિયો ઉંચકે ત્યાં સુધી અતિચાર જાણવો. ત્યાર પછી તે કોળિયો મોંમાં નાંખે તે અનાચાર. તે જ વાત કહે છે – કોળિયો મોંમાં નાંખ્યો અને ગળામાં ઉતાર્યો તે અનાચાર જાણવો. આ પ્રમાણે અતિક્રમાદિનું સ્વરૂપ જણાવનારી ગાથાનો અર્થ જાણવો.

સુખેથી બોધ થાય તે માટે અતિક્રમાદિનું સ્વરૂપ આધાકર્મીના ઉદાહરણદ્વારા કહ્યું. બીજા દોષોમાં પણ આ જ પ્રમાણે અતિક્રમાદિનું સ્વરૂપ જાણવું. આ અતિચાર સંક્ષેપથી એક પ્રકારનો છે. સંક્ષેપ-વિસ્તારથી બે પ્રકારે, ત્રણ પ્રકારે વિગેરેથી લઈ અસંખ્યેય પ્રકારનો છે. અહીં સંક્ષેપ-વિસ્તારતા આ પ્રમાણે જાણવી. બે પ્રકારનો અતિચાર ત્રણ પ્રકારના અતિચાર માટે સંક્ષેપરૂપ

---

१. आधाकर्मनिमन्त्रणे प्रतिशृण्वति अतिक्रमो भवति । पदभेदादि व्यतिक्रमो गृहीते तृतीय इतरो गिलिते ॥१॥

यावदसङ्ख्येयविधः, संक्षेपविस्तरता पुनर्द्विविधः त्रिविधं प्रति संक्षेप एकविधं प्रति विस्तर इति, एवमन्यत्रापि योज्यं, विस्तरतस्त्वनन्तविधः, तत्रैकविधादिभेदप्रतिक्रमणप्रतिपादनायाह–

**पडिक्कमामि एगविहे असंजमे । पडिक्कमामि दोहिं बन्धणेहिं–रागबंधणेणं दोसबन्धणेणं । प० तिहिं दण्डेहिं–मणदंडेणं वयदंडेणं कायदंडेणं । प० तिहिं गुत्तीहिं–मणगुत्तीए वयगुत्तीए कायगुत्तीए ॥ (सू०)**

प्रतिक्रामामि पूर्ववत्, एकविधे–एकप्रकारे असंयमे–अविरतिलक्षणे सति प्रतिषिद्ध-करणादिना यो मया दैवसिकोऽतिचारः कृत इति गम्यते, तस्य मिथ्या दुष्कृतमिति सम्बन्धः, वक्ष्यते च–'सज्झाए ण सज्झाइयं तस्स मिच्छा मि दुक्कडं' एवमन्यत्रापि योजना कर्तव्या, प्रतिक्रामामि द्वाभ्यां बन्धनाभ्यां हेतुभूताभ्यां योऽतिचारः, बद्ध्यतेऽष्टविधेन कर्मणा येन हेतु-भूतेन तद्बन्धनमिति, तद्बन्धनद्वयं दर्शयति–रागबन्धनं च द्वेषबन्धनं च, रागद्वेषयोस्तु स्वरूपं यथा नमस्कारे, बन्धनत्वं चानयोः प्रतीतं, यथोक्तम्–"*स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् । रागद्वेषाक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥१॥*" 'प्रतिक्रामामि त्रिभिर्दण्डैः' दण्ड्यते–

---

છે અને એકવિધ માટે વિસ્તારરૂપ છે. આ જ પ્રમાણે ત્રિવિધ વિગેરેમાં પણ સંક્ષેપ-વિસ્તારતા જાણી લેવી. વિસ્તારથી આ અતિચાર અનંત પ્રકારનો છે. તેમાં એકવિધ વિગેરે ભેદોનાં પ્રતિક્રમણનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- હું પ્રતિક્રમણ કરું છું. કોનું ? – અવિરતિરૂપ એક પ્રકારમાં પ્રતિષિદ્ધનું કરણ વિગેરેને કારણે (અર્થાત્ પ્રતિષિદ્ધનું કરવું, કર્તવ્યનું ન કરવું, અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણાના કારણે) મારા દ્વારા જે દૈવસિક અતિચાર સેવાયો છે તેનું મિચ્છા મિ દુક્કડં. એ પ્રમાણે (ખૂટતા શબ્દનો) સંબંધ જોડી દેવો.

(શંકા : આ 'મિચ્છા મિ દુક્કડં' શબ્દનો અહીં સંબંધ જોડવાનું કહ્યું પરંતુ તે શબ્દ સૂત્રમાં ક્યાં છે ? આવી કોઈકને શંકા થતી હોય તે માટે જણાવે છે કે –) આગળ કહેશે – સ્વાધ્યાયમાં સ્વાધ્યાય ન કર્યો તેનું મિચ્છા મિ દુક્કડં આ પ્રમાણે 'तस्य मिच्छा मि दुक्कडं' શબ્દ બીજે બધે જોડી દેવો.

કારણભૂત એવા બે પ્રકારના બંધનોને કારણે જે અતિચાર સેવાયો છે તેનું પ્રતિક્રમણ કરું છું. કારણભૂત એવા જેનાવડે આત્મા આઠપ્રકારના કર્મો સાથે બંધાય છે તે બંધન. તે બે પ્રકારના બંધનોને જણાવે છે – રાગબંધન અને દ્વેષબંધન. રાગ અને દ્વેષનું સ્વરૂપ નમસ્કાર-નિર્યુક્તિમાં (ભા. ૪ ગા. ૯૧૮માં) જે રીતે કહ્યું છે, તે રીતે જાણી લેવું. રાગ-દ્વેષ બંને બંધનરૂપ તરીકે પ્રતીત જ છે. કહ્યું છે – તેલથી માલિશ કરાયેલ શરીરવાળા જીવનું શરીર રજકણોવડે જે રીતે ચોંટે છે. (અર્થાત્ શરીર ઉપર જે રીતે રજકણો આવીને ચોંટે છે,) તે રીતે રાગ-દ્વેષથી યુક્ત જીવને કર્મનો બંધ થાય છે. ॥૧॥

चारित्रैश्वर्यापहारतोऽसारीक्रियते एभिरात्मेति दण्डाः द्रव्यभावभेदभिन्नाः, भावदण्डैरिहाधिकारः, तैर्हेतुभूतैर्योऽतिचारः, भेदेन दर्शयति–मनोदण्डेन वाग्दण्डेन कायदण्डेन, मनःप्रभृतिभिश्च दुष्प्रयुक्तैर्दण्ड्यते आत्मेति, अत्र चोदाहरणानि–तत्थ मणदंडे उदाहरणं–कोंकणगखमणओ, सो उड्डजाणू अहोसिरो चिंतिंतो अच्छइ, साहूणो अहो खंतो सुहज्झाणोवगओत्ति वंदंति, चिरेण संलावं देउमारद्धो, साहूहिं पुच्छिओ, भणइ–खरो वाओ वायति, जइ ते मम पुत्ता संपयं वल्लराणि पलीविज्जा तो तेसिं वरिसारत्ते सरसाए भूमीए सुबहू सालिसंपया होज्जा, एवं चिंतियं मे, आयरिएण वारिओ ठिओ, तो एवमाइ जं असुहं मणेण चिंतेइ सो मणदंडो ॥१॥ वइदंडे उदाहरणं–साहू सण्णाभूमीओ आगओ, अविहीए आलोएइ–जहा सूयरवंदं दिट्ठंति,

ત્રણ દંડોના કારણે જે મારાદ્વારા દૈવસિક અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. જેનાવડે આત્મા ચારિત્રરૂપ ઐશ્વર્યને દૂર કરવા દ્વારા અસારરૂપે કરાય છે. (અર્થાત્ આત્માના ચારિત્રરૂપ ઐશ્વર્યને ચોરી લઈને જે આત્માને તદ્દન અસાર કરે છે) તે દંડ કહેવાય છે. તે દંડ દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે. અહીં ભાવદંડની વાત છે. તે કારણભૂત એવા ભાવદંડોને કારણે જે અતિચાર (સેવાયો તેનું...), તે ભાવદંડોના જ ભેદો જણાવે છે – મનદંડ, વચનદંડ અને કાયદંડ. દુષ્પ્રયુક્ત=ખોટી રીતે પ્રયોગ કરાયેલા એવા આ મનાદિના કારણે આત્મા દંડાય છે. આ વિષયમાં ઉદાહરણો આ પ્રમાણે છે. તેમાં પ્રથમ મનદંડમાં ઉદાહરણ →

કોંકણગદેશનો એક સાધુ જાનુ ઉપર અને મસ્તક નીચે એટલે કે શીર્ષાસનમાં રહીને મનમાં કંઈક વિચારી રહ્યો હોય છે. આ જોઈને અન્ય સાધુઓ "અહો ! આ સ્થવિર કેવું શુભ ધ્યાન કરી રહ્યો છે." એમ વિચારી તેને વંદન કરે છે. (અને કંઈક પ્રત્યુત્તર આપે એવી આશાથી સાધુઓ ત્યાં જ ઊભા રહે છે.) ઘણી વાર સુધી શીર્ષાસનમાં રહીને પછી તે સ્થવિર સાધુઓ સાથે વાતચીત કરવા લાગે છે.

સાધુઓએ વૃદ્ધને પૂછ્યું (– તમે શેનું ધ્યાન કરતા હતા ?) વૃદ્ધે કહ્યું – "અત્યારે કર્કશ પવન ફૂંકાઈ રહ્યો છે. તેથી જો મારા પુત્રો અત્યારે ખેતીમાં ઉગેલા ઘાસ વિગેરેને બાળી નાંખશે તો તેઓને વર્ષાકાળમાં રસકસવાળી તે જમીનમાં ઘણો સારો એવો ચોખાનો પાક થશે. આ પ્રમાણે હું વિચારી રહ્યો હતો." (આ વાત સાધુઓએ આચાર્યને કહી.) તેથી આચાર્યે તે વૃદ્ધ સાધુને આવું ચિંતન સાધુથી કરાય નહીં એ પ્રમાણે સમજાવ્યો જેથી તે વૃદ્ધ આવા ચિંતનને બીજી વાર કરતા અટક્યો. આ પ્રમાણેનું મનથી જે અશુભ ચિંતન કરે છે તે મનદંડ કહેવાય છે. ॥૧॥

(૨) વચનદંડમાં ઉદાહરણ → એક સાધુ સંજ્ઞાભૂમિથી પાછો ઉપાશ્રયે આવ્યો. આવીને

२. तत्र मनोदण्डे उदाहरणं-कोङ्कणकक्षपकः, स ऊर्ध्वजानुरधःशिराश्चिन्तयन् तिष्ठति, साधवः अहो वृद्धः शुभध्यानोपगत इति वन्दन्ते, चिरेण संलापं दातुमारब्धः, साधुभिः पृष्टः, भणति-खरो वातो वाति, यदि ते मम पुत्राः साम्प्रतं तृणादीनि प्रदीपयेयुः तदा तेषां वर्षारात्रे सरसायां भूमौ सुबह्वी शालीसंपत् भवेत्, एवं चिन्तितं मया, आचार्येण वारितः स्थितः, तदेवमादि यदशुभं मनसा चिन्तयति स मनोदण्डः ॥१॥ वाग्दण्डे उदाहरणं-साधुः संज्ञाभूमेरागतः, अविधिनाऽऽलोचयति-यथा शूकरवृन्दं दृष्टमिति,

[3]पुरिसेहिं गंतुं मारियं ॥२॥ इयाणिं कायदंडे उदाहरणं–चंडरुद्दो आयरिओ उज्जेणिं बाहिरगामाओ अणुजाणपेक्खओ आगओ, सो य अईव रोसणो, तत्थ समोसरणे गणियाघरविहेडिओ जाइकुलाइसंपण्णो इब्भदारओ सेहो उवट्ठिओ, तत्थ अण्णेहिं असद्दहंतेहिं चंडरुद्दस्स पासं पेसिओ, कलिणा कलि घस्सउत्ति, सो तस्स उवट्ठिओ, तेण सो ताहे चेव लोयं काउं पव्वाविओ, पच्चूसे गामं वच्चंताणं पुरओ सेहो पिट्ठओ चंडरुद्दो, आवडिओ रुट्ठो सेहं दंडेण मत्थए हणइ, कहं ते पत्थरो ण दिट्ठोत्ति ?, सेहो सम्मं सहइ, आवस्सयवेलाए रुहिरावलित्तो दिट्ठो, चंडरुद्दस्स तं पासिऊण मिच्छा मि दुक्कडत्ति वेरग्गेण केवलणाणं उप्पण्णं, सेहस्सवि

આચાર્ય પાસે અવિધિથી (એટલે કે દશવૈકાલિકના સાતમાં અધ્યયનમાં - सुकडित्ति सुपक्कित्ति सुच्छिन्ने सुहडे मडे.... વિગેરે ગાથાદ્વારા જે રીતે સાવદ્યભાષા બોલવાનો નિષેધ કર્યો છે તેવા પ્રકારની સીધેસીધી સાવદ્યભાષા બોલવી તે અવિધિ છે. બોલવું જ પડે તો અપવાદથી पयत्तपक्केत्ति पक्कमालवे..... વિગેરે ગાથામાં કહ્યું તે રીતે આડકતરી રીતે બોલે.) આલોચના કરે છે કે મેં ત્યાં ડૂક્કરોના સમૂહને જોયો. (એ જ સમયે બાજુમાંથી પસાર થતાં શિકારીઓએ આ વાત સાંભળી.) તેથી તે પુરુષોએ જઈને તે સમૂહને મારી નાંખ્યું. (આ રીતની સાવદ્ય ભાષા તે વચનદંડ કહેવાય છે.)

(૩) હવે કાયદંડમાં ઉદાહરણ કહે છે → ચંડરૂદ્રનામના આચાર્ય એકવાર [ii]રથયાત્રા જોવા માટે બહારગામથી ઉજ્જયિનીમાં આવ્યા. તે આચાર્ય અત્યંત ક્રોધી હતા. (તે રથયાત્રા દરમિયાન ઘણા બધા સાધુઓ ભેગા થયા હતા જેને સમવસરણ કહેવાય છે.) તે સમોવસરણમાં વૈશ્યાના ઘરમાંથી નીકળેલો જાતિ-કુલથી યુક્ત એક શ્રેષ્ઠિનો દીકરો દીક્ષા માટે ઉપસ્થિત થયો. બીજા સાધુઓને તેની ઉપર શ્રદ્ધા ન થતાં તેઓએ તેને ચંડરૂદ્રાચાર્ય પાસે મોકલ્યો – સરખાને સરખો પહોંચી શકે માટે.

તે મુમુક્ષુ ચંડરૂદ્રાચાર્ય પાસે ઉપસ્થિત થયો. આચાર્યે તેનો તે જ સમયે લોચ કરીને દીક્ષા આપી. બીજા દિવસે સવારે ગામ તરફ જતા આગળ શૈક્ષ=નૂતનમુનિ અને પાછળ ચંડરૂદ્રાચાર્ય ચાલે છે. પથ્થર સાથે અથડાતા આચાર્ય પડ્યા એટલે ગુસ્સે થયેલા ગુરુ શિષ્યને દંડવડે મસ્તક ઉપર મારે છે – "તે પથ્થર શા માટે જોયો નહીં ?" શિષ્ય સમ્યગ્ રીતે સહન કરે છે. પ્રતિક્રમણવેલાએ ગુરુએ શિષ્યનું લોહીથી યુક્ત મસ્તક જોયું.

લોહીથી યુક્ત મસ્તકને જોઈને ચંડરૂદ્રાચાર્ય મિચ્છા મિ દુક્કડં માંગે છે અને વૈરાગ્ય થવાથી

३. पुरुषैर्गत्त्वा मारितं ॥२॥ इदानीं कायदण्डे उदाहरणम्-चण्डरुद्र आचार्यः उज्जयिनीं बहिर्ग्रामादनुयानप्रेक्षक आगतः, स चातीव रोषणः, तत्र समवसरणे गणिकागृहविनिर्गतो जातिकुलादिसंपन्न इभ्यदारकः शैक्ष उपस्थितः, तत्रान्यैरश्रद्दधद्भिश्चण्डरुद्रस्य पार्श्वं प्रेषितः, कलिना घृष्यतां कलिरिति, स तस्योपस्थितः, तेन स तदैव लोचं कृत्वा प्रव्राजितः, प्रत्यूषे ग्रामं व्रजतोः पुरतः शैक्षकः पृष्ठतश्चण्डरुद्रः, आपतितो रुष्टः शिष्यं दण्डेन मस्तके हन्ति, कथं त्वया प्रस्तरो न दृष्ट इति ?, शैक्षः सम्यक् सहते, आवश्यकवेलायां रुधिरावलिप्तो दृष्टः, चण्डरुद्रस्य तद्दृष्ट्वा मिथ्या मे दुष्कृतमिति वैराग्येण केवलज्ञानमुत्पन्नं, शैक्षस्यापि

कालेण केवलणाणमुप्पण्णं ॥३॥ 'पडिक्कमामि तिहिं गुत्तीहिं–मणगुत्तीए वयगुत्तीए कायगुत्तीए' प्रतिक्रामामि तिसृभिर्गुप्तिभिः करणभूताभिर्योऽतिचारः कृत इति, तद्यथा–मनोगुप्त्या वाग्गुप्त्या कायगुप्त्या, गुप्तीनां च करणता अतिचारं प्रति प्रतिषिद्धकरणकृत्याकरणाश्रद्धानविपरीतप्ररूपणादिना प्रकारेण, शब्दार्थस्त्वासां सामायिकवद् द्रष्टव्यः, यथासङ्ख्यमुदाहरणानि– मणगुत्तीए तहियं जिणदासो सावओ सेट्ठिसुओ । सो सव्वराइपडिमं पडिवण्णो जाणसालाए ॥१॥ भज्जुब्भामिगपल्लंक घेत्तुं खीलजुत्तमागया तत्थ । तस्सेव पायमुवरिं मंचगपायं ठवेऊणं ॥२॥ अणायारमायरंती पाओ विद्धो य मंचकीलेणं । सो ता महई वेदण अहियासेई तहिं सम्मं ॥३॥ ण य मणदुक्कडमुप्पण्णं तस्सज्झाणंमि निच्चलमणस्स । दट्ठुणवि विलीयं इय मणगुत्ती करेयव्वा ॥४॥ वइगुत्तीए साहू सण्णातगपल्लिगच्छए दट्ठुं । चोरग्गह सेणावइविमोइओ

---

આચાર્યને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. શિષ્યને પણ થોડા સમય પછી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ॥૩॥

**पडिक्कमामि तिहिं गुत्तीहिं** કરણભૂત એવી આ ત્રણ ગુપ્તિઓના કારણે જે અતિચાર સેવાયો છે તેનું પ્રતિક્રમણ કરું છું. તે ત્રણ ગુપ્તિઓ આ પ્રમાણે છે – મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ. (શંકા : ગુપ્તિ તો સંવરરૂપ છે, તેનાથી અતિચાર કઈ રીતે લાગે ? ) આ ત્રણ ગુપ્તિઓના વિષયમાં પ્રતિષિદ્ધનું કરણ, કર્તવ્યનું અકરણ, અશ્રદ્ધા, વિપરીતપ્રરૂપણા વિગેરેદ્વારા અતિચાર લાગે છે. (અર્થાત્ ત્રણ ગુપ્તિઓના વિષયમાં પ્રતિષિદ્ધનું આચરણ વિગેરે કરીએ તો અતિચાર લાગે છે.) આ ત્રણે ગુપ્તિઓના શબ્દાર્થ સામાયિકાધ્યયનમાં કહ્યા પ્રમાણે જાણવા.

ક્રમશઃ આ ત્રણેના ઉદાહરણોમાં (૧) પ્રથમ મનગુપ્તિને વિશે → જિનદાસનામે શ્રેષ્ઠિનો પુત્ર શ્રાવક હતો. તે એકવાર યાનશાળામાં સંપૂર્ણ રાત્રિ પ્રતિમાને=અભિગ્રહવિશેષને સ્વીકારીને રહ્યો. તેની વ્યભિચારિણી પત્ની ખીલાથી યુક્ત એવા પલંગને લઈને ત્યાં આવી. (જિનદાસ ત્યાં ઊભો છે એવું આ પત્નીને ખબર ન હોવાથી જ્યાં જિનદાસ ઊભો છે ત્યાં જ) તેના પગ ઉપર પલંગનો એક પાયો આવે એક રીતે પલંગને મૂકીને જાર પુરુષ સાથે તે સ્ત્રી અનાચાર સેવવા લાગી. પલંગના ખીલાના કારણે જિનદાસનો પગ વીંધાયો.

ત્યાં તે જિનદાસ પગ વીંધાવાથી ઉત્પન્ન થયેલ મોટી વેદનાને સમ્યગ્ રીતે સહન કરે છે. ધ્યાનમાં એકાગ્રમનવાળા તે જિનદાસને આવા પ્રકારના અનાચારને જોઈને પણ મનમાં કોઈ અશુભભાવ ઉત્પન્ન થયો નહીં. આ પ્રમાણે મનની ગુપ્તિ કરવા યોગ્ય છે.

(૨) વચનગુપ્તિનું ઉદાહરણ → પોતાના સગાવ્હાલાના સ્થાને મળવા જતા એક સાધુને જોઈને ચોરોએ તેને પકડ્યો. (પરંતુ સાધુ પાસે કંઈ ન હોવાથી) સેનાપતિએ તેને છોડી મૂક્યો

---

४. कालेन केवलज्ञानमुत्पन्नं । ५. मनोगुप्तौ तत्र जिनदासः श्रावकः श्रेष्ठिसुतः । स सर्वरात्रिकीप्रतिमां प्रतिपन्नो यानशालायाम् ॥१॥ भार्या उद्भ्रामिका पल्यङ्कं गृहीत्वा कीलकयुक्तमायाता तत्र । तस्यैव पादस्योपरि मञ्चकपादं स्थापयित्वा ॥२॥ अनाचारमाचरन्ती पादो विद्धश्च मञ्चकीलकेन । स तावत् महतीं वेदनामध्यासयति तत्र सम्यक् ॥३॥ न च मनोदुष्कृतमुत्पन्नं तस्य ध्याने निश्चलमनसः । दृष्ट्वापि व्यलीकं एवं मनोगुप्तिः कर्त्तव्या ॥४॥ वाग्गुप्तौ साधुं संज्ञातीयपल्लीं गच्छन्तं दृष्ट्वा । चौरग्रहः सेनापतिना विमोचितो

[६]भणइ मा साह ॥१॥ चलिया य जण्णजत्ता सण्णायग मिलिय अंतरा चेव । मायपियभायमाई सोवि णियत्तो समं तेहिं ॥२॥ तेणेहि गहिय मुसिया दिट्ठो ते बिंति सो इमो साहू । अम्हेहि गहियमुक्को तो बेंती अम्मगा तस्स ॥३॥ तुम्हेहिं गहियमुक्को ? आमं आणेह बेइ तो छुरियं । जा छिंदामि थणंती किंति सेणावई भणइ ॥४॥ दुज्जम्मजात एसो दिट्ठा तुम्हे तहावि णवि सिट्ठं । किह पुत्तोत्ति अह मम ? किह णवि सिट्ठंति ? धम्मकहा ॥५॥ आउट्टो उवसंतो मुक्का मज्झंपि तंसि मायत्ति । सव्वं समप्पियं से वइगुत्ती एव कायव्वा ॥६॥

અને કહ્યું કે (અમે અહીં છૂપાયા છીએ એવું) તારે કોઈને કહેવું નહીં. આ બાજુ કોઈના લગ્નની જાનમાં નીકળેલા માતા-પિતા-ભાઈ વિગેરે સ્વજનો સાધુને રસ્તામાં જ મળી ગયા. તેથી તે પણ માતા-પિતા વિગેરે સાથે પાછો ફર્યો. (પાછા ફરતા સાધુએ સ્વજનોને કહ્યું નહીં કે તમે આગળ જે રસ્તે જઈ રહ્યા છો તે રસ્તે ચોરો છૂપાયા છે.)

એટલે લગ્નની જાન આગળ વધતા ચોરોએ તે જાનમાં આવેલા સ્વજનો સહિત બધાને પકડ્યા અને લૂંટી લીધા. તેમાં એક ચોર સાધુને જોઈને બોલ્યો – "અરે ! આ તો તે જ સાધુડો છે જે આ રસ્તેથી પસાર થતો હતો ત્યારે આપણે પકડ્યો હતો. અને પછી છોડી મૂક્યો હતો." ચોરની આ વાત સાંભળીને સાધુની જે માતા હતી તે ચોરોને પૂછે છે કે "તમે આને પકડીને છોડ્યો હતો ?" ચોરોએ હા પાડી. ત્યારે માતાએ કહ્યું – તો પછી છરી લાવો જેથી હું મારા સ્તનોને છેદી નાખું (અર્થાત્ આ સ્તનોનું દૂધ પીને આ મોટો થયો છે. તેથી આમાં આ સ્તનોનો જ અપરાધ છે કે આવા કુપુત્રને દૂધ પીવડાવ્યું. તેથી આ સ્તનોને જ છેદી નાખું. અહીં – तो छुरियं आणेह इति अम्मा बेइ એ પ્રમાણે અન્વય કરવો.)

સેનાપતિએ પૂછ્યું – "હે સ્ત્રી ! આ તારો કોણ છે ? (અર્થાત્ આ સાધુ સાથે તારો શું સંબંધ છે ?)" માતાએ કહ્યું – "દુષ્ટ એવા જન્મવડે ઉત્પન્ન થયેલો આ સાધુ છે (અર્થાત્ મારી કૂખે આનો જન્મ થયો તે ખૂબ જ ખોટું થયું કારણ કે) એણે તમને જોયા, છતાં અમને કહ્યું નહીં કે આગળ ચોરો છે. તેથી આ મારો પુત્ર જ કેવી રીતે કહેવાય ?" સેનાપતિએ સાધુને પૂછ્યું કે "કેમ તેં અમારી વાત ન કરી ?" ત્યારે સાધુએ ધર્મકથા શરૂ કરી.

ધર્મકથા સાંભળતા જ સેનાપતિ ચોરીના પરિણામથી અટકી ગયો. ઉપશાંત થયો. તું મારી પણ માતા છે એમ કહીને સાધુની માતાને છોડી મૂકી. અને તેના વિવાહને ઉચિત જે કોઈ ઉપકરણો ચોરોએ લીધા હતા, તે બધા પાછા આપ્યા. આ પ્રમાણે=પ્રસ્તુત સાધુની જેમ શેષ

६. भणति मा चीकथः ॥१॥ चलिताश्च यज्ञयात्रायै सज्ञातीया मिलिता अन्तरैव । मातापितृभ्रात्रादयः सोऽपि निवृत्तः समं तैः ॥२॥ स्तेनैर्गृहीता मुषिता दृष्टस्ते ब्रुवते सोऽयं साधुः । अस्माभिर्गृहीत्वा मुक्तस्तदा ब्रवीत्यम्बा तस्य ॥३॥ युष्माभिर्गृहीतमुक्तः ? ओम् आनयत ब्रूते ततः क्षुरिकाम् । यच्छिनद्मि स्तनमिति किमिति सेनापतिर्भणति ॥४॥ दुर्जन्मजात एष दृष्टा यूयं तथापि नैव शिष्टम् । कथं पुत्र इति अथ मम ?, कथं नैव शिष्टमिति ? धर्मकथा ॥५॥ आवृत्त उपशान्तो मुक्ता ममापि त्वमसि मातेति । सर्वं समर्पितं तस्या वचोगुप्तिरेवं कर्त्तव्या ॥६॥

काइयगुत्ताहरणं अद्धाणपवण्णगो जहा साहू । आवासियंमि सत्थे ण लहइ तहिं थंडिलं किंचि ॥१॥ लद्धं चऽणेण कहवी एगो पाओ जहिं पइट्ठाइ । तहियं ठिएगपओ सव्वं राइं तहिं थद्धो ॥२॥ ण ठविय किंचि अत्थंडिलंमि होयव्वमेव गुत्तेणं । सुमहब्भएवि अहवा साहु ण भिंदे गइं एगो ॥३॥ सक्कपसंसा अस्सद्दहाण देवागमो विउव्वइ य । मंडुक्कलिया साहू जयणा सो संकमे सणियं ॥४॥ हत्थी विउव्विओ जो आगच्छइ मग्गओ गुलगुलिंतो । ण य गइभेयं कुणई गएण हत्थेण उच्छूढो ॥५॥ बेइ पडंतो मिच्छा मि दुक्कडं जियविराहिया मेत्ति । ण य अप्पाणे चिंता देवो तुट्ठो णमंसइ य ॥६॥

---

સાધુઓએ પણ વચનગુપ્તિ કરવા યોગ્ય છે.

(૩) કાયગુપ્તિનું ઉદાહરણ → કોઈ સાધુ સાર્થની સાથે મોટા જંગલના વિહારમાં નીકળ્યો. આગળ જતાં જ્યાં સાર્થે પોતાનો પડાવ નાંખ્યો ત્યાં સાધુને રહેવા માટે કોઈ અચિત્તભૂમિ મળી નહીં. (ચારે બાજુ શોધખોળ કરતા) સાધુને કોઈ પણ રીતે માત્ર એક પગ મૂકી શકે એટલી અચિત્તભૂમિ પ્રાપ્ત થઈ. એક પગ ઉપર ઊભા રહીને તે સાધુએ આખી રાત પસાર કરી. આખી રાત એક જ પગ ઉપર ઊભા રહેવાથી સાધુનો તે પગ જડ બની ગયો, પરંતુ કોઈ સચિત્તભૂમિ ઉપર પગ મૂક્યો નહીં. આ પ્રમાણે અન્ય સાધુઓએ પણ કાયગુપ્તિનું પાલન કરવું જોઈએ.

અથવા મોટો ભય ઉત્પન્ન થવા છતાં પણ જેમ એક સાધુએ ગતિભેદ ન કર્યો અર્થાત્ સચિત્તભૂમિ ઉપર ન ચાલ્યો. તે રીતે કાયગુપ્તિનું પાલન કરવું જોઈએ. (આ જ દૃષ્ટાન્તને હવે બતાવે છે કે - કોઈ એક સાધુની કાયગુપ્તિનું પાલન જોઈને) ઇન્દ્રે દેવસભામાં તેની પ્રશંસા કરી. તેમાં એક દેવને શ્રદ્ધા ન બેસતા તે આ સાધુની પરીક્ષા કરવા આવ્યો. સાધુ જે માર્ગમાં પસાર થઈ રહ્યો હતો. તે માર્ગમાં ચારે બાજુ પુષ્કળ પ્રમાણમાં દેડકીઓ વિકુર્વી. તેથી સાધુ કોઈ દેડકી ઉપર પોતાનો પગ ન આવી જાય તે માટે ધીમે ધીમે જયણા પૂર્વક આગળ વધે છે.

ત્યાર પછી દેવે હાથી વિકુર્વ્યો કે જે ડોલતો-ડોલતો તે જ માર્ગમાં સામેથી આવે છે. સામેથી હાથી ચાલતો આવી રહ્યો હોવા છતાં તે સાધુ તે અચિત્તમાર્ગને છોડીને આજુ-બાજુ રહેલી સચિત્તભૂમિ ઉપર જઈને હાથીને જવા માટે રસ્તો આપ્યો નહીં. તેથી હાથીએ પોતાની સૂંઢમાં તે સાધુને ઊંચકીને ઊંચે ઉછાળ્યો. ત્યારે નીચે પડતો તે સાધુ 'જીવોની મારાદ્વારા વિરાધના થશે' એમ વિચારી મિચ્છા મિ દુક્કડં કહે છે, પરંતુ પોતાની ચિંતા કરતો નથી. આ જોઈને દેવ ખુશ થાય છે અને તે સાધુને નમસ્કાર કરે છે.

---

७. कायिकगुप्त्याहरणं अध्वप्रपन्नको यथा साधुः । आवासिते सार्थे न लभते तत्र स्थण्डिलं किञ्चित् ॥१॥ लब्धं चानेन कथमपि एकः पादो यत्र प्रतिष्ठति । तत्र स्थितैकपादः सर्वां रात्रिं तत्र स्तब्धः ( स्थितः ) ॥२॥ न स्थापितं किञ्चिदस्थण्डिले भवितव्यमेवं गुप्तेन । सुमहाभयेऽप्यथवा साधुर्न भिनत्ति गतिमेकः ॥३॥ शक्रप्रशंसा अश्रद्धानं देवागमो विकुर्वति च । मण्डूकिकाः साधुर्यतनया स संक्रामति शनैः ॥४॥ हस्ती विकुर्वितो य आगच्छति पृष्ठतो गुलगुलायमानः । न च गतिभेदं करोति गजेन हस्तेनोत्क्षिप्तः ॥५॥ ब्रूते पतन् मिथ्या मे दुष्कृतं जीवा विराद्धा मयेति । न चात्मनि चिन्ता देवस्तुष्टो नमस्यति च ॥६॥

पडिक्कमामि तिहिं सल्लेहिं—मायासल्लेणं नियाणसल्लेणं मिच्छादंसणसल्लेणं । पडिक्कमामि तिहिं गारवेहिं—इड्ढीगारवेणं रसगारवेणं सायागारवेणं । पडिक्कमामि तिहिं विराहणाहिं—णाणविराहणाए दंसणविराहणाए चरित्तविराहणाए । पडिक्कमामि चउहिं कसाएहिं—कोहकसाएणं माणकसाएणं मायाकसाएणं लोहकसाएणं । पडिक्कमामि चउहिं सण्णाहिं—आहारसण्णाए भयसण्णाए मेहुणसण्णाए परिग्गहसण्णाए । पडिक्कमामि चउहिं विकहाहिं—इत्थिकहाए भत्तकहाए देसकहाए रायकहाए । पडिक्कमामि चउहिं झाणेहिं—अट्टेणं झाणेणं रुद्देणं० धम्मेणं० सुक्केणं० ।

प्रतिक्रामामि त्रिभिः शल्यैः करणभूतैर्योऽतिचारः कृतः, तद्यथा—मायाशल्येन निदानशल्येन मिथ्यादर्शनशल्येन, शल्यतेऽनेनेति शल्यं—द्रव्यभावभेदभिन्नं, द्रव्यशल्यं कण्टकादि, भावशल्यमिदमेव, माया—निकृतिः सैव शल्यं मायाशल्यम्, इयं भावना—यो यदाऽतिचारमासाद्य मायया नालोचयत्यन्यथा वा निवेदयत्यभ्याख्यानं वा यच्छति तदा सैव शल्यमशुभकर्मबन्धनेनात्मशल्यनात् तेन, निदानं—दिव्यमानुषर्द्धिसंदर्शनश्रवणाभ्यां तदभिलाषानुष्ठानं तदेव शल्यमधि-

---

સૂત્રાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- કરણભૂત એવા ત્રણ શલ્યોના કારણે જે અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું – (કયાં ત્રણ શલ્યોના કારણે ?–) તે આ પ્રમાણે – માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્યના કારણે. જેનાવડે જીવ વીંધાય=ભોંકાય છે એટલે કે પીડાય છે તે શલ્ય. તે શલ્ય દ્રવ્ય-ભાવભેદથી બે પ્રકારે છે. તેમાં કાંટા વિગેરે દ્રવ્યશલ્ય છે અને ભાવશલ્ય તરીકે આ જ એટલે કે માયાદિશલ્યો જાણવા.

માયા એટલે કપટ. તે જ શલ્ય તે માયાશલ્ય. આશય એ છે કે જે સાધુ અતિચારને સેવ્યા પછી જ્યારે માયાથી તેની આલોચના=ગુરુને નિવેદન કરતો નથી અથવા ખોટી રીતે કરે છે અથવા બીજા ઉપર આળ ચઢાવે છે ત્યારે તે સાધુની તે માયા જ શલ્ય તરીકેનું કામ કરે છે અર્થાત્ તે માયા જ શલ્યરૂપે બને છે, કારણ કે આ માયાથી તે જીવને અશુભ કર્મબંધ થાય છે અને તે કર્મબંધ થવાથી જીવ વીંધાય છે=રીબાય છે. (આ રીતે માયાશલ્ય શબ્દનો અર્થ કહ્યો. હવે મૂળમાં આ શબ્દ તૃતીયા વિભક્તિમાં હોવાથી આ શબ્દને અહીં પણ તૃતીયાવિભક્તિ જણાવવા કહે છે –) તેનાવડે એટલે કે માયાશલ્યના કારણે (જે અતિચાર....)

દેવ કે મનુષ્યસંબંધી ઋદ્ધિને જોવાથી કે સાંભળવાથી તે ઋદ્ધિને પ્રાપ્ત કરવા માટેની ઇચ્છાથી થતું અનુષ્ઠાન તે નિદાન. (નિદાનની આ વ્યાખ્યા પણ કારણમાં કાર્યના ઉપચારથી જાણવી. વાસ્તવિક વ્યાખ્યા ચૂર્ણિકાર કરે છે – આવી ઇચ્છાપૂર્વકના અનુષ્ઠાનની આલોચના કર્યા વિનાના સાધુને પરભવમાં નિશ્ચિત ઉદયવાળો જે કર્મબંધ થાય તે નિદાન જાણવું.) આવા પ્રકારના નિદાનથી હિંસાની અનુમોદના (=તે દેવ કે મનુષ્ય આવા પ્રકારની ઋદ્ધિ પામવા માટે જે હિંસા ભૂતકાળમાં કરી અને ઋદ્ધિ પામ્યા બાદ જે કોઈ હિંસા આચરી રહ્યો છે તે હિંસાની

करणानुमोदनेनात्मशल्यनात् तेन, मिथ्या–विपरीतं दर्शनं मिथ्यादर्शनं मोहकर्मोदयजमित्यर्थः, तदेव शल्यं तत्प्रत्ययकर्मादानेनात्मशल्यनात्, तत्पुनरभिनिवेशमतिभेदान्यसंस्तवोपाधितो भवति, इह चोदाहरणानि–मायाशल्ये रुद्रो वक्ष्यमाणः पण्डुरार्या चोक्ता, निदानशल्ये ब्रह्मदत्तकथानकं यथा तच्चरिते, मिथ्यादर्शनशल्ये गोष्ठामाहिलजमालिभिक्षूपचरकश्रावका अभिनिवेशमतिभेदान्यसंस्तवेभ्यो मिथ्यात्वमुपगताः, तत्र गोष्ठामाहिलजमालिकथानकद्वयं सामायिके उक्तं, भिक्षूपचरकश्रावककथानकं तूपरिष्टाद्वक्ष्यामः ॥

'पडिक्कमामि तिहिं गारवेहिं–इड्ढीगारवेणं ३', प्रतिक्रामामि त्रिभिर्गौरवैः करणभूतैर्योऽतिचारः कृतः, तद्यथा–ऋद्धिगौरवेण रसगौरवेण सातगौरवेण, तत्र गुरोर्भावो गौरवं, तच्च द्रव्यभावभेदभिन्नं, द्रव्यगौरवं वज्रादेः भावगौरवमभिमानलोभाभ्यामात्मनोऽशुभभावगौरवं संसारचक्रवालपरिभ्रमणहेतुः कर्मनिदानमिति भावार्थः, तत्र ऋद्ध्या–नरेन्द्रादिपूज्याचार्यादित्वाभिलाषलक्षणया गौरवं–ऋद्धिप्राप्त्यभिमानाप्राप्तिसम्प्रार्थनद्वारेणाऽऽत्मनोऽशुभभावगौरवमित्यर्थः, एवं

---

અનુમોદના) થવા દ્વારા આત્મા પરભવમાં પીડાતો હોવાથી આ નિદાન એ શલ્યરૂપ બને છે. તેનાવડે=નિદાનશલ્યના કારણે.

વિપરીત એવું જે દર્શન તે મિથ્યાદર્શન અર્થાત્ મોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલું એવું જે દર્શન તે મિથ્યાદર્શન. આવા પ્રકારના મિથ્યાદર્શનથી થતાં કર્મબંધવડે આત્મા પીડાતો હોવાથી તે શલ્યરૂપ જાણવું. તેનાવડે=મિથ્યાદર્શનના કારણે. આ મિથ્યાદર્શન અભિનિવેશ, મતિભેદ=વિચારભેદ અને બીજાની પ્રશંસારૂપ ઉપાધિથી ઉત્પન્ન થાય છે. અહીં ઉદાહરણો આ પ્રમાણે જાણવા – માયાશલ્ય ઉપર રુદ્રનું દૃષ્ટાન્ત કે જે આગળ કહેવાશે અને પંડુરાર્યાનું દૃષ્ટાન્ત કે જે પૂર્વે (ભા. ૪, પૃ. ૬૨માં) કહેવાઈ ગયું છે.

નિદાનશલ્યમાં બ્રહ્મદત્તનું કથાનક જાણવું કે જે પૂર્વે તેના ચરિત્રમાં કહેવાઈ ગયું છે. મિથ્યાદર્શનશલ્યમાં ગોષ્ઠામાહિલ, જમાલિ અને ભિક્ષુનો સેવક એવો શ્રાવક આ ત્રણના દૃષ્ટાન્ત જાણવા. આ ત્રણે ક્રમશઃ અભિનિવેશ, મતિભેદ અને અન્યસંસ્તવથી મિથ્યાત્વને પામ્યા. તેમાં ગોષ્ઠામાહિલ અને જમાલિ આ બંનેના કથાનકો પૂર્વે સામાયિકાધ્યયનમાં (ભાગ-૩માં) કહેવાઈ ગયા છે. ભિક્ષુના સેવક એવા શ્રાવકનું કથાનક આગળ કહેવાશે.

**'पडिक्कमामि तिहिं गारवेहिं'** કરણભૂત એવા ત્રણ ગૌરવ એટલે કે ઋદ્ધિગૌરવ, રસગૌરવ અને શાતગૌરવના કારણે જે અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તેમાં ગૌરવ એટલે ગુરુપણું, અને તે દ્રવ્ય-ભાવભેદથી બે પ્રકારે છે. તેમાં વજ વિગેરેનું ગુરુપણું એ દ્રવ્ય-ગૌરવ છે. અને અભિમાન તથા લોભવડે આત્માના અશુભભાવનું ગુરુપણું (અર્થાત્ અશુભભાવ) એ ભાવગૌરવ છે જે સંસારસમૂહમાં=ચારગતિના સમૂહમાં પરિભ્રમણનું કારણ એવા કર્મનું કારણ છે.

તેમાં ઋદ્ધિ એટલે નરેન્દ્રાદિથી=ચક્રવર્તિ વિગેરેથી (આદિથી દેવેન્દ્ર વિગેરેથી) પૂજ્ય એવા આચાર્યાદિપણાની ઇચ્છા. તે ઇચ્છારૂપ ઋદ્ધિવડે જે ગૌરવ તે ઋદ્ધિગૌરવ. તેમાં ઋદ્ધિની પ્રાપ્તિ થયા બાદ અભિમાન કરવા દ્વારા અથવા ઋદ્ધિની પ્રાપ્તિ થઈ ન હોય તો તેની પ્રાર્થના કરવાદ્વારા

रसेन गौरवम्–इष्टरसप्राप्त्यभिमानाप्राप्तिप्रार्थनद्वारेणाऽऽत्मनोऽशुभभावगौरवं तेन, सातं–सुखं तेन गौरवं सातप्राप्त्यभिमानाप्राप्तिप्रार्थनद्वारेणात्मनोऽशुभभावगौरवं तेन, इह च त्रिष्वप्युदाहरणं मङ्गुः–मथुराए अज्जमंगू आयरिया सुबहुसड्ढा तहियं च । इट्ठरसवत्थसयणासणाइ अहियं पयच्छंति ॥१॥ सो तिहिवि गारवेहिं पडिबद्धो अईव तत्थ कालगओ । महुराए निद्धमणे जक्खो य तहिं समुप्पण्णो ॥२॥ जक्खायतणअदूरेण तत्थ साहूण वच्चमाणाणं । सण्णाभूमिं ताहे अणुपविसइ जक्खपडिमाए ॥३॥ णिल्लालेउं जीहं णिप्फेडिऊण तं गवक्खेणं । दंसेइ एव बहुसो पुट्ठो य कयाइ साहूहिं ॥४॥ किमिदं ? तो सो वयई जीहादुट्ठो अहं तु सो मंगू । इत्थुववण्णो तम्हा तुब्भेवि एवं करे कोई ॥५॥ मा सोवि एवं होहिति जीहादोसेण

આત્મામાં અશુભભાવોનું જે ગુરુપણું તે ગૌરવ કહેવાય છે. આ જ પ્રમાણે રસવડે ગૌરવ તે રસગૌરવ, અર્થાત્ ઇચ્છિત એવા રસની પ્રાપ્તિ થતાં અભિમાન કરવાદ્વારા અથવા અપ્રાપ્તિ થતાં તેની પ્રાર્થનાદ્વારા આત્મામાં અશુભભાવોનું ગુરુપણું તે રસગૌરવ, તેના કારણે (જે અતિચાર...)

શાતા એટલે સુખ, તેનાવડે જે ગૌરવ તે શાતાગૌરવ, અર્થાત્ શાતાની પ્રાપ્તિનું અભિમાન અથવા અપ્રાપ્તની પ્રાર્થના કરવાદ્વારા આત્મામાં અશુભભાવોનું ગુરુપણું, તેના કારણે, (ઋદ્ધિગૌરવ વિગેરે ત્રણેમાં અશુભભાવો એ જ ગૌરવ તરીકે જાણવા.) આ ત્રણેમાં મંગુ-આચાર્યનું ઉદાહરણ જાણવું તે આ પ્રમાણે →

પૂજ્ય (अज्ज=પૂજ્ય) મંગુ-આચાર્ય વિચરતા વિચરતા મથુરાનગરીમાં પધાર્યા. ત્યાં ઘણા બધા શ્રાવકો હતા કે જેઓ આચાર્યની ભક્તિમાટે ઈષ્ટભોજન, વસ્ત્ર, શયન વિગેરે પુષ્કળ પ્રમાણમાં વહોરાવે છે. તે આચાર્ય ત્રણ પ્રકારના ગૌરવમાં અત્યંત આસક્ત થયેલા મૃત્યુ પામીને તે મથુરાનગરીના ખાળ (મોટી ગટર) પાસે યક્ષ તરીકે ઉત્પન્ન થયા. જ્યારે જ્યારે સાધુઓ સંજ્ઞાભૂમિ તરફ જતી વખતે આ યક્ષના મંદિર પાસેથી પસાર થાય ત્યારે આ યક્ષ યક્ષની પ્રતિમામાં પ્રવેશ કરે અને પોતાની જીભને મુખમાંથી બહાર કાઢીને ગવાક્ષમાંથી જીભને બહાર કાઢીને પસાર થતાં સાધુઓને પોતાની જીભ વારંવાર બતાવે છે.

વારંવાર આ રીતે તે યક્ષ જીભ બતાડતો હોવાથી એકવાર સાધુઓએ તે યક્ષને પૂછ્યું – "કેમ તમે આ રીતે જીભ કાઢીને બતાવો છો ?" ત્યારે યક્ષે કહ્યું – "હું તે તમારો ગુરુ મંગુ-આચાર્ય જીભના દોષથી દુષ્ટ થયેલો (=જીભમાં આસક્ત થયેલો) અહીં ખાળ પાસે યક્ષ તરીકે (=હલકા દેવ તરીકે) ઉત્પન્ન થયો છું. તેથી તમારામાંથી પણ જે કોઈ રસનેન્દ્રિયમાં આસક્ત થશે તો તે જીભના=રસનેન્દ્રિયના દોષથી મારી જેમ હલકા દેવ તરીકે ઉત્પન્ન ન થાય તે માટે

૮. मथुरायामार्यमङ्गव आचार्याः, सुबहवः श्राद्धास्तत्र च । इष्टरसवस्त्रशयनासनादि अधिकं प्रयच्छन्ति ॥१॥ स त्रिभिरपि गौरवैः प्रतिबद्धोऽतीव तत्र कालगतः । मथुरायां निर्धमने यक्षश्च तत्र समुत्पन्नः ॥२॥ यक्षायतनस्यादूरेण तत्र साधूनां व्रजताम् । संज्ञाभूमिं तदाऽनुप्रविश्य यक्षप्रतिमायाम् ॥३॥ निर्लाल्य जिह्वां निष्काश्य तां गवाक्षेण । दर्शयति एवं बहुशः पृष्टश्च कदाचित् साधुभिः ॥४॥ किमिदं ? तदा स वदति जिह्वादुष्टोऽहं तु स मङ्गुः । अत्रोपपन्नस्तस्माद्युष्माकमप्येवं कुर्यात्कोऽपि ॥५॥ मा सोऽप्येवं भविष्यति जिह्वादोषेण

जीहं दाएमि । दट्ठुण तयं साहू सुट्ठुतरमगारवा जाया ॥६॥

'पडिक्कमामि तिहिं विराहणाहिं—णाणविराहणाए ३', प्रतिक्रामामि तिसृभिर्विराधनाभिर्योऽतिचार इत्यादि पूर्ववत्, तद्यथा—ज्ञानविराधनयेत्यादि, तत्र विराधनं-कस्यचिद्वस्तुनः खण्डनं तदेव विराधना ज्ञानस्य विराधना ज्ञानविराधना-ज्ञानप्रत्यनीकतादिलक्षणा तया, उक्तं च—'णाणपडिणीय णिण्हव अच्चासायण तदंतरायं च । कुणमाणस्सऽइयारो णाणविसंवादजोगं च ॥१॥' तत्र प्रत्यनीकता पञ्चविधज्ञाननिन्दया, तद्यथा—आभिनिबोधिकज्ञानमशोभनं, यतस्तदवगतं कदाचित्तथा भवति कदाचिदन्यथेति, श्रुतज्ञानमपि शीलविकलस्याकिञ्चित्करत्वादशोभनमेव, अवधिज्ञानमप्यरूपिद्रव्यागोचरत्वादसाधु, मनःपर्यायज्ञानमपि मनुष्यलोकावधिपरिच्छिन्नगोचरत्वादशोभनं, केवलज्ञानमपि समयभेदेन दर्शनज्ञानप्रवृत्तेरेकसमयेऽकेवलत्वादशोभनमिति, निह्नवो-

---

હું જીભને બતાવું છું." આ પ્રમાણેની દશામાં પોતાના ગુરુને જોઈને તે સાધુઓ બહુ જ સારી રીતે ગૌરવરહિત થયા.

'पडिक्कमामि तिहिं विराहणाहिं' ત્રણ પ્રકારની વિરાધનાઓને કારણે મારાદ્વારા જે અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે ત્રણ વિરાધનાઓ આ પ્રમાણે જાણવી – જ્ઞાનની વિરાધનાને કારણે.... વિગેરે (મૂળસૂત્રપ્રમાણે જાણવું.) તેમાં કોઈક વસ્તુનું (=જ્ઞાનાદિવસ્તુનું) ખંડન તે વિરાધન. અને તે વિરાધન પોતે જ વિરાધના જાણવી. જ્ઞાનની વિરાધના તે જ્ઞાનવિરાધના (એ પ્રમાણે સમાસ જાણવો.) અર્થાત્ જ્ઞાનની શત્રુતા વિગેરે. તેના કારણે (જે અતિચાર...)

કહ્યું છે – "જ્ઞાનની શત્રુતા, છૂપાવવું, અત્યંતાશાતના, જ્ઞાનનો અંતરાય અને જ્ઞાનના વિસંવાદયોગને કરનાર સાધુ જ્ઞાનના અતિચારોને કરે છે." ॥૧॥ જ્ઞાનની શત્રુતા પંચવિધજ્ઞાનની નિંદાવડે જાણવી. તે આ પ્રમાણે – મતિજ્ઞાન એ બરાબર નથી, કારણ કે તેનાથી જણાયેલ વસ્તુ ક્યારેક તે પ્રમાણે હોય તો ક્યારેક બીજી રીતે હોય છે. (અર્થાત્ ક્યારેક સાચું પડે તો ક્યારેક ખોટું પણ પડે.)

શ્રુતજ્ઞાન પણ જો ચારિત્રરહિત હોય તો જીવને નકામું હોવાથી બરાબર નથી. (અર્થાત્ ચારિત્રરહિત જીવ પાસે ગમે તેટલું જ્ઞાન હોવા છતાં દુર્ગતિમાં જતા તે જીવને શ્રુતજ્ઞાન બચાવી શકતું ન હોવાથી બરાબર નથી.) અવધિજ્ઞાન પણ અરૂપીદ્રવ્યવિષયક ન હોવાથી (=અવધિજ્ઞાનમાં અરૂપીદ્રવ્યો દેખાતા ન હોવાથી) બરાબર નથી. મનઃપર્યવજ્ઞાન પણ સારું નથી કારણ કે અઢીદ્વીપનાં અવધિજ્ઞાનમાં જણાતી વસ્તુવિષયક છે. (આશય એ છે કે મનઃપર્યવજ્ઞાની જીવ મનઃપર્યવજ્ઞાનદ્વારા અઢીદ્વીપમાં રહેનારા જીવોના મનોગત ભાવોને જાણી શકે છે. આ જ મનોગતભાવોને જેને અઢીદ્વીપસંબંધી અવધિજ્ઞાન થયું હોય તે પોતાના અવધિજ્ઞાનથી જાણી શકે છે. આમ મનઃપર્યવજ્ઞાનમાં જણાતી વસ્તુ અવધિજ્ઞાનથી જણાઈ જતી હોવાથી મનઃપર્યવજ્ઞાન નકામું છે.) કેવલજ્ઞાન પણ પ્રથમ સમયે કેવલજ્ઞાન અને પછીના સમયે કેવલદર્શન - એ રીતે જ્ઞાન-દર્શન વારાફરતી થતું હોવાથી જે સમયે દર્શન છે તે સમયે જ્ઞાન ન હોવાથી અને જે સમયે જ્ઞાન થાય

---

१. जिह्वां दर्शयामि । दृष्ट्वा तकम् साधवः सुष्ठुतरमगौरवा जाताः ॥६॥

**व्यपलापः, अन्यसकाशेऽधीतमन्यं व्यपदिशति, अच्चासायणा–'[१०]काया वया य तेच्चिय ते चेव पमाय अप्पमाया य । मोक्खाहिगारिगाणं जोइसजोणीहि किं कज्जं ? ॥१॥' इत्यादि, अन्तरायं च सङ्खडास्वाध्यायिकादिभिः करोति, ज्ञानविसंवादयोगः अकालस्वाध्यायादिना, दर्शनं–सम्यग्-दर्शनं तस्य विराधना दर्शनविराधना तया, असावप्येवमेव पञ्चभेदा, तत्र दर्शनप्रत्यनीकता क्षायिकदर्शनिनोऽपि श्रेणिकादयो नरकमुपगता इति निन्दया, निह्नवः-दर्शनप्रभावनीयशास्त्रा-पेक्षया प्राग्वद् द्रष्टव्यः, अत्याशातना–किमेभिः कलहशास्त्रैरिति ?, अन्तरायं प्राग्वत्, दर्शन-विसंवादयोगः शङ्कादिना, चारित्रं प्राग्निरूपितशब्दार्थं तस्य विराधना चारित्रविराधना तया–व्रतादिखण्डनलक्षणया ॥**

---

તે સમયે દર્શન ન હોવાથી અકેવલ છે. અને માટે કેવલજ્ઞાન પણ શોભન નથી. (આ પ્રમાણે પાંચ જ્ઞાનની નિંદાવડે જ્ઞાનની શત્રુતા કરનારને જ્ઞાનની વિરાધનાનો દોષ લાગે છે.)

નિહ્નવ એટલે છૂપાવવું, અર્થાત્ અન્ય પાસે ભણ્યા હોય અને અન્યનું નામ આપવું. અતિ-આશાતના → જેમાં જુઓ તેમાં તે જ ષડ્જીવનિકાયની વાતો અને તે જ પાંચ-મહાવ્રતોની વાતો, તે જ પ્રમાદો અને તે જ અપ્રમાદો (કંઈ નવી વાતો તો આવતી જ નથી.) તથા મોક્ષ મેળવવા ઉદ્યમી બનેલા સાધુઓને જ્યોતિષશાસ્ત્રો કે યોનિપ્રાભૃત વિગેરે શાસ્ત્રોનું શું કામ છે ? (અર્થાત્ સૂર્યાદિની સંખ્યા વિગેરેની કે યોનિની સંખ્યા વિગેરેની જાણકારીની મોક્ષ મેળવવા નીકળેલા સાધુઓને ક્યાં જરૂર છે?) આવા પ્રકારના શબ્દો વિગેરે બોલવા, વિચારવા તે જ્ઞાનની અતિ-આશાતના છે.

અંતરાય → ભણતા સાધુઓ સાથે ઝગડો કરવો, તેઓ ભણી ન શકે તે માટે અસજ્ઝાય વિગેરે કરવાદ્વારા અંતરાય ઊભો કરવો. **જ્ઞાનવિસંવાદયોગ** → અકાલમાં સ્વાધ્યાય કરવા વિગેરેદ્વારા જ્ઞાન સાથે વિસંવાદનો=વિપરીતપણાનો યોગ કરવો તે જ્ઞાનવિસંવાદયોગ.

દર્શન એટલે સમ્યગ્દર્શન, તેની વિરાધના તે દર્શનવિરાધના, તેના કારણે. દર્શનવિરાધના પણ જ્ઞાનવિરાધનાની જેમ પાંચ પ્રકારે છે. તેમાં **દર્શનશત્રુતા** → ક્ષાયિકદર્શનવાળા એવા પણ શ્રેણિક વિગેરે નરકમાં ગયા છે. આવા પ્રકારની દર્શનની નિંદા કરવાવડે દર્શનશત્રુતા જાણવી. નિહ્નવ → દર્શનપ્રભાવક એવા સમતિતર્ક વિગેરે શાસ્ત્ર જેની પાસે ભણ્યા હોય તેનું નામ લેવાને બદલે અન્યનું નામ લેવું. એ દર્શનીનો અપલાપ (=નિહ્નવપણું) જાણવો. **અતિઆશાતના** → આવા કલહશાસ્ત્રોને ભણીને શું કામ છે ? (દર્શનપ્રભાવક શાસ્ત્રોમાં ઈતરદર્શનીઓના મતનું ખંડન કરેલ હોવાથી કલહશાસ્ત્ર કહ્યા છે.)

અંતરાય પૂર્વની જેમ જાણવો. શંકા વિગેરે દ્વારા **દર્શનવિસંવાદયોગ** જાણવો. જેના શબ્દનો અર્થ પૂર્વે કહેવાઈ ગયેલ છે એવા તે ચારિત્રની વિરાધના તે ચારિત્રવિરાધના (એ પ્રમાણે સમાસ જાણવો.) અર્થાત્ વ્રત વિગેરેના ખંડનસ્વરૂપ ચારિત્રવિરાધનાના કારણે (જે અતિચાર.... પૂર્વવત્.)

---

**१०. काया व्रतानि च तान्येव त एव प्रमादा अप्रमादाश्च । मोक्षाधिकारिणां ज्योतिर्योनिभिः किं कार्यम् ? ॥१॥**

पडिक्कमामि चउहिं कसाएहिं—कोहकसाएणं ४, प्रतिक्रामामि चतुर्भिः कषायैर्योऽतिचारः कृतः, तद्यथा—क्रोधकषायेण मानकषायेण मायाकषायेण लोभकषायेण, कषायस्वरूपं सोदाहरणं यथा नमस्कार इति ॥

पडिक्कमामि चउहिं सण्णाहिं-आहारसण्णाए ४, प्रतिक्रामामि चतसृभिः संज्ञाभिर्योऽतिचारः कृतः, तद्यथा—आहारसंज्ञयेत्यादि ४, तत्र संज्ञानं संज्ञा, सा पुनः सामान्येन क्षायोपशमिकी औदयिकी च, तत्राऽऽद्या ज्ञानावरणक्षयोपशमजा मतिभेदरूपा, न तयेहाधिकारः, द्वितीया सामान्येन चतुर्विधाऽऽहारसंज्ञादिलक्षणा, तत्राहारसंज्ञा—आहाराभिलाषः क्षुद्वेदनीयोदयप्रभवः खल्वात्मपरिणाम इत्यर्थः, सा पुनश्चतुर्भिः स्थानैः समुत्पद्यते, तद्यथा—'ओम[११]कोट्ठयाए १ छुहा-वेयणिज्जस्स कम्मस्सोदएणं २ मईए ३ तदट्ठोवजोगेणं' तत्र मतिराहारश्रवणादिभ्यो भवति, तदर्थोपयोग-स्त्वाहारमेवानवरतं चिन्तयतः, तयाऽऽहारसंज्ञया, भयसंज्ञा—भयाभिनिवेशः— भय-मोहोदयजो जीवपरिणाम एव, इयमपि चतुर्भिः स्थानैः समुत्पद्यते, तद्यथा—'[१२]हीणसत्तयाए १ भयमोहणिज्जोदएणं २ मइए ३ तयट्ठोवओगेणं' तया, मैथुनसंज्ञा—मैथुनाभिलाषः वेदमोहोदयजो

'पडिक्कमामि चउहिं कसाएहिं' ચાર પ્રકારના કષાયોને કારણે જે અતિચાર સેવાયો તેનું પ્રતિક્રમણ કરું છું. તે ચાર પ્રકારના કષાયો – ક્રોધ, માન, માયા અને લોભ. ઉદાહરણસહિત કષાયોનું સ્વરૂપ પૂર્વે નમસ્કારનિર્યુક્તિમાં (ગા.૯૧૮) જે રીતે કહ્યું છે તે રીતે જાણવું.

'पडिक्कमामि चउहिं सण्णाहिं' આહારસંજ્ઞા વિગેરે ચાર પ્રકારની સંજ્ઞાઓને કારણે જે અતિચાર સેવાયો છે તેનું પ્રતિક્રમણ કરું છું. આ સંજ્ઞા સામાન્યથી ક્ષાયોપશમિકી અને ઔદયિકી એમ બે પ્રકારે છે. તેમાં પ્રથમ ક્ષાયોપશમિકીસંજ્ઞા જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર મતિજ્ઞાનના એક ભેદસ્વરૂપ જાણવી. આ સંજ્ઞાનું અહીં પ્રયોજન નથી. બીજી જે ઔદયિકસંજ્ઞા છે, તે સામાન્યથી આહારસંજ્ઞા વિગેરેરૂપ ચાર પ્રકારની જાણવી.

તેમાં આહારસંજ્ઞા એટલે આહારની ઇચ્છા અર્થાત્ ક્ષુધાવેદનીયના ઉદયથી ઉત્પન્ન થતો આત્માનો પરિણામવિશેષ. આ આહારસંજ્ઞા ચાર કારણોથી ઉત્પન્ન થાય છે – (૧) પેટ ખાલી હોવાથી, (૨) ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી, (૩) બુદ્ધિથી, (૪) તદર્થમાં ઉપયોગ રાખવાથી. અહીં બુદ્ધિથી એટલે આહારનું શ્રવણ (અર્થાત્ આજે રસોડામાં આવી - આવી મીઠાઈ વિગેરે બન્યું છે એવું સાંભળવા) વિગેરેથી ખાવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. તથા સતત આહારના વિચાર કરનારને તદર્થમાં=આહાર કરવામાં જ ઉપયોગ હોવાથી આહારસંજ્ઞા ઉત્પન્ન થાય છે. તે આહારસંજ્ઞાના કારણે (જે અતિચાર...).

ભયસંજ્ઞા એટલે ભયનો અભિનિવેશ અર્થાત્ ભયમોહનીયકર્મના ઉદયથી ઉત્પન્ન થતો જીવપરિણામ જ. આ સંજ્ઞા પણ ચાર કારણોથી ઉત્પન્ન થાય છે. – (૧) હીનસત્ત્વ હોવાથી, (૨) ભયમોહનીયના ઉદયથી, (૩) બુદ્ધિથી (અર્થાત્ ભયજનક એવી વાતો સાંભળવા વિગેરેથી

११. अवमकोष्ठतया, क्षुधावेदनीयस्य कर्मण उदयेन, मत्या, तदर्थोपयोगेन । १२. हीनसत्त्वतया, भयमोहनीयोदयेन, मत्या, तदर्थोपयोगेन ।

जीवपरिणाम एव, इयमपि चतुर्भिः स्थानैः समुत्पद्यते, तद्यथा–'[13]चियमंससोणियत्ताए १ वेदमोहणिज्जोदएणं २ मईए ३ तयट्ठोवओगेणं ४' तया, तथा परिग्रहसंज्ञा–परिग्रहाभिलाषस्तीव्रलोभोदयप्रभव आत्मपरिणामः, इयमपि चतुर्भिः स्थानैरुत्पद्यते, तद्यथा–'[14]अविवित्तयाए १ लोहोदएणं २ मईए ३ तदट्ठोवओगेणं ४' तया ॥

पडिक्कमामि चउहिं विकहाहिं–इत्थिकहाए ४, प्रतिक्रामामि चतसृभिर्विकथाभिः करणभूताभिर्योऽतिचारः कृतः, तद्यथा–'स्त्रीकथये'ति विरुद्धा विनष्टा वा कथा विकथा, सा च स्त्रीकथादिलक्षणा, तत्र स्त्रीणां कथा स्त्रीकथा तया, सा चतुर्विधा–जातिकथा कुलकथा रूपकथा नेपथ्यकथा, तत्र जातिकथा ब्राह्मणीप्रभृतीनामन्यतमां प्रशंसति द्वेष्टि वा, कुलकथा उग्रादिकुलप्रसूतानामन्यतमां, रूपकथा अन्ध्रिप्रभृतीनामन्यतमाया रूपं प्रशंसति–'अन्ध्रीणां च

ભયની બુદ્ધિ ઉત્પન્ન થાય અને તેનાથી ભય ઉત્પન્ન થાય), (૪) સતત ભયની ચિંતા કરનારને ભયસંબંધી ઉપયોગથી. આ ભયસંજ્ઞાને કારણે (જે અતિચાર...)

મૈથુનસંજ્ઞા એટલે મૈથુનની ઇચ્છા, અર્થાત્ વેદમોહનીયના ઉદયથી ઉત્પન્ન થતો જીવપરિણામ જ. આ સંજ્ઞા પણ ચાર કારણોથી ઉત્પન્ન થાય છે – (૧) માંસ-લોહીની પુષ્ટિથી (અર્થાત્ હૃષ્ટપુષ્ટ શરીરના કારણે) (૨) વેદમોહનીયના ઉદયથી, (૩) બુદ્ધિથી, (૪) તદર્થમાં ઉપયોગથી. આ મૈથુનસંજ્ઞાને કારણે (જે અતિચાર.... .)

પરિગ્રહસંજ્ઞા એટલે પરિગ્રહની ઇચ્છા, અર્થાત્ તીવ્રલોભના ઉદયથી ઉત્પન્ન થતો જીવપરિણામ જ. આ સંજ્ઞા પણ ચાર સ્થાનોવડે=કારણોવડે ઉત્પન્ન થાય છે – (૧) અવિવેકથી (એટલે કે - જ્યારે જીવ ક્ષણભંગુર એવા ધન-સુવર્ણ-વિગેરેથી પોતાને જુદો માનવાને બદલે ધનાદિને પોતાનું માની બેસે છે ત્યારે તેના આ અવિવેકને કારણે તીવ્ર એવી પરિગ્રહસંજ્ઞા ઉત્પન્ન થાય છે.) (૨) લોભમોહનીયના ઉદયથી, (૩) પરિગ્રહના શ્રવણાદિથી ઉત્પન્ન થયેલ બુદ્ધિથી, (૪) પરિગ્રહ કરવામાં જ સતત ઉપયોગ રાખવાથી. આ પરિગ્રહસંજ્ઞાના કારણે (જે અતિચાર....).

'पडिक्कमामि चउहिं विकहाहिं' કરણભૂત એવી ચારપ્રકારની વિકથાઓના કારણે જે અતિચાર કરાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે ચાર વિકથાઓ આ પ્રમાણે છે – સ્રીકથા વિગેરે. તેમાં (સંયમજીવનથી) વિરુદ્ધ કથા અથવા વિનષ્ટ કથા તે વિકથા. અને આ વિકથા તે સ્રીકથા વિગેરેરૂપ ચાર પ્રકારની છે. તેમાં સ્રીઓની કથા તે સ્રીકથા. તે સ્રીકથા ચારપ્રકારની – (૧) જાતિકથા, (૨) કુલકથા, (૩) રૂપકથા, (૪) વસ્ત્ર, આભૂષણોની કથા.

તેમાં જાતિકથા – બ્રાહ્મણી વિગેરે સ્રીઓમાંથી કોઈ જાતિવાળી સ્રીની પ્રશંસા કરે અથવા દ્વેષ કરે. કુલકથા એટલે ઉગ્ર વિગેરે કુલમાં ઉત્પન્ન થયેલી સ્રીઓમાંથી કોઈ કુલવાળી સ્રીની પ્રશંસા અથવા દ્વેષ કરે. રૂપકથા – અન્ધ્રિ વિગેરે દેશોમાં ઉત્પન્ન થયેલી સ્રીઓમાંથી કોઈ

१३. चितमांसशोणिततया, वेदमोहनीयोदयेन, मत्या, तदर्थोपयोगेन । १४. अविविक्तया, लोभोदयेन, मत्या, तदर्थोपयोगेन ।

ध्रुवं लीलाचलितभ्रूलते मुखे । आसज्य राज्यभारं स्वं, सुखं स्वपिति मन्मथः ॥१॥' इत्यादिना, द्वेष्टि वाऽन्यथा, नेपथ्यकथा अन्ध्रीप्रभृतीनामेवान्यतमायाः कच्छ्टादिनेपथ्यं प्रशंसति द्वेष्टि वा, तथा भक्तम्—ओदनादि तस्य कथा भक्तकथा तया, सा चतुर्विधाऽऽवापादिभेदतः, यथोक्तम्—"*भत्त*[१५]*कहावि चउद्धा आवावकहा तहेव णिव्वावे । आरंभकहा य तहा णिट्ठाणकहा चउत्थी उ ॥१॥ आवावित्तियदव्वा सागघयादी य एत्थ उवउत्ता । दसपंचरूवइत्तियवंजणभेयाइ णिव्वावे ॥२॥ आरंभ छागतित्तिरमहिसारण्णादिया वधित एत्थ । रूवगसयपंचसया णिट्ठाणं जा सयसहस्सं ॥३॥*" देशः—जनपदस्तस्य कथा देशकथा तया, इयमपि छन्दादिभेदादिना

સ્ત્રીનાં રૂપની પ્રશંસા કરે જેમ કે, નક્કી અન્ધ્રિદેશની સ્ત્રીઓનાં લીલાપૂર્વક ચંચલ થતી એવી ભ્રૂલતાવાળા મુખમાં પોતાના રાજ્યભારને સ્થાપીને કામદેવ સુખપૂર્વક સૂતો છે. ॥૧॥ વિગેરે બોલવા દ્વારા સ્ત્રીઓના રૂપની પ્રશંસા કરે અથવા નિંદા કરવાદ્વારા રૂપ ઉપર દ્વેષ કરે. તે રૂપકથા.

નેપથ્ય=વેષકથા – અન્ધ્રિ વિગેરે દેશની સ્ત્રીઓમાંથી ફલાણા દેશની સ્ત્રીના કચ્છોટા વિગેરે વેષની પ્રશંસા કરે અથવા વિચિત્રવેષવાળી સ્ત્રીના વેષ ઉપર દ્વેષ કરે.

ભાત વિગેરે ભોજનની જે કથા તે ભક્તકથા. તેના કારણે (જે અતિચાર...) તે ભક્તકથા આવાપાદિભેદથી ચાર પ્રકારે છે. કહ્યું છે – "ભક્તકથા પણ ચાર પ્રકારે છે – આવાપકથા, નિર્વાપકથા, આરંભકથા તથા ચોથી નિષ્ઠાનકથા. ॥૧॥" આવાપકથા – (આવાપ એટલે ઘી, શાક વિગેરે દ્રવ્યો. તેની સંખ્યાની જેમાં વાત હોય તે આવાપકથા. જેમ કે) અહીં અમુક રાજાના કે સાર્થવાહના રસોડે આટલા કિલો શાક, આટલું ઘી વપરાયું છે. નિર્વાપકથા – (નિર્વાપ એટલે શાકાદિના ભેદો, તેની જે કથા તે નિર્વાપકથા. જેમ કે) શાક દશ પ્રકારે અથવા પાંચ પ્રકારે બનાવી શકાતા હોવાથી બધા મળીને શાકના આટલા ભેદો, આના રસોડામાં થાય છે (વિગેરે કથા નિર્વાપકથા કહેવાય. (॥) दसपंचरूव અહીં रूव શબ્દ ભેદવાચી જાણવો.) ॥૨॥

આરંભકથા – અમુક રાજાના રસોડામાં બકરો, પાડો, તેતરપક્ષી, જંગલી પશુઓ= હરણાદિને મારીને રસોઈ બનાવવામાં આવી છે. આવા પ્રકારની જે કથા તે આરંભકથા. નિષ્ઠાનકથા – (જે કથામાં ભોજન કેટલા રૂપિયામાં તૈયાર થાય છે ? તે સંબંધી વાતચીત કરવી તે નિષ્ઠાનકથા જેમ કે -) અમુકના રસોડે એકસો રૂપિયાની કિંમતનું ભોજન છે, અમુકને ત્યાં પાંચસો રૂપિયાનું છે, અમુકને ત્યાં લાખ રૂપિયાનું છે. ॥૩॥

દેશ એટલે જનપદ, તેની જે કથા તે દેશકથા. તેના કારણે (જે અતિચાર....) આ

१५. भक्तकथापि चतुर्धा आवापकथा तथैव निर्वापे । आरम्भकथा च तथा निष्ठानकथा चतुर्थी च ॥१॥ आवाप ईयद्द्रव्या शाकघृतादिश्चात्रोपयुक्ताः । दशपञ्चरूप्यका इयद्व्यञ्जनभेदादिर्निवापे ॥२॥ आरम्भे छागतित्तिरमहिषारण्यादिका हता अत्र । शतपञ्चशतरूपका निष्ठानं यावत् शतसहस्रम् ॥३॥

चतुर्द्धैव, यथोक्तम्-"[१६]*देसस्स कहा भण्णइ देसकहा देस जणवओ होति । सावि चउद्धा छंदो विही विगप्पो य णेवत्थं ॥१॥ छंदो गम्मागम्मं जह माउलदुहियमंगलाडाणं । अण्णेसिं सा भगिणी गोल्लाईणं अगम्मा उ ॥२॥ मातिसवत्ति उदिच्चाण गम्म अण्णेसिं एगा पंचण्हं। एमाइ देसछंदो देसविही विरयणा होइ ॥३॥ भोयणविरयणमणिभूसियाइ जं वावि भुज्जए पढमं । वीवाहविरयणाऽविय चउरंतगमाइया होइ ॥४॥ एमाई देसविही देसविगप्पं च सासनिप्फत्ती । जह वप्पकूवसारणिनइरेल्लगसालिरोप्पाई ॥५॥ घरदेवकुलविगप्पा तह विनिवेसा य गामनयराई । एमाइ विगप्पकहा नेवत्थकहा इमा होइ ॥६॥ इत्थीपुरिसाणंपि य साभाविय*

દેશકથા પણ છન્દાદિના ભેદથી ચાર પ્રકારે છે. કહ્યું છે – દેશની કથાને દેશકથા કહેવાય છે. દેશ એટલે જનપદ. તે દેશકથા પણ ચાર પ્રકારે છે – છંદકથા, વિધિકથા, વિકલ્પકથા અને વેષકથા. ॥૧॥ છંદકથા – છંદ એટલે ગમ્યાગમ્ય. જેમ કે અંગ, લાટદેશવાસીઓને મામાની દીકરીસાથે લગ્ન થઈ શકે છે. જ્યારે અન્ય એવા ગોલ્લ વિગેરે દેશોમાં મામાની દીકરી બહેન રૂપે હોવાથી અગમ્ય=વિવાહ માટે અયોગ્ય છે. ઉત્તરદેશોમાં સાવકી માતા ગમ્ય છે. કોઈક દેશમાં બીજા પાંચોને એક જ પત્ની હોય છે. આવા પ્રકારની કથા દેશછંદકથા જાણવી.

દેશવિધિકથા – વિધિ એટલે વિરચના=પદ્ધતિ. ભોજન બનાવવાની પદ્ધતિ, મણિ વિગેરે આભૂષણો પહેરવાની વિધિ (વિગેરેની કથા.) અથવા અમુકદેશમાં અમુક ખાદ્ય પદાર્થ પહેલા ખવાય છે (વિગેરેની કથા.) વિવાહ માટેના સ્થાન (चउरंतग=परिणयनस्थानं इति टिप्पणके) વિગેરે વિવાહવિધિ છે (અર્થાત્ અમુક દેશમાં આ રીતે વિવાહના સ્થાનો તૈયાર કરે છે વિગેરે કથા.) આવા પ્રકારની કથાઓ દેશવિધિકથા કહેવાય છે. ધાન્યની બનાવટ, ઘરો, દેવકુલો, સંન્નિવેશો, ગામો, નગરો વિગેરેની કથા તે વિકલ્પકથા જાણવી. ધાન્યની બનાવટકથા જેમ કે, કોઈક સ્થાને વાપીના પાણીથી, ક્યાંક કૂવાના પાણીથી એ જ રીતે નીક, નદી, પુરના પાણીથી શાલિ વિગેરે ધાન્યની નિષ્પત્તિ થાય છે વિગેરે કથા. વેષકથા આ પ્રમાણે જાણવી – સ્ત્રીઓ અને પુરુષોના વેષમાં સ્ત્રીઓનો ભેડિગ (સ્ત્રીઓને પહેરવાની ચોળી કે જે પાછળના ભાગમાં જાળી વિનાની હોય) જાલિક (ચોળી જ કે જે જાળી સાથેની હોય.) વિગેરે વેષ કોઈક દેશમાં સ્વાભાવિક

१६. देशस्य कथा भण्यते देशकथा देशो जनपदो भवति । साऽपि चतुर्धा छन्दो विधिर्विकल्पश्च नेपथ्यम् ॥१॥ छन्दो गम्यागम्यं यथा मातुलदुहिताऽङ्गलाटानाम् । अन्येषां सा भगिनी गोल्लादीनामगम्या तु ॥२॥ मातृसपत्नी तु उदीच्यानां गम्या अन्येषामेका पञ्चानाम् । एवमादि देशच्छन्दो देशविधिर्विरचना भवति ॥३॥ भोजनविरचनमणिभूषणानि यद्वापि भुज्यते प्रथमम् । विवाहविरचनापि च चतुरन्तगमादिका ( शारिपट्टादिका ) भवति ॥४॥ एवमादि देशविधिर्देशविकल्पश्च शस्यनिष्पत्तिः । यथा वप्रकूपसारिणीनदीपूरादिना शालीरोपादि ॥५॥ गृहदेवकुलविकल्पा तथा विनिवेशाश्च ग्रामनगरादीनाम् । एवमादिर्विकल्पकथा नेपथ्यकथैषा भवति ॥६॥ स्त्रीणां पुरुषाणामपि च स्वाभाविकः

[17]*तहय होइ वेउव्वी । भेडिगजालिगमाई देसकहा एस भणिएवं ॥७॥*" राज्ञः कथा राजकथा तया, इयमपि नरेन्द्रनिर्गमादिभेदेन चतुर्विधैव, यथोक्तम्–"[18]*रायकह चउह निग्गम अइगमण बले य कोसकोट्ठारे । निज्जाइ अज्ज राया एरिस इड्ढीविभूईए ॥१॥ चामीयरसूरतणू हत्थीखंधंमि सोहए एवं । एमेव य अइयाइं इंदो अलयाउरी चेव ॥२॥ एवइय आसहत्थी रहपायलबलवाहणकहेसा । एवइ कोडी कोसा कोट्ठागारा व एवइया ॥३॥*"

पडिक्कमामि चउहिं झाणेहिं–अट्टेणं झाणेणं ४, प्रतिक्रामामि चतुर्भिर्ध्यानैः करणभूतैरश्रद्धेयादिना प्रकारेण योऽतिचारः कृतः, तद्यथा–आर्तध्यानेन ४, तत्र ध्यातिर्ध्यानमिति भावसाधनः, तत्पुनः कालतोऽन्तर्मुहूर्तमात्रं, भेदतस्तु चतुष्प्रकारमार्तादिभेदेन, ध्येयप्रकारास्त्वमनोज्ञविषयसंप्रयोगादयः, तत्र शोकाक्रन्दनविलपनादिलक्षणमार्तं तेन, उत्सन्नवधादिलक्षणं रौद्रं तेन,

---

હોય તો ક્યાંક કૃત્રિમ હોય વિગેરે કથા વેષકથા જાણવી. આ પ્રમાણે દેશકથા કહી. ॥૨-૭॥

રાજા સંબંધી જે કથા તે રાજકથા. તેના કારણે (જે અતિચાર....) આ કથા પણ રાજાનો નિર્ગમ વિગેરે ભેદથી ચાર પ્રકારે છે. જેમ કે કહ્યું છે – રાજકથા ચાર પ્રકારની છે – નિર્ગમકથા, પ્રવેશકથા, બલ-વાહનકથા અને કોશ-કોષ્ઠાગારકથા. તેમાં આજે રાજા આવા પ્રકારની ઋદ્ધિ-વિભૂતિ સાથે નીકળ્યો છે એવું બોલવું તે નિર્ગમકથા. ॥૧॥ સુવર્ણ અને સૂર્ય જેવી કાંતિવાળું શરીર છે જેનું તેવો રાજા હસ્તિસ્કંધ ઉપર શોભે છે. જાણે કે ઇન્દ્ર અલ્કાપુરીમાં પ્રવેશ કરતો હોય તેમ આ રાજા નગરીમાં પ્રવેશ કરે છે. આ પ્રવેશકથા જાણવી. ॥૨॥

આટલા ઘોડા, આટલા હાથી, આટલા રથો અને આટલા સૈનિકો આ રાજા પાસે છે. આ પ્રમાણેની કથા તે બલ-વાહનકથા જાણવી. તથા આટલા કરોડ કોશ=ધનનો ભંડાર છે અથવા આટલો કોષ્ઠાગાર=ધાન્યાદિનો ભંડાર છે આ પ્રમાણેની જે કથા તે કોશ-કોષ્ઠાગારકથા. ॥૩॥

'पडिक्कमामि चउहिं झाणेहिं' કરણભૂત એવા ચાર ધ્યાનોને આશ્રયીને અશ્રદ્ધા વિગેરે કરવાદ્વારા જે અતિચાર સેવાયો છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તે ચાર ધ્યાનો આ પ્રમાણે – આર્તધ્યાનાદિ ચાર. તેમાં ध्यातिः અને ध्यानं આ બંને શબ્દોને ભાવ-અર્થમાં તે-તે પ્રત્યય લાગ્યા છે. (જેનો અર્થ ચિત્તની એકાગ્રતા.) આ ધ્યાન કાલથી અંતર્મુહૂર્તમાત્ર જાણવું. ભેદથી આર્તધ્યાન વિગેરે ભેદોથી ચાર પ્રકારનું છે.

ધ્યાન કરવા યોગ્ય એવા ધ્યેયના પ્રકારો=ભેદો તરીકે અમનોજ્ઞ વિષયનો સંપ્રયોગ વિગેરે જાણવા. (અર્થાત્ અમનોજ્ઞવિષયની પ્રાપ્તિ વિગેરે ધ્યેયના ભેદો જાણવા.) તેમાં શોક, ઊંચા સ્વરે રડવું, વિલાપ કરવો વિગેરે આર્તધ્યાન જાણવું. તેના કારણે (જે અતિચાર....), સતત વધાદિ

---

१७. तथा भवति विकुर्वी । भेडिकजालिकादि (मीलनादि) देशकथैषा भणितैवं ॥७॥ १८. राजकथा चतुर्धा निर्गमोऽतिगमो बलं च कोशकोष्ठागारे । निर्यात्यद्य राजा इदृश्या ऋद्धिविभूत्या ॥१॥ चामीकरसूरतनुर्हस्तिस्कन्धे शोभते एवम् । एवमेव चातियाति इन्द्रोऽलकापुर्यामिव ॥२॥ एतावन्तोऽश्वा हस्तिनो रथाः पदातं बलवाहनानि कथैषा । इयन्त्यः कोटयः कोशाः कोष्ठागाराणि वेयन्ति ॥३॥

जिनप्रणीतभावश्रद्धानादिलक्षणं धर्म्यं तेन, अवधासम्मोहादिलक्षणं शुक्लं तेन, फलं पुनस्तेषां हि तिर्यग्नरकदेवगत्यादिमोक्षाख्यमिति क्रमेण, अयं ध्यानसमासार्थः । व्यासार्थस्तु ध्यानशतकादवसेयः, तच्चेदम्–ध्यानशतकस्य च महार्थत्वाद्वस्तुतः शास्त्रान्तरत्वात् प्रारम्भ एव विघ्नविनायकोपशान्तये मङ्गलार्थमिष्टदेवतानमस्कारमाह–

वीरं सुक्कझाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊणं ।
जोईसरं सरण्णं झाणज्झयणं पवक्खामि ॥१॥

व्याख्या–वीरं शुक्लध्यानाग्निदग्धकर्मेन्धनं प्रणम्य ध्यानाध्ययनं प्रवक्ष्यामीति योगः, तत्र 'ईर गतिप्रेरणयोः' इत्यस्यविपूर्वस्याजन्तस्य विशेषेण ईरयति कर्म गमयति याति वेह शिवमिति वीरस्तं वीरं, किंविशिष्टं तमित्यत आह–शुचं क्लमयतीति शुक्लं, शोकं ग्लपयतीत्यर्थः, ध्यायते–चिन्त्यतेऽनेन तत्त्वमिति ध्यानम्, एकाग्रचित्तनिरोध इत्यर्थः, शुक्लं च तद्ध्यानं च शुक्लध्यानं, तदेव कर्मेन्धनदहनादग्निः शुक्लध्यानाग्निः तथा मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगैः

---

કરવારૂપ રૌદ્રધ્યાન જાણવું. તેના કારણે (જે અતિચાર....), જિનવડે કહેવાયેલ ભાવો ઉપર શ્રદ્ધા વિગેરે કરવી તે ધર્મધ્યાન. તેના કારણે (અર્થાત્ ધર્મધ્યાન ન કરવાથી જે અતિચાર....). અવધ, અસંમોહ વિગેરેરૂપ શુક્લધ્યાન જાણવું. તે ન કરવાથી જે અતિચાર .... . આ ચારે ધ્યાનોનું ક્રમશઃ તિર્યંચગતિ, નરકગતિ, દેવગતિ વિગેરે અને મોક્ષનામનું ફલ પ્રાપ્ત થાય છે. આ ધ્યાનનો સંક્ષેપથી અર્થ જાણવો. વિસ્તારથી ધ્યાનનો અર્થ ધ્યાનશતકથી જાણવા યોગ્ય છે અને તે ધ્યાનશતક આ પ્રમાણે જાણવું – જો કે ધ્યાનશતક એ મહાઅર્થવાળું હોવાથી ખરેખર તો શાસ્ત્રાન્તરરૂપે જ છે. તેથી આ શાસ્ત્રાન્તરની શરૂઆતમાં વિઘ્નસમૂહોની ઉપશાંતિ માટે મંગલાર્થે ઈષ્ટદેવતાના નમસ્કારને કહે છે ⇨

## ❖ ધ્યાનશતક ❖

ગાથાર્થ :- શુક્લધ્યાનરૂપ અગ્નિવડે બાળી નંખાયું છે કર્મરૂપ ઇંધન જેમનાવડે એવા, યોગેશ્વર અને શરણ્ય એવા વીરપ્રભુને નમસ્કાર કરીને ધ્યાનાધ્યયનને હું કહીશ.

ટીકાર્થ :- શુક્લધ્યાનરૂપ અગ્નિવડે બાળી નંખાયું છે કર્મેન્ધન જેમનાવડે એવા વીરને પ્રણામ કરીને ધ્યાનાધ્યયનને કહીશ એ પ્રમાણે અન્વય કરવો. તેમાં 'ईर्' ધાતુ ગતિ અને પ્રેરણા કરવી અર્થમાં વપરાય છે. अच् - પ્રત્યયાન્ત 'वि' ઉપસર્ગ પૂર્વકના આ ईर् ધાતુથી वीर શબ્દ બન્યો છે. અર્થાત્ વિશેષ કરીને કર્મોને જે દૂર કરે તે વીર અથવા વિશેષ કરીને=સંસારમાં પાછું આવવું ન પડે તે રીતે શિવપદ=મોક્ષપદને જે પામે તે વીર. એવા તે વીરને (પ્રણામ કરીને...)

કેવા તે વીરપ્રભુ છે ? તે કહે છે – શુચને એટલે કે શોકને દૂર કરે તે શુક્લ. જેનાવડે તત્ત્વ વિચારાય તે ધ્યાન અર્થાત્ એકાગ્રમાં=એક વિષયમાં ચિત્તને સ્થાપિત કરવું. (એટલે કે જે વિષયનું ધ્યાન કરવાનું છે, તે સિવાયના વિષયોમાં મનને જતું અટકાવવું.) શુક્લ એવું જે ધ્યાન તે શુક્લધ્યાન. આ શુક્લધ્યાન જ કર્મેન્ધનનું દહન કરતું હોવાથી અગ્નિસમાન છે. તેથી

क्रियत इति कर्म–ज्ञानावरणीयादि तदेवातितीव्रदुःखानलनिबन्धनत्वादिन्धनं कर्मेन्धनं ततश्च शुक्लध्यानाग्निना दग्धं–स्वस्वभावापनयनेन भस्मीकृतं कर्मेन्धनं येन स तथाविधस्तं, 'प्रणम्य' प्रकर्षेण मनोवाक्काययोगैर्नत्वेत्यर्थः, समानकर्तृकयोः पूर्वकाले क्त्वाप्रत्ययविधानाद् ध्यानाध्ययनं प्रवक्ष्यामीति योगः, तत्राधीयत इत्यध्ययनं, 'कर्मणि ल्युट्' पठ्यत इत्यर्थः, ध्यानप्रतिपादकमध्ययनं २ तद् याथात्म्यमङ्गीकृत्य प्रकर्षेण वक्ष्ये–अभिधास्ये इति, किंविशिष्टं वीरं प्रणम्येत्यत आह– 'योगेश्वरं योगीश्वरं वा' तत्र युज्यन्त इति योगाः–मनोवाक्कायव्यापारलक्षणाः तैरीश्वरः– प्रधानस्तं, तथाहि–अनुत्तरा एव भगवतो मनोवाक्कायव्यापारा इति, यथोक्तम्–'[११]*दव्वमणोजोएणं मणणाणीणं अणुत्तराणं च । संसयवोच्छित्तिं केवलेण नाऊण सइ कुणइ ॥१॥*

---

શુક્લધ્યાનરૂપ અગ્નિ (એ પ્રમાણે અર્થ જાણવો.) તથા મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગવડે જે કરાય તે કર્મ અર્થાત્ જ્ઞાનાવરણીયાદિકર્મો. આ કર્મો જ અતિતીવ્ર દુઃખરૂપ અગ્નિના કારણ હોવાથી ઇંધન સમાન છે.

તેથી (સંપૂર્ણ અર્થ આ પ્રમાણે જાણવો કે) શુક્લધ્યાનરૂપ અગ્નિવડે કર્મોના પોતાના સ્વભાવને (=ફલ આપવારૂપ સ્વભાવને) દૂર કરવા દ્વારા ભસ્મીભૂત કરાયેલું છે કર્મરૂપ ઈન્ધન જેમનાવડે તે તેવા પ્રકારના=શુક્લધ્યાનાગ્નિદગ્ધકર્મેન્ધન કહેવાય છે. તેમને પ્રણામ કરીને અર્થાત્ મન-વચન અને કાયાના યોગવડે નમસ્કાર કરીને,

સમાનકર્તાવાળી બે ક્રિયાઓ હોય ત્યારે પૂર્વકાલીન ક્રિયાવાચક પદને क्त्वा પ્રત્યય લાગે છે. અહીં 'नत्वा' શબ્દમાં क्त्वा પ્રત્યય લાગેલ હોવાથી એની સાથે સમાનકર્તૃક બીજી ક્રિયા માટે 'ધ્યાનાધ્યયનને હું કહીશ' એ પદ સાથે અન્વય જોડવો. (અર્થાત્ વીરપ્રભુને નમસ્કાર કરીને ધ્યાનાધ્યયનને હું કહીશ એમ અન્વય જોડવો.)

તેમાં જે ભણાય તે અધ્યયન. અહીં કર્મ-અર્થમાં અન (अनट्) પ્રત્યય લાગેલ છે. ધ્યાનનું પ્રતિપાદન કરનાર અધ્યયન ધ્યાનાધ્યયન કહેવાય. તેને હું કહીશ, અર્થાત્ જે રીતે એનું સ્વરૂપ છે તે રીતના તેના સ્વરૂપને આશ્રયીને પ્રકર્ષથી હું કહીશ (ટૂંકમાં - ધ્યાનના યથાવસ્થિત સ્વરૂપને સારી રીતે કહીશ.)

કેવા પ્રકારના વીરપ્રભુને નમસ્કાર કરીને ? તે કહે છે – યોગેશ્વર એવા અથવા યોગીશ્વર એવા વીરપ્રભુને નમસ્કાર કરીને હું ધ્યાનાધ્યયનને કહીશ. તેમાં જે જોડાય તે યોગો અર્થાત્ મન-વચન અને કાયાના વ્યાપારો. આ વ્યાપારોવડે જે પ્રધાન છે તે યોગેશ્વર. (અર્થાત્ જેમના વ્યાપારો વિશિષ્ટ પ્રકારના છે તે યોગેશ્વર.) વીરપ્રભુના (ઉપલક્ષણથી સર્વ તીર્થકરોના) મન-વચન-કાયાના વ્યાપારો અનુત્તર હોય છે.

કહ્યું છે – તીર્થકરો મનોજ્ઞાનીઓના (=મનઃપર્યવજ્ઞાનીઓના) અને અનુત્તરવાસી દેવોના સંશયોને કેવલજ્ઞાનવડે જાણીને હંમેશાં દ્રવ્યમનોયોગવડે સંશયોને દૂર કરે છે. ॥૧॥ રિભિત=સ્પષ્ટ

---

११. द्रव्यमनोयोगेन मनोज्ञानिनामनुत्तराणां च । संशयव्युच्छित्तिं केवलेन ज्ञात्वा सदा करोति ॥१॥

*[२०]रिभियपयक्खरसरला मिच्छितरतिरिच्छसगिरपरिणामा । मणणिव्वाणी वाणी जोयणनिहारिणी जं च ॥२॥ एक्का य अणेगेसिं संसयवोच्छेयणे अपडिभूया । न य णिव्विज्जइ सोया तिप्पइ सव्वाउएणंपि ॥३॥ सव्वसुरेहिंतोवि हु अहिगो कंतो य कायजोगो से । तहवि य पसंतरूवे कुणइ सया पाणिसंघाए ॥४॥'* इत्यादि,

युज्यते वाऽनेन केवलज्ञानादिना आत्मेति योगः–धर्मशुक्लध्यानलक्षणः स येषां विद्यत इति योगिनः–साधवस्तैरीश्वरः, तदुपदेशेन तेषां प्रवृत्तेस्तत्सम्बन्धादिति, तेषां वा ईश्वरो योगीश्वरः, ईश्वरः प्रभुः स्वामीत्यनर्थान्तरं, योगीश्वरम्, अथवा योगिस्मर्य–योगिचिन्त्यं ध्येयमित्यर्थः, पुनरपि स एव विशेष्यते–शरण्यं, तत्र शरणे साधुः शरण्यस्तं–रागादिपरिभूताश्रितसत्त्ववत्सलं

ઉચ્ચારવાળી અને જેના પદ-અક્ષરો સમજવામાં સરલ, મનુષ્ય-દેવો અને તિર્યંચોને પોતપોતાની ભાષામાં પરિણામ પામતી, મનને શાંતિ આપનારી, યોજનગામિની અને એક એવી પણ અનેકોના સંશયોને નાશ કરવામાં અપ્રતિભૂત(એના સમાન બીજી કોઈ નહીં) એવી પ્રભુની વાણી છે. શ્રોતા આ વાણીને સંપૂર્ણ જીવન સાંભળતો રહે તો પણ નિર્વેદ=કંટાળાને પામતો નથી, પરંતુ આનંદ પામે છે. ॥૨-૩॥

પ્રભુનો કાયયોગ સર્વદેવો કરતાં પણ અધિક અને મનોહર છે. એવા તે ભગવાન સદા પ્રાણીસમૂહને પ્રશાંતરૂપવાળા કરે છે. (અર્થાત્ આટલું ઉત્કૃષ્ટરૂપ વિગેરે હોવા છતાં કોઈ જીવ એમને જોઈને ગભરાતા નથી, પરંતુ પ્રશાંતરૂપવાળા થાય છે અથવા બીજી રીતે અર્થ આ પ્રમાણે – આવા ઉત્કૃષ્ટરૂપાદિને જોઈને જીવોને પોતાના રૂપનો અહંકાર, ક્રોધ, માયા વિગેરે કષાયો નાશ પામે છે.) ॥૪॥

અથવા જેનાવડે આત્મા કેવલજ્ઞાનાદિની સાથે જોડાય છે અર્થાત્ કેવલજ્ઞાનાદિને પામે છે તે યોગ એટલે કે ધર્મ-શુક્લધ્યાન. તે યોગ જેને છે તે યોગી એટલે કે સાધુઓ. તેઓવડે જે ઈશ્વર=પ્રધાન. તે યોગીશ્વર. ઈશ્વર બનવા માટે ઐશ્વર્ય જોઈએ. પ્રભુના ઉપદેશથી સાધુઓ પ્રવૃત્તિ કરતા હોવાથી સાધુઓ સાથે પ્રભુનો સંબંધ છે. તેથી સાધુઓરૂપ ઐશ્વર્યવડે જ પ્રભુ ઈશ્વર છે. અથવા સાધુઓના ઈશ્વર તે યોગીશ્વર. અહીં ઈશ્વર, પ્રભુ, સ્વામી આ બધા સમાનાર્થી શબ્દો જાણવા અર્થાત્ યોગી એવા સાધુઓના સ્વામીસ્વરૂપ યોગીશ્વરને (પ્રણામ કરીને...)

અથવા योगिस्मर्यं એ પ્રમાણે શબ્દ જાણવો. તેથી યોગીઓવડે ધ્યાન ધરવા યોગ્ય એવા વીરપ્રભુને, ફરી તે વીરપ્રભુ જ કેવા છે ? તે જણાવે છે – શરણ્ય એવા વીરપ્રભુને, તેમાં શરણ માટે જે યોગ્ય હોય તે શરણ્ય કહેવાય, અર્થાત્ રાગાદિથી પીડાતા એવા આશ્રિત જીવો ઉપર

२०. रिभितपदाक्षरसरला म्लेच्छेतरतिर्यक्स्वगीःपरिणामा । मनोनिर्वापिणी वाणी योजनव्यापनी यच्च ॥२॥ एका चानेकेषां संशयव्युच्छेदनी अपरिभूता । न च निर्विद्यते श्रोता तृष्यति सर्वायुषाऽपि ॥२॥ सर्वसुरेभ्योऽपि अधिकः कान्तश्च काययोगस्तस्य । तथापि च प्रशान्तरूपान् करोति सदा प्राणिसंघातान् ॥४॥

रक्षकमित्यर्थः, ध्यानाध्ययनं प्रवक्ष्यामीत्येतद् व्याख्यातमेव । अत्राऽऽह–यः शुक्लध्यानाग्निना दग्धकर्मेन्धनः स योगेश्वर एव यश्च योगेश्वरः स शरण्य एवेति गतार्थे विशेषणे, न, अभिप्रायापरिज्ञानाद्, इह शुक्लध्यानाग्निना दग्धकर्मेन्धनः सामान्यकेवल्यपि भवति, नत्वसौ योगेश्वरः, वाक्कायातिशयाभावात्, स एव च तत्त्वतः शरण्य इति ज्ञापनार्थमेवादुष्टमेतदपि, तथा चोभयपदव्यभिचारे एकपदव्यभिचारेऽज्ञातज्ञापनार्थं च शास्त्रे विशेषणाभिधानमनुज्ञातमेव पूर्वमुनिभिरित्यलं विस्तरेणेति गाथार्थः ॥१॥

साम्प्रतं ध्यानलक्षणप्रतिपादनायाऽऽह–

**जं थिरमज्झवसाणं तं झाणं जं चलं तयं चित्तं ।**
**तं होज्ज भावणा वा अणुपेहा वा अहव चिंता ॥२॥**

व्याख्या–'यदि'त्युद्देशः स्थिरं–निश्चलम् अध्यवसानं–मन एकाग्रालम्बनमित्यर्थः, 'तदि' ति, निर्देशे, 'ध्यानं' प्राग्निरूपितशब्दार्थं, ततश्चैतदुक्तं भवति–यत् स्थिरमध्यवसानं तद्ध्यानमभिधीयते, 'यच्चल'मिति यत्पुनरनवस्थितं तच्चित्तं, तच्चौघतस्त्रिधा भवतीति दर्शयति–

---

વાત્સલ્યવાળા રક્ષક. (આવા વિશેષણોથી યુક્ત એવા વીરપ્રભુને નમસ્કાર કરીને) 'ધ્યાનાધ્યયનને હું કહીશ.' આ શબ્દોના અર્થો પૂર્વે કહેવાઈ ગયો છે.

શંકા :- શુક્લધ્યાનાગ્નિવડે જેમણે કર્મેન્ધનને બાળી નાંખ્યું છે, તે યોગેશ્વર જ હોવાના અને જે યોગેશ્વર હોય તે શરણ્ય હોય જ. આમ આ યોગેશ્વર અને શરણ્ય બંને વિશેષણો 'શુક્લધ્યાના...' વિશેષણથી જણાઈ જ જાય છે, તો બંને વિશેષણો આપવાની જરૂર શું છે ?

સમાધાન : અભિપ્રાયનું જ્ઞાન ન હોવાથી તમારી શંકા યોગ્ય નથી. અહીં સામાન્ય કેવલીઓ પણ શુક્લધ્યાનાગ્નિવડે કર્મેન્ધનને બાળનારા હોય છે છતાં તેઓ યોગેશ્વર નથી, કારણ કે તેમની પાસે વચન-કાયાના અતિશયો નથી. (માટે વીરપ્રભુનું યોગેશ્વર વિશેષણ સાર્થક છે.) તથા જે યોગેશ્વર હોય તે જ ખરેખર શરણ્ય બની શકે છે એ જણાવવા 'શરણ્ય' વિશેષણ પણ અદુષ્ટ છે. જ્યાં ઉભયપદવ્યભિચાર અને એકપદવ્યભિચાર આવતો હોય (જુઓ ભાગ-૧ નિર્યુ.-૪, પૃષ્ઠ ૩૭) ત્યાં અજ્ઞાત વસ્તુને જણાવવા માટે વિશેષણોનું કથન કરવું એ પ્રમાણે પૂર્વાચાર્યોએ શાસ્ત્રમાં કહ્યું છે. માટે વધુ વિસ્તારથી સર્યું. ॥ધ્યા.–૧॥

અવતરણિકા : હવે ધ્યાનનું લક્ષણ જણાવવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- જે સ્થિર અધ્યવસાન છે તે ધ્યાન છે, જે ચંચલ છે તે ચિત્ત છે. તે ચિત્ત ત્રણ પ્રકારે છે : ભાવના, અનુપ્રેક્ષા અથવા ચિંતા.

ટીકાર્થ : 'यद्' શબ્દ ઉદ્દેશવાચી છે. અને 'तद्' શબ્દ નિર્દેશ=વિધેયવાચી છે, અર્થાત્ જેનો ઉદ્દેશ यद्થી થાય છે, તેનો નિર્દેશ तद्થી થાય છે. એટલે સ્થિર અધ્યવસાન એ ઉદ્દેશ્ય છે, ધ્યાન એ વિધેય છે. જે નિશ્ચલ મન છે એટલે કે એક વિષયમાં એકાગ્રતાવાળું છે. તે પૂર્વે જેનો શબ્દાર્થ જણાવી દીધો છે એવું ધ્યાન છે. તેથી આશય આ પ્રમાણે છે કે – જે સ્થિર મન છે તે ધ્યાન કહેવાય છે, જે વળી અસ્થિર છે તે ચિત્ત કહેવાય છે. અને તે ચિત્ત સામાન્યથી ત્રણ

'तद्भवेद्भावना वे'ति तच्चित्तं भवेद्भावना, भाव्यत इति भावना ध्यानाभ्यासक्रियेत्यर्थः, वा विभाषायाम्, 'अनुप्रेक्षा वेति' अनु–पश्चाद्भावे प्रेक्षणं प्रेक्षा, सा च स्मृतिध्यानाद् भ्रष्टस्य चित्तचेष्टेत्यर्थः, वा पूर्ववत् 'अथवा चिन्ते'ति अथवाशब्दः प्रकारान्तरप्रदर्शनार्थः चिन्तेति या खलूक्तप्रकारद्वयरहिता चिन्ता–मनेश्चेष्टा सा चिन्तेति गाथार्थः ॥२॥

इत्थं ध्यानलक्षणमोघतोऽभिधायाधुना ध्यानमेव कालस्वामिभ्यां निरूपयन्नाह–

**अंतोमुहुत्तमेत्तं चित्तावत्थाणमेगवत्थुंमि ।**
**छउमत्थाणं झाणं जोगनिरोहो जिणाणं तु ॥३॥**

**व्याख्या–इह मुहूर्तः–सप्तसप्ततिलवप्रमाणः कालविशेषो भण्यते, उक्तं च–'[२१]*कालो परमनिरुद्धो अविभज्जो तं तु जाण समयं तु । समया य असंखेज्जा भवंति ऊसासनीसासा ॥१॥ हट्ठस्स अणवगल्लस्स, णिरुवकिट्ठस्स जंतुणो । एगे ऊसासनीसासे, एस पाणुत्ति वुच्चइ ॥२॥***

---

પ્રકારનું છે. તે જણાવે છે – તે ચિત્ત ભાવનારૂપ છે. જે ભાવિત કરાય તે ભાવના એટલે કે ધ્યાનના અભ્યાસની ક્રિયા. 'वा' શબ્દ વિકલ્પના અર્થમાં છે. (અર્થાત્ ચિત્ત એ ભાવનારૂપ છે અથવા અનુપ્રેક્ષારૂપ છે અથવા ચિંતારૂપ છે. આ પ્રમાણે જુદા જુદા વિકલ્પો જણાવનાર 'वा' શબ્દ છે.)

અથવા તે ચિત્ત અનુપ્રેક્ષારૂપ છે. 'अनु' એ પશ્ચાદ્‌ભાવને જણાવનાર છે (અર્થાત્ અનુ એટલે પાછળ.) તેથી પાછળથી થનારી પ્રેક્ષા તે અનુપ્રેક્ષા અને તે અનુપ્રેક્ષા સ્મૃતિરૂપ છે એટલે ધ્યાનથી ભ્રષ્ટ થનારાની ચિત્તની ચેષ્ટારૂપ છે. (અર્થાત્ જે તત્ત્વોનું અધ્યયન કર્યું છે, તેને યાદ કરીને જે ચિંતન-મનન કરાય તે અનુપ્રેક્ષા કહેવાય છે.) 'वा' શબ્દ પૂર્વની જેમ વિકલ્પાર્થમાં જાણવો.

અથવા તે ચિત્ત ચિંતારૂપ છે. 'अहवा' શબ્દ અન્ય પ્રકારને જણાવવા માટે છે. ઉપરોક્ત બંને પ્રકાર વિનાની જે ચિત્તની ચેષ્ટા તે ચિંતા કહેવાય છે. ॥ધ્યા.–૨ ॥

અવતરણિકા : આ પ્રમાણે સામાન્યથી ધ્યાનના લક્ષણને કહીને હવે કાલ અને સ્વામીવડે ધ્યાનનું જ નિરૂપણ કરતા કહે છે ⇨

**ગાથાર્થ :- એક વસ્તુમાં અંતર્મુહૂર્તકાળ સુધી ચિત્તનું રહેવું તે છદ્મસ્થોનું ધ્યાન છે અને યોગનિરોધ એ જિનેશ્વરનું ધ્યાન છે.**

ટીકાર્થ : અહીં સિત્યોતેર લવપ્રમાણ કાલવિશેષ એ મુહૂર્ત તરીકે જાણવો. કહ્યું છે – "સૌથી છેલ્લો અવિભાજ્ય એવો જે કાલ છે તેને સમય તરીકે તું જાણ. તથા રોગ વિનાનાં, દુઃખથી રહિત એવા હૃષ્ટ જીવના એક ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસમાં અસંખ્ય સમયો થાય છે. એક ઉચ્છ્‌વાસ અને નિઃશ્વાસ બંને મળીને પ્રાણ કહેવાય છે. સાત પ્રાણો એટલે એક સ્તોક, સાત

---

२१. कालः परमनिरुद्धोऽविभाज्यस्तमेव जानीहि समयं तु । समयाश्चासंख्येया भवत उच्छ्‌वासनिःश्वासौ ॥१॥ हृष्टस्यानवकल्पस्य निरुपक्लिष्टस्य जन्तोः । एक उच्छ्‌वासनिश्वास एष प्राण इत्युच्यते ॥२॥

[२२]*सत्त पाणूणि से थोवे, सत्त थोवाणि से लवे । लवाणं सत्तहत्तरीए, एस मुहुत्ते वियाहिए ॥३॥*'

अन्तर्मध्यकरणे, ततश्चान्तर्मुहूर्तमात्रं कालमिति गम्यते, मात्रशब्दस्तदधिककालव्यवच्छेदार्थः, ततश्च भिन्नमुहूर्तमेव कालं, किं ?–'चित्तावस्थान'मिति चित्तस्य–मनसः अवस्थानं चित्तावस्थानम्, अवस्थितिः–अवस्थानं, निष्प्रकम्पतया वृत्तिरित्यर्थः, क्व ?–'एकवस्तुनि' एकम्–अद्वितीयं वसन्त्यस्मिन् गुणपर्याया इति वस्तु–चेतनादि एकं च तद्वस्तु एकवस्तु तस्मिन् २ 'छद्मस्थानां ध्यान'मिति, तत्र छादयतीति छद्म–पिधानं तच्च ज्ञानादीनां गुणानामावारकत्वाज्ज्ञानावरणादिलक्षणं घातिकर्म, छद्मनि स्थिताश्छद्मस्था अकेवलिन इत्यर्थः, तेषां छद्मस्थानां, 'ध्यानं' प्राग्वत्, ततश्चायं समुदायार्थः–अन्तर्मुहूर्तकालं यच्चित्तावस्थानमेकस्मिन् वस्तुनि तच्छद्मस्थानां ध्यानमिति, 'योगनिरोधो जिनानां त्वि'ति तत्र योगाः–तत्त्वत औदारिकादिशरीरसंयोगसमुत्था आत्मपरिणामविशेषव्यापारा एव, यथोक्तम्–"*औदारिकादिशरीरयुक्तस्याऽऽत्मनो वीर्यपरिणतिविशेषः काययोगः, तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्य-*

સ્તોક મળીને એક લવ થાય છે. આવા સિત્યોતેર લવ ભેગા મળે તેને મુહૂર્ત તરીકે જાણવું." ॥૧-૩॥

'अन्तः' શબ્દ મધ્ય-અર્થમાં છે. તેથી અંતર્મુહૂર્તમાત્ર (=મુહૂર્ત અંદરનો) (એવો કોણ ? તે કહે છે -) કાલ. અહીં માત્રશબ્દ તેનાથી અધિકકાલની બાદબાકી કરનાર છે. તેથી ભિન્નમુહૂર્ત (=મુહૂર્તથી ઓછો) એવો જ કાલ. એટલો કાલ શું ? – ચિત્તનું અવસ્થાન. અવસ્થાન એટલે કંપ્યા વિના રહેવું. ક્યાં રહેવું ? – એકવસ્તુમાં. (સંપૂર્ણ અર્થ આ પ્રમાણે – એકવસ્તુમાં અંતર્મુહૂર્ત સુધી જ ચિત્તનું એકાગ્રતાપૂર્વક રહેવું તે ધ્યાન.)

જેમાં ગુણ અને પર્યાયો રહે છે તે વસ્તુ=ચેતન વિ. એક એવી તે વસ્તુ તે એકવસ્તુ. (એ પ્રમાણે સમાસ કરવો.) તે એકવસ્તુમાં (ચિત્તનું અંતર્મુહૂર્ત સુધી જ રહેવું તે) છદ્મસ્થોનું ધ્યાન કહેવાય છે. તેમાં જે ઢાંકે તે છદ્મ એટલે કે ઢાંકણું. અને અહીં આ ઢાંકણ તરીકે જ્ઞાનાવરણાદિરૂપ ઘાતીકર્મો જાણવા કારણ કે તે કર્મો જ્ઞાનાદિગુણોને ઢાંકે છે. આવા ઘાતિકર્મોરૂપ છદ્મમાં જે રહેલા છે તે છદ્મસ્થ અર્થાત્ અકેવલિઓ. તે છદ્મસ્થોનું ધ્યાન. ધ્યાનશબ્દનો અર્થ પૂર્વની જેમ જાણવો.

સંપૂર્ણ અર્થ આ પ્રમાણે – અંતર્મુહૂર્તકાલ સુધી એકવસ્તુમાં જે ચિત્તનું એકાગ્રતાપૂર્વક અવસ્થાન તે છદ્મસ્થોનું ધ્યાન છે. (અર્થાત્ છદ્મસ્થોનું ધ્યાન એકવસ્તુમાં વધારેમાં વધારે અંતર્મુહૂર્તકાલ ટકે છે.)

યોગનિરોધ એ જિનોનું ધ્યાન છે. તેમાં યોગ એટલે ઔદારિકાદિશરીરના સંયોગથી ઉત્પન્ન થયેલા આત્માના પરિણામવિશેષરૂપ વ્યાપારો જ. કહ્યું છે – "ઔદારિકાદિશરીરથી યુક્ત એવા આત્માનો વીર્યપરિણતિવિશેષ એ કાયયોગ છે. તથા ઔદારિક, વૈક્રિય, આહારકશરીરના

२२. सप्त प्राणाः स स्तोकः सप्त स्तोकाः स लवः । लवानां सप्तसप्तत्या एष मुहूर्तो व्याख्यातः ॥३॥

*समूहसाचिव्याज्जीवव्यापारो वाग्योगः, तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतमनोद्रव्यसमूहसाचिव्याज्जीवव्यापारो मनोयोगः''* इति, अमीषां निरोधो योगनिरोधः, निरोधनं निरोधः, प्रलयकरणमित्यर्थः, केषां ?–'जिनानां' केवलिनां, तुशब्द एवकारार्थः स चावधारणे, योगनिरोध एव न तु चित्तावस्थानं, चित्तस्यैवाभावाद्, अथवा योगनिरोधो जिनानामेव ध्यानं नान्येषाम्, अशक्यत्वादित्यलं विस्तरेण, यथा चायं योगनिरोधो जिनानां ध्यानं यावन्तं च कालमेतद्भवत्येतदुपरिष्टाद्वक्ष्याम इति गाथार्थः ॥३॥

साम्प्रतं छद्मस्थानामन्तर्मुहूर्तात् परतो यद्भवति तदुपदर्शयन्नाह–

अंतोमुहुत्तपरओ चिंता झाणंतरं व होज्जाहि ।
सुचिरंपि होज्ज बहुवत्थुसंकमे झाणसंताणो ॥४॥

व्याख्या–'अन्तर्मुहूर्तात् परत' इति भिन्नमुहूर्तादूर्ध्वं 'चिन्ता' प्रागुक्तस्वरूपा तथा ध्यानान्तरं वा भवेत्, तत्रेह न ध्यानादन्यद् ध्यानं ध्यानान्तरं परिगृह्यते, किं तर्हि ?–भावनानुप्रेक्षात्मकं

---

વ્યાપારથી ગ્રહણ કરાયેલ વાગ્દ્રવ્યના સમૂહના સહાયથી ઉત્પન્ન થતો જીવવ્યાપાર વચનયોગ છે. તથા ઔદારિક, વૈક્રિય અને આહારકશરીરના વ્યાપારથી ગૃહીત મનોદ્રવ્યના સમૂહના સહાયથી થતો જીવવ્યાપાર મનોયોગ છે. આ ત્રણે યોગોનો નિરોધ તે યોગનિરોધ, નિરોધ એટલે નાશ કરવો.

કોનો યોગનિરોધ ? – કેવલિઓનો, તુશબ્દ જકાર અર્થમાં છે અને તે જકાર એ અવધારણ અર્થમાં હોવાથી યોગનિરોધ જ, નહીં કે ચિત્તનું અવસ્થાન.(સંપૂર્ણ અર્થ - કેવલિઓને યોગનિરોધરૂપ જ ધ્યાન છે, પણ ચિત્તનું અવસ્થાન નહીં.) કારણ કે તેઓને ચિત્તનો અભાવ છે. અથવા યોગનો નિરોધ એ જિનોનું જ ધ્યાન છે, પણ બીજાઓનું નહીં, કારણ કે બીજાઓને યોગનિરોધ શક્ય નથી. વધુ વિસ્તારથી સર્યું. આ યોગનિરોધ એ જે રીતે જિનોના ધ્યાનરૂપ થાય છે અને જેટલા કાલ માટે થાય છે, તે અમે આગળ જણાવીશું. ॥ધ્યા.–૩॥

અવતરણિકા : હવે છદ્મસ્થોને અંતર્મુહૂર્ત પછી જે થાય તેનું નિરૂપણ કરતા કહે છે ⇨

**ગાથાર્થ :-** **અંતર્મુહૂર્ત પછી ચિંતા અથવા ધ્યાનાન્તરની પ્રાપ્તિ થાય છે. ઘણી વસ્તુઓમાં સંક્રમ થતાં ધ્યાનનો પ્રવાહ લાંબાકાળ સુધી પણ થાય છે.**

ટીકાર્થ : અંતર્મુહૂર્ત પછી પૂર્વે કહેવાયેલા સ્વરૂપવાળી ચિંતા અથવા ધ્યાનાન્તર પ્રાપ્ત થાય છે. અહીં ધ્યાન પછીનું બીજું ધ્યાન એ ધ્યાનાન્તર એ રીતનું ધ્યાનાન્તર ગ્રહણ કરવાનું નથી. તો કેવા પ્રકારનું ધ્યાનાન્તર ગ્રહણ કરવાનું છે ? તે કહે છે – ભાવના અને અનુપ્રેક્ષાત્મક ચિત્ત એ ધ્યાનાન્તર તરીકે ગ્રહણ કરવાનું છે.

(H)(આશય એ છે કે વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી ધ્યાન ધરીને પછી છદ્મસ્થ અવશ્ય ધ્યાનમાંથી નીચે ઉતરે છે ત્યાર પછી તે 'હું એકલો છું, અશરણ છું' વિગેરે આગળ કહેવાતી અનુપ્રેક્ષા કરે છે. અને ત્યાર પછી ફરી ધર્મધ્યાન ઉપર ચઢવાની ઇચ્છાવાળો તે જીવ જ્ઞાન

चेत इति, इदं च ध्यानान्तरं तदुत्तरकालभाविनि ध्याने सति भवति, तत्राप्ययमेव न्याय इतिकृत्वा ध्यानसन्तानप्राप्तिर्यतः अतस्तमेव कालमानं वस्तुसङ्क्रमद्वारेण निरूपयन्नाह–'सुचिरमपि' प्रभूतमपि 'कालमिति गम्यते, भवेत् बहुवस्तुसङ्क्रमे सति 'ध्यानसन्तानः' ध्यानप्रवाह इति, तत्र बहूनि च तानि वस्तूनि २ आत्मगतपरगतानि गृह्यन्ते, तत्रात्मगतानि मनःप्रभृतीनि परगतानि द्रव्यादीनीति, तेषु सङ्क्रमः सञ्चरणमिति गाथार्थः ॥४॥

इत्थं तावत् सप्रसङ्गं ध्यानस्य सामान्येन लक्षणमुक्तम्, अधुना विशेषलक्षणाभिधित्सया ध्यानोद्देशं विशिष्टफलहेतुत्वं च संक्षेपतः प्रदर्शयन्नाह–

अट्टं रुद्दं धम्मं सुक्कं झाणाइं तत्थ अंताइं ।
निव्वाणसाहणाइं भवकारणमट्टरुद्दाइं ॥५॥

---

दर्शनादि આગળ કહેવાતી ભાવનાઓ ભાવે છે. આ અનુપ્રેક્ષા અને ભાવના એ ધ્યાનાન્તર કહેવાય છે. આમ, એક ધ્યાન પછી તે જીવ તરત બીજું ધ્યાન પામતો નથી, પરંતુ વચ્ચે ભાવના-અનુપ્રેક્ષા ઉપર ચઢે છે અને ત્યાર પછી ફરી ધ્યાન સ્વીકારે છે. આ ક્રમ આગળ-આગળ ચાલ્યા કરે તેને ધ્યાનનો પ્રવાહ કહેવાય છે.)

આ ધ્યાનાન્તર ત્યારે જ સંભવે કે જો તેના પછી ફરી ધ્યાન આવવાનું હોય. આ રીતે બીજીવાર ધ્યાન ઉપર જીવ આરુઢ થાય ત્યારે તેમાં પણ આ જ પ્રમાણે ક્રમ હોય છે (એટલે કે બીજીવાર ધ્યાન, ત્યાર પછી ધ્યાનાન્તર, પછી પાછું ધ્યાન, ધ્યાનાન્તર... આ પ્રમાણે ક્રમ ચાલ્યા કરે છે.) માટે ધ્યાનના પ્રવાહની=પરંપરાની જે કારણથી પ્રાપ્તિ થાય છે, તે કારણથી જ તે ધ્યાનના પ્રવાહના કાલમાનને વસ્તુસંક્રમદ્વારા નિરૂપણ કરતાં કહે છે – ઘણી બધી વસ્તુઓમાં સંક્રમ થતાં ધ્યાનનો પ્રવાહ ઘણા કાલ સુધી પણ ચાલે છે. (અર્થાત્ પ્રથમ અન્યવસ્તુવિષયક ધ્યાન થાય ત્યાર પછી ધ્યાનાન્તર, ત્યાર પછી ધ્યાન અન્યવસ્તુમાં સંક્રમ પામે એટલે કે પહેલાં કરતા જુદી વસ્તુવિષયક ધ્યાન થાય, પછી ધ્યાનાન્તર, પછી ત્રીજીવસ્તુવિષયકધ્યાન આ રીતે ધ્યાનની પરંપરા લાંબા કાળ સુધી પણ ચાલે.)

અહીં બહુ એવી વસ્તુઓ તે બહુવસ્તુઓ. (એ પ્રમાણે સમાસ જાણવો.) આ બહુવસ્તુઓ સ્વગત અને પરગત લેવી. તેમાં સ્વગત તરીકે મન વિગેરે અને પરગત તરીકે દ્રવ્યાદિ લેવા. આવી સ્વગત-પરગત બહુવસ્તુઓમાં જે સંચરણ તે બહુવસ્તુસંક્રમ કહેવાય. (આશય એ છે કે ધ્યાતા મનસંબંધી ધ્યાન કરે, ત્યાર પછી વચનસંબંધી ધ્યાન ધરે, તો વળી દ્રવ્યસંબંધી ધરે - એમ આમાંથી આમાં, આમાંથી આમાં સંક્રમ થાય.) ॥ધ્યા.–૪॥

અવતરણિકા : આ પ્રમાણે પ્રસંગસહિત ધ્યાનનું સામાન્યથી લક્ષણ કહ્યું. હવે વિશેષથી લક્ષણને કહેવાની ઇચ્છાથી ધ્યાનના ભેદોને અને વિશિષ્ટફલ પ્રત્યેની ધ્યાનની કારણતાને સંક્ષેપથી જણાવતા કહે છે ➩

ગાથાર્થ :- આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ આ ચાર પ્રકારના ધ્યાન છે. તેમાં છેલ્લા બે મોક્ષના કારણ છે અને આર્ત-રૌદ્ર એ સંસારના કારણો છે.

व्याख्या—आर्तं रौद्रं धर्म्यं शुक्लं, तत्र ऋतं—दुःखं तन्निमित्तो दृढाध्यवसायः, ऋते भवमार्तं क्लिष्टमित्यर्थः, हिंसाद्यतिक्रौर्यानुगतं रौद्रं, श्रुतचरणधर्मानुगतं धर्म्यं, शोधयत्यष्टप्रकारं कर्ममलं शुचं वा क्लमयतीति शुक्लम्, अमूनि ध्यानानि वर्तन्ते, अधुना फलहेतुत्वमुपदर्शयति—'तत्र' ध्यानचतुष्टये 'अन्त्ये' चरमे सूत्रक्रमप्रामाण्याद्धर्मशुक्ले इत्यर्थः, किं ?—'निर्वाणसाधने' इह निर्वृतिः निर्वाणं—सामान्येन सुखमभिधीयते तस्य साधने—कारणे इत्यर्थः, ततश्च—'[२३]अट्टेण तिरिक्खगई रुद्दज्झाणेण गम्मती नरयं । धम्मेण देवलोयं सिद्धिगई सुक्कझाणेणं ॥१॥' ति यदुक्तं तदपि न विरुध्यते, देवगतिसिद्धिगत्योः सामान्येन सुखसिद्धेरिति, अथापि निर्वाणं मोक्षस्तथापि पारम्पर्येण धर्मध्यानस्यापि तत्साधनत्वादविरोध इति, तथा 'भवकारणमार्तरौद्रे' इति तत्र भवन्त्यस्मिन् कर्मवशवर्तिनः प्राणिन इति भवः—संसार एव, तथाऽप्यत्र व्याख्यानतो विशेषप्रतिपत्तेः तिर्यग्नरकभवग्रह इति गाथार्थः ॥५॥

साम्प्रतं 'यथोद्देशस्तथा निर्देश' इति न्यायादार्तध्यानस्य स्वरूपाभिधानावसरः, तच्च

---

ટીકાર્થ : આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. તેમાં ઋત એટલે દુઃખ, આ દુઃખના કારણે ઉત્પન્ન થતો દઢ એવો અધ્યવસાય તે આર્ત કહેવાય છે. (આ જ વાતને જણાવે છે કે) દુઃખમાં જે થયેલું હોય તે આર્ત અર્થાત્ ક્લિષ્ટ અધ્યવસાય. હિંસા વિગેરે વિષયક અતિક્રૂરતાથી યુક્ત એવું ધ્યાન તે રૌદ્રધ્યાન. શ્રુત અને ચારિત્રધર્મને અનુસરનારું ધ્યાન ધર્મધ્યાન. આઠ પ્રકારના કર્મમલને અથવા શોકને જે દૂર કરે તે શુક્લધ્યાન. આ ચાર પ્રકારના ધ્યાન છે.

હવે આ ચારે ધ્યાનની ફલ પ્રત્યે કારણતાને (એટલે કે ચારે ધ્યાનના ફલને) જણાવે છે – આ ચાર ધ્યાનોમાંથી છેલ્લા બે એટલે કે સૂત્રમાં જણાવેલ ક્રમ પ્રમાણે ધર્મ અને શુક્લધ્યાન. તે શું ? – આ બંને નિર્વાણના=સુખના કારણો છે. અહીં નિર્વાણ એટલે (મોક્ષ નહિ, પણ) સામાન્ય સુખ. આ બંને ધ્યાનો સુખના કારણ છે એવું કહેવાથી "આર્તધ્યાનવડે તિર્યંચગતિમાં, રૌદ્રધ્યાનવડે નરકગતિમાં, ધર્મધ્યાનવડે દેવલોકમાં અને શુક્લધ્યાનવડે સિદ્ધિગતિમાં જીવ જાય છે." આ શ્લોકમાં ધર્મધ્યાનને દેવગતિનું અને શુક્લધ્યાનને મોક્ષગતિનું કારણ જે કહ્યું છે. તેમાં કોઈ વિરોધ આવશે નહીં, કારણ કે દેવગતિ અને મોક્ષગતિ બંનેમાં સામાન્યથી સુખ રહેલું છે જ.

હવે જો નિર્વાણ તરીકે મોક્ષ લેવો હોય તો પણ કોઈ વિરોધ નથી, કારણ કે પરંપરાએ ધર્મધ્યાન પણ મોક્ષનું સાધન બને જ છે. તથા આર્ત અને રૌદ્રધ્યાન સંસારનું કારણ છે. તેમાં જેને વિશે કર્મને આધીન જીવો હોય છે તે ભવ એટલે કે સંસાર જ. જો કે સંસારશબ્દથી ચારે ગતિ આવવા છતાં અહીં વ્યાખ્યાનથી વિશેષ બોધ થતો હોવાથી સંસારશબ્દથી તિર્યંચ અને નરકભવોનું જ ગ્રહણ કરવું. ॥ધ્યા.—૫॥

અવતરણિકા : હવે જે રીતે ઉદ્દેશ કર્યો હોય (અર્થાત્ અહીં જે રીતે ધ્યાનના ભેદોનો ક્રમ જણાવ્યો છે) તે રીતે જ નિર્દેશ થાય (અર્થાત્ તે રીતે જ તે ભેદોનું વર્ણન કરવું જોઈએ) એ

---

२३. आर्त्तेन तिर्यग्गतिः रौद्रध्यानेन गम्यते नरकः । धर्मेण देवलोकः सिद्धिगतिः शुक्लध्यानेन ॥१॥

स्वविषयलक्षणभेदतश्चतुर्द्धा, उक्तं च भगवता वाचकमुख्येन—"*आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृतिसमन्वाहारः ॥ वेदनायाश्च ॥ विपरीतं मनोज्ञादीनां ॥ निदानं च ॥*" (तत्त्वा० अ ९, सू० ३१-३२-३३-३४) इत्यादि, तत्राऽऽद्यभेदप्रतिपादनायाह—

**अमणुण्णाणं सद्दाइविसयवत्थूण दोसमइलस्स ।**
**धणियं विओगचिंतणमसंपओगाणुसरणं च ॥६॥**

व्याख्या—'अमनोज्ञाना'मिति मनसोऽनुकूलानि मनोज्ञानि इष्टानीत्यर्थः न मनोज्ञानि अमनोज्ञानि तेषां, केषामित्यत आह—'शब्दादिविषयवस्तूना'मिति शब्दादयश्च ते विषयाश्च, आदिग्रहणाद्वर्णादिपरिग्रहः, विषीदन्ति एतेषु सक्ताः प्राणिन इति विषया इन्द्रियगोचरा वा, वस्तूनि तु तदाधारभूतानि रासभादीनि, ततश्च—शब्दादिविषयाश्च वस्तूनि चेति विग्रहस्तेषां, किं ?— सम्प्राप्तानां सतां 'धणियं' अत्यर्थं 'वियोगचिन्तनं' विप्रयोगचिन्तेति योगः, कथं नु नाम ममैभिर्वियोगः स्यादिति भावः, अनेन वर्तमानकालग्रहः, तथा सति च वियोगेऽसम्प्रयोगानुस्मरणं,

---

ન્યાયથી પ્રથમ આર્તધ્યાનના સ્વરૂપને કહેવાનો અવસર છે, અને તે આર્તધ્યાન પોતાના વિષયરૂપ ભેદથી ચાર પ્રકારે છે. (અર્થાત્ આર્તધ્યાનના વિષયો ચાર પ્રકારના હોવાથી તે આર્તધ્યાન ચાર પ્રકારનું છે.)

ભગવાન એવા વાચકમુખ્ય ઉમાસ્વાતિમહારાજે કહ્યું છે – (૧-૨) "અમનોજ્ઞ એવા શબ્દાદિ-વિષયોની અને રોગાદિની વેદનાનો સંપ્રયોગ થતાં તેના વિપ્રયોગ માટે (તે-તે ઉપાયોમાં) મનનું (स्मर्यतेऽनेनेति स्मृतिर्मनः) સ્થાપન કરવું, એટલે કે તેના વિપ્રયોગનું ચિંતન કરવું તે આર્તધ્યાન છે. (૩) એ જ રીતે વિપરીત એટલે કે ઇષ્ટ એવા શબ્દાદિનું અને શાતાવેદનીયનો વિપ્રયોગ થતાં તેના સંપ્રયોગનું ચિંતન. (૪) નિયાણું એ આર્તધ્યાન છે ⇨

**ગાથાર્થ :- દ્વેષથી મલિન એવા જીવનું અમનોજ્ઞ એવા શબ્દાદિવિષયવસ્તુઓના વિયોગનું અને અસંપ્રયોગનું અત્યંત ચિંતન.**

ટીકાર્થ : મનને જે અનુકૂલ એટલે કે ઇષ્ટ હોય તે મનોજ્ઞ કહેવાય. જે મનોજ્ઞ ન હોય તે અમનોજ્ઞ. તેઓના (વિયોગનું ચિંતન એ પ્રમાણે અન્વય જોડવો.) તેઓના એટલે કોના ? તે કહે છે – શબ્દાદિવિષયો અને વસ્તુઓના, શબ્દાદિરૂપ જે વિષયો તે શબ્દાદિવિષય. અહીં આદિશબ્દથી વર્ણ-ગંધાદિ ગ્રહણ કરવા. જેમાં આસક્ત જીવો દુઃખ પામે છે તે વિષયો અથવા ઇન્દ્રિયવિષયો. તથા તે શબ્દાદિના આધારભૂત ગધેડા વિગેરે વસ્તુ તરીકે જાણવા. તેથી શબ્દાદિરૂપ વિષયો અને વસ્તુઓ તે શબ્દાદિવિષયવસ્તુઓ. (આ પ્રમાણે સંપૂર્ણશબ્દના સમાસનો) વિગ્રહ જાણવો. તેઓનું શું ? – આવા અમનોજ્ઞ શબ્દાદિવિષયોનો અને તેના આધારભૂત ગધેડા વિગેરેનો સંયોગ થાય ત્યારે (અર્થાત્ ગધેડાદિના અમનોજ્ઞ શબ્દાદિવિષયો સંભળાય ત્યારે) તેઓના અત્યંત વિયોગની ચિંતા એટલે કે મારાથી આ લોકોનો વિયોગ કેવી રીતે થાય ? (આવા પ્રકારની ચિંતા એ આર્તધ્યાન છે. એ પ્રમાણે અન્વય જોડવો.) આનાવડે વર્તમાનકાલનું

कथमेभिः सदैव सम्प्रयोगाभाव इति ?, अनेन चानागतकालग्रहः, चशब्दात् पूर्वमपि वियुक्तासम्प्रयुक्तयोर्बहुमतत्वेनातीतकालग्रह इति, किंविशिष्टस्य सत इदं वियोगचिन्तनाद्यत आह–'द्वेषमलिनस्य' जन्तोरिति गम्यते, तत्राप्रीतिलक्षणो द्वेषस्तेन मलिनस्य–तदाक्रान्तमूर्तेरिति गाथार्थः ॥६॥

उक्तः प्रथमो भेदः, साम्प्रतं द्वितीयमभिधित्सुराह–

तह सूलसीसरोगाइवेयणाए विजोगपणिहाणं ।
तदसंपओगचिंता तप्पडियाराउलमणस्स ॥७॥

व्याख्या–'तथे'ति धणियम्–अत्यर्थमेव, शूलशिरोरोगवेदनाया इत्यत्र शूलशिरोरोगौ प्रसिद्धौ, आदिशब्दाच्छेषरोगातङ्कपरिग्रहः, ततश्च शूलशिरोरोगादिभ्यो वेदना २, वेद्यत इति वेदना तस्याः किं ?–'वियोगप्रणिधानं' वियोगे दृढाध्यवसाय इत्यर्थः, अनेन वर्तमानकालग्रहः,

---

ગ્રહણ કર્યું. (અર્થાત્ આ વર્તમાનવિષયક આર્તધ્યાન જણાવ્યું.)

તથા આવા શબ્દાદિનો વિયોગ થયા બાદ "કેવી રીતે આ અમનોજ્ઞ શબ્દાદિવિષયોનો હંમેશ માટે સંપ્રયોગનો અભાવ થાય ?" એ પ્રમાણેનું અસંપ્રયોગનું ચિંતન (એ આર્તધ્યાન છે.) આનાદ્વારા ભવિષ્યકાલસંબંધી આર્તધ્યાન જણાવ્યું. 'च'શબ્દથી ભૂતકાળસંબંધી આર્તધ્યાન આ પ્રમાણે જાણવું કે પૂર્વમાં=ભૂતકાળમાં પણ શબ્દાદિનો જે વિયોગ થયો તે અને તેનો જે અસંપ્રયોગ થયો તે, આ બંને તે જીવને અત્યંત ઇષ્ટ હતું. આ ઇષ્ટ હોવાને કારણે "પૂર્વ પણ જે વિયોગ થયો અને અસંપ્રયોગ થયો તે બહુ સારું થયું" એવું ચિંતન ભૂતકાળસંબંધી આર્તધ્યાન સમજવું.

કેવા પ્રકારના જીવને આ વિયોગચિંતનાદિરૂપ આર્તધ્યાન થાય ? તે કહે છે – દ્વેષથી મલિન એવા જીવને આ આર્તધ્યાન થાય છે. તેમાં અહીં દ્વેષ એટલે અપ્રીતિ. તેનાથી આક્રાન્ત છે આત્મા જેનો એવા જીવને આર્તધ્યાન હોય છે. ॥ધ્યા.–૬॥

અવતરણિકા : પ્રથમભેદ કહેવાયો. હવે બીજા ભેદને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :- વેદનાને દૂર કરવામાં વ્યગ્રમનવાળાનું શૂલ, મસ્તકરોગ વિગેરેની વેદનાના વિયોગનું અને આવી વેદનાના અસંપ્રયોગનું અત્યંત=ગાઢ ચિંતન (એ આર્તધ્યાનનો બીજો ભેદ છે.)**

ટીકાર્થ : 'તથા' શબ્દનો અર્થ ધણિય એટલે કે 'અત્યંત' જ જાણવો. (આ શબ્દનો અન્વય ગાથાર્થમાં કહ્યા પ્રમાણે જાણવો.) પેટનું શૂલ અને માથાના દુ:ખાવા વિગેરેરૂપ શિરોરોગ બંને પ્રસિદ્ધ જ છે. અહીં આદિશબ્દથી શેષ રોગો અને આતંકો (શીઘ્રઘાતિ=તરત જ મરણ લાવનાર જે હોય તે આતંક) ગ્રહણ કરવા. શૂલશિરોરોગાદિથી થનારી જે વેદના તે શૂલશિરોરોગાદિવેદના. તેમાં જે વેદાય તે વેદના. તેનું શું ? – તે વેદનાને દૂર કરવાનો દૃઢ અધ્યવસાય. આનાદ્વારા વર્તમાનકાલ ગ્રહણ કર્યો.

अनागतमधिकृत्याह–'तदसम्प्रयोगचिन्ते'ति तस्याः–वेदनायाः कथञ्चिदभावे सत्यसम्प्रयोगचिन्ता, कथं पुनर्ममानया आयत्यां सम्प्रयोगो न स्यादिति ?, चिन्ता चात्र ध्यानमेव गृह्यते, अनेन च वर्तमानानागतकालग्रहणेनातीतकालग्रहोऽपि कृत एव वेदितव्यः, तत्र च भावनाऽनन्तर-गाथायां कृतैव, किंविशिष्टस्य सत इदं वियोगप्रणिधानाद्यत आह–तत्प्रतिकारे–वेदनाप्रतिकारे चिकित्सायामाकुलं–व्यग्रं मनः–अन्तःकरणं यस्य स तथाविधस्तस्य, वियोगप्रणिधानाद्यार्त-ध्यानमिति गाथार्थः ॥७॥

उक्तो द्वितीयो भेदः, साम्प्रतं तृतीयमुपदर्शयन्नाह–

इट्ठाणं विसयाईण वेयणाए य रागरत्तस्स ।
अवियोगऽज्झवसाणं तह संजोगाभिलासो य ॥८॥

व्याख्या–'इष्टानां' मनोज्ञानां विषयादीनामिति विषयाः–पूर्वोक्ताः आदिशब्दाद् वस्तुपरिग्रहः, तथा 'वेदनायाश्च' इष्टाया इति वर्तते, किम् ? – अवियोगाध्यवसानमिति योगः, अविप्रयोगदृढा-ध्यवसाय इति भावः, अनेन वर्तमानकालग्रहः, 'तथा संयोगाभिलाषश्चेति' तत्र 'तथेति' धणियमित्यनेनात्यर्थप्रकारोपदर्शनार्थः, संयोगाभिलाषः–कथं ममैभिर्विषयादिभिरायत्यां सम्बन्ध

---

હવે ભવિષ્યકાલને આશ્રયીને કહે છે – તે વેદના કોઈક રીતે દૂર થયા પછી ફરીથી તે વેદના ન થાય તેનું ચિંતન અર્થાત્ "આ વેદના ભવિષ્યમાં ફરીથી મને કેવી રીતે ન થાય ?" એવી ચિંતા (એ આર્તધ્યાન છે.) અહીં ચિંતા એટલે ધ્યાન જ ગ્રહણ કરવું. (આનાદ્વારા ભવિષ્યકાલ ગ્રહણ કર્યો.) આ વર્તમાન અને ભવિષ્યકાલનું ગ્રહણ કરવાદ્વારા ભૂતકાળનું ગ્રહણ પણ કરાયેલું જ જાણી લેવું. ભૂતકાળનું ગ્રહણ કેવી રીતે સમજવું ? તે પૂર્વેની ગાથામાં જ કહી ગયા છે.

કેવા પ્રકારના જીવને આ વિયોગનું પ્રણિધાનાદિ આર્તધ્યાન થાય ? તે કહે છે – વેદનાના પ્રતિકાર એટલે કે ચિકિત્સામાં વ્યગ્ર છે મન જેનું એવા જીવને આ વિયોગપ્રણિધાનાદિરૂપ આર્તધ્યાન થાય છે. ॥ધ્યા.–૭॥

અવતરણિકા : બીજો ભેદ કહ્યો. હવે આર્તધ્યાનનો ત્રીજો ભેદ જણાવતા કહે છે ⇨

**ગાથાર્થ :- રાગમાં આસક્ત એવા જીવનો ઇષ્ટ એવા વિષયાદિ અને વેદનાના અવિયોગનો અધ્યવસાય અને અત્યંત સંયોગની ઇચ્છા (એ ત્રીજો ભેદ જાણવો.)**

ટીકાર્થ : ઇષ્ટ વિષયો એટલે મનોજ્ઞ એવા વિષયો. અહીં પૂર્વે જે શબ્દાદિ કહ્યા તે વિષયો તરીકે ગ્રહણ કરવા. આદિશબ્દથી વસ્તુ (કોયલ વિગેરે) લેવી. આમ, આ મનોજ્ઞવિષયો અને ઇષ્ટ વેદના (શાતા વેદનીય)નું, આનું શું ? – આ વિષયો અને ઇષ્ટ વેદનાના અવિયોગનો અધ્યવસાય, એટલે કે તેઓનો વિયોગ ન થાઓ તેવો દઢ અધ્યવસાય. આનાદ્વારા વર્તમાનકાલ ગ્રહણ કર્યો.

'तथा संयोगाभिलाषश्च' અહીં 'તથા' શબ્દ 'અત્યંત' અર્થને જણાવનારો છે. તેથી અત્યંત

इतीच्छा, अनेन किलानागतकालग्रह इति वृद्धा व्याचक्षते, चशब्दात् पूर्ववदतीतकालग्रह इति, किंविशिष्टस्य सत इदमवियोगाध्यवसानाद्यत आह–रागरक्तस्य, जन्तोरिति गम्यते, तत्राभिष्वङ्गलक्षणो रागस्तेन रक्तस्य–तद्भावितमूर्तेरिति गाथार्थः ॥८॥

उक्तस्तृतीयो भेदः, साम्प्रतं चतुर्थमभिधित्सुराह–

देविंदचक्कवट्टित्तणाइं गुणरिद्धिपत्थणमईयं ।
अहमं नियाणचिंतणमण्णाणाणुगयमच्चंतं ॥९॥

व्याख्या–दीव्यन्तीति देवाः–भवनवास्यादयस्तेषामिन्द्राः–प्रभवो देवेन्द्राः–चमरादयः तथा चक्रं–प्रहरणं तेन विजयाधिपत्ये वर्तितुं शीलमेषामिति चक्रवर्तिनो–भरतादयः, आदिशब्दाद्बलदेवादिपरिग्रहः अमीषां गुणऋद्धयः देवेन्द्रचक्रवर्त्यादिगुणर्द्धयः, तत्र गुणाः–सुरूपादयः ऋद्धिस्तु विभूतिः, तत्प्रार्थनात्मकं तद्याञ्चामयमित्यर्थः, किं तद् ?–'अधमं' जघन्यं 'निदानचिंतनं' निदानाध्यवसायः–अहमनेन तपस्त्यागादिना देवेन्द्रः स्यामित्यादिरूपः, आह–किमितीदमधमम् ?, उच्यते, यस्मादज्ञानानुगतमत्यन्तं, तथा च नाज्ञानिनो विहाय सांसारिकेषु सुखेष्वन्येषामभिलाष

સંયોગની ઇચ્છા અર્થાત્ ભવિષ્યમાં આ વિષયાદિ સાથે કેવી રીતે મારો સંબંધ થશે એ પ્રમાણેની ઇચ્છા. આનાદ્વારા અનાગતકાલ ગ્રહણ કર્યો એ પ્રમાણે વૃદ્ધો કહે છે. 'च'શબ્દથી પૂર્વની જેમ ભૂતકાલનું પણ ગ્રહણ જાણી લેવું. કેવા પ્રકારના જીવને આ અવિયોગનો અધ્યવસાય વિગેરે થાય ? તે કહે છે – રાગમાં આસક્ત જીવને અર્થાત્ રાગ એટલે આસક્તિ તેનાથી ભાવિત આત્માવાળા જીવને આવા પ્રકારનો અધ્યવસાય થાય છે. ॥ધ્યા.–૮॥

અવતરણિકા : ત્રીજો ભેદ કહ્યો. હવે ચોથા ભેદને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- દેવેન્દ્રો અને ચક્રવર્તીઓના ગુણો અને ઋદ્ધિઓની પ્રાર્થનામય અધમકક્ષાનું, અત્યંત અજ્ઞાનથી યુક્ત એવું નિયાણાનું ચિંતન (એ ચોથો ભેદ જાણવો.)

ટીકાર્થ : જે દીપે=પ્રકાશે છે તે દેવો=ભવનવાસી વિગેરે. તેઓના સ્વામી તે દેવેન્દ્રો એટલે કે ચમરેન્દ્ર વિગેરે. તથા ચક્રનામના શસ્ત્રદ્વારા વિજય મેળવીને રાજ કરવાનો સ્વભાવ છે જેનો તે ચક્રવર્તી=ભરતમહારાજા વિગેરે. આદિશબ્દથી બળદેવ વિગેરે જાણવા. તેઓની ગુણ અને ઋદ્ધિઓ, તે દેવેન્દ્રચક્રવર્ત્યાદિગુણઋદ્ધિઓ (એ પ્રમાણે સમાસ જાણવો.) અહીં ગુણો તરીકે સુરૂપ વિગેરે જાણવા અને ઋદ્ધિ તરીકે વિભૂતિ (સમૃદ્ધિ) જાણવી.

તેની પ્રાર્થનાત્મક એટલે કે આવા ગુણો અને ઋદ્ધિની યાચનામય. આવું યાચનામય શું છે ? – આવો યાચનામય અધમકક્ષાનો નિદાન માટેનો અધ્યવસાય, અર્થાત્ "હું આ તપ, ત્યાગાદિવડે દેવેન્દ્ર થાઉં" આવા પ્રકારનો અધ્યવસાય (એ આર્તધ્યાન છે.)

શંકા : આવા અધ્યવસાયને તમે અધમ શા માટે કહો છો ?

સમાધાન : કારણ કે આ અધ્યવસાય તદ્દન અજ્ઞાનથી યુક્ત છે. અજ્ઞાની જીવો સિવાય

उपजायते, उक्तं च—

"*अज्ञानान्धाश्चटुलवनितापाङ्गविक्षेपितास्ते,*
*कामे सक्तिं दधति विभवाभोगतुङ्गार्जने वा ।*
*विद्वच्चित्तं भवति च महद् मोक्षकाङ्क्षैकतानं,*
*नाल्पस्कन्धे विटपिनि कषत्यंसभित्तिं गजेन्द्रः ॥१॥"*

इति गाथार्थः ॥९॥

उक्तश्चतुर्थो भेदः, साम्प्रतमिदं यथाभूतस्य भवति यद्वर्द्धनं चेदमिति तदेतदभिधातुकाम आह—

**एवं चउव्विहं रागदोसमोहंकियस्स जीवस्स ।**
**अट्टज्झाणं संसारवद्धणं तिरियगइमूलं ॥१०॥**

व्याख्या—'एतद्' अनन्तरोदितं 'चतुर्विधं' चतुष्प्रकारं 'रागद्वेषमोहाङ्कितस्य' रागादिलाञ्छितस्येत्यर्थः, कस्य ?—'जीवस्य' आत्मनः, किम् ?—आर्तध्यानमिति, तथा च इयं चतुष्टयस्यापि क्रिया, किंविशिष्टमित्यत आह—संसारवर्द्धनमोघतः, तिर्यग्गतिमूलं विशेषत इति गाथार्थः ॥१०॥

आह—साधोरपि शूलवेदनाभिभूतस्यासमाधानात् तत्प्रतिकारकरणे च तद्विप्रयोगप्रणिधानापत्तेः तथा तपःसंयमासेवने च नियमतः सांसारिकदुःखवियोगप्रणिधानादार्तध्यानप्राप्ति-

બીજા કોઈ જીવોને ક્યારેય સાંસારિકસુખોમાં ઇચ્છા થતી નથી. કહ્યું છે – "સ્ત્રીઓના ચંચળ કટાક્ષોથી વ્યાકુલિત એવા અજ્ઞાનથી અંધ થયેલા લોકો કામમાં આસક્તિને કરે છે અથવા ધનના ઊંચા ઢગલાઓને મેળવવામાં આસક્ત થાય છે. જ્યારે વિદ્વાનોનું મહાન એવું ચિત્ત મોક્ષની કાંક્ષામાં લીન થાય છે. વિશિષ્ટ હાથી ક્યારેય નાના થડવાળા વૃક્ષને વિશે પોતાની પીઠ ખંજવાળતો નથી. ॥૧॥" ॥ધ્યા.–૯॥

અવતરણિકા : ચોથો ભેદ કહ્યો. હવે આ આર્તધ્યાન કેવા પ્રકારના જીવને હોય ? અને આ આર્તધ્યાન કોને વધારનારું છે ? તે કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :- રાગ, દ્વેષ અને મોહથી વ્યાપ્ત એવા જીવને આ ચારપ્રકારનું આર્તધ્યાન હોય છે. આર્તધ્યાનરૂપ આ અધ્યવસાય સંસારને વધારનારો છે અને તિર્યંચગતિને આપનારો છે.**

ટીકાર્થ : આ એટલે કે હમણાં જ કહેવાયેલા ચારપ્રકારોવાળું આર્તધ્યાન રાગાદિથી યુક્ત એવા જીવને હોય છે. ચારેપ્રકારના આ આર્તધ્યાનની ક્રિયા એ કેવા પ્રકારની છે ? તે કહે છે કે તે ક્રિયા સામાન્યથી સંસારને વધારનારી છે. જ્યારે વિશેષથી તિર્યંચગતિને આપનારી છે. ॥ધ્યા.–૧૦॥

શંકા : (આ ચાર પ્રકારને જો આર્તધ્યાન કહેવાતું હોય તો) શૂલની વેદનાથી પીડાતા એવા સાધુને પણ (૧) અસમાધિ થવાથી અને (૨) તેનો જો પ્રતિકાર કરે તો તેના વિયોગનું પ્રણિધાન માનવું પડતું હોવાથી તથા (૩) તપ અને સંયમનું સેવન કરવામાં (આ તપાદિથી ભવિષ્યમાં સાંસારિકદુઃખો ન આવે તો સારું એ પ્રમાણેનું) સાંસારિકદુઃખોના વિયોગનું પ્રણિધાન

रिति, अत्रोच्यते, रागादिवशवर्तिनो भवत्येव, न पुनरन्यस्येति, आह च ग्रन्थकारः–

मज्झत्थस्स उ मुणिणो सकम्मपरिणामजणियमेयंति ।
वत्थुस्सभावचिंतणपरस्स समं सहंतस्स ॥११॥

व्याख्या–मध्ये तिष्ठतीति मध्यस्थः, रागद्वेषयोरिति गम्यते, तस्य मध्यस्थस्य, तुशब्द एवकारार्थः, स चावधारणे, मध्यस्थस्यैव नेतरस्य, मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिस्तस्य मुनेः साधोरित्यर्थः, स्वकर्मपरिणामजनितमेतत्–शूलादि, यच्च प्राक्कर्मविपरिणामिदैवादशुभमापतति न तत्परितापाय भवन्ति सन्तः, उक्तं च परममुनिभिः–'[२४]*पुव्विं खलु भो! कडाणं कम्माणं दुच्चिण्णाणं दुप्पडिक्कंताणं वेइत्ता मोक्खो, नत्थि अवेइत्ता, तवसा वा झोसइत्ते*त्यादि, एवं वस्तुस्वभावचिन्तनपरस्य 'सम्यक्' शोभनेनाध्यवसायेन सहमानस्य सतः कुतोऽसमाधानम् ?, अपि तु धर्म्यमनिदानमिति वक्ष्यतीति गाथार्थः ॥११॥

નિયમથી હોવાથી આર્તધ્યાનની પ્રાપ્તિ થશે.

સમાધાન : જે સાધુ રાગાદિને આધીન છે તેને આવા પ્રકારનું આર્તધ્યાન થાય છે, પરંતુ અન્યને નહીં. આ જ વાતને ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- પોતાના કર્મના ઉદયથી આ (શૂલવેદનાદિ) થયું છે. એ પ્રમાણે વસ્તુના સ્વભાવના ચિંતનમાં તત્પર (અને તે વેદનાને) સમ્યગ્ રીતે સહન કરનારા મધ્યસ્થ મુનિને (અસમાધિ થતી નથી.)

ટીકાર્થ : રાગ અને દ્વેષના મધ્યમાં જે રહે છે તે મધ્યસ્થ. 'तु' શબ્દ 'જ'કાર અર્થમાં છે અને તે 'જ'કાર અવધારણ અર્થમાં હોવાથી બીજાને નહીં પણ મધ્યસ્થ જીવને જ (અસમાધિ થતી નથી. એ પ્રમાણે અન્વય જોડવો), જે જગતના ત્રણે કાલની અવસ્થાને જાણે છે તે મુનિ એટલે કે સાધુ, આવા મુનિને, (વળી, તે મુનિ કેવો છે ? તે કહે છે –) આ શૂલાદિ એ સ્વકર્મના ઉદયથી ઉત્પન્ન થયું છે અને પૂર્વ કર્મોના વિપરીતપરિણામના પ્રભાવથી જે અશુભ આવી પડે છે તેમાં સજ્જનો પરિતાપ કરતા નથી. પરમમુનિઓવડે કહેવાયું જ છે – "હે સાધુઓ ! પૂર્વે દુષ્ટમનથી આચરેલાં કર્મોનું જો (આલોચના-પ્રાયશ્ચિત્તદ્વારા) પ્રતિક્રમણ ન કર્યું હોય તો તે કર્મોનો ભોગવીને જ છુટકારો થાય છે, પરંતુ ભોગવ્યા વિના કે તપવડે ખપાવ્યા વિના છુટકારો થતો નથી. (અર્થાત્ કાં તો કર્મોને ભોગવીને, કાં તો તપવડે ખપાવીને જ મોક્ષ થાય અન્યથા નહીં. દશવૈ. પ્ર.ચૂ.-૧૮)" વિગેરે.

આ પ્રમાણે વસ્તુસ્વભાવના ચિંતનમાં તત્પર અને શુભ અધ્યવસાયવડે તે વેદનાદિને સહન કરનાર એવા સાધુને ક્યાંથી અસમાધિ થાય ? (અર્થાત્ ન થાય) ઊલટું નિયાણા વિનાનું ધર્મધ્યાન થાય છે. એ વાત આગળની ગાથામાં જણાવશે. ॥ધ્યા.–૧૧॥

२४. पूर्वं खलु भोः कृतानां कर्मणां दुश्चीर्णानां दुष्प्रतिक्रान्तानां वेदयित्वा मोक्षो नास्त्यवेदयित्वा तपसा वा क्षपयित्वा ।

परिहृत आशङ्कागतः प्रथमपक्षः, द्वितीयतृतीयावधिकृत्याह—

**कुणओ व पसत्थालंबणस्स पडियारमप्पसावज्जं ।**
**तवसंजमपडियारं च सेवओ धम्ममणियाणं ॥१२॥**

व्याख्या—कुर्वतो वा, कस्य ?—प्रशस्तं-ज्ञानाद्युपकारकम् आलम्ब्यत इत्यालम्बनं-प्रवृत्तिनिमित्तं शुभमध्यवसानमित्यर्थः, उक्तं च—

"*काहं[२५] अछित्तिं अदुवा अहीहं, तवोवहाणेसु य उज्जमिस्सं ।*
*गणं च णीती अणुसारवेस्सं, सालंबसेवी समुवेइ मोक्खं ॥१॥*"

इत्यादि यस्यासौ प्रशस्तालम्बनस्तस्य, किं कुर्वत इत्यत आह—'प्रतीकारं' चिकित्सालक्षणं, किंविशिष्टम् ?—'अल्पसावद्यम्' अवद्यं—पापं सहावद्येन वर्तते इति सावद्यम्, अल्प-

અવતરણિકા : ગાથા ૧૦માં જણાવેલી પ્રથમ અસમાધિની શંકાસંબંધી પ્રથમપક્ષનો જવાબ આપી દીધો. હવે બીજા અને ત્રીજાપક્ષને આશ્રયીને જવાબ આપે છે ⇨

**ગાથાર્થ :- અથવા અલ્પસાવદ્યવાળી ચિકિત્સાને કરતા પ્રશસ્ત-આલંબનવાળા સાધુને ધર્મધ્યાન જ છે અને નિયાણા વિના તપ-સંયમને જ પ્રતિકાર તરીકે સેવતા સાધુને ધર્મધ્યાન જ હોય છે.**

ટીકાર્થ : (ગા. ૧૦માં પૂર્વપક્ષે કહ્યું કે - જો શૂલરોગાદિને દૂર કરવાનો અધ્યવસાય આર્તધ્યાન કહેવાતું હોય તો શૂલાદિથી પીડાતો સાધુ જો તે પીડાને દૂર કરવા ચિકિત્સા કરે તો તે સાધુને પણ આર્તધ્યાન માનવું પડે. આ રીતની પૂર્વપક્ષની આશંકાનું સમાધાન આપે છે કે – પ્રતિકારને) કરનાર, એવા કોણ ? – જ્ઞાનાદિને ઉપકાર કરનારું જે હોય તે પ્રશસ્ત. જેનું આલંબન લેવાય તે આલંબન અર્થાત્ પ્રવૃત્તિના કારણભૂત એવો શુભ-અધ્યવસાય.

કહ્યું છે – "(કોઈક એવું મહત્ત્વનું શ્રુત હોય જે હવે અમુક સાધુ સિવાય કોઈ બીજા પાસે વિદ્યમાન ન હોય. એવા તે સાધુને કોઈક ઘાતક માંદગી આવી. તે સમયે જો પોતે વિચારે કે હું ચિકિત્સા કરાવીશ તો થોડુંક વધારે જીવીશ અને તે દરમિયાન કોઈ શિષ્યાદિને તે અલભ્ય શ્રુત ભણાવી દઈશ. જેથી તે શ્રુત નાશ થતું બચી જશે... આ રીતે) હું (શ્રુતાદિને) વિનાશ થતું અટકાવીશ અથવા હું (=સાધુ) જો ચિકત્સાદિ કરીશ તો વિવક્ષિત શ્રુત ભણી શકીશ. અથવા તપ અને યોગોદ્વહનમાં હું ઉદ્યમ કરી શકીશ અથવા નીતિપૂર્વક ગચ્છને સંભાળી શકીશ. આવા પ્રકારના આલંબન લઈને (સાવદ્ય) સેવનારો મોક્ષને પામે છે. ॥૧॥" વિગેરે.

આવું પ્રશસ્ત છે આલંબન જેનું તે પ્રશસ્તાલંબનવાળો – તેને. શું કરતા તેને ? તે કહે છે – ચિકિત્સારૂપ પ્રતિકારને કરતા, કેવા પ્રકારની ચિકિત્સા છે ? અલ્પસાવદ્યવાળી ચિકિત્સા. અવદ્ય એટલે પાપ. પાપ સાથે જે હોય તે સાવદ્ય. અલ્પશબ્દ અભાવવાચી અથવા સ્તોકવાચી

૨૫. करिष्याम्यच्छित्तिमथवाध्येष्ये तपउपधानयोश्चोद्यंस्यामि । गणं च नीत्या सारयिष्यामि सालम्बसेवी समुपैति मोक्षम् ॥१॥

शब्दोऽभाववचनः स्तोकवचनो वा, अल्पं सावद्यं यस्मिन्नसावल्पसावद्यस्तं, धर्म्यमनिदानमेवेति योगः, कुतः ?–निर्दोषत्वात्, निर्दोषत्वं च वचनप्रामाण्याद्, उक्तं च–'[२६]*गीयत्थो जयणाए कडजोगी कारणंमि निद्दोसो*'त्तीत्याद्यागमस्योत्सर्गापवादरूपत्वाद्, अन्यथा परलोकस्य साधयितुमशक्यत्वात्, साधु चैतदिति, तथा 'तपःसंयमप्रतिकारं च सेवमानस्ये'ति तपःसंयमावेव प्रतिकारस्तपःसंयमप्रतिकारः, सांसारिकदुःखानामिति गम्यते, तं च सेवमानस्य, चशब्दात्पूर्वोक्तप्रतिकारं च, किं ? 'धर्म्यं' धर्मध्यानमेव भवति, कथं सेवमानस्य ?–'अनिदान'मिति क्रियाविशेषणं, देवेन्द्रादिनिदानरहितमित्यर्थः, आह–कृत्स्नकर्मक्षयान्मोक्षो भवत्वितीदमपि निदानमेव, उच्यते, सत्यमेतदपि निश्चयतः प्रतिषिद्धमेव, कथं ?–

જાણવો. તેથી અલ્પ છે સાવદ્ય જેમાં (અર્થાત્ સાવદ્ય જેમાં બિલકુલ નથી અથવા થોડું છે) એવી ચિકિત્સા. આવી ચિકિત્સા કરનારને નિદાન રહિતનું જ ધર્મધ્યાન હોય છે એ પ્રમાણે અન્વય જોડવો.

શા માટે તેનું આ ધર્મધ્યાન કહેવાય છે ? – તે કહે છે કે પ્રશસ્તાલંબન લઈને ચિકિત્સા કરાવનાર સાધુ નિર્દોષ છે માટે, (નિર્દોષ શા માટે ?) વચનની પ્રમાણતાને લઈને તે સાધુ નિર્દોષ છે કારણ કે આગમમાં કહ્યું છે – "કૃતયોગી (= સત્ત્વ, સૂત્ર, તપ વિગેરે યોગો વારંવાર સેવવાદ્વારા જેણે અભ્યસ્ત કરેલા છે) એવો ગીતાર્થ સાધુ કારણ આવતા જયણાપૂર્વક દોષ સેવે તો પણ તે નિર્દોષ જ છે." વિગેરે. (શંકા : આગમ આવું દોષવાળું સેવવાનું કેમ કહે છે ? સમાધાન : તેનું કારણ એ છે કે) આગમ ઉત્સર્ગ અને અપવાદ ઉભયરૂપ છે. (તે ઉત્સર્ગસ્થાને ઉત્સર્ગ અને અપવાદસ્થાને અપવાદનું સેવન કરવાનું કહે છે.) અન્યથા=જો એ પ્રમાણેનું આચરણ કરવામાં ન આવે તો પરલોક સાધવો અશક્ય બને. તેથી અપવાદસ્થાને રોગનો પ્રતિકાર કરનાર સાધુને જે ધર્મધ્યાન કહ્યું તે યોગ્ય છે.

(હવે પૂર્વપક્ષે જે કહ્યું હતું કે "તપ-સંયમના સેવનમાં નિયમથી સાંસારિકદુઃખોના વિયોગનું પ્રણિધાન હોય," તેનું સમાધાન આપે છે.) તપ અને સંયમ એ જ પોતે પ્રતિકારસ્વરૂપ છે. (કોના ?–) સાંસારિકદુઃખોના. આ સાંસારિકદુઃખોના તપ-સંયમરૂપ પ્રતિકારને અને 'ચ' શબ્દથી પૂર્વોક્ત (ચિકિત્સારૂપ)પ્રતિકારને કરતા સાધુને ધર્મધ્યાન જ થાય છે. કેવી રીતે તે પ્રતિકારને કરે તો ધર્મધ્યાન થાય ? 'अनिदानं' આ ક્રિયાવિશેષણ છે. તેથી દેવેન્દ્રાદિનું નિયાણુ રાખ્યા વિના પ્રતિકારને આચરતા સાધુને ધર્મધ્યાન થાય છે.

શંકા : (તમે જો નિયાણાની ના પાડતા હો તો) 'સંપૂર્ણકર્મના ક્ષયથી મારો મોક્ષ થાઓ' આવા પ્રકારની મોક્ષેચ્છા પણ નિદાન જ છે.

સમાધાન : તમારી વાત સાચી છે. મોક્ષની ઇચ્છા પણ નિશ્ચયથી પ્રતિષિદ્ધ જ છે. કેવી

२६. गीतार्थो यतनया कृतयोगी कारणे निर्दोषः ।

*"मोक्षे भवे च सर्वत्र, निस्पृहो मुनिसत्तमः ।*
*प्रकृत्यभ्यासयोगेन, यत उक्तो जिनागमे ॥१॥"*

इति, तथापि तु भावनायामपरिणतं सत्त्वमङ्गीकृत्य व्यवहारत इदमदुष्टमेव, अनेनैव प्रकारेण तस्य चित्तशुद्धेः क्रियाप्रवृत्तियोगाच्चेत्यत्र बहु वक्तव्यं तत्तु नोच्यते ग्रन्थविस्तरभयादिति गाथार्थः ॥१२॥

अन्ये पुनरिदं गाथाद्वयं चतुर्भेदमप्यार्तध्यानमधिकृत्य साधोः प्रतिषेधरूपतया व्याचक्षते, न च तदत्यन्तसुन्दरं, प्रथमतृतीयपक्षद्वये सम्यगाशङ्काया एवानुपपत्तेरिति । आह–उक्तं भवताऽऽर्तध्यानं संसारवर्द्धनमिति, तत्कथम् ?, उच्यते–बीजत्वात्, बीजत्वमेव दर्शयन्नाह–

**रागो दोसो मोहो य जेण संसारहेयवो भणिया ।**
**अट्टंमि य ते तिण्णिवि तो तं संसारतरुबीयं ॥१३॥**

---

રીતે ? તે કહે છે – "કારણ કે જિનાગમમાં કહ્યું છે કે, સ્વસ્વભાવના વારંવારના અભ્યાસને લીધે ઉત્તમ મુનિ મોક્ષ અને સંસાર બંનેમાં નિઃસ્પૃહ બને છે. ॥૧॥"

તેથી મોક્ષેચ્છા નિશ્ચયથી નિષિદ્ધ હોવા છતાં ભાવનાઓદ્વારા જે જીવ પરિણત થયો નથી તેવા અપરિણત જીવને આશ્રયીને વ્યવહારથી મોક્ષેચ્છા દુષ્ટ નથી જ, કારણ કે આવા પ્રકારની મોક્ષેચ્છાથી જ તે જીવની ચિત્તશુદ્ધિ અને મોક્ષસાધક ક્રિયાઓમાં પ્રવૃત્તિનો યોગ થાય છે. આ વિષયમાં ઘણું વક્તવ્ય હોવા છતાં ગ્રંથવિસ્તારના ભયથી કહેવાતું નથી. (સંપૂર્ણ ટીકાનો ભાવાર્થ ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥ધ્યા.–૧૨॥ કેટલાક આચાર્યો ઉપરોક્ત બંને ગાથાઓ ચારે પ્રકારના આર્તધ્યાન સાધુને હોતા નથી એ પ્રમાણે સાધુને આર્તધ્યાનનો પ્રતિષેધ જણાવનારી છે એમ કહે છે.

પરંતુ તેમની આ વાત અત્યંત સુંદર નથી, કારણ કે જો એવું માનો તો 'સાધુને શૂલવેદનાથી અસમાધિ થતાં આર્તધ્યાન માનવું એવા પ્રકારનો પૂર્વપક્ષનો પ્રથમપક્ષ અને તપ-સંયમસેવનમાં સાંસારિકદુઃખોના વિયોગનું પ્રણિધાન હોવાથી આર્તધ્યાન માનવું એવા પ્રકારનો ત્રીજો પક્ષ – આ બંને પક્ષસંબંધી શંકાઓ સમ્યગ્ રીતે ઘટશે જ નહીં. (કારણ કે બંને ગાથાઓ જો સાધુને આર્તધ્યાનનો નિષેધ કરનારી જ હોય તો શંકા થવાનો કોઈ અવકાશ જ નથી. તેથી આ બંને ગાથાઓ નિષેધ કરનારી નહીં પરંતુ પૂર્વપક્ષે કરેલ શંકાનું સમાધાન આપનારી છે એવું માનવું જ યોગ્ય છે.)

શંકા : આર્તધ્યાન એ સંસારને વધારનારું છે એવું જે તમે કહ્યું, તે કેવી રીતે સમજવું ?

સમાધાન : આર્તધ્યાન એ સંસારનું બીજ હોવાથી તે સંસારને વધારનારું છે. આર્તધ્યાન એ બીજ છે એ વાત જણાવતા કહે છે ⇨

**ગાથાર્થ :- જે કારણથી રાગ, દ્વેષ અને મોહ આ ત્રણે સંસારના કારણો તરીકે કહ્યા છે અને આર્તધ્યાનમાં આ ત્રણે રહેલા છે, તેથી તે આર્તધ્યાન સંસારરૂપી વૃક્ષનું બીજ છે.**

व्याख्या–रागो द्वेषो मोहश्च येन कारणेन 'संसारहेतवः' संसारकारणानि 'भणिता' उक्ताः परममुनिभिरिति गम्यते 'आर्ते च' आर्तध्याने च ते 'त्रयोऽपि' रागादयः संभवन्ति, यत एवं ततस्तत् 'संसारतरुबीजं' भववृक्षकारणमित्यर्थः । आह–यद्येवमोघत एव संसारतरुबीजं ततश्च तिर्यग्गतिमूलमिति किमर्थमभिधीयते ?, उच्यते, तिर्यग्गतिगमननिबन्धनत्वेनैव संसारतरुबीजमिति, अन्ये तु व्याचक्षते–तिर्यग्गतावेव प्रभूतसत्त्वसम्भवात् स्थितिबहुत्वाच्च संसारोपचार इति गाथार्थः ॥१३॥

इदानीमार्त्तध्यायिनो लेश्याः प्रतिपाद्यन्ते–

कावोयनीलकालालेस्साओ णाइसंकिलिट्ठाओ ।
अट्टज्झाणोवगयस्स कम्मपरिणामजणिआओ ॥१४॥

व्याख्या–कापोतनीलकृष्णलेश्याः, किम्भूताः ? 'नातिसंक्लिष्टा' रौद्रध्यानलेश्यापेक्षया नातीवाशुभानुभावा भवन्तीति क्रिया, कस्येत्यत आह–आर्तध्यानोपगतस्य, जन्तोरिति गम्यते, किंनिबन्धना एता इत्यत आह-कर्मपरिणामजनिताः, तत्र–

*"कृष्णादिद्रव्यसाचिव्यात्, परिणामो य आत्मनः ।*
*स्फटिकस्येव तत्रायं, लेश्याशब्दः प्रयुज्यते ॥१॥"*

---

ટીકાર્થ : જે કારણથી પરમમુનિઓવડે રાગ, દ્વેષ અને મોહ આ ત્રણે સંસારના કારણ તરીકે કહેવાયેલા છે અને આર્તધ્યાનમાં આ રાગાદિ ત્રણે સંભવે છે. જે કારણથી આર્તધ્યાનમાં આ ત્રણે છે, તે કારણથી તે આર્તધ્યાન સંસારરૂપી વૃક્ષનું બીજ એટલે કે કારણ છે.

શંકા : જો આ પ્રમાણે આર્તધ્યાન એ સામાન્યથી જ સંસારવૃક્ષનું કારણ છે. તો તે તિર્યંચગતિનું મૂલ છે એવું શા માટે કહો છો ?

સમાધાન : આર્તધ્યાન એ તિર્યંચગતિમાં લઈ જવા દ્વારા જ સંસારવૃક્ષનું કારણ છે. કેટલાક આચાર્યો કહે છે કે - તિર્યંચગતિમાં જ ઘણા જીવોનો સંભવ હોવાથી અને તિર્યંચગતિમાં જ સ્થિતિ=કાયસ્થિતિ મોટી હોવાથી તિર્યંચગતિમાં સંસારનો ઉપચાર કરવામાં આવ્યો છે. ||ધ્યા.–૧૩||

અવતરણિકા : હવે આર્તધ્યાનીઓની લેશ્યા પ્રતિપાદન કરાય છે ⇨

**ગાથાર્થ :- આર્તધ્યાનને પામેલા જીવને કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી અતિસંક્લેશ વિનાની કાપોત, નીલ અને કૃષ્ણ આ ત્રણ લેશ્યાઓ હોય છે.**

ટીકાર્થ : કાપોત, નીલ અને કૃષ્ણલેશ્યા. કેવા પ્રકારની આ લેશ્યાઓ છે ? રૌદ્રધ્યાનની અપેક્ષાએ અત્યંત અશુભરસવાળી આ લેશ્યાઓ હોતી નથી. કોને આવી લેશ્યાઓ હોય ? તે કહે છે – આર્તધ્યાનને પામેલા એવા જીવને આવી લેશ્યાઓ હોય છે. કયા કારણથી આ લેશ્યાઓ ઉત્પન્ન થયેલી હોય છે ? તે કહે છે – કર્મના ઉદયથી આ લેશ્યાઓ ઉત્પન્ન થયેલી હોય છે. કહ્યું છે – "જેમ સ્ફટિક સ્વયં નિર્મળ-પારદર્શક છે, પણ જેવા રંગના દ્રવ્યનો સંબંધ થાય તેવા રંગનો બને છે, તેમ કૃષ્ણાદિદ્રવ્યોના સહાયથી આત્મામાં જે પરિણામ ઉત્પન્ન

एताः कर्मोदयायत्ता इति गाथार्थः ॥१४॥

आह–कथं पुनरोघत एवाऽऽर्त्तध्यायी ज्ञायत इति ?, उच्यते, लिङ्गेभ्यः, तान्येवोपदर्शयन्नाह–

तस्सऽक्कंदणसोयणपरिदेवणताडणाइं लिंगाइं ।
इट्ठाणिट्ठवियोगावियोगवियणानिमित्ताइं ॥१५॥

व्याख्या–'तस्य' आर्तध्यायिनः आक्रन्दनादीनि लिङ्गानि, तत्राऽऽक्रन्दनं–महता शब्देन विरवणं, शोचनं त्वश्रुपरिपूर्णनयनस्य दैन्यं, परिदेवनं–पुनः पुनः क्लिष्टभाषणं, ताडनम्–उरःशिरःकुट्टनकेशलुञ्चनादि, एतानि 'लिङ्गानि' चिह्नानि, अमूनि च इष्टानिष्टवियोगावियोग-वेदनानिमित्तानि, तत्र इष्टवियोगनिमित्तानि तथाऽनिष्टावियोगनिमित्तानि तथा वेदनानिमित्तानि चेति गाथार्थः ॥१५॥ किं चान्यत्–

निंदइ य नियकयाइं पसंसइ सविम्हओ विभूईओ ।
पत्थेइ तासु रज्जइ तयज्जणपरायणो होइ ॥१६॥

व्याख्या–'निन्दति च' कुत्सति च 'निजकृतानि' आत्मकृतानि अल्पफलविफलानि कर्मशिल्पकलावाणिज्यादीन्येतद्गम्यते, तथा 'प्रशंसति' स्तौति बहुमन्यते 'सविस्मयः' साश्चर्यः

---

થાય છે. તે પરિણામમાં લેશ્યાશબ્દનો પ્રયોગ થાય છે. ॥૧॥" આ લેશ્યાઓ કર્મના ઉદયને આધીન હોય છે. ॥ધ્યા.–૧૪ ॥

અવતરણિકા : શંકા : 'આ આર્તધ્યાનવાળો છે' એવું સામાન્યથી કેવી રીતે જણાય ?

સમાધાન : ચિહ્નો ઉપરથી સામેવાળો આર્તધ્યાયી છે એવું જણાય છે, તે લિંગોને જ જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આક્રન્દન વિગેરે આર્તધ્યાનીના લિંગો છે. તેમાં આક્રન્દન એટલે મોટા અવાજે રડવું. શોચન એટલે આંસુઓથી ભરપૂર એવા આંખોવાળાની દીનતા. પરિદેવન એટલે વારંવાર ગમે તેમ બોલવું. તાડન એટલે છાતી-માથા કૂટવા, વાળ ખેંચવા વિગેરે. આ બધા આર્તધ્યાનને જાણવા માટેના ચિહ્નો છે. તથા ઈષ્ટનો વિયોગ, અનિષ્ટનો અવિયોગ અને વેદના એ તે ચિહ્નોના કારણો છે. તેમાં ઈષ્ટનો વિયોગ એ છે નિમિત્ત=કારણ જેનું તે ઈષ્ટવિયોગનિમિત્તક ચિહ્ન. એ જ પ્રમાણે અનિષ્ટ-અવિયોગનિમિત્તક અને વેદનાનિમિત્તક ચિહ્નો જાણવા. (ટૂંકમાં આક્રન્દનાદિ આર્તધ્યાનનાં ચિહ્નો છે અને ઈષ્ટવિયોગાદિ ચિહ્નના કારણો છે.) ॥ધ્યા.–૧૫॥ વળી –

ગાથાર્થ :- સ્વકૃતોની નિંદા કરે. આશ્ચર્ય પામેલો તે બીજાની વિભૂતિઓની પ્રશંસા કરે. પરવિભૂતિઓની પ્રાર્થના કરે. પ્રાપ્ત વિભૂતિઓમાં રાગ કરે, તે વિભૂતિઓને મેળવવામાં ઉદ્યમી હોય.

ટીકાર્થ : પોતાનાવડે કરાયેલા અલ્પફલવાળા કે નિષ્ફલ એવા કર્મ, શિલ્પકળા, વેપારાદિની નિંદા કરે (અર્થાત્ પોતે જે વેપાર વિગેરે કરતો હોય તેનું અલ્પફલ મળતું હોવાથી કે તે

'विभूतीः' परसम्पद इत्यर्थः, तथा 'प्रार्थयते' अभिलषति परविभूतीरिति, 'तासु रज्यते' तास्विति प्राप्तासु विभूतिषु रागं गच्छति, तथा 'तदर्जनपरायणो भवति' तासां–विभूतीनामर्जने–उपादाने परायणः–उद्युक्तः तदर्जनपरायण इति, ततश्च यश्चैवम्भूतो भवति, असावप्यार्तध्यायीति गाथार्थः ॥१६॥ किं च–

सद्दाइविसयगिद्धो सद्धम्मपरम्मुहो पमायपरो ।
जिणमयमणवेक्खंतो वट्टइ अट्टंमि झाणंमि ॥१७॥

व्याख्या–शब्दादयश्च ते विषयाश्च तेषु गृद्धः–मूर्च्छितः काङ्क्षावानित्यर्थः, तथा 'सद्धर्मपराङ्मुखः', तत्र दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्मः संश्चासौ धर्मश्च सद्धर्मः–क्षान्त्यादिकश्चरणधर्मो गृह्यते ततः पराङ्मुखः, 'प्रमादपरः' मद्यादिप्रमादासक्तः, 'जिनमतमनपेक्षमाणो वर्तते आर्तध्याने' इति तत्र जिनाः–तीर्थकरास्तेषां मतम्–आगमरूपं प्रवचनमित्यर्थः तदनपेक्षमाणः–तन्निरपेक्ष इत्यर्थः, किम् ?–वर्तते आर्त्तध्याने इति गाथार्थः ॥१७॥

साम्प्रतमिदमार्तध्यानं सम्भवमधिकृत्य यदनुगतं यदनर्हं वर्तते तदेतदभिधित्सुराह–

तदविरयदेसविरया पमायपरसंजयाणुगं झाणं ।
सव्वप्पमायमूलं वज्जेयव्वं जइजणेणं ॥१८॥

---

વેપારાદિ નિષ્ફલ જતા હોવાથી પોતાના વેપાર વિગેરેની નિંદા કરે. અહીં કર્મ એટલે જેમાં આચાર્યના ઉપદેશની જરૂર પડતી ન હોય તેવા કાર્યો અને શિલ્પ એટલે જેમાં આચાર્યના ઉપદેશની જરૂર પડે તે. વિગેરે પૂર્વની જેમ જાણવું.)

તથા આશ્ચર્યસહિત તે બીજાની સંપત્તિઓની પ્રશંસા કરે, પરસંપત્તિઓની પ્રાર્થના કરે, પ્રાપ્ત થયેલી સંપત્તિઓમાં આસક્તિ કરે, તથા તે સંપત્તિઓને મેળવવા પાછળ ઉદ્યમ કરે. આમ, જે આવા પ્રકારનો હોય તે પણ આર્તધ્યાયી જાણવો. ॥ધ્યા.–૧૬॥ વળી –

**ગાથાર્થ :- શબ્દાદિવિષયોમાં આસક્ત, સદ્ધર્મથી પરાઙ્મુખ, પ્રમાદમાં તત્પર અને જિનમતથી નિરપેક્ષ જીવ આર્તધ્યાનમાં વર્તે છે.**

**ટીકાર્થ :** શબ્દાદિરૂપ તે વિષયોમાં મૂર્ચ્છિત એટલે કે તેની ઇચ્છાવાળો, તથા સદ્ધર્મથી પરાઙ્મુખ, અહીં જે દુર્ગતિમાં પડતા આત્માને ધારણ કરે=પકડી રાખે=બચાવે તે ધર્મ, સદ્ એવો જે ધર્મ તે સદ્ધર્મ અર્થાત્ ક્ષમા વિગેરે ચારિત્રધર્મ. આવા સદ્ધર્મથી પરાઙ્મુખ, દારૂ વિગેરે પ્રમાદમાં આસક્ત તથા જિનમતની અપેક્ષા વિનાનો જીવ આર્તધ્યાનમાં વર્તે છે. અહીં જિન એટલે તીર્થંકરો, તેમનો જે મત=આગમરૂપ પ્રવચન તે જિનમત. તેની અપેક્ષા વિનાનો એટલે કે તેનાથી નિરપેક્ષ જીવ આર્તધ્યાનમાં વર્તે છે. ॥ધ્યા.–૧૭ ॥

**અવતરણિકા :** હવે આ આર્તધ્યાન સંભાવનાને આશ્રયીને જેને હોય તેને તથા જેને ન હોય તેને કહેવાની ઇચ્છાવાળા કહે છે ⇨

**ગાથાર્થ :- તે આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમાદમાં તત્પર એવા સંયતોને અનુસરનારું છે, સર્વપ્રમાદોનું મૂલ છે. (માટે) સાધુજને તે છોડવા યોગ્ય છે.**

व्याख्या–'तद्' आर्तध्यानमिति योगः, 'अविरतदेशविरतप्रमादपरसंयतानुग'मिति तत्राविरता-मिथ्यादृष्टयः सम्यग्दृष्टयश्च, देशविरताः–एकद्व्याद्यणुव्रतधरादिभेदाः श्रावकाः, प्रमादपराः–प्रमादनिष्ठाश्च ते संयताश्च २ताननुगच्छतीति विग्रहः, नैवाप्रमत्तसंयताननिति भावः, इदं च स्वरूपतः सर्वप्रमादमूलं वर्तते, यतश्चैवमतो 'वर्जयितव्यं' परित्यजनीयं, केन ?–'यतिजनेन' साधुलोकेन, उपलक्षणत्वात् श्रावकजनेन, परित्यागार्हत्वादेवास्येति गाथार्थः ॥१८॥

उक्तमार्तध्यानं, साम्प्रतं रौद्रध्यानावसरः, तदपि चतुर्विधमेव, तद्यथा–हिंसानुबन्धि मृषानुबन्धि स्तेयानुबन्धि विषयसंरक्षणानुबन्धि च, उक्तं च भगवतोमास्वातिवाचकेन–"*हिंसाऽनृतस्तेयविषय-संरक्षणेभ्यो रौद्र*"मित्यादि ( तत्त्वार्थे अ० ९ सू०-३६ ) ॥

तत्राऽऽद्यभेदप्रतिपादनायाह–

सत्तवहवेहबंधणडहणंकणमारणाइपणिहाणं ।
अइकोहग्गहघत्थं निग्घिणमणसोऽहमविवागं ॥१९॥

व्याख्या–सत्त्वा एकेन्द्रियादयः तेषां वधवेधबन्धनदहनाङ्कनमारणादिप्रणिधानं तत्र वधः–ताडनं करकशलतादिभिः वेधस्तु नासिकादिवेधनं कीलकादिभिः, बन्धनं–संयमनं रज्जु-

---

ટીકાર્થ : તે આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્તસાધુઓને હોય છે. (આ સંભાવનાની અપેક્ષાએ સમજવું, અર્થાત્ હોય જ એવું નહીં પરંતુ હોય તો આલોકોને હોવાની સંભાવના છે.) તેમાં અવિરત એટલે મિથ્યાત્વી અને અવિરતસમ્યગ્દષ્ટિ જીવો. દેશવિરત એક-બે વિગેરે અણુવ્રતોને ધારણ કરનારા એવા શ્રાવકો. અને પ્રમાદયુક્ત એવા સાધુઓ, આલોકોને તે આર્તધ્યાન અનુસરે છે અર્થાત્ આલોકોને તે આર્તધ્યાન હોય છે. એ પ્રમાણે સમાસવિગ્રહ કરવો. એટલે અપ્રમત્ત સંયતોને આર્તધ્યાન હોતું નથી એ જણાવ્યું.

વળી, આ આર્તધ્યાન સ્વરૂપથી સર્વપ્રમાદોનું મૂલ છે. જે કારણથી આ પ્રમાણે=પ્રમાદોનું મૂલ છે, તે કારણથી તે છોડવા યોગ્ય છે. કોનાવડે ? – સાધુલોકવડે, ઉપલક્ષણથી શ્રાવકોવડે પણ છોડવા યોગ્ય છે, કારણ કે આ ધ્યાન ત્યાગને યોગ્ય જ છે. ॥ધ્યા.–૧૮ ॥

અવતરણિકા : આર્તધ્યાન કહ્યું. હવે રૌદ્રધ્યાનનો અવસર છે. તે પણ ચાર પ્રકારનું જ છે. તે આ પ્રમાણે – હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્તેયાનુબંધી અને વિષયસંરક્ષણાનુબંધી. આ જ વાત ભગવાન એવા ઉમાસ્વાતિવાચકવડે કહેવાયેલી છે – "હિંસા, અનૃત, સ્તેય અને વિષય-સંરક્ષણથી રૌદ્રધ્યાન થાય છે." તેમાં હિંસાનુબંધીનામના પ્રથમભેદનું પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- જીવોના વધ, વેધ, બંધન, દહન, લાંછન, મારણાદિમાં જે અતિક્રોધરૂપ ગ્રહથી યુક્ત એવો દૃઢ અધ્યવસાય તે રૌદ્રધ્યાન છે. આ ધ્યાન નિર્દયમનવાળા જીવને થાય છે એ તે અધમફલને આપનારું છે.

ટીકાર્થ : સત્ત્વ એટલે એકેન્દ્રિય વિગેરે જીવો. તેઓના વધાદિનું પ્રણિધાન એ રૌદ્રધ્યાન છે. તેમાં વધ એટલે હાથ, ચાબૂક (સોટી) વિગેરેવડે મારવું. વેધ એટલે ખીલા વિગેરેવડે

निगडादिभिः, दहनं–प्रतीतमुल्मुकादिभिः, अङ्कनं–लाञ्छनं श्वशृगालचरणादिभिः, मारणं–प्राणवियोजनमसिशक्तिकुन्तादिभिः, आदिशब्दादागाढपरितापनपाटनादिपरिग्रहः, एतेषु प्रणिधानम्–अकुर्वतोऽपि करणं प्रति दृढाध्यवसानमित्यर्थः, प्रकरणाद् रौद्रध्यानमिति गम्यते, किंविशिष्टं प्रणिधानम् ?–'अतिक्रोधग्रहग्रस्तम्' अतीवोत्कटो यः क्रोधः–रोषः स एवापायहेतुत्वाद्ग्रह इव ग्रहस्तेन ग्रस्तम्–अभिभूतं, क्रोधग्रहणाच्च मानादयोऽपि गृह्यन्ते, किंविशिष्टस्य सत इदमित्यत आह–'निर्घृणमनसः' निर्घृणं–निर्गतदयं मनः-चित्तमन्तःकरणं यस्य स निर्घृणमनास्तस्य, तदेव विशेष्यते–'अधमविपाक'मिति अधमः-जघन्यो नरकादिप्राप्तिलक्षणो विपाकः–परिणामो यस्य तत्तथाविधमिति गाथार्थः ॥१९॥

उक्त प्रथमो भेदः, साप्रतं द्वितीयमभिधातुकाम आह–

पिसुणासब्भासब्भूयभूयघायाइवयणपणिहाणं ।
मायाविणोऽइसंधणपरस्स पच्छन्नपावस्स ॥२०॥

---

નાસિકા વિગેરેને વીંધવું. બંધન એટલે દોરી, સાંકળ વિગેરેવડે બાંધવું. દહન એટલે બળતા અંગારાદિવડે બાળવું. અંકન એટલે કૂતરા, શિયાળાદિના પગોથી નહોરિયા ભરાવવા (અથવા હાથમાં તેવા પંજા=નહોર પહેરીને શરીર પર ચિહ્ન કરવા.) મારણ એટલે તલવાર, શક્તિ (શસ્ત્રવિશેષ), ભાલો વિગેરેવડે સામેવાળાનો પ્રાણોથી વિયોગ કરવો.

આદિશબ્દથી ગાઢ એવી પરિતાપના, ચીરવું વિગેરે સમજવા. આ વધ વિગેરેને વિશે જે પ્રણિધાન એટલે કે આ વધ વિગેરે નહીં કરતા એવા પણ તે જીવનો વધાદિ કરવાનો દૃઢ-અધ્યવસાય તે રૌદ્રધ્યાન છે. આવો અધ્યવસાય એ રૌદ્રધ્યાન છે એવું પ્રકરણથી= રૌદ્રધ્યાનનું જ પ્રકરણ ચાલતું હોવાથી જાણવું. આ પ્રણિધાન કેવા પ્રકારનું છે ? તે કહે છે – અતિક્રોધરૂપ ગ્રહથી ગ્રસ્ત એવું આ પ્રણિધાન જાણવું. અત્યંત ઉત્કટ એવો જે ક્રોધ એટલે કે રોષ તે અતિક્રોધ અને તે અતિક્રોધ જ નુકસાનનું કારણ હોવાથી ગ્રહસમાન જાણવો. તેથી ક્રોધરૂપ ગ્રહ–તેનાવડે યુક્ત એવું આ પ્રણિધાન જાણવું. અહીં ક્રોધના ગ્રહણથી માન વિગેરે પણ ગ્રહણ કરી લેવા. (અર્થાત્ ક્રોધાદિથી ગ્રસ્ત એવું આ પ્રણિધાન જાણવું.)

કેવા પ્રકારના જીવને આ રૌદ્રધ્યાન થાય છે ? તે કહે છે – નિર્દયમનવાળાને આ રૌદ્રધ્યાન થાય છે. દયા વિનાનું અંતઃકરણ છે જેનું તે નિર્દયમનવાળો જીવ. આ રૌદ્રધ્યાન જ વિશેષિત કરાય છે કે આ ધ્યાન અધમફલવાળું જાણવું. અધમ એટલે કે જઘન્ય, એવો નરકાદિની પ્રાપ્તિરૂપ પરિણામ=ફલ છે જે ધ્યાનનો તે અધમવિપાકવાળું આ ધ્યાન છે. ॥ધ્યા.–૧૯ ॥

અવતરણિકા : પ્રથમ ભેદ કહ્યો. હવે બીજા ભેદને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ➾

ગાથાર્થ :- માયાવી, બીજાને ઠગવામાં પ્રવૃત્ત અને ખોટા પ્રયોગોને કરનારનું પિશુન, અસભ્ય, અસદ્ભૂત, જીવોને ઉપઘાત કરનાર વિગેરે વચનોમાં જે દૃઢ અધ્યવસાય તે (બીજા પ્રકારનું) રૌદ્રધ્યાન છે.

व्याख्या—'पिशुनासभ्यासद्भूतभूतघातादिवचनप्रणिधान'मित्यत्रानिष्टस्य सूचकं पिशुनं 'पिशुनं सूचकं विदु'रिति वचनात्, सभायां साधु सभ्यं न सभ्यमसभ्यं—जकारमकारादि, न सद्भूतमसद्भूतमनृतमित्यर्थः, तच्च व्यवहारनयदर्शनेनोपाधिभेदतस्त्रिधा, तद्यथा—अभूतोद्भावनं भूतनिह्नवोऽर्थान्तराभिधानं चेति, तत्राभूतोद्भावनं यथा—सर्वगतोऽयमात्मेत्यादि, भूतनिह्नवस्तु नास्त्येवात्मेत्यादि, गामश्वमित्यादि ब्रुवतोऽर्थान्तराभिधानमिति, भूतानां—सत्त्वानामुपघातो यस्मिन् तद्भूतोपघातं, छिन्द्धि भिन्द्धि व्यापादय इत्यादि, आदिशब्दः प्रतिभेदं स्वगतानेकभेदप्रदर्शनार्थः, यथा—पिशुनमनेकधाऽनिष्टसूचकमित्यादि, तत्र पिशुनादिवचनेष्वप्रवर्तमानस्यापि प्रवृत्तिं प्रति प्रणिधानं—दृढाध्यवसानलक्षणं, रौद्रध्यानमिति प्रकरणाद्गम्यते, किंविशिष्टस्य सत इत्यत आह—माया—निकृतिः साऽस्यास्तीति मायावी तस्य मायाविनो वणिजादेः, तथा 'अतिसन्धानपरस्य' पर-

---

ટીકાર્થ : 'અનિષ્ટસૂચક એવું વચન પિશુન તરીકે જાણવું' આવું વચન હોવાથી અનિષ્ટસૂચક વચન પિશુન જાણવું. સભામાં જે યોગ્ય હોય તે સભ્યવચન, જે સભ્ય ન હોય તે અસભ્યવચન, અર્થાત્ જકાર, મકાર વિગેરે ભાષા. (એટલે કે જે ભાષામાં સામેવાળાને જાકારો=તિરસ્કાર અપાતો હોય તે જકાર ભાષા વિગેરે.) જે સદ્ભૂત ન હોય તે અસદ્ભૂત એટલે કે ખોટું વચન. અને તે વ્યવહારનયના મતે ઉપાધિભેદથી ત્રણ પ્રકારનું છે.

તે આ પ્રમાણે - (૧) અસત્નું ઉદ્ભાવન કરનારું વચન, (૨) સત્ને છુપાવનારું વચન, અને (૩) અર્થાન્તરને કહેનારું વચન. તેમાં "આ આત્મા સર્વવ્યાપી છે..." વિગેરે વચન એ (ખરેખર આત્મા સર્વવ્યાપી નહીં પણ શરીરવ્યાપી હોવાથી) અભૂતનું=અયથાવસ્થિત પદાર્થનું ઉદ્ભાવન કરનારું જાણવું. (૨) "આત્મા છે જ નહીં..." વિગેરે વચનો ભૂત=યથાવસ્થિત પદાર્થને છુપાવનારું છે. (૩) તથા ગાયને ઘોડો કહેતી વ્યક્તિનું વચન અર્થાન્તરને કહેનારું જાણવું.

ભૂતોનો એટલે કે જીવોનો ઉપઘાત જેમાં થાય તેવું વચન ભૂતોપઘાત જાણવું. જેમ કે છેદી નાંખ, ભેદી નાંખ, મારી નાંખ વિગેરે. મૂળમાં 'भूयघायाइ' અહીં જે આદિશબ્દ છે તે દરેક ભેદના=પિશુનવિગેરે દરેકના સ્વગત અનેક ભેદોને જણાવનાર જાણવો. જેમ કે અનેક પ્રકારના અનિષ્ટોને જણાવનારું પિશુનાત્મક વચન (અર્થાત્ ફલાણા પ્રકારના અનિષ્ટને સૂચવનારું પિશુનાત્મક વચન એક, ફલાણા પ્રકારના અનિષ્ટને જણાવનારું પિશુનાત્મક વચન બીજું એ પ્રમાણે પિશુનાત્મક વચનો અનેક પ્રકારના છે. એ જ રીતે અસભ્યવચનો પણ અનેક પ્રકારના જાણવા. એ જ રીતે અસદ્ભૂતાદિમાં પણ અનેક પ્રકારો જણાવવા આદિશબ્દ છે.)

આવા પિશુનાદિવચનોમાં નહીં વર્તનારનો પણ પ્રવૃત્તિ પ્રત્યેનો દૃઢ અધ્યવસાય (એટલે કે આવા પિશુનાદિ આત્મક વચનો ન બોલતો હોવા છતાં તે બોલવા માટેનો જે દૃઢ-અધ્યવસાય) તે રૌદ્રધ્યાન છે એમ પ્રકરણથી જાણવું. કેવા પ્રકારના જીવને આ રૌદ્રધ્યાન થાય છે ? તે કહે છે – માયા એટલે કે નિકૃતિ છે જેને તે માયાવી. તેથી માયાવી તથા બીજાને ઠગવામાં પ્રવૃત્ત

वञ्चनाप्रवृत्तस्य, अनेनाशेषेष्वपि प्रवृत्तिमप्याह, तथा 'प्रच्छन्नपापस्य' कूटप्रयोगकारिणस्तस्यैव, अथवा धिग्जातिककुतीर्थिकादेरसद्भूतगुणं गुणवन्तमात्मानं ख्यापयतः, तथाहि–गुणरहितमप्यात्मानं यो गुणवन्तं ख्यापयति न तस्मादपरः प्रच्छन्नपापोऽस्तीति गाथार्थः ॥२०॥

उक्तो द्वितीयो भेदः, साम्प्रतं तृतीयमुपदर्शयति–

तह तिव्वकोहलोहाउलस्स भूओवघायणमणज्जं ।
परदव्वहरणचित्तं परलोयावायनिरवेक्खं ॥२१॥

व्याख्या–तथाशब्दो दृढाध्यवसायप्रकारसादृश्योपदर्शनार्थः, तीव्रौ-उत्कटौ तौ क्रोधलोभौ च २ ताभ्यामाकुलः–अभिभूतस्तस्य, जन्तोरिति गम्यते, किं ?–'भूतोपहननमनार्य'मिति हन्यते-ऽनेनेति हननम् उप–सामीप्येन हननम् उपहननं भूतानामुपहननं भूतोपहननम्, आराद्यातं सर्वहेय-धर्मेभ्य इत्यार्यं नाऽऽर्यमनार्यं, किं तदेवंविधमित्यत आह–परद्रव्यहरणचित्तं, रौद्रध्यानमिति

એવા વાણિયા વિગેરેને (આ રૌદ્રધ્યાન હોય છે, એમ અન્વય જોડવો.) 'બીજાને ઠગવામાં પ્રવૃત્ત' આ વિશેષણથી એટલું જાણવું કે સામાન્યથી વચનપ્રણિધાનને રૌદ્રધ્યાન કહ્યું છે, પણ અહીં પ્રવૃત્તિ બતાવી તેનાથી બીજા વિશેષણોમાં પણ વચન સાથે પ્રવૃત્તિ લઈ લેવાની.

તથા ખોટા પ્રયોગોને કરનાર=ગુપ્તપણે પાપો કરનારને આ ધ્યાન હોય છે. અથવા ગુણ વિનાના એવા પણ પોતાની જાતને ગુણવાન કહેતા એવા બ્રાહ્મણો, કુતીર્થિકોને આ ધ્યાન હોય છે. (અર્થાત્ મિથ્યાધર્મી બ્રાહ્મણ વિગેરે પોતે ગુણવાન નથી, છતાં પોતાને ગુણવાન તરીકે ઓળખાવે. તે માટેનું તેઓનું જે દૃઢ પ્રણિધાન એ પણ રૌદ્રધ્યાન બની શકે.) તે આ પ્રમાણે કે - ગુણરહિત એવા પણ પોતાને જે ગુણવાન તરીકે જણાવે છે તેનાથી બીજો કયો પ્રછન્નપાપી કહેવાય ? અર્થાત્ આ જ મોટામાં મોટો પ્રછન્નપાપી કહેવાય છે. ॥ધ્યા.–૨૦ ॥

અવતરણિકા : બીજો ભેદ કહ્યો. હવે ત્રીજા ભેદને જણાવે છે ⇨

**ગાથાર્થ :- તથા તીવ્ર ક્રોધ અને લોભથી વ્યાકુલ એવા જીવનું જીવોના ઉપઘાતને કરનારું, અનાર્ય, પરલોકના નુકસાનોની ચિંતા વિનાનું બીજાના દ્રવ્યોને હરણ કરવા માટેનું જે ચિત્ત=મન તે રૌદ્રધ્યાન છે.**

ટીકાર્થ : 'તથા'શબ્દ (હવે બતાવાતા ચિત્તમાં) દૃઢ-અધ્યવસાયનું સાદૃશ્ય જણાવનાર છે, અર્થાત્ પૂર્વના બે પ્રકારની જેમજ આ પ્રકારમાં દૃઢ-અધ્યવસાય સમજવો. તીવ્ર એટલે ઉત્કટ એવા ક્રોધ અને લોભવડે અભિભૂત થયેલા જીવનું શું ? – જીવોને હણવા માટેનું અનાર્ય (એવું ચિત્ત એ રૌદ્રધ્યાન છે એમ અન્વય જોડવો.) તેમાં જેનાવડે જીવ હણાય તે હનન. ઉપ એટલે નજીકથી જ અને નજીકથી જે હનન તે ઉપહનન. જીવોનું જે ઉપહનન તે ભૂતોપહનન. (તથા) છોડવા લાયક એવા સર્વ ધર્મોથી જે દૂર થઈ ગયું છે તે આર્ય. જે આર્ય નથી તે અનાર્ય. આવા પ્રકારનું શું છે ? તે કહે છે –

આવા પ્રકારનું અન્યના દ્રવ્યોને હરણ કરવા માટેનું ચિત્ત એ રૌદ્રધ્યાન છે. તેમાં બીજાઓનું

गम्यते, परेषां द्रव्यं २ सचित्तादि तद्विषयं हरणचित्तं परद्रव्यहरणचित्तं, तदेव विशेष्यते—किम्भूतं तदित्यत आह—'परलोकापायनिरपेक्ष'मिति, तत्र परलोकापायाः-नरकगमनादयस्तन्निरपेक्षमिति गाथार्थः ॥२१॥

उक्तस्तृतीयो भेदः, साम्प्रतं चतुर्थं भेदमुपदर्शयन्नाह—

सद्दाइविसयसाहणधणसारक्खणपरायणमणिट्ठं ।
सव्वाभिसंकणपरोवघायकलुसाउलं चित्तं ॥२२॥

व्याख्या—शब्दादयश्च ते विषयाश्च शब्दादिविषयास्तेषां साधनं—कारणं शब्दादिविषयसाधनं, तच्च तद्धनं च शब्दादिविषयसाधनधनं तत्संरक्षणे—तत्परिपालने परायणम्—उद्युक्तमिति विग्रहः, तथाऽनिष्टं—सतामनभिलषणीयमित्यर्थः, इदमेव विशेष्यते—सर्वेषामभिशङ्कनेनाकुलमिति संबध्यते—न विद्मः कः किं करिष्यतीत्यादिलक्षणेन, तस्मात्सर्वेषां यथाशक्त्योपघात एव श्रेयानित्येवं परोपघातेन च, तथा कलुषयन्त्यात्मानमिति कलुषाः—कषायास्तैश्चाकुलं—व्याप्तं यत् तत् तथोच्यते, चित्तम्—अन्तःकरणं, प्रकरणाद्रौद्रध्यानमिति गम्यते, इह च शब्दादिविषयसाधनं धनविशेषणं किल श्रावकस्य चैत्यधनसंरक्षणे न रौद्रध्यानमिति ज्ञापनार्थमिति गाथार्थः ॥२२॥

---

જે સચિત્તાદિ દ્રવ્ય તે પરદ્રવ્ય. તદ્વિષયક એવું જે હરણચિત્ત તે પરદ્રવ્યહરણચિત્ત. તે ચિત્ત જ વિશેષિત કરે છે કે તે ચિત્ત કેવા પ્રકારનું છે ? તે કહે છે – પરલોકના જે નરકગમન વિગેરે નુકસાનો છે તેનાથી નિરપેક્ષ (=તેની ચિંતા વિનાનું આ ચિત્ત રૌદ્રધ્યાન છે એમ અન્વય જોડવો.) ॥ધ્યા.–૨૧॥

અવતરણિકા : ત્રીજો ભેદ કહ્યો. હવે ચોથાભેદને જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- શબ્દાદિવિષયોના કારણભૂત એવા ધનનું સંરક્ષણ કરવામાં તત્પર, અનિષ્ટ, સર્વ જીવો પ્રત્યેની શંકા, પરોપઘાત અને કષાયથી વ્યાપ્ત એવું ચિત્ત (એ રૌદ્રધ્યાન છે.)

ટીકાર્થ : શબ્દ વિગેરે વિષયોનું જે કારણ તે શબ્દાદિવિષયસાધન. એવું જે ધન તે શબ્દાદિવિષયોના કારણભૂત ધન. તે ધનના પરિપાલનમાં પ્રયત્નવાળું તથા સજ્જનોને અનિચ્છનીય (એવું ચિત્ત.) આ ચિત્ત જ વળી કેવા પ્રકારનું છે, તે જણાવે છે – સર્વ જીવો પ્રત્યે શંકાથી વ્યાપ્ત એવું આ ચિત્ત છે અને એ પ્રમાણે 'सव्वाभि... શબ્દના અંતે રહેલ आकुल શબ્દ અહીં જોડવો, અર્થાત્ કયો જીવ ક્યારે શું કરી બેસે ? તે આપણે જાણતા નથી. આવા પ્રકારની સર્વ જીવો માટેની શંકાથી વ્યાપ્ત એવું આ ચિત્ત લેવું.

આવા પ્રકારની શંકા હોવાથી જ "યથાશક્તિ સર્વ જીવોનો ઉપઘાત=નાશ કરવો એ જ કલ્યાણકારી છે" આવા પ્રકારના પરોપઘાતથી (=પરોપઘાતક વિચારોથી) વ્યાપ્ત એવું ચિત્ત તથા જે આત્માને કલુષિત કરે તે કલુષો એટલે કે કષાયો અને તે કષાયોથી વ્યાપ્ત જે ચિત્ત તે સર્વાભિસંકણપરોપઘાતકલુસવ્યાકુલ ચિત્ત કહેવાય છે. આવું ચિત્ત રૌદ્રધ્યાન છે. અહીં 'શબ્દાદિવિષયનું કારણ' એ પ્રમાણે જે ધનનું વિશેષણ આપ્યું છે તે જો શ્રાવક ચૈત્યસંબંધી ધનનું સંરક્ષણ કરે તો તે સંરક્ષણ કરવા માટેની વિચારણા એ રૌદ્રધ્યાન નથી એવું જણાવવા માટે કહ્યું

साम्प्रतं विशेषणाभिधानगर्भमुपसंहरन्नाह–

इय करणकारणाणुमइविसयमणुचिंतणं चउब्भेयं ।
अविरयदेसासंजयजणमणसंसेवियमहण्णं ॥२३॥

व्याख्या–'इय' एवं करणं स्वयमेव कारणमन्यैः कृतानुमोदनमुनमतिः करणं च कारणं चानुमतिश्च करणकारणानुमतयः एता एव विषयः–गोचरो यस्य तत्करणकारणानुमतिविषयं, किमिदमित्यत आह–'अनुचिन्तनं' पर्यालोचनमित्यर्थः, 'चतुर्भेदं' इति हिंसानुबन्ध्यादि चतुष्प्रकारं, रौद्रध्यानमिति गम्यते, अधुनेदमेव स्वामिद्वारेण निरूपयति–अविरताः-सम्यग्दृष्टय: इतरे वा, देशासंयताः–श्रावकाः अनेन सर्वसंयतव्यवच्छेदमाह, अविरतदेशासंयता एव जनाः २ तेषां मनांसि–चित्तानि तैः संसेवितं, सञ्चिन्तितमित्यर्थः, मनोग्रहणमत्र ध्यानचिन्तायां प्रधानाङ्ग-ख्यापनार्थम्, 'अधन्य'मित्यश्रेयस्करं पापं निन्द्यमिति गाथार्थः ॥२३॥

अधुनेदं यथाभूतस्य भवति यद्वर्द्धनं चेदमिति तदेतदभिधातुकाम आह–

---

છે. ॥ધ્યા.–૨૨॥

અવતરણિકા : હવે વિશેષણોના કથનથી ગર્ભિત એવા (=વિશેષણોથી યુક્ત એવા) રૌદ્રધ્યાનનો ઉપસંહાર કરતા કહે છે ➪

ગાથાર્થ :- આ પ્રમાણે કરણ-કરાવણ અને અનુમોદનવિષયક ચાર પ્રકારનું અનુચિંતન એ રૌદ્રધ્યાન છે. જે અવિરત, દેશાસંયત એવા લોકોના મનથી સેવાયેલું અને નિંદ્ય છે.

ટીકાર્થ : આ પ્રમાણે જાતે કરવું, બીજા પાસે કરાવવું અને કરતાની અનુમોદના એ જ છે વિષય જેનો તે કરણ-કારણ-અનુમતિવિષયક. આ કરણાદિવિષયક શું છે ? તે કહે છે – આ કરણાદિવિષયક પર્યાલોચન જાણવું. તે વળી હિંસાનુબંધી વિગેરે ચાર પ્રકારનું છે. આ ચાર પ્રકારનું કરણાદિવિષયક પર્યાલોચન એ રૌદ્રધ્યાન છે. (આશય એ છે કે હિંસાનુબંધી વિગેરે ચાર પ્રકારનું રૌદ્રધ્યાન કહ્યું, પરંતુ માત્ર હિંસાનું કરણ,મૃષાનું કરણ વિગેરે જ રૌદ્રધ્યાન છે એવું નથી, પણ હિંસા કરવા માટેનું ચિંતન જેમ રૌદ્રધ્યાન છે તેમ હિંસા કરાવવા કે કરતાની અનુમોદના માટેનું દૃઢ-ચિંતન પણ રૌદ્રધ્યાન છે.)

હવે આ રૌદ્રધ્યાનને જ સ્વામિદ્વારવડે નિરુપણ કરે છે (અર્થાત્ રૌદ્રધ્યાનને કરનારા કોણ હોય ? તે કહે છે –) અવિરત એવા સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદષ્ટિઓ. દેશથી અસંયત એટલે કે શ્રાવકો, (દેશથી અસંયત આવું કહેવાદ્વારા સર્વથી સંયતોનો વ્યવચ્છેદ કહ્યો, અર્થાત્ સર્વવિરતિધરને રૌદ્રધ્યાન ન હોય. અવિરત અને દેશાસંયત એ જ જન તે અવિરતદેશાસંયતજન (એ પ્રમાણે સમાસ જાણવો.) તેઓનાં મનવડે વિચારાયેલું એવું આ અનુચિંતન છે. (અર્થાત્ આ અનુચિંતન કરનારા અવિરત અને દેશ-અસંયતો જાણવા.) ધ્યાનની વિચારણામાં મન એ પ્રધાન અંગ છે એવું જણાવવા અંહીં મનનું ગ્રહણ કર્યું છે. વળી, આ અનુચિંતન અકલ્યાણકારી=પાપરૂપ=નિંદ્ય છે. ॥ધ્યા.–૨૩ ॥

અવતરણિકા : આ રૌદ્રધ્યાન કેવા પ્રકારના જીવને હોય ? તે અને આ રૌદ્રધ્યાન કોને

**एवं चउव्विहं रागदोसमोहाउलस्स जीवस्स ।**
**रोद्दज्झाणं संसारवद्धणं नरयगइमूलं ॥२४॥**

व्याख्या–'एतद्' अनन्तरोक्तं 'चतुर्विधं' चतुष्प्रकारं रागद्वेषमोहाङ्कितस्य आकुलस्य वेति पाठान्तरं, कस्य ?–'जीवस्य' आत्मनः, किं ?–रौद्रध्यानमिति, इयमेव चात्र चतुष्टयस्यापि क्रिया, किंविशिष्टमिदमित्यत आह–'संसारवर्द्धनम्' ओघतः 'नरकगतिमूलं' विशेषत इति गाथार्थः ॥२४॥

साम्प्रतं रौद्रध्यायिनो लेश्याः प्रतिपाद्यन्ते–

**कावोयनीलकालालेसाओ तिव्वसंकिलिट्ठाओ ।**
**रोद्दज्झाणोवगयस्स कम्मपरिणामजणियाओ ॥२५॥**

व्याख्या–पूर्ववद् व्याख्येया, एतावाँस्तु विशेषः–तीव्रसंक्लिष्टाः–अतिसंक्लिष्टा एता इति ॥२५॥

आह–कथं पुनः रौद्रध्यायी ज्ञायत इति ?, उच्यते, लिङ्गेभ्यः, तान्येवोपदर्शयति–

---

વધારનારું છે ? તે કહેવાની ઇચ્છાવાળા કહે છે ⇨

ગાથાર્થ :- રાગ-દ્વેષ અને મોહથી વ્યાકુલ એવા જીવને આ ચાર પ્રકારનું રૌદ્રધ્યાન હોય છે કે જે સંસારને વધારનારું અને નરકગતિને આપનારું છે.

ટીકાર્થ : હમણાં જ કહી ગયા તે ચાર પ્રકારનું રૌદ્રધ્યાન રાગ-દ્વેષ અને મોહથી અંકિત થયેલ જીવને અથવા પાઠાન્તરમાં અંકિતશબ્દને બદલે આકુલશબ્દ જાણવો. (અર્થ એ જ પ્રમાણે જાણવો.) તેથી રાગાદિથી આકુલ=વ્યાપ્ત=યુક્ત જીવને આ રૌદ્રધ્યાન હોય છે. (પૂર્વે ગા. ૧૯ થી ૨૨માં મૂળગાથામાં રૌદ્રધ્યાનના ચાર પ્રકારો બતાવ્યા, પરંતુ એક પણ ગાથામાં "તે રૌદ્રધ્યાન કહેવાય છે" એ પ્રમાણે રૌદ્રધ્યાનશબ્દ કહ્યો નથી. પરંતુ આ ગાથામાં જ રૌદ્રધ્યાનશબ્દ કહ્યો છે. આ શબ્દ પૂર્વેની ચારે ગાથામાં અનુસરવાનો છે. તેથી તેનો ખુલાસો કરવા કહે છે કે) અહીં આપેલ રૌદ્રધ્યાનશબ્દ ચારે પ્રકારના ભેદો માટે જાણી લેવો.

આ રૌદ્રધ્યાન કેવા પ્રકારનું છે ? તે કહે છે – સામાન્યથી તેનું ફલ વિચારીએ તો તે સંસારને વધારનારું છે, વિશેષથી નરકગતિને આપનારું છે. ॥ધ્યા.–૨૪॥

અવતરણિકા : હવે રૌદ્રધ્યાનીને કેવા પ્રકારની લેશ્યાઓ હોય ? તેનું પ્રતિપાદન કરે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : રૌદ્રધ્યાનને પામેલા જીવને કર્મપરિણામથી ઉત્પન્ન થયેલ કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓ હોય છે અને તે અતિસંક્લિષ્ટ હોય છે. આર્તધ્યાનીની પણ આ જ લેશ્યાઓ હોય છે. માત્ર ફરક એટલો જ છે કે રૌદ્રધ્યાનીને આ લેશ્યાઓ અતિસંક્લિષ્ટ હોય છે. ॥ધ્યા.–૨૫॥

અવતરણિકા : શંકા : રૌદ્રધ્યાયી કેવી રીતે જણાય છે ?

लिंगाइँ तस्स उस्सण्णबहुलनाणाविहामरणदोसा ।
तेसिं चिय हिंसाइसु बाहिरकरणोवउत्तस्स ॥२६॥

व्याख्या–'लिङ्गानि' चिह्नानि 'तस्य' रौद्रध्यायिनः, 'उत्सन्नबहुलनानाविधामरणदोषा' इत्यत्र दोषशब्दः प्रत्येकमभिसंबध्यते, उत्सन्नदोषः बहुलदोषः नानाविधदोषः आमरणदोषश्चेति, तत्र हिंसानुबन्ध्यादीनामन्यतरस्मिन् प्रवर्तमान उत्सन्नम्–अनुपरतं बाहुल्येन प्रवर्तते इत्युत्सन्नदोषः, सर्वेष्वपि चैवमेव प्रवर्तत इति बहुलदोषः, नानाविधेषु त्वक्तक्षणनयनोत्खननादिषु हिंसाद्युपायेष्वसकृदप्येवं प्रवर्तत इति नानाविधदोषः, महदापद्गतोऽपि स्वतः महदापद्गतेऽपि च परे आमरणादसञ्जातानुतापः कालसौकरिकवद् अपि त्वसमासानुशयपर इत्यामरणदोष इति तेष्वेव हिंसादिषु, आदिशब्दान्मृषावादादिपरिग्रहः, ततश्च तेष्वेव हिंसानुबन्ध्यादिषु चतुर्भेदेषु, किं ?– बाह्यकरणोपयुक्तस्य सत उत्सन्नादिदोषलिङ्गानीति, बाह्यकरणशब्देनेह वाक्कायौ गृह्येते, ततश्च ताभ्यामपि तीव्रमुपयुक्तस्येति गाथार्थः ॥२६॥ किं च–

---

સમાધાન : લિંગો ઉપરથી રૌદ્રધ્યાયી જણાય છે. તે લિંગોને જ હવે કહે છે ⇨

ગાથાર્થ :- તે જ હિંસા વિગેરેમાં બાહ્યકરણથી ઉપયુક્ત રૌદ્રધ્યાની જીવના ઉત્સન્નદોષ, બહુલદોષ, નાનાવિધદોષ અને આમરણદોષ એ ચિહ્નો તરીકે જાણવા.

ટીકાર્થ : તે રૌદ્રધ્યાનીના લિંગો=ચિહ્નો આ પ્રમાણે જાણવા – (૧) ઉત્સન્નદોષ, બહુલદોષ, નાનાવિધદોષ અને આમરણદોષ. તેમાં હિંસાનુબંધી વિગેરે ચાર પ્રકારમાંથી કોઈ એકાદમાં વર્તતો જીવ વારંવાર તેમાં પ્રવર્તે તે ઉત્સન્નદોષ કહેવાય. (૨) ચારે પ્રકારમાં વારંવાર પ્રવર્તે તે બહુલદોષ. (૩) ચામડી છોલવી, આંખો કાઢવી વિગેરે હિંસાદિના ઉપાયમાં વારંવાર પ્રવર્તે તે નાનાવિધદોષ કહેવાય. (૪) પોતે જાતે કોઈ મોટી આપત્તિને પામેલો હોય કે બીજા કોઈ (પોતાનાથી) મોટી આપત્તિને પામેલા હોય છતાં કાલસૌકરિકની જેમ મરણ સુધી પોતાના હિંસા વિગેરે કાર્યોનો પશ્ચાત્તાપ ન થાય, ઊલટું તે હિંસા વિગેરેમાં જ દઢ-અધ્યવસાય હોય તે આમરણદોષ જાણવો. (ટૂંકમાં પોતાનું કે બીજાનું મરણ સામે દેખાવા છતાં હિંસા વિગેરે કાર્યથી અટકે નહીં તેને આમરણદોષ કહેવાય.

કાલસૌકરિક રોજના પાંચસો પાડા મારતો હતો. આ હિંસાથી અટકાવવા શ્રેણિકે તેને કૂવામાં ઊંધો લટકાવ્યો છતાં તે કાલસૌકરિકે કૂવાની દિવાલ ઉપર પાડાને ચિતરીને મારવાનું ચાલુ રાખ્યું. અહીં કૂવામાં પડવાદ્વારા મરણ થવાની સંભાવના હોવા છતાં તે અટકતો નથી. તેનો આ આમરણદોષ કહેવાય.)

તે જ હિંસા વિગેરેમાં, અહીં આદિશબ્દથી મૃષાવાદાદિ લેવા. તેથી તે હિંસાનુબંધી વિગેરે ચારભેદોને વિશે બાહ્યકરણથી ઉપયુક્ત જીવના આ લિંગો જાણવા. બાહ્યકરણશબ્દથી અહીં કાયા અને વચન ગ્રહણ કરવા. તેથી કાયા અને વચનથી હિંસા વિગેરેમાં તીવ્ર ઉપયુક્ત જીવના આ ઉત્સન્નદોષાદિ ચિહ્નો જાણવા. ॥ધ્યા.–૨૬॥ વળી (બીજા લિંગો આ પ્રમાણે જાણવા) ⇨

परवसणं अहिनंदइ निरवेक्खो निद्दओ निरणुतावो ।
हरिसिज्जइ कयपावो रोद्दज्झाणोवगयचित्तो ॥२७॥

व्याख्या—इहाऽऽत्मव्यतिरिक्तो योऽन्यः स परस्तस्य व्यसनम्—आपत् परव्यसनं तद् 'अभिनन्दति' अतिक्लिष्टचित्तत्वाद्बहु मन्यत इत्यर्थः, शोभनमिदं यदेतदित्थं संवृत्तमिति, तथा 'निरपेक्ष' इहान्यभविकापायभयरहितः, तथा निर्गतदयो निर्दयः, परानुकम्पाशून्य इत्यर्थः, तथा निर्गतानुतापो निरनुतापः, पश्चात्तापरहित इति भावः, तथा किं च—'हृष्यते' तुष्यति 'कृतपापः' निर्वर्तितपापः सिंहमारकवत्, क इत्यत आह—रौद्रध्यानोपगतचित्त इति, अमूनि च लिङ्गानि वर्तन्त इति गाथार्थः ॥२७॥

उक्तं रौद्रध्यानं, साम्प्रतं धर्मध्यानावसरः, तत्र तदभिधित्सयैवादाविदं द्वारगाथाद्वयमाह—

झाणस्स भावणाओ देसं कालं तहाऽऽसणविसेसं ।
आलंबणं कमं झाइयव्वयं जे य झायारो ॥२८॥
तत्तोऽणुप्पेहाओ लेस्सा लिंगं फलं च नाऊणं ।
धम्मं झाइज्ज मुणी तग्गयजोगो तओ सुक्कं ॥२९॥

ગાથાર્થ :- બીજાના દુઃખમાં આનંદ પામે, ઈહલોક-પરલોકના દુઃખોથી નિરપેક્ષ હોય, નિર્દય હોય, પશ્ચાતાપ વિનાનો હોય, રૌદ્રધ્યાનને પામેલા ચિત્તવાળો જીવ પાપ કર્યા પછી હર્ષ પામે.

ટીકાર્થ : અહીં પર એટલે પોતાના સિવાયનો જે બીજો હોય તે. તેને જે આપત્તિ તે પરવ્યસન. તે પરવ્યસનને (રૌદ્રધ્યાની જીવ) અતિસંક્લિષ્ટચિત્તવાળો હોવાથી બહુમાને (અર્થાત્ બીજાને દુઃખ આવેલું જોઈને આનંદ પામે અને કહે કે) આ બહુ સારું થયું કે આ આ પ્રમાણે થયું (અર્થાત્ આ જીવને આવા પ્રકારની મુશ્કેલી આવી તે બહુ સારું થયું.)

તથા આ લોક અને પરલોકમાં થનારા નુકસાનોના ભય વિનાનો આ જીવ હોય, તથા નિર્દય હોય એટલે કે બીજાને વિશે દયાભાવનાથી શૂન્ય હોય, તથા નીકળી ગયેલ અનુતાપવાળો એટલે કે પશ્ચાતાપ વિનાનો હોય, તથા સિંહને મારનારની જેમ (અર્થાત્ જેમ કોઈ વ્યક્તિ સિંહને માર્યા બાદ પ્રશંસા કરે, આનંદ પામે તેની જેમ જે) પાપ કર્યા પછી આનંદ પામનારો હોય, કોણ આવો હોય ? તે કહે છે – રૌદ્રધ્યાનને પામેલું છે ચિત્ત જેનું તે જીવ (ઉપરોક્ત લિંગોવાળો) હોય છે. આ પ્રમાણે રૌદ્રધ્યાનને પામેલ ચિત્તવાળા જીવના લિંગો હોય છે. ॥ધ્યા.–૨૭॥

અવતરણિકા : રૌદ્રધ્યાન કહ્યું. હવે ધર્મધ્યાનનો અવસર છે. તેમાં તે ધર્મધ્યાનને કહેવાની ઇચ્છાથી જ શરૂઆતમાં આ બે દ્વારગાથાઓને કહે છે ⇨

ગાથાર્થ :- ધ્યાનની ભાવનાઓને, દેશને, કાલને, તથા આસનવિશેષને, આલંબનને, ક્રમને, ધ્યેયને અને ધ્યાનીઓને, ત્યાર પછી અનુપ્રેક્ષાઓને, લેશ્યાને, લિંગને અને ફલને જાણીને ધર્મધ્યાન

व्याख्या–'ध्यानस्य' प्राग्निरूपितशब्दार्थस्य, किं ?–'भावना' ज्ञानाद्याः, ज्ञात्वेति योगः, किं च–'देशं' तदुचितं, कालं तथा आसनविशेषं तदुचितमिति, 'आलम्बनं' वाचनादि, 'क्रमं' मनोनिरोधादि, तथा 'ध्यातव्यं' ध्येयमाज्ञादि, तथा ये च 'ध्यातारः' अप्रमादादियुक्ताः, ततः 'अनुप्रेक्षा' ध्यानोपरमकालभाविन्योऽनित्यत्वाद्यालोचनारूपाः, तथा 'लेश्याः' शुद्धा एव, तथा 'लिङ्गं' श्रद्धानादि, तथा 'फलं' सुरलोकादि, चशब्दः स्वगतानेकभेदप्रदर्शनपरः, एतद् ज्ञात्वा, किं ?–'धर्म्यम्' इति धर्मध्यानं ध्यायेन्मुनिरिति, 'तत्कृतयोगः' धर्मध्यानकृताभ्यासः, 'ततः' पश्चात् 'शुक्लं' शुक्लध्यानमिति गाथाद्वयसमासार्थः, व्यासार्थं तु प्रतिद्वारं ग्रन्थकारः स्वयमेव वक्ष्यति ॥२८-२९॥

तत्राऽऽद्यद्वारावयवार्थप्रतिपादनायाह–

पुव्वकयब्भासो भावणाहि झाणस्स जोग्गयमुवेइ ।
ताओ य नाणदंसणचरित्तवेरग्गजणियताओ ॥३०॥

व्याख्या–पूर्वं–ध्यानात् प्रथमं कृतः–निर्वर्तितोऽभ्यासः–आसेवनालक्षणो येन स तथाविधः,

---

માટે કરાયેલ અભ્યાસવાળો મુનિ ધર્મધ્યાનનું ધ્યાન ધરે અને ત્યાર પછી શુક્લધ્યાન ધરે.

ટીકાર્થ : પૂર્વે જણાવેલ શબ્દાર્થવાળા એવા ધ્યાનની શું ? – આવા ધ્યાનની જ્ઞાનાદિભાવનાઓને 'જાણીને' એ પ્રમાણે ('જાણીને' શબ્દ દેશ-કાલાદિ બધા સાથે જોડીને) અન્વય કરવો. વળી, ધ્યાનને ઉચિત એવા દેશને, કાલને તથા ધ્યાનને ઉચિત એવા આસનવિશેષને (જાણીને), વાચનાદિઆલંબનોને, મનનો નિરોધ વિગેરે ક્રમને, તથા આજ્ઞા વિગેરે ધ્યેયને અને અપ્રમાદ વિગેરેથી યુક્ત એવા ધ્યાતાઓને (જાણીને), ત્યાર પછી ધ્યાનના વિરામ સમયે થનારી અનિત્યત્વ વિગેરેની વિચારણારૂપ અનુપ્રેક્ષાને, (જાણીને) તથા શુદ્ધ લેશ્યાઓને, શ્રદ્ધા વિગેરે લિંગોને અને દેવલોક વિગેરે ફલોને જાણીને,

અહીં नाऊणं શબ્દ પૂર્વે રહેલ 'च' શબ્દ ભાવના વિગેરેના અનેક પેટાભેદોને જણાવનાર છે. (અર્થાત્ જ્ઞાનાદિભાવનાઓ અનેક પ્રકારની, ધ્યાનને ઉચિત દેશ અનેક પ્રકારનું, કાલ અનેક પ્રકારનો એ જ રીતે આસનાદિ દરેકના પેટાભેદો જણાવનાર 'च' શબ્દ છે.) આ બધાને જાણીને શું ? – ધર્મધ્યાનનું મુનિ ધ્યાન ધરે. (કેવો મુનિ ? –) ધર્મધ્યાન માટે કરાયેલો છે વારંવારનો અભ્યાસ જેનાવડે તેવો મુનિ. ત્યાર પછી શુક્લધ્યાનનું ધ્યાન ધરે. આ પ્રમાણે બંને ગાથાઓનો સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ દરેકદ્વારમાં ગ્રંથકારશ્રી જાતે જ કહેશે. ॥ધ્યા.–૨૮-૨૯॥

અવતરણિકા : તેમાં પ્રથમદ્વારના અર્થનું વિસ્તારથી પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ભાવનાઓવડે પૂર્વે કરાયેલ અભ્યાસવાળો જીવ ધ્યાનની યોગ્યતાને પામે છે અને તે ભાવનાઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યથી ઉત્પન્ન થનારી છે.

ટીકાર્થ : ધ્યાન કરતા પહેલાં કરાયેલો છે (ભાવનાઓનો) અભ્યાસ=આસેવન જેનાવડે તે

काभिः पूर्वकृताभ्यासः ?–'भावनाभिः' करणभूताभिः भावनासु वा–भावनाविषये पश्चाद् 'ध्यानस्य' अधिकृतस्य 'योग्यताम्' अनुरूपताम् 'उपैति' यातीत्यर्थः, 'ताश्च' भावना ज्ञानदर्शनचारित्रवैराग्यनियता वर्तन्ते, नियताः–परिच्छिन्नाः पाठान्तरं वा जनिता इति गाथार्थः ॥३०॥

साम्प्रतं ज्ञानभावनास्वरूपगुणदर्शनायेदमाह–

नाणे निच्चब्भासो कुणइ मणोधारणं विसुद्धिं च ।
नाणगुणमुणियसारो तो झाइ सुनिच्चलमईओ ॥३१॥

व्याख्या–'ज्ञाने' श्रुतज्ञाने, नित्यं–सदा अभ्यासः–आसेवनालक्षणः 'करोति' निर्वर्तयति, किं ?–मनसः–अन्तःकरणस्य, चेतस इत्यर्थः, धारणम्–अशुभव्यापारनिरोधेनावस्थानमिति भावना, तथा 'विशुद्धिं च' तत्र विशोधनं विशुद्धिः, सूत्रार्थयोरिति गम्यते, तां चशब्दाद्भवनिर्वेदं च, एवं 'ज्ञानगुणमुणितसार' इति ज्ञानेन गुणानां–जीवाजीवाश्रितानां '*गुणपर्यायवत् द्रव्य*'मिति (तत्त्वा० अ० ५ सू० ३७) वचनात् पर्यायाणां च तदविनाभाविनां मुणितः–ज्ञातः सारः–परमार्थो येन स तथोच्यते, ज्ञानगुणेन वा–ज्ञानमाहात्म्येनेति भावः ज्ञातः सारो येन, विश्वस्येति

પૂર્વકૃતાભ્યાસ કહેવાય છે. કોનાવડે પૂર્વકૃતાભ્યાસ છે ? (અર્થાત્ કોનો અભ્યાસ કરેલ છે ?) – કરણભૂત એવી ભાવનાઓવડે અથવા ભાવનાઓ વિશે (આશય એ છે કે ધ્યાન પહેલાં જે જીવે જ્ઞાનાદિભાવનાઓ કે જે હવે પછીની ગાથાઓમાં જણાવશે તે ભાવનાઓનું વારંવાર સેવન કર્યું છે. તે જીવ ભાવનાઓના અભ્યાસ) પછી અધિકૃત=જેનું આ પ્રકરણ ચાલી રહ્યું છે તે ધ્યાનની યોગ્યતાને પામે છે અને તે ભાવનાઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્યને નિયત છે. નિયત છે એટલે સંબંધવાળી છે. (અર્થાત્ તે ભાવનાઓનો જ્ઞાનાદિ સાથે સંબંધ છે. એટલે કે જ્ઞાનાદિવિષયક આ ભાવનાઓ છે.) અથવા પાઠાન્તર જાણવો કે તે ભાવનાઓ જ્ઞાનાદિમાંથી ઉત્પન્ન થનારી છે. (કેવી રીતે ? તે આગળની ગાથામાં જણાવે છે.) ॥ધ્યા.–૩૦॥

અવતરણિકા : હવે જ્ઞાનભાવનાનું સ્વરૂપ અને તેના ગુણને દેખાડવા માટે કહે છે ➾

**ગાથાર્થ :- જ્ઞાનમાં નિત્ય અભ્યાસવાળો જીવ મનનું ધારણ અને વિશુદ્ધિને કરે છે. આ રીતે જ્ઞાનગુણદ્વારા જણાયો છે સાર જેનાવડે એવો તે ત્યાર પછી સુનિશ્ચલમતિવાળો થયેલો છતો ધ્યાન ધરે છે.**

**ટીકાર્થ :** શ્રુતજ્ઞાનમાં સદા અભ્યાસવાળો જીવ (અર્થાત્ શ્રુતજ્ઞાનને વારંવાર ભણતો જીવ) કરે છે. શું કરે છે ? – મનનું=ચિત્તનું અશુભવ્યાપારોના નિરોધદ્વારા અવસ્થાન કરે છે. (અર્થાત્ અશુભધ્યાનને રોકવાદ્વારા ચિત્તને શુભભાવોમાં સ્થિર કરે છે.) તથા સૂત્ર-અર્થની વિશુદ્ધિને કરે છે. 'च' શબ્દથી ભવના નિર્વેદને કરે છે.

આ પ્રમાણે જ્ઞાનવડે (=જ્ઞાનનો વારંવાર અભ્યાસ કરવાદ્વારા) જીવ અને અજીવમાં રહેલા ગુણોનો અને "દ્રવ્ય એ ગુણ અને પર્યાયવાળું હોય છે" એવા વચનથી ગુણોને અવિનાભાવી એવા પર્યાયોનો પરમાર્થ જાણેલો છે જેનાવડે તે જ્ઞાનગુણમુણિતસાર કહેવાય છે. અથવા જ્ઞાન-

गम्यते, स तथाविधः, ततश्च पश्चाद् 'ध्यायति' चिन्तयति, किंविशिष्टः सन् ?–सुष्ठु-अतिशयेन निश्चला-निष्प्रकम्पा सम्यग्ज्ञानतोऽन्यथाप्रवृत्तिकम्परहितेति भावः मतिः–बुद्धिर्यस्य स तथाविध इति गाथार्थः ॥३१॥

उक्ता ज्ञानभावना, साम्प्रतं दर्शनभावनास्वरूपगुणदर्शनार्थमिदमाह–

**संकाइदोसरहिओ पसमथेज्जाइगुणगणोवेओ ।**
**होइ असंमूढमणो दंसणसुद्धीएँ झाणंमि ॥३२॥**

व्याख्या–'शङ्कादिदोषरहितः' शङ्कनं-शङ्का, आदिशब्दात् काङ्क्षादिपरिग्रहः, उक्तं च– '*शङ्काकाङ्क्षाविचिकित्साऽन्यदृष्टिप्रशंसासंस्तवाः सम्यग्दृष्टेरतिचाराः*' (तत्त्वा० अ० ७ सू० १८) इति, एतेषां च स्वरूपं प्रत्याख्यानाध्ययने न्यक्षेण वक्ष्यामः, तत्र शङ्कादय एव सम्यक्त्वाख्य-प्रथमगुणातिचारत्वात् दोषाः शङ्कादिदोषास्तैः रहितः–त्यक्तः, उक्तदोषरहितत्वादेव, किं ?– 'प्रश्रमस्थैर्यादिगुणगणोपेतः' तत्र प्रकर्षेण श्रमः प्रश्रमः–खेदः, स च स्वपरसमयतत्त्वाधिगमरूपः, स्थैर्यं तु जिनशासने निष्प्रकम्पता, आदिशब्दात्प्रभावनादिपरिग्रहः, उक्तं च–

---

ગુણવડે=જ્ઞાનના પ્રભાવે જાણેલો છે વિશ્વનો સાર જેનાવડે તે જ્ઞાનગુણમુણિતસાર. અને આ રીતે પરમાર્થને જાણ્યા પછી તે જીવ ધ્યાન ધરે છે. કેવા પ્રકારનો થયેલો તે ? – અત્યંત નિશ્ચલ અર્થાત્ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવાથી રાગાદિયુક્ત પ્રવૃત્તિદ્વારા સન્મતિથી થતા કંપનથી રહિત એવી બુદ્ધિ છે જેની તે સુનિશ્ચલમતિ. (અર્થાત્ અત્યાર સુધી રાગાદિથી યુક્ત પ્રવૃત્તિ થવાથી સન્મતિમાંથી કંપન થતું હતું, પરંતુ હવે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થતાં તેવા કંપનથી રહિત સુનિશ્ચલ બુદ્ધિ થાય છે. આવી બુદ્ધિવાળો તે ધ્યાન ધરે. અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥ધ્યા.–૩૧॥

અવતરણિકા : જ્ઞાનભાવના કહી. હવે દર્શનભાવનાનું સ્વરૂપ અને તેના ગુણોનું દર્શન કરાવવા કહે છે ⇨

**ગાથાર્થ :- શંકા વિગેરે દોષોથી રહિત, પ્રશમ-સ્થૈર્ય વિગેરે ગુણોના સમૂહથી યુક્ત જીવ દર્શનશુદ્ધિથી ધ્યાનને વિશે અસંમોહમનવાળો થાય છે.**

ટીકાર્થ : 'શંકાદિદોષરહિત' – અહીં આદિશબ્દથી કાંક્ષા વિગેરે લેવા. કહ્યું છે – "શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્યદષ્ટિની (=અન્ય દર્શનવાળાઓની) પ્રશંસા(=સ્તુતિ) અને સંસ્તવ (=એઓની સાથે એક સ્થાને રહેવાદ્વારા પરસ્પર વાતચીત વિગેરેથી થતો પરિચય.) આ પાંચ સમ્યગ્દષ્ટિ જીવના અતિચારો છે."

શંકાદિનું સ્વરૂપ આગળ પ્રત્યાખ્યાન-અધ્યયનમાં અમે વિસ્તારથી જણાવીશું. શંકા વિગેરે જ સમ્યક્ત્વનામના પ્રથમગુણના અતિચાર હોવાથી દોષરૂપ છે. અહીં શંકા વિગેરે જ દોષ તે શંકાદિદોષ (એ પ્રમાણે સમાસ જાણવો.) તે શંકાદિદોષોથી રહિત એટલે કે શંકાદિ કહેવાયેલા દોષોથી રહિત હોવાથી જ તે દોષોથી ત્યજાયેલો.

વળી શું ? 'પ્રશ્રમસ્થૈર્યાદિગુણોના સમૂહથી યુક્ત', તેમાં પ્રકર્ષથી જે શ્રમ=ખેદ તે પ્રશ્રમ. અને અહીં આ પ્રશ્રમ સ્વ-પર સિદ્ધાન્તોના તત્ત્વના બોધરૂપ જાણવો. સ્થૈર્ય એટલે જિનશાસનમાં

"[२७]सपरसमयकोसल्लं थिरया जिणसासणे पभावणया ।
आययणसेव भत्ती दंसणदीवा गुणा पंच ॥१॥"

प्रश्रमस्थैर्यादय एव गुणास्तेषां गणः–समूहस्तेनोपेतो युक्तो यः स तथाविधः, अथवा प्रशमादिना स्थैर्यादिना च गुणगणेनोपेतः २, तत्र प्रशमादिगुणगणः–प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणः, स्थैर्यादिस्तु दर्शित एव, य इत्थम्भूतः असौ भवति 'असम्मूढमनाः' तत्त्वान्तरेऽभ्रान्तचित्त इत्यर्थः, 'दर्शनशुद्धया' उक्तलक्षणया हेतुभूतया, क्व ?–ध्यान इति गाथार्थः ॥३२॥

उक्ता दर्शनभावना, साम्प्रतं चारित्रभावनास्वरूपगुणदर्शनायेदमाह–

**नवकम्माणायाणं पोराणविणिज्जरं सुभायाणं ।**
**चारित्तभावणाए झाणमयत्तेण य समेइ ॥३३॥**

व्याख्या–'नवकर्मणामनादान'मिति नवानि–उपचीयमानानि प्रत्यग्राणि भण्यन्ते, क्रियन्त इति कर्माणि–ज्ञानावरणीयादीनि तेषामनादानं–अग्रहणं चारित्रभावनया 'समेति' गच्छतीति

---

નિષ્પ્રકંપતા. આદિશબ્દથી પ્રભાવના વિગેરે જાણવા. કહ્યું છે – "સ્વ-પર સિદ્ધાન્તમાં કૌશલ્ય, જિનશાસનમાં સ્થિરતા, પ્રભાવના, આયતનોની (=રક્ષક સ્થાનોની) સેવા અને (દેવ-ગુરુ વિગેરેની) ભક્તિ આ સમ્યગ્દર્શનને દીપાવનારા પાંચ ગુણો છે." પ્રશ્રમ, સ્થૈર્ય વિગેરે જ ગુણો. તે પ્રશ્રમસ્થૈયાદિગુણો તેઓનો સમૂહ, તેનાથી યુક્ત જે હોય તે પ્રશ્રમસ્થૈયાદિગુણગણોપેત કહેવાય છે.

અથવા (અહીં પ્રશ્રમશબ્દને બદલે પ્રશમશબ્દ લઈને બીજો વિકલ્પ જણાવે છે.) પ્રશમાદિ અને સ્થૈયાદિ ગુણોના સમૂહવડે યુક્ત તે પ્રશમસ્થૈર્યાદિગુણગણોપેત. તેમાં પ્રશમાદિગુણસમૂહ પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યના પ્રગટીકરણ સ્વરૂપ જાણવો. સ્થૈર્યાદિગુણસમૂહ પૂર્વે બતાવી દીધો જ છે. (અર્થાત્ પ્રભાવના, આયતનસેવા વિગેરે.) જે જીવ આવા બે વિશેષણોથી (=શંકાદિદોષરહિત અને પ્રશમાદિગુણોથી) યુક્ત છે, તે જીવ (દર્શનની શુદ્ધિને પ્રાપ્ત કરે છે. અને તે) દર્શનશુદ્ધિથી ધ્યાનમાં અસંમૂઢમનવાળો એટલે કે તત્ત્વાન્તરમાં અભ્રાન્તચિત્તવાળો એટલે કે જેનું ચિત્ત બીજા તત્ત્વમાં ભટકતું નથી તેવો થાય છે, (અર્થાત્ ધ્યાનમાં સ્થિરચિત્તવાળો બને છે.) ॥ધ્યા.–૩૨॥

અવતરણિકા : દર્શનભાવના કહી. હવે ચારિત્રભાવનાનું સ્વરૂપ અને તેના ગુણો જણાવવા માટે આ કહે છે ⇨

**ગાથાર્થ :- ચારિત્રભાવનાથી જીવ કોઈપણ જાતના ક્લેશ વિના નવા કર્મોને બાંધતો નથી, જૂના કર્મોની નિર્જરા કરે છે તથા પુણ્યના ઉપાર્જનને અને ધ્યાનને પામે છે.**

ટીકાર્થ : જે કર્મો બંધાતા હોય તે કર્મો નવા કહેવાય છે. જે કરાય તે કર્મ, અર્થાત્ જ્ઞાનાવરણાદિ. તેથી નવા એવા જ્ઞાનાવરણાદિકર્મોના અગ્રહણને ચારિત્રભાવનાવડે જીવ પામે છે

---

२७. स्वपरसमयकौशलं स्थिरता जिनशासने प्रभावना । आयतनसेवा भक्तिः दर्शनदीपका गुणाः पञ्च ॥१॥

योग:, तथा 'पुराणविनिर्जरां' चिरन्तनक्षपणामित्यर्थ:, तथा 'शुभादान'मिति शुभं–पुण्यं सातसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्रात्मकं तस्याऽऽदानं–ग्रहणं किं ?–'चारित्रभावनया' हेतुभूतया, ध्यानं च चशब्दान्नवकर्मानादानादि च 'अयत्नेन' अक्लेशेन 'समेति' गच्छति प्राप्नोतीत्यर्थ: । तत्र चारित्रभावनयेति कोऽर्थ: ?–'चर गतिभक्षणयो:' इत्यस्य 'अर्तिलूधूसूखनसहचर इत्र' (पा० ३-२-१८४) इतीत्रप्रत्ययान्तस्य चरित्रमिति भवति, चरन्त्यनिन्दितमनेनेति चरित्रं–क्षयोपशमरूपं तस्य भावश्चारित्रम्, एतदुक्तं भवति–इहान्यजन्मोपात्ताष्टविधकर्मसञ्चयापचयाय चरणभावश्चारित्रमिति, सर्वसावद्ययोगविनिवृत्तिरूपा क्रिया इत्यर्थ:, तस्य भावना–अभ्यासश्चारित्रभावनेति गाथार्थ: ॥३३॥

उक्ता चारित्रभावना, साम्प्रतं वैराग्यभावनास्वरूपगुणदर्शनार्थमाह–

**सुविदियजगस्सभावो निस्संगो निब्भओ निरासो य ।**
**वेरग्गभावियमणो झाणंमि सुनिच्चलो होइ ॥३४॥**

व्याख्या–सुष्ठु-अतीव विदित:–ज्ञातो जगत:-चराचरस्य, यथोक्तं–'*जगन्ति जङ्गमान्याहुर्जगद् ज्ञेयं चराचरम्*' स्वो भाव: स्वभाव:–

---

એ પ્રમાણે અન્વય જોડવો. (અર્થાત્ ચારિત્રભાવનાવડે જીવ નવા કર્મો બાંધતો નથી.) તથા જૂના કર્મોની નિર્જરા કરે છે. તથા શાતાવેદનીય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભ-આયુષ્ય અને નામ-ગોત્રાત્મક શુભકર્મોનું ગ્રહણ. તે ગ્રહણ શું – ? ચારિત્રભાવનાવડે તે શુભકર્મોનું ગ્રહણ અને ધ્યાન, તથા 'च' શબ્દથી નવા કર્મોનું અનાદાન વિગેરે (ફલ) કોઈપણ જાતના ક્લેશ=દુઃખ વિના પામે છે. (ભાવાર્થ ગાથાર્થ પ્રમાણે જાણવો.)

અહીં 'ચારિત્રની ભાવનાવડે' એટલે શું ? તે કહે છે – 'चर्' ધાતુ ગમન અને ભક્ષણ અર્થમાં વપરાય છે. આ 'चर्' ધાતુને 'अर्ति, लू, धू, सू, खन्, सह અને चर् ધાતુઓને इत्र પ્રત્યય લાગે છે' એ નિયમથી इत्र પ્રત્યય લાગે. અને इत्र પ્રત્યયાન્ત એવા चर् ધાતુથી ચારિત્ર શબ્દ બને છે. જેનાવડે અનિંદિત એવા આચારોનું આચરણ કરાય છે તે ચરિત્ર અર્થાત્ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ. તેનો જે ભાવ=તેનાથી જે પ્રાપ્ત થાય તે ચારિત્ર.

આશય એ છે કે – આ અને અન્ય જન્મોમાં ભેગા કરેલા અષ્ટ કર્મોના ઢગલાને દૂર કરવા માટેના આચરણનો ભાવ એ ચારિત્ર છે, અર્થાત્ સર્વસાવદ્યયોગથી વિનિવૃત્તિરૂપ ક્રિયા. તેની ભાવના=અભ્યાસ, તે ચારિત્રભાવના ॥ધ્યા.–૩૩॥

અવતરણિકા : ચારિત્રભાવના કહી. હવે વૈરાગ્યભાવનાનું સ્વરૂપ અને તેના ગુણો દેખાડવા માટે આ કહે છે ➪

**ગાથાર્થ :- સારી રીતે જગતના સ્વભાવોને જાણનારો, સંગ, ભય, આશંસા વિનાનો અને વૈરાગ્યથી ભાવિતમનવાળો જીવ ધ્યાનમાં સુનિશ્ચલ થાય છે.**

ટીકાર્થ : સારી રીતે જાણેલો છે ચરાચર એવાં જગતનો સ્વભાવ જેનાવડે, અહીં જગત એ ચરાચરરૂપ છે. કારણ કે કહ્યું છે – "જેમાં પદાર્થો પ્રતિસમયે નવા નવા પર્યાયોને પામતા

*"जन्ममरणाय नियतं बन्धुर्दुःखाय धनमनिर्वृतये ।*
*तन्नास्ति यन्न विपदे तथापि लोको निरालोकः ॥१॥"*

इत्यादिलक्षणो येन स तथाविधः, कदाचिदेवम्भूतोऽपि कर्मपरिणतिवशात्ससङ्गो भवत्यत आह–'निःसङ्गः' विषयजस्नेहसङ्गरहितः, एवम्भूतोऽपि च कदाचित्सभयो भवत्यत आह–'निर्भयः' इहलोकादिसप्तभयविप्रमुक्तः, कदाचिदेवम्भूतोऽपि विशिष्टपरिणत्यभावात्परलोकमधिकृत्य साशंसो भवत्यत आह–'निराशंसश्च' इहपरलोकाशंसाविप्रमुक्तः, चशब्दात्तथाविधक्रोधादिरहितश्च, य एवंविधो वैराग्यभावितमना भवति स खल्वज्ञानाद्युपद्रवरहितत्वाद् ध्याने सुनिश्चलो भवतीति गाथार्थः ॥३४॥

उक्ता वैराग्यभावना । मूलद्वारगाथाद्वये ध्यानस्य भावना इति व्याख्यातम्, अधुना देशद्वारव्याचिख्यासयाऽऽह–

निच्चं चिय जुवइपसुनपुंसगकुसीलवज्जियं जइणो ।
ठाणं वियणं भणियं विसेसओ झाणकालंमि ॥३५॥

व्याख्या–'नित्यमेव' सर्वकालमेव, न केवलं ध्यानकाल इति, किं ?–'युवतिपशुनपुंसक-

---

હોવાથી જંગમ છે તેને જગત કહેવાય છે. તે જગત ચર=અસ્થિર (ધન, શરીર વિગેરે) અને અચર=સ્થિર (પૃથ્વી, પર્વત વિગેરે) રૂપ જાણવું."

પોતાનો જે ભાવ તે સ્વભાવ. (જગતનો સ્વભાવ આ પ્રમાણે છે –) "જન્મ એ મરણને નિયત છે, સગાવ્હાલાઓ દુઃખ માટે નીવડે છે, ધન અશાંતિ માટે છે. જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે દુઃખમાટે ન થાય. (જગતનો આવો વિચિત્ર સ્વભાવ છે) છતાં આ લોક વિપત્તિઓને જોતો નથી. ॥૧॥" વિગેરે. આવા પ્રકારનો જગતનો સ્વભાવ જેનાવડે જાણેલો છે, તે પણ ક્યારેક કર્મોદયના વશથી સંગવાળો થાય છે તેથી કહે છે – નિઃસંગ એવો જીવ અર્થાત્ જગતના સ્વભાવને જાણવા સાથે પાંચ વિષયોમાં ઉત્પન્ન થયેલ સ્નેહરૂપ સંગથી રહિત એવો જીવ.

આવા પ્રકારનો જીવ પણ ક્યારેક ભયયુક્ત હોય છે. તેથી કહે છે – ઈહલોકાદિ સાતભયોથી મૂકાયેલો જીવ. આવો જીવ પણ ક્યારેક વિશિષ્ટપરિણતિના અભાવમાં પરલોકસંબંધી આશંસાવાળો હોય. તેથી કહે છે – આલોક અને પરલોકની આશંસા વિનાનો, 'च' શબ્દથી તેવા પ્રકારના ક્રોધાદિથી રહિત. આવા પ્રકારનો જે જીવ વૈરાગ્યથી ભાવિતમનવાળો થાય છે, તે જીવ અજ્ઞાનાદિઉપદ્રવોથી રહિત હોવાથી ધ્યાનમાં સુનિશ્ચલ થાય છે. ॥ધ્યા.–૩૪॥

અવતરણિકા : વૈરાગ્યભાવના કહી. ધ્યાન માટેની મૂલ બે દ્વારગાથામાં રહેલ 'ભાવના' શબ્દનું વ્યાખ્યાન પૂર્ણ થયું. હવે દેશનામના દ્વારને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ :- સર્વકાલ માટે સાધુને સ્ત્રી, પશુ, નપુંસક અને કુશીલથી રહિત, નિર્જન સ્થાન કહ્યું છે. ધ્યાનકાલમાં વિશેષથી આવું સ્થાન હોવું જોઈએ.

ટીકાર્થ : માત્ર ધ્યાનસમયે જ નહીં પરંતુ સર્વકાલ માટે, શું – ? યુવતી, પશુ, નપુંસક

कुशीलपरिवर्जितं यतेः स्थानं विजनं भणित'मिति, तत्र युवतिशब्देन मनुष्यस्त्री देवी च परिगृह्यते, पशुशब्देन तु तिर्यक्स्त्रीति नपुंसकं–प्रतीतं कुत्सितं–निन्दितं शीलं–वृत्तं येषां ते कुशीलाः, ते च तथाविधा द्यूतकारादयः, उक्तं च–

"[२८]जूइयरसोलमेंठा वट्टा उब्भायगादिणो जे य ।
एए होंति कुसीला वज्जेयव्वा पयत्तेणं ॥१॥"

युवतिश्च पशुश्चेत्यादि द्वन्द्वः, युवत्यादिभिः परि-समन्तात् वर्जितं–रहितमिति विग्रहः यतेः–तपस्विनः साधोः, 'एकग्रहणे तज्जतीयग्रहण'मिति साध्व्याश्च योग्यं यतिनपुंसकस्य च, किं ?–स्थानम्-अवकाशलक्षणं, तदेव विशेष्यते–युवत्यादिव्यतिरिक्तशेषजनापेक्षया विगतजनं विजनं भणितम्–उक्तं तीर्थकरैर्गणधरैश्चेदमेवम्भूतं नित्यमेव, अन्यत्र प्रवचनोक्तदोषसम्भवात्, विशेषतो ध्यानकाल इत्यपरिणतयोगादिनाऽन्यत्र ध्यानस्याऽऽराधयितुमशक्यत्वादिति गाथार्थः ॥३५॥

इत्थं तावदपरिणतयोगादीनां स्थानमुक्तम्, अधुना परिणतयोगादीनधिकृत्य विशेषमाह–

---

અને કુશીલથી રહિત એવું નિર્જન સ્થાન સાધુઓને કહ્યું છે. (અર્થાત્ સાધુઓએ હંમેશા આવાઓથી રહિત એવા સ્થાનમાં રહેવું જોઈએ.) અહીં યુવતીશબ્દથી મનુષ્યસ્ત્રી અને દેવીનું ગ્રહણ કરવું. પશુશબ્દથી તિર્યંચસ્ત્રીનું ગ્રહણ કરવું. નપુંસક પ્રસિદ્ધ જ છે. નિંદિત આચારો છે જેના તે કુશીલ અને તે કુશીલો તરીકે જુગારી વિગેરે લેવા. કહ્યું છે – "જે જુગારી, દારૂના વેપારી, મહાવત, બદમાશ, પરસ્ત્રીલંપટ વિગેરે છે, તે લોકો કુશીલ છે. તેઓનો પ્રયત્નથી ત્યાગ કરવો જોઈએ. ॥૧॥"

યુવતી... વિગેરેનો દ્વન્દ્વસમાસ કરવો. આ યુવતી વિગેરેથી સર્વ રીતે રહિત (એવું સ્થાન) એ પ્રમાણે સમાસનો વિગ્રહ કરવો. યતિને એટલે તપસ્વી એવા સાધુને, અહીં એકના ગ્રહણમાં તજ્જાતીયનું ગ્રહણ થઈ જતું હોવાથી સાધ્વીને અને નપુંસક એવા સાધુને યોગ્ય, યોગ્ય એવું શું ? સ્થાન એટલે કે જગ્યા. (અન્વય આ પ્રમાણે જાણવો – સાધુ, સાધ્વીજીઓ અને નપુંસક એવા સાધુ માટે રહેવાનું સ્થાન યુવતીઓ વિગેરેથી સર્વ રીતે રહિત જોઈએ.)

વળી, આ સ્થાન કેવું હોવું જોઈએ ? તે જ કહે છે – યુવતી વિગેરેથી અન્ય એવા શેષલોકની અપેક્ષાએ લોક વિનાનું એટલે કે નિર્જન સ્થાન તીર્થંકરો અને ગણધરોવડે કહેવાયેલું છે. (ટૂંકમાં અવરજવર વિનાનું સ્થાન જોઈએ.) આવા પ્રકારનું સ્થાન હંમેશ માટે હોવું જોઈએ, નહીં તો આગમમાં કહેલા દોષો સંભવે. (આ હંમેશ માટેની વાત કરી.) ધ્યાનસમયે તો વિશેષથી આવું સ્થાન જોઈએ, કારણ કે જેને યોગ=જ્ઞાનાદિભાવનારૂપ વ્યાપાર વિગેરે આત્મસાત્ નથી થયા તેવો સાધુ જનયુક્ત સ્થાનમાં ધ્યાનને આરાધવા સમર્થ બની શકતો નથી. ॥ધ્યા.–૩૫॥

અવતરણિકા : આ પ્રમાણે અપરિણતયોગાદિવાળા સાધુઓનું સ્થાન કહ્યું. હવે જેને યોગ

---

२८. द्यूतकाराः कलाला मेण्ठाश्चट्टा उद्भ्रामका इत्यादयो ये च । एते भवन्ति कुशीला वर्जयितव्याः प्रयत्नेन ॥१॥

थिरकयजोगाणं पुण मुणीण झाणे सुनिच्चलमणाणं ।
गामंमि जणाइण्णे सुण्णे रण्णे व ण विसेसो ॥३६॥

व्याख्या–तत्र स्थिराः-संहननधृतिभ्यां बलवन्त उच्यन्ते, कृता–निर्वर्तिता अभ्यस्ता इतियावत्, के ?–युज्यन्त इति योगाः–ज्ञानादिभावनाव्यापाराः सत्त्वसूत्रतपःप्रभृतयो वा यैस्ते कृतयोगाः, स्थिराश्च ते कृतयोगाश्चेति विग्रहस्तेषाम्, अत्र च स्थिरकृतयोगयोश्चतुर्भङ्गी भवति, तद्यथा–'थिरे णामेगे णो कयजोगे' इत्यादि, स्थिरा वा–पौनःपुन्यकरणेन परिचिताः कृता योगा यैस्ते तथाविधास्तेषां, पुनःशब्दो विशेषणार्थः, किं विशिनष्टि ?–तृतीयभङ्गवतां न शेषाणां, स्वभ्यस्तयोगानां वा मुनीनामिति, मन्यन्ते जीवादीन् पदार्थानिति मुनयो–विपश्चित्साधवस्तेषां च, तथा ध्याने–अधिकृत एव धर्मध्याने सुष्ठु–अतिशयेन निश्चलं निष्प्रकम्पं मनो येषां ते तथाविधास्तेषाम्, एवंविधानां स्थानं प्रति ग्रामे जनाकीर्णे शून्येऽरण्ये वा न विशेष इति, तत्र ग्रसति बुद्ध्यादीन् गुणान् गम्यो वा करादीनामिति ग्रामः–सन्निवेशविशेषः, इह एकग्रहणे

---

વિગેરે આત્મસાત્ કર્યો છે તેવા સાધુઓને આશ્રયીને વિશેષવાત કરે છે ⇨

ગાથાર્થ :- સ્થિર તથા કૃતયોગી (અને માટે જ) ધ્યાનમાં સુનિશ્ચલમનવાળા એવા મુનિઓને લોકોથી વ્યાપ્ત એવા ગામમાં કે શૂન્ય એવા જંગલમાં કોઈ ફરક પડતો નથી.

ટીકાર્થ : તેમાં સંઘયણ અને ધૃતિથી જે બલવાન છે તે સ્થિર કહેવાય છે. કરાયેલા છે એટલે કે વારંવાર અભ્યસ્ત છે. શું અભ્યસ્ત છે ? – આત્માનું મોક્ષ સાથે જે જોડાણ કરી આપે છે તે યોગો એટલે કે જ્ઞાનાદિભાવનારૂપ વ્યાપારો. આ યોગો અભ્યસ્ત કરાયેલા છે. અથવાં સત્ત્વ, સૂત્ર, તપ વિગેરે અભ્યસ્ત કરાયેલા છે જેનાવડે તે કૃતયોગ કહેવાય છે. સ્થિર અને કૃતયોગી એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો.

અહીં સ્થિર અને કૃતયોગીમાં ચતુર્ભંગી જાણવી. તે આ પ્રમાણે – (૧) કેટલાક સ્થિર હોય છે, પરંતુ કૃતયોગી હોતા નથી. (૨) કેટલાક સ્થિર નથી હોતા, કૃતયોગી હોય. (૩) કેટલાક બંને હોય, અને (૪) કેટલાક બંનેથી શૂન્ય હોય. અથવા સ્થિર એટલે વારંવાર પરિચિત, તેથી સ્થિર કરાયેલા છે યોગો જેમનાવડે તે સ્થિરકૃતયોગ કહેવાય છે, તેઓને, પુનઃ શબ્દ વિશેષણ અર્થમાં=વિશેષ અર્થને જણાવનાર છે. કઈ વિશેષ વાતને જણાવે છે ? – ત્રીજા ભાંગાવર્તી એટલે કે સ્થિર અને કૃતયોગી એવા મુનિઓને અથવા સારી રીતે અભ્યસ્ત કરાયેલા છે જ્ઞાનાદિયોગો જેમનાવડે એવા મુનિઓને (ગામ કે જંગલ હોય કોઈ ફરક પડતો નથી એમ અન્વય જોડવો.)

(યથાવસ્થિત રીતે) જીવાદિ પદાર્થોને જે જાણે છે તે મુનિ, અર્થાત્ વિદ્વાન સાધુઓ, તેઓને તથા ધ્યાનને વિશે અર્થાત્ અધિકૃત એવા ધર્મધ્યાનને વિશે અત્યંત નિશ્ચલ છે મન જેઓનું એવા તે મુનિઓને સ્થાન માટે લોકોથી ભરચક ગામ હોય કે શૂન્ય એવું જંગલ હોય, બેમાં કોઈ ફરક નથી. (અર્થાત્ ગમે તે સ્થાન હોય આવા મુનિઓ તે સ્થાનમાં ધ્યાન આરાધવા સમર્થ હોય છે.) તેમાં જે બુદ્ધિ વિગેરે ગુણોને ખાઈ જાય છે તે અથવા જ્યાં કરાદિ (=ટેક્ષ

तज्जातीयग्रहणान्नगरखेटकर्बटादिपरिग्रह इति, जनाकीर्णे–जनाकुले ग्राम एवोद्यानादौ वा, तथा शून्ये तस्मिन्नेवारण्ये वा कान्तारे वेति, वा विभाषायां, न विशेषो–न भेदः, सर्वत्र तुल्यभावत्वात्परिणतत्वात्तेषामिति गाथार्थः ॥३६॥

यतश्चैवं–

तो जत्थ समाहाणं होज्ज मणोवयणकायजोगाणं ।
भूओवरोहरहिओ सो देसो झायमाणस्स ॥३७॥

व्याख्या–यत एवं यदुक्तं 'ततः' तस्मात्कारणाद् 'यत्र' ग्रामादौ स्थाने 'समाधानं' स्वास्थ्यं 'भवति' जायते, केषामित्यत आह–'मनोवाक्काययोगानां' प्राग्निरूपितशब्दार्थानामिति, आह–मनोयोगसमाधानमस्तु, वाक्काययोगसमाधानं तत्र क्वोपयुज्यते ?, न हि तन्मयं ध्यानं भवति, अत्रोच्यते, तत्समाधानं तावन्मनोयोगोपकारकं, ध्यानमपि च तदात्मकं भवत्येव, यथोक्तम्–

---

વિગેરે) લેવાતા હોય તે ગામ અર્થાત્ સન્નિવેશવિશેષ.

અહીં એકના ગ્રહણથી તેના જેવા બીજાઓનું ગ્રહણ થઈ જતું હોવાથી નગર, ખેટ, કર્બટ વિગેરે જાણી લેવા. જનથી આકુલ એવા ગામમાં જ અથવા ઉદ્યાન વિગેરેમાં. તથા શૂન્ય એવા તે જ ઉદ્યાન વિગેરેમાં અથવા જંગલમાં. 'વા' શબ્દ વિભાષા=વિકલ્પ અર્થમાં છે. આવા ગામ અથવા જંગલમાં (આવા મુનિઓને) કોઈ ભેદ નથી, કારણ કે યોગો પરિણત થયા હોવાથી સર્વત્ર તુલ્ય ભાવવાળા હોય છે. (સંપૂર્ણ ટીકાનો અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥ધ્યા.–૩૬॥

જે કારણથી આ પ્રમાણે છે (એટલે કે અનભ્યસ્તયોગવાળા મુનિઓને નિર્જન સ્થાન અને અભ્યસ્તયોગવાળા મુનિઓને ગમે તે સ્થાન ચાલે.)

ગાથાર્થ :- તે કારણથી જ્યાં મન, વચન અને કાયયોગનું સ્વાસ્થ્ય પ્રાપ્ત થતું હોય તેવો અને જીવોના ઉપઘાત વિનાનો દેશ ધ્યાન ધરનાર માટે ઉચિત જાણવો.

ટીકાર્થ : જે કારણથી આ પ્રમાણે જે કહ્યું છે તે કારણથી જ્યાં ગામ વિગેરે સ્થાનમાં સ્વાસ્થ્ય ઉત્પન્ન થતું હોય, કોનું સ્વાસ્થ્ય ? તે કહે છે – પૂર્વે જેનો શબ્દાર્થ કહ્યો છે તેવા મન-વચન અને કાયયોગનું સ્વાસ્થ્ય.

શંકા : અહીં (ધ્યાનની વાત ચાલે છે જેમાં મનનો ઉપયોગ કરવાનો છે, તેથી) મનના સ્વાસ્થ્યની તમે વાત કરો એ બરાબર છે. વચન-કાયયોગનું સમાધાન ધ્યાન માટે ક્યાં ઉપયોગી છે ? કારણ કે વચન-કાયમય ધ્યાન તો છે નહીં (અર્થાત્ વચન-કાયાની તો ધ્યાન માટે કોઈ જરૂર જ નથી.)

સમાધાન : વચન અને કાયાનું સ્વાસ્થ્ય એ મનોયોગ માટે ઉપકારક હોવાથી વચન-કાયાનું સ્વાસ્થ્ય પણ જરૂરી છે. અને ધ્યાન પણ વચન-કાયાત્મક છે જ, કારણ કે કહ્યું છે –

"[२९] एवंविहा गिरा मे वत्तव्वा एरिसी न वत्तव्वा ।
इय वेयालियवक्कस्स भासओ वाइगं झाणं ॥१॥"

तथा–

"[३०] सुसमाहियकरपायस्स अकज्जे कारणंमि जयणाए ।
किरियाकरणं जं तं काइयझाणं भवे जइणो ॥२॥"

न चात्र समाधानमात्रकारित्वमेव गृह्यते, किन्तु भूतोपरोधरहितः, तत्र भूतानि-पृथिव्यादीनि, उपरोधः–तत्सङ्घट्टनादिलक्षणः तेन रहितः–परित्यक्तो यः 'एकग्रहणे तज्जातीयग्रहणाद्' अनृतादत्तादानमैथुनपरिग्रहाद्युपरोधरहितश्च स देशो 'ध्यायतः' चिन्तयतः, उचित इति शेषः, अयं गाथार्थः ॥३७॥

गतं देशद्वारम्, अधुना कालद्वारमभिधित्सुराह–

**कालोऽवि सोच्चिय जहिं जोगसमाहाणमुत्तमं लहइ ।**
**न उ दिवसनिसावेलाइनियमणं झाइणो भणियं ॥३८॥**

---

"આવા પ્રકારની વાણી મારે બોલવી, પણ આવા પ્રકારની બોલવી નહીં. આ પ્રમાણે વિચારીને વાક્ય બોલનારનું વાચિકધ્યાન જાણવું. ॥૧॥" તથા હાથ-પગને સારી રીતે વ્યવસ્થિત રાખીને તેને અકાર્યમાં ન જોડનારનું કારણ આવી પડતા જયણાપૂર્વક જે ક્રિયાનું કરણ તે કાયિકધ્યાન જાણવું."

વળી, માત્ર સ્વાસ્થ્યદાયી એવો દેશ જ અહીં ગ્રહણ કરવાનો નથી, પરંતુ સ્વાસ્થ્યદાયી સાથે ભૂતોના ઉપરોધ વિનાનો પણ જોઈએ. અહીં ભૂત એટલે પૃથ્વી વિગેરે જીવો. ઉપરોધ એટલે તે જીવોના સંઘટ્ટન વિગેરે. તેનાથી રહિત એવો દેશ. અહીં એકના ગ્રહણથી (=હિંસાનું ગ્રહણ કરવાથી) તજ્જાતીયનું ગ્રહણ થતું હોવાથી મૃષા, ચોરી, મૈથુન, પરિગ્રહ વિગેરેના ઉપરોધથી રહિત એવો દેશ ધ્યાન ધરનાર મુનિ માટે ઉચિત જાણવો. (અહીં મૃષાનો ઉપરોધ એટલે ધ્યાન માટે ગુરુને જે પ્રદેશનું કથન કર્યું છે તેના કરતા અન્ય પ્રદેશમાં બેસીને ધ્યાન ધરે તો તે દેશ અસત્યના સંબંધવાળો કહેવાય. એ જ રીતે સ્વામીની અનુજ્ઞા મેળવ્યા વિનાનો દેશ અદત્તાદાનના સંબંધવાળો જાણવો. જ્યાં મૈથુનસંબંધી શબ્દો કે રૂપાદિના દર્શન થતાં હોય તે મૈથુનના સંબંધવાળો દેશ જાણવો. તથા જો તે દેશમાં મૂર્ચ્છા થાય તો પરિગ્રહના સંબંધવાળો તે દેશ ઉપચારથી જાણવો. અથવા જે દેશમાં અસત્ય વિગેરે પાપો અન્ય વ્યક્તિ કરતી હોય તેવા દેશથી રહિત એવો દેશ ધ્યાન ધરનાર મુનિ માટે ઉચિત જાણવો.) ॥ધ્યા.– ૩૭॥

અવતરણિકા : દેશદ્વાર પૂર્ણ થયું. હવે કાલદ્વાર કહેવાની ઇચ્છાવાળા કહે છે ⇨

ગાથાર્થ :- કાલ પણ તે જ જાણવો કે જે કાલમાં મનાદિયોગોનું ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત થતું હોય. ધ્યાન માટે કોઈ ચોક્કસ દિવસ, રાત્રિવેલા વિગેરેનો નિયમ ધ્યાનીને કહ્યો નથી.

---

२९. एवंविधाः गीर्मया वक्तव्येदृशी न वक्तव्या । इति विचारितवाक्यस्य भाषमाणस्य वाचिकं ध्यानम् ॥१॥ ३०. सुसमाहितकरपादस्याकार्ये कारणे यतनया । क्रियाकरणं यत्तत्कायिकं भवेत् यतेः ध्यानं ॥२॥

व्याख्या–कलनं कालः कलासमूहो वा कालः, स चार्द्धतृतीयेषु द्वीपसमुद्रेषु चन्द्रसूर्यगतिक्रियोपलक्षितो दिवसादिरवसेयः, अपिशब्दो देशानियमेन तुल्यत्वसम्भावनार्थः, तथा चाह–कालोऽपि स एव, ध्यानोचित इति गम्यते, 'यत्र' काले 'योगसमाधानं' मनोयोगादिस्वास्थ्यम् 'उत्तमं' प्रधानं 'लभते' प्राप्नोति, 'न तु' न पुनर्नैव वा, तुशब्दस्य पुनःशब्दार्थत्वादेवकारार्थत्वाद्वा, किं ?–दिवसनिशावेलादिनियमनं ध्यायिनो भणितमिति, दिवसनिशे प्रतीते, वेला सामान्यत एव तदेकदेशो मुहूर्तादिः, आदिशब्दात् पूर्वाह्णापराह्णादि वा, एतन्नियमनं दिवैवेत्यादिलक्षणं, ध्यायिनः सत्त्वस्य भणितम्–उक्तं तीर्थकरगणधरैर्नैवेति गाथार्थः ॥३८॥

गतं कालद्वारं, साम्प्रतमासनविशेषद्वारं व्याचिख्यासयाऽऽह–

जच्चिय देहावत्था जिया ण झाणोवरोहिणी होइ ।
झाइज्जा तदवत्थो ठिओ निसण्णो निवण्णो वा ॥३९॥

व्याख्या–इहैव या काचिद् 'देहावस्था' शरीरावस्था निषण्णादिरूपा, किं ?–'जिता' इत्यभ्यस्ता उचिता वा, तथाऽनुष्ठीयमाना 'न ध्यानोपरोधिनी भवति' नाधिकृतधर्मध्यानपीडाकरी

---

ટીકાર્થ : જાણવું તે કાલ અથવા કલાઓનો સમૂહ તે કાલ. અહીં અઢીદ્વીપમાં ચન્દ્ર, સૂર્યની ગતિરૂપ ક્રિયાથી જણાતો દિવસ વિગેરે કાલ તરીકે જાણવો. 'अपि' શબ્દ દેશના અનિયમ સાથે કાલની તુલ્યતા જણાવનાર છે. (અર્થાત્ જેમ દેશનો કોઈ નિયમ નથી, તેમ કાલનો પણ કોઈ નિયમ નથી.) આ જ વાતને કહે છે કે – કાલ પણ તે જ ધ્યાન માટે ઉચિત છે, જે કાલમાં મનોયોગાદિનું ઉત્તમ સ્વાસ્થ્ય ધ્યાતા પ્રાપ્ત કરે છે. 'न तु' અહીં तु શબ્દ પુનઃ શબ્દના અર્થવાળો અથવા જકાર અર્થવાળો હોવાથી 'न पुनः' અથવા 'नैव' એ પ્રમાણે અર્થ જાણવો. તેથી (મનોયોગાદિનું જે કાલમાં ઉત્તમ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તે જ કાલ ઉચિત છે, પરંતુ આ સિવાય) કોઈ ચોક્કસ દિવસ, રાત્રિ કે વેળાનો નિયમ ધ્યાની માટે તીર્થંકરાદિઓવડે કહ્યો નથી. અહીં દિવસ અને રાત્રિનો અર્થ પ્રસિદ્ધ જ છે. વેળા એટલે સામાન્યથી જ દિવસ કે રાત્રીનો એક દેશ એવો મુહૂર્ત વિગેરે. આદિશબ્દથી દિવસનો પૂર્વ ભાગ કે પાછલો ભાગ જાણવો. આ બધાનો નિયમ એટલે દિવસે જ ધ્યાન કરવું અથવા રાત્રીએ જ ધ્યાન કરવું વિગેરે. આવા પ્રકારનો નિયમ ધ્યાતા માટે તીર્થંકર-ગણધરોવડે કહેવાયો નથી. ॥ધ્યા.–૩૮॥

અવતરણિકા : કાલદ્વાર કહ્યું. હવે આસનવિશેષ નામના દ્વારને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

**ગાથાર્થ :- જે દેહની અવસ્થા ઉપર જીત મેળવેલી છે તથા જે દેહાવસ્થા ધ્યાનને બાધા કરનારી નથી. તે અવસ્થામાં એટલે કે ઊભેલો, બેઠેલો કે આડો પડેલો મુનિ ધ્યાન ધરે.**

ટીકાર્થ : અહીં જ જે કોઈ બેસવા વિગેરેરૂપ દેહની અવસ્થા વારંવાર અભ્યસ્ત કરાયેલી હોય અથવા ધ્યાન માટે ઉચિત હોય, તથા કરાતી એવી તે અવસ્થા અધિકૃત એવા ધર્મધ્યાનને પીડા કરનારી ન હોય તો તે અવસ્થાવાળો મુનિ ધ્યાન કરે. (ટૂંકમાં શરીર જે અવસ્થામાં લાંબો

भवतीत्यर्थः, 'ध्यायेत् तदवस्थ' इति सैवावस्था यस्य स तदवस्थः, तामेव विशेषतः प्राह- 'स्थितः' कायोत्सर्गेणेषन्नतादिना, 'निषण्णः' उपविष्टो वीरासनादिना, 'निर्विण्णः' सन्निविष्टो दण्डायतादिना 'वा' विभाषायामिति गाथार्थः ॥३९॥

आह–किं पुनरयं देशकालासनानामनियम इति ?, अत्रोच्यते–

सव्वासु वट्टमाणा मुणओ जं देसकालचेट्ठासु ।
वरकेवलाइलाभं पत्ता बहुसो समियपावा ॥४०॥

व्याख्या–'सर्वासु' इत्यशेषासु, देशकालचेष्टासु इति योगः, चेष्टा–देहावस्था, किं ?– 'वर्तमानाः' अवस्थिताः, के ?–'मुनयः' प्राग्निरूपितशब्दार्थाः 'यद्' यस्मात्कारणात्, किं ?– वरः–प्रधानश्चासौ केवलादिलाभश्च २ तं प्राप्ता इति, आदिशब्दान्मनःपर्यायज्ञानादिपरिग्रहः, किं सकृदेव प्राप्ताः ? न, केवलवर्जं 'बहुशः' अनेकशः, किंविशिष्टाः?–'शान्तपापाः' तत्र पातयति नरकादिष्विति पापं शान्तम्–उपशमं नीतं पापं यैस्ते तथाविधा इति गाथार्थः ॥४०॥

तो देसकालचेट्ठानियमो झाणस्स नत्थि समयंमि ।
जोगाण समाहाणं जह होइ तहा पयइयव्वं ॥४१॥

---

સમય સુધી રહેવા ટેવાયેલું હોય અને એ અવસ્થામાં રહ્યા બાદ ધ્યાનને શરીર તરફથી કોઈ વિઘ્ન આવતું ન હોય તે અવસ્થામાં મુનિ ધ્યાન ધરે.) તે જ અવસ્થા છે જેની તે તદવસ્થ મુનિ. તે અવસ્થાન જ વિશેષથી કહે છે (અર્થાત્ તે અવસ્થા કેવા પ્રકારની હોય ? તે કહે છે) – કાયાના ત્યાગવડે કંઈક નમેલો ઊભો રહે (અર્થાત્ કાયોત્સર્ગમુદ્રામાં કંઈક નમેલો ઊભો રહીને ધ્યાન ધરે.) અથવા વીરાસન વિગેરે મુદ્રામાં બેઠેલો ધ્યાન ધરે અથવા લાંબો સૂતેલો ધ્યાન ધરે. 'વા' શબ્દ વિકલ્પ-અર્થમાં જાણવો. ॥ધ્યા.–૩૯॥

અવતરણિકા :- શંકા : દેશ, કાલ, આસનોનો અનિયમ શા માટે ? તે કહે છે ⇨

ગાથાર્થ :- કારણ કે, સર્વ દેશ, કાલ અને આસનોમાં વર્તતા શાન્તપાપવાળા મુનિઓ ઉત્કૃષ્ટ અને કેવલાદિના લાભને અનેકવાર પામ્યા છે. (તે કારણથી દેશ, કાલાદિનો અનિયમ છે.)

ટીકાર્થ : સર્વ દેશ, સર્વકાલ અને બધા જ પ્રકારની દેહાવસ્થામાં, અહીં ચેષ્ટા એટલે દેહાવસ્થા જાણવી. આ બધામાં શું ? – સર્વ દેશ, કાલ, દેહાવસ્થામાં વર્તતા, કોણ ? – પૂર્વે શબ્દાર્થ જેનો કરી ગયા છે તે મુનિઓ, જે કારણથી શું ? – (જે કારણથી સર્વ દેશ, સર્વ કાલ અને સર્વ ચેષ્ટામાં વર્તતા મુનિઓ) ઉત્કૃષ્ટ એવા કેવલાદિના લાભને પામ્યા છે. આદિશબ્દથી મનઃપર્યાયજ્ઞાનાદિ લેવા. શું એક જ વાર પામ્યા છે ? – તો કે ના, કેવલજ્ઞાનને છોડીને અનેકવાર મનઃપર્યાયજ્ઞાનાદિનો લાભ પામ્યા છે. આ મુનિઓ કેવા છે ? – શાન્તપાપવાળા છે. તેમાં નરકાદિમાં જે પાડે છે તે પાપ. આવું પાપ શાંત કરાયું છે જેમનાવડે એવા તે મુનિઓ છે. (અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥ધ્યા.–૪૦॥

ગાથાર્થ :- (જે કારણથી મુનિઓ સર્વ દેશકાલાદિમાં ઉત્કૃષ્ટલાભને પામ્યા છે) તે કારણથી આગમમાં ધ્યાન માટે દેશ, કાલ, ચેષ્ટાનો કોઈ નિયમ નથી. જે રીતે મનાદિયોગોનું સ્વાસ્થ્ય

व्याख्या–यस्मादिति पूर्वगाथायामुक्तं तेन सहास्याभिसम्बन्धः, तस्माद्देशकालचेष्टानियमो ध्यानस्य 'नास्ति' न विद्यते, क्व ?–'समये' आगमे, किन्तु 'योगानां' मनःप्रभृतीनां 'समाधानं' पूर्वोक्तं यथा भवति तथा 'प्रयतितव्यं' (प्र)यत्नः कार्य इत्यत्र नियम एवेति गाथार्थः ॥४१॥

गतमासनद्वारम्, अधुनाऽऽलम्बनद्वारावयवार्थप्रतिपादनायाह–

आलंबणाइँ वायणपुच्छणपरियट्टणाणुचिंताओ ।
सामाइयाइयाइं सद्धम्मावस्सयाइं च ॥४२॥

व्याख्या–इह धर्मध्यानारोहणार्थमालम्ब्यन्त इत्यालम्बनानि 'वाचनाप्रश्नपरावर्तनानुचिन्ता' इति तत्र वाचनं वाचना, विनेयाय निर्जरायै सूत्रादिदानमित्यर्थः, शङ्किते सूत्रादौ संशयापनोदाय गुरुप्रच्छनं प्रश्न इति, परावर्तनं तु पूर्वाधीतस्यैव सूत्रादेरविस्मरणनिर्जरानिमित्तमभ्यासकरणमिति, अनुचिन्तनम् अनुचिन्ता मनसैवाविस्मरणादिनिमित्तं सूत्रानुस्मरणमित्यर्थः, वाचना च प्रश्नश्चेत्यादि द्वन्द्वः, एतानि च श्रुतधर्मानुगतानि वर्तन्ते, तथा सामायिकादीनि सद्धर्मावश्यकानि चेति, अमूनि तु चरणधर्मानुगतानि वर्तन्ते, सामायिकमादौ येषां तानि सामायिकादीनि, तत्र

---

પ્રાપ્ત થાય તે રીતે પ્રયત્ન કરવો જોઈએ.

ટીકાર્થ : 'જે કારણથી' એ પ્રમાણે પૂર્વગાથામાં જે કહ્યું, તેની સાથે આ શ્લોકનો સંબંધ જોડવો. તે કારણથી દેશ, કાલ, ચેષ્ટાનો નિયમ ધ્યાન માટે નથી. ક્યાં નથી ? – આગમમાં નથી... પરંતુ મન વિગેરે યોગોનું સ્વાસ્થ્ય જે રીતે થાય તે રીતે પ્રયત્ન કરવા યોગ્ય છે. આ બાબતમાં નિયમ જ સમજવો. (અર્થાત્ મનાદિનું સ્વાસ્થ્ય હોવું જરૂરી છે.) ॥ધ્યા.–૪૧॥

અવતરણિકા : આસનદ્વાર પૂર્ણ થયું. હવે આલંબનદ્વારના અર્થને વિસ્તારથી પ્રતિપાદન કરવા માટે કહે છે ➩

ગાથાર્થ :- વાચના, પૃચ્છના, પરાવર્તન, અનુચિંતન અને સુંદર ચારિત્રધર્મના અવશ્ય કર્તવ્યરૂપ એવા સામાયિક વિગેરે અનુષ્ઠાનો ધ્યાન માટેના આલંબનરૂપે જાણવા.

ટીકાર્થ : જે આધારરૂપે કરાય (=જેનો આધાર લેવાય) તે આલંબન. અહીં ધર્મધ્યાન ઉપર ચઢવા માટેના આલંબનો આ પ્રમાણે જાણવા → વાચના, પૃચ્છના વિગેરે. તેમાં નિર્જરા માટે શિષ્યોને જે સૂત્ર વિગેરેનું દાન કરવું તે વાચના. સૂત્ર વિગેરેમાં જ્યાં શંકા હોય તે શંકાને દૂર કરવા માટે ગુરુને જે પૂછવું તે પ્રશ્ન. પૂર્વે ભણેલ એવા જ સૂત્રાદિનો ભૂલાય નહીં તે માટે અને નિર્જરા માટે જે વારંવાર અભ્યાસ કરવો તે પરાવર્તન. ભૂલાય નહીં વિગેરે માટે મનથી જ સૂત્રનું અનુસ્મરણ તે અનુચિંતા જાણવી.

વાચના વિગેરેનો દ્વન્દ્વસમાસ કરવો. આ બધા શ્રુતધર્મમાં સમાવિષ્ટ છે. આ પ્રમાણે (શ્રુતધર્મને આશ્રયીને આલંબન કહ્યા. હવે ચારિત્રધર્મને આશ્રયીને આલંબનો કહે છે –) તથા સામાયિક વિગેરે સદ્ધર્માવશ્યકો એ ચારિત્રધર્મમાં સમાવિષ્ટ છે. સામાયિક એ છે આદિમાં જેને તે સામાયિક વિગેરે. તેમાં સામાયિક પ્રસિદ્ધ જ છે, આદિશબ્દથી મુહપત્તિનું પડિલેહણ, ઉપધિનું

सामायिकं प्रतीतम्, आदिशब्दान्मुखवस्त्रिकाप्रत्युपेक्षणादिलक्षणसकलचक्रवालसामाचारीपरिग्रहो यावत् पुनरपि सामायिकमिति, एतान्येव विधिवदासेव्यमानानि सन्ति–शोभनानि सन्ति च तानि चारित्रधर्मावश्यकानि चेति विग्रहः, आवश्यकानि–नियमतः करणीयानि, चः समुच्चये इति गाथार्थः ॥४२॥

साम्प्रतममीषामेवाऽऽलम्बनत्वे निबन्धनमाह–

विसमंमि समारोहइ दढदव्वालंबणो जहा पुरिसो ।
सुत्ताइकयालंबो तह झाणवरं समारुहइ ॥४३॥

व्याख्या–'विषमे' निम्ने दुःसञ्चरे 'समारोहति' सम्यगपरिक्लेशेनोर्ध्वं याति, कः ?– दृढं–बलवद्‌द्रव्यं रज्ज्वाद्यालम्बनं यस्य स तथाविधः, यथा 'पुरुषः' पुमान् कश्चित्, 'सूत्रादिकृतालम्बनः' वाचनादिकृतालम्बन इत्यर्थः, 'तथा' तेनैव प्रकारेण 'ध्यानवरं' धर्मध्यानमित्यर्थः, समारोहतीति गाथार्थः ॥४३॥

गतमालम्बनद्वारम्, अधुना क्रमद्वारावसरः, तत्र लाघवार्थं धर्मस्य शुक्लस्य च तत् प्रतिपादयन्नाह–

झाणप्पडिवत्तिकमो होइ मणोजोगनिग्गहाईओ ।
भवकाले केवलिणो सेसाण जहासमाहीए ॥४४॥

---

પડિલેહણ વિગેરે સંપૂર્ણ ચક્રવાલ-સામાચારી (દિવસ-રાત્રીસંબંધી સંપૂર્ણ આવશ્યકક્રિયાઓ) જાણી લેવી. (ટૂંકમાં સવારના પ્રતિક્રમણમાં 'કરેમિ ભંતે !' રૂપ સામાયિકથી લઈ બીજા દિવસે સવારે) ફરીથી 'કરેમિ ભંતે !' આવે ત્યાં સુધીની સંપૂર્ણ ક્રિયાઓ જાણી લેવી. આ ક્રિયાઓ જ વિધિવદ્ સેવાતી સદ્=શોભન એવા ચારિત્રધર્માવશ્યકો કહેવાય છે. શોભન એવા જે ચારિત્રધર્મના આવશ્યકો તે સદ્‌ધર્માવશ્યકો એ પ્રમાણે સમાસવિગ્રહ જાણવો. આવશ્યક એટલે નિયમથી કરણીય. 'ચ' શબ્દ સમુચ્ચયમાં જાણવો. ॥ધ્યા.–૪૨॥

અવતરણિકા : હવે આ વાચના વિગેરે જ આલંબન શા માટે છે ? તેનું કારણ જણાવે છે ⇨

ગાથાર્થ :- જેમ પુરુષ મજબૂત એવા દોરડા વિગેરેના આધારે વિષમ એવા સ્થાનમાં ચઢે છે, તેમ મુનિ સૂત્ર વિગેરે આલંબનોના આધારે ઉત્કૃષ્ટ ધ્યાન ઉપર આરુઢ થાય છે.

ટીકાર્થ : દુઃખોથી ચઢી શકાય એવા વિષમ સ્થાનમાં સમ્યગ્ રીતે એટલે કે કોઈપણ જાતના ક્લેશ વિના ઉપર ચઢે છે. કોણ ચઢે છે ? – બલવાન એવા દોરડા વિગેરે દ્રવ્ય એ છે આલંબન જેનું તેવો કોઈક પુરુષ જેમ ચઢે છે, તે જ પ્રકારે વાચના વિગેરેનું કરાયેલું છે આલંબન જેનાવડે એવો મુનિ ધર્મધ્યાન ઉપર ચઢે છે. ॥ધ્યા.–૪૩॥

અવતરણિકા : આલંબનદ્વાર પૂર્ણ થયું. હવે ક્રમદ્વારનો અવસર છે. તેમાં લાઘવ કરવા માટે ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પ્રતિપત્તિક્રમનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

ગાથાર્થ :- કેવલિને ભવના છેલ્લા અંતર્મુહૂર્ત સમયે ધ્યાનની પ્રાપ્તિનો ક્રમ મનોયોગનો નિગ્રહ વિગેરે જાણવો. બાકી બધાને ધર્મધ્યાનની પ્રાપ્તિ સ્વસ્થતાનુસારે જાણવી.

व्याख्या–ध्यानं-प्राग्निरूपितशब्दार्थं तस्य प्रतिपत्तिक्रम इति समासः, प्रतिपत्तिक्रमः–प्रतिपत्तिपरिपाट्यभिधीयते, स च भवति मनोयोगनिग्रहादिः, तत्र प्रथमं मनोयोगनिग्रहः ततो वाग्योगनिग्रहः ततः काययोगनिग्रह इति, किमयं सामान्येन सर्वथैवेत्थम्भूतः क्रमो ?, न, किन्तु भवकाले केवलिनः, अत्र भवकालशब्देन मोक्षगमनप्रत्यासन्नः अन्तर्मुहूर्तप्रमाण एव शैलेश्यवस्थान्तर्गतः परिगृह्यते, केवलमस्यास्तीति केवली तस्य, शुक्लध्यान एवायं क्रमः, शेषस्यान्यस्य धर्मध्यानप्रतिपत्तुर्योगकालावाश्रित्य किं ?–'यथासमाधिने'ति यथैव स्वास्थ्यं भवति तथैव प्रतिपत्तिरिति गाथार्थः ॥४४॥

गतं क्रमद्वारम्, इदानीं ध्यातव्यमुच्यते, तच्चतुर्भेदमाज्ञादिः, उक्तं च–"*आज्ञाऽपायविपाकसंस्थानविचयाय धर्म्यम्*" (तत्त्वार्थे अ० ९, सू० ३७) इत्यादि, तत्राऽऽद्यभेदप्रतिपादनायाह–

सुनिउणमणाइणिहणं भूयहियं भूयभावणमहग्घं ।
अमियमजियं महत्थं महाणुभावं महाविसयं ॥४५॥

ટીકાર્થ : 'ધ્યાન' શબ્દનો અર્થ પૂર્વે જણાવેલ છે. તે ધ્યાનની પ્રાપ્તિનો ક્રમ એ પ્રમાણે સમાસ જાણવો. પ્રતિપત્તિક્રમ એટલે પ્રાપ્તિનો ક્રમ, અને તે પ્રાપ્તિનો ક્રમ મનોયોગનો નિગ્રહ વિગેરે જાણવો. તેમાં પ્રથમ મનોયોગનો નિગ્રહ થાય, ત્યાર પછી વચનયોગનો નિગ્રહ અને પછી કાયયોગનો નિગ્રહ.

શંકા : શું બધાને સામાન્યથી આ પ્રમાણેનો જ હંમેશા ક્રમ હોય છે ?

સમાધાન : ના, ભવના અંત સમયે કેવલિભગવંતોને જ આ પ્રમાણેનો ક્રમ જાણવો. અહીં ભવકાલશબ્દથી મોક્ષમાં જવા માટેનો અત્યંત નજીકનો અંતર્મુહૂર્ત પ્રમાણ જ શૈલેશી-અવસ્થાસંબંધી કાલ ગ્રહણ કરવો. (અર્થાત્ આયુષ્યનો છેલ્લો અંતર્મુહૂર્તપ્રમાણ કાલ ગ્રહણ કરવો.) કેવલજ્ઞાન છે જેમને તે કેવલી તેમને શુક્લધ્યાનમાં આ ક્રમ જાણવો. (અર્થાત્ ઉપરોક્ત જે ક્રમ કહ્યો તે કેવલિભગવંતને શુક્લધ્યાનના છેલ્લા બે ભેદનો ક્રમ કહ્યો.)

કેવલિભગવંત સિવાય અન્ય કે જેઓ ધર્મધ્યાનને (અને શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોને) સ્વીકારનારા છે. તેઓનો ક્રમ યોગ અને કાલને આશ્રયીને શું છે ? તો જે રીતે (જે કાલે) મન-વચન-કાયાનું સ્વાસ્થ્ય થાય તે રીતે (તે કાલે) ધર્મધ્યાનની પ્રાપ્તિ થાય છે. (અને આગળ જતાં શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોની પ્રાપ્તિ થાય છે.) ॥ધ્યા.–૪૪ ॥

અવતરણિકા : ક્રમદ્વાર પૂર્ણ થયું. હવે ધ્યાતવ્ય (=ધ્યાનનો વિષય) કહેવાય છે. તે આજ્ઞા વિગેરે ચાર પ્રકારનું છે. કહ્યું છે – "(૧) આજ્ઞાવિચય (વિચય=ચિંતન) (૨) અપાયવિચય (૩) વિપાકવિચય (૪) સંસ્થાનવિચય. આ ચાર પ્રકારે ધર્મધ્યાન છે." તેમાં પ્રથમ આજ્ઞાવિચયનામનો પ્રથમભેદ પ્રતિપાદન કરવા માટે કહે છે ➾

ગાથાર્થ :- સુનિપુણ, અનાદિઅનંત, જીવોને હિતકારી, અનેકાન્તદેશિકી, અમૂલ્ય, અપરિમિત, અજિત, મહા-અર્થવાળી, અત્યંત પ્રભાવશાળી, મહાવિષયવાળી (એવી આજ્ઞાનું મુનિ ધ્યાન ધરે.)

व्याख्या–सुष्ठु-अतीव निपुणा–कुशला सुनिपुणा ताम्, आज्ञामिति योगः, नैपुण्यं पुनः सूक्ष्मद्रव्याद्युपदर्शकत्वात्तथा मत्यादिप्रतिपादकत्वाच्च, उक्तं च–

"सुयनाणंमि[३१] नेउण्णं, केवले तयणंतरं ।
अप्पणो सेसगाणं च, जम्हा तं परिभावगं ॥१॥"

इत्यादि, इत्थं सुनिपुणां ध्यायेत्, तथा 'अनाद्यनिधनाम्' अनुत्पन्नशाश्वतामित्यर्थः, अनाद्यनिधनत्वं च द्रव्याद्यपेक्षयेति, उक्तं च "*द्रव्यार्थादेशादित्येषा द्वादशाङ्गी न कदाचिन्नासीदि*"त्यादि, तथा 'भूतहिता'मिति इह भूतशब्देन प्राणिन उच्यन्ते तेषां हितां–पथ्यामिति भावः, हितत्वं पुनस्तदनुपरोधिनीत्वात्तथा हितकारिणीत्वाच्च, उक्तं च–'*सर्वे जीवा न हन्तव्या*' इत्यादि, एतत्प्रभावाच्च भूयांसः सिद्धा इति, 'भूतभावनाम्' इत्यत्र भूतं–सत्यं भाव्यतेऽनयेति भूतस्य वा भावना भूतभावना, अनेकान्तपरिच्छेदात्मिकेत्यर्थः, भूतानां वा–

ટીકાર્થ : અત્યંત કુશલ એવી આજ્ઞા (=ભગવાનના વચનો), અહીં આજ્ઞા એ સૂક્ષ્મદ્રવ્ય વિગેરેને જણાવનારી હોવાથી તથા મતિજ્ઞાન વિગેરેનું પ્રતિપાદન કરનારી હોવાથી અત્યંત નિપુણ છે. કહ્યું છે - "કેવલજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનમાં નિપુણતા વધારે છે, કારણ કે તે શ્રુતજ્ઞાન પોતાને અને શેષ મતિ વિગેરે જ્ઞાનોને જણાવનારું છે." આવા પ્રકારે સુનિપુણ એવી આજ્ઞાનું ધ્યાન ધરે. (અર્થાત્ જિનવચનોમાં રહેલી નિપુણતાને વિચારે.)

તથા કદી ઉત્પન્ન ન થયેલી (અનાદિ) એવી શાશ્વત (અનંત) આજ્ઞાનું ધ્યાન ધરે. આ આજ્ઞા દ્રવ્ય વિગેરેની અપેક્ષાએ શાશ્વત જાણવી. કહ્યું છે – "દ્રવ્યાસ્તિકનયના મતે આ દ્વાદશાંગી (=આજ્ઞા=જિનવચન) ક્યારેય ન હતી, છે નહીં કે હશે નહીં એવું બનતું નથી." (આશય એ છે કે જિનવચનનો વિષય ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય વિગેરે છે અને આ દ્રવ્ય ક્યારેય ઉત્પન્ન થયું નથી કે નાશ પામવાનું નથી. તેથી તે દ્રવ્ય શાશ્વત છે. તેની અપેક્ષાએ આજ્ઞા પણ શાશ્વત છે. એટલે કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું સ્વરૂપ જણાવતું જિનવચન પણ શાશ્વત જ છે કારણ કે ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ ત્રિકાળમાં ક્યારેય બદલાવાનું નથી.)

તથા ભૂતો માટે હિતકર, અહીં ભૂતશબ્દથી જીવો ગ્રહણ કરવા. તે જીવોને પથ્ય (એવી આજ્ઞાનું ધ્યાન ધરે.) આ જિનવચન જીવોને પીડા કરનારું ન હોવાથી અને હિતકરનારું હોવાથી જીવો માટે હિતકર છે. કહ્યું છે – સર્વ જીવો હણવા યોગ્ય નથી... વિગેરે. અને આવા જિનવચનોના પ્રભાવથી ઘણા જીવો સિદ્ધ થયા છે. (આમ આ જિનવચન જીવોને કેવી રીતે હિતકર છે ? વિગેરેનું ધ્યાન ધરે.)

તથા ભૂતભાવનારૂપ આજ્ઞાનું ધ્યાન ધરે. અહીં ભૂત એટલે સત્ય. આ સત્ય જેનાવડે વિચારાય તે ભૂતભાવના અથવા સત્યની ભાવના તે ભૂતભાવના અર્થાત્ અનેકાન્તના બોધરૂપ એવી આજ્ઞા. (એટલે કે અનેકાન્તરૂપ સત્યને જણાવનારી આ આજ્ઞા છે એ રીતે ધ્યાન ધરે.)

३१. श्रुतज्ञाने नैपुण्यं केवले तदनन्तरम् । आत्मनः शेषकाणां च, यस्मात्तत् परिभावकम् (प्रकाशकम्) ॥१॥

सत्त्वानां भावना भूतभावना, भावना वासनेत्यनर्थान्तरम्, उक्तं च–

"[३२]*कूरावि सहावेणं रागविसवसाणुगावि होऊणं ।*
*भावियजिणवयणमणा तेलुक्कसुहावहा होंति ॥१॥*"

श्रूयन्ते च चिलातीपुत्रादय एवंविधा बहव इति, तथा 'अनर्घ्याम्' इति सर्वोत्तमत्वादविद्यमानमूल्यामिति भावः, उक्तं च–

"[३३]*सव्वेऽवि य सिद्धंता सदव्वरयणासया सतेलोक्का ।*
*जिणवयणस्स भगवओ न मुल्लमित्तं अणग्घेणं ॥१॥*"

तथा स्तुतिकारेणाप्युक्तम्–

"*कल्पद्रुमः कल्पितमात्रदायी, चिन्तामणिश्चिन्तितमेव दत्ते ।*
*जिनेन्द्रधर्मातिशयं विचिन्त्य, द्वये हि लोको लघुतामवैति ॥१॥*"

इत्यादि, अथवा 'ऋणघ्ना'मित्यत्र ऋणं–कर्म तद्घ्नामिति, उक्तं च–

---

અથવા ભૂત એટલે જીવો. તેઓની જે ભાવના તે ભૂતભાવના. અહીં ભાવના બોલો કે વાસના (સંસ્કાર) બોલો એક જ અર્થ છે. (તેથી આ જિનવચન એ જીવો માટે વાસનાસ્વરૂપ છે જેનાથી વાસિત=ભાવિત મનવાળા જીવો પોતાનું આત્મકલ્યાણ કરે છે.) કહ્યું છે – "સ્વભાવથી ક્રૂર અને રાગરૂપ વિષને આધીન થયેલા એવા પણ જીવો જિનવચનથી ભાવિતમનવાળા થઈને ત્રણ લોકના સુખને પામનારા થાય છે. ॥૧॥" અને ચિલાતીપુત્ર વિગેરે ઘણા બધાં જીવો (સ્વભાવથી ક્રૂર વિગેરે હોવા છતાં જિનવચનથી ભાવિત થઈને) સુખને પામનારા સંભળાય છે.

તથા આ જિનવચનરૂપ આજ્ઞા સર્વમાં ઉત્તમ હોવાથી મૂલ્ય વિનાની એટલે કે અમૂલ્ય છે (એમ વિચારે.) કહ્યું છે – "રત્ન વિગેરે કિંમતી દ્રવ્યોવાળા મોટા રત્નાકરો અને ત્રણલોક સહિત સર્વ ઈતર શાસ્ત્રો ભગવાન એવા જિનવચનનું મૂલ્ય આંકી શકતા નથી, કારણ કે જિનવચન અમૂલ્ય છે. (ટૂંકમાં કિંમતી એવા રત્નોના ઢગલા અને તે સિવાય ત્રણલોકમાં જેટલો પણ ધનવૈભવ છે તથા ઈતર શાસ્ત્રોની જેટલી કિંમત ઉપજે તે બધું ભેગું કરે તો પણ જિનવચનનું મૂલ્ય આંકી શકાય નહીં.) ॥૧॥ તથા સ્તુતિકારે પણ કહ્યું છે – "કલ્પવૃક્ષ કલ્પિત વસ્તુને જ આપનાર છે, ચિંતામણિ ચિંતિત વસ્તુને જ આપે છે. લોક (=બુદ્ધિશાળી વર્ગ) જિનેન્દ્રધર્મના પ્રભાવને વિચારીને બંનેમાં=કલ્પવૃક્ષ અને ચિંતામણિમાં લઘુતાને જુએ છે. (અર્થાત્ જિનેન્દ્રધર્મના પ્રભાવને જ્યારે લોક વિચારે છે ત્યારે જિનેન્દ્રધર્મની અપેક્ષાએ કલ્પવૃક્ષ અને ચિંતામણિ બંને હીન લાગે છે, કારણ કે તે ધર્મ અચિન્ત્યને પણ આપે છે.) ॥૧॥"

અથવા 'अहग्घं શબ્દનો અર્થ ઋણઘ્ન જાણવો. ઋણ એટલે કર્મ. તેને હણનાર એવું આ

---

३२. क्रूरा अपि स्वभावेन रागविषवशानुगा अपि भूत्वा । भावितजिनवचनमनसस्त्रैलोक्यसुखावहा भवन्ति ॥१॥ ३३. सर्वेऽपि च सिद्धान्ताः सद्रव्यरत्नाश्रयाः सत्रैलोक्याः । जिनवचनस्य भगवतो न मूल्यमात्रमनर्घेण( र्घत्वेन ) ॥१॥

*"[३४]जं अन्नाणी कम्मं खवेइ, बहुयाहि वासकोडीहिं ।*
*तं नाणी तिहिं गुत्तो खवेइ ऊसासमित्तेणं ॥१॥"*

इत्यादि, तथा 'अमिताम्' इत्यपरिमिताम्, उक्तं च–

*"[३५]सव्वनदीणं जा होज्ज वालुया सव्वउदहीण जं उदयं ।*
*एत्तोवि अणंतगुणो अत्थो एगस्स सुत्तस्स ॥१॥"*

अमृतां वा मृष्टां वा पथ्यां वा, तथा चोक्तम्–

*"[३६]जिणवयणमोदगस्स उ रत्तिं च दिवा य खज्जमाणस्स ।*
*तित्तिं बुहो न गच्छइ हेउसहस्सोवगूढस्स ॥१॥*
*नरनरयतिरियसुरगणसंसारियसव्वदुक्खरोगाणं ।*
*जिणवयणमेगमोसहमपवग्गसुहक्खयं फलयं ॥२॥"*

सजीवां वाऽमृतामुपपत्तिक्षमत्वेन सार्थिकामिति भावः, न तु यथा–

*"तेषां कटतटभ्रष्टैर्गजानां मदबिन्दुभिः ।*
*प्रावर्तत नदी घोरा, हस्त्यश्वरथवाहिनी ॥१॥"*

---

જિનવચન છે (એમ વિચારે.) કહ્યું છે – "અજ્ઞાની જીવ ઘણા બધાં કરોડવર્ષોમાં જે કર્મનો ક્ષય કરે છે, તેટલા કર્મોને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત જ્ઞાની પુરુષ ઉચ્છ્વાસમાત્રમાં ખપાવે છે. ॥૧॥" વિગેરે.

તથા અપરિમિત એવી આજ્ઞાને વિચારે. કહ્યું છે – "સર્વ નદીઓની જેટલી વાલુકા (=રેતીના કણિયા) છે અને સર્વ સમુદ્રોનું જેટલું પાણી છે તેના કરતાં પણ અનંતગુણ અર્થ એક સૂત્રનો હોય છે. ॥૧॥" (આ રીતે એક એક જિનવચન અપરિમિત અર્થવાળું છે એમ વિચારે.) અથવા અમૃત એમ અર્થ કરવો, અર્થાત્ (૧) તે આજ્ઞા મીઠી છે, અથવા (૨) પથ્ય છે. કહ્યું છે – "હજારો યુક્તિઓથી યુક્ત એવા જિનવચનરૂપ લાડુને રાત-દિવસ ખાવા છતાં પંડિતપુરુષ તૃપ્તિ પામતો નથી. (કારણ કે રોજેરોજ નવી-નવી યુક્તિઓ જાણવા મળે). ॥૧॥ મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવોના સમૂહના સર્વ દુઃખરૂપ રોગોને દૂર કરવા માટેનું એકમાત્ર ઔષધ હોય તો તે જિનવચન છે કે જે મોક્ષસુખરૂપ અક્ષતફલને આપનારું છે. ॥૨॥"

અથવા તે આજ્ઞા જીવતી (મરેલી નહીં)= ચેતનવંતી છે એટલે કે (પોતાની વાતને સિદ્ધ કરવા માટેની) યુક્તિઓ આપવામાં સમર્થ હોવાથી સાર્થક છે. પરંતુ "તે હાથીઓના ગંડસ્થળરૂપ કટના કિનારેથી (=ગંડસ્થળથી જ) નીકળેલા મધબિંદુઓથી હાથી, ઘોડા, રથ વિગેરે જેમાં તણાય જાય એવી ઘોર નદી વહી રહી છે." વિગેરે (વચનો યુક્તિયુક્ત ન હોવાથી) આવા

---

३४. यदज्ञानी कर्म क्षपयति बहुकाभिर्वर्षकोटीभिः । तत् ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयत्युच्छ्वासमात्रेण ॥१॥
३५. सर्वनदीनां या भवेयुः वालुकाः सर्वोदधीनां यदुदकम् । अतोऽप्यनन्तगुणोऽर्थ एकस्य सूत्रस्य ॥१॥
३६. जिनवचनमोदकस्य तु रात्रौ दिवा च खाद्यमानस्य । तृप्तिं बुधो न गच्छति, हेतुसहस्त्रोपगूढस्य ॥१॥ नरनारकतिर्यक्सुरगणसांसारिकसर्वदुःखरोगाणाम् । जिनवचनमेकमौषधमपवर्गसुखाक्षतफलदम् ॥२॥

इत्यादिवन्मृतामिति, तथा 'अजिता'मिति शेषप्रवचनाज्ञाभिरपराजितामित्यर्थः, उक्तं च–

*"[३७]जीवाइवत्थुचिंतणकोसल्लगुणेणऽणण्णसरिसेणं ।*
*सेसवयणेहिं अजियं जिणिंदवयणं महाविसयं ॥१॥"*

तथा 'महार्था'मिति महान्–प्रधानोऽर्थो यस्याः सा तथाविधा तां, तत्र पूर्वापराविरोधित्वादनुयोगद्वारात्मकत्वान्नयगर्भत्वाच्च प्रधानां, महत्स्थां वा अत्र महान्तः–सम्यग्दृष्टयो भव्या एवोच्यन्ते ततश्च महत्सु स्थिता महत्स्था तां च, प्रधानप्राणिस्थितामित्यर्थः, महास्थां वेत्यत्र महा पूजोच्यते तस्यां स्थिता महास्था तां, तथा चोक्तम्–

*"[३८]सव्वसुरासुरमाणुसजोइसवंतरसुपूइयं णाणं ।*
*जेणेह गणहराणं छुहंति चुण्णे सुरिंदावि ॥१॥"*

तथा 'महानुभावा'मिति तत्र महान्–प्रधानः प्रभूतो वाऽनुभावः–सामर्थ्यादिलक्षणो यस्याः सा तथा तां, प्राधान्यं चास्याश्चतुर्दशपूर्वविदः सर्वलब्धिसम्पन्नत्वात्, प्रभूतत्वं च प्रभूतकार्यकरणाद्,

---

વચનોની જેમ મરેલી નથી. (એ પ્રમાણે આજ્ઞાનું ધ્યાન ધરે એટલે કે આવી-આવી વિશિષ્ટ પ્રકારની આજ્ઞા છે એમ વિચારે.)

તથા અજિત છે, એટલે કે શેષદર્શનોની આજ્ઞાઓવડે જીતાયેલી નથી. કહ્યું છે – "આ જિનવચન જીવાદિવસ્તુઓના ચિંતનમાં કુશલ છે. તેથી આ કૌશલ્યરૂપ ગુણને કારણે તે અનન્યસદૃશ છે એટલે કે તેના જેવું બીજું કોઈ વચન નથી. અને માટે જ મહાવિષયવાળું એવું જિનેન્દ્રોનું વચન શેષ (=ઈતરોના) વચનોવડે જીતાયેલું નથી. ॥૧॥"

તથા મહાન અર્થવાળી આજ્ઞા છે (એમ વિચારે.) મહાન=પ્રધાન છે અર્થ જેનો એવી આજ્ઞા. તેમાં આ આજ્ઞા એ પૂર્વાપર વિરોધ વિનાની અનુયોગદ્વારરૂપ (=ઉપક્રમ વિગેરે ચાર અનુયોગના દ્વારરૂપ અતિ વિસ્તારવાળી) હોવાથી અને નયગર્ભિત હોવાથી પ્રધાન છે. અથવા આ આજ્ઞા મહાન પુરુષોમાં રહેલી છે એમ અર્થ જાણવો. તેમાં મહાન તરીકે સમ્યગ્દષ્ટિ એવા ભવ્યજીવો જાણવા. તેથી આવા મહાન પુરુષોમાં રહેલી આ આજ્ઞા છે (એમ વિચારે.)

અથવા 'મહાસ્થા' એમ અર્થ કરવો. મહા એટલે પૂજા. તેમાં રહેલી આ આજ્ઞા છે. (અર્થાત્ પૂજનીય છે.) કહ્યું છે – "સર્વ દેવો, દાનવો, મનુષ્યો, જ્યોતિષ્ દેવો, વ્યંતરોવડે સારી રીતે પૂજાયેલું આ જ્ઞાન છે, કારણ કે ઇન્દ્રો પણ ગણધરોના મસ્તક ઉપર ચૂર્ણ નાંખે છે. (અર્થાત્ જ્ઞાની એવા ગણધરોમાં રહેલ જ્ઞાનની પૂજા કરવા માટે ઇન્દ્રો પણ, ઉપલક્ષણથી બીજા બધા દેવાદિઓ ગણધરના મસ્તકે ચૂર્ણ નાંખે છે. માટે જ્ઞાન દેવાદિથી પૂજાયેલ છે.) ॥૧॥"

તથા મહાપ્રભાવશાળી એવી આજ્ઞા છે (એમ વિચારે.) તેમાં મહાન એટલે પ્રધાન અથવા ઘણો બધો સામર્થ્યાદિરૂપ અનુભાવ છે જેનો તેવી આજ્ઞા. આ આજ્ઞા એ પ્રધાન છે કારણ કે

---

३७. जीवादिवस्तुचिन्तनकौशल्यगुणेनानन्यसदृशेन । शेषवचनैरजितं जिनेन्द्रवचनं महाविषयम् ॥१॥
३८. सर्वसुरासुरमनुष्यज्योतिष्कव्यन्तरसुपूजितं ज्ञानम् । येनेह गणधराणां ( शीर्षे ) क्षिपन्ति चूर्णानि देवेन्द्रा अपि ॥१॥

उक्तं च–'[३९]*पभू णं चोद्दसपुव्वी घडाओ घडसहस्सं करित्तए*' इत्यादि, एवमिहलोके, परत्र तु जघन्यतोऽपि वैमानिकोपपातः, उक्तं च–

"[४०]*उववाओ लंतगंमि चोद्दसपुव्वीस्स होइ उ जहण्णो ।*
*उक्कोसो सव्वट्ठे सिद्धिगमो वा अकम्मस्स ॥१॥*"

तथा 'महाविषया'मिति महद्विषयत्वं तु सकलद्रव्यादिविषयत्वाद्, उक्तं च–'[४१]*दव्वओ सुयनाणी उवउत्ते सव्वदव्वाइं जाणई*'त्यादि कृतं विस्तरेणेति गाथार्थः ॥४५॥

झाइज्जा निरवज्जं जिणाणमाणं जगप्पईवाणं ।
अणिउणजणदुण्णेयं नयभंगपमाणगमगहणं ॥४६॥

व्याख्या–'ध्यायेत्' चिन्तयेदिति सर्वपदक्रिया, 'निरवद्या'मिति अवद्यं-पापमुच्यते निर्गतमवद्यं यस्याः सा तथा ताम्, अनृतादिद्वात्रिंशद्दोषावद्यरहितत्वात्[४२], क्रियाविशेषणं वा, कथं ध्यायेत् ?-निरवद्यम्–इहलोकाद्याशंसारहितमित्यर्थः, उक्तं च–'*नो इहलोगट्ठयाए नो परलोग-*

આ જિનવચનને ધારણ કરનારા ચૌદપૂર્વીઓ સર્વલબ્ધિસંપન્ન બને છે. તથા આ આજ્ઞામાં ઘણું બધું સામર્થ્ય છે કારણ કે ઘણા કાર્યો કરનાર છે. કહ્યું છે – "ચૌદપૂર્વી એક ઘડામાંથી હજાર ઘડા કરવા સમર્થ હોય છે." વિગેરે. આમ આલોકને આશ્રયીને સામર્થ્ય બતાવ્યું. પરલોકમાં પણ આ આજ્ઞાના પાલનથી જઘન્યથી પણ વૈમાનિકદેવલોકમાં ઉપપાત થાય છે. કહ્યું છે – "ચૌદપૂર્વીનો ઉપપાત જઘન્યથી લાંતકનામના (છઠ્ઠા) દેવલોકમાં થાય છે અને ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં અથવા કર્મ વિનાના જીવની સિદ્ધિગતિ થાય છે. ॥૧॥"

તથા મહાવિષયવાળી આ આજ્ઞા છે (એમ વિચારે.) આ આજ્ઞાનો વિષય સકલ દ્રવ્ય વિગેરે હોવાથી આજ્ઞા મહાવિષયવાળી છે. કહ્યું છે – "ઉપયુક્ત એવો શ્રુતજ્ઞાની દ્રવ્યથી સર્વ દ્રવ્યોને જાણે છે."... વિગેરે. વધુ વિસ્તારથી સર્યું. ॥ધ્યા.–૪૫ ॥

ગાથાર્થ :- (ટૂંકમાં ઉપરોક્ત વિશેષણવાળી તથા) જગત માટે પ્રદીપ સમાન એવા જિનોની નિરવદ્ય, અનિપુણ એવા લોકોવડે દુર્જ્ઞેય, નય, ભાંગા, પ્રમાણો અને ગમોથી ગંભીર એવી આજ્ઞાનું ધ્યાન ધરે.

ટીકાર્થ : 'ધ્યાન ધરે' આ ક્રિયાપદ બધા પદો સાથે જોડવું. (અર્થાત્ નિરવદ્ય એવી આજ્ઞાનું ધ્યાન ધરે, અનિપુણજનથી દુર્જ્ઞેય એવી આજ્ઞાનું ધ્યાન ધરે... વિગેરે.) 'નિરવદ્ય એવી આજ્ઞા' અવદ્ય એટલે પાપ. નીકળી ગયું છે પાપ જેમાંથી તે નિરવદ્ય. અસત્ય વિગેરે (ભાગ-૪ ગા. ૮૮૧ વિ.માં આપેલ) બત્રીશદોષોરૂપ પાપથી રહિત હોવાથી આ આજ્ઞા નિરવદ્ય છે. અથવા 'નિરવદ્ય' શબ્દ ક્રિયાવિશેષણ તરીકે સમજવો. તેથી કેવી રીતે ધ્યાન ધરે ? – નિરવદ્ય રીતે અર્થાત્ આલોક-પરલોકની આશંસાથી રહિત થઈને ધ્યાન ધરે. કહ્યું છે – "હું જ્ઞાની છું

३९. प्रभुश्चतुर्दशपूर्वी घटात् घटसहस्रं कर्त्तुं । ४०. उपपातो लान्तके चतुर्दशपूर्विणां भवति तु जघन्यः । उत्कृष्टः सर्वार्थे सिद्धिगमनं वाऽकर्मणः ॥१॥ ४१. द्रव्यतः श्रुतज्ञानी उपयुक्तः सर्वद्रव्याणि जानाति । ४२. नो इहलोकार्थाय नो परलोक-

[४३]इयाए नो परपरिभवओ अहं नाणी'त्यादिकं निरवद्यं ध्यायेत्, 'जिनानां' प्राग्निरूपितशब्दार्थानाम् 'आज्ञां' वचनलक्षणां कुशलकर्मण्याज्ञाप्यन्तेऽनया प्राणिन इत्याज्ञा तां, किंविशिष्टानां ?– जिनानां– केवलालोकेनाशेषसंशयतिमिरनाशनाज्जगत्प्रदीपानामिति, आज्ञैव विशेष्यते–'अनिपुणजनदुर्ज्ञेयां' न निपुणः अनिपुणः अकुशल इत्यर्थः जनः–लोकस्तेन दुर्ज्ञेयामिति–दुरवगमां, तथा 'नय-भङ्गप्रमाणगमगहनाम्' इत्यत्र नयाश्च भङ्गाश्च प्रमाणानि च गमाश्चेति विग्रहस्तैर्गहना– गह्वरा तां, तत्र नैगमादयो नयास्ते चानेकभेदाः, तथा भङ्गाः क्रमस्थानभेदभिन्नाः, तत्र क्रमभङ्गा यथा एको जीव एक एवाजीव इत्यादि, स्थापना ॥ ।ऽ ऽ। ऽऽ स्थानभङ्गास्तु यथा प्रियधर्मा नामैकः नो दृढधर्मेत्यादि ।ऽ ऽ। ॥ ऽऽ तथा प्रमीयते ज्ञेयमेभिरिति प्रमाणानि–द्रव्यादीनि यथा अनुयोगद्वारेषु, गमाः–चतुर्विंशतिदण्डकादयः, कारणवशतो वा किञ्चिद्विसदृशाः सूत्रमार्गा यथा षड्जीवनिकायादाविति कृतं विस्तरेणेति गाथार्थः ॥४६॥

---

એટલે કે જ્ઞાનનું=જિનવચનનું ધ્યાન કરનારો છું તે આલોક માટે નહીં, પરલોક માટે નહીં કે બીજાના પરિભવ=અપમાન માટે નહીં." વિગેરે રૂપે નિર્દોષ રીતે ધ્યાન ધરે.

પૂર્વે જણાવેલ છે શબ્દાર્થ જેમનો એવા જિનોની વચનરૂપ આજ્ઞાનું ધ્યાન ધરે જેનાવડે જીવો શુભ અનુષ્ઠાનમાં સ્થાપિત કરાય છે તે આજ્ઞા. જિનો કેવા પ્રકારના છે ? – કેવલજ્ઞાનવડે સંપૂર્ણ સંશયરૂપ અંધકારનો નાશ કરનારા હોવાથી જગત માટે પ્રદીપસમાન એવા જિનોની (આજ્ઞાનું ધ્યાન ધરે.) હવે આજ્ઞા જ વિશેષિત કરાય છે – 'અનિપુણજનથી દુર્જ્ઞેય' – નિપુણ ન હોય તે અનિપુણ=અકુશલ, એવો લોક, તેનાવડે=અનિપુણ એવા લોકવડે દુઃખેથી જાણી શકાય (એવી આજ્ઞા છે એમ વિચારે.)

તથા નય, ભંગ, પ્રમાણ અને ગમોથી ગહન એવી આજ્ઞા છે (એમ વિચારે.) તેમાં નય તરીકે નૈગમનય વિગેરે જાણવા અને તે નયો અનેકપ્રકારના છે. ભંગ એ ક્રમ, સ્થાન અને ભેદ એમ ત્રણ પ્રકારે છે. તેમાં ક્રમભંગ આ પ્રમાણે - એક જીવ અને એક જ અજીવ (।।), એક જીવ-અનેક અજીવ, (।ऽ) અનેક જીવ-એક અજીવ (ऽ।), અનેક જીવ-અનેક અજીવ (ऽऽ). સ્થાનભંગ આ પ્રમાણે – કોઈક એક વ્યક્તિ પ્રિયધર્મી હોય, દઢધર્મી ન હોય (।ऽ), કોઈક પ્રિયધર્મી ન હોય, દઢધર્મી હોય (ऽ।), કોઈક બંને હોય (।।), કોઈક બંને ન હોય (ऽऽ).

તથા જેનાવડે જ્ઞેયવસ્તુ જણાય તે પ્રમાણ અર્થાત્ દ્રવ્યપ્રમાણ, ક્ષેત્રપ્રમાણ વિગેરે. દ્રવ્યાદિપ્રમાણો જે રીતે અનુયોગદ્વાર (સૂ. ૩૧૪ વિગેરે)માં કહ્યા છે, તે પ્રમાણે જાણવા. ગમ (ગમ એટલે પ્રકારો. તેમાં દંડકપ્રકરણમાં આપેલા) ચોવીસ દંડક વિગેરે જાણવા. ('આદિ' શબ્દથી સત્પદપ્રરૂપણા વિગેરે જાણવા.) અથવા કારણવશાત્ કંઈક અંશે જુદા (મહદંશે એક સરખા) જેમ કે દશવૈ.ના ચોથા અધ્યયનમાં ષડ્જીવનિકાય માટેના આલાપકો. (તે મોટા ભાગે એક સરખા છે, કોઈક જ સ્થાનમાં ફેરફાર છે. આવા એકસરખા આલાપકો ગમ કહેવાય છે.)

---

૪૩. अर्थाय नो परपरिभावकोऽहं ज्ञानी ।

ननु या एवंविशेषणविशिष्टा सा बोद्धुमपि न शक्यते मन्दधीभिः, आस्तां तावद्ध्यातुं, ततश्च यदि कथञ्चिन्नावबुध्यते तत्र का वार्तेत्यत आह–

तत्थ य मइदोब्बलेणं तव्विहायरियविरहओ यावि ।
णेयगहणत्तणेण य णाणावरणोदएणं च ॥४७॥
हेऊदाहरणासंभवे य सइ सुट्ठु जं न बुज्झेज्जा ।
सव्वण्णुमयमवितहं तहावि तं चिंतए मइमं ॥४८॥

व्याख्या–'तत्र' तस्यामाज्ञायां, चशब्दः प्रस्तुतप्रकरणानुकर्षणार्थः, किं ?–जडतया चलत्वेन वा मतिदौर्बल्येन–बुद्धेः सम्यगर्थानवधारणेनेत्यर्थः, तथा 'तद्विधाचार्यविरहतश्चापि' तत्र तद्विधः–सम्यगविपरीततत्त्वप्रतिपादनकुशलः आचर्यतेऽसावित्याचार्यः सूत्रार्थावगमार्थं मुमुक्षुभिरासेव्यत इत्यर्थः तद्विधश्चासावाचार्यश्च २ तद्विरहतः-तदभावतश्च, चशब्दः अबोधे द्वितीय–

---

આવા નય વિગેરેથી ગંભીર એવી આજ્ઞા છે. (એમ વિચારે.) વધુ વિસ્તારથી સર્યું. ॥ધ્યા.–૪૬॥

અવતરણિકા : શંકા : જે આવા પ્રકારના વિશેષણોવાળી હોય તે આજ્ઞા મંદબુદ્ધિવાળાજીવોવડે સમજવી પણ અઘરી પડે તો તેનું ધ્યાન ધરવાની તો વાત જ ક્યાં કરવી ? તેથી જો આવી આજ્ઞા સમજાતી ન હોય તો શું કરવું ? તે માટે કહે છે ⇨

**ગાથાર્થ :- (૧) મતિની દુર્બળતાને કારણે, (૨) તેવા પ્રકારના આચાર્યના વિરહને કારણે, (૩) જ્ઞેય વસ્તુના ગહનપણાને કારણે, (૪) જ્ઞાનાવરણના ઉદયને કારણે, (૫-૬) હેતુ અને ઉદાહરણનો અસંભવ હોય ત્યારે જે સર્વજ્ઞવચન સારી રીતે સમજાતું ન હોય તો પણ તે વચન સત્ય જ છે એ પ્રમાણે બુદ્ધિમાન વિચારે.**

ટીકાર્થ : તે આજ્ઞામાં, 'ચ' શબ્દ પ્રસ્તુત પ્રકરણ ગ્રહણ કરવા માટે છે. (અર્થાત્ પૂર્વની ગાથામાં આજ્ઞાનું ધ્યાન કરવાનું કહ્યું. તેથી પ્રસ્તુત પ્રકરણ તરીકે તે આજ્ઞા છે. તેથી તે આજ્ઞાનું અનુકર્ષણ કરવા માટે એટલે કે 'तत्र' શબ્દથી 'આજ્ઞા'શબ્દ લેવા માટે 'ચ' શબ્દ અનુકર્ષણાર્થે જણાવેલ છે. તે આજ્ઞામાં) શું ? – બુદ્ધિની જડતાને કારણે કે બુદ્ધિની ચંચળતાને કારણે ? સમ્યગ્ રીતે અર્થના અનવધારણના કારણે (વસ્તુ સમજાય નહીં. આશય એ છે કે બુદ્ધિની દુર્બળતાના બે કારણો છે : (૧) જડતા (૨) ચંચળતા. આ બંનેને કારણે બુદ્ધિની મંદતા થાય છે અને તે મંદતાને કારણે આજ્ઞામાં=જિનવચનમાં કહેલ કે આ પ્રકરણમાં કહેલ કોઈ પદાર્થ સમજાતો નથી. તો શું કરવું તે આગળ ગા. ૪૮માં જણાવશે. આ રીતે તેવા પ્રકારના આચાર્યનો વિયોગ હોય વિગેરે કારણોમાં પણ જાણી લેવું.)

'તેવા પ્રકારના આચાર્યનો વિરહ હોવાથી' - તેવા પ્રકારના આચાર્ય એટલે કે સમ્યગ્ રીતે યથાવસ્થિત એવા તત્ત્વના પ્રતિપાદનમાં કુશલ એવા આચાર્ય, મુમુક્ષુઓવડે સૂત્ર-અર્થનો બોધ મેળવવા માટે જે સેવાય તે આચાર્ય. આવા પ્રકારના આચાર્યનો અભાવ હોવાથી (આજ્ઞામાં= જિનવચનમાં કહેલ પદાર્થ સમજાતો ન હોય...) ચ શબ્દ પદાર્થની સમજણ ન પડવામાં બીજા

कारणसमुच्चयार्थः, अपिशब्दः क्वचिदुभयवस्तूपपत्तिसम्भावनार्थः, तथा 'ज्ञेयगहनत्वेन च' तत्र ज्ञायत इति ज्ञेयं–धर्मास्तिकायादि तद्गहनत्वेन–गह्वरत्वेन, चशब्दोऽबोध एव तृतीयकारण-समुच्चयार्थः, तथा 'ज्ञानावरणोदयेन च' तत्र ज्ञानावरणं प्रसिद्धं तदुदयेन तत्काले तद्विपाकेन, चशब्दश्चतुर्थाबोधकारणसमुच्चयार्थः, अत्राह–ननु ज्ञानावरणोदयादेव मतिदौर्बल्यं तथा तद्विधा-चार्यविरहो ज्ञेयगहनप्रतिपत्तिश्च, ततश्च तदभिधाने न युक्तममीषामभिधानमिति, न, तत्कार्यस्यैव संक्षेपविस्तरत उपाधिभेदेनाभिधानादिति गाथार्थः ॥४७॥

द्वितीयगाथाया व्याख्या–तत्र हिनोति-गमयति जिज्ञासितधर्मविशिष्टानर्थानिति हेतुः–कारको

---

ક્રમના કારણનો સમુચ્ચય કરવા માટે છે. अपि શબ્દ કોઈક સ્થાને મતિદુર્બળતા અને આચાર્યવિરહ બંને હોવાની સંભાવના જણાવે છે.

તથા 'ज्ञेयगहनत्वेन च' તેમાં જે (જ્ઞાનવડે) જણાય તે જ્ઞેય એટલે ધર્માસ્તિકાય વિગેરે જાણવા યોગ્ય વસ્તુ. આ ધર્માસ્તિકાયાદિ સમજવામાં અઘરા હોવાથી (સમજાય નહીં...) च શબ્દ અબોધના ત્રીજા કારણનો સમુચ્ચય કરનાર છે તથા જ્ઞાનાવરણના ઉદયથી એટલે કે બોધ સમયે જ જ્ઞાનાવરણના ઉદયથી (પદાર્થ સમજાય નહીં...) च શબ્દ ચોથા અબોધકારણનો સમુચ્ચય કરનાર છે. (ટૂંકમાં મતિદુર્બળતા વિગેરે ચાર કારણોને કારણે આજ્ઞામાં=જિનવચનમાં કહેલ પદાર્થ સમજાતો ન હોય ત્યારે શું કરવું ? તે આગળ જણાવશે.)

શંકા : જ્ઞાનાવરણના ઉદયથી જ મતિદુર્બળતા, તેવા પ્રકારના આચાર્યનો અભાવ અને જ્ઞેયની ગહનતાની પ્રાપ્તિ થાય છે. તેથી માત્ર જ્ઞાનાવરણના ઉદયનું કથન કરવું એ જ યુક્ત છે બીજા મતિદુર્બળતા વિગેરે કારણો કહેવાની જરૂર નથી.

સમાધાન : ના એવું નથી. અહીં જ્ઞાનાવરણના ઉદયના કાર્યનું જ સંક્ષેપથી અને વિસ્તારથી ઉપાધિભેદે કથન કરેલું હોવાથી મતિદુર્બળતાદિનું કથન પણ યુક્તિયુક્ત છે. (આશય એ છે કે જ્ઞાનાવરણના ઉદયનું કાર્ય=ફલ જ અહીં કારણ તરીકે બતાવવું છે. પરંતુ તે સંક્ષેપથી અને વિસ્તારથી એમ બે પ્રકારે. તેમાં સંક્ષેપથી જ્ઞાનાવરણના ઉદયથી થતું અજ્ઞાન એ જિનવચનને નહીં સમજવામાં કારણભૂત છે. જ્યારે વિસ્તારથી વિચારવું હોય ત્યારે ઉપાધિભેદે કારણભેદ પડે. જેમ જેમ ઉપાધિ=સંયોગો જુદા જુદા તેમ તેમ કારણો જુદા જુદા પડે. અહીં મતિદુર્બળતા વિગેરેને કારણે અજ્ઞાન પ્રાપ્ત થાય છે તેથી મતિદુર્બળતા વિગેરે ઉપાધિઓ છે. તેથી કોઈને મતિમંદતાદ્વારા, તો કોઈને આચાર્યવિરહ દ્વારા, ત્યારે ક્યાંક જ્ઞેયની ગહનતાદ્વારા જ્ઞાનાવરણનો ઉદય કામ કરે છે. ટૂંકમાં જ્ઞાનાવરણનો ઉદય કેવી રીતે ઉપાધિઓને, સંયોગોને લાવવાદ્વારા કામ કરે છે તે જણાવવા મતિદુર્બળતાદિનું કથન અદુષ્ટ છે.) ॥ધ્યા.–૪૭॥

બીજી ગાથાનો અર્થ :- જાણવા માટે ઇચ્છાયેલ એવાં ધર્મોથી યુક્ત અર્થોને જે જણાવે તે હેતુ. આ હેતુ બે પ્રકારે છે – કારકહેતુ (ઘટ પ્રત્યે માટી એ કારકહેતુ છે.) અને વ્યંજકહેતુ (ધૂમાડો એ અગ્નિનો વ્યંજક હોવાથી એટલે કે જણાવનાર હોવાથી વ્યંજકહેતુ છે.)

व्यञ्जकश्च, उदाहरणं—चरितकल्पितभेदं, हेतुश्चोदाहरणं च हेतूदाहरणे तयोरसम्भवः, कञ्चन पदार्थं प्रति हेतूदाहरणासम्भवात्, तस्मिंश्च, चशब्दः पञ्चमषष्ठकारणसमुच्चयार्थः, 'सति' विद्यमाने, किं ?—'यद्' वस्तुजातं 'न सुष्ठु बुद्ध्येत' नातीवावगच्छेत् 'सर्वज्ञमतमवितथं तथापि तच्चिन्तयेन्मतिमा'निति तत्र सर्वज्ञाः—तीर्थकरास्तेषां मतं सर्वज्ञमतं-वचनं, किं ?—वितथम्—अनृतं न वितथम्—अवितथं सत्यमित्यर्थः, 'तथापि' तदबोधकारणे सत्यनवगच्छन्नपि 'तत्' मतं वस्तु वा 'चिन्तयेत्' पर्यालोचयेत् 'मतिमान्' बुद्धिमानिति गाथार्थः ॥४८॥

किमित्येतदेवमित्यत आह—

अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा ।
जियरागदोसमोहा य णण्णहावादिणो तेणं ॥४९॥

व्याख्या—अनुपकृते-परैरवर्तिते सति परानुग्रहपरायणा-धर्मोपदेशादिना परानुग्रहोद्युक्ता इति समासः, 'यद्' यस्मात् कारणात्, के ?—'जिनाः' प्राग्निरूपितशब्दार्थाः, त एव विशेष्यन्ते—'जगत्प्रवराः' चराचरश्रेष्ठा इत्यर्थः, एवंविधा अपि कदाचिद् रागादिभावाद्वितथवादिनो भवन्त्यत आह—जिता-निरस्ता रागद्वेषमोहा यैस्ते तथाविधाः, तत्राभिष्वङ्गलक्षणो रागः

---

ઉદાહરણ ચરિત (=વાસ્તવિક બનેલ પ્રસંગ) અને કલ્પિત (=અવાસ્તવિક) એમ બે પ્રકારે છે.

કોઈક પદાર્થ પ્રત્યે હેતુ=યુક્તિ અને ઉદાહરણ મળતા ન હોવાથી હેતુ-ઉદાહરણનો અસંભવ હોય ત્યારે 'च' શબ્દ પાંચમા અને છઠ્ઠા કારણના સમુચ્ચય માટે છે. હેતુ-ઉદાહરણનો અસંભવ વિદ્યમાન હોય ત્યારે શું ? તે કહે છે કે ત્યારે જે વસ્તુ (=પદાર્થ) સારી રીતે જણાતી ન હોય (એટલે કે બુદ્ધિમાં બેસતી ન હોય) તો પણ સર્વજ્ઞમત સત્ય જ છે એ પ્રમાણે બુદ્ધિમાન વિચારે. અહીં સર્વજ્ઞ એટલે તીર્થંકરો. તેઓનું જે વચન તે સર્વજ્ઞમત. તે વચન કેવું છે ? – અસત્ય ન હોવું તે અવિતથ એટલે કે સત્ય. તો પણ એટલે કે તે સર્વજ્ઞમત સમજાય નહીં તેવા કારણોની વિદ્યમાનતામાં તે સર્વજ્ઞમત સમજાતો ન હોય તો પણ તે મતને અથવા વસ્તુને બુદ્ધિમાન (સત્ય) વિચારે. (આ બધા શબ્દોનો અન્વય પૂર્વે ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સ્વયં જાણી લેવો.) ॥ધ્યા.–૪૮॥

અવતરણિકા : શા માટે આ રીતે વિચારે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :- કારણ કે જગતમાં શ્રેષ્ઠ એવા જિનો અનુપકૃત એવા પોતે બીજા ઉપર ઉપકાર કરવામાં તત્પર અને રાગ-દ્વેષ-મોહને જીતનારા છે. તે કારણથી તેઓ ક્યારેય અન્યથા પ્રરૂપણા કરનારા નથી.**

ટીકાર્થ : જે કારણથી અનુપકૃત હોવા છતાં અર્થાત્ બીજી કોઈ વ્યક્તિઓએ કોઈપણ જાતનો પોતાની ઉપર ઉપકાર કર્યો ન હોવા છતાં જિનેશ્વરો તે બીજા જીવો ઉપર ઉપકાર કરવામાં તત્પર એટલે કે ધર્મોપદેશ વિગેરે દ્વારા તે જીવો ઉપર ઉપકાર કરવામાં સદાય પ્રયત્નશીલ હોય છે. વળી તે જિનો કેવા છે ? તે કહે છે – ચરાચર એવા જગતમાં શ્રેષ્ઠ એવા જિનો છે. જો કે આવા પ્રકારના (પરોપકારપરાયણ) જીવો પણ ક્યારેક રાગાદિના કારણે અસત્યવાદી હોઈ શકે છે. (જ્યારે જિનો આવા નથી. તે જણાવવા માટે) કહે છે – જિતાયેલા એટલે કે

लक्षणो द्वेषः अज्ञानलक्षणश्च मोहः, चशब्द एतदभावगुणसमुच्चयार्थः, नान्यथावादिनः 'तेने'ति तेन कारणेन ते नान्यथावादिन इति, उक्तं च–

*"रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते ह्यनृतम् ।*
*यस्य तु नैते दोषास्तस्यानृतकारणं किं स्यात् ? ॥१॥"*

इति गाथार्थः ॥४९॥

उक्तस्तावद्ध्यातव्यप्रथमो भेदः, अधुना द्वितीय उच्यते, तत्र–

**रागद्दोसकसायासवादिकिरियासु वट्टमाणाणं ।**
**इहपरलोयावाओ झाइज्जा वज्जपरिवज्जी ॥५०॥**

व्याख्या–रागद्वेषकषायाश्रवादिक्रियासु प्रवर्तमानानामिहपरलोकापायान् ध्यायेत्, यथा रागादिक्रिया ऐहिकामुष्मिकविरोधिनी, उक्तं च–

*"रागः सम्पद्यमानोऽपि, दुःखदो दुष्टगोचरः ।*
*महाव्याध्यभिभूतस्य, कुपथ्यान्नाभिलाषवत् ॥१॥* तथा

---

કરાયેલા છે રાગ-દ્વેષ અને મોહ જેમનાવડે તે જિતરાગદ્વેષમોહ જિનો છે.

અહીં રાગ એટલે આસક્તિ, દ્વેષ એટલે અપ્રીતિ અને મોહ એટલે અજ્ઞાન. 'च' શબ્દ આ રાગાદિના અભાવથી પ્રાપ્ત ગુણોનો સમુચ્ચય કરનાર છે, અર્થાત્ રાગ-દ્વેષ-મોહ જીતવાથી કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરનારા જિનો છે. આવા તે જિનો તે કારણથી (=ઉપકાર કરવામાં તત્પર અને રાગાદિ વિનાના હોવાથી) અન્યથાવાદી નથી. કહ્યું છે – "રાગથી, દ્વેષથી કે મોહથી અસત્યવચન બોલાય છે. જેને આ રાગાદિ દોષો નથી તેને વળી અસત્ય બોલવાનું કારણ શું હોય ? (અર્થાત્ ન હોય. અહીં ટૂંકમાં સાર એટલો જાણવો કે જિનેશ્વરો રાગાદિથી રહિત હોવાથી અસત્ય વચન બોલતા નથી. તેથી એમના વચનોમાં કોઈક વચન આપણી બુદ્ધિમાં બેસતું ન હોય તો પણ તે વચન સત્ય જ છે, એમ બુદ્ધિમાન વિચારે.) ॥ધ્યા.–૪૯॥

અવતરણિકા : આજ્ઞાવિચય (વિચય એટલે ચિંતન અથવા વિચાર.) નામનો ધ્યાનના વિષયરૂપ ભેદ કહ્યો. હવે બીજો ભેદ કહેવાય છે. તેમાં ⇨

ગાથાર્થ :- પાપનો ત્યાગ કરનાર અપ્રમત્ત જીવ રાગ-દ્વેષ-કષાય-આશ્રવ વિગેરેમાં અને ક્રિયાઓમાં વર્તતા જીવોના ઈહલોક-પરલોકસંબંધી અપાયોને વિચારે.

ટીકાર્થ : રાગ-દ્વેષ-કષાય-આશ્રવ વિગેરેમાં અને ક્રિયાઓમાં વર્તતા જીવોના ઈહ-પરલોકસંબંધી અપાયોને વિચારે. જેમ કે, રાગાદિક્રિયા આ લોક અને પરલોકની વિરોધી છે. કહ્યું છે – "અપ્રશસ્તવિષયક રાગ ઉત્પન્ન થતો પણ ('अपि' શબ્દથી પોષેલો રાગ તો દુઃખ આપે જ.) દુઃખને આપનારો થાય છે. જેમ કે મહાવ્યાધિથી પીડાતા જીવને કુપથ્યરૂપ અન્નની ઇચ્છા. (અર્થાત્ જેમ રોગીને કુપથ્યની ઇચ્છા પણ રોગની વૃદ્ધિ માટે થાય છે, તેમ પોષેલો રાગ તો જવા દો, ઉત્પન્ન થતાંની સાથે જ રાગ દુઃખને આપનારો થાય છે.) ॥૧॥"

"द्वेषः सम्पद्यमानोऽपि, तापयत्येव देहिनम् ।
कोटरस्थो ज्वलन्नाशु, दावानल इव द्रुमम् ॥२॥ तथा
दृष्ट्यादिभेदभिन्नस्य, रागस्यामुष्मिकं फलम् ।
दीर्घः संसार एवोक्तः, सर्वज्ञैः सर्वदर्शिभिः ॥३॥" इत्यादि, तथा
"[44]दोसानलसंतत्तो, इह लोए चेव दुक्खिओ जीवो ।
परलोगंमि य पावो पावइ निरयानलं तत्तो ॥१॥" इत्यादि,

तथा कषायाः—क्रोधादयः, तदपायाः पुनः—

"[45]कोहो पीतिं पणासेइ, माणो विणयणासणो ।
माया मित्ताणि णासेइ, लोभो सव्वविणासणो ॥१॥
कोहो य माणो य अणिग्गहीया, माया य लोहो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥१॥"

तथाऽऽश्रवाः—कर्मबन्धहेतवो मिथ्यात्वादयः, तदपायः पुनः—

"[46]मिच्छत्तमोहियमई जीवो इहलोग एव दुक्खाइं ।
निरओवमाइं पावो पावइ पसमाइगुणहीणो ॥१॥" तथा

---

તથા – "ઉત્પન્ન થયેલો પણ દ્વેષ જીવને તપાવે છે. જેમ વૃક્ષની બખોલમાં રહેલો દાવાનલ શીઘ્ર વૃક્ષને બાળે છે. ॥૨॥" (આ પ્રમાણે આલોકના અપાયો કહ્યા. હવે પરલોકના અપાયો કહે છે) તથા – "દષ્ટિરાગ, સ્નેહરાગ અને કામરાગ એમ ત્રણ પ્રકારના રાગનું પારલૌકિક ફલ સર્વજ્ઞ-સર્વદર્શીઓએ દીર્ઘ સંસાર જ કહ્યો છે. ॥૩॥" વિગેરે. તથા – "દ્વેષરૂપ અગ્નિથી સારી રીતે તપેલો જીવ આ લોકમાં તો દુઃખી થાય છે તેમજ સંતપ્ત એવો તે પાપી જીવ પરલોકમાં નરકરૂપ અગ્નિને પામે છે. ॥૧॥" વિગેરે (પારલૌકિક ફલ જાણવા.)

તથા કષાયો એટલે ક્રોધાદિ. તેના નુકસાનો આ પ્રમાણે – ક્રોધ પરસ્પરની પ્રીતિનો નાશ કરે છે, અહંકાર વિનયનો, માયા મિત્રોનો, અને લોભ પ્રીતિ વિગેરે સર્વનો નાશ કરે છે. ॥૧॥" તથા – "અંકુશ વિનાના (અને માટે જ) વધતા એવા ક્રોધ, માન, માયા અને લોભરૂપ આ ચાર સંપૂર્ણ અથવા ક્લિષ્ટ કષાયો પુનર્જન્મના મૂળિયાઓને સિંચે છે. ॥૧॥"

તથા આશ્રવો એટલે કર્મબંધના કારણભૂત એવા મિથ્યાત્વ વિગેરે. તેના નુકસાનો આ પ્રમાણે – મિથ્યાત્વથી મૂઢમતિવાળો (અને માટે જ) પ્રશમ વિગેરે ગુણો વિનાનો પાપી જીવ આ

---

४४. द्वेषानलसंतप्त इहलोक एव दुःखितो जीवः । परलोके च पापः प्राप्नोति निरयानलं ततः ॥१॥ ४५. क्रोधः प्रीतिं प्रणाशयति, मानो विनयनाशनः । माया मित्राणि नाशयति, लोभः सर्वविनाशनः ॥१॥ क्रोधश्च मानश्चानिगृहीतौ माया च लोभश्च प्रवर्धमानौ । चत्वार एते कृत्स्नाः कषायाः सिञ्चन्ति मूलानि पुनर्भवस्य ॥१॥ ४६. मिथ्यात्वमोहितमतिर्जीव इहलोक एव दुःखानि । निरयोपमाणि पापः प्राप्नोति प्रशमादिगुणहीनः ॥१॥

"*अज्ञानं खलु कष्टं क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः ।*
*अर्थं हितमहितं वा न वेत्ति येनावृतो लोकः ॥१॥* तथा
[४७]*जीवा पाविंति इहं पाणवहादविरईए पावाए ।*
*नियसुयघायणमाई दोसे जणगरहिए पावा ॥१॥*
*परलोगंमिवि एवं आसवकिरियाहिं अज्जिए कम्मे ।*
*जीवाण चिरमवाया निरयाइगई भमंताणं ॥२॥*" इत्यादि,

आदिशब्दः स्वगतानेकभेदख्यापकः, प्रकृतिस्थित्यनुभावप्रदेशबन्धभेदग्राहक इत्यन्ये, क्रियास्तु कायिक्यादिभेदाः पञ्च, एताः पुनरुत्तरत्र न्यक्षेण वक्ष्यामः, विपाकः पुनः–

"[४८]*किंरियासु वट्टमाणा काइगमाईसु दुक्खिया जीवा ।*
*इह चेव य परलोए संसारपवड्डया भणिया ॥१॥*"

ततश्चैवं रागादिक्रियासु वर्तमानानामपायान् ध्यायेत्, किंविशिष्टः सन्नित्याह–'वर्ज्यपरिवर्जी' तत्र वर्जनीयं वर्ज्यम्–अकृत्यं परिगृह्यते तत्परिवर्जी–अप्रमत्त इति गाथार्थः ॥५०॥

---

લોકમાં જ નરકની ઉપમાવાળા દુઃખોને પામે છે. ॥૧॥" તથા – "ક્રોધ વિગેરે સર્વ પાપો કરતા અજ્ઞાન વધુ કષ્ટદાયી છે કારણ કે તે અજ્ઞાનથી ઢંકાયેલો લોક હિતકર અથવા અહિતકર પદાર્થોને જાણી શકતો નથી. ॥૧॥"

તથા – "પાપી એવા જીવો પ્રાણીવધરૂપ હિંસાથી અવિરતિરૂપ (=ન અટકવારૂપ) પાપને કારણે લોકમાં ગર્હિત સ્વપુત્રવધ વિગેરે દોષો(રૂપ અનર્થને) પામે છે. ॥૧॥ આ જ પ્રમાણે પરલોકમાં પણ આશ્રવક્રિયાઓદ્વારા પાપકર્મને ભેગા કરી ભમતા એવા જીવોને લાંબાકાળ સુધી નરકગતિ વિગેરે અપાયો (=અનર્થો) પ્રાપ્ત થાય છે. ॥૨॥" વિગેરે. रागद्दोसकसायासवादि... અહીં રહેલ આદિશબ્દ સ્વગત (=રાગ-દ્વેષ વિગેરેના) અનેક ભેદો જણાવનાર છે. કેટલાક આચાર્યો એમ કહે છે કે – આદિશબ્દ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશબંધરૂપ ચાર ભેદોનો ગ્રાહક છે, (અર્થાત્ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ વિગેરેના અનર્થોને વિચારે.)

તથા 'किरियासु' કાયિકી વિગેરે પાંચ પ્રકારની ક્રિયાઓ કે જેનું આગળ વિસ્તારથી વર્ણન કરીશું. ક્રિયાઓનો વિપાક=અનર્થ આ પ્રમાણે જાણવો → "કાયિકી વિગેરે ક્રિયાઓમાં વર્તતા જીવો આ લોકમાં દુઃખી થયેલા છતાં પરલોકમાં સંસારને વધારનારા કહેવાયેલા છે. ॥૧॥" આ પ્રમાણે રાગાદિ ક્રિયાઓમાં વર્તતા જીવોના અપાયોને=અનર્થોને વિચારે. કેવા પ્રકારનો થઈને તે વિચારે ? – વર્જ્યના પરિવર્જી=અપ્રમત્ત થઈને તે વિચારે. તેમાં જે ત્યાગવા યોગ્ય હોય તે વર્જ્ય. અહીં વર્જ્ય તરીકે અકૃત્ય ગ્રહણ કરાય છે. આવા અકૃત્યોને (પ્રમાદને) ત્યાગ કરનારો અપ્રમત્ત થઈને અનર્થોને વિચારે. ॥ધ્યા.–૫૦॥

---

४७. जीवाः प्राप्नुवन्तीह प्राणवधाद्यविरतेः पापिकायाः । निजसुतघातादिदोषान् जनगर्हितान् पापाः ॥१॥ परलोकेऽप्येवमाश्रवक्रियाभिरर्जिते कर्मणि । जीवानां चिरमपाया निरयादिगतिषु भ्रमताम् ॥२॥ ४८. क्रियासु वर्तमानाः कायिक्यादिषु दुःखिता जीवाः । इहैव परलोके च संसारप्रवर्धका भणिताः ॥१॥

उक्तः खलु द्वितीयो ध्यातव्यभेदः, अधुना तृतीय उच्यते, तत्र–

पयइठिइपएसाणुभावभिन्नं सुहासुहविहत्तं ।
जोगाणुभावजणियं कम्मविवागं विचिंतेज्जा ॥५१॥

व्याख्या–'प्रकृतिस्थितिप्रदेशानुभावभिन्नं शुभाशुभविभक्त'मिति अत्र प्रकृतिशब्देनाष्टौ कर्मप्रकृतयोऽभिधीयन्ते ज्ञानावरणीयादिभेदा इति, प्रकृतिरंशो भेद इति पर्यायाः, स्थितिः– तासामेवावस्थानं जघन्यादिभेदभिन्नं, प्रदेशशब्देन जीवप्रदेशकर्मपुद्गलसम्बन्धोऽभिधीयते, अनुभावशब्देन तु विपाकः, एते च प्रकृत्यादयः शुभाशुभभेदभिन्ना भवन्ति, ततश्चैतदुक्तं भवति–प्रकृत्यादिभेदभिन्नं शुभाशुभविभक्तं 'योगानुभावजनितं' मनोयोगादिगुणप्रभवं कर्मविपाकं विचिन्तयेदिति गाथार्थः ॥५१॥

भावार्थः पुनर्वृद्धविवरणादवसेयः, तच्चेदं–[४९]इह पयइभिन्नं सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा, तत्थ पयईउत्ति कम्मणो भेया अंसा णाणावरणिज्जाइणो अट्ठ, तेहिं भिन्नं, विहत्तं सुहं पुण्णं सायाइयं असुहं पावं तेहिं विहत्तं–विभिन्नविपाकं जहा कम्मपकडीए तहा विसेसेण

---

અવતરણિકા : ધ્યાનના વિષયનો બીજો ભેદ કહ્યો. હવે વિપાકવિચયનામનો ત્રીજો ભેદ કહેવાય છે. તેમાં ⇨

ગાથાર્થ :- પ્રકૃતિ-સ્થિતિ-પ્રદેશ અને રસ એમ ચાર ભેદવાળા, શુભ અને અશુભ વિભાગવાળા, મનોયોગાદિ અને ગુણથી ઉત્પન્ન થયેલા એવા કર્મના ઉદયને વિચારે.

ટીકાર્થ : અહીં પ્રકૃતિશબ્દથી જ્ઞાનાવરણીય વિગેરે ભેદોવાળી આઠ કર્મપ્રકૃતિઓ ગ્રહણ કરવી. પ્રકૃતિ-અંશ-ભેદ આ બધા સમાનાર્થી શબ્દો છે. સ્થિતિ એટલે તે કર્મપ્રકૃતિઓનું જ આત્મામાં અવસ્થાન. આ સ્થિતિ જઘન્ય વિગેરે પ્રકારની છે. પ્રદેશશબ્દથી જીવપ્રદેશોસાથે કર્મપુદ્ગલોનો સંબંધ ગ્રહણ કરવો. અનુભાવશબ્દથી વિપાક=રસ ગ્રહણ કરવો. આ પ્રકૃતિ વિગેરે ચારે શુભ અને અશુભ એમ બે પ્રકારે હોય છે. તેથી ભાવાર્થ આ પ્રમાણે જાણવો કે - પ્રકૃતિ વિગેરે ભેદોવાળા, શુભાશુભવિભાગવાળા (=શુભાશુભાત્મક) મનોયોગાદિથી અને જીવગુણોથી (=મિથ્યાત્વ વિગેરેથી) ઉત્પન્ન થયેલા કર્મોદયને વિચારે. ॥ધ્યા.–૫૧॥

આ ગાથાનો ભાવાર્થ વૃદ્ધોના=પૂર્વજોના વિવરણાનુસારે જાણવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે – "અહીં પ્રકૃતિના ભેદવાળા, શુભાશુભાત્મક કર્મના ઉદયને વિચારે એનો ભાવાર્થ આ પ્રમાણે કે – પ્રકૃતિ એટલે કર્મના જ્ઞાનાવરણીય વિગેરે આઠ ભેદો=અંશો. તે કર્મભેદોવડે ભેદાયેલ (એવા કર્મોદયને વિચારે.) તથા 'શુભાશુભવિભક્ત' અહીં શુભ એટલે પુણ્યાત્મક શાતાવેદનીય વિગેરે. અને અશુભ એટલે પાપાત્મક કર્મ. તેઓવડે જુદા જુદા (=શુભ અને અશુભાત્મક)

---

૪૯. इह प्रकृतिभिन्नं शुभाशुभविभक्तं कर्मविपाकं विचिन्तयेत्, तत्र प्रकृतय इति कर्मणो भेदा अंशा ज्ञानावरणादयोऽष्ट, तैर्भिन्नं विभक्तं शुभं पुण्यं सातादिकं अशुभं पापं तैर्विभक्तं, विभिन्नविपाकं यथा कर्मप्रकृतौ तथा विशेषेण

[50]चिंतिज्जा, किं च–ठिइविभिन्नं च सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा, ठिइत्ति तासिं चेव अट्ठण्हं पयडीणं जहण्णमज्झिममुक्कोसा कालावत्था जहा कम्मपयडीए, किं च–पएसभिन्नं शुभाशुभं यावत्–

*"कृत्वा पूर्वविधानं पदयोस्तावेव पूर्ववद् वर्ग्यौ ।*
*वर्गघनौ कुर्यातां तृतीयराशेस्ततः प्राग्वत् ॥१॥"*

'कृत्वा विधान'मिति २५६, अस्य राशेः पूर्वपदस्य घनादि कृत्वा तस्यैव वर्गादि ततः द्वितीयपदस्येदमेव विपरीतं क्रियते, तत एतावेव वर्ग्येते, ततस्तृतीयपदस्य वर्गघनौ क्रियेते, एवमनेन क्रमेणायं राशिः १,६७,७७,२१६ [51]चिंतेज्जा, पएसोत्ति जीवपएसाणं कम्मपएसेहिं

---

એવા કર્મવિપાકને જે રીતે કર્મપ્રકૃતિ નામના ગ્રંથમાં કહ્યા છે તે રીતે વિશેષથી=ઊંડાણથી વિચારે.

તથા સ્થિતિના ભેદોવાળા, શુભાશુભાત્મક કર્મવિપાકને વિચારે. અહીં સ્થિતિ એટલે તે જ આઠ કર્મપ્રકૃતિઓનો જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટથી એમ ત્રણ પ્રકારે આત્મામાં રહેવાનો સમય. તે જઘન્યાદિ સ્થિતિઓ જે રીતે કમ્મપયડીમાં કહી છે તે રીતે અહીં જાણી લેવી. વળી, પ્રદેશથી ભિન્ન એવા શુભાશુભ યાવત્ ([III]પ્રદેશભિન્ન શુભાશુભ કર્મવિપાક કર્મપ્રકૃતિમાં વિસ્તારથી કહ્યો છે. તે અહીં જાણવા માટે ટીકાકારે યાવત્ શબ્દ મૂકેલ છે. અહીં પ્રદેશ તરીકે જીવ ઉપર ચોંટેલા કર્મપ્રદેશો જાણવાના છે. જીવના દરેક આત્મપ્રદેશ ઉપર આવા કેટલા કર્મપ્રદેશો ચોંટેલા છે ? તે વિચારવાનું છે. તે જાણવા માટે સૌપ્રથમ જીવ અસંખ્યેય આત્મપ્રદેશોવાળો હોવા છતાં અસત્કલ્પનાવડે ૨૫૬ આત્મપ્રદેશો જીવના માનવા. આ ૨૫૬ રાશિને ઘન કર્યા બાદ જે રકમ આવે તેટલા પ્રમાણ કર્મપ્રદેશો આત્મપ્રદેશ ઉપર ચોંટેલા જાણવા. આ અસત્કલ્પના છે. વાસ્તવિક રીતે દરેક આત્મપ્રદેશ ઉપર અનંતા કર્મપ્રદેશો છે. હવે જે કલ્પિત રાશિ છે=૨૫૬ તેને ઘન કરવા માટે કરણગાથા જણાવે છે.)

"कृत्वा पूर्वविधानं..." આનો અર્થ આ પ્રમાણે – આ ૨૫૬ રાશિના પૂર્વપદનો='૨' સંખ્યાનો ઘન વિગેરે ('આદિ'શબ્દથી વર્ગ વિગેરે) કરીને તે જ પૂર્વપદના વર્ગાદિ કરવા. ત્યારપછી બીજા પદના='૫' સંખ્યાના આ જ વિપરીત કરવા, (અર્થાત્ પ્રથમ વર્ગાદિ કરવા અને પછી ઘનાદિ કરવા.) ત્યારપછી આ બંને પદોનો='૨૫' સંખ્યાનો વર્ગ કરવો. ત્યારપછી ત્રીજા પદના='૬' સંખ્યાના વર્ગ અને ઘન કરવા. આ પ્રમાણે આ ક્રમથી કરતા ૧,૬૭,૭૭,૨૧૬ રાશિ પ્રાપ્ત થાય છે. (આ રાશિ જેટલા કર્મપ્રદેશો આત્મપ્રદેશો ઉપર ચોંટેલા જાણવા. આ અસત્કલ્પના જાણવી.)

---

५०. चिन्तयेत् । किं च–स्थितिविभक्तं च शुभाशुभविभक्तं कर्मविपाकं विचिन्तयेत् । स्थितिरिति तासामेवाष्टानां प्रकृतीनां जघन्यमध्यमोत्कृष्टाः कालावस्था यथा कर्मप्रकृतौ । किं च–प्रदेशभिन्नं - ५१. चिन्तयेत्, प्रदेश इति जीवप्रदेशानां कर्मप्रदेशैः

[५२] सुहुमेहिं एगखेत्तावगाढेहिं पुड्ढोगाढअणंतरअणुबायरउड्ढाइभेएहिं बद्धाणं वित्थरओ कम्मपयडीए भणियाणं कम्मविवागं विचिंतेज्जा, किं च–अणुभावभिन्नं सुहासुहविहत्तं कम्मविवागं विचिंतेज्जा, तत्थ अणुभावोत्ति तासिं चेवऽट्ठण्हं पयडीणं पुट्ठबद्धनिकाइयाणं उदयाउ अणुभवणं, तं च कम्मविवागं जोगाणुभावजणियं विचिंतेज्जा, तत्थ जोगा मणवयणकाया, अणुभावो जीवगुण एव, स च मिथ्यादर्शनाविरतिप्रमादकषायाः, तेहिं अणुभावेण य जणिमुप्पाइयं जीवस्स कम्मं जं तस्स विवागं उदयं विचिंतिज्जइ ॥५१॥

उक्तस्तृतीयो ध्यातव्यभेदः, साम्प्रतं चतुर्थ उच्यते, तत्र–

**जिणदेसियाइ लक्खणसंठाणासणविहाणमाणाइं ।**

---

આ પ્રમાણે 'પ્રદેશને વિચારે' એટલે સ્પૃષ્ટ, અવગાઢ, અનંતર, અણુબાદર, ઊર્ધ્વ વિગેરે ભેદોવડે બંધાયેલા, એકક્ષેત્રમાં અવગાહીને રહેલા, સૂક્ષ્મ એવા કર્મપ્રદેશો સાથે બંધાયેલા અને વિસ્તારથી કર્મપ્રકૃતિનામના ગ્રંથમાં કહેવાયેલા એવા આત્મપ્રદેશોના કર્મવિપાકને વિચારે. (અહીં સ્પૃષ્ટ એટલે સ્પર્શેલા, અવગાઢ એટલે પ્રવેશેલા, અનંતર એટલે આત્મપ્રદેશ સાથે આંતરા વિના એકમેક થયેલા, અણુબાદર એટલે અણુમાંથી અર્થાત્ કાર્મણવર્ગણામાંથી બનેલા એવા મોટા સ્કંધોરૂપે બંધાયેલા, ઊર્ધ્વ વિગેરે એટલે ઉપર-નીચે, આજુ-બાજુથી બંધાયેલા. (ટૂંકમાં જે ક્ષેત્રમાં આત્મપ્રદેશો છે તે જ ક્ષેત્રમાં રહેલા કર્મો આત્મપ્રદેશ સાથે એકમેક થાય તે જણાવવા સ્પૃષ્ટ, અવગાઢ વિગેરે શબ્દો છે. આ રીતે ચોંટેલા કર્મોના ઉદયને મુનિ વિચારે. તે પ્રદેશોને આશ્રયીને કરેલું ધ્યાન કહેવાય.)

તથા અનુભાવભિન્ન શુભાશુભવિભક્ત કર્મોદયને વિચારે. અહીં અનુભાવ એટલે તે જ આઠ કર્મપ્રકૃતિઓ કે જે સ્પૃષ્ટ છે, બદ્ધ છે, નિકાચિત છે તેઓનું ઉદયથી અનુભવવું. યોગ અને અનુભાવથી=જીવના ગુણથી ઉત્પન્ન થયેલ આવા અનુભાવરૂપ કર્મવિપાકને વિચારે. તેમાં યોગ તરીકે મન-વચન અને કાયા તથા અનુભાવ તરીકે જીવના ગુણો જ એટલે કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાય લેવા. આમ આ યોગવડે અને મિથ્યાત્વ વિગેરે જીવગુણોવડે જીવને જે કર્મો બંધાયેલા છે, તેનો જે વિપાક=ઉદય છે તેને વિચારે. ॥ધ્યા.–૫૧॥

અવતરણિકા : ત્રીજો ધ્યાતવ્યભેદ કહ્યો. હવે ચોથો સંસ્થાનવિચયનામનો પ્રકાર કહેવાય છે. તેમાં ⇨

ગાથાર્થ :- જિનેશ્વરોવડે કહેવાયેલા દ્રવ્યોના લક્ષણો, આકારો, આધાર, ભેદો, પ્રમાણો

---

૫૨. सूक्ष्मैरेकक्षेत्रावगाढैः स्पृष्टावगाढानन्तराणुबादरोर्ध्वादिभेदैर्बद्धानां विस्तरतः कर्मप्रकृतौ भणितानां कर्मविपाकं विचिन्तयेत्, किं च अनुभावभिन्नं शुभाशुभविभक्तं कर्मविपाकं विचिन्तयेत्, तत्रानुभाव इति तासामेवाष्टानां प्रकृतीनां स्पृष्टबद्धनिकाचितानामुदयानुभवनम्, तं च कर्मविपाकं योगानुभावजनितं विचिन्तयेत्, तत्र योगा मनोवचनकाया, अनुभावो जीवगुण एव, तैरनुभावेन च जनितम्-उत्पादितं जीवस्य कर्म यत् तस्या विपाकं-उदयो विचिन्त्यते ।

उप्पायट्ठिइभंगाइ पज्जवा जे य दव्वाणं ॥५२॥

व्याख्या–जिना:-प्राग्निरूपितशब्दार्थास्तीर्थकरास्तैर्देशितानि–कथितानि जिनदेशितानि, कान्यत आह–लक्षणसंस्थानासनविधानमानानि, किं ?–विचिन्तयेदिति पर्यन्ते वक्ष्यति षष्ठ्यां गाथायामिति, तत्र लक्षणादीनि विचिन्तयेत्, अत्रापि गाथान्ते द्रव्याणामित्युक्तं तत्प्रतिपदमायोजनीयमिति, तत्र लक्षणं धर्मास्तिकायादिद्रव्याणां गत्यादि, तथा संस्थानं मुख्यवृत्त्या पुद्गलरचनाकारलक्षणं परिमण्डलाद्यजीवानां, यथोक्तम्–'[53]*परिमंडले य वट्टे तंसे चउरंस आयते चेव*' जीवशरीराणां च समचतुरस्रादि, यथोक्तम्–

"[54]*समचउरंसे नग्गोहमंडले साइ वामणे खुज्जे ।*
*हुंडेवि य संठाणे जीवाणं छ मुणेयव्वा ॥१॥*"

तथा धर्माधर्मयोरपि लोकक्षेत्रापेक्षया भावनीयमिति, उक्तं च–

"[55]*हेट्ठा मज्झे उवरिं छव्वीझल्लरिमुइंगसंठाणे ।*

---

અને દ્રવ્યોના જે ઉત્પાદ, સ્થિતિ, નાશ વિગેરે પર્યાયો છે. (તેને વિચારે. એ પ્રમાણે ગા. ૫૭માં આપેલ ક્રિયાપદ જોડવું.)

ટીકાર્થ : પૂર્વે જણાવેલ છે શબ્દાર્થ જેનો એવા જિનો એટલે કે તીર્થંકરો. તેઓવડે જે કહેવાયેલા છે તે જિનદેશિત કહેવાય છે. કોણ છે તે ? તે કહે છે – લક્ષણ, સંસ્થાન, આધાર, ભેદ, પ્રમાણો, આ બધાનું શું કરવાનું ? જિનદેશિત એવા આ લક્ષણાદિને વિચારે=ધ્યાન ધરે એ પ્રમાણે છઠ્ઠી ગાથામાં (=ગા. ૫૭માં) ક્રિયાપદ જણાવશે. અહીં લક્ષણો વિગેરેને વિચારે એમાં પણ ગાથાના અંતમાં જે 'द्रव्याणां' પદ છે તે લક્ષણ વિગેરે દરેક પદો સાથે જોડવું. (એટલે કે દ્રવ્યોના લક્ષણ, દ્રવ્યોના આકારો... વિગેરેને વિચારે.)

તેમાં ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોના ગતિ વિગેરે લક્ષણ તરીકે જાણવા. (અર્થાત્ ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિસહાયકતા છે, અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિતિસહાયકતા છે, વિગેરે) તથા સંસ્થાન= આકૃતિ એ મુખ્યપણે પુદ્ગલોની રચનાના આકારસ્વરૂપ છે. [(ii)] (જે મૂર્તદ્રવ્યોમાં જ સંભવી શકે છે. ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાયનું સંસ્થાન જે લોક જેવું કહેવાય છે તે ઉપચારથી. મુખ્ય રીતે તો તેઓનો અમૂર્ત હોવાથી તેવો આકાર સંભવી શકતો નથી. તેથી ધર્માસ્તિકાય વિગેરે સિવાય પુદ્ગલાસ્તિકાયરૂપ) અજીવોનો પરિમંડળ વિગેરે આકાર જાણવો. કહ્યું છે – "પરિમંડળ, ગોળ, ત્રિકોણ, ચોરસ અને લાંબો આકાર." અને જીવશરીરના સમચતુરસ્ર વિગેરે આકારો જાણવા. કહ્યું છે – "સમચતુરસ્ર, ન્યગ્રોધમંડળ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક એ પ્રમાણે જીવોના છ આકાર છે."

તથા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પણ આકારો લોક=ચૌદરાજલોકરૂપ ક્ષેત્રની અપેક્ષાએ વિચારવા. કહ્યું છે – "લોકાકાશનો આકાર નીચેથી [(iii)] પુષ્પચંગેરી (પુષ્પો ભરવાનું

---

५३. परिमण्डलं वृत्तं त्र्यस्त्रं चतुरस्त्रमायतमेव । ५४. समचतुरस्त्रं न्यग्रोधमण्डलं सादि वामनं कुब्जं । हुण्डमपि च संस्थानानि जीवानां षड् ज्ञातव्यानि ॥१॥ ५५. अधस्तान्मध्ये उपरि वेत्रासनझल्लरीमृदङ्गसंस्थानः ।

*[५६]लोगो अद्धागारो अद्धाखेत्तागिई नेओ ॥१॥"*

तथाऽऽसनानि-आधारलक्षणानि धर्मास्तिकायादीनां लोकाकाशादीनि स्वस्वरूपाणि वा, तथा विधानानि धर्मास्तिकायादीनामेव भेदानित्यर्थः, यथा–'*[५७]धम्मत्थिकाए धम्मत्थिकायस्स* देसे *धम्मत्थिकायस्स पएसे*' इत्यादि, तथा मानानि–प्रमाणानि धर्मास्तिकायादीनामेवात्मीयानि, तथोत्पादस्थितिभङ्गादिपर्याया ये च 'द्रव्याणां' धर्मास्तिकायादीनां तान् विचिन्तयेदिति, तत्रोत्पादादिपर्यायसिद्धिः 'उत्पादव्ययध्रौव्ययुक्तं सदि'ति ( तत्त्वार्थे अ० ५ सू० २९ ) वचनाद्, युक्तिः पुनरत्र–

*"घटमौलीसुवर्णार्थी, नाशोत्पत्तिस्थितिष्वयम् ।*
*शोकप्रमोदमाध्यस्थं, जनो याति सहेतुकम् ॥१॥"*

---

સાધન) જેવો, મધ્યમાં ખંજરી જેવો, અને ઉપર મૃદંગ જેવો જાણવો. તથા [II]અદ્ધાનો=કાળનો આકાર અદ્ધાક્ષેત્રની=મનુષ્યલોકની આકૃતિ પ્રમાણે જાણવો. ॥૧॥"

તથા આસન એટલે આધાર. ધર્માસ્તિકાય વિગેરેના આધાર લોકાકાશ વિગેરે અથવા પોત-પોતાનું સ્વરૂપ જાણવું. વિધાનોને એટલે કે ધર્માસ્તિકાય વિગેરેના જ ભેદોને (વિચારે.) જેમ કે – "ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયનો પ્રદેશ... વિગેરે (આ પ્રમાણે દેશ, પ્રદેશ વિગેરે ભેદોને વિચારે.)

તથા માન એટલે પ્રમાણ, તેમાં ધર્માસ્તિકાય વિગેરેના પોત-પોતાના પ્રમાણોને વિચારે. તથા ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોના ઉત્પાદ-સ્થિતિ-નાશ વિગેરે જે પર્યાયો છે તેને વિચારે. તેમાં ઉત્પાદ વિગેરે પર્યાયોની સિદ્ધિ "उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्" એટલે કે "જે વસ્તુ વિદ્યમાન છે તે ઉત્પાદ-નાશ અને ધ્રુવતાનામના ત્રણ ધર્મોથી યુક્ત છે" આવા પ્રકારના વચનથી થાય છે. અહીં યુક્તિ આ પ્રમાણે જાણવી – "કળશનો અર્થી, મુગટનો અર્થી અને સુવર્ણનો અર્થી એવો માણસ કળશના નાશમાં, મુગટની ઉત્પત્તિમાં અને સુવર્ણની સ્થિતિમાં (ક્રમશઃ) શોક, હર્ષ અને મધ્યસ્થભાવને જે અનુભવે છે, તે સહેતુક છે. ॥૧॥"

(ભાવાર્થ આ પ્રમાણે – રાજાના બે છોકરાને રમવા માટે સોનાનો એક નાનો કળશ હતો. એમાં એકવાર એક છોકરો ક્યાંક બહાર ગયો અને બીજા છોકરાએ કહ્યું – "મારે રમવા માટે મુગટ જોઈએ છે." ત્યારે રાજાએ સોની પાસે તે જ કળશને ગાળીને મુગટ કરાવી મંગાવ્યો. અહીં સોનું પોતે કળશ તરીકે નાશ પામ્યું છે, મુગટ તરીકે ઉત્પન્ન થયું છે અને સોના તરીકે પોતે કાયમ છે જ. આમ, એક એવા સોનામાં જ ઉત્પાદાદિ ત્રણે પર્યાયો જુદી જુદી અપેક્ષાએ રહેલા છે. તે કેવી રીતે જણાય ? તે માટે કહે છે – જ્યારે બહાર ગયેલ છોકરો પાછો આવ્યો ત્યારે કળશનો નાશ જોઈને તે શોક કરે છે. બીજા છોકરાને મુગટ મળ્યો હોવાથી હર્ષ=આનંદ

---

५६. लोकोऽद्धाकारोऽद्धाक्षेत्राकृतिर्ज्ञेयः ॥१॥ ५७. धर्मास्तिकायो धर्मास्तिकायस्य देशः धर्मास्तिकायस्य प्रदेशः ।

*पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।*
*अगोरसव्रतो नोभे, तस्मात्तत्त्वं त्रयात्मकम् ॥२॥"*

**ततश्च धर्मास्तिकायो विवक्षितसमयसम्बन्धरूपापेक्षयोत्पद्यते तदनन्तरातीतसमयसम्बन्धरूपापेक्षया तु विनश्यति धर्मास्तिकायद्रव्यात्मना तु नित्य इति, उक्तं च–**

*"सर्वव्यक्तिषु नियतं क्षणे क्षणेऽन्यत्वमथ च न विशेषः ।*
*सत्योश्चित्यपचित्योराकृतिजातिव्यवस्थानात् ॥१॥"*

**आदिशब्दादगुरुलघ्वादिपर्यायपरिग्रहः, चशब्दः समुच्चयार्थ इति गाथार्थः ॥५२॥**
**किं च–**

થાય છે અને બાપ એવો રાજા બંનેમાં સોનું કાયમી હોવાથી નથી શોક પામતો કે નથી આનંદ પામતો, પરંતુ મધ્યસ્થભાવ પામે છે. અહીં સોનું વસ્તુ એક હોવા છતાં ત્રણેને જે જુદી જુદી લાગણીઓ થઈ તેના કારણ પણ જુદા જુદા માનવા પડે. તેથી એક જ વસ્તુ કળશરૂપે નાશ પામી તેથી એકને શોક થયો. એ જ વસ્તુ મુગટરૂપે ઉત્પન્ન થઈ માટે જ બીજા છોકરાને આનંદ થયો અને બંનેમાં સોનું સ્થિત જ હોવાથી રાજા મધ્યસ્થભાવ પામ્યો. આમ, જે હર્ષાદિ થાય તે સહેતુક થાય છે અને તે હેતુ ઉત્પાદાદિ છે.)

'મારે દૂધ જ લેવું' એવા વ્રતવાળો પુરુષ દહીં ખાતો નથી. 'દહીં જ લેવું' એવા વ્રતવાળો દૂધ ખાતો નથી. 'અગોરસ જ લેવું' એવા વ્રતવાળો દૂધ-દહીં ઉભય ખાતો નથી. (કારણ કે ગોરસ દૂધરૂપ પણ છે અને દહીંરૂપ પણ છે. દૂધ હતું ત્યારે દહીં નહોતું, દહીં હતું ત્યારે દૂધ રહ્યું નથી. પણ ગોરસ તો દૂધ અને દહીં બંને અવસ્થામાં છે.) તેથી ગોરસાત્મક તત્ત્વ (ઉપલક્ષણથી દરેક સત્ વસ્તુ) ત્રયાત્મક છે. ॥૨॥"

(આ રીતે દરેક વસ્તુ ત્રયાત્મક છે) અને તેથી ધર્માસ્તિકાય પણ વિવક્ષિત સમયના સંબંધની અપેક્ષાએ ઉત્પન્ન થાય છે. (અર્થાત્ વર્તમાન સમયે વર્તમાન સમયથી તે સંબદ્ધ થયું એટલે કે તે ધર્માસ્તિકાયદ્રવ્ય ઉત્પન્ન થયું કહેવાય.) તે વિવક્ષિતસમય પહેલાંના ભૂતકાળના સમય સાથેના સંબંધની અપેક્ષાએ (એટલે કે ભૂતકાળના સમય સાથે જે સંબંધ હતો તે નાશ પામવાથી) તે દ્રવ્ય નાશ પામે છે. તથા પોતે દ્રવ્યરૂપે બંને સમયે હાજર હોવાથી નિત્ય છે.

કહ્યું છે – "સર્વ વસ્તુરૂપ વ્યક્તિમાં (=સર્વ પદાર્થોમાં) દરેક ક્ષણે નિયત=એક ચોક્કસ પ્રકારનું ભિન્નપણું આવે છે (એટલે કે દરેક વસ્તુ દરેક ક્ષણે બદલાયા કરે છે.) છતાં એ વસ્તુ જુદી નથી (એટલે કે સંપૂર્ણ બદલાતી નથી કારણ કે) વધારો-ઘટાડો થવા છતાં તે વસ્તુનો આકાર અને તેની જાતિ કાયમી રહે છે. (અથવા બીજી રીતે અર્થ થઈ શકે કે આકૃતિ અને જાતિની એક ચોક્કસ વ્યવસ્થા છે એટલે કે આકાર બદલાય છે પણ જાતિ બદલાતી નથી. અને જાતિ બદલાતી ન હોવાથી વસ્તુ એની એ જ રહે છે.) 'उप्पायट्ठिइभंगाई'માં જે આદિશબ્દ છે તેનાથી અગુરુલઘુ વિગેરે પર્યાયો ગ્રહણ કરવા. 'च' શબ્દ સમુચ્ચય અર્થમાં જાણવો. (અર્થાત્ લક્ષણાદિ વિષયને વિચારે. અહીં વિચારવા માટેના જેટલા જુદા જુદા વિષયો આપ્યા છે તે

पंचत्थिकायमइयं लोगमणाइणिहणं जिणक्खायं ।
णामाइभेयविहियं तिविहमहोलोयभेयाइं ॥५३॥

व्याख्या—'पञ्चास्तिकायमयं लोकमनाद्यनिधनं जिनाख्यात'मिति, क्रिया पूर्ववत्, तत्रास्तयः—प्रदेशास्तेषां काया अस्तिकायाः पञ्च च ते अस्तिकायाश्चेति विग्रहः, एते च धर्मास्तिकायादयो गत्याद्युपग्रहकरा ज्ञेया इति, उक्तं च—

*"जीवानां पुद्गलानां च, गत्युपग्रहकारणम् ।*
*धर्मास्तिकायो ज्ञानस्य, दीपश्चक्षुष्मतो यथा ॥१॥*
*जीवानां पुद्गलानां च, स्थित्युपग्रहकारणम् ।*
*अधर्मः पुरुषस्येव, तिष्ठासोरवनिर्यथा ॥२॥*
*जीवानां पुद्गलानां च, धर्माधर्मास्तिकाययोः ।*
*बदराणां घटो यद्वदाकाशमवकाशदम् ॥३॥*
*ज्ञानात्मा सर्वभावज्ञो, भोक्ता कर्ता च कर्मणाम् ।*
*नानासंसारिमुक्ताख्यो, जीवः प्रोक्तो जिनागमे ॥४॥*
*स्पर्शरसगन्धवर्णशब्दमूर्तस्वभावकाः ।*
*सङ्घातभेदनिष्पन्नाः, पुद्गला जिनदेशिताः ॥५॥"*

तन्मयं—तदात्मकं, लोक्यत इति लोकस्तं, कालतः किम्भूतमित्यत आह—'अनाद्यनिधनम्'

---

બધાનો સમુચ્ચય કરવા 'च' શબ્દ છે.) ॥ધ્યા.પર॥ વળી ⇨

ગાથાર્થ :- જિનોવડે કહેવાયેલો લોક પંચાસ્તિકાયાત્મક છે, અનાદિ-અનંત છે, નામાદિ-ભેદોવાળો છે (અને) અધોલોક વિગેરે ત્રણ પ્રકારે છે (એમ વિચારે.)

ટીકાર્થ : જિનોવડે કહેવાયેલો લોક પંચાસ્તિકાયાત્મક, અનાદિ-અનંત છે 'એમ વિચારે' એ પ્રમાણેનું ક્રિયાપદ પૂર્વની જેમ જાણી લેવું. તેમાં અસ્તિ એટલે પ્રદેશો. તેઓનો જે સમૂહ તે અસ્તિકાય. પાંચ એવા તે અસ્તિકાયો તે પંચાસ્તિકાય એ પ્રમાણે સમાસવિગ્રહ કરવો. પાંચ અસ્તિકાયો તરીકે ગતિ વિગેરેમાં સહાય કરનારા ધર્માસ્તિકાય વિગેરે જાણવા.

કહ્યું છે – "જેમ ચક્ષુવાળા જીવને જ્ઞાનનું કારણ દીપક છે, તેમ જીવ અને પુદ્ગલોને ગતિ કરવામાં સહાય કરનાર ધર્માસ્તિકાય છે. ॥૧॥ જેમ ઊભા રહેવાની ઇચ્છાવાળા એવા પુરુષને પૃથ્વી સહાયક છે, તેમ જીવ અને પુદ્ગલોને સ્થિતિમાં સહાય કરનાર અધર્માસ્તિકાય છે. ॥૨॥ જેમ બોરને (એક જાતનું ફલવિશેષ) જગ્યા આપનાર ઘટ છે, તેમ જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને જગ્યા આપનાર આકાશ છે. ॥૩॥ જિનાગમમાં જીવને જ્ઞાનસ્વરૂપ, સર્વભાવોને જાણનાર, કર્મોનો ભોક્તા અને કર્તા, જુદા જુદા સંસારી તથા મુક્ત એમ બે પ્રકારે કહ્યો છે. ॥૪॥ જિનેશ્વરોએ પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ અને મૂર્તસ્વભાવવાળા તથા સંઘાતથી=સંયોગથી અને વિભાગથી ઉત્પન્ન થનારા કહ્યા છે. ॥૫॥"

આ પાંચથી બનેલો એટલે કે આ પંચાસ્તિકાયાત્મક લોક છે. જે કેવલજ્ઞાનવડે જણાય તે

**अनाद्यपर्यवसितमित्यर्थः, अनेनेश्वरादिकृतव्यवच्छेदमाह, असावपि दर्शनभेदाच्चित्र एवेत्यत आह–'जिनाख्यातं' तीर्थकरप्रणीतम्, आह–'जिनदेशितानि'त्यस्माज्जिनप्रणीताधिकारोऽनुवर्तत एव, ततश्च जिनाख्यातमित्यतिरिच्यते, न, अस्याऽऽदरख्यापनार्थत्वात्, आदरख्यापनादौ च पुनरुक्तदोषानुपपत्तेः, तथा चोक्तम्–**

*"अनुवादादरवीप्साभृशार्थविनियोगहेत्वसूयासु ।*
*ईषत्सम्भ्रमविस्मयगणनास्मरणेष्वपुनरुक्तम् ॥१॥"*

---

લોક. આવા લોકને વિચારે (=પંચાસ્તિકાય આ લોક છે એમ વિચારે.) તે લોક કાલથી કેવા પ્રકારનો છે ? તે કહે છે – અનાદિ-અનંત આ લોક છે. આવું કહેવાદ્વારા જૈનેતરોની "આ જગત ઈશ્વરાદિકૃત છે" એવી માન્યતાનું ખંડન કરાયેલું જાણવું. આ લોક પણ જુદા જુદા દર્શનકારોની માન્યતા પ્રમાણે જુદો જુદો છે (એટલે કોની માન્યતા પ્રમાણેનો લોક વિચારવો ? એ પ્રશ્ન ઊભો થાય છે.) તેથી કહે છે કે જિન=તીર્થંકરવડે કહેવાયેલ લોક વિચારવો.

**શંકા :** ગા. ૫૨માં 'जिनदेशितानि' પદ મૂકેલું હોવાથી આ બધું જિનપ્રણીત છે એવું જણાય જ જાય છે. તેથી અહીં 'जिनाख्यात' શબ્દ વધારાનો લાગે છે.

**સમાધાન :** અહીં આ વિશેષણ જિનેશ્વરો પ્રત્યે આદર જણાવવા આપેલું હોવાથી વધારાનું નથી. આદર જણાવવામાં પુનરુક્તદોષ લાગતો નથી. કહ્યું છે – "અનુવાદ, આદર, વીપ્સા, વિનિયોગ, હેતુ, અસૂયા, કંઈક, સંભ્રમ, આશ્ચર્ય, ગણના અને સ્મરણ આટલા અર્થોમાં પુનરુક્ત દોષ લાગતો નથી." (દા. ત. (૧) અનુવાદમાં – 'મોટા ભાઈને જ્યેષ્ઠ કહેવાય' અહીં 'જ્યેષ્ઠ' પદ અનુવાદ માટે છે તેથી એનો અર્થ પણ 'મોટો ભાઈ' જ હોવા છતાં પુનરુક્તિ દોષ નથી. (૨) આદર માટે – વ્યાખ્યાનાદિ શરૂ કરતા પહેલાં મારા ગુરુદેવશ્રી પાસેથી જે સાંભળ્યું છે, જાણ્યું છે, શીખ્યું છે તે હું કહીશ આવું કહ્યા પછી ચાલુ વ્યાખ્યાનમાં મારા ગુરુદેવશ્રી આમ કહેતા હતા, મારા ગુરુદેવશ્રી આમ કહેતા હતા. આમ, વારંવાર 'ગુરુદેવશ્રી' શબ્દનો ઉચ્ચાર કરવા છતાં પુનરુક્તિ દોષ નથી.

(૩) વીપ્સા અર્થમાં – 'પીઓ, પીઓ, પીવા જેવું છે શાંતસુધારસ' અહીં 'પીઓ' શબ્દ બે વાર કહ્યો એ વીપ્સા કરી ગણાય. અહીં વીપ્સા શાંતસુધારસનું પાન મહત્ત્વનું જણાવતી હોવાથી પુનરુક્તિદોષ નથી. (૪) ભૃશાર્થમાં – અરે ! તું ક્રોધી છે ક્રોધી. અહીં ક્રોધની તીવ્રતા (=भृशम्) જણાવવા 'ક્રોધી' શબ્દ બે વાર છે. (૫) વિનિયોગ અર્થમાં – વેપાર સોદો કરવા એક જ વસ્તુ અનેકવાર બોલાય અથવા સામેનાને શીખવાડવા ૨થી ૩ વાર બોલાય. (૬) હેતુ અર્થમાં – કોઈ પ્રતિપાદનને બરાબર ઠસાવવા એનો હેતુ અનેકવાર દર્શાવાય છે. જેમ કે, 'જો બહુ ખાઈશ નહીં, નહીં તો શરીર બગડશે. જો ફરી કહું છું, બહુ ખાઈશ નહીં, નહીં તો મંદાગ્નિ થશે, કામો બગડશે...' (૭) ઈર્ષ્યામાં – ઈર્ષ્યાને કારણે કોઈ માણસ એક જ વાત વારંવાર કરે. જેમ કે, પેલાનો અહંકાર કેવો છે ? બીજા સાથે ભળતો જ નથી, કોઈ સાથે વાત જ કરતો નથી, એને બોલાવો જો, એ બોલે છે ? ના, અક્ષરે ય નહીં બોલે.

तथा हि 'नामादिभेदविहितं' भेदतो नामादिभेदावस्थापितमित्यर्थः, उक्तं च–

*“[५८]नामं ठवणा दविए खित्ते काले भवे य भावे य ।*
*पज्जवलोगो य तहा अट्ठविहो लोगनिक्खेवो ॥१॥”*

भावार्थश्चतुर्विंशतिस्तवविवरणादवसेयः, साम्प्रतं क्षेत्रलोकमधिकृत्याह–'त्रिविधं' त्रिप्रकारम् 'अधोलोकभेदादि' इति प्राकृतशैल्याऽधोलोकादिभेदम्, आदिशब्दात्तिर्यगूर्ध्वलोकपरिग्रह इति गाथार्थः ॥५३॥

किं च–तस्मिन्नेव क्षेत्रलोके इदं चेदं च विचिन्तयेदिति प्रतिपादयन्नाह–

**खिइवलयदीवसागरनरयविमाणभवणाइसंठाणं ।**
**वोमाइपइट्ठाणं निययं लोगट्ठिइविहाणं ॥५४॥**

व्याख्या–'क्षितिवलयद्वीपसागरनिरयविमानभवनादिसंस्थानं' तत्र क्षितयः खलु घर्माद्या ईषत्प्राग्भारावसाना अष्टौ भूमयः परिगृह्यन्ते, वलयानि–घनोदधिघनवाततनुवातात्मकानि घर्मादि-

(૮) ઈષત્ – વીર પ્રભુને ૧૨॥ વર્ષમાં કુલ નિદ્રાકાળ બે ઘડી, એટલે કે પ્રમાદ ઈશત્ જ, થોડોક જ એટલે કે નહીં બરોબર. (૯) સંભ્રમ અર્થાત્ ઉતાવળ. ઉતાવળ હોય ત્યારે વારંવાર બોલાય જેમ કે જલ્દી જલ્દી કર. (૧૦) આશ્ચર્ય – 'અરે ! વાહ અદ્ભુત ! અદ્ભુત !' (૧૧) ગણના – ૨૫-૨૫ની થપ્પી કરવી હોય તો ૧, ૨, ૩, ૪... આંકડા વારંવાર બોલાય. (૧૨) સ્મરણ – તે આ જ હતું, તે આ જ હતું. એ રીતે વારંવાર બોલાય. આમ આ બધા અર્થોમાં પુનરુક્તિ દોષ લાગતો નથી.)

તથા નામાદિભેદથી અવસ્થાપિત એવા લોકને વિચારે (અર્થાત્ નામલોક, સ્થાપનાલોક વિગેરેને વિચારે.) કહ્યું છે – “નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભવ, ભાવ અને પર્યવલોક, એમ આઠ પ્રકારે લોકનો નિક્ષેપ છે. ॥૧॥” આ ગાથાનો ભાવાર્થ ચતુર્વિંશતિસ્તવ નામના બીજા અધ્યયનના (ગા. ૧૦૫૭ના) વિવરણમાંથી જાણી લેવો. હવે ક્ષેત્રલોકને આશ્રયીને કહે છે – અધોલોકાદિ ત્રણ પ્રકારના લોકને વિચારે. મૂળમાં 'अधोलोकभेदादि' જે કહ્યું છે તે પ્રાકૃતશૈલી હોવાથી જાણવું. બાકી શબ્દ 'अधोलोकादिभेदं' એ પ્રમાણે જાણવો. આદિશબ્દથી તિર્ચ્છાલોક અને ઊર્ધ્વલોક ગ્રહણ કરવો. ॥ધ્યા.–૫૩॥

અવતરણિકા : વળી - તે જ ક્ષેત્રલોકમાં આ, આ (=આગળની ગાથામાં જણાવશે તે) વિચારે. (તે શું વિચારે ? તેનું) પ્રતિપાદન કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- પૃથ્વી, વલય, દ્વીપો, સાગરો, નરકો, વિમાનો તથા ભવનાદિના આકારોને અને આકાશાદિમાં પ્રતિષ્ઠિત એવી શાશ્વત લોકસ્થિતિના પ્રકારને (વિચારે.)

ટીકાર્થ : અહીં ક્ષિતિ તરીકે ઘર્મા, વંશા, શેલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી એ સાત નારકપૃથ્વીઓ અને આઠમી ઈષત્પ્રાગ્ભારનામની સિદ્ધશિલાની પૃથ્વી ગ્રહણ કરવી. વલય

५८. नामस्थापनयोः द्रव्ये क्षेत्रे च काले भवे च भावे च । पर्यवलोकः तथाऽष्टविधो लोके निक्षेपः ॥१॥

समपृथिवीपरिक्षेपीण्येकविंशतिः, द्वीपाः—जम्बूद्वीपादयः स्वयम्भूरमणद्वीपान्ता असङ्ख्येयाः, सागराः—लवणसागरादयः स्वयम्भूरमणसागरपर्यन्ता असङ्ख्येया एव, निरयाः—सीमन्तकाद्या अप्रतिष्ठानावसानाः सङ्ख्येयाः, यत उक्तम्—

*"[५९]तीसा य पन्नवीसा पनरस दसेव सयसहस्साइं ।*
*तिन्नेगं पंचूणं पंच य नरगा जहाकमसो ॥१॥"*

विमानानि—ज्योतिष्कादिसम्बन्धीन्यनुत्तरविमानान्तान्यसङ्ख्येयानि, ज्योतिष्कविमानानाम-संख्येयत्वात्, भवनानि—भवनवास्यालयलक्षणानि असुरादिदशनिकायसंबन्धीनि संख्येयानि, उक्तं च—

*"[६०]सत्तेव य कोडीओ हवंति बावत्तरिं सयसहस्सा ।*
*एसो भवणसमासो भवणवईणं वियाणेज्जा ॥१॥"*

आदिशब्दादसङ्ख्येयव्यन्तरनगरपरिग्रहः, उक्तं च—

*"[६१]हेट्ठोवरिजोयणसयरहिए रयणाए जोयणसहस्से ।*
*पढमे वंतरियाणं भोमा नयरा असंखेज्जा ॥१॥"*

તરીકે ઘનોદધિ, ઘનવાત અને તનુવાત લેવા કે જે ઘર્મા વિગેરે સાત પૃથ્વીઓને વીંટળાઈને રહેલા હોવાથી (દરેક પૃથ્વીને ત્રણ-ત્રણ એમ ૭ x ૩ =) ૨૧ વલયો છે. દ્વીપ તરીકે જંબૂદ્વીપથી લઈને સ્વયંભૂરમણદ્વીપ સુધીના અસંખ્યેય દ્વીપો લેવા. સાગર તરીકે લવણ સમુદ્રથી લઈ સ્વયંભૂરમણસમુદ્ર સુધીના અસંખ્યેય જ સાગરો લેવા.

નિરય એટલે નરકાવાસો તે અહીં સીમન્તકથી લઈ અપ્રતિષ્ઠાન સુધીના સંખ્યાતા જાણવા, કારણ કે કહ્યું છે – "પ્રથમ નરકમાં ત્રીસ લાખ, બીજીમાં પચ્ચીસ લાખ, ત્રીજીમાં પંદર લાખ, ચોથીમાં દશ લાખ, પાંચમીમાં ત્રણ લાખ, છઠ્ઠીમાં એક લાખમાં પાંચ ઓછા અને સાતમી નરકમાં પાંચ નરકાવાસો છે. ॥૧॥" વિમાન તરીકે જ્યોતિષ્ક વિગેરેના વિમાનોથી લઈ અનુત્તર વિમાનો સુધીના અસંખ્યેય વિમાનો ગ્રહણ કરવા, કારણ કે જ્યોતિષ્કવિમાનો અસંખ્યાતા છે.

ભવન એટલે ભવનવાસી દેવોના મકાન, અસુરકુમાર વિગેરે દશ નિકાયના આ વિમાનો સંખ્યાતા છે. કહ્યું છે – "૭ ક્રોડ અને બહોંતેર લાખપ્રમાણ ભવનપતિદેવોના ભવનોનો સમૂહ જાણવો. ॥૧॥" 'भवणाइ'માં આદિશબ્દથી અસંખ્ય વ્યંતરનગરો ગ્રહણ કરવા. કહ્યું છે – "રત્નપ્રભા પૃથ્વીના ઉપરના પ્રથમ ૧૦૦૦ યોજનમાં ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન સિવાયના વચલા ૮૦૦ યોજનમાં વ્યંતરોના પૃથ્વીકાયમય અસંખ્ય નગરો છે. ॥૧॥"

૫૯. त्रिंशत् पञ्चविंशतिश्च पञ्चदश दशैव शतसहस्राणि । त्रीणि एकं पञ्चोनं पञ्च च नरका यथाक्रमम् ॥१॥ ६०. सप्तैव च कोट्यो भवन्ति द्वासप्ततिः शतसहस्राणि । एष भवनसमासो भवनपतीनां (इति) विजानीयात् ॥१॥ ६१. अधस्तादुपरि योजनशतरहिते रत्नाया योजनसहस्रे । प्रथमे व्यन्तराणां भौमानि नगराण्यसंख्येयानि ॥१॥

ततश्च क्षितयश्च वलयानि चेत्यादिद्वन्द्वः, एतेषां संस्थानम्–आकारविशेषलक्षणं विचिन्तयेदिति, तथा 'व्योमादिप्रतिष्ठानम्' इत्यत्र प्रतिष्ठितिः प्रतिष्ठानं, भावे ल्युट्, व्योम–आकाशम्, आदिशब्दाद्वाय्वादिपरिग्रहः, व्योमादौ प्रतिष्ठानमस्येति व्योमादिप्रतिष्ठानं, लोकस्थितिविधानमिति योगः, विधिः–विधानं प्रकार इत्यर्थः, लोकस्य स्थितिः २, स्थितिः व्यवस्था मर्यादा इत्यनर्थान्तरं, तद्विधानं, किम्भूतं?–'नियतं' नित्यं शाश्वतं, क्रिया पूर्ववदिति गाथार्थः ॥५४॥ किं च–

उवओगलक्खणमणाइनिहणमत्थंतरं सरीराओ ।
जीवमरूविं कारिं भोयं च सयस्स कम्मस्स ॥५५॥

व्याख्या–उपयुज्यतेऽनेनेत्युपयोगः–साकारानाकारादिः, उक्तं च–'*स द्विविधोऽष्टचतुर्भेदः*' (तत्त्वार्थे अ० २ सू० ९) स एव लक्षणं यस्य स उपयोगलक्षणस्तं, जीवमिति वक्ष्यति,

---

આ ક્ષિતિ વિગેરે શબ્દોનો દ્વન્દ્વસમાસ કરવો. તેઓના આકારોને વિચારે. તથા 'વ્યોમાદિપ્રતિષ્ઠાન' અહીં પ્રતિષ્ઠાન એટલે પ્રતિષ્ઠા=રહેવું. 'પ્રતિષ્ઠા'શબ્દને ભાવ-અર્થમાં લ્યૂટ્ પ્રત્યય લાગીને પ્રતિષ્ઠાન શબ્દ બન્યો છે. વ્યોમ એટલે આકાશ આદિશબ્દથી વાયુ વિગેરે લેવા. તેથી આકાશ વિગેરેમાં રહ્યા છે જે એવા શાશ્વત લોકસ્થિતિપ્રકારને વિચારે. અહીં વિધાન એટલે પ્રકાર. લોકની સ્થિતિ તે લોકસ્થિતિ. સ્થિતિ, વ્યવસ્થા, મર્યાદા આ બધા સમાનાર્થી શબ્દો છે. આ લોકસ્થિતિના પ્રકારને વિચારે. કેવા પ્રકારનું આ વિધાન છે ? – નિયત છે એટલે કે નિત્ય, શાશ્વત એવા વિધાનને 'વિચારે' એ પ્રમાણેનું ક્રિયાપદ પૂર્વની જેમ જાણવું.

(લોકસ્થિતિ પ્રકારને વિચારે એવું કહેવા પાછળ આશય એ છે કે આ લોકની એક વ્યવસ્થા છે કે સિદ્ધશિલા પૃથ્વી આકાશ ઉપર ઊભી છે. સાત નારકપૃથ્વીઓ ઘનોદધિ વિગેરે ઉપર ઊભી છે અને આ બધી વ્યવસ્થા શાશ્વત છે. આમ, જે જે પૃથ્વી, પર્વત, સમુદ્ર, વિમાનો જે જે પ્રકારે વ્યવસ્થિત છે=ગોઠવાયેલા છે તે તે શાશ્વત પ્રકારને વિચારે. ટૂંકમાં કોઈક વસ્તુ વાયુ ઉપર પ્રતિષ્ઠિત છે, તો કોઈક વસ્તુ આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે અને આ રીતે તે તે વસ્તુઓ શાશ્વતકાળ સુધી રહેવાની છે. માટે શાશ્વત રીતે વ્યોમાદિ ઉપર પ્રતિષ્ઠિત એવા લોકસ્થિતિપ્રકારને વિચારે.) ॥ધ્યા.–૫૪॥ વળી ⇨

ગાથાર્થ :- જીવ ઉપયોગલક્ષણવાળો, અનાદિ-અનંત, શરીરથી જુદો, અરૂપી અને પોતાના કર્મોનો કર્તા-ભોક્તા છે (એમ વિચારે.)

ટીકાર્થ : જેનાવડે ઉપયોગ કરાય (અર્થાત્ જેનાવડે જીવ બીજા વિષયમાં નજીકથી જોડાય છે=જાણકાર બને છે) તે ઉપયોગ. અહીં સાકાર, અનાકાર વિગેરેરૂપ ઉપયોગ જાણવો. કહ્યું છે – "તે ઉપયોગ સાકાર=જ્ઞાન અને અનાકાર=દર્શન એમ બે પ્રકારે છે. તેમાં સાકારોપયોગ આઠ પ્રકારે (મતિજ્ઞાન વિગેરે પાંચ અને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તથા વિભંગજ્ઞાન એ ત્રણ) અને અનાકારોપયોગ ચાર પ્રકારે (=ચક્ષુદર્શન વિગેરે) છે. તે ઉપયોગ એ જ છે લક્ષણ જેનું

तथा 'अनाद्यनिधनम्' अनाद्यपर्यवसितं, भवापवर्गप्रवाहापेक्षया नित्यमित्यर्थः, तथा 'अर्थान्तरं' पृथग्भूतं, कुतः ?–शरीरात्, जातावेकवचनं, शरीरेभ्यः–औदारिकादिभ्य इति, किमित्यत आह–जीवति जीविष्यति जीवितवान् वा जीव इति तं, किम्भूतमित्यत आह–'अरूपिणम्' अमूर्तमित्यर्थः, तथा 'कर्तारं' निर्वर्तकं, कर्मण इति गम्यते, तथा 'भोक्तारम्' उपभोक्तारं, कस्य ?–स्वकर्मणः–आत्मीयस्य कर्मणः, ज्ञानावरणीयादेरिति गाथार्थः ॥५५॥

तस्स य सकम्मजणियं जम्माइजलं कसायपायालं ।
वसणसयसावयमणं मोहावत्तं महाभीमं ॥५६॥

व्याख्या–'तस्य च' जीवस्य 'स्वकर्मजनितम्' आत्मीयकर्मनिर्वर्तितं, कं ?–संसारसागरमिति वक्ष्यति तं, किम्भूतमित्यत आह–'जन्मादिजलं' जन्म–प्रतीतम्, आदिशब्दाज्जरामरणपरिग्रहः, एतान्येवातिबहुत्वाज्जलमिव जलं यस्मिन् स तथाविधस्तं, तथा 'कषायपातालं' कषायाः–

---

તે ઉપયોગલક્ષણ 'જીવ' એ પ્રમાણે આગળ કહેશે.

તથા આ જીવ અનાદિ-અનંત એટલે કે ભવ અને મોક્ષના પ્રવાહની અપેક્ષાએ નિત્ય છે (અર્થાત્ જીવ એક ભવમાંથી બીજા ભવમાં, બીજામાંથી ત્રીજા ભવમાં, આમ ભવની પરંપરામાં જીવ કાયમ ટકે છે. ત્યાર પછી જયારે તે જીવનો મોક્ષ થાય છે ત્યારે પણ તે જીવ તો કાયમ જ રહે છે. તેથી ભવ અને મોક્ષના પ્રવાહની અપેક્ષાએ નિત્ય છે એમ વિચારે.)

તથા જીવ એ જુદો છે. કોનાથી જુદો છે ? – શરીરથી જુદો છે (એમ વિચારે.) અહીં 'शरीरात्' શબ્દમાં જાતિની અપેક્ષાએ એકવચન કરેલ છે. તેથી અર્થ આ પ્રમાણે કરવો કે ઔદારિક વિગેરે શરીરોથી જુદો છે. આગળ કહ્યા તે વિશેષણો (ઉપયોગલક્ષણ વિ.)થી વિશિષ્ટ શું છે ? તે કહે છે – જે જીવે છે અથવા જીવશે અથવા જીવ્યો તે જીવ. (આ જીવ પૂર્વે કહ્યા તે વિશેષણોથી યુક્ત છે.) વળી, કેવા પ્રકારનો આ જીવ છે ? તે કહે છે – અરૂપી=અમૂર્ત છે. તથા કર્મોનો કર્તા છે. તથા ભોક્તા છે. કોનો ભોક્તા છે ? – પોતાના કર્મોનો, અર્થાત્ પોતે બાંધેલા જ્ઞાનાવરણીયાદિ પોતાના કર્મોનો ભોક્તા છે. ॥ધ્યા.–૫૫॥

ગાથાર્થ :- તે જીવના પોતાના કર્મોથી ઉત્પન્ન થયેલ, જન્મ વિગેરે પાણીવાળા, કષાયરૂપ પાતાલવાળા, દુઃખરૂપ સેંકડો જળચર જીવોવાળા, મોહરૂપ પાણીની વમળવાળા, મહાભયંકર (એવા સંસારસાગરને વિચારે.)

ટીકાર્થ : તે જીવના પોતાના કર્મોથી ઉત્પન્ન થયેલ, એવું કોણ ? – 'સંસારસાગર' એ પ્રમાણે આગળની ગાથામાં કહેશે. તે સંસાર-સાગર કેવા પ્રકારનો છે ? તે કહે છે – 'જન્મ વિગેરે પાણીવાળો. જન્મશબ્દનો અર્થ પ્રસિદ્ધ જ છે. આદિશબ્દથી ઘડપણ અને મૃત્યુ લેવા. (જેમ સાગરમાં પાણીનું પ્રમાણ વધારે હોય તેમ) સંસારમાં આ જન્મ વિગેરે અતિઘણા પ્રમાણમાં હોવાથી એને પાણીની ઉપમા આપી છે. તેથી આ જન્મ વિગેરે પાણી છે જેમાં એવો તે સંસારસાગર, તેને (વિચારે.)

पूर्वोक्तास्त एवागाधभवजननसाम्येन पातालमिव पातालं यस्मिन् स तथाविधस्तं, तथा 'व्यसनशतश्वापदवन्तं' व्यसनानि–दुःखानि द्यूतादीनि वा तच्छतान्येव पीडाहेतुत्वात् श्वापदानि तान्यस्य विद्यन्त इति तद्वन्तं 'मणं'ति देशीशब्दो मत्वर्थीयः, उक्तं च–"*मतुयत्थंमि मुणिज्जह आलं इल्लं मणं च मणुयं चे*"ति, तथा 'मोहावर्तं' मोहः–मोहनीयं कर्म तदेव तत्र विशिष्टभ्रमिजनकत्वादावर्तो यस्मिन् स तथाविधस्तं, तथा 'महाभीमम्' अतिभयानकमिति गाथार्थः ॥५६॥ किं च–

**अण्णाणमारुएरियसंजोगविजोगवीइसंताणं ।**
**संसारसागरमणोरपारमसुहं विचिंतेज्जा ॥५७॥**

**व्याख्या–'अज्ञानं' ज्ञानावरणकर्मोदयजनित आत्मपरिणामः स एव तत्प्रेरकत्वान्मारुतः–वायुस्तेनेरितः–प्रेरितः, कः ?–संयोगवियोगवीचिसन्तानो यस्मिन् स तथाविधस्तं, तत्र**

તથા 'કષાયપાતાલ' ક્રોધાદિકષાયો કે જે પૂર્વે કહ્યા છે તે જ અગાધ સંસારને ઉત્પન્ન કરવારૂપ સમાનતાને લઈને પાતાલ જેવા પાતાલ છે જેમાં એવો તે સંસારસાગર, તેને (અર્થાત્ સમુદ્રના પાતાલમાંથી જે અગાધ પાણી આવ્યા જ કરે, ક્યારેય પાણી ખૂટે જ નહીં એમ સંસારમાં કષાયરૂપ પાતાલ એવા છે કે જેમાંથી અગાધ જન્મ, મરણાદિ સંસાર આવ્યા જ કરે છે, ક્યારેય અટકતા નથી. તેથી કષાયોરૂપ પાતાલ છે જેમાં એવા સંસારરૂપી સાગરને વિચારે.)

તથા 'દુઃખરૂપ સેંકડો જળચરજીવોવાળા' – વ્યસન એટલે દુઃખો અથવા જુગાર વિગેરે કુટેવો. સેંકડો એવા તે વ્યસનો પીડાનું કારણ હોવાથી જળચર જીવો જેવા છે. આવા વ્યસનોરૂપ જળચરજીવો છે જેમાં એવા તે સંસારસાગરને વિચારે. મૂળમાં સાવયમણં શબ્દમાં 'मणं' શબ્દ દેશીશબ્દ છે જે વાળા-અર્થમાં છે. કહ્યું છે 'વાળા' અર્થમાં आलं, इल्लं, मणं અને मणुयं પ્રત્યયો જાણવા.

તથા 'मोहावर्त' મોહ એટલે મોહનીયકર્મ. આ કર્મ જ સંસારમાં વિશિષ્ટ ભ્રમણને ઉત્પન્ન કરનાર હોવાથી આવર્ત (=પાણીમાં થતાં ગોળ-ગોળ વમળ) રૂપ છે. (અર્થાત્ જેમ સમુદ્રમાં ગોળ-ગોળ પાણીનાં વમળ થાય છે, તેમ સંસારમાં મોહનીયકર્મ જીવને ભમાડતું હોવાથી પાણીના ચક્રો જેવું કહેવાય છે.) તેથી આ મોહરૂપ આવર્તો છે જેમાં તે મોહાવર્ત, એવા તે સંસારસાગરને વિચારે. તથા અતિભયાનક એવા સંસારસાગરને વિચારે. ॥ધ્યા.–૫૬॥ વળી ⇨

**ગાથાર્થ :- અજ્ઞાનરૂપ પવનથી પ્રેરાયેલ સંયોગ-વિયોગરૂપ તરંગોની પરંપરાવાળા, આદિ-અંત વિનાના, અશુભ એવા આ સંસારસાગરને વિચારે.**

ટીકાર્થ : અજ્ઞાન એટલે જ્ઞાનાવરણકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ આત્મપરિણામ. આ અજ્ઞાન જ સંસારમાં સંયોગ-વિયોગરૂપ તરંગોને પ્રેરતો હોવાથી વાયુ છે. (અર્થાત્ જેમ સમુદ્રમાં વાયુથી ઉત્પન્ન થતાં તરંગોની હારમાલા ચાલે. તેમ સંસારમાં અજ્ઞાનના કારણે સંયોગ-વિયોગની હારમાલા ચાલે. તેથી અજ્ઞાન એ વાયુ જેવો છે.) આ અજ્ઞાનરૂપ વાયુથી પ્રેરાયેલ એવું કોણ

संयोगः–केनचित् सह सम्बन्धः वियोगः-तेनैव विप्रयोगः एतावेव सन्ततप्रवृत्तत्वात् वीचयः-ऊर्मयस्तत्प्रवाहः–सन्तान इति भावना, संसरणं संसारः (स) सागर इव संसारसागरस्तं, किम्भूतम् ? 'अनोरपारम्' अनाद्यपर्यवसितम् 'अशुभम्' अशोभनं विचिन्तयेत्, तस्य गुण-रहितस्य जीवस्येति गाथार्थः ॥५७॥

तस्स य संतरणसहं सम्मद्दंसणसुबंधणमणग्घं ।
णाणमयकण्णधारं चारित्तमयं महापोयं ॥५८॥

व्याख्या–'तस्य च' संसारसागरस्य 'संतरणसहं' सन्तरणसमर्थं, पोतमिति वक्ष्यति, किंविशिष्टं ?–सम्यग्दर्शनमेव शोभनं बन्धनं यस्य स तथाविधस्तम्, 'अनघम्' अपापं, ज्ञानं–प्रतीतं तन्मयः–तदात्मकः कर्णधारः–निर्यामकविशेषो यस्य यस्मिन् वा स तथाविधस्तं, चारित्रं–प्रतीतं तदात्मकं 'महापोतम्' इति महाबोहित्थं, क्रिया पूर्ववदिति गाथार्थः ॥५८॥

संवरकयनिच्छिद्दं तवपवणाइद्धजइणतरवेगं ।
वेरग्गमग्गपडियं विसोत्तियावीइनिक्खोभं ॥५९॥

व्याख्या–इहाऽऽश्रवनिरोधः संवरस्तेन कृतं निश्छिद्रं-स्थगितरन्ध्रमित्यर्थः, अनशनादिलक्षणं

---

છે ? – સંયોગ-વિયોગરૂપ તરંગો અજ્ઞાનરૂપ વાયુથી પ્રેરાયેલ છે. આ તરંગોની હારમાલા જેમાં છે તે સંયોગ-વિયોગવિચિસંતાન. એવા તે સંસારસાગરને વિચારે. અહીં સંયોગ એટલે કોઈક સાથેનો સંબંધ, વિયોગ એટલે તેનાથી જુદા થવું. આ સંયોગ-વિયોગ જ સતત થતાં હોવાથી તરંગરૂપ કહેવાય છે. તેની પ્રવાહ=હારમાલા. આ પ્રમાણે શબ્દાર્થ જાણવો.

એક ભવમાંથી બીજા ભવમાં સંસરવું=ભમવું તે સંસાર. અને તે સંસાર પોતે જ સાગર તે સંસારસાગર. તે કેવા પ્રકારનો છે ? – આદિ-અંત વિનાના, અશુભ એવા આ સંસારસાગરને વિચારે. આવો સંસાર ગુણરહિત એવા જીવને સંભવે છે. ॥ધ્યા.–૫૭॥ (વળી ⇨)

**ગાથાર્થ :-** **તે સંસારસાગરને તરી જવા માટે સમર્થ, સમ્યગ્દર્શનરૂપી સારા બંધનવાળું, પાપવિનાનું, જ્ઞાનરૂપ સુકાનીવાળું એવું ચારિત્રરૂપી મહાજહાજ (છે એમ વિચારે.)**

ટીકાર્થ :- તે સંસારસાગરને તરવામાં સમર્થ એવું મહાજહાજ એ પ્રમાણે વિશેષ્ય આગળ કહેશે. તે મહાજહાજ કેવું છે ? સમ્યગ્દર્શનરૂપ સારું બંધન છે જેને તેવું, પાપ વિનાનું, જ્ઞાનરૂપ સુકાની છે જેને અથવા જેમાં તેવાં ચારિત્રાત્મક મહાજહાજને 'વિચારે' એ પ્રમાણે ક્રિયાપદ પૂર્વની જેમ. ॥ધ્યા.–૫૮॥ (તથા ⇨)

**ગાથાર્થ :-** **સંવરવડે ઢાંકેલા છે છિદ્રો જેના તેવા, તપરૂપ પવનથી પ્રેરાયેલા અને માટે જ શીઘ્રતર વેગવાળા, વૈરાગ્યરૂપ માર્ગમાં ગયેલા, દુઃર્ધ્યાનરૂપ તરંગોથી અક્ષોભ્ય (એવા મહાજહાજને વિચારે.)**

ટીકાર્થ : અહીં સંવર એટલે પ્રાણાતિપાતાદિ આશ્રવોનો નિરોધ. તેનાવડે પૂરેલા છે છિદ્રો

तपः तदेवेष्टपुरं प्रति प्रेरकत्वात् पवन इव तपःपवनस्तेनाऽऽविद्धस्य–प्रेरितस्य जवनतरः– शीघ्रतरो वेगः–रयो यस्य स तथाविधस्तं, तथा विरागस्य भावो वैराग्यं, तदेवेष्टपुरप्रापकत्वान्मार्ग इव वैराग्यमार्गस्तस्मिन् पतितः-गतस्तं, तथा विस्रोतसिका–अपध्यानानि एता एवेष्टपुरप्राप्तिविघ्न-हेतुत्वाद्वीचय इव विस्रोतसिकावीचयः ताभिर्निक्षोभ्यः–निष्प्रकम्पस्तमिति गाथार्थः ॥५९॥

एवम्भूतं पोतं किं ?–

आरोढुं मुणिवणिया महग्घसीलंगरयणपडिपुन्नं ।
जह तं निव्वाणपुरं सिग्घमविग्घेण पावंति ॥६०॥

व्याख्या–'आरोढुं' इत्यारुह्य, के ?–'मुनिवणिजः' मन्यन्ते जगतस्त्रिकालावस्थामिति मुनयः त एवातिनिपुणमायव्ययपूर्वकं प्रवृत्तेर्वणिज इव मुनिवणिजः, पोत एव विशेष्यते– महार्घाणि शीलाङ्गानि–पृथिवीकायसंरम्भपरित्यागादीनि वक्ष्यमाणलक्षणानि तान्येवैकान्तिका-त्यन्तिकसुखहेतुत्वाद्रत्नानि २ तैः परिपूर्णः–भृतस्तं, 'यथा' येन प्रकारेण 'तत्' प्रक्रान्तं 'निर्वाणपुरं' सिद्धिपत्तनं परिनिर्वाणपुरं वेति पाठान्तरं 'शीघ्रम्' आशु स्वल्पेन कालेनेत्यर्थः,

---

જેના તેવા, અનશનાદિરૂપ તપ જ ઇષ્ટ એવા નગર તરફ લઈ જવામાં પ્રેરક હોવાથી પવનરૂપ છે. આવા તપરૂપ પવનથી આ મહાજહાજ પ્રેરાયેલ છે અને માટે જ શીઘ્રતર વેગવાળા, તથા વિરાગનો જે ભાવ તે વૈરાગ્ય. અને તે જ ઇચ્છિત નગર સુધી લઈ જનાર હોવાથી માર્ગરૂપ છે. આવા વૈરાગ્યરૂપ માર્ગમાં ચાલી રહેલ એવા, તથા વિસ્રોતસિકા એટલે દુઃર્ધ્યાનો. આવા દુઃર્ધ્યાનો જ ઇચ્છિત નગર સુધી પહોંચવામાં વિઘ્નરૂપ હોવાથી તરંગરૂપ છે. (અર્થાત્ જેમ સમુદ્રમાં ઉછળતા તરંગો જહાજને આગળ વધવામાં વિઘ્નરૂપ થાય છે, તેમ જીવના આ દુઃર્ધ્યાનો મોક્ષ પ્રાપ્તિ પ્રત્યે વિઘ્નરૂપ હોવાથી તરંગો જેવા છે.) આવા દુઃર્ધ્યાનરૂપ તરંગોવડે નિષ્પ્રકંપ એવા (મહાજહાજને વિચારે.) ॥ધ્યા.–૫૯॥

અવતરણિકા : આવા પ્રકારના મહાજહાજથી શું પ્રયોજન છે ? તે કહે છે ⇨

ગાથાર્થ :- આવા અતિકીમતી શીલાંગરૂપ રત્નોથી ભરેલાં મહાજહાજ ઉપર ચઢીને મુનિઓરૂપ વેપારીઓ જે રીતે તે નિર્વાણનગરને વિઘ્ન વિના શીઘ્ર પામે છે. (તે રીતે વિચારે.)

ટીકાર્થ : (આવા મહાજહાજ ઉપર) ચઢીને, કોણ ચઢીને ? – મુનિઓરૂપી વેપારીઓ, તેમાં જે જગતની ત્રિકાલ અવસ્થાને જાણે છે તે મુનિઓ. આવા મુનિઓ જ લાભ-નુકસાનના વિચારપૂર્વક પ્રવૃત્તિ કરતા હોવાથી વેપારીરૂપ છે. (આવા મુનિઓરૂપી વેપારીઓ મહાજહાજ ઉપર ચઢીને,) આ મહાજહાજ જ કેવા પ્રકારનું છે ? તે કહે છે – પૃથ્વીકાયહિંસાનો ત્યાગ વિગેરે આગળ કહેવાશે એવા અતિકીમતી શીલાંગો. આ શીલાંગો જ એકાન્તિક અને આત્યન્તિક એવા સુખનું (એકાન્તિક એટલે સુખ જ સુખ, દુઃખનો લેશ નહીં. આત્યન્તિક એટલે અન્તને ઉલ્લંઘી ગયેલું અર્થાત્ શાશ્વત એવા સુખનું) કારણ હોવાથી રત્નો સમાન છે. આવા શીલાંગોરૂપ રત્નોથી ભરેલાં એવા મહાજહાજ ઉપર ચઢીને મુનિઓરૂપી વેપારીઓ જે રીતે પ્રસ્તુત એવા સિદ્ધિરૂપ નગરને અથવા અહીં 'परिनिर्वाणपुरं' એ પ્રમાણે પાઠાન્તર જણાવો. અર્થ એ જ પ્રમાણે

'अविघ्नेन' अन्तरायमन्तरेण 'प्राप्नुवन्ति' आसादयन्ति, तथा विचिन्तयेदिति वर्तत इत्ययं गाथार्थः ॥६०॥

तत्थ य तिरयणविणिओगमइयमेगंतियं निराबाहं ।
साभावियं निरुवमं जह सोक्खं अक्खयमुवेंति ॥६१॥

व्याख्या—'तत्र च' परिनिर्वाणपुरे 'त्रिरत्नविनियोगात्मक'मिति त्रीणि रत्नानि—ज्ञानादीनि विनियोगश्चैषां क्रियाकरणं, ततः प्रसूतेस्तदात्मकमुच्यते, तथा 'एकान्तिकम्' इत्येकान्तभावि 'निराबाधम्' इत्याबाधारहितं, 'स्वाभाविकं' न कृत्रिमं 'निरुपमम्' उपमातीतमिति, उक्तं च—'[६२]*नवि अत्थि माणुसाणं तं सोक्ख*'मित्यादि 'यथा' येन प्रकारेण 'सौख्यं' प्रतीतम् 'अक्षयम्' अपर्यवसानम् 'उपयान्ति' सामीप्येन प्राप्नुवन्ति, क्रिया प्राग्वदिति गाथार्थः ॥६१॥

किं बहुणा ? सव्वं चिय जीवाइपयत्थवित्थरोवेयं ।
सव्वनयसमूहमयं झाएज्जा समयसब्भावं ॥६२॥

व्याख्या—किं बहुना भाषितेन ?, 'सर्वमेव' निरवशेषमेव 'जीवादिपदार्थविस्तरोपेतं' जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरामोक्षाख्यपदार्थप्रपञ्चसमन्वितं समयसद्भावमिति योगः, किं-विशिष्टं ?—'सर्वनयसमूहात्मकं' द्रव्यास्तिकादिनयसङ्घातमयमित्यर्थः, 'ध्यायेत्' विचिन्तयेदिति

---

કે જે રીતે આવા સિદ્ધરૂપ નગરને સ્વલ્પ કાળમાં અંતરાય વિના પામે છે 'તે રીતે વિચારે' એ પ્રમાણે વાક્યશેષ જાણી લેવું. ॥ધ્યા.–૬૦॥

ગાથાર્થ :- અને તે નિર્વાણનગરમાં ત્રણ રત્નોના વિનિયોગમય, એકાન્તિક, નિરાબાધ, સ્વાભાવિક અને નિરુપમ એવા અક્ષય સુખને જે રીતે પામે (તે રીતે વિચારે.)

ટીકાર્થ : તે નિર્વાણનગરમાં, 'ત્રિરત્નવિનિયોગાત્મક' અહીં ત્રણ રત્નો એટલે જ્ઞાન, દર્શન, ચરિત્ર. તેઓનો વિનિયોગ એટલે ક્રિયાનું કરવું અર્થાત્ જ્ઞાનાદિ આચારોનું પાલન. આ આચારપાલનરૂપ વિનિયોગથી મોક્ષસુખ ઉત્પન્ન થતું હોવાથી તે મોક્ષસુખ ત્રિરત્નના વિનિયોગરૂપ કહેવાય છે તથા તે મોક્ષમાં એકાન્તે સુખની (=દુઃખરહિત એવા સુખની) પ્રાપ્તિ થનારી હોવાથી તે સુખ એકાન્તિક છે. વળી, બાધા વિનાનું છે, સ્વાભાવિક=કૃત્રિમતા વિનાનું છે, નિરુપમ છે કારણ કે કહ્યું છે – "મનુષ્યોને તેવા પ્રકારનું સુખ નથી..." વિગેરે. આવા પ્રકારના અક્ષય=અંત વિનાના સુખને જે રીતે મુનિવણિજો પામે છે 'તે રીતે વિચારે' વાક્યશેષ પૂર્વની જેમ. ॥ધ્યા.–૬૧॥

ગાથાર્થ :- વધારે શું કહેવું ? જીવાદિ પદાર્થોના વિસ્તારથી યુક્ત, સર્વનયોના સમૂહમય એવા સર્વ આગમાર્થોને વિચારે.

ટીકાર્થ :- વધારે કહેવાથી શું ? (અર્થાત્ વધારે કેટલું કહીએ ?) જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ આ બધા જ પદાર્થોના વિસ્તારથી યુક્ત એવા સિદ્ધાન્તોના અર્થને વિચારે એ પ્રમાણે અન્વય કરવો. સિદ્ધાન્તના અર્થો કેવા પ્રકારના છે ? – દ્રવ્યાસ્તિક વિગેરે

---

६२. नैवास्ति मनुष्याणां तत्सौख्यं ।

भावना, 'समयसद्भावं' सिद्धान्तार्थमिति हृदयम्, अयं गाथार्थः ॥६२॥

गतं ध्यातव्यद्वारं, साम्प्रतं येऽस्य ध्यातारस्तान् प्रतिपादयन्नाह–

सव्वप्पमायरहिया मुणओ खीणोवसंतमोहा य ।
झायारो नाणधणा धम्मज्झाणस्स निद्दिट्ठा ॥६३॥

व्याख्या–प्रमादा–मद्यादयः, यथोक्तम्–'[63]*मज्जं विसयकसाया निद्दा विकहा य पंचमी भणिया*' सर्वप्रमादै रहिताः सर्वप्रमादरहिताः, अप्रमादवन्त इत्यर्थः, 'मुनयः' साधवः 'क्षीणोपशान्तमोहाश्च' इति क्षीणमोहाः-क्षपकनिर्ग्रन्थाः उपशान्तमोहाः–उपशामकनिर्ग्रन्थाः, चशब्दादन्ये वाऽप्रमादिनः, 'ध्यातारः' चिन्तकाः, धर्मध्यानस्येति सम्बन्धः, ध्यातार एव विशेष्यन्ते–'ज्ञानधनाः' ज्ञानवित्ताः, विपश्चित इत्यर्थः, 'निर्दिष्टाः' प्रतिपादितास्तीर्थकरगणधरैरिति गाथार्थः ॥६३॥

उक्ता धर्मध्यानस्य ध्यातारः, साम्प्रतं शुक्लध्यानस्याप्याद्यभेदद्वयस्याविशेषेण एत एव यतो ध्यातार इत्यतो मा भूत्पुनरभिधेया भविष्यन्तीति लाघवार्थं चरमभेदद्वयस्य प्रसङ्गत एतानेवाभिधित्सुराह–

---

નયોના સમૂહમય એવા સિદ્ધાન્તાર્થોને વિચારે એ પ્રમાણે ભાવાર્થ જાણવો. ॥ધ્યા.–૬૨॥

અવતરણિકા : ધ્યાતવ્યદ્વાર પૂર્ણ થયું. હવે આનું ધ્યાન કરનારા જે છે, તેઓનું પ્રતિપાદન કરતા કહે છે ⇨

ગાથાર્થ :- સર્વ પ્રમાદોથી રહિત મુનિઓ અને ક્ષીણ-ઉપશાંતમોહવાળા એવા જ્ઞાનરૂપ-ધનવાળા મુનિઓ ધર્મધ્યાનનું ધ્યાન ધરનારા તરીકે કહ્યા છે.

ટીકાર્થ : દારૂ વિગેરે પ્રમાદ તરીકે જાણવા. કહ્યું છે – "દારૂ, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા આ પાંચ પ્રમાદો કહેલા છે." આ સર્વ પ્રમાદોથી રહિત, એટલે કે અપ્રમાદવાળા સાધુઓ, તથા ક્ષીણમોહવાળા અને ઉપશાંતમોહવાળા (અર્થાત્ ક્ષપકશ્રેણિ અને ઉપશમશ્રેણિ માંડી ચૂકેલા), 'च' શબ્દથી આવા બીજા પણ જે અપ્રમત્ત છે તેવા સાધુઓ ધર્મધ્યાનનું ચિંતન કરનારા છે. આ મુનિઓ કેવા છે ? – જ્ઞાનરૂપી ધનવાળા=વિદ્વાન એવા સાધુઓ ધર્મધ્યાનના ધ્યાતાર તરીકે તીર્થંકરો-ગણધરોવડે કહેવાયેલા છે. (ટૂંકમાં, અપ્રમત્તમુનિઓ, ક્ષપકશ્રેણિ પામેલા મુનિઓ અને ઉપશમશ્રેણિ પામેલા મુનિઓ ધર્મધ્યાનના ધ્યાતાર છે.) ॥ધ્યા.–૬૩॥

અવતરણિકા : ધર્મધ્યાનના ધ્યાતારો કહ્યા. હવે શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોનું ધ્યાન કરનારા પણ સામાન્યથી આ લોકો જ છે. તેથી તેઓનું કથન ભવિષ્યમાં ફરીથી કરવું ન પડે તે માટે લાઘવ કરવા તેઓને જ (અને સાથે) પ્રસંગથી છેલ્લાં બે ભેદના ધ્યાતારોને પણ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

---

६३. मद्यं विषयाः कषाया निद्रा विकथा च पञ्चमी भणिता ।

एएच्चिय पुव्वाणं पुव्वधरा सुप्पसत्थसंघयणा ।
दोण्ह सजोगाजोगा सुक्काण पराण केवलिणो ॥६४॥

व्याख्या–'एत एव' येऽनन्तरमेव धर्मध्यानध्यातार उक्ताः 'पूर्वयोः' इत्याद्ययोर्द्वयोः शुक्लध्यानभेदयोः पृथक्त्ववितर्कसविचारमेकत्ववितर्कमविचारमित्यनयोः ध्यातार इति गम्यते, अयं पुनर्विशेषः–'पूर्वधराः' चतुर्दशपूर्वविदस्तदुपयुक्ताः, इदं च पूर्वधरविशेषणमप्रमादवतामेव वेदितव्यं, न निर्ग्रन्थानां, माषतुषमरुदेव्यादीनामपूर्वधराणामपि तदुपपत्तेः, 'सुप्रशस्तसंहनना'

ગાથાર્થ :- આ જ અપ્રમત્ત વિગેરે મુનિઓમાં જેઓ પૂર્વધર અને પ્રથમ સંઘયણવાળા છે તેઓ શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોના ધ્યાતારો છે. છેલ્લાં બે શુક્લધ્યાનના ભેદોના ધ્યાતારો સયોગી-અયોગી કેવલિઓ છે.

ટીકાર્થ : આ લોકો જ એટલે કે જે હમણાં પૂર્વે જ ધર્મધ્યાનના ધ્યાતારો કહ્યા. તેઓ જ પ્રથમ બે શુક્લધ્યાનના ભેદોના એટલે કે પૃથક્ત્વવિતર્કસવિચાર અને એકત્વવિતર્કઅવિચાર નામના બે ભેદોના ધ્યાતારો જાણવા. માત્ર ફરક એટલો જ કે આ ધ્યાતારોમાં જેઓ ચૌદપૂર્વને જાણનારા અને તેના જ્ઞાનમાં ઉપયુક્ત છે. તેઓ શુક્લધ્યાનના ધ્યાતારો જાણવા. આ પૂર્વધરવિશેષણ અપ્રમાદવાળા સાધુઓનું જ જાણવું, પરંતુ ક્ષપક કે ઉપશામક નિર્ગ્રન્થોનું નહીં, કારણ કે માષતુષ, મરુદેવી વિગેરે પૂર્વધર ન હોવા છતાં શુક્લધ્યાનની તેમને પ્રાપ્તિ થઈ છે.

(અહીં આશય એ છે કે – ધર્મધ્યાનના ત્રણ ધ્યાતારો કહ્યા, (૧) અપ્રમત્ત મુનિ, (૨) ક્ષપકનિર્ગ્રન્થ, (૩) ઉપશામકનિર્ગ્રન્થ. આ જ ધ્યાતારો શુક્લધ્યાનના પ્રથમ બે ભેદના પણ કહ્યા. માત્ર એટલો ફરક કે તેઓ પૂર્વધર હોવા જોઈએ. એમ આ ગાથામાં કહ્યું. જો આ પૂર્વધરવિશેષણ ત્રણે સાથે જોડવામાં આવે તો માષતુષમુનિ, મરૂદેવીમાતા વિગેરે કે જેઓ ક્ષપકનિર્ગ્રન્થ બનીને શુક્લધ્યાનના ભેદોને પામ્યા છે, તેઓ ચૌદપૂર્વધર નહોતા. તેથી આપત્તિ આવે. તે ન આવે માટે ટીકાકારે ખુલાસો કર્યો છે કે આ વિશેષણ અપ્રમત્તમુનિઓનું જાણવું પણ નિર્ગ્રન્થોનું નહીં, અર્થાત્ અપ્રમત્ત એવા પૂર્વધરોને શુક્લધ્યાનના પ્રથમ બે પ્રકાર હોય છે. એટલે કે અપ્રમાદી હોવા છતાં 'પૂર્વ' શાસ્ત્ર ન ભણેલા હોય તેવા મુનિઓ માત્ર ધર્મધ્યાન કરી શકે, શુક્લધ્યાન નહીં. આ શરત ક્ષપક-ઉપશામકનિર્ગ્રન્થને લાગુ પડતી નથી. તેઓ 'પૂર્વ'શાસ્ત્ર ન પણ ભણ્યા હોય છતાં ક્ષપક-ઉપશામક અવસ્થામાં કષાયની મંદતા અને સામર્થ્યયોગના પ્રભાવે તથાવિધ જ્ઞાનાવરણકર્મનો ક્ષય થવાથી પૂર્વશાસ્ત્રમાં કહેલ સૂક્ષ્મપદાર્થનું જ્ઞાન તેઓને સૂત્રથી નહીં પણ અર્થથી પ્રગટ થઈ જાય છે. આ રીતે હોવા છતાં પણ તેઓ પૂર્વધર કહેવાતા નથી. તેથી અપૂર્વધર એવા પણ તેઓને ક્ષપક-ઉપશામક અવસ્થામાં શુક્લધ્યાનના પહેલા બે પ્રકાર હોય છે. માષતુષ મુનિ જેવાને આ રીતે ક્ષપકનિર્ગ્રન્થ બનતાં શુક્લધ્યાન આવી જાય છે. ટૂંકમાં સાર એટલો કે સાતમા ગુણસ્થાનકે રહેલા અપ્રમત્તમુનિઓમાં જે પૂર્વધર હોય તેવા જ અપ્રમત્તમુનિઓ શુક્લધ્યાનના બે પ્રકારોને પામે છે. તે સિવાયના અપ્રમત્તમુનિઓ ધર્મધ્યાન

इत्याद्यसंहननयुक्ताः, इदं पुनरोघत एव विशेषणमिति, तथा 'द्वयोः' शुक्लयोः परयोः– उत्तरकालभाविनोः प्रधानयोर्वा सूक्ष्मक्रियानिवृत्तिव्युपरतक्रियाऽप्रतिपातिलक्षणयोर्यथासङ्ख्यं सयोगायोगकेवलिनो ध्यातार इति योगः, '*एवं च गम्मए–सुक्कज्झाणाइदुगं वोलीणस्स ततियमप्पत्तस्स एयाए झाणंतरियाए वट्टमाणस्स केवलणाणमुप्पज्जइ, केवली य सुक्कलेसोऽज्झाणी य जाव सुहुमकिरियमनियट्टि*'त्ति गाथार्थः ॥६४॥

उक्तमानुषङ्गिकम्, इदानीमवसरप्राप्तमनुप्रेक्षाद्वारं व्याचिख्यासुरिदमाह–

झाणोवरमेऽवि मुणी णिच्चमणिच्चाइभावणापरमो ।
होइ सुभावियचित्तो धम्मज्झाणेण जो पुव्विं ॥६५॥

व्याख्या–इह ध्यानं धर्मध्यानमभिगृह्यते, तदुपरमेऽपि–तद्विगमेऽपि 'मुनिः' साधुः 'नित्यं' सर्वकालमनित्यादिचिन्तनापरमो भवति, आदिशब्दादशरणैकत्वसंसार[रादि]परिग्रहः, एताश्च

કરી શકે, શુક્લધ્યાન નહીં. તે પછીના ગુણસ્થાનકમાં આવો નિયમ નહીં કે તેઓ પૂર્વધર જ હોવા જોઈએ. એ સિવાયને પણ શુક્લધ્યાન હોઈ શકે (જો કે પૂર્વ કહ્યા પ્રમાણે સૂત્રથી નહીં પણ અર્થથી તેઓ પણ પૂર્વધર હોય છતાં કહેવાય નહીં.)

તથા આ શુક્લધ્યાનના ધ્યાતારો પ્રથમ સંઘયણવાળા હોય છે. આ વિશેષણ સામાન્યથી જ જાણવું. (અર્થાત્ પૂર્વધરવિશેષણની જેમ અહીં કોઈ વિશેષભેદ પાડવાની જરૂર નથી. શુક્લધ્યાનના જેટલા ધ્યાતા હોય તે બધા પ્રથમ સંઘયણવાળા હોય. તેનાથી નીચેના સંઘયણવાળાને શુક્લધ્યાન આવે નહીં.)

તથા પર એવા એટલે કે પ્રથમ બે ભેદ પછી થનારા અથવા પ્રધાન એવા છેલ્લા બે ભેદો એટલે કે સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ અને વ્યુપરતક્રિયા-અપ્રતિપાતીના ધ્યાતા ક્રમશઃ સયોગી કેવલી અને અયોગી કેવલી છે. "તે આ પ્રમાણે જણાય છે – શુક્લધ્યાનના પ્રથમ બે ભેદને ઓળંગી ગયેલા અને ત્રીજા ભેદને નહીં પ્રાપ્ત કરેલાને ધ્યાનાંતરિકા (=પહેલા બે ભેદ અને છેલ્લા બે ભેદ વચ્ચેનું અંતર) વર્તે છે. આ ધ્યાનાંતરિકામાં વર્તનારને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. આવા તે કેવલી શુક્લલેશ્યાવાળા જયાં સુધી સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિરૂપ ત્રીજા ભેદને પામે નહીં ત્યાં સુધી ધ્યાન વિનાના હોય છે. ॥ધ્યા.–૬૪॥

અવતરણિકા : પ્રાસંગિક વાત કરી. હવે અવસરપ્રાપ્ત એવા અનુપ્રેક્ષાદ્વારને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી આ કહે છે ⇨

ગાથાર્થ :- જે પૂર્વે ધર્મધ્યાનવડે સુભાવિતચિત્તવાળો છે તે મુનિ ધ્યાન ગયા પછી પણ હંમેશા અનિત્ય વિગેરે ભાવનાઓમાં તત્પર બને.

ટીકાર્થ : અહીં ધ્યાનશબ્દથી ધર્મધ્યાન ગ્રહણ કરવું. ધર્મધ્યાન ચાલ્યા ગયા પછી પણ સાધુ સર્વકાળ અનિત્ય વિગેરેના ચિંતનમાં તત્પર થાય છે. આદિશબ્દથી અશરણ, એકત્વ, સંસાર

૬૪. एवं च गम्यते-शुक्लध्यानादिद्वयं व्यतिक्रान्तस्य तृतीयमप्राप्तस्य एतस्यां ध्यानान्तरिकायां वर्तमानस्य केवलज्ञानमुत्पद्यते, केवली च शुक्ललेश्योऽध्यानी च यावत् सूक्ष्मक्रियमनिवृत्तीति ।

द्वादशानुप्रेक्षा भावयितव्याः, "*इष्टजनसम्प्रयोगर्द्धिविषयसुखसम्पदः*" (प्रशमरतौ १५१-१६३) इत्यादिना ग्रन्थेन, फलं चासां सचित्तादिष्वनभिष्वङ्गभवनिर्वेदाविति भावनीयम्, अथ किंविशिष्टोऽनित्यादिचिन्तनापरमो भवतीत्यत आह–'सुभावितचित्तः' सुभावितान्तःकरणः, केन ?– 'धर्मध्यानेन' प्राग्निरूपितशब्दार्थेन 'यः' कश्चित् 'पूर्वम्' आदाविति गाथार्थः ॥६५॥

गतमनुप्रेक्षाद्वारम्, अधुना लेश्याद्वारप्रतिपादनायाह–

**होंति कमविसुद्धाओ लेसाओ पीयपम्हसुक्काओ ।**
**धम्मज्झाणोवगयस्स तिव्वमंदाइभेयाओ ॥६६॥**

व्याख्या–इह 'भवन्ति' संजायन्ते 'क्रमविशुद्धाः' परिपाटिविशुद्धाः, काः ?–लेश्याः, ताश्च पीतपद्मशुक्लाः, एतदुक्तं भवति–पीतलेश्यायाः पद्मलेश्या विशुद्धा तस्या अपि शुक्ललेश्येति क्रमः, कस्यैता भवन्त्यत आह–'धर्मध्यानोपगतस्य' धर्मध्यानयुक्तस्येत्यर्थः, किंविशिष्टाश्चैता भवन्त्यत आह–'तीव्रमन्दादिभेदा' इति तत्र तीव्रभेदाः पीतादिस्वरूपेष्वन्त्याः, मन्दभेदास्त्वाद्याः, आदिशब्दान्मध्यमपक्षपरिग्रहः, अथवौघत एव परिणामविशेषा तीव्रमन्दभेदा

---

વિગેરે ભાવનાઓ ગ્રહણ કરવી. આ બાર પ્રકારની અનુપ્રેક્ષા (પ્રશમરતિનામના ગ્રંથમાં કહેલ અનુસારે) ભાવવા યોગ્ય છે. જેમ કે, અનિત્યભાવના, "ઇચ્છિત એવા લોકોનો સંયોગ, ઇચ્છિત એવી ઋદ્ધિ, મનોજ્ઞ એવા વિષયોના સુખ, ઇચ્છિત એવી સંપત્તિઓ વિગેરે બધું નાશવંત છે, એના પર રાગ-મમતા-આસક્તિ કરવા જેવી નથી... વિગેરે." આ બાર ભાવનાઓના ફલરૂપે સચિત્ત વિગેરે પદાર્થો પ્રત્યે રાગાદિનો અભાવ અને ભવનો નિર્વેદ=સંસાર પ્રત્યેનો કંટાળો પ્રાપ્ત થાય છે. તે જાણવું.

શંકા : કેવા પ્રકારનો જીવ અનિત્યત્વ વિગેરેના ચિંતનમાં તત્પર થાય છે ?

સમાધાન : પૂર્વે જણાવેલ છે શબ્દાર્થ જેનો એવા ધર્મધ્યાનવડે પૂર્વે જે કોઈએ પોતાનું અંતઃકરણ સુભાવિત કરેલું છે તે જીવ ધ્યાનની ધારા તૂટતા તરત જ અનિત્યત્વ વિગેરેના ચિંતનમાં તત્પર થઈ શકે છે. ॥ધ્યા.-૬૫॥

અવતરણિકા : અનુપ્રેક્ષાદ્વાર પૂર્ણ થયું. હવે લેશ્યાદ્વાર પ્રતિપાદન કરવા માટે કહે છે ⇨

**ગાથાર્થ :- ધર્મધ્યાન પામેલ જીવને તીવ્ર, મંદ વિગેરે ભેદોવાળી, ક્રમશઃ વિશુદ્ધ એવી પીત-પદ્મ અને શુક્લલેશ્યા હોય છે.**

ટીકાર્થ : ક્રમથી વિશુદ્ધ થાય છે. કોણ ? – લેશ્યા. (કઈ લેશ્યા ?) પીત-પદ્મ અને શુક્લ. ભાવાર્થ એ છે કે પીતલેશ્યા કરતાં પદ્મલેશ્યા વિશુદ્ધ, પદ્મલેશ્યા કરતાં શુક્લલેશ્યા વિશુદ્ધ. આ પ્રમાણેનો ક્રમ જાણવો. કોને આ લેશ્યાઓ હોય છે ? તે કહે છે – ધર્મધ્યાનથી યુક્ત જીવને આ લેશ્યાઓ હોય છે. કેવા પ્રકારની આ લેશ્યાઓ છે ? તે કહે છે – 'તીવ્ર-મંદાદિભેદવાળી.' તે પીતાદિરૂપ ત્રણ લેશ્યાઓમાં છેલ્લી લેશ્યા તીવ્રભેદવાળી, પ્રથમ લેશ્યા મંદ અને આદિશબ્દથી વચલી લેશ્યા મધ્યમ જાણવી. અથવા સામાન્યથી તીવ્ર-મંદ વિગેરે પરિણામ

इति गाथार्थः ॥६६॥

उक्तं लेश्याद्वारम्, इदानीं लिङ्गद्वारं विवृण्वन्नाह–

आगमउवएसाणाणिसग्गओ जं जिणप्पणीयाणं ।
भावाणं सद्दहणं धम्मज्झाणस्स तं लिंगं ॥६७॥

व्याख्या–इहागमोपदेशाज्ञानिसर्गतो यद् 'जिनप्रणीतानां' तीर्थकरप्ररूपितानां द्रव्यादिपदार्थानां 'श्रद्धानम्' अवितथा एत इत्यादिलक्षणं धर्मध्यानस्य तल्लिङ्गं, तत्त्वश्रद्धानेन लिङ्ग्यते धर्मध्यायीति, इह चागमः–सूत्रमेव तदनुसारेण कथनम्–उपदेशः, आज्ञा त्वर्थः, निसर्गः–स्वभाव इति गाथार्थः ॥६७॥ किं च–

जिणसाहूगुणकित्तणसंसणाविणयदाणसंपण्णो ।
सुअसीलसंजमरओ धम्मज्झाणी मुणेयव्वो ॥६८॥

व्याख्या–'जिनसाधुगुणोत्कीर्तनप्रशंसाविनयदानसम्पन्नः' इह जिनसाधवः–प्रतीताः, तद्गुणाश्च निरतिचारसम्यग्दर्शनादयस्तेषामुत्कीर्तनं–सामान्येन संशब्दनमुच्यते, प्रशंसा त्वहोश्लाघ्यतया

---

વિશેષો જાણવા. (અર્થાત્ દરેક લેશ્યામાં તીવ્રાદિ પરિણામો હોય.) ॥ ધ્યા.–૬૬॥

અવતરણિકા : લેશ્યાદ્વાર પૂર્ણ થયું. હવે લિંગદ્વારનું વિવરણ કરતા કહે છે ⇨

ગાથાર્થ :- આગમથી, ઉપદેશથી, આજ્ઞાથી અને સ્વભાવથી જિનપ્રણીત એવા ભાવો ઉપરની જે શ્રદ્ધા તે ધર્મધ્યાનનું ચિહ્ન છે.

ટીકાર્થ : અહીં તીર્થંકરવડે કહેવાયેલા દ્રવ્યાદિપદાર્થો ઉપર "તીર્થંકરે જે કહ્યું છે તે બરાબર જ છે" આવા પ્રકારની આગમથી, ઉપદેશથી, આજ્ઞાથી કે સ્વાભાવિક રીતે જે શ્રદ્ધા પ્રગટ થાય છે, તે ધર્મધ્યાનનું ચિહ્ન છે, અર્થાત્ તત્ત્વશ્રદ્ધાવડે સામેવાળો જીવ ધર્મધ્યાતા છે એવું જણાય છે. અહીં આગમ એટલે સૂત્ર જ, તેને અનુસારે જે કથન તે ઉપદેશ, આજ્ઞા એટલે પદાર્થ અને નિસર્ગ એટલે સ્વભાવ. (ભાવાર્થ : (૧) કોઈ જીવ સૂત્ર ભણે અને તેમાં કહેલ પદાર્થની શ્રદ્ધા થાય તે આગમથી શ્રદ્ધા. (૨) ઉપદેશથી=દેશના વિગેરેથી શ્રદ્ધા થાય. (૩) આજ્ઞાથી=आज्ञाप्यन्ते इति आज्ञा અર્થાત્ જિનાગમથી જે જણાવાય તે આજ્ઞા=જીવાદિપદાર્થો, એનાથી શ્રદ્ધા થાય એટલે કે તે પદાર્થોની સચોટ વ્યવસ્થા જાણીને શ્રદ્ધા થાય અથવા તીર્થંકરોની પ્રશંસા કરવા દ્વારા શ્રદ્ધા પ્રાપ્ત થાય इति दीपिकायां. (૪) નિસર્ગથી=એમનેમ સ્વભાવથી જ કોઈને જિનપ્રણીત ભાવોની રૂચિ ઊભી થાય.) ॥ધ્યા.–૬૭॥ વળી ⇨

ગાથાર્થ :- જિન અને સાધુઓના ગુણોનું કીર્તન, તેની પ્રશંસા, વિનય અને દાનથી સંપન્ન તથા શ્રુત-શીલ અને સંયમમાં જે રત છે તે ધર્મધ્યાની જાણવો.

ટીકાર્થ : જિન=તીર્થંકરો અને સાધુઓ બંને પ્રસિદ્ધ જ છે. નિરતિચાર સમ્યગ્દર્શન વિગેરે તેમના ગુણો છે. તેમના આ ગુણોનું ઉત્કીર્તન એટલે કે સામાન્યથી તે તે ગુણોનું કથન કરવું. અને પ્રશંસા એટલે આશ્ચર્ય સાથે વખાણવા લાયક તરીકે ભક્તિપૂર્વક સ્તુતિ કરવી. (જેમ કે,

भक्तिपूर्विका स्तुतिः, विनयः–अभ्युत्थानादि, दानम्–अशनादिप्रदानम्, एतत्सम्पन्नः–एतत्समन्वितः, तथा श्रुतशीलसंयमरतः, तत्र श्रुतं–सामायिकादिबिन्दुसारान्तं शीलं–व्रतादिसमाधानलक्षणं संयमस्तु प्राणातिपातादिनिवृत्तिलक्षणः, यथोक्तं–'*पञ्चाश्रवादि*'त्यादि, एतेषु भावतो रतः, किं ?–धर्मध्यानीति ज्ञातव्य इति गाथार्थः ॥६८॥

गतं लिङ्गद्वारम्, अधुना फलद्वारावसरः, तच्च लाघवार्थं शुक्लध्यानफलाधिकारे वक्ष्यतीत्युक्तं धर्मध्यानम्, इदानीं शुक्लध्यानावसर इत्यस्य चान्वर्थः प्राग्निरूपित एव, इहापि च भावनादीनि फलान्तानि तान्येव द्वादश द्वाराणि भवन्ति, तत्र भावनादेशकालासनविशेषेसु धर्मध्यानादस्याविशेष एवेत्यत एतान्यनादृत्याऽऽलम्बनान्यभिधित्सुराह–

**अह खंतिमद्दवज्जवमुत्तीओ जिणमयप्पहाणाओ ।**
**आलंबणाइँ जेहिं सुक्कज्झाणं समारुहइ ॥६९॥**

व्याख्या–'अथे'त्यासनविशेषानन्तर्ये, 'क्षान्तिमार्दवार्जवमुक्तयः' क्रोधमानमायालोभपरित्यागरूपाः, परित्यागश्च क्रोधनिवर्तनमुदयनिरोधः★ उदीर्णस्य वा विफलीकरणमिति, एवं

---

ભગવાનના ૩૪ અતિશયોના નામ બોલવા તે કીર્તન અને અહો ! પ્રભુનું કેવું નિરતિચાર સમ્યગ્દર્શન. અહો ! પ્રભુની કેવી અદ્ભુત કોટીની ક્ષમા, કરુણા વિગેરે બહુમાનપૂર્વક બોલવા તે પ્રશંસા.) તેમનો વિનય એટલે કે ઊભા થવું વિગેરે વિનય કરવો, તેમને અશન વિગેરેનું દાન કરવું. આ બધાથી જે સંપન્ન=યુક્ત છે તે તથા સામાયિકથી માંડીને બિંદુસાર (૧૪મું પૂર્વ) સુધીના શ્રુતમાં, વ્રત વિગેરે ચિત્તની સમાધિ માટેના સાધનરૂપ શીલમાં, અને પ્રાણાતિપાતાદિથી નિવૃત્તિરૂપ સંયમમાં, અહીં કહ્યું છે – "પાંચ આશ્રવોમાંથી... વિગેરે." આમ, આ શ્રુત-શીલ અને સંયમમાં જે ભાવથી રત છે તે ધર્મધ્યાની છે એમ જાણવું. ॥ધ્યા.–૬૮॥

અવતરણિકા : લિંગદ્વાર પૂર્ણ થયું. હવે ફલદ્વારનો અવસર છે અને તે લાઘવ માટે શુક્લધ્યાનના ફલકથન સમયે કહેશે. આમ, ધર્મધ્યાન પૂર્ણ થયું. હવે શુક્લધ્યાનનો અવસર છે. આ શબ્દનો અર્થ પૂર્વે કહી દીધો જ છે. અહીં પણ (પૂર્વે ગા. ૨૮-૨૯માં કહેલા) ભાવનાથી લઈને ફલ સુધીના તે જ બાર દ્વારો છે. તેમાં ભાવના, દેશ, કાલ અને આસન આટલા દ્વારો ધર્મધ્યાન પ્રમાણે જ હોવાથી એમને છોડીને આલંબનનામના દ્વારને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

**ગાથાર્થ :- હવે જિનમતમાં પ્રધાન એવા ક્ષમા, મૃદુતા, ઋજુતા અને નિર્લોભતા એ આલંબનો છે કે જેનાવડે જીવ શુક્લધ્યાન ઉપર ચઢે છે.**

ટીકાર્થ : હવે એટલે કે આસનદ્વાર પછી, ક્ષમા=ક્રોધનો ત્યાગ, મૃદુતા=માનનો ત્યાગ, ઋજુતા=માયાનો ત્યાગ અને મુક્તિ=લોભનો ત્યાગ. અહીં ક્રોધનો ત્યાગ એટલે ક્રોધને અટકાવવો. તે બે રીતે : (૧) ઉદયનો નિરોધ કરવો (જેમ કે આપણને પહેલેથી જ ખબર પડી જાય કે

---

★ 'क्रोधे न वर्त्तन' प्रत्य० ।

मानादिष्वपि भावनीयम्, एता एव क्षान्तिमार्द्दवार्जवमुक्तयो विशेष्यन्ते–'जिनमतप्रधाना' इति जिनमते–तीर्थकरदर्शने कर्मक्षयहेतुतामधिकृत्य प्रधानाः २, प्राधान्यं चासामकषायं चारित्रं चारित्राच्च नियमतो मुक्तिरितिकृत्वा, ततश्चैता आलम्बनानि–प्राग्निरूपितशब्दार्थानि, यैरालम्बनैः करणभूतैः शुक्लध्यानं समारोहति, तथा च क्षान्त्याद्यालम्बना एव शुक्लध्यानं समासादयन्ति, नान्य इति गाथार्थः ॥६९॥

व्याख्यातं शुक्लध्यानमधिकृत्याऽऽलम्बनद्वारं, साम्प्रतं क्रमद्वारावसरः, क्रमश्चाऽऽद्ययोर्धर्मध्यान एवोक्तः, इह पुनरयं विशेषः–

तिहुयणविसयं कमसो संखिविउ मणो अणुंमि छउमत्थो ।
झायइ सुनिप्पकंपो झाणं अमणो जिणो होइ ॥७०॥

व्याख्या–त्रिभुवनम्-अधस्तिर्यगूर्ध्वलोकभेदं तद्विषयः–गोचरः आलम्बनं यस्य मनस इति योगः, तत्त्रिभुवनविषयं 'क्रमशः' क्रमेण परिपाट्या–प्रतिवस्तुपरित्यागलक्षणया 'संक्षिप्य'

---

સામેવાળો આપણું કંઈક અનિષ્ટ કરશે અને એ વખતે ક્રોધ ઉદયમાં આવશે. ત્યારે પહેલેથી જ શુભભાવો ભાવવાદ્વારા તે સમયે આવનાર ક્રોધને અટકાવવો તે ઉદયનિરોધ.) (૨) ઉદયમાં આવેલ ક્રોધને નિષ્ફળ કરવો. (જેમ કે, કોઈએ કંઈક અનિષ્ટ-અનગમતું વર્તન કર્યું અને મનમાં ક્રોધ જાગ્યો ત્યારે મનમાં તે સંબંધી આર્તધ્યાન કરવું, આંખો લાલ થવી, મોં બગડે, હોઠ કંપે, કડવા-કર્કશ શબ્દ બોલાય, હાથ મારવા ઉઠાવાય વિગેરે કશું ન થવા દેવું તે ઉદયમાં આવેલ ક્રોધનું નિષ્ફળીકરણ કહેવાય છે.) આ જ પ્રમાણે માનાદિમાં પણ વિચારી લેવું.

આ જ ક્ષમા વિગેરે કેવા પ્રકારના છે ? તે કહે છે – જિનમતમાં કર્મક્ષયની કારણતાને આશ્રયીને પ્રધાન છે (અર્થાત્ જિનમતમાં કર્મક્ષયનું ઉત્કૃષ્ટ કારણ આ ક્ષમા વિગેરે છે.) ક્ષમા વિગેરે પ્રધાન છે એનું કારણ એ કે ચારિત્ર અકષાયરૂપ (ક્ષમાદિરૂપ) છે. અને તે ચારિત્રથી મુક્તિ=મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી આ ક્ષમા વિગેરે આલંબનરૂપ છે. આલંબનશબ્દનો અર્થ પૂર્વે કહેવાઈ ગયો છે. આ કારણભૂત એવા આલંબનોવડે જીવ શુક્લધ્યાન ઉપર ચઢે છે. (અર્થાત્ શુક્લધ્યાનને પામે છે.) આ ક્ષમા વિગેરે આલંબનવાળાઓ જ શુક્લધ્યાનને પામે છે, બીજા કોઈ નહીં. ॥ધ્યા.–૬૯॥

અવતરણિકા : શુક્લધ્યાનને આશ્રયીને આલંબનદ્વાર કહેવાયું. હવે ક્રમદ્વારનો અવસર છે અને શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોનો ક્રમ ધર્મધ્યાનમાં જ (ગા. ૪૪માં) કહ્યો છે. અહીં વળી આટલું વિશેષ જાણવું ⇨

ગાથાર્થ :- છદ્મસ્થ એવો આત્મા ત્રિભુવનના વિષયવાળા મનને ક્રમશઃ સંકોચીને પરમાણુમાં સ્થાપિત કરીને સુનિશ્ચલ થયેલો ધ્યાન કરે છે. મનરહિત જિન (શુક્લધ્યાનના છેલ્લા બે ભેદોના ધ્યાતા) છે.

ટીકાર્થ : અધોલોક, તિર્ચ્છાલોક અને ઊર્ધ્વલોક એમ ત્રણ પ્રકારનું ત્રિભુવન એ છે વિષય જે મનનો તે મન ત્રિભુવનવિષયક કહેવાય છે. (અર્થાત્ ત્રણ ભુવનમાં રહેલા પદાર્થોનું ધ્યાન

सङ्कोच्य, किं ?–'मनः' अन्तःकरणं, क्व ?–'अणौ' परमाणौ, निधायेति शेषः, कः ?–'छद्मस्थः' प्राग्निरूपितशब्दार्थः, 'ध्यायति' चिन्तयति 'सुनिष्प्रकम्पः' अतीव निश्चल इत्यर्थः, 'ध्यानं' शुक्लं, ततोऽपि प्रयत्नविशेषान्मनोऽपनीय 'अमनाः' अविद्यमानान्तःकरणः 'जिनो भवति' अर्हन् भवति, चरमयोर्द्वयोर्ध्यातेति वाक्यशेषः, तत्राप्याद्यस्यान्तर्मुहूर्तेन शैलेशीमप्राप्तः, तस्यां च द्वितीयस्येति गाथार्थः ॥७०॥

आह–कथं पुनश्छद्मस्थस्त्रिभुवनविषयं मनः संक्षिप्याणौ धारयति ?, केवली वा ततोऽप्यपनयतीति ?, अत्रोच्यते–

जह सव्वसरीरगयं मंतेण विसं निरुंभए डंके ।
तत्तो पुणोऽवणिज्जइ पहाणयरमंतजोगेणं ॥७१॥

व्याख्या–'यथे'त्युदाहरणोपन्यासार्थः, 'सर्वशरीरगतं' सर्वदेहव्यापकं 'मन्त्रेण' विशिष्टवर्णानुपूर्वीलक्षणेन 'विषं' मारणात्मकं द्रव्यं 'निरुध्यते' निश्चयेन ध्रियते, क्व ?–'डङ्के' भक्षणदेशे, 'ततः' डङ्कात्पुनरपनीयते, केनेत्यत आह–'प्रधानतरमन्त्रयोगेन' श्रेष्ठतरमन्त्रयोगेनेत्यर्थः,

---

કરતું મન.) આવા મનને ક્રમશઃ સંકોચીને=ત્રણ ભુવનમાં રહેલ ધ્યાતવ્ય એવી દરેક વસ્તુને ધ્યાનમાંથી બાદ કરવાદ્વારા સંકોચીને પરમાણુમાં સ્થાપિત કરીને, સ્થાપિત કોણ કરે ? – પૂર્વે કહેવાઈ ગયેલ છે શબ્દાર્થ જેનો એવો છદ્મસ્થ આત્મા અત્યંત નિશ્ચલ થયેલો છતો (પરમાણુમાં મનને સ્થાપિત કરીને) શુક્લધ્યાન (=પ્રથમ બે ભેદોનું ધ્યાન) કરે છે. (આ પ્રમાણે શુક્લધ્યાનના પ્રથમ બે ભેદોને પામવાનો ક્રમ કહ્યો. હવે છેલ્લા બેનો ક્રમ જણાવે છે –)

ત્યાર પછી તે છદ્મસ્થ આત્મા પરમાણુમાં સ્થાપિત એવા મનને પોતાના પ્રયત્નવિશેષથી પરમાણુમાંથી પણ દૂર કરીને મન વિનાનો કેવલી થાય છે. કેવલી બનેલા તેઓ 'છેલ્લા બે ધ્યાનના ધ્યાતા બને છે' એ પ્રમાણે વાક્યશેષ જાણવું. તેમાં આયુષ્યના છેલ્લા અંતર્મુહૂર્તમાં જ્યારે શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરવાની બાકી હોય ત્યારે ત્રીજા ભેદનું ધ્યાન કરે અને શૈલેશી અવસ્થામાં ચોથા ભેદનું ધ્યાન કરે. ॥ધ્યા.–૭૦॥

અવતરણિકા : શંકા : છદ્મસ્થ એવો આત્મા ત્રિભુવનવિષયક એવા મનને સંકોચીને પરમાણુમાં કેવી રીતે ધારે છે=સ્થાપિત કરે છે ? અથવા કેવલી પરમાણુમાંથી પણ મનને કેવી રીતે દૂર કરે છે ? તે કહે છે ⇨

ગાથાર્થ :- સંપૂર્ણ શરીરમાં વ્યાપી ગયેલ વિષને જે રીતે મંત્રવડે ડંશના ભાગે લવાય છે, ત્યાર પછી પ્રધાનતર એવા મંત્ર અને ઔષધવડે તે ભાગમાંથી પણ વિષ દૂર કરાય છે.

ટીકાર્થ : 'યથા' શબ્દ ઉદાહરણ જણાવવા માટે છે. તેથી જેમ સંપૂર્ણ શરીરમાં વ્યાપી ગયેલ વિષને=મારી નાખનાર દ્રવ્યને વિશિષ્ટ-અક્ષરોની રચનારૂપ મંત્રવડે લવાય છે. ક્યાં લવાય છે ? – ડંશના ભાગ ઉપર લવાય છે. ત્યાર પછી તે ડંશભાગથી પણ તે વિષને દૂર કરાય છે, કોનાવડે ? – પ્રધાનતર એવા મંત્રના પ્રભાવે દૂર કરાય છે અથવા 'મંત્ર અને યોગવડે' એ

मन्त्रयोगाभ्यामिति च पाठान्तरं वा, अत्र पुनर्योगशब्देनागदः परिगृह्यते इति गाथार्थः ॥७१॥

एष दृष्टान्तः, अयमर्थोपनयः–

तह तिहुयणतणुविसयं मणोविसं जोगमंतबलजुत्तो ।
परमाणुंमि निरुंभइ अवणेइ तओवि जिणवेज्जो ॥७२॥

व्याख्या–तथा 'त्रिभुवनतनुविषयं' त्रिभुवनशरीरालम्बनमित्यर्थः, मन एव भवमरणनिबन्धनत्वाद्विषं मन्त्रयोगबलयुक्तः–जिनवचनध्यानसामर्थ्यसम्पन्नः परमाणौ निरुणद्धि, तथाऽचिन्त्यप्रयत्नाच्चापनयति 'ततोऽपि' तस्मादपि परमाणोः, कः ?–'जिनवैद्यः' जिनभिषग्वर इति गाथार्थः ॥७२॥

अस्मिन्नेवार्थे दृष्टान्तान्तरमभिधातुकाम आह–

उस्सारियेंधणभरो जह परिहाइ कमसो हुयासुव्व ।
थोविंधणावसेसो निव्वाइ तओऽवणीओ य ॥७३॥

व्याख्या–'उत्सारितेन्धनभरः' अपनीतदाह्यसङ्घातः यथा 'परिहीयते' हानिं प्रतिपद्यते 'क्रमशः' क्रमेण 'हुताशः' वह्निः, 'वा' विकल्पार्थः, स्तोकेन्धनावशेषः हुताशमात्रं भवति, तथा 'निर्वाति' विध्यायति 'ततः' स्तोकेन्धनादपनीतश्चेति गाथार्थः ॥७३॥

अस्यैव दृष्टान्तोपनयमाह–

---

પ્રમાણે પાઠાન્તર જાણવો અને યોગશબ્દથી ઔષધ ગ્રહણ કરવું. ॥ધ્યા.–૭૧॥

અવતરણિકા : આ દૃષ્ટાન્ત કહ્યું, એનો ઉપનય=ઘટામણી આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : તે રીતે ત્રિભુવનના આલંબનવાળા મનરૂપ વિષને, અહીં મન જ સંસારમાં મૃત્યુનું કારણ હોવાથી વિષરૂપ જાણવું. આવા મનરૂપ વિષને મંત્ર-યોગબલથી યુક્ત એટલે કે જિનવચનાનુસારે થતાં ધ્યાનના સામર્થ્યથી સંપન્ન એવો છદ્મસ્થ આત્મા પરમાણુમાં સ્થાપે છે. તથા પોતાના અચિંત્યપ્રયત્નથી તે પરમાણુમાંથી પણ મનને દૂર કરે છે. કોણ દૂર કરે છે ? – જિનરૂપ વૈદ્ય દૂર કરે છે. ॥ધ્યા.–૭૨॥

અવતરણિકા : આ જ અર્થની પુષ્ટિ માટે બીજું દૃષ્ટાન્ત કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ :- ઇંધણનો સમૂહ જેનો દૂર કરી દેવામાં આવ્યો છે એવો અગ્નિ જેમ ક્રમશઃ હાનિને=નાશને પામે છે. 'वा' શબ્દ વિકલ્પ અર્થમાં છે. અથવા ઇંધણનો ઘણો સમૂહ દૂર કર્યા બાદ જેમ અગ્નિ અલ્પ-ઇંધણવાળો થાય છે અને ત્યાર પછી તે અલ્પ-ઇંધણથી પણ દૂર થયેલો અગ્નિ જેમ ઓલવાઈ જાય છે. ॥ધ્યા.–૭૩॥

અવતરણિકા : આ દૃષ્ટાન્તના જ ઉપનયને કહે છે ⇨

तह विसइंधणहीणो मणोहुयासो कमेण तणुयंमि ।
विसइंधणे निरुंभइ निव्वाइ तओऽवणीओ य ॥७४॥

व्याख्या–तथा 'विषयेन्धनहीनः' गोचरेन्धनरहित इत्यर्थः, मन एव दुःखदाहकारणत्वाद् हुताशो मनोहुताशः, 'क्रमेण' परिपाट्या 'तनुके' कृशे, क्व ?–'विषयेन्धने' अणावित्यर्थः, किं ?–'निरुध्यते' निश्चयेन ध्रियते, तथा निर्वाति 'ततः' तस्मादणोरपनीतश्चेति गाथार्थः ॥७४॥

पुनरप्यस्मिन्नेवार्थे दृष्टान्तोपनयावाह–

तोयमिव नालियाए तत्तायसभायणोदरत्थं वा ।
परिहाइ कमेण जहा तह जोगिमणोजलं जाण ॥७५॥

व्याख्या–'तोयमिव' उदकमिव 'नालिकायाः' घटिकायाः, तथा तप्तं च तदायसभाजनं–लोहभाजनं च तप्तायसभाजनं तदुदरस्थं, वा विकल्पार्थः, परिहीयते क्रमेण यथा, एष दृष्टान्तः, अयमर्थोपनयः–'तथा' तेनैव प्रकारेण योगिमन एवाविकलत्वाज्जलं २ 'जानीहि' अवबुद्ध्यस्व, तथाऽप्रमादानलतप्तजीवभाजनस्थं मनोजलं परिहीयत इति भावना, अलमतिविस्तरेणेति गाथार्थः ॥७५॥

'अपनयति ततोऽपि जिनवैद्य' इति वचनाद् एवं तावत् केवली मनोयोगं निरुणद्धी-

---

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : તે જ પ્રમાણે ત્રિભુવનના વિષયોરૂપ ઈંધણ વિનાનો મનરૂપ અગ્નિ, મન જ દુઃખનું કારણ હોવાથી અગ્નિ છે. આવો મનરૂપ અગ્નિ, પાતળા એવા કોણ ? પાતળા એવા વિષયરૂપ ઈંધણને વિશે અર્થાત્ પરમાણુને વિશે શું ? – નિશ્ચલ રીતે સ્થાપિત કરાય છે. (ભાવાર્થ : પૂર્વે મન ઘણા વિષયોનું ધ્યાન કરતું હતું. તે વિષયો ક્રમશઃ ઘટતાં ઘટતાં હવે મન માત્ર પરમાણુના ધ્યાન ઉપર સ્થાપિત કરાય છે.) ત્યાર પછી તે પરમાણુમાંથી પણ દૂર થયેલ મનરૂપ અગ્નિ ઓલવાઈ જાય છે. ॥ધ્યા.–૭૪॥

અવતરણિકા : ફરી વાર પણ આ જ વિષયમાં દૃષ્ટાન્ત અને ઉપનયને કહે છે ⇨

ગાથાર્થ :- જેમ ઘટિકાનું પાણી અથવા તપાવેલ લોખંડના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ નાશ પામે છે તે રીતે યોગીઓનું મનરૂપ પાણી તું જાણ.

ટીકાર્થ : જેમ ઘટિકાનું પાણી તથા તપાવેલ એવા લોખંડના વાસણમાં રહેલ પાણી ક્રમશઃ (ઘટિકાનું પાણી ધીરે ધીરે ઝરતું-ઝરતું અને લોખંડના વાસણમાં રહેલ પાણી ગરમીથી બાષ્પીભવન થતું) ઓછું થતું જાય છે. આ દૃષ્ટાન્ત કહ્યું. એનો ઉપનય આ પ્રમાણે – તે જ પ્રકારે યોગીઓનું મનરૂપ પાણી જાણ. અહીં યોગીમન એ પાણીની જેમ અવિકલ હોવાથી એટલે કે દ્રવણશીલ=વહી જવાના=નાશ પામવાના સ્વભાવવાળું હોવાથી પાણીરૂપ કહ્યું છે. ભાવાર્થ એ છે કે અપ્રમાદરૂપ અગ્નિથી તપાવેલ એવા જીવરૂપ ભાજનમાં રહેલ મનરૂપ પાણી ઓછું થતું જાય છે. વધુ વિસ્તારથી સર્યું. ॥ધ્યા.–૭૫॥

અવતરણિકા : 'જિનવૈદ્ય પરમાણુમાંથી પણ મનને દૂર કરે છે' આવા વચનથી કેવલી

त्युक्तम्, अधुना शेषयोगनियोगविधिमभिधातुकाम आह–

एवं चिय वयजोगं निरुंभइ कमेण कायजोगंपि ।
तो सेलेसोव्व थिरो सेलेसी केवली होइ ॥७६॥

व्याख्या–'एवमेव' एभिरेव विषादिदृष्टान्तैः, किं ?–वाग्योगं निरुणद्धि, तथा क्रमेण काययोगमपि निरुणद्धीति वर्तते, ततः 'शैलेश इव' मेरुरिव स्थिरः सन् शैलेशी केवली भवतीति गाथार्थः ॥७६॥

इह च भावार्थो नमस्कारनिर्युक्तौ प्रतिपादित एव, तथाऽपि स्थानाशून्यार्थं स एव लेशतः प्रतिपाद्यते, तत्र योगानामिदं स्वरूपम्–औदारिकादिशरीरयुक्तस्याऽऽत्मनो वीर्यपरिणतिविशेषः काययोगः, तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतवाग्द्रव्यसमूहसाचिव्याज्जीवव्यापारो वाग्योगः, तथौदारिकवैक्रियाहारकशरीरव्यापाराहृतमनोद्रव्यसाचिव्याज्जीवव्यापारो मनोयोग इति, स चामीषां निरोधं कुर्वन् कालतोऽन्तर्मुहूर्तभाविनि परमपदे भवोपग्राहिकर्मसु च वेदनीयादिषु समुद्घाततो निसर्गेण वा समस्थितिषु सत्स्वेतस्मिन् काले करोति, परिमाणतोऽपि–[६५]'*पज्जत्तमित्तसन्निस्स जत्तियाइं जहण्णजोगिस्स । होंति मणोदव्वाइं तव्वावारो य जम्मत्तो ॥१॥*

---

મનોયોગનો નિરોધ કરે છે એ વાત કરી દીધી. હવે શેષયોગના નિરોધની વિધિને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ જ વિષ વિગેરે દૃષ્ટાન્તોવડે (=દૃષ્ટાન્તોની જેમ) શું ? – કેવલી વચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી ક્રમશઃ કાયયોગનો પણ નિરોધ કરે છે. ત્યાર પછી=યોગનિરોધ કર્યા બાદ કેવલી મેરુપર્વતની જેમ સ્થિર થયેલા શૈલેશી થાય છે (એટલે કે શૈલેશી અવસ્થાને પામે છે.) ॥ધ્યા.–૭૬॥

અહીં જો કે ભાવાર્થ નમસ્કારનિર્યુક્તિમાં (ભાગ-૪ ગા. ૯૫૫ પૃ. ૨૦૫માં) કહેવાઈ જ ગયો છે. તો પણ આ સ્થાન શૂન્ય ન રહે માટે તે જ ભાવાર્થ સંક્ષેપથી જણાવાય છે. તેમાં યોગોનું સ્વરૂપ આ પ્રમાણે છે – ઔદારિક વિગેરે શરીરથી યુક્ત એવા આત્માની વિશેષપ્રકારની વીર્યપરિણતિ એ કાયયોગ જાણવો. ઔદારિક, વૈક્રિય અને આહારકશરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ વચનદ્રવ્યના સમૂહની સહાયથી થતો જીવનો વ્યાપાર એ વચનયોગ છે. તથા ઔદારિક, વૈક્રિય અને આહારકશરીરના વ્યાપારથી ગ્રહણ કરેલ મનોદ્રવ્યના સહાયથી થતો જીવનો વ્યાપાર મનયોગ છે.

તે જીવ આ યોગનો નિરોધ કાળથી મોક્ષપદ પામવામાં માત્ર અંતર્મુહૂર્તકાળ બાકી હોય અને વેદનીય વિગેરે ભવોપગ્રાહીની=અઘાતીકર્મોની સ્થિતિ સમુદ્ઘાતથી કે સ્વાભાવિક રીતે સમાન થાય ત્યારે પરિણામથી=પ્રમાણથી પણ આટલા કાળમાં (આગળ જણાવે તેટલા કાળમાં) કરે છે – "જઘન્ય યોગવાળા એવા પર્યાપ્તમાત્ર સંજ્ઞી જીવને જેટલા મનોદ્રવ્યો અને જેટલો

---

६५. पर्याप्तमात्रसंज्ञिनो यावन्ति जघन्ययोगिनः । भवन्ति मनोद्रव्याणि तद्व्यापारश्च यन्मात्रः ॥१॥

[૬૬] *तदसङ्खगुणविहीणे समए समए निरुंभमाणो सो । मणसो सव्वनिरोहं कुणइ असंखेज्जसमएहिं ॥२॥ पज्जत्तमित्तबिंदियजहण्णवइजोगपज्जया जे उ । तदसंखगुणविहीणे समए समए निरुंभंतो ॥३॥ सव्ववइजोगरोहं संखाईएहिं कुणइ समएहिं । तत्तो य सुहुमपणगस्स पढमसमओववन्नस्स ॥४॥ जो किर जहण्णजोओ तदसंखेज्जगुणहीणमेक्केक्के । समए निरुंभमाणो देहतिभागं च मुंचंतो ॥५॥ रुंभइ स कायजोगं संखाईएहिं चेव समएहिं । तो कयजोगनिरोहो सेलेसीभावणामेइ ॥६॥ सेलेसो किर मेरू सेलेसो होइ जा तहाऽचलया । होउं च असेलेसो सेलेसी होइ थिरयाए ॥७॥ अहवा सेलुव्व इसी सेलेसी होइ सो उ थिर-याए । सेव अलेसीहोई सेलेसीहोअलोवाओ ॥८॥ सीलं व समाहाणं निच्छयओ सव्वसंवरो*

---

મનનો વ્યાપાર હોય છે, તેના કરતાં અસંખ્યગુણહીન એવા મનોયોગને તે કેવલી દરેક સમયે અટકાવતા-અટકાવતા અસંખ્યસમયોમાં મનનો સર્વનિરોધ કરે છે. ॥૧-૨॥

જઘન્ય વચનયોગવાળા એવા પર્યાપ્તમાત્ર બેઇન્દ્રિયજીવના જેટલા વચનયોગના પર્યાયો છે, તેના કરતાં અસંખ્યગુણહીન એવા વચનયોગને દરેક સમયે રુંધતા સંખ્યાતા સમયોમાં સર્વવચનયોગનો નિરોધ કરે છે. ત્યાર પછી પ્રથમ સમયે ઉત્પન્ન થયેલ સૂક્ષ્મપનક (=નિગોદ) જીવનો જે જઘન્ય કાયયોગ છે, તેના કરતાં અસંખ્યગુણહીન એવા કાયયોગને સમયે સમયે રુંધતા અને શરીરના (પોલાણના ભાગો પૂરાઈ જતાં હોવાથી) ત્રીજાભાગને મૂકતા સંખ્યાતા સમયોમાં તે કેવલી કાયયોગને રુંધે છે. ત્યાર પછી કરાયેલ છે યોગનિરોધ જેમનાવડે એવા તે કેવલી શૈલેશીભાવનાને પામે છે. ॥૩-૬॥

(सेलेसीभावणामेइ શબ્દમાં જે 'सेलेसी' શબ્દ છે, તે પ્રાકૃત છે. તેથી તેને આશ્રયીને सेलेसी શબ્દના જુદા જુદા અર્થો હવે જણાવે છે –) सेलेस એટલે શૈલેશ. જેમ મેરુપર્વત અચળ હોવાથી શૈલોનો=પર્વતોનો ઈશ=શૈલેશ છે. તેમ પૂર્વે અશૈલેશ હોઈને હવે આત્મપ્રદેશોની સ્થિરતાને કારણે તે કેવલી શૈલેશી થાય છે. ॥૭॥ અથવા (सेलेसी શબ્દનો શૈલર્ષિ અર્થ કરવો. તેથી) જેમ ઋષિ પર્વતની જેમ સ્થિર થાય છે તેમ કેવલી પણ સ્થિર થવાથી શૈલર્ષિ થાય છે. અથવા सेलेसी એટલે 'से अलेसी' અહીં 'सेलेसी' શબ્દમાં અનો લોપ સમજવો. તેથી सेलेसीभावणामेइ અર્થાત્ તે અલેશીભાવનાને=લેશ્યારહિતપણાને પામે છે એટલે કે લેશ્યા વિનાના થાય છે અથવા 'सेलेसी'

---

૬૬. तदसंख्यगुणविहीनान् समये समये निरुन्धन् सः । मनसः सर्वनिरोधं करोत्यसंख्येयसमयैः ॥२॥ पर्याप्तमात्रद्वीन्द्रियस्य जघन्यवचोयोगिनः पर्याया ये तु । तदसंख्यगुणविहीनान् समये समये निरुन्धन् ॥३॥ सर्ववचोयोगरोधं संख्यातीतैः करोति समयैः । ततश्च सूक्ष्मपनकस्य प्रथमसमयोत्पन्नस्य ॥४॥ यः किल जघन्यो योगस्तदसंख्येयगुणहीनमेकैकस्मिन् । समये समये निरुन्धन् देहत्रिभागं च मुञ्चन् ॥५॥ रुणद्धि स काययोगं संख्यातीतैरेव समयैः । ततः कृतयोगनिरोधः शैलेशीभावनामेति ॥६॥ शैलेशः किल मेरुः शैलेशी भवति यथा तथाऽचलतया । भूत्वा चाशैलेशः शैलेशीभवति स्थिरतया ॥७॥ अथवा शैल इवर्षिः शैलर्षीभवति स एव स्थिरतया । सो वालेश्यीभवति सैलेशीभवत्यलोपात् ॥८॥ शीलं वा समाधानं निश्चयतः सर्वसंवरः

सो[६७] य । तस्सेसो सीलेसो सीलेसी होइ तयवत्थो ॥९॥ हस्सक्खराइ मज्झेण जेण कालेण पंच भण्णंति । अच्छइ सेलेसिगओ तत्तियमेत्तं तओ कालं ॥१०॥ तणुरोहारंभाओ झायइ सुहुमकिरियाणियट्टिं सो । वोच्छिन्नकिरियमप्पडिवाई सेलेसिकालंमि ॥११॥ तयसंखेज्जगुणाए गुणसेढीएँ रइयं पुरा कंमं । समए समए खवयं कमसो सेलेसिकालेणं ॥१२॥ सव्वं खवेइ तं पुण निल्लेवं किंचि दुचरिमे समए । किंचिच्च होंति चरमे सेलेसीए तयं वोच्छं ॥१३॥

એટલે શીલેશ=શીલનો ઈશ. શીલ એટલે સમાધાન અને તે નિશ્ચય નયથી સર્વસંવરરૂપ છે. તેનો સ્વામી તે શીલેશ. આ સર્વસંવરની અવસ્થામાં રહેલો તે કેવલી મધ્યમ સ્વરવડે (=ઝડપથી નહીં કે મંદગતિથી નહીં, પણ મધ્યમગતિવડે) જેટલા કાળમાં પાંચ હ્રસ્વ અક્ષરો બોલે તેટલો કાળ તે શૈલેશી અવસ્થાને પામેલો રહે છે. ॥૮-૧૦॥

કાયયોગનો નિરોધ આરંભે ત્યારે સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિનામનો શુક્લધ્યાનનો ત્રીજો ભેદ શરૂ થાય. અને શૈલેશીકાળમાં વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી નામના ચોથા ભેદનું ધ્યાન કરે. તે શૈલેશીકાળમાં અસંખ્યગુણની ગુણશ્રેણિથી રચેલા પૂર્વકર્મને દરેક સમયે ક્રમશઃ ખપાવે છે. (અહીં ભાવાર્થ આ પ્રમાણે છે – કાયયોગનો નિરોધ કરવાનું જ્યારે શરૂ કરે ત્યારે પ્રથમ બાદરકાયયોગ-વડે બાદરમનોયોગને રુંધે છે. ત્યાર પછી બાદરવચનયોગને રુંધે છે. ત્યાર પછી સૂક્ષ્મકાયયોગવડે ક્રમશઃ બાદરકાયયોગને, સૂક્ષ્મમનોયોગને અને સૂક્ષ્મવચનયોગને રુંધે છે. પછી તે જ સૂક્ષ્મ-કાયયોગવડે સૂક્ષ્મકાયયોગને રુંધવાનું શરૂ કરે તે સમયે સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ નામનું ધ્યાન હોય છે. इति सप्ततिकानामकषष्ठकर्मग्रन्थश्लो.-६४.

ચોથો પ્રકાર ૧૪માં ગુણઠાણે શૈલેશી વખતે હોય છે અને તે સમયે યોગક્રિયા સર્વથા નાશ પામી છે. તેથી તે વ્યુચ્છિન્નક્રિયા કહેવાય છે. આ અવસ્થાનું હવે ક્યારેય પતન થવાનું નથી. તેથી તે વખતે જે ધ્યાન છે તેને વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી કહેવાય છે. આ શૈલેશીઅવસ્થામાં કર્મક્ષય આ રીતે થાય છે – શૈલેશીઅવસ્થા પહેલાંની અવસ્થામાં ખપાવવા યોગ્ય કર્મોને દરેક સમયે ક્રમશઃ ખપાવી શકાય એ રીતે ગોઠવે છે. આને ગુણશ્રેણિ કહેવાય છે. ગોઠવણ આ પ્રમાણે કરે છે કે પહેલા સમયે ક્ષપણીય કર્મદલિકો કરતાં બીજા સમયે અસંખ્યગુણ કર્મદલિકો ક્ષપણીય તરીકે ગોઠવે છે, તેના કરતાં ત્રીજા સમયે અસંખ્યગુણ, તેના કરતાં ચોથા સમયે અસંખ્યગુણ કર્મદલિકોની રચના શૈલેશીકાળના ચરમ સમય સુધી થાય છે. આ રીતે અસંખ્યગુણની ગુણશ્રેણિથી ગોઠવાયેલા કર્મોને શૈલેશી અવસ્થાના પ્રથમ સમયથી ક્રમશઃ દરેક સમયે કર્મો ખપાવે છે.) ॥૧૧-૧૨॥

આ રીતે કર્મોનો ક્ષય કરતાં કરતાં જ્યારે છેલ્લા બે સમય બાકી હોય ત્યારે લગભગ બધા

६७. स च । तस्येशः शीलेशः शैलेशीभवति तदवस्थः ॥९॥ ह्रस्वाक्षराणि मध्येन येन कालेन पञ्च भण्यन्ते । तिष्ठति शैलेशीगतस्तावन्मात्रं ततः कालम् ॥१०॥ तनुरोधारम्भात् ध्यायति सूक्ष्मक्रियाऽनिवृत्ति सः । व्युच्छिन्नक्रियमप्रतिपाति शैलेशीकाले ॥११॥ तदसंख्यगुणया गुणश्रेण्या रचितं पुरा कर्म । समये समये क्षपयन् क्रमशः शैलेशीकालेन ॥१२॥ सर्वं क्षपयति तत् पुनर्निर्लेपं किञ्चिद्द्विचरमे समये । किञ्चिच्च भवति चरमे शैलेश्यास्तद्वक्ष्ये ॥१३॥

[६८] *मणुयगइजाइतसबादरं च पज्जत्तसुभगमाएज्जं । अन्नयरवेयणिज्जं नराउमुच्चं जसो नामं ॥१४॥ संभवओ जिणणामं नराणुपुव्वी य चरिमसमयंमि । सेसा जिणसंताओ दुचरिमसमयंमि निट्ठंति ॥१५॥ ओरालियाहिं सव्वाहिं चयइ विप्पजहणाहिं जं भणियं । निस्सेस तहा न जहा देसच्चाएण सो पुव्वं ॥१६॥ तस्सोदइयाभावा भव्वत्तं च विणियत्तए समयं । सम्मत्त-णाणदंसणसुहसिद्धत्ताणि मोत्तूणं ॥१७॥ उजुसेढिं पडिवन्नो समयपएसंतरं अफुसमाणो । एगसमएण सिज्झइ अह सागारोवउत्तो सो ॥१८॥'* अलमतिप्रसङ्गेनेति गाथार्थः ॥

उक्तं क्रमद्वारम्, इदानीं ध्यातव्यद्वारं विवृण्वन्नाह–

---

જ કર્મદલિકો ખપાવી નાખે છે. હવે જે કેટલુંક છેલ્લેથી બીજા સમયે ખપાવે છે અને જે કેટલુંક ચરમ સમયે ખપાવે છે, તે હું હવે કહીશ. ॥૧૩॥ (તે આ પ્રમાણે –) મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ-બાદર-પર્યાપ્ત-સૌભાગ્ય-આદેય; શાતા-અશાતાવેદનીયમાંથી કોઈ એક, મનુષ્યઆયુષ્ય, ઉચ્ચગોત્ર યશનામકર્મ અને મનુષ્યઆનુપૂર્વી એમ કુલ બાર પ્રકૃતિ ચરમ સમયે તીર્થંકર સિવાય સિદ્ધ થનારો ખપાવે છે. જો તીર્થંકર હોય તો આ બાર + જિનનામકર્મ એમ ૧૩ પ્રકૃતિ ચરમ સમયે ખપાવે છે. આ સિવાયની જિનસંતા=કેવલીની સત્તામાં રહેલી પ્રવૃત્તિઓ દ્વિચરમ સમયે ખપાવે છે. ॥૧૪-૧૫॥

આ રીતે કર્મના ઉદયથી થનારી એટલે કે ઔદયિકભાવોવાળી સર્વત્યાજય પ્રકૃતિઓવડે સંપૂર્ણ રીતે તે જીવ મૂકાય છે એટલે કે પૂર્વે કર્મનિર્જરા થતી, પણ દેશથી. એક જ કર્મના અમુક પ્રદેશો ખપે, અમુક પ્રદેશો રહે. હવે તેવું નથી, જે પ્રકૃતિ ખપાવે તે સર્વથા ખપાવે, (એટલે કે ઔદયિકભાવવાળી સર્વ કર્મપ્રકૃતિઓનો છેલ્લા સમયે તે જીવ નાશ કરે છે.) ॥૧૬॥ અને સમ્યક્ત્વ; જ્ઞાન, દર્શન, સુખ અને સિદ્ધત્વને છોડીને સર્વ ઔદયિકભાવો અને ભવ્યત્વ પણ સાથે નાશ પામે છે. (આશય એ છે કે આ જીવ ભવ્ય છે એટલે સર્વ કર્મક્ષયની યોગ્યતાવાળો છે. તેથી ભવ્યત્વ એટલે સર્વ કર્મક્ષયયોગ્યતા. હવે જયારે જીવે સર્વ કર્મોનો ક્ષય કરી નાખ્યો. ત્યારે તેનામાં આવી યોગ્યતા ન રહે. તેથી ભવ્યત્વ પણ નાશ પામે છે.) ॥૧૭॥

(સર્વ લબ્ધિઓ સાગારોપયોગમાં જ પ્રાપ્ત થતી હોવાથી અને મોક્ષ પણ એક લબ્ધિ હોવાથી) સાકારોપયોગમાં ઉપયુક્ત તે જીવ ઋજુગતિને પામેલો સમયાન્તર અને પ્રદેશાન્તરને સ્પર્શ્યા વિના એક જ સમયમાં સિદ્ધ થાય છે. ॥૧૮॥ વધુ પ્રસંગોથી સર્યું. ॥

અવતરણિકા : ક્રમદ્વાર કહ્યું. હવે ધ્યાતવ્ય=શુક્લધ્યાનમાં ધ્યાવવા યોગ્ય વિષયરૂપ દ્વારનું

---

६८. मनुजगतिजाती त्रसं बादरं च पर्याप्तसुभगादेयं च । अन्यतरवेदनीयं नरायुरुच्चैर्गोत्रं यशोनाम ॥१४॥ संभवतो जिननाम नरानुपूर्वी च चरमसमये । शेषा जिनसत्काः द्विचरमसमये निस्तिष्ठन्ति ॥१५॥ औदारिकाभिः सर्वाभिस्त्यजति विप्रजहणाभिः यद्भणितम् । निःशेषत्यागेन तथा न यथा देशत्यागेन स पूर्वम् ॥१६॥ तस्यौदयिकाभावात् भव्यत्वं च विनिवर्त्तते समकम् । सम्यक्त्वज्ञानदर्शन-सिद्धत्वानि मुक्त्वा ॥१७॥ ऋजुश्रेणिं प्रतिपन्नः समयप्रदेशान्तरमस्पृशन् । एकसमयेन सिध्यति अथ सागारोपयुक्तः सः ॥१८॥

उप्पायट्ठिइभंगाइपज्जयाणं जमेगवत्थुंमि ।
नाणानयाणुसरणं पुव्वगयसुयाणुसारेणं ॥७७॥

व्याख्या–'उत्पादस्थितिभङ्गादिपर्यायाणाम्' उत्पादादयः प्रतीताः, आदिशब्दान्मूर्तामूर्तग्रहः, अमीषां पर्यायाणां यदेकस्मिन् द्रव्ये-अण्वात्मादौ, किं ? नानानयैः–द्रव्यास्तिकादिभिरनुस्मरणं–चिन्तनं, कथं ?–पूर्वगतश्रुतानुसारेण पूर्वविदः, मरुदेव्यादीनां त्वन्यथा ॥७७॥

तत्किमित्याह–

सवियारमत्थवंजणजोगंतरओ तयं पढमसुक्कं ।
होइ पुहुत्तवितक्कं सवियारमरागभावस्स ॥७८॥

व्याख्या–'सविचारं' सह विचारेण वर्तत इति २, विचारः–अर्थव्यञ्जनयोगसङ्क्रम इति, आह च–'अर्थव्यञ्जनयोगान्तरतः' अर्थः–द्रव्यं व्यञ्जनं–शब्दः योगः–मनःप्रभृति एतदन्तरतः–एतावद्भेदेन सविचारम्, अर्थाद्व्यञ्जनं सङ्क्रामतीति विभाषा, 'तकम्' एतत् 'प्रथमशुक्लम्'

---

વિવરણ કરતા કહે છે ⇨

ગાથાર્થ :- એક જ વસ્તુમાં રહેલા ઉત્પાદ, સ્થિતિ, નાશ વિગેરે પર્યાયોનું જુદા જુદા નયોને આશ્રયીને પૂર્વધરોનું પૂર્વમાં રહેલ શ્રુતને અનુસારે જે ચિંતન (તે શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જાણવો. એ પ્રમાણે આગળની ગાથા સાથે અન્વય કરવો.)

ટીકાર્થ : પરમાણુ, આત્મા વિગેરે એક દ્રવ્યમાં (રહેલા) ઉત્પાદ, સ્થિતિ, નાશ વિગેરે પર્યાયોનું' અહીં ઉત્પાદ વિગેરે પ્રતીત જ છે. આદિશબ્દથી મૂર્તામૂર્તનું ગ્રહણ કરવું. આ બધા પર્યાયોનું શું ? – દ્રવ્યાસ્તિક વિગેરે નયોવડે જે ચિંતન, કેવી રીતે ? – પૂર્વગતશ્રુતના અનુસારે, (કોનું ચિંતન ?) – પૂર્વધરોનું (અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) મરુદેવી વિગેરેને આ રીતનું ચિંતન સંભવતું નથી, તેઓને બીજી કોઈ રીતે ચિંતન પ્રાપ્ત થાય છે. (એટલે કે ધર્મધ્યાનની ઉત્કૃષ્ટતાના પ્રભાવે અને ભાવથી ઉપર-ઉપરના ગુણસ્થાને ચઢી જવાના કારણે એમને જ્ઞાનવરણીયકર્મનો તીવ્ર ક્ષયોપશમ થવાથી 'પૂર્વ'શાસ્ત્રોમાં કહેલ પદાર્થોનો બોધ પ્રગટ થઈ જાય. માટે 'પૂર્વગત' શ્રુત સૂત્રથી એમની પાસે ન હોવા છતાં અર્થથી પ્રગટ થાય અને એના આધારે શુક્લધ્યાન પ્રાપ્ત થાય.) ॥ધ્યા.–૭૭ ॥

અવતરણિકા : ચિંતન એ શું છે ? તે કહે છે ⇨

ગાથાર્થ :- રાગના પરિણામ વિનાના જીવનું અર્થ, શબ્દ અને યોગના ભેદથી સવિચાર એટલે કે અર્થમાંથી શબ્દમાં, શબ્દમાંથી અર્થમાં વિગેરે રીતે સંક્રમવાળું જે ચિંતન તે પૃથક્ત્વવિતર્ક-સવિચાર નામનું પ્રથમ શુક્લધ્યાન છે.

ટીકાર્થ : વિચાર એટલે અર્થનો, શબ્દનો અને મનોયોગાદિનો એક-બીજામાં થતો સંક્રમ. આવા વિચાર=સંક્રમ સાથેનું જે ધ્યાન તે સવિચાર ધ્યાન કહેવાય. 'અર્થવ્યઞ્જન...' અર્થ=દ્રવ્ય, વ્યંજન=શબ્દ, યોગ=મનોયોગ વિગેરે આ લોકોના અંતરથી=આ લોકોના ભેદથી સવિચાર,

आद्यशुक्लं भवति, किंनामेत्यत आह–'पृथक्त्ववितर्कं सविचारं' पृथक्त्वेन–भेदेन विस्तीर्णभावेनान्ये वितर्कः–श्रुतं यस्मिन् तत्तथा, कस्येदं भवतीत्यत आह–'अरागभावस्य' रागपरिणामरहितस्येति गाथार्थः ॥७८॥

जं पुण सुणिप्पकंपं निवायसरणप्पईवमिव चित्तं ।
उप्पायठिइभंगाइयाणमेगंमि पज्जाए ॥७९॥

व्याख्या–यत्पुनः 'सुनिष्प्रकम्पं' विक्षेपरहितं 'निवातशरणप्रदीप इव' निर्गतवातगृहैकदेशस्थदीप इव 'चित्तम्' अन्तःकरणं, क्व ?–उत्पादस्थितिभङ्गादीनामेकस्मिन् पर्याये ॥७९॥

ततः किमत आह–

अवियारमत्थवंजणजोगंतरओ तयं बितियसुक्कं ।
पुव्वगयसुयालंबणमेगत्तवितक्कमवियारं ॥८०॥

व्याख्या–अविचारम्–असङ्क्रमं, कुतः ?–अर्थव्यञ्जनयोगान्तरतः इति पूर्ववत्, तमेवंविधं द्वितीयशुक्लं भवति, किमभिधानमित्यत आह–'एकत्ववितर्कमविचारम्' एकत्वेन–अभेदेन

એટલે કે દ્રવ્યમાંથી શબ્દમાં ચિંતન સંક્રમે, શબ્દમાંથી દ્રવ્યમાં સંક્રમે, એક યોગમાંથી બીજા યોગમાં સંક્રમે વિગેરે વિભાષા એટલે કે વિકલ્પો કરવા. આ પ્રથમ શુક્લધ્યાન છે. તેનું નામ શું છે ? તે કહે છે કે 'પૃથક્ત્વવિતર્ક સવિચાર.' અહીં પૃથક્ત્વ એટલે ભેદ. (આ ધ્યાન એક દ્રવ્યમાં રહેલા ઉત્પાદ વિગેરે પર્યાયોના ભેદને=જુદા જુદા પર્યાયોને આશ્રયીને થાય છે.) કેટલાક લોકો પૃથક્ત્વનો અર્થ 'વિસ્તીર્ણભાવ' કરે છે. (અર્થાત્ આ ધ્યાન સંક્રમવાળું હોવાથી વિષયનો વિસ્તાર=ઘણા બધા વિષયો આ ધ્યાનમાં છે.) વિતર્ક એટલે શ્રુત. (અર્થાત્ આ ધ્યાન પૂર્વગતશ્રુતાનુસારે થાય છે.) ભેદ સાથે શ્રુત છે જેમાં એવું ધ્યાન (એટલે કે શ્રુતના આધારે જુદા જુદા પર્યાયોમાં સંક્રમવાળું ધ્યાન) પૃથક્ત્વવિતર્કસવિચાર કહેવાય છે. આ ધ્યાન કોને હોય છે ? તે કહે છે – રાગના પરિણામ વિનાના જીવને આ ધ્યાન હોય છે. ॥ધ્યા.–૭૮॥

**ગાથાર્થ :-** **જે વળી ઉત્પાદ, સ્થિતિ, નાશ વિગેરેમાંથી કોઈ એક પર્યાયમાં પવન વિનાના સ્થાને રહેલ પ્રદીપની જેમ કંપન વિનાનું સ્થિર ચિત્ત (તે બીજો ભેદ જાણવો.)**

**ટીકાર્થ :** જે વળી વિક્ષેપરહિતનું, પવન વિનાના ઘરના એક દેશમાં રહેલ પ્રદીપની જેમ (સ્થિર) ચિત્ત, ક્યાં રહેલું ? – ઉત્પાદ, સ્થિતિ, નાશ વિગેરે પર્યાયમાંથી કોઈ એક પર્યાયમાં રહેલું (અન્વય ગાથાર્થ પ્રમાણે જાણવો.) ॥ધ્યા.–૭૯॥

અવતરણિકા : એક પર્યાયમાં રહેલું એવું ચિત્ત એ શું છે ? તે કહે છે ⇨

**ગાથાર્થ :-** **(તે ચિત્ત) અર્થ, શબ્દ અને યોગના ભેદથી અવિચાર, અર્થાત્ અર્થાદિના ભેદથી સંક્રમ વિનાનું, પૂર્વગતશ્રુતના આલંબનવાળું, એકત્વવિતર્ક-અવિચારનામે બીજું શુક્લધ્યાન છે.**

**ટીકાર્થ :** અવિચાર એટલે સંક્રમ વિનાનું, કેવી રીતે સંક્રમ વિનાનું ? – 'અર્થ, શબ્દ અને યોગના ભેદથી' આ શબ્દોનો અર્થ પૂર્વની જેમ જાણવો. આવા પ્રકારનું=અર્થમાંથી શબ્દમાં, વિગેરે સંક્રમવિનાનું ચિત્ત બીજું શુક્લધ્યાન છે. તેનું નામ શું છે ? તે કહે છે – 'એકત્વવિતર્ક

वितर्कः—व्यञ्जनरूपोऽर्थरूपो वा यस्य तत्तथा, इदमपि च पूर्वगतश्रुतानुसारेणैव भवति; अविचारादि पूर्ववदिति गाथार्थः ॥८०॥

निव्वाणगमणकाले केवलिणो दरनिरुद्धजोगस्स ।
सुहुमकिरियाऽनियट्टिं तइयं तणुकायकिरियस्स ॥८१॥

व्याख्या—'निर्वाणगमनकाले' मोक्षगमनप्रत्यासन्नसमये 'केवलिनः' सर्वज्ञस्य मनोवाग्योगद्वये निरुद्धे सति अर्द्धनिरुद्धकाययोगस्य, किं ?—'सूक्ष्मक्रियाऽनिवर्ति' सूक्ष्मा क्रिया यस्य तत्तथा सूक्ष्मक्रियं च तदनिवर्ति चेति नाम, निवर्तितुं शीलमस्येति निवर्ति प्रवर्द्धमानतरपरिणामात् न निवर्ति अनिवर्ति तृतीयं, ध्यानमिति गम्यते, 'तनुकायक्रियस्ये'ति तन्वी उच्छ्वासनिःश्वासादिलक्षणा कायक्रिया यस्य स तथाविधस्तस्येति गाथार्थः ॥८१॥

तस्सेव य सेलेसीगयस्स सेलोव्व णिप्पकंपस्स ।
वोच्छिन्नकिरियमप्पडिवाइ ज्झाणं परमसुक्कं ॥८२॥

व्याख्या—'तस्यैव च' केवलिनः 'शैलेशीगतस्य' शैलेशी—प्राग्वर्णिता तां प्राप्तस्य, किंविशिष्टस्य ?—निरुद्धयोगत्वात् 'शैलेश इव निष्प्रकम्पस्य' मेरोरिव स्थिरस्येत्यर्थः, किं ?—व्यवच्छिन्नक्रियं योगाभावात् तद् 'अप्रतिपाति' अनुपरतस्वभावमिति, एतदेव चास्य नाम ध्यानं

---

અવિચાર.' એકત્વ=અભેદ, વિતર્ક=વ્યંજન અથવા અર્થ, તેથી અભેદવડે વિતર્ક છે જેનો તે એકત્વવિતર્ક ધ્યાન. (અર્થાત્ વ્યંજન વિગેરેના ભેદ વિનાનું ધ્યાન.) આ ધ્યાન પણ પૂર્વગતશ્રુતના અનુસારે જ થાય છે. અવિચાર વિગેરે શબ્દોનો અર્થ પૂર્વની જેમ જાણવો. ॥ધ્યા.–૮૦॥

ગાથાર્થ :- કંઈક રુંધાયેલો છે કાયયોગ જેમનો (અને માટે જ) પાતળી=અલ્પ છે શરીરક્રિયા જેમને એવા કેવલીને મોક્ષગમનકાલે સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ નામનું ત્રીજું ધ્યાન આવે છે.

ટીકાર્થ : મોક્ષમાં જવાના અત્યંત નજીકના સમયે મન અને વચનયોગનો સંપૂર્ણ નિરોધ થયા બાદ અડધો=બાદર કાયયોગનો નિરોધ જેમણે કર્યો છે એવા સર્વજ્ઞ ભગવંતને શું ? – સૂક્ષ્મક્રિયા-અનિવૃત્તિ નામનું ત્રીજું ધ્યાન આવે છે. સૂક્ષ્મ ક્રિયા છે જે ધ્યાનમાં તે 'સૂક્ષ્મક્રિયા' ધ્યાન. તથા જે જતા રહેવાના=પડી જવાના સ્વભાવવાળું હોય તે નિવર્તિ કહેવાય. અહીં પ્રવર્ધમાનતર પરિણામ હોવાથી આ ધ્યાન પડી જવાના સ્વભાવવાળું હોતું નથી. તેથી તે ધ્યાનને અનિવર્તિ ધ્યાન કહેવાય છે. આમ, સૂક્ષ્મક્રિયાવાળું એવું જે અનિવર્તિ ધ્યાન તે સૂક્ષ્મક્રિયા-અનિવર્તિ ધ્યાન કહેવાય. આ ત્રીજું ધ્યાન છે. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ વિગેરેરૂપ અલ્પ કાયયોગ છે જેમને એવા સર્વજ્ઞભગવંતને આ ધ્યાન હોય છે. (અન્વય ગાથાર્થ પ્રમાણે.) ॥ધ્યા.–૮૧॥

ગાથાર્થ :- શૈલેશી અવસ્થાને પામેલા, મેરુની જેમ સ્થિર થયેલા તે જ કેવલીને વ્યુચ્છિન્નક્રિયા-અપ્રતિપાતી નામનું છેલ્લું=ચોથું શુક્લધ્યાન હોય છે.

ટીકાર્થ : પૂર્વે વર્ણવેલી એવી શૈલેશી અવસ્થાને પામેલા, સંપૂર્ણયોગનો નિરોધ કરેલ હોવાથી મેરુની જેમ સ્થિર થયેલા તે જ કેવલીને, શું ? – વ્યુચ્છિન્નક્રિયાવાળું એવું અપ્રતિપાતી

परमशुक्लं प्रकटार्थमिति गाथार्थः ॥८२॥

इत्थं चतुर्विधं ध्यानमभिधायाधुनैतत्प्रतिबद्धमेव वक्तव्यताशेषमभिधित्सुराह–

पढमं जोगे जोगेसु वा मयं बितियमेव जोगंमि ।
तइयं च कायजोगे सुक्कमजोगंमि य चउत्थं ॥८३॥

व्याख्या–'प्रथमं' पृथक्त्ववितर्कसविचारं 'योगे' मनआदौ योगेषु वा सर्वेषु 'मतम्' इष्टं, तच्चागमिकश्रुतपाठिनः, 'द्वितीयम्' एकत्ववितर्कमविचारं तदेकयोग एव, अन्यतरस्मिन् सङ्क्रमाभावात्, तृतीयं च सूक्ष्मक्रियाऽनिवर्ति काययोगे, न योगान्तरे, शुक्लम् 'अयोगिनि च' शैलेशीकेवलिनि 'चतुर्थं' व्युपरतक्रियाऽप्रतिपातीति गाथार्थः ॥८३॥

आह–शुक्लध्यानोपरिमभेदद्वये मनो नास्त्येव, अमनस्कत्वात् केवलिनः, ध्यानं च मनोविशेषः 'ध्यै चिन्ताया'मिति पाठात्, तदेतत्कथम् ?, उच्यते–

जह छउमत्थस्स मणो झाणं भण्णइ सुनिच्चलो संतो ।
तह केवलिणो काओ सुनिच्चलो भन्नए झाणं ॥८४॥

---

નામનું ચોથું=પરમ શ્રેષ્ઠ ધ્યાન હોય છે. અહીં યોગોનો અભાવ થવાથી આ ધ્યાન વ્યુચ્છિન્ન=નાશ પામેલી ક્રિયાવાળું કહેવાય છે. વળી, આ ધ્યાન અનુપરતસ્વભાવવાળું=અપ્રતિપાતી એટલે કે ફરી પડવાના સ્વભાવ-વાળું નથી. ॥ધ્યા.–૮૨॥

અવતરણિકા : આ પ્રમાણે ચાર પ્રકારના ધ્યાનને કહીને હવે ધ્યાનસંબંધી જ જે કંઈ કહેવાનું બાકી છે, તેને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે. (તેમાં અહીં ચારે પ્રકારમાં કયા પ્રકારમાં કેટલા અને કયા યોગ સંભવે તે કહે છે) ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : પ્રથમ એવું પૃથક્ત્વવિતર્ક સવિચાર ધ્યાન યોગને વિશે અથવા સર્વ યોગોને વિશે ઇષ્ટ છે. (અર્થાત્ આ ધ્યાન એક યોગમાં હોય અથવા એકમાંથી બીજા યોગમાં સંક્રમવાળું હોવાથી સર્વયોગમાં હોય છે.) અને આ ધ્યાન અગમિક=ભંગિક=ભાંગાઓવાળું શ્રુત ભણનારાને હોય છે. બીજા એકત્વવિતર્ક-અવિચાર ધ્યાનમાં સંક્રમનો અભાવ હોવાથી કોઈ એક યોગમાં જ આ ધ્યાન ઇષ્ટ છે. ત્રીજું સૂક્ષ્મક્રિયા-અનિવર્તિનામનું ધ્યાન કાયયોગમાં જ માનેલું છે, પણ મન-વચનયોગમાં નહીં. તથા વ્યુપરતક્રિયા-અપ્રતિપાતીનામનું ચોથું ધ્યાન અયોગીમાં એટલે શૈલેશી અવસ્થાને પામેલા કેવલીને વિશે મનાયેલું છે. (અર્થાત્ એ એક પણ યોગમાં હોતું નથી.) ॥ધ્યા.–૮૩॥

અવતરણિકા : શંકા : શુક્લધ્યાનના છેલ્લા ભેદોમાં મન નથી, કારણ કે તે બે ધ્યાન કેવલીને કહ્યા છે અને કેવલી મન વિનાના હોય અને ધ્યાન એ તો એક પ્રકારનું મન જ છે (અર્થાત્ મનનો વિષય છે.) તો મન વિનાના કેવલીને ધ્યાન કેવી રીતે ઘટે ? તે કહેવાય છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

व्याख्या–यथा छद्मस्थस्य मनः, किं ?–ध्यानं भण्यते सुनिश्चलं सत्, 'तथा' तेनैव प्रकारेण योगत्वाव्यभिचारात्केवलिनः कायः सुनिश्चलो भण्यते ध्यानमिति गाथार्थः ॥८४॥

आह–चतुर्थे निरुद्धत्वादसावपि न भवति, तथाविधभावेऽपि च सर्वभावप्रसङ्गः, तत्र का वार्तेति ?, उच्यते–

पुव्वप्पओगओ चिय कम्मविणिज्जरणहेउतो यावि ।
सद्दत्थबहुत्ताओ तह जिणचंदागमाओ य ॥८५॥
चित्ताभावेवि सया सुहुमोवरयकिरियाइ भण्णंति ।
जीवोवओगसब्भावओ भवत्थस्स झाणाइं ॥८६॥

व्याख्या–काययोगनिरोधिनो योगिनोऽयोगिनो वा चित्ताभावेऽपि सति सूक्ष्मोपरतक्रिये भण्येते, सूक्ष्मग्रहणात् सूक्ष्मक्रियाऽनिवर्तिनो ग्रहणम्, उपरतग्रहणाद्व्युपरतक्रियाऽप्रतिपातिन इति, पूर्वप्रयोगादिति हेतुः, कुलालचक्रभ्रमणवदिति दृष्टान्तोऽभ्यूह्यः, यथा चक्रं भ्रमण-

---

ટીકાર્થ : જેમ છદ્મસ્થનું મન અત્યંત સ્થિરતાને પામેલું છતું ધ્યાન કહેવાય છે. તે જ રીતે કેવલીનો સુનિશ્ચલ કાયયોગ ધ્યાન કહેવાય છે કારણ કે બંનેમાં યોગત્વનો અવ્યભિચાર=સમાનપણું છે. (અર્થાત્ જેમ છદ્મસ્થનું સ્થિર મન ધ્યાન કહેવાય છે તે પણ એક પ્રકારનો યોગ જ છે. તેમ કેવલીની સ્થિર કાયા પણ યોગ જ છે. આમ, મન અને કાયા બંનેમાં યોગપણું સરખું હોવાથી સ્થિર કાયાને પણ ધ્યાન કહેવામાં કોઈ દોષ નથી.) ॥ધ્યા.–૮૪॥

અવતરણિકા : શંકા : ચોથા પ્રકારના ધ્યાન સમયે આ કાયયોગનો પણ નિરોધ થવાથી એ પણ વિદ્યમાન નથી. તો ત્યાં સ્થિરકાયયોગરૂપ ધ્યાનની તો વાત જ ક્યાં કરવી. ત્યાં ધ્યાન કેવી રીતે ઘટાડવું ? અને જો એમ કહો કે નિરુદ્ધ હોવા છતાં કાયયોગ હોય તો છે જ, તો બીજા પણ નિરુદ્ધ યોગો હોવાની આપત્તિ આવશે. (અર્થાત્ ત્યાં કાયયોગનો નિરોધ કરવા છતાં કાયયોગ છે એવું માનો તો મનોયોગ અને વચનયોગ પણ માનવામાં શું વાંધો છે ? અને જો યોગો માનો તો પછી 'અયોગી' એવો શબ્દ અહીં વપરાશે જ નહીં. તેથી નિરુદ્ધકાયયોગ મનાશે નહીં તો ધ્યાન શબ્દ કેવી રીતે ઘટાડવો ?) ⇨

ગાથાર્થ :- (૧) પૂર્વ પ્રયોગના કારણે, (૨) કર્મનિર્જરાનો હેતુ હોવાથી પણ, (૩) શબ્દના અનેક અર્થ થતાં હોવાથી, અને (૪) જિનેશ્વરોનું આગમવચન હોવાથી તે સમયે ચિત્ત ન હોવા છતાં પણ જીવનું ઉપયોગરૂપ ભાવમન હાજર હોવાથી ભવસ્થ કેવલીને સૂક્ષ્મક્રિયા અને વ્યુપરતક્રિયા હમેશાં ધ્યાન તરીકે કહેવાય છે.

ટીકાર્થ : કાયયોગનો નિરોધ કરનારા એવા યોગીને અથવા અયોગીને ચિત્ત ન હોવા છતાં પણ સૂક્ષ્મક્રિયા અને ઉપરતક્રિયા એ (ધ્યાન તરીકે) કહેવાય છે. અહીં સૂક્ષ્મના ગ્રહણથી સૂક્ષ્મક્રિયા-અનિવર્તિ ધ્યાનનું ગ્રહણ કરવું અને ઉપરતના ગ્રહણથી વ્યુપરતક્રિયા-અપ્રતિપાતી ધ્યાનનું ગ્રહણ કરવું. તે યોગી કે અયોગીકેવલીના સૂક્ષ્મ-વ્યુપરતક્રિયા ધ્યાનરૂપ કહેવાય તેનું કારણ (૧) પૂર્વપ્રયોગ છે. અહીં કુંભારનું ચક્રભ્રમણ દૃષ્ટાન્તરૂપે જાણવું, અર્થાત્ (પૂર્વે દંડાદિવડે

निमित्तदण्डादिक्रियाऽभावेऽपि भ्रमति तथाऽस्यापि मनःप्रभृतियोगोपरमेऽपि जीवोपयोगसद्भावतः भावमनसो भावात् भवस्थस्य ध्याने इति, अपिशब्दश्चोदनानिर्णयप्रथमहेतुसम्भावनार्थः, चशब्दस्तु प्रस्तुतहेत्वनुकर्षणार्थः, एवं शेषहेतवोऽप्यनया गाथया योजनीयाः, विशेषस्तूच्यते– 'कर्मविनिर्जरणहेतुतश्चापि' कर्मविनिर्जरणहेतुत्वात् क्षपकश्रेणिवत्, भवति च क्षपकश्रेण्यामिवास्य भवोपग्राहिकर्मनिर्जरेति भावः, चशब्दः प्रस्तुतहेत्वनुकर्षणार्थः, अपिशब्दस्तु द्वितीयहेतुसम्भावनार्थ इति, 'तथा शब्दार्थबहुत्वात्' यथैकस्यैव हरिशब्दस्य शक्रशाखामृगादयोऽनेकार्थाः एवं ध्यानशब्दस्यापि न विरोधः, 'ध्यै चिन्तायां' 'ध्यै कायनिरोधे' 'ध्यै अयोगित्वे' इत्यादि, तथा जिनचन्द्रागमाच्चैतदेवमिति, उक्तं च–

*"आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् ।*
*अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥१॥"*

---

ચક્રને ભમાવ્યા બાદ દંડાદિ કાઢી લીધા પછી) જેમ ભ્રમણનું કારણ એવા દંડાદિની ક્રિયા ન હોવા છતાં તે ચક્ર (પૂર્વપ્રયોગથી પોતાની મેળે) ભમે છે, તેમ આ કેવલીને પણ મન વિગેરે યોગો ન હોવા છતાં પણ જીવના ઉપયોગનો સદ્‌ભાવ હોવાથી એટલે કે ભાવમન હાજર હોવાથી ભવસ્થકેવલીને સૂક્ષ્મ-વ્યુપરતક્રિયારૂપ બંને ધ્યાન તરીકે કહેવાય છે, (અર્થાત્ જેમ દંડ ન હોવા છતાં ભ્રમણ ચાલુ રહે છે તેમ મનોયોગાદિનો નિરોધ થવા છતાં જ્ઞાનોપયોગ ચાલુ રહે છે અને આ જ્ઞાનોપયોગ એ ભાવમનરૂપ હોવાથી ધ્યાનરૂપ છે.)

અહીં (चिय=चापि માં) જે अपि શબ્દ છે તે શંકાનો (ધ્યાન કેવી રીતે ઘટે ? એ શંકાનો) નિર્ણય કરવા પ્રથમહેતુની સંભાવના જણાવે છે. તથા 'च' શબ્દ 'पूर्वप्रयोगाद्'રૂપ પ્રસ્તુતહેતુને આગળ ખેંચનાર જાણવો. આ પ્રમાણે બીજા હેતુઓ પણ આ ગાથાવડે જોડી દેવા યોગ્ય છે. (અર્થાત્ ગા. ૮૬માં કહ્યું કે 'ચિત્તનો અભાવ હોવા છતાં સૂક્ષ્મક્રિયા અને ઉપરતક્રિયા એ ધ્યાનરૂપ છે' એ વાતની સિદ્ધિ માટે ગા. ૮૫માં આપેલ સર્વ કારણો ગા. ૮૬માં જોડી દેવા. તેથી હવે તે કારણોનો અર્થ કરવા માટે કહે છે કે) જે વિશેષ છે તે કહેવાય છે – (૨) ક્ષપકશ્રેણિની જેમ કર્મનિર્જરાનું કારણ હોવાથી પણ તે ધ્યાનરૂપ છે. જેમ ક્ષપકશ્રેણિમાં ઘાતીકર્મનો ક્ષય કરનારા પ્રથમ બે ભેદરૂપ ધ્યાન હોય છે, તેમ અહીં પણ અઘાતીકર્મોનો ક્ષય કરનારા છેલ્લા બે ભેદરૂપ ધ્યાન છે. (આમ કર્મોની નિર્જરા કરનાર હોવાથી પણ તે બંને ધ્યાનરૂપ છે.) 'च' શબ્દ પ્રસ્તુત (=કર્મનિર્જરારૂપ) કારણ ખેંચનાર છે. अपि શબ્દ બીજો હેતુ જણાવનાર છે.

(૩) તથા 'શબ્દના અનેક અર્થો થતાં હોવાથી,' જેમ એક એવા જ 'હરિ'શબ્દના ઇન્દ્ર, વાનર વિગેરે અનેક અર્થો થાય છે, તેમ ધ્યાનશબ્દના પણ અનેક અર્થો કરવામાં કોઈ વિરોધ નથી. જેમ કે, ધ્યાનશબ્દના સ્થિરચિંતન, કાયનિરોધ, અયોગીપણું વિગેરે અર્થો થાય છે. (તેથી અહીં કાયનિરોધને ત્રીજું ધ્યાન અને અયોગીપણાને ચોથું ધ્યાન કહેવામાં કોઈ વિરોધ નથી.)

(૪) તથા જિનચન્દ્રના (વીતરાગકેવલીઓરૂપ જિનોમાં ચન્દ્રસમાન એવા તીર્થંકરોના) આગમ વચનથી તે બે અવસ્થાઓ ધ્યાનરૂપ કહેવાય છે. કહ્યું છે – અતીન્દ્રિય પદાર્થોની

इत्यादि गाथाद्वयार्थः ॥८५-८६॥

उक्तं ध्यातव्यद्वारं, ध्यातारस्तु धर्मध्यानाधिकार एवोक्ताः, अधुनाऽनुप्रेक्षाद्वारमुच्यते—

सुक्कज्झाणसुभावियचित्तो चिंतेइ झाणविरमेऽवि ।
णिययमणुप्पेहाओ चत्तारि चरित्तसंपन्नो ॥८७॥

व्याख्या—शुक्लध्यानसुभावितचित्तश्चिन्तयति ध्यानविरमेऽपि नियतमनुप्रेक्षाश्चतस्त्रश्चारित्रसम्पन्नः, तत्परिणामरहितस्य तदभावादिति गाथार्थः ॥८७॥

ताश्चैताः—

आसवदारावाए तह संसारासुहाणुभावं च ।
भवसंताणमणन्तं वत्थूणं विपरिणामं च ॥८८॥

व्याख्या—आश्रवद्वाराणि-मिथ्यात्वादीनि तदपायान्—दुःखलक्षणान्, तथा संसाराशुभानुभावं च, 'धी संसारो' इत्यादि, भवसन्तानमनन्तं भाविनं नारकाद्यपेक्षया, वस्तूनां विपरिणामं च सचेतनाचेतनानां 'सव्वट्ठाणाणि असासयाणी'त्यादि, एताश्चतस्त्रोऽप्यपायाशुभानन्त-

---

વિદ્યમાનતાના સ્વીકાર માટે આગમવચન અને યુક્તિ આ બંને મળીને જ દષ્ટિમાટેનું=યથાર્થજ્ઞાનનું સંપૂર્ણ લક્ષણ કહેવાય છે. (અર્થાત્ એકલા તર્કથી પણ પદાર્થની સિદ્ધિ ન થાય કે એકલા આગમવચનથી પણ સિદ્ધિ ન થાય. બંને ભેગા મળે તો જ સિદ્ધિ થાય.) ॥૧॥ વિગેરે. ॥ધ્યા.—૮૫-૮૬॥

અવતરણિકા : ધ્યાતવ્યદ્વાર કહ્યું. ધ્યાતાઓ ધર્મધ્યાનના અધિકારમાં જ કહી ગયા છે. તેથી હવે અનુપ્રેક્ષાદ્વાર કહેવાય છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : શુક્લધ્યાનથી ચિત્તને જેણે સારી રીતે ભાવિત કર્યું છે તેવો ચારિત્રસંપન્ન જીવ ધ્યાન બંધ થયા પછી પણ અવશ્ય ચાર અનુપ્રેક્ષાઓ વિચારે. અહીં 'ચારિત્રસંપન્ન' કહ્યું એનું કારણ એ કે ચારિત્રપરિણામથી રહિત આત્માને અનુપ્રેક્ષા હોતી નથી. ॥ધ્યા.—૮૭॥

અવતરણિકા : તે ચાર અનુપ્રેક્ષા આ પ્રમાણે જાણવી ⇨

ગાથાર્થ :- (૧) આશ્રવદ્વારોના અનર્થો, (૨) સંસારનો અશુભ સ્વભાવ, (૩) ભવની અનંત પરંપરા (૪) અને વસ્તુનો (ક્ષણભંગુરત્વ વિગેરે) વિપરિણામ.

ટીકાર્થ - (૧) મિથ્યાત્વ વિગેરે આશ્રવદ્વારોના દુઃખરૂપ અનર્થોને (વિચારે.) તથા (૨) સંસારના અશુભ સ્વભાવને વિચારે. જેમ કે ધિક્કાર છે આ સંસારને (કે જે જીવની પાસે એના પોતાના જ અહિતની વસ્તુ આચરાવે છે...) વિગેરે.

તથા (૩) નારક વિગેરે ભવોની અપેક્ષાએ થનારી સંસારની અનંત પરંપરાને વિચારે. (૪) અને સચિત્ત-અચિત્ત એવા પદાર્થોના ક્ષણભંગુરત્વ વિગેરે વિપરિણામને વિચારે. જેમ કે સર્વ સ્થાનો (=ચક્રવર્તીત્વ, ઇન્દ્રત્વ વિગેરે) અશાશ્વત છે... વિગેરે. આ અપાય, અશુભ,

विपरिणामानुप्रेक्षा आद्यद्वयभेदसङ्गता एव द्रष्टव्या इति गाथार्थः ॥८८॥

उक्तमनुप्रेक्षाद्वारम्, इदानीं लेश्याद्वाराभिधित्सयाऽऽह–

सुक्काए लेसाए दो ततियं परमसुक्कलेस्साए ।
थिरयाजियसेलेसिं लेसाईयं परमसुक्कं ॥८९॥

व्याख्या–सामान्येन शुक्लायां लेश्यायां 'द्वे' आद्ये उक्तलक्षणे 'तृतीयम्' उक्तलक्षणमेव, परमशुक्ललेश्यायां 'स्थिरताजितशैलेशं' मेरोरपि निष्प्रकम्पतरमित्यर्थः, लेश्यातीतं 'परमशुक्लं' चतुर्थमिति गाथार्थः ॥८९॥

उक्तं लेश्याद्वारम्, अधुना लिङ्गद्वारं विवरीषुस्तेषां नामप्रमाणस्वरूपगुणभावनार्थमाह–

अवहासंमोहविवेगविउसग्गा तस्स होंति लिंगाइं ।
लिंगिज्जइ जेहिं मुणी सुक्कज्झाणोवगयचित्तो ॥९०॥

व्याख्या–अवधासम्मोहविवेकव्युत्सर्गाः 'तस्य' शुक्लध्यानस्य भवन्ति लिङ्गानि, 'लिङ्ग्यते' गम्यते यैर्मुनिः शुक्लध्यानोपगतचित्त इति गाथाक्षरार्थः ॥९०॥

अधुना भावार्थमाह–

चालिज्जइ बीभेइ य धीरो न परीसहोवसग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ भावेसु न देवमायासु ॥९१॥

---

અનંત અને વિપરિણામ નામની ચારે પણ અનુપ્રેક્ષાઓ પહેલા બે શુક્લધ્યાનમાં સંગત જ જાણવી. (અર્થાત્ છેલ્લા બે ધ્યાન સમયે મન ન હોવાથી અનુપ્રેક્ષા પણ ઘટતી નથી. પરંતુ પ્રથમ બે ભેદોમાં મન હોવાથી આ ચારે પ્રકારની અનુપ્રેક્ષાઓ ઘટે જ છે.) ॥ધ્યા.–૮૮॥

અવતરણિકા : અનુપ્રેક્ષાદ્વાર કહ્યું. હવે લેશ્યાદ્વારને કહેવાની ઇચ્છાથી કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : સામાન્યથી શુક્લલેશ્યામાં પ્રથમ બે ધ્યાન હોય છે. ત્રીજું ધ્યાન કે જેનું સ્વરૂપ કહીજ ગયા છે તે પરમ એવી શુક્લલેશ્યામાં હોય છે અને સ્થિરતાવડે મેરુને જીતનાર એટલે કે મેરુથી પણ સ્થિરતર એવું ચોથું શુક્લધ્યાન લેશ્યારહિત હોય છે. ॥ધ્યા.–૮૯॥

અવતરણિકા : લેશ્યાદ્વાર કહ્યું. હવે લિંગદ્વારનું વિવરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી તે લિંગોના નામ, પ્રમાણ, સ્વરૂપ અને ગુણને જણાવવા માટે કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૧) અવધ, (૨) અસંમોહ, (૩) વિવેક અને (૪) ત્યાગ આ ચાર શુક્લધ્યાનના લિંગો=ચિહ્નો છે. આ તે લિંગો છે કે જેનાવડે મુનિ શુક્લધ્યાનથી યુક્ત ચિત્તવાળો છે એવું જણાય છે. ॥ધ્યા.–૯૦॥

અવતરણિકા : હવે (આ ચારેના) ભાવાર્થને કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

व्याख्या–चाल्यते ध्यानात् न परीषहोपसर्गैर्बिभेति वा 'धीरः' बुद्धिमान् स्थिरो वा न तेभ्य इत्यवधलिङ्गं, 'सूक्ष्मेषु' अत्यन्तगहनेषु 'न संमुह्यते' न सम्मोहमुपगच्छति, 'भावेषु' पदार्थेषु न देवमायासु अनेकरूपास्वित्यसम्मोहलिङ्गमिति गाथाक्षरार्थः ॥९१॥

देहविवित्तं पेच्छइ अप्पाणं तह य सव्वसंजोगे ।
देहोवहिवोसग्गं निस्संगो सव्वहा कुणइ ॥९२॥

व्याख्या–देहविविक्तं पश्यत्यात्मानं तथा च सर्वसंयोगानिति विवेकलिङ्गं, देहोपधिव्युत्सर्गं निःसङ्गः सर्वथा करोति व्युत्सर्गलिङ्गमिति गाथार्थः ॥९२॥

गतं लिङ्गद्वारं, साम्प्रतं फलद्वारमुच्यते, इह च लाघवार्थं प्रथमोपन्यस्तं धर्मफलमभिधाय शुक्लध्यानफलमाह, धर्मफलानामेव शुद्धतराणामाद्यशुक्लद्वयफलत्वाद्, अत आह–

होंति सुहासवसंवरविणिज्जरामरसुहाइं विउलाइं ।
झाणवरस्स फलाइं सुहाणुबंधीणि धम्मस्स ॥९३॥

व्याख्या–भवन्ति 'शुभाश्रवसंवरविनिर्जरामरसुखानि' शुभाश्रवः–पुण्याश्रवः संवरः–अशुभकर्मागमनिरोधः विनिर्जरा–कर्मक्षयः अमरसुखानि–देवसुखानि, एतानि च दीर्घस्थिति-

---

ટીકાર્થ : અવધલિંગ આ પ્રમાણે જાણવું – ધીર એટલે કે બુદ્ધિમાન અથવા સ્થિર એવો મુનિ પરિષહો અને ઉપસર્ગોવડે ધ્યાનથી ચલિત થતો નથી કે તે પરિષહ-ઉપસર્ગોથી ડરતો નથી. (આ એક અવધનામનું ચિહ્ન કહ્યું.) (૨) 'પૂર્વગત' શ્રુતમાં રહેલા અત્યંત ગહન પદાર્થોમાં તે મોહ પામતો નથી કે દેવ આગમવચન કરતાં વિરુદ્ધ બતાવે તો પણ શ્રદ્ધા ચલિત થતી નથી. આ અસંમોહલિંગ કહ્યું. ।।ધ્યા.–૯૧।।

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : (૩) દેહ અને સર્વ સંયોગોને પોતાનાથી ભિન્ન તરીકે જુએ છે. આ વિવેકચિહ્ન કહ્યું. (૪) કોઈપણ જાતના સંગ=આસક્તિ વિનાનો તે શરીર અને ઉપધિનો સર્વથા ત્યાગ કરે છે, (એટલે કે શરીર અને ઉપધિસંબંધી વિભૂષા વિગેરેનો ત્યાગ કરે છે.) આ વ્યુત્સર્ગચિહ્ન કહ્યું. ।।ધ્યા.–૯૨।।

અવતરણિકા : લિંગદ્વાર કહ્યું. હવે ફલદ્વાર કહેવાય છે અને અહીં લાઘવ માટે પૂર્વે સ્થાપિત કરી રાખેલ ધર્મધ્યાનના ફલને કહીને શુક્લધ્યાનના ફલને કહેશે કારણ કે ધર્મધ્યાનના ફલો જ વધુ વિશુદ્ધતરરૂપે થયેલા શુક્લધ્યાનના પ્રથમ બે ભેદના ફલરૂપે છે. આથી ધર્મધ્યાનના ફલને કહે છે ⇨

ગાથાર્થ :- ઉત્તમ એવા ધર્મધ્યાનનું ફલ વિપુલપ્રમાણના શુભાશ્રવ, સંવર, નિર્જરા અને દિવ્ય સુખો છે અને તે પણ શુભ અનુબંધવાળા.

ટીકાર્થ : ધર્મધ્યાનથી પુણ્યનો આશ્રવ=બંધ થાય, સંવર એટલે અશુભ કર્મોના આગમનો અટકાવ થાય, કર્મક્ષય થાય, દેવલોકસંબંધી સુખોની પ્રાપ્તિ થાય. આ બધા ફલો વિપુલ થાય

विशुद्ध्युपपाताभ्यां 'विपुलानि' विस्तीर्णानि, 'ध्यानवरस्य' ध्यानप्रधानस्य फलानि 'शुभानुबन्धीनि' सुकुलप्रत्यायातिपुनर्बोधिलाभभोगप्रव्रज्याकेवलशैलेश्यपवर्गानुबन्धीनि 'धर्मस्य' ध्यानस्येति गाथार्थः ॥९३॥

उक्तानि धर्मफलानि, अधुना शुक्लमधिकृत्याह—

ते य विसेसेण सुभासवादओऽणुत्तरामरसुहं च ।
दोण्हं सुक्काण फलं परिनिव्वाणं परिल्लाणं ॥९४॥

व्याख्या—ते च विशेषेण 'शुभाश्रवादयः' अनन्तरोदिताः, अनुत्तरामरसुखं च द्वयोः शुक्लयोः फलमाद्ययोः 'परिनिर्वाणं' मोक्षगमनं 'परिल्लाणं'ति चरमयोर्द्वयोरिति गाथार्थः ॥९४॥

अथवा सामान्येनैव संसारप्रतिपक्षभूते एते इति दर्शयति—

आसवदारा संसारहेयवो जं ण धम्मसुक्केसु ।
संसारकारणाइं (ण) तओ धुवं धम्मसुक्काइं ॥९५॥

व्याख्या—आश्रवद्वाराणि संसारहेतवो वर्तन्ते, तानि च यस्मान्न शुक्लधर्मयोर्भवन्ति, संसारकारणे न तस्माद् 'ध्रुवं' नियमेन धर्मशुक्ले इति गाथार्थः ॥९५॥

संसारप्रतिपक्षतया च मोक्षहेतुर्ध्यानमित्यावेदयन्नाह—

---

એટલે લાંબા કાળ માટે અને વિશુદ્ધિથી યુક્ત પ્રાપ્ત થાય. આ ફલો ધ્યાનમાં પ્રધાન એવા ધર્મધ્યાનના જાણવા. વળી, આ ફલો શુભાનુબંધવાળા પ્રાપ્ત થાય એટલે કે સુકુળમાં પુનઃ ઉત્પત્તિ, ફરીથી બોધિલાભ=સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, દીક્ષા, કેવલજ્ઞાન, શૈલેશી અને મોક્ષ સુધીના ફલને લાવી આપનારા થાય છે. ॥ધ્યા.—૯૩॥

અવતરણિકા : ધર્મધ્યાનના ફલો કહ્યા. હવે શુક્લધ્યાનને આશ્રયીને ફલો કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : તે જ હમણાં કહેવાયેલા એવા શુભાશ્રય વિગેરે વિશેષ પ્રકારના અને અનુત્તર એવું દેવલોકનું સુખ એ પ્રથમ બે શુક્લધ્યાનના ફલો છે. (એટલે કે ધર્મધ્યાનમાં શુભાશ્રવ વિગેરે જે ફલ પ્રાપ્ત થાય તે જ ફલ શુક્લધ્યાનમાં વિશેષ પ્રકારે પ્રાપ્ત થાય છે.) છેલ્લા બે શુક્લધ્યાનનું ફલ મોક્ષગમન જાણવું. ॥ધ્યા.—૯૪॥

અવતરણિકા : અથવા સામાન્યથી જ આ ધર્મ-શુક્લધ્યાન એ સંસારના શત્રુરૂપ છે એ જણાવે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : મિથ્યાત્વ વિગેરે આશ્રવદ્વારો એ સંસારના કારણો છે. અને જે કારણથી આ આશ્રવદ્વારો ધર્મ-શુક્લધ્યાનમાં હોતા નથી. તેથી ધર્મ-શુક્લધ્યાન નિયમથી સંસારના કારણો નથી. (પરંતુ સંસારના શત્રુ છે.) ॥ધ્યા.—૯૫॥

અવતરણિકા : અને સંસારના શત્રુરૂપ હોવાથી જ ધ્યાન એ મોક્ષના કારણ છે એવું

संवरविणिज्जराओ मोक्खस्स पहो तवो पहो तासिं ।
झाणं च पहाणंगं तवस्स तो मोक्खहेऊयं ॥९६॥

व्याख्या–संवरनिर्जरे 'मोक्षस्य पन्थाः' अपवर्गस्य मार्गः, तपः 'पन्थाः' मार्गः 'तयोः' संवरनिर्जरयोः ध्यानं च प्रधानाङ्गं तपसः आन्तरकारणत्वात्, ततो मोक्षहेतुस्तद्ध्यानमिति गाथार्थः ॥९६॥

अमुमेवार्थं सुखप्रतिपत्तये दृष्टान्तैः प्रतिपादयन्नाह–

अंबरलोहमहीणं कमसो जह मलकलंकपंकाणं ।
सोज्झावणयणसोसे साहेंति जलाणलाइच्चा ॥९७॥

व्याख्या–'अम्बरलोहमहीनां' वस्त्रलोहार्द्रक्षितीनां 'क्रमशः' क्रमेण यथा मलकलङ्कपङ्कानां यथासङ्ख्यं शोध्यपनयनशोषान् यथासङ्ख्यमेव 'साधयन्ति' निर्वर्तयन्ति जलानलादित्या इति गाथार्थः ॥९७॥

तह सोज्झाइसमत्था जीवंबरलोहमेइणिगयाणं ।
झाणजलाणलसूरा कम्ममलकलंकपंकाणं ॥९८॥

व्याख्या–तथा शोध्यादिसमर्था जीवाम्बरलोहमेदिनीगतानां ध्यानमेव जलानलसूर्याः कर्मैव मलकलङ्कपङ्कास्तेषामिति गाथार्थः ॥९८॥ किं च–

तावो सोसो भेओ जोगाणं झाणओ जहा निययं ।

---

જણાવતા કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : સંવર અને નિર્જરા એ મોક્ષનો માર્ગ (=કારણ) છે. તપ એ સંવર-નિર્જરાનો માર્ગ છે અને ધ્યાન એ તપનું આંતરિકકારણ હોવાથી પ્રધાન અંગ છે. તેથી તે ધ્યાન એ મોક્ષનું કારણ છે. ॥ધ્યા.–૯૬॥

અવતરણિકા : સુખેથી બોધ થઈ શકે માટે આ જ અર્થને દૃષ્ટાન્તોવડે પ્રતિપાદન કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : જેમ પાણી વસ્ત્રના મેલને શુદ્ધ કરે છે, અગ્નિ લોખંડના કલંકને દૂર કરે છે અને સૂર્ય ભીની પૃથ્વીના કાદવને સૂકવે છે. ॥ધ્યા.–૯૭॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : તે જ રીતે ધ્યાનરૂપ પાણી, અગ્નિ અને સૂર્ય એ જીવરૂપ વસ્ત્ર, લોખંડ અને પૃથ્વીમાં રહેલ કર્મરૂપ મેલ, કલંક અને કાદવના ક્રમશઃ શુદ્ધિ, અપનયન અને શોષણ કરવામાં સમર્થ છે. ॥ધ્યા-૯૮॥ વળી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

तह तावसोसमेया कम्मस्सवि झाइणो नियमा ॥९९॥

व्याख्या–तापः शोषो भेदो योगानां 'ध्यानतः' ध्यानात् यथा 'नियतम्' अवश्यं, तत्र तापः–दुःखं तत एव शोषः–दौर्बल्यं तत एव भेदः–विदारणं योगानां–वागादीनां, 'तथा' तेनैव प्रकारेण तापशोषभेदाः कर्मणोऽपि भवन्ति, कस्य ?–'ध्यायिनः' न यदृच्छया नियमेनेति गाथार्थः ॥९९॥ किं च–

जह रोगासयसमणं विसोसणविरेयणोसहविहीहिं ।
तह कम्मामयसमणं झाणाणसणाइजोगेहिं ॥१००॥

व्याख्या–यथा 'रोगाशयशमनं' रोगनिदानचिकित्सा 'विशोषणविरेचनौषधविधिभिः' अभोजनविरेकौषधप्रकारैः, तथा 'कर्मामयशमनं' कर्मरोगचिकित्सा ध्यानानशनादिभिर्योगैः, आदिशब्दाद् ध्यानवृद्धिकारकशेषतपोभेदग्रहणमिति गाथार्थः ॥१००॥ किं च–

जह चिरसंचियमिंधणमनलो पवणसहिओ दुयं दहइ ।
तह कम्मेंधणममियं खणेण झाणाणलो दहइ ॥१०१॥

व्याख्या–यथा 'चिरसञ्चितं' प्रभूतकालसञ्चितम् 'इन्धनं' काष्ठादि 'अनलः' अग्निः 'पवनसहितः' वायुसमन्वितः 'द्रुतं' शीघ्रं च 'दहति' भस्मीकरोति, तथा दुःखतापहेतुत्वात् कर्मैवेन्धनं कर्मेन्धनम् 'अमितम्' अनेकभवोपात्तमनन्तं 'क्षणेन' समयेन ध्यानमनल इव

---

ટીકાર્થ : જેમ ધ્યાનથી મન-વચન અને કાયયોગનો નિયમા તાપ, શોષ અને ભેદ થાય છે. અહીં તાપ એટલે દુઃખ, તેથી જ શોષ એટલે દુર્બળતા અને તેથી જ ભેદ એટલે વચનાદિયોગોનો નાશ. (અર્થાત્ જેમ ધ્યાનથી મન-વચન અને કાયયોગને દુઃખ પહોંચે છે. દુઃખ=પીડા થવાથી તે યોગો નબળા પડતા જાય છે અને નબળા પડવાથી અંતે તે યોગોનો નાશ થાય છે.) તેમ કર્મોનો પણ તાપ, શોષ અને ભેદ થાય છે. કોના કર્મોનો ? ધ્યાનીના કર્મનો, વળી તે યદૃચ્છાએ નહીં અર્થાત્ થાય કે ન પણ થાય એવું નહીં પરંતુ નિયમથી=અવશ્ય થાય જ છે. ॥ધ્યા.–૯૯॥ વળી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : જેમ રોગના મૂલકારણની ચિકિત્સા અભોજન, વિરેક(=રેચ) અને જુદા જુદા પ્રકારની ઔષધિઓવડે થાય છે, તેમ કર્મરૂપ રોગની ચિકિત્સા ધ્યાન, અનશન વિગેરે યોગોવડે થાય છે. અહીં આદિશબ્દથી ધ્યાનમાં વૃદ્ધિને કરનારા એવા અનશન સિવાયના શેષ જુદા-જુદા તપો ગ્રહણ કરવા ॥ધ્યા.–૧૦૦॥ વળી ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : જેમ લાંબાકાળથી સંગ્રહી રાખેલા લાકડા વિગેરે બળતણને પવનથી તે બળતણ તરફ આવેલો અગ્નિ શીઘ્ર ભસ્મ કરી નાખે છે, તેમ-અહીં કર્મ પોતે જીવને દુઃખ અને તાપનું કારણ હોવાથી બળતણ=ઈંધણરૂપ છે. તેથી અનેક ભવોમાં ગ્રહણ કરેલા અનંત એવા આ

ध्यानानलः असौ 'दहति' भस्मीकरोतीति गाथार्थः ॥१०१॥

**जह वा घणसंघाया खणेण पवणाहया विलिज्जंति ।**
**झाणपवणावहूया तह कम्मघणा विलिज्जंति ॥१०२॥**

व्याख्या—यथा वा 'घनसङ्घाताः' मेघौघाः क्षणेन 'पवनाहताः' वायुप्रेरिता विलयं—विनाशं यान्ति—गच्छन्ति, 'ध्यानपवनावधूता' ध्यानवायुविक्षिप्ताः तथा कर्मैव जीवस्वभावावरणाद् घनाः २, उक्तं च—

*"स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।*
*चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवद् ॥१॥"*

इत्यादि, 'विलीयन्ते' विनाशमुपयान्तीति गाथार्थः ॥१०२॥

किं चेदमन्यद् इहलोकप्रतीतमेव ध्यानफलमिति दर्शयति—

**न कसायसमुत्थेहि य वाहिज्जइ माणसेहिं दुक्खेहिं ।**
**ईसाविसायसोगाइएहिं झाणोवगयचित्तो ॥१०३॥**

व्याख्या—'न कषायसमुत्थैश्च' न क्रोधाद्युद्भवैश्च 'बाध्यते' पीड्यते मानसैर्दुःखैः, मानसग्रहणात्ताप इत्याद्यपि यदुक्तं तन्न बाध्यते 'ईर्ष्याविषादशोकादिभिः' तत्र प्रतिपक्षाभ्युदयोपलम्भजनितो मत्सरविशेष ईर्ष्या विषादः—वैक्लव्यं शोकः—दैन्यम्, आदिशब्दाद् हर्षादि-

---

કર્મરૂપ બળતણને ધ્યાનરૂપ અગ્નિ એક સમયમાં ભસ્મ કરી નાખે છે. ॥ધ્યા.–૧૦૧॥

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : અથવા જેમ પવનથી ધકેલાયેલા વાદળના સમૂહ ક્ષણવારમાં નાશ પામે છે, તેમ ધ્યાનરૂપ વાયુથી પ્રેરાયેલા કર્મરૂપ વાદળો નાશ પામે છે. અહીં કર્મ પોતે જીવના મૂળભૂત સ્વભાવને ઢાંકનાર હોવાથી વાદળસમાન કહ્યા છે. કહ્યું છે – "જીવ સ્વભાવથી ભાવની શુદ્ધિવડે ચંદ્ર જેવો છે, અને તેનું વિજ્ઞાન=જ્ઞાન એ ચંદ્રના કિરણો જેવું છે. આ જ્ઞાનગુણને ઢાંકનારા કર્મો વાદળો જેવા છે. ॥૧॥" ॥ધ્યા.–૧૦૨॥

અવતરણિકા : (આ તો પારલૌકિક ફલો કહ્યા.) વળી, આ લોકમાં પ્રતીત એવા અન્ય ધ્યાનના ફલો છે તે જણાવે છે ⇨

ગાથાર્થ :- ધ્યાનને પામેલા ચિત્તવાળો જીવ કષાયથી ઉદ્ભવેલા એવા ઈર્ષ્યા, વિષાદ, શોક વિગેરે માનસિકદુઃખોવડે પીડાતો નથી.

ટીકાર્થ : ક્રોધાદિ કષાયોથી ઉદ્ભવેલા એવા માનસિકદુઃખોથી પીડાતો નથી. અહીં માનસનું ગ્રહણ કરવાથી પૂર્વે તાપ, શોષ વિગેરે જે કહ્યા તેનાથી પણ તે પીડાતો નથી. (અર્થાત્ માનસિકદુઃખો, કષાય જનિત તાપ=બાહ્ય દુઃખ, શેષ=શરીરની કૃશતા વિગેરે પણ થતાં નથી.) કેવા પ્રકારના માનસિકદુઃખોવડે પીડાતો નથી ? – ઈર્ષ્યા, વિષાદ, શોક વિગેરેવડે પીડાતો નથી. તેમાં ઈર્ષ્યા એટલે સામેવાળાના અભ્યુદયને જાણીને ઉત્પન્ન થતો એક પ્રકારનો મત્સરદોષ.

परिग्रहः, ध्यानोपगतचित्त इति प्रकटार्थमयं गाथार्थः ॥१०३॥

सीयायवाइएहि य सारीरेहिं सुबहुप्पगारेहिं ।
झाणसुनिच्चलचित्तो न वहिज्जइ निज्जरापेही ॥१०४॥

व्याख्या–इह कारणे कार्योपचारात् शीतातपादिभिश्च, आदिशब्दात् क्षुदादिपरिग्रहः, शारीरैः 'सुबहुप्रकारैः' अनेकभेदैः 'ध्यानसुनिश्चलचित्तः' ध्यानभावितमतिर्न बाध्यते, ध्यानसुखादिति गम्यते, अथवा न शक्यते चालयितुं तत एव, 'निर्जरापेक्षी' कर्मक्षयापेक्षक इति गाथार्थः ॥१०४॥

उक्तं फलद्वारम्, अधुनोपसंहरन्नाह–

इय सव्वगुणाधाणं दिट्ठादिट्ठसुहसाहणं झाणं ।
सुपसत्थं सद्धेयं नेयं झेयं च निच्चंपि ॥१०५॥

व्याख्या–'इय' एवमुक्तेन प्रकारेण 'सर्वगुणाधानम्' अशेषगुणस्थानं दृष्टादृष्टसुखसाधनं ध्यानमुक्तन्यायात् सुष्ठु प्रशस्तं २, तीर्थकरगणधरादिभिरासेवितत्वात्, यतश्चैवमतः 'श्रद्धेयं'

વિષાદ એટલે વૈક્લવ્ય=પોતાની અપૂર્ણતાનો ખેદ, બેચેની. શોક એટલે દીનતા. આદિશબ્દથી આનંદ વિગેરે લેવા. (સાંસારિક ઇષ્ટ ઇચ્છાઓની પૂર્તિ થાય ત્યારે આનંદ વિગેરે થાય છે. પરંતુ ખરેખર તો તે પણ લોભાદિ કષાયથી જ ઉત્પન્ન થયેલ હોવાથી માનસિકદુઃખરૂપ જ કહેવાય છે.) આ બધા માનસિકદુઃખો કોને થતાં નથી ? – ધ્યાનમાં મગ્ન બનેલું છે ચિત્ત જેનું એવા આત્માને આવા માનસિકદુઃખો પીડા કરતા નથી. ॥ધ્યા.–૧૦૩॥

ગાથાર્થ :- ધ્યાનથી સુભાવિતચિત્તવાળો મુનિ ઠંડી, ગરમી વિગેરે ઘણા પ્રકારના શારીરિક દુઃખોવડે બાધિત થતો નથી, (કારણ કે) તે નિર્જરાનો-અપેક્ષી છે.

ટીકાર્થ : અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરેલ છે. (જો કે શીત, આતપ એ ઠંડી, ગરમી વિગેરે શારીરિકદુઃખોના કારણ છે છતાં અહીં શીત, આતપને જ શારીરિકદુઃખો કહ્યા તે ઉપચારથી જાણવા.) શીત-આતપ વિગેરે, આદિશબ્દથી ભૂખ-તરસ વિગેરે લેવા. આ ઠંડી-ગરમી વિગેરે ઘણા પ્રકારના શારીરિકદુઃખોથી ધ્યાનવડે સારી રીતે ભાવિત કર્યું છે ચિત્ત જેણે એવો મુનિ ધ્યાનના સુખથી=ધ્યાનથી બાધિત=ચલિત થતો નથી અથવા ધ્યાનથી ચલિત કરવા માટે આ શારીરિકદુઃખો સમર્થ બનતા નથી. (આ મુનિ કેવો છે ? –) નિર્જરાનો અપેક્ષી છે. ॥ધ્યા.–૧૦૪॥

અવતરણિકા : ફલદ્વાર કહ્યું. હવે ઉપસંહાર કરતાં કહે છે ⇨

ગાથાર્થ :- ટીકાર્થ પ્રમાણે જાણવો.

ટીકાર્થ : આ પ્રમાણે=કહેવાયેલ પ્રકારે ધ્યાન એ સર્વગુણોના સ્થાનભૂત=આધારભૂત છે, કહેવાયેલી પદ્ધતિથી આલોક અને પરલોકસંબંધી સુખનું કારણ છે, તીર્થંકર-ગણધરાદિવડે સેવાયેલું હોવાથી અત્યંત પ્રશસ્ત છે. અને જે કારણથી તે ધ્યાન તીર્થંકરાદિથી સેવિત છે તે કારણથી સર્વકાળ માટે શ્રદ્ધેય છે એટલે કે આ ધ્યાન ગુણોનો આધાર, સુખનું સાધન છે એ વાત એ

नान्यथैतदिति भावनया 'ज्ञेयं' ज्ञातव्यं स्वरूपतः 'ध्येयम्' अनुचिन्तनीयं क्रियया, एवं च सति सम्यग्दर्शनज्ञानचारित्राण्यासेवितानि भवन्ति, 'नित्यमपि' सर्वकालमपि, आह–एवं तर्हि सर्वक्रियालोपः प्राप्नोति, न, तदासेवनस्यापि तत्त्वतो ध्यानत्वात्, नास्ति काचिदसौ क्रिया याऽऽगमानुसारेण क्रियमाणा साधूनां ध्यानं न भवतीति गाथार्थः ॥१०५॥ ग्रन्थाग्रं १५६९६॥

॥ समाप्तं ध्यानशतकं ॥

પ્રમાણે જ છે એમાં કોઈ શંકા નથી, એવી ભાવનાથી તે ધ્યાન રૂચિ કરવા યોગ્ય છે. તથા તે ધ્યાનનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ? તે જાણવા યોગ્ય છે. તથા તે ધ્યાનમાં પ્રવૃત્તિ કરવાદ્વારા હંમેશા આચરવા યોગ્ય છે. આ પ્રમાણે કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરાયેલી થાય છે.

શંકા : જો આ રીતે તમે ધ્યાનને આટલું બધું મહત્ત્વ આપશો તો બધા જીવો ક્રિયાને છોડી ધ્યાન કરવા લાગશે અને તો તો સર્વક્રિયાઓનો લોપ થઈ જશે.

સમાધાન : એવું થશે નહીં, કારણ કે આચારોનું પાલન પણ તત્ત્વથી ધ્યાન જ છે. જગતમાં એવી કોઈ ક્રિયા નથી કે જે આગમાનુસારે કરાતી છતી સાધુઓને ધ્યાનરૂપ ન હોય. (અર્થાત્ આગમાનુસારે કરાતી સર્વ ક્રિયા સાધુઓ માટે ધ્યાનરૂપ છે.) ॥ધ્યા.–૧૦૫॥

॥ ધ્યાનશતક પૂર્ણ થયું. ॥

॥ इति निर्युक्तिक्रमाङ्काद् १०५६ तमादारभ्य १२७२ क्रमाङ्कं ध्यानशतकं च यावद् सनिर्युक्तिहरिभद्रीयवृत्तेर्गुर्जरानुवादस्य पञ्चमो विभागः समाप्तः ॥

# परिशिष्टम् - १

## श्रीमन्मलधारगच्छीयश्रीमद्धेमचन्द्रसूरिरचितम्

# हरिभद्रीयावश्यकवृत्तिटीप्पणकम्

### अधुना चतुर्विंशतिस्तव आरभ्यते

'**चतुर्विंशतिस्तवस्य निक्षेपो भवति नामनिष्पन्न**' इति (★३-३), ननु किं तन्नाम यस्य निक्षेपः करिष्यत इत्याह–'**अन्यस्याश्रुतत्वादि**'ति, ननु यदि नामैवात्र पृष्टव्यं तत्किमिति क इत्येनन पुंस्त्वनिर्देशः कृतो वृत्तिकृता ?, सत्यं, किन्तु को नामनिष्पन्नो निक्षेप इति निक्षेपापेक्षयेत्थं निर्देशो वस्तुतः पुनर्नामैवात्र पृष्टव्यमित्यदोषः । '**परमाणवस्त्वप्रदेशा एवे**'ति (१३-८), ननु यदि सामान्यविशेषरूपतया प्रदेशत्वमप्रदेशत्वं च गीयते तर्हि परमाणोरप्युभयता किं न स्याद् येनोच्यते परमाणवस्त्वप्रदेशा इति, न हि जैनानां किञ्चिद्वस्तु सामान्यविशेषरूपतामतिक्रामति, सत्यं, विद्यते परमाणुषु तिर्यक्सामान्यं न पुनः स्वावयवव्यापितत्वलक्षणमूर्द्ध्वसामान्यं, निरवयवत्वादेव तेषामित्यदोषः ॥ '**उदइयखओवसमिय**' गाहा '**उवसमसेढी एक्को**' गाहा (१७-२), नारकाणामौदयिको भावो–नरकगत्यादिः, क्षायोपशमिकास्त्विन्द्रियसम्पन्नतादिः पारिणामिकस्तु जीवत्वादिरित्येवं भावत्रयनिष्पन्नो नरकगतावेको भङ्गः, एवं तिर्यग्नरामरगतिष्वप्येकैको वाच्यः, ततो गतिचतुष्टयेऽपि चत्वारो भङ्गा भवन्ति, तथाऽभिहितस्वरूपे भावत्रये क्षायिकभावप्रक्षेपे भावचतुष्टयनिष्पन्न एको भङ्गो भवति, गतिचतुष्टयसम्बन्धात् चत्वारो भङ्गाः सम्पद्यन्ते, क्षायिकभावसम्पन्ना हि क्षायिकसम्यग्दृष्टयः सर्वास्वपि गतिषु लभ्यन्ते, अथ क्षायिकमपहाय तत्स्थाने औपशमिकः प्रक्षिप्यते, तद्योगेनापि गतिचतुष्टये चत्वारो भङ्गा भवन्ति, प्रथममेव सम्यक्त्वमासादयतां हि गतिचतुष्टये प्राप्यते औपशमिको भावः, एवं सर्वेऽपि द्वादशः, तथा दर्शनसप्तकं क्षपयित्वा य उपशमश्रेणीं विधत्ते तस्यौदयिकौपशमिकक्षायिकक्षायोपशमिकपारिणामिकभावपञ्चकनिष्पन्न एको भङ्गो लभ्यते, केवलिनोऽप्यौदयिकक्षायिकपारिणामिकभावत्रयनिष्पन्न एक एव, क्षायोपशमिकस्त्वस्य नास्ति 'अतीन्द्रियाः केवलिन' इतिवचनात्, सिद्धस्यापि क्षायिकपारिणामिकभावद्वयनिष्पन्न एक एव, एते सर्वेऽपि त्रयः पूर्वोक्ता द्वादश सर्वे पिण्डिताः पञ्चदश अविरुद्धसान्निपातिकभेदा भवन्ति, सान्निपातिकभेदा हि किलान्यथा प्ररूपणायां षड्विंशतिर्भवन्ति, तद्यथा–औदयिकादिभावपञ्चकस्य द्विकसंयोगे दश, त्रिकसंयोगेऽपि दशैव, चतुष्कसंयोगे पञ्च, पञ्चकसंयोगे त्वेकः, सर्वेऽपि षड्विंशतिः, एते च विरुद्धा उच्यन्ते, केषाञ्चित् क्वचिदुपलभ्यमानत्वेन प्ररूपणामात्रकत्वात्, प्रस्तुतास्तु पञ्चदशोक्तन्यायेन लभ्यमान-

★ પ્રથમ અંક પાના નંબર અને બીજો અંક પંક્તિ નંબર સૂચવે છે.

त्वादविरुद्धाः, अत उक्तं–"अविरुद्धसन्निवाइयभेया उ पन्नरसत्तीति" गाथाद्वयभावार्थः। '**इह तु किल नैगमनयदर्शनं मूढनयदर्शनं वाऽधिकृत्ये**'त्यादि (१८-५), एतदुक्तं भवति–नैगमवर्ज्जा हि किल शेषाः षड् नयाः केचित् केवलसामान्यवादिनः केचित्तु केवलविशेषवादिनः, तत्र यदि सामान्यवादिनयमतमाश्रीयते तदा पर्यायसामान्यस्यैकत्वाच्चतुर्विधत्वं पर्यायलोकस्यानुपपन्नं स्यात्, विशेषवादिनयास्तु प्रत्येकं भिन्नत्वात्पर्यायाणामनन्तमेव पर्यायलोकमिच्छन्ति न चतुर्विधं, नैगमः पुनरनेकरूपत्वाच्चतुर्विधमपीच्छति पर्यायलोकमतस्तन्मतमिहाश्रीयते, यदिवा "*मूढनइयं सुयं कालियं त्वि*'त्यादिवचनात्किल प्रायः साम्प्रतं सूत्राणि नयैर्न विचार्यन्ते एवेति मूढ-नयदर्शनाश्रयणाद्विवक्षावशेनैव कियतोऽपि भेदानाश्रित्य पर्यायलोकस्य चातुर्विध्यमुच्यत इति। '**शीताकरो–भोग**' इति (२८-७), शीता–लाङ्गलपद्धतिः तामाश्रित्य करो–भोगो धान्य-याचनमित्यर्थः । '**आसेवनायामयमेव प्रथमस्थाने कार्य**' इति (२९-७) एतदुक्तं भवति–यद्यप्यशुभकर्म्मवशतया पश्चात्कश्चिदप्रशस्तमपि भावमासेवते तथापि मुमुक्षुणा प्रथमं तावत्प्रशस्त एवासेवनीय इति ज्ञापनार्थं "दुविहो उ होइ भावो पसत्थ तह अप्पसत्थो य" इत्यत्र प्रथमं प्रशस्तभावोपादानमिति। '**सामर्थ्ये वर्णनायां चे**'त्यादि (३२-४), व्याख्या–सामर्थ्ये तावद्वर्त्ततेऽसौ कल्पशब्दः तदर्थधातुनिष्पन्नत्वाद्, वर्णनायां यथा–कल्पितो-वर्णितः श्लाघितो देवदत्तः, छेदने यथा–कल्पितं-छेदितं द्विधाकृतं वस्त्रमिति, करणे यथा–ब्राह्मणार्थं कल्पिताः पूपाः, कृता इत्यर्थः, औपम्ये यथा–समुद्रकल्पमिदं तडागं, अधिवासे यथा–कल्पिता-अधिवासिता स्नानाय सज्जिता प्रतिमेत्यर्थः, एतेष्वर्थेषु कल्पशब्दं विदुर्बुधा इति श्लोकार्थः । '**ताव एगड़याओ भवह**' त्ति (४०-११), यावन्मम पुत्रो भवति तावदेकीभूय स्थीयतामिति भावः । '**आमंतणि**' गाहा '**अणभिग्गहिआ**' गाहा (५६-१०), व्याख्या–इह यत्किल वस्तुनः साधकत्वेन बाधकत्वेन वा प्रमाणान्तरैरबाधितं वचनमुच्यते तत्सत्यं, तदेव प्रमाणैर्बाध्यमानं सन्मृषा, तदेव बाध्यमानाबाध्यमानं मिश्रं, यत्तु वस्तुसाधकबाधकत्वाविवक्षया व्यवहारपतितस्वरूप-मात्राभिधित्सया प्रोच्यते तदसत्यामृषं, तत्र आमन्त्रणी यथा–हे देवदत्त इत्यादि, इयं हि वस्तु-साधकबाधकत्वाभ्यामप्रवृत्तेः, स्वरूपमात्राभिधानपरत्वादसत्यामृषेति, आज्ञापनी यथा–त्वमिदं कुरु, इयमपि स्वरूपमात्राभिधानपरत्वादसत्यामृषैव, यद्येवं सत्याऽप्यसत्यामृषातो न भिद्यते तस्या अपि जीवाजीवादिस्वरूपाभिधानमात्रकत्वादिति चेत् कः किमाह?, यतो यदा परेण सह विप्रतिपत्तौ सत्यां वस्तुतत्त्वव्यवस्थापनेच्छया प्रमाणाबाधितं जीवादिस्वरूपाभिधायकं वचनमुच्यते तदा सत्यव्यपदेशं लभते, तदेव यदाऽविप्रतिपत्तौ तीर्थकरादिर्देशनाद्यवस्थायां जीवादिस्वरूपाविर्भावनमात्रविवक्षया ब्रूते तदाऽसत्यामृषमुच्यत इति विवक्षैवात्र प्रमाणमिति न काचित्क्षतिरिति, एवमन्यत्रापि स्वबुद्ध्या भावनीयमिति, याचनी यथा–भिक्षां प्रयच्छ, तथा पृच्छनी यथा–कथमेतदिति, प्रज्ञापनी यथा–हिंसादिप्रवृत्तो दुःखितादिर्भवति, प्रत्याख्यानीभाषा

यथा–न दास्यामि ते, इच्छानुलोमा च भाषा यथा–केनचित्कश्चिदुक्तः–साधुसकाशं गच्छामः, स आह–शोभनमिदमिति, अनभिगृहीता भाषा–अर्थमनभिगृह्य या प्रोच्यते डित्थादिवदिति, भाषा चाभिग्रहे बोद्धव्या–अर्थमभिगृह्य या प्रोच्यते घटादिवदिति, संशयकरणी भाषा अनेकार्थसाधारणा या प्रोच्यते सैन्धवमित्यादिवदिति, व्याकृता–स्पष्टा प्रकटार्था देवदत्त एष ते भ्रातेत्यादिवदिति, अव्याकृता चैव अस्पष्टा–अप्रकटार्था बालकादीनां थपनिकेत्यादिवदिति गाथाद्वयार्थः । चतुर्विंशतिस्तवः समाप्तः ॥

### अधुना वन्दनाध्ययनमारभ्यते

**'अच्छंति'**त्ति (६९-३), तिष्ठन्ति स्वोपाश्रयेऽपि तावदाचार्याः किं मन्यमाना ? इत्याह–मन्ये भागिनेया बहिरपि सूत्रपौरुषीं कुर्वन्तीति, ततः सापि सूत्रपौरुष्युद्धाटितादिना अवसिता, ततश्चिन्तयन्ति–मन्ये अर्थपौरुषीं विधाय समेष्यन्ति, तथापि नायातास्ततोऽतिचिरायितमित्याचार्यास्तत्रैव गताः । पार्श्वस्थादिलक्षणप्रतिपादकगाथा वृत्तिकारेण न विवृताः अतस्तासु यथावैषम्यं किञ्चिद् विव्रियते–**'सो पासत्थो'**गाहा (८२-८) व्याख्या–सोऽनन्तरोद्दिष्टः पार्श्वस्थो द्विविधः, एतदेवाह–सर्वतो देशतश्च, तत्र सर्वपक्षे ज्ञानदर्शनचारित्रेभ्यः पार्श्वे-पृथग् यो वर्त्तते स पार्श्वस्थः, अत्र निषीथचूर्णिः–*"सुत्तो अच्छइ सुत्तपोरिसिं अत्थपोरिसिं वा न करेइ, दंसणाआरेसु न वट्टइ चारित्ते न वट्टइ अइआरे वा न वज्जेइ, एवं सत्थो अच्छइ पासत्थो"* अनेन चूर्णिग्रन्थेन ज्ञानदर्शनचारित्रेभ्यो येन पार्श्वस्थत्वं भवति तत्क्रमेण दर्शितमिति मन्तव्यमिति गाथार्थः । देशत आह–**'देसंमि उ'**गाहा (८२-९) देशे-देशपक्षे पार्श्वस्थः, क इत्याह–शय्यातरपिण्डमभ्याहृतपिण्डं नित्यपिण्डं च यो भुङ्क्त इति सम्बन्धः, 'नीयं च अग्गपिंड' ति चशब्दस्य व्यवहितः सम्बन्धोऽग्रपिण्डं च भुङ्क्ते, कथम्भूतमित्याह–नित्यं-अनवरतं, एवं शय्यातरपिण्डादिभोजनेऽप्ययं नित्यशब्दो योजनीयः, कथमित्याह–निष्कारणेनैव, सकारणस्तु भुञ्जानो विशुद्धचारित्र्येवेत्यर्थः, इत्यक्षरयोजना, भावार्थस्त्वयं–शय्यया-साधुसमर्पितगृहलक्षणया भवार्णवं तरतीति शय्यातरस्तस्य पिण्डो–वक्ष्यमाणलक्षणस्तं यो नित्यं भुङ्क्ते स देशपार्श्वस्थः, सोपयोगत्वादत्र किञ्चित्प्रासङ्गिकमुच्यते, अथ कोऽयं शय्यातरः १ कदा च शय्यातरो भवति २ कतिविधश्च तत्पिण्डः ३ कदा वाऽशय्यातरो भवति ४ कस्य सम्बन्ध्यसौ वर्जनीयः ५ के च तत्पिण्डग्रहणे दोषाः ६ कदा च तत्पिण्डो गृह्यते ७ क्व च शय्यातरो भवति ८ त्यष्टौ द्वाराणि, तत्राद्यद्वारे–यतिप्रदत्तोपाश्रयप्रभुः तेन यत्कृतप्रमाणतया निर्दिष्टो वा शय्यातरः, द्वितीयद्वारे यदा शय्यातरगृहे रात्रौ सुप्त्वा जागरित्वा वा प्राभातिकप्रतिक्रमणं कुर्वन्ति तदाऽसौ शय्यातरः, अथैतच्छय्यायां सकलां रात्रिं जागरित्वा प्राभातिकप्रतिक्रमणमन्यत्र कुर्वन्ति तदा मौलः शय्यातरो न भवति, किन्तु यद्गृहे प्रतिक्रमणं कृतं स एव, अथ मूलशय्यायां रात्रौ सुप्त्वाऽन्यत्र प्रातः प्रतिक्रामति तदा मौलोऽन्यश्च द्वावपि शय्यातरौ, यदा तु वसतिसंकीर्णता-

दिकारणाद् अनेकोपाश्रयेषु साधवस्तिष्ठन्ति तदा यत्राचार्यः स्थितः स शय्यातरो नान्यः, तृतीयद्वारे द्वादशधा तत्पिण्डः, तदुक्तम्–"*असणाईआ चउरो पाउंछण वत्थपत्तकंबलयं । सूईछुरकन्नसोहण नहरणिया सागारियपिंडो ॥१॥*" अयं तु वक्ष्यमाणः तदपिण्डः– "*तणडगलछारमल्लग सेज्जासंथारपीढलेवाई । सिज्जायरपिंडो सो न होइ सेहो य सोवहिओ ॥१॥*" चतुर्थद्वारे–अहोरात्रात्परतोऽशय्यातरो भवति, यदुक्तं–"वुच्छे वज्जेज्जऽहोरत्तं" इदमत्र हृदयं–यत्रोषितास्ततः स्थानाद् यस्यां वेलायां निर्गता द्वितीयदिने तावत्या वेलायाः परतोऽशय्यातरो भवति, पञ्चमद्वारे–साधुगुणविरहितस्य लिङ्गमात्रावशेषस्यापि सम्बन्धी शय्यातरो वर्ज्जनीयः, षष्ठद्वारे–"*तित्थंकरपडिकुट्ठो आणा अन्नाय उग्गमोविअ न सुझे । अविमुत्ति अलाघवया दुल्लहसेज्जाइ वोच्छेओ ॥१॥*" अस्या व्याख्या–आद्यन्तवर्ज्जैर्मध्यमैर्महाविदेहजैश्च तीर्थकरैर्वरमाधाकर्म कथञ्चिद्भुक्तं न पुनः शय्यातरपिण्डोऽतस्तत्प्रतिकुष्टत्वाद्वर्जनीयोऽयं, "आण" त्ति तं च गृह्णता तीर्थकराज्ञा न कृता स्यात्, "**अण्णाउ**"त्ति यत्र स्थितस्तत्रैव भिक्षां गृह्णता अज्ञातोञ्छं च न कृतं स्यात् "**उग्गमोऽवि य न सुज्झे**"त्ति आसन्नादिभावतः पुनः पुनस्तत्रैव भैक्ष-पानकादिनिमित्तं प्रविशत उद्गमदोषाश्च स्युः, स्वाध्यायश्रवणादिभ्यश्च प्रीतः शय्यातरः क्षीरादिस्निग्ध-द्रव्यं ददाति तच्च गृह्णता विमुक्तिः-गार्द्ध्याभावो न कृतः स्यात्, "**अलाघवय**" त्ति शय्यातरतत्पुत्रभ्रातृपितृव्यादिभ्यो बहूपकरणं स्निग्धाहारं च गृह्णता उपकरणशरीरयोर्लाघवं न स्यात्, तत्रैव चाहारादि गृह्णतः शय्यातरवैमनस्यादिकारणाच्छय्या दुर्लभा स्यात्, सर्वथा तद्व्यवच्छेदोऽपि स्यात्, अतस्तत्पिण्डो वर्ज्जनीयः, सप्तमद्वारे–'*दुविहे गेलन्नंमि य निमंतणे दव्वदुल्लहे असिवे । ओमोदरिअपओसे भए अ गहणं अणुन्नायं ॥१॥*' व्याख्या–आगाढानागाढे द्विविधे ग्लानत्वे सूत्रोक्तविधिना शय्यातरपिण्डोऽपि ग्राह्यः, निमन्त्रणे च–शय्यातरनिर्बन्धे सकृत् तं गृहीत्वा पुनः प्रसङ्गो निवारणीयः, दुर्लभे तु क्षीरादिद्रव्येऽन्यत्रालभ्यमाने तत्रैव गृह्णन्ति, "पओसे"त्ति-राज्ञा प्रद्विष्टेन सर्वत्र भैक्ष्ये निवारिते प्रच्छन्नं तद्गृहेऽपि गृह्णन्ति, तस्करादिभये चान्यत्र तत्रापि स्वीकुर्वन्ति, शेषं सुगमं, अष्टमद्वारे–स्वस्थाने वसन् शय्यातरो भवति देशान्तरे गतो न भवत्यपि, केवलं भद्रकप्रान्तदोषात् तत्पिण्डस्तत्रापि वर्जनीयः, भद्रको हि मम तावत् स्वगृहावस्थितस्यामी न किञ्चिद्गृह्णन्ति यदि हि (अत्र तु) गृह्णन्ति तथापि शोभनमिति विचिन्त्यानेषणीयमपि कृत्वा दद्यात्, प्रान्तस्तु मम स्वगृहस्थितस्यामी न किञ्चिद् गृह्णन्ति अत्र तु सर्वं गृह्णन्ति तत्किमिदानीमहमन्यः संजातः ? तस्मान्मायाविन एत इति विचिन्त्य वसत्युच्छेदादि कुर्याद् एवं शय्यातरसम्बन्धिनां भ्रातृमातुलादीनामुपाश्रयस्याप्रभूणामपि सम्बन्धी पिण्डो वर्ज्जनीयो, भद्रकप्रान्तादिदोषादित्यलं विस्तरेण, तदर्थिना तु प्रकल्पतृतीयोद्देशकोऽन्वेष्यः, स्वपरग्रामात्साधुनिमित्तं य आनीयते सोऽभ्याहृतपिण्डः, प्रतिदिनं तवैतावन्मात्रं दास्यामि मद्गृहे नित्यमागन्तव्यमिति निमन्त्रितस्य नित्यं गृह्णतो नित्यपिण्डः, तत्क्षणोत्तीर्णौदनस्थाल्या अव्यापारि-

तायाः शिखाकूरलक्षणोऽग्रपिण्डः, एतान्पिण्डान् निष्कारणो नित्यं भुञ्जानो देशपार्श्वस्थ इति गाथार्थः । '**कुलनिस्साए**' गाहा (८२-१०) कुलानि-श्राद्धकुलादिनि स्निग्धाहारादिगृद्धस्तन्निश्रया विचरति, आचार्यबालवृद्धग्लानादिनिमित्तं स्थापितानि दानश्रद्धालूनि कुलानि स्थापनाकुलानि कारणमन्तरेणापि तानि प्रविशति, संखण्ड्यन्तेऽस्यां जीवा इति संखडी-विवाहादिका तदवलोकनार्थं कौतुकादिना गच्छति, शरीरं चादर्शादिष्ववलोकते, तथा केनचित्सह मातापित्रादिसम्बन्धघटनलक्षणं संस्तवं करोति, अथवा दानलाभात् पूर्वमुत्तरकालं वा दातुर्गुणस्तुतिलक्षणं संस्तवं करोति एष देशपार्श्वस्थ इति गाथार्थः ॥ अवसन्नलक्षणमाह–'**ओसन्नोऽविय**'गाहा (८३-२) अवसीदति सामाचार्यामित्यवसन्नः, सोऽपि द्विविधः- सर्वतो देशतश्च, तत्र सर्वतः–"**उउबद्धपीढफलगो**"त्ति-इहैकाष्ठनिष्पन्नसंस्तारकालाभे बहुभिरपि वंशादिकाष्ठखण्डैर्दवरकादिबन्धान् दत्त्वा वर्षासु संस्तारकः क्रियते, स च पक्षसन्ध्यादिषु बन्धापगमं कृत्वा प्रत्युपेक्षणीय इत्याज्ञा, यस्त्वेवं न प्रत्युपेक्षते सोऽत्र बद्धपीठफलकोऽभिधीयते, अथवा पुनः पुनः शयनादिनिमित्तं नित्यमास्तीर्णसंस्तारक एव वा य आस्ते स एवमभिधीयते, तथा स्थापितभोजी च सर्वावसन्नो ज्ञातव्य इति गाथार्थः । देशावसन्नमाह–'**आवस्सय**' गाहा '**आवस्सयाइआइं**' गाहा, (८३-३), आवश्यके-प्रतिक्रमणादौ स्वाध्याये-वाचनादौ प्रत्युपेक्षणायां-वस्त्रादिसम्बन्धिन्यां ध्याने-शुभमनःप्रवृत्त्यादि-लक्षणे भिक्षायां-गोचरचर्यायां भक्तार्थे-भोजने भोजनमण्डल्यामितियावत् आगमने-उपाश्रय-प्रवेशलक्षणे निर्गमने-उपाश्रयबहिर्निर्गमनलक्षणे स्थाने-कायोत्सर्गे निषदने-उपवेशने त्वग्वर्त्तने-शयने इति सर्वत्र सप्तमीनिर्देशो द्रष्टव्यः, ततश्चैतेषु आवश्यकादिषु विषये देशावसन्नो भवतीतिशेषः, कदा ? इत्याह–"आवस्सयाइआइं न करे अहवावि हीणमहियाइं"ति, यदैता-न्यावश्यकस्वाध्यायादीनि स्थानानि सर्वथा न करोति अथवा हीनाधिकानि करोति तदा देशावसन्नो भवतीत्यर्थः, इदमत्र हृदयं–यः प्रतिक्रमणाद्यावश्यकं न करोति हीनाधिकादिदोषदुष्टं वा करोति स्वाध्यायं न करोति प्रतिषिद्धकालकरणादिदोषदुष्टं वा करोति प्रत्युपेक्षणामपि न करोति दोषदुष्टां वा करोति ध्यानं-शुभं "*किं मे कडं किच्चमकिच्चसेसं किं सक्कणिज्जं न समायरामी*"त्यादिलक्षणं पूर्वापररात्रकाले न ध्यायति अशुभं वा ध्यायति, आलस्योपहतः सुखलिप्सुर्भिक्षायां न पर्यटति अनुपयुक्तो वा पर्यटति, अनेषणीयं वा गृह्णाति भक्तार्थं मण्डल्यां न भुङ्क्ते कदाचिद्वा भुङ्क्ते मण्डलीसम्बन्धिसंयोजनादिदोषदुष्टं वा भुङ्क्ते, आगमने नैषधिक्यादिसामाचारीं न करोति, निर्गमनेऽप्यावश्यक्यादिसामाचारीं न करोति, कायोत्सर्गं गमनागमनादिषु न करोति दोषदुष्टं वा करोति, निषदनशयनयोः संदंशभूप्रमार्जनादिसामाचारीं न करोति सम्यग्वा न करोति, "गुरुवयण बलाइ तह"त्ति तथा सामाचारीवितथाचरणादि-कारणेष्वावश्यकवेलादौ सम्यगालोचय प्रायश्चित्तं प्रतिपद्यस्वेत्यादि गुरुणा प्रेरितस्तद्वचनं प्रति-वलयति–अभिमुखीभूय आलजालान्यसम्बद्धानि वक्ति न पुनस्तद्वचः सम्यक् प्रतिपद्यते स एष

भणितोऽवसन्नो देशतः, उपलक्षणं चेदं ततः स्खलितेषु मिथ्यादुष्कृतं न ददाति गुरुवैयावृत्त्यं न करोति संवरणादिषु वन्दनकं न ददाति आदाननिक्षेपादिषु प्रत्युप्रेक्षणप्रमार्जने न करोति, इत्याद्यन्यदपि सामाचारीवितथाचरणं देशपार्श्वस्थत्वकारणं द्रष्टव्यमिति गाथाद्वयार्थः ॥ यदुक्तं 'गुरुवचनं प्रतिवलति' तत्सविशेषं विवरीषुराह–'**गोणो**' गाहा (८४-१), यथा गलिर्गौः स्वामिना प्रेरीतो दुःशीलतया वलन्–व्यावृत्त्य सम्मुखीभूय भनक्ति समिलां सोऽप्यवसन्न एवमेव गुरुवचनमकुर्वन् वलति-सम्मुखीभवतीत्येव चेतद्दृष्टान्तेन साम्यं, करोति वा तथापि "**उस्सोढुं**"ति त्वत्समीपे किलाहमेवैकस्तिष्ठामि येन पुनः पुनर्मामेवादिशसीत्याद्यसूयावाक्यमुक्त्वा करोतीत्यभिप्राय इति गाथार्थः ॥ इदानीं कुशीलस्वरूपमाह–'**तिविहो**' गाहा (८४-३), ज्ञानदर्शन-चारित्रविषयत्वेन त्रिविधः कुशीलो भवति, शेषं सुगममिति गाथार्थः । कथं ज्ञानादिविषयत्वेन त्रिविधः कुशीलो भवतीत्याह–'**नाणे**' गाहा, ज्ञानाचारं-कालादिकं यो विराधयति स ज्ञाने-ज्ञानविषये कुशील इति शेषः, इदमुक्तं भवति–"*काले विणये बहुमाणे उवहाणे तह अनिण्हवणे । वंजणअत्थतदुभए अट्ठविहो नाणमायारो ॥१॥*" इत्यमुमष्टविधं ज्ञानाचारं यो विराधयति-न सम्यगनुतिष्ठति स ज्ञानकुशीलः, "*निस्संकिअनिक्कंखिअनिव्वितिगिच्छाअमूढदिट्ठी अ । उववूहथिरीकरणे वच्छल्लपभावणे अट्ठ ॥१॥*" अमुं पुनरष्टप्रकारं दर्शनाचारं विराधयति स दर्शने-दर्शनविषये कुशीलः, चरणकुशीलः पुनरयं वक्ष्यमाणस्वरूप इति गाथार्थः । '**कोउअ**' गाहा (८४-५), कौतुकं भूतिकर्म प्रश्नाप्रश्नं निमित्तं आजीवं कल्ककुरुकालक्षणां विद्यां मन्त्रादींश्च य उपजीवति, सर्वत्र द्वितीया द्रष्टव्या, स एवम्भूतश्चरणकुशीलो ज्ञातव्य इति गाथार्थः, तत्र कौतुकं किम् ? इत्याह–'**सोभग्गाइ**' गाहा (८४-६), सौभाग्यनिमित्तमपत्यादिनिमित्तं च योषिदादीनां त्रिकचतुष्कचत्वरादिषु स्नानादि यत्क्रियते तत्कौतुकं भणितं तत्कुर्वन्नसौ कुशीलो भवतीति द्रष्टव्यं, एवमुत्तरत्रापि, भूतिकर्म्मस्वरूपमाह–ज्वरितादीनां तदपगमार्थं भूत्याः-भस्मनोऽभिमन्त्र्य यत्प्रदानं तद् भूतिकर्मेति गाथार्थः । अर्थिजनेन शुभाशुभं पृष्टो दैवज्ञः स्वप्नादिषु तत्परिज्ञानार्थं विद्यादिदेवतां यत्पृच्छति स प्रश्नः, अर्थिजनप्रश्नाद्देवतायाः प्रश्नः प्रश्नाप्रश्न इतिकृत्वा, तत्स्वरूपमाह '**सुविणग**' गाहा (८४-७), स्वप्ने विद्यया-विद्यादेवतया कथितं स्वप्नविद्याकथितं, अथवा स्वप्नस्य विद्या स्वप्नविद्या तया कथितं स्वप्नविद्याकथितं आख्याति शुभाशुभं इत्याख्यायिका-देवताविशेषारूपा तया कर्ण्णद्वारे वादितघण्टिकाद्वारेण कथितं, आख्यायिका-देवता हि मन्त्रेणाहूता घण्टिकाद्वारेण शुभाशुभं दैवज्ञस्य कथयति, एतच्च देवताकथितं यदन्येभ्यः शिष्यते-कथ्यते स प्रश्नाप्रश्न तदुपजीवनादपि चरणकुशील इति गाथार्थः । निमित्ताजीवयोः स्वरूपमाह–'**तीआइ**'गाहा (८४-८) अतीतभविष्यद्वर्त्तमानकालत्रयवर्त्ति-लाभादिभावकथनं निमित्तं भवति, आजीवः पुनः सप्तविधस्तद्यथा-जातेः कुलस्य च प्रतीतस्य शिल्पस्य-कुम्भकारलोहकारादिसम्बन्धिनः कर्मणः-कृषिकर्मादेः तपसः-अनशनादेः गणस्य-

मल्लगणादेः गुण इति पाठोऽशुद्धो लक्ष्यते निषीथादिभिर्व्यभिचारित्वात् सूत्रस्य-कालिकादेः, एतदुक्तं भवति–वयं भवन्तश्चैकजातिकुलशिल्पकर्मगणवर्त्तिन इत्यादिवचनरचना आहारादिगृद्धस्य जात्याद्याजीवः, तपःसूत्राभ्यासप्रकटनमाहारादिगृद्धस्यैव तपःसूत्राजीवः, आदिशब्द एतेषामेव बहुप्रकारत्वसूचक इतिगाथार्थः ॥ कल्ककुरुकादीन् गाथया व्याख्यानयन्नाह–'**कक्ककुरुगाइ**'गाहा (८५-१), कल्ककुरुका काऽभिधीयते ? इत्याह–माया, अत्रैव तात्पर्यार्थमाह–निकृत्या परेषां दम्भनं-वञ्चनमिति यदुक्तं भवति, स्त्रीपुरुषहस्त्यश्वादिलक्षणं तु लक्षणमभिधीयते, ''*इत्थी विज्जाभिहिआ पुरिसो मंतोत्ति तव्विसेसोऽयं। विज्जा ससाहणा वा साहणरहिओ भवे मंतो ॥१॥*'' इत्यादिग्रन्थसिद्धा विद्यामन्त्रादयः, आदिशब्दाच्चूर्णयोगौषधादयः प्रकटाः, एतच्चोपलक्षणमात्रं, अतः शेषाण्यपि शरीरोपधिधारणादीन्यकारणे कुर्वंश्चरणकुशीलो भवतीति गाथार्थः ॥ उक्तस्त्रिविधः कुशीलः, इदानीं संसक्तस्वरूपमाह–'**संसत्तो य**' गाहा '**एमेव य**' गाहा (८५-४), संसक्त इदानीमुच्यते, स पुनः संसक्तः कस्माद् भण्यत इति द्वितीयगाथान्ते सम्बन्धः, कस्मादित्याह–यस्मात् मूलगुणविषयिण उत्तरगुणविषयिणश्च ये केचन दोषा गुणाश्च ते तस्मिन् सन्निहिताः सर्वेऽपि प्राप्यन्त इति कथं सन्निहिता ? इत्याह–एवमेव, क्व ? यथा इति दृष्टान्तमाह–''**गोभत्तलंदए चेव**''त्ति चेवशब्दो यथाशब्दार्थो, यथा गोभक्तकलन्दके यत्किञ्चिदुच्छिष्टमनुच्छिष्टं वा तत्सर्वं क्षिप्यते, एवमेव संसक्तेऽपि ये केचन मूलोत्तरगुणदोषास्ते सर्वे प्राप्यन्ते, एतदुक्तं भवति–यथा गोमहिष्यादीनां खादनकलन्दके उच्छिष्टमनुच्छिष्टं वा भक्तखलकर्प्पासिकादि सर्वं प्रक्षिप्तं प्राप्यते, तथा मूलोत्तरगुणविषयिणो ये केचन दोषा गुणाश्च ते सर्वेऽपि तत्र प्राप्यन्ते तस्मात्संसक्तोऽसावभिधीयते इति गाथाद्वयार्थः ॥ पुनः प्रकारान्तरेण तत्स्वरूपमाह–'**राय**'गाहा '**एवमेव**'गाहा (८५-६), तथा राजविदूषको राज्ञः केलिपात्रं ततश्चैव बहुरूपी भवति, नटो वा यथा बहूनि रूपाणि करोति, ''**अहवा विमेलगो उ**''त्ति अनुस्वारोऽलाक्षणिकः अथवापि यथा एलकः–ऊरणको हरिद्रारागादिना बहुवर्ण्णो भवति हरिद्रया उपलिप्तः पीतो भवति, पुनः प्रक्षाल्य गुलिकया रञ्जितः कृष्णो भवति, पुनः प्रक्षाल्य हिङ्गुलकेन रञ्जितो रक्तो भवति एवं प्रक्षाल्य २ पुनः २ वस्त्वन्तरेणोपरज्यमानो बहुवर्ण्णो भवति एवमेवायमपि यादृशेन शुद्धेनाशुद्धेन वाऽपि सह संमिलति तत्र तादृश एव भवति, धार्मिकमध्ये मिलितो धार्मिकमात्मानं दर्शयति इतरेषु त्वितररूपं तस्मात्संसक्तो भण्यते इति गाथाद्वयार्थः ॥ स च द्विविधः सामान्येन भवतीत्याह–'**सो दुविगप्पो**'गाहा (८६-२), सुगमा संक्लिष्टसंसक्तस्य स्वरूपमाह–'**पंचासव**'गाहा (८६-३), आश्रवति-आदत्ते जीवः कर्म्म यैस्ते आश्रवाः हिंसानृतस्तैन्याब्रह्मपरिग्रहलक्षणाः पञ्च तत्प्रवृत्तः-तदासेवनरतो यस्त्रिषु ऋद्धिरससातगौरवेषु प्रतिबद्धः ''इत्थिगिहिसंकिलिट्ठो''त्ति स्त्रीसंक्लिष्टो गृहिसंक्लिष्टश्च, तत्र-स्त्रीप्रतिषेवी स्त्रीसंक्लिष्टः, गृहिसम्बन्धिनां तु द्विपदचतुष्पदधनधान्यादीनां तप्तिकरणप्रवृत्तो गृहिसंक्लिष्टः, एवम्भूतः संसक्तो-

ऽतिशयेनाविशुद्धत्वात् संक्लिष्टोऽभिधीयते इति गाथार्थः । असंक्लिष्टस्वरूपमाह–'पासत्थाइएसु'-गाहा (८६-४), गतार्था, उक्तोऽसंक्लिष्टः । इदानीं यथाच्छन्दस्वरूपमाह–'उस्सुत्त'गाहा (८६-६), उत्सूत्रमाचरन् उत्सूत्रं प्रज्ञापयन्नेष यथाच्छन्द इच्छाच्छन्दश्चेत्येकार्थौ शब्दाविति गाथार्थः । उत्सूत्रं किमुच्यते ? इत्याह–'उस्सुत्त'गाहा (८६-७), व्याख्या–उत्सूत्रं किमित्याह–यदनुपदिष्टं तीर्थकरगणधरैः स्वच्छन्देन-स्वाभिप्रायेण विकल्पितं-उत्प्रेक्षितं अत एव सिद्धान्ताननुपाति सिद्धान्तबहिर्भूतमित्यर्थः, यथाच्छन्दस्यैव स्वरूपान्तरमाह–परतप्तिप्रवृत्तः, तिंतिणो नाम यः स्वल्पेऽपि केनचिदपराद्धोऽनवरतं पुनः २ झषन्नेवास्ते एष यथाच्छन्द इति गाथार्थः। यथाच्छन्दस्य पुनः स्वरूपान्तरमाह–'सच्छंद'गाहा (८६-८), स्वच्छन्दा-आगमनिरपेक्षा याऽसौ मतिस्तया किञ्चिदालम्बनमध्ययनादिकं विकल्प्य-उत्प्रेक्ष्य ततः सुखं स्वादयतीति सुखस्वादः स चासौ विकृतिप्रतिबद्धश्च, मिथ्यालम्बनं किञ्चिद्विकल्प्य यः सुखलिप्सुर्विकृतिप्रतिबद्धो भवतीत्यर्थः, तथा त्रिभिर्गौरवैः ऋद्धिरससातलक्षणैर्यो माद्यति तं जानीहि यथाच्छन्दमिति गाथार्थः ॥ अत्र क्वचिदग्रपिण्डभोजित्वादिनाऽल्पदोषेण क्वचित्तु स्त्रीसेवादिना महादोषेणा-वन्द्यत्वमुक्तमिति तत्त्वं न ज्ञायते अतः किञ्चिद्विशेषज्ञानार्थं कल्पस्य भाष्यं चूर्णिश्च किञ्चि-दुच्यते–"*संकिन्नवराहपयोअणाणुतावी य होइ अवरद्धे । उत्तरगुणपडिसेविअ आलंबणवज्जिओ वज्जो ॥१॥*" अत्र चूर्णिः–*संकिन्नो नाम बहूहिं उत्तरगुणावराहपएहिं, ते य काउं नाणुतप्पइ–हा दुट्ठुकयं, निस्संको निद्दओ पवत्तइ, आलंबणं-नाणाइ तेहिं वज्जिओ यः स कृतिकर्म्मे वर्ज्जनीयः, अर्थादापन्नं–आलंबणसहिओ उत्तरगुणे पडिसेवमाणेवि पुज्जो इति शिष्यवचनं, आयरिओ भणति–न केवलं उत्तरगुणपडिसेवी, मूलगुणपडिसेवीवि आलंबणसहिओ पुज्जो ।* तथा च भाष्यं–*हेट्ठट्ठाणट्ठिओविय पावयणिगणट्ठयाए अहरे ऊ । कडयोगी उ निसेवइ आइनिअंठोव्व सो पुज्जो ॥१॥* अत्र चूर्णिः–"*हेट्ठिल्लेहिं संजमठाणेहिं ठिओवि मूलगुणप्रतिषेव्यपीति भावः, कडयोगी नाम जो गीयत्थो पावयणी–आयरिओ गणो–गच्छो एएसिं अट्ठयाए असढयाए अधरे–आत्यन्तिककारणे जं निसेवइ तेणं संजमसेढीए चेव वट्टइ जहा आइनियंठो–पुलागो तस्स लद्धी चक्कवट्टिखंधावारंपि थंमेउं विणासेउं वा कुलाइकज्जेसु आलोइयपडिक्कंतो सुद्धो महानिज्जरो य,* यत आह भाष्यकारः–"*कुणमाणोवि य कडणं कयकरणो नेव दोसमब्भेइ। अप्पेण बहुं इच्छइ विसुद्धआलंबणो समणो ॥१॥*" कडणंति-कटकमर्द्दमपि कुर्वाणः कृतकरणः-पुलाको न दोषमभ्येति, विशुद्धालम्बनोऽल्पेन बह्विच्छति, अपरं चेह भ्रष्ट-संयमगुणोऽप्यायोपायकुशलेन कार्यार्थिना वन्दनीयः, अन्यथा दोषप्रसङ्गात्, तथाहि–केनचिदा-चार्य्येण गीतार्थाभावे अगीतार्था अपि क्षुल्लकाः प्रत्यन्तपल्ल्यां क्षेत्रप्रत्युपेक्षणार्थं प्रेषिताः, तत्र च भ्रष्टव्रत एको वाचको राजकुले यत्कृतप्रमाणः परिवसति, ते च प्रत्युपेक्षितक्षेत्राः साधवस्तं पृच्छन्ति-क्वासौ तिष्ठति, लोकेन च कथितमरण्ये तिष्ठति ततस्तेऽपि तत्र गताः, तमजारक्षण-

प्रवृत्तं भ्रष्टव्रतं दृष्ट्वा अद्रष्टव्योऽयमिति विमृश्य अगीतार्थत्वेन शनैः शनैरवष्वष्कन्ति, ताँश्च तथा दृष्ट्वा कुपितो वाचकः पल्लीपतेः कथयित्वा तान् गुप्तौ प्रक्षिप्तवान्, ततस्तदन्वेषणार्थं गुरुवस्तत्र समागताः तं वाचकं व्रतभ्रष्टमपि वन्दित्वा शिष्यका एते अज्ञा इत्याद्युक्त्वा मोचिताः, तथा च भाष्यम्–"*पेसविया पच्चंते गीयासइ खेत्तपेहग अगीआ । पेहियखेत्ता पेच्छंति वायगं कत्थ रत्रेत्ति ॥१॥ ओसक्कंते दट्ठुं संकच्छेती उ वायगो कुविओ । पल्लिवइकहणरुंभणगुरुआगमवंदणं सेहा ॥२॥*" नन्वेवं पार्श्वस्थादीन् वन्दमानस्य तद्दोषानुज्ञातः संयमव्ययादयो दोषाः प्रसजन्ति, सत्यं, किन्तु संयमव्ययात् तदायो यथा गरीयान् भवति तथा यतितव्यमेव, तथा च भाष्यम्–"कुणइ वयं धणहेउं धणस्स वणिओ उ आगमं नाउं । इय संजमस्सवि वओ तस्सेवट्ठा न दोसाय ॥१॥ गच्छस्स रक्खणट्ठा अणागयं आउवायकुसलेणं । एवं गणाहिवइणा सुहसीलगवेसणा कुज्जा ॥२॥" तद्यथा–'वायाए नमोक्कारो इत्यादि, किं बहुना ?–"*वायाए कम्मुणा वा तह चिट्ठइ जह न होइ से भंतुं । पस्सइ जओ अवायं तयभावे दूरओ वज्जे ॥१॥*" इति तावद् गुणवर्ज्जितानां वायाए नमोक्कारादिकमुक्तं, यत्र तु गुणः स्वल्पोऽप्यस्ति तत्र किमित्यत्रापि भाष्यम्–"*दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं जाणे । जिनपन्नत्तं भत्तीइ पूयए तं तहिं भावं ॥१॥*" किमत्र बहुविस्तरेण सकलप्रवचनस्य सारमुच्यते–"*ण य किंचि अणुन्नायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं । एसा खु तेसि आणा कज्जे सज्जेण होयव्वं ॥१॥ बहुवित्थरमुस्सग्गं बहुयरमववायवित्थरं नाउं । जह जह संजमवुड्ढी तह जयसु निज्जरा जहय ॥२॥*" इत्यलं विस्तरेण, तदर्थिना तु निशीथत्रयोदशोद्देशकः कल्पश्च निरीक्षणीयः । '**भाण्डखादिकारसादिग्रह**' इति (९७-८), भाण्डखादिकारसो नाम जलविशेषः तत्र किल प्रक्षिप्तं सर्वमपि लोहादि जलतामेतीति । '**प्रणमतस्तत्किमिती**'त्यादि (१०९-१), यदि नाम पार्श्वस्थादिषु ध्रुवा सावद्यक्रिया तथापि तत्प्रणामकर्तुः को दोष ? इति आह–'**समणुमन्न**'त्ति (१०९-२), पार्श्वस्थादीनां प्रणामं कुर्वतस्तत्सावद्यक्रियानुमोदनं भवतीति-भावः । '**तेभ्य एवैकेन्द्रियेभ्यश्चे**'त्यादि (१३३-१), एतदुक्तं भवति-तेभ्य एव नारकेभ्यो ज्ञानदर्शनान्वितेभ्यः तथैकेन्द्रियेभ्यश्च ज्ञानदर्शनविकलेभ्य उद्वृत्ता जीवा मनुष्यभवमप्राप्य तावन्न सिद्ध्यन्ति न च मनुष्योऽपि चारित्रविकलः सिध्यति अतो ज्ञायते चारित्रमन्तरेणासहाय-ज्ञानदर्शनयोरकिञ्चित्करत्वमिति । '**उज्जममाणस्स गुणा**' इत्यादि (१३६-१) गाथाया भावार्थ उच्यते–इह प्रष्टुरयमभिप्रायः–साधुस्तावत्स्वशक्त्यपेक्षं तपः करोति कश्चिन्नमस्कारसहितं कश्चित्तु प्रथमपौरुषीमपरस्तु पुरिमार्द्धमित्यादि यावत्षाण्मासिकं, तथा श्रुतमपि कश्चिदष्टप्रवचनमातृ-प्रमाणमधीतेऽपरस्तु बहु अन्यस्तु बहुतरं यावच्चतुर्द्दशपूर्वाणि, तदेवं यथा श्रुततपसोः स्वशक्त्यपेक्षं वर्त्तते तथा संयमेऽपि यावन्तं पृथिव्याद्युपमर्दं रक्षितुं शक्नोति तावन्तमेव रक्षतु तथा मृषावादेऽपि यत्परिहर्तुं क्षमते तदेव परिहरतु एवं शेषव्रतेष्वपि योज्यं, न चैतद्

भवद्भिरभ्युपगम्यते, अणीयस्यामपि संयमविराधनायां चारित्रमालिन्याभ्युपगमात्प्रायश्चित्तप्रदानाच्च, तपःश्रुतयोस्तु स्वशक्तिप्रवृत्तावपि चारित्रमालिन्यानभ्युपगमात्प्रायश्चित्ताप्रदानाच्च, तदेतत्कथमिति ? आहाचार्यः–'**अनिगूहिंतो विरिअं**' गाहा (१३६-८), अस्याप्ययं भावार्थः-श्रुततपसोरपि तावच्छक्तिर्न निगूहनीया, ततश्च संयमेऽपि शक्तिं चेन्न निगूहयति तदा न विराधकः साधुः, न ह्यागमे ग्लानाद्यवस्थासु यतनया कुर्वतोऽशठचित्तस्य किञ्चित्सावद्यापि क्रिया नानुज्ञाता भगवद्भिरिति । '**विगतिं विगईभीओ**'गाहा (१४८-८), व्याख्या–विगतेर्भीतो विगतिभीतः साधुर्यो विकृतिं-क्षीरादिकां भुङ्क्त इति योगः चशब्दस्यानुक्तस्यापि दर्शनात् विकृतिगतं च क्षीरान्नादिकं यो भुङ्क्ते स दुर्गतिं यातीति वाक्यशेषः, कस्मादित्याह–विकृतिर्बलाज्जीवमनिच्छन्तमपि विगतिं-नरकादिकां नयतीति, एतदपि कुत इत्याह–विकृतिर्यतो विकृतिस्वभावा, विकारजननस्वभावेति गाथार्थः । '**एगग्गया य झाणे**' गाहा (१५६-८), व्याख्या–सूत्रवाचनादानपरिहारेणार्थमेव व्याख्यानयत आचार्यस्यैकाग्रता ध्याने–अर्थचिन्तनलक्षणा भवति, यदि पुनः सूत्रमपि वाचयेत् तदा बहुव्यग्रत्वादर्थचिन्तायामेकाग्रता न स्याद्, एकाग्रतया को गुण इत्याह–'**वुड्डि**'त्ति एकाग्रस्य हि चिन्तयतः सूत्रार्थो वृद्धिमुपयातीति भावः तीर्थकरानुकृतिश्च भवति, तीर्थकरा हि किलार्थमेव कथयन्ति न सूत्रं अतस्तदनुकारश्च कृतो भवति, सूत्रवाचनां च प्रयच्छत आचार्यस्य लाघवमपि स्यात् तद्वाचनायास्ततोऽधःपदवर्त्तमानैः उपाध्यायादिभिरपि साध्यत्वाद्, अतोऽर्थमेव कथयतः सूरेर्गुरुता-गरिमा भवति, आज्ञायां च स्थैर्य्यं, आज्ञा च तीर्थकृतां पालिता भवतीत्यर्थः, तीर्थकरैरित्थमेव निर्दिष्टत्वादिति भावः । '**इति गुरु कयरिणमोक्खो न वाएइ**'त्ति (१५६-९), इति-अस्मादुक्तस्वात्कारणकलापाद्गुरुर्न वाचयति सूत्रं, कथम्भूतो ?-यतः कृतऋणमोक्षः, तेन हि सामान्यावस्थायामनेके साधवः सूत्रमध्यापिता एव, अतः प्रागपि कृतसूत्रलक्षणऋणमोक्षत्वेन कृतकृत्यत्वात् पूर्वोक्तकारणकलापाच्च गुरुः सूत्रं न वाचयतीति गाथार्थः । उपाध्यायस्य सूत्रवाचनाप्रदाने को गुणः स्यादित्याह–'**सुत्तत्थेसु थिरत्तं**'गाहा (१५७-२), व्याख्या–उपाध्यायः शिष्येभ्यः सूत्रवाचनां प्रयच्छन् स्वयमर्थमपि परिभावयति अतः सूत्रेऽर्थे च स्थिरत्वं भवति, अन्यस्य वाचनादानेन च सूत्रलक्षणऋणमोक्षो भवति, आयत्यां-आगामिनि काले अप्रतिबन्धः-सूत्रसन्तत्यविच्छेदलक्षणो भवति, '**पाडिच्छ**'त्ति येऽन्यत आगत्य साधवः सूत्रोपसम्पदं गृह्णन्ति ते प्रतीच्छका उच्यन्ते ते च सूत्रवाचनाप्रदानेनानुगृहीता भवन्तीति वाक्यशेषः, मोहजयश्च-सूत्रवाचनादानव्यग्रस्य हि चित्तविश्रोतसिका न भवतीत्यर्थः, एतैः कारणैः सूत्रं वाचयत्युपाध्याय इति गाथार्थः । शेषा गाथाः सुगमाः, नवरं-'**उद्धावणापहावण**'त्ति (१५८-२) प्राबल्यधावनं च प्रकर्षधावनं च ते उद्धावनप्रधावने गच्छप्रयोजनापेक्षितया करोति गणावच्छेदक इति, शेषं निगदसिद्धं । '**अभ्युत्थितवन्दन**'मिति (१५९-१) अभ्युत्थितवन्दनकं नाम यदेवमेव विनयार्थं गुरुभ्यो दीयते तदेवम्भूतमेव वन्दनकं

मात्रादीनि न दाप्यन्ते, यत् पुनरालोचनास्वाध्यायप्रस्थापनानुयोगश्रवणादिष्वाभाव्यं तत्तान्यपि सागारिकाद्यभावे दाप्यन्त एवेति भावः । द्वात्रिंशद्वन्दनकदोषप्रतिपादिका गाथाः केनाप्यभिप्रायेण वृत्तिकृतोच्चार्य न व्याख्याता अतो यथावैषम्यमेताः काश्चित्किञ्चिद्विव्रियन्ते–'**आयरकरणं**'गाहा, आदरः-सम्भ्रमस्तत्करणमादृतता सा यत्र न भवति तदनादृतमुच्यते, द्वितीयदोषमाह–स्तब्धत्वं तद्द्रव्यतो भावतश्च भवति, अत्र चतुर्भङ्गिका, तद्यथा–द्रव्यतः स्तब्धो न भावतो, भावतः स्तब्धो न द्रव्यतः, अन्यस्तु न द्रव्यतो नापि भावत इति, अत्र च भङ्गचतुष्टयेऽपि चरमो भङ्गः शुद्धः, शेषभङ्गकेष्वपि भावतः स्तब्धोऽशुद्ध एव द्रव्यतस्तु भजनीयः उदरपृष्टशूल-व्यथादिबाधितोऽवनामं कर्तुं न शक्तः कारणिकः स्यादपि स्तब्धो न तु निष्कारणिक अत एवाह–दव्वतो भइतोत्तीति गाथार्थः । तृतीयं दोषमाह–'**पव्विद्धमणुवयारं**'गाहा, प्रविद्धं नाम

---

१ आयरकरणं आढा तव्विवरीअं अणाढिअं होइ । दव्वे भावे थद्धो चउभंगो दव्वओ भइओ ॥५४॥ पव्विद्धमणुवयारं जं अप्पितोऽणिजंतिओ होइ । जत्थ व तत्थ व उज्झइ कयकिच्चो वक्खरं चेव ॥५५॥ संपिंडिए व वंदइ परिपिंडिअवयणकरणओ वावि । टोलव्व उप्फिडंतो ओसक्कणऽहिसक्कणे कुणइ ॥५६॥ उवगरणे हत्थंमि व घित्तु निवेसेइ अंकुसं बिंति । ठिअबिट्ठरिंगणं जं तं कच्छभरिंगिअं जाण ॥५७॥ उद्वंतनिसीअंतो उव्वत्तइ मछउव्व जलमज्झे । वंदिउकामो वऽन्नं झसुव्व परिअत्तए तुरिअं ॥५८॥ अप्पपर-त्तिएणं मणप्पओसो अ वेइआपणगं । तं पुण जाणूवरि जाणुहिट्ठओ जाणुबाहिं वा ॥५९॥ कुणइ करे जाणुं वा एगयरं ठवइ करजुअलमज्झे । उच्छंगे करइ करे भयंति निज्जूहणाईअं ॥६०॥ भयइ व भइस्सइति व इअ वंदइ ण्होरयं निवेसंतो । एमेव य मित्तिए गारवसिक्खाविणीओऽहं ॥६१॥ नाणाइतिअं मुत्तुं कारणमिहलोगसाहगं होइ । पूआगारवहेउं नाणग्गहणेऽवि एमेव ॥६२॥ आयरतरएण हंदि वंदे णं तेण पच्छ पण्डस्से । काहिइ न पणयब्भंगं वंदणये मुल्लभावोऽयं ॥६३॥ हाउं परस्स दिट्ठिं वंदंतो तेणिअं हवइ एअं । तेणोविव अप्पाणं गूहइ ओभावणा मा मे ॥६४॥ आहारस्स उ काले नीहारस्सावि होइ पडिणीअं । रोसेण धमधमंतो जं वंदइ रुट्ठमेअं तु ॥६५॥ नवि कुप्पसि न पसीअसि कट्ठसिवो चेव तज्जिअं एअं । सीसंगुलिमाईहि व तज्जेइ गुरुं पणिवयंतो ॥६६॥ वीसंभट्ठाणमिणं सब्भावजढे सढं हवइ एअं । कवडंति कइवयंति अ सढयावि अ हुंति एगट्ठा ॥६७॥ गणि वायग जिट्ठज्जत्ति हीलिअं किंनु मे पणमिऊणं ? । दरवंदिअंमि विकहं करेइ पलिउंचिअं एअं ॥६८॥ अंतरिओ तमसे वा न वंदई वंदई उ दीसंतो । एअं दिट्ठमदिट्ठं सिंगं पुण कुंभपासेहिं ॥६९॥ करमिव मन्नइ दिंतो वंदणयं आरहंतिअकरुत्ति । लोइअकराउ मुक्का न मुच्चिमो वंदणकरस्स ॥७०॥ आलिद्धमणालिद्धं रयहरणसीसेहिं होइ चउभंगो । वयणक्खरेहिं ऊणं जहन्नकालेव सेसेहिं ॥७१॥ दाऊण वंदणं मत्थएण वंदामि चूलिआ एसा । मूउव्व सद्दरहिओ जं वंदइ मूअगं तं तु ॥७२॥ ढड्ढरसरेण जो पुण सुत्तं घोसेइ ढड्ढरं तमिह । चडुलिं व गिण्हिऊणं रयहरणं होइ चडुलिं तु ॥७३॥ न दृश्यन्त आधुनिकावश्यकटीकादर्शेष्वेता गाथाः, "वृत्तिकृतोच्चार्य न व्याख्याता" इति श्रीपूज्यटीप्पणकार-वचनेनाभवन्नेताः प्राचीनादर्शेषु इत्यनुमीयते, ततः प्रवचनसारोद्धारादत्र लिखिताः, अत्रत्यं प्रायः तद्विवरण-मपि प्रवचनसारोद्धारटीकाक्षरसदृशमिति, यद्यपि वन्दनकदोषप्रतिपादिका गाथास्तद्विवरणं चाधुनातना-दर्शेषु दृश्यन्ते तदनुसारेणैव च श्रीमन्तः स्वयमपि अङ्कुशादिदोषेष्वनुवदन्ति सविवृतीस्ताः परं दोषस्वरूप-निरूपकगाथानामभाव एव तत्र ।

यदुपचाररहितं, एतदेव व्याचष्टे–यद्वन्दनकं गुरुभ्योऽर्पयन्-दददनियन्त्रितो भवति-अनवस्थित इत्यर्थः, अनवस्थितत्वेन च यत्र वा तत्र वा स्थाने प्रथमप्रवेशादिलक्षणेऽसमाप्तमपि वन्दनकमुज्झित्वा नश्यति, क इव यथा किमुज्झतीत्याह–'**कयकिच्चो वक्खरं चेव**'त्ति, एतदुक्तं भवति–यदा केनचिद्भाटकेन कुतश्चिन्नगरान्नगरान्तरे 'वक्खरं' भाण्डमुपनीतं, वक्खरस्वामिना च भाटिकोऽभिहितः–प्रतीक्षस्व कञ्चित्कालं यावदस्य वक्खरस्यावतरणाय स्थानं किञ्चिदन्वेषयामि, स प्राह–मयाऽस्मिन्नेव नगरे समानेतव्यमिदमित्येवोक्तं अतः कृतकृत्यत्वान्नातः परं प्रतीक्षेऽहमित्युक्त्वाऽस्थान एव तद्भाण्डमुज्झित्वा गच्छति, एवं साधुरप्यस्थान एव वन्दनकं परित्यज्य नश्यति इत्येतावता दृष्टान्त इति गाथार्थः । चतुर्थं दोषमाह '**संपिंडिए व**'गाहा, यत्र संपिण्डितान्–एकत्र मिलितानाचार्यादीनेकवन्दनकेनैव वन्दते न पृथक् २ तत् परिपिण्डितं वन्दनकमुच्यते, अथवा वचनानि–सूत्रोच्चारणगर्भाणि करणानि-करचरणादीनि संपिण्डितानि–अव्यवच्छिन्नानि वचनकरणानि यस्य स तथा, उर्व्वोरुपरि हस्तौ व्यवस्थाप्य संपिण्डितकरचरणौ अव्यक्तसूत्रोच्चारणपुरस्सरं यत्र वन्दते तद्वा परिपिण्डितमिति भावः । पञ्चमं दोषमाह–उत्ष्वष्कणं–अग्रतः सरणं अभिष्वष्कणं–पश्चादपसरणं ते उत्ष्वष्कणाभिष्वष्कणे टोलवत्-तिड्डुवद् उत्प्लुत्य २ करोति यत्र तट्टोलगतिवन्दनकमिति गाथार्थः। षष्ठं दोषमाह–'**उवगरणे**'गाहा, यत्राङ्कुशेन गजमिव शिष्य आचार्यमूर्द्ध्वस्थितं शयितं प्रयोजनान्तरव्यग्रं चोपकरणे–चोलपट्टककल्पादौ हस्ते वाऽवज्ञया समाकृष्य वन्दनदानार्थमासने उपवेशयति तदङ्कुशवन्दनकमुच्यते, न हि पूज्याः कदाचिदप्युपकरणाद्याकर्षणमर्हन्ति, अविनयत्वात्, किन्तु प्रणामं कृत्वा कृताञ्जलिपुटैर्विनयपूर्वमिदमुच्यते–उपविशन्तु भगवन्तो येन वन्दनकं प्रयच्छामीत्यतो दोषदुष्टमिदं, एतच्च वृत्तिकृता अन्यथा व्याख्यातं[१] तत्त्वं तु विशिष्टश्रुतविदो विदन्तीति । सप्तमं दोषमाह–स्थितस्योद्र्ध्वस्थानेन '**तेत्तीसन्नयराए**' इत्यादि सूत्रमुच्चारयतः, उपविष्टस्य वाऽऽसीनस्य अहोकायं काय इत्यादिसूत्रं भणतः कच्छपस्येव–जलचरजीवविशेषस्येव रिङ्गनं-अग्रतोऽभिमुखं प्रागभिमुखं च यत्किञ्चिच्चलनं तद्यत्र करोति शिष्यः तदिदं कच्छपरिङ्गितं नामेति गाथार्थः। अष्टमं दोषमाह–'**उद्धंतनिवेसिंतो**' गाहा, उत्तिष्ठन्निविशमानो वा जलमध्ये मत्स्य इवोद्वर्त्तते–उद्वेलयति यत्र तन्मत्स्योद्वृत्तं अथवा एकमाचार्यादिकं वन्दित्वा तत्समीप एवापरं वन्दनार्हं कञ्चन वन्दितुमिच्छंस्तत्समीपे जिगमिषुरुपविष्ट एव झष इव–मत्स्य इव त्वरितमङ्गं परावृत्त्य यत्र गच्छति तद्वा मत्स्योद्वृत्तं इत्थं च यदङ्गपरावर्त्तनं तद्रेचकावर्त्त इत्यभिधीयत इति गाथार्थः। नवममाह–'**अप्पपरपच्चएणं**'गाहा, मनःप्रद्वेषोऽनेकोत्थानः–अनेकनिमित्तो भवति, स च सर्वोऽपि आत्मप्रत्ययेन परप्रत्ययेन वा स्यात्, तत्रात्मप्रत्ययेन यदा शिष्य एव गुरुणा किञ्चित्परुषमभिहितो भवतीति, परप्रत्ययेन तु यदा तस्यैव शिष्यस्य सम्बन्धिनः सुहृदादेः सम्मुखं सूरिणा

१. रजोहरणमङ्कुशवत्करद्वयेन गृहीत्वा वन्दत इति वृत्तौ ।

किमप्यप्रियमुक्तं भवतीत्येवंप्रकारैरन्यैरपि स्वपरप्रत्ययैः कारणान्तरैर्मनसः प्रद्वेषो भवति यत्र तन्मनसा प्रदुष्टमुच्यते। दशमं दोषमाह—'**पंचेव वेइआओ**'त्ति जानुनोरुपरि हस्तौ निवेश्याधो वेत्यादिना वृत्तिकृता याः पञ्चैव वेदिका निदर्शितास्ताः शिष्यो यत्र करोति तद्वेदिकाबद्धं भण्यते। एकादशं दोषमाह—'**भयंतिनिज्जूहणाईअं**'त्ति निर्ज्जूहणं—गच्छान्निष्काशनं तदादिकं यद्भयं तेन यत्र वन्दते तद् भयवन्दनकमाख्यायते इति सम्भवतः साध्याहारं सर्वत्र व्याख्येयं सूचामात्रत्वात्सूत्रस्येति गाथार्थः । द्वादशं दोषमाह—'**भयइ व भइस्सइ व**'गाहा, स्मर्त्तव्यं भो आचार्य ! भवन्तं वन्दमाना वयं तिष्ठाम इत्येवं निहोरकं निवेशयन् वन्दते, किमितीत्याह—भयइ व भइस्सइ व ममेतिहेतोः, किमुक्तं भवति ?—एष तावद्भजते—अनुवर्त्तयति मां सेवायां पतितो मे वर्त्तत इत्यर्थः अग्रे वा मम भजनं करिष्यत्यसौ ततश्चाहमपि वन्दनकसत्कं निहोरकं निवेशयामीत्यभिप्रायवान् यत्र वन्दते तद् भजमानवन्दकमभिधीयते । त्रयोदशं दोषमाह—'**एमेव य मेत्तीए**'त्ति, एवमेवेति कोऽर्थो ?—यथा-निहोरकदोषादिदुष्टं वन्दते तथा मैत्र्यापि हेतुभूतया कश्चिद्वन्दत एव आचार्येण सह मैत्रीं-प्रीतिं इच्छन् वन्दत इत्यर्थः तदिदं मैत्रीवन्दनकमुच्यते। चतुर्दशं दोषमाह—'**गारव**'त्ति सूचामात्रत्वाद्गर्ववन्दनकमिति प्रत्येयं, कथम्भूतं तदित्याह—'**सिक्खा-विणीओऽहं**'ति, शिक्षा—वन्दनकप्रदानादिसामाचारीविषया तस्यां विनीतः—कुशलोऽहमित्यव-गच्छन्त्वमी शेषसाध्वादय इत्यभिप्रायवान् यथावदावर्त्ताद्याराधयन् यत्र वन्दत इति गाथार्थः। साम्प्रतं कारणलक्षणं पञ्चदशं दोषमभिधित्सुः कारणस्यैव तावल्लक्षणमाह—'**नाणाइतियं**' गाहा, ज्ञानदर्शनचारित्रत्रयं मुक्त्वा यत्किमप्यन्यदिहलोकसाधकं वस्त्रादि वन्दनकदानात् साधुरभिलषति तत्कारणं भवतीतिप्रतिपत्तव्यं, ननु ज्ञानादिग्रहणार्थं यदा वन्दते तदा किमेकान्तेनैव कारणं न भवतीत्याशङ्क्याह—यदि पूजार्थं गौरवार्थं च वन्दते, वन्दनकं दत्त्वा विनयपूर्वकं श्रुतं गृह्णामि येन लोके पूज्योऽन्येभ्यश्च श्रुतधरेभ्योऽधिकतरो भवामीति अभिप्रायवान् यदि ज्ञानग्रहणेऽपि वन्दते तदा तदप्येवमेव-कारणमेव भवतीति गाथार्थः । तत्र किमभिप्रायवत इहलोकसाधकं कारणं भवतीत्याह—'**आयरतरएण**'गाहा, हंदीति इहलोकसाधककारणोपप्रदर्शने, अतिशयादरेण वन्दे—प्रणमाम्येनमाचार्यं तेन च वन्दनप्रदानेन हेतुभूतेन पश्चादमुं किञ्चिद्वस्त्रादि प्रणयिष्ये—याचिष्ये, न चासौ मम प्रणयभङ्गं-प्रार्थनाभङ्गं करिष्यति, कथम्भूतः सन् ? इत्याह—वन्दनकमेव मूल्यं तत्र भावः-अभिप्रायो यस्य सूरेः स तथाभूतो, वन्दनकमूल्यवशीकृत इत्यर्थः, इत्यभिप्रायवतः कारणवन्दनकं भवतीति गाथार्थः । षोडशं दोषमाह—'**हाउं परस्स**'गाहा व्याख्या—हापयित्वा-वञ्चयित्वा परस्य-आत्मव्यतिरिक्तस्य साधुश्रावकादेर्दृष्टिं 'वंदंतो'त्ति दकारानुस्वारस्यालाक्षणिक-त्वाद्वन्दमानस्य शिष्यस्य स्तैन्यं वन्दनकं भवति, एतदेव स्पष्टतरं व्याचष्टे—स्तेन इव—तस्कर इवान्यसाध्वाद्यन्तर्द्धानेनात्मानं गूहयति-स्थगयति, कस्मादित्याह—'उब्भावणा मा मे'त्ति नन्वसावप्यतिविद्वान् किमन्येषां वन्दनकं प्रयच्छति ? इत्येवम्भूताऽपभ्राजना मम मा भूदित्येष

गाथार्थः । प्रत्यनीकत्वरुष्टत्वलक्षणदोषद्वयप्रतिपादनायाह–'**आहारस्स उ**'गाहा निगदसिद्धा । एकोनविंशं दोषमाह–'**नवि कुप्पसि**'गाहा, काष्टघटितशिवदेवताविशेष इवावन्द्यमानो न कुप्यसि तथा वन्द्यमानोऽप्यविशेषज्ञतया न प्रसीदस्येवं तर्ज्जयन् वन्दते–निर्भर्त्सयन् यत्र वन्दते तत् तर्ज्जितमुच्यते, यदिवा मेलापकमध्ये वन्दनकं मां दापयन् तिष्ठस्याचार्य ! परं ज्ञास्यते तवैकाकिन इत्यभिप्रायवान् यदा शीर्षेणाङ्गुल्या वा प्रदेशिनीलक्षणया तर्जयन् गुरुं प्रणिपतन्-वन्दमानस्तर्ज्जयन् वन्दते तद्वा तर्ज्जितं भवतीति गाथार्थः । विंशतितमं दोषमाह– '**वीसंभट्ठाण**'गाहा, विस्रम्भो-विश्वासः तस्य स्थानमिदं वन्दनकं एतस्मिन् यथावद्दीयमाने श्रावकादयो विश्वसन्तीत्यर्थः इत्यभिप्रायेणैव सद्भावजढे–सद्भावरहितेऽन्तर्भावनाशून्ये वन्दमाने शिष्ये शठमेतद्वन्दनकं भवतीति, शठशब्दमेव पर्यायशब्दैर्व्याचष्टे–'**कवडंती**'त्यादि सुगममिति गाथार्थः । एकविंशतितमं दोषमाह–'**गणिवायग**'गाहा, गणिन्! वाचक ! ज्येष्ठार्य ! किं त्वया वन्दितेनेत्यादि सोत्प्रासं हीलित्वा यत्र वन्दते तद् हीलितवन्दनकमुच्यते । द्वाविंशं दोषमाह–'**दरवंदिय**'मित्यादि सुबोधमिति गाथार्थः । दृष्टादृष्टदोषं शृङ्गदोषं चाह–'**अंतरिओ**'गाहा, बहुषु वन्दमानेषु साध्वादिना केनचिदन्तरितः तमसि वा–सान्धकारप्रदेशे व्यवस्थितो मौनं विधायोपविश्य वाऽऽस्ते न तु वन्दते दृश्यमानस्तु वन्दते एतद्दृष्टादृष्टं वन्दनकमभिधीयते, '**सिंगं पुण कुंभपासेहिं**'ति कुम्भशब्देनेह ललाटमुच्यते तस्य पार्श्वौ-वामदक्षिणरूपौ ताभ्यां यद्ददाति तद्वन्दनकं श्रृङ्गमुच्यते, एतदुक्तं भवति–अहोकायं कायमित्यादि आवर्त्तान् कुर्वन् कराभ्यां न ललाटस्य मध्यदेशं स्पृशति किन्तु ललाटस्य वामपार्श्वं दक्षिणपार्श्वं वा स्पृशतीति गाथार्थः, गाथापूर्वार्द्धेन करलक्षणं पश्चार्द्धेन तु मोचनलक्षणं दोषमाह–'**करमिव**'गाहा, निगदसिद्धा । सप्तविंशं दोषमाह–'**आलिद्ध-मणालिद्धं**'गाहा, आश्लिष्टमनाश्लिष्टं चेतिपदद्वयमाश्रित्य रजोहरणशिरसोर्विषये चतुर्भङ्गिका भवति, सा च अहोकायं काय इत्याद्यावर्त्तकाले सम्भवति, रजोहरणं कराभ्यामाश्लेषयति शिरश्चेत्यादिना वृत्तिकृता दर्शितैव, अत्र प्रथमभङ्गस्य शुद्धत्वाच्छेषभङ्गत्रये आश्लिष्टानाश्लिष्टदोषदुष्टं प्रकृतवन्दनक-मवतरति । अष्टाविंशं दोषमाह–वचनं-वाक्यं क्रियान्ताक्षरसमूहात्मकं तेनाक्षरैर्वा एकद्व्यादिभिः हीनं-न्यूनमुच्यते, यदिवा 'जहन्नकाले व सेसेहिं'ति यदि पुनः कश्चिदत्युत्सुकः प्रमादितया जघन्येनैव–अतिस्वल्पेनैव कालेन वन्दनकं समापयति तदा आस्तां वचनाक्षरैः शेषैरपि-अवनामादिभिरावश्यकैर्न्यूनं भवतीति गाथार्थः। '**दाऊणं**'गाहा '**ढड्डर**'गाहा चूलिकादिदोष-चतुष्टयप्रतिपादकं गाथाद्वितयमप्येतन्निगदसिद्धं वृत्तिकृद्व्याख्यानानुसारतश्च विवेचनीयमिति ॥ वन्दनकाध्ययनमिदमुच्यते तत्र वन्दनकार्थो निरूपितः, साम्प्रतमध्ययनशब्दार्थस्यावसरस्तत्राह– '**अत्रान्तरेऽध्ययनशब्दार्थं**' इत्यादि (१७५-१०) । '**प्रविश्य गुरुपादान्तिकं निधाय तत्र रजोहरण**'मित्यादि (१७८-१०), तच्छब्देनेह रजोहरणं परामृश्यते, न केवलं तल्ललाटं चेतियोगः, शेषं सुगमं । '**ततो विनेयः प्रणम्यैवं क्षमयित्वे**'त्यादि (१७९-११), तत्र शोध-

यन्निति कोऽर्थः ?-शोधयिष्यन्नित्युक्तं वेदितव्यं, केन ?-प्रायश्चित्तेन, कथम्भूतेन ?-आलोचनार्हेण प्रतिक्रमणार्हेण च, तत्र "खमासमणाणं देवसियाए आसायणाए" इत आरभ्य यावत् "जो मे अइआरो कओ" इत्येषा आलोचनार्हप्रायश्चित्तेन शुद्धिः, अनेन ह्येतावत्प्रमाणेनानन्तरमेव वक्ष्यमाणसूत्रेण किलातिचारं गुरोरालोचयिष्यति-निवेदयिष्यतीत्यर्थः, "तस्स खमासमणो ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामीति" एषा तु प्रतिक्रमणार्हप्रायश्चित्तशुद्धिः, अनेन हि किलातिचारान्प्रतिक्रम्याकरणतयाभ्युत्तिष्ठतीति । **'यथाऽर्थो व्यवस्थित'** इत्यादि (१८०-२), वन्दनकदातुरात्मनश्चेतसि व्यवस्थितोऽर्थो गुरोः स्वकीयमतिचारमालोच्य तस्मात्प्रतिक्रमणीयं मयेत्येवंलक्षणस्तं 'आवस्सियाए पडिक्कमामि खमासमणाण'मित्यादिसूत्रोच्चारणरूपेण क्रियाद्वारेण प्रदिदर्शयिषुर्निष्क्रामत्यवग्रहादिति भावार्थः। **'अधुनेहभवान्यभवगतातीते'**त्यादि (१८१-९), अनागतकाले कथमाशातनासम्भव इति चेदुच्यते—कल्येऽस्य सूरेरिदमनिष्टमहं करिष्यामीति चिन्तातः सम्भवत्येव, इहभवे तावदित्थं भवान्तरेऽपि तद्विधनिदानादिकरणसम्भवाद् घटत एवेति । **'इत्थं सूत्रे प्रायशो वन्दमानस्य विधिरुक्त'** इत्यादि (१८६-११), सूत्रेऽपि किल 'चउसिर'मित्यत्र वारद्वयशिरोनमनलक्षणो वन्द्यगतोऽपि विधिरुक्तोऽतः प्रायोग्रहणमकारि, स्यान्मतिः—'चउसिर'मितिनिर्युक्तिकृता प्रोक्तं न सूत्र इति, सत्यमिदं, किन्तु निर्युक्तिकृता सूत्राभिप्रायस्यैव व्यक्तिकृतत्वाददोष इति समाप्तं वन्दनकाध्ययनमिति।

**इदानीं प्रतिक्रमणाध्ययनमारभ्यते ।**

तत्र **'स्वस्थानाद्यत्परस्थान'**मित्यादिश्लोको (१९१-१०), व्याख्या—यदिति यस्मादसौ प्रतिक्रामकः स्वस्थानात्—शुभयोगलक्षणात् परस्थानं—अशुभयोगलक्षणं प्रमादवशेन गतस्तस्मात्तत्रैव—शुभयोगलक्षणे स्वस्थाने यत् क्रमणं—गमनं तत्प्रतिक्रमणमुच्यते । **'अक्खोडभंगपरिहरणा'**त्ति (१९७-९) अक्खोडं—लाङ्गलादिभिरक्षुण्णं जनपदानाक्रान्तभूमण्डलमुच्यते तद् ये भञ्जन्ति-लाङ्गलादिभिराक्रामन्ति तत्प्रथमतया वासयन्तीतियावत् निपातनात्ते अक्खोडभङ्गास्तेषामनुग्रहेण परिहरणा राजदेयभूमिकरादेरितिगम्यते, ये हि तत्प्रथमतया नगरनिवेशे राजादेशादिनाऽन्यतः कुतश्चिदागत्य तत्रावसथानि कुर्वन्ति भूमीश्च खिलाः खेटयन्ति तेषां राजाऽनुग्रहेण करं मुञ्चति, साम्प्रतमपि वरुकभञ्जका इति संज्ञया पल्लिकादिस्थानेषु रूढा एवामी इत्येषाऽनुग्रहपरिहरणेति । **'एगाए अविरइआए पगयं जंतियाए'** इत्यादि (२१८-८), कथानिका—एकया कयाचिद् योषिता 'पगयं'ति विवाहाद्युत्सवं कञ्चिद् गच्छन्त्या कस्यचित्समीपे सुवर्णकटकद्वयं याचितं, तेनापि 'रुवएहिं बंधएण'त्ति बन्धकशब्देनेह ग्रहणकमुच्यते, ततश्चायमर्थः—तन्मूल्यप्रमाणान् कान् ग्रहणके धृत्वा कटकद्वयं दत्तं, इतरयाऽपि योषिता ते कटके निजदुहितुर्हस्ते क्षिप्ते, ततश्च वृत्तेऽपि तस्मिन्प्रकरणे विस्मरणादिना न तया कटकस्वामिनः कटके समर्प्पिते, शेषं सुगमं । **'आभोगे जाणंतेण'**गाहा (२३०-१), ज्ञात्वाप्यकार्यासेवनमा-

भोगस्तस्मिन्नाभोगे सति प्रतिक्रमणं भवतीतिसम्बन्धः, कस्य ?–जानानेन योऽतिचारः कृतस्तस्य, क्व सति ?-पुनर्ज्जातेऽनुतापे सति, '**अजाणया इयरो**'त्ति इतरः–अनाभोगोऽजानानस्याकार्यमासेवमानस्य भवतीति गाथार्थः । अस्या एव गाथाया 'इयरो'त्ति चरमावयवं किञ्चिद्विषमं मन्यमानो वृत्तिकृद्विवृणोति–'**अनाभोग**' इति (२३०-२), प्रथमैकवचनान्तपदेन सहसाकारे इत्येतत्सप्तम्येकवचनान्तं पदं मन्तव्यमिति, '**इत्थंलक्षणे**' इति '**पुव्वि अपासिऊण**'मित्याद्यनन्तरं वक्ष्यमाणलक्षणे सहसाकारे प्रतिक्रमणं भवतीति हृदयं, क्वचित्त्वनाभोग इतिपदं विसर्ग्गरहितं कृत्वा अनाभोगसहसागारे इत्थंलक्षण इति पाठो दृश्यते स चाशुद्ध एवेति लक्ष्यत इति । '**बीओ विही अणागयपरित्ताणे भाणियव्वो**'त्ति (२४३-८) मदीयौषधस्यैकस्तावदेष विधिः यदुत रोगेऽसति रूपलावण्यादीन् करोति तथा द्वितीयोऽप्यनागतरोगपरित्राणे विधिर्वाच्यः, अनेनौषधेनोपयुक्तेन अनागता अपि रोगा न प्रादुर्भवन्तीत्यपि वाच्यमित्यभिप्राय इति । '**अरहंता ताव तहिं**'गाहा '**अणुभावं**'गाहा (२४६-६) व्याख्या–अर्हत्सिद्धादिषु मध्येऽर्हन्तस्तावद् भावलोकस्योत्तमा भवन्ति, कस्माद् ?–'यदि'ति यस्मादौदयिकस्य भावस्य नियमात् ते उत्तमा भवन्तीति द्वितीयगाथापर्यन्ते सम्बन्धः, औदयिको हि भावस्तेषां सर्व्वदैवोत्तमो भवतीत्यर्थः, किं कृत्वा ?–अनुभावं–रसं प्रतीत्य–तदुदयमाश्रित्येत्यर्थः, केषां सम्बन्धी योऽनुभाव इत्याह–आर्षत्वेन वचनादिव्यत्ययाद्वेदनीयायुर्नामगोत्राणां, कथम्भूतानां ?–सर्व्वासां कर्म्मप्रकृतीनां मध्ये प्रशस्तानां, वेदनीयादीनि हि भवोपग्राहीणि, घातिकर्म्मापेक्षया स्वरूपेणैव प्रशस्तानि, विशेषतस्तीर्थकृतां शुभानुभावान्येव भवन्तीति गाथाद्वयार्थः । भवोपग्राहिमूलप्रकृतिचतुष्टयापेक्षमुत्तमत्वमभिधाय तदुत्तरप्रकृत्यपेक्षयैवाह–'**एवं चे**'त्यादि (२४६-९) सुगमं । क्षायिकभावापेक्षमर्हतामुत्तमत्वं प्रतिपिपादयिषुः '**खाइयभावस्स पुणो**' इत्यादि (२४७-६) सार्द्धगाथामाह, व्याख्या–क्षायिकभावलक्षणस्य लोकस्य नियमात्ते उत्तमा भवन्तीति गाथाचरमान्ते योगः, क्व सतीत्याह–भावक्षये–भावतः–परमार्थतो योऽसौ क्षयस्तस्मिन्सति न पुनः "*ज्ञानिनो धर्म्मतीर्थस्य, कर्त्तारः परमं पदम्। गत्वाऽऽगच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ॥१॥*" इत्यादिसौगतादिकल्पिते, किं कृत्वा यो भावक्षय इत्याह–निःशेषक्षयं प्रतीत्य, केषां निःशेषक्षय ? इत्याह–'एतेसिं'ति एतेषां, तान्येव दर्शयति-द्वयोरप्यावरणयोः–ज्ञानदर्शनावरणलक्षणयोर्लुप्तविभक्तित्वान्निर्द्देशस्य, तथा मोहान्तराययोरित्येषां निःशेषक्षयमाश्रित्येति सार्द्धगाथार्थः । सान्निपातिकभावसम्बन्धित्वेनोत्तमत्वमाह–'**हवइ पुणो**'इत्यादि (२४७-८) सुबोधं । '**निर्ल्लेपं–पृथुकादी**'ति (२५२-९) पृथुकशब्देन पहुंको भण्यते, स हि किलोदूखले कण्डितो भर्ज्जितश्च व्रतिनां ग्राह्यो भवति नान्यथेति । '**मंडीपाहुडि**'गाहा (२६२-५) मण्डीप्राभृतिकोच्यते, केयमित्याह–साधावागते 'अग्गकूर मंडीए'त्ति सिद्धान्तशैल्या किलाग्रकूरं–संस्कृतभक्तशिखागतौदनलक्षणं मण्डीशब्देनोच्यते, ततश्चाग्रकूरं–मण्डी तस्या मध्यात् किञ्चिदुत्क्षिप्य '**तो**'त्ति ततः

साधवे ददातीति संटङ्को, यदिवा तदग्रकूरं स्थाल्या उद्धृत्यान्यस्मिन् भाजने कृत्वा—उत्सार्येत्यर्थः, ततश्च तस्यां स्थाल्यामुद्धृते अग्रकूरे यच्छेषं स्थितं तन्मध्यादपि यदि ददाति तथापि मण्डीप्राभृतिकैवेति गाथार्थः । **'चंडरुद्दो आयरिओ उज्जेणि'**मित्यादि (२६९-१), अत्र अणुजाणशब्देन रथयात्रोच्यते। **ऋद्धिप्राप्त्यभिमानाप्राप्तिसंप्रार्थनद्वारेणेति** (२७४-११), एतदुक्तं भवति—ऋद्धिप्राप्तौ सत्यामभिमानं-अहंकारलक्षणं करोति अप्राप्तौ च प्रार्थनं तद्द्वारेण चाशुभभावगौरवमात्मनः पुष्णाति एवं रसादिष्वपीति ॥ **'अविवित्तयाए'**त्ति (२७९-३), एतदुक्तं भवति—यदा क्षणदृष्टनश्वरेभ्यो धनकनकादिभ्यः स्वात्मानमनाद्यनिधनमपि विविक्तं-पृथग्भूतं न पश्यति किन्तु तद्धनकनकादिकं स्वतत्त्वतयाऽध्यवस्यति तदा अविविक्ततया तीव्रा परिग्रहसंज्ञा प्रादुरस्ति । **'भत्तकहावि चउव्विहे'**त्यादि (२८०-४), गाथात्रयं—इह भक्तकथा चतुर्द्धा, तद्यथा—आवापकथा निर्वापकथा आरम्भकथा निष्ठानकथा चेति, एतानेव चतुरो भेदान्विवृणोति—**'आवावे'**त्ति इत्यादि, **'आरंभे'**त्यादि (२८०-५) अमुकस्य राज्ञः सार्थवाहादेर्वा रसवत्यां दश शाकविशेषाः पञ्च पलानि सर्पिस्तथाऽऽढकस्तन्दुलानामुपयुज्यत इत्यादि यदा सामान्येन विवक्षितरसवतीद्रव्यसंख्याकथां करोति सा आवापभक्तकथोच्यते, **'दसपंचरूव'** इति रूपशब्दो भेदवचनः, किमुक्तं भवति ?—पुनरेकैकस्मिन् शाके दशधा पञ्चधा वा संस्कृते सति सर्व्वेऽप्येतावन्तो व्यञ्जनभेदा भवन्त्येतावन्तश्च कूररूपादिभेदास्तत्र जायन्ते इत्यादि विशेषतो व्यञ्जनभेदादिकथा निर्वापभक्तकथेष्यते । **'आरंभे'**ति आरम्भभक्तकथा केत्याह—ग्रामनगराद्याश्रयाश्छागमहिषादयः आरण्यका—आटविकास्तित्तिरकुरङ्गलावकादयः एतावन्तोऽमुकस्य रसवत्यां हत्वा संस्क्रियन्त इत्येवंरूपा, निष्ठानकथामाह—अमुकस्य रसवत्यां रूपकशतं लगत्यमुकस्य पञ्च शतानि तावद्यावदमुकस्य लक्षपाका रसवती भवतीत्येवंस्वरूपा निष्ठानकथेति गाथाद्वयार्थः । देशकथा चतुर्द्धा तद्यथा—छन्दकथा विधिकथा विकल्पकथा नेपथ्यकथा, तत्र छन्दकथामाह—**'छन्दो गम्मागम्म'**मित्यादि सुगमं नवरं **'अन्नेसिं एगा पंचण्ह'**त्ति (२८१-३) अन्येषां क्वचिद्देशे पञ्चानामेकैव भार्या भवति, विधिर्विरचनोच्यते तत्कथामाह—**'भोअणे'**त्यादि (२८१-४) सुगमा, नवरं चउरंतगः—परिणयनस्थानं चतुरिकोच्यते, शस्यनिष्पत्त्यादिका विकल्पकथा सुगमा । नेपथ्यकथामाह—**'इत्थीण'**मित्यादि सुबोधं, नवरं **'भेडिग'**त्ति (२८२-१), जालिकारहिता कञ्चुलिकोच्यते पृष्ठिखडपकस्य भेदितत्वाद्-जालिकारहितत्वेन निरन्तरत्वादितिभावः । **'जालिग'**त्ति अनेन सैव जालिकासहितोच्यते, एवं तावद् गम्यतेऽभियुक्तेन त्वन्यथापि भाव्यमिति । राजकथा चतुर्द्धा, तद्यथा—निर्गमकथा प्रवेशकथा बलवाहनकथा कोशकोष्ठागारकथेति चतुर्विधापि पाठसिद्धा, नवरं—**'चामीयरसूरवपु'**त्ति (२८२-३), चामीकरं—सुवर्ण्णं सूर्य्यः—आदित्यस्तद्वत् कान्तं—दीप्तिमद् वपुर्यस्य राज्ञः स तथा । इदानीं **ध्यानशतमारभ्यते** । **'किं तर्हि ?—भावनानुप्रेक्षात्मकं चेत'** इति (२८९-११) एतदुक्तं भवति—यदा धर्म्मध्यानादवतरति तदा एकोऽहमशरण-

श्चेत्याद्या इहैव वक्ष्यमाणा अनुप्रेक्षा विभावयति, पुनरपि च धर्म्मध्यानादिध्यानमारुरुक्षुर्भावनाः–ज्ञानदर्शनाद्या वक्ष्यमाणस्वरूपाः परिभावयति, एतद्ध्यानान्तरमुच्यते न पुनरेकस्माद् ध्यानादवतीर्यानन्तरमेवान्यद् ध्यानं प्रतिपद्यते अनुप्रेक्षाभावनान्तरितं तु प्रतिपद्यते ततोऽप्युत्तीर्णस्यायमेव क्रम इत्येवं ध्यानसन्तानो भवत्यपीति । **'पूर्वमपि वियुक्तासंयुक्तयोर्बहुमतत्वेने'**त्यादि (२९३-१), यदतीतकाले ममामुकः संयुज्य वियुक्तः आदित एव वा न संयुक्तस्तत्सुन्दरमभूद् इत्यतीतमनुमोदमानस्या-तीतकालविषयमप्यार्त्तं भवतीति । **'जूइयरसोलमिंठा'**गाहा (३१९-४) सुगमा, नवरं सोलाः– स्थानपालाः उद्भ्रामकाः–पारदारिकाः । **'आज्ञापायविपाकसंस्थानविचयाय धर्म्म'**मिति (३२७-८), विचयः परिचयोऽभ्यास इत्यनर्थान्तरं, अनन्तरवक्ष्यमाणन्यायेनाज्ञाद्यभ्यासाय प्रवर्त्तमानस्य धर्म्मध्यानं भवतीत्यर्थः । **'किं च प्रदेशभिन्नं शुभाशुभं यावत् कृत्वा पूर्व्वविधान'**मित्यादि (३४१-२) पूर्व्वमहर्षिवचनत्वाद्गम्भीरमिदमस्मादृशामगम्यं, आम्नायानुसारतस्तु गमनिकामात्रं किञ्चिदुच्यते–इह प्रदेशभिन्नः–शुभाशुभरूपः कर्म्मविपाको भावनीयः, प्रदेशाश्च जीवस्य कर्म्माणवोऽभिधीयन्ते, तैश्च कियद्भिरेकैको जीवप्रदेश आवेष्टितः परिवेष्टित इति चिन्तनीयं, अयं च प्रदेशबन्धः **कर्म्मप्रकृत्यादिषु** विस्तरेणाभिहितोऽत एव शुभाशुभं यावदित्यत्र शास्त्रकृद् यावच्छब्दं चकार, स चात्र संक्षेपतः कथ्यते–असंख्यातप्रदेशस्यापि जीवस्यासत्कल्पनया किल षट्पञ्चाशदधिके द्वे शते प्रदेशानां स्थाप्येते २५६, अस्य चैतावन्मानस्य राशेर्घनीकृतस्य यदागतं फलं तावत्प्रमाणैः कर्म्मप्रदेशैः किलैते जीवप्रदेशा आवेष्टिताः, बहुत्वप्रदर्शनमात्रं चेदं, एकैकस्यापि जीवप्रदेशस्यानन्तानन्तकर्म्मवर्गणावेष्टितत्वात्, तत्रास्य कल्पितजीवप्रदेशराशेर्घनीकरणार्थं करणकारिकामाह–**'कृत्वा पूर्वविधान'**मित्यादि (३४१-४), अस्याश्चार्थः–

'स्थाप्योऽन्तघनोऽन्त्यकृतिः, स्थानाधिक्यं त्रिपूर्व्वगुणिता च ।
आद्यकृतिरन्त्यगुणिता त्रिगुणा च घनस्तथाऽऽद्यस्य ॥१॥'

एतत्कारिकानुसारतो गणितविधिज्ञेन विज्ञेयः, तत्र **'स्थाप्योऽन्त्यघन'** इति अन्त्योऽत्र द्विकस्तस्य घनोऽष्टौ ८ स्थाप्यन्ते, **'अन्त्यकृति'**रिति अन्त्यस्य द्विकस्य कृतिः-वर्गश्चत्वारः, **'त्रिपूर्व्वगुणिता चे'**ति त्रिभिः पूर्वेण च पञ्चकेन गुण्यते जाता षष्टिः **'स्थानाधिक्य'**मिति सा षष्टिः पूर्वस्थापिताष्टकस्याधस्तात्स्थानाधिक्येन स्थाप्यते तद्यथा ८० / ६ **'आद्यकृति'**रिति द्विकापेक्षया आद्यः पञ्चकस्तस्य कृतिः पञ्चविंशतिः, **'अन्त्यगुणिते'**ति एषा कृतिरन्त्येन द्विकेन गुणिता जाता पञ्चाशत् 'त्रिगुणा चे'ति सा त्रिगुणिता जातं सार्द्धशतं, तच्च स्थानाधिक्येन स्थाप्यते– ८५० / ६ / १ 'घनस्तथाद्यस्ये'ति आद्यः पञ्चकस्तस्य घनः पञ्चविंशत्यधिकं शतं तदपि स्थानाधिक्येन स्थाप्यते तद्यथा– ८५२५ / ६१ एतावती च प्रक्रिया पूर्वगणितकारसंज्ञया पूर्व्वविधानमित्युच्यते अत एतावता **'कृत्वा पूर्वविधानं पदयो'**रित्येतद्व्याख्यातमवसेयं, स्थाप्योऽन्त्यघनो

इत्यादि कारिका पुनरादित आवर्त्त्यते, तत्र च 'निर्युक्ते राशिरन्त्य'मितिवचनादिदानीं पञ्चविंशतेरन्त्यसंज्ञा तस्याश्च घनः किल मीलित एवास्तेऽतः स्थाप्योऽन्त्यघन इत्युल्लङ्घ्यान्त्यकृतिः क्रियते, तत्र जातानि पञ्चविंशत्यधिकानि षट् शतानि, त्रिगुणिते जातानि पञ्चसप्तत्यधिकानि अष्टादश शतानि, पञ्चविंशतेः पूर्व्वः षट्कस्तेन गुणिते जातानि सार्द्धशतद्वयाधिकानि एकादशसहस्राणि स्थानाधिक्येन स्थाप्यन्ते यथा—

| |
|---|
| ८५२५० |
| ६१२५० |
| १० |
| १ |

अनेन चानन्तरविधिना तावैव पूर्व्ववद्वर्ग्यावित्येतद् व्याख्यातं, तौ द्विकपञ्चकलक्षणौ पदविशेषौ पूर्व्वपूर्व्ववद् वर्ग्यावित्यस्यानुष्ठितत्वादुपलक्षणं चैतत् त्रिगुण-षड्गुणत्वयोरिति, आद्यस्य षट्कस्य कृतिरन्त्यभूतया पञ्चविंशत्या गुणिता त्रिगुणिता च जातानि सप्तशतानि विंशतिः पूर्व्वराशौ स्थानाधिक्येन स्थाप्यते, तद्यथा—

| |
|---|
| ८५२५०० |
| ६१२५० |
| ११२७ |
| १ |

आद्यस्य षट्कस्य घने जातं शतद्वयं षोडशाधिकं स्थानाधिक्येन पूर्व्वराशौ क्षिप्यते, तद्यथा—

| |
|---|
| ८५२५२१६ |
| ६१२५० |
| ११२७ |
| १ |

अनेन च वर्गघनौ कुर्वतां तृतीयराशेः षट्कलक्षणस्येत्येतद् व्याख्यातं, ननु यथा षट्कस्य वर्गो विहितस्तथा पञ्चविंशत्या त्रिभिश्च गुणितस्तत्कथं लभ्यते ? इत्याह—'**ततः प्राग्वदि**'ति यदनुक्तं तत् पूर्व्ववत् सर्व्वं विधेयमिति भावः, अस्मिँश्च राशौ मीलिते आगतं १६७७७२१६। एतामेव कारिकां वृत्तिकृद् व्याचष्टे—'**कृत्वा विधान**'मित्यादि, 'पूर्वपदस्य घनादि' इत्यादि पूर्व्वपदस्य द्विकलक्षणस्य घनो विधेयः आदिशब्दादवन्यादौ स्थापनं च कृत्वा तस्यैव द्विकलक्षणस्य पदस्य वर्गः आदिशब्दात् त्रिगुणकरणादिपरिग्रहः ततो द्वितीयस्य पदस्य पञ्चकलक्षणस्येदमेव यद् द्विकस्य कृतं तद्विपरीतं क्रियते, एतदुक्तं भवति—द्विकस्य प्रथमं घनादि कृतं ततो वर्गादि पञ्चकस्य तु प्रथमं वर्गादि ततो घनादि क्रियते एतच्च सर्व्वं कृतमेव भावनीयं, तदेतावता कृत्वा पूर्व्वविधानमिति व्याख्यातं, साम्प्रतं 'तावेव पूर्व्ववद्वर्ग्या'वेतद् व्याचष्टे—एतावेव द्विकपञ्चकौ वर्ग्येते इति वर्गघनौ कुर्यातामित्यादि व्याख्यानयति, ततः षट्कलक्षणस्य तृतीयपदस्येत्यादि, एतच्च सर्व्वं केषुचित्पुस्तकेषु न दृश्यते तेषु च दुरवगमत्वेनोत्सारितमिति लक्ष्यते बहुष्वादर्शेषु दर्शनादित्यलं प्रसङ्गेनेति । '**संस्थानं मुख्यवृत्त्या पुद्गलरचनाकारलक्षण**'मित्यादि (३४३-५), एतदुक्तं भवति-मुख्यवृत्त्या तावत्परिमण्डलसमचतुरस्राद्येव रूपिद्रव्यसम्बन्धि संस्थानमुच्यते धर्माधर्माकाशानां त्वमूर्त्तत्वेन मुख्यवृत्त्या न सम्भवत्येव संस्थानं, किन्तु लोकेन सर्व्वतोऽवच्छिन्नं सदुपचारतस्तु प्रतिष्ठकाद्याकारं लोकक्षेत्रमुच्यते धर्म्माधर्म्मयोरपि तद्वृत्तित्वात् तन्निबन्धन एवोपचारतः संस्थानव्यवहारः अत एवाह—'**धर्म्माधर्म्मयोरपि लोकक्षेत्रे**'त्यादि (३४३-१०), ननु लोकक्षेत्रस्यैव किं संस्थानमित्याह—'**हिट्ठा मज्झे**' गाहा व्याख्या—अधस्तान्मध्ये उपरि च यथासंख्यं छव्वि-झल्लरिमृदङ्गसंस्थानो लोकोऽवसेयः तत्र छव्वी नाम विस्तीर्ण्णा पुष्पचङ्गेरी तदाकारोऽधोलोकः, तिर्यग्लोको झल्लर्याकारः, ऊद्र्ध्वलोकस्तु मृदङ्गाकार इति, नन्ववगतमुक्तक्रमेण धर्म्माधर्म्माकाश-जीवपुद्गलानां संस्थानं, अथ कालस्य किं संस्थानमित्याह—'**अद्धागारो अद्धाखित्तागिती**

नेतो'त्ति (३४४-१) अद्धाया:-कालस्याकारोऽद्धाक्षेत्रं-मनुष्यक्षेत्रं तदाकृतिर्ज्ञेय:, सूर्यक्रियाभिव्यङ्ग्यो हि काल: किल मनुजक्षेत्र एव वर्त्तते, अतो य एव तस्याकार: स एव कालस्याप्युपचारतो विज्ञेय इति गाथार्थ: । सेलीसीति प्राकृतनामाधिकृत्य व्युत्पत्तिमाह–'अहवा सेलोव्व इसी'गाहा (३६७-७), व्याख्या–सेल इव इसी-महर्षि: शैलेशीति भवति, ननु शैलेशी तस्य महर्षे: काचिद्विशिष्टाऽवस्थैवोच्यते कथं शैलेशीप्रतिपत्ता मुनिरप्येवं व्यपदिश्यत ? इत्याह–सोऽप्येवं व्यपदेश्यो भवति स्थिरतया हेतुभूतया, स हि महर्षिस्तस्यामवस्थायां शैलवत् स्थिरो भवतीति शैलेशीत्युच्यते, एनमेव प्राकृतशब्दमधिकृत्य व्युत्पत्त्यन्तरमाह–'सो वे'ति वाशब्द: पक्षान्तरद्योतक:, स शैलेशीप्रतिपत्ता मुनि: 'अलेसी होई'त्ति तस्यामवस्थायामलेश्य:-समस्तलेश्याविकलो भवतीतिकृत्वा, अलेशीतिपदसम्बन्धिनोऽकारस्य लोपं कृत्वा सेलेशीति प्राकृतशब्देन सेलेसी प्रतिपत्ताभिधीयत इति गाथार्थ: । समाप्तं ध्यानशतं ।

॥ इति मलधारीहेमचन्द्रसूरिकृतटीप्पणकस्य पञ्चमो विभाग: समाप्त: ॥